Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી ભાગ-૭

આદિ શંકરાચાર્ય વિરચિત

બ્રહ્મસૂત્ર-ભાષ્ય

(અધ્યાય ૧ અને ૨)



જગદ્‌ગુરુ પ.પૂ. આદિ શંકરાચાર્યજી મહારાજ

સંપાદક
ગૌતમ પટેલ

પ્રકાશક
સંસ્કૃત સેવા સમિતિ
અમદાવાદ

અનુવાદક
નીલમ પટેલ
રવીન્દ્ર ખાંડવાલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

RA
612
पटेल - ब्र
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
129355

શ્રીમતી નીલમ ગૌતમ પટેલ

૧૬ નવે. ૧૯૪૪માં જન્મેલા શ્રીમતી નીલમ ગૌતમ પટેલ સંસ્કૃતમાં એમ.એ.; એમ. ફિલની પદવી ધરાવે છે. તબિયતની નાજુકતાને કારણે પી.એચ.ડી. અપૂર્ણ રહ્યું. તેઓ દ્વારા સંપાદિત કાલિદાસના ઋતુસંહારની અમરકીર્તિગણિની ટીકા વિદ્વાનોમાં નોંધપાત્ર બની છે. મેઘદૂત પરના ગુજરાતી રૂપાન્તરો, જપમાળા આદિ શંકરાચાર્ય ગ્રંથાવલી વગેરે ગ્રંથોના પ્રણયનમાં તેઓએ લેખિકા કે સંપાદિકા તરીકે સેવા આપી છે.

અનેક રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય પરિસંવાદોમાં કે સંસ્કૃતના પ્રચાર પ્રસારમાં તેઓ તેમનાં પતિ ગૌતમ પટેલની સાથે યુ.એસ.એ., યુ.કે. ઇટલી, સ્વીઝરલેન્ડ, જર્મની, ફ્રાન્સ, કેનેડા વગેરે સ્થળે તેમજ ભારતમાં અનેક સ્થળે પરિભ્રમણ કરી ચૂક્યા છે અને કરી રહ્યા છે.

પ્રા. ડો. રવીન્દ્રકુમાર વિનોદચંદ્ર ખાંડવાળા

જન્મ: અમદાવાદ, તા. ૧૨-૦૮-૧૯૭૫

શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજમાં ૧૯૯૮ થી સંસ્કૃત અને પ્રાકૃત વિષયના વ્યાખ્યાતા, પી.એચ.ડી. વિષય - 'વેદમાતા ગાયત્રી : મન્ત્ર, તન્ત્ર અને યન્ત્રના પરિપ્રેક્ષ્યમાં - એક અભ્યાસ, બી.એ. અને એમ.એ.માં અનેક પારિતોષિકો અને શિષ્યવૃત્તિઓ, ૧ આંતરરાષ્ટ્રીય ૧૨ રાષ્ટ્રીય અને ૯ રાજ્યકક્ષાના પરિસંવાદોમાં હાજર, ૩ રાષ્ટ્રીય સંસ્કૃત કાર્યશિબિરોમાં સક્રિય ભાગ.આ ઉપરાંત દિલ્હી સંસ્કૃત અકાદમી દ્વારા આયોજિત અખિલ ભારતીય નવોદિત સંસ્કૃત કવિ પ્રતિયોગિતામાં ૨૦૦૧ અને ૨૦૦૩ માં પુરસ્કૃત, હસ્તપ્રતિવિદ્યામાં નૈપુણ્ય. સંસ્કૃતના ૧૧ પુસ્તકો સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા, દિલ્હી, સંસ્કૃત સેવા સમિતિ - અમદાવાદ અને પાર્શ્વ પ્રકાશનમાંથી પ્રકાશિત. ૨૦૦૫ માં સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા સંસ્કૃત ભાષા અને સાહિત્યની સંશોધન પ્રવૃત્તિને અનુલક્ષીને યુવા પ્રતિભા પુરસ્કાર, ગુજરાત ઈતિહાસ પરિષદ્‌ના ૨૪ મા અધિવેશનમાં 'સંસ્કૃત નાટ્ય સાહિત્યમાં શ્રીકૃષ્ણ' વિષયક સંશોધનપત્રને સુવર્ણચંદ્રક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ. ઈન્દુભાઈ મગનભાઈ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ. શારદાબેન ઈન્દુભાઈ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સ્વ. રમેશભાઈ નાગરદાસ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ. જયશ્રીબેન રમેશભાઈ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિ શંકરાચાર્ય ગ્રંથાવલી ભાગ-૭

આદિ શંકરાચાર્ય વિરચિત

બ્રહ્મસૂત્ર ભાષ્ય

(અધ્યાય ૧ અને ૨)



સંપાદક
ગૌતમ પટેલ

पुस्तकालय
129355
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

અનુવાદકો
નીલમ પટેલ
ડૉ. રવીન્દ્ર ખાંડવાળા

R612,PAT-B
129355

પ્રકાશક
સંસ્કૃત સેવા સમિતિ
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

RA
612
पटेल - ब्र

Adi Shankarachaya Granthavali Pt. VII

Shri Shankaracharya Virachita

BRAHMASUTRA-BHASYA

(With Sanskrit text and Gujarati Translation)

@ Editor : **Gautam Patel**

Translators :

Nilam Patel

Dr. Ravindra Khandawala

Copies : 1000

Price : Rs. 400/-

First Edition : 2008

ધુળેટી સંવત - ૨૦૬૪ - તા. ૨૨-૩-૨૦૦૮

Publishar

Sanskrit Sava Samiti

"Valam" , L-111, Swatantrya Senani Nagar,

Nava Wadaj, Ahmedabad-380 013. India,

Phone : (079) 27621610 (M) 99250-11901

: સૌજન્ય :

શ્રી દેવાગંભાઈ પટેલ

અને

સમસ્ત ઈપ્કો. પરિવાર

'હિમાંશુ' પેટલાદ રોડ,

નડિયાદ.

Typesetter :

Rakesh Computer Center

Rakesh H. Shah

A/1, Shiv Darshan Appartment,

Naranpura, Ahmedabad-380 013.

Phone : (079) 27682197 (M) 9427802597

Printer :

Gujarat Offset

Vatva. Ahmedabad.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપાદકીય

પરમ પૂજ્ય સ્વામી રામદાસજી મહારાજ, સંતરામ મંદિર, નડિયાદના આશીર્વાદપૂર્વકના સહયોગને કારણે તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૭ના રોજ ભરતભુવનમાં **સંસ્કૃત સેવા સમિતિની રજત જયંતિ** ઉજવાઈ. **ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી નવલકિશોર શર્માજી** આશીર્વાદ આપવા પધાર્યા. આ પ્રસંગે **પરમ પૂજ્ય સ્વામી રામદાસજી મહારાજ**ના આશીર્વાદ અને અત્યંત અદ્ભુત દિવ્યજ્યોતના દર્શન તેમજ સંતરામ મંદિરની ભવ્યાતિભવ્ય પરંપરાના ઈતિહાસને જાણીને મહામહિમ રાજ્યપાલશ્રી અત્યંત પ્રમુદિત થયા. તેઓશ્રી વાસ્તવમાં અત્યંત સંસ્કારી કુટુંબમાંથી આવે છે જ્યાં ધર્મ અને સંસ્કૃતિ તેમજ સંસ્કૃત ભાષા-સાહિત્યને સવિશેષ સ્થાન અને માન સાંપડ્યું છે.

અહીં એ નોંધવું ગૌરવપદ લેખાશે કે ૧૯૮૧માં **સંસ્કૃત સેવા સમિતિની** સ્થાપના થઈ. તે વર્ષે જ તત્કાલીન **રાજ્યપાલ શ્રીમતી શારદાબેન મુખર્જીને સંસ્કૃત સેવા સમિતિ**ના સ્થાપક પ્રમુખ અને અન્ય વરિષ્ટ વિદ્વાનોએ રાજ્યમાં સંસ્કૃત એકેડેમી અને સંસ્કૃત યુનિવર્સિટીની રચના માટે આવેદન આપેલું. તેમાંથી ૧૯૯૩માં વિધિપૂર્વક સંસ્કૃત અકાદમી તે સમયના મુખ્યમંત્રીશ્રી ચિમનભાઈ પટેલની સદ્ભાવના સાથે આરંભ પામી (અલબત્ત આજની તારીખમાં એની સ્વાયત્તતા વર્તમાન સરકાર દ્વારા છીનવી લેવાઈ છે.)

માનનીય શ્રી કેશુભાઈ પટેલ દ્વારા રાજ્યમાં સંસ્કૃત યુનિવર્સિટીની રચના માટે ડૉ. ગૌતમ પટેલના પ્રમુખપદે રચાયેલી **'સંસ્કૃત યુનિવર્સિટી રચના સમિતિ'**એ પોતાનો અહેવાલ ૨૦૦૦નાં વર્ષમાં આપી દીધો હતો. પરંતુ ચાર ચાર વર્ષ સુધી સત્તાપલટો થવાથી એ ધૂળ ખાતો હતો. **મહામહિમ રાજ્યપાલશ્રી નવલકિશોર શર્માજી**એ રાજ્યપાલશ્રીના પદને અલંકૃત કર્યું કે તરત તેઓશ્રીએ રાજ્યમાં સંસ્કૃત યુનિવર્સિટીની રચના માટે સક્રિય રસ લીધો અને તેઓશ્રીની પ્રેરણા અને પ્રયત્નને પરિણામે રાજ્યમાં સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના થઈ. આથી **સંસ્કૃત સેવા સમિતિના સુવર્ણજયંતિ** પ્રસંગે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી પધારે એ તો સોનામાં સુગંધ કે શેરડીને ફળ આવ્યા જેવો સુવાસિત અને સુમધુર પ્રસંગ બની ગયો. આમાં **પરમ પૂજ્ય સ્વામી રામદાસજી** મહારાજે પરિસંવાદના પ્રત્યેક પ્રતિભાગીને રજતપદકથી નવાજીને સાચા અર્થમાં **સંસ્કૃત સેવા સમિતિના 'રજતજયંતિ મહોત્સવ'**ને રજતમય અને સાર્થક બનાવી દીધો.

આ ચાંદી જેવા ઉજ્જવળ પ્રસંગને સવિશેષ ગરિમા અર્પતો અન્ય અવસર ઈશ્વર કૃપાથી આવી પડ્યો. મંદિરના અદના સેવક **પ્રો. જયંતીભાઈ જોષી**એ સંતરામ મંદિરની સમાજને ઉપયોગી બહુમુખી પ્રવૃત્તિઓનો સુંદર અહેવાલ આપ્યો અને એ પ્રસંગને વધાવી લેતા હોય તેમ મહામહિમ રાજ્યપાલશ્રીએ એ સઘળી પ્રવૃત્તિઓની સહર્ષ નોંધ લીધી અને **સંસ્કૃત સેવા સમિતિ**ને પણ મંદિરની સંસ્કારમય પ્રવૃત્તિમાં સમાવી લેવી જોઈએ તેવું સારગર્ભિત સૂચન કર્યું. આ પ્રસંગે જાણે કે ચમત્કાર થયો. મંચ ઉપર મારી સાથે બિરાજમાન **શ્રી દેવાંગભાઈ**એ આ દિવસે દિવંગત **પરમ પૂજ્ય ભામાશા જેવા ઈન્દુકાકા**ના સ્વર્ગવાસને બરાબર બે મહિના થયા હતા તેથી કાંઈક સવિશેષ જાહેરાત કરવાની ઈચ્છા પ્રગટ કરી. સામાન્ય રીતે રાજ્યપાલશ્રીના પ્રવચન પછી કોઈ બોલી શકે નહીં તેવો શિરસ્તો છે પરંતુ મેં મહામહિમશ્રીને સવિશેષ વિનંતિ કરી અને તેઓશ્રીએ **શ્રી દેવાંગભાઈ**ને પોતાનું વક્તવ્ય રજૂ કરવાની સહર્ષ સંમતિ આપી. અમે ધન્ય થઈ ગયા.

માનનીયશ્રી દેવાંગભાઈએ અહીં **પરમપૂજ્ય સ્વ.શ્રી ઈન્દુકાકા**ની પુણ્યસ્મૃતિમાં **સંસ્કૃત સેવા સમિતિ**ને ગ્રંથ પ્રકાશન માટે રૂા. ૧,૨૫,૦૦૦/- (અંકે એક લાખ પચ્ચીસ હજાર)ની ઉદાર સખાવત આપવાની જાહેરાત કરી. સહુ કોઈએ સહર્ષ તાલીઓના ગડગડાટ સાથે એને વધાવી લીધી. શ્રી દેવાંગભાઈ **પરમ આદરણીય ભામાશા સ્વ. ઈન્દુકાકા**ની પરંપરાને પ્રેમથી પ્રસારી રહ્યા છે તે બદલ લાખ લાખ ધન્યવાદ....

આ ઉદાર સખાવતના પરિણામે આજ આદિ શંકરાચાર્ય ગ્રંથાવલીનો ૭મો ભાગ (બ્રહ્મસૂત્ર અ.૧ અને ૨) પ્રકાશિત થઈ રહ્યો છે, આ ભાગમાં આદિ શંકરાચાર્ય દ્વારા વિરચિત અને તેઓશ્રીના ગ્રંથોમાં સહુથી વધુ મહત્ત્વ ધરાવનાર બ્રહ્મસૂત્રભાષ્યના પ્રથમ બે અધ્યાયનો સમાવેશ કરવામાં આવ્યો છે. મૂળ સંસ્કૃત ગ્રંથ અને ગુજરાતી અનુવાદ સાથે આદિ શંકરાચાર્યના ગ્રંથોને ગુજરાતની જનતાની સેવામાં રજૂ કરવાની અમારી આ યોજનામાં આ આખો પ્રસંગ રજતજયંતિ સમયે સુવર્ણ અક્ષરે નોંધવા જેવો બની ગયો.

હું **સંસ્કૃત સેવા સમિતિ** અને તેના સહુ ટ્રસ્ટીઓ તેમજ સભ્યો અને રજત જયંતિ પ્રસંગે ઉપસ્થિત રહેલા સહુ સભ્યો વતી **પરમપૂજ્ય મહારાજ રામદાસજી, મહામહિમ રાજ્યપાલશ્રી** અને **શ્રી દેવાંગભાઈ**નો હૃદયથી આભાર માનું છું.

ધુળેટી, ૨૦૬૪, ૨૨-૩-૨૦૦૮ — **ગૌતમ પટેલ**
અમદાવાદ. — અધ્યક્ષ, સંસ્કૃત સેવા સમિતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિમિત્ત પાછળની પ્રેરણા

આ યુગના 'ભામાશા' તરીકે ઓળખાતા, સદાય પ્રસન્નચિત્ત અને હસતા ફિલસુફ **પૂજ્ય સ્વ. ઈન્દુકાકા(મુ.પપ્પાજી)**ની પુણ્યસ્મૃતિ તો એમના પરિચયમાં આવનાર સહુ કોઈના હૃદયમાં શાશ્વત બની ગઈ છે. સાહસી અને સ્વાભાવિક કોઠાસૂઝ ધરાવનાર પૂજ્ય પપ્પાજીએ સમગ્ર જીવન **સંતરામ મહારાજ**ની દિવ્ય જયોતને અને સદ્ગુરુવર્ય શ્રી સંતરામ મંદિરના અષ્ટમ બ્રહ્મલીન મહંત **પૂજ્ય શ્રી નારાયણદાસજી મહારાજ**ને સમર્પિત કરી દીધું હતું.

'સેલ્ફમેઈડ'- સ્વ પુરુષાર્થે ઘડાયેલી આ વિભૂતિએ **'માંગે ખોબો અને આપે દરિયો'** જેવી ઉદારતાથી જીવન વ્યતીત કર્યું. 'પીડ પરાઈ જાણે રે' એ પંકિત એમનો જીવનમંત્ર હોય તે રીતે અને 'પરદુઃખભંજન' રાજા વિક્રમાદિત્યની જેમ તેઓ સદાય પરસેવારત રહ્યા. પર સેવાર્થે પરસેવો વહાવનાર આવા વિરલા કેટલા ?

શિક્ષણનું ક્ષેત્ર હોય કે અન્નક્ષેત્ર ચલાવવાનું હોય, ધાર્મિક જનતા માટે મંદિરનું નિર્માણ કરવાનું હોય કે સામાજિક ઉપયોગ માટે હોલ બાંધવાનો હોય, જાહેર જનતાના આરોગ્ય માટે હોસ્પિટલ બનાવવાની હોય કે પછી કોઈને વ્યક્તિગત રીતે સુખદુઃખમાં આર્થિક સહાયની આવશ્યકતા હોય, લોકો આ કુબેરભંડોરીની તરફ દોટ મૂકતા અને 'અન્યને આપીને આનંદ' માણવાની વૃત્તિવાળા પૂજ્ય પપ્પાજી એમને નિરાશ હાથે પાછા ન જવા દેતા. જેવી દંતકથાઓ દાનવીર કર્ણની કહેવાઈ છે તેવી જ કથાઓ પૂજ્ય પપ્પાજીની કહેનારા આજ પણ ઓછા નથી.

તેઓ અંગત જીવનમાં પણ ચૂસ્ત શિસ્તના હિમાયતી હતા. જરૂર પડે કડવી વાત કહેતા પણ ખચકાય નહીં, છતાં સદાય હસતા અને હસતા. જીવનની છેલ્લી ઘડી સુધી ગુરુમય જીવન વ્યતીત કરનાર સ્વયં સ્વસ્થ અને અન્યને સ્વસ્થતા અર્પનાર **પૂજ્ય પપ્પાજી** ભલે **'ભગવા નહોતા પહેર્યાં'**, પણ તેઓ ઉપનિષદની **'ત્યાગીને ભોગવી જાણો'** જેવી ભાવનાને જીવનમાં ચરિતાર્થ કરનાર **'સાચા સંત'** હતા. તેમનું વાત્સલ્ય મારાથી અને એમના સંપર્કમાં આવનાર મારા જેવા અનેકથી વિસારી શકાય તેમ નથી.

તેઓ ધર્મપ્રેમી ખરા, પણ ધર્માંધ નહીં. શિવ કે વિષ્ણુ સહુ કોઈ દેવમાં આસ્થા, યજ્ઞ કરવો અને કરાવવો એ જીવન વ્રત, દરિદ્રનારાયણની સેવા તો સદાય એમના હૈયે વસેલી. વ્યક્તિમાત્ર પ્રત્યે મમતા અને કરુણતા તો ભારોભાર, જગન્નાથ ભગવાનની જેમ પૂજ્ય પપ્પાજી જાણે કે દરેકને મદદ કરવા સદાય બંને હાથ પહોળા કરીને જ ઊભા ન હોય !

પૂજ્ય પપ્પાજી જીવનની કોઈક નિરતિશય ધન્ય અને રળિયામણી ક્ષણે નડિયાદના વિશ્વવિશ્રુત **સંતરામ મંદિર**માં **પરમ પૂજ્ય સંતરામ મહારાજ**ની દિવ્યજ્યોતિના શરણમાં આવ્યા, અને જાણે કે જન્મ જન્માંતરની આસ્થાનો નવતર સૂર્યોદય થયો, પછી તો પ્રત્યેક સૂર્યોદય તેમને માટે નિત્ય નૂતન ઉદયના કિરણો જ લેતો આવ્યો. એમના હૃદયમાં જીવનના છેલ્લા શ્વાસ સુધી જ્યોતિનું શરણ અને સદ્ગુરુનું રટણ ચાલતું જ રહ્યું. મંદિર અને મહારાજશ્રીની પ્રેરણાથી અવિરત તેઓ સત્સંગ અને સત્કાર્ય કરતા રહ્યા.

આ વિભૂતિની મંદિર પ્રત્યેની નિષ્ઠાની મરણોત્તર પણ ખાતરી કરાવતો પ્રસંગ નોંધવા જેવો છે. અમદાવાદની **સંસ્કૃત સેવા સમિતિ**નો રજતજયંતી મહોત્સવ **પરમપૂજ્ય રામદાસજી મહારાજ**ના આશીર્વાદથી સંતરામ મંદિરના ભરત ભુવનમાં યોજાયો, અને તેમાં પધાર્યા ગુજરાત રાજ્યના **મહામહિમ રાજ્યપાલશ્રી નવલકિશોર શર્મા**. મંદિરની સર્વતોમુખી પ્રવૃત્તિનો ચિતાર **પ્રો. શ્રી જયંતિભાઈ જોશી**એ આપ્યો અને **મહામહિમ રાજ્યપાલશ્રી**એ એની સહર્ષ નોંધ લેતા કહ્યું કે મંદિરની ઉદારતાપૂર્ણ પ્રવૃત્તિઓમાં **સંસ્કૃત સેવા સમિતિ**ને પણ સમાવી લેવી જોઈએ.

આ પ્રસંગે પૂજ્ય પપ્પાજીની જ પ્રેરણાથી મને થયું કે અહીં કોઈ યોગ્ય મદદની જાહેરાત થાય તે ઉચિત લેખાશે, કારણ એ દિવસે પૂજ્ય પપ્પાજીની બીજી માસિયાની તિથિ હતી. પૂજ્ય પપ્પાજીએ સ્થાપેલ ટ્રસ્ટ તરફથી ત્યાં જ **મહામહિમ રાજ્યપાલશ્રી**ના વરદ હસ્તે **સંસ્કૃત સેવા સમિતિ**ના અધ્યક્ષ **ડૉ. ગૌતમ પટેલ**ને દાન આપવામાં આવ્યું, જેના પરિણામે આ ગ્રંથ આકાર લઈને આજ સૂર્યકિરણનું દર્શન કરી રહ્યો છે. તેમાં હું તો કેવળ નિમિત્ત બન્યો છું, અને પૂંજ્ય પપ્પાજીની શિક્ષણક્ષેત્રે તત્કાલ ઉદાર સખાવત કરવાની પ્રેરણા જ કારણભૂત છે. આ કાર્ય સંપન્ન કરનાર સંપાદક, અનુવાદક અને પ્રકાશકને ખોબે ખોબે ધન્યવાદ.

જય મહારાજ !

'હિમાંશુ' પેટલાદ રોડ,
નડિયાદ

આપનો
દેવાંગ પટેલ અને સમસ્ત ઈપ્કો: પરિવાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ધ્ય

સ્વ. રમેશભાઈ નાગરદાસ પટેલ અને સ્વ. શ્રીમતી જયશ્રીબેન પટેલ

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

આ (આત્મા)ને શસ્ત્રો છેદતાં નથી, આને અગ્નિ બાળતો
નથી, આને પાણી ભીંજવતું નથી અને પવન સૂકવતો નથી.

શ્રી રમેશભાઈએ ઉજ્જવળ જીવન જીવી પૂર્ણત્વ તરફ પ્રયાણ કર્યું. આજીવન એમના પરિવાર પર સંતકૃપા વરસતી રહી. **યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજ**ની અખંડજ્યોતિના શુભાશીષ તથા બ્રહ્મલીન **પ.પૂ. શ્રી નારાયણદાસજી મહારાજ**ની કૃપા રહી. નડિયાદ જન્મસ્થાન હોવાથી આધ્યાત્મિક રુચિ રહી, સંસ્કાર ઘડતર થયું **સંતરામ મંદિર**માં, ત્યાર પછી વિશ્વવંદ્યા, માતૃસ્વરુપ **શ્રી શ્રી માઁ આનંદમયી**નું સાનિધ્ય સાંપડ્યું, શ્રદ્ધા-ભાવ-અનન્યનિષ્ઠાથી માઁની નજદીક રહ્યા. માઁના આશ્રમોમાં, જપ-તપ-વ્રતના કાર્યક્રમોમાં જતા. માઁની પ્રેરણાએ મૌન, ધ્યાન, પ્રાર્થના, સત્સંગમાં રુચિ અને વિશ્વનિયંતા પ્રત્યે સમર્પણભાવ રહ્યો.

શ્રી માઁના શિષ્ય **પ.પૂ. સ્વામી ભાસ્કરાનંદજી**એ વિશેષ રસ લઈને આધ્યાત્મિક ઘડતર કર્યું, સાથો સાથ જીવન નિયમથી, ધર્મમય જીવવાનું ચીંધ્યું. પૂ. માઁ બ્રહ્મલીન-સમાધિસ્થ થયાં. શ્રી રમેશભાઈના પરિવારને હવે પૂ. સ્વામી ભાસ્કરાનંદજીની સીધી પ્રેરણા મળવા માંડી. શ્રી રમેશભાઈ અને લઘુબંધુ શ્રી કનુભાઈ સ્વામીજીને સમર્પિત બન્યા. તેમની સેવા માટે નિવાસ પણ સ્વામીજી સાથે કર્યો. સ્વામીજીએ બન્ને ભાઈઓને જ્ઞાનાંજન આંજી એમના અંતરપટ ખોલી નાખ્યાં. બન્નેને આત્મજ્ઞાનનો, અધ્યાત્મનો માર્ગ બતાવ્યો. તેઓ નર્મદાતટ, ગંગાતટ, હિમાલયમાંના આશ્રમોમાં, શ્રી માઁના વર્ષભરના ઉત્સવોમાં, આધ્યાત્મિક અનુષ્ઠાન અને ગુપ્તવાસમાં સ્વામીજીની સેવામાં રહેતા. છેલ્લે અમેરિકાના ધર્મપ્રચારના પ્રવાસમાં સહુ સાથે હતા. વિદેશમાં પણ સ્વામીજીને જરાપણ તકલીફ પડવા દીધી નથી.

ઉમદા ગૃહસ્થ તરીકે ધર્મપત્ની **જયશ્રીબેન**ના પરલોકગમન પછી ત્રણેય નાના દિકરાઓને ઉછેરી-સુસંસ્કૃત કરી નિખાલસતાથી, સહુ સાથે સ્નેહસંબંધ, આત્મીયતા રાખી પારિવારિક જીવન જીવ્યા. આમ છતાં ધ્યાન તો પ્રભુમાં જ રહ્યું. તેઓ આશ્રમજીવનમાં શાંત-એકાંતમાં, ઉપાસનામાં રહ્યા. જીવનભર નિસર્ગપ્રેમી રહ્યા. વિદેશમાં વસવાટ છતાં ત્યાંની ભૌતિક ચકાચૌંધ જીવનશૈલીથી રંગાયા નહિ. સાદગી, પ્રેમાળ,સરળ વ્યક્તિત્વ અને મનમાં વૈરાગ્ય રાખી તેઓ સંતનું જ જીવન જીવ્યા. સાધક-ઉપાસક બની તેમણે અંતરની અનુભૂતિ પ્રાપ્ત કરી હતી. દયા, માયા, ઉદારતાના ગુણ ધારણ કરી તેઓ જીવનભર નિઃસ્વાર્થ જીવન જીવી ગયા. જીવનભર સંતો, મહાન વિભૂતિઓના સત્સંગે તેમનામાં દયા,ક્ષમા, ઈર્ષ્યારહિતપણું, પવિત્રતા, શુભઆચરણ, સંતોષ આણ્યાં હતા. આવા નિર્મળ પવિત્ર જીવનને તેમણે પ્રભુ ચરણે સમર્પિત કર્યું. એમનું જીવન સદ્‌ગુણોથી સંપન્ન બન્યું એટલે કે એ સાત્ત્વિક રહ્યા, સાથોસાથ સંસારના મોહ-મમતા-આસક્તિથી પર રહ્યા. જીવનના આરંભથી અંત સુધી નિરંતર એક ધાર્યું પ્રભુમય જીવન જીવી ધન્ય બન્યા. એમનું યોગ-ક્ષેમ તો પ્રભુકૃપાએ વિના વિઘ્ને ચાલતું રહ્યું. પરિવાર પણ અનુકૂળ રહ્યો. સંયમિત, નિયમિત જીવન હતું, તેથી શરીર સ્વાસ્થ્ય અંત સુધી સારું રહ્યું. સીત્તેર વર્ષની આયુમાં એકપણ દવાની ગોળી કે ઈન્જેકશ લેવું પડ્યું નહીં. પરિવારને ધર્મબોધ, સંસ્કારબોધ આપતાં આપતાં, ધ્યાનની સ્થિતિમાં, શાંતિ ધારણ કરી, એની એ જ મુખકાંતિ, તેજસ્વીતા ધારણ કરી પરિવારને પ્રેરણા આપતા વિદાય થયા.

આ દિવ્યાત્માઓને વંદના.

જયંતિભાઈ ગો. જોશી

અનુક્રમ

આદિ શંકરાચાર્ય વિરચિત બ્રહ્મસૂત્રભાષ્ય

પ્રસ્તાવના

૧.	બ્રહ્મસૂત્ર એક સ્વલ્પ પરિચય	૬
૨.	બ્રહ્મસૂત્રનાં વિવિધ નામો	૬
૩.	બ્રહ્મસૂત્રનો વિષય	૭
૪.	બ્રહ્મસૂત્ર અને ભાષ્યો	૮
૫.	બ્રહ્મસૂત્રના કર્તા	૯
૬.	ભગવાન આદિ શંકરાચાર્ય	૧૦
૭.	આદિ શંકરાચાર્યનો સમય	૧૧
૮.	આદિ શંકરાચાર્યનું જીવન	૧૨
૯.	આદિ શંકરાચાર્યની જ્ઞાનસાધના	૧૩
૧૦.	આદિ શંકરાચાર્યની કૃતિઓ	૧૪
૧૧.	આદિ શંકરાચાર્યની શૈલી	૧૬
૧૨.	આદિ શંકરાચાર્ય-પ્રશસ્તિ	૧૮

મૂળગ્રંથ અને અનુવાદ

૧.	અધ્યાય- ૧ ઉપોદ્‌ઘાત	૨૧
૨.	અધ્યાય - ૧ પાદ- ૧	૨૩
૩.	અધ્યાય - ૧ પાદ- ૨	૭૬
૪.	અધ્યાય - ૧ પાદ- ૩	૧૦૩
૫.	અધ્યાય - ૧ પાદ- ૪	૧૪૭
૬.	અધ્યાય - ૨ પાદ- ૧	૧૮૧
૭.	અધ્યાય - ૨ પાદ- ૨	૨૨૩
૮.	અધ્યાય - ૨ પાદ- ૩	૨૬૭
૯.	અધ્યાય - ૨ પાદ- ૪	૩૧૬

નોંધ : સૂત્રાનુક્રમણી અને અધિકરણાનુક્રમણી આ પછી પ્રસિદ્ધ થનાર બ્રહ્મસૂત્રના અધ્યાય-૩ અને ૪નાં પરિશિષ્ટમાં વિગતવાર આપવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

પ્રસ્તાવના

૧. બ્રહ્મસૂત્ર-એક સ્વલ્પ પરિચય

ઋગ્વેદની વિચારધારામાં જેનાં બીજ વેરાયેલાં છે તે અદ્વૈતવેદાન્તના આધુનિક સ્વરૂપને જો વિકસિત વટવૃક્ષની ઉપમા આપીએ તો તેના મુખ્ય થડની ત્રણ વિકસિત મુખ્ય શાખાઓની ઉપમા પ્રસ્થાનત્રયીને આપી શકાય. આ ત્રણેમાં ઉપનિષદ, ગીતા અને બ્રહ્મસૂત્રનો સમાવેશ થાય છે. અદ્વૈત વેદાન્તની શાખા-ઉપશાખાઓને પાંગરવા કાજે પ્રસ્થાનત્રયીરૂપી શાખાઓનો મુખ્ય આધાર સાંપડ્યો છે. પ્રસ્થાનત્રયી અથવા પ્રસ્થાનત્રયમ્ ને પ્રથમ સમજી લેવાની આવશ્યક્તા છે.

પ્રસ્થાન એટલે 'ગમન', પરંતુ અહીં લક્ષણોથી તેનો અર્થ 'માર્ગ' એવો સ્વીકારાય છે. ગમનના કર્મની પૂર્તિ કાજે માર્ગ એ એક માત્ર સાધન છે. આમ સાધ્ય અને સાધન વચ્ચે અભેદ સ્વીકારી પ્રસ્થાન એટલે માર્ગ એવો અર્થ સ્વીકારીએ તો પણ અર્થની ઉપાદેયતા સિદ્ધ થાય છે. પ્રસ્થાનત્રયી એટલે ત્રણ માર્ગ એવો અર્થ થાય. આમ વેદાન્તના ત્રણ માર્ગ એટલે પ્રસ્થાનત્રયી એવો અર્થ થયો. પ્રસ્થાન ને અન્ય રીતે સમજાવવામાં આવે છે.— प्रतितिष्ठति ब्रह्मविद्या येषु - જેની ઉપર બ્રહ્મવિદ્યા આધાર રાખે છે તે પ્રસ્થાન. આવાં ત્રણ પ્રસ્થાન સ્વીકારાય છે. (૧) શ્રુતિપ્રસ્થાન - અહીં ઉપનિષદોનો શ્રુતિ તરીકે સ્વીકાર કરવામાં આવે છે. તેમાં ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, કૌષીતકિ અને શ્વેતાશ્વતર એમ ૧૨ ઉપનિષદોનો સમાવેશ થાય છે. તેમાં બ્રહ્મને લગતા વિચારોની ચર્ચા હોવાથી તેને બ્રહ્મવિદ્યાનાં પ્રતિપાદક તરીકે સ્વીકાર્યા છે. (૨) સ્મૃતિપ્રસ્થાન - અહીં ગીતા એટલે મહર્ષિ વ્યાસ વિરચિત મહાભારતાન્તર્ગત શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમાવેશ થાય છે. તે પૌરુષેય હોવાથી સ્મૃતિ કહેવાય છે. શંકરાચાર્ય સ્વયં ગીતાનો નિર્દેશ સ્મૃતિ તરીકે કરે છે. (૩) સૂત્રપ્રસ્થાન અથવા ન્યાયપ્રસ્થાન અહીં વિદ્વાનો બાદરાયણના બ્રહ્મસૂત્રનો સમાવેશ કરે છે. બ્રહ્મસૂત્રની રચના વેદાન્ત એટલે ઉપનિષદના વિચારોની ચર્ચા-વિચારણા-સમન્વય કરવા કાજે થઈ છે.

૨. બ્રહ્મસૂત્રનાં વિવિધ નામો

(૧) બ્રહ્મસૂત્ર એવું આ ગ્રંથનું નામ તેનાં વિષયને અનુલક્ષીને સવિશેષ પ્રચલિત બન્યું છે. બ્રહ્મ તેનો પ્રતિપાદ્ય વિષય છે એ બાબતમાં અનેક ભાષ્યકારો સહમત છે. (૨) બ્રહ્મસૂત્રનું બીજું નામ છે **વેદાન્તસૂત્ર**. વેદાન્ત શબ્દ ઉપનિષદને માટે વપરાય છે. વેદ=સંહિતાઓ અને તેનો અંત અર્થાત્ અંતનો, છેવટનો ભાગ એટલે વેદાન્ત. વૈદિક સાહિત્યમાં સંહિતા, આરણ્યક, બ્રાહ્મણ અને ઉપનિષદ સાહિત્યનો સમાવેશ થાય છે. આમ ક્રમની દૃષ્ટિએ ઉપનિષદ છેલ્લા હોવાથી તેને વેદાન્ત કહેવામાં આવે છે. પણ વેદાન્ત શબ્દ અન્ય રીતે સાર્થક દર્શાવી શકાય છે. વેદ એટલે જ્ઞાન (विद् ज्ञाने ધાતુ પરથી)[1] અને અન્ત એટલે તાત્પર્ય કે સિદ્ધાન્ત, જ્ઞાતવ્ય પદાર્થનું સંપૂર્ણ તાત્પર્ય જેમાંથી પ્રાપ્ત થાય તેવા ગ્રંથ અથવા જ્ઞાનના સિદ્ધાન્તનું પ્રતિપાદન કરતા ગ્રંથ. ઉપનિષદમાં સ્પષ્ટ નિર્દેશ છે કે જે એકના જાણવાથી સઘળું જાણી શકાય તે બ્રહ્મ છે. यथा एकेन ज्ञातेन सर्वमिदं विज्ञातं भवति - મુંડક. આથી વેદાન્ત શબ્દ ઉપનિષદ માટે સાર્થક બને છે. અથવા વેદ-જ્ઞાન અને અન્ત-છેડો, જ્ઞાનનો અંત. જે જાણ્યા પછી કાંઈ પણ જાણવાનું બાકી ન રહે તેને વેદાન્ત કહેવાય. ઉપનિષદમાં સ્પષ્ટ જણાવેલ છે કે બ્રહ્મને જાણ્યા પછી કાંઈ જ જાણવાનું બાકી રહેતું નથી. આમ ઉપનિષદ એટલે વેદાન્ત એમ સિદ્ધ થયું. ઉપનિષદનાં વાક્યોની વિચારણા બ્રહ્મસૂત્રમાં હોવાથી તેને વેદાન્તસૂત્રો એવું સાભિપ્રાય અને સાર્થક નામ આપવામાં આવ્યું છે. શંકરાચાર્ય પણ સ્પષ્ટ માને છે કે બ્રહ્મસૂત્રોનો ઉદ્દેશ્ય વેદાન્તનાં વાક્યોરૂપી પુષ્પોનું સુગ્રથન કરવાનો છે. જુઓઃ वेदान्तवाक्यकुसुमग्रथनार्थत्वात्सूत्राणाम् । वेदान्तवाक्यानि हि सूत्रैरुदाहृत्य विचार्यन्ते । શાં. ભા. (૩) **શારીરકસૂત્ર**— शरीरे भवः शारीर અને शारीरः एव शारीरकः જે શરીરમાં રહેનાર છે તે शारीरः એટલે આત્મા અને તેને લગતાં સૂત્રો તે શારીરક સૂત્ર. આ નશ્વર દેહમાં અનશ્વર અજર અમર આત્મા રહે છે. આ આત્મા એજ પરમાત્મા એવું ઉપનિષદનું અગત્યનું સમીકરણ છે. શંકરાચાર્ય પણ કહે છે आत्मा च ब्रह्म । આમ શારીરક મીમાંસા આ સૂત્રોમાં હોવાથી તેને શારીરકસૂત્ર કહે છે. (૪) **બ્રહ્મમીમાંસા**—બ્રહ્મશબ્દની વ્યુત્પત્તિ बृहि वृद्धौ ધાતુ પરથી થઈ છે. તેનો અર્થ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ અને મુક્ત સ્વભાવવાળું સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન બ્રહ્મ એવો થાય છે.

---

૧. વેદ શબ્દના વિવિધ અર્થો માટે, જુઓઃ ગૌતમ પટેલ, 'વેદની વિવિધ વ્યાખ્યા' ગુજ.યુનિ.પ્રકાશન વિદ્યા ૧૯૬૪ ઑગસ્ટ તથા 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ', પ્રકાશક, ગુ.યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુઓ : - ब्रह्मशब्दस्य हि व्युत्पाद्यमानस्य नित्यशुद्धत्वादयोऽर्था: प्रतीयन्ते, बृहतेर्धातोरर्थानुगमात् શાં. ભા. ૧-૧-૧ (૫) **ઉત્તરમીમાંસા**- જૈમિનીના સૂત્રોને પૂર્વમીમાંસા કહેવામાં આવે છે અને તેમાં ધર્મ યજ્ઞયાગ વગેરેને લગતી ચર્ચા છે. કેટલાક વિદ્વાનો બ્રહ્મસૂત્રને તે વિષયના અનુસંધાનમાં રચાયેલા સ્વીકારી એને ઉત્તરમીમાંસા એવું નામ આપે છે. (૬) **બાદરાયણસૂત્ર** - આ સૂત્રોના કર્તા બાદરાયણ મનાયા છે. આથી કર્તાના નામ સાથે તેનો ઉલ્લેખ બાંદરાયણસૂત્ર તરીકે પણ થાય છે. (૭) **વ્યાસસૂત્ર** - શ્રી વલ્લભાચાર્યે, વેદ, શ્રીકૃષ્ણનાં વાક્યો એટલે ગીતા, વ્યાસસૂત્ર અને વ્યાસની સમાધિભાષા એટલે ભાગવત એમ ચાર પ્રમાણોનો સ્વીકાર કર્યો છે. અહીં વ્યાસસૂત્ર એટલે બ્રહ્મસૂત્ર કારણ કે તેના કર્તા બાદરાયણ તે જ વ્યાસ છે એવી એક પરંપરા છે. (૮) આ ઉપરાંત **વેદાંતમીમાંસા શાસ્ત્ર** તરીકે શંકરાચાર્ય આનો નિર્દેશ કરે છે.

૩. બ્રહ્મસૂત્રનો વિષય

ભારતીય પરંપરા અનુસાર બ્રહ્મસૂત્રના કર્તા બાદરાયણ છે. ઉપનિષદના સિદ્ધાન્તોમાં કાલાન્તરે સમજવામાં કઠીનાઈ કે વિસંવાદ છે એવી ભાવના જાગૃત થતાં આ સૂત્રોની રચના શ્રી બાદરાયણે કરી એવું મનાય છે. તેમાં ઉપનિષદના ઈશ્વર વિષયક સિદ્ધાન્તો, જગત, જીવ, તેની બદ્ધદશા કે મુક્તાવસ્થા ઈત્યાદિનું સંશોધન કરવામાં આવ્યું છે. ઉપનિષદના સિદ્ધાન્તમાં ઉપર ઉપરથી જણાતા વિરોધોનું નિરાકરણ કરવામાં આવ્યું છે, સિદ્ધાન્તોને સુગ્રથિત કરવામાં આવ્યા છે અને સવિશેષ તો પ્રતિસ્પર્ધી દર્શનો દ્વારા થતાં ખંડનાત્મક પ્રહારો સામે ઉપનિષદના સિદ્ધાન્તોનું રક્ષણ કરવાનો સભાન પ્રયત્ન પણ આ બ્રહ્મસૂત્રમાં કરવામાં આવ્યો છે.[1]

શાસ્ત્રના જ્ઞાતાઓમાં સૂત્રની નીચે મુજબની વ્યાખ્યા પ્રચલિત છે —

स्वल्पाक्षरमसंदिग्धं सारवद्विश्वतो मुखम्।
अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥

(૧) स्वल्पाक्षरम् = બહુ જ ઓછા અક્ષરોવાળું (૨) असंदिग्धम् = સંદેહરહિત (૩) सारवत् = સારવાળું (૪) विश्वतोमुखम् = ચારે બાજુ લાગુ પડતું (૫) अस्तोभम् = અર્થની બાબતમાં રુકાવટ વિનાનું (૬) अनवद्यम् = દોષરહિત, સૂત્ર આ છ લક્ષણોવાળું હોય એમ સૂત્રને જાણકારો માને છે.

વાચસ્પતિ મિશ્રે પણ સૂત્રની વ્યાખ્યા આપી છે કે -

लघूनि सूचितार्थानि स्वल्पाक्षरपदानि च।
सर्वत: सारभूतानि सूत्राण्याहुर्मनीषिणः ॥

લઘુ એટલે નાનાં, સૂચિત અર્થાવાળાં, સ્વલ્પ અક્ષર અને પદવાળાં અને બધી રીતે સારરૂપ બનેલાં હોય તેને વિદ્વાનો સૂત્રો કહે છે.

સૂત્ર શબ્દ પણ સમજાવાયો છે કે -

सूत्रं बह्वर्थसूचनाद् भवति।

જે બહુ અર્થો સૂચવે તે સૂત્ર. આ સૂત્ર શબ્દ ૧૦ મા ગણના પરસ્મૈપદી ધાતુ જેનો અર્થ 'બાંધવું' એવો થાય છે તેના ઉપરથી નિષ્પન્ન કરાય છે.

सूत्रयति इति सूत्रम्। ટૂંકમાં જે અનેક અર્થોને પોતાની અંદર બાંધી લે તે સૂત્ર કહેવાય. સૂત્ર શબ્દનો સંસ્કૃતમાં એક અર્થ થાય છે દોરી. એક દોરી જેમ અનેક પદાર્થોને બાંધે તેમ એક સૂત્ર અનેક અર્થોને બાંધે છે, એકત્ર રાખે છે માટે તેને સૂત્ર કહેવાય છે.

---

૧. જુઓ : The work of Badarayana stands to the Upasnisads in the same relation as the Christian Dogmatics to the New Testament; it investigates their teaching about God, the world, the soul in its conditions of wandering and deliverance, removes apparent contradictions in the doctrines, binds them systematically together, and is especially concerned to defend them against the attacks of opponents.

- Deussen's system of the Vedenta, P.21.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતમાં એક સમય એવો હતો કે લખવાના સાધનો ટાંચા હોવાથી જે કાંઈ હોય એ બધું મોઢે રાખવાનું, યાદ રાખવાનું. આ માટે જેટલા ઓછા અક્ષરો કે શબ્દો યાદ રાખવા પડે તેટલું સારું. આને કારણે કોઈપણ વાતને સૂત્રમાં રજૂ કરવાની પદ્ધતિ અમલમાં આવી. આ સમયગાળાને વિદ્વાનો સાહિત્યમાં 'સૂત્રયુગ' ગણાવે છે. આ દરમ્યાન, વ્યાકરણ કે વેદાન્ત અથવા દર્શન જેવા વિષયોમાં સૂત્રો રચાયાં ભારતના છએ દર્શનોનો આરંભ આવાં સૂત્રોથી થયો છે.

સૂત્ર પછી આ વિષયમાં યાદ રાખવા જેવો અથવા સમજવા જેવો શબ્દ આવે છે અધિકરણ, એની વ્યાખ્યા છે.

विषयो विशयश्चैव पूर्वपक्षस्तथोत्तरम् ।
निर्णयश्चेति पञ्चाङ्गं शास्त्रेऽधिकरणं स्मृतम् ॥

(૧) विषयः = જેની ચર્ચા કરવાની હોય તે (૨) विशयः = જેની ચર્ચા કરવાની હોય તેને લગતી શંકા અથવા સંશય (૩) पूर्वपक्षः = સિદ્ધાન્ત સ્થાપવાનો હોય એની ઉલટી બાજુ રજૂ કરનાર પ્રશ્નો કે શંકાઓ (૪) उत्तरम् = પૂર્વપક્ષમાં રજૂ થયેલા પ્રશ્નોના ઉત્તરો (૫) निर्णयः = બધી ચર્ચાઓ પછી આખરે જે સિદ્ધાન્ત સ્થાપવામાં આવે તેને નિર્ણય કહેવાય. આ પાંચના બનેલા વિભાગને શાસ્ત્રમાં અધિકરણ કહેવામાં આવે છે. આવું અધિકરણ એક સૂત્રનું પણ હોય અને બે પાંચ દસ કે પંદર સૂત્રોનું પણ હોઈ શકે.

આ પછી આવે છે ભાષ્ય. આમ તો સામાન્ય રીતે લોકો કોઈ ટીકાને ભાષ્ય કહે છે. કોઈ સૂત્ર ઉપર પોતાને જે સૂત્રમાંથી સમજાય અથવા જે સમજાવવું હોય તેનું વિવેચન વિદ્વાન કરે તે ભાષ્ય કહેવાય. આની સંસ્કૃત વ્યાખ્યા આ પ્રમાણે છે.

सूत्रार्थो वर्ण्यते येन वाक्यैः सूत्रानुसारिभिः ।
स्वपदानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः ॥

જેના દ્વારા સૂત્રને અનુસરતા વાક્યોથી સૂત્રનો અર્થ વર્ણવવામાં આવે અને ભાષ્યકાર પોતે પ્રયોજેલા પદોને પણ વર્ણવે તેને ભાષ્યના જાણનારાઓ ભાષ્ય કહે છે. આવાં અનેક ભાષ્યો આજ આપણને મળી આવે છે. બ્રહ્મસૂત્ર પરના અનેક ભાષ્યોમાં આદિ શંકરાચાર્યનું ભાષ્ય સમયની દૃષ્ટિએ પ્રથમ છે અને ગુણવત્તાની દૃષ્ટિએ પણ પ્રથમ કક્ષાનું જ છે.

૪. બ્રહ્મસૂત્ર અને ભાષ્યો

બ્રહ્મસૂત્રમાં પ્રાપ્ત થતાં સૂત્રોની સંખ્યા બાબત ભાષ્યકારોમાં પર્યાપ્ત મતભેદ છે. તેનો ખ્યાલ નીચેના કોઠા પરથી આવશે.

શંકર	રામાનુજ	વલ્લભ	ભાસ્કર	નિમ્બાર્ક	શ્રીકંઠ	બલદેવ	વિજ્ઞાનભિક્ષુ	મધ્વાચાર્ય
૫૫૫	૫૪૫	૫૫૫	૫૪૭	૫૪૯	૫૪૫	૫૫૬	૫૫૬	૫૬૨

આમ વધુમાં વધુ ૫૬૨ અને ઓછામાં ઓછા ૫૪૫ સૂત્રો છે એવું આચાર્યોનાં ભાષ્યો પરથી નિશ્ચિત થાય છે. આમ થવામાં સાંપ્રદાયિકતા, સ્વમત-સ્થાપન-આગ્રહ અને સંસ્કૃત ભાષાની સહેલાઈથી સુગ્રથિત કે વિભક્ત થવાની શક્તિ કારણભૂત છે. ઉદા. जन्माद्यस्य यतः અને शास्त्रयोनित्वात् એ બે અલગ સૂત્રો છે એમ શંકરાચાર્ય અને રામાનુજ માને છે જ્યારે વલ્લભાચાર્ય બંનેને સંયુક્ત કરી जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात् એવું એક સૂત્ર સ્વીકારે છે. આથી સૂત્રસંખ્યા ન્યૂનાધિક બને એ સ્વાભાવિક સછે. વળી અહીં સંખ્યાભેદ ઉપરાંત પાઠભેદ પણ પ્રાપ્ત થાય છે. એક ઉદાહરણ નોંધીએ. જેમ કે હેયત્વવચનાચ્ચ ૧-૧-૮ સૂત્રનો અન્ય સર્વ આચાર્યોને સંમત પાઠ બળદેવમાં હેયત્વં વચનાચ્ચ છે. આવાં અનેક ઉદાહરણો મળે છે. ઉપરાંત સૂત્ર સર્વતોમુખી હોવાથી એક જ સૂત્રના અનેક અર્થો સ્વસંપ્રદાય કે મતાનુસાર આચાર્યોએ કરેલા જોવા મળે છે. આ તો મહાનિબંધનો વિષય બને તેવી બાબત છે.

બ્રહ્મસૂત્રના ચાર અધ્યાય છે અને પ્રત્યેક અધ્યાયના ચાર પાદ છે. આ હકીકત સર્વ આચાર્યોને સંમત છે. પ્રત્યેક પાદમાં અનેક અધિકરણો હોય છે. સૂત્રસંખ્યાની બાબતમાં બન્યું છે તેમ અધિકરણની સંખ્યા ભિન્ન ભિન્ન જણાય છે. જેમકે શંકરાચાર્યમાં ૧૯૧, રામાનુજમાં ૧૫૬, બળદેવમાં ૧૯૮, શ્રીકંઠમાં ૧૭૨, નિમ્બાર્કમાં ૧૫૧ અને વલ્લભાચાર્યના ભાષ્યમાં ૨૨૩ અધિકરણો છે.

બ્રહ્મસૂત્રના પ્રથમ અધ્યાયનું નામ સમન્વય છે. આ સમન્વયાધ્યાયમાં વિરોધાભાસ દર્શાવતી વિવિધ શ્રુતિઓનો સમન્વય સાધવામાં આવ્યો છે. દ્વિતીય અધ્યાયનું નામ અવિરોધ છે. અહીં સ્વમતના સ્થાપનાર્થે વિરોધી મતો અને તેના દ્વારા થયેલ આક્ષેપ વગેરેનું ખંડન કરવામાં આવ્યું છે. તૃતીય અધ્યાયનું નામ સાધન છે. તેમાં જીવ અને બ્રહ્મના લક્ષણોનો નિર્દેશ કરી મોક્ષમાર્ગમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયુક્ત સાધનોની ચર્ચા વિચારણા છે. ચતુર્થ અધ્યાયનું નામ ફલ છે. આ ફલાધ્યાયમાં જીવ-મુક્તિ, જીવની ઉત્ક્રાંતિ, નિર્ગુણ અને સગુણ ઉપાસનાનું ફળ વગેરે વિષયોની મીમાંસા કરવામાં આવી છે.

બ્રહ્મસૂત્રમાં અનેક આચાર્યોનાં નામોનો ઉલ્લેખ છે.[1] આથી સહજમાં માની શકાય કે ઉપલબ્ધ બ્રહ્મસૂત્રની રચના પૂર્વે પણ વેદાંતમીમાંસા પ્રાચીન કાળથી પ્રચલિત હતી. આ બ્રહ્મસૂત્ર ઉપર શંકરાચાર્યના પુરોગામી તેમજ અનુગામી અનેક આચાર્યોએ ભાષ્ય રચ્યાં હતાં એવું માનવાના પર્યાપ્ત પુરાવાઓ ઉપલબ્ધ છે. અલબત્ત સહુ કોઈના ભાષ્યો ઉપલબ્ધ નથી એ એક વિધિની વિટંબણા છે. શંકરાચાર્યના પુરોગામી આચાર્યોમાં ભર્તૃપ્રપંચ, ભર્તૃહરિ, ઉપવર્ષ, બોધાયન, બ્રહ્માનંદી, ટંક, બ્રહ્મદત્ત, ભારુચિ ઈત્યાદિનાં નામોનો નિર્દેશ કરવામાં આવે છે. આમાંથી કોઈકે વૃત્તિ તો કોઈકે ભાષ્યની રચના કરી હશે. મધ્વવિજય પ્રકાશિકામાં મધ્વાચાર્ય પૂર્વે થયેલ ૨૧ આચાર્યોનાં નામોનો નિર્દેશ છે. તેમાં અનેક નામો સુપરિચિત પણ નથી. તેઓનામાંથી કેટલાંક ભાષ્યો તો સંશોધનનો વિષય બને તે પૂર્વે તો ઉધઈનો કોળીઓ બની ગયા છે. આજે ઉપલબ્ધ થતાં પ્રસિદ્ધ ભાષ્યકારો નીચે મુજબ છે.

સમય	કર્તા	ભાષ્યનું નામ મત	સિદ્ધાંત
ઈ.સ. પૂર્વે ૫૦૦ અથવા અન્ય મતં			
૭૮૮-૮૨૦	શંકરાચાર્ય	શારીરકભાષ્ય -	કેવલાદ્વૈત
૧૨૩૮	મધ્વાચાર્ય	પૂર્ણપ્રજ્ઞભાષ્ય -	દ્વૈત
૧૨૫૦	નિમ્બાર્કાચાર્ય	વેદાન્તપારિજાત -	દ્વૈતાદ્વૈત
૧૨૭૦	શ્રીકંઠ	શૈવભાષ્ય -	શૈવ વિશિષ્ટાદ્વૈત
૧૪૦૦	શ્રીપતિ	શ્રીકરભાષ્ય -	વીરશૈવ વિશિષ્ટાદ્વૈત
૧૪૭૯-૧૫૪૪	વલ્લભાચાર્ય	અણુભાષ્ય -	શુદ્ધાદ્વૈત
૧૬૦૦	વિજ્ઞાનભિક્ષુ	વિજ્ઞાનામૃત -	અવિભાગાદ્વૈત
૧૭૨૫	બલદેવ	ગોવિન્દભાષ્ય -	અચિન્ત્યભેદાભેદ

આ ઉપરાંત વીસમી સદીમાં પણ બ્રહ્મસૂત્ર પર ભાષ્યોની રચના થાય છે એ બ્રહ્મસૂત્રની લોકપ્રિયતાનો પર્યાપ્ત પુરાવો લેખી શકાય. આમ અનેક વાદોના પુરસ્કર્તા આચાર્યોએ બ્રહ્મસૂત્ર પર રચેલ ભાષ્યોને પરિણામે સૂત્રકાર બાદરાયણને કયો સિદ્ધાન્ત અભિપ્રેત હશે એ નિર્ણય અશક્ય નહિ તો અઘરો અવશ્ય બની ગયો છે. ડૉ. ઘાટેએ 'ધી વેદાન્ત' પૃ. ૧૬૯-૧૮૪ માં સૂત્રકારને અભિપ્રેત સિદ્ધાન્તો દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. જિજ્ઞાસુએ ત્યાં જોઈ લેવું.

૫. બ્રહ્મસૂત્રના કર્તા

બ્રહ્મસૂત્રના કર્તા તરીકે બાદરાયણને સ્વીકારવામાં આવે છે. આ બાદરાયણ તે પરાશરના પુત્ર, મહાભારત અને પુરાણોના કર્તા પ્રસિદ્ધ વ્યાસમુનિ છે એવી ભારતીય પરંપરા છે. પરંપરાએ તેઓશ્રીને અત્યંત મહનીય અને ગૌરવવંતુ સ્થાન આપ્યું છે. તેઓ માટે તો કહેવાયું છે કે—

अचतुर्वदनो ब्रह्मा द्विबाहुरपरो हरिः ।
अभाललोचनो शंभुः भगवान्बादरायणः ॥

ભગવાન બાદરાયણ ચાર મુખ નહોવા છતાં બ્રહ્મા બે હાથના હોવા છતાં બીજા વિષ્ણુ અને કપાળમાં નેત્ર ન હોવા છતાં શંભુ છે.

વિદેશી વિદ્વાનો અને તેઓને અનુસરનાર કતિપય ભારતીય વિદ્વાનો બાદરાયણને અને વ્યાસને એક માનવામાં શંકા સેવે છે. તેઓ એવી દલીલ પ્રસ્તુત કરે છે કે સૂત્રોમાં યાજ્ઞવલ્કયના મતની ચર્ચા છે અને વ્યાસની શિષ્ય પરંપરામાં યાજ્ઞવલ્કય ત્રીજી પેઢીએ

૧. દા.ત. આચાર્ય બાદરિ (બ્ર.લૂ. ૧-૨-૩૦, ૩-૧૧-૧, ૪-૩-૭, ૪-૪-૧૦) આશ્મરથ્ય (બ્ર.સૂ.૧-૨-૨૯,૧-૪-૨૦) આત્રેય (બ્ર.સૂ. ૩-૪-૪૪) કાશકૃત્સ્ન (બ્ર.સૂ.૧-૪-૨૨) ઔડુલોમિ (બ્ર.સૂ.૧-૪-૨૧,૩-૪-૪૫, ૪-૪-૬) કાર્ષ્ણાજિનિ ૩-૧-૯ અને જૈમિની (બ્ર.સૂ.૧-૨-૨૮, ૧-૨-૩૧, ૧-૪-૧૮, ૩-૨-૪૦,૩-૪-૨,૩-૪-૧૮,૩-૪-૪૦, ૪-૩-૧૨,૪-૪-૫,૪-૪-૧૧ વધુ માટે જુઓ : ગોપીનાથ કવિરાજ 'અચ્યુત' વર્ષ -૩, અંક -૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ ૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐૐ

આવે છે. જો વ્યાસ એ જ બાદરાયણ હોય તો પોતાની ત્રીજી પેઢીના શિષ્યનો મત બ્રહ્મસૂત્રમાં કેવી રીતે લાવી શકે ? મહાભારત કે તેવાં અન્ય પ્રાચીન ગ્રંથોમાં વ્યાસે વેદનો વિભાગ કર્યો, પુરાણો રચ્યાં કે મહાભારતની રચના કરી એવો ઉલ્લેખ છે, ત્યાં વ્યાસે બ્રહ્મસૂત્ર રચ્યું એવું લખ્યું નથી. પણ આવી દલીલોમાં કોઈ ખાસ વજૂદ નથી. પ્રાચીન ગ્રંથ તરીકે સ્કંદપુરાણમાં સત્યવતી અને પરાશરના પુત્ર વ્યાસે સૂત્રો રચ્યાનો સ્પષ્ટ નિર્દેશ છે કે—

अवतीर्णो महायोगी सत्यवत्यां पराशरात् ।
उत्सन्नान् भगवान् वेदानुज्जहार हरिः स्वयम् ॥
चतुर्धा व्यभजत्तांश्च चतुर्विंशतिधा पुनः ।
चकार ब्रह्मसूत्राणि तेषां सूत्रत्वमञ्जसा ॥

આથી વેદનો વિભાગ કરનાર અને બ્રહ્મસૂત્રના કર્તા એક જ છે એવું સ્પષ્ટ થાય છે.

★ ★ ★

વળી પાણિનિની અષ્ટાધ્યાયીમાં पाराशरशीलालिभ्यां भिक्षुनटसूत्रयोः (પા.સૂ. ૪-૩-૧૧૦) માં પારાશર્ય એટલે પરાશરના પુત્રના ભિક્ષુસૂત્રોનો નિર્દેશ છે. અને એ પરાશરના પુત્ર મહર્ષિ બાદરાયણ-વ્યાસથી કોઈ અન્ય ન હોઈ શકે એવું ભારતીય વિદ્વાનો સ્વીકારે છે. જ્યાં સુધી કોઈ સબળ વિરુદ્ધ પ્રમાણ પ્રસ્થાપિત ન કરી શકાય ત્યાં સુધી કેવળ કલ્પનાનો સહારો લઈ વ્યાસ અને બાદરાયણનો ભેદ કલ્પવા કરતાં પરંપરાને માન્ય એવું એ બંનેનું અભિન્નત્વ સ્વીકારવું વધુ યોગ્ય છે. ગીતામાં બ્રહ્મસૂત્રનો નિર્દેશ છે કે પાણિનિમાં નિર્દેશ સ્વીકારી કેટલાંક વિદ્વાનો બ્રહ્મસૂત્રની રચના ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદી સ્વીકારે છે. આની સામે કેટલાંક વિદ્વાનો તર્કપાદમાં સાંખ્ય, વૈશેષિક, બૌદ્ધ, જૈન વગેરે મતોનો નિર્દેશ હોવાથી આ સૂત્રોની રચના તે તે ધર્મ-સંપ્રદાયો પછી થઈ હશે તેમ માને છે. આની સામે બચાવરૂપે બ્રહ્મસૂત્રની પ્રાચીનતા સ્વીકારનાર તર્કપાદને પ્રક્ષેપ માનવા તૈયાર થાય તો નવાઈ નહિ. પણ ગોપીનાથ કવિરાજ સ્પષ્ટ મંતવ્ય ધરાવે છે કે બૌદ્ધ, જૈન, પાશુપત કે ભાગવત ધર્મના મતનો નિર્દેશ બ્રહ્મસૂત્રને અર્વાચીન સિદ્ધ કરી શકતો નથી, કારણ તે તે મતના વિચારોનું અસ્તિત્વ ભારતમાં અત્યંત પ્રાચીન કાળથી હતું જ.

આ બ્રહ્મસૂત્ર અને શંકરાચાર્યનું ભાષ્ય એટલાં બધા પ્રચલિત થયાં છે કે તેની ઉપર અનેક ભાષ્ય, વાર્તિક, વૃત્તિ, દર્પણ, ભૂષણ વગેરે રચાયાં છે. જેમકે સુબ્રહ્મણ્યની ભાષ્યાર્થન્યાયમાલા, ભારતીતીર્થની વૈયાસિકન્યાયમાલા, અમલાનંદકૃત શાસ્ત્રદર્પણ, હરિદીક્ષિતની બ્રહ્મસૂત્રવૃત્તિ, બ્રહ્માનંદની વેદાન્ત સૂત્રમુક્તાવલી, વેંકટેશની બ્રહ્મસૂત્રાર્થદીપિકા, ધર્મભટ્ટની બ્રહ્મસૂત્રવૃત્તિ, અદ્વૈતાનંદકૃત સૂત્રભાષ્યવ્યાખ્યાન, રામેશ્વર ભારતીકૃત બ્રહ્મસૂત્રોપન્યાસ, સુબ્રહ્મણ્યકૃત શારીરકમીમાંસા સૂત્રસિદ્ધાન્તકૌમુદી, અનન્યાનુભવની શારીરકન્યાયમાલા કે કૃષ્ણાનુભૂતિ વિરચિત શારીરકમીમાંસાસંગ્રહ વગેરે. અલબત્ત આ સહુ પ્રકાશિત પણ થયા નથી.

૬. ભગવાન આદિ શંકરાચાર્ય

अज्ञोऽप्यश्रुतशास्त्राण्याशु व्याकरोति यत् कृपया ।
निखिलकलाधिपमनिशं तमहं प्रणमामि शङ्कराचार्यम् ॥

– सच्चिदानंद स्वामिनः

અઠંગ અધ્યાત્મવેત્તા અને નિતાન્ત કર્મઠ, જ્ઞાનના પરમોચ્ચ પ્રતિપાદક તેમ જ ઉપાસનાના અદ્વિતીય ઉપાસક એવા શંકરાચાર્યના અપૂર્વ ચરિત્રને શબ્દસ્થ કરવું અશક્ય નહીં તો અઘરું તો જરૂર છે. શ્રી પરમહંસ પરિવ્રાજકાચાર્ય ભગવત્ પાદ શંકરાચાર્યે સહજ રીતે જ ભારત વર્ષની દિવ્ય વિભૂતિ તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમની સમર્થ પ્રતિભા આજે એમની અનુપસ્થિતિમાં પણ સમસ્ત દિગંતને આલોકિત કરી રહી છે. એ પરમ જ્ઞાનોપાસકને થઈ ગયે દસથી વધુ સૈકાઓ થઈ ગયા અને ભારતીય મતાનુસાર ૨૫૦૦ વર્ષ થયા છતાં આજે પણ તેઓ પોતાની કીર્તિકૌમુદી વડે અક્ષુણ્ણતયા ભારતીય નભોમંડળને ઉદ્‌ભાસિત કરી રહ્યા છે. સમગ્ર વૈદિક ધર્મના ઈતિહાસમાં શંકરાચાર્યનું આગમન એ એક નવયુગના અવતારનું સૂચક ગણાય છે. દંભ અને પાખંડને કારણે હિન્દુ ધર્મ જ્યારે લુપ્તપ્રાપ્ઃ થઈ રહ્યો હતો ત્યારે શંકરાચાર્યે આવીને તેને પુનર્જીવન બક્ષ્યું. તેમના સકલ પ્રયાસોને અંતે દેશભરમાં ધર્મની સ્નિગ્ધ આભા પ્રસરી ગઈ. વૈદિક ધર્મનો શંખનાદ સર્વત્ર ગુંજવા લાગ્યો. ઉપનિષદોની દિવ્ય-વાણીનો જયઘોષ કર્ણપટ પર અથડાવા લાગ્યો. ગીતાનું જ્ઞાન વિશુદ્ધ રૂપમાં લોકો સમક્ષ આવ્યું. આવા મહાપુરુષના જીવનને વર્ણવતાં અનેક મુદ્રિત અને અમુદ્રિત શંકર દિગ્વિજયો આપણને પ્રાપ્ત થાય છે. આવા શંકર દિગ્વિજયોમાં પ્રાયઃ અલૌકિક અને અભૂતપૂર્વ ઘટનાઓ જ આલેખાયેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી શંકરાચાર્યના જીવન વિષે શુદ્ધ ઐતિહાસિક યા પ્રમાણભૂત માહિતી મેળવવી લગભગ દુર્લભ છે. ડૉ. ઑફ્રેટની બૃહત હસ્તલેખિત ગ્રંથસૂચી (કૅતેલોગોરુસ કૅતે-લોગારુમ્) તથા અન્ય સૂચીના આધારે શ્રી બલદેવ ઉપાધ્યાય ૨૨ 'શંકરદિગ્વિજય' ગણાવે છે.

આચાર્ય શંકરના જીવન-ચરિતને નિરુપતો એક પણ સમ-સામાયિક ગ્રંથ આજે ઉપલબ્ધ નથી. આજે ઉપલબ્ધ પ્રાયઃ બધા જ ગ્રંથો એમના આવિર્ભાવ-કાળ પછી લખાયેલા છે.

(૧) શંકરાચાર્યના પટ્ટશિષ્ય પદ્મપાદ રચિત - 'विजयडिण्डिम' માં શંકરાચાર્યના દિગ્વિજયોનું વર્ણન વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે, પરંતુ કમનસીબે આ ગ્રંથ આજે ઉપલબ્ધ નથી.

(૨) આનંદજ્ઞાન અથવા તો આનંદગિરિ કૃત 'बृहत् शंकरविजय' - કે જે હાલ ઉપલબ્ધ ગ્રંથોમાં અત્યંત પ્રાચીન છે. આ ગ્રંથનો વિશેષ પરિચય આપણને માધવકૃત 'શંકર દિગ્વિજય'ના ટીકાકર્તા ધનપતિસૂરિ પાસેથી મળે છે—

''एतत् कथाजालं 'बृहच्छंकरविजय' एत्र श्रीमदानन्दज्ञानाख्यानन्दगिरिणा रचिते द्रष्टव्यमिति दिक् ।''

(૩) આનંદગિરિ અથવા અનંતાનંદગિરિ વિરચિત 'शङ्करविजय' કે જે ૭૪ પ્રકરણોમાં વિભક્ત છે અને ઈ.સ. ૧૮૮૧માં જીવાનંદ વિદ્યાસાગર દ્વારા પ્રાપ્ત થયો હતો. આ ગ્રંથમાં આચાર્યનો કામકોટિ પીઠ સાથેનો ઘનિષ્ટ સંબંધ દર્શાવવામાં આવ્યો છે.

(૪) ચિદ્‌વિલાસ યતિ રચિત 'शङ्करविजयविलास' કે જે ગુરુ-શિષ્યના સંવાદરૂપે લખાયેલો ગ્રંથ છે. આ ગ્રંથનું સંશોધન સૌ પ્રથમ મદ્રાસમાં થયું હતું. હવે કાશીમાં નાગરીલિપિમાં પણ મળી આવે છે.

(૫) રાજચૂડામણિનો 'शङ्कराभ्युदय' કે જેના પ્રારંભના છ સર્ગો જ પ્રકાશિત થાય છે.

(૬) માધવાચાર્ય રચિત 'शङ्करदिग्विजय' કે જે અન્ય ગ્રંથોની તુલનામાં અત્યંત લોકપ્રિય અને સુપ્રસિદ્ધ છે. શંકરાચાર્યના જીવન વિષેની આધારભૂત માહિતી આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે. મંડનમિશ્ર તથા ભટ્ટ ભાસ્કર સાથેના શંકરાચાર્યના શાસ્ત્રાર્થના પ્રસંગો નવમ તથા પંચદશ સર્ગોમાં અનુક્રમે વર્ણિત છે. આ બંને સર્ગો અત્યંત રમણીય છે તેમજ માધવાચાર્યનું દર્શન-જ્ઞાન અને કાવ્ય-સિદ્ધાંતોનું નિદર્શન કરાવે છે.

(૭) સદાનંદ વ્યાસ કૃત शङ्करदिग्विजय-सार એ વાસ્તવમાં માધવાચાર્યના ગ્રંથની જ સંક્ષિપ્ત આવૃત્તિ છે.

(૮) મલબાર પ્રાંતમાં આચાર્યના જીવનચરિત્ર વિષે અનેક વાદવિવાદ અને કિંવદન્તિઓ પ્રચલિત છે. જે અન્યત્ર ઉપલબ્ધ વૃત્તાંતોથી અત્યંત ભિન્ન છે. આ કેટલીય પ્રવાહોથી યુક્ત આચાર્યનું જીવનચરિત્ર 'शङ्कराचार्यचरित' માં પ્રાપ્ત થાય છે અને એના કર્તા ગોવિંદનાથ યતિ મનાય છે.

(૯) શૃંગેરી મઠના પ્રાચીન ગ્રંથાગારમાંથી પ્રાપ્ત થયેલ 'गुरुवंश-काव्य' ના કર્તા કાશી લક્ષ્મણ શાસ્ત્રી મનાય છે. આ ગ્રંથના પ્રથમ ત્રણ સર્ગોમાં જ આચાર્યના જીવનને સંક્ષેપમાં વણી લીધું છે. તદન્તર શૃંગેરી ગુરુપરંપરાનું સાધારણ વર્ણન કરવામાં આવ્યું છે. આ ગ્રંથમાં અધિકાંશતઃ માહિતી તો સ્વામી વિદ્યારણ્યના જીવનને લગતી છે. આ ગ્રંથ પણ અનેક વિલક્ષણતાઓ અને નવીન બાબતોથી ભરપૂર છે.

(૧૦) આ ગ્રંથો ઉપરાંત માર્કણ્ડેય પુરાણ, સ્કન્દપુરાણ, કૂર્મપુરાણ તથા સૌરપુરાણ આદિ ગ્રંથોમાં પણ શંકરાચાર્યના જીવન વિષેની માહિતી મળી આવે છે.

૭. આદિ શંકરાચાર્યનો સમય

શંકરાચાર્યના સમય અંગે પણ વિદ્વાનોમાં અનેક મતભેદો પ્રવર્તે છે. અનેક સંશોધનોને અંતે પણ કોઈ અંતિમ નિર્ણય પર પહોંચી શકાયું નથી. આચાર્યના શિષ્યોએ લખેલા ગ્રંથોમાં પણ આ અંગે કોઈ સ્પષ્ટ નિર્દેશ પ્રાપ્ત થતો નથી. આચાર્યશ્રી રચિત 'शाङ्करभाष्य (शारीरकभाष्य)'ના સૌથી પ્રાચીન ટીકાકાર છે વાચસ્પતિ મિશ્ર અને એમના સમય અંગે કેટલાંક દૃઢ પ્રમાણો મળી આવે છે. એમણે 'ભામતી' નામક પાંડિત્યપૂર્ણ ટીકા 'शारीरकभाष्य' ઉપર લખી છે. તેમણે 'न्यायसूची निबन्ध' નામના પોતાના ગ્રંથમાં રચનાકાલ ૮૯૮ સવત (वस्वङ्कवसुवत्सरे) લખ્યો છે. વિદ્વાનોનું માનવું છે કે અહીં વિક્રમ સંવતનો નિર્દેશ છે. શંકરાચાર્યના સમયની મર્યાદા પણ આ જ હોવી જોઈએ. આ ઉપરથી વિદ્વાનો એમ માને છે કે આચાર્ય શંકરનો આવિર્ભાવ-કાલ નવમી સદીના મધ્યકાલથી પૂર્વમાં જ હોવો જોઈએ. સમય અંગે વિદ્વાનોના કેટલાક મતો આ પ્રમાણે છે. (૧) કોલબ્રુક પ્રમાણે ઈ.સ. ૮૦૦ થી ઈ.સ. ૯૦૦ (૨) ટેલર-ઈ.સ. ૮૦૦ (૩) હાગસન-ઈ.સ. ૮૦૦ (૪) વિલ્સન ઈ.સ. ૮૦૦-૯૦૦ (૫) મેકેન્ઝી-ઈ.સ. ૫૦૦ (૬) મેક્સમૂલર-કૃષ્ણસ્વામી તથા પાઠક-ઈ.સ. ૭૮૮ (૭) રામાવતાર શર્મા-૭૦૧ શક સંવતથી ૭૬૫ શક સંવત (૮) તેલંગ તથા તિલક-ઈ.સ. ૬૮૮ (૯) રાજેન્દ્રનાથ ઘોષ-ઈ.સ. ૬૮૬ (૧૦) કામકોટિ પરંપરા-ઈ.સ. પૂ. ૫૦૮ (૧૧) દ્વારિકા મઠ પરંપરા-ઈ.સ. પૂ.-૫૦૦ (૧૨) કેરલ પરંપરા ઈ.સ.-૪૦૦ આ સર્વે મતોમાં વિશેષ પ્રચલિત મત ચે. ઈ.સ. ૭૮૮ થી ૮૨૦. કેટલાંક સંશોધનો ઉપરથી બલદેવ ઉપાધ્યાય શંકરાચાર્યને આ મતથી ૧૦૦ વર્ષ પહેલાં મૂકે છે. ભારતીય પરંપરા તેઓને ઈ.સ.પૂર્વે ૫૦૦ આસપાસ માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. આદિ શંકરાચાર્યનું જીવન

જન્મ અને બાલ્યકાલ :

આનંદગિરિ પ્રમાણે તામિલ પ્રાંતના 'ચિદમ્બરમ્' નામના સુપ્રસિદ્ધ તીર્થક્ષેત્રમાં શંકરાચાર્યનો જન્મ થયો હતો. જ્યારે અન્ય વિદ્વાનોના મતે શંકરાચાર્યનું જન્મસ્થળ છે કેરળનું કાલટી. તેઓ જન્મે નમ્બૂદરી બ્રાહ્મણ હતા. પિતાનું નામ શિવગુરુ હતું અને માતાનું નામ માધવાચાર્ય મુજબ સતી અને આનંદગિરિ મુજબ વિશિષ્ટા હતું.

''विशिष्टेति च नाम्ना तु प्रसिद्धाभूत् महीतले ।''

ત્રિવિક્રમ ભટ્ટ કૃત મણિમઞ્જરી માં શંકરાચાર્ય દરિદ્ર વિધવા બ્રાહ્મણીના પુત્ર હતા એવું જણાવવામાં આવ્યું છે. પરંતુ આ મત સ્વીકાર્ય બન્યો નથી. શંકરાચાર્યના જન્મ સાથે જ એક દંતકથા સંકળાયેલી છે. આનંદગિરિનું માનવું છે કે ચિદમ્બરમના ક્ષેત્રદેવતા ભગવાન મહાદેવના પરમ અનુગ્રહનું જ સુખદ પરિણામ શંકરાચાર્ય છે. પુત્ર પ્રાપ્તિ માટે શિવગુરુએ ભગવાન શિવની ઉગ્ર તપશ્ચર્યા કરી અને સર્વગુણ સંપન્ન પુત્રની માગણી કરી. દંતકથા તો એમ કહે છે કે શિવે પ્રસન્ન થઈ બે શરત મૂકી. સર્વગુણસંપન્ન પુત્ર જોઈએ તો તે દીર્ઘાયુ નહીં હોય અને દીર્ઘાયુ જોઈએ તો તે સર્વગુણ સંપન્ન નહીં હોય. પિતાએ અલ્પાયુ અને છતાં સર્વગુણસંપન્ન પુત્ર માંગ્યો, દીર્ઘાયુ મૂર્ખ તો નહીં જ.

શંકરાચાર્યની પ્રતિભા જન્મથી જ વિશિષ્ટ પ્રકારની હતી. શૈશવકાળથી જ એમની વિલક્ષણ પ્રતિભાનો પરિચય સૌને થઈ ગયો હતો. ત્રણ વર્ષની ઉંમરે તો એમણે પોતાની માતૃભાષા મલયાલમ શીખી લીધી હતી. પિતાની તો તીવ્ર ઈચ્છા હતી કે પોતાના પુત્રને શીઘ્રાતિશીઘ્ર ઉપનયન સંસ્કાર આપી, સંસ્કૃત ભાષાના અધ્યયનનો લાભ આપવામાં આવે. પરંતુ દૈવદુર્વિપાકથી એમનું અવસાન થયું. માતાએ પોતાના દિવંગત પતિની ઈચ્છા પૂરી કરી. પાંચ વર્ષની ઉંમરે વિધિવત્ ઉપનયન સંસ્કાર કરાવી શંકરાચાર્યને વેદાભ્યાસ માટે ગુરુ પાસે મોકલવામાં આવ્યા. પોતાની અલૌકિક પ્રતિભા, સૂક્ષ્મ અર્થગ્રહણ-શક્તિ, ગાઢ અનુશીલન અને વિશુદ્ધ ચરિત્રથી તેમણે ગુરુને પણ પ્રભાવિત કરી દીધા. શંકરાચાર્યના ગુરુકુલ-વાસ દરમિયાનની એક દંતકથા વિશેષ પ્રચલિત છે. એક વખત તેઓ એક દરિદ્ર બ્રાહ્મણી વિધવાને ત્યાં ભિક્ષા માગવા ગયા. તે બ્રાહ્મણી પાસે શંકરાચાર્યને આપવા માટે એક આમળાના ફળ સિવાય બીજું કાંઈ ન હતું. તે આપીને તેણે પોતાના દરિદ્ર જીવનની કરુણ કહાની સંભળાવી. શંકરાચાર્યનું હૃદય અનુકંપાથી ભરાઈ ગયું. એમણે તરત જ ભગવતી લક્ષ્મીની સ્તુતિ કરી જેનાથી એ બ્રાહ્મણીનું ઘર સોનાના આમળાથી ભરાઈ ગયું. આ સ્તુતિ આજ કનકધારાસ્તોત્ર તરીકે પ્રાપ્ત થાય છે અનેક લોકો લક્ષ્મીની કૃપા માટે તેનો નિયમિત પાઠ કરે છે અને એ ફળે પણ છે. આમ એ બ્રાહ્મણીનું દુઃખ દારિદ્રય એમણે તરત જ દૂર કર્યું. બે વર્ષમાં તો સકળ શાસ્ત્રોનું અધ્યયન પૂરું કરી શંકરાચાર્ય ઘેર પાછા ફર્યા અને પોતાના શિષ્યોને ભણાવવા લાગ્યા. એમની વિદ્વતા અને અધ્યાપન-કુશલતાની ખબર કેરલનરેશ રાજશેખરના કાન સુધી આવી. તેણે શંકરાચાર્યને આદરપૂર્વક બોલાવી લાવવા મંત્રી મોકલ્યો, પરંતુ બાલવૈરાગીને મન આવાં માનાપમાન કંઈ વિસાતમાં જ ન હતા. આખરે ગુણગ્રાહી રાજા સ્વયં એમના દર્શનાર્થે ત્યાં આવ્યો.

આ પ્રતિભાસંપન્ન બાળક વિષે એમ કહેવાય છે કે આઠ વર્ષની ઉંમરે ચાર વેદ અને બાર વર્ષની ઉંમરમાં તો સર્વ શાસ્ત્રો ભણી લીધાં, સોળ વર્ષની ઉંમરે ભાષ્યની રચના કરી અને બત્રીસ વર્ષની ઉંમરે તો આ ફાની દુનિયા છોડી ચાલ્યા ગયા.

अष्टवर्षे चतुर्वेदी द्वादशे सर्वशास्त्रवित् ।
षोडशे कृतवान्भाष्यं द्वात्रिंशे मुनिरभ्यगात् ॥

શંકરાચાર્ય અત્યંત માતૃભક્ત હતા. અનન્ય પુત્ર વાત્સલ્યને કારણે માતા સંન્યાસની હા ભણતી ન હતી. દરમ્યાનમાં જ પૂર્ણા નદીની ચમત્કારિક ઘટના બની. એક વખત માતા સ્નાન કરવા માટે નદી તીરે ગઈ. નદીનો ઘાટ ઘરથી દૂર હતો. વાર્ધક્યને કારણે આવેલી દુર્બલતા અને મધ્યાહ્નની ગરમીને પરિણામે તે રસ્તામાં જ બેહોશ થઈને પડી ગઈ. શંકરાચાર્યનું માતૃ-ભક્ત હૃદય આ આઘાત સહી શક્યું નહીં. રાતભર તેમણે કૃષ્ણની ઉપાસના કરી. અંતે કૃષ્ણે પૂર્ણાનો પ્રવાહ બદલાવ્યો અને તે કાલટી પાસેથી જ વહેવા લાગી. માતાની ઉત્કટ ઈચ્છા હતી પુત્રને તરત પરણાવી પુત્રવધૂનું મુખ જોવાની. પરંતુ શંકરાચાર્યનું સંન્યસ્તચિત્ત કેમે કરી આ વાત માનવા તૈયાર ન હતું. ન તો માતા શંકરાચાર્યને સંન્યાસી બનવા દેવા રાજી હતી, ન શંકરાચાર્ય પરણવા રાજી. આ દરમિયાન જ એક મહત્વની ઘટના ઘટી. એક દિવસ માતા-પુત્ર બંને આલવાઈ નદીમાં સ્નાન કરવા સાથે ગયાં. માતા હજુ તો કિનારે ઊભી ઊભી કપડાં બદલાતી હતી, ત્યાં તેણે પુત્રનો કરુણ ચિત્કાર સાંભળ્યો. એક ભયંકર મગર શંકરાચાર્યને પાણીમાં ખેંચી રહ્યો હતો. મૃત્યુ સામેનું આ તેનું તુમુલ યુદ્ધ હતું. બાલશંકરે પાણીમાં રહ્યે રહ્યે જ માતા પાસે સંન્યાસની અનુમતિ માગી. માતાએ અનુમતિ આપી પણ ખરી અને ચમત્કારિક રીતે દૈવી સહાયથી શંકરાચાર્ય એ આફતમાંથી બચી ગયા. આખરે માતાની અંત્યેષ્ટિ વેળાએ પોતે સ્વયં હાજર રહેશે અને પોતાના હાથે જ તે કરશે એવું વચન આપી તેમણે સંન્યાસનો માર્ગ અંગીકાર કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯. આદિ શંકરાચાર્યની જ્ઞાન-સાધના

પ્રવજ્યા અંગીકાર કરી શંકરાચાર્યે બ્રહ્મવેત્તા ગુરુની શોધમાં ઉત્તર ભારત તરફ પ્રયાણ કર્યું. પાતંજલ મહાભાષ્યનું અધ્યયન કરતી વખતે તેઓએ પોતાના વિદ્યાગુરુ પાસેથી સાંભળ્યું હતું કે યોગસૂત્રના પ્રણેતા મહાભાષ્યકાર પતંજલિ આ પૃથ્વી ઉપર ગોવિંદ ભગવત્પાદ નામ ધારણ કરીને અવતીર્ણ થયા છે અને નર્મદાતટે કોઈ અજ્ઞાત ગુફામાં અખંડ સમાધિમાં બેઠા છે. આ ગોવિંદાચાર્ય પાસે વેદાંતની શિક્ષા મેળવવા માટે તેઓ નર્મદા તીરે આવી પહોંચ્યા. અહીં કોઈ એક ગુફામાં ગોવિંદ મુનિ અખંડ સમાધિની સાધના કરી રહ્યા હતા. સમાધિ પૂરી થયા પછી શંકરાચાર્યની એમની સાથે મુલાકાત થઈ. શંકરાચાર્યની વિલક્ષણ પ્રતિભાનાં આવડી નાની વયે જ દર્શન થતાં એ તો આભા જ બની ગયા અને તદનન્તર વેદાંતના સિદ્ધાંતો અત્યંત સુગમ રીતે શંકરાચાર્યને સમજાવ્યા. અહીં લગભગ ત્રણ વર્ષ સુધી શંકરાચાર્ય અદ્વૈત તત્ત્વની સાધનામાં જ રત રહ્યા. ઉપનિષદ તથા બ્રહ્મસૂત્રોનું તલસ્પર્શી અધ્યયન કર્યું. આ દરમિયાન જ એક વખત સમાધિમાં બેઠેલા ગુરુ ગોવિંદપાદના પ્રાણ-રક્ષણની ઘટના પણ ઘટી. પોતાની મંત્રશક્તિના બળે નર્મદાના પ્રચંડ પૂરને એમણે એક ઘડામાં સમાવિષ્ટ કરી લીધું. શંકરાચાર્યની આ અમોઘ શક્તિનાં ગુરુને દર્શન થતાં એમણે કાશી જઈ વિશ્વનાથના દર્શન કરવાનું કહ્યું. ગુરુની આજ્ઞા શિરોમાન્ય રાખી શંકરાચાર્યે કાશીમાં મણિકર્ણિકાના ઘાટ આગળ વસવાટ કર્યો. અહીં એમણે અદ્વૈત વેદાંતની શિક્ષાનો પ્રારંભ કર્યો. આ સમયે એમની ઉંમર માત્ર બાર વર્ષની હતી. એમનું અસાધારણ પાંડિત્ય જોઈને કાશીની વિદ્વાન મંડળી પણ આશ્ચર્યચકિત થઈ ગઈ. તેઓના કાશીમાં નિવાસ દરમિયાન એક વિચિત્ર ઘટના બની. એક વાર માર્ગમાં ચાર કૂતરાઓ સાથે ચાંડાલ મળ્યો. તેને માર્ગમાંથી દૂર થવા શંકરાચાર્યે વારંવાર કહ્યું પણ ખસવાને સ્થાને તેણે સામો પ્રશ્ન કર્યો કે અદ્વૈતવાદીના મનમાં બ્રાહ્મણ કે ચાંડાલનો ભેદ કેવો ? શંકરાચાર્યની આંખ ઉઘડી ગઈ, તેઓએ—

> ब्रह्मैवाहमिदं जगच्च सकलं चिन्मात्रविस्तारितं
> सर्वं चैतदविद्यया त्रिगुणयाशेषं मया कल्पितम् ।
> इत्थं यस्य दृढा मतिः सुखतरे नित्ये परे निर्मले
> चाण्डालोऽस्तु स तु द्विजोऽस्तु गुरुरित्येषा मनीषा मम ॥

એમ કહી પ્રણામ કર્યા. ભગવાન વિશ્વનાથે પ્રગટ થઈને બ્રહ્મસૂત્ર પર ભાષ્ય રચવા આશીર્વાદ આપ્યા. આ સમય દરમિયાન જ આચાર્યના હૃદયમાં બ્રહ્મસૂત્ર પર ભાષ્ય રચવાની ઈચ્છા પ્રબળ બની ગઈ હતી.

હવે તેમણે બદરીનાથ જઈ સૂત્રભાષ્ય રચવાનો દૃઢ સંકલ્પ કર્યો. આ પછી સનન્દન તથા અન્ય શિષ્યોની સાથે આ બાળ-સંન્યાસીએ પણ હિમાલયના સુદૂર તીર્થો પ્રતિ પ્રયાણ આદર્યું. હરદ્વાર, ઋષિકેશ થઈને આ ગુરુ-શિષ્યોની મંડળી બદરીનાથ આવી પહોંચી.

એક તો હિમાલયની સુંદર ઋતુ અને બીજું આશ્રમનું પવિત્ર વાયુમંડલ - આ બંનેએ મળીને આચાર્યના હૃદયમાં નવીન આધ્યાત્મિક પ્રેરણાઓને જન્મ આપ્યો. અહીં રહીને જ આચાર્યે બ્રહ્મસૂત્ર, ભગવદ્ગીતા તથા પ્રધાન ઉપનિષદો ઉપર વિશદ ભાષ્યો લખ્યાં. શંકરાચાર્યે અહીં લગભગ ચાર વર્ષ સુધી નિવાસ કર્યો. બાર વર્ષની ઉંમરે તેઓ અહીં આવ્યા હતા અને ૧૬ વર્ષના થયા ત્યાં સુધીમાં તો ભાષ્ય-ગ્રંથોની રચના કરવાનું કામ સમાપ્ત કરી લીધું. આચાર્યની સાધનાનું આ જ પર્યવસાન હતું. વ્યાસગુફામાં ભાષ્યરચનાનું કાર્ય સમાપ્ત કરી આચાર્ય હિમાલયના અન્ય તીર્થો જેવાં કે કેદારનાથ, સ્વર્ગારોહણ આદિના દર્શનાર્થે ઊપડી ગયા. અહીં તીર્થવાસીઓના મુખેથી એમણે સાંભળ્યું કે આ સમયે કુમારિલ ભટ્ટ પ્રયાગમાં ત્રિવેણી તટ પર બિરાજમાન છે. આથી એમને મળવા માટે તેઓ પ્રયાગ ગયા. વૈદિક ધર્મના ઉદ્ધારક તથા પ્રચારક એવા બે મહાપુરુષોના અલૌકિક મિલનનો આ પ્રસંગ હતો.

શંકરાચાર્યના દિગ્વિજયની કહાની હવે અહીંથી આરંભાય છે. શંકરાચાર્યની કીર્તિથી કુમારિલ ભટ્ટ પણ અજાણ ન હતા, પરંતુ હજુ સુધી પ્રત્યક્ષ મુલાકાત થઈ ન હતી આથી શંકરાચાર્યને સ્વયં સામે ઊભેલા જોઈ કુમારિલના હર્ષનો પાર રહ્યો નહિ. શંકરાચાર્યે પોતાનું ભાષ્ય કુમારિલને બતાવ્યું. શંકરાચાર્યના આ ગ્રંથની અત્યંત ઋજુ કંઠે પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે—

> अष्टौ सहस्राणि विभान्ति विद्वन् ! सद्वार्तिकानां प्रथमेऽत्र भाष्ये ।
> अहं यदि स्यामगृहीतदीक्षो ध्रुवं विधास्ये सुनिबन्धमस्य ॥

શં. દિ. ૭૮-૩

'ગ્રંથના આરંભે અધ્યાસભાષ્યમાં આઠ હજાર વાર્તિક સોહાય છે. જો મેં તુષાનલમાં બળી મરવાની પ્રતિજ્ઞા ન લીધી હોત તો અવશ્ય હું સુંદર ગ્રંથની રચના કરત.' બૌદ્ધગુરુ ધર્મપાલનો તિરસ્કાર અને જગતના કર્તા ઈશ્વરના અસ્તિત્વનું ખંડન-આ બંને મહાપાતકના પ્રાયશ્ચિત્તરૂપે ત્રિવેણીના તટ પર તુષાનલમાં પોતાના દેહને બાળી મૂકવા તત્પર થયેલ કુમારિલને શંકરાચાર્યે વાર્યા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ તેઓ પાતાની પ્રતિજ્ઞામાંથી ચલિત થયા નહીં અને અંતે દેહ છોડ્યો.

શંકરાચાર્યે તદન્તર એમના શિષ્ય મંડનમિશ્રને મળવા માટે માહિષ્મતી (આજના મધ્યભારતમાં મહેશ્વર)માં ગયા ત્યાં શંકરાચાર્યે મંડનમિશ્રના ઘરનું સરનામું પનિહારીને પૂછ્યું. પનિહારીએ જવાબ આપ્યો—

स्वतःप्रमाणं परतः प्रमाणं, कीराङ्गना यत्र गिरं गिरन्ति ।
द्वारस्थ-नीडान्तर-सन्निरुद्धा, जानीहि तन्मण्डनपण्डितौकः ॥

વેદ સ્વતઃ પ્રમાણ છે કે પરતઃ પ્રમાણભૂત છે એવું જેના બારણે પીંજરામાં રહેલી મેના બોલતી હોય તેને પંડિત મંડનમિશ્રનું ઘર જાણજો.

जगद् ध्रुवं स्यात् जगदध्रुवं स्यात् कीराङ्गना यत्र गिरं गिरन्ति ।
द्वारस्थ-नीडान्तर-सन्निरुद्धा, जानीहि तन्मण्डनपण्डितौकः ॥
शं. दि. ८-८

જગત સ્થિર છે કે જગત અસ્થિર છે એવું જેના બારણે પીંજરામાં રહેલી મેના બોલતી હોય તેને પંડિત મંડનમિશ્રનું ઘર જાણજો.

શંકરાચાર્ય આ વર્ણન સાંભળી અત્યંત પ્રભવિત થયા. મંડન મિશ્રની પત્નીનું નામ હતું ભારતી. મૂળ નામ તો અંબા અથવા ઉંબા હતું, પરંતુ શાસ્ત્રોમાં અતિનિષ્ણાત હોવાથી તેને ભારતી, ઉભય ભારતી અથવા શારદા કહેતા. ભારતીને મધ્યસ્થ રાખી બંનેએ શાસ્ત્રાર્થ કર્યો. જીવ, જગત, બ્રહ્મ, ઈશ્વર સંબંધી અનેક બાબતો પર વાદવિવાદ થયો. અંતે એમાં મંડનમિશ્રનો પરાજય થયો. તદન્તર શંકરાચાર્ય અને શારદાનો શાસ્ત્રાર્થ થયો. ગૃહસ્થ સંબંધી પ્રશ્નોના ઉત્તર માટે શંકરાચાર્યે અમરુરૂપે પરકાયા પ્રવેશ કર્યો અને એ વિદ્યા શીખી લઈ ભારતીને પણ પરાભૂત કરી. ત્યાંથી શંકરાચાર્ય દક્ષિણમાં ગયા અને ત્યાં હસ્તામલક નામના શિષ્યની પ્રાપ્તિ થઈ. શૃંગેરી મઠમાં તોટકાચાર્ય તેમના શિષ્ય થયા. તદન્તર તેઓએ કેરલયાત્રા આરંભી. મૃત્યુ પામેલી માતાનો અગ્નિસંસ્કાર કર્યો. સમગ્ર ભારતનું પરિભ્રમણ કર્યું. અને ભારતવર્ષની ધાર્મિક વ્યવસ્થાને અક્ષુણ્ણ રાખવા માટે પ્રખ્યાત તીર્થસ્થાનોમાં મઠોની સ્થાપના કરી. ભારતના પૂર્વભાગમાં જગન્નાથપુરીમાં ગોવર્ધન મઠ, ઉત્તર ભારતમાં બદરીનારાયણની પાસે જ્યોતિર્મઠ, કાઠિયાવાડમાં દ્વારિકાપુરીમાં શારદા મઠ અને દક્ષિણ ભાગમાં શૃંગેરી મઠ - આ ચાર પ્રસિદ્ધ મઠોની એમણે સ્થાપના કરી. આચાર્યશ્રી નેપાળ પણ જઈ આવ્યા અને અંતે પોતાના અવતાર કાર્યની પૂર્ણતાનો અનુભવ થતાં તેઓ તિરોધાન થઈ ગયા. તેઓના તિરોધાન થવા અંગે પણ વિવિધ મતો પ્રવર્તે છે. શૃંગેરી પરંપરા અનુસાર તેઓ કૈલાસ ચાલ્યા ગયા. લક્ષ્મણ શાસ્ત્રી, ચિદ્‌વિલાસ યતિ વગેરે આ મતનો સ્વીકાર કરે છે. કામકોટિ પરંપરા શંકરાચાર્યનો દેહ કાંચીમાં પડ્યો એમ માને છે. કેરળ પરંપરા પ્રમાણે તેઓએ કેરળમાં દેહ છોડ્યો અને ત્યાં ત્રિચુરમાં એમની સમાધિ નિર્મિત થઈ. આમ એક મહાન આચાર્યે બહુ નાની વયે પોતાનું કાર્ય પૂર્ણ કરી પોતાની જીવનલીલા સંકેલી લીધી.

૧૦. આદિ શંકરાચાર્યની કૃતિઓ :

આદિ શંકરાચાર્ય રચિત ગ્રંથોનો નિર્ણય કરવો એ અત્યંત કપરું કામ છે. શંકરાચાર્યના નામે આજે ઉપલબ્ધ ગ્રંથોની સંખ્યા લગભગ ૨૦૦ની આસપાસ થાય છે. પરંતુ અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ બધા ગ્રંથો આદિ શંકરાચાર્ય દ્વારા લખાયેલો છે કે પછી પરવર્તી શંકરાચાર્યો દ્વારા ? ગ્રંથોની પુષ્પિકાઓના આધારે પણ આનો નિર્ણય કરવો શક્ય નથી. કારણ કે દરેકે પોતાના મૂલતઃ ગુરુ ગોવિંદપાદનો જ નિર્દેશ કર્યો છે. વળી ગ્રંથોમાં પરસ્પર નિર્દેશોનો પણ નિતાન્ત અભાવ વર્તાઈ આવે છે. આથી ગ્રંથોની અંતરંગ પરીક્ષા એ જ નિર્ણયનું એક માત્ર સાધન ગણી શકાય. અલબત્ત એ પણ પ્રમાણભૂત તો નથી જ.

આદિ શંકરાચાર્ય દ્વારા લખાયેલ ગ્રંથોને આપણે ત્રણ વિભાગોમાં વિભકત કરી શકીએ. (૧) ભાષ્ય (૨) સ્તોત્ર તથા (૩) પ્રકરણ ગ્રંથ. ભાષ્યગ્રંથોને પણ બે શ્રેણીઓમાં વિભક્ત કરી શકાય. (૧) પ્રસ્થાનત્રયી ઉપરનાં ભાષ્યો (૨) ઇતર ગ્રંથોનાં ભાષ્યો.

(૧) બ્રહ્મસૂત્ર ભાષ્ય :

આ ગ્રંથ આચાર્ય શંકરની અત્યંત સુંદર તથા પ્રૌઢ રચના માનવામાં આવે છે. અત્યંત સરલ, સુબોધ તથા પ્રૌઢ ભાષામાં બ્રહ્મસૂત્રના અર્થોનું પ્રતિપાદન આચાર્યે આ ગ્રંથમાં કર્યું છે. આચાર્યશ્રીની શૈલી પણ અત્યંત પ્રસન્ન, મધુર અને કોમલ છે. વાચસ્પતિ મિશ્ર જેવા પ્રૌઢ દાર્શનિક પણ આ ગ્રંથને 'પ્રસન્ન-ગંભીર' તેમજ 'ગંગાજળ સમાન પવિત્ર' કહીને સંબોધે છે. આ ભાષ્યને શારીરક ભાષ્ય પણ કહે છે. શારીરક શબ્દનો અર્થ થાય છે શરીરમાં રહેનાર આત્મા. આ સૂત્રોમાં આત્માના સ્વરૂપનો વિચાર કરવામાં આવ્યો છે, આથી આ સૂત્રોને શારીરક સૂત્રો અને ભાષ્યને શારીરક ભાષ્ય કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ગીતાભાષ્ય :

ભગવદ્ગીતા પરનું આ સુપ્રસિદ્ધ ભાષ્ય છે. દ્વિતીય અધ્યાયના ૧૧મા શ્લોકથી આનો પ્રારંભ થાય છે. આ ભાષ્યમાં આચાર્ય શંકરે ગીતાની જ્ઞાનપરક વ્યાખ્યા કરી છે. અર્થાત્ એ પ્રતિપાદિત કર્યું છે કે ગીતાં મોક્ષપ્રાપ્તિ કેવલ તત્ત્વજ્ઞાનથી જ દર્શાવવામાં આવી છે. કેટલાક વિદ્વાનો આ ભાષ્યને આદ્ય શંકરાચાર્યનું માનવામાં શંકા સેવે છે.

(૩) ઉપનિષદ ભાષ્ય :

આચાર્ય શંકર રચિત ઉપનિષદ ભાષ્યો આ પ્રમાણે છે. (૧) ઈશ (૨) કેન-પદ ભાષ્ય તથા વાક્ય ભાષ્ય (૩) કઠ (૪) પ્રશ્ન (૫) મુણ્ડક (૬) માણ્ડૂક્ય (૭) તૈત્તિરીય (૮) ઐતરેય (૯) છાન્દોગ્ય (૧૦) બૃહદારણ્યક (૧૧) શ્વેતાશ્વતર અને (૧૨) નૃસિંહતાપિની ઉપનિષદ શંકરાચાર્યના ઉપર્યુક્ત બાર ભાષ્યો અંગે વિદ્વાનો એકમત નથી. ઉપનિષદ ભાષ્યોની શૈલી પણ અત્યંત સરળ અને પ્રસાદમયી છે. પ્રત્યેક ભાષ્યના આરંભમાં ઉપોદ્ઘાતના રૂપમાં અનેક મંતવ્યોનું સુંદર વિશ્લેષણ કર્યું છે. ઘણી જગ્યાએ પ્રાચીન વેદાન્તાચાર્યોના સિદ્ધાંતોને પોતાના મતની પુષ્ટિ માટે ઉદ્ધૃત કર્યા છે તથા ખંડન કરવા માટે પણ કેટલીક જગ્યાએ તેનો નિર્દેશ કર્યો છે. આચાર્યશ્રીના સિદ્ધાંતોને સમજવા માટે આ ભાષ્યોનું અધ્યયન અત્યંત જરૂરી છે. ઉપર્યુક્ત ૧ થી ૧૧ ઉપનિષદભાષ્યો બે ભાગમાં સંસ્કૃત સેવા સમિતિ દ્વારા પ્રસિદ્ધ થયેલ છે.

૨. અન્ય ગ્રંથો ઉપરનાં ભાષ્યો :

પ્રસ્થાનત્રયી સિવાય અન્યગ્રંથો ઉપર પણ શંકરાચાર્યે ભાષ્યો લખ્યાં છે એમાંના કેટલાંક તો સ્પષ્ટ રીતે જ એમનાં છે, પરંતુ બાકીનાં કેટલાંક અંગે વિદ્વાનોમાં મતભેદ છે. વિદ્વાનોનું એવું માનવું છે કે એ ભાષ્યો કોઈક પરવર્તી શંકરાચાર્ય દ્વારા લખાયેલાં હોવાં જોઈએ. નીચેની રચનાઓ આદ્ય શંકરાચાર્યની સ્વીકારાઈ છે.

(૧) विष्णुसहस्रनाम-भाष्य :

સુપ્રસિદ્ધ 'વિષ્ણુસહસ્રનામ' પરનું આ ભાષ્ય છે. આમાં પ્રત્યેક નામની વ્યુત્પત્તિપૂર્વકની વ્યાખ્યા છે તથા તેની પુષ્ટિ માટે ઉપનિષદ, પુરાણ આદિ ગ્રંથોમાંથી પ્રમાણ ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. આ સંસ્કૃત સેવા સમિતિ દ્વારા પ્રસિદ્ધ થયેલ છે.

(૨) सनत्सुजातीयभाष्य :

ધૃતરાષ્ટ્રના મોહને દૂર કરવા માટે સનત્સુજાતીય ઋષિએ જે આધ્યાત્મિક ઉપદેશ આપ્યો હતો તે મહાભારતના ઉદ્યોગ-પર્વ (અધ્યાય ૪૨-૪૬)માં વર્ણિત છે. આને સનત્સુજાતીય પર્વ કહે છે. આ પર્વ ઉપરનું આ શંકરાચાર્યે રચેલું ભાષ્ય છે.

(૩) ललितात्रिशतीभाष्य :

ભગવતી લલિતાનાં ૩૦૦ નામો ઉપર વિસ્તૃત પાંડિત્યપૂર્ણ એવું આ ભાષ્ય છે. આચાર્ય લલિતાના ઉપાસક હતા. આ ગ્રંથમાં ઉપનિષદ તથા તંત્રોનાં પ્રમાણો ઉદ્ધૃત કરીને નામોની અત્યંત અભિરામ તથા હૃદયંગમ વ્યાખ્યા કરવામાં આવી છે.

(૪) माण्डूक्य-कारिका-भाष्य :

શંકરાચાર્યના પરમ ગુરુ ગૌડપાદાચાર્યે માણ્ડૂક્ય ઉપનિષદ ઉપર કારિકાઓ લખી છે. એના ઉપર આ ભાષ્ય છે. કેટલાક વિદ્વાનો આને આચાર્યની રચના હોવા અંગે સંશય સેવે છે, પરંતુ એમના તર્કો વ્યાજબી નથી.

નિમ્નલિખિત ભાષ્યો શંકરાચાર્ય રચિત હોવા અંગે શંકા છે. (૧) કૌષીતકિ-ઉપનિષદ ભાષ્ય (૨) મૈત્રાયણીય-ઉપનિષદ ભાષ્ય (૩) કૈવલ્ય ઉપનિષદ ભાષ્ય (૪) મહા નારાયણ ઉપનિષદ બાષ્ય (૫) હસ્તામલકસ્તોત્ર ભાષ્ય (૬) અધ્યાત્મ પટલ ભાષ્ય (૭) ગાયત્રી ભાષ્ય (૮) સન્ધ્યા ભાષ્ય.

નિમ્નલિખિત ટીકાઓ પણ શંકરાચાર્ય રચિત હોવાની સંભાવના બહુ ઓછી છે. તેમની રચના શૈલી તથા વિષયનું વૈષમ્ય પણ સ્પષ્ટતયા જણાઈ આવે છે. (૧) અપરોક્ષાનુભવ વ્યાખ્યા (૨) અમરુશતક ટીકા (૩) આનંદલહરી ટીકા (૪) ઉત્તરગીતા ટીકા (૫) પરમહંસ ઉપનિષદ હૃદય (૬) પાતંજલ યોગ સૂત્ર ભાષ્ય-વિવરણ (૭) શિવગીતા ભાષ્ય-વગેરે.

(૨) સ્તોત્ર ગ્રંથ :

આચાર્ય શંકર પરમાર્થતઃ અદ્વૈતવાદી હોવા છતાં વ્યવહાર ભૂમિ પર અનેક દેવતાઓની ઉપાસના તથા સાર્થકતામાં વિશ્વાસ ધરાવતા હતા. એમનું હૃદય અત્યંત વિશાળ હતું. એમાં સાંપ્રદાયિક ક્ષુદ્રતાને માટે અંશ માત્ર પણ સ્થાન ન હતું. આ કારણે જ એમણે શિવ, વિષ્ણુ, ગણેશ, શક્તિ આદિ દેવ-દેવીઓની સુંદર સ્તુતિઓ રચી છે. આ સ્તુતિઓનું સાહિત્યિક મૂલ્ય પણ ઓછું આંકી શકાય તેમ નથી. શંકરાચાર્યના નામે પ્રસિદ્ધ થયેલાં સ્તોત્રોની નામાવલી નીચે પ્રમાણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) ગણેશ સ્તોત્ર : (૧) ગણેશ પંચરત્ન (૬ શ્લોક) (૨) ગણેશ ભુજંગ પ્રયાત (૯ શ્લોક) (૩) ગણેશાષ્ટક (૮ શ્લોક).
(૨) શિવ સ્તોત્ર : (૧) શિવભુજંગપ્રયાત-૪૦ શ્લોક, (૨) શિવાનંદ લહરી-૧૦૦ શ્લોક, (૩) આનંદ લહરી-૨૦ શ્લોક.
(૩) વિષ્ણુ સ્તોત્ર : (૧) કામભુજંગપ્રયાત-૧૯ શ્લોક (૨) વિષ્ણુ-ભુજંગ પ્રયાત-૧૪ શ્લોક (૩) અચ્યુતાષ્ટક-૮ શ્લોક.
(૪) દેવી સ્તોત્ર : (૧) સૌન્દર્ય લહરી-૧૦૦ શ્લોક (૨) દેવી ભુજંગ સ્તોત્ર-૨૮ શ્લોક (૩) આનંદ લહરી-૨૦ શ્લોક.
(૫) યુગલ દેવતા સ્તોત્ર : (૧) અર્ધનારીશ્વર સ્તોત્ર-૯ શ્લોક (૨) ઉમા-મહેશ્વર સ્તોત્ર-૧૩ શ્લોક (૩) લક્ષ્મી-નૃસિંહ પંચરત્ન-૫ શ્લોક
(૬) નદી-તીર્થ વિષયક સ્તોત્ર : (૧) નર્મદાષ્ટક-૮ શ્લોક (૨) ગંગાષ્ટક-૮ શ્લોક (૩) યમુનાષ્ટક-૮ શ્લોક.
(૭) સાધારણ સ્તોત્રઃ (૧) હનુમાન પંચરત્ન-૬ શ્લોક (૨) પ્રાતઃ સ્મરણ સ્તોત્ર-૪ શ્લોક (૩) ગુર્વષ્ટક-૯ શ્લોક.
આચાર્યશ્રીના મનાતાં સહુ સ્તોત્રોનો ગુજરાતી અનુવાદ સાથેનો ગ્રંથ આ ગ્રંથાવલીના પહેલા ભાગ તરીકે પ્રસિદ્ધ થયો છે.

૩. પ્રકરણ ગ્રન્થ :

શંકરાચાર્યે સંખ્યાબંધ નાના નાના ગ્રંથો રચ્યા છે જેમાં વેદાન્તના વિષયનું વર્ણન અતિ સુંદર ભાષામાં કરવામાં આવ્યું છે. વેદાન્ત તત્ત્વનું પ્રતિપાદન એમાં કરવામાં આવ્યું હોવાથી 'પ્રકરણ ગ્રંથ' તરીકે ઓળખાવામાં આવે છે. શંકરાચાર્યના નામે પ્રસિદ્ધ મુખ્ય-મુખ્ય પ્રકરણ ગ્રંથો આ પ્રમાણે છે.

(૧) અદ્વૈતપંચરત્ન-અદ્વૈતના પ્રતિપાદક સમા પાંચ શ્લોક પ્રત્યેક પદ્યના અંતમાં 'શિવોઽહમ્' આવે છે. આ પુસ્તકનું નામ આત્મ-પંચક યા અદ્વૈત-પંચક પણ છે.
(૨) અદ્વૈતાનુભૂતિ : અદ્વૈત તત્ત્વનું ૮૪ અનુષ્ટુપોમાં વર્ણન.
(૩) અપરોક્ષાનુભૂતિ : અપરોક્ષ અનુભવનાં સાધન તથા સ્વરૂપનું ૧૪૪ શ્લોકોમાં માર્મિક વર્ણન.
(૪) આત્મબોધ-૬૮ શ્લોકોમાં આત્માના સ્વરૂપનું વિશદ વિવરણ કરવામાં આવ્યું છે.
(૫) ઉપદેશપંચક - પાંચ પદ્યોમાં વેદાન્તના આચરણનો સમ્યક ઉપદેશ.
(૬) ઉપદેશ સાહસ્રી - ગુરુ-શિષ્યના સંવાદ રૂપે વેદાન્ત તત્ત્વનું ગદ્યમાં વિશદ વર્ણન કરવામાં આવ્યું છે.
(૭) વિવેકચૂડામણિ - વેદાન્તના સિદ્ધાન્તોનું ગુરુ શિષ્ય સંવાદરૂપે કાવ્યમય નિરૂપણ.

આ સિવાય તત્ત્વબોધ, તત્ત્વોપદેશ, નિર્વાણ મંજરી, પ્રબોધ સુધાકર, બ્રહ્માનુચિન્તન, મણિરત્નમાલા, સર્વવેદાન્ત સિદ્ધાન્તસારસંગ્રહ,વાક્યસુધા-વગેરે પ્રકરણ-ગ્રંથો પણ જાણીતા છે.

આચાર્ય દ્વારા લખાયેલ બે તંત્રગ્રંથ પણ મળી આવે છે. (૧) સૌન્દર્ય લહરી : તંત્રના રહસ્યમય સિદ્ધાંતોનું પ્રતિપાદન અત્યંત માર્મિક રીતે આમાં કરવામાં આવ્યું છે. અહીં કવિતા તથા તાંત્રિકતા બંનેનું અપૂર્વ સામંજસ્ય જોવા મળે છે. (૨) પ્રપંચસાર : આ ગ્રંથ તાંત્રિક પરંપરા પ્રમાણે આદિ શંકરાચાર્યની જ રચના માનવામાં આવે છે.

૧૧. આદિ શંકરાચાર્યની શૈલી :

ભારતીય સંસ્કૃત વાઙ્મયમાં ભાષ્ય અને તેની પરંપરા પ્રાચીનકાળથી પ્રચલિત થઈ પૌઢતા અને પ્રસિદ્ધિને પામી છે. વૈદિક સાહિત્યમાં બ્રાહ્મણ ગ્રંથોને સંહિતાઓના સરળ ભાષ્યરૂપે સ્વીકારવામાં કોઈ આપત્તિ નથી. નિરુક્તમાં તો મંત્રને આધારરૂપે સ્વીકારી તેનો શબ્દાર્થ આપી વિવેચન પ્રસ્તુત કરવાની પદ્ધતિમાં ભાષ્યનું સ્પષ્ટ દર્શન થાય છે. સૂત્ર ઉપરના ભાષ્ય તરીકે પ્રથમ અને પ્રથમ કક્ષાનું કહી શકાય તેવું ભાષ્ય છે પાણિનિના સૂત્રો પરનું પતંજલિનું. એને મહાભાષ્ય એવું નામ અપાયું છે. વ્યાકરણના ક્ષેત્રે પ્રાપ્ત થતાં કોઈ પણ ગ્રંથ કરતાં ગુણોની દૃષ્ટિએ પણ પતંજલિનું સર્જન મહાભાષ્ય જ છે. શંકરાચાર્યની પૂર્વે ભાષ્ય તરીકે પૂર્વ-મીમાંસાના સૂત્રો પરનું શબરસ્વામીનું ભાષ્ય ઉપલબ્ધ હતું. તેને એક આદર્શ રૂપે શંકરાચાર્યે સ્વીકારેલ હોવા છતાં શાંકરભાષ્ય શૈલી અને વિષયની દૃષ્ટિએ અદ્વિતીય કલાકૃતિનું સ્થાન ધરાવે છે.

ભારતમાં સૂત્રસાહિત્યનો આવિર્ભાવ અત્યંત પ્રાચીનકાળથી અનેક હેતુઓને લીધે થયો હતો આ સૂત્રને માટે મનાતું કે—

सूत्रेष्वेव हि तत्सर्वं यद्वृत्तौ यच्च वार्तिके ।
सूत्रं योनिरिहार्थानां सर्वं सूत्रे प्रतिष्ठितम् ।

જે વૃત્તિમાં હોય કે જે વાર્તિકમાં હોય તે સઘળું સૂત્રમાં જ હોય છે. અહીં સર્વ અર્થોનું મૂળ સૂત્ર જ છે, કારણ સૂત્રમાં જ સઘળું રહેલું હોય છે, સૂત્રમાં જ પ્રતિષ્ઠિત હોય છે. જ્યારે આ સૂત્રના શબ્દોને અનુસરીને સૂત્રના અર્થોનું વર્ણન કરવામાં આવે ત્યારે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષ્ય બની જાય એવું સ્વીકારવામાં આવ્યું છે. ભાષ્યની વ્યાખ્યા જ છે—

सूत्रार्थो वर्ण्यते येन शब्दैः सूत्रानुसारिभिः ।
स्वपदानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः ॥

આમ સૂત્રના શબ્દોનું સર્વતોમુખી વિવેચન, તે દ્વારા સૂત્રના સિદ્ધાન્તોનો ઘટસ્ફોટ, પરપક્ષના નિરાકરણપૂર્વક સ્વપક્ષનું સ્થાપન, તર્કપુરઃસર દલીલો અને પોતાનો મત સૂત્રકારને ઈષ્ટ છે તેવું દર્શાવવાનો આગ્રહ આ સઘળું પરંપરાથી ભાષ્યનું અવિભાજ્ય અંગ બની ગયેલ છે. ભાષ્ય દરમિયાન સૂત્રનો અર્થ નિશ્ચિત કરવા માટે પરંપરાએ ઉપક્રમ, ઉપસંહાર અધ્યાસ, અપૂર્વતા, ફલ, અર્થવાદ અને ઉપપત્તિને હેતુ તરીકે સ્વીકાર્યાં છે.

उपक्रमोपसंहाराव्भ्यासोऽपूर्वता फलम् ।
अर्थवादोपपत्ती च लिङ्गं तात्पर्यनिर्णये ॥

સૂત્ર પરના ભાષ્યનું સ્વરૂપ સામાન્ય રીતે કેવા પ્રકારનું હોઈ શકે તે માટે પરંપરાએ પથપ્રદર્શનનું કાર્ય કરેલું છે. શંકરાચાર્ય પૂર્વે સૂત્રના ભાષ્ય તરીકે પૂર્વમીમાંસાનું શાબરભાષ્ય પ્રસિદ્ધ હતું. તેની કેટલીક પરિપાટીને વિના સંકોચે શંકરાચાર્યે સ્વીકારી છે. જેમકે ननु ના પ્રયોગથી પૂર્વપક્ષનો આરંભ, इति चेत् થી પૂર્વપક્ષની શંકા, ક્રિયાપદને સ્થાને વાક્યમાં પંચમ્યંત શબ્દનો પ્રયોગ (ઉદા. अक्रियार्थत्वात्, पश्वादिभिश्चाविशेषात् વગેરે) ઉત્તર આપતી વખતે उच्यते, तत्र वदामः વગેરે શબ્દોનો પ્રયોગ.

શંકરાચાર્યમાં ભાષ્ય દૃષ્ટિએ શાબરસ્વામીની પરિપાટીનો અનુનાદ હોવા છતાં તેઓની શૈલી અનેક કારણોથી મહાનુભાવોના માનનું ભાજન અને આકર્ષણનું એકમાત્ર અદ્‌ભુત અને અભૂતપૂર્વ અંગ બની છે. તેઓ પૂર્વપક્ષની રજૂઆત ટૂંકમાં પણ સચોટ રીતે કરે છે. પૂર્વપક્ષીની વિકૃત કે અપૂરતી રજૂઆત કરી તેનું ખંડન કરી તેઓ આત્મતૃપ્તિના ઉદ્‌ગારો ક્યારેય કાઢતાં નથી. આ પદ્ધતિ પાછળના બૌદ્ધ કે જૈન (દા.ત. હેમચંદ્ર) આચાર્યોમાં પ્રચલિત થયેલી જોવા મળે છે. કેટલીકવાર તો વાચકને શંકરાચાર્ય દ્વારા થયેલ પૂર્વપક્ષની રજૂઆતથી પૂર્વપક્ષી સાચો છે એવી ભ્રાંતિ પણ થઈ જાય છે. પણ તે સચોટ તર્કપુરઃસર દલીલોની હારમાળા સિદ્ધાન્તપક્ષની રજૂઆતમાં વાંચે છે ત્યારે પૂર્વપક્ષી કેટલો માટીપગો છે તેની તેને પ્રતીતિ થાય છે. તેમની શૈલી વિરોધીઓના ખંડન વખતે પરાકાષ્ઠાએ પહોંચે છે. છતાં તેમાં વિરોધી માટે નીમ્નસ્તરના શબ્દ પ્રયોગો નથી. આ વસ્તુ શંકરાચાર્યની સંપૂર્ણ સ્વસ્થતાની દ્યોતક છે.

શંકરાચાર્ય ઉચ્ચ કોટિના તાર્કિક છે અને ગાંભીર્ય એ તેઓની પ્રતિભાનું અવિભાજ્ય અંગ છે. વિચારોની વિશદતા અને પ્રતિપાદનના સૌષ્ઠવને કારણે ભામતીકારે ભાષ્યને પ્રસન્ન અને ગંભીર કહેલ છે. તેમની શૈલીમાં કાલિદાસની પ્રસન્નતા, ભારવિનું અર્થગૌરવ, શ્રીહર્ષનું પાંડિત્ય અને દંડીના પદલાલિત્યનો સુભગ સમન્વય સધાયો છે. તેઓ મિતાક્ષરી ભરી પંક્તિમાં અર્થના ખજાનાઓને ભરી દેતા હોય છે. એક જ ઉદાહરણ પર્યાપ્ત થશે-अध्यासो नाम अतस्मिँस्तद्बुद्धिः । જો અલંકારશાસ્ત્રના શબ્દ પ્રયોગોને વિવેચનમાં મદદરૂપે લઈએ તો કહી શકાય કે શંકરાચાર્યના આવાં વાક્યો તો પર્યાય-પરિવૃત્તિ-અસહ છે. અહીં તમે શબ્દનો પર્યાય પણ મૂકવા જશો તો તેના અર્થસૌંદર્યથી કહોને કે અર્થ અને સૌંદર્ય બન્નેથી હાથ ધોઈ નાંખશો. કવિકુલગુરુ કાલિદાસના અભિજ્ઞાનશાકુન્તલની માફક શાંકરભાષ્યમાં પણ પ્રત્યેક વિષય અને વાક્યની અનિવાર્યતા આપણે સ્વીકારવી રહી.

શંકરાચાર્યના ભાષ્યને પ્રસન્ન અને ગંભીર કહેવામાં આવે છે. તેઓની વાણીના માધુર્ય માટે તો અનેક પ્રશંસાનાં પુષ્પો વેરવામાં આવ્યા છે. દા.ત.,

विक्रीता मधुना निजा मधुरता दत्ता मुदा द्राक्षया
क्षीरैः पात्रधियाऽर्पिता युधि जिताल्लब्धा बलादिक्षुतः ।
न्यस्ता चोरभयेन हन्त सुधया यस्मादतस्तद्गिरां
माधुर्यस्य समृद्धिरद्भुततरा नान्यत्र सा वीक्ष्यते ॥

- માધવાચાર્ય, શંકરદિગ્વિજય, ૪.૯૧

મધે પોતાની મધુરતા (શંકરાચાર્યની વાણીને) વેચી દીધી, દ્રાક્ષે આનંદથી ભેટ આપી, દૂધે પોતાની મધુરતા તેને પાત્ર માનીને આપી, યુદ્ધમાં જીતાયેલ શેરડી પાસેથી તેણે બળથી લઈ લીધી, અને ચોરના ડરથી અમૃતે પોતાની મધુરતા તેમની વાણીમાં થાપણરૂપે મૂકી એટલા માટે તેમની વાણીમાં અત્યંત અદ્‌ભુત માધુર્યની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે જે અન્યત્ર દૃષ્ટિગોચર થતી નથી.

ઉચ્ચ સિદ્ધાન્તોનું પ્રતિપાદન અને તે પણ સરળતમ શબ્દાવલિમાં એ શંકરાચાર્યની શૈલીનું વિશિષ્ટ આકર્ષણ છે જેમ કે—

(૧) पुत्रभार्यादिषु विकलेषु सकलेषु वा अहमेव विकलः सकलो वेति बाह्यधर्मानात्मन्यध्यस्यति, तथा देह धर्मान् स्थूलोऽहं, कृशोऽहं, गौरोऽहं, तिष्ठामि, गच्छामि, लङ्घयामि चेति । (२) सर्वस्यात्मत्वाच्च ब्रह्मास्तित्वप्रसिद्धिः सर्वो ह्यात्मास्तित्वं प्रत्येति न नाहमस्मीति

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

। यदि हि नात्मास्तित्वप्रसिद्धिः स्यात् सर्वो लोको नाहमस्मीति प्रतीयात् । आत्मा च ब्रह्म । અહીં યાદ આવે છે કે The highest truth of the world is always expressed in simplest language.

ક્વચિત્ શંકરાચાર્યના પ્રયોગો કોઈ સાહિત્યકૃતિના વાચનના રસાસ્વાદને પૂરા પાડે તેવા હોય છે જેમ કે - (૧) यथा दण्डोद्यतकरं पुरुषमभिमुखमुपलभ्य मां हन्तुमयमिच्छतीति पलायितुमारभन्ते, हरिततृणपूर्णपाणिमुपलभ्य तं प्रत्यभिमुखीभवन्ति... વગેરે. (૨) किमु वक्तव्यमनेकशाखाभेदभिन्नस्य देवतिर्यङ्मनुष्यवर्णाश्रमादि प्रविभागहेतोर्ऋग्वेदाख्यस्य सर्वज्ञानाकारस्याप्रयत्नेनैव लीलान्यायेन पुरुषनिःश्वासवद्यस्मान्महतो भूताद्योनेः संभवः... વગેરે. અહીં નથી લાગતું કે બાણ જેવી પ્રતિભાસંપન્ન કલમનું આ કવન છે ?

શબ્દ સમૃદ્ધિ અને શબ્દ સંયમ જેવા વિરોધાભાસી ગુણોનો એક પદે આવિષ્કાર શંકરાચાર્યની શૈલીમાં થયો છે. તેઓની શબ્દ સમૃદ્ધિ અજોડ છે. સિદ્ધાન્ત માટે તે सिद्धान्तः, राद्धान्तः, कृतान्तः, अभ्युपगमः વગેરે અનેક શબ્દો યોજે છે. તમારો મત ખોટો છે તે માટેના તેઓએ આપેલ અનેક પ્રયોગમાંથી કેટલાક જોઈએ नैतत्साधूच्यते । नैव दोषान्निर्मोक्षोऽस्ति। तथापि दोषोऽनुषज्यतैव । प्रसज्यत एवायमनन्तरोऽपि दोषः । तस्मादनुपपन्नोऽयम्...। सर्वथापि नोपपद्यते । આમ શબ્દસમૃદ્ધિને વ્યક્ત કરતા શંકરાચાર્ય અનેક સ્થળે શબ્દસંયમ પણ જાળવે છે. બ્રહ્મના વર્ણનાર્થે અનેક શબ્દો ઉપલબ્ધ હોવા છતાં જે સંદર્ભમાં ઉપયુક્ત અને અનિવાર્ય હોય તેનો જ તેઓ પ્રયોગ કરશે. લાઘવ કે જે કલાનો આત્મા છે તેને દર્શાવવા તેઓ અનેક ન્યાયનો પણ પ્રયોગ કરે છે. જેમકે लीलान्याय, कुण्डबदरन्याय, अंधपरंपरान्याय, अंधपङ्गुन्याय, तंतुपटन्याय, स्थूणाखलनन्याय, बीजांकुरन्याय, प्रवाहनित्यतान्याय, सिकताकूपखनननन्याय વગેરે. આ વિવિધ ન્યાયના પ્રયોગોએ વિષયના વિશદીકરણમાં લાઘવ બક્ષ્યું છે. આપણે પણ જાણીએ છીએ કે વિશદીકરણની પ્રક્રિયા પણ જેટલી મિતાક્ષરી તેટલી જ રૂડી.

શંકરાચાર્યના ભાષ્યની પ્રસન્નતા અને ગંભીરતાની નોંધ લેનારથી તેમાં ક્વચિત્ પ્રાપ્ત થતા હાસ્યરસની ઉપેક્ષા કરી શકાય નહિ. તેઓની શૈલીમાં 'ઠાવકું હાસ્ય' દષ્ટિગોચર થાય છે. જેમ કે इत्यभ्युपगमे किं तव च्छिन्नम् ?, बाढमेवं ब्रवीषि निरङ्कुशत्वात्ते तुण्डस्य ।, सूत्रकारोऽपि भवताम् વગેરે.

કાલિદાસને જેમ ઉપમા સહજ અને સિદ્ધહસ્ત છે તેમ શંકરાચાર્યને દષ્ટાંતો. કાલિદાસની ઉપમા માફક શંકરાચાર્યના દષ્ટાંતમાંય સૂક્ષ્મ સૂચનો કે અભૂતપૂર્વ ઔચિત્યના દર્શન થાય છે. બે પદાર્થો વચ્ચે ભિન્નતા દર્શાવવા એક સ્થળે તે કહે છે शसमहिषवत् સસલું અને ભેંસની માફક. અહીં રૂપ, રંગ, આકર્ષણ, વજન, ગતિ, શીંગ, નેત્ર, સૌંદર્ય, ઉપયોગીતા ઇત્યાદિ પ્રત્યેક બાબતમાં આ બન્નેમાં કેવી ભિન્નતા છે !

આથી અંતે કહી શકાય કે भाष्यं प्रसन्नगंभीरम् એવી ભામતીકારની શંકરાચાર્યને અર્પાયેલી અંજલિ મિતાક્ષરી હોવા છતાં શંકરાચાર્યની શૈલીના સર્વગુણોની જ્ઞાપક છે. જગત સાહિત્યમાં પણ જે ગદ્યનો જોટો જડી શકે નહિ તેવી ભાષ્યની રચના કરીને શંકરાચાર્યે ભારતીય અને ભારતેતરના હૃદયમાં यावत् स्थास्यन्ति गिरयः પર્યન્તનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આથી ભામતીકારને અનુસરીને આપણે પણ કહીશું કે—

नत्वा विशुद्धविज्ञानं शंकरं करुणाकरम् ।
भाष्यं प्रसन्नगम्भीरं तत्प्रयुक्तं विभज्यते ॥
आचार्यकृतिनिवेशनमप्यवधूतवचोऽस्मदादीनाम् ।
रथ्योदकमिव गङ्गाप्रवाहपातः पवित्रयति ॥

— भामती

૧૨. આદિ શંકરાચાર્ય પ્રશસ્તિ

(૧) शंभोर्मूर्तिश्चरति भुवने शंकराचार्यरूपा ।

(૨) शंकरं शंकराचार्यं केशवं बादरायणम् ।
सूत्रभाष्यकृतौ वन्दे भगवन्तौ पुनः पुनः ॥

(૩) श्रुतिस्मृतिपुराणानामालयं करुणालयम् ।
नमामि भगवत्पादं शंकरं लोकशङ्करम् ॥

— अमलानन्द सरस्वती

(૪) उद्धृत्य वेदपयसः कमलागिवाब्धेः
आलिङ्गिताखिलजगत्प्रभवैकमूर्तिम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विद्यामशेषजगतां सुखदामदाद् यः
तं शंकरं विमलभाष्यकृतं नमामि ॥
— श्रीमहेश्वरानन्दस्वामी

(५) नमाम्यभोगिपरिवारसम्पदं निरस्तभूतिमनुमार्धविग्रहम् ।
अनुग्रमुन्मृदितकाललाच्छनं विना विनायकमपूर्वशंकरम् ॥
- श्रीशंकरस्वामी

The doctrine advocated by Shamkar is, from all purely philosophical point of view, and apart from all theological considerations, the most important and interesting one which has arisen on Indian soil; neither those forms of the Vedanta which diverge from view represented by Shamkara, nor any of the non-Vedantic systems can be compared with so-called orthodox Vedanta in boldness, depth, and subtlety of speculation.

- Thibaut, introduction to *Brahma-Sutra*. p. xiv

The system of Shamkara, in cosistancy, thoroughness and profoundity, holds the first place in Indian philosophy.

- Sir Charles Eliot, *Hinduism and Buddhism* vol. ii p. 208

Shamkara stands out as a heroic figure of the first rank in the some-what motely crowd of the religious thinkers of mediaeval India. His philosophy stands forth complete, needing neither a before nor an after.

- S. Radhakrishnan, *Indian Philosophy*, vol ii p. 446.

Shamkara presents to us the true ideal of philosophy, which is not so much knowledge as wisdom, not so much logical learning as spiritual freedom. For shamkara, as for some of the greatest thinkers of the world, Plato and Plotinus, Spinoza and Hegal, philosophy is the auster vision of eternal truth, majestic in its freedom from the petty cares of man's paltry life.

- S. Radhakrishnan, ibid, p. 447

A master of strictest logic, he is also master of a noble and animated poetry which belongs to another order. The rays of his genius have illuminated the dark places of thought and soothed the sorrows of the most forlon heart. While his philosophy fortifies and consoles many, there are, of course, those to whom it seems to be an abyss of contradiction and darkness. But whether we agree or differ, the penetrating light of his mind never leaves us where we were.

- S. Radhakrishnan, *ibid* p. 447

He was a prophet commissioned to lead a people along the path of virtues, and nobody in India can undertake this task if he does not back his message with a life of detachment from the cares of the world.

- S. Radhakrishnan, *ibid* p. 449

He is a philosopher and a poet, a savant and a saint, a mystic and a religious reformer. There have been few minds more universal than his..

- S. Radhakrishnan, *Indian Philosophy* vol ii p. 450

Shamkara's system is unmatched for its metaphysical depth and logical power Shamkar holds up a vision of life acceptable in the highest moments of poetry and religion, where we are inclined to sympathise with his preference for intuition to the light of the understanding.

- S. Radhakrishnan, *Indian Philosophy*, vol ii p. 657

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Supreme as a philosopher and a dilectician, great as a man of calm judgement and wise toleration, Shamkara taught us to love truth, respect reason and realise the purpose of life. Twelve centuries have passed, and yet his influence is visible. He destroyed many an old dogma, not by violantly attackiing it, but by quietly suggesting something more reasonable, which was at the sametime more spiritual too.....He was not a dreaming idealist, but practical visionary, a philosopher, and at the same time a man of action. What we may call a social idealist on the grand scale. Even those who do not agree with his general attitude to life will not be reluctant to allow him a place among the immortals.

- S. Radhakrishnan, *Indian Philosophy* vol ii p. 658

In India the philosophy of world negation has been given formulations of supreme power and value by two of the greatest of her thinkers, Buddha and Shankara..... The spirit of these two remarkable spiritual philosophies—for Shankara in the historical process of India's philosophical mind takes up, completes and replaces Buddha,-has weighed with a tremendous power on her thought, religion and general mentality; everywhere broods its mighty shadow, everywhere is the impress of the three great formulas, the chain of Karma, escape from the wheel of rebirth, Maya.

- Shri Aurobindo, *The Life Divine* Vol II p. 14

Recent tendencies in contemporary scientific and philosophical thought show that Shamkara's philosophy has a future which any other system of philosophy in India or the West is not likely to have.

- S.N.L. Shrivastava, *Shamkar & Bradley* p. 17

Most historians are agreed that is a count were taken of the twelve greatest men who ever lived in any counting in any age, Adi Shankaracharya would undoubntedly be one of them. I would call him 'Universal Man'. He deserves to be called the Universal Man in more senses than one first of all, his accomplishments were of the highest order in a number of fields of mental and spiritual activity each of one which would have been enough to make him immortal.

- Nandi Palkhivala, 'Ādi Śankarācvārya, Ed.By Dr.Gautam Patel,P.1

Adi Shankaracharya was a Karma-yogī, Bhaktī-yogi and Jṅāna-yogī and he was right in the forefront in each category.

- Nani Palkhival, *Ibid.*, P.1

Shankaracharya established what I would call the *'Empire of the Spirit'*. Whole genereations have come and gone, empires have flourished and vanished, but Shankaracharya '*Empire of the Spirit*' survives. And so long as his great spirit abides with our people, there is ahope for the future greatness of our country.

- Nani Palakhivala, *Ed. by Dr. Gautam Patel*, 3
Ādi Śankarācvārya.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

पुस्तकालय
129355
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

आदिशंकराचार्यविरचितम्

॥ ब्रह्मसूत्रभाष्यम् ॥

॥ प्रथमोऽध्यायः ॥

उपोद्घातः

युष्मदस्मत्प्रत्ययगोचरयोर्विषयविषयिणोस्तमःप्रकाशवद्विरुद्धस्वभावयोरितरेतरभावानुपपत्तौ सिद्धाया तद्धर्माणामपि सुतरामितरेतरभावानुपपत्तिः, इत्यतोऽस्मत्प्रत्ययगोचरे विषयिणि चिदात्मके युष्मत्प्रत्ययगोचरस्य विषयस्य तद्धर्माणां चाध्यासः, तद्विपर्ययेण विषयिणस्तद्धर्माणां च विषयेऽध्यासो मिथ्येति भवितुं युक्तम्; तथाप्यन्योन्यस्मिन्नन्योन्यात्मकतामन्योन्यधर्मांश्चाध्यस्येतरेतराविवेकेनात्यन्तविविक्तयोर्धर्मधर्मिणोर्मिथ्याज्ञाननिमित्तः सत्यानृते मिथुनीकृत्य, '**अहमिदं**' '**ममेदम्**' इति नैसर्गिकोऽयं लोकव्यवहारः ।

आह-कोऽयमध्यासो नामेति । उच्यते-स्मृतिरूपः परत्र पूर्वदृष्टावभासः । तं केचित्-अन्यत्रान्यधर्माधयास-इति वदन्ति। केचित्तु-यत्र यदध्यासस्तद्विवेकाग्रहनिबन्धनो भ्रम-इति । अन्ये तु-यत्र यदध्यासस्तस्यैव विपरितधर्मत्वकल्पनामाचक्षते इति । सर्वथापि त्वन्यस्यान्यधर्मावभासतां न व्यभिचरति । तथा च लोकेऽनुभवः-शुक्तिका हि रजतवदवभासते, एकश्चन्द्रः सद्वितीयवदिति।

कथं पुनः प्रत्यगात्मन्यविषयेऽध्यासो विषयतद्धर्माणाम् ? सर्वो हि पुरोऽवस्थिते विषये विषयान्तरमध्यस्यति, युष्मत्प्रत्ययापेतस्य च प्रत्यगात्मनोऽविषयत्वं ब्रवीषि ? उच्यते, न तावदयमेकान्तेनाविषयः अस्मत्प्रत्ययविषयत्वात् । अपरोक्षत्वाच्च प्रत्यागात्मप्रसिद्धेः। न चायमस्ति नियमः- पुरोऽवस्थित एव विषये विषयान्तरमध्यसितव्यमिति, अप्रत्यक्षेऽपि ह्याकाशे बालास्तलमलिनतामध्यस्यन्ति। एवमविरुद्धः प्रत्यगात्मन्यप्यनात्माध्यासः ।

तमेतमेवंलक्षणमध्यासं पण्डिता अविद्येति मन्यन्ते; तद्विवेकेन च वस्तुस्वरूपावधारणं विद्यामाहुः । तत्रैवं सति यत्र यदध्यासः,

---

RA
612
पटेल - प्र

શ્રી આદિ શાંકરાચાર્ય વિરચિત

બ્રહ્મસૂત્રભાષ્ય પ્રથમ અધ્યાય

ઉપોદ્ઘાત

'હું અને 'તું' એવા જ્ઞાનનો વિષય બનેલા, અંધકાર અને પ્રકાશની જેમ વિરુદ્ધ સ્વભાવવાળા, વિષય અને વિષયીનો અન્યોન્યભાવ જ્યારે અશક્ય છે એમ સિદ્ધ થયેલું છે ત્યારે તેઓના ધર્મોનો પણ ઈતરેતરભાવ સર્વથા અસંભવિત જ છે; આમ છે માટે 'અમે' એવા પ્રત્યયનો વિષય બનેલા ચિદાત્મારૂપી વિષયીમાં 'તું' એવા પ્રત્યયનો વિષય બનેલ (દેહ, ઈન્દ્રિય ઈત્યાદિ) વિષયો અને તેના ધર્મોનો અધ્યાસ અને તેથી ઊલટી રીતે વિષયી અને તેના ધર્મોનો વિષયમાં (થતો) અધ્યાસ મિથ્યા છે એમ સિદ્ધ થયું યોગ્ય છે. તેમ છતાં એકબીજામાં એક બીજાના સ્વરૂપનો અને એકબીજાના ધર્મોનો અધ્યાસ (અધ્યારોપ) કરીને એકબીજાના ભેદનું ગ્રહણ ન કરવાથી અત્યંત ભિન્ન ધર્મ અને ધર્મીનો, મિથ્યા જ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલ, સત્ય અને અસત્યનું સંમિશ્રણ કરી, 'હું આ, આ મારું' એવો લોકવ્યવહાર કુદરતી રીતે (અનાદિ કાળથી) પ્રવર્તે છે.

(પૂર્વપક્ષી) કહે છે-આ અધ્યાસ શું છે ? અમે કહીએ છીએ-પૂર્વે જોયેલ વિષયનું અન્ય સ્થળે સ્મૃતિરૂપે ભાસવું (તે અધ્યાસ) તેને કેટલાક 'અન્યમાં અન્યના ધર્મોનો અધ્યારોપ' એમ કહે છે. પણ કેટલાક 'જ્યાં જેનો અધ્યાસ છે ત્યાં તેના વિવેકનું ગ્રહણ ન થવાથી ઉદ્ભવતો ભ્રમ (તે અધ્યાસ)' એમ કહે છે. બીજા પણ 'જ્યાં જેનો અધ્યાસ છે ત્યાં તેના (ધર્મથી) વિરુદ્ધ ધર્મની કલ્પના (તે અધ્યાસ) એમ કહે છે. પરંતુ (ઉપર્યુક્ત કોઈ પણ સ્થળે) બધી રીતે (જોતાં) 'એકમાં બીજાના ધર્મનું ભાસવું' (એ લક્ષણમાં) ફરક પડતો નથી અને સંસારમાં પણ અનુભવ થાય છે કે છીપ જ ચાંદીના જેવી દેખાય છે, ચંદ્ર એક હોવા છતાં બે હોય તેમ (ભાસે છે.)

(પૂર્વપક્ષી કહે છે) પરંતુ કશાનો વિષય થતો નથી એવા પ્રત્યગાત્મામાં વિષય અને તેના ધર્મોનો અધ્યાસ કેવી રીતે શક્ય બને? કારણ સહુ કોઈ સન્મુખ રહેલા વિષયમાં અન્ય વિષયોનો અધ્યારોપ કરે છે, અને 'તમે' એવી પ્રતીતિથી દૂર રહેનાર પ્રત્યગાત્મા વિષય નથી એમ તમે કહો છો. (સિદ્ધાન્તી) આનો અમે ઉત્તર આપીએ છીએ. પ્રત્યગાત્મા તરીકે પ્રસિદ્ધિ થતી હોવાથી અપરોક્ષ (પ્રત્યક્ષ) હોવાને કારણે અને 'હું' એવી પ્રતીતિનો વિષય હોવાથી તો આ (આત્મા) સર્વથા અવિષય નથી. વળી સન્મુખ રહેલા વિષયમાં જ અન્ય વિષયનો અધ્યાસ કરવો જોઈએ એવો કોઈ નિયમ નથી કારણ અપ્રત્યક્ષ એવા આકાશમાં પણ અજ્ઞાનીઓ તળિયું, મલિનતા ઈત્યાદિનો આરોપ કરે છે. આમ, પ્રત્યગાત્મામાં પણ અનાત્માનો અધ્યાસ (થાય છે એ બાબતનો કોઈ) વિરોધ (આવતો) નથી.

(૪) આ પ્રકારના (ઉપર્યુક્ત લક્ષણવાળા અધ્યાસને પંડિતો 'અવિદ્યા' માને છે અને તેના વિવેકથી વસ્તુના સ્વરૂપના નિશ્ચયને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तत्कृतेन दोषेण गुणेन वाऽणुमात्रेणापि स न संबध्यते, तमेतमविद्याख्यमात्मानात्मनोरितरेताध्यासं पुरस्कृत्य सर्वे प्रमाणप्रमेयव्यवहारा लौकिका वैदिकाश्च प्रवृत्ताः, सर्वाणि च शास्त्राणि विधिप्रतिषेधमोक्षपराणि । कथं पुनरविद्यावद्विषयाणि प्रत्यक्षादीनि प्रमाणानि शास्त्राणि चेति । उच्यते, देहेन्द्रियादिष्वहंममाभिमानरहितस्य प्रमातृत्वानुपपत्तौ प्रमाणप्रवृत्त्यनुपपत्तेः । न हीन्द्रियाण्यनुपादाय प्रत्यक्षादिव्यवहारः संभवति । न चाधिष्ठानमन्तरेणेन्द्रियाणां व्यापारः संभवति । न चानध्यस्तात्मभावेन देहेन कश्चिद्व्याप्रियते। न चैतस्मिन्सर्वस्मिन्नसति असङ्गस्यात्मनः प्रमातृत्वमुपपद्यते । न च प्रमातृत्वमन्तरेण प्रमाणप्रवृत्तिरस्ति । तस्मादविद्यावद्विषयाण्येव प्रत्यक्षादीनि प्रमाणानि शास्त्राणि च ।

पश्वादिभिश्चाविशेषात् । यथा हि पश्वादयः शब्दादिभिः श्रोत्रादीनां संबन्ध्ये सति शब्दादिविज्ञाने प्रतिकूले जाते ततो निवर्तन्ते, अनुकूले च प्रवर्तन्ते; यथा दण्डोद्यतकरं पुरुषमभिमुखमुपलभ्य 'मां हन्तुमयमिच्छति' इति पलायितुमारभन्ते, हरिततृणपूर्णपाणिमुपलभ्य तं प्रत्यभिमुखीभवन्ति; एवं पुरुषा अपि व्युत्पन्नचित्ताः क्रूरदृष्टीनाक्रोशतः खड्गोद्यतकरान्बलवत उपलभ्य ततो निवर्तन्ते, तद्विपरीतान्प्रति प्रवर्तन्ते, अतः समानः पश्वादिभिः पुरुषाणां प्रमाणप्रमेयव्यवहारः । पश्वादीनां च प्रसिद्धोऽविवेकपुरःसरः प्रत्यक्षादिव्यवहारः । तत्सामान्यदर्शनाद्व्युत्पत्तिमतामपि पुरुषाणां प्रत्यक्षादिव्यवहारस्तत्कालः समान इति निश्चीयते ।

शास्त्रीये तु व्यवहारे बुद्धिपूर्वकारी नाविदित्वात्मनः परलोकसंबन्धमधिक्रियते, तथापि न वेदान्तवेद्यम्, अशनायाद्यतीतम्, अपेतब्रह्मक्षत्रादिभेदम्, असंसार्यात्मतत्त्वमधिकारेऽपेक्ष्यते, अनुपयोगादधिकारविरोधाच्च । प्राक् च तथाभूतात्मविज्ञानात्प्रवर्तमानं शास्त्रमविद्यावद्विषयत्वं नातिवर्तते । तथा हि – '**ब्राह्मणो यजेत**' इत्यादीनि शास्त्राण्यात्मनि वर्णाश्रमवयोवस्थादिविशेषाध्यासमाश्रित्य प्रवर्तन्ते ।

अध्यासो नाम अतस्मिस्तद्बुद्धिरित्यवोचाम । तद्यथा-पुत्रभार्यादिषु विकलेषु सकलेषु वा अहमेव विकलः सकलो वेति

(વિદ્વાનો) વિદ્યા કહે છે. ત્યાં આમ હોવાથી જ્યાં જે અધ્યાસ હોય છે તેનાથી ઉદ્ભવતા ગુણો કે દોષોથી તે આત્મા સહેજ પણ લેપાતો નથી. તે આ અવિદ્યા નામના આત્મા (ચેતન) અને અનાત્મા (જડ)ના પરસ્પરના અધ્યાસનો આશ્રય કરીને સર્વે લૌકિક અને વૈદિક પ્રમાણ-પ્રમેય-વ્યવહાર તથા વિધિ નિષેધ કે મોક્ષ-પરક સર્વે શાસ્ત્રો પ્રવૃત્ત થયાં છે. (પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે-) પરંતુ જે અજ્ઞાની છે તે (પ્રમાતા) પ્રત્યક્ષાદિ પ્રમાણો અને શાસ્ત્રોનો વિષય કેવી રીતે હોઈ શકે ? (અમે ઉત્તરમાં) કહીએ છીએ-દેહ, ઈન્દ્રિય વગેરેમાં 'હું' **'મારું'** અને એવા અભિમાનથી રહિત (આત્મામાં) પ્રમાતૃત્વ સંભવતું ન હોવાથી પ્રમાણની પ્રવૃત્તિ પણ થશે નહિ. કારણ ઈન્દ્રિયો વગેરેથી સહાય લીધા વિના પ્રત્યક્ષાદિ વ્યવહાર સંભવે નહિ અને (દેહરૂપી) અધિષ્ઠાન વિના ઈન્દ્રિયાદિનો વ્યવહાર થઈ શકે નહિ. આત્મસ્વરૂપનો જેમાં અધ્યાસ થયો નથી તેવા દેહથી કોઈ વ્યાપાર સંભવે નહિ અને આ સર્વે (અધ્યાસો)ના અભાવમાં અસંગ આત્માનું પ્રમાતૃત્વ સંભવે નહિ અને પ્રમાતૃત્વ વિના પ્રમાણની પ્રવૃત્તિ થઈ શકે નહિ માટે પ્રત્યક્ષ વગેરે પ્રમાણો અને શાસ્ત્રો અજ્ઞાનીનો જ આશ્રય કરે છે.

વળી (વિદ્વાન અને) પશુઓના વ્યવહારમાં વિશેષતા (ભેદ અથવા તફાવત) નથી. જેમ પશુ વગેરે શબ્દ વગેરેનો કાન વગેરે સાથે સંબંધ થતાં શબ્દ વગેરેનું જ્ઞાન જો તેને માટે પ્રતિકૂળ હોય તો નિવૃત્ત થાય છે અને અનુકૂળ હોય તો પ્રવૃત્ત થાય છે; જેમ (પશુ) હાથમાં દંડો લઈને ઊભેલા માણસને જોઈ **'આ મને મારવા ઈચ્છે છે'** એમ ધારી પલાયન કરવા માંડે છે અને લીલા ઘાસથી ભરપૂર હાથવાળા(પુરુષ)ને જોઈને તેની સામે આવે એ રીતે વિદ્વાન પુરુષો પણ ક્રૂર દૃષ્ટિવાળા, બૂમો પાડતાં, હાથમાં તલવારવાળા બલવાન (શત્રુ)ને જોઈને ત્યાંથી ભાગે છે અને તેથી વિરુદ્ધ હોય તેવા (મનુષ્ય) પાસે જાય છે. આથી (વિદ્વાન) પુરુષોનો પ્રમાણ-પ્રમેય વ્યવહાર પશુ વગેરે સાથે સમાન છે. પશુ વગેરેનો પ્રત્યાક્ષાદિ વ્યવહાર અવિવેકપૂર્વક થાય છે (તે) જાણીતું છે અને તેઓની સાથે એકસરખો દેખાતો હોવાથી વિવેકી પુરુષોનો પણ પ્રત્યક્ષ વગેરે વ્યવહાર તત્કાલ (વ્યવહાર કાળમાં) સમાન છે એમ સાબિત થાય છે.

જોકે બુદ્ધિપૂર્વક કર્મ કરનાર પુરુષ આત્માના પરલોક સાથેના સંબંધને જાણ્યા સિવાય શાસ્ત્રીય વ્યવહારમાં અધિકારી બનતો નથી તો પણ વેદાન્તથી જાણવા યોગ્ય, ક્ષુધા, તૃષા વગેરે વિનાનો, બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે ભેદ રહિત, અસંસારી આત્મતત્ત્વની (શાસ્ત્રીય વ્યવહારમાં) અધિકારમાં અપેક્ષા નથી, કારણ તે(આત્મતત્ત્વ)નો ઉપયોગ નથી અને તેમાં તેના અધિકારનો વિરોધ આવે છે. આ પ્રકારનું આત્મજ્ઞાન થતાં પહેલાં પ્રવૃત્ત થતું શાસ્ત્ર અવિદ્યાવાન પુરુષને જ ઉદ્દેશીને પ્રવૃત્તિ કરે છે. જેમકે - **'બ્રાહ્મણે યજ્ઞ કરવો જોઈએ'** વગેરે શાસ્ત્રો આત્મામાં વર્ણ, આશ્રમ, વય, અવસ્થા વગેરે વિશિષ્ય અધ્યાસને કારણે પ્રવર્તે છે.

અધ્યાસ એટલે **'(જે) તે નથી તેમાં તે છે તેવી બુદ્ધિ,'** એમ અમે કહ્યું છે. તે જેમકે-પુત્ર, પત્ની વગેરે ઉણપવાળાં કે ઉણપ વિનાનાં હોતાં હું ઉણપવાળો કે ઉણપ વિનાનો છું એ પ્રકારે બાહ્ય પદાર્થોના ધર્મોનો પોતાની ઉપર અધ્યાસ કરે છે. તેવી જ રીતે હું જાડો છું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

बाह्यधर्मानात्मन्यध्यस्यति; तथा देहधर्मान्-स्थूलोऽहं, कृशोऽहं, गौरोऽहं, तिष्ठामि, गच्छामि, लङ्घयामि चेति । तथेन्द्रियधर्मान् - मूकः, काणः,क्लीबः, बधिरः, अन्धोऽहमिति । तथाऽन्तःकरणधर्मान्-कामसंकल्पविचिकित्साध्यवसायादीन्। एवमहंप्रत्ययिनमशेषस्वप्रचारसाक्षिणि प्रत्यगात्मन्यध्यस्य, तं च प्रत्यगात्मानं सर्वसाक्षिणं तद्विपर्ययेणान्तःकरणादिष्वध्यस्यति । एवमयमनादिरनन्तो नैसर्गिकोऽध्यासो मिथ्याप्रत्ययरूपः कर्तृत्वभोक्तृत्वप्रवर्तकः सर्वलोकप्रत्यक्षः । अस्यानर्थहेतोः प्रहाणाय, आत्मैकत्वविद्याप्रतिपत्तये सर्वे वेदान्ता आरभ्यन्ते । यथा चायमर्थः सर्वेषां वेदान्तानां तथा वयमस्यां शारीरकमीमांसायां प्रदर्शयिष्यामः। वेदान्तमीमांसाशास्त्रस्य व्याचिख्यासितस्येदमादिम सूत्रम्

१. जिज्ञासाधिकरणम् ।

अथातो ब्रह्मजिज्ञासा ॥ १ ॥

तत्र '**अथ**' शब्द आनन्तर्यार्थः परिगृह्यते, नाधिकारार्थः, ब्रह्मजिज्ञासाया अनधिकार्यत्वात्। मङ्गलस्य च वाक्यार्थे समन्वयाभावात्। अर्थान्तरप्रयुक्त एव ह्यथशब्दः श्रुत्या मङ्गलप्रयोजनो भवति। पूर्वप्रकृतापेक्षायाश्च फलत आनन्तर्याव्यतिरेकात्। सति चानन्तर्यार्थत्वे यथा धर्मजिज्ञासा पूर्ववृत्तं वेदाध्ययनं नियमेनापेक्षते, एवं ब्रह्मजिज्ञासापि यत्पूर्ववृत्तं नियमेनापेक्षते, तद्वक्तव्यम्। स्वाध्यायायानन्तर्यं तु समानम् । नन्विह कर्मावबोधानन्तर्यं विशेषः । न, धर्मजिज्ञासायाः प्रागप्यधीतवेदान्तस्य ब्रह्मजिज्ञासोपपत्तेः । यथा च हृदयाद्यवदानानामानन्तर्यनियमः, क्रमस्य विवक्षितत्वान्न तथेह क्रमो विवक्षितः, शेषशेषित्वेऽधिकृताधिकारे वा प्रमाणाभावात् धर्मब्रह्मजिज्ञासयोः, फलजिज्ञास्यभेदाच्च । अभ्युदयफलं धर्मज्ञानं, तच्चानुष्ठानापेक्षम् । निःश्रेयसफलं तु ब्रह्मविज्ञानं, न चानुष्ठानान्तरापेक्षम् ।

भव्यश्च धर्मो जिज्ञास्यो न ज्ञानकालेऽस्ति, पुरुषव्यापारतन्त्रत्वात् । इह तु भूतं ब्रह्म जिज्ञास्यं नित्यत्वान्न पुरुष व्यापारतन्त्रम्। चोदनाप्रवृत्तिभेदाच्च । या हि चोदना धर्मस्य लक्षणं सा स्वविषये नियुञ्जानैव पुरुषमवबोधयति । ब्रह्मचोदना तु पुरुषमवबोधयत्येव

પાતળો છું, ધોળો છું, ઊભો છું, જાઉં છું, અને ઉલ્લંઘુ છું એવા દેહના ધર્મોનો પણ (પોતાની પર અધ્યાસ કરે છે.) હું મૂંગો છું. કાણો છું, નપુંસક છું, બહેરો છું, આંધળો છું, એવા ઈન્દ્રિયોના ધર્મોનો પણ (પોતાની પર અધ્યાસ કરે છે) તેવી જ રીતે કામ, સંકલ્પ, વિચિકિત્સા (સંશય), અધ્યવસાય (નિશ્ચય) વગેરે અંતઃકરણના ધર્મોનો. આમ 'અહમ્' વૃત્તિ (પ્રત્યય) વાળા, અંતઃકરણની સર્વ વૃત્તિઓના સાક્ષીભૂત, પ્રત્યગાત્મામાં અધ્યાસ કરીને અને તેનાથી વિરુદ્ધ સર્વના સાક્ષી પ્રત્યાગાત્માનો અંતઃકરણ વગેરેમાં અધ્યાસ કરે છે. આમ, આ અનાદિ, અનંત, નૈસર્ગિક, મિથ્યાજ્ઞાનરૂપ, (આત્મામાં) કર્તૃત્વ-ભોકતૃત્વ (વગેરે) પ્રવર્તાવનાર અધ્યાસ બધાને પ્રત્યક્ષ છે. આ અનર્થના કારણભૂત(અધ્યાસ)ના મૂલ સહિત નાશ માટે અને બ્રહ્માત્મૈકત્વના જ્ઞાન માટે સર્વે વેદાન્તોનો આરંભ થાય છે. સઘળા ઉપનિષદોનો આવો પ્રતિપાદ્ય અર્થ છે તે અમે શારીરિકમીમાંસામાં બતાવીશું. જેની અમે વ્યાખ્યા કરવા ઈચ્છીએ છીએ તે વેદાન્ત-મીમાંસા-શાસ્ત્રનું આ પ્રથમ સૂત્ર છે.-

૧. જિજ્ઞાસા અધિકરણ

અથ એથી બ્રહ્મજિજ્ઞાસા (૧)

(૭) અહીં '**અથ**' શબ્દ આનન્તર્યના અર્થમાં સ્વીકારવામાં આવે છે, આરંભના અર્થમાં નહિ, કારણ બ્રહ્મજિજ્ઞાસાનો આરંભ થઈ શકે નહિ. વળી મંગલનો વાક્યાર્થ સાથે સંબંધ જોડાઈ શકતો નથી. બીજા અર્થમાં પ્રયોજાયેલ '**અથ**' શબ્દ શ્રવણ દ્વારા મંગલનો પ્રયોજક બને છે. (બ્રહ્મજિજ્ઞાસા રૂપી) ફળ (=કાર્ય) ને પૂર્વવત્ (કારણસામગ્રીની અપેક્ષા રહે છે તે)ની અપેક્ષા તથા આનન્તર્ય (તેની પછી થવાપણા)નો અર્થ ભિન્ન નથી. આનન્તર્ય અર્થ થતાં જેમ ધર્મજિજ્ઞાસા પૂર્વે થયેલા વેદાધ્યયનની અવશ્ય (નિયમપૂર્વક) અપેક્ષા રહે છે તેમ બ્રહ્મજિજ્ઞાસા પણ પૂર્વે થયેલ જેની અવશ્ય અપેક્ષા રાખે છે તે કહેવું જોઈએ. સ્વાધ્યાયનું આનન્તર્ય તો બન્નેમાં એકસરખું છે. (પૂર્વપક્ષી) જો એમ કહો કે અહીં કર્મજ્ઞાનનું આનન્તર્ય વિશેષ છે તો સિદ્ધાન્તી કહે છે) ના. વેદાન્તનું અધ્યયન કરનારને ધર્મજિજ્ઞાસા થાય તે પહેલાં પણ બ્રહ્મજિજ્ઞાસા ઉત્પન્ન થવી શક્ય છે અને જેમ હૃદય વગેરેના અવદાન (કાપવા)માં પૂર્વાપરનો નિયમ છે કારણ ત્યાં ક્રમની ઇચ્છા છે, તેમ અહીં ક્રમની વિવક્ષા એટલે ઈચ્છા નથી; કારણ બ્રહ્મજિજ્ઞાસા અને ધર્મજિજ્ઞાસાની વચ્ચે શેષ-શેષિભાવ અથવા અધિકૃતાધિકારભાવ માનવા માટે કોઈ પ્રમાણ નથીઃ વળી તે બન્નેનાં ફળ અને જાણવાના વિષય વચ્ચે તફાવત છે. ધર્મજ્ઞાનનું ફળ અભ્યુદય છે તે વળી અનુષ્ઠાનની અપેક્ષા રાખતું નથી.

ધર્મજિજ્ઞાસાનો વિષય સાધ્ય છે અને તે જ્ઞાનકાળમાં હોતો નથી કારણ તે પુરુષના વ્યાપારને અધીન છે. પણ અહીં (બ્રહ્મજિજ્ઞાસામાં) બ્રહ્મ સિદ્ધ જ છે, કારણ તે નિત્ય હોવાથી તે પુરુષના વ્યાપાર પર આધાર રાખતું નથી (બન્નેમાં) વિધિપરક વાક્યોની પ્રવૃત્તિમાં ભિન્નતા છે. જે ધર્મ વિષેનું વિધિવાક્ય છે તે પોતાના વિષય (એટલે અનુષ્ઠાન)માં પ્રવૃત્ત કરીને પછી પુરુષને જ્ઞાન કરાવે છે. પરંતુ બ્રહ્મ વિષેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

केवलम्, अवबोधस्य चोदनाऽजन्यत्वान्न पुरुषोऽवबोधे नियुज्यते। यथाऽक्षार्थसंनिकर्षेणार्थावबोधे, तद्वत्। तस्मात्किमपि वक्तव्यम् यदनन्तरं ब्रह्मजिज्ञासोपदिश्यत इति। उच्यते, - नित्यानित्यवस्तुविवेकः, इहामुत्रार्थभोगविरागः, शमदमादिसाधनसंपत्, मुमुक्षुत्वं च। तेषु हि सत्सु प्रागपि धर्मजिज्ञासाया ऊर्ध्वं च शक्यते ब्रह्म जिज्ञासितुं ज्ञातुं च, न विपर्यये। तस्मादथशब्देन यथोक्तसाधनसंपत्त्यानन्तर्यमुपदिश्यते।

'अतः' शब्दो हेत्वर्थः। यस्माद्वेद एवाग्निहोत्रादीनां श्रेयःसाधनानामनित्यफलतां दर्शयति **'तद्यथेह कर्मचितो लोकः क्षीयते, एवमेवामुत्रपुण्यचितो लोकः क्षीयते'** (छान्दो. उप. ८-१-६) इत्यादिः। तथा ब्रह्मविज्ञानादपि परं पुरुषार्थं दर्शयति - **'ब्रह्मविदाप्नोति परम्'** (तैत्ति. उप.२-१) इत्यादिः। तस्माद्यथोक्तसाधनसंपत्त्यनन्तरं ब्रह्मजिज्ञासा कर्तव्या।

ब्रह्मणो जिज्ञासा ब्रह्म जिज्ञासा। ब्रह्म च वक्ष्यमाणलक्षणं **'जन्माद्यस्य यतः'** (ब्र.सू. १-१-२) इति। अत एव न **'ब्रह्म'**शब्दस्य जात्याद्यर्थान्तरमाशङ्कितव्यम्। ब्रह्मण इति कर्मणि षष्ठी, न शेषे, जिज्ञास्यापेक्षत्वाज्जिज्ञासायाः, जिज्ञास्यान्तरानिर्देशाच्च। ननु शेषषष्ठीपरिग्रहेऽपि ब्रह्मणो जिज्ञासाकर्मत्वं न विरुध्यते, संबन्धसामान्यस्य विशेषनिष्ठत्वात्। एवमपि प्रत्यक्षं ब्रह्मणः कर्मत्वमुत्सृज्य, सामान्यद्वारेण परोक्षं कर्मत्वं कल्पयतो व्यर्थः प्रयासः स्यात्। न व्यर्थः, ब्रह्माश्रिताशेषविचारप्रतिज्ञानार्थत्वादिति चेत् न, प्रधानपरिग्रहे तदपेक्षितानामर्थाक्षिप्तत्वात्। तदा हि ज्ञानेनाप्तुमिष्टतमत्वात्प्रधानम्। तस्मिन्प्रधाने जिज्ञासाकर्मणि परिगृहीते यैर्जिज्ञासितैर्विना ब्रह्म जिज्ञासितं न भवति, तान्यर्थाक्षिप्तान्येवेति न पृथक्सूत्रयितव्यानि। यथा राजासौ गच्छतीत्युक्ते सपरिवारस्य राज्ञो गमनमुक्तं भवति, तद्वत्। श्रुत्यनुगमाच्च। **'यतो वा इमानि भूतानि जायन्ते'** (तैत्ति.उप. ३-१) इत्याद्याः श्रुतयः, **'तद्विजिज्ञासस्व, तद्ब्रह्म'** (तैत्ति.उप. ३-१) इति प्रत्यक्षमेव ब्रह्मणो जिज्ञासाकर्मत्वं दर्शयन्ति। तच्च कर्मणि षष्ठीपरिग्रहे सूत्रेणानुगतं भवति। तस्माद्ब्रह्मण इति कर्मणि षष्ठी।

વિધિવાક્ય પુરુષને કેવળ જ્ઞાન કરાવે છે. જ્ઞાન વિધિવાક્ય દ્વારા (સીધું) ઉત્પન્ન થતું હોવાથી પુરુષને જ્ઞાનમાં પ્રવૃત્ત કરાવવામાં આવતો નથી. જેમ ઈન્દ્રિય અને પદાર્થના સંનિકર્ષથી ઉત્પન્ન થતાં જ્ઞાનમાં થાય છે તેમ (પૂર્વપક્ષી કહે છે) તો જેના પછી બ્રહ્મજિજ્ઞાસાનો ઉપદેશ કરવામાં આવે છે તેના માટે કાંઈક પણ કહેવું જોઈએ (સિદ્ધાન્તી) અમે કહીએં છીએ-નિત્ય અને અનિત્ય વસ્તુનો વિવેક, આ લોક અને પરલોકના વિષયભોગ પ્રત્યે વૈરાગ્ય, શમદમ ઈત્યાદિ સાધનસંપત્તિ અને મુમુક્ષુતા. તે સઘળાં હોય તો ધર્મજિજ્ઞાસાની પહેલાં અને પછી પણ બ્રહ્મજિજ્ઞાસા કે બ્રહ્મનું જ્ઞાન થવું શક્ય છે; આથી ઊલટું હોય ત્યારે તે શક્ય નથી. માટે 'અથ' શબ્દથી પૂર્વોક્ત સાધનસંપત્તિ પછીના આનન્તર્યનો ઉપદેશ કરવામાં આવે છે.

'अतः' શબ્દ હેતુવાચક છે કારણ કે વેદમાં જ અગ્નિહોત્ર વગેરે કલ્યાણના સાધનોનું ફળ અનિત્ય છે એમ જણાવ્યું છે, જેમ કે - **'તેથી જેમ કર્મથી મેળવેલ (સ્વર્ગાદિ) લોકનો પણ નાશ થાય છે.'** (એમ અન્યત્ર (પરલોકમાં) પુણ્યથી મેળવેલ લોક પણ નાશ) **પામે છે.** (છાંદો. ઉપ. ૮-૧-૬) વગેરે. વળી બ્રહ્મજ્ઞાન દ્વારા પરમ પુરુષાર્થ(મોક્ષ)ની પ્રાપ્તિ પણ વેદ જણાવે છે, 'ब्रह्मविदाप्नोति परम्' **'બ્રહ્મને જાણનાર મોક્ષને પ્રાપ્ત કરે છે'** (તૈતિ. ઉપ. -૨-૧) વગેરે. માટે પૂર્વોક્ત સાધનસંપત્તિ મેળવ્યા બાદ બ્રહ્મજિજ્ઞાસા કરવી.

બ્રહ્મની જિજ્ઞાસા(જાણવાની ઈચ્છા) એટલે બ્રહ્મજિજ્ઞાસા. **'આ (જગત)ના જન્મ વગેરે જેનાથી થાય છે'**(બ્ર.સૂ.૧-૧-૨) એવું ભવિષ્યમાં કહેવામાં આવનાર લક્ષણવાળું બ્રહ્મ છે. માટે જ 'બ્રહ્મ'ના જાતિ વગેરે બીજા અર્થોની શંકા કરવી નહિ. ब्रह्मणः એમ કર્મણિ ષષ્ઠી છે, શેષ ષષ્ઠી નથી કારણ જિજ્ઞાસાને જિજ્ઞાસ્યની અપેક્ષા રહે છે અને (બ્રહ્મ સિવાય) અન્ય જિજ્ઞાસ્યનો નિર્દેશ કર્યો નથી, (પૂર્વપક્ષી કહે છે) શેષ ષષ્ઠીનો સ્વીકાર કરવામાં આવે તો પણ બ્રહ્મજિજ્ઞાસાનું કર્મ બને તેમાં કોઈ વિરોધ નથી, કારણ સામાન્ય સંબંધ વિશિષ્ટ સંબંધ પર આધારિત હોઈ શકે છે. (સિદ્ધાન્તી) પણ આ રીતે બ્રહ્મના પ્રત્યક્ષ (સીધી રીતે પ્રાપ્ત થતાં) કર્મત્વને ત્યજી સામાન્ય સંબંધ દ્વારા પરોક્ષ કર્મત્વની કલ્પનાનો (તમારો) પ્રયાસ વ્યર્થ જશે. જો તમે (પૂર્વપક્ષી) એમ કહો કે વ્યર્થ નહિ જાય કારણ બ્રહ્મને આધારે રહેલ સર્વે (પદાર્થો) વિચારવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે. (સિદ્ધાન્તી કહે છે) ના, પ્રધાનનું ગ્રહણ થાય એટલે તેને આધારે રહેલ સર્વે (પદાર્થો)ના અર્થનો આક્ષેપ (ગ્રહણ) થઈ જાય છે. જ્ઞાનથી પ્રાપ્ત કરવા માટે બ્રહ્મ જ ઈષ્ટ હોવાથી પ્રધાન (મુખ્ય) છે. તેને જિજ્ઞાસારૂપી કર્મના પ્રધાન તરીકે સ્વીકારવામાં આવતાં જેને જાણ્યા વિના બ્રહ્મને જાણી શકાય નહિ તે સહુનો અર્થની દૃષ્ટિએ આક્ષેપ થાય છે જ. આથી તે માટે પૃથક સૂત્રમાં કહેવાની જરૂર નથી. જેમ 'આ રાજા જાય છે' એમ કહેતાં પરિવાર સાથેના રાજાના ગમનની વાત જ કહેવાઈ જાય છે તેમ (કર્મણિ ષષ્ઠી સ્વીકારતાં) શ્રુતિનું પણ અનુસરણ થાય છે **'જેમાંથી આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે.'** (તૈતિ.ઉપ. -૩-૧) વગેરે શ્રુતિઓ, **'તેને તું જાણ, તે બ્રહ્મ છે'** એમ બ્રહ્મને જિજ્ઞાસાના કર્મ તરીકે પ્રત્યક્ષ દર્શાવે છે. અને તે કર્મણિ ષષ્ઠી સ્વીકારતાં સૂત્રની સાથે અનુગત (એકાર્થક) બને છે. માટે 'ब्रह्मणः'માં કર્મણિ ષષ્ઠી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ज्ञातुमिच्छा जिज्ञासा। अवगतिपर्यन्तं ज्ञानं सन्वाच्याया इच्छायाः कर्म; फलविषयत्वादिच्छायाः। ज्ञानेन हि प्रमाणेनावगन्तुमिष्टं ब्रह्म। ब्रह्मावगतिर्हि पुरुषार्थः, निःशेषसंसारबीजाविद्याद्यनर्थनिबर्हणात्। तस्माद्ब्रह्म विजिज्ञासितव्यम्।

तत्पुनर्ब्रह्म प्रसिद्धमप्रसिद्धं वा स्यात्। यदि प्रसिद्धं, न जिज्ञासितव्यम्। अथाऽप्रसिद्धं नैव शक्यं जिज्ञासितुमिति। उच्यते अस्ति तावद्ब्रह्म नित्यशुद्धबुद्धमुक्तस्वभावं, सर्वज्ञं, सर्वशक्तिसमन्वितम्; ब्रह्मशब्दस्य हि नित्यशुद्धात्वादयोऽर्थाः प्रतीयन्ते; बृंहतेर्धातोरर्थानुगमात् सर्वस्यात्मत्वाच्च ब्रह्मास्तित्वप्रसिद्धिः। सर्वो ह्यात्मास्तित्वं प्रत्येति न नाहमस्मीति। यदि हि नात्मास्तित्वप्रसिद्धिः स्यात् सर्वो लोको नाहमस्मीति प्रतीयात्। आत्मा च ब्रह्म। यदि तर्हि लोके ब्रह्मात्मत्वेन प्रसिद्धमस्ति, ततो ज्ञातमेवेत्यजिज्ञास्यत्वं पुनरापन्नम्। न; तद्विशेषं प्रति विप्रतिपत्तेः। देहमात्रं चैतन्यविशिष्टमात्मेति प्राकृता जना लौकायतिकाश्च प्रतिपन्नाः। इन्द्रियाण्येव चेतनान्यात्मेत्यपरे। मन इत्यन्ये। विज्ञानमात्रं क्षणिकमित्येके। शून्यमित्यपरे अस्ति देहादिव्यतिरिक्तः संसारी कर्ता भोक्तेत्यपरे भोक्तैव केवलं न कर्तेत्येके। अस्ति तद्व्यतिरक्त ईश्वरः सर्वज्ञः सर्वशक्तिरिति केचित्। आत्मा स भोक्तुरित्यपरे। एवं बहवो विप्रतिपन्ना युक्तिवाक्यतदाभाससमाश्रयाः सन्तः। तत्राविचार्य यत्किंचित्प्रतिपद्यमानो निःश्रेयसात्प्रतिहन्येतानर्थं चेयात्। तस्माद्ब्रह्मजिज्ञासोपन्यासमुखेन वेदान्तवाक्यमीमांसा तदविरोधतर्कोपकरणा निःश्रेयसप्रयोजना प्रस्तूयते ॥१॥

जन्माद्यधिकरणम्।

ब्रह्म जिज्ञासितव्यमित्युक्तम्। किंलक्षणं पुनस्तद्ब्रह्मेत्यत आह भगवान्सूत्रकारः

जन्माद्यस्य यतः ॥२॥

जन्मोत्पत्तिरादिरस्येति तद्गुणसंविज्ञानो बहुव्रीहिः। जन्मस्थितिभङ्गं समासार्थः। जन्मनश्चादित्वं श्रुतिनिर्देशापेक्षं च। श्रुतिनिर्देशस्तावत् - **'यतो वा इमानि भूतानि जायन्ते'** (तैत्ति.उप. ३-१) इत्यस्मिन्वाक्ये जन्मस्थितिप्रलयानां क्रमदर्शनात्।

જાણવાની ઈચ્છા તે જિજ્ઞાસા. સાક્ષાત્કાર સુધીનું જ્ઞાન એ 'સન્' પ્રત્યયથી વાચ્ય એવી ઈચ્છાનું કર્મ (એટલે વિષય) છે કારણ ઈચ્છા (હંમેશ) ફલવિષયિણી (ફળને વિષય કરતી) હોય છે. જ્ઞાનરૂપી પ્રમાણથી બ્રહ્મ જાણવું ઈષ્ટ છે. બ્રહ્મનું જ્ઞાન એ પુરુષાર્થ છે કેમ કે તે સમગ્ર સંસારના બીજરૂપ અવિદ્યા વગેરે અનર્થનો નાશ કરનાર છે. આથી બ્રહ્મની જિજ્ઞાસા કરવી જોઈએ.

(પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે) પણ તે બ્રહ્મ પ્રસિદ્ધ છે કે અપ્રસિદ્ધ ? જો પ્રસિદ્ધ હોય તો તેની જિજ્ઞાસા કરવી જોઈએ નહિ. હવે જો તે અપ્રસિદ્ધ છે તો તેની જિજ્ઞાસા સંભવે નહિ (સિદ્ધાન્તી કહે છે) અમે ઉત્તર આપીએ છીએ-નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવવાળું સર્વજ્ઞ અને સર્વશક્તિસંપન્ન બ્રહ્મ (જાણીતું જ) છે. 'બૃહ' ધાતુના અર્થોના અનુગમને કારણે વ્યુત્પત્તિથી સિદ્ધ થતાં બ્રહ્મ શબ્દના નિત્ય, શુદ્ધ વગેરે અર્થો પ્રતીત થાય છે. વળી સર્વનો આત્મા હોવાથી બ્રહ્મનું અસ્તિત્વ જાણીતું છે. દરેકને આત્માના અસ્તિત્વની પ્રતીતિ થાય છે, 'હું નથી' એવી (પ્રતીતિ) કોઈને થતી નથી. આત્માના અસ્તિત્વને જો જાણતો ન હોત તો સર્વે લોકોને 'હું નથી' એવી પ્રતીતિ થાત. અને આત્મા (એ) બ્રહ્મ છે. (પૂર્વપક્ષી કહે છે) જો બ્રહ્મ જગતમાં આત્મા તરીકે જાણીતો છે તો તે જ્ઞાત છે તો પછી તે જિજ્ઞાસાનો વિષય થવા યોગ્ય નથી એમ ફલિત થાય છે. (સિદ્ધાન્તી કહે છે)ના, તેના વિશેષ સ્વરૂપની બાબતમાં વાદવિવાદ છે. 'ચૈતન્યવિશિષ્ટ દેહ એ જ આત્મા' એવું પામર મનુષ્યો અને ચાર્વાકો માને છે, 'ચેતન ઈન્દ્રિયો આત્મા છે' એમ બીજા સ્વીકારે છે,' 'મન (આત્મા) છે' એમ અન્ય સ્વીકારે છે. વિજ્ઞાનમાત્ર એને ક્ષણિક એમ એક, 'શૂન્ય' એમ બીજાઓ (માને છે) 'દેહ વગેરેથી જુદો સંસારી, કર્તા અને ભોક્તા (આત્મા) છે' એમ બીજા કહે છે 'કેવળ' ભોક્તા કર્તા નહિ' એમ એક (માને છે.) 'તે આત્માથી જુદો સર્વજ્ઞ સર્વશક્તિમાન ઈશ્વર છે' એવું કેટલાક (માને છે) તે ઈશ્વર ભોક્તા (જીવાત્માનું સ્વરૂપ) છે એમ (બીજાનો મત છે.) આમ, યુક્તિ, વાક્ય અને તેના આભાસોના આશ્રયે વિરુદ્ધ પ્રતિપાદન કરનારા ઘણા છે. માટે વિચાર્યા વિના ગમે તેનો સ્વીકાર કરનારના કલ્યાણનો વિનાશ થાય અને અનર્થ આવી પડે તેથી બ્રહ્મજિજ્ઞાસાના નિર્દેશ દ્વારા, અવિરોધી તર્કોરૂપી ઉપકરણ (સાધનો) વાળી, કલ્યાણરૂપી પ્રયોજનવાળી વેદાન્તમીમાંસા પ્રસ્તુત કરવામાં આવે છે. (૧)

૨. જન્માદ્યધિકરણ

બ્રહ્મની જિજ્ઞાસા કરવી જોઈએ એમ આચાર્યશ્રીએ કહ્યું, પણ તે બ્રહ્મ કેવા સ્વરૂપનું છે ? (એવો પ્રશ્ન કોઈ કરે તો તેના ઉત્તર) માટે ભગવાન સૂત્રકાર કહે છે :-

આ (જગત)ના જન્મ વગેરે જેનાથી (થાય છે તે બ્રહ્મ છે) (૨)

જન્મ અર્થાત્ ઉત્પત્તિ છે આદિમાં જેના તે જન્માદિ એમ અહીં તદ્ગુણસંવિજ્ઞાન નામનો બહુવ્રીહિ (સમાસ) છે. 'જન્મ, સ્થિતિ અને લય' એ સમાસનો અર્થ છે. શ્રુતિનિર્દેશ અને વસ્તુના સ્વભાવને કારણે ઉત્પત્તિને પ્રથમ કહેવામાં આવેલ છે. શ્રુતિનિર્દેશ જેમકે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

वस्तुवृत्तमपि जन्मना लब्धसत्ताकस्य धर्मिणः स्थितिप्रलसंभवात् । अस्येति प्रत्यक्षादिसंनिधापितस्य धर्मिणः इदमा निर्देशः। षष्ठी जन्मादिधर्मसंबन्धार्था । यत इति कारणनिर्देशः । अस्य जगतो नामरूपाभ्यां व्याकृतस्यानेककर्तृभोक्तृसंयुक्तस्य प्रतिनियतदेशकालनिमित्तक्रियाफलाश्रयस्य मनसाप्यचिन्त्यरचनारूपस्य जन्मस्थितिभङ्गं यतः सर्वज्ञात्सर्वशक्तेः कारणाद्भवति, तद्ब्रह्मेति वाक्यशेषः । अन्येषामपि भावविकाराणां त्रिष्वेवान्तर्भाव इति जन्मस्थितिनाशानामिह ग्रहणम् ।

यास्कपरिपठितानां तु **'जायतेऽस्ति'** इत्यादीनां ग्रहणे तेषां जगतः स्थितिकाले संभाव्यमानत्वान्मूलकारणादुत्पत्तिस्थितिनाशा जगतो न गृहीताः स्युरित्याशङ्क्येत, तन्मा शङ्कीति योत्पत्तिर्ब्रह्मणस्तत्रैव स्थितिः प्रलयश्च त एव गृह्यन्ते । न यथोक्तविशेषणस्य जगतो यथोक्तविशेषणमीश्वरं मुक्त्वान्यतः प्रधानादचेतनात्, अणुभ्योऽभावात्, संसारिणो वा उत्पत्त्यादि संभावयितुं शक्यम् । न च स्वभावतः, विशिष्टदेशकालनिमित्तानामिहोपादानात् । एतदेवानुमानं संसारिव्यतिरिक्तेश्वरास्तित्वादिसाधनं मन्यन्त ईश्वरकारणवादिः।

नन्विहापि तदेवोपन्यस्तं जन्मादिसूत्रे । न; वेदान्तवाक्यकुसुमग्रथनार्थत्वात्सूत्राणाम् । वेदान्तवाक्यानि हि सूत्रैरुदाहृत्य विचार्यन्ते। वाक्यार्थविचारणाध्यवसाननिर्वृत्ता हि ब्रह्मावगतिः, नानुमानादिप्रमाणान्तरनिर्वृत्ता । सत्सु तु वेदान्तवाक्येषु जगतो जन्मादिकारणवादिषु तदर्थग्रहणदार्ढ्यायानुमानमपि वेदान्तवाक्याविरोधि प्रमाणं भवन्न निवार्यते, श्रुत्यैव च सहायत्वेन तर्कस्याभ्युपेतत्वात् । तथा हि - **'श्रोतव्यो मन्तव्यः'** (बृ.उप. २-४-५) इति श्रुतिः **'पण्डितो मेधावी गन्धारानेवोपसंपद्येतैवमेवेहाचार्यवान्पुरुषो वेद'** (छान्दो.उप. ६-१४-२) इति च पुरुषबुद्धिसाहाय्यमात्मनो दर्शयति । न धर्मजिज्ञासायामिव श्रुत्यादय एव प्रमाणं ब्रह्मजिज्ञासायाम्, किंतु श्रुत्यादयोऽनुभवादयश्च यथासंभवमिह प्रमाणम्; अनुभवावसानत्वाद्भूतवस्तुविषयत्वाच्च ब्रह्मज्ञानस्य । कर्त्तव्ये हि विषये नानुभवापेक्षास्तीति श्रुत्यादीनामेव प्रामाण्यं स्यात्, पुरुषाधीनात्मलाभत्वाच्च कर्तव्यस्य । कर्तुमकर्तुमन्यथा वा कर्तुं शक्यं लौकिकं

'જેમાંથી આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે' 'यतो वा इमानि भूतानि जायन्ते'(તૈત્તિ.ઉપ. -૩-૧) એમ આ વાક્યમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય' એ સમાસનો અર્થ છે. શ્રુતિ નિર્દેશ અને વસ્તુના સ્વભાવને કારણે ઉત્પત્તિને પ્રથમ કહેવામાં આવેલ છે. શ્રુતિનિર્દેશ જેમકે-જેમાંથી આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે' 'यतो वा इमानि भूतानि जायन्ते'(તૈતિ.ઉપ. -૩-૧) એમ આ વાક્યમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો અનુક્રમ બતાવ્યો છે. વસ્તુનો સ્વભાવ પણ એ રીતનો જ છે કે જન્મથી જેને અસ્તિત્વ પ્રાપ્ત થયું છે તેવા પદાર્થની સ્થિતિ અને લય શક્ય બને છે. 'આનું' એમાં પ્રત્યક્ષ વગેરેથી પાસે દર્શાવેલા પદાર્થનો 'આ' શબ્દ વડે નિર્દેશ કર્યો છે. (અહીં) ષષ્ઠી વિભક્તિ જન્મ વગેરે સંબંધની વાચક છે. - 'જેથી' એ શબ્દથી કારણનો ઉલ્લેખ થાય છે. નામ અને રૂપથી પ્રગટ થયેલ અનેક કર્તા અને ભોક્તાઓથી યુક્ત, નિશ્ચિત દેશ, કાળ, નિમિત્ત, ક્રિયા અને ફળરૂપી આશ્રયવાળું, જગતનાં જન્મ, સ્થિતિ અને લય જેથી એટલે જે સર્વજ્ઞ, સર્વશક્તિમાન કારણથી થાય છે તે બ્રહ્મ છે એવો વાક્યનો બાકીનો અર્થ છે. બીજા ભાવવિકારો આ ત્રણમાં સમાઈ જાય છે માટે ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ (ત્રણ)નો જ અહીં સ્વીકાર કર્યો છે.

યાસ્ક મુનિ દ્વારા જણાવેલ **'જન્મે છે, છે,'** વગેરેનો સ્વીકાર કરતાં તેઓની જગતના સ્થિતિકાળમાં શક્યતા છે માટે મૂળકારણથી જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું ગ્રહણ નથી થયું એમ શંકા થાય, તે શંકા ન થાય માટે બ્રહ્મની જે ઉત્પત્તિ, તેમાં જ સ્થિતિ અને લય એમ તે (ત્રણ) જ સ્વીકાર્યાં છે. પૂર્વોક્ત વિશેષણવાળા જગતની પૂર્વોકત વિશેષણવાળા ઈશ્વર સિવાય, અન્ય કોઈ અચેતન પ્રધાનથી, અણુઓમાંથી, અભાવમાંથી કે સંસારીથી ઉત્પત્તિ વગેરેની કલ્પના કરવી શક્ય નથી. વળી સ્વભાવથી પણ (ઉત્પત્તિ વગેરે કલ્પના કરવી શક્ય નથી) કારણ અહીં વિશિષ્ટ દેશ, કાળ અને નિમિત્તને સ્વીકારવામાં આવે છે. ઈશ્વરને જગતનું કારણ માનનારા આ જ અનુમાનને સંસારથી જુદા એવા ઈશ્વરના અસ્તિત્વનું કારણ માને છે.

(પૂર્વપક્ષી કહે છે) અહીં પણ તે જ વાત જન્માદિ એ સૂત્રમાં પ્રયોજાયેલ (અથવા પ્રસ્તુત) છે. (સિદ્ધાન્તી કહે છે-) ના, ઉપનિષદના વાક્યોરૂપી પુષ્પોનું ગ્રથન કરવું એવું સૂત્રોનું પ્રયોજન છે. ઉપનિષદનાં વાક્યો જ સૂત્રમાં ઉદ્ધૃત કરી વિચારવામાં આવે છે. (ઉપનિષદોના) વાક્યોના અર્થના વિચારમાંથી ઉદ્‌ભવતા તાત્પર્યના નિર્ણયથી ઉત્પન્ન થતું બ્રહ્મજ્ઞાન અનુમાન વગેરે અન્ય પ્રમાણોથી સિદ્ધ થતું નથી. જગતના જન્મ વગેરે કારણ દર્શાવતાં વેદાન્તનાં વાક્યો સાથે વિરોધ વિનાનું અનુમાન પણ પ્રમાણ બનતું હોય તો તેનું નિરાકરણ કરવામાં આવતું નથી; 'કારણ કે શ્રુતિ પણ સહાયરૂપે અનુમાનનો સ્વીકાર કરે છે. જેમકે-**'સાંભળવા યોગ્ય છે, મનન કરવા યોગ્ય છે'** 'श्रोतव्यो मन्तव्यः' (બૃહ.ઉપ. ૨-૪-૫) એમ અને, **'પંડિત, મેધાવી પુરુષ ગાંધાર દેશને પ્રાપ્ત કરે છે એ રીતે આચાર્યવાન પુરુષ (બ્રહ્મને) જાણે છે.'** (છાંદો.ઉપ. ૬-૧૪-૨) આમ પોતાને પુરુષબુદ્ધિની સહાયતા છે એમ શ્રુતિ જણાવે છે. ધર્મજિજ્ઞાસામાં છે તેમ બ્રહ્મજિજ્ઞાસામાં (કેવળ) શ્રુતિ વગેરે જ પ્રમાણ નથી, પણ શ્રુતિ વગેરે અને અનુભવ વગેરે અહીં (બ્રહ્મજિજ્ઞાસામાં) યથાયોગ્ય રીતે પ્રમાણ છે, કારણ બ્રહ્મજ્ઞાનની સિદ્ધિ અનુભવમાં થાય છે અને સિદ્ધ વસ્તુ તેનો વિષય છે. કર્તવ્ય વિષયમાં અનુભવની અપેક્ષા હોતી નથી. આથી (ત્યાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वैदिकं च कर्म, यथाश्वेन गच्छति, पद्भ्यामन्यथा वा, न वा गच्छतीति । तथा **'अतिरात्रे षोडशिनं गृह्णाति, नातिरात्रे षोडशिनं गृह्णाति, उदिते जुहोति, अनुदिते जुहोति'** इति । विधिप्रतिषेधाश्चात्रार्थवन्तः स्युः, विकल्पोत्सर्गापवादाश्च । न तु वस्त्वेवं नैवमस्ति नास्तीति वा विकल्प्यते । विकल्पनास्तु पुरुषबुद्ध्यपेक्षा । न वस्तुयाथात्म्यज्ञानं पुरुषाबुद्ध्यपेक्षम् । किं तर्हि ? वस्तुतन्त्रमेव तत् । नहि स्थाणावेकस्मिन्स्थाणुर्वा पुरुषोऽन्यो वेति तत्त्वज्ञानं भवति । तत्र पुरुषोऽन्यो वेति मिथ्याज्ञानम्, स्थाणुरेवेति तत्त्वज्ञानं, वस्तुतन्त्रत्वात् । एवं भूतवस्तुविषयाणां प्रामाण्यं वस्तुतन्त्रम् तत्रैवं सति ब्रह्मज्ञानमपि वस्तुतन्त्रमेव, भूतवस्तुविषयत्वात् ।

ननु भूतवस्तुत्वे ब्रह्मणः प्रमाणान्तरविषयत्वमेवेति वेदान्तवाक्यविचारणानर्थिकैव प्राप्ता । न; इन्द्रियाविषयत्वेन संबन्धाग्रहणात्। स्वभावतो विषयविषयाणीन्द्रियाणि; न ब्रह्मविषयाणि । सति हीन्द्रियविषयत्वे ब्रह्मणः इदं ब्रह्मणा संबद्धं कार्यमिति गृह्येत । कार्यमात्रमेव तु गृह्यमाणं किं ब्रह्मणा संबद्धं किमन्येन केनचिद्वा संबद्धमिति न शक्यं निश्चेतुम्। तस्माज्जन्मादिसूत्रं नानुमानोपन्यासार्थम्। किं तर्हि ? वेदान्तवाक्यप्रदर्शनार्थम्। किं पुनस्तद्वेदान्तवाक्यं यत्सूत्रेणेह लिलक्षयिषितम् ? **' भृगुर्वै वारुणिः वरुणं पितरमुपससार। अधीहि भगवो ब्रह्मेति ।'** इत्युपक्रम्याह-**'यतो वा इमानि भूतानि जायन्ते । येन जातानि जीवन्ति । यत्प्रयन्त्यभिसंविशन्ति। तद्ब्रह्मेति'** (तैत्ति.उप.३-१) तस्य च निर्णयवाक्यम् **'आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते । आनन्देन जातानि जीवन्ति। आनन्दं प्रयन्त्यभिसंविशन्तीति'** (तैत्ति.उप.३-६) । अन्यान्यप्येवंजातीयकानि वाक्यानि नित्यशुद्धबुद्धमुक्तस्वभाव-सर्वज्ञस्वरूपकारणविषयाण्युदाहर्तव्यानि ॥२॥

३ शास्त्रयोनित्वाधिकरणम् ।

जगत्कारणत्वप्रदर्शनेन सर्वज्ञं ब्रह्मेत्युपक्षिप्तं तदेव द्रढयन्नाह -

---

શ્રુતિ વગેરે જ પ્રમાણ બની શકે, કારણ કર્તવ્યના સ્વરૂપની સિદ્ધિ પુરુષને અધીન હોય છે. લૌકિક અને વૈદિક કર્મ કરવા, નહિ કરવા, અથવા જુદી રીતે કરવા શક્ય છે. જેમ કે ઘોડા પર બેસીને જાય છે, પગે ચાલીને જાય છે, અન્ય રીતે જાય છે, અથવા નથી જતો. તેમ **'અતિરાત્રિમાં ષોડશી'નું ગ્રહણ કરે છે, અતિરાત્રિમાં ષોડશીનું ગ્રહણ કરતો નથી. '(સૂર્ય) ઉદય થાય ત્યારે હોમ કરે છે,' 'ઉદય થાય તે પહેલાં હોમ કરે છે,'** એમ અહીં વિધિ, નિષેધ, વિકલ્પ, ઉત્સર્ગ તથા અપવાદ પણ છે. પરંતુ (કોઈ સિદ્ધ) વસ્તુ આ છે અથવા નથી એવા વિકલ્પો થઈ શકે નહીં. વિકલ્પ તો પુરુષબુદ્ધિની અપેક્ષા રાખે છે. વસ્તુનું યથાર્થ જ્ઞાન પુરુષબુદ્ધિની અપેક્ષા રાખતું નથી. ત્યારે તે કેવું છે ? તે વસ્તુને વશ છે. એક ઠુંઠામાં આ ઠુંઠું છે અથવા પુરુષ છે અથવા બીજું કોઈ છે એવું તત્ત્વજ્ઞાન થતું નથી ત્યાં પુરુષ કે બીજું કોઈ છે એ મિથ્યાજ્ઞાન છે અને ઠુંઠું છે એ વસ્તુને અધીન હોવાથી સાચું જ્ઞાન છે, આમ સિદ્ધ વસ્તુના વિષયનું પ્રમાણ્ય વસ્તુને અધીન છે આમ હોવાથી બ્રહ્મજ્ઞાન પણ વસ્તુને અધીન છે. કારણ તે સિદ્ધ વસ્તુને સ્પર્શતું જ્ઞાન છે.

(પૂર્વપક્ષી કહે છે.) બ્રહ્મ સિદ્ધવસ્તુ હોવાથી અન્ય પ્રમાણોનો વિષય છે જ તો (પછી) વેદાન્તનાં વાક્યોની વિચારણા અર્થ વિનાની થઈ જાય છે. (સિદ્ધાન્તી કહે છે.) ના (બ્રહ્મ) ઈન્દ્રયોનો વિષય ન હોવાથી (તેનો બીજા પ્રમાણો સાથે) સંબંધ સ્વીકારવામાં આવતો નથી. ઈન્દ્રિયો કુદરતી રીતે જ વિષયોને વિષય કરનારી છે, બ્રહ્મને વિષય કરનારી નથી. બ્રહ્મ ઈન્દ્રિયોનો વિષય હોત તો (આ) જગત બ્રહ્મની સાથે સંબદ્ધ એવું કાર્ય છે એમ તેનું ગ્રહણ થાત; પરંતુ (આ જગતરૂપી) કાર્યમાત્રનું જ ગ્રહણ થાય છે. તો પછી શું તે બ્રહ્મ સાથે જોડાયેલું છે અથવા બીજા કોઈ સાથે જોડાયેલું છે એવો નિશ્ચય થઈ શકતો નથી માટે 'જન્મ' વગેરે એ સૂત્ર અનુમાનને પ્રસ્તુત કરવા માટે નથી. ત્યારે (તમે કહો) શા માટે છે ? તો વેદાન્ત- વાક્યને પ્રસ્તુત કરવા માટે છે. (પૂર્વપક્ષી પૂછે છે) પણ તે વેદાન્તનું કયું વાક્ય છે જે અહીં આ સૂત્ર વડે લક્ષ્ય કરવું યોગ્ય છે ? (સિદ્ધાન્તી) **'વરુણના પુત્ર ભૃગુ (ઋષિ) પિતા વરુણની પાસે ગયા હે ભગવાન! મને બ્રહ્મ (વિશે) ભણાવો.** એમ ઉપક્રમ કરીને (ત્યાં) કહેવામાં આવ્યું છે કે **જેનાથી આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. જેના દ્વારા જન્મેલાં પ્રાણીઓ જીવે છે, જેની તરફ જાય છે અને (અંતે) જેમાં પ્રાણીઓ લય પામે છે. તેને તું જાણ, તે બ્રહ્મ છે.,** (તૈત્તિ.ઉપ. ૩-૧) તેનું નિર્ણયવાક્ય છે - **'આનંદમાં'થી જ આ સર્વ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. આનંદથી જ જન્મેલા પ્રાણીઓ જીવે છે. આનંદ તરફ જાય છે અને (અંતે) આનંદમાં લય પામે છે.** (તૈત્તિ.ઉપ. ૩-૬) બીજા પણ આ પ્રકારના નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવવાળા સર્વજ્ઞ સ્વરૂપ, (સર્વના) કારણરૂપ (બ્રહ્મ)ને વિષય બનાવતાં વાક્યો ઉદાહરણ તરીકે આપવાં જોઈએ.

૩. શાસ્ત્રયોનિત્વાધિકરણ

જગતના કારણરૂપે બ્રહ્મને બતાવી (તે) સર્વજ્ઞ છે તે સૂચવી દીધું છે. (હવે તેનું જ સમર્થન કરતાં કહે છે.-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

शास्त्रयोनित्वात् ॥ ३ ॥

महत ऋग्वेदादेः शास्त्रस्यानेकविद्यास्थानोपबृंहितस्य प्रदीपवत्सर्वार्थावद्योतिनः सर्वज्ञकल्पस्य योनिः कारणं ब्रह्म । न हीदृशस्य शास्त्रस्यर्ग्वेदादिलक्षणस्य सर्वज्ञगुणान्वितस्य सर्वज्ञादन्यतः संभवोऽस्ति । यद्यद्विस्तरार्थं शास्त्र यस्मात्पुरुषविशेषात्संभवति, यथा व्याकरणादि पाणिन्यादेर्ज्ञेयैकदेशार्थमपि, स ततोऽप्यधिकतरविज्ञान इति प्रसिद्धं लोके । किमु वक्तव्यमनेकशाखाभेदभिन्नस्य देवतिर्यङ् मनुष्यवर्णाश्रमादिप्रविभागहेतोर्ऋग्वेदाद्याख्यस्य सर्वज्ञानाकरस्य । प्रयत्नेनैव लीलान्यायेन पुरुषनिःश्वासवद्यस्मान्यमहतो भूताद्योनेः संभवः, **'अस्य महतो भूतस्य निःश्वसितमेतद्यदृग्वेदः'** (बृह० उप. २-४-१०) इत्यादिश्रुतेः । तस्य महतोभूतस्य निरतिशयं सर्वज्ञत्वं सर्वशक्तिमत्त्वं चेति ।

अथवा,-यथोक्तमृग्वेदादि शास्त्रं योनिः कारणं प्रमाणमस्य ब्रह्मणो यथावत्स्वरूपाधिगमे । शास्त्रादेव प्रमाणाज्जगतो जन्मादिकारणं ब्रह्माधिगम्यत इत्यभिप्रायः । शास्त्रमुदाहृतं पूर्वसूत्रे- **'यतो वा इमानि भूतानि जायन्ते'** इत्यादि । किमर्थं तर्हीदं सूत्रं ? यावता पूर्वसूत्रेणैव एवंजातीयकं शास्त्रमुदाहरता शास्त्रयोनित्वं ब्रह्मणो दर्शितम् । उच्यते,-तत्र पूर्वसूत्राक्षरेण स्पष्टं शास्त्रस्यानुपादानाज्जन्मादि-सूत्रेण केवलमनुमानमुपन्यस्तमित्याशङ्क्येत, तामाशङ्कां निवर्तयितुमिदं सूत्रं प्रववृते 'शास्त्रयोनित्वात्' (ब्र.सू.१-१-३) इति ॥३॥

४. समन्वयाधिकरणम् ।

कथं पुनर्ब्रह्मणः शास्त्रप्रमाणकत्वमुच्यते, यावता **'आम्नायस्य क्रियार्थत्वादानर्थक्यमतदर्थानाम्'** (जै. सू. १-२-१) इति क्रियापरत्वं शास्त्रस्य प्रदर्शितम् ।अतो वेदान्तानामानर्थक्यम्; अक्रियार्थत्वात् कर्तृदेवतादिप्रकाशनार्थत्वेन वा क्रियाविधिशेषत्वम्, उपासनादिक्रियान्तरविधानार्थत्वं वा । नहि परिनिष्ठितवस्तुप्रतिपादनं संभवति; प्रत्यक्षादिविषयत्वात्परिनिष्ठितवस्तुनः, तत्प्रतिपादने च हेयोपादेयरहिते पुरुषार्थाभावात् । अत एव **'सोऽरोदीत्'** इत्येवमादीनामानर्थक्यं मा भूदिति **'विधिना त्वेकवाक्यत्वात्स्तुत्यर्थेन**

શાસ્ત્રયોનિ છે તેથી (૩)

અનેક વિદ્યાસ્થાનોથી પરિપુષ્ટ દીવાની જેમ દરેક પદાર્થને પ્રકાશિત કરનાર, સર્વજ્ઞ જેવા મહાન ઋગ્વેદ વગેરે શાસ્ત્રની યોનિ એટલે કારણ બ્રહ્મ છે. ઋગ્વેદ વગેરે સ્વરૂપવાળાં, સર્વગુણોથી યુક્ત એવા શાસ્ત્રની સર્વજ્ઞ સિવાય બીજા કોઈથી ઉત્પત્તિ શક્ય નથી જે જે વિસ્તારાર્થે શાસ્ત્ર જે પુરુષવિશેષથી પેદા થાય છે તે (વિદ્વાન) તે (શાસ્ત્રો)થી અધિક જ્ઞાની હોય છે એ વાત લોકમાં પ્રસિદ્ધ છે, જેમ કે પાણિનિ વગેરેના જ્ઞાનના એક અંશરૂપ (તેઓએ રચેલ) વ્યાકરણ વગેરે શાસ્ત્રો છે. તો પછી અનેક શાખાભેદથી ભિન્ન, દેવ, પશુ, મનુષ્ય; વર્ણ વગેરે આશ્રમ વિભાગને કારણે બધા જ્ઞાનની ખાણ, ઋગ્વેદ વગેરે શાસ્ત્રોની પ્રયત્ન વગર જ 'લીલાન્યાય'થી મનુષ્યના નિઃશ્વાસની જેમ જે મહાન સદ્રૂપ કારણથી ઉત્પત્તિ થાય છે. શ્રુતિમાં કહ્યું છે કે, 'अस्य महतो भूतस्य निःश्वसितमेतद्यदृग्वेदः, **'આ મહાન સદ્રૂપ બ્રહ્મના ઋગ્વેદ ઈત્યાદિ નિઃશ્વાસ છે,'** (બૃહ. ઉપ. ૨-૪-૧૦) તે મહાન સદ્રૂપ બ્રહ્મના નિરતિશય સર્વજ્ઞત્વ અને સર્વશક્તિમત્વ વિશે શું કહેવું ?

અથવા પહેલાં કહેલ ઋગ્વેદ વગેરે શાસ્ત્ર યોનિ એટલે કારણ અર્થાત્ આ બ્રહ્મના યથાર્થ સ્વરૂપના જ્ઞાન માટે પ્રમાણ છે. શાસ્ત્રના પ્રમાણથી જ બ્રહ્મ જગત વગેરેના જન્મ વગેરેનું કારણ છે એવું સમજાય છે, એવો (અહીં) અભિપ્રાય છે. પૂર્વસૂત્રમાં શાસ્ત્રનું ઉદાહરણ આપ્યું છે કે, **'જેમાંથી આ પ્રાણીઓ ઉત્પન થાય છે.'** વગેરે (પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે-) જ્યારે પૂર્વસૂત્રમાં આ પ્રકારના શાસ્ત્રોનું ઉદાહરણ આપતા બ્રહ્મનું શાસ્ત્રયોનિત્વ દર્શાવી દીધું છે તો આ સૂત્રનું શું પ્રયોજન ? (સિદ્ધાન્તી) ઉત્તર આપીએ છીએ - ત્યાં પૂર્વસૂત્રના અક્ષરોથી શાસ્ત્રનું સ્પષ્ટ ગ્રહણ થતું નથી આથી કેવળ જન્મ વગેરેના અનુમાનને પ્રસ્તુત કર્યું છે એવી કોઈ શંકા કરે તો તે શંકાને દૂર કરવા માટે આ 'शास्त्रयोनित्वात्' (બ્ર.સૂ. ૧-૧-૩) સૂત્ર પ્રવૃત્ત થયું છે.

૪. સમન્વયાધિકરણ

(પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે) પણ બ્રહ્મ શાસ્ત્રપ્રમાણક છે એ કેવી રીતે કહો છો જ્યારે आम्नायस्य क्रियार्थत्वादानर्थक्यमतदर्थानाम् **'વેદ ક્રિયાર્થક હોવાથી તેવા અર્થવાળા નહિ એટલે ક્રિયાર્થક ન હોય તે વાક્યો અર્થ વિનાના છે.** (જૈ સૂ. ૧-૨-૧) એમ શાસ્ત્રનું ક્રિયાપરકત્વ દર્શાવેલું છે માટે ક્રિયાર્થક ન હોવાથી વેદાન્ત પ્રયોજન વિનાનું છે. અથવા કર્તા દેવતા વગેરેને પ્રકાશિત કરવારૂપી પ્રયોજનવાળાં હોવાથી (તે વાક્યો) ક્રિયાવિધિના અંગરૂપ છે અથવા ઉપાસના વગેરે અન્ય ક્રિયાઓનું વિધાન કરવા માટે તે બધાં વાક્યો છે. સિદ્ધ વસ્તુનું પ્રતિપાદન (એ વેદાન્ત વાક્યનું પ્રયોજન) સંભવી શકે નહિ. કારણ સિદ્ધવસ્તુ પ્રત્યક્ષ વગેરેનો વિષય છે. અને તેનું પ્રતિપાદન હેય અને ઉપાદેય રહિત હોવાથી તેમાં પુરુષાર્થની આવશ્યકતા નથી. આથી જ **'તે રડ્યો'** વગેરે (વાક્યો) અર્થહીન ન બને માટે 'વિધિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विधीनां स्युः' (जै. सू. १-२-७) इति स्तावकत्वेनार्थवत्त्वमुक्तम्। मन्त्राणां च '**इषे त्वा**' इत्यादीनां क्रियातत्साधनाभिधायित्वेन कर्मसमवायित्वमुक्तम्। अतो न क्वचिदपि वेदवाक्यानां विधिसंस्पर्शमन्तरेणार्थवत्ता दृष्टोपपन्ना वा। न च परिनिष्ठिते वस्तुस्वरूपे विधिः संभवति; क्रियाविषयत्वाद्विधेः तस्मात्कर्मापेक्षितकर्तृस्वरूपदेवतादिप्रकाशनेन क्रियाविधिशेषत्वं वेदान्तानाम्। अथ प्रकरणान्तरभयान्नैतदभ्युपगम्यते, तथापि स्ववाक्यगतोपासनादिकर्मपरत्वम्। तस्मान्न ब्रह्मणः शास्त्रयोनित्वमिति प्राप्ते उच्यते,-

तत्तु समन्वयात् ॥ ४ ॥

तुशब्दः पूर्वपक्षव्यावृत्त्यर्थः। तत् ब्रह्म सर्वज्ञं सर्वशक्ति जगदुत्पत्तिस्थितिलयकारणं वेदान्तशास्त्रादेवावगम्यते। कथम्? समन्वयात्। सर्वेषु हि वेदान्तेषु वाक्यानि तात्पर्येणैतस्यार्थस्य प्रतिपादकत्वेन समनुगतानि। '**सदेव सोम्येदमग्र आसीत्**'। '**एकमेवाद्वितीयम्**' (छान्दो. उप. ६/२/१) '**आत्मा वा इदमेक एवाग्र आसीत्**' (ऐत० उप. २/१/१/१) '**तदेतद्ब्रह्मापूर्वमनपरमनन्तरमबाह्यम्**'।'**अयमात्मा ब्रह्म सर्वानुभूः**' (बृह० उप. २/५/१२) '**ब्रह्मैवेदममृतं पुरस्तात्**' (मुण्ड० २/२/१२) इत्यादीनि। न च तद्गतानां पदानां ब्रह्मस्वरूपविषये निश्चिते समन्वयेऽवगम्यमानेऽर्थान्तरकल्पना युक्ता, श्रुतहान्यश्रुतकल्पनाप्रसङ्गात्। न च तेषां कर्तृस्वरूपप्रतिपादनपरतावसीयते, '**तत्केन कं पश्येत्**' (बृह० उप. २/४/१३) इत्यादिक्रियाकारकफलनिराकरण श्रुतेः। न च परिनिष्ठितवस्तुस्वरूपत्वेऽपि प्रत्यक्षादिविषयत्वं ब्रह्मणः, '**तत्त्वमसि**' (छान्दो०उप.६/८/७) इति ब्रह्मात्मभावस्य शास्त्रमन्तरेणानवगम्यमानत्वात्। यत्तु हेयोपादेयरहितत्वादुपदेशानार्थक्यमिति, नैष दोषः। हेयोपादेयशून्यब्रह्मात्मतावगमादेव सर्वक्लेशप्रहाणात्पुरुषार्थसिद्धेः। देवतादिप्रतिपादनस्य तु स्ववाक्यगतोपासनार्थत्वेऽपि न कश्चिद्विरोधः। न तु तथा ब्रह्मण उपासनाविधिशेषत्वं संभवति, एकत्वे हेयोपादेयशून्यतया क्रियाकारकादिद्वैतविज्ञानोपमर्दोपपत्तेः। नह्येकत्वविज्ञानेनोन्मथितस्य द्वैतविज्ञानस्य पुनः संभवोऽस्ति, येनोपासनाविधिशेषत्वं ब्रह्मणः प्रतिपाद्येत। यद्यप्यन्यत्र वेदवाक्यानां

त्वेकवाक्यत्वात्स्तुत्यर्थेन विधीनां स्युः' **'વિધિ વાક્યો સાથે (અર્થવાદ વગેરે વાક્યોની) એકવાક્યતા હોવાથી વિધિવાક્યોની સ્તુતિ એ (એ વાક્યોનું) પ્રયોજન છે'** (જૈ.સૂ. ૧-૨-૭) એણ સ્તુતિપરક હોવાથી તેવાં (વેદાન્ત વાક્યોને) સાર્થક કહ્યાં છે અને - **'હું તને શક્તિ માટે કાપું છું'** વગેરે મન્ત્રો ક્રિયા અને તેનાં સાધનોના વાચક હોવાથી તે સહુ કર્મ જોડે જોડાયેલા કહેવાયા છે. ક્યાંય વિધિના સ્પર્શ વિના વેદવાક્યોની અર્થવત્તા દેખાતી નથી કે સિદ્ધ થતી નથી. સિદ્ધ વસ્તુના સ્વરૂપની બાબતમાં કોઈ વિધિ હોતી નથી. કારણ કે વિધિ ક્રિયાવિષયક હોય છે. માટે કર્મમાં અપેક્ષિત કર્તા તથા દેવતા ઈત્યાદિના સ્વરૂપનું પ્રકાશન કરતા હોવાથી વેદાન્તના વાક્યો ક્રિયાવિધિના શેષ (એટલે અંગભૂત) છે. અન્ય પ્રકારના ભયથી આનો સ્વીકાર કરવામાં ન આવે તો પણ (વેદાન્ત) પોતાનાં વાક્યોમાં રહેલી ઉપાસના વગેરે કર્મપરક છે માટે જ્યારે બ્રહ્મ શાસ્ત્રયોનિ નથી એવું માનવાનું આવી પડ્યું ત્યારે (સૂત્રકાર)કહે છે—

તે (બ્રહ્મ) તો (વેદાન્તથી સમજાય છે) સમન્વયથી (૪)

'તુ' - શબ્દ પૂર્વપક્ષનું ખંડન કરે છે. સર્વજ્ઞ, સર્વશક્તિમાન, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ બ્રહ્મ છે (એમ) વેદાન્તશાસ્ત્ર દ્વારા સમજાય છે. (પૂર્વપક્ષી પૂછે છે) કેવી રીતે ? (સિદ્ધાન્તી ઉત્તર આપે છે) સમન્વયથી, કારણ કે **'હે સૌમ્ય ! આ સઘળી ઉત્પત્તિ પહેલાં એક માત્ર અદ્વિતીય સત્ હતું.'** (છાંદો. ઉપ. ૬-૨-૧) **'આ બધી ઉત્પત્તિ પહેલાં એક આત્મા જ હતો'** (ઐત.બ્રા. ૨-૧-૧-૧) **'તે આ બ્રહ્મ કારણરહિત કાર્યરહિત અન્ય વિજાતીય દ્રવ્ય વિનાનું અદ્વિતીય છે.' 'આ આત્મા જ સર્વનો અનુભવ કરનારો છે.'** (બૃહ.ઉપ. ૨-૫-૧૨) **'આ અમૃત બ્રહ્મ જ સામે રહેલું છે'** (મું.ઉપ.૨-૨-૧૨) ઈત્યાદિ વાક્યો સર્વ ઉપનિષદોમાં તાત્પર્યથી આ જ અર્થનું પ્રતિપાદન કરી સમન્વિત છે, તેમાં રહેલ પદોનો બ્રહ્મસ્વરૂપ વિષયમાં નિશ્ચિત સમન્વય જાણ્યા પછી બીજા અર્થની કલ્પના કરવી બરાબર નથી; કારણ (તેથી) શ્રુત અર્થની હાનિ અને અશ્રુત અર્થની કલ્પના કરવાનો પ્રસંગ આવશે, અને આ વાક્યોનું કર્તાના સ્વરૂપનું પ્રતિપાદન કરવાનું તાત્પર્ય છે એ નક્કી થઈ શકતું નથી, કારણ કે તે બ્રહ્મ વિદ્યાકાળમાં **'કયો કર્તા કોના વડે કયા વિષયને જોશે ?'** 'तत्केन कं पश्येत' (બૃહ. ૨-૪-૧૩) ઈત્યાદિ શ્રુતિથી ક્રિયા, કારક અને ફળનો નિષેધ કરાયો છે. વળી સિદ્ધ વસ્તુ સ્વરૂપ હોવા છતાં પણ બ્રહ્મ પ્રત્યક્ષ વગેરે (પ્રમાણ)નો વિષય બનતું નથી **'તે તું છે'** (છાંદો. ઉપ. ૬-૮-૭) એમ શાસ્ત્ર વિના બ્રહ્માનું સ્વરૂપ જાણી શકાતું નથી. હેયથી અને ઉપાદેયથી રહિત હોવાથી બ્રહ્મનો ઉપદેશ નિષ્ફળ છે એવું જે (તમે કહ્યું) તે દોષ નથી, કારણ હેયથી અને ઉપાદેયથી રહિત એવા બ્રહ્મના સ્વરૂપને જાણવાથી બધા કલેશોનો નાશ થવાથી પરમ પુરુષાર્થની સિદ્ધિ થાય છે. વળી (તમે કહ્યું તેમ) જો દેવતા વગેરેનું પ્રતિપાદન સ્વવાક્યગત ઉપાસનાપરક હોય તો પણ તેમાં કોઈ વિરોધ આવતો નથી. પરંતુ બ્રહ્મ ઉપાસના વિધિનું અંગ બની શકતું નથી, એકત્વનું જ્ઞાન થવાથી (બ્રહ્મ) હેય અને ઉપાદેયની રહિત બની જતાં ક્રિયા, કારક વગેરે દ્વૈત-વિજ્ઞાનનો બાધ સંભવે છે. એકત્વના જ્ઞાનથી નાશ પામેલા દ્વૈતજ્ઞાનનો ફરીથી સંભવ શક્ય નથી કે જેથી બ્રહ્મ ઉપાસના વિધિનું અંગ છે એમ પ્રતિપાદન કરાય. જો કે બીજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न विधिसंस्पर्शमन्तरेण प्रमाणत्वं दृष्टम्; तथाप्यात्मविज्ञानस्य फलपर्यन्तत्वान्न तद्विषयस्य शास्त्रस्य प्रामाण्यं शक्यं प्रत्याख्यातुम्। न चानुमानगम्यं शास्त्रप्रामाण्यं, येनान्यत्र दृष्टं निदर्शनमपेक्ष्येत । तस्मात्सिद्धं ब्रह्मणः शास्त्रप्रमाणकत्वम् ।

अत्रापरे प्रत्यवतिष्ठन्ते-यद्यपि शास्त्रप्रमाणकं ब्रह्म, तथापि प्रतिपत्तिविधिविषयतयैव शास्त्रेण ब्रह्म समर्प्यते । यथा यूपाहवनीयादीन्यलौकिकान्यपि विधिशेषतया शास्त्रेण समर्प्यन्ते, तद्वत् । कुत एतत् ? प्रवृत्तिनिवृत्ति-प्रयोजनत्वाच्छास्त्रस्य । तथा हि-शास्त्रतात्पर्यविद आहुः-**'दृष्टो हि तस्यार्थः कर्मावबोधनम्'** (जै. सू. १/१/१) इति। **'चोदनेति क्रियायाः प्रवर्तकं वचनम्'**। **'तस्य ज्ञानमुपदेशः-'** (जै.सू. १/१/५) । **'तद्भूतानां क्रियार्थेन समाम्नायः-'** (जै.सू. १/१/२५) **'आम्नायस्य क्रियार्थत्वादानर्थक्यमतदर्थानाम्-'** (जै.सू. १/२/१) इति च । अतः पुरुषं क्वचिद्विषयविशेषे प्रवर्तयत्कुतश्चिद्विषय-विशेषान्निवर्तयच्चार्थवच्छास्त्रम् । तच्छेषतया चान्यदुपयुक्तम् । तत्सामान्याद्वेदान्तानामपि तथैवार्थवत्त्वं स्यात् । सति च विधिपरत्वे यथा स्वर्गादिकामस्याग्निहोत्रादिसाधनं विधीयत एवममृतत्वकामस्य ब्रह्मज्ञानं विधीयत इति युक्तम्।

नन्विह जिज्ञास्यवैलक्षण्यमुक्तम् - कर्मकाण्डे भव्यो धर्मोजिज्ञास्यः; इह तु भूतं नित्यनिर्वृत्तं ब्रह्म जिज्ञास्यमिति; तत्र धर्मज्ञानफलादनुष्ठानापेक्षाद्विलक्षणं ब्रह्मज्ञानफलं भवितुमर्हति ।

नार्हत्येव भवितुम्; कार्यविधिप्रयुक्तस्यैव ब्रह्मणः प्रतिपाद्यमानत्वात् । **'आत्मा वा अरे द्रष्टव्यः'** (बृ० उप. २/४/५) इति। **'य आत्माऽपहतपाप्मा'**, **'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः'** (छान्दो. उप. ८/७/१), **'आत्मेत्येवोपासीत'** (बृ० उप. १/४/७) **'आत्मानमेव लोकमुपासीत'** (बृह.उप. १/४/१५) । **'ब्रह्म वेद ब्रह्मैव भवति'** (मुण्ड० उप. २/२/९) इत्यादिविधानेषु सत्सु- **'कोऽसावात्मा, किं तद्ब्रह्म ?'** इत्याकाङ्क्षायां तत्स्वरूपसमर्पणेन सर्वे वेदान्ता उपयुक्ताः-नित्यः सर्वज्ञः सर्वगतो नित्यतृप्तो नित्यशुद्धबुद्धमुक्तस्वभावो विज्ञानमानन्दं ब्रह्म इत्येवमादयः । तदुपासनाच्च शास्त्रदृष्टोऽदृष्टो मोक्षः फलं भविष्यतीति ।

સ્થળે વિધિ સાથે સંબંધ વિના વેદાન્તવાક્યો પ્રમાણભૂત છે, એવું જણાતું નથી, તો પણ આત્મવિજ્ઞાન ફળપર્યંત હોવાથી તેને સ્પર્શતા શાસ્ત્રના પ્રામાણ્યનું નિરાકરણ શક્ય નથી. શાસ્ત્રનું પ્રામાણ્ય અનુમાનથી જાણી શકાય તેમ નથી કે જેથી એ અન્ય સ્થળે જોયેલાં દૃષ્ટાન્તોની અપેક્ષા રાખે. માટે બ્રહ્મ શાસ્ત્રપ્રમાણ (છે એવું) સિદ્ધ થાય છે.

અહીં બીજાઓ (વૃત્તિકાર) પૂર્વપક્ષ કરે છે - જો કે બ્રહ્મ શાસ્ત્રપ્રમાણક છે તો પણ પ્રતિપત્તિ (ઉપાસના) વિધિના વિષય તરીકે શાસ્ત્ર બ્રહ્મનો બોધ કરે છે. યૂપ, આહવનીય ઈત્યાદિ અલૌકિક પદાર્થોનો પણ વિધિના અંગ તરીકે શાસ્ત્રબોધ કરે છે તેમ. આ કેવી રીતે ? કારણ કે શાસ્ત્રનું પ્રયોજન પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ છે. જેમ કે શાસ્ત્રનું તાત્પર્ય જાણનારા કહે છે **'કર્મનો બોધ કરાવવો એ શાસ્ત્રનું દૃષ્ટફળ છે.'** 'दृष्टो हि तस्यार्थः कर्मावबोधनम्' (જૈ.સૂ. ૧.૧.૧ પરનું શાબરભાષ્ય) **'ચોદના એ ક્રિયાનું પ્રવર્તક વચન છે. તેનું જ્ઞાપક ઉપદેશ છે.'** (જૈ. સૂ. ૧-૧-૫) તદ્ ભૂતાનામ્ **તેમાં રહેલાં પદોનું ક્રિયાવાચક પદો સાથે ઉચ્ચારણ કરવું** 'तदभूतानां क्रियार्थेन समाम्नायः (જૈ. સૂ. ૧-૧-૨૫) **'વેદ ક્રિયાર્થક હોવાથી તેવા અર્થવાળા નહિ એટલે ક્રિયાર્થક ન હોય તે વાક્ય નિરર્થક છે'** (જૈ.સૂ. ૧-૨-૧) વગેરે. આથી પુરુષને કોઈ વિષયવિશેષમાં પ્રવૃત્તિ કરાવનાર અને કોઈ વિષયવિશેષમાંથી નિવૃત્તિ કરાવનાર શાસ્ત્ર અર્થવાળું છે. અને બીજાં વાક્યો તેના અંગ હોવાથી ઉપયુક્ત છે, તેની સાથે સમાનતા હોવાથી વેદાન્તનાં વાક્યો પણ એ જ રીતે સાર્થક બનશે, અને (આમ) વેદાન્તવાક્યો વિધિપરક થતાં, જેમ સ્વર્ગ વગેરેની કામનાવાળી વ્યક્તિ માટે અગ્નિહોત્ર વગેરેનું વિધાન કરાય છે તેમ, અમૃતત્વની કામનાવાળા માટે બ્રહ્મજ્ઞાનનું વિધાન કરાય છે એમ (કહેવું) યોગ્ય છે.

(સિદ્ધાન્તી સામી શંકા કરે છે) - અહીં જિજ્ઞાસ્યનો ભેદ વર્ણવ્યો છે. કર્મકાંડમાં ભવ્ય સાધ્ય ઉત્પન્ન થનાર ધર્મ જિજ્ઞાસ્ય (જાણવાનો વિષય) છે પણ અહીં (વેદાન્તમાં) તો સિદ્ધ, નિત્યનિર્વૃત્ત બ્રહ્મજિજ્ઞાસ્ય છે ત્યાં અનુષ્ઠાનની અપેક્ષાવાળા ધર્મજ્ઞાનના ફળથી બ્રહ્મજ્ઞાનનું ફળ વિલક્ષણ સિદ્ધ થવા યોગ્ય છે.

(પૂર્વપક્ષી આ શંકાનો ઉત્તર આપે છે) - એવું બનવું યોગ્ય નથી, કારણ (ત્યાં) કાર્યવિધિપ્રયુક્ત બ્રહ્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. **'અરે ! આત્માનો સાક્ષાત્કાર કરવો જોઈએ'** (બૃહ ઉપ. ૨-૪-૫)' **'જે આત્મા પાપ વિનાનો છે તેને શોધવો જોઈએ તેની જિજ્ઞાસા કરવી જોઈએ.'** (છાંદોગ્ય. ૮-૭-૧) **'આત્મા છે એમ ઉપાસના કરવી જોઈએ.'** (બૃહ. ૧-૪-૭) **'જ્ઞાનસ્વરૂપ આત્માની ઉપાસના કરો.'**(બૃહ.ઉપ. ૧-૪-૧૫) **'બ્રહ્મને જાણનાર બ્રહ્મ જ બની જાય છે.'** (મું. ઉપ. ૨-૨-૯) વગેરે વિધાનો હોવાથી **'આ આત્મા કોણ છે ?' 'તે બ્રહ્મ શું છે ?'** એવી જાણવાની ઈચ્છા થતાં તેના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે 'નિત્ય, સર્વજ્ઞ, સર્વગત, નિત્યતૃપ્ત, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સ્વભાવવાળા, વિજ્ઞાન સ્વરૂપ, આનંદરૂપ બ્રહ્મ છે' અને અન્ય સર્વે વેદાન્તવાક્યો ઉપયોગી થાય છે. વળી તેની ઉપાસનાથી શાસ્ત્ર દ્વારા દૃષ્ટ અને (લોકમાં પ્રમાણોથી) અદૃષ્ટ એવું મોક્ષરૂપી ફળ મળશે. (વેદાન્તવાક્યોને) કર્તવ્યવિધિનાં અંગ તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर्तव्यविध्यननुप्रवेशे तु वस्तुमात्रकथने हानोपादानासंभवात् **'सप्तद्वीपा वसुमती'**, **'राजासौ गच्छति'** इत्यादिवाक्यवद्वेदान्तवाक्यानामानर्थक्यमेव स्यात् । ननु वस्तुमात्रकथनेऽपि **'रज्जुरियं नायं सर्पः'** इत्यादौ भ्रान्तिजनितभीतिनिवर्तनेनार्थवत्त्वं दृष्टं तथेहाप्यसंसार्यात्मवस्तुकथनेन संसारित्वभ्रान्तिजनितभीतिनिवर्तनेनार्थवत्त्वं स्यात्। स्यादेतदेवम्, यदि रज्जुस्वरूपश्रवणमात्रेणेव इव सर्पभ्रान्तिः,, संसारित्व भ्रान्तिर्ब्रह्मस्वरूपश्रवणमात्रेण निवर्तेत, न तु निवर्तते; श्रुतब्रह्मणोऽपि यथापूर्वं सुखदुःखादिसंसारिधर्मदर्शनात् **'श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः'** (बृह० उप. २/४/५) इति च श्रवणोत्तरकालयोर्मनननिदिध्यासनयोर्विधिदर्शनात् । तस्मात्प्रतिपत्तिविधिविषयतयैव शास्त्रप्रमाणकं ब्रह्माभ्युपगन्तव्यमिति ।

अत्राभिधीयते-न; कर्म-ब्रह्मविद्याफलयोर्वैलक्षण्यात् । शारीरं वाचिकं मानसं च कर्म श्रुतिस्मृतिसिद्धं धर्माख्यं, यद्विषया जिज्ञासा **'अथातो धर्मजिज्ञासा'** (जै. सू. १/१/१) इति सूत्रिताः अधर्मोऽपि हिंसादिः प्रतिषेधचोदनालक्षणत्वाज्जिज्ञास्यः परिहाराय। तयोश्चोदनालक्षणयोरर्थानर्थयोर्धर्माधर्मयोः फले प्रत्यक्षे सुखदुःखे शरीरवाङ्मनोभिरेवोपभुज्यमाने विषयेन्द्रियसंयोगजन्ये ब्रह्मादिषु स्थावरान्तेषु प्रसिद्धे । मनुष्यत्वादारभ्य ब्रह्मान्तेषु देहवत्सु सुखतारतम्यमनुश्रूयते । ततश्च तद्धेतोर्धर्मस्य तारतम्यं गम्यते । धर्मतारतम्यादधिकारितारतम्यम् । प्रसिद्धं चार्थित्वसामर्थ्यविद्वत्तादिकृतमधिकारितारतम्यम् । तथा च यागाद्यनुष्ठायिनामेव विद्यासमाधिविशेषादुत्तरेण पथा गमनं, केवलैरिष्टापूर्तदत्तसाधनैर्धूमादिक्रमेण दक्षिणेन पथा गमनं, तत्रापि सुखतारतम्यं तत्साधनतारतम्यं च शास्त्रात् **'यावत्संपातमुषित्वा'** (छान्दो० उप. ५/१०/५) इत्यस्माद्गम्यते । तथा मनुष्यादिषु नारकस्थावरान्तेषु सुखलवश्चोदनालक्षणधर्मसाध्य एवेति गम्यते तारतम्येन वर्तमानः । तथोर्ध्वगतेष्वधोगतेषु च देहवत्सु दुःखतारतम्यदर्शनात्तद्धेतोरधर्मस्य प्रतिषेधचोदनालक्षणस्य तदनुष्ठायिनां च तारतम्यं गम्यते । एवमविद्यादिदोषवतां धर्माधर्मतारतम्यनिमित्तं शरीरोपादानपूर्वकं सुखदुःखतारतम्यमनित्यं संसाररूपं श्रुतिस्मृतिन्यायप्रसिद्धम्। तथा च श्रुति :- **'न ह वै सशरीरस्य सतः प्रियाप्रिययोरपहतिरस्ति'**

न स्वीकारतां वस्तुमात्रनुं कथन करनारां मानतां; हान अने उपादान असंभव (अशक्य) बनी जवाथी **'पृथ्वी सात द्वीपवाळी छे.'** - **'आ राजा जाय छे'** वगेरे वाक्योनी जेम वेदान्तवाक्यो निरर्थक बनी जाय. (सिद्धान्ती शंका करे छे) **'आ दोरडी छे, आ साप नथी.'** एम केवळ वस्तुनुं कथन करवाथी पण भ्रान्तिथी उत्पन्न थयेल भयनी निवृत्ति द्वारा सार्थकता (सिद्ध थती) जोई शकाय छे तेम अहीं (वेदान्तवाक्योनी बाबतमां) पण असंसारी आत्मवस्तुना कथनथी संसारित्व भ्रांतिनी निवृत्तिथी (तेनी) सार्थकता (सिद्ध) थाय. (पूर्वपक्षी आनो उत्तर आपे छे) आवुं थई शके जो रज्जुना स्वरूपना श्रवणमात्रथी जेम भ्रांति निवृत्त थाय छे तेम ब्रह्मना स्वरूपना श्रवणमात्रथी संसारित्वनी भ्रान्ति दूर थई जती होय पण (ते) तेवी रीते दूर थती नथी कारण ब्रह्मनुं श्रवण करनारमां पण पहेलांनी जेम सुख दुःख वगेरे जगतना धर्मो देखाय छे. अने 'श्रोतव्यो मन्तव्यो निदध्यासितव्यः' **'आत्मा श्रवण करवा, मनन करवा अने निदिध्यासन करवा योग्य छे.'** (बृह. उप. २-४-५) ए श्रुतिमां श्रवण पछीना काळमां मनन अने निदिध्यासननी विधि जोवामां आवे छे, माटे उपासना विधिना अंग तरीके ज ब्रह्म शास्त्र-प्रमाणक छे एवुं मानवुं पडशे.

(सिद्धान्ती कहे छे) अमे कहीए छीए. ना, (तेम नथी) कारण कर्म अने ब्रह्मविद्याना फळमां भेद छे. कायिक, वाचिक अने मानसिक कर्म श्रुति अने स्मृतिमां धर्म नामे जाणीता छे, जे (धर्म) विषयक जिज्ञासा **'वेदाध्ययन पछी धर्मनी जिज्ञासा करवी जोईए'** (जै.सू. १-१-१)'मां सूत्रबद्ध करवामां आवेल छे. हिंसादि अधर्म पण प्रतिषेध-प्रवर्तक वाक्यो त्यजवा माटे जाणवा जोईए. ते चोदना (प्रेरणा) रूपी लक्षणवाळा अर्थ अने अनर्थरूप धर्म अने शरीर, वाणी अने मनथी भोगवातुं, विषय अने ईन्द्रियोना संयोगथी उत्पन्न थतुं सुख अने दुःखरूपी फळ ब्रह्मथी मांडी स्थावर सुधी प्रसिद्ध छे. मनुष्यथी मांडी ब्रह्मादि सुधीनो वत्ताओछापणानो भेद श्रुतिमां वर्णव्यो छे, अने तेथी तेना कारण एवा धर्मनुं तारतम्य समजी शकाय तेम छे. धर्ममां तारतम्य होवाथी तेना अधिकारीनुं तारतम्य समजी शकाय छे. अने फळनी कामना (द्रव्यादि) सामर्थ्य वगेरेथी उत्पन्न थतुं अधिकारीनुं तारतम्य जाणीतुं छे. जेमके यज्ञ ईत्यादि अनुष्ठान करनारनी विद्या अने समाधिविशेषथी उत्तर मार्गथी गति (थाय छे) अने केवळ ईष्ट, पूर्त अने दत्तनां साधनोथी दक्षिण मार्गे गति थाय छे त्यां पण सुख अने तेना साधनोनुं तारतम्य **'त्यां कर्मना फळनो क्षय थाय त्यां सुधी रहीने'** (छांदो. उप. ५-१०-५)' ए शास्त्रवचनथी समजाय छे. मनुष्य वगेरेथी मांडी नरकमां वसनार तथा स्थावर सुधीना (जीवो)मां तारतम्यथी रहेल सुख चोदनारूपी धर्मथी साध्य छे एवुं देखाय छे. वळी ऊंची गति अने नीची गतिवाळा देहधारीओमां दुःखनुं तारतम्य देखाय छे तेथी तेना हेतुरूप अधर्म के जे प्रतिषेध-प्रवर्तक वाक्योथी बोधित छे तेनुं अने तेनुं अनुष्ठान करनाराओनुं तारतम्य गम्य बने छे. आ रीते अविद्या आदि दोषवाळाओनुं धर्म अने अधर्मना तारतम्यथी उत्पन्न थयेलुं शरीरग्रहण पूर्वकनुं सुखदुःखनुं तारतम्य अनित्य संसाररूप छे एवुं श्रुति स्मृति अने न्यायमां प्रसिद्ध छे. दाखला तरीके ए **'चोक्कस शरीरवाळा आत्माना प्रिय अने अप्रियनो नाश थतो नथी'** (छां.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

(छान्दो० उप. ८-१२-१) इति यथावर्णितं संसाररूपमनुवदति । **'अशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः'** (छान्दो० उप. ८-१२-१) इति प्रियाप्रियस्पर्शनप्रतिषेधाच्चोदनालक्षणधर्मकार्यत्वं मोक्षाख्यस्याशरीरत्वस्य प्रतिषिध्यत इति गम्यते । धर्मकार्यत्वे हि प्रियाप्रियस्पर्शनप्रतिषेधो नोपपद्यते । अशरीरत्वमेव धर्मकार्यमिति चेत्; न तस्य स्वाभाविकत्वात् । **'अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति'** (काठ० १-२-२१) **'अप्राणो ह्यमनाः शुभ्रः'** (मुण्ड० २-१-२) **'असङ्गो ह्ययं पुरुषः'** (बृह०उप. ४-३-१५) इत्यादिश्रुतिभ्यः । अत एवानुष्ठेयकर्मफलविलक्षणं मोक्षाख्यमशरीरत्वं नित्यमिति सिद्धम् ।

तत्र किंचित्परिणामिनित्यं यस्मिन्विक्रियमाणेऽपि तदेवेदमिति बुद्धिर्न विहन्यते; यथा पृथिव्यादिजगन्नित्यत्ववादिनाम् । यथा च सांख्यानां गुणाः; इदं तु पारमार्थिकं, कूटस्थनित्यं, व्योमवत्सर्वव्यापि, सर्वविक्रियारहितं, नित्यतृप्तं, निरवयवं स्वयंज्योतिः स्वभावम् यत्र धर्माधर्मौ सह कार्येण कलात्रयं च नोपावर्तेते । तदेतदशरीरत्वं मोक्षाख्यम् । **'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् अन्यत्र भूताच्च भव्याच्च'** (कठ० उप. २-१४) इत्यादि श्रुतिभ्यः । अतस्तद् ब्रह्म यस्येयं जिज्ञासा प्रस्तुता, तद्यदि कर्तव्यशेषत्वेनोपदिश्येत, तेन च कर्तव्येन साध्यश्चेन्मोक्षोऽभ्युपगम्येत, अनित्य एव स्यात् । तत्रैवं सति यथोक्तकर्मफलेष्वेव तारतम्यावस्थितेष्वनित्येषु कश्चिदतिशयो मोक्ष इति प्रसज्येत । नित्यश्च मोक्षः सर्वैर्मोक्षवादिभिरभ्युपगम्यते, अतो न कर्तव्यशेषत्वेन ब्रह्मोपदेशो युक्तः ।

अपि च **'ब्रह्म वेद ब्रह्मैव भवति'** (मुण्ड.उप. ३-२-९) **'क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे'** (मुण्ड. उप २-२-८) । **'आनन्दं ब्रह्मणो विद्वान् । न बिभेति कुतश्चन'** (तैत्ति. उप. २-९) । **'अभयं वै जनक प्राप्तोऽसि'** (बृह.उप. ४-२-४)। **'तदात्मानमेवावेदहं ब्रह्मास्मीति तस्मात्तत्सर्वमभवत्'** (वाजसनेयिब्राह्मणोप० १-४-१०) । **'तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः'** (ईशा० ७) इत्येवमाद्याः श्रुतयो ब्रह्मविद्यानन्तरं मोक्षं दर्शयन्त्यो मध्ये कार्यान्तरं वारयन्ति । तथा **'तद्धैतत्पश्यन्नृषिर्वामदेवः प्रतिपेदेऽहं मनुरभवं सूर्यश्च'** (बृह० उप. १-४-१०) इति ब्रह्मदर्शनसर्वात्मभावयोर्मध्ये

(ઉપ.૮-૨-૧) એ શ્રુતિ વર્ણવ્યા મુજબના સંસારનો અનુવાદ કરે છે. **'દેહરહિત આત્માને પ્રિય અને અપ્રિય સ્પર્શતાં નથી.'** (છાં.ઉપ. ૮-૧૨-૧)' એમ (આ શ્રુતિ દ્વારા) પ્રિય અને અપ્રિયના સંબંધના નિષેધથી મોક્ષ નામની શરીરરહિત અવસ્થા ચોદનાત્મક ધર્મનું કાર્ય છે એનો પ્રતિષેધ થયો છે એવું સમજાય છે. કારણ કે એ અવસ્થા જો ધર્મનું કાર્ય હોય તો પ્રિય અને અપ્રિયના સ્પર્શનો પ્રતિષેધ સંભવી શકે નહિ. જો તમે (પૂર્વપક્ષી) એમ કહો કે (પૂર્વોક્ત અવસ્થામાં) શરીરરહિત હોવાપણું એ ધર્મનું કાર્ય છે. તો (સિદ્ધાન્તી કહે છે) ના. કારણ કે **'શરીરમાં અશરીર, અનિત્યોમાં નિત્ય, મહાન, સર્વવ્યાપક આત્માને જાણીને વિદ્વાન શોક કરતો નથી'** (કાઠ.ઉપ. ૧-૨-૨૧) **'પ્રાણરહિત, મનરહિત, શુદ્ધ'** (મું.ઉપ.૨-૧-૨) **'આ પુરુષ સંગરહિત છે.'** (બૃહ.ઉપ. ૪-૩-૧૫)' વગેરે શ્રુતિઓથી તેનું અશરીરત્વ સ્વાભાવિક છે એટલા માટે જ અનુષ્ઠેય કર્મફળથી જુદુ એવું મોક્ષ નામનું અશરીરત્વ નિત્ય છે એ સિદ્ધ થયું.

ત્યાં જે કાંઈક વિકાર પામવા છતાં 'તે આ જ છે' એવી બુદ્ધિનો નાશ ન થાય તે પરિણામી નિત્ય કહેવાય. જેમ જગતને નિત્ય માનનારાના મતમાં પૃથ્વી ઈત્યાદિ પરિણામી નિત્ય અને જેમ સાંખ્યના મતે ગુણ પરિણામી નિત્ય છે પરંતુ આ (બ્રહ્મ) તો પારમાર્થિક કૂટસ્થ, નિત્ય, આકાશની જેમ સર્વવ્યાપક, સર્વ વિકારોથી રહિત, નિત્યતૃપ્ત, નિરવયવ, સ્વયં પ્રકાશસ્વરૂપ છે. જ્યાં ધર્મ અને અધર્મ (તેઓના સુખદુઃખરૂપી) કાર્યો સાથે ત્રણે કાળમાં (નજીક) જતાં નથી, **તે અન્યત્ર ધર્મ, અધર્મ, કાર્ય, કારણ, ભૂત અને ભવિષ્યથી જે જુદું છે'**,(કા.૧૨-૧૪) વગેરે શ્રુતિથી મોક્ષ નામની શરીરરહિત સ્થિતિ છે. માટે તે બ્રહ્મ છે જેની આ જિજ્ઞાસા (અહીં) પ્રસ્તુત છે, જો તેનો અંગરૂપે ઉપદેશ કરવામાં આવે અને તે કર્મથી મોક્ષ સાધ્ય છે એમ મનાય તો તે અનિત્ય જ થાય. ત્યાં એમ થતાં તારતમ્યથી રહેલ, યથોક્ત અનિત્ય કર્મફળોમાંથી કંઈક અતિશય તે મોક્ષ છે એવું સ્વીકારવાનો પ્રસંગ આવી પડે પરંતુ દરેક મોક્ષવાદીઓ મોક્ષ નિત્ય છે એમ માને છે આથી કર્તવ્યના શેષ તરીકે (કર્મના અંગ તરીકે) મોક્ષનો ઉપદેશ યોગ્ય નથી.

વળી **'બ્રહ્મને જાણનાર બ્રહ્મ બને છે.'** (મું.ઉપ. ૩-૨-૯) **'તે પરાવર (બ્રહ્મ)ને જાણતાં તે (દ્રષ્ટા)નાં કર્મો ક્ષીણ થઈ જાય છે.'** (મુંડક.ઉપ. ૨-૨-૮) **'બ્રહ્મના આનંદને જાણનાર કોઈનાથી ડરતો નથી.'** (તૈતિ.ઉપ. -૨-૯) **'હે જનક ! તું ચોક્કસ અભયને પ્રાપ્ત થયો છે.'** (બૃહ. ૪-૨-૪) **'ત્યારે તેણે (જીવે) હું બ્રહ્મ છું એમ જાણ્યું માટે તે સર્વ (બ્રહ્મ) બની ગયો'** (વાજસનેયિબ્રાહ્મણોપ. ૧-૪-૧૦) **'ત્યાં એકત્વ જોનારને કયો મોહ અને શોક (હોઈ શકે ?)'** (ઈશા.ઉપ. ૭) વગેરે વેદવાક્યો બ્રહ્મજ્ઞાન પછી (તરત) મોક્ષ દર્શાવી (બ્રહ્મજ્ઞાન અને મોક્ષની) વચ્ચે બીજા કાર્યને દૂર કરે છે, અને તે (બ્રહ્મને) જોતાં ઋષિ વામદેવને અનુભવ થયો કે **'હું મનુ થયો હતો, હું સૂર્ય પણ થયો હતો,'** (બૃહ. ઉપ. ૧-૪-૧૦) એ વેદવાક્ય બ્રહ્મદર્શન અને સર્વાત્મભાવની વચ્ચે અન્ય કર્તવ્યના નિષેધ માટે ઉદાહરણ તરીકે આપવી જોઈએ. જેમ ઊભો ઊભો ગાય છે (ત્યાં) ઊભો છે અને ગાય છે, એ બે (ક્રિયાઓ) વચ્ચે બે કર્તાઓનું અન્ય કોઈ કાર્ય નથી

F/3

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

कर्तव्यान्तरावारणायोदाहार्यम् । यथा तिष्ठन्गायतीति तिष्ठतिगायत्योर्मध्ये तत्कर्तृकं कार्यान्तरं नास्तीति गम्यते ।

''त्वं हि नः पिता योऽस्माकमविद्यायाः परं पारं तारयसि' (प्रश्न० उप. ६-८) '**श्रुतं ह्येव मे भगवद्दृशेभ्यस्तरति शोकमात्मविदिति सोऽहं भगवः शोचामि तं मा भगवाञ्छोकस्य पारं तारयतु**' (छान्दो. उप. ७-१-३) '**तस्मै मृदितकषायाय तमसः पारं दर्शयति भगवान्सनत्कुमारः**' (छान्दो. उप. ७-२६-२) इति चैवमाद्याः श्रुतयो मोक्षप्रतिबन्धनिवृत्तिमात्रमेवात्मज्ञानस्य फलं दर्शयन्ति । तथाचाचार्यप्रणीतं न्यायोपबृंहितं सूत्रम्-'**दुःखजन्मप्रवृत्तिदोषमिथ्याज्ञानानामुत्तरोत्तरापाये तदनन्तरापायादपवर्गः**' (न्या० सू. १-१-२) इति । मिथ्याज्ञानापायश्च ब्रह्मात्मैकत्वविज्ञानाद्भवति । न वेदं ब्रह्मात्मैकत्वविज्ञानं संपद्रूपम्, यथा '**अनन्तं वै मनोऽनन्ता विश्वेदेवा अनन्तमेव स तेन लोकं जयति**' (बृह० उप. ३-१-९) इति । न चाध्यासरूपम्, यथा '**मनो ब्रह्मेत्युपासीत**' (छान्दो० उप. ३-१८-१) '**आदित्यो ब्रह्मेत्यादेशः**' (छान्दो० उप. ३-१९-१) इति च मनआदित्यादिषु ब्रह्मदृष्ट्यध्यासः । नापि विशिष्टक्रियायोगनिमित्तं '**वायुर्वाव संवर्गः**' (छान्दो० उप. ४-३-१) '**प्राणो वाव संवर्गः**' (छान्दो० उप. ४-३-३) इतिवत् नाप्याज्यावेक्षणादिकर्मवत्कर्माङ्गसंस्काररूपम् । संपदादिरूपे हि ब्रह्मात्मैकत्वविज्ञानेऽभ्युपगम्यमाने '**तत्त्वमसि**' (छान्दो० उप. ६-८-७) '**अहं ब्रह्मास्मि**' (बृह० उप. १-४-१०) '**अयमात्मा ब्रह्म**' बृह. २-५-१९) इत्येवमादीनां वाक्यानां ब्रह्मात्मैकत्ववस्तुप्रतिपादनपरः पदसमन्वयः पीड्येत । '**भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः**' (मुण्ड० २-२-८) इति चैवमादीन्यविद्यानिवृत्तिफलश्रवणान्युपरुध्येरन् । '**ब्रह्म वेद ब्रह्मैव भवति**' (मुण्ड० ३-२-९) इति चैवमादीनि तद्भावापत्तिवचनानि संपदादिपक्षे (पाठा. संपदादिस्वरूपे) न सामञ्जस्येनोपपद्येरन् । तस्मान्न संपदादिरूपं ब्रह्मात्मैकत्वविज्ञानम् । अतो न पुरुषव्यापारतन्त्रा ब्रह्मविद्या । किं तर्हि । प्रत्यक्षादिप्रमाणविषयवस्तुज्ञानवद्वस्तुतन्त्रा ।

एवं भूतस्य ब्रह्मणस्तज्ज्ञानस्य च न कयाचिद्युक्त्या शक्यः कार्यानुप्रवेशः कल्पयितुम् । न च विदिक्रियाकर्मत्वेन कार्यानुप्रवेशो ब्रह्मणः, '**अन्यदेव तद्विदितादथो अविदितादधि**' (केन०उप. १-३) इति विदिक्रियाकर्मत्वप्रतिषेधात्, '**येनेदं सर्वं विजानाति**

એમ જણાય છે.

'તું જ પિતા છે જે અમને અવિદ્યાની પેલી પાર ઉતારે છે.' (પ્ર. ઉપ. ૬-૮) '**મેં ભગવાન જેવા આપ પાસેથી સાંભળ્યું છે કે આત્માને જાણનાર શોક તરી જાય છે તો હે ભગવાન ! હું શોક કરું છું તેથી મને ભગવાન શોકની પાર ઉતારો**' (છાં.ઉપ. ૭-૧-૩) '**ભગવાન સનત્કુમારે નાશ પામેલ પાપવાળા તે (નારદ)ને અજ્ઞાનની પેલી પાર રહેલા બ્રહ્મનું દર્શન કરાવ્યું.**' (છાં. ઉપ. ૭-૨૬-૨) 'આ અને આવી અન્ય શ્રુતિઓ મોક્ષના પ્રતિબંધક એવા અજ્ઞાનને દૂર કરવું એ આત્મજ્ઞાનનું ફળ છે એમ જણાવે છે તેમજ આચાર્ય (ગૌતમ) દ્વારા વિરચિત ન્યાયથી પુષ્ટિ પામેલું સૂત્ર છે '**દુઃખ, જન્મ, પ્રવૃત્તિ દોષ અને મિથ્યાજ્ઞાનના (કારણરૂપ) એક પછી એકનો નાશ થતાં તેની પૂર્વ પૂર્વનો નાશ થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે**' (ન્યા. સૂ. ૧-૧-૨) મિથ્યા જ્ઞાનનો નાશ બ્રહ્મ તથા આત્માના ઐક્યના જ્ઞાનથી થાય છે. અને આ બ્રહ્મ અને આત્માના એકત્વનું જ્ઞાન સંપદ્રુપ નથી. જેમ '**મન અનંત છે, વિશ્વેદેવો પણ અનંત છે તેથી તે લોકને એ જીતે છે.**' (બૃહ. ઉપ. ૩-૧-૯) તથા (એકત્વનું વિજ્ઞાન) અધ્યાસરૂપ નથી, જેમ '**મન બ્રહ્મ છે એમ ઉપાસના કરવી જોઈએ**' (છાં. ઉપ. ૩-૧૮-૧) '**એમ આદિત્ય બ્રહ્મ છે એવા ઉપદેશ છે**' (છાં. ઉપ. ૩-૧૯-૧) એમ મન અને આદિત્યમાં બ્રહ્મદષ્ટિનો અધ્યાસ છે. તથા 'વાયુ ચોક્કસ સંવર્ગ છે,(છાન્દો. ૪-૩-૧) પ્રાણ ચોક્કસ સંવર્ગ છે.' (છાન્દો. ૪-૩-૩)

ની જેમ એકત્વવિજ્ઞાન વિશિષ્ટક્રિયાયોગનું કારણ નથી. તેમજ (તે) આંજ્યાન્વેક્ષણ વગેરે કર્મની માફક કર્માંગના સંસ્કારરૂપ નથી, કારણ બ્રહ્મ અને આત્માના એકત્વવિજ્ઞાનને સંપદાદિરૂપ સ્વીકારીએ તો '**તે તું છે.**' (છાંદો. ઉપ.૬-૮-૭) '**હું બ્રહ્મ છું.**' (બૃહ. ૧-૪-૧૦) '**આ આત્મા બ્રહ્મ છે**' (બૃહ. ૨-૫-૧૯) ઈત્યાદિ વેદના વાક્યોના બ્રહ્મ અને આત્માના એકત્વનું પ્રતિપાદન કરનાર પદસમન્વયનો બાધ આવે. '**હૃદયની ગ્રંથિ ભેદાઈ જાય છે સર્વ સંશયો છેદાઈ જાય છે**' (મુંડ.ઉપ. ૨-૨-૮) એ અને આવી અજ્ઞાનની નિવૃત્તિરૂપી ફળનો બોધ કરાવતી (શ્રુતિઓ)નો બાધ થાય. '**બ્રહ્મને જાણકાર બ્રહ્મ જ બને છે.**' (મુંડ.ઉપ. ૩-૨-૯) એ અને આવાં બ્રહ્મભાવનું પ્રતિપાદન કરનાર વેદનાં વાક્યો સંપદાદિ પક્ષમાં યોગ્ય રીતે ઘટી શકશે નહિ, માટે બ્રહ્મ અને આત્માના એકત્વનું વિજ્ઞાન સંપાદાદિ રૂપ નથી. આથી બ્રહ્મવિદ્યા પુરુષની પ્રવૃત્તિને વશ નથી. ત્યારે કેવી છે ? પ્રત્યક્ષ વગેરે પ્રમાણના વિષય વસ્તુજ્ઞાનની માફક વસ્તુને અધીન છે.

આવા બ્રહ્મ અને તેના જ્ઞાનની કોઈ પણ યુક્તિથી કાર્ય સાથે સંબંધ કલ્પવો શક્ય નથી. જાણવું એ ક્રિયાના કર્મ તરીકે બ્રહ્મનો કાર્ય સાથે સંબંધ (શક્ય) નથી '**તે (બ્રહ્મ) વિદિતથી જુદું છે અને અવિદિતથી જુદું છે.**' (કેન.ઉપ.૧-૩) અને '**જેના દ્વારા સર્વને જાણે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तं केन विजानीयात्' (बृह० उप. २-४-१३) इति च । तधोपास्तिक्रियां कर्मत्वप्रतिषेधोऽपि भवति-'**यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते**' इत्यविषयत्वं ब्रह्मण उपन्यस्य, '**तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते**' (केन.उप. १-४) इति ।

अविषयत्वे ब्रह्मणः शास्त्रयोनित्वानुपपत्तिरिति चेत्, - न; अविद्याकल्पितभेदनिवृत्तिपरत्वाच्छास्त्रस्य । नहि शास्त्रमिदंतया विषयभूतं ब्रह्म प्रतिपिपादयिषति । किं तर्हि ? प्रत्यगात्मत्वेनाविषयतया प्रतिपादयदविद्याकल्पितं वेद्यवेदितृ-वेदनादिभेदमपनयति। तथा च शास्त्रम् - '**यस्याऽमतं तस्य मतं मतं यस्य न वेद सः । अविज्ञातं विजानतां विज्ञातमविजानताम्**' (केन०उप. २-३) '**न दृष्टेर्द्रष्टारं पश्येः**', '**न विज्ञातेर्विज्ञातारं विजानीयाः**' (बृह०उप. ३-४-२) इति चैवमादि । अतोऽविद्याकल्पितसंसारित्वनिवर्तनेन नित्यमुक्तात्मस्वरूपसमर्पणान्न मोक्षस्यानित्यत्वदोषः ।

यस्य तूत्पाद्यो मोक्षस्तस्य मानसं, वाचिकं कायिकं वा कार्यमपेक्षत इति युक्तम् । तथा विकार्यत्वे च; तयोः पक्षयोर्मोक्षस्य ध्रुवमनित्यत्वम् । नहि दध्यादि विकार्यं उत्पाद्यं वा घटादि नित्यं दृष्टं लोके । नचाप्यत्वेनापि कार्यापेक्षा; स्वात्मस्वरूपत्वे सत्यनाप्यत्वात्। स्वरूपव्यतिरिक्तत्वेऽपि ब्रह्मणो नाप्यत्वं, सर्वगतत्वेन नित्याप्तस्वरूपत्वात्सर्वेण ब्रह्मणः, आकाशस्येव । नापि संस्कार्यो मोक्षः, येन व्यापारमपेक्षेत । संस्कारो हि नाम संस्कार्यस्य गुणाधानेन वा स्याद्दोषापनयनेन वा । न तावद्गुणाधानेन संभवति; अनाधेयातिशयब्रह्मस्वरूपत्वान्मोक्षस्य । नापि दोषापनयनेन; नित्यशुद्धब्रह्मस्वरूपत्वान्मोक्षस्य ।

स्वात्मधर्म एव संस्तिरोभूतो मोक्षः क्रिययात्मनि संस्क्रियमाणेऽभिव्यज्यते, यथाऽऽदर्शे निघर्षणक्रियया संस्क्रियमाणे भास्वरत्वं धर्म इति चेत्, - न; क्रियाश्रयत्वानुपपत्तेरात्मनः । यदाश्रया क्रिया तमविकुर्वती नैवात्मानं लभते । यद्यात्मा क्रियया विक्रियेत, अनित्यत्वमात्मनः प्रसज्येत । '**अविकार्योऽयमुच्यते**' (भ.गी.२-२५) इति चैवमादीनि वाक्यानि बाध्येरन् ।

છે તેને કોનાથી જાણી શકે ?' (બૃહ.ઉપ. ૨-૪-૧૩) એ (શ્રુતિઓ વડે) જાણવું એ ક્રિયાના કર્મ તરીકે (તેનો) નિષેધ કરવામાં આવ્યો છે. વળી '**જે વાણીથી વર્ણવી શકાતું નથી, જેના વડે વાણી વર્ણન કરે છે.**' એમ બ્રહ્મનો (મનવાણી વગેરેના) અવિષય તરીકે ઉપન્યાસ નિર્દેશ કરીને '**તે જ બ્રહ્મ તું જાણ, જેની આ લોક ઉપાસના કરે છે તેને નહિ**' (કેન.ઉપ. ૧-૪) એમ (બ્રહ્મનો) ઉપાસનાના કર્મરૂપે પણ નિષેધ કરવામાં આવેલ છે.

જો તમે (પૂર્વપક્ષી) (ઈન્દ્રિયોનો) વિષય ન થવાથી બ્રહ્મનું શાસ્ત્ર પ્રમાણત્વ અસિદ્ધ થશે, એમ કહો છો તો (સિદ્ધાન્તી કહે છે) ના, કારણ શાસ્ત્ર અવિદ્યાથી કલ્પેલા ભેદની નિવૃત્તિ માટે છે. શાસ્ત્ર 'આ' એવી રીતે વિષય બનતા બ્રહ્મનું પ્રતિપાદન કરવા ઈચ્છતું નથી. (પૂર્વપક્ષી) તો કેવી રીતે (શાસ્ત્ર બ્રહ્મનું પ્રતિપાદન કરવા ઈચ્છે છે ?) (સિદ્ધાન્તી કહે છે બ્રહ્મ) પ્રત્યગાત્મા હોવાથી તે કોઈનો વિષય નથી એવું પ્રતિપાદન કરતું શાસ્ત્ર અવિદ્યાથી કલ્પેલ વેદ્ય (જ્ઞેય), વેદિતૃ (જ્ઞાતૃ) અને વેદના (જ્ઞાન) વગેરે ભેદને દૂર કરે છે. અને વળી શાસ્ત્રનું (વાક્ય) છે. '**જેને (મન બ્રહ્મ) અજ્ઞાત છે તેને જ્ઞાત છે અને જેને (મન બ્રહ્મ) જ્ઞાત છે તે તેને જાણતો નથી જાણનારાઓને માટે તે અવિજ્ઞાત છે અને નહિ જાણનારાઓને માટે તે વિજ્ઞાત છે**' (કેન.ઉપ. ૨-૩) '**દૃષ્ટિના દૃષ્ટાને તું જોઈ શકીશ નહિ,**' (બુદ્ધિ વૃત્તિના) **જ્ઞાતાને તું જાણી શકીશ નહિ.**' (બૃહ.ઉપ. ૩-૪-૨) વગેરે. માટે અવિદ્યાથી કલ્પેલા સંસારની નિવૃત્તિ દ્વારા નિત્યમુક્ત આત્મસ્વરૂપના સમર્પક હોવાથી મોક્ષમાં અનિત્યતાનો દોષ આવશે નહિ.

જેના (મત)માં મોક્ષ ઉત્પાદ્ય છે તેના (મત)માં તે માનસિક, કાયિક અથવા વાચિક કાર્યની અપેક્ષા રાખે છે એમ (કહેવું) યોગ્ય છે. અને (મોક્ષને) વિકાર્ય માનનારના પક્ષમાં પણ-એમ તે બન્ને પક્ષમાં મોક્ષ ચોક્કસપણે અનિત્ય છે. દહીં ઈત્યાદિ વિકારી અથવા ઘટ ઈત્યાદિ ઉત્પાદ્ય (પદાર્થો) જગતમાં નિત્ય દેખાતા નથી. વળી (બ્રહ્મને) પ્રાપ્ય (મેળવી શકાય તેવું જે માને છે તેના પક્ષમાં) પણ કાર્યની અપેક્ષા નથી, કારણ કે (તે) સ્વાત્મસ્વરૂપ હોવાથી પ્રાપ્ય (મેળવી શકાય તેવું) નથી. જો તેને સ્વરૂપથી ભિન્ન ગણીએ તો પણ બ્રહ્મનું પ્રાપ્યત્વ સિદ્ધ થતું નથી. કારણ આકાશની જેમ સર્વવ્યાપક હોવાથી બ્રહ્મ સહુને માટે નિત્ય પ્રાપ્ત-સ્વરૂપ છે. મોક્ષ સંસ્કાર્ય પણ નથી કે જેથી તે સંસ્કારની અપેક્ષા રાખે. ખરેખર સંસ્કાર સંસ્કાર કરવા યોગ્ય(વસ્તુ)માં ગુણ મૂકવાથી કે દોષ દૂર કરવાથી થાય. ગુણ મૂકવાથી (બ્રહ્મમાં) સંસ્કાર સંભવતો નથી કારણ મોક્ષ અનાધેયાતિશયરૂપ (કોઈ પણ પ્રકારની વધઘટ વિનાનું) બ્રહ્મસ્વરૂપ છે. દોષ દૂર કરવાથી પણ નહિ, કારણ મોક્ષ નિત્ય શુદ્ધ બ્રહ્મસ્વરૂપ છે.

જો તેમ કહો કે જેમ દર્પણમાં (કપડું વગેરેથી) ઘસવાની ક્રિયાથી સંસ્કાર કરવામાં આવતાં, તેના ચમકવારૂપી ધર્મની અભિવ્યક્તિ થાય છે તેમ (ઉપાસના વગેરે) ક્રિયાથી સંસ્કાર પામતાં તિરોધાન પામેલો તે (બ્રહ્મ)નો પોતાનો જ ધર્મ એવો મોક્ષ અભિવ્યક્ત થાય છે તો (સિદ્ધાન્તી કહે છે) ના. કારણ આત્મામાં ક્રિયાનું આશ્રયત્વ શક્ય નથી કારણ જેના આશ્રયે ક્રિયા રહે છે તેને વિકૃત કર્યા વિના ક્રિયા પોતાનું સ્થાન મેળવી શકતી નથી. જો આત્મા ક્રિયાથી વિકાર પામે તો આત્માની અનિત્યતા આવી પડે. '**આ આત્મા અવિકારી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तच्चानिष्टम् । तस्मान्न स्वाश्रया क्रियाऽऽत्मनः संभवति । अन्याश्रयायास्तु क्रियाया अविषयत्वान्न तयाऽऽत्मा संस्क्रियते ।

ननु देहाश्रयया स्नानाचमनयज्ञोपवीतादिकया क्रियया देही संस्क्रियमाणो दृष्टः । न; देहादिसंहतस्यैवाविद्यागृहीतस्यात्मनः संस्क्रियमाणत्वात् । प्रत्यक्षं हि स्नानाचमनादेर्देहसमवायित्वम् । तया देहाश्रयया तत्संहत एव कश्चिदविद्ययात्मत्वेन परिगृहीतः संस्क्रियत इति युक्तम् । यथा देहाश्रयचिकित्सानिमित्तेन धातुसाम्येन तत्संहतस्य तदभिमानिन आरोग्यफलम्, 'अहमरोग' इति यत्र बुद्धिरुत्पद्यते । एवं स्नानाचमनयज्ञोपवीतादिना 'अहं शुद्धः संस्कृत' इति यत्र बुद्धिरुत्पद्यते स संस्क्रियते । स च देहेन संहत एव । तेनैव ह्यहंकर्त्राऽहंप्रत्ययविषयेण प्रत्ययिना सर्वाः क्रिया निर्वर्त्यन्ते । तत्फलं च स एवाश्नाति; **'तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति'** (मुण्ड० उप० ३-१-१) इति मन्त्रवर्णात् । **'आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः'** (काठ० १-३-४) इति च । तथा च **'एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा । कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षी चेता केवलो निर्गुणश्च'** (श्वेता० ६-११) इति, **'स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरं शुद्धमपापविद्धम्'** (ईशा० उप. ८) इति चैतौ मन्त्रावनाधेयातिशयतां नित्यशुद्धतां च ब्रह्मणो दर्शयतः । ब्रह्मभावश्च मोक्षः तस्मान्न संस्कार्योऽपि मोक्षः। अतोऽन्यन्मोक्षं प्रति क्रियानुप्रवेशद्वारं न शक्यं केनचिद्दर्शयितुम् । तस्माज्ज्ञानमेकं मुक्त्वा क्रियाया गन्धमात्रस्याप्यनुप्रवेश इह नोपपद्यते ।

ननु ज्ञानं नाम मानसी क्रिया । न वैलक्षण्यात् । क्रिया हि नाम सा, यत्र वस्तुस्वरूपनिरपेक्षैव चोद्यते, पुरुषचित्तव्यापाराधीना च । यथा - **'यस्यै देवतायै हविर्गृहीतं स्यात् तां मनसा ध्यायेद्वषट्करिष्यन्'** इति, **'संध्यां मनसा ध्यायेत्'** (ए० ब्रा० ३-८-१) इति चैवमादिषु । ध्यानं चिन्तनं यद्यपि मानसं, तथापि पुरुषेण कर्तुमकर्तुमन्यथा वा कर्तुं शक्यं; पुरुषतन्त्रत्वात् । ज्ञानं तु प्रमाणजन्यम् । प्रमाणं च यथाभूतवस्तुविषयम्, अतो ज्ञानं कर्तुमकर्तुमन्यथा वा कर्तुमशक्यम्, केवलं वस्तुतन्त्रमेव तत् । न चोदनातन्त्रम् । नापि पुरुषतन्त्रम् । तस्मान्मानसत्वेऽपि ज्ञानस्य महद्वैलक्षण्यम् । यथा च **'पुरुषो वाव गौतमाग्निः'**, **'योषा**

કહેવાય છે' (ભ.ગી.૨-૨૫) વગેરે વાક્યોનો બાધ થાય અને તે અનિષ્ટ (ખોટું) છે, માટે આત્માની પોતાને આશ્રયે રહેલી ક્રિયા શક્ય નથી બીજાને આધારે રહેલી ક્રિયાનો તે અવિષય (અસ્પૃષ્ટ) હોવાથી આત્મા સંસ્કાર પામતો નથી.

(પૂર્વપક્ષી) કહે છે) દેહને આશ્રયે રહેલ સ્નાન, આચમન, યજ્ઞોપવીત વગેરે ક્રિયાથી આત્મા સંસ્કાર પામતો હોય તેવું દેખાય છે. (સિદ્ધાન્તી કહે છે) ના, કારણ ત્યાં દેહાદિથી જોડાયેલ અવિદ્યાથી ગૃહીત આત્મા સંસ્કાર પામે છે. કારણ સ્નાન, આચમન વગેરેનો દેહ સાથેનો સંબંધ પ્રત્યક્ષ છે તે દેહને આધારે રહેલ (ક્રિયા) વડે તેની સાથે જોડાયેલી અવિદ્યાથી આત્મા તરીકે સ્વીકારાયેલ કોઈ સંસ્કાર પામે છે એ (કહેવું) યોગ્ય છે. જેમ દેહના આધારે રહેલ ચિકિત્સાથી ઉત્પન્ન થયેલ ધાતુઓના સામ્યથી તેની સાથે જોડાયેલ, તેનું અભિમાન ધરાવનારને આરોગ્યનું ફળ પ્રાપ્ત છે. (તેનામાં) 'હું નિરોગી છું' એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે સ્નાન, આચમન, યજ્ઞોપવીત વગેરેથી 'હું શુદ્ધ થયો છું, સંસ્કાર પામ્યો છું,' એવી બુદ્ધિ જેમાં જન્મે છે તે સંસ્કાર પામે છે. અને તે દેહથી જોડાયેલો જ છે, હું કર્તા છું એમ 'હું' એવા પ્રત્યયનો વિષય બનેલા તે(આત્મા)ના દ્વારા જ સઘળી ક્રિયાઓ થાય છે, અને તેનું ફળ પણ તે જ ભોગવે છે કારણ **'તેમાંનો એક સ્વાદિષ્ટ પીપળાનું ફળ ખાય છે, બીજો ખાધા વિના જ પ્રકાશે છે'** (કઠ.ઉપ. ૧-૩-૪) એવા (વેદના) મન્ત્રોના શબ્દો છે. વળી **'ઈન્દ્રિય અને મનથી જોડાયેલ આત્માને વિદ્વાનો ભોક્તા કહે છે.'** અને **'સર્વભૂતોમાં એક, પ્રકાશમાન, ગૂઢ, સર્વવ્યાપક, સર્વ ભૂતોના અંતરાત્મા, કર્મનો અધિષ્ઠાતા, સર્વ પ્રાણીઓમાં રહેનાર, સાક્ષી, ચેતન આપનાર કેવળ અને નિર્ગુણ આત્મા રહે છે,'** (શ્વેતા. ઉપ.૬-૧૧) **'તે આત્મા સર્વગત, શુદ્ધ શરીર વિનાનો, અક્ષત, શિરારહિત છે'** (ઈશા.ઉપ. ૮) આ બન્ને મન્ત્રો બ્રહ્મની અનાધેયાતિશયતા અને નિત્ય શુદ્ધતા દર્શાવે છે. અને બ્રહ્મભાવ એટલે મોક્ષ ખાતર મોક્ષ પણ સંસ્કાર્ય નથી. આથી મોક્ષ તરફનું બીજું (કોઈ) ક્રિયાનું પ્રવેશદ્વાર કોઈનાથી બતાવવું શક્ય નથી માટે એક જ્ઞાન છોડીને ક્રિયાની ગંધમાત્રનો પણ પ્રવેશ અહીં (બ્રહ્મમાં) સંભવતો નથી.

(પૂર્વપક્ષી કહે છે) પણ જ્ઞાન એ માનસિક ક્રિયા છે. (સિદ્ધાન્તી ઉત્તર આપે છે) ના, કારણ એ જુદી છે. વસ્તુના સ્વરૂપની અપેક્ષા વિના જ્યાં તેનું વિધાન કરાય છે તે ક્રિયા છે, અને તે મનુષ્યના વ્યાપારને અધીન છે. જેમ **'જે દેવતાને માટે હવિનું ગ્રહણ કર્યું હોય તે (દેવતા)નું વષટ્કાર કરતી વખતે તેણે મનથી ધ્યાન ધરવું.'** (ઐ. બ્રા. ૩-૮-૧) આ અને આવી બીજી જગ્યાએ જો કે ધ્યાન ચિંતન માનસિક છે તો પણ મનુષ્ય દ્વારા કરવું ન કરવું કે બીજી રીતે કરવું શક્ય છે, કારણ તે મનુષ્યને અધીન છે, પરંતુ જ્ઞાન પ્રમાણજન્ય છે. અને પ્રમાણ યથાર્થ વસ્તુને વિષય કરનારું હોય છે, આથી જ્ઞાન કરવું, ન કરવું કે બીજી રીતે કરવું શક્ય નથી, તે માત્ર વસ્તુને અધીન છે, (મનુષ્યની) પ્રેરણાને અધીન નથી; મનુષ્યને પણ અધીન નથી માટે માનસિક હોવા છતાં (જ્ઞાનનું) ધ્યાન કરતાં ઘણું અંતર છે. (મોટો ભેદ છે.) જેમ **'હે ગૌતમ ! પુરુષ અગ્નિ છે.'** (છાન્દોગ્ય.ઉપ. ૫-૭-૧) અને **'હે ગૌતમ સ્ત્રી અગ્નિ છે.'** (છાન્દોગ્ય.ઉપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वाव गौतमाग्निः' (छान्दो० उप. ५-७-१, ८-१) इत्यत्र योषित्पुरुषयोरग्निबुद्धिर्मानसी भवति । केवलचोदनाजन्यत्वात्क्रियैय सा पुरुषतन्त्रा च । या तु प्रसिद्धेऽग्नावग्निबुद्धिः, न सा चोदनातन्त्रा । नापि पुरुषतन्त्रा । किं तर्हि ? प्रत्यक्षविषयवस्तुतन्त्रैवेति ज्ञानमेवैतन्न क्रिया । एवं सर्वप्रमाणविषयवस्तुषु वेदितव्यम् । तत्रैवं सति ययाभूतब्रह्मात्मविषमपि ज्ञानं न चोदनातन्त्रम् तद्विषये लिङादयः श्रूयमाणा अप्यनियोज्यविषयत्वात्कुण्ठीभवन्ति, उपलादिषु प्रयुक्तक्षुरतैक्ष्ण्यादिवत्; अहेयानुपादेयवस्तुविषयत्वात् ।

किमर्थानि तर्हि **'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यः'** (बृ.उप. २-४-५) इत्यादीनि विधिच्छायानि वचनानि? स्वाभाविकप्रवृत्तिविषयविमुखीकरणार्थानीति ब्रूमः । यो हि बहिर्मुखः प्रवर्तते पुरुषः **'इष्टं मे भूयादनिष्टं मा भूत्'** इति, न च तत्रात्यन्तिकं पुरुषार्थं लभते, तमात्यन्तिकपुरुषार्थवाञ्छिनं स्वाभाविककार्यकरणसंघातप्रवृत्तिगोचराद्विमुखीकृत्य प्रत्यगात्मस्रोतस्तया प्रवर्तयन्ति-**'आत्मा वा अरे द्रष्टव्यः'** इत्यादीनि । तस्यात्मान्वेषणाय प्रवृत्तस्याहेयमनुपादेयं चात्मतत्त्वमुपदिश्यते । **'इदं सर्वं यदयमात्मा'** (बृह० उप. २-४-६) **'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत् केन कं विजानीयात्'**, **'विज्ञातारमरे केन विजानीयात्'** (बृह० उप. ४-५-१५) **'अयमात्मा ब्रह्म'** (बृह. उप. २-५-१९) इत्यादिभिः । यदप्यकर्तव्यप्रधानमात्मज्ञानं हानायोपादानाय वा न भवतीति, तत्तथैवेत्यभ्युपगम्यते, अलंकारो ह्ययमस्माकं यद्ब्रह्मात्मावगतौ सत्यां सर्वकर्तव्यताहानिः कृतकृत्यता चेति । तथा च श्रुतिः - **'आत्मानं चेद्विजानीयादयमस्मीति पुरुषः किमिच्छन्कस्य कामाय शरीरमनुसंज्वरेत् ॥'** (बृह. उप. ४-४-१२) इति । **'एतद्बुद्ध्वा बुद्धिमान्स्यात्कृत कृत्य श्च भारत'** (भ. गी. १५-२०) इति स्मृतिः । तस्मान्न प्रतिपत्तिविधिविषयतया ब्रह्मणः समर्पणम्

यदपि केचिदाहुः-प्रवृत्तिनिवृत्तिविधितच्छेषव्यतिरेकेण केवलवस्तुवादी वेदभागो नास्ति इति,-तन्न; औपनिषदस्य पुरुषस्यानन्यशेषत्वात् योऽसावुपनिषत्स्वेवाधिगतः पुरुषोऽसंसारि ब्रह्म, उत्पाद्यादिचतुर्विधद्रव्यविलक्षणः स्वप्रकरणस्थोऽनन्यशेषः नासौ नास्ति नाधिगम्यत इति वा शक्यं वदितुम्, **'स एष नेति नेत्यात्मा'** (बृह० उप. ३-९-२६) इत्यात्मशब्दात् आत्मनश्च

५-८-१) એમ અહીં સ્ત્રી અને મનુષ્યમાં અગ્નિ છે એવી બુદ્ધિ માનસિક છે. માત્ર પ્રેરણાથી ઉત્પન્ન થનાર હોવાથી ક્રિયા જ છે અને મનુષ્યને અધીન છે. પણ પ્રસિદ્ધ અગ્નિમાં જે અગ્નિબુદ્ધિ છે તે પ્રેરણાને અધીન નથી મનુષ્યને અધીન પણ નથી, (પૂર્વપક્ષી પૂછે છે) ત્યારે કેવી છે ? (સિદ્ધાન્તી કહે છે) પ્રત્યક્ષ વિષય વસ્તુને અધીન હોય છે. તેથી તે જ્ઞાન જ છે ક્રિયા નથી. આ રીતે પ્રત્યેક પ્રમાણના વિષયની બાબતમાં સમજવું જોઈએ. તો જયારે આમ હોય ત્યારે યથાભૂત બ્રહ્માત્મ વિષયક જ્ઞાન પણ પ્રેરણાને અધીન બનતું નથી. તે(બ્રહ્મ)ના વિષયમાં લિંગ વગેરે શ્રૂયમાણ છે તો પણ અનિયોજય વિષયક હોવાથી પથ્થર વગેરે પર પ્રયુક્ત અસ્ત્રાની ધારની માફક કુંઠિત થાય છે. કારણ તેનો વિષય (બ્રહ્મ) હેય કે ઉપાદેય વિનાનો છે.

(પૂર્વપક્ષી પૂછે છે) **'અરે ! આત્મા દર્શન કરવા યોગ્ય છે, સાંભળવા યોગ્ય છે'** (બૃહદ.ઉપ. ૨-૪-૫) ઈત્યાદિ વિધિતુલ્ય વાક્યોનું શું પ્રયોજન છે ? (સિદ્ધાન્તી જવાબ આપે છે) સ્વભાવિક પ્રવૃત્તિના વિષયોથી વિમુખ કરવું એ તેનું પ્રયોજન છે એમ અમે કહીએ છીએ જે મનુષ્ય બહિર્મુખ પ્રવૃત્તિ કરે છે, **'મારું ઈષ્ટ થાવ, અનિષ્ટ ન થાવ'** અને ત્યાં તે આત્યંતિક પુરુષાર્થને પ્રાપ્ત કરતો નથી, તેવા આત્યન્તિક પુરુષાર્થની ઈચ્છા રાખનારને **'અરે ! આત્મા દર્શન કરવા યોગ્ય છે.'** વગેરે વાક્યો કાર્ય (દેહ) કરણ (ઈન્દ્રિયો)ના સંયોગની સ્વભાવિક પ્રવૃત્તિના (શબ્દાદિ) વિષયોથી દૂર કરી પ્રત્યગાત્મામાં પ્રવાહરૂપે પ્રવૃત્ત કરે છે. તે આત્માની શોધ કરવા પ્રવૃત્ત થયેલા, (પુરુષ)ને **'આ જે (દશ્યમાન જગત) છે તે સઘળું આત્મા છે.'** (બૃહ.ઉપ. ૨-૪-૬) **પણ જયારે તેનું સઘળું આત્મા હોય ત્યારે કોણ કોના વડે શું જુવે ? શેનાથી કોને જુવે ? વિજ્ઞાતાને કેવી રીતે જાણી શકે ?'** (બૃહ.ઉપ. ૪-૫-૧૫) **'આ આત્મા બ્રહ્મ છે'** (બૃ.ઉપ. ૨-૫-૧૯) વગેરે શ્રુતિઓથી અહેય અને અનુપાદેય આત્મતત્ત્વનો ઉપદેશ કરે છે (પૂર્વપક્ષી કહે છે) જો કે અકર્તવ્યપ્રધાન આત્મજ્ઞાન છોડી દેવા કે સ્વીકારવા માટે નથી હોતું એ તો એવું જ છે એમ અમે માનીએ છીએ. બ્રહ્મ તથા આત્માની એકતાનું જ્ઞાન થતાં સર્વ કર્તવ્યનો નાશ થાય અને કૃતકૃત્ય થાય છે એ તો અમારે (વેદાન્તીઓ) માટે ભૂષણ છે વળી શ્રુતિ છે. **'જો પુરુષ (સ્વયંપ્રકાશ) આત્માને 'આ હું છું' એમ જાણીને પછી કયા ફળની ઈચ્છા કરતો કઈ કામનાથી શરીરની પાછળ સંતપ્ત થાય ?'** (બૃહ.ઉપ. ૪-૪-૧૨) અને સ્મૃતિ છે. **'હે ભારત ! આ (બ્રહ્મ)ને જાણીને (મનુષ્ય) જ્ઞાની અને કૃતકૃત્ય થાય છે'** (ગીતા. ૧૫-૨૦) માટે ઉપાસના વિધિના વિષય રૂપે બ્રહ્મનો બોધ થતો નથી.

કેટલાક (પૂર્વપક્ષી) જ કહે છે, 'પ્રવૃત્તિવિધિ નિવૃત્તિવિધિ અને તેના અંગ સિવાય કેવળ સિદ્ધવસ્તુનું વર્ણન કરનાર કોઈ વેદભાગ નથી.' (સિદ્ધાન્તી કહે છે) તે (બરાબર) નથી. કારણ ઉપનિષદથી પ્રતિપાદ્ય પુરુષ બીજા કોઈનું અંગ નથી. જે આ ઉપનિષદોમાં અધિગત (પ્રાપ્ત થતો, વર્ણવતો) પુરુષ છે તે અસંસારી બ્રહ્મ છે, ઉત્પાદ્ય ઈત્યાદિ ચાર પ્રકારનાં દ્રવ્યથી જુદું સ્વપ્રકરણમાં સ્થિત (અને) અનન્યશેષ છે; 'એ નથી' કે 'એ જાણી શકાતો નથી' એમ કહેવું શક્ય નથી. કારણ **'આ નહિ, આ નહિ'** એમ આત્માનો 'ઉપદેશ કરાયેલ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रत्याख्यातुमशक्यत्वात्, य एव निराकर्ता तस्यैवात्मत्वात् ।

नन्वात्माऽहंप्रत्ययविषयत्वादुपनिषत्स्वेव विज्ञायत इत्यनुपपन्नम् । न; तत्साक्षित्वेन प्रत्युक्तत्वात् । नह्यहंप्रत्ययविषयकर्तृव्यतिरेकेण तत्साक्षी सूर्वभूतस्थः सम एकः कूटस्थनित्यः पुरुषो विधिकाण्डे तर्कसमये वा केनचिदधिगतः सर्वस्यात्मा, अतः स न केनचित्प्रत्याख्यातुं शक्यो विधिशेषत्वं वा नेतुम् । आत्मत्वादेव च सर्वेषां न हेयो नाप्युपादेयः । सर्वं हि विनश्यद्विकारजातं पुरुषान्तं विनश्यति। पुरुषो हि विनाशहेत्वाभावादविनाशी, विक्रियाहेत्वभावाच्च कूटस्थनित्यः, अत एव नित्यशुद्धबुद्धमुक्तस्वभावः । तस्मात् **'पुरुषान्न परं किञ्चित्सा काष्ठा सा परा गतिः'** (कठ.उप. १-३-११) **'तं त्वौपनिषदं पुरुषं पृच्छामि'** (बृह. उप. ३-९-२६) इति चौपनिषदत्वविशेषणं पुरुषस्योपनिषत्सु प्राधान्येन प्रकाश्यमानत्वे उपपद्यते । अतो भूतवस्तुपरो वेदभागो नास्तीति वचनं साहसमात्रम्।

यदपि शास्त्रतात्पर्यविदामनुक्रमणम्-**'दृष्टो हि तस्यार्थः कर्मावबोधनम्'** इत्येवमादि, तद्धर्मजिज्ञासाविषयत्वाद्विधिप्रतिषेधशास्त्राभिप्रायं द्रष्टव्यम् । अपि च **'आम्नायस्य क्रियार्थत्वादानर्थक्यमतदर्थानाम्'** (जै.सू.१-२-१) इत्येतदेकान्तेनाभ्युपगच्छतां भूतोपदेशानामानर्थक्यप्रसङ्गः । प्रवृत्तिनिवृत्तिविधितच्छेषव्यतिरेकेण भूतं चेद्वस्तूपदिशति भव्यार्थत्वेन, कूटस्थनित्यं भूतं नोपदिशतीति को हेतुः ? नहि भूतमुपदिश्यमानं क्रिया भवति ।

अक्रियात्वेऽपि भूतस्य क्रियासाधनत्वात्क्रियार्थ एव भूतोपदेश इति चेत्,- नैष दोषः; क्रियार्थत्वेऽपि क्रियानिर्वर्तनशक्तिमद्वस्तूपदिष्टमेव । क्रियार्थत्वं तु प्रयोजनं तस्य । न चैतावता वस्त्वनुपदिष्टं भवति । यदि नामोपदिष्टं, किं तव तेन स्यादिति । उच्यते, - अनवगतात्मवस्तूपदेशश्च तथैव भवितुमर्हति । तदवगत्या मिथ्याज्ञानस्य संसारहेतोर्निवृत्तिः प्रयोजनं क्रियत इत्यविशिष्टमर्थवत्त्वं क्रियासाधनवस्तूपदेशेन ।

(બૃહ.ઉપ. ૩-૯-૨૬)' એ (શ્રુતિ)માં આત્મા શબ્દ છે અને આત્માનો નિષેધ કરવો અશક્ય છે કારણ જે નિષેધ કરનાર છે તેને જ આત્મત્વ પ્રાપ્ત થયેલું હોય છે.

(પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે) આત્મા '- હું' એવા વિચારનો વિષય હોવાથી ઉપનિષદમાં જ જાણી શકાય છે એમ કહેવું બરાબર નથી (સિદ્ધાન્તી ઉત્તર આપે છે) ના, કારણ તે (- હું એવા પ્રત્યય)ના સાક્ષી તરીકે તે પ્રયોજાય છે. - હું એવા પ્રત્યયના વિષયના કર્તાથી ભિન્ન, તેના સાક્ષી, સર્વ પ્રાણીઓમાં રહેલ, સમ, એક, કૂટસ્થ, નિત્ય, સર્વનો આત્મા એવો પુરુષ વિધિકાંડમાં કે તર્કશાસ્ત્રમાં કોઈએ જોયો નથી. આથી તેનો કોઈથી નિષેધ થઈ શકે તેમ નથી કે તેને વિધિનું અંગ બનાવી શકાય તેમ નથી. અને આત્મા હોવાથી સહુ કોઈ માટે તે હેય નથી કે ઉપાદેય પણ નથી. સાચે જ વિનાશ પામતો સર્વ વિકાર સમુદાય મનુષ્ય સુધી નાશ પામે છે. વિનાશનું કારણ ન હોવાથી પુરુષ અવિનાશી છે. અને વિકારનું કારણ ન હોવાથી કૂટસ્થ નિત્ય છે, આથી જ તે નિત્ય, શુદ્ધ,બુદ્ધ અને મુક્ત સ્વભાવવાળો છે. માટે **'પુરુષથી કાંઈ પર નથી, તે પરાકાષ્ઠા (અવધિ) છે, તે પરા ગતિ છે'** (કઠ.ઉપ. ૧-૩-૧૧) **'હું આપને તે ઉપનિષદગમ્ય પુરુષ વિષે પૂછું છું.'** (બૃહ.ઉપ. ૩-૯-૨૬) એમાં 'ઉપનિષદગમ્ય' એ વિશેષણ ઉપનિષદોમાં મનુષ્ય મુખ્યતયા પ્રકાશમાન છે એમ માનતાં યોગ્ય સાબિત થાય છે. આથી સિદ્ધવસ્તુનું પ્રતિપાદન કરનાર વેદભાગ નથી એવું વચન માત્ર સાહસ છે.

જો કે શાસ્ત્રનું તાત્પર્ય જાણનારાઓનું **'કર્મનું જ્ઞાન કરાવવું એ જ વેદનું પ્રત્યક્ષ પ્રયોજન છે.'** (જૈ.સૂ. ૧-૧-૧ પરનું શાબરભાષ્ય) એ અને એવું બીજું (અનુક્રમણ) કથન કરે છે. તે ધર્મજિજ્ઞાસાનો વિષય હોવાથી વિધિ અથવા પ્રતિષેધશાસ્ત્રોને સ્પર્શતું છે એમ જાણવું. વળી **'વેદ ક્રિયાપરક હોવાથી તેવા અર્થવાળા ન હોય એટલે કે ક્રિયાર્થક ન હોય તે વાક્યો નિરર્થક છે.'** (જૈ.સૂ. ૧-૨-૧) એનો એકાંતિક સ્વીકાર કરનાર (મીમાંસકો)ના મતમાં સિદ્ધ વસ્તુનો ઉપદેશ અનર્થક થવાનો.પ્રસંગ આવશે. જો તમે (મીમાંસકો) એમ કહો કે શાસ્ત્ર પ્રવૃત્તિવિધિ, નિવૃત્તિવિધિ અને તેના અંગથી જુદી સિદ્ધવસ્તુનો ક્રિયાના અંગ તરીકે ઉપદેશ કરે છે, તો કૂટસ્થનિત્ય સિદ્ધવસ્તુનો ઉપદેશ કરતું નથી એમ કહેવાનું શું કારણ ? સિદ્ધવસ્તુનો ઉપદેશ કરાતાં તે ક્રિયા બની જતી નથી.

(પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે) સિદ્ધવસ્તુ ક્રિયા ન હોવા છતાં પણ ક્રિયાનું સાધન હોવાથી સિદ્ધવસ્તુનો ઉપદેશ ક્રિયાર્થક જ છે. (સિદ્ધાન્તી કહે છે) ના, તેમાં કોઈ દોષ નથી. ક્રિયાર્થક છે તો પણ ક્રિયા ઉત્પન્ન કરવાની શક્તિવાળી વસ્તુ જ ઉપદિષ્ટ છે. ક્રિયાર્થક છે તો પણ ક્રિયા ઉત્પન્ન કરવાની શક્તિવાળી વસ્તુ જ ઉપદિષ્ટ છે. ક્રિયાર્થત્વ તો તેનું પ્રયોજન છે અને એટલાથી વસ્તુ કાંઈ અનુપદિષ્ટ થઈ જતી નથી (પૂર્વપક્ષી કહે છે) જો ખરેખર (સિદ્ધવસ્તુ) ઉપદિષ્ટ છે તો તેનાથી તેને શું લાભ ? (સિદ્ધાન્તી કહે છે) કહીએ છીએ - નહિ જણાયેલ આત્મારૂપી વસ્તુનો ઉપદેશ તેવી રીતે જ થવો શક્ય છે. તેના જ્ઞાનથી સંસારના હેતુરૂપ મિથ્યાજ્ઞાનનું નિવૃત્તિરૂપ પ્રયોજન (સિદ્ધ) થાય છે. આમ ક્રિયાના સાધનરૂપ સિદ્ધવસ્તુના ઉપદેશની માફક (બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ) અર્થપૂર્ણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अपि च **'ब्राह्मणो न हन्तव्यः'** इति चैवमाद्या निवृत्तिरुपदिश्यते । न च सा क्रिया । नापि क्रियासाधनम् । अक्रियार्थानामुपदेशोऽनर्थकश्चेत् **'ब्राह्मणो न हन्तव्यः'** इत्यादिनिवृत्त्युपदेशानामानर्थक्यं प्राप्तम् । तच्चानिष्टम् । न च स्वभावप्राप्तहन्त्यर्थानुरागेण नञः शक्यमप्राप्तक्रियार्थत्वं कल्पयितुं हननक्रियानिवृत्त्यौदासीन्यव्यतिरेकेण । नञश्चैष स्वभावो यत्स्वसंबन्धिनोऽभावं बोधयतीति । अभावबुद्धिश्चौदासीन्यकारणम् । सा च दग्धेन्धनाग्निवत्स्वयमेवोपशाम्यति । तस्मात्प्रसक्तक्रियानिवृत्त्यौदासीन्यमेव **'ब्राह्मणो न हन्तव्यः'** इत्यादिषु प्रतिषेधार्थं मन्यामहे, अन्यत्र प्रजापतिव्रतादिभ्यः । तस्मात्पुरुषार्थानुपयोग्युपाख्यानादिभूतार्थवादविषयमानर्थक्याभिधानं द्रष्टव्यम् ।

यदप्युक्तम्, - कर्तव्यविध्यनुप्रवेशमन्तरेण वस्तुमात्रमुच्यमानमनर्थकं स्यात्, **'सप्तद्वीपा वसुमती'** इत्यादिवदिति, तत्परिहृतम्; **'रज्जुरियं नायं सर्पः'** इति वस्तुमात्रकथनेऽपि प्रयोजनस्य दृष्टत्वात् । ननु श्रुतब्रह्मणोऽपि यथापूर्वं संसारित्वदर्शनान्न रज्जुस्वरूपकथनवदर्थवत्त्वमित्युक्तम्; अत्रोच्यते, - नावगतब्रह्मात्मभावविरोधात् । नहि शरीराद्यात्माभिमानिनो दुःखभयादिमत्त्वं दृष्टमिति तस्यैव वेदप्रमाणजनितब्रह्मात्मावगमे तदभिमाननिवृत्तौ तदेव मिथ्याज्ञाननिमित्तं दुःखभयादिमत्त्वं भवतीति शक्यं कल्पयितुम्। नहि धनिनो गृहस्थस्य धनाभिमानिनो धनापहारनिमित्तं दुःखं दृष्टमिति तस्यैव प्रव्रजितस्य धनाभिमानरहितस्य तदेव धनापहारनिमित्तं दुःखं भवति । न च कुण्डलिनः कुण्डलित्वाभिमाननिमित्तं सुखं दृष्टमिति तस्यैव कुण्डलवियुक्तस्य कुण्डलित्वाभिमानरहितस्य तदेव कुण्डलित्वाभिमाननिमित्तं सुखं भवति । तदुक्तं श्रुत्या - **'अशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः'** (छान्दो०उप. ८-
१२-१) इति । शरीरे पतितेऽशरीत्वं स्यात् । न जीवत इति चेत् - न; सशरीरत्वस्य मिथ्याज्ञाननिमित्तत्वात्, न ह्यात्मनः शरीरात्माभिमानलक्षणं मिथ्याज्ञानं मुक्त्वान्यतः सशरीरत्वं शक्यं कल्पयितुम् । नित्यमशरीरत्वम-कर्मनिमित्तत्वादित्यवोचाम ।

વળી **'બ્રાહ્મણને મારવો ન જોઈએ.'** એમાં એને એવા સ્થળે નિવૃત્તિનો ઉપદેશ થાય છે. તે ક્રિયા નથી કે ક્રિયાનું સાધન પણ નથી. જો અક્રિયાર્થક (ક્રિયાને નહિ વર્ણવનાર) વાક્યોનો ઉપદેશ અનર્થક થાય. તો **'બ્રાહ્મણને મારવો ન જોઈએ.'** વગેરે વાક્યોમાંથી 'મારવું' નિવૃત્તિના ઉપદેશની અનર્થકતા આવી પડશે અને તે તો અનિષ્ટ છે. સ્વભાવથી આવી પડેલા 'ના અર્થ સાથેના સંબંધથી હનનક્રિયાની નિવૃત્તિરૂપ ઉદાસીનતાથી ભિન્ન અપ્રાપ્ત ક્રિયાની કલ્પના કરવી શક્ય નથી. કારણ પોતાના સંબંધી (જોડાયેલ) પદાર્થના અભાવનો બોધ કરાવવો એનો સ્વભાવછે; અને અભાવબુદ્ધિ ઉદાસીનતાનું કારણ છે. અને એ બળી ગયેલાં લાકડાના અગ્નિની જેમ સ્વયં જ શમી જાય છે. માટે - **'બ્રાહ્મણને મારવો ન જોઈએ'** વગેરે (વાક્યો)માં, પ્રજાપતિવ્રત વગેરે ભિન્ન એવો પ્રસક્તક્રિયામાંથી નિવૃત્તિરૂપ ઉદાસીનતા જ પ્રતિષેધનો અર્થ છે અમે અમે માનીએ છીએ. તેથી પુરુષાર્થને અનુપયોગી એવા ઉપાખ્યાનો ભૂતાર્થને વિષય કરનાર અનર્થનું અભિધાન કરે છે એમ સમજવું જોઈએ.

એમ જે કહ્યું છે કે કર્તવ્યવિધિ સાથે સંબંધ વિનાની કહેવામાં આવેલી વસ્તુમાત્ર **'પૃથ્વી સાત દ્વીપવાળી છે'** વગેરે વાક્યોની જેમ અનર્થક છે તેનું ખંડન કરી દીધું છે. કારણ **'આ રજ્જુ છે, આ સાપ નથી'** એમ વસ્તુ માત્રનું કથન હોવા છતાં ત્યાં કોઈ પ્રયોજન (સ્પષ્ટ) જોવામાં આવે છે. (પૂર્વપક્ષી કહે છે) બ્રહ્મનું શ્રવણ કરનાર(પુરુષ)માં પણ પૂર્વ મુજબનું સંસારિત્વ જોવામાં આવે છે. આથી રજ્જુના સ્વરૂપના ફક્ત કથનની જેમ (બ્રહ્મના સ્વરૂપનું કેવળ કથન) સાર્થક બનતું નથી એમ અમે જણાવી દીધું છે. (સિદ્ધાન્તી ઉત્તર આપે છે) અમે અહીં કહીએ છીએ. (બ્રહ્મ એ જ આત્મા છે એવું) બ્રહ્માત્મભાવનું જેને જ્ઞાન થયું છે તે(વ્યક્તિ)નું પૂર્વવત્ સંસારિત્વ જણાવવું શક્ય નથી કારણ વેદના પ્રમાણથી ઉત્પન્ન થતા બ્રહ્માત્મભાવ સાથે તેનો વિરોધ થાય. શરીર વગેરે આત્મા છે એવું અભિમાન રાખનાર (અજ્ઞાની)માં દુઃખ ભય વગેરે દેખાય છે. એમ તેને વેદના પ્રમાણથી ઉત્પન્ન થતા બ્રહ્માત્મભાવનું જ્ઞાન થતાં તે (આ આત્મા શરીર છે એવું) અભિમાન દૂર થતાં તે જ મિથ્યાજ્ઞાનથી ઉત્પન્ન થતાં દુઃખ, ભય વગેરે તેને થશે એમ કલ્પવું શક્ય નથી. ધનનું અભિમાન રાખનાર ધનવાન ગૃહસ્થને ધનના અપહરણથી થતું દુઃખ જોવામાં આવે છે, ધનના અભિમાનથી રહિત (અને) સંન્યાસી બનેલા તે (મનુષ્ય)ને જ ધનના અપહરણથી ઉત્પન્ન થતું તેવું જ દુઃખ થતું નથી. વળી કુંડળ ધારણ કરનારને કુંડળ પહેરવાથી ઉત્પન્ન થતું સુખ જોવામાં આવે છે, કુંડળના અભિમાનથી રહિત થયેલા કુંડળ વિનાના તેને કુંડળના ધારણ કરવાથી ઉત્પન્ન થતું તે જ સુખ પ્રાપ્ત થતું નથી તેથી શ્રુતિમાં કહ્યું છે-**'શરીરરહિત આત્માને પ્રિય કે અપ્રિય સ્પર્શ કરતા નથી.'** (છાન્દોગ્ય.ઉપ.૮-૧૨-૧)(પૂર્વપક્ષી કહે છે-) શરીર પડી જાય ત્યારે શરીર વિનાની સ્થિતિ થાય, જીવતાં નહિ (સિદ્ધાન્તી કહે છે) ના; (આ શંકા બરાબર નથી) કારણ કે સશરીત્વ (શરીર છે એવું માનવીની સ્થિતિ) મિથ્યાજ્ઞાનને લીધે હોય છે. શરીર આત્મા છે એવા અભિમાનવાળા મિથ્યાજ્ઞાન સિવાય બીજી કોઈ રીતે આત્માના સશરીરત્વની કલ્પના કરવી શક્ય નથી. કર્મથી ઉત્પન્ન નહિ થનાર હોવાથી (આત્માની) શરીરરહિત સ્થિતિ શાશ્વત નિત્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तत्कृतधर्माधर्मनिमित्तं सशरीरत्वमिति चेत् न, शरीरसंबन्धस्यासिद्धत्वाद्धर्माधर्मयोरात्मकृतत्वासिद्धेः । शरीरसंबन्धस्य धर्माधर्मयोस्तत्कृतत्वस्य चेतरेतराश्रयत्वप्रसङ्गादन्धपरम्परैषाऽनादित्वकल्पना । क्रियासमवायाभावाच्चात्मनः कर्तृत्त्वनुपपत्तेः । संनिधानमात्रेण राजप्रभृतीनां दृष्टं कर्तृत्त्वमिति चेत्; न धनदानाद्युपार्जितभृत्यसंबन्धित्वात्तेषां कर्तृत्वोपपत्तेः । न त्वात्मनो धनादानादिवच्छरीरादिभिः स्वस्वामिसंबन्धनिमित्तं किंचिच्छक्यं कल्पयितुम्। मिथ्याभिमानस्तु प्रत्यक्षः संबन्धहेतुः। एतेन यजमानत्वमात्मनो व्याख्यातम् ।

अत्राहु : - देहादिव्यतिरक्तस्यात्मन आत्मीये देहादावभिमानो गौणो न मिथ्येति चेत् न; प्रसिद्धवस्तुभेदस्य गौणत्वमुख्यत्वप्रसिद्धेः। यस्य हि प्रसिद्धो वस्तुभेदः, यथा केसरादिमानाकृतिविशेषोऽन्वयव्यतिरेकाभ्यां सिंहशब्दप्रत्ययभाङ्मुख्योऽन्यः प्रसिद्धः, ततश्चान्यः पुरुषः प्रायिकैः क्रौर्यशौर्यादिभिः सिंहगुणैः संपन्नः प्रसिद्धः, तस्य पुरुषे सिंहशब्दप्रत्ययौ गौणौ भवतो नाप्रसिद्धवस्तुभेदस्य । तस्य त्वन्यत्रान्यशब्दप्रत्ययौ भ्रान्तिनिमित्तावेव भवतो न गौणौ । यथा मन्दान्धकारे स्थाणुरयमित्यगृह्यमाणविशेषे पुरुषशब्दप्रत्ययौ स्थाणुविषयौ; यथा वा शुक्तिकायाम-कस्माद्रजतमिति निश्चितौ शब्दप्रत्ययौ तद्वद्देहादिसंधातेऽहमिति निरुपचारेण शब्दप्रत्ययावात्मानात्माविवेकेनोत्पद्यमानौ कथं गौणो शक्यौ वदितुम्। आत्मानात्मविवेकिनामपि पण्डितानामजाविपालानामिवाविविक्तौ शब्दप्रत्ययौ भवतः। तस्माद्देहादिव्यतिरिक्तात्मास्तित्त्ववादिनां देहादावहंप्रत्ययो मिथ्यैय, न गौणः । तस्मान्मिथ्याप्रत्ययनिमित्तत्वात्सशरीरत्वस्य सिद्धं जीवतोऽपि विदुषोऽशरीरत्वम् । तथा च ब्रह्मविदिषया श्रुतिः '**तद्यथाऽहिनिर्ल्वयनी वल्मीके मृता प्रत्यस्ता शयीतैवमेवेदं शरीरं शेते । अथायमशरीरोऽमृतः प्राणो ब्रह्मैण तेज एव**' (बृह० उप. ४-४-७) इति, '**सचक्षुरक्षुरिव सकर्णोऽकर्ण सवागवागिव समना अमना इव सप्राणोऽप्राण**' इति च । स्मृतिरपि च - '**स्थितप्रज्ञस्य का भाषा**' (भ०

છે એમ અમે કહેલું છે. (પૂર્વપક્ષી કહે છે-) તે (આત્મા)ના દ્વારા કરેલા ધર્મ અને અધર્મને કારણે શરીર ઉત્પન્ન થાય છે. (સિદ્ધાન્તી કહે છે-) ના. કારણ (આત્માનો) શરીર સાથેનો સંબંધ સિદ્ધ થયો નથી આથી તેણે કરેલા ધર્મ અને અધર્મ સાથેનો પણ તેનો સંબંધ સિદ્ધ થતો નથી. શરીરસંબંધ અને ધર્મ તથા અધર્મનો અને તેની ઉત્પત્તિનો અન્યોન્યાશ્રય (નામનો દોષ) માનવાનો પ્રસંગ આવવાથી (આ સંબંધ) અનાદિ છે એવી કલ્પના અંધપરંપરા બનશે. ક્રિયા સાથે સંબંધનો અભાવ હોવાથી આત્માનું કર્તૃત્વ શક્ય નથી. (પૂર્વપક્ષી કહે છે-) કેવળ પાસે રહેવાની ક્રિયાથી રાજા વગેરેમાં જેમ કર્તૃત્વ શક્ય નથી. (પૂર્વપક્ષી કહે છે-) કેવળ પાસે રહેવાની ક્રિયાથી રાજા વગેરેમાં જેમ કર્તૃત્વ દેખાય છે - તેમ. આત્મામાં પણ તે સિદ્ધ થશે. (સિદ્ધાન્તી કહે છે.) ના, ધનદાન વગેરેથી ભૃત્યસંબંધ ઉત્પન્ન થવાને કારણે તે(રાજા વગેરે)માં કર્તૃત્વ સંભવે છે, પરંતુ આત્મામાં શરીર વગેરેથી સાથે ધનદાન વગેરે જેવા સ્વસ્વામિભાવથી સર્જાતાં સંબંધની કોઈ કલ્પના શક્ય નથી. પણ મિથ્યાભિમાન તો સંબંધનું સીધું કારણ છે. આ દ્વારા આત્માના યજમાનત્વની પણ વ્યાખ્યા થઈ ગઈ.

અહીં (પૂર્વપક્ષી) કહે છે - દેહ વગેરેથી જુદા એવા આત્માનું પોતાના દેહ વગેરેનું અભિમાન ગૌણ છે, મિથ્યા નથી. (સિદ્ધાન્તી કહે છે-)ના, પ્રસિદ્ધ વસ્તુભેદને ગૌણત્વ અને મુખ્યત્વનો ભેદ જાણીતો હોય છે. જેને વસ્તુનો ભેદ પ્રસિદ્ધ (જાણીતો) છે જે અન્વય અને વ્યતિરેકથી કેશવાળી વગેરેવાળી વિશિષ્ટ આકૃતિ સિંહ એ શબ્દ વિચારનો વિષય બને છે તેથી ભિન્ન મુખ્ય અર્થ પ્રસિદ્ધ છે. અને પ્રાયઃ ક્રૂરતા, શૂરવીરતા વગેરે સિંહના ગુણોથી યુક્ત એવા તેનાથી ભિન્ન એવો (સિંહ શબ્દનો બીજો ગૌણ અર્થ જાણીતો છે) તેને પુરુષની બાબતમાં (પ્રયોજાયેલ) સિંહ શબ્દ અને વિચાર ગૌણ બનશે, જેને વસ્તુભેદ જાણીતો નહિ હોય તેને આવું થશે નહિ. અને તેને તો બીજા(અર્થ)માં જુદા જુદા જ્ઞાન ભ્રાન્તિને લીધે થાય છે, ગૌણ (તરીકે) નહિ. જેમ ઝાંખા અંધકારમાં 'આ સ્થાણુ છે' એમ વિશેષ જ્ઞાન ન થતાં 'પુરુષ' એ શબ્દ અને વિચાર 'સ્થાણુ'ની બાબતમાં લાગુ પડે છે, અથવા જેમ શુક્તિમાં અકસ્માત્ 'ચાંદી છે' એમ શબ્દ અને વિચાર સિદ્ધ થાય છે. તેવી રીતે દેહ ઈત્યાદિ સંઘાતમાં ઉપચાર વગર ઉત્પન્ન થનાર, આત્મા તથા અનાત્માના અવિવેકથી ઉદ્ભવતો 'હું' એવો શબ્દ અને વિચારને ગૌણ કહેવો કેવી રીતે સંભવે ? આત્મા અને અનાત્માનો ભેદ જાણનાર પંડિતોમાં પણ ઘેટાંબકરાં પાળનારાઓની જેમ શબ્દ અને વિચારનો વિવેક હોતો નથી. માટે દેહાદિથી ભિન્ન આત્માનું અસ્તિત્વ સ્વીકારનારાઓના મતે દેહ વગેરેમાં 'હું' એવો ખ્યાલ મિથ્યા છે, ગૌણ નથી તેથી સશરીત્વ મિથ્યાજ્ઞાનથી ઉદ્ભવતું હોવાથી જ્ઞાની માટે જીવિત હોય તો પણ અશરીરત્વ સિદ્ધ થયું. અને બ્રહ્મને જાણનારને લગતી શ્રુતિ છે- **'જેવી રીતે સાપની કાંચળી રાફડા ઉપર મરેલી, સાપ દ્વારા ત્યજાયેલી પડી રહે છે તે જ રીતે (દેહાદિ અભિમાન વિનાના વિદ્વાનનું) શરીર સૂઈ રહે છે. આ (આત્મા) અશરીર, અમૃત, પ્રાણ, બ્રહ્મ અને તેજ (સ્વરૂપ) છે.'** (બૃહદ.ઉપ. ૪-૪-૭) **'તે (જ્ઞાની) આંખવાળો પણ આંખ વિનાના જેવો, કાનવાળો પણ કાન વિનાના જેવો, વાણીવાળો પણ વાણી વિનાના જેવો, મનવાળો પણ મન વિનાના જેવો, પ્રાણવાળો પણ પ્રાણ વિનાના જેવો છે.' 'સ્થિતપ્રજ્ઞની વ્યાખ્યા કઈ છે ?'** (ગીતા ૨-૫૪) વગેરે સ્મૃતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गी. २-५४) इत्याद्या स्थितप्रज्ञलक्षणान्याचक्षाणा विदुषः सर्वप्रवृत्त्यसंबन्धं दर्शयति। तस्मान्नावगतब्रह्मात्मभावस्य यथापूर्वं संसारित्वम्। यस्य तु यथापूर्वं संसारित्वं नासाववगतब्रह्मात्मभाव इत्यनवद्यम् ।

यत्पुनरुक्तं श्रवणात्पराचीनयोर्मनननिदिध्यासनयोर्दर्शनाद्विधिशेषत्वं ब्रह्मणो न स्वरूपपर्यवसायित्वमिति । तन्न; अवगन्मयर्थत्वात्मनननिदिध्यासनयोः यदि ह्यवगतं ब्रह्मान्यत्र विनियुज्येत भवेत्तदा विधिशेषत्वम् । न तु तदस्ति; मनननिदिध्यासनयोरपिश्रवणवदवगत्यर्थत्त्वात्। तस्मान्न प्रतिपत्तिविधिविषयतया शास्त्रप्रमाणकत्वं ब्रह्मणः संभवतीत्यतः स्वतन्त्रमेव ब्रह्म शास्त्रप्रमाणकं वेदान्तवाक्यसमन्वयादिति सिद्धम्। एवं च सति **'अथातो ब्रह्मजिज्ञासा'** (ब्र.सू. १-१-१) इति तद्विषयः पृथक्शास्त्रारम्भ उपपद्यते। प्रतिपत्तिविधिपरत्वे हि **'अथातो ब्रह्मजिज्ञासा'** इत्येवारब्धत्वान्न पृथक्शास्त्रमारभ्येत । आरभ्यमाणं चैवमारभ्येत - **'अथातः परिशिष्टधर्मजिज्ञासा'** इति, **'अथातः क्रत्वर्थपुरुषार्थयोर्जिज्ञासा'** (जै० ४-१-१) इतिवत् । ब्रह्मात्मैक्यावगतिस्त्वप्रतिज्ञातेति तदर्थो युक्तः शास्त्रारम्भः - **'अथातो ब्रह्मजिज्ञासा'** इति । तस्मादहं ब्रह्मास्मीत्येतदवसाना एव सर्वे विधयः सर्वाणि चेतराणि प्रमाणानि। नह्यहेयानुपादेयाद्वैतात्मावगतौ सत्याम् निर्विषयाण्यप्रमातृकाणि च प्रमाणानि भवितुमर्हन्तीति। अपि चाहुः -

गौणमिथ्यात्मनोसत्त्वे पुत्रदेहादिबाधनात् ।
सद्ब्रह्मात्माहमित्येवं बोधि कार्यं कथं भवेत् ॥
अन्वेष्टव्यात्मविज्ञानात्प्राक्प्रमातृत्वमात्मनः ।
अन्विष्टः स्यात्प्रमातैव पाप्मदोषादिवर्जितः ॥
देहात्मप्रत्ययो यद्वत्प्रमाणत्वेन कल्पितः ।
लौकिकं तद्वदेवेदं प्रमाणं त्वाऽऽत्मनिश्चयात्' इति ॥ ४ ॥

इति चतुःसूत्री समाप्ता ।

પણ સ્થિતપ્રજ્ઞનું લક્ષણ જણાવતી હોવાથી જ્ઞાનીનો પ્રત્યેક પ્રવૃત્તિ સાથે સંબંધ નથી એવું દર્શાવે છે. આથી બ્રહ્માત્મભાવનું જેને જ્ઞાન છે તેને પૂર્વની જેમ સંસારિત્વ સંભવતું નથી. પણ જેને પૂર્વની જેમ સંસારિત્વ છે તેને બ્રહ્માત્મભાવનું જ્ઞાન નથી. આમ (અમારું વેદાન્તશાસ્ત્ર) દોષરહિત છે.

વળી જે (પૂર્વપક્ષી દ્વારા) કહેવાયું છે કે શ્રવણ પછી મનન અને નિદિધ્યાસન જોવામાં આવે છે. માટે બ્રહ્મ ઉપાસનાવિધિનું અંગ છે, સ્વરૂપ પર્યવસાયી નથી; (તેના ઉત્તરમાં સિદ્ધાન્તી કહે છે-) ના (તે યોગ્ય નથી); કારણ શ્રવણની માફક મનન અને નિદિધ્યાસન બ્રહ્મના જ્ઞાન માટે છે. જો જ્ઞાત બ્રહ્મનો અન્યત્ર (ક્રિયામાં) વિનિયોગ થતો હોત તો તે વિધિનું અંગ બનત, પણ તેમ બનતું નથી, કારણ મનન અને નિદિધ્યાસન પણ શ્રવણની માફક (બ્રહ્મના) જ્ઞાનને માટે છે, માટે ઉપાસના વિધિના અંગ તરીકે બ્રહ્મનું શાસ્ત્ર પ્રમાણ શક્ય નથી. માટે વેદાન્ત વાક્યના સમન્વયથી બ્રહ્મ સ્વતંત્ર રીતે જ શાસ્ત્રપ્રમાણ છે એ સિદ્ધ થયું. આમ હોવાથી - 'અથ એથી બ્રહ્મજિજ્ઞાસા' એવા વિષયને લગતા જુદા શાસ્ત્રો આરંભ સંભવે છે. ઉપાસના વિધિપરક હોય તો **'અથ એથી બ્રહ્મજિજ્ઞાસા'** એમ આરંભ કર્યો હોવાથી જુદા શાસ્ત્રનો આરંભ ન થાય. અને જો આરંભ કરાત તો **'અથ એથી બાકીની ધર્મજિજ્ઞાસા' 'અથ એથી યજ્ઞાર્થ અને પુરુષાર્થની જિજ્ઞાસા'** (જૈ.સૂ. ૪-૧-૧)ની માફક આરંભ કર્યો હોત, પણ બ્રહ્મ અને આત્માના એકત્વના જ્ઞાનની (કોઈ) પ્રતિજ્ઞા કરેલી નથી તેથી તેને માટે **'અથ એથી બ્રહ્મજિજ્ઞાસા'** એમ શાસ્ત્રનો આરંભ યોગ્ય છે તેથી **'હું બ્રહ્મ છું'** એવા જ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધી સઘળી વિધિઓ અને બીજાં સર્વે પ્રમાણો છે; કારણ કે હેય કે ઉપાદેય વિનાના આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતાં પ્રમાણો વિષયરહિત અને પ્રમાણરહિત બની જાય છે. અને કહ્યું પણ છે -

'અબાધિત બ્રહ્માત્મસ્વરૂપ હું છું' એવું જ્ઞાન પ્રાપ્ત થતાં પુત્ર, દેહ વગેરેનો બાધ થવાથી ગૌણ અને મિથ્યા આત્માભિમાન ન રહેતાં (મનુષ્ય માટે વિધિ-નિષેધ વગેરે) કાર્ય કેવી રીતે રહે ?

શોધવા યોગ્ય એવા આત્માના જ્ઞાન (સાક્ષાત્કાર) પહેલાં પણ આત્મા પ્રમાતા છે તેનું અન્વેષણ (જ્ઞાન) થતાં પ્રમાતા જ પાપ-દોષ વગેરેથી રહિત (જણાય) છે.

જેમ દેહ આત્મા છે એવો ખ્યાલ પ્રમાણ તરીકે કલ્પિત છે તેવી રીતે લૌકિક પ્રમાણ આત્મતત્ત્વનો નિશ્ચય (જ્ઞાન) થાય ત્યાં સુધી જ અસ્તિત્વ ધરાવે છે.

ચતુઃસૂત્રી સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

एवं तावद्वेदान्तवाक्यानां ब्रह्मात्मावगतिप्रयोजनानां ब्रह्मात्मनि तात्पर्येण समन्वितानामन्तरेणापि कार्यानुप्रवेशं ब्रह्मणि पर्यवसानमुक्तम्। ब्रह्म च सर्वज्ञं सर्वशक्ति जगदुत्पत्तिस्थितिलयकारणमित्युक्तम्। सांख्यादयस्तु परिनिष्ठितं वस्तु प्रमाणान्तरगम्यमेवेति मन्यमानाः प्रधानादीनि कारणान्तराण्यनुमिमानास्तत्परतयैव वेदान्तवाक्यानि योजयन्ति। सर्वेष्वेव वेदान्तवाक्येषु सृष्टिविषयेष्वनुमानेनैव कार्येण कारणं लिलक्षयिषितम् । प्रधानपुरुषसंयोगा नित्यानुमेया इति सांख्या मन्यन्ते । कणादास्त्वेतेभ्य एव वाक्येभ्य ईश्वरं निमित्तकारणमनुमिमते, अणूंश्च समवायिकारणम्। एवमन्येऽपि तार्किका वाक्याभासयुक्त्याभासावष्टम्भाः पूर्वपक्षवादिन ईहोत्तिष्ठन्ते। तत्र पदवाक्यप्रमाणज्ञेनाचार्येण वेदान्तवाक्यानां ब्रह्मात्मावगतिपरत्वप्रदर्शनाय वाक्याभासयुक्त्याभासप्रतिपत्तयः पूर्वपक्षीकृत्य निराक्रियन्ते ॥

तत्र सांख्याः प्रधानं त्रिगुणमचेतनं स्वतन्त्रं जगत्कारणमिति मन्यमाना आहुः- यानि वेदान्तवाक्यानि सर्वज्ञस्य सर्वशक्तेर्ब्रह्मणो जगत्कारणत्वं प्रदर्शनयन्तीत्यवोचः, तानि प्रधानकारणपक्षेऽपि योजयितुं शक्यन्ते । सर्वशक्तित्वं तावत्प्रधानस्यापि स्वाधिकारविषयमुपपद्यते। एवं सर्वज्ञत्वमप्युपपद्यते, कथम् यत्त्वं ज्ञानं मन्यसे, स सत्त्वधर्मः, **'सत्त्वात्संजायते ज्ञानम्'** (भ.गी. १४-१७) इति स्मृते : । तेन च सत्त्वधर्मेण ज्ञानेन कार्यकरणवन्तः पुरुषाः सर्वज्ञा योगिनः प्रसिद्धाः । सत्त्वस्य हि निरतिशयोत्कर्षे सर्वज्ञत्वं प्रसिद्धम्। न केवलस्य अकार्यकरणस्य पुरुषस्योपलब्धिमात्रस्य सर्वज्ञत्वं किंचिज्ज्ञत्वं वा कल्पयितुं शक्यम्। त्रिगुणत्वात्तु प्रधानस्य सर्वज्ञानकारणभूतं सत्त्वं प्रधानावस्थायामपि विद्यत इति प्रधानस्याचेतनस्यैव सतः सर्वज्ञत्वमुपचर्यते वेदान्तवाक्येषु । अवश्यं च त्वयापि सर्वज्ञं ब्रह्मेत्यभ्युपगच्छता सर्वज्ञानशक्तिमत्वेनैव सर्वज्ञत्वमभ्युपगन्तव्यम् । न हि सर्वदा सर्वविषयं ज्ञानं कुर्वदेव ब्रह्म वर्तते । तथाहि- ज्ञानस्य नित्यत्वे ज्ञानक्रियां प्रति स्वातन्त्र्यं ब्रह्मणो हीयेत अथानित्यं तदिति ज्ञानक्रियाया उपरमे उपरमेतापि ब्रह्म, तदा सर्वज्ञानशक्तिमत्त्वेनैव सर्वज्ञत्वमापतति। अपि च प्रागुत्पतेः सर्वकारकशून्यं ब्रह्मेष्यते त्वया। न च ज्ञानसाधनानां शरीरेन्द्रियादीनामभावे ज्ञानोत्पत्तिः कस्यचिदुपपन्ना । अपि च प्रधानस्यानेकात्मकस्य परिणामसंभवात्कारणत्वोपपत्तिर्मृदादिवत्, नासंहतस्यैकात्मकस्य ब्रह्मणः, - इत्येवं प्राप्ते, इदं सूत्रमारभ्यते -

---

આ રીતે બ્રહ્મ એ આત્મા છે એવા પરિપૂર્ણ જ્ઞાનયોજનાવાળો બ્રહ્માત્મને માટે તાત્પર્યથી સમન્વિત થયેલાં વેદાન્તવાક્યો કાર્યના સંબંધ વિના પણ બ્રહ્મને વિષયક પરિણામ પામે છે એમ કહ્યું છે. વળી બ્રહ્મ સર્વજ્ઞ, સર્વશક્તિમત્, જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશનું કારણ છે એમ કહ્યું છે. સાંખ્ય વગેરે તો પરિનિષ્ઠિત વસ્તુ અન્ય પ્રમાણથી જ ગમ્ય છે એવું માને છે અને પ્રધાનાદિ બીજાં કારણોનું અનુમાન કરી તેને અનુરૂપ વેદાન્તવાક્યોની યોજના કરે છે. સૃષ્ટિ સર્વ વેદાન્તવાક્યોમાં અનુમાન વડે જ કાર્યથી કારણનું લક્ષણ કરવા ઇચ્છે છે. પ્રધાન અને પુરુષોનો સંયોગ નિત્ય અનુમેય છે એમ સાંખ્યો માને છે. કણાદના અનુયાયીઓ એ જ વાક્યોથી ઈશ્વર નિમિત્તકારણ અને અણુ સમવાયી કારણ છે એવું અનુમાન કરે છે. એમ બીજા તાર્કિકો વાક્યાભાસ અને યુક્ત્યાભાસનો આધાર લઈ પૂર્વપક્ષવાદીઓ અહીં ઊભા થાય છે. તેમાં પદ, વાક્ય અને પ્રમાણના જાણનાર આચાર્યે વેદાન્તવાક્યોનું પ્રયોજન બ્રહ્મનું પરિપૂર્ણ જ્ઞાન આપવાનું છે એવું દર્શાવવાને માટે વાક્યાભાસ અને યુક્ત્યાભાસના જ્ઞાનને પૂર્વપક્ષ બનાવીને તેનું નિરાકરણ કર્યું છે.

તેમાં સાંખ્યો ત્રણ ગુણવાળું અચેતન એવું પ્રધાન જગતનું કારણ છે એમ દર્શાવે છે એમ તેઓ કહે છે. તે વાક્યો પ્રધાન જગતનું કારણ છે એ પક્ષમાં પણ યોજવાં શક્ય છે. સર્વશક્તિમાન હોવું એ પ્રધાનને માટે પણ પોતાના વિકારની બાબતમાં યોગ્ય છે, એવી જ રીતે સર્વજ્ઞત્વ પણ યોગ્ય છે. શી રીતે ? જેને તું જ્ઞાન માને છે તે સત્ત્વનો ધર્મ છે; કેમકે 'સત્ત્વાત્ સંજાયતે જ્ઞાનમ્' [ભ.ગી.૧૪/૧૭] **'સત્ત્વથી જ્ઞાન ઉત્પન્ન થાય છે'** એવી સ્મૃતિ છે તે સત્ત્વના ધર્મ એવા જ્ઞાન વડે કાર્યકારણવાળા સર્વજ્ઞ પુરુષો યોગીઓ પ્રસિદ્ધ છે; કેમકે સત્ત્વનો નિરતિશય ઉત્કર્ષ થતાં સર્વજ્ઞત્વ બને એ પ્રસિદ્ધ છે. કાર્યરૂપ કરણ વિના, જ્ઞાનસ્વરૂપ કેવલ પુરુષ સર્વજ્ઞ છે કે કિંચિજ્જ્ઞ છે એવું કલ્પવું શક્ય નથી. પણ પ્રધાન ત્રિગુણ હોવાથી સર્વ જ્ઞાનનું કારણ બનેલું સત્ત્વ પ્રધાનાવસ્થામાં પણ હોય છે. તેથી અચેતન છતાં પણ પ્રધાનનું જ સર્વજ્ઞત્વ વેદાન્તવાક્યોમાં ગૌણ છે. નક્કી સર્વજ્ઞ બ્રહ્મ અંગીકાર કરતા તારે પણ સર્વજ્ઞાનશક્તિ હોવાથી સર્વજ્ઞત્વનો અંગીકાર કરવો પડશે; કેમકે હંમેશ સર્વ વિષયનું જ્ઞાન કરતું બ્રહ્મ વર્તતું નથી. જ્ઞાન જો નિત્ય હોય તો જ્ઞાનક્રિયા પ્રત્યે બ્રહ્મનું સ્વાતન્ત્ર્ય ઓછું થાય. જો તે અનિત્ય હોય તો જ્ઞાનક્રિયા શાંત થાય એટલે બ્રહ્મ પણ શાંત થાય. ત્યારે સર્વજ્ઞાનશક્તિ હોવાથી જ સર્વજ્ઞત્વ આવે છે. વળી ઉત્પત્તિ પૂર્વે સર્વકારકરહિત બ્રહ્મ છે એમ તું ઇચ્છે છે, પણ જ્ઞાનસાધનો-શરીર, ઇન્દ્રિય વગેરેનો અભાવ હોવાથી જ્ઞાનની ઉત્પત્તિ કોઈ પણ મતે યોગ્ય નથી. વળી અનેક આત્માવાળા પ્રધાનના પરિણામનો સંભવ હોવાથી મૃત્તિકા વગેરેની જેમ કારણત્વની યોગ્યતા છે, પણ અસંહત એકાત્મક બ્રહ્મની બાબતમાં નથી એવું આવી પડતાં આ સૂત્ર આરંભાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

५ ईक्षत्यधिकरणम् ।

ईक्षतेर्नाशब्दम् ॥ ५ ॥

न सांख्यपरिकल्पितमचेतनं प्रधानं जगतः कारणं शक्यं वेदान्तेष्वाश्रयितुम् । अशब्दं हि तत् । कथमशब्दत्वम् ? ईक्षतेः ईक्षितृत्वश्रवणात्कारणस्य । कथम् ? एवं हि श्रूयते -**'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्'** (छां.उप. ६-२-१) इत्युपक्रम्य **'तदैक्षत बहु स्यां प्रजायेयेति तत्तेजोऽसृजत'** (छां.उप. ६-२-३) इति तत्र इदंशब्दवाच्यं नामरूपव्याकृतं जगत् प्रागुत्पत्तेः सदात्मनावधार्य, तस्यैव प्रकृतस्य सच्छब्दवाच्यस्येक्षणपूर्वकं तेजः प्रभृतेः स्रष्टुत्वं दर्शयति । तथान्यत्र - **'आत्मा वा इदमेक एवाग्र आसीत्' । नान्यत्किंचन मिषत् स ईक्षत लोकान्नु सृजा इति । स इमाँल्लोकानसृजत'** (ए.आ. २-४-१-२) इतीक्षापूर्विकामेव सृष्टिमाचष्टे । क्वचिच्च षोडशकलं पुरुषं प्रस्तुत्याह - **'स ईक्षांचक्रे', स प्राणमसृजत** (प्र.उप. ६-३; ६-४) इति ईक्षतेरिति च धात्वर्थनिर्देशोऽभिप्रेतः यजतेरितिवत्, न धातुनिर्देशः । तेन **'यः सर्वज्ञः सर्वविद्यस्य ज्ञानमयं तपः । तस्मादेतद्ब्रह्म नाम रूपमन्नं च जायते'** (मुं.उप. १-१-९) इत्येवमादीन्यपि सर्वज्ञेश्वरकारणपराणि वाक्यान्युदाहर्तव्यानि ॥

यत्तूक्तं सत्त्वधर्मेण ज्ञानेन सर्वज्ञं प्रधानं भविष्यतीति, तन्नोपपद्यते । न हि प्रधानावस्थायां गुणसाम्यात्सत्त्वधर्मो ज्ञानं संभवति । ननूक्तं सर्वज्ञानशक्तिमत्वेन सर्वज्ञं भविष्यतीति, तदपि नोपपद्यते । यदि गुणासाम्ये सति सत्त्वव्यपाश्रयां ज्ञानशक्तिमाश्रित्य सर्वज्ञं प्रधानमुच्येत, कामं रजस्तमोव्यपाश्रयामपि ज्ञानप्रतिबन्धकशक्तिमाश्रित्य किंचिज्ज्ञमुच्येत । अपि च नासाक्षिका सत्त्ववृत्तिर्जानातिना अभिधीयते । न चाचेतनस्य प्रधानस्य साक्षित्वमस्ति । तस्मादनुपपन्नं प्रधानस्य सर्वज्ञत्वम् । योगिनां तु चेतनत्वात्सत्त्वोत्कर्षनिमित्तं सर्वज्ञत्वमुपपन्नमित्यनुदाहरणम् । अथ पुनः साक्षिनिमित्तमीक्षितृत्वं प्रधानस्यापि कल्प्येत, यथाग्निमित्तमयःपिण्डादेर्दग्धृत्वम् । तथा सति यन्निमित्तमीक्षितृत्वं प्रधानस्य, तदेव सर्वज्ञं ब्रह्म मुख्यं जगतः कारणमिति युक्तम् । यत्पुनरुक्तं ब्रह्मणोऽपि न मुख्यं सर्वज्ञत्वमुपपद्यते, नित्यज्ञानक्रियत्वे ज्ञानक्रियां प्रति स्वातन्त्र्यासंभवादिति, अत्रोच्यते-

---

૫. ઈક્ષતિઅધિકરણ

'પ્રધાન જગતનું કારણ' નથી 'કેમકે તે' અશબ્દ (છે) ઈક્ષતિથી ॥૫॥

સાંખ્યે કલ્પેલા અચેતન પ્રધાનને જગત્ના કારણ તરીકે વેદાન્તમાં આશ્રય કરવું શક્ય નથી; કેમકે તે અશબ્દ છે. અશબ્દ કેમ છે ? ઈક્ષતિથી - શ્રુતિમાં કારણને ઈક્ષણ કરનાર કહ્યું છે તેથી. કેવી રીતે ? કારણ શ્રુતિ આમ કહે છે - सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् (बृ.उप. ६।२।१)**'હે પ્રિયદર્શન અગ્રે-ઉત્પત્તિ પૂર્વે આ જગત્ હતું, સત્રૂપ જ એક અને અદ્વિતીય'** એમ ઉપક્રમ કરીને तदैक्षत बहुस्यां प्रजायेयेति तत्तेजोऽसृजत' (बृ.उप. ६-२-३) **'તેણે બહુ થાઉં. બહુ ઉત્પન્ન થાઉં એમ દૃષ્ટિ કરી, તેણે તેજનું સર્જન કર્યું.'** એમ તેમાં इदम् 'આ' શબ્દથી વાચ્ય, નામરૂપે વિવિધ આકાર પામેલા જગત્નું ઉત્પત્તિ પૂર્વે સત્સ્વરૂપે અવધારણ કરીને તે જ પ્રકૃત સત્સંજ્ઞાથી વાક્ય 'બ્રહ્મ' તેજ વગેરેનું ઈક્ષણપૂર્વક સર્જનાર છે એમ 'શ્રુતિ' કહે છે. તેમજ બીજે સ્થળે आत्मा वा इदमेक एवाग्र आसीत् । नान्यत् किंचन मिषत् । स ऐक्षत लोकान्नु सृजा इति । स इमाल्लौकानसृजत ।(ऐत. आर. २-४-१-२) **'ખરેખર અગ્રે આ એક જ-આત્મા હતો. બીજું કંઈ હાલતું ન હતું. લોકોને સર્જું એમ તેણે દૃષ્ટિ કરી. તેણે આ લોકોને સર્જ્યાં'.** એમ ઈક્ષણપૂર્વિકા જ સૃષ્ટિ કહે છે; અને કવચિત્ સોળ કળાવાળા પુરુષનો પ્રસ્તાવ કરીને કહે છે - 'स ईक्षांचक्रे' 'स प्राणमसृजत' [प्रश्न.उप.६।३। અને ६।४] **'તેણે દૃષ્ટિ કરી, તેણે પ્રાણ સર્જ્યો,** યજતિની જેમ ઈક્ષતિથી ધાતુનો અર્થ ઉદ્દિષ્ટ છે, ધાતુનો નિર્દેશ નથી તેથી यः सर्वज्ञः सर्वविद्यस्य ज्ञानमयं तपः । तस्मादेतद् ब्रह्म नाम रूपमन्नं च जायते' **'જે સર્વજ્ઞ અને સર્વવેત્તા છે, જેનું જ્ઞાનમય તપ છે તેથી આ બ્રહ્મ, નામ, રૂપ તથા અન્ન ઉત્પન્ન થાય છે'** (મું.ઉપ.૧-૧-૯) એ અને સર્વજ્ઞ ઈશ્વરને જગત્નું કારણ પ્રતિપાદન કરનાર બીજાં વાક્યો ઉદાહરણ તરીકે આપવાં જોઈએ.

સત્ત્વના ધર્મ, જ્ઞાનથી પ્રધાન સર્વજ્ઞ થશે એમ જે કહ્યું છે તે યોગ્ય નથી. ખરેખર પ્રધાનાવસ્થામાં ગુણોની સમાનતાને કારણે સત્ત્વનો ધર્મ એવું જ્ઞાન સંભવતું નથી. પણ કહ્યું છે કે સર્વ જ્ઞાનની શક્તિ હોવાને લીધે સર્વજ્ઞ થશે. તે પણ યોગ્ય નથી. જો ગુણોની સમતા થવાથી સત્ત્વના આશ્રયે રહેલી જ્ઞાનશક્તિને આધારે જ્ઞાનશક્તિ હોવાને કારણે પ્રધાન સર્વજ્ઞ કહેવાય તો ભલે. રજોગુણ અને તમોગુણને પણ આશ્રયે રહેલી જ્ઞાનપ્રતિબન્ધશક્તિને આધારે પ્રધાન કિંચિજજ્ઞ કહેવાય. વળી સાક્ષિરહિત સત્ત્વવૃત્તિ જાણતી નથી અને અભિધાન કરાતી નથી; અને અચેતન પ્રધાનને સાક્ષિત્વ નથી, તેથી પ્રધાન સર્વજ્ઞ છે એ વાત અયોગ્ય છે. યોગીઓમાં તો ચેતનપણાને કારણે સત્ત્વના ઉત્કર્ષથી ઉત્પન્ન થયેલું સર્વજ્ઞત્વ યોગ્ય છે એટલે એ ઉદાહરણ બરાબર નથી. પણ લોઢાના ગોળા વગેરેની દહનશક્તિ જેમ અગ્નિનિમિત્ત છે તેમ પ્રધાનની ઈક્ષણશક્તિ સાક્ષિનિમિત્ત છે એમ જો કલ્પના કરાય તો તેમ થતાં પ્રધાનની ઈક્ષણશક્તિનું જે નિમિત્ત છે તે જ સર્વજ્ઞ મુખ્ય બ્રહ્મની જ્ઞાનક્રિયા નિત્ય હોવાથી જ્ઞાનક્રિયા પ્રતિ તેની સ્વતન્ત્રાતાનો અસંભવ છે. એમ જે કહ્યું છે તે વિષે અહીં કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

इदं तावद्भवान्प्रष्टव्यः- कथं नित्यज्ञानक्रियत्वे सर्वज्ञत्वहानिरिति। यस्य हि सर्वविषयावभासनक्षमं ज्ञानं नित्यमस्ति,सोऽसर्वज्ञ इति विप्रतिषिद्धम्। अनित्यत्वे हि ज्ञानस्य, कदाचिज्जानाति कदाचिन्न जानातीत्यसर्वज्ञत्वमपि स्यात्। नासौ ज्ञाननित्यत्वे दोषोऽस्ति। ज्ञाननित्यत्वे ज्ञानविषयः स्वातन्त्र्यव्यपदेशो नोपपद्यते इति चेत् न, प्रततौष्णप्रकाशेऽपि सवितरि '**दहति**' '**प्रकाशयति**' इति स्वातन्त्र्यव्यपदेशदर्शनात् । ननु सवितुर्दाह्यप्रकाश्यसंयोगे सति '**दहति**' '**प्रकाशयति**' इति व्यपदेशः स्यात् न तु ब्रह्मणः प्रागुत्पत्तेर्ज्ञानकर्मसंयोगोऽस्तीति विषमो द्रष्टान्तः। न, असत्यपि कर्मणि '**सविता प्रकाशते**' इति कर्तृत्वव्यपदेशदर्शनात्, एवमसत्यपि ज्ञानकर्मणि ब्रह्मणः '**तदैक्षत**' इति कर्तृत्वव्यपदेशोपपत्तेर्न वैषम्यम्। कर्मापेक्षायां तु ब्रह्मणि '**तदैक्षत**' (छा.उप. ६-२-३) इति कर्तृत्वव्यपदेशोपपत्तेर्न वैषम्यम्। कर्मापेक्षायां तु ब्रह्मणि ईक्षितृत्वश्रुतयः सुतरामुपपन्नाः। किं पुनस्तत्कर्म, यत्प्रागुत्पत्तेरीश्वरज्ञानस्य विषयो भवतीति- तत्त्वान्यत्वाभ्यामनिर्वचनीये नामरूपे अव्याकृते व्याचिकीर्षिते इति ब्रूमः। यत्प्रसादाद्धि योगिनामप्यतीतानागतविषयं प्रत्यक्षं ज्ञानमिच्छन्ति योगशास्त्रविदः, किमु वक्तव्यं तस्य नित्यसिद्धस्येश्वरस्य सृष्टिस्थितिसंहृतिविषयं नित्यज्ञानं भवतीति। यदप्युक्तं प्रागुत्पत्तेर्ब्रह्मणः शरीरादिसंबन्धमन्तरेणेक्षितृत्वमनुपपन्नमिति, न तच्चोद्यमवतरति, सवितृप्रकाशवद्ब्रह्मणो ज्ञानस्वरूपनित्यत्वे ज्ञानसाधनापेक्षानुपपत्तेः। अपि चाविद्यादिमतः संसारिणः शरीराद्यपेक्षा ज्ञानोत्पत्तिः स्यात् न ज्ञानप्रतिबन्धकारणरहितस्येश्वरस्य। मन्त्रौ चेमावीश्वरस्य शरीराद्यनपेक्षतामनावरणज्ञानतां च दर्शयत :- '**न तस्य कार्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते। परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च**' (श्वे.उप. ६-८) इति। '**अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः। स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम्**' (श्वे.उप. ३-१९) इति च।

પ્રથમ તમને આ પ્રશ્ન કરવો જોઈએ, કે જ્ઞાનક્રિયા નિત્ય હોવાને લીધે સર્વજ્ઞત્વની હાનિ કેવી રીતે થાય છે. સર્વ વિષયને પ્રકાશ કરવાને યોગ્ય, જેનું નિત્ય જ્ઞાન છે તે અસર્વજ્ઞ છે એ વિરુદ્ધ છે. ખરેખર જ્ઞાનને અનિત્ય લઈએ તો કદાચિત્ એ જાણે અને કદાચિત્ એ ન જાણે એમ એનું અસર્વજ્ઞત્વ પણ થાય; પણ જ્ઞાનને નિત્યત્વ માનનાર પક્ષમાં એ દોષ નથી. પણ જ્ઞાનને નિત્યત્વપક્ષે જ્ઞાનના વિષયમાં જે સ્વતન્ત્રતા કહી છે તે યોગ્ય નથી. ના, સૂર્યની ઉષ્ણતા અને પ્રકાશ સતત છે તો પણ 'બળે છે,' 'પ્રકાશે છે', એ સ્વતન્ત્રતાનો વ્યપદેશ જોવામાં આવે છે. પણ દાહ્ય અને પ્રકાશ્ય પદાર્થની સાથે સૂર્યનો સંયોગ થતાં 'બાળે છે', 'પ્રકાશે છે', એમ વ્યપદેશ યોગ્ય છે તેથી 'દૃષ્ટાન્તનું' વૈષમ્ય (અયોગ્યતા) નથી. 'તેણે ઈક્ષણ કર્યું' (છા.ઉપ.૬-૨-૩) એમ કર્તૃત્વના વ્યપદેશ યોગ્ય હોવાથી વૈષમ્ય નથી. કર્મની અપેક્ષામાં તો બ્રહ્મની ઈક્ષણ પ્રતિપાદન કરનાર શ્રુતિઓ વિશેષ યોગ્ય છે. પણ તે કર્મ કયું છે કે જે ઉત્પત્તિ પૂર્વે ઈશ્વરના જ્ઞાનનો વિષય બને છે ? 'બ્રહ્મથી' તત્ત્વે 'અભિન્નસ્વરૂપે' અને અન્યત્વે (ભિન્નસ્વરૂપે) અનિર્વચનીય, વિવિધ આકાર ન પામેલાં પણ વિવિધ આકાર પમાડવા ઇચ્છાયેલાં નામ અને રૂપ એમ અમે કહીએ છીએ. ખરેખર જેના પ્રસાદથી યોગીઓનું પણ ભૂત-અને-ભવિષ્યને વિષય બનાવતું પ્રત્યક્ષ જ્ઞાન યોગશાસ્ત્રવેત્તાઓ ઇચ્છે છે તે નિત્યસિદ્ધ ઈશ્વરનું સૃષ્ટિ, સ્થિતિ અને સંહારને લગતું નિત્યજ્ઞાન છે એમાં તો કહેવું જ શું ? વળી જે કહ્યું છે કે ઉત્પત્તિ પૂર્વે શરીર વગેરે સાથે સંબંધ ન હોવાથી બ્રહ્મની ઈક્ષણશક્તિ અયોગ્ય છે તે શંકા બરાબર નથી; કેમકે સૂર્યના પ્રકાશની જેમ બ્રહ્મના જ્ઞાનસ્વરૂપના નિત્યત્વમાં જ્ઞાનના સાધનની અપેક્ષા યોગ્ય નથી. વળી અવિદ્યા, - વગેરે - વાળા સંસારી ઈશ્વરની જ્ઞાનોત્પત્તિને શરીરાદિની અપેક્ષા રહે છે, પણ જ્ઞાનપ્રતિબન્ધકારણરહિત ઈશ્વરની જ્ઞાનોત્પત્તિને નહિ. વળી આ મન્ત્રો ઈશ્વરને અપેક્ષા નથી અને તેનું જ્ઞાન આવરણરહિત છે એવું દર્શાવે છે -

'न तस्य कार्यें करणं च विद्यते न तत्समश्चान्यधिकश्च दृश्यते ।
पराऽस्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च' ॥ [श्वेता.उप. ६।८]

'તેને કાર્ય-શરીર અને કરણ (- નેત્રાદિ ઇન્દ્રિયનો) સમૂહ નથી. તેનો સમાન-સજાતીય અને તેનાથી અધિક-વિજાતીય અન્ય કોઈ દેખાતો નથી, એની શક્તિ પર અને વિવિધ પ્રકારની સંભળાય છે અને તેની જ્ઞાનક્રિયા અને બલક્રિયા સ્વાભાવિક (તેને હાથ નથી તો પણ સર્વગ્રાહી છે અને પગ નથી તો પણ દૂરગામી છે, નેત્રવિનાનો છે તો પણ જુએ છે અને કાન વિનાનો છે, તો પણ સાંભળે છે અને તેની જ્ઞાનક્રિયા અને બલક્રિયા સ્વાભાવિક છે', અને

'अपाणिपादो जवनो ग्रहीतापश्यत्यचक्षुः स शृणोत्यकर्णः ।
स वेत्ति वेद्यं न च तस्यास्ति वेत्ता तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥' [श्वेता.उप. ३।१९]

'તેને હાથ નથી તો પણ સર્વગ્રાહી છે અને પગ નથી તો પણ દૂરગામી છે, નેત્ર વિનાનો છે તો પણ તે જુએ છે અને કાન વિનાનો છે, તો પણ સાંભળે છે, તે વેદનીય વસ્તુ જાણે છે, પણ તેનો વેત્તા નથી, તેને [સર્વનું કારણ હોવાથી] પ્રથમ, પુરુષપૂર્ણ અને મહાન્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ननु नास्ति तव ज्ञानप्रतिबन्धकारणरहितेश्वरादन्यः संसारी- **'नान्योऽतोऽस्ति द्रष्टा नान्योऽतोऽस्ति विज्ञाता'** (बृ.उप. ३-७-२३) इत्यादिश्रुतेः, तत्र किमिदमुच्यते- संसारिणः शरीराद्यपेक्षा ज्ञानोत्पत्तिः, नेश्वरस्येति ? अत्रोच्यते- सत्यं नेश्वरादन्यः संसारी, तथापि देहादिसंघातोपाधिसंबन्ध इष्यत एव, घटकरकगिरिगुहाद्युपाधिसंबन्ध इव व्योम्नः, तत्कृतश्च शब्दप्रत्ययव्यवहारो लोकस्य दृष्टः- **'घटच्छिद्रम्' 'करकच्छिद्रम्'** इत्यादिः, आकाशाव्यतिरेकेऽपि, तत्कृता चाकाशे घटाकाशादिभेदमिथ्याबुद्धिर्दृष्टा, तथेहापि देहादिसंघातोपाधि-संबन्धाविवेककृतेश्वरसंसारिभेदमिथ्याबुद्धिः । दृश्यते चात्मन एव सतो देहादिसंघातेऽनात्मन्यात्मत्वाभिनिवेशो मिथ्याबुद्धिमात्रेण पूर्वपूर्वेण । सति चैवं संसारित्वे देहाद्यपेक्षमीक्षितृत्वमुपपन्नं संसारिणः । यदप्युक्तं प्रधानस्यानेकात्मकत्वा-न्मृदादिवत्कारणत्वोपपत्तिर्नासंहतस्य ब्रह्मण इति, तत्प्रधानस्याशब्दत्वेनैव प्रत्युक्तम् । यथा तु तर्केणापि ब्रह्मण एव कारणत्वं निर्वोढुं शक्यते, न प्रधानादीनाम्, तथा प्रपञ्चयिष्यति **'न विलक्षणत्वादस्य-'** (ब्र.सू. २-१-४) इत्येवमादिना ॥ ५ ॥

अत्राह- यदुक्तं नाचेतनं प्रधानं जगत्कारणमीक्षितृत्वश्रवणादिति, तदन्यथाप्युपपद्यते, अचेतनेऽपि चेतनवदुपचारदर्शनात् । यथा प्रत्यासन्नपतनतां नद्याः कूलस्यालक्ष्य **'कूलं पिपतिषति'** इत्यचेतनेऽपि कूले चेतनवदुपचारो दृष्टः, तद्वदचेतनेऽपि प्रधाने प्रत्यासन्नसर्गे चेतनवदुपचारो भविष्यति **'तदैक्षत'** इति । यथा लोके कश्चिच्चेतनः स्नात्वा भुक्त्वा चापराह्णे **'ग्रामं रथेन गमिष्यामि'** इतीक्षित्वा अनन्तरं तथैव नियमेन प्रवर्तते, तथा प्रधानमपि महदाद्याकारेण नियमेन प्रवर्तते, तस्माच्चेतनवदुपचर्यते । कस्मात्पुनः कारणात् विहाय मुख्यमीक्षितृत्वम् औपचारिकं कल्प्यते ? **'तत्तेज ऐक्षत'** (छा.उप. ६-२-३) **'ता आप ऐक्षन्त'** (छा.उप. ६-२-४) इति चाचेतनयोरप्यप्तेजसोश्चेतनवदुपचारदर्शनात्; तस्मात्सत्कर्तृकमपीक्षण-मौपचारिकमिति गम्यते,उपचारप्राये वचनात्; इत्येवं प्राप्ते, इदं सूत्रमारभ्यते -

गौणश्चेन्नात्मशब्दात् ॥ ६ ॥

કહે છે.' પણ તારે મતે તો ઈશ્વરથી ભિન્ન જ્ઞાનપ્રતિબન્ધકારણવાળો સંસારી નથી; કેમકે 'नान्योऽतोऽस्ति दृष्टा नान्योऽतोऽस्ति विज्ञाता [બૃહ.ઉપ.૩।૭।૨૩] **'એથી બીજો દૃષ્ટા નથી અને એથી બીજો વિજ્ઞાતા નથી'** એવી શ્રુતિ છે તો એમ કેમ કહે છે કે સંસારીની જ્ઞાનોત્પત્તિને શરીરાદિની અપેક્ષા છે, ઈશ્વરની જ્ઞાનોત્પત્તિને નહિ. એ વિષે કહીએ છીએ. ઈશ્વરની અન્ય સંસારી નથી એ સત્ય છે; તો પણ જેમ ઘડો, કમંડળ, ગુફા વગેરે ઉપાધિ સાથે આકાશનો સંબંધ ઇષ્ટ છે, તેમ દેહાદિ સંઘાતરૂપ ઉપાધિ સાથે 'સંસારીનો' સંબંધ ઇષ્ટ જ છે; અને આકાશથી જુદું નથી છે તો પણ ઘટાકાશ, કરકાકાશ વગેરે તેણે કરેલો શબ્દવ્યવહાર અને પ્રત્યયવ્યહાર લોકમાં છે; અને તેણે કરેલી આકાશને વિષે ઘટાકાશ વગેરે ભેદરૂપ મિથ્યાબુદ્ધિ તેમજ અહીં પણ દેહાદિસંઘાતરૂપ ઉપાધિ સાથે સંબંધના અવિવેકથી ઉત્પન્ન થયેલી ઈશ્વર અને સંસારીના ભેદરૂપ મિથ્યાબુદ્ધિ છે. 'વસ્તુતઃ તેનાથી જુદા' જ છે એવા આત્માનો દેહાદિ સંઘાતરૂપ અનાત્મપદાર્થને વિષે 'આત્મત્વાભિનિ'વેશ પૂર્વપૂર્વ મિથ્યાબુદ્ધિથી જ જણાય છે; અને એ પ્રમાણે સંસારિત્વ થયું એટલે સંસારીની ઈક્ષણશક્તિને દેહાદિની અપેક્ષા રાખે છે. વળી અનેકાત્મક હોવાથી મૃદાદિની જેમ પ્રધાનનું કારણત્વ યોગ્ય છે, અસંહત બ્રહ્મનું કારણત્વ યોગ્ય નથી એમ જે કહ્યું છે તેનું નિરાકરણ પ્રધાન અશબ્દ હોવાથી જ થયું છે. તર્કથી પણ કેવી રીતે બ્રહ્મના કારણત્વનો નિર્વાહ કરવો શક્ય છે, પ્રધાન વગેરેના કારણત્વનો શક્ય નથી તેનો 'न विलक्षणत्वादस्य' (બ્રહ્મ સૂ.૨-૧-૪) વિગેરે દ્વારા વિસ્તાર કરાશે ॥૫॥

અહીં કહે છે. અચેતન પ્રધાન જગતૂનું કારણ નથી; કેમકે શ્રુતિમાં તેને ઈક્ષણશક્તિવાળું પ્રતિપાદન કર્યું છે એમ જે કહ્યું છે તે બીજી રીતે પણ યોગ્ય થાય છે. અચેતનને વિષે પણ ચેતનના જેવો ઉપચાર જોવામાં આવે છે તેથી. જેમ નદીનો કિનારો પડવાની તૈયારીમાં છે એમ જોઈને **'કિનારો પડવાને ઇચ્છે છે'** એમ અચેતન કિનારાને વિષે ચેતનના જેવો ઉપચાર દેખાય છે, તેમ સૃષ્ટિ સમીપ હોય ત્યારે અચેતન પ્રધાનને વિષે **'તેણે દૃષ્ટિ કરી'** એમ ચેતનના જેવો ઉપચાર કરી શકાશે. જેમ લોકમાં કોઈ નાહીને, ભોજન કરીને, પાછલે પહોરે રથમાં ગામ જઈશ એમ જોઈ, પછી તેમજ નિયમ મુજબ પ્રવર્તે છે, તેમ પ્રધાન પણ મહદાદિ આકારે નિયમ મુજબ પ્રવર્તે છે તેથી ચેતનના જેવો તેને વિષે ઉપચાર કરાય છે. પણ મુખ્ય ઈક્ષણશક્તિનો ત્યાગ કરી ઔપચારિક ઈક્ષણશક્તિ શા માટે કલ્પો છો ? 'तत्तेज ऐक्षत'[બૃહ. ઉપ. ૬।૨।૩]'તે તેજે દૃષ્ટિ કરી', 'ता आप ऐक्षन्त [બૃહ. ઉપ. ૬।૨।૪]'તે પાણીએ દૃષ્ટિ કરી' એમ અચેતન તેજ અને પાણીની બાબતમાં ચેતનની જેમ ઉપચાર જોવામાં આવે છે તેથી. એ કારણથી સત્ છે કર્તા જેનો એવું પણ ઈક્ષણ ઔપચારિક છે એમ અનુમાન થાય છે; કેમકે ઉપચારપ્રચુર પ્રકરણમાં એનું વચન છે એવું આવી પડતાં આ સૂત્ર આરંભાય છે -

જો (ઈક્ષતિ) ગૌણ (છે એમ કહેશો તો અમે કહીએ છીએ કે)

ના, આત્મશબ્દથી (સત્ ચેતન છે એમ નક્કી થાય છે) ॥૬॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यदुक्तं प्रधानमचेतनं सच्छब्दवाच्यं तस्मिन्नौपचारिकमीक्षितृत्वम् अप्तेजसोरिवेति, तदसत् । कस्मात् ? आत्मशब्दात्; **'सदेव सोम्येदमग्र आसीत्'** (छा.उप. ६-२-१) इत्युपक्रम्य, **'तदैक्षत' 'तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-३) इति च तेजोबन्नानां सृष्टिमुक्त्वा, तदेव प्रकृतं सदीक्षितृ तानि च तेजोबन्नानि देवताशब्देन परामृश्याह **'सेयं देवतैक्षत' 'हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि'** (छा.उप. ६-३-२) इति । तत्र यदि प्रधानमचेतनं गुणवृत्त्येक्षितृ कल्प्येत, तदेव प्रकृतत्वात् **'सेयं देवता'** (छा.उप. ६-३-२) इति परामृश्येत, न तदा देवता जीवमात्मशब्देनाभिदध्यात् । जीवो हि नाम चेतनः शरीराध्यक्षः प्राणानां धारयिता, तत्प्रसिद्धेर्निर्वचनाच्च । स कथमचेतनस्य प्रधानस्यात्मा भवेत् । आत्मा हि नाम स्वरूपम् नाचेतनस्य प्रधानस्य चेतनो जीवः स्वरूपं भवितुमर्हति । अथ तु चेतनं ब्रह्म मुख्यमीक्षितृ परिगृह्येत, तस्य जीवविषय आत्मशब्दप्रयोगो उपपद्यते । तथा **'स य एषोऽणिमैतदात्म्यमिदँ सर्वं तत्सत्यँ स आत्मा तत्त्वमसि श्वेतकेतो'** (छा.उप. ६-८-७) इत्यत्र **'स आत्मा'** इति प्रकृतं सदणिमानमात्मानमात्मशब्देनोपदिश्य, **'तत्त्वमसि श्वेतकेतो'** इति चेतनस्य श्वेतकेतोरात्मत्वेनोपदिशति । अप्तेजसोस्तु- विषयत्वादचेतनत्वम्, नामरूपव्याकरणादौ च प्रयोज्यत्वेनैव निर्देशात्, न चात्मशब्दवत्किंचिन्मुख्यत्वे कारणमस्तीति- युक्तं कूलवद्गौणत्वमीक्षितृत्वस्य । तयोरपि सदधिष्ठितत्वापेक्षमेवेक्षितृत्वम् । सतस्त्वात्मशब्दान्न गौणमीक्षितृत्वमित्युक्तम् ॥६॥

अथोच्येत - अचेतनेऽपि प्रधाने भवत्यात्मशब्दः, आत्मनः सर्वार्थकारित्वात् : यथा राज्ञः सर्वार्थकारिणि; भृत्ये भवत्यात्मशब्दः **'ममात्मा भद्रसेनः'** इति । प्रधानं हि पुरुषस्यात्मनो भोगापवर्गौ कुर्वदुपकरोति, राज्ञ इव भृत्यः संधिविग्रहादिषु वर्तमानः । अथवैक एवात्मशब्दश्चेतनाचेतनविषयो भविष्यति, 'भूतात्मा' 'इन्द्रियात्मा' इति च प्रयोगदर्शनात्; यथैक एव ज्योतिः शब्दः क्रतुज्वलनविषयः । तत्र कुत एतदात्मशब्दादीक्षतेरगौणत्वमित्यत उत्तरं पठति-

---

'सत्' એ શબ્દનો અર્થ અચેતન પ્રધાન છે અને અપ્ અને તેજસ્‌ને વિષે છે તેમ તેને વિષે ઈક્ષણ ઔપચારિક છે એમ જે કહ્યું તે અસત્ છે. શાથી ? આત્મશબ્દથી. "सदेव सोम्येदमग्र आसीत्" [બૃહ.ઉપ.૬।૨।૩] **'હે પ્રિયદર્શન, અગ્રે - ઉત્પત્તિ પૂર્વે આ-જગત્ અસ્તિતામાત્રસ્વરૂપ હતું'** એમ ઉપક્રમ કરીને "तदैक्षत" [બૃ.ઉપ.૬।૨।૩] **'તેણે ઈક્ષણ-ચિન્તન કર્યું'**, "तत्तेजोऽसृजत" [બૃ.ઉપ. ૬।૨।૩] 'તેણે તેજ સર્જ્યું' એમ તેજ, પાણી અને અન્નની સૃષ્ટિ કહીને તે જ પ્રકૃત, ચિન્તન કરનાર સત્‌ને અને તે તેજ, પાણી અને અન્ને દેવતા શબ્દે પરામર્શ કરીને કહે છે. "सेयं देवतैक्षत" "हन्ताहमिमास्तिस्रो देवता जीवेनाऽऽत्मनाऽनुप्रविश्य नामरूपे व्याकरवाणि" [બૃ.ઉપ.૬-૩-૨]**'તે એ દેવતાએ ચિન્તન કર્યું, હવે આ ત્રણ દેવતાઓમાં આ જીવાત્મા વડે અનુપ્રવેશ કરીને હું નામ અને રૂપનો વિવિધ આકાર કરું.'** તેમાં અચેતન પ્રધાનને ઉપચારથી ઈક્ષણ કરનાર કલ્પાય તો પ્રકૃત હોવાથી "सेयं देवतैक्षत" [બૃ.ઉપ.૬-૩-૨] **'તે એ દેવતાએ ચિન્તન કર્યું'** એમાં તેનો જ પરામર્શ થાય. એમ થાય તો "દેવતા" જીવનું અભિધાન 'આત્મન્' શબ્દથી કરે નહિ; કેમકે જીવ ખરેખર ચેતન, શરીરનો અધ્યક્ષ અને પ્રાણને ધારણ કરનાર છે, કારણ કે એ અર્થ પ્રસિદ્ધ અને ધાતુના અર્થને અનુસરતો છે. તે 'જીવ' અચેતન પ્રધાનનો આત્મા કેવી રીતે થાય ? આત્મા તો ખરેખર સ્વરૂપ છે અને ચેતન જીવ અચેતન પ્રધાનનું સ્વરૂપ બનવા યોગ્ય નથી. પણ જો ચેતન બ્રહ્મ મુખ્ય ઈક્ષણ કરનાર તરીકે સ્વીકારાય તો તેનો જીવને બનવા સ્પર્શતો આત્મશબ્દપ્રયોગ યોગ્ય થાય. તેમજ "स य एषोऽणिमैतदात्म्यमिदँ सर्वं तत्सत्यँ स आत्मा तत्त्वमसि श्वेतकेतो" [છાં.ઉ.૬।૮।૭] **'જે સત્સંજ્ઞક કહ્યો છે તે એ 'અણિમા છે, આ સર્વ જગત એતદાત્મક છે, તે સત્સંજ્ઞકજ સત્ય છે, તે આત્મા છે, હે શ્વેતકેતો, તે તું છે'**, એમાં स आत्मा (તે આત્મા) એ પ્રકૃત,સત્સંજ્ઞક, સૂક્ષ્મસ્વરૂપ, આત્માનો આત્મશબ્દે ઉપદેશ કરીને तत्त्वमसि श्वेतकेतो **'હે શ્વેતકેતો, તે તું છે'** એમ ચેતન શ્વેતકેતુના આત્મા તરીકે ઉપદેશ કરે છે. પણ अप् (પાણી) અને તેજસ્‌નું (તેજનું) તો ઈક્ષણ કૂલ (તીર)ની જેમ ગૌણ છે એ યોગ્ય છે; કેમકે अप् પાણી અને तेजस् (તેજ) વિષય હોવાથી અચેતન છે, નામ અને રૂપના વિવિધ આકાર કરવા વગેરેમાં પ્રયોજ્ય તરીકે તેમનો નિર્દેશ થયો છે અને आत्म (આત્મ) શબ્દની જેમ તેમને મુખ્ય લેવામાં કંઈ કારણ નથી. વળી તેમનું (अप् અને તેજસ્‌નું) પણ ઈક્ષણ સદધિષ્ઠાનની અપેક્ષા રાખે જ છે; અને સત્‌નું ઈક્ષણ તો આત્મ શબ્દના પ્રયોગને લીધે ગૌણ નથી એમ કહ્યું છે. ॥ ૬ ॥

જેમ રાજાના સર્વાર્થકારી ભૃત્યને વિષે 'ममाऽत्मा भद्रसेनः' (ભદ્રસેન મારો આત્મા છે) એમ આત્મ શબ્દ પ્રયોજાય છે તેમ અચેતન એવા પ્રધાનને વિષે પણ આત્મશબ્દનો પ્રયોગ થાય છે; કેમકે તે આત્માનો સર્વાર્થકારી છે. જેમ સંધિ વિગ્રહ વગેરેને વિષે વર્તમાન ભૃત્ય રાજાનો ઉપકારક થાય છે, તેમ આત્માના ભોગ અને અપવર્ગ કરનાર પ્રધાન ચોક્કસ આત્માનો ઉપકારક થાય છે. અથવા જેમ એક જ જ્યોતિઃ શબ્દ ક્રતુ અને જ્વલનને લાગુ પડે છે, તેમ એક જ આત્મ શબ્દ ચેતન અને અચેતન લાગુ પડશે; કેમકે ભૂતાત્મા, ઈન્દ્રિયાત્મા એવો પ્રયોગ જોવામાં આવે છે, તો આત્મ શબ્દના પ્રયોગથી ઈક્ષણ અગૌણ છે એમ કેમ-આમ જો (સાંખ્ય કહે તો તેને વિષે) ઉત્તર ભણવામાં આવે છે -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तन्निष्ठस्य मोक्षोपदेशात् ॥ ७ ॥

न प्रधानमचेतनमात्मशब्दालम्बनं भवितुमर्हति, **'स आत्मा'** इति प्रकृतं सदणिमानमादाय, **'तत्त्वमसि श्वेतकेतो'** (छा.उप.६-८-७) इति चेतनस्य श्वेतकेतोर्मोक्षयितव्यस्य तन्निष्ठामुपदिश्य, **'आचार्यवान्पुरुषो वेद तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्ये'** (छा.उप. ६-१४-२) इति मोक्षोपदेशात् । यदि ह्यचेतनं प्रधानं सच्छब्दवाच्यम् **'तत् असि'** इति ग्राहयेत्, मुमुक्षुं चेतनं सन्तमचेतनोऽसीति, तदा विपरीतवादि शास्त्रं पुरुषस्यानर्थायेत्यप्रमाणं स्यात् । न तु निर्दोषमिदं शास्त्रमप्रमाणं कल्पयितुं युक्तम् । यदि चाज्ञस्य सतो मुमुक्षोरचेतनमनात्मानमात्येत्युपदिशेत्प्रमाणभूतं शास्त्रम्, स श्रद्दधानतया अन्धगोलाङ्गूलन्यायेन तदात्मदृष्टिं न परित्यजेत्, तद्व्यतिरिक्तं चात्मानं न प्रतिपद्येत, तथा सति पुरुषार्थाद्विहन्येत, अनर्थं वा ऋच्छेत् । तस्माद्यथा स्वर्गाद्यर्थिनोऽग्निहोत्रादिसाधनं यथाभूतमुपदिशति, तथा मुमुक्षोरपि **'स आत्मा तत्त्वमसि श्वेतकेतो'** (छा.उप.६-१६-३) इति यथाभूतमेवात्मानमुपदिशतीति युक्तम् । एवं च सति तप्तपरशुग्रहणमोक्षदृष्टान्तेन सत्याभिसंधस्य मोक्षोपदेश उपपद्यते । अन्यथा ह्यमुख्ये सदात्मतत्त्वोपदेशे, **'अहमुक्थमस्मीति विद्यात्'** (ऐ.आ.२-१-२-६) इतिवत्संपन्मात्रमिदमनित्यफलं स्यात्, तत्र मोक्षोपदेशो नोपपद्येत । तस्मान्न सदणिमन्यात्मशब्दस्य गौणत्वम् । भृत्ये तु स्वामिभृत्यभेदस्य प्रत्यक्षत्वादुपपन्नो गौण आत्मशब्दः **'ममात्मा भद्रसेनः'** इति । अपि च क्वचिद्गौणः शब्दो दृष्ट इति नैतावता शब्दप्रमाणकेऽर्थे गौणीकल्पना न्याय्या, सर्वत्रानाश्वासप्रसङ्गात्। यत्तूक्तं चेतनाचेतनयोः साधारण आत्मशब्दः, क्रतुज्वलनयोरिव ज्योति शब्द इति तन्न; अनेकार्थत्वस्यान्याय्यत्वात्। तस्माच्चेतनविषय एव मुख्य आत्मशब्दश्चेतनत्वोपचाराद्भूतादिषु प्रयुज्यते- **'भूतात्मा' 'इन्द्रियात्मा'** इति च। साधारणत्वेऽप्यात्मशब्दस्य न प्रकरणमुपपदं वा किंचिन्निश्चायकमन्तरेणान्यतरवृत्तिता निर्धारयितुं शक्यते । न चात्राचेतनस्य निश्चायकं किंचित्कारणमस्ति । प्रकृतं तु सदीक्षितृ संनिहितश्च चेतनः श्वेतकेतुः । न हि चेतनस्य श्वेतकेतोरचेतन आत्मा संभवतीत्यवोचाम । तस्माच्चेतनविषय इहात्मशब्द इति निश्चीयते

તન્નિષ્ઠને (સત્પદાર્થમાં જેની નિષ્ઠા છે તેને) મોક્ષનો ઉપદેશ છે તેથી ॥૭ ॥

અચેતન પ્રધાન આત્મ શબ્દનું આલંબન થવા યોગ્ય નથી; કેમકે 'स आत्मा' **'તે આત્મા'** એમ પ્રકૃત સૂક્ષ્મ સત્‌ને લઈને 'तत्त्वमसि श्वेतकेतो' (छा.उप.६।८।७) **'હે શ્વેતકેતો, તે તું છે'** એવું ચેતન, મોક્ષ પમાડવા ઈચ્છેલા શ્વેતકેતુને તન્નિષ્ઠાનો ઉપદેશ કરીને ''आचार्यवान् पुरुषो वेद' **'આચાર્યવાન્ પુરુષ જાણે છે'**, 'तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्ये (छा.उप. ६।१४।२) **'જ્યાં સુધી પ્રારબ્ધમાં મોક્ષ પામતો નથી ત્યાં સુધી જ તે આત્મનિષ્ઠ પુરુષનો વિલંબ થાય છે, દેહપાત થયા પછી તે વિદ્વાન્ પુરુષ બ્રહ્મરૂપ થાય છે.'** એમ મોક્ષનો ઉપદેશ કર્યો છે. જો 'સત્' એ શબ્દનો અર્થ અચેતન પ્રધાન હોય તો तदसि **'તે તું છે'** એમાં મુમુક્ષુ, ચેતન પુરુષને પણ अचेतनोऽसि **'તું અચેતન છે'** એમ ગ્રહણ કરાવનાર શાસ્ત્ર વિપરીતવાદી બની પુરુષને અનર્થકારક બને એટલે અપ્રમાણ થાય. પણ નિર્દોષ શાસ્ત્રને અપ્રમાણ કલ્પવું યુક્ત નથી. જો પ્રમાણભૂત શાસ્ત્ર અજ્ઞ એવા મુમુક્ષુને અચેતન અનાત્મપદાર્થ આત્મા છે એવો ઉપદેશ કરે તો અન્ધગોપુચ્છન્યાયે શ્રદ્ધા રાખી તે પુરુષ અનાત્મ પદાર્થને વિષે આત્મદૃષ્ટિનો પરિત્યાગ કરે નહિ, અને તેનાથી વ્યતિરિક્ત આત્માનું ગ્રહણ કરે નહિ. તેમ થાય એટલે તે પુરુષાર્થથી હણાય અને અનર્થ પામે. તેટલા માટે સ્વાર્ગાદિ-કામના-વાળા પુરુષને જેમ યથાભૂત અગ્નિહોત્ર વગેરે સાધનનો શાસ્ત્ર ઉપદેશ કરે છે; તેમ 'स आत्मा तत्त्वमसि श्वेतकेतो' (છા. ઉપ. ૬।૧૬।૩) **'તે આત્મા છે, હે શ્વેતકેતો, તે તું છે'** એમ યથાભૂત આત્માનો જ ઉપદેશ કરે એ યોગ્ય છે. એમ થાય એટલે તપ્ત પરશુ ગ્રહણ કરવાથી મોક્ષ થાય છે એ દૃષ્ટાન્તથી સત્ય વસ્તુને વિષે અભિસંધિ રાખનાર પુરુષને મોક્ષનો ઉપદેશ યોગ્ય રીતે થાય. નહિતર-સત્ આત્મતત્ત્વ છે એ ઉપદેશને ગૌણ ગણીએ તો - 'अहमुक्थमस्मि' (ऐ.आर.२-१-२-६) **'હું પ્રાણ છું'** એમ સમજવું - એની જેમ એ ઉપદેશ સંપન્માત્ર થઈ અનિત્યફલદાયક થાય; અને તેને વિષે મોક્ષનો ઉપદેશ યોગ્ય બને નહિ. તે કારણથી સૂક્ષ્મસ્વરૂપ સત્‌ની બાબતમાં આત્મ શબ્દ ગૌણ નથી. 'ममाऽऽत्मा भद्रसेनः' **'મારો આત્મા ભદ્રસેન છે'** એમાં ભૃત્યને માટે તો આત્મ શબ્દનું ગૌણત્વ યોગ્ય છે; કેમકે સ્વામી અને ભૃત્યનો ભેદ પ્રત્યક્ષ છે. વળી શબ્દ ક્વચિત્ ગૌણ જોવામાં આવે છે તેટલાથી જ સર્વત્ર શબ્દપ્રમાણક અર્થને વિષે ગૌણી કલ્પના કરવી ન્યાયયુક્ત નથી; કેમ કે તેથી અવિશ્વાસનો પ્રસંગ આવશે. જેમ જ્યોતિઃ શબ્દ ક્રતુ અને જ્વલનના અર્થમાં સાધારણ છે, તેમ આત્મ શબ્દ ચેતન અને અચેતનના અર્થમાં સાધારણ છે એમ જે કહ્યું છે તે બરાબર નથી; કેમકે અનેકાર્થત્વ અન્યાય્ય છે. તેટલા માટે આત્મ શબ્દ ચેતનને જ લાગુ પડે છે અને મુખ્ય છે; અને ચેતનત્વના ઉપચારથી भूतात्मा (ભૂતનો આત્મા), इन्द्रियात्मा (ઈન્દ્રિયોનો આત્મા) એમ ભૂતાદિ શબ્દોની બાબતમાં તેનો પ્રયોગ થાય છે. આત્મ શબ્દને (ચેતન અને અચેતનના અર્થમાં) સાધારણ લઈએ તો પણ પ્રકરણ કે ઉપપદ, કોઈક નિશ્ચાયક વગર બેમાંથી કયા અર્થમાં છે તેનો નિશ્ચય કરવો શક્ય નથી; અને અહીં અચેતન અર્થનું નિશ્ચાયક એવું કોઈ કારણ નથી. પણ ઈક્ષણ-ચિન્તન કરનાર સત્ પ્રકૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

ज्योति: शब्दोऽपि लौकिकेन प्रयोगेण ज्वलन एव रूढ:, अर्थवादकल्पितेन तु ज्वलनसादृश्येन क्रतौ प्रवृत्त इत्यदृष्टान्त: । अथवा पूर्वसूत्र एवात्मशब्दं निरस्तसमस्तगौणत्वसाधारणत्वाशङ्कतया व्याख्याय, तत: स्वतन्त्र एव प्रधानकारणनिराकरणहेतुर्व्याख्येय:- **'तन्निष्ठस्य मोक्षोपदेशात्'** इति । तस्मान्नाचेतनं प्रधानं सच्छब्दवाच्यम्॥

कुतश्च न प्रधानं सच्चछब्दवाच्यम् ?

हेयत्त्वावचनाच्च ॥ ८ ॥

यद्यनात्मैव प्रधानं सच्छब्दवाच्यम्, **'स आत्मा तत्त्वमसि'** (छा.उप.६-८-७) इतीहोपदिष्टं स्यात्; स तदुपदेशश्रवणादनात्मज्ञतया तन्निष्ठो मा भूदिति, मुख्यमात्मानमुपदिदिक्षु शास्त्रं तस्य हेयत्वं ब्रूयात् । यथारून्धतीं दिदर्शयिषुस्तत्समीपस्थां स्थूलां तारामुमुख्यां प्रथममरुन्धतीति ग्राहयित्वा, तां प्रत्याख्याय, पश्चादरुन्धतीमेव ग्राहयति; तद्वन्नायमात्मेति ब्रूयात् । न चैवमवोचत्। सन्मात्रात्मावगतिनिष्ठैव हि षष्ठप्रपाठके परिसमाप्तिर्दृश्यते । च-शब्द प्रतिज्ञाविरोधाभ्युच्चयप्रदर्शनार्थ: । सत्यपि हेयत्ववचने प्रतिज्ञाविरोध: प्रसज्येत । कारणविज्ञानाद्धि सर्वं विज्ञातमिति प्रतिज्ञातम् - **'उत तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातमिति** (छा.उप ६-१-२) **कथं नु भगव: स आदेशो भवतीति** (छा.उप.६-१-३) **, यथा सौम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्'** (छा.उप. ६-१-४) **'एवं सौम्य स आदेशो भवति'** (छा.उप. ६-१-६) इति वाक्योपक्रमे श्रवणात् । न च सच्छब्दवाच्ये प्रधाने भोग्यवर्गकारणे हेयत्वेनाहेयत्वेन वा विज्ञाते भोक्तृवर्गो विज्ञातो भवति, अप्रधानविकारत्वाद्भोक्तृवर्गस्य । तस्मान्न प्रधानं सच्छब्दवाच्यम् ॥

कुतश्च न प्रधानं सच्छब्दवाच्यम् ?-

છે અને ચેતન શ્વેતકેતુ સંનિહિત છે. અચેતન પદાર્થ ચેતન શ્વેતકેતુનો આત્મા સંભવતો નથી એમ અમે કહ્યું છે. તેટલા માટે આત્મશબ્દ અહીં ચેતનવિષયક છે એમ નિશ્ચિત થાય છે. જ્યોતિ: શબ્દ પણ લૌકિક પ્રયોગથી જ્વલનને વિષે રૂઢ છે, પણ અર્થવાદથી કલ્પેલા જ્વલનસાદૃશ્યથી ક્રતુને વિષે પ્રવૃત્ત છે એટલે તે દૃષ્ટાન્ત બરાબર નથી. અથવા પૂર્વ સૂત્રમાંજ આત્મ શબ્દને વિષે સમસ્ત ગૌણ અર્થ અને સાધારણ અર્થની શંકાનું નિરસન કર્યું છે એમ વ્યાખ્યાન કરીને 'तन्निष्ठस्य मोक्षोपदेशात्' એ સૂત્ર પ્રધાન કારણનું નિરાકરણ કરવાનો સ્વતન્ત્ર જ હેતુ છે એમ વ્યાખ્યાન કરવું. તેટલા માટે અચેતન પ્રધાન સચ્છબ્દવાચ્ય નથી. ॥ ૭ ॥

અને હેયત્વનું વચન નથી તેથી (પ્રધાન સચ્છબ્દવાચ્ય નથી) ॥૮ ॥

જો 'स आत्मा तत्त्वमसि' (छा.उप.६-८-७) 'તે આત્મા છે, તે તું છે' એમાં અનાત્માજ પ્રધાન સચ્છબ્દવાચ્ય છે એમ ઉપદેશ કરાયલો હોય તો તે ઉપદેશ સાંભળીને અનાત્મજ્ઞાનથી તે તન્નિષ્ઠ (એટલે કે અનાત્મનિષ્ઠ) ન થાય માટે મુખ્ય આત્માના ઉપદેશ કરવા ઈચ્છનારે (આચાર્યે) તેનું (અનાત્માનું) હેયત્વ કહેવું જોઈએ. જેમ અરુન્ધતીના તારાને દર્શાવવા ઈચ્છનાર (વ્યક્તિ) તેની પાસે રહેલા સ્થૂલ, અમુખ્ય તારાને તે અરુન્ધતી છે એમ પ્રથમ ગ્રહણ કરાવી પછી તેનું પ્રત્યાખ્યાન કરી અરુન્ધતીનું જ ગ્રહણ કરાવે છે તેમ એ (અનાત્મા પ્રધાન) આત્મા નથી એમ આચાર્યે કહેવું જોઈએ. પણ તેણે એમ કહ્યું નથી. સન્માત્ર આત્મા છે એમ જ્ઞાન આપવામાં છાન્દોગ્યના છઠ્ઠા પ્રપાઠકની પરિસમાપ્તિ દેખાય છે. 'અને' શબ્દ વાપરવાનું પ્રયોજન પ્રતિજ્ઞા વિરોધનો સમુચ્ચય દર્શાવવાનું છે. હેયત્વવચન હોય તો પણ પ્રતિજ્ઞાવિરોધનો પ્રસંગ આવે. ખરેખર કારણના વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાત થાય છે એમ પ્રતિજ્ઞા કરી છે; કેમકે વાક્યના ઉપક્રમમાં આ પ્રમાણે શ્રુતિ છે - 'उत तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्' (छा.उप. ६-१-२) (હે શ્વેતકેતુ, કેવલ શાસ્ત્ર કે આચાર્યના ઉપદેશથી ગમ્યવસ્તુ તેં આચાર્યને પૂછી છે કે જેથી અશ્રુત વસ્તુ શ્રુત થાય, અતર્કિત વસ્તુ તર્કિત થાય અને અનિશ્ચિત વસ્તુ નિશ્ચિત થાય), 'कथं नु भगवन् स आदेशो भवति' (छा. उप.६-१-३)'(કેવી રીતે હે ભગવન્, તે આદેશ થાય છે), यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वे सृन्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्' (छा.उप. ६-१-४) (જેવી રીતે હે પ્રિયદર્શન, એક માટીના પિંડના વિજ્ઞાનથી મૃત્તિકાના સર્વ વિકારનું વિજ્ઞાન થાય છે, નામરૂપ વિકાર વાણીને આધારે બને છે, મૃત્તિકા એ જ સત્ય છે), 'एवं सोम्य स आदेशो भवत' (छा.उप. ६-१-६) (એવી રીતે, હે પ્રિયદર્શન, તે આદેશ થાય છે) પણ પ્રધાન સચ્છબ્દવાચ્ય હોય તો તે ભોગ્યવર્ગના કારણનું હેય કે અહેય તરીકે જ્ઞાન થતાં ભોકતૃવર્ગનું જ્ઞાન થતું નથી; કારણે ભોકતૃવર્ગ પ્રધાનનો વિકાર નથી. તેથી પ્રધાન સચ્છબ્દવાચ્ય નથી ॥ ૮ ॥

પ્રધાન કેવી રીતે સચ્છવાચ્ય નથી ?-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



स्वाप्ययात् ॥ ९ ॥

तदेव सच्छब्दवाच्यं कारणं प्रकृत्य श्रूयते - **'यत्रैतत्पुरुषः स्वपिति नाम, सता सोम्य तदा संपन्नो भवति, स्वमपीतो भवति, तस्मादेनं स्वपितीत्याचक्षते, स्वं ह्यपीतो भवति;** (छा.उप.६-८-१) इति । एषा श्रुतिः स्वपितीत्येतत्पुरुषस्य लोकप्रसिद्धं नाम निर्वक्ति। स्वशब्देनेहात्मोच्यते। यः प्रकृतः सच्छब्दवाच्यस्तमपीतो भवत्यपिगतो भवतीत्यर्थः। अपिपूर्वस्यैतेर्लयार्थत्वं प्रसिद्धम्, प्रभवाप्ययावित्युत्पत्तिप्रलययोः प्रयोगदर्शनात् । मनःप्रचारोपाधिविशेषसंबन्धादिन्द्रियार्थान्गृह्णंस्तद्विशेषापन्नो जीवो जागर्ति, तद्वासनाविशिष्टः स्वप्नान्पश्यन्मनःशब्दवाच्यो भवति; स उपाधिद्वयोपरमे सुषुप्तावस्थायामुपाधिकृतविशेषाभावात्स्वात्मनि प्रलीन इवेति **'स्वं ह्यपीतो भवति'** इत्युच्यते। यथा हृदयशब्दनिर्वचनं श्रुत्या दर्शितम्- **'स वा एष आत्मा हृदि, तस्यैतदेव निरुक्तम् हृद्ययमिति, तस्माद्धृदयमिति'** (छा.उप.८-३-३) यथा वाशनायोदन्याशब्दप्रवृत्तिमूलं दर्शयति श्रुतिः- **'आप एव तदशितं नयन्ते'** (छा.उप. ६-८-३,५) **'तेज एव तत्पीतं नयते'** इति च, एवं 'स्वमात्मानं सच्छब्द वाच्यमपीतो भवति' इतीममर्थं स्वपितिनामनिर्वचनेन दर्शयति। न च चेतन आत्मा अचेतनं प्रधानं स्वरूपत्वेन प्रतिपद्येत। यदि पुनः प्रधानमेवात्मीयत्वात्स्वशब्देनैवोच्येत, एवमपि चेतनोऽचेतनमप्येतीति विरुद्धमापद्येत। श्रुत्यन्तरं च **'प्राज्ञेनात्मना संपरिष्वक्तो न बाह्यं किंचन वेद नान्तरम्'** (बृह.उप. ४-३-२१) इति सुषुप्तावस्थायां चेतने अप्ययं दर्शयति। अतो यस्मिन्नप्ययः सर्वेषां चेतनानां तच्चेतनं सच्छब्दवाच्यं जगतः कारणं स्यात्, नाचेतनं प्रधानम् ॥ ९ ॥

कुतश्च न प्रधानं जगतः कारणम् ?

गतिसामान्यात् ॥ १० ॥

પોતાને વિષે (સદ્રૂપ આત્માને વિષે) અપ્યયથી

(જીવ લય થવાની શ્રુતિથી પ્રધાન સચ્છબ્દવાચ્ય નથી) ॥ ૯ ॥

તે જ સચ્છબ્દવાચ્ય પ્રકૃત કારણ વિષે આ પ્રમાણે શ્રુતિ છે : - ''यत्रैतत्पुरुषः स्वपिति नाम सता सोम्य तदा संपन्नो भवति स्वमपीतो भवति तस्मादेनं स्वपितीत्याचक्षते स्वं ह्यपीतो भवति' (छा.उप. ६-८-१) **(જ્યારે સુષુપ્તિમાં પુરુષનું સ્વપિતિ એવું નામ થાય છે ત્યારે હે સોમ્ય, તે સત્‌ની સાથે એક થાય છે, પોતાને વિષે લીન થાય છે, તેથી એને સ્વપિતિ એમ કહે છે, કેમકે તે પોતાને વિષે લય પામે છે).** એ શ્રુતિ પુરુષના स्वपिति (ઊંઘે છે) એ લોકપ્રસિદ્ધ નામનું વ્યાખ્યાન કરે છે. સ્વ શબ્દથી અહીં આત્મા કહેવાય છે; જે પ્રકૃત સચ્છબ્દવાચ્ય છે તેને વિષે अपीत થાય છે, અર્થાત્ अपिगत થાય છે. अपि પૂર્વક इ ધાતુનો 'લય' એવો અર્થ પ્રસિદ્ધ છે; કેમકે 'प्रभवाप्ययौ' એટલે ઉત્પત્તિ અને પ્રલય એમ પ્રયોગ જોવામાં આવે છે. મનના પ્રચારરૂપ ઉપાધિ વિશેષ સાથે સંબંધથી ઈન્દ્રિયાર્થને એટલે ઈન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરતો તદ્વિશેષ (જે સ્થૂલ દેહ તેની સાથે ઐક્યની ભ્રાન્તિ) પામેલો જીવ જાગે છે (એમ વ્યવહાર થાય છે), તેની વાસનાથી વિશિષ્ટ થયેલો સ્વપ્નોને જોતો મનઃશબ્દથી વાચ્ય બને છે, બંને ઉપાધિ વિરામ પામે છે ત્યારે સુષુપ્તિની અવસ્થામાં ઉપાધિજન્ય વિશેષના અભાવથી સ્વાત્મામાં પ્રલીન જેવો છે તેથી 'આત્માને વિષે લીન થાય છે' એમ કહેવાય છે. જેમ હૃદય શબ્દનું નિર્વચન શ્રુતિ દર્શાવે છે - ''स वा एष आत्मा हृदि तस्यैतदेव निरुक्तं हृद्ययमिति तस्माद्धृदयम्'' (છા. ઉપ ૮-૩-૩) **'તે આ આત્મા હૃદયમાં છે. તે હૃદયનું આ જ નિર્વચન છે, हृदि હૃદયને વિષે अयम् આ, આત્મા વર્તમાન છે તેથી હૃદય,** અથવા अशनाय અને उदन्या શબ્દની પ્રવૃત્તિનું મૂળ જેમ શ્રુતિ દર્શાવે છે - ''आप एव तदशितं नयन्ते'' (છા. ઉપ. ૬/૮/૩/૫) **'તે પુરુષે ખાધેલા અન્નને પાણી દ્રવીભૂત કરી રસાદિભાવમાં લાવે છે,'** ત્યારે પીધેલા પાણી વગેરેનું શોષણ કરીને તે જ તેને લોહિત અને પ્રાણભાવમાં લાવે છે, તેમ 'स्वात्मानं सच्छब्दवाच्यमपीतो भवति' સ્વને વિષે એટલે સચ્છબ્દવાચ્ય આત્માને વિષે લય પામે છે - એ અર્થ સ્વપિતિ શબ્દના વ્યાખ્યાનથી શ્રુતિ દર્શાવે છે, અને ચેતન આત્મા સ્વરૂપે અચેતન પ્રધાનને પામી શકે નહિ. પણ જો આત્મીય હોવાને લીધે પ્રધાન જ સ્વશબ્દથી વાચ્ય થાય તો પણ ચેતન અચેતનમાં લીન થાય છે એમ વિરુદ્ધ વસ્તુ પ્રાપ્ત થાય. ''प्राज्ञेनाऽऽत्मना संपरिष्वक्तो न बाह्यं किञ्चन वेद नान्तरम्'' (બૃ. ઉપ. ૪-૩-૨૧) **'પ્રાજ્ઞ આત્મા સાથે ઐક્ય પામેલો બાહ્ય વસ્તુને જાણતો નથી કે આન્તર વસ્તુને જાણતો નથી** એ બીજી શ્રુતિ સુષુપ્તિની અવસ્થામાં ચેતનને વિષે લય દર્શાવે છે. આ કારણથી જેને વિષે સર્વ ચેતનનો લય છે તે ચેતન સચ્છબ્દવાચ્ય જગત્‌નું કારણ છે, (સાંખ્યનું) પ્રધાન કારણ નથી ॥ ૯ ॥

પ્રધાન જગતનું કેવી રીતે નથી ?-

(વેદાન્તોમાં ચેતન કારણ છે એમ) અવગતિ (એટલે જ્ઞાન) સમાન છે તેથી

(પ્રધાન જગતનું કારણ નથી) ॥ ૧૦ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यदि तार्किकसमय इव वेदान्तेष्वपि भिन्ना कारणावगतिरभविष्यत्, क्वचिच्चेतनं ब्रह्म जगतः कारणम्, क्वचिदचेतनं प्रधानम्, क्वचिदन्यदेवेति, ततः कदाचित्प्रधानकारणवादानुरोधेनापीक्षत्यादिश्रवणमकल्पयिष्यत् । न त्वेतदस्ति । समानैव हि सर्वेषु वेदान्तेषु चेतनकारणावगतिः । '**यथाग्नेर्ज्वलतः सर्वा दिशो विस्फुलिङ्गा विप्रतिष्ठेरन्नेवमेवैतस्मादात्मनः सर्वे प्राणा यथायतनं विप्रतिष्ठन्ते प्राणेभ्यो देवा देवेभ्यो लोकाः**' (कौ.उप. ३-३) इति, '**तस्माद् वा एतस्मादात्मन आकाशः संभूत**' (तै.उप. २-१) इति '**आत्मन एवेदं सर्वम्**' (छा.उप. ७-२६-१) इति, '**आत्मन एष प्राणो जायते**' (प्र.उप. ३-३) इति च आत्मनःकारणत्वं दर्शयन्ति सर्वे वेदान्ताः । आत्मशब्दश्च चेतनवचन इत्यवोचाम । महच्च प्रामाण्यकारणमेतत्, यद्वेदान्तवाक्यानां चेतनकारणत्वे समानगतित्वम्, चक्षुरादीनामिव रूपादिषु । अतो गतिसमान्यात्सर्वज्ञं ब्रह्म जगतः कारणम् ॥ १० ॥

कुतश्च सर्वज्ञं ब्रह्म जगतः कारणम् ?

श्रुतत्त्वाच्च ॥ ११ ॥

स्वशब्देनैव च सर्वज्ञ ईश्वरो जगतः कारणमिति श्रूयते श्वेताश्वतराणां मन्त्रोपनिषदि सर्वज्ञमीश्वरं प्रकृत्य- '**स कारणं करणाधिपाधिपो न चास्य कश्चिज्जनिता न चाधिपः**' (श्वेता.उप. ६-९) इति । तस्मात्सर्वज्ञं जगतः कारणम्, नाचेतनं प्रधानमन्यद्वेति सिद्धम् ॥

'**जन्माद्यस्य यतः**' (१-१-२) इत्यारभ्य '**श्रुतत्वाच्च**' (१-१-११) इत्येतदन्तैः सूत्रैर्यान्युदाहृतानि वेदान्तवाक्यानि, तेषां सर्वज्ञः सर्वशक्तिरीश्वरो जगतो जन्मस्थितिप्रलयकारणमित्येतस्यार्थस्य प्रतिपादकत्वं न्यायपूर्वकं प्रतिपादितम् । गतिसामान्योपन्यासेन च सर्वे वेदान्ताश्चेतनकारणवादिन इति व्याख्यातम् । अतः परस्य ग्रन्थस्य किमुत्थानमिति, उच्यते- द्विरूपं हि ब्रह्मावगम्यते- नामरूपविकारभेदोपाधिविशिष्टम्, तद्विपरीतं च सर्वोपाधिविवर्जितम् । '**यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति** (बृह.उप. ४-५-१५), **यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्**'(बृह.उप. ४-५-१५) '**यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति**

જો તાર્કિક સિદ્ધાન્તની જેમ વેદાન્તમાં પણ કારણની અવગતિ (જ્ઞાન) ભિન્ન હોત ક્વચિત્ ચેતન બ્રહ્મ, ક્વચિત્ અચેતન પ્રધાન અને ક્વચિત્ બીજું જ જગતનું કારણ હોત - તો કદાચિત્ પ્રધાનકારણવાદ અનુસાર પણ ઈક્ષતિ વગેરે શ્રુતિની કલ્પના કરત. પણ એમ નથી; કારણ સર્વ વેદાન્તોમાં ચેતન કારણની અવગતિ સમાન જ છે. ''यथाग्नेर्ज्वलतः सर्वा दिशो विस्फुलिङ्गा विप्रतिष्ठेरन्नेवमेवैतस्मादात्मनः सर्वे प्राणा यथायतनं विप्रतिष्ठन्ते प्राणेभ्यो देवा देवेभ्यो लोकाः ।''(का.उप.३-३) '**જેમ બળતા અગ્નિમાંથી તતડીઆઓ સર્વ દિશાએ પ્રસરે છે, તેમજ આ આત્મામાંથી સર્વે પ્રાણો યથાસ્થાન પ્રસરે છે, પ્રાણમાંથી દેવો અને દેવોમાંથી લોકો**', ''तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'' (तैत्ति. उप. २।१) '**તે એ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું**'. ''आत्मन एवेदं सर्वम्'' (छा. उप. ७-२६-१) '**આત્મામાંથી જ આ બધું ઉત્પન્ન થયું છે**', ''आत्मन एष प्राणो जायते'' (प्रश्न. ३-३) '**આત્મામાંથી એ પ્રાણ જન્મે છે**', એમ સર્વે વેદાન્તો આત્મા કારણ છે એમ દર્શાવે છે. 'આત્મ' શબ્દ ચેતનવાચક છે એમ અમે કહ્યું છે. નેત્રાદિની અવગતિ (જ્ઞાન) રૂપાદિને વિષે સમાન છે, તેમ ચેતન કારણ છે એવી વેદાન્તવાક્યોની અવગતિ (જ્ઞાન) સમાન છે એ મોટું પ્રામાણ્યકારણ છે. આથી અવગતિ સમાન છે તેથી સર્વજ્ઞ બ્રહ્મ જગતનું કારણ છે. ॥૧૦॥

અને શ્રુતિપ્રતિપાદિત છે તેથી (ચેતન જગત્નું કારણ છે) ॥ ૧૧ ॥

સર્વજ્ઞ ઈશ્વર જગતનું કારણ છે એમ સ્વશબ્દથી ઈશ્વર વાચક શબ્દથી જ શ્રુતિપ્રતિપાદિત છે. શ્વેતાશ્વતરોપનિષદ્ના મન્ત્રોપનિષદ્માં સર્વજ્ઞ ઈશ્વરનો પ્રસ્તાવ કરીને ''स कारणं करणाधिपाधिपो न चास्यकश्चिज्जनिता न चाधिपः'' (श्वेता.उप. ६-९). '**તે સર્વજ્ઞ પરમેશ્વર કારણ છે, તે જીવોનો અધિપતિ છે, એનો કોઈ જનિતા કે અધિપતિ નથી**' એમ શ્રુતિ છે. તેટલા માટે સર્વજ્ઞ બ્રહ્મ જગતનું કારણ છે, અચેતન પ્રધાન કે બીજું કંઈ નથી એમ સિદ્ધ થયું ॥ ૧૧ ॥

'**જન્માદિ આનું જેથી તે**' (સૂત્ર ૨જું) એ સૂત્રથી આરંભી '**અને શ્રુતિપ્રતિપાદિત છે તેથી**' (સૂત્ર ૧૧ મું) એ સૂત્ર સુધી જે જે વેદાન્તવાક્યો કહ્યાં છે તે, સર્વજ્ઞ, સર્વશક્તિ ઈશ્વર જગતનાં જન્મ, સ્થિતિ અને લયનું કારણ છે એ અર્થ પ્રતિપાદન કરે છે એમ ન્યાયપૂર્વક પ્રતિપાદન કર્યું છે. સર્વ વેદાન્તોની અવગતિ સમાન છે એમ ઉપન્યાસ (નિર્દેશ) કરી સર્વ ચેતનકારણવાદી છે એમ વ્યાખ્યાન કર્યું છે. તો હવે પછીનો ગ્રન્થ રચવાનું શું પ્રયોજન છે ? એવો પ્રશ્ન થાય તો અમે કહીએ છીએ. ખરેખર બે પ્રકારના બ્રહ્મની અવગતિ થાય છે. - નામ, રૂપના વિકારના જે ભેદ તદ્રૂપ-ઉપાધિવિશિષ્ટની અને તેનાથી વિપરીત સર્વોપાધિવિવર્જિતની એટલે સઘળી ઉપાધિઓથી રહિતની. ''यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति'' (બૃહ. ઉપ. ૪-૫-૧૫) '**ખરેખર જે અજ્ઞાનની અવસ્થામાં દ્વૈત જેવું થાય છે તે અવસ્થામાં એક બીજાને જુએ છે**', ''यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत् केन कं पश्येत्'' (બૃહ. ઉપ. ૪-૫-૧૫) '**પણ જ્ઞાનકાલમાં એ વિદ્વાન્ને સર્વ જગત્ આત્મમાત્ર થાય તે કાળે કોનાથી કોને જુએ**', ''यत्र नान्यत् पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमाऽथ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स भूमा; (छा.उप. ७-२४-१) **अथ यत्रान्यत्पश्यत्यन्यच्छृणोत्यन्यद्विजानाति तदल्पम्, यो वै भूमा तदमृतम्, अथ यदल्पं तन्मर्त्यम्**'(छा.उप. ७-२४-१) '**सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाभिवदन्यदास्ते**'(तैत्ति.उप. ३-१२-७) '**निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम् अमृतस्य परं सेतुं दग्धेन्धनमिवानलम्** (श्वेता.उप. ६-१९)' **नेति नेति** (बृह.उप. २-३-६)'**अस्थूलमनण्व ह्रस्वमदीर्धम्**' (बृह.उप. ३-८-८) इति, '**न्यूनमन्यत्स्थानं संपूर्णमन्यत्**' इति चैवं सहस्रशो विद्याविद्याविषयभेदेन ब्रह्मणो द्विरूपतां दर्शयन्ति वेदान्तवाक्यानि । तत्राविद्यावस्थायां ब्रह्मण उपास्योपासकादिलक्षणः सर्वो व्यवहारः । तत्र कानिचिद्ब्रह्मण उपासनान्यभ्युदयार्थानि, कानिचित्क्रममुक्त्यर्थानि, कानिचित्कर्मसमृद्ध्यर्थानि । तेषां गुणविशेषोपाधिभेदेन भेदः । एक एव तु पर आत्मेश्वरस्तैस्तैर्गुणविशेषैर्विशिष्ट उपास्यो यद्यपि भवति, तथापि यथागुणोपासनमेव फलानि भिद्यन्ते, '**तं यथा यथोपासते तदेव भवति**' इति श्रुतेः, '**यथाक्रतुरस्मिँल्लोके पुरुषो भवति, तथेतः प्रेत्य भवति**' (छा.उप. ३-१४-१) इति च स्मृतेश्च '**यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम्। तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः**' (भ.गी.८-६) इति यद्यप्येक आत्मा सर्वभूतेषु स्थावरजङ्गमेषु गूढः, तथापि चित्तोपाधिविशेषतारतम्यादात्मनः कूटस्थनित्यस्यैकरूपस्याप्युत्तरोत्तराविष्कृतस्य तारतम्यमैश्वर्यशक्तिविशेषैः श्रूयते-'**तस्य य आत्मानमाविस्तरां वेद** (ऐ.आ. २-३-२-१) 'इत्यत्र, स्मृतावपि' **यद्यद्विभूतिमत्सत्वं श्रीमदूर्जितमेव वा । तत्रदेवागच्छ त्वं मम तेजोंऽशसंभवम्**' (भग.गी. १०-४१) इति यत्र यत्र विभूत्याद्यतिशयः, स स ईश्वर इत्युपास्यतया चोद्यते । एवमिहाप्यादित्यमण्डले हिरण्यः पुरुष सर्वपाप्मोदयलिङ्गात्पर एवेति वक्ष्यति । एवम्

यत्रान्यत् पश्यत्यन्यच्छृणोत्यन्यद्विजानाति तदल्पं यो वै भूमा तदमृतमथ यदल्पं तन्मर्त्यम्'' (છા. ઉપ ૭-૨૪-૧) '**જેમાં વિદ્વાન્ બીજું કંઈ દેખતો નથી, બીજું કંઈ સાંભળતો નથી, બીજું કંઈ જાણતો નથી તે ભૂમા; જેમાં બીજું દેખે છે, બીજું સાંભળે છે. બીજું જાણે છે તે અલ્પ છે. જે ભૂમા તે અમૃત છે, અને જે અલ્પ છે તે મર્ત્ય છે**', ''सर्वाणि रूपाणि विचिन्त्य धीरो नामानि कृत्वाऽभिवदन् यदास्ते '' (તૈત્તિ. આ. ૩-૧૨-૭) '**ધીર-પરમાત્મા જ સર્વ રૂપોનું ચિન્તન કરીને-સર્જીને, નામ પાડીને અભિવદન કરતો જે વર્તે છે**', ''निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम् । अमृतस्य परं सेतुं दग्धेन्धनमिवानलम्'' (શ્વેતા.ઉપ. ૬-૧૯) '**નિરવયવ, નિષ્ક્રિય, શાન્ત, નિરવદ્ય, નિરંજન, મોક્ષનો ઉત્કૃષ્ટ સેતુ, બળી ગયાં છે લાકડાં જેનાં એવા અગ્નિ સમાન**', ''नेति नेति'' (બૃહ. ઉપ. ૨-૩-૬) '**નથી એમ, નથી એમ**', ''अस्थूलमनण्वह्रस्वमदीर्घम्'' (બૃહ.ઉપ. ૩-૮-૮) '**સ્થૂલ નથી, અણુ નથી, હ્રસ્વ નથી, દીર્ઘ નથી.**' ''न्यूनमन्यत् स्थानं संपूर्णमन्यत्'' '**એક સ્થાન ન્યૂન છે, બીજું સ્થાન સંપૂર્ણ છે**', - એવાં હજારો વાક્યો વિદ્યાનો વિષય અને અવિદ્યાનો વિષય ભિન્ન હોવાથી બ્રહ્મ બે પ્રકારનું છે એવું દર્શાવે છે. તેમાં અવિદ્યાની અવસ્થામાં બ્રહ્મનો ઉપાસ્ય, ઉપાસક વગેરે પ્રકારનો સર્વ વ્યવહાર છે. તેમાં બ્રહ્મની કેટલીક ઉપાસનાનું પ્રયોજન અભ્યુદય, કેટલીકનું ક્રમમુક્તિ અને કેટલીકનું પ્રયોજન કર્મસમૃદ્ધિ છે. તેમનો ગુણવિશેષથી અને ઉપાધિના ભેદથી ભેદ છે. જોકે એક જ તે તે ગુણવિશેષથી વિશિષ્ટ, પરમાત્મા ઈશ્વર ઉપાસ્ય થાય છે, તો પણ જે ગુણવિશિષ્ટની ઉપાસના કરે છે તે પ્રમાણે ફળ ભિન્ન થાય છે; કેમકે ''तं यथा यथोपासते तदेव भवति'' '**તેની જે જે પ્રકારે ઉપાસના કરે છે તે જ થાય છે**, એ અને ''यथा क्रतुरस्मिँल्लोके पुरुषो भवति तथैतः प्रेत्य भवति'' (छा.उप. ३-१४-१) '**જેવા નિશ્ચય પુરુષ આ લોકમાં થાય છે તેવો આ લોકમાંથી પરલોકમાં જઈને થાય છે** એ શ્રુતિ છે, અને

> ''यं यं वापि स्मरन् भावं त्यजत्यन्ते कलेवरम् ।
> तं तमेवैति कौन्तेय सदा तद्भावभावितः ॥'' (भग.गी. ८-६)

'**હે કુન્તિસુત, જે જે ભાવને સ્મરતો અન્તે કલેવરને ત્યજે છે તે ભાવની ભાવનાવાળો તે તે ભાવને પામે છે**' એ સ્મૃતિ છે. જોકે એક જ આત્મા સ્થાવર અને જંગમ સર્વ ભૂતોમાં ગૂઢ છે, તોપણ ચિત્તરૂપી ઉપાધિવિશેષના તારતમ્યથી કૂટસ્થ નિત્ય એકરૂપ એવો પણ આત્મા ઐશ્વર્યશક્તિવિશેષથી ઉત્તરોત્તર તારતમ્ય પ્રકટ કરે છે એમ ''तस्य य आत्मानमाविस्तरां वेद'' (ऐ.आ. २-३-२-१) '**તે ઉકથરૂપ પુરુષના શરીરમાં રહેલા ચિદ્રૂપ આત્માને જે પુમાન્ અતિશય જાણે છે - ઉપાસે છે**' એ શ્રુતિ પ્રતિપાદન કરે છે અને

> ''यद्यद्विभूतिमत् सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
> तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥'' (भग.गी.१०।४१)

'**જે જે વિભૂતિવાળું સત્ત્વ-વસ્તુ શ્રીમત્ કે ઊર્જાયુક્ત છે તેને તેને તું મારા તેજના અંશમાંથી ઉત્પન્ન થયેલું જ જાણ**'. એ સ્મૃતિમાં પણ છે. જ્યાં જ્યાં વિભૂતિ વગેરે અતિશય છે તે તે ઈશ્વર છે એમ ઉપાસ્ય તરીકે વિધિવાક્ય છે. એમ અહીં (સૂત્રોમાં) પણ આદિત્યમંડળમાં હિરણ્યમય પુરુષ સર્વ પાપની સાથે અસંબન્ધ રૂપ લિંગને લીધે પર જ છે એમ (સૂત્રકાર) કહેશે. એમ ''आकाशस्तल्लिङ्गात्'' (બ્ર.સૂ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'आकाशस्तल्लिङ्गात्' (ब्र.सू. १-१-२२) इत्यादिषु द्रष्टव्यम् । एवं सद्योमुक्ति- कारणमप्यात्मज्ञानमुपाधिविशेषद्वारेणो-पदिश्यमानमप्यविवक्षितोपा-धिसंबन्धविशेषं परापरविषयत्वेन संदिह्यमानं वाक्यगतिपर्यालोचनया निर्णेतव्यं भवति- यथेहैव तावत् **'आनन्दमयोऽभ्यासात्'** (ब्र.सू. १-१-१२) इति । एवमेकमपि ब्रह्मापेक्षितोपाधिसंबन्धं निरस्तोपाधिसंबन्धं चोपास्यत्वेन ज्ञेयत्वेन च वेदान्तेषूपदिश्यत इति प्रदर्शयितुं परो ग्रन्थ आरभ्यते । यच्च **'गतिसामान्यात्'** (ब्र.सू. १-१-१०) इत्यचेतनकारणनिराकरणमुक्तम्, तदपि वाक्यान्तराणि ब्रह्मविषयाणि व्याचक्षाणेन ब्रह्मविपरीतकारणनिषेधेन प्रपञ्च्यते -

६. आनन्दमयोऽभ्याधिकरणम्

आनन्दमयोऽभ्यासात् ॥१२॥

तैत्तिरीयके अन्नमयं प्राणमयं मनोमयं विज्ञानमयं चानुक्रम्याम्नायते - **'तस्माद्वा एतस्माद्विज्ञानमयादन्योऽन्तर आत्मानन्दमयः'** (तै.उप. २-५) इति । तत्र संशयः- किमिहानन्दमयशब्देन परमेव ब्रह्मोच्यते, यत्प्रकृतम् **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** (तै.उप. २-१) इति, किं वान्नमयादिवद्ब्रह्मणोऽर्थान्तरमिति । किं तावत्प्राप्तम् ? ब्रह्मणोऽर्थान्तरममुख्य आत्मानन्दमयः स्यात् । कस्मात्? अन्नमयाद्यमुख्यात्मप्रवाहपतितत्वात् । अथापि स्यात्सर्वान्तरत्वादानन्दमयो मुख्य एवात्मेति । न स्यात्प्रियाद्यवयवयोगाच्छारीरत्वश्रवणाच्च। मुख्यश्चेदात्मा स्यान्न प्रियादिसंस्पर्शः स्यात् । इह तु **'तस्य प्रियमेव शिरः'** इत्यादि श्रूयते । शारीरत्वं च श्रूयते - **'तस्यैष एव शारीर आत्मा यः पूर्वस्य'** इति । तस्य पूर्वस्य विज्ञानमयस्यैष एव शारीर आत्मा य एष आनन्दमय इत्यर्थः । न च सशरीरस्य सतः प्रियाप्रियसंस्पर्शो वारयितुं शक्यः । तस्मात्संसार्येवानन्दमय आत्मेत्येवं प्राप्ते, इदमुच्यते -

'आनन्दमयोऽभ्यासात्' । पर एवात्मानन्दमयो भवितुमर्हति । कुतः ? अभ्यासात् । परस्मिन्नेव ह्यात्मन्यानन्दशब्दो बहुकृत्वोऽभ्यस्यते । आनन्दमयं प्रस्तुत्य **'रसो वै सः'** (तैत्ति.उप. २-६) इति तस्यैव रसत्वमुक्त्वा, उच्यते- **'रसँ ह्येवायं**

१-१-२२) એમાં અને બીજે સ્થળે જોવું. એ રીતે સદ્યોમુક્તિકારણ એવું પણ આત્મજ્ઞાન ઉપાધિવિશેષ દ્વારા ઉપદેશ કરાતું ઉપાધિસંબંધ વિશેષની વિવક્ષા (કહેવાની ઈચ્છા) ન હોવાથી પરવિષયક છે કે અપરવિષયક છે એમ સંદેહ થાય છે તેથી વાક્યગતિનું પર્યાલોચન કરી તેનો નિર્ણય કરવો યોગ્ય છે, જેમકે અહીં જ ''आनन्दमयोऽभ्यासात्'' (બ્ર.સૂ. ૧-૧-૧૨) એ સૂત્રમાં. આ પ્રમાણે એક જ બ્રહ્મ ઉપાધિસંબન્ધની અપેક્ષા હોય ત્યારે ઉપાસ્ય છે અને ઉપાધિસંબન્ધ રહિત હોય ત્યારે જ્ઞેય છે એમ વેદાન્તોમાં ઉપદેશ કરાય છે એ દર્શાવવા માટે હવે પછીનો ગ્રન્થ આરંભાય છે. વેદાન્તવાક્યોની **'સમાન અવગતિને લીધે'** (બ્ર.સૂ.૧-૧-૧૦) અચેતન કારણનું નિરાકરણ જે કહ્યું છે તેનો પણ, બ્રહ્મવિષયક બીજાં વાક્યોની વ્યાખ્યા કરનાર (સૂત્રકાર) બ્રહ્મવિપરીત કારણના નિષેધથી વિસ્તાર કરશે.

૬ આનંદમયાધિકરણ

આનન્દમય (પરબ્રહ્મ છે) અભ્યાસથી ॥ ૧૨ ॥

તૈત્તિરીયક ઉપનિષદ્‌માં અન્નમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય આત્માનું અનુક્રમણ કરીને પ્રતિપાદન કરવામાં આવ્યું છે. - 'तस्माद्वा एतस्माद्विज्ञानमयादन्योऽन्तर आत्माऽऽनन्दमयः'(तै.उप.२-५) **'તે આ વિજ્ઞાનમયથી આનન્દમય એવો બીજો અન્તર આત્મા છે'**, તેમાં સંશય થાય છે કે આનન્દમય શબ્દ વડે 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'(तै.उप.२-१) **'સત્ય, જ્ઞાન, અનન્ત, બ્રહ્મ'** એ પ્રકૃત પર જ બ્રહ્મ પ્રતિપાદન થાય છે કે અન્નમયાદિની જેમ બ્રહ્મથી અન્ય અર્થ પ્રતિપાદન થાય છે. શું પ્રાપ્ત થાય છે? બ્રહ્મથી અન્ય અર્થ અમુખ્ય આત્મા આનન્દમય થાય. શા માટે ? અન્નમયાદિ અમુખ્ય આત્મપ્રવાહમાં પડ્યો છે તેથી. પણ સર્વાન્તર હોવાથી આનન્દમય મુખ્ય જ આત્મા થાય. ન થાય; કેમકે પ્રિયાદિ અવયવનો યોગ (સંયોગ) છે અને શ્રુતિ શારીરત્વ પ્રતિપાદન કરે છે. આનન્દમય મુખ્ય આત્મા હોય તો પ્રિયાદિનો સંસ્પર્શ ન થાય. પણ અહીં 'तस्य प्रियमेव शिरः' **'તેનું પ્રિય જ માથું છે'** વગેરે વાત સંભળાય છે. વળી શારીરત્વ પણ શ્રુતિપ્રતિપાદિત છે. ''तस्यैष एव शारीर आत्मा यः पूर्वस्य'' **'તે પૂર્વનો (વિજ્ઞાનમય આત્માનો) જે આ (આનન્દમય) છે તે જ શારીર આત્મા છે.'** તે પૂર્વનો એટલે વિજ્ઞાનમય આત્માનો આ જ શારીર આત્મા છે, જે આ આનન્દમય છે, એવો અર્થ છે. શારીર થયો એટલે પ્રિય અને અપ્રિયના સંસ્પર્શનું નિવારણ કરવું શક્ય નથી. તેથી આનન્દમય સંસારી જ આત્મા છે એમ પ્રાપ્ત થતાં આ સૂત્ર કહે છે - 'आनन्दमयोऽभ्यासात्' **'આનન્દમય પરબ્રહ્મ છે, અભ્યાસથી'**. આનન્દમય પર જ આત્મા થવા યુક્ત છે. શાથી ? અભ્યાસથી. ખરેખર પર આત્માને વિષે જ આનન્દમય બહુવાર-અભ્યાસથી પ્રયોજાયો છે. આનન્દમયને પ્રસ્તુત કરીને ''रसो वै सः'' (तैत्ति.उप, २-७) **'તે રસ છે'** એમ તેનું રસત્વ કહીને ''रसँ ह्येवाऽऽनन्दयति (तैत्ति.उप. २।७)'' **'રસને જ પ્રાપ્ત કરીને એ આનન્દી થાય છે,'** ''को

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लब्ध्वानन्दीभवति । को ह्येवान्यात्कः प्राण्यात् । यदेष आकाश आनन्दो न स्यात् । एष ह्येवानन्दयाति' (तैत्ति.उप. २-७) '**सैषानन्दस्य मीमाँसा भवति**' (तैत्ति.उप. २-८) '**एतमानन्दमयमात्मानमुपसंक्रामति**' (तैत्ति.उप. २-८) '**आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कुतश्चन**' (तैत्ति.उप. २-९) इति; '**आनन्दो ब्रह्मेति व्यजानात्**' (तैत्ति.उप. ३-६) इति च । श्रुत्यन्तरे च '**विज्ञानमानन्दं ब्रह्म**' (बृह.उप. ३-९-२८) इति ब्रह्मण्येवानन्दशब्दो दृष्टः । एवमानन्दशब्दस्य बहुकृत्वो ब्रह्मण्यभ्यासादानन्दमय आत्मा ब्रह्मेति गम्यते । यत्तूक्तमन्नमयाद्यमुख्यात्मप्रवाहपतितत्वादानन्दमयस्याप्यमुख्यत्वमिति, नासौ दोषः, आनन्दमयस्य सर्वान्तरत्वात्। मुख्यमेव ह्यात्मानमुपदिदिक्षु शास्त्रं लोकबुद्धिमनुसरत्, अन्नमयं शरीरमनात्मानमत्यन्तमूढानामात्मत्वेन प्रसिद्धमनूद्य मूषानिषिक्तद्रुतताम्रादिप्रतिमावत्ततोऽन्तरं ततोऽन्तरमित्येवं पूर्वेण पूर्वेण समानमुत्तरमुत्तरमनात्मानमात्मेति ग्राहयत्, प्रतिपत्तिसौकर्यापेक्षया सर्वान्तरं मुख्यमानन्दमयमात्मानमुपदिदेशेति श्लिष्टतरम् । यथारुन्धतीदर्शने बह्वीष्वपि तारास्वमुख्यास्वरुन्धतीषु दर्शितासु, या अन्त्या प्रदर्श्यते सा मुख्यैवारुन्धती भवति; एवमिहाप्यानन्दमयस्य सर्वान्तरत्वान्मुख्यमात्मत्वम् । यत्तु ब्रूषे, प्रियादीनां शिरस्त्वादिकल्पनानुपपन्ना मुख्यस्यात्मन इति-अतीतानन्तरोपाधिजनिता सा; न स्वाभाविकीत्यदोषः । शारीरत्वमप्यानन्दमयस्यान्न-मयादिशरीरपरम्परया प्रदर्श्यमानत्वात्; न पुनः साक्षादेव शारीरत्वं संसारिवत् । तस्मादानन्दमयः पर एवात्मा ॥१२॥

विकारशब्दान्नेति चेन्न प्राचुर्यात् ॥१३ ॥

अत्राह - नानन्दमयः पर आत्मा भवितुमर्हति; कस्मात् ? विकारशब्दात्; प्रकृतिवचनादयमन्यः शब्दो विकारवचनः समधिगतः '**आनन्दमयः**' इति, मयटो विकारार्थत्वात्; तस्मादन्नमयादिशब्दवद्विकारविषय एवायमानन्दमयशब्द इति चेत्, न; प्राचुर्यार्थेऽपि मयटः स्मरणात् । '**तत्प्रकृतवचने मयट्**' (पा.सू. ५-४-२१) इति हि प्रचुरतायामपि मयट् स्मर्यते; यथा '**अन्नमयो यज्ञः**'

ह्येवान्यात् कः प्राण्यात् । यदेष आकाश आनन्दो न स्यात् । एष ह्येवाऽऽनन्दयाति'' (तैत्ति.उप. २-७) '**જો આકાશમાં રહેલો આ આનન્દ ન હોય તો કોણ ચેષ્ટા કરે કે કોણ જીવે. એ જ પરમાત્મા આનન્દ પ્રાપ્ત કરાવે છે**', ''सैषाऽऽनन्दस्य मीमाँसा भवति'' (तैत्ति.उप. २-८) '**તે આ આનન્દની વિચારણા થાય છે**', ''एतमानन्दमयमात्मानमुपसंक्रामति (तैत्ति.उप. २-८)'' '**તે એ આનન્દમય આત્માને પામે છે**', ''आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन''(तैत्ति.उप. २-९) '**બ્રહ્મનું આનન્દસ્વરૂપ જાણનાર કંઈ ક્યાંયથી ડરતો નથી**', અને ''आनन्दो ब्रह्मेति व्यजानात्''(तैत्ति.उप. ३-६) '**આનન્દ બ્રહ્મ છે એમ જાણ્યું**', એમ કહે છે. બીજી શ્રુતિમાં પણ ''विज्ञानमानन्दं ब्रह्म'' (બૃહ. ઉપ. ૩-૯-૨૮) '**વિજ્ઞાન, આનન્દ બ્રહ્મ છે**' એમ બ્રહ્મને વિષે જ આનન્દ શબ્દ જોવામાં આવે છે. આ રીતે બ્રહ્મને વિષે આનન્દ શબ્દના બહુ વાર અભ્યાસથી (એટલે વારંવાર કથનથી) આનન્દમય આત્મા બ્રહ્મ છે એમ અનુમાન થાય છે. અન્નમયાદિ અમુખ્ય આત્માની પરમ્પરામાં પડેલો હોવાથી આનન્દમય આત્મા પણ અમુખ્ય છે એમ જે કહ્યું છે તે દોષ નથી; કેમકે આનન્દમય આત્મા સર્વમાં અન્તર છે. ખરેખર મુખ્ય જ આત્માનો ઉપદેશ કરવા ઈચ્છતા શાસ્ત્રે લોકબુદ્ધિને અનુસરીને અત્યન્ત મૂઢોને જે આત્મા તરીકે પ્રસિદ્ધ છે એવા અનાત્મા આ શરીરનો અનુવાદ કરીને કુલ્લીમાં રેડેલા તાંબાના રસ વગેરેની પ્રતિમાની જેમ તેથી અન્તર, તેથી અન્તર એમ પૂર્વ પૂર્વથી સમાન ઉત્તર, ઉત્તર અનાત્માનું આત્મા તરીકે ગ્રહણ કરાવી ગ્રહણ કરવું સહેલું થાય માટે સર્વમાં અન્તર, મુખ્ય, આનન્દમય આત્માનો ઉપદેશ કર્યો છે એમ કહેવું વધુ યોગ્ય છે. જેમ અરુન્ધતીનું દર્શન કરાવવામાં બહુ તારાઓને અમુખ્ય અરુન્ધતી તરીકે દર્શાવ્યા પછી જે છેલ્લો તારો દર્શાવાય છે તે જ મુખ્ય અરુન્ધતી છે. એમ અહીં પણ આનન્દમય સર્વમાં અન્તર હોવાને લીધે મુખ્ય આત્મા છે. પ્રિયાદિની શિરસ્ત્વ વગેરે કલ્પના મુખ્ય આત્માને અયુક્ત છે એમ જે તું કહે છે તે યોગ્ય નથી; કારણ કે એ કલ્પના તરત પછીની ઉપાધિથી થયેલી છે, સ્વાભાવિક નથી, તેથી દોષ નથી. આનન્દમયનું શારીરત્વ પણ અન્નમયાદિ શરીર પરંપરાથી દર્શાવ્યું છે તેથી છે, સંસારીના શારીરત્વની જેમ સાક્ષાત્ નથી, તેથી આનન્દમય જ પર આત્મા છે ॥૧૨॥

(આનન્દમય) વિકારવાચક શબ્દ છે તેથી (પરબ્રહ્મવાચક) નથી એમ જો (તમે કહેશો તો) નહિ; કારણ તે પ્રાચુર્યવાચક છે ॥ ૧૩ ॥

અહીં પૂર્વપક્ષી કહે છે. આનન્દમય પર આત્મા થવા યોગ્ય નથી. શા માટે ? વિકારવાચક શબ્દ છે તેથી. આનન્દમય એ શબ્દ પ્રકૃતિવાચક શબ્દ(આનન્દ)થી બીજો-વિકારવાચક સમજાય છે; કેમકે મયટ્ પ્રત્યય વિકારાર્થક છે. તેટલા માટે અન્નમય વગેરે શબ્દની જેમ આનન્દમય શબ્દ વિકારને જ લગતો છે. એમ કહેવું યોગ્ય નથી; કેમકે પ્રાચુર્યના અર્થમાં પણ મયટ્નું સ્મરણ છે. ''तत्प्रकृतवचने मयट्''(पाणि.सू. ५-४-२१) '**પ્રાચુર્યથી પ્રસ્તુત જે પ્રકૃત તદ્વાચક શબ્દથી મયટ્ પ્રત્યય થાય છે**' એમ પ્રચુરતામાં પણ મયટ્ નું સ્મરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

इत्यन्नप्रचुर उच्यते, एवमानन्दप्रचुरं ब्रह्मानन्दमयमुच्यते । आनन्दप्रचुरत्वं च ब्रह्मणो मनुष्यत्वादारभ्योत्तरस्मिन्नुत्तरस्मिन्स्थाने शतगुण आनन्द इत्युक्त्वा ब्रह्मानन्दस्य निरतिशयत्वावधारणात् । तस्मात्प्राचुर्यार्थे मयट् ॥

तद्धेतुव्यपदेशाच्च ॥ १४ ॥

इतश्च प्राचुर्यार्थे मयट्; यस्मादानन्दहेतुत्वं ब्रह्मणो व्यपदिशति श्रुतिः - **'एष ह्येवानन्दयाति'** (तैत्ति.उप. २-७) इति-आनन्दयतीत्यर्थः । यो ह्यन्यानानन्दयति स प्रचुरानन्द इति प्रसिद्धं भवति; यथा लोके योऽन्येषां धनिकत्वमापादयति स प्रचुरधन इति गम्यते, तद्वत्। तस्मात्प्राचुर्यार्थेऽपि मयटः संभवादानन्दमयः पर एवात्मा ॥

मान्त्रवर्णिकमेव च गीयते ॥ १५ ॥

इतश्चानन्दमयः पर एवात्मा; यस्मात् **'ब्रह्मविदाप्नोति परम्'** (तैत्ति.उप. २-१) इत्युपक्रम्य, **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** (तैत्ति.उप. २-१) (इत्यस्मिन्मन्त्रे यत् ब्रह्म प्रकृतं सत्यज्ञानानन्तविशेषणैर्निर्धारितम्, यस्मादाकाशादिक्रमेण स्थावरजङ्गमानि भूतान्यजायन्त, यच्च भूतानि सृष्टा तान्यनुप्रविश्य गुहायामवस्थितं सर्वान्तरम्, यस्य विज्ञानाय **'अन्योऽन्तर आत्मा' 'अन्योऽन्तर आत्मा'** इति प्रक्रान्तम्, तन्मान्त्रवर्णिकमेव ब्रह्मेह गीयते - **'अन्योऽन्तर आत्मानन्दमयः'** (तैत्ति.उप. २-५) इति । मन्त्रब्राह्मणयोश्चैकार्थत्वं युक्तम्, अविरोधात् । अन्यथा हि प्रकृतहानाप्रकृतप्रक्रिये स्याताम् । न चान्नमयादिभ्य इवानन्दमयादन्योऽन्तर आत्माभिधीयते । एतन्निष्ठैव च भार्गवी वारुणी विद्या- (तैत्ति.उप. ३-६) 'आनन्दो ब्रह्मेति व्यजानात्' इति । तस्मादानन्दमयः पर एवात्मा ॥१५॥

नेतरोऽनुपपत्तेः ॥ १६ ॥

इतश्चानन्दमयः पर एवात्मा, नेतरः; इतर ईश्वरादन्यः संसारी जीव इत्यर्थः । न जीव आनन्दमयशब्देनाभिधीयते; कस्मात्?

છે. જેમ ''अन्नमयो यज्ञः'' **'અન્નમય યજ્ઞ'** એટલે અન્નપ્રચુર યજ્ઞ કહેવાય છે, તેમ આનન્દમય શબ્દ કહેવાય છે; અને બ્રહ્મ આનન્દપ્રચુર છે એ, મનુષ્યત્વથી આરંભી ઉત્તર ઉત્તર સ્થાનમાં સો ગણો આનન્દ છે એમ કહીને બ્રહ્માનન્દ નિરતિશય છે એમ નિશ્ચિત કર્યું છે તેથી છે. માટે પ્રાચુર્યના અર્થમાં મયટ્ પ્રત્યય છે. ॥ ૧૩ ॥

અને તે(આનન્દ)ના હેતુનો વ્યપદેશ છે તેથી (પ્રાચુર્યાર્થમાં મયટ્) છે ॥ ૧૪ ॥

વળી આ કારણથી પ્રાચુર્યના અર્થમાં મયટ્ છે; કેમકે બ્રહ્મ આનન્દનો હેતુ છે એમ ''एष ह्येवाऽऽनन्दयाति (तैत्ति.उप. २-७'' **'નિશ્ચયપણે એ જ આનન્દ પમાડે છે'** એ શ્રુતિ કહે છે. आनन्दयाति એટલે आनन्दयति એવો અર્થ છે. ખરેખર જે બીજાને આનન્દ આપે છે તે પ્રચુર આનન્દથી યુક્ત છે એ પ્રસિદ્ધ છે. જેમ લોકમાં જે અન્યને ધનિક બનાવે છે તે પ્રચુર ધનયુક્ત છે એમ સમજાય છે તેમ. માટે પ્રાચુર્યાર્થમાં પણ મયટ્ નો સંભવ હોવાથી આનન્દમય પર આત્મા જ છે ॥ ૧૪ ॥

વળી મન્ત્રમાં વર્ણવેલું જ (બ્રહ્મ અહીં બ્રાહ્મણમાં) ગવાય છે તેથી
(આનન્દમય પર આત્મા જ છે) ॥ ૧૫ ॥

વળી આથી આનન્દમય પર આત્મા જ છે; કેમકે ''ब्रह्मविदाप्नोति परम्'' (तैत्ति.उप.२-१) **બ્રહ્મવેત્તા પર પ્રાપ્ત કરે છે** એમ ઉપક્રમ કરીને ''सत्यं ज्ञानमनन्तं ब्रह्म'' **'સત્ય, જ્ઞાન, અનન્ત બ્રહ્મ** એ મન્ત્રમાં સત્ય, જ્ઞાન અને અનન્ત વિશેષણથી જે પ્રકૃત બ્રહ્મ નિર્ધાર્યું છે, જેમાંથી આકાશાદિક્રમે સ્થાવર અને જંગમ ભૂતો ઉત્પન્ન થયાં છે, અને જે ભૂતોને સર્જી તેમાં પ્રવેશ કરી ગુણમાં રહેલું સર્વાન્તતર છે, અને જેના વિજ્ઞાનને માટે **બીજો અન્તર આત્મા છે, બીજો અન્તર આત્મા છે** એમ વર્ણવ્યું છે તે, મન્ત્રમાં વર્ણવેલું બ્રહ્મ જ અહીં **અન્ય અન્તર આત્મા આનન્દમય છે** એમ ગવાય છે. (तैत्ति.उप. २-५) મન્ત્ર અને બ્રાહ્મણનું એકાર્થત્વ યોગ્ય છે, અવિરોધથી નહિ તો ચોક્કસ પ્રકૃતની હાનિ અને અપ્રકૃતની પ્રક્રિયા થાય. વળી જેમ અન્નમયાદિથી અન્ય આત્માનું અભિધાન કર્યું છે તેમ આનન્દમયથી અન્ય આત્માનું અભિધાન કર્યું નથી; અને ''सैषा भार्गवी वारुणी विद्या'' (तैत्ति.उप.३-६) તે એ ભૃગુને, વરુણે આપેલા વિદ્યા છે **'આનંદમય બ્રહ્મને જાણ્યું'** - એ આનન્દમયને જ લગતી છે. તેટલા માટે આનન્દમય પર આત્મા જ છે ॥૧૫॥

(આનન્દમય) ઈતર નથી, અનુપપત્તિથી ॥ ૧૬ ॥

વળી આ કારણથી આનન્દમય પર આત્મા જ છે; બીજો નથી. બીજો એટલે ઈશ્વરથી અન્ય, સંસારી, જીવ, એવો અર્થ છે. આનન્દમય શબ્દથી જીવનું અભિધાન થતું નથી. શા માટે ? અનુપપત્તિથી. આનન્દમયને પ્રસ્તુત કરીને શ્રુતિ કહે છે - ''सोऽकामयत।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



'**सोऽकामयत । बहु स्यां प्रजायेयेति । स तपोऽतप्यत। स तपस्तप्त्वा । इद**
अनुपपत्तेः । आनन्दमयं हि प्रकृत्य श्रूयते- तत्र प्राक्शरीराद्युत्पत्तेरभिध्यानम्, सृज्यमानानां च विकाराणां स्त्रष्टुरव्यतिरेकः;
ँ्सर्वमसृजत । यदिदं किंच' (तैत्ति.उप. २-६) इति।
सर्व विकारसृष्टिश्च न परस्मादात्मनोऽन्यत्रोपपद्यते ॥१६॥

भेदव्यपदेशाच्च ॥ १७ ॥

इतश्च नानन्दमयः संसारी; यस्मादानन्दमयाधिकारे '**रसो वै सः । रस ँ्ह्येवायं लब्ध्वानन्दी भवति**' (तैत्ति.उप. २-७) इति जीवानन्दमयौ भेदेन व्यपदिशति । न हि लब्धैव लब्धव्यो भवति । कथं तर्हि '**आत्मान्वेष्टव्यः**' '**आत्मलाभान्न परं विद्यते**' इति श्रुतिस्मृती, यावता न लब्धैव लब्धव्यो भवतीत्युक्तम् ? बाढम् - तथाप्यात्मनोऽप्रच्युतात्मभावस्यैव सतस्तत्त्वानवबोधनिमित्तो मिथ्यैव देहादिष्वनात्मसु आत्मत्वनिश्चयो लौकिको दृष्टः । तेन देहादिभूतस्यात्मनोऽपि आत्मा - अनन्विष्टः '**अन्वेष्टव्यः**', अलब्धः, '**लब्धव्य**', अश्रुतः '**श्रोतव्यः**', अमतः '**मन्तव्यः**', अविज्ञातः '**विज्ञातव्यः**'- इत्यादिभेदव्यपदेश उपपद्यते । प्रतिषिध्यत एव तु परमार्थतः सर्वज्ञात्परमेश्वरादन्यो द्रष्टा श्रोता वा '**नान्योऽतोऽस्ति द्रष्टा**' (बृह.उप. ३-७-२३) इत्यादिना । परमेश्वरस्तु अविद्याकल्पिताच्छरीरात्कर्तुर्भोक्तुः विज्ञानात्माख्यात् अन्यः; यथा मायाविनश्चर्मखड्गधरात्सूत्रेणाकाशमधिरोहतः स एव मायावी परमार्थरूपो भूमिष्ठोऽन्यः; यथा वा घटाकाशादुपाधि-परिच्छिन्नादनुपाधिपरिच्छिन्न आकाशोऽन्यः । ईदृशं च विज्ञानात्मपरमात्मभेदमाश्रित्य '**नेतरोऽनुपपत्तेः**' '**भेदव्यपदेशाच्च**' इत्युक्तम् ॥१७॥

कामाच्च नानुमानापेक्षा ॥ १८ ॥

आनन्दमयाधिकारे च '**सोऽकामयत बहु स्यां प्रजायेयेति**' (तैत्ति.उप. २-६) इति कामयितृत्वनिर्देशाच्च नानुमानिकमपि सांख्यपरिकल्पितमचेतनं प्रधानमानन्दमयत्वेन कारणत्वेन वा अपेक्षितव्यम् । '**ईक्षतेर्नाशब्दम्**' (ब्र.सू. १-१-५) इति निराकृतमपि प्रधानं पूर्वसूत्रोदाहृतां कामयितृत्वश्रुतिमाश्रित्य प्रसङ्गात्पुनर्निराक्रियते गतिसामान्यप्रपञ्चनाय ॥१८॥

बहुस्यां प्रजायेयेति । स तपोऽतप्यत । स तपस्तप्त्वा इदं सर्वमसृजत यदिदं किञ्च'' (તૈત્તિ.ઉપ. ૨-૬) '**તેણે કામના કરી, બહુ થાઉં, ઉત્પન્ન થાઉં એમ. તેણે તપ તપ્યું. તેણે તપ તપીને આ સર્વ સર્જ્યું, જે આ કંઈ છે તે**'. તેમાં શરીરાદિની ઉત્પત્તિની પૂર્વે અભિધ્યાન સૃજ્યમાન વિકારોનો સ્રષ્ટાથી અભેદ અને સર્વ વિકારની સૃષ્ટિ, પર આત્માથી બીજાની બાબતમાં ઉત્પન્ન થતાં નથી ॥ ૧૬ ॥

અને ભેદના વ્યપદેશથી (આનન્દમય સંસારી નથી) ॥ ૧૭ ॥

આ કારણથી પણ આનન્દમય સંસારી નથી; કેમકે આનન્દમયના અધિકારમાં ''रसो वै सः । रस ँ्ह्येवायं लब्ध्वाऽऽनन्दीभवति'' (तैत्ति.उप. २-७) '**તે રસ છે. નિશ્ચયપણે રસને જ પ્રાપ્ત કરીને એ આનન્દ થાય છે**' એ શ્રુતિ જીવ અને આનન્દમયનો ભેદે વ્યપદેશ એટલે જુદાં છે એવો નિર્દેશ કરે છે. ખરેખર લબ્ધા જ લબ્ધવ્ય થતો નથી. ત્યારે આત્માનું અન્વેષણ કરવું જોઈએ, આત્મલાભથી પરવસ્તુ વિદ્યમાન નથી, એ શ્રુતિ અને સ્મૃતિ કેવી રીતે છે ? કેમકે લબ્ધા જ લબ્ધવ્ય થતો નથી એમ કહ્યું છે. સત્ય છે, તથાપિ આત્મભાવ જતો નથી રહ્યો એવા પણ આત્મામાં તત્ત્વના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો દેહાદિ અનાત્મપદાર્થની બાબતમાં આત્મા છે એવો નિશ્ચય લૌકિક જોવામાં આવે છે. તેથી આત્મા અન્વિષ્ટ નથી, અન્વેષ્ટવ્ય છે, લબ્ધ નથી, લબ્ધવ્ય છે, શ્રુત નથી, શ્રોતવ્ય છે, મત નથી, મન્તવ્ય છે, વિજ્ઞાત નથી, વિજ્ઞાતવ્ય છે, ઇત્યાદિ ભેદવ્યપદેશ દેહાદિરૂપ આત્માને વિષે પણ યોગ્ય સિદ્ધ થાય છે. પરમાર્થ રીતે તો સર્વજ્ઞ પરમેશ્વરથી અન્ય દ્રષ્ટા કે શ્રોતાનો ''नान्योऽतोऽस्ति द्रष्टा'' (બૃહ. ઉપ. ૩।૭।૨૩) '**તેનાથી અન્ય દ્રષ્ટા નથી**' એ વગેરે શ્રુતિ વડે પ્રતિષેધ કરાય છે જ. અવિદ્યાકલ્પિત, શારીર, કર્તા, ભોક્તા, વિજ્ઞાનાત્મ સંજ્ઞકથી પરમેશ્વર તો અન્ય છે, જેમ ચર્મ અને ખડ્ગ ધારણ કરનાર, સૂત્રથી આકાશમાં ચઢનાર માયાવીથી ભૂમિ પર ઊભેલો પરમાર્થરૂપ તે જ માયાવી અન્ય છે, અથવા ઉપાધિથી પરિચ્છિન્ન મપાઈ ગયેલા ઘટાકાશથી ઉપાધિથી પરિચ્છિન્ન ન થયેલું આકાશ અન્ય છે તેમ. આવા વિજ્ઞાનાત્મા અને પરમાત્માના ભેદને આશ્રયીને 'नेतरोऽनुपपत्तेः' અને 'भेदव्यपदेशाच्च' એ (૧૬ અને ૧૭ મું એમ બે) સૂત્રો કહ્યાં છે ॥ ૧૭ ॥

(આનન્દમયને વિષે) કામનાથી (કામનાનો નિર્દેશ કર્યો હોવાથી) આનુમાનિકની અપેક્ષા નથી ॥ ૧૮ ॥

વળી આનન્દમય અધિકારમાં ''सोऽकामयत बहु स्यां प्रजायेयेति'' (तैत्ति.उप.२।६) '**તેણે કામના કરી કે બહુ થાઉં, ઉત્પન્ન થાઉં**' એમ કામનાનો નિર્દેશ છે તેથી આનુમાનિક, સાંખ્યપરિકલ્પિત, અચેતન, પ્રધાનની પણ આનન્દમયત્વે કે કારણત્વે અપેક્ષા કરવી યોગ્ય નથી. 'ईक्षतेर्नाशब्दम्' (બ્ર.સૂ.૧-૧-૫) એમ નિરાકરણ કરેલા પણ પ્રધાનનું કામનાની શ્રુતિનો આશ્રય લઈને પ્રસંગથી અવગતિ સામાન્ય શ્રુતિવચનોની એકવાક્યતા વિસ્તારથી દર્શાવવા પુનઃ નિરાકરણ કરવામાં આવે છે. ॥ ૧૮ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अस्मिन्नस्य च तद्योगं शास्ति ॥ १९ ॥

इतश्च न प्रधाने जीवे वानन्दमयशब्दः; यस्मादस्मिन्नानन्दमये प्रकृत आत्मनि, प्रतिबुद्धस्यास्य जीवस्य, तद्योगं शास्ति – तदात्मना योगस्तद्योगः, तद्भावापत्तिः, मुक्तिरित्यर्थः-तद्योगं शास्ति शास्त्रम् – **'यदा ह्येवैष एतस्मिन्नदृश्येऽनात्म्येऽनिरुक्तेऽनिलयनेऽभयं प्रतिष्ठां विन्दते । अथ सोऽभयं गतो भवति । यदा ह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुते । अथ तस्य भयं भवति'** (तैत्ति.उप. २-७) इति । एतदुक्तं भवति यदैतस्मिन्नानन्दमयेऽल्पमप्यन्तरमतादात्म्यरूपं पश्यति, तदा संसारभयान्न निवर्तते; यदा त्वेतस्मिन्नानन्दमये निरन्तरं तादात्म्येन प्रतितिष्ठति, तदा संसारभयान्निवर्तत इति । तच्च परमात्मपरिग्रहे घटते, न प्रधानपरिग्रहे जीवपरिग्रहे वा । तस्मादानन्दमयः परमात्मेति सिद्धम् ॥

इदं त्विह वक्तव्यम् – **'स वा एष पुरुषोऽन्नरसमयः'** (तैत्ति.उप. २-१) **'तस्माद्वा एतस्मादन्नरसमयादन्योऽन्तर आत्मा प्राणमयः'** (तैत्ति.उप. २-२) तस्मात् **'अन्योऽन्तर आत्मा मनोमयः'** (तैत्ति.उप. २-३) तस्मात् **'अन्योऽन्तर आत्मा विज्ञानमयः'** (तैत्ति.उप. २-४) इति च विकारार्थे मयट्प्रवाहे सति, आनन्दमय एवाकस्मादर्धजरतीयन्यायेन कथमिव मयटः प्राचुर्यार्थत्वं ब्रह्मविषयत्वं चाश्रीयत इति। मान्त्रवर्णिकब्रह्माधिकारादिति चेत्, न; अन्नमयादीनामपि तर्हि ब्रह्मत्वप्रसङ्गः । अत्राह- युक्तमन्नमयादीनामब्रह्मत्वम्, तस्मात्तस्मादान्तरस्यान्तरस्यान्यस्यान्यस्यात्मन उच्यमानत्वात्; आनन्दमयात्तु न कश्चिदन्य आन्तर आत्मोच्यते; तेनानन्दमयस्य ब्रह्मत्वम्, अन्यथा प्रकृतहानाप्रकृतप्रक्रियाप्रसङ्गादिति । अत्रोच्यते- यद्यप्यन्नमयादिभ्य इवानन्दमयात् ब्रह्मत्वम्; यत आनन्दमयं प्रकृत्य श्रूयते- **'तस्य प्रियमेव शिरः, मोदो दक्षिणः पक्षः, प्रमोद उत्तरः पक्षः, आनन्द आत्मा, ब्रह्म पुच्छं प्रतिष्ठा'** (तैत्ति.उप. २-५) इति । तत्र यद्ब्रह्मेह मन्त्रवर्णे प्रकृतम् **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** इति, तदिह **'ब्रह्म पुच्छं प्रतिष्ठा'**

અને આ (આનન્દમય)ને વિષે આ(જીવનો) તદ્યોગ (શાસ્ત્ર) શાસન કરે છે (તેથી આનન્દમય પ્રધાન-કે-જીવ-વાચક નથી) ॥ ૧૯ ॥

વળી આ કારણથી પ્રધાન કે જીવ વિષયક આનન્દમય શબ્દ નથી; કેમકે આને વિષે-આનન્દમય પ્રકૃત આત્માને વિષે-પ્રતિબુદ્ધ જે આ જીવ છે તેનો તદ્યોગ (શાસ્ત્ર) શાસન કરે છે. તદાત્મત્વે યોગ તે તદ્યોગ, તદ્‌ભાવપ્રાપ્તિ, મુક્તિ એવો અર્થ છે. ''यदा ह्येवैष एतस्मिन्नदृश्येऽनात्म्येऽनिरुक्तेऽनिलयनेऽभयं प्रतिष्ठां विन्दते । अथ सोऽभयं गतो भवति । यदा ह्येवैष एतस्मिन्नुदरमन्तरं कुरुते । अथ तस्य भयं भवति (तैत्ति.उप. २।७)'' [**જ્યારે આ - (સાધક) અદૃશ્ય, અશરીર, અનિર્વચનીય, અનાધાર આ બ્રહ્મને વિષે ભય વગર પ્રતિષ્ઠા-આત્મભાવ પામે છે ત્યારે તે અભય પ્રાપ્ત જે કરે છે. જ્યારે એ-(સાધક) એને (બ્રહ્મને) વિષે અલ્પ પણ ભેદદર્શન કરે છે ત્યારે તેને ભય થાય છે**] - એ શાસ્ત્ર તદ્યોગ શાસન કરે છે. આ એનું તાત્પર્ય છે જ્યારે આ આનન્દમયને વિષે અલ્પ પણ અન્તર-અતાદાત્મ્યરૂપ જુએ છે ત્યારે સંસારભયથી નિવૃત્ત થતો નથી. પણ જ્યારે આ આનન્દમયને વિષે નિરન્તર તાદાત્મ્યસ્વરૂપે રહે છે ત્યારે સંસારના ભયથી નિવૃત્ત થાય છે; અને એ તાત્પર્ય આનન્દમય શબ્દથી પરમાત્માનો પરિગ્રહ કરીએ તો યોગ્ય ઠરે છે, પ્રધાનનો કે જીવનો પરિગ્રહ કરીએ તો નહિ. તેથી આનન્દમય પરમાત્મા છે એમ સિદ્ધ થાય છે.

પણ અહીં આ વક્તવ્ય કહેવા યોગ્ય છે. ''स वा एष पुरुषोऽन्नरसमयः (तैत्ति.उप.२-१)'' **'તે એ પુરુષ અન્નરસમય છે'**, ''तस्माद्वा एतस्मादन्नरसमयादन्योऽन्तर आत्मा प्राणमयः'' (तैत्ति.उप.२-२) **'તે એ અન્નરસમયથી અન્ય, અન્તર આત્મા પ્રાણમય છે'**, ''तस्मादन्योऽन्तर आत्मा मनोमय'' (तैत्ति.उप.२-३) **'તેથી અન્ય, અન્તર આત્મા મનોમય છે.'** ''तस्मादन्योऽन्तर आत्मा विज्ञानमयः'' (तैत्ति.उप.२-४) **તેથી અન્ય, અન્તર આત્મા વિજ્ઞાનમય છે'** - એમાં વિકારાર્થક મયટ્‌પ્રવાહ (વિકાર પરંપરાનું પ્રકરણ પ્રકટ કરવા પ્રવાહપદ) હોવાથી આનન્દમયમાં જ અર્ધજરતીયન્યાયે અકસ્માત્ મયટ્ પ્રાચુર્યાર્થક અને બ્રહ્મવિષયક છે એમ કેવી રીતે આશ્રય કર્યો છે? મન્ત્રમાં વર્ણવેલા બ્રહ્મના અધિકારથી એમ જો તમે કહેશો તો તે યોગ્ય નથી; કેમકે તેમ તો અન્નમયાદિને પણ બ્રહ્મનો પ્રસંગ આવશે. અહીં કહે છે કે અન્નમયાદિ અબ્રહ્મ છે એ યોગ્ય છે, કેમકે તેથી તેથી આન્તર આન્તર અન્ય અન્ય આત્મા કહેવાય છે; પણ આનન્દમયથી કોઈ અન્ય અન્તર આત્મા કહ્યો નથી, તેથી આનન્દમય બ્રહ્મ છે, નહિ તો પ્રકૃતની હાનિ અને અપ્રકૃતની પ્રક્રિયાનો પ્રસંગ આવે. અહીં કહીએ છીએ— જોકે અન્નમયાદિની જેમ આનન્દમયથી અન્ય અન્તર આત્મા શ્રુતિમાં કહ્યો નથી, તો પણ આનન્દમય બ્રહ્મ નથી; કેમકે આનન્દમયને પ્રસ્તાવ કરીને શ્રુતિ કહે છે - ''तस्य प्रियमेव शिरः । मोदो दक्षिणः पक्षः । प्रमोद उत्तरः पक्षः । आनन्द आत्मा । ब्रह्म पुच्छं प्रतिष्ठा ।'' (तैत्ति.उप. २-५) **'પ્રિય જ તેનું શિર છે, મોદ દક્ષિણ પક્ષ છે, પ્રમોદ ઉત્તર પક્ષ છે, આનન્દ આત્મા છે, બ્રહ્મ પુચ્છ, પ્રતિષ્ઠા છે'**. તેમાં જે બ્રહ્મ ''सत्यं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इत्युच्यते । तद्विजिज्ञापयिषयैवान्नमयादय आनन्दमयपर्यन्ताः पञ्च कोशाः कल्पन्ते । तत्र कुतः प्रकृतहानाप्रकृतप्रक्रियाप्रसङ्गः । नन्वानन्दमयस्यावयवत्वेन '**ब्रह्म पुच्छं प्रतिष्ठा**' इत्युच्यते, अन्नमयादीनामिव '**इदं पुच्छं प्रतिष्ठा**' इत्यादि; तत्र कथं ब्रह्मणः स्वप्रधानत्वं शक्यं विज्ञातुम् ? प्रकृतत्वादिति ब्रूमः । नन्वानन्दमयावयवत्वेनापि ब्रह्मणि विज्ञायमाने न प्रकृतत्वं हीयते , आनन्दमयस्य ब्रह्मत्वादिति; अत्रोच्यते- तथा सति तदेव ब्रह्म आनन्दमय आत्मा अवयवी, तदेव च ब्रह्म पुच्छं प्रतिष्ठा अवयव इत्यसामञ्जस्यं स्यात् । अन्यतरपरिग्रहे तु, युक्तम् '**ब्रह्म पुच्छं प्रतिष्ठा**' इत्यत्रेव ब्रह्मनिर्देश आश्रयितुम्, ब्रह्मशब्दसंयोगात्; नानन्दमयवाक्ये, ब्रह्मशब्दसंयोगाभावादिति । अपि च ब्रह्म पुच्छं प्रतिष्ठेत्युक्त्वेदमुच्यते- '**तदप्येष श्लोको भवति । असन्नेव स भवति । असद्ब्रह्मेति वेद चेत् । अस्ति ब्रह्मेति चेद्वेद । सन्तमेनं ततो विदुः**' (तैत्ति. उप. २-६) इति । अस्मिंश्च श्लोकेऽननुकृष्यानन्दमयं ब्रह्मण एव भावाभाववेदनयोर्गुणदोषाभिधानाद्गम्यते- '**ब्रह्म पुच्छं प्रतिष्ठा**' इत्यत्र ब्रह्मण एव स्वप्रधानत्वमिति । न चानन्दमयस्यात्मनो भावाभावाशङ्का युक्ता, प्रियमोदादिविशिष्टस्यानन्दमयस्य सर्वलोकप्रसिद्धत्वात् । कथं पुनः स्वप्रधानं सद्ब्रह्म आनन्दमयस्य पुच्छत्वेन निर्दिश्यते- '**ब्रह्म पुच्छं प्रतिष्ठा**' इति ? नैष दोषः । पुच्छवत्पुच्छम्, प्रतिष्ठा परायणमेकनीडं लौकिकस्यानन्दजातस्य ब्रह्मानन्दः इत्येतदनेन विवक्ष्यते, नावयवत्वम्; '**एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति**' (बृह.उप. ४-३-३१) इति श्रुत्यन्तरात् । अपि चानन्दमयस्य ब्रह्मत्वे प्रियाद्यवयवत्वेन सविशेषं ब्रह्माभ्युपगन्तव्यम्; निर्विशेषं तु ब्रह्म वाक्यशेषे श्रूयते, वाङ्मनसयोरगोचरत्वाभिधानात्- '**यतो वाचो निवर्तन्ते । अप्राप्य मनसा सह । आनन्दं ब्रह्मणो विद्वान् । न बिभेति कुतश्चन**' (तैत्ति.उप. २-९) इति । अपि चानन्दप्रचुर इत्युक्ते दुःखाल्पीयस्त्वमपि गम्यते; प्राचुर्यस्य लोके प्रतियोग्यल्पत्वापेक्षत्वात् । तथा च सति '**यत्र नान्यत्पश्यति, नान्यच्छृणोति, नान्यद्विजानाति, स भूमा**' (छा.उप. ७-२४-१) इति भूम्नि ब्रह्मणि

ज्ञानमनन्तं ब्रह्म'' **'સત્ય, જ્ઞાન, અનન્ત, બ્રહ્મ'** એમ મન્ત્રવર્ણમાં પ્રકૃત છે તે બ્રહ્મને અહીં પુચ્છ, પ્રતિષ્ઠા કહ્યું છે. તે જણાવવાની ઈચ્છાથી જ અન્નમયાદિ આનન્દમયપર્યન્ત પાંચ કોશ કલ્પ્યા છે તો પ્રકૃતની હાનિ અને અપ્રકૃતની પ્રક્રિયાનો પ્રસંગ ક્યાંથી ? પણ આનન્દમયના અવયવ તરીકે બ્રહ્મને પુચ્છ, પ્રતિષ્ઠા કહે છે, જેમ અન્નયમાદિના અવયવ તરીકે એને પુચ્છ અને પ્રતિષ્ઠા કહે છે તેમ. તેમાં બ્રહ્મ પોતે પ્રધાન છે એમ શી રીતે જાણી શકાય ? બ્રહ્મ પ્રકૃત છે તેથી એમ અમે કહીએ છીએ. પણ આનન્દમયના અવયવ તરીકે બ્રહ્મ જણાતું હોય તોપણ બ્રહ્મનું પ્રકૃતત્વ જતું રહેતું નથી; કેમકે આનન્દમય બ્રહ્મ છે. આ વિષયમાં કહીએ છીએ. એમ હોય તો તે જ બ્રહ્મ આનન્દમય આત્મા અવયવી અને તે જ બ્રહ્મ પુચ્છ, પ્રતિષ્ઠા, અવયવ થાય એ અયોગ્ય બને. બેમાંથી એક લઈએ તો બ્રહ્મ પુચ્છ, પ્રતિષ્ઠા છે એમાં જ બ્રહ્મનિર્દેશ લેવો યોગ્ય છે; કેમકે બ્રહ્મ શબ્દનો સંયોગ છે, આનન્દમયવાક્યમાં બ્રહ્મનિર્દેશ લેવો યોગ્ય નથી; કેમકે તેમાં બ્રહ્મ શબ્દનો સંયોગ નથી. વળી બ્રહ્મ પુચ્છ, પ્રતિષ્ઠા છે એમ કહીને કહે છે કે ''तदप्येष श्लोको भवति । असन्नेव स भवति । असद्ब्रह्मेति वेद चेत्। अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेनं ततो विदुः ॥'' (तैत्ति.उप.२-६) **'જેવો એ વિષયમાં વળી આ શ્લોક છે, બ્રહ્મ અવિદ્યમાન છે એમ જાણે છે તે અવિદ્યમાન જેવો થાય છે, બ્રહ્મ વિદ્યમાન છે એમ જો જાણે છે તો તેને વિદ્યમાન બ્રહ્મસ્વરૂપે બ્રહ્મવિદો જાણે છે'**. એ શ્લોકમાં આનન્દમયનો અનુકર્ષ કર્યા વગર બ્રહ્મના જ ભાવ અને અભાવના જ્ઞાનથી ગુણ અને દોષનું અભિધાન કર્યું છે, તેથી બ્રહ્મ પુચ્છ, પ્રતિષ્ઠા છે એમાં બ્રહ્મ પોતે જ પ્રધાન છે એમ અનુમાન થાય છે. આનન્દમય આત્માના ભાવ અને અભાવની શંકા યોગ્ય નથી; કેમકે પ્રિય, મોદ વગેરે વિશેષયુક્ત આનન્દમય સર્વ લોકમાં પ્રસિદ્ધ છે. પણ બ્રહ્મ પોતે પ્રધાન થઈ 'બ્રહ્મ પુચ્છ, પ્રતિષ્ઠા છે' એમ આનન્દમયના પુચ્છ તરીકે શી રીતે નિર્દિષ્ટ થાય ? એ દોષ નથી. પુચ્છ જેવું તે પુચ્છ, પ્રતિષ્ઠા એટલે લૌકિક આનન્દસમૂહનું બ્રહ્માનન્દ પર સ્થાન, એક અધિષ્ઠાન છે એવો અર્થ વિવક્ષિત-કહેવાની ઈચ્છા છે, અવયવ છે એવો અર્થ વિવક્ષિત નથી; કેમકે બીજી શ્રુતિમાં પણ ''एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति'' (बृह.उप. ४-३-३१) **'એ જ આનન્દના અંશ પર અન્ય ભૂતોનો આધાર છે'** એમ છે. વળી આનન્દમય બ્રહ્મ હોય તો પ્રિયાદિ અવયવે કરીને સવિશેષ બ્રહ્મનો સ્વીકાર કરવો જોઈએ. પણ વાક્યશેષમાં નિર્વિશેષ બ્રહ્મની શ્રુતિ છે; કેમકે વાણી અને મનથી તે અગોચર છે એમ કહ્યું છે - ''यतो वाचो निवर्तन्ते । अप्राप्य मनसा सह । आनन्दं ब्रह्मणो विद्वान् । न बिभेति कुतश्चन ।(तैत्ति.उप.२-९)'' **'મનની સાથે વાણી પ્રાપ્ત થયા વિના જેથી નિવૃત્ત થાય છે, તે બ્રહ્મનું આનન્દસ્વરૂપ જાણનાર કશાથી ડર પામતો નથી'**. વળી આનન્દપ્રચુર એમ કહીએ એટલે દુઃખના અસ્તિત્વનું પણ અનુમાન થાય છે; કેમકે પ્રાચુર્યને લોકમાં તેના પ્રતિયોગી અલ્પત્વની અપેક્ષા છે; અને તેમ થાય એટલે ''यत्र नान्यत् पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा''(છાન્દો. ઉપ. ૭-૨૪-૧) **'જ્યાં બીજું કંઈ જોતો નથી, બીજું કંઈ સાંભળતો નથી, બીજું કંઈ જાણતો નથી તે ભૂમા-બ્રહ્મ છે'** એમ ભૂમન-બ્રહ્મને વિષે તેથી ભિન્ન વસ્તુનો અભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तद्व्यतिरिक्ताभावश्रुतिरुपरुध्येत । प्रतिशरीरं च प्रियादिभेदादानन्दमयस्य भिन्नत्वम्; ब्रह्म तु न प्रतिशरीरं भिद्यते, **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** (तैत्ति.उप. २-१) इत्यानन्त्यश्रुतेः **'एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा'** (श्वेता.उप. ६-११) इति च श्रुत्यन्तरात् । न चानन्दमयाभ्यासः श्रूयते । प्रातिपदिकार्थमात्रमेव हि सर्वत्राभ्यस्यते - **'रसो वै सः । रसँ ह्येवायं लब्ध्वानन्दी भवति । को ह्येवान्यात्कः प्राण्यात् । यदेष आकाश आनन्दो न स्यात्'** (तैत्ति.उप. २-७) **'सैषानन्दस्य मीमाँसा भवति'** (तैत्ति.उप. २-८) **'आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कुतश्चन'** (तैत्ति.उप. २-९) इति **'आनन्दो ब्रह्मेति व्यजानात्'** (तैत्ति.उप. ३-६) इति च । यदि चानन्दमयशब्दस्य ब्रह्मविषयत्व निश्चितं भवेत्, तत उत्तरेष्वानन्दमात्रप्रयोगेष्वप्यानन्दमयाभ्यासः कल्प्येत; न त्वानन्दमयस्य ब्रह्मत्वमस्ति, प्रियशिरस्त्वादिभिर्हेतुभिरित्यवोचाम; तस्माच्छ्रुत्यन्तरे **'विज्ञानमानन्दं ब्रह्म'** (बृह.उप. ३-९-२८) इत्यानन्दपदप्रातिपदिकस्य ब्रह्मणि प्रयोगदर्शनात्, **'यदेष आकाश आनन्दो न स्यात्'** इति ब्रह्मविषयः प्रयोगो न त्वानन्दमयाभ्यास इत्यवगन्तव्यम्। यस्त्वयं मयडन्तस्यैवानन्दमयशब्दस्याभ्यासः **'एतमानन्दमयमात्मानमुपसंक्रामति'** (तैत्ति.उप. २-८) इति, न तस्य ब्रह्मविषयत्वमस्ति; विकारात्मनामेवान्नमयादीनामनात्मनामुपसंक्रमितव्यानां प्रवाहे पतितत्वात् । नन्वानन्दमयस्योपसंक्रमितव्यस्यान्नमयादिवदब्रह्मत्वे सति नैव विदुषो ब्रह्मप्राप्तिः फलं निर्दिष्टं भवेत् । नैष दोषः, आनन्दमयोपसंक्रमणनिर्देशेनैव विदुषः पुच्छप्रतिष्ठाभूतब्रह्मप्राप्तेः फलस्य निर्दिष्टत्वात्, **'तदप्येष श्लोको भवति' 'यतो वाचो निवर्तन्ते'** इत्यादिना च प्रपञ्च्यमानत्वात्। या त्वानन्दमयसंनिधाने **'सोऽकामयत बहु स्यां प्रजायेयेति'** इतीयं श्रुतिरुदाहृता, सा **'ब्रह्म पुच्छं प्रतिष्ठा'** इत्यनेन संनिहिततरेण ब्रह्मणा संबध्यमाना नानन्दमयस्य ब्रह्मतां प्रतिबोधयति । तदपेक्षत्वाच्चोत्तरस्य ग्रन्थस्य **'रसो वै सः'** इत्यादेर्नानन्दमयविषयता। ननु **'सोऽकामयत'** इति ब्रह्मणि पुंलिङ्गनिर्देशो नोपपद्यते । नायं दोषः, **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'** (तैत्ति.उप. २-१) इत्यत्र पुंलिङ्गेनाप्यात्मशब्देन ब्रह्मणः प्रकृतत्वात् । यत्तु भार्गवी वारुणी विद्या- **'आनन्दो ब्रह्मेति व्यजानात्'** इति,

---

દર્શાવનારી શ્રુતિને બાધ આવે. વળી દરેક શરીરમાં પ્રિયાદિ જુદાં હોવાથી આનન્દમય ભિન્ન થાય; પણ બ્રહ્મ પ્રતિશરીરમાં જુદું નથી; કેમકે ''सत्यं ज्ञानमनन्तं ब्रह्म''(तै.उप.२-१) **'સત્ય, જ્ઞાન, અનન્ત બ્રહ્મ'** એમ આનન્ત્યશ્રુતિ છે, અને ''एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा'' (શ્વેતા.ઉપ. ૬-૧૧) **'એક દેવ, સર્વ ભૂતોને વિષે ગૂઢ, સર્વવ્યાપક અને સર્વ ભૂતોનો અન્તરાત્મા છે'** એવી જુદી શ્રુતિ છે. વળી આનન્દમયનો અભ્યાસ શ્રુતિમાં નથી; કેમકે સર્વત્ર પ્રાતિપદિકના અર્થમાત્રનો અભ્યાસ છે : - જેમકે ''रसो वै सः । रसँ ह्येवायं लब्ध्वाऽऽनन्दीभवति । को ह्येवान्यात् कः प्राण्यात् । यदेष आकाश आनन्दो न स्यात्''(तैत्ति. २-७) **તે રસ છે, રસને જ પ્રાપ્ત કરીને એ આનન્દી થાય છે, જો આકાશમાં રહેલો આ આનન્દ ન થાય તો કોણ ચેષ્ટા કરે કે કોણ જીવે,** ''सैषाऽऽनन्दस्य मीमाँसा भवति''(तैत्ति.उप. २-८) **'તે આ આનન્દની વિચારણા થાય છે'**, ''आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन''(तैत्ति.२-९) **'બ્રહ્મનું આનન્દ સ્વરૂપ જાણનાર કોઈથી ડરતો નથી'**, ''आनन्दो ब्रह्मेति व्यजानात्''(तैत्ति.उप. ३-६) **'આનન્દ બ્રહ્મ છે એમ તેણે જાણ્યું'**. જો આનન્દમય શબ્દ બ્રહ્મવિષયક છે એમ નિશ્ચિત હોય, તો ઉત્તરના આનન્દમાત્રપ્રયોગમાં પણ આનન્દમયનો અભ્યાસ કલ્પાય; પણ આનન્દમય બ્રહ્મ નથી, તેનું પ્રિય જ માથું છે વગેરે હેતુથી - એમ અમે કહી ગયા છીએ. તેટલા માટે ''विज्ञानमानन्दं ब्रह्म'' (બૃહ. ઉપ. ૩-૯-૨૮) **'વિજ્ઞાનસ્વરૂપ, આનન્દસ્વરૂપ, બ્રહ્મ'** એ બીજી શ્રુતિમાં આનન્દ પ્રાતિપદિકનો બ્રહ્મને વિષે પ્રયોગ દેખાય છે તેથી, ''यदेष आकाश आनन्दो न स्यात्'' **'જો આકાશમાં રહેલો આ આનન્દ ન થાય'** ઇત્યાદિમાં બ્રહ્મવિષયક પ્રયોગ છે, આનન્દમયનો અભ્યાસ નથી એમ સમજવાનું છે. ''एतमानन्दमयमात्मानमुपसंक्रामति'(तैत्ति.उप.२-८) **'એ આનન્દમય આત્માને તે પામે છે'** એમાં જે મયટ્ પ્રત્યયાન્ત જ આનન્દમય શબ્દનો અભ્યાસ છે તે બ્રહ્મવિષયક નથી, કેમકે વિકારાત્મક, અન્નમયાદિ અનાત્મવસ્તુઓ જે પ્રાપ્ત કરવા યોગ્ય છે તેની પરંપરામાં તે કહેવાયો છે. પણ પ્રાપ્ત કરવા યોગ્ય આનન્દમય અન્નમયાદિની જેમ અબ્રહ્મ થાય તો વિદ્વાનને બ્રહ્મપ્રાપ્તિનું ફળ નિર્દિષ્ટ ન થાય. એ દોષ નથી; કેમ કે આનન્દમયની પ્રાપ્તિના નિર્દેશથી જ પુચ્છ-અને-પ્રતિષ્ઠાભૂત બ્રહ્મપ્રાપ્તિના ફળનો નિર્દેશ કર્યો છે; અને ''तदप्येष श्लोको भवति'' ''यतो वाचो निवर्तन्ते'' **'તે વિષે વળી આ શ્લોક છે. જેથી વાણી નિવૃત્ત થાય છે'** ઇત્યાદિથી તેનો વિસ્તાર કરાવવાનો છે. આનન્દમયના સંનિધાનમાં ''सोऽकामयत बहु स्यां प्रजायेयेति'' (તેણે કામના કરી કે હું બહુ થાઉં, ઉત્પન્ન થાઉં) એ શ્રુતિ જે આપી છે તે ''ब्रह्म पुच्छं प्रतिष्ठा'' **'બ્રહ્મ પુચ્છ, પ્રતિષ્ઠા છે'** એ વધારે નિકટ રહેલ બ્રહ્મની સાથે સંબન્ધ રાખે છે, તેથી આનન્દમય બ્રહ્મ છે એમ પ્રતિબોધ કરતી નથી, અને ''रसो वै सः'' **'તે રસ છે'** ઇત્યાદિ ઉત્તર ગ્રન્થને તેની અપેક્ષા છે તેથી તે આનન્દમયને લાગુ પડતો નથી. પણ ''सोऽकामयत'' **'તેણે કામના કરી'** એમ બ્રહ્મને વિષે પુલ્લિંગ નિર્દેશ યુક્ત નથી. એ દોષ નથી; કેમકે ''तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः''(तैत्ति.उप.२।१) **'તે એ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું'** એમાં પુલ્લિંગ આત્મ શબ્દથી બ્રહ્મ પ્રકૃત છે. ''भार्गवी वारुणी विद्या'' **'ભૃગુને વરુણે કહેલી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तस्यां मयडश्रवणात्प्रियशिरस्त्वाद्यश्रवणाच्च युक्तमानन्दस्य ब्रह्मत्वम्। तस्मादणुमात्रमपि विशेषमनाश्रित्य न स्वत एव प्रियशिरस्त्वादि ब्रह्मण उपपद्यते। न चेह सविशेषं ब्रह्म प्रतिपिपादयिषितम्, वाङ्मनसगोचरातिक्रमणश्रुतेः। तस्मादन्नमयादिष्विवानन्दमयेऽपि विकारार्थ एव मयट् विज्ञेयः, न प्राचुर्यार्थः ॥

सूत्राणि त्वेवं व्याख्येयानि- '**ब्रह्म पुच्छं प्रतिष्ठा**' इत्यत्र किमानन्दमयावयवत्वेन ब्रह्म विवक्ष्यते, उत स्वप्रधानत्वेनेति। पुच्छशब्दादवयवत्वेनेति प्राप्ते, उच्यते-**आनन्दमयोऽभ्यासात्**- (सू. १२) आनन्दमय आत्मा इत्यत्र '**ब्रह्म पुच्छं प्रतिष्ठा**' इति स्वप्रधानमेव ब्रह्मोपदिश्यते; अभ्यासात् '**असन्नेव स भवति**' इत्यस्मिन्निगमनश्लोके ब्रह्मण एव केवलस्याभ्यस्यमानत्वात्। **विकारशब्दान्नेति चेन्न प्राचुर्यात्** (ब्र.सू. १-१-१३) - विकारशब्दोऽवयवशब्दोऽभिप्रेतः; पुच्छमित्यवयवशब्दान्न स्वप्रधानत्वं ब्रह्मण इति यदुक्तम्, तस्य परिहारो वक्तव्यः ।

अत्रोच्यते-नायं दोषः, प्राचुर्यादप्यवयवशब्दोपपत्तेः; प्राचुर्यं प्रायापत्तिः, अवयवप्राये वचनमित्यर्थः; अन्नमयादीनां हि शिरआदिषु पुच्छान्तेष्ववयवेषूक्तेष्वानन्दमयस्यापि शिरआदीन्यवयवान्तराण्युक्त्वा अवयवप्रायापत्त्या '**ब्रह्म पुच्छं प्रतिष्ठा**' इत्याह, नावयवविवक्षया; यत्कारणम् '**अभ्यासात्**' इति स्वप्रधानत्वं ब्रह्मणः समर्थितम्। **तद्धेतुव्यपदेशाच्च** (ब्र.सू. १-१-१४) - सर्वस्य हि विकारजातस्य सानन्दमयस्य कारणत्वेन ब्रह्म व्यपदिश्यते-'**इदँ सर्वमसृजत, यदिदं किंच**' (तैत्ति.उप. २-६) इति । न च कारणं सद्ब्रह्म स्वविकारस्यानन्दमयस्य मुख्यया वृत्त्यावयव उपपद्यते। अपराण्यपि सूत्राणि यथासंभवं पुच्छवाक्यनिर्दिष्टस्यैव ब्रह्मण उपपादकानि द्रष्टव्यानि ॥१९॥

७. अन्तरधिकरणम्

अन्तस्तद्धर्मोपदेशात् ॥ २० ॥

विद्या', ''आनन्दो ब्रह्मेति व्यजानात्'' '**આનન્દ બ્રહ્મ છે એમ જાણ્યું**' એમાં તો મયટ્ પ્રત્યયનું શ્રવણ નથી અને પ્રિય જ શિર છે ઇત્યાદિનું પણ શ્રવણ નથી તેથી આનન્દ બ્રહ્મ છે એ યોગ્ય છે. તેટલા માટે અણુમાત્ર પણ વિશેષનો આશ્રય કર્યા વગર પોતાના સ્વયં જ પ્રિયશિરસ્ત્વ વગેરે ધર્મ બ્રહ્મને યોગ્ય નથી; અહીં કંઈ સવિશેષ બ્રહ્મ પ્રતિપાદન કરવું ઇષ્ટ નથી; કેમકે બ્રહ્મ વાણી અને મનના ગોચરથી પર છે એમ શ્રુતિમાં કહ્યું છે. તેટલા માટે અન્નમયાદિમાં છે તેમ આનન્દમયમાં મયટ્ વિકારાર્થક જ જાણવાનો છે, પ્રાચુર્યાર્થક નહિ.

સૂત્રોનું તો આવું વ્યાખ્યાન કરવું જોઈએ. ''ब्रह्म पुच्छं प्रतिष्ठा'' '**બ્રહ્મ પુચ્છ, પ્રતિષ્ઠા છે**' એમાં શું બ્રહ્મની આનન્દમયના અવયવ તરીકે વિવક્ષા છે કે સ્વપ્રધાનત્વે વિવક્ષા છે. પુચ્છ શબ્દને લીધે અવયવત્વે વિવક્ષા છે એમ પ્રાપ્ત થતાં (સૂત્રકાર) કહે છે - ''आनन्दमयोऽभ्यासात्'' (સૂત્ર ૧૨). ''आनन्दमयः आत्मा'' '**આનન્દમય આત્મા**' એમાં ''ब्रह्म पुच्छं प्रतिष्ठा'' '**બ્રહ્મ પુચ્છ, પ્રતિષ્ઠા છે**' એમ જે કહ્યું છે તે સ્વપ્રધાન બ્રહ્મ જ ઉપદિષ્ટ છે, અભ્યાસથી; કેમકે ''असन्नेव स भवति'' '**તે અવિદ્યમાન જ થાય છે**' એ નિગમનશ્લોકમાં કેવલ બ્રહ્મનો જ અભ્યાસ કર્યો છે. ''विकारशब्दान्नेति चेन्न प्राचुर्यात्'' (બ્ર.સૂ. ૧-૧-૧૩) - એમાં વિકાર શબ્દથી અવયવ શબ્દ અભિપ્રેત છે. પુચ્છમ્ એ અવયવ શબ્દથી બ્રહ્મ સ્વપ્રધાન નથી એમ જે કહ્યું છે તેનો પરિહાર કહેવો જોઈએ.

એ વિષે કહીએ છીએ. એ દોષ નથી. પ્રાચુર્યથી પણ અવયવ શબ્દ ઉપપન્ન છે. પ્રાચુર્ય એટલે પ્રાય આપત્તિ-અવયવક્રમની વૃદ્ધિને વિષે પ્રાપ્તિ, અવયવપ્રાયવચન એવો અર્થ છે. અન્નમયાદિના શિરોભાગથી આરંભી પુચ્છપર્યન્ત અવયવો કહ્યા પછી આનન્દમયના પણ શિરોભાગ વગેરે અવયવો કહીને અવયવક્રમનું જ્ઞાન આપવા **બ્રહ્મ પુચ્છ, પ્રતિષ્ઠા છે** એમ શ્રુતિ કહે છે, અવયવ વિવક્ષાથી નહિ; અને એ જ કારણથી ''अभ्यासात्'' (અભ્યાસથી) એમ બ્રહ્મના સ્વપ્રધાનત્વનું સમર્થ કર્યું છે. ''तद्धेतुव्यपदेशाच्च'' (બ્ર.સૂ. ૧-૧-૧૪) - સર્વ વિકારસમૂહ આનન્દમયના કારણ તરીકે ''इदँ सर्वमसृजत । यदिदं किं च''(તૈત્તિ.ઉપ.૨-૬) (તેણે આ સર્વ સર્જ્યું, જે આ કંઈ છે તે) એમ બ્રહ્મનો વ્યપદેશ કર્યો છે; અને કારણ થઈને બ્રહ્મ સ્વવિકાર આનન્દમયનો મુખ્ય વૃત્તિથી - મુખ્યાર્થમાં અવયવ થાય એ યુક્ત નથી. બીજાં પણ સૂત્રો યથાસંભવ પુચ્છવાક્યમાં બ્રહ્મનાં જ ઉપપાદક છે એમ જોવાં જોઈએ. ॥૧૯॥

૭. અન્તરધિકરણ

(આદિત્ય અને અક્ષિની) અંદર (જે સંભળાતો પુરુષ છે તે પરમેશ્વર છે) કારણ કે તેના ધર્મનો ઉપદેશ છે. ॥ ૨૦ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इदमाम्नायते - '**अथ य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषो दृश्यते हिरण्यश्मश्रुर्हिरण्यकेश आ प्रणखात्सर्व एव सुवर्णः**'(छा.उप. १-६-६) '**तस्य यथा कप्यासं पुण्डरीकमेवमक्षिणी तस्योदिति नाम स एष सर्वेभ्यः पाप्मभ्य उदित उदेति ह वै सर्वेभ्यः पाप्मभ्यो य एवं वेद**' (छा.उप. १-६-७) इत्यधिदैवतम् । अथाध्यात्ममपि '**अथ पुण्डरीकमक्षिणी तस्योदिति नाम स एषोऽन्तरक्षिणि पुरुषो दृश्यते**' (छा.उप. १-७-५) इत्यादि । तत्र संशयः- किं विद्याकर्मातिशयवशात्प्राप्तोत्कर्षः कश्चित्संसारी सूर्यमण्डले चक्षुषि चोपास्यत्वेन श्रूयते, किं वा नित्यसिद्धः परमेश्वरः? इति । किं तावत्प्राप्तम् ? संसारीति । कुतः? रूपवत्त्वश्रवणात् । आदित्यपुरुषे तावत् '**हिरण्यश्मश्रुः**' इत्यादि रूपमुदाहृतम् ; अक्षिपुरुषेऽपि तदेवातिदेशेन प्राप्यते '**तस्यैतस्य तदेव रूपं यदमुष्य रूपम्**' (छा.उप. १-७-५) इति । न च परमेश्वरस्य रूपवत्त्वं युक्तम्, '**अशव्दमस्पर्शमरूपमव्ययम्**' (कौ.उप. १-३-१५) इति श्रुतेः; आधारश्रवणाच्च -'**येषोऽन्तरादित्ये य एषोऽन्तरक्षिणि**' इति । न ह्यनाधारस्य स्वमहिमप्रतिष्ठितस्य सर्वव्यापिनः परमेश्वरस्याधार उपदिश्येत । '**स भगवः कस्मिन्प्रतिष्ठित इति स्वे महिम्नि**' (छा.उप. ७-२४-१) इति '**आकाशवत्सर्वगतश्च नित्यः**' इति च श्रुती भवतः। ऐश्वर्यमर्यादाश्रुतेश्च - '**स एष ये चामुष्मात्पराञ्चो लोकास्तेषां चेष्टे देवकामानां च**' (छा.उप. १-६-८) इत्यादित्यपुरुषस्य ऐश्वर्यमर्यादा; '**स एष ये चैतस्मादर्वाञ्चो लोकास्तेषां चेष्टे मनुष्यकामानां च**' (छा.उप. १-७-६) इत्यक्षिपुरुषस्य । न च परमेश्वरस्य मर्यादावदैश्वर्यं युक्तम्; '**एष सर्वेश्वर, एष भूताधिपतिरेष भूतपाल एष सेतुर्विधरण एषां लोकानामसंभेदाय**' (बृ.उप. ४-४-२२) इत्यविशेषश्रुतेः । तस्मान्नाक्ष्यादित्ययोरन्तः परमेश्वर इत्येवं प्राप्ते-

---

આ શ્રુતિવાક્ય છે - ''अथ य एषोऽन्तरादित्ये हिरण्मयः पुरुषो दृश्यते हिरण्यश्मश्रुर्हिरण्यकेश आ प्रणखात् सर्व एव सुवर्णः'' (છાન્દો.ઉપ. ૧-૬-૬) હવે આદિત્યની અન્દર જ્યોતિર્મય આ જે પુરુષ જણાય છે, એની જ્યોતિર્મય મૂછ છે, જ્યોતિર્મય કેશ છે, નખાગ્રપર્યન્ત બધું જ જ્યોતિર્મય છે, ''तस्य यथा कप्यासं पुण्डरीकमेवमक्षिणी तस्योदिति नाम स एष सर्वेभ्यः पाप्मभ्य उदित उदेति ह वै सर्वेभ्यः पाप्मभ्यो य एवं वेद'' (છાન્દો. ઉપ. ૧-૬-૭) 'વાનરના આસન (બેસવાના ભાગ) જેમ (લાલ) પુણ્ડરીક જ તેની આંખ છે. તેનું उद् એવું નામ છે. તે એ દેવ સર્વ પાપથી ઉપર ગયો છે તેથી એનું उद् ઉપર, એવું નામ છે. જે એવા ગુણથી સંપન્ન ઉદ્ નામના દેવને યથોક્ત પ્રકારે જાણે છે તે સર્વ પાપથી ઉપર જાય છે - મુક્ત થાય છે) - એમ અધિદૈવત છે. હવે અધ્યાત્મ છે - ''अथ य एषोऽन्तरक्षिणि पुरुषो दृश्यते'' (છાન્દો. ઉપ. ૧-૭-૫) હવે જે આ આંખની અંદર પુરુષ દેખાય છે વગેરે. તેમાં સંશય થાય છે કે અહીં અતિશય વિદ્યા અને કર્મના પ્રભાવથી જેણે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે એવો કોઈક સંસારી, સૂર્યમંડળમાં જ કે આંખમાં ઉપાસ્ય તરીકે શ્રુતિપ્રતિપાદિત છે કે નિત્યસિદ્ધ પરમેશ્વર? શું પ્રાપ્ત થાય છે ? સંસારી એમ પ્રાપ્ત થાય છે. શી રીતે ? શ્રુતિમાં તે રૂપવાન્ છે એમ કહ્યું છે તેથી. આદિત્યમાં જે પુરુષ છે તેનું જ્યોતિર્મય મૂછ-ઇત્યાદિ રૂપ કહ્યું છે અને આંખમાં જે પુરુષ છે તેને વિષે પણ તે જ રૂપ "तस्यैतस्य तदेव रूपं यदमुष्य रूपम्" (છાન્દો. ઉપ. ૧-૭-૫) તે આ અક્ષિપુરુષનું તેજ રૂપ છે કે જે તે આદિત્યપુરુષનું છે એમ અતિદેશથી વિસ્તાર કરવાથી પ્રાપ્ત થાય છે. પણ પરમેશ્વરને રૂપ હોય એ યોગ્ય નથી; કેમકે ''अशब्दमस्पर्शमरूपमव्ययम् '' (કૌશી.ઉપ. ૧-૩-૧૫) શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, રૂપરહિત અને વ્યયરહિત છે એમ શ્રુતિમાં છે, અને ''य एषोऽन्तरादित्ये य एषोऽन्तरक्षिणि'' જે આ આદિત્યમંડળમાં, જે આ અક્ષિમાં એમ શ્રુતિમાં (આદિત્યપુરુષ અને અક્ષિપુરુષનો) આધાર કહેલો છે. ખરેખર, આધારરહિત, પોતાના મહિમાથી જ જે પ્રતિષ્ઠિત છે એવા સર્વવ્યાપી પરમેશ્વરના આધારનો ઉપદેશ કરાય નહિ. ''स भगवः कस्मिन् प्रतिष्ठित इति स्वे महिम्नि'' (છાન્દો. ઉપ. ૭-૨૪-૧) તે ભૂમા-બ્રહ્મ હે ભગવન્ ! શેને વિષે પ્રતિષ્ઠિત છે (એમ જેણે કહ્યું છે તે નારદ પ્રત્યે સનતકુમાર કહે છે), પોતાના મહિમાને વિષે પ્રતિષ્ઠિત છે), એવી અને ''आकाशवत् सर्वगतश्च नित्यः'' આકાશની જેમે સર્વગત અને નિત્ય છે એવી શ્રુતિ છે. વળી (એ આદિત્યપુરુષ અને આક્ષેપપુરુષના) ઐશ્વર્યની મર્યાદા શ્રુતિમાં કહી છે તેથી (એ પુરુષ સંસારી છે). ''स एष यै चामुष्मात् पराञ्चा लोकास्तेषां चेष्टे देवकामानां च'' (છાન્દો. ઉપ ૧-૬-૮) તે એ ઉત્સંજ્ઞક દેવ જે આ આદિત્યથી ઊર્ધ્વ લોક છે તેના પર અને દેવોની કામના પર ઐશ્વર્ય ચલાવે છે - એમ આદિત્ય પુરુષના ઐશ્વર્યની મર્યાદા છે; અને ''स एष ये चैतस्मादर्वाञ्चो लोकस्तेषां चेष्टे मनुष्यकामानां च'' (છાન્દો. ઉપ ૧-૭-૬) તે એ ઉત્સંજ્ઞક દેવ જે લોક આથી નીચે છે તેના પર અને મનુષ્યોની કામના પર ઐશ્વર્ય ચલાવે છે એમ અક્ષિપુરુષના ઐશ્વર્યની મર્યાદા છે. પણ પરમેશ્વરનું મર્યાદાવાળું ઐશ્વર્ય બરાબર નથી; કેમકે ''एष सर्वेश्वर एष भूताधिपतिरेष भूतपाल एष सेतुर्विधरण एषां लोकानामसंभेदाय'' (બૃહ. ઉપ. ૪।૪।૨૨) એ સર્વનો ઈશ્વર છે, એ ભૂતોનો અધિપતિ છે, એ ભૂતોનો પાલક છે, લોકોની મર્યાદા અસંભિન્ન ન થાય માટે એ વ્યવસ્થા ધારણ કરનાર સેતુરૂપ છે એ શ્રુતિ પરમેશ્વરથી કોઈ વિશેષ નથી એ સ્પષ્ટ કહે છે. તેટલા માટે આંખ અને આદિત્યની અંદરનો પુરુષ પરમેશ્વર નથી એમ પ્રાપ્ત થતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

ब्रूमः- **अन्तस्तद्धर्मोपदेशात्** (ब्र.सू. १-१-२०) इति । **'य एषोऽन्तरादित्ये' 'य एषोऽन्तरक्षिणि'** इति च श्रूयमाणः पुरुषः परमेश्वर एव, न संसारी । कुतः ? तद्धर्मोपदेशात् । तस्य हि परमेश्वरस्य धर्मा इहोपदिष्टाः । तद्यथा - **'तस्योदिति नाम'** इति श्रावयित्वा तस्यादित्यपुरुषस्य नाम **'स एष सर्वेभ्यः पाप्मभ्य उदितः'** इति सर्वपाप्मापगमेन निर्वक्ति । तदेव च कृतनिर्वचनं नामाक्षिपुरुषस्याप्यतिदिशति - **'यन्नाम तन्नाम'** (छा.उप. १-७-५) इति । सर्वपाप्मापगमश्च परमात्मन एव श्रूयते - **'य आत्मापहतपाप्मा'** (छा.उप. ८-७-१) इत्यादौ । तथा चाक्षुषे पुरुषे **'सैव ऋक् तत्साम तदुक्थं तद्यजुस्तद्ब्रह्म'** इति ऋक्सामाद्यात्मकतां निर्धारयति । सा च परमेश्वरस्योपपद्यते, सर्वकारणत्वात्सर्वात्मकत्वोपपत्तेः । पृथिव्यग्न्याद्यात्मके चाधिदैवतमृक्सामे, वाक्प्राणाद्यात्मके चाध्यात्ममनुक्रम्याह - **'तस्यर्क्च साम च गेष्णौ'** (छा.उप. १-६-८) इत्यधिदैवतम् । तथाध्यात्ममपि - **'यावमुष्य गेष्णौ तौ गेष्णौ'** (छा.उप. १-७-५) इति । तच्च सर्वात्मकत्वे सत्येवोपपद्यते । **'तद्य इमे वीणायां गायन्त्येतं त्वेव ते गायन्ति तस्मात्ते धनसनयः'** (छा.उप. १-७-६) इति च लौकिकेष्वपि गानेष्वस्यैव गीयमानत्वं दर्शयति । तच्च परमेश्वरपरिग्रह एव घटते - **'यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा । तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसंभवम्'** (भ.गी. १०-४१) इति भगवद्गीतादर्शनात् । लोककामेशितृत्वमपि निरङ्कुशं श्रूयमाणं परमेश्वरं गमयति । यत्तूक्तं हिरण्यश्मश्रुत्वादिरूपवत्त्वश्रवणं परमेश्वरे नोपपद्यत इति, अत्र ब्रूमः - स्यात्परमेश्वरस्यापीच्छावशान्मायामयं रूपं साधकानुग्रहार्थम्, **'माया ह्येषा मया सृष्टा यन्मां पश्यसि नारद । सर्वभूतगुणैर्युक्तं मैवं मां ज्ञातुमर्हसि'** इति स्मरणात् । अपि च, यत्र तु निरस्तसर्वविशेषं पारमेश्वरं रूपमुपदिश्यते, भवति तत्र शास्त्रम् **'अशब्दमस्पर्शमरूपमव्ययम्'** (कौषी.उप. १-३-१५) इत्यादि । सर्वकारणत्वात्तु विकारधर्मैरपि कैश्चिद्विशिष्टः परमेश्वर उपास्यत्वेन निर्दिश्यते - **'सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः'** (छा.उप. ३-१४-२) इत्यादिना । तथा

અમે કહીએ છીએ કે ''अन्तस्तद्धर्मोपदेशात्'' (બ્ર.સૂ. ૧-૧-૨૦) ''य एषोऽन्तरादित्ये'' **જે આ આદિત્યની અંદર** અને ''य एषोऽन्तरक्षिणि'' **જે આ આંખની અંદર** એમ શ્રુતિમાં જે પુરુષ કહ્યો છે તે પરમેશ્વર જ છે, સંસારી નથી. શાથી ? તેના ધર્મના ઉપદેશથી. ખરેખર તે પરમેશ્વરના ધર્મ અહીં ઉપદેશ કરાયા છે. તે આ પ્રમાણે - ''तस्योदिति नाम'' **તેનું ઉદ્ એવું નામ છે** એમ પ્રતિપાદન કરાવી એ આદિત્યપુરુષના નામનું ''स एष सर्वेभ्यः पाप्मभ्य उदितः'' **તે એ સર્વ પાપથી ઉપર છે - મુક્ત છે** એમ શ્રુતિ નિર્વચન કરે છે, અને એ નિર્વચન કરેલા નામનો અક્ષિપુરુષને ''यन्नाम तन्नाम'' (છાન્દો. ઉપ. ૧-૭-૫) **જે આદિત્યપુરુષનું નામ છે તે અક્ષિપુરુષનું નામ છે તે અક્ષિપુરુષનું નામ છે** એમ વિસ્તાર કરે છે. હવે ''य आत्माऽपहतपाप्मा'' (છા. ઉપ. ૮-૭-૧) **જે આત્મા પાપરહિત છે** ઇત્યાદિ શ્રુતિ સર્વ પાપથી મુક્તિ પરમાત્માને વિષે જ કહે છે. તેમજ ''सैव ऋक् तत् साम तदुक्थं तद्यजुस्तद्ब्रह्म'' **તે જ-અક્ષિપુરુષજ ઋચા, તે જ સામ, તે જ ઉક્થ, તે જ યજુ, અને તે જ બ્રહ્મ છે** એમ શ્રુતિ અક્ષિપુરુષને વિષે તે ઋક, સામ વગેરેનો આત્મા છે એવી રીતે નિર્ધારણ કરે છે. એ પરમેશ્વરને જ યોગ્ય છે; કારણ કે તે સર્વનું કારણ હોવાથી સર્વનો આત્મા છે એ યુક્ત છે. વળી ઋક્ પૃથિવી છે અને સામ અગ્નિ છે એમ દેવને ઉદ્દેશીને અને વાક્ ઋક્ છે અને પ્રાણ સામ છે એમ આત્માને ઉદ્દેશીને અનુક્રમણ કરીને શ્રુતિ કહે છે - ''तस्य ऋक् च साम च गेष्णौ'' (છા. ઉપ. ૧-૬-૮) **ઋક્ અને સામ તેના પાદપર્વ-પગના સાંધા છે** એમ અધિદૈવત છે; વળી તેજ ''यावमुष्य गेष्णौ तौ गेष्णौ'' (છા. ઉપ. ૧-૭-૫) **આદિત્યપુરુષના જે પર્વ છે તે અક્ષિપુરુષના પર્વ છે** એમ અધ્યાત્મ પણ છે; અને એ (ઋક અને સામ પર્વ છે એ) સર્વાત્મક હોય તેને વિષે જ યોગ્ય છે. ''तद्य इमे वीणायां गायन्त्येवं त्वेव ते गायन्ति तस्मात्ते धनसनयः'' (છા. ઉપ. ૧-૭-૬) **તેટલા માટે જે આ ગાયકો વીણામાં ગાય છે તેઓ એ-ઈશ્વરને જ ગાય છે તેથી તેઓ ધનલાભયુક્ત થાય છે** એમ લૌકિક ગાયનમાં પણ એ જ ગીયમાન છે એમ શ્રુતિ દર્શાવે છે; અને એ પરમેશ્વરનો અર્થ લઈએ તો જ ઘટે છે. ''यद्यद्विभूतिमत् सत्त्वं श्रीमदूर्जितमेव वा । तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥'' (ભગ. ગી. ૧૦-૪૧) **જે જે વિભૂતિવાળું, શ્રીયુક્ત અને બલયુક્ત સત્ત્વ છે તે તે મારા તેજના અંશમાંથી ઉત્પન્ન થયેલું જ તું જાણ** એમ ભગવદ્ગીતામાં દેખાય છે તેથી લૌકિક કામના પર અધિકાર પણ શ્રુતિમાં કહેલા નિરંકુશ પરમેશ્વરનું જ અનુમાન કરાવે છે. જ્યોતિર્મય મૂછ છે એવું જે રૂપ શ્રુતિમાં કહ્યું છે તે પરમેશ્વરને માટે યોગ્ય નથી એમ જે કહ્યું તે વિષે કહીએ છીએ. સાધકના અનુગ્રહને અર્થે ઇચ્છાવશથી પરમેશ્વરને પણ માયામયરૂપ હોય; કેમકે **''माया ह्येषा मया सृष्टा यन्मां पश्यसि नारद । सर्वभूतगुणैर्युक्तं मैवं मां द्रष्टुमर्हसि ॥**

હે નારદ, તું જે મને જુએ છે તે એ મારી સર્જેલી માયા છે, મને સર્વ ભૂતગુણથી યુક્ત એવો જોવો તને યોગ્ય નથી એવી સ્મૃતિ છે. વળી જ્યાં વિશેષ એટલે ઉપાધિ માત્ર દૂર થઇ છે એવા પરમેશ્વરના રૂપનો ઉપદેશ થાય છે ત્યાં ''अशब्दमस्पर्शमरूपमव्ययम्'' (કૌશી. ઉપ. ૧-૩-૧૫) શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત અને વ્યયરહિત છે) વગેરે શાસ્ત્ર છે. પણ પરમેશ્વર સર્વનું કારણ હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हिरण्यश्मश्रुत्वादिनिर्देशोऽपि भविष्यति । यदप्याधारश्रवणान्न परमेश्वर इति, अत्रोच्यते - स्वमहिमप्रतिष्ठस्याप्याधारविशेषोपदेश उपासनार्थो भविष्यति; सर्वगत्वाद्ब्रह्मणो व्योमवत्सर्वान्तरत्वोपपत्तेः । ऐश्वर्यमर्यादाश्रवणमप्यध्यात्माधिदैवताविभागापेक्षमुपासनार्थमेव। तस्मात्परमेश्वर एवाक्ष्यादित्ययोरन्तरुपदिश्यते ॥२०॥

भेदव्यपदेशाच्चान्यः ॥ २१ ॥

अस्ति चादित्यादिशरीराभिमानिभ्यो जीवेभ्योऽन्य ईश्वरोऽन्तर्यामी - **'य आदित्ये तिष्ठन्नादित्यादन्तरो यमादित्यो न वेद यस्यादित्यः शरीरं य आदित्यमन्तरो यमयत्येष त आत्मान्तर्याम्यमृतः'** (बृह.उप. ३-६-९) इति श्रुत्यन्तरे भेदव्यपदेशात्। तत्र हि **'आदित्यादन्तरो यमादित्यो न वेद'** इति वेदितुरादित्याद्विज्ञानात्मनोऽन्योऽन्तर्यामी स्पष्टं निर्दिश्यते । स एवेहाप्यन्तरादित्ये पुरुषो भवितुमर्हति, श्रुतिसामान्यात् । तस्मात्परमेश्वर एवेहोपदिश्यत इति सिद्धम् ॥२१॥

८. आकाशाधिकरणम्

आकाशस्तल्लिङ्गात् ॥२२॥

इदमामनन्तिः **'अस्य लोकस्य का गतिरित्याकाश इति होवाच सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्त आकाशं प्रत्यस्तं यन्त्याकाशो ह्येवैभ्यो ज्यायानाकाशः परायणम्'** (छा.उप. १-९-१) इति । तत्र संशयः- किमाकाशशब्देन परं ब्रह्माभिधीयते, उत भूताकाशमिति । कुतः संशयः ? उभयत्र प्रयोगदर्शनात् । भूतविशेषे तावत्सुप्रसिद्धो लोकवेदयोराकाशशब्दः। ब्रह्मण्यपि क्वचित्प्रयुज्यमानो दृश्यते, यत्र वाक्यशेषवशादसाधारणगुणश्रवणाद्वा निर्धारितं ब्रह्म भवति - यथा **'यदेष आकाश**

કેટલાક વિકારધર્મથી પણ વિશિષ્ટ પરમેશ્વરનો ઉપાસનાવિષય તરીકે ''सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः'' (છા. ઉપ. ૩-૧૪-૨) **'સર્વ કર્મવાળો, સર્વ કામનાવાળો, સર્વ ગન્ધયુક્ત અને સર્વ રસયુક્ત છે'** વગેરેથી નિર્દેશ થાય છે; તેમજ જ્યોતિર્મય મૂછવાળો વગેરે નિર્દેશ પણ થાય. વળી શ્રુતિમાં આધાર કહ્યો છે તેથી આદિત્યપુરુષ કે અક્ષિપુરુષ પરમેશ્વર નથી એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ. પોતાના મહિમાને વિષે પ્રતિષ્ઠિત એવા પણ પરમેશ્વરનો અમુક આધારનો ઉપદેશ ઉપાસના કરવા માટે થાય; કેમકે આકાશની જેમ બ્રહ્મ રહેલું હોવાથી તેનું સર્વાન્તરત્વ યોગ્ય છે. ઐશ્વર્ય મર્યાદાયુક્ત છે એવી શ્રુતિ પણ અધ્યાત્મ અને અધિદૈવત વિભાગની અપેક્ષા રાખે છે અને ઉપાસનાર્થક જ છે. તેટલા માટે આંખ અને આદિત્યની અંદર પરમેશ્વરનો જ ઉપદેશ છે ॥ ૨૦ ॥

વળી (આદિત્યજીવથી ઈશ્વરનો) ભેદ કહ્યો છે તેથી (જીવથી) જુદો (ઈશ્વર સિદ્ધ) છે ॥ ૨૧ ॥

વળી આદિત્ય-આદિ શરીરનું અભિમાન રાખનાર જીવોથી અન્ય ઈશ્વર અન્તર્યામી છે; કેમકે ''य आदित्ये तिष्ठन्नादित्यादन्तरो यमादित्यो न वेद यस्याऽऽदित्यः शरीरं य आदित्यमन्तरो यमयत्येष त आत्माऽन्तर्याम्यमृतः'' (બૃહ. ઉપ. ૩-૬-૯) **'જે આદિત્યમાં રહે છે અને આદિત્યથી અભ્યન્તર છે, જેને આદિત્ય જાણતો નથી, જેનું આદિત્ય શરીર છે, જે આદિત્યને અંદર નિયમમાં રાખે છે એ તારો આત્મા અન્તર્યામી અને અમૃત છે'** એમ અન્ય શ્રુતિમાં ભેદ કહ્યો છે. અહીં ''आदित्यादन्तरो यमादित्यो न वेद'' **'આદિત્યથી અભ્યન્તર, જેને આદિત્ય જાણતો નથી'** એમ જાણનાર આદિત્ય વિજ્ઞાનાત્માથી જુદો એવો અન્તર્યામી છે એમ સ્પષ્ટ કહ્યું છે. તે જ અહીં પણ આદિત્યને વિષેનો પુરુષ થવા યોગ્ય છે; કેમકે શ્રુતિઓ સમાન-અર્થ-પ્રતિપાદક છે. તેટલા માટે અહીં પરમેશ્વરનો જ ઉપદેશ કરાય છે એમ સિદ્ધ થાય છે ॥ ૨૧ ॥

૮. આકાશાધિકરણ

આકાશ (બ્રહ્મ છે), તેના લિંગથી (ચિહ્નથી) ॥ ૨૨ ॥

''अस्य लोकस्य का गतिरित्याकाश इति होवाच सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्त आकाशं प्रत्यस्तं यन्त्याकाशो ह्येवैभ्यो ज्यायानाकाशः परायणम्'' (છા. ઉપ. ૧-૯-૧) **આ લોકનો શો આધાર છે એમ (શલાવત્‌નો પુત્ર શિલક બ્રાહ્મણ જીવલના પુત્ર પ્રવાહણ રાજાને પૂછે છે.) રાજા કહે છે, આકાશ આધાર છે, ખરેખર આ સર્વ ભૂતો આકાશમાંથી જ ઉત્પન્ન થાય છે, આકાશમાં અસ્ત પામે છે; કેમકે આકાશ એથી વિશેષ મોટું છે અને આકાશ પરમ સ્થાન, પ્રતિષ્ઠા છે** આમ શ્રુતિવાક્ય છે. આમાં સંશય થાય છે. શું આકાશ એ શબ્દ પરબ્રહ્મનું અભિધાન કરે છે કે (પંચમહાભૂતમાંના એક) ભૂત આકાશનું ? શાથી સંશય થાય છે ? કેમકે એનો બંને (અર્થ) માં પ્રયોગ જોવામાં આવે છે. ભૂતવિશેષના અર્થમાં તો લોક અને વેદમાં આકાશ શબ્દ અત્યંત જાણીતો છે. બ્રહ્મને વિષે પણ એનો પ્રયોગ ક્વચિત્ જોવામાં આવે છે, જ્યાં વાક્યશેષના બળથી કે અસાધારણ ગુણનું શ્રવણ થવાથી બ્રહ્મનું નિર્ધારણ થાય છે; જેમકે ''यदेष आकाश आनन्दो न स्यात्'' (તૈત્તિ. ઉપ. ૨-૭) **'જો આ આનન્દ આકાશમાં ન હોય'**, અને ''आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

आनन्दो न स्यात्' (तैत्ति.उप. २-७) इति **'आकाशो ह वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म'** (छा.उप. ८-१४-१) इति चैवमादौ। अतः संशयः। किं पुनरत्र युक्तम्? भूताकाशमिति। कुतः? तद्धि प्रसिद्धतरेण प्रयोगेण शीघ्रं बुद्धिमारोहति। न चायमाकाशशब्द उभयोः साधारणः शक्यो विज्ञातुम्, अनेकार्थत्वप्रसङ्गात्। तस्माद्ब्रह्मणि गौण एव आकाशशब्दो भवितुमर्हति। विभुत्वादिभिर्हि बहुभिर्धर्मैः सदृशमाकाशेन ब्रह्म भवति। न च मुख्यसंभवे गौणोऽर्थो ग्रहणमर्हति। संभवति चेह मुख्यस्यैवाकाशस्य ग्रहणम्। ननु भूताकाशपरिग्रहे वाक्यशेषो नोपपद्यते - **'सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते'** इत्यादिः; नैष दोषः; भूताकाशस्यापि वाय्वादिक्रमेण कारणत्वोपपत्तेः। विज्ञायते हि - **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूत आकाशाद्वायुर्वायोरग्निः'** (तैत्ति.उप. २-१) इत्यादि। ज्यायस्त्वपरायणत्वे अपि भूतान्तरापेक्षयोपपद्येते भूताकाशस्यापि। तस्मादाकाशशब्देन भूताकाशस्य ग्रहणमित्येवं प्राप्ते -

ब्रूमः - **आकाशस्तल्लिङ्गात्।** आकाशशब्देनेह ब्रह्मणो ग्रहणं युक्तम्। कुतः? तल्लिङ्गात्। परस्य हि ब्रह्मण इदं लिङ्गम् - **'सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते'** इति। परस्माद्धि ब्रह्मणो भूतानामुत्पत्तिरिति वेदान्तेषु मर्यादा। ननु भूताकाशस्यापि वाय्वादिक्रमेण कारणत्वं दर्शितम्। सत्यं दर्शितम्। तथापि मूलकारणस्य ब्रह्मणोऽपरिग्रहात्, आकाशादेवेत्यवधारणं सर्वाणीति च भूतविशेषणं नानुकूलं स्यात्। तथा **'आकाशं प्रत्यस्तं यन्ति'** इति ब्रह्मलिङ्गम्, **'आकाशो ह्येवैभ्यो ज्यायानाकाशः परायणम्'** इति च ज्यायस्त्वपरायणत्वे। ज्यायस्त्वं ह्यनापेक्षिकं परमात्मन्येवैकस्मिन्नाम्नातम् - **'ज्यायान्पृथिव्या ज्यायानन्तरिक्षाज्ज्यायान्दिवो ज्यायानेभ्यो लोकेभ्यः'** (छा.उप. ३-१४-३) इति। तथा परायणत्वमपि परमकारणत्वात्परमात्मन्येव उपपन्नतरं भवति। श्रुतिश्च - **'विज्ञानमानन्दं ब्रह्म रातिर्दातुः परायणम्'** (बृह.उप. ३-९-२८) इति। अपि चान्तवत्त्वदोषेण

ते यदन्तरा तद्ब्रह्म'' (छा. ઉપ. ૮-૧૪-૧) **આકાશ ખરે નામ અને રૂપનું સ્પષ્ટીકરણ છે. તે, નામ અને રૂપ, જેની અંદર છે અથવા તો જે નામ અને રૂપની અંદર તેથી અસ્પૃષ્ટ છે તે બ્રહ્મ છે** વગેરે શ્રુતિમાં. એથી સંશય થાય છે. ત્યારે અહીં શું યોગ્ય છે? ભૂત આકાશ એ યોગ્ય છે. શાથી? કેમકે તે અતિશય પ્રસિદ્ધ પ્રયોગને લીધે જલદી બુદ્ધિમાં પ્રવેશ કરે છે. વળી એ આકાશ શબ્દ બંને અર્થમાં સાધારણ છે એમ જાણવું શક્ય નથી, કેમકે તેનાથી અનેકાર્થત્વનો પ્રસંગ આવશે. તેથી બ્રહ્મને વિષે આકાશ શબ્દ ગૌણ થવા યોગ્ય છે. ખરેખર વિભુત્વ વગેરે ઘણા ધર્મોથી બ્રહ્મ આકાશના જેવું છે, અને મુખ્ય અર્થનો સંભવ હોય તો ગૌણ અર્થનું ગ્રહણ કરવું બરાબર નથી. અહીં મુખ્ય જ આકાશનું ગ્રહણ સંભવે છે. પણ ભૂત આકાશનો પરિગ્રહ કરીએ તો ''सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते'' **'ખરેખર આ સર્વ ભૂતો આકાશમાંથી જ ઉત્પન્ન થાય છે'** એ અને એવો બીજો વાક્યશેષ બરાબર થશે નહિ. એ દોષ નથી; કેમકે ભૂત આકાશ પણ વાયુ આદિનું ક્રમે કરીને કારણ છે એ યોગ્ય છે. ખરેખર ''तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः आकाशाद्वायुर्वायोरग्निः'' (तैत्ति. ઉપ. ૨-૧) **'તે એ આત્માથી આકાશ, આકાશથી વાયુ અને વાયુથી અગ્નિ ઉત્પન્ન થયાં'** ઇત્યાદિનું જ્ઞાન શ્રુતિથી થાય છે. બીજાં ભૂતો કરતાં ભૂત આકાશનું વિશેષ મોટાપણું અને પરમસ્થાન યોગ્ય છે. તેટલા માટે આકાશ શબ્દથી ભૂત આકાશનું ગ્રહણ છે એમ પ્રાપ્ત થતાં

અમે કહીએ છીએ - ''आकाशस्तल्लिङ्गात्'' **'આકાશ બ્રહ્મ છે, તેના લિંગથી એટલે ચિહ્નથી'** આકાશ શબ્દે કરીને બ્રહ્મનું ગ્રહણ યોગ્ય છે. શાથી? તેના લિંગથી. ''सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते'' **'આ સર્વ ભૂતો ખરેખર આકાશમાંથી જ ઉત્પન્ન થાય છે'** એ ચોક્કસ પરબ્રહ્મનું લિંગ છે. પરબ્રહ્મથી ચોક્કસ ભૂતોની ઉત્પત્તિ છે એમ વેદાન્તોમાં (ઉપનિષદોમાં) મર્યાદા છે. પણ ભૂત આકાશ પણ વાયુ આદિનું ક્રમે કારણ છે એમ દર્શાવ્યું છે. ખરી વાત છે, દર્શાવ્યું છે. તો પણ મૂલ કારણ બ્રહ્મનું ગ્રહણ ન કરીએ તો ''आकाशादेव'' **'આકાશથી જ'** એમ અવધારણ એટલે નિશ્ચયથી અને 'सर्वाणि' (સર્વ) એવું भूतानि (ભૂતો) નું વિશેષણ અનુકૂળ થાય નહી. તેમજ 'आकाशं प्रत्यस्तं यन्ति' **'આકાશમાં અસ્ત પામે છે'** એ બ્રહ્મલિંગ અને 'आकाशो ह्यवैभ्योज्यायानाकाशः परायणम्' **'કેમકે આકાશ એથી વિશેષ મોટું છે અને આકાશ પરમ સ્થાન, પ્રતિષ્ઠા છે'** એમ વિશેષ મોટાપણું અને પરમસ્થાન પણ અનુકૂળ થાય નહિ. ''ज्यायान् पृथिव्या ज्यायानन्तरिक्षाज्ज्यायान् दिवो ज्यायानेभ्यो लोकेभ्यः'' (છા. ઉપ. ૩-૧૪-૩) **'પૃથ્વીથી વિશેષ મોટો, અન્તરિક્ષથી વિશેષ મોટો, સ્વર્ગથી વિશેષ મોટો, આ લોકોથી વિશેષ મોટો આ મારા હૃદયમાં આત્મા છે'** આ શ્રુતિ એકલા પરમાત્માને વિષે જ અપેક્ષારહિત મોટાપણું દર્શાવે છે. તેમજ પરમસ્થાન પણ પરમાત્મા પરમ કારણ હોવાથી તેને વિષે જ વિશેષયુક્ત છે. વળી ''विज्ञानमानन्दं ब्रह्म रातेर्दातुः परायणम्'' (બૃહ. ઉપ. ૩-૯-૨૮) **'વિજ્ઞાનસ્વરૂપ અને આનન્દસ્વરૂપ બ્રહ્મ છે, ધન આપનાર, યજમાનનું એ પરમસ્થાન છે'** એવી શ્રુતિ છે. તેમજ અન્તવત્ત્વદોષને કારણે શાલાવત્યના પક્ષની નિન્દા કરીને કંઈક અનન્ત કહેવા ઈચ્છતા જૈવલિએ આકાશનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शालावत्यस्य पक्षं निन्दित्वा, अनन्तं किंचिद्वक्तुकामेन जैवलिनाकाशः परिगृहीतः; तं चाकाशमुद्गीथे संपाद्योपसंहरति – **'स एष परोवरीयानुद्गीथः स एषोऽनन्तः'** (छा.उप. १-९-२) इति। तच्चानन्त्यं ब्रह्मलिङ्गम्। यत्पुनरुक्तं भूताकाशं प्रसिद्धिबलेन प्रथमतरं प्रतीयत इति, अत्र ब्रूमः – प्रथमतरं प्रतीतमपि तद्वाक्यशेषगतान्ब्रह्मगुणान्दृष्ट्वा न परिगृह्यते । दर्शितश्च ब्रह्मण्यप्याकाशशब्दः **'आकाशो ह वै नाम नामरूपयोर्निर्वहिता'** इत्यादौ । तथाकाशपर्यायवाचिनामपि ब्रह्मणि प्रयोगो दृश्यते – **'ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन्देवा अधि विश्वे निषेदुः'** (ऋ.सं. १-१६४-३९) **'सैषा भार्गवी वारुणी विद्या परमे व्योमन्प्रतिष्ठिता'** (तैत्ति.उप. ३-६) **ॐ कं ब्रह्म खं ब्रह्म'** (छा.उप. ४-१०-५) **'खं पुराणम्'** (बृह.उप. ५-१) इति चैवमादौ । वाक्योपक्रमेऽपि वर्तमानस्याकाशशब्दस्य वाक्यशेषवशाद्युक्ता ब्रह्मविषयत्वावधारणा। **'अग्निरधीतेऽनुवाकम्'** इति हि वाक्योपक्रमगतोऽप्यग्निशब्दो माणवकविषयो दृश्यते । तस्मादाकाशशब्दं ब्रह्मेति सिद्धम् ॥

९. प्राणाधिकरणम्

अत एव प्राणः ॥२३॥

उद्गीथे – **'प्रस्तोतर्या देवता प्रस्तावमन्वायत्ता'** (बृह.उप. १-१०-९) इत्युपक्रम्य श्रूयते – **'कतमा सा देवतेति** (छा.उप. १-११-४), **प्राण इति होवाच, सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति, प्राणमभ्युज्जिहते, सैषा देवता प्रस्तावमन्वायत्ता'** (छा.उप. १-११-५) इति । तत्र संशयनिर्णयौ पूर्ववदेव द्रष्टव्यौ । **'प्राणबन्धनँहि सोम्य मनः'** (छा.उप. ६-८-२) **'प्राणस्य प्राणम्'** (बृह.उप. ४-४-१८) इति चैवमादौ ब्रह्मविषयः। प्राणशब्दो दृश्यते; वायुविकारे तु प्रसिद्धतरो लोकवेदयोः; अत इह प्राणशब्देन कतरस्योपादानं युक्तमिति भवति संशयः। किं पुनरत्र युक्तम् ? वायुविकारस्य पञ्चवृत्तेः प्राणस्योपादानं

ગ્રહણ કર્યું છે અને તે આકાશનું ઉદ્‌ગીથ (સામ)ને વિષે ઐક્ય કરીને ''स एष परोवरीयानुद्‌गीथः स एषोऽनन्तः'' (છા. ઉપ. ૧-૯-૨) **'તે એ ઉદ્‌ગીથ પરથી પણ પર છે, તે અનન્ત છે'** એમ ઉપસંહાર કરે છે. તે અનન્તતા એ બ્રહ્મલિંગ અર્થાત્ બ્રહ્મનું ચિહ્ન છે. વળી જે કહ્યું છે કે પ્રસિદ્ધિના બલથી ભૂત આકાશની પ્રથમ પ્રતીતિ થાય છે તેને વિષે કહીએ છીએ. પ્રથમ પ્રતીત થાય છે તોપણ વાક્યશેષમાં રહેલા બ્રહ્મગુણોને જોઈને તેનું ગ્રહણ થતું નથી. બ્રહ્મને વિષે પણ આકાશ શબ્દ 'आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता' **'આકાશ, સાચે જ, નામ અને રૂપનો વ્યાકર્તા છે'** ઇત્યાદિ સ્થળે દર્શાવ્યો છે. તેમજ આકાશના પર્યાયવાચક શબ્દોનો પણ બ્રહ્મને વિષે પ્રયોગ ''ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधि विश्वे निषेदुः'' (ऋ. सं. १-१६४-३९) **'આકાશરૂપ પ્રકૃષ્ટ, કૂટસ્થ બ્રહ્મને વિષે વેદ છે, જેને વિષે સર્વ દેવો અધિષ્ઠિત છે'**, ''सैषा भार्गवी वारुणी विद्या परमे व्योमन् प्रतिष्ठिता'' (તૈત્તિ. ઉપ. ૩-૬) **'તે એ ભૃગુને વરુણે આપેલી વિદ્યા પરબ્રહ્મને વિષે રહેલી છે'**, ''ॐ कं ब्रह्म खं ब्रह्म'' (છા. ઉપ. ૪-૧૦-૫) **ઓંકાર, સુખ, બ્રહ્મ છે, વ્યાપક બ્રહ્મ છે'**, અને ''खं पुराणम्'' (બૃહ. ઉપ. ૫-૧) **'ચિરન્તન આકાશ'** આ અને એવાં શ્રુતિવાક્યોમાં દેખાય છે. વાક્યના આરંભમાં પણ આવેલો આકાશ શબ્દ બ્રહ્મને જ લાગુ પડે છે એમ વાક્યશેષના બલથી નિશ્ચય કરવો યોગ્ય છે 'अग्निरधीतेऽनुवाकम्' **'અગ્નિ અનુવાકનું અધ્યયન કરે છે'** એમાં વાક્યના આરંભમાં આવેલો 'અગ્નિ શબ્દ પણ માણવકને લાગુ પડે છે એમ દેખાય છે. માટે આકાશ શબ્દ બ્રહ્મ છે એમ સિદ્ધ છે. ॥ ૨૨ ॥

૯. પ્રાણાધિકરણ

માટે જ પ્રાણ (બ્રહ્મ છે) ॥ ૨૩ ॥

ઉદ્‌ગીથ પ્રકરણમાં ''प्रस्तोतर्या देवता प्रस्तावमन्वायत्ता'' (બૃહ. ઉપ. ૧-૧૦-૯) **'હે પ્રસ્તોતઃ, જે દેવતા પ્રસ્તાવને અનુગત છે'** એમ આરંભ કરીને ''कतमा सा देवता'' (છા. ઉપ. ૧-૧૧-૪) **'એ દેવતા કોણ છે'** એમ અને ''प्राण इति होवाच सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते सैषा देवता प्रस्तावमन्वायत्ता'' (છા. ઉપ. ૧-૧૧-૫) **'તેણે કહ્યું, પ્રાણ એ પ્રસ્તાવદેવતા છે; કેમકે આ બધાં ભૂતો પ્રાણમાં જ લય પામે છે, પ્રાણમાંથી જ ઉત્પન્ન થાય છે, તે એ દેવતા પ્રસ્તાવને અનુગત છે'** એવી શ્રુતિ છે તેમાં સંશય અને નિર્ણય પૂર્વની જેમ જ જોવા. ''प्राणबन्धनँहि सोम्य मनः'' (છા. ઉપ. ૬-૮-૨) **'હે પ્રિય, મન જેની ઉપાધિ છે એવો જીવ પ્રાણ-બ્રહ્મ સાથે સુષુપ્તિમાં એક થાય છે'** અને ''प्राणस्य प्राणम्'' (બૃહ. ઉપ. ૪-૪-૧૮) **'પ્રાણનો પ્રાણ-પ્રેરક'** ઇત્યાદિમાં પ્રાણ શબ્દ બ્રહ્મને લાગુ પડતો જણાય છે; અને વાયુવિકારના અર્થમાં તો લોક અને વેદમાં વિશેષ પ્રસિદ્ધ છે; એથી અહીં પ્રાણ શબ્દથી શેનું ગ્રહણ કરવું યુક્ત છે એમ સંશય થાય છે. ત્યારે અહીં શું યોગ્ય છે ? (પૂર્વપક્ષી કહે છે) - વાયુના વિકાર પંચપ્રકારક પ્રાણનું ગ્રહણ યુક્ત છે, કેમ કે તેમાં પ્રાણ શબ્દ વિશેષ પ્રસિદ્ધ છે એમ અમે કહ્યું છે. પણ પૂર્વની જેમ અહીં પણ બ્રહ્મના લિંગથી બ્રહ્મનું જ ગ્રહણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



युक्तम् । इहापि हि वाक्यशेषे भूतानां संवेशनोद्गमनं पारमेश्वरं कर्म प्रतीयते । न, मुख्येऽपि प्राणे भूतसंवेशनोद्गमनस्य दर्शनात्। एवं ह्याम्नायते - **'यदा वै पुरुषः स्वपिति प्राणं तर्हि वागप्येति प्राणं चक्षुः प्राणं श्रोत्रं प्राणं मनः, स यदा प्रबुध्यते प्राणादेवाधि पुनर्जायन्ते'** (श.प.ब्रा. १०-३-३-६) इति । प्रत्यक्षं चैतत् - स्वापकाले प्राणवृत्तावपरिलुप्यमानायामिन्द्रियवृत्तयः परिलुप्यन्ते, प्रबोधकाले च पुनः प्रादुर्भवन्तीति। इन्द्रियसारत्वाच्च भूतानामविरुद्धो मुख्ये प्राणेऽपि भूतसंवेशनोद्गमनवादी वाक्यशेषः। अपि चादित्योऽन्नं चोद्गीथप्रतिहारयोर्देवते प्रस्तावदेवतायाः प्राणस्यानन्तरं निर्दिश्येते; न च तयोर्ब्रह्मत्वमस्ति; तत्सामान्याच्च प्राणस्यापि न ब्रह्मत्वमित्येवं प्राप्ते-

सूत्रकार आह - **अत एव प्राणः** इति । तल्लिङ्गादिनि पूर्वसूत्रे निर्दिष्टम् । अत एव तल्लिङ्गात्प्राणशब्दमपि परं ब्रह्म भवितुमर्हति। प्राणस्यापि हि ब्रह्मलिङ्गसंबन्धः श्रूयते - **'सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते'** (छा.उप. १-११-५) इति । प्राणनिमित्तौ सर्वेषां भूतानामुत्पत्तिप्रलयावुच्यमानौ प्राणस्य ब्रह्मतां गमयतः । ननूक्तं मुख्यप्राणपरिग्रहेऽपि संवेशनोद्गमनदर्शनमविरुद्धम्, स्वापप्रबोधयोर्दर्शनादिति । अत्रोच्यते - स्वापप्रबोधयोरिन्द्रियाणामेव केवलानां प्राणाश्रयं संवेशनोद्गमनं दृश्यते, न सर्वेषां भूतानाम्; इह तु सेन्द्रियाणां सशरीराणां च जीवाविष्टानां भूतानाम्, **'सर्वाणि ह वा इमानि भूतानि'** (छा.उप. १-११-५) इति श्रुतेः । यदापि भूतश्रुतिर्महाभूतविषया परिगृह्यते, तदापि ब्रह्मलिङ्गत्वमविरुद्धम् । ननु सहापि विषयैरिन्द्रियाणां स्वापप्रबोधयोः प्राणेऽप्ययं प्राणाच्च प्रभवं शृणुमः - **'यदा सुप्तः स्वप्नं न कंचन पश्यत्यथास्मिन्प्राण एवैकधा भवति तदैनं वाक्सर्वैर्नामभिः सहाप्येति'** (कौ.उप. ३-३) इति । तत्रापि तल्लिङ्गात्प्राणशब्दं ब्रह्मैव । यत्पुनरुक्तमन्नादित्यसंनिधानात्प्राणस्याब्रह्मत्वमिति, तदयुक्तम्; वाक्यशेषबलेन प्राणशब्दस्य ब्रह्मविषयतायां प्रतीयमानायां संनिधानस्याकिंचित्करत्वात् । यत्पुनः प्राणशब्दस्य पञ्चवृत्तौ प्रसिद्धतरत्वम्, तदाकाशशब्दस्येव प्रतिविधेयम् । तस्मात्सिद्धं प्रस्तावदेवतायाः प्राणस्य ब्रह्मत्वम् ॥

યોગ્ય છે. અહીં પણ વાક્યશેષમાં ભૂતોનાં લય અને ઉત્પત્તિ, જે પરમેશ્વરનું કર્મ છે, તેની પ્રતીતિ થાય છે. ના, મુખ્ય પ્રાણમાં પણ ભૂતોનાં લય અને ઉત્પત્તિ જોવામાં આવે છે. કારણ કે શ્રુતિ એમ કહે છે - ''यदा वै पुरुषः स्वपिति प्राणं तर्हि वागप्येति प्राणं चक्षुः प्राणं श्रोत्रं प्राणं मनः स यदा प्रबुध्यते प्राणादेवाधि पुनर्जायन्ते'' (श. प. ब्रा. १०-३-३-६) **'જયારે પુરુષ ઊંઘે છે, ત્યારે વાણી પ્રાણમાં લય પામે છે, ચક્ષુ પ્રાણમાં, શ્રોત્ર પ્રાણમાં અને મન પ્રાણમાં લય પામે છે. તે જયારે જાગે છે, ત્યારે પ્રાણમાંથી જ એ ઉત્પન્ન થાય છે'**, અને નિદ્રાના સમયે જયારે પ્રાણનો વ્યાપાર લોપ પામતો નથી ત્યારે ઇન્દ્રિયોના વ્યાપાર લોપાય છે અને જાગૃત સમયે પ્રગટ થાય છે એ પ્રત્યક્ષ છે. વળી ઇન્દ્રિયો ભૂતોના સારરૂપ છે તેથી ભૂતોનાં લય અને ઉત્પત્તિ કહેનાર વાક્યશેષ મુખ્ય પ્રાણની બાબતમાં પણ વિરુદ્ધ નથી. તેમજ પ્રસ્તાવદેવતા પ્રાણની પછી આદિત્ય અને અન્ન ઉદ્‌ગીથ દેવતા અને પ્રતિહારદેવતા છે એમ નિર્દેશ કર્યો છે, અને તે બે (આદિત્ય અને અન્ન) બ્રહ્મ નથી, તેથી તેના સાદૃશ્યથી પ્રાણ પણ બ્રહ્મ નથી એમ આવી પડતાં

સૂત્રકાર કહે છે - 'अत एव प्राणः' (એથી જ પ્રાણ બ્રહ્મ છે). તેનાં (બ્રહ્મના) લિંગથી એમ પૂર્વ સૂત્રમાં નિર્દેશ કર્યો છે. તેથી જ તેનાં લિંગથી પ્રાણ શબ્દ પણ પરબ્રહ્મને લાગુ પડવો જોઈએ. પ્રાણનો પણ, વાસ્તવમાં, બ્રહ્મલિંગ સાથે સંબંધ શ્રુતિમાં છે. જેમકે ''सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते'' (છા. ઉપ. ૧-૧૧-૫) **'ચોક્કસપણે આ સર્વ ભૂતો પ્રાણમાં જ લય પામે છે, પ્રાણમાંથી ઉદ્‌ભવ પામે છે'** એમાં સર્વ ભૂતોનાં લય અને ઉત્પત્તિનું નિમિત્ત પ્રાણ છે એવું કહ્યું છે તેથી પ્રાણ બ્રહ્મ છે એમ અનુમાન થાય છે. પણ કહ્યું છે કે મુખ્ય પ્રાણનો અર્થ લઈએ તો પણ લય અને ઉત્પત્તિનું દર્શન પરસ્પર વિરુદ્ધ નથી; કેમકે સ્વપ્નું અને જાગ્રતમાં જોવામાં આવે છે. એને વિષે કહીએ છીએ. સ્વાપ અને પ્રબોધને વિષે કેવળ ઇન્દ્રિયોનાં જ લય અને ઉત્પત્તિ પ્રાણને આશ્રયે જોવામાં આવે છે, સર્વ ભૂતોનાં નહિ. અહીં તો ઇન્દ્રિયસહિત અને શરીરસહિત જીવથી આવિષ્ટ થયેલા ભૂતોનાં લય અને ઉત્પત્તિ પ્રાણાશ્રય દેખાય છે; કેમકે ''सर्वाणि ह वा इमानि भूतानि'' (છા. ઉપ. ૧-૧૧-૫) **'આ બધાં ભૂતો'** એવી શ્રુતિ છે. જોકે એ ભૂતશ્રુતિ મહાભૂતોને લાગુ પડે છે એમ ગ્રહણ કરીએ, તો પણ બ્રહ્મલિંગ વિરુદ્ધ નથી. પણ સ્વાપ અને પ્રબોધમાં વિષયો સાથે ઇન્દ્રિયોનો પ્રાણમાં લય અને પ્રાણમાંથી ઉત્પત્તિ શ્રુતિમાં છે, જેમકે ''यदा सुप्तः स्वप्नं न कंचन पश्यत्यथास्मिन् प्राण एवैकधा भवति तदैनं वाक् सर्वैर्नामभिः सहाप्येति'' (કૌ.ઉપ. ૩-૩) **'જયારે ઊંઘતો કંઈ સ્વપ્ન જોતો નથી અને એ પ્રાણને વિષે જ એક થાય છે ત્યારે એને વિષે સઘળા નામની સાથે વાણી લય પામે છે'**. એમાં પણ બ્રહ્મનાં લિંગથી પ્રાણ શબ્દ બ્રહ્મવાચક જ છે. વળી આદિત્યની સંનિધિ(નિકટતા)થી પ્રાણ બ્રહ્મવાચક નથી એ શંકા યુક્ત નથી, કેમકે વાક્યશેષના બળથી પ્રાણ શબ્દ બ્રહ્મને લાગુ પડે છે એમ પ્રતીતિ થાય છે એટલે સંનિધિ નિઃસાર છે. તેમજ પ્રાણ શબ્દનો પંચ પ્રકારના પ્રાણ એ અર્થવિશેષ પ્રસિદ્ધ છે એ આક્ષેપનું આકાશ શબ્દમાં કહ્યું છે તે રીતે નિરાકરણ કરવું. તેટલા માટે પ્રસ્તાવદેવતા પ્રાણ બ્રહ્મ છે એ સિદ્ધ છે.

F/5

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अत्र केचिदुदाहरन्ति – **'प्राणस्य प्राणम्'** (बृह.उप. ४-४-१८) **'प्राणबन्धनं हि सोम्य मनः'** (छा.उप. ६-८-२) इति च । तदयुक्तम्; शब्दभेदात्प्रकरणाच्च संशयानुपपत्तेः । यथा पितुः पितेति प्रयोगे, अन्यः पिता षष्ठीनिर्दिष्टात्, प्रथमानिर्दिष्टः, पितुः पिता इति गम्यते; तद्वत् **'प्राणस्य प्राणम्'** इति शब्दभेदात्प्रसिद्धात्प्राणात् अन्यः प्राणस्य प्राण इति निश्चीयते । न हि स एव तस्येति भेदनिर्देशार्हो भवति । यस्य च प्रकरणे यो निर्दिश्यते नामान्तरेणापि स एव तत्र प्रकरणी निर्दिष्ट इति गम्यते; यथा ज्योतिष्टोमाधिकारे **'वसन्ते वसन्ते ज्योतिषा यजेत'** इत्यत्र ज्योतिः शब्दो ज्योतिष्टोमविषयो भवति, तथा परस्य ब्रह्मणः प्रकरणे **'प्राणबन्धनं हि सोम्य मनः'** (छा.उप. ६-८-२) इति श्रुतः प्राणशब्दो वायुविकारमात्रं कथमवगमयेत् । अतः संशयाविषयत्वान्नैतदुदाहरणं युक्तम् । प्रस्तावदेवतायां तु प्राणे संशयपूर्वपक्षनिर्णया उपपादिताः ॥२३॥

१०. ज्योतिश्चरणाधिकरणम्

ज्योतिश्चरणाभिधानात् ॥२४॥

इदमामनन्ति – **'अथ यदतः परो दिवो ज्योतिर्दीप्यते विश्वतः पृष्ठेषु सर्वतः पृष्ठेष्वनुत्तमेषूत्तमेषु लोकेष्विदं वाव तद्यदिदमस्मिन्नन्तः पुरुषे ज्योतिः'** (छा.उप. ३-१३-७) इति ।

तत्र संशयः- किमिह ज्योतिः शब्देनादित्यादिकं ज्योतिरभिधीयते, किं वा पर आत्मा ? इति । अर्थान्तरविषयस्यापि प्राणशब्दस्य तल्लिङ्गाद्ब्रह्मविषयत्वमुक्तम् । इह तु तल्लिङ्गमेवास्ति नास्तीति विचार्यते । किं तावत्प्राप्तम् ? आदित्यादिकमेव ज्योतिःशब्देन परिगृह्यत इति । कुतः ? प्रसिद्धेः । तमो ज्योतिरिति हीमौ शब्दौ परस्परप्रतिद्वन्द्विविषयौ प्रसिद्धौ । चक्षुर्वृत्तेर्निरोधकं शार्वरादिकं तम उच्यते । तस्या एवानुग्राहकमादित्यादिकं ज्योतिः । तथा **'दीप्यते'** इतीयमपि श्रुतिरादित्यादिविषया प्रसिद्धा । न हि रूपादिहीनं ब्रह्म दीप्यत इति मुख्यां श्रुतिमर्हति । द्युमर्यादत्वश्रुतेश्च । न हि चराचरबीजस्य ब्रह्मणः सर्वात्मकस्य द्यौर्मर्यादा युक्ता; कार्यस्य

અહીં કેટલાક (ટીકાકારો) ''प्राणस्य प्राणम्'' (બૃહ. ઉપ. ૪-૪-૧૮) **'પ્રાણનો પ્રાણ-પ્રેરક'** અને ''प्राणबन्धनं हि सोम्य मनः'' (છા. ઉપ. ૬-૮-૨) **'હે પ્રિય, મન જેનો ઉપાધિ છે એવો જીવ પ્રાણ-બ્રહ્મ સાથે સુષુપ્તિમાં એક થાય છે'** એ બે શ્રુતિઓ ઉદાહરણમાં આપે છે, એ અયોગ્ય છે, કેમકે શબ્દભેદથી અને પ્રકરણથી સંશય જોડાતો નથી. જેમ पितुः पिता (પિતાનો પિતા) એ પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિમાં નિર્દેશ કરેલો પિતા જુદો છે અને પ્રથમામાં નિર્દેશ કરેલો પિતાનો પિતા જુદો છે એમ સમજાય છે, તેમ 'प्राणस्य प्राणम्' (પ્રાણનો પ્રાણ-પ્રેરક) એમાં શબ્દભેદથી પ્રસિદ્ધ પ્રાણથી ભિન્ન પ્રાણનો પ્રાણ છે એમ નિશ્ચય થાય છે, કેમકે ષષ્ઠીનિર્દિષ્ટ પદાર્થનો તે જ પદાર્થ ભેદનિર્દેશને યુક્ત થતો નથી. જેના પ્રકરણમાં જેનો નિર્દેશ થાય છે તે પ્રકરણમાં તે જ અન્ય નામથી પણ નિર્દિષ્ટ થાય છે એમ સમજાય છે, જેમ જ્યોતિષ્ટોમના પ્રકરણમાં 'वसन्ते वसन्ते ज्योतिषा यजेत' **'વસન્તે વસન્તે જ્યોતિષ્ટોમ વડે યજ્ઞ કરવો જોઈએ'** એમાં ज्योतिष् શબ્દ ज्योतिष्टोम ને લાગુ પડે છે, તેમ પરબ્રહ્મના પ્રકરણમાં ''प्राणबन्धनं हि सोम्य मनः'' (છા. ઉપ. ૬-૮-૨) **'હે સોમ્ય, મન જેની ઉપાધિ છે એવો જીવ પ્રાણ-બ્રહ્મ સાથે સુષુપ્તિમાં એક થાય છે'** એ શ્રુતિનો પ્રાણ શબ્દ વાયુ વિકારમાત્રનું શી રીતે સૂચન કરે ? આથી સંશયનો વિષય ન હોવાથી એ ઉદાહરણ યોગ્ય નથી. પ્રસ્તાવદેવતામાં તો પ્રાણને વિષે સંશય, પૂર્વપક્ષ અને નિર્ણયની ઉપપત્તિ દર્શાવી છે ॥ ૨૩ ॥

૧૦. જ્યોતિશ્ચરણાધિકરણ

જ્યોતિ (બ્રહ્મ) છે, ચરણના અભિધાનથી ॥ ૨૪ ॥

''अथ यदतः परो दिवो ज्योतिर्दीप्यते विश्वतः पृष्ठेषु सर्वतः पृष्ठेष्वनुत्तमेषूत्तमेषु लोकेष्विदं वाव तद्यदिदमस्मिन्नन्तः पुरुषे ज्योतिः'' (છા. ઉપ. ૩-૧૩-૭) **'હવે દ્યુલોકથી પર, વિશ્વ પ્રાણીવર્ગથી ઉપર સર્વ ભૂરાદિ લોકથી ઉપર, જેનાથી કંઈ ઉત્તમ નથી એવા ઉત્કૃષ્ટ લોકમાં જે જ્યોતિ પ્રકાશે છે તે આ પુરુષની જે અંદરનું જ્યોતિ છે તે જ છે)** આમ શ્રુતિ છે. તેમાં સંશય છે કે અહીં જ્યોતિઃ શબ્દથી આદિત્ય વગેરે જ્યોતિનું અભિધાન થાય છે કે પરમાત્માનું. બીજા અર્થમાં વપરાયેલા શબ્દ પણ બ્રહ્મલિંગને લીધે બ્રહ્મને લાગું પડે છે એમ કહ્યું છે. અહીં તો તે લિંગ છે કે નહિ તેનો વિચાર કરવાનો છે. ત્યારે શું આવી પડે છે ? જ્યોતિઃ શબ્દથી આદિત્ય આદિની જ્યોતિનું ગ્રહણ થાય છે એવું આવી પડે છે. શાથી ? પ્રસિદ્ધિથી. तमस् (અન્ધકાર) અને ज्योतिष् (જ્યોતિ) એ બે શબ્દો પરસ્પર પ્રતિદ્વન્દ્વી (વિરોધી)ને લાગુ પડે છે એ પ્રસિદ્ધ છે, નેત્રના વ્યાપારને અટકાવનાર, રાત્રિ આદિ तमस् (અન્ધારું) કહેવાય છે અને તે જ વ્યાપારનું અનુગ્રાહક, આદિત્ય આદિનું ज्योतिष् (જ્યોતિ) કહેવાય છે. તેમજ दीप्यते (પ્રકાશે છે) એ શ્રુતિ પણ આદિત્ય આદિને લાગુ પડે છે એ પ્રસિદ્ધ છે. ખરેખર રૂપાદિથી હીન જે બ્રહ્મ તેને दीप्यते પ્રકાશે છે એ શ્રુતિ મુખ્ય અર્થમાં લાગુ પાડવી યોગ્ય નથી. વળી દ્યુલોક એની મર્યાદા છે એવી શ્રુતિ છે તેથી જ્યોતિ આદિત્ય આદિને લાગુ પડે છે. ખરેખર ચર અને અચરનું બીજ, સર્વનો આત્મા એવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तु ज्योतिषः परिच्छिन्नस्य द्यौर्मर्यादा स्यात् । **'परो दिवो ज्योतिः'** इति च ब्राह्मणम् । ननु कार्यस्यापि ज्योतिषः सर्वत्र गम्यमानत्वाद्द्युमर्यादावत्त्वमसमञ्जसम्; अस्तु तर्ह्यत्रिवृत्कृतं तेजः प्रथमजम्; न, अत्रिवृत्कृतस्य तेजसः प्रयोजनाभावादिति । इदमेव प्रयोजनं यदुपास्यत्वमिति चेत् न प्रयोजनान्तरप्रयुक्तस्यैवादित्यादेरुपास्यत्वदर्शनात्, **'तासां त्रिवृतं त्रिवृतमेकैकां करवाणि'** (छा.उप. ६-३-३) इति चाविशेषश्रुतेः। न चात्रिवृत्कृतस्यापि तेजसो द्युमर्यादत्वं प्रसिद्धम् । अस्तु तर्हि त्रिवृत्कृतमेव तत्तेजो ज्योतिःशब्दम्। ननूक्तमर्वागपि दिवोऽवगम्यतेऽग्न्यादिकं ज्योतिरिति; नैष दोषः; सर्वत्रापि गम्यमानस्य ज्योतिषः **'परो दिवः'** इत्युपासनार्थं प्रदेशविशेषपरिग्रहो न विरुध्यते । न तु निष्प्रदेशस्यापि ब्रह्मणः प्रदेशविशेषकल्पना भागिनी । **'सर्वतः पृष्ठेष्वनुत्तमेषूत्तमेषु लोकेषु'** (छा.उप. ३-१३-७) इति चाधारबहुत्वश्रुतिः कार्ये ज्योतिष्युपपद्यतेतराम् । **'इदं वाव तद्यदिदमस्मिन्नन्तः पुरुषे ज्योतिः'** (छा.उप. ३-१३-७) इति च कौक्षेये ज्योतिषि परं ज्योतिरध्यस्यमानं दृश्यन्ते । सारूप्यनिमित्ताश्चाध्यासा भवन्ति - यथा **'तस्य भूरिति शिर एकँहि शिर एकमेतदक्षरम्'** (बृह.उप. ५-५-३) इति । कौक्षेयस्य तु ज्योतिषः प्रसिद्धमब्रह्मत्वम् । **'तस्यैषा दृष्टिः'** **'तस्यैषा श्रुतिः'** (छा.उप. ३-१३-७) इति चौष्ण्यघोषविशिष्टत्वस्य श्रवणात् । **'तदेतदृष्टं च श्रुतं चेत्युपासीत'** (छा.उप. ३-१३-७) इति च श्रुतेः । **'चक्षुष्यश्च श्रुतो भवति य एवं वेद.'** (छा.उप. ३-१३-८) इति चाल्पफलश्रवणादब्रह्मत्वम् । महते हि फलाय ब्रह्मोपासनमिष्यते । न चान्यदपि किंचित्स्ववाक्ये प्राणाकाशवज्ज्योतिषोऽस्ति ब्रह्मत्वलिङ्गम् । न च पूर्वस्मिन्नपि वाक्ये ब्रह्म निर्दिष्टमस्ति, **'गायत्री वा इदँसर्वं भूतम्'** (बृह.उप. ३-१२-१) इति च्छन्दोनिर्देशात् । अथापि कथंचित्पूर्वस्मिन्वाक्ये ब्रह्मनिर्दिष्टं स्यात्, एवमपि न तस्येह प्रत्यभिज्ञानमस्ति । तत्र हि **'त्रिपादस्यामृतं दिवि'** (छा.उप. ३-१२-६) इति द्यौरधिकरणत्वेन श्रूयते; अत्र पुनः **'परो दिवो ज्योतिः'** इति द्यौर्मर्यादात्वेन तस्मात्प्राकृतं ज्योतिरिह ग्राह्यमित्येवं प्राप्ते-

---

જે બ્રહ્મ તેને દ્યુલોકની મર્યાદા યોગ્ય નથી. જ્યોતિરૂપ જે પરિચ્છિન્ન માપી શકાય તેવું કાર્ય તેને દ્યુલોક મર્યાદા થાય. દ્યુલોકથી પર જ્યોતિ છે એમ બ્રાહ્મણ મર્યાદા કહે છે. પણ જ્યોતિરૂપ કાર્ય પણ સર્વત્ર ગમ્યમાન છે તેથી દ્યુલોક એની મર્યાદા છે એમ કહેવું યોગ્ય નથી. ત્યારે પ્રથમ ઉત્પન્ન થયેલું ત્રણ ભાગવાળું ન થયેલું (અન્ન અને પાણીની સાથે મિશ્ર ન થયેલું) તેજ તે જ્યોતિ એમ અર્થગ્રહણ કરો. ના. ત્રણ ભાગવાળા ન થયેલા (અન્ન અને પાણી સાથે મિશ્ર ન થયલા) તેજનું પ્રયોજન નથી. તે ઉપાસ્ય છે એ જ પ્રયોજન છે એમ કહેશો તો અમે કહીએ છીએ કે ના, બીજા પ્રયોજનથી પ્રયુક્ત આદિત્ય આદિ જ ઉપાસ્ય છે એમ જોવામાં આવે છે. વળી ''तासां त्रिवृतं त्रिवृतमेकैकां करवाणि'' (છા. ઉપ. ૬-૩-૩) **'તેમાંના પ્રત્યેકને ત્રણ ભાગવાળો કરીશ'** એ શ્રુતિ વિશેષ દર્શાવતી નથી. તેમજ ત્રણ ભાગવાળા ન થયેલા તેજની દ્યુલોક મર્યાદા છે એ પ્રસિદ્ધ નથી. ત્યારે ત્રણ ભાગવાળું તેજ જ જ્યોતિઃ શબ્દથી વાચ્ય છે એમ લો. પણ એમ કહ્યું છે કે દ્યુલોકથી નીચે પણ અગ્નિ આદિ જ્યોતિ છે એમ સમજાય છે. એ દોષ નથી. સર્વત્ર ગમ્યમાન જ્યોતિનું પણ 'परो दिवः' **'દ્યુલોકથી પર'** એમ ઉપાસનાને અર્થે પ્રદેશવિશેષનું ગ્રહણ વિરુદ્ધ નથી, પણ પ્રદેશરહિત જે બ્રહ્મ તેના પ્રદેશવિશેષની કલ્પના યોગ્ય નથી. વળી ''सर्वतः पृष्ठेष्वनुत्तमेषूत्तमेषु लोकेषु'' (છા. ઉપ. ૩-૧૩-૭) **'સર્વ ભૂરાદિ લોકથી ઉપર જેનાથી કંઈ ઉત્તમ નથી એવા ઉત્કૃષ્ટ લોકને વિષે'** એ બહુ આધારવાચક શ્રુતિ કાર્યજ્યોતિને વિષે વિશેષ યોગ્ય છે. ''इदं वाव तद्यदिदमस्मिन्नन्तः पुरुषे ज्योतिः'' (છા. ઉપ. ૩-૧૩-૭) **'તે આ પુરુષને વિષે જે અંદરનું જ્યોતિ છે તેજ છે'** એમાં કુક્ષિસ્થ જ્યોતિને વિષે પર જ્યોતિ આરોપ કરાતી જણાય છે અને આરોપનું નિમિત્ત સાદશ્ય હોય છે, જેમ ''तस्य भूरिति शिर एकं शिर एकमेतदक्षरम्'' (બૃહ. ઉપ. ૫-૫-૩) **'તે પુરુષનું ભૂશિર છે, કેમકે શિર એક છે અને એ અક્ષર પણ એક છે'**. પણ કુક્ષિસ્થ જ્યોતિ બ્રહ્મ નથી એ વાત પ્રસિદ્ધ છે; કેમકે ''तस्यैषा दृष्टिः,'तस्यैषा श्रुतिः'' (છા. ઉપ. ૩-૧૩-૭) **'આ તેની દૃષ્ટિ છે, આ તેની શ્રુતિ છે'** એમ ઉષ્ણતા અને ઘોષવિશિષ્ટની શ્રુતિ છે. ''तदेतद्दृष्टं च श्रुतं चेत्युपासीत'' (છા. ઉપ. ૩-૧૩-૭) **'તે એ દૃષ્ટ છે અને શ્રુત છે એમ ઉપાસના કરવી જોઈએ'** એ શ્રુતિથી અને ''चक्षुष्यः श्रुतो भवति य एवं वेद'' (છા. ઉપ. ૩-૧૩-૭) **'જે એમ જાણે છે તે દર્શનીય અને વિખ્યાત થાય છે'** એમ અલ્પ ફળની શ્રુતિથી જ્યોતિ બ્રહ્મ નથી. ચોક્કસ બ્રહ્મનું ઉપાસની મોટા ફળને માટે ઈચ્છા કરાય છે. વળી પ્રાણ અને આકાશની જેમ જ્યોતિ બ્રહ્મ છે એમ દર્શાવનાર સ્વવાક્યમાં કંઈ બીજું ચિહ્ન નથી. પૂર્વવાક્યમાં પણ બ્રહ્મ નિર્દિષ્ટ નથી; કેમકે ''गायत्री वा इदँसर्वं भूतम्'' (બૃહ. ઉપ. ૩-૧૨-૧) **'આ સર્વ ભૂત ગાયત્રી છે'** એમ છન્દનો નિર્દેશ કર્યો છે; અને પૂર્વવાક્યમાં કોઈ પણ પ્રકારે બ્રહ્મ નિર્દિષ્ટ છે એમ થાય તોપણ તેનું અહીં પ્રત્યભિજ્ઞાન નથી, કારણ કે તેમાં 'त्रिपादस्यामृतं दिवि' **'એના ત્રણ પાદ દ્યુલોકમાં અમૃત છે'** એમ દ્યુલોક આધાર તરીકે શ્રવણ થાય છે અને અહીં તો 'परो दिवो ज्योतिः' **'દ્યુલોકથી પર જ્યોતિ'** એમાં દ્યુલોક મર્યાદા તરીકે શ્રવણ થાય છે. તેટલા માટે સાધારણ જ્યોતિનું અહીં ગ્રહણ કરવું જોઈએ એમ પ્રાપ્ત થતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्रूमः- ज्योतिरिह ब्रह्म ग्राह्यम् । कुतः? चरणाभिधानात्, पादाभिधानादित्यर्थः । पूर्वस्मिन्हि वाक्ये चतुष्पाद्ब्रह्म निर्दिष्टम् - '(ए)तावानस्य महिमा ततो ज्यायाँश्च पूरुषः । पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि' इत्यनेन मन्त्रेण । तत्र यच्चतुष्पदो ब्रह्मणस्त्रिपादामृतं द्युसंबन्धिरूपं निर्दिष्टम्, तदेवेह द्युसंबन्धान्निर्दिष्टमिति प्रत्यभिज्ञायते । तत्परित्यज्य प्राकृतं ज्योतिः कल्पयतः प्राकृतहानाप्रकृतप्रक्रिये प्रसज्येयाताम् । न केवलं ज्योतिर्वाक्य एव ब्रह्मानुवृत्तिः; परस्यामपि हि शाण्डिल्यविद्यायामनुवर्तिष्यते ब्रह्म । तस्मादिह ज्योतिरिति ब्रह्म प्रतिपत्तव्यम् । यत्तूक्तम् - **'ज्योतिर्दीप्यते'** (छा.उप. ६-१३-७) इति चैतौ शब्दौ कार्ये ज्योतिषि प्रसिद्धाविति, नायं दोषः; प्रकरणाद्ब्रह्मावगमे सत्यनयोः शब्दयोरविशेषकत्वात्, दीप्यमानकार्यज्योतिरुपलक्षिते ब्रह्मण्यपि प्रयोगसंभवात्; **'येन सूर्यस्तपति तेजसेद्धः'** (तैत्ति.ब्रा. ३-१२-९-७) इति च मन्त्रवर्णात् । यद्वा, नायं ज्योतिःशब्दश्चक्षुर्वृत्तेरेवानुग्राहके तेजसि वर्तते, अन्यत्रापि प्रयोगदर्शनात् - **'वाचैवायं ज्योतिषास्ते'** (बृह.उप. ४-३-५) **'मनोज्योतिर्जुषताम्'** (तैत्ति.ब्रा. १-६-३-३) इति च । तस्माद्यद्यत्कस्यचिदवभासकं तत्तज्जोतिः शब्देनाभिधीयते । तथा सति ब्रह्मणोऽपि चैतन्यरूपस्य समस्तजगदवभासहेतुत्वादुपपन्नो ज्योतिःशब्दः । **'तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति'** (कौ.उप. २-५-१५) **'तद्देवा ज्योतिषां ज्योतिरायुर्होपासतेऽमृतम्'** (बृह.उप. ४-४-१६) इत्यादिश्रुतिभ्यश्च । यदप्युक्तं द्युमर्यादत्वं सर्वगतस्य ब्रह्मणो नोपपद्यत इति, तत्रोच्यते - सर्वगतस्यापि ब्रह्मण उपासनार्थः प्रदेशविशेषपरिग्रहो न विरुध्यते । ननूक्तं निष्प्रदेशस्य ब्रह्मणः प्रदेशविशेषकल्पना नोपपद्यत इति; नायं दोषः, निष्प्रदेशस्यापि ब्रह्मण उपाधिविशेषसंबन्धात्प्रदेशविशेषकल्पनोपपत्तेः । तथा हि -आदित्ये, चक्षुषि, हृदये इति प्रदेशविशेषसंबन्धीनि ब्रह्मणः उपासनानि श्रूयन्ते । एतेन **'विश्वतः पृष्ठेषु'** इत्याधारबहुत्वमुपपादितम्। यदप्येतदुक्तम् औष्ण्यघोषाभ्यामनुमिते कौक्षेये कार्ये ज्योतिष्यध्यस्यमानत्वात्परमपि दिवः कार्यज्योतिरेवेति, तदप्ययुक्तम्; परस्यापि ब्रह्मणो नामादिप्रतीकत्ववत्कौक्षेयज्योतिष्प्रतीकत्वोपपत्तेः । **'दृष्टं च श्रुतं चेत्युपासीत'** इति तु प्रतीकद्वारकं दृष्टत्वं श्रुतत्वं च

અમે કહીએ છીએ. જ્યોતિ અહીં બ્રહ્મ સમજવું જોઈએ. શાથી ? ચરણના અભિધાનથી, પાદના અભિધાનથી એવો અર્થ છે, કેમકે પૂર્વવાક્યમાં ''एतावानस्य महिमा ततो ज्यायाँश्च पूरूषः । पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि' (છા. ઉપ. ૩-૧૨-૬) **'તેટલો એનો મહિમા છે, તેથી મોટો પુરુષ છે, એનો પાદ સર્વ ભૂતો છે અને ત્રણ પાદ અમૃત છે'** એ મન્ત્રમાં ચતુષ્પાદ બ્રહ્મ નિર્દિષ્ટ છે. તેમાં જે ચાર પાદવાળા બ્રહ્મના ત્રણ પાદ અમૃત દ્યુસંબન્ધી નિર્દિષ્ટ છે તે જ અહીં દ્યુસંબન્ધી નિર્દિષ્ટ છે. એમ ઓળખાય છે તેનો પરિત્યાગ કરીને પ્રાકૃત જ્યોતિની કલ્પના કરનારને પ્રકૃતના હાન અને અપ્રકૃતની પ્રક્રિયાનો પ્રસંગ આવશે. વળી જ્યોતિર્વાક્યમાં જ બ્રહ્મની અનુવૃત્તિ છે એમ નહિ, પણ પછીની શાંડિલ્યવિદ્યામાં પણ બ્રહ્મની અનુવૃત્તિ છે. તેટલા માટે અહીં જ્યોતિ એટલે બ્રહ્મ સમજવું. ''ज्योतिर्दीप्यते'' (છા. ઉપ. ૩-૧૩-૭) **'જ્યોતિ પ્રકાશે છે'** એ શબ્દો કાર્યરૂપી જ્યોતિને વિષે પ્રસિદ્ધ છે એમ જે કહ્યું છે તે દોષ નથી. પ્રકરણથી બ્રહ્મનું જ્ઞાન થયે એ બે શબ્દો કંઈ વિશેષ કરતા નથી, દીપ્યમાન જે કાર્યજ્યોતિ તેનાથી ઉપલક્ષિત બ્રહ્મની બાબતમાં પણ પ્રયોગનો સંભવ છે, અને ''येन सूर्यस्तपति तेजसेद्धः'' (તૈ. બ્રા. ૩-૧૨-૯-૭) **'જે તેજ વડે દીપ્ત સૂર્ય તપે છે'** એમ મન્ત્રવર્ણ છે. અથવા એ જ્યોતિઃ શબ્દ નેત્રવ્યાપારના અનુગ્રાહક તેજના અર્થમાં નથી, કેમકે બીજા અર્થમાં પણ પ્રયોગ જોવામાં આવે છે, જેમકે ''वाचैवायं ज्योतिषाऽऽस्ते'' (બૃહ. ઉપ. ૪-૩-૫) **'વાણીરૂપ જ જ્યોતિ વડે એ બેસે છે'** અને ''मनो ज्योतिर्जुषताम्'' (તૈ. બ્રા. ૧-૬-૩-૩) **'મનરૂપ જ્યોતિનું સેવન કરો'** તેટલા માટે જે જે કોઈનું પણ પ્રકાશક છે તેનું તેનું જ્યોતિઃ શબ્દથી અભિધાન થાય છે. તેમ થયું એટલે ચૈતન્યરૂપ બ્રહ્મ, જે સમસ્ત જગતના પ્રકાશનો હેતુ છે તેને વિષે જ્યોતિઃ શબ્દ યોગ્ય છે; અને આ બે શ્રુતિથી પણ (યોગ્ય છે) - ''तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति'' (કૌ.ઉપ. ૨-૫-૧૫) **'પ્રકાશતા તેની પાછળ સર્વ પ્રકાશે છે, તેના પ્રકાશથી આ સર્વ પ્રકાશે છે'** અને ''तद्देवा ज्योतिषां ज्योतिरायुर्होपासतेऽमृतम्'' (બૃહ. ઉપ. ૪-૪-૧૬) **'તેને દેવો, જ્યોતિઓના જ્યોતિ, આયુષ્ અને અમૃત તરીકે ઉપાસે છે'**. વળી સર્વગત બ્રહ્મને દ્યુમર્યાદા યોગ્ય નથી એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ. સર્વગત બ્રહ્મને માટે પણ ઉપાસનાને અર્થે પ્રદેશવિશેષનું ગ્રહણ વિરુદ્ધ નથી. પણ કહ્યું છે કે પ્રદેશરહિત બ્રહ્મની પ્રદેશવિશેષકલ્પના યોગ્ય નથી. એ દોષ નથી. પ્રદેશરહિત બ્રહ્મની પણ અમુક ઉપાધિના સંબન્ધથી પ્રદેશવિશેષકલ્પના યોગ્ય છે; કેમકે આદિત્ય યોગ્ય નેત્રને કે હૃદયને વિષે, એમ અમુક પ્રદેશમાં બ્રહ્મની ઉપાસનાઓ શ્રુતિમાં છે. આથી 'विश्वतः पृष्ठेषु' **'સઘળા પ્રાણીવર્ગથી ઉપર'** એમ બહુ આધારની ઉપપત્તિ (યોગ્યતા) સમજવી. વળી એમ જે કહ્યું છે કે ઉષ્ણતા અને ઘોષથી અનુમાન કરાયેલી કુક્ષિસ્થ કાર્યજ્યોતિને વિષે આરોપાતું દ્યુલોકથી પણ પર જ્યોતિ કાર્યજ્યોતિ જ છે, એ પણ યોગ્ય નથી; કેમકે પર બ્રહ્મને પણ નામ આદિ પ્રતીકની જેમ કુક્ષિસ્થ જ્યોતિરૂપ પ્રતીક યોગ્ય છે. 'दृष्टं च श्रुतं चेत्युपासीत' **'દૃષ્ટ છે અને શ્રુત છે એમ ઉપાસના કરવી જોઈએ'** એ તો પ્રતીક દ્વારા દૃષ્ટત્વ અને શ્રુતત્વ થશે. અલ્પ ફળની શ્રુતિથી બ્રહ્મ નથી એમ જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



भविष्यति। यदप्युक्तमल्पफलश्रवणाच्च न ब्रह्मेति, तदनुपपन्नम्; न हि इयते फलाय ब्रह्माश्रयणीयम्, इयते न इति नियमे हेतुरस्ति। यत्र हि निरस्तसर्वविशेषसंबन्धं परं ब्रह्मात्मत्वेनोपदिश्यते, तत्रैकरूपमेव फलं मोक्ष इत्यवगम्यते। यत्र तु गुणविशेषसंबन्धं प्रतीकविशेषसंबन्धं वा ब्रह्मोपदिश्यते, तत्र संसारगोचराण्येवोच्चावचानि फलानि दृश्यन्ते – **'अन्नादो वसुदानो विन्दते वसु य एवं वेद'** (बृह.उप. ४-४-२४) इत्याद्यासु श्रुतिषु। यद्यपि न स्ववाक्ये किंचिज्ज्योतिषो ब्रह्मत्वलिङ्गमस्ति, तथापि पूर्वस्मिन्वाक्ये दृश्यमानं ग्रहीतव्यं भवति। तदुक्तं सूत्रकारेण – **ज्योतिश्चरणाभिधानादिति**। कथं पुनर्वाक्यान्तरगतेन ब्रह्मसंनिधानेन ज्योतिःश्रुतिः स्वविषयात् शक्या प्रच्यावयितुम् ? नैष दोषः, **'अथ यदतः परो दिवो ज्योतिः'** इति प्रथमतरपठितेन यच्छब्देन सर्वनाम्ना द्युसंबन्धात्प्रत्यभिज्ञायमाने पूर्ववाक्यनिर्दिष्टे ब्रह्मणि स्वसामर्थ्येन परामृष्टे सत्यर्थाज्ज्योतिःशब्दस्यापि ब्रह्मविषयत्वोपपत्तेः। तस्मादिह ज्योतिरिति ब्रह्म प्रतिपत्तव्यम् ॥२४॥

छन्दोभिधानान्नेति चेन्न तथा चेतोर्पणनिगदात्तथा हि दर्शनम् ॥२५॥

अथ यदुक्तं पूर्वस्मिन्नपि वाक्ये न ब्रह्माभिहितमस्ति, **'गायत्री वा इदंसर्वं भूतं यदिदं किञ्च'** (छा.उप. ३-१२-१) इति गायत्र्याख्यस्य छन्दसोऽभिहितत्वादिति; तत्परिहर्तव्यम्। कथं पुनरश्छन्दोभिधानान्न ब्रह्माभिहितमिति शक्यते वक्तुम्? यावता **'तावानस्य महिमा'** इत्येतस्यामृचि चतुष्पादब्रह्म दर्शितम्। नैतिदस्ति। **'गायत्री वा इदंसर्वम्'** इति गायत्रीमुपक्रम्य, तामेव भूतपृथिवीशरीरहृदयवाक्प्राणप्रभेदैर्व्याख्याय, **'सैषा चतुष्पदा षड्विधा गायत्री तदेवदृचाभ्यनूक्तं तावानस्य महिमा'** इति तस्यामेव व्याख्यातरूपायां गायत्र्यामुदाहृतो मन्त्रः कथमकस्माद्ब्रह्म चतुष्पादभिदध्यात्। योऽपि तत्र **'तद्वै तद्ब्रह्म'** (छा.उप. ३-१२-५,६) इति ब्रह्मशब्दः, सोऽपि छन्दसः प्रकृतत्वाच्छन्दोविषय एव। **'य एतामेवं ब्रह्मोपनिषदं वेद'** (छा.उप. ३-११-३) इत्यत्र हि वेदोपनिषदमिति व्याचक्षते। तस्माच्छन्दोभिधानान्न ब्रह्मणः प्रकृतत्वमिति चेत्, नैष दोषः। **'तथा चेतोर्पणनिगदात्'**-तथा

કહ્યું છે તે યોગ્ય નથી. આટલા ફળને માટે બ્રહ્મનો આશ્રય કરવો જોઈએ અને આટલા ફળને માટે આશ્રય ન કરવો જોઈએ એવા નિયમનો હેતુ નથી. ખરેખર જ્યાં જતો રહ્યો છે સર્વ વિશેષનો સંબંધ જેમાંથી એવા પરબ્રહ્મનો આત્મા તરીકે ઉપદેશ કરાય છે ત્યાં એકરૂપ ફળ મોક્ષ છે એમ સમજાય છે. પણ જ્યાં ગુણ વિશેષના સંબંધવાળા કે પ્રતીકવિશેષના સંબન્ધવાળા બ્રહ્મનો ઉપદેશ થાય છે ત્યાં સંસારવિષયનાં અનેક પ્રકારનાં ફળો જોવામાં આવે છે, જેમકે ''अन्नादो वसुदानो विन्दते वसु य एवं वेद'' (બૃહ. ઉપ. ૪-૪-૨૪) **'તે આ આત્મા સર્વ અન્નનો ખાનાર, વસુનો આપનાર છે. જે એમ સમજે છે તે વસુ પ્રાપ્ત કરે છે'** ઇત્યાદિ શ્રુતિને વિષે. જો કે સ્વવાક્યમાં જ્યોતિનું કંઈ પણ બ્રહ્મ લિંગ નથી, તો પણ પૂર્વવાક્યમાં દેખાય છે તે ગ્રહણ કરવું. તેથી સૂત્રકારે કહ્યું છે - 'ज्योतिश्चरणाभिधानात्' **'જ્યોતિ બ્રહ્મ છે, ચરણના અભિધાનથી'**. પણ બીજા વાક્યમાં આવેલા બ્રહ્મના સંનિધિથી જ્યોતિઃ શ્રુતિ સ્વવિષયથી કઈ રીતે દૂર કરવી શક્ય છે ? એ દોષ નથી. 'यदतः परो दिवो ज्योतिः' **'જે, આ દ્યુલોકથી પર જ્યોતિ'** એમાં સર્વથી પહેલાં કહેલાં यत् (જે) સર્વનામ શબ્દ વડે દ્યુસંબન્ધથી પૂર્વવાક્યમાં નિર્દિષ્ટ થયેલા બ્રહ્મનું પ્રત્યભિજ્ઞાન થયું અને પોતાના સામર્થ્યથી બ્રહ્મનો પરામર્શ થયો એટલે જ્યોતિઃ શબ્દ પણ તાત્પર્યથી બ્રહ્મ વિષયક છે એ યોગ્ય છે. તેથી અહીં જ્યોતિ એટલે બ્રહ્મ એમ સમજવું ॥૨૪॥

છન્દના અભિધાનથી (જ્યોતિ બ્રહ્મવાચક નથી) એમ કહેશો તો (અમે કહીએ છીએ કે) ના, તેવી રીતે (છન્દથી) ચેતોર્પણ (ચિત્તનું અર્પણ)કહ્યું છે તેથી; કેમકે તેવી રીતે (બીજાં શ્રુતિવાક્યોમાં) જોવામાં આવે છે ॥૨૫॥

હવે, પૂર્વ વાક્યમાં પણ બ્રહ્મનું અભિધાન નથી, કેમકે ''गायत्री वा इदं सर्वं भूतं यदिदं किञ्च'' (છા. ઉપ. ૩-૧૨-૧) **'આ સર્વ પ્રાણીસમૂહ અને આ જે કંઈ સ્થાવર કે જંગમ તે સર્વ ગાયત્રી જ છે'** એમાં ગાયત્રી નામના છન્દનું અભિધાન છે, એમ જે કહ્યું તેનું સમાધાન કરવું જોઈએ. પણ છન્દના અભિધાનથી બ્રહ્મનું અભિધાન નથી એમ કહી શકાય, કેમકે 'तावानस्य महिमा' **'તેટલો એનો મહિમા છે'** એ ઋચામાં ચતુષ્પાદ બ્રહ્મનું દર્શન છે. એ નથી. 'गायत्री वा इदं सर्वम्' **'આ સર્વ ગાયત્રી જ છે'** એમ ગાયત્રીનો ઉપક્રમ કરીને, તેનું જ ભૂત, પૃથિવી, શરીર, હૃદય, વાણી અને પ્રાણ એ ભેદોથી વ્યાખ્યાન કરીને ''सैषा चतुष्पदा षड्विधा गायत्री तदेतदृचाभ्यनूक्तं तावानस्य महिमा'' **'તે એ ચાર પાદવાળી, છ પ્રકારની ગાયત્રી છે, તેથી એ અર્થમાં એ ગાયત્રી નામનું બ્રહ્મ મન્ત્ર વડે પણ પ્રકાશિત કર્યું છે'** એમ જેના સ્વરૂપનું વ્યાખ્યાન કર્યું છે એવી ગાયત્રીમાં કહેલો મન્ત્ર એકદમ કેવી રીતે ચતુષ્પાદ બ્રહ્મનું અભિધાન કરે. તેમાં વળી ''यद्वै तद्ब्रह्म'' (છા. ઉપ. ૩-૧૨-૫,૬) **'જે ત્રિપાદ અમૃત ગાયત્રીમુખે બ્રહ્મ કહ્યું છે તે એ જ છે'** એમાં જે બ્રહ્મ શબ્દ છે તે પણ છન્દનું પ્રકરણ હોવાથી છન્દનો જ વાચક છે, કેમકે ''य एतामेवं ब्रह्मोपनिषदं वेद'' (છા. ઉપ. ૩-૧૧-૩) **'જે આ બ્રહ્મોપનિષદને-વેદરહસ્યને એવી રીતે જાણે છે'** એમાં વેદોપનિષદ્ એમ વ્યાખ્યાન કરે છે તેથી છન્દના અભિધાનથી બ્રહ્મ પ્રકૃત નથી એમ કહેશો તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गायत्र्याख्यच्छन्दोद्वारेण, तदनुगते ब्रह्मणि चेतसोऽर्पणं चित्तसमाधानम्, अनेन ब्राह्मणवाक्येन निगद्यते- **'गायत्री वा इदं सर्वम्'** इति । न ह्यक्षरसंनिवेशमात्राया गायत्र्याः सर्वात्मकत्वं संभवति । तस्माद्यद्गायत्र्याख्यविकारेऽनुगतं जगत्कारणं ब्रह्म निर्दिष्टम्, तदिह सर्वमित्युच्यते, यथा **'सर्वं खल्विदं ब्रह्म'** (छा.उप. ३-१४-१) इति । कार्यं च कारणादव्यतिरिक्तमिति वक्ष्यामः- **'तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः'** (ब्र.सू. २-१-१४) इत्यत्र । तथान्यत्रापि विकारद्वारेण ब्रह्मण उपासनं दृश्यते- **'एतं ह्येव बह्वृचा महत्युक्थे मीमांसन्त एतमग्नावध्वर्यव एतं महाव्रते च्छन्दोगाः'**(ऐ.आ. ३-२-३-१२) इति । तस्मादस्ति छन्दोभिधानेऽपि पूर्वस्मिन्वाक्ये चतुष्पाद्ब्रह्म निर्दिष्टम् । तदेव ज्योतिर्वाक्येऽपि परामृश्यते उपासनान्तरविधानाय । अपर आह — साक्षादेव गायत्रीशब्देन ब्रह्म प्रतिपाद्यते, संख्यासामान्यात् । यथा गायत्री चतुष्पदा षडक्षरैः पादैः, तथा ब्रह्म चतुष्पात् । तथान्यत्रापि छन्दोभिधायी शब्दोऽर्थान्तरे संख्यासामान्यात्प्रयुज्यमानो दृश्यते । तद्यथा- **'ते वा एते पञ्चान्ये पञ्चान्ये दश सन्तस्तत्कृतम्'** (छा.उप. ४-३-८) इत्युपक्रम्याह **'सैषा विराडन्नादी'** (छा.उप. ४-३-८) इति । अस्मिन्पक्षे ब्रह्मैवाभिहितमिति न छन्दोभिधानम् । सर्वथाप्यस्ति पूर्वस्मिन्वाक्ये प्रकृतं ब्रह्म इति ॥२५॥

भूतादिपादव्यपदेशोपपत्तेश्चैवम् ॥ २६ ॥

इतश्चैवमभ्युपगन्तव्यमस्ति पूर्वस्मिन्वाक्ये प्रकृतं ब्रह्मेति; यतो भूतादीन्पादान्व्यपदिशति श्रुतिः । भूतपृथिवीशरीरहृदयानि हि निर्दिश्याह- **'सैषा चतुष्पदा षड्विधा गायत्री'** इति । न हि ब्रह्मानाश्रयणे केवलस्य छन्दसो भूतादयः पादा उपपद्यन्ते। अपि च ब्रह्मानाश्रयणे नेयमृक् संबध्येत- **'तावानस्य महिमा'** इति । अनया हि ऋचा स्वरसेन ब्रह्मैवाभिधीयते, **'पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि'** (छा.उप. ३-१२-५) इति सर्वात्मत्वोपपत्तेः । पुरुषसूक्तेऽपीयमृक् ब्रह्मपरतयैव समाम्नायते। स्मृतिश्च ब्रह्मण एवंरूपतां दर्शयति **'विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्'** (भ.गी.१०-४२) इति । **'यद्वै तद्ब्रह्म'**

(અમે કહીએ છીએ કે) ના, એ દોષ નથી, 'तथा चेतोऽर्पणनिगदात्' તેવી રીતે, ગાયત્રી નામના છન્દ મારફતે, તેનાથી અનુગત બ્રહ્મને વિષે ચિત્તનું અર્પણ-ચિત્તનું સમાધાન આ બ્રાહ્મણવાક્યે 'गायत्री वा इदं सर्वम्' **'આ સર્વ ગાયત્રી જ છે'** એમ કહેલું છે. ખરેખર અક્ષરસંનિવેશમાત્ર જે ગાયત્રી તે સર્વાત્મક છે એમ શક્ય નથી; તેથી જે ગાયત્રી નામના વિકારમાં સાથે રહેલું જગત્કારણ બ્રહ્મ છે તે જ સર્વ છે એમ અહીં કહે છે, જેમ ''सर्वं खल्विदं ब्रह्म'' (છા. ઉપ. ૩-૧૪-૧) **'એ સર્વ ખરેખર જ બ્રહ્મ છે'** એમાં છે તેમ. વળી કાર્ય કારણથી અભિન્ન છે એમ 'तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः' (બ્ર.સૂ. ૨-૧-૧૪) **'કાર્યકારણનું અનન્યત્વ (અભેદ) છે, આરંભણ શબ્દ આદિથી'** એમાં કહીશું. તેમજ બીજે સ્થળે પણ, 'एतं ह्येव बह्वृचा महत्युक्थे मीमांसन्त एतमग्नावध्वर्यव एतं महाव्रते छन्दोगाः' (ઐત૦આ૦૩-૨-૩-૧૨) **'એ પરમાત્માને જ ઋગ્વેદીઓ મોટા શસ્ત્ર તરીકે ઉપાસે છે, એને જ અગ્નિ તરીકે યજુર્વેદીઓ ઉપાસે છે, એને જ સામવેદીઓ મહાવ્રત ક્રતુમાં ઉપાસે છે'** એમાં વિકાર દ્વારા બ્રહ્મની ઉપાસના દેખાય છે. માટે છન્દના અભિધાનમાં પણ પૂર્વ વાક્યમાં બ્રહ્મ જ નિર્દિષ્ટ છે. તેનો જ જ્યોતિર્વાક્યમાં બીજી ઉપાસનાનું વિધાન કરવા માટે પરામર્શ થાય છે. બીજો કહે છે કે - ગાયત્રી શબ્દથી સાક્ષાત્ બ્રહ્મનું પ્રતિપાદન થાય છે; કેમકે સંખ્યાની સમાનતા છે. જેમ ગાયત્રી છ અક્ષરવાળા ચાર પાદે ચતુષ્પાદ છે, તેમ બ્રહ્મ ચતુષ્પાદ છે. તેમ બીજે સ્થળે પણ છન્દનું અભિધાન કરનાર શબ્દનો સંખ્યાની સમાનતાને કારણે બીજા અર્થમાં પ્રયોગ દેખાય છે, જેમકે 'ते वा एते पञ्चान्ये पञ्चान्ये दश सन्तस्तत्कृतम्' (છા. ઉપ. ૪-૩-૮) **'તે એ પાંચ અને બીજા પાંચ, દશ થઈ તેઓ કૃત કહેવાય છે'** એમ ઉપક્રમ (આરંભ) કરી 'सैषा विराडन्नादी' (છા. ઉપ. ૪-૩-૮) **'તે એ અન્નભક્ષક વિરાટ છે'** આ પક્ષમાં બ્રહ્મનું જ અભિધાન કર્યું છે એટલે છન્દનું અભિધાન નથી. સર્વ પ્રકારે પૂર્વવાક્યમાં તો બ્રહ્મ પ્રકૃત છે. ॥ ૨૫ ॥

ભૂતાદિ પાદ છે એવો નિર્દેશ યોગ્ય બને માટે પણ એમ જ (પૂર્વવાક્યમાં બ્રહ્મ પ્રકૃત છે) ॥ ૨૬ ॥

પૂર્વવાક્યમાં બ્રહ્મ પ્રકૃત છે એમ આ કારણથી પણ સ્વીકારવું જોઈએ; કારણ કે ભૂતાદિનો પાદ તરીકે નિર્દેશ કરે છે. ખરેખર, ભૂત, પૃથિવી, શરીર અને હૃદયનો નિર્દેશ કરીને કહે છે - 'सैषा चतुष्पदा षड्विधा गायत्री' (તે આ ચાર પાદવાળી, છ પ્રકારની ગાયત્રી છે). ચોક્કસ બ્રહ્મનો આશ્રય ન કરીએ તો કેવળ છન્દને ભૂતાદિ પાદ યુક્ત થાય નહિ. વળી બ્રહ્મનો આશ્રય ન કરીએ તો 'तावानस्य०' **'એનો તેટલો વગેરે'** આ ઋચાનો સંબંધ શક્ય બને નહીં. ખરેખર, એ ઋચા વડે સ્વરસથી બ્રહ્મનું જ અભિધાન થાય છે, કારણ કે 'पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि' (છા. ઉપ. ૩-૧૨-૫) **'સર્વ ભૂતો એનો પાદ અને દિવને વિષે અમૃત ત્રણ પાદ છે'** એમ સર્વાત્મતા યોગ્ય બને છે. પુરુષસૂક્તમાં પણ, એ ઋચા બ્રહ્મવિષયક જ કહેલી છે. 'विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्' (ભગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(छा.उप. ३-१२-७) इति च निर्देशः । एवं सति मुख्यार्थ उपपद्यते । **'ते वा एते पञ्च ब्रह्मपुरुषाः'** (छा.उप. ३-१३-६) इति च **'हृदयसुषिषु ब्रह्मपुरुष'** श्रुतिर्ब्रह्मसंबन्धितायां विवक्षितायां संभवति । तस्मादस्ति पूर्वस्मिन्वाक्ये ब्रह्म प्रकृतम् । तदेव ब्रह्म ज्योतिर्वाक्येद्युसंबन्धात्प्रत्यभिज्ञायमानं परामृश्यत इति स्थितम् ॥२६॥

उपदेशभेदान्नेति चेन्नोभयास्मिन्नप्यविरोधात् ॥ २७ ॥

यदप्येतदुक्तम् - पूर्वत्र **'त्रिपादस्यामृतं दिवि'** इति सप्तम्या द्यौः आधारत्वेनोपदिष्टा; इह पुनः **'अथ यदतः परो दिवः'** इति पञ्चम्या मर्यादात्वेन; तस्मादुपदेशभेदान्न तस्येह प्रत्यभिज्ञानमस्तीति- तत्परिहर्तव्यम् । अत्रोच्यते-नायं दोषः, उभयस्मिन्नप्यविरोधात्। उभयस्मिन्नपि सप्तम्यन्ते पञ्चम्यन्ते चोपदेशे न प्रत्यभिज्ञानं विरुध्यते । यथा लोके वृक्षाग्रेण संबद्धोऽपि श्येन उभयथोपदिश्यमानो दृश्यते - वृक्षाग्रे श्येनो वृक्षाग्रात्परतः श्येन इति च, एवं दिव्येव सद्ब्रह्म दिवः परमित्युपदिश्यते । अपर आह - यथा लोके वृक्षाग्रेणासंबद्धोऽपि श्येन उभयथोपदिश्यमानो दृश्यते-वृक्षाग्रे श्येनो वृक्षाग्रात्परतः श्येन इति च, एवं दिवः परमपि सद्ब्रह्म दिवीत्युपदिश्यते । तस्मादस्ति पूर्वनिर्दिष्टस्य ब्रह्मण इह प्रत्यभिज्ञानम् । अतः परमेव ब्रह्म ज्योतिःशब्दमिति सिद्धम् ॥२७॥

११. प्रतर्दनाधिकरण

प्राणस्तथानुगमात् ॥ २८ ॥

अस्ति कौषीतकिब्राह्मणोपनिषदीन्द्रप्रतर्दनाख्यायिका- **'प्रतर्दनो ह वै दैवोदासिरिन्द्रस्य प्रियं धामोपजगाम युद्धेन च पौरुषेण च'** इत्यारभ्याम्नाता । तस्यां श्रूयते - **'स होवाच प्राणोऽस्मि प्रज्ञात्मा तं मामायुरमृतमित्युपास्स्व'** इति । तथोत्तरत्रापि- **'अथ खलु प्राण एव प्रज्ञात्मेदं शरीरं परिगृह्योत्थापयति'** (कौ.उप. ३-१-२,३) इति । तथा **'न वाचं विजिज्ञासीत वक्तारं**

ગી. ૧૦-૪૨) 'એક અંશે આ આખા જગતને ટેકવીને હું ઊભો છું' એ સ્મૃતિ પણ બ્રહ્મનું એવું સ્વરૂપ જ દર્શાવે છે. 'यद्वै तद्ब्रह्म' (છા. ઉપ. ૩-૧૨-૭) 'જે કંઈ છે તે બ્રહ્મ છે' એ નિર્દેશ પણ એમ થાય ત્યારે મુખ્યાર્થમાં યોગ્ય બને છે. 'पञ्च ब्रह्मपुरुषाः' (છા. ઉપ. ૩-૧૩-૬) **'પાંચ બ્રહ્મપુરુષો'** એમ 'हृदयसुषिषु ब्रह्मपुरुषः' **'હૃદયના છિદ્રોને વિષે બ્રહ્મપુરુષ'** એવી શ્રુતિ પૂર્વવાક્ય બ્રહ્મ સાથેનો સંબંધ દર્શાવનાર છે એવી વિવક્ષામાં જ સંભવે છે. તેટલા માટે પૂર્વ વાક્યમાં બ્રહ્મ પ્રકૃત છે. તે જ બ્રહ્મનો જ્યોતિર્વાક્યમાં દ્યુસંબંધથી ઓળખાતા તરીકે પરામર્શ કરાય છે એવી સ્થિતિ છે. ॥ ૨૬ ॥

ઉપદેશના ભેદથી (તે બ્રહ્મનું અહીં પ્રત્યભિજ્ઞાન) નથી એમ કહેશો તો નહિ; કેમકે બંને (ઉપદેશ)માં (પ્રત્યભિજ્ઞાનથી) પણ અવિરોધ છે ॥ ૨૭ ॥

'त्रिपादस्यामृतं दिवि' એમાં સપ્તમીથી દિવના આધાર તરીકે ઉપદેશ છે, પણ 'अथ यदतः परो दिवः' **'હવે જે એ દ્યુલોકથી પર છે'** એમાં પંચમીથી મર્યાદા તરીકે ઉપદેશ છે, તેથી ઉપદેશના ભેદથી તે(બ્રહ્મ)નું અહીં પ્રત્યભિજ્ઞાન નથી એમ જે પૂર્વે કહ્યું છે તેનો પરિહાર કરવો જોઈએ. એને વિષે કહીએ છીએ. એ દોષ નથી, કેમકે બંનેમાં અવિરોધ છે . બંનેમાં-સપ્તમ્યન્ત અને પંચમ્યન્ત ઉપદેશમાં-પ્રત્યભિજ્ઞાનનો વિરોધ નથી. જેમ લોકમાં વૃક્ષના અગ્ર ભાગમાં સંબદ્ધ એવું પણ શ્યેનપક્ષી **'વૃક્ષના અગ્ર ભાગમાં શ્યેન છે,'** **'વૃક્ષના અગ્રભાગથી પર શ્યેન છે'** એમ બંને રીતે ઉપદેશ કરાતું જોવામાં આવે છે, એવી રીતે દિવમાં જ રહેલું બ્રહ્મ 'દિવથી પર છે' એમ ઉપદેશ કરાય છે. બીજો કહે છે - જેમ લોકમાં વૃક્ષના અગ્ર ભાગમાં અસંબદ્ધ એવું પણ શ્યેનપક્ષી, 'વૃક્ષના અગ્ર ભાગમાં શ્યેનપક્ષી,' અને 'વૃક્ષાગ્રથી પર શ્યેન' એમ બંને રીતે ઉપદેશ કરાતું દેખાય છે, એવી રીતે 'દિવથી પર' એવું બ્રહ્મ પણ 'દિવમાં' એમ ઉપદેશ કરાય છે. માટે પૂર્વનિર્દિષ્ટ બ્રહ્મનું અહીં પ્રત્યભિજ્ઞાન છે. એથી જ્યોતિઃ શબ્દના પ્રકરણમાં પર બ્રહ્મ જ છે એવી સ્થિતિ છે ॥૨૭॥

૧૧. પ્રતર્દન અધિકરણ

પ્રાણ (બ્રહ્મ છે), કેમકે તેવી રીતે અનુગમ છે ॥ ૨૮ ॥

કૌષીતકિબ્રાહ્મણ-ઉપનિષદમાં ઇન્દ્ર અને પ્રતર્દનની આખ્યાયિકા-'प्रतर्दनो ह वै दैवोदासिरिन्द्रस्य प्रियं धामोपजगाम युद्धेन च पौरुषेण च' **'દિવોદાસનો પુત્ર પ્રતર્દન યુદ્ધ અને પરાક્રમના હેતુથી ઇન્દ્રને પ્રિય ધામ ગયો'** એમ આરંભ કરી કહી છે. તેને વિષે 'स होवाच प्राणोऽस्मि प्रज्ञात्मा तं मामायुरमृतमित्युपास्स्व' **(તેણે કહ્યું, હું પ્રાણ છું, પ્રજ્ઞાત્મા છું, તે મને આયુ અને અમૃત તરીકે ઉપાસ)** એવી શ્રુતિ છે. તેમ આગળ પણ 'अथ खलु प्राण एव प्रज्ञात्मेदं शरीरं परिगृह्योत्थापयति' (કૌ.ઉપ. ૩-૧,૨,૩) **'પછી, સાચેજ, પ્રાણ જ પ્રજ્ઞાત્મા આ શરીરનું ગ્રહણ કરીને ઉઠાવે છે'** એવી તેમ 'न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्' **'વાણીને જાણવાની ઇચ્છા ન કરવી, વક્તાને જાણવો'** વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

'स एष प्राण एव प्रज्ञात्मानन्दोऽजरोऽमृतः' (कौ.उप. ३-८) इत्यादि। तत्र संशयः-किमिह प्राणशब्देन
विद्यात्' इति। अन्ते च
वायुमात्रमभिधीयते, उत देवतात्मा, उत जीवः, अथवा परं ब्रह्मेति। ननु **'अत एव प्राणः'** (ब्र.सू. १-१-२३) इत्यत्र वर्णितं
प्राणशब्दस्य ब्रह्मपरत्वम्; इहापि च ब्रह्मलिङ्गमस्ति- **'आनन्दोऽजरोऽमृतः'** इत्यादि। कथमिह पुनः संशयः संभवति ? -
अनेकलिङ्गदर्शनादिति ब्रूमः। न केवलमिह ब्रह्मलिङ्गमेवोपलभ्यते। सन्ति हीतरलिङ्गान्यपि- **'मामेव विजानीहि'** (कौ.उप.
३-१) इतीन्द्रस्य वचनं देवतात्मलिङ्गम्। **'इदं शरीरं परिगृह्योत्थापयति'** इति प्राणलिङ्गम्। **'न वाचं विजिज्ञासीत वक्तारं**
विद्यात्' इत्यादि जीवलिङ्गम्। अत उपपन्नः संशयः। तत्र प्रसिद्धेर्वायुः प्राण इति प्राप्ते - इदमुच्यते-प्राणशब्दं ब्रह्म विज्ञेयम्।
कुतः ? तथानुगमात्। तथाहि - पौर्वापर्येण पर्यालोच्यमाने वाक्ये पदानां समन्वयो ब्रह्मप्रतिपादनपर उपलभ्यते। उपक्रमे तावत्
'वरं वृणीष्व' इतीन्द्रेणोक्तः प्रतर्दनः परमं पुरुषार्थं वरमुपचिक्षेप- **'त्वमेव मे वरं वृणीष्व यं त्वं मनुष्याय हिततमं मन्यसे'**
इति। तस्मै हिततमत्वेनोपदिश्यमानः प्राणः कथं परमात्मा न स्यात्। न ह्यन्यत्र परमात्मविज्ञानाद्धिततमप्राप्तिरस्ति, **'तमेव विदित्वाति**
मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय' (श्वेता.उप. ३-८) इत्यादिश्रुतिभ्यः। तथा **'स यो मां वेद न ह वै तस्य केनचन**
कर्मणा लोको मीयते न स्तेयेन न भ्रूणहत्यया' (कौ.उप. ३-१) इत्यादि च ब्रह्मपरिग्रहे घटते। ब्रह्मविज्ञानेन हि सर्वकर्मक्षयः
प्रसिद्धः-**'क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे'** (मु.उप.२-२-८) इत्याद्यासु श्रुतिषु प्रज्ञात्मत्वं च ब्रह्मपक्ष एवोपपद्यते।
न ह्यचेतनस्य वायोः प्रज्ञात्मत्वं संभवति। तथोपसंहारेऽपि **'आनन्दोऽजरोऽमृतः'** इत्यानन्दत्वादीनि च न ब्रह्मणोऽन्यत्र सम्यक्
संभवन्ति। **'स न साधुना कर्मणा भूयान्भवति नो एवासाधुना कर्मणा कनीयानेष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो**
लोकेभ्य उन्निनीषते। एष उ एवासाधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्योऽधो निनीषते' इति, **'एष लोकाधिपतिरेष**

અને અન્તે 'स एष प्राण एष प्रज्ञात्मानन्दोऽजरोऽमृतः' (કૌ.ઉપ.૩-૮) **'તે એ પ્રાણ જ પ્રજ્ઞાત્મા, આનન્દ, અજર અને અમૃત છે'** વગેરે શ્રુતિ છે. તેમાં સંશય છે કે શું અહીં પ્રાણ શબ્દથી વાયુમાત્રનું અભિધાન થાય છે કે દેવતાત્માનું, જીવનું કે પર બ્રહ્મનું પણ 'अत एव प्राणः' (બ્ર.સૂ. ૧-૧-૨૩) **'એથી જ પ્રાણ'** એ સૂત્રમાં પ્રાણ શબ્દ બ્રહ્મપરક છે એમ વર્ણવ્યું છે, અને અહીં પણ 'आनन्दोऽजरोऽमृतः' **'આનન્દ, અજર અને અમૃત છે'** ઇત્યાદિ બ્રહ્મલિંગ છે, તો અહીં શી રીતે સંશય સંભવે છે ? અમે કહીએ છીએ કે અનેક લિંગના દર્શનથી (સંશય સંભવે છે). અહીં માત્ર બ્રહ્મલિંગ ઉપલબ્ધ છે એમ નથી; ખરેખર, બીજાં લિંગો પણ છે. 'मामेव विजानीहि' (કૌ.ઉપ. ૩-૧) **'મને જ જાણ'** એ ઇન્દ્રનું વચન દેવતાત્માનું લિંગ છે. 'इदं शरीरं परिगृह्योत्थापयति' **'આ શરીરનું ગ્રહણ કરીને ઉઠાવે છે'** એ પ્રાણનું લિંગ છે. 'न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्' **'વાણીને જાણવાની ઇચ્છા ન કરવી, વક્તાને જાણવો'** વગેરે જીવનું લિંગ છે. માટે સંશય યુક્ત છે. તેમાં પ્રસિદ્ધિથી પ્રાણ એટલે વાયુ એમ પ્રાપ્ત થતાં કહીએ છીએ. પ્રાણ શબ્દ જેમાં છે એ પ્રકરણ બ્રહ્મવાચક છે. શાથી ? તેવી રીતે અનુગમ છે તેથી. કારણ કે પૂર્વાપરસંબંધનો વિચાર કરતાં વાક્યમાં પદાર્થોનો સમન્વય બ્રહ્મપ્રતિપાદનપરક છે એમ પ્રાપ્ત થાય છે. પ્રથમ તો ઉપક્રમમાં 'वरं वृणीष्व' **'વર પસંદ કર'** એમ ઇન્દ્રે જેને કહેલું એવો પ્રતર્દન પરમ પુરુષાર્થરૂપ વરનો નિર્દેશ કરે છે 'त्वमेव मे वृणीष्व यं त्वं मनुष्याय हिततमं मन्यसे' **'તું જ મારે માટે પસંદ કર કે જે વર તું મનુષ્યને માટે સર્વથી વિશેષ હિતકારક માને છે'**. તેને સર્વથી વિશેષ હિતકારક તરીકે દર્શાવાયેલો પ્રાણ પરમાત્મા કેમ ન થાય ? પરમાત્માના જ્ઞાનથી અન્યત્ર વધુ હિતકારક જ્ઞાનની પ્રાપ્તિ નથી; કેમકે 'तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय' (શ્વેતા.ઉપ. ૩-૮) **'તેનું જ જ્ઞાન મેળવીને અતિમૃત્યુ પામે છે, તેને પહોંચવાનો બીજો માર્ગ નથી'** એવી શ્રુતિ છે. તેમ 'स यो मां वेद न ह वै तस्य केनचन कर्मणा लोको मीयते न स्तेयेन भ्रूणहत्यया' (કૌ. ૩-૧) **'તે જે મને જાણે છે તેનો લોક કોઈ પણ કર્મ વડે, સ્તેય કે ભ્રૂણહત્યા વડે, હિંસા પામતો નથી'** વગેરે બ્રહ્મનો પરિગ્રહ કરે તે યોગ્ય છે. ખરેખર બ્રહ્મવિજ્ઞાનથી સર્વ કર્મનો ક્ષય 'क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे' (મું.ઉપ. ૨-૨-૮) **'તે પરાવરનું જ્ઞાન થતાં એનાં કર્મો ક્ષય પામે છે'** વગેરે શ્રુતિઓમાં પ્રસિદ્ધ છે. પ્રજ્ઞાત્મત્વ પણ બ્રહ્મપક્ષમાં જ ઘટે છે. ખરેખર અચેતન વાયુને પ્રજ્ઞાત્મત્વ સંભવતું નથી. તેમ ઉપસંહારમાં પણ 'आनन्दोऽजरोऽमृतः' એમ આનન્દત્વ વગેરે બ્રહ્મથી અન્યત્ર બરોબર સંભવતાં નથી. 'स न साधुना कर्मणा भूयान् भवति नो एवासाधुना कर्मणा कनीयानेष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषते। एष उ एवासाधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्योऽधो निनीषते' એમ અને 'एष लोकाधिपतिरेष लोकेशः' (કૌ.ઉપ. ૩-૮) **'તે સાધુ કર્મથી મોટો થતો નથી અને અસાધુ કર્મથી નાનો થતો નથી; કેમકે એ જ તેને સાધુ કર્મ કરાવે છે, જેને આ લોકોમાંથી ઊંચે લઈ જવા ઇચ્છે છે અને એ જ તેને અસાધુ કર્મ કરાવે છે, જેને આ લોકોમાંથી નીચે સ્થાને લઈ જવા ઇચ્છે છે-એ લોકાધિપતિ છે, એ લોકેશ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लोकपाल एष लोकेशः' (कौ.उप.३-८) इति च। सर्वमेतत्परस्मिन्ब्रह्मण्याश्रीयमाणेऽनुगन्तुं शक्यते, न मुख्ये प्राणे। तस्मात्प्राणो ब्रह्म ॥२८॥

न वक्तुरात्मोपदेशादिति चेदध्यात्मसंबन्धभूमा ह्यस्मिन् ॥ २९ ॥

यदुक्तं प्राणो ब्रह्मेति, तदाक्षिप्यते-न परं ब्रह्म प्राणशब्दम्; कस्मात् ? वक्तुरात्मोपदेशात् । वक्ता हीन्द्रो नाम कश्चिद्विग्रहवान्देवताविशेषः स्वमात्मानं प्रतर्दनायाचचक्षे-'**मामेव विजानीहि**' इत्युपक्रम्य '**प्राणोऽस्मि प्रज्ञात्मा**' इत्यहंकारवादेन। स एव वक्तुरात्मत्वेनोपदिश्यमानः प्राणः कथं ब्रह्म स्यात् ? न हि ब्रह्मणो वक्तृत्वं संभवति, '**अवागमनाः**' (बृह.उप. ३-८-८) इत्यादिश्रुतिभ्यः । तथा विग्रहसंबन्धिभिरेव ब्रह्मण्यसंभवद्भिर्धर्मैरिन्द्र आत्मानं तुष्टाव- '**त्रिशीर्षाणं त्वाष्ट्रमहनमरुमुख्यान्यतीञ्शालावृकेभ्यः प्रायच्छम्**' इत्येवमादिभिः । प्राणत्वं चेन्द्रस्य बलवत्त्वादुपपद्यते; '**प्राणो वै बलम्**' इति हि विज्ञायते । बलस्य चेन्द्रो देवता प्रसिद्धा । या च काचिद्बल कृतिः, इन्द्रस्य कर्मैव तदिति हि वदन्ति । प्रज्ञात्मत्वमप्यप्रतिहतज्ञानत्वाद्देवतात्मनः संभवति । अप्रतिहतज्ञाना देवता इति हि वदन्ति । निश्चिते चैवं देवतात्मोपदेशे हिततमत्वादिवचनानि यथासंभवं तद्विषयाण्येव योजयितव्यानि। तस्माद्वक्तुरिन्द्रस्यात्मोपदेशात् न प्राणो ब्रह्मेत्याक्षिप्य प्रतिसमाधीयते - '**अध्यात्मसंबन्धभूमा ह्यस्मिन्**' इति। अध्यात्मसंबन्धः प्रत्यगात्मसंबन्धः, तस्य भूमा बाहुल्यम्, अस्मिन्नध्याये, उपलभ्यते। '**यावद्ध्यस्मिञ्शरीरे प्राणो वसति तावदायुः**' इति प्राणस्यैव प्रज्ञात्मनः प्रत्यग्भूतस्यायुष्प्रदानोपसंहारयोः स्वातन्त्र्यं दर्शयति, न देवताविशेषस्य पराचीनस्य । तथास्तित्वे च प्राणानां निःश्रेयसमित्यध्यात्ममेवेन्द्रियाश्रयं प्राणं दर्शयति । तथा '**प्राण एव प्रज्ञात्मेदं शरीरं परिगृह्योत्थापयति**' (कौ.उप. ३-३) इति। '**न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्**' इति चोपक्रम्य '**तद्यथा रथस्यारेषु नेमिरर्पिता नाभावरा अर्पिता एवमेवैता भूतमात्राः प्रज्ञामात्रास्वर्पिताः प्रज्ञामात्राः प्राणेऽर्पिताःस एष प्राण एव**

છે', એમ શ્રુતિ છે. આ સર્વ પર બ્રહ્મનો આશ્રય કરીએ તો બરોબર સમજી શકાય છે, મુખ્ય પ્રાણનો આશ્રય કરીએ તો નહિ. માટે પ્રાણ એટલે બ્રહ્મ છે ॥ ૨૮ ॥

વક્તા આત્મોપદેશ કરે છે તેથી (પ્રાણ બ્રહ્મ નથી) એમ જો (કહેશો તો અમે કહીએ છીએ કે) ના, કારણ કે એને વિષે (આ અધ્યાયને વિષે) અધ્યાત્મસંબન્ધ ઘણો છે. ॥ ૨૯ ॥

પ્રાણ બ્રહ્મ છે એમ જે કહ્યું છે તેનો આક્ષેપ કરે છે. પ્રાણ શબ્દ જેમાં છે એ પ્રકરણ પરબ્રહ્મવાચક નથી. શાથી ? વક્તા આત્મોપદેશ કરે છે તેથી. ખરેખર ઇન્દ્ર નામના કોઈક દેહધારી દેવતાવિશેષ વક્તાએ પોતાના આત્માને 'मामेव विजानीहि' '**મને જ જાણ**' એમ ઉપક્રમ કરીને 'प्राणोऽस्मि प्रज्ञात्मा' '**હું પ્રાણ છું, પ્રજ્ઞાત્મા છું**' એમ અહંકારવાદે પ્રતર્દનને કહ્યો. વક્તાના આત્મા તરીકે ઉપદેશ કરાતો તે જ પ્રાણ બ્રહ્મ શી રીતે થાય ? ખરેખર બ્રહ્મ વક્તા થાય એ સંભવતું નથી, કેમકે 'अवागमनाः' (બૃહ. ઉપ. ૩-૮-૮) '**વાણીરહિત, મન વિનાનું**' એવી શ્રુતિ છે. તેમ દેહની સાથે સંબંધ રાખે એવા જ અને બ્રહ્મને વિષે સંભવે નહીં એવા ધર્મો એ (ઇન્દ્રે) - 'त्रिशीर्षाणं त्वाष्ट्रमहनमरुन्मुखान् यतीञ्शालावृकेभ्यः प्रायच्छम्' '**ત્રણ માથાવાળા ત્વષ્ટાના પુત્રને મેં હણ્યો, વેદાન્તથી બહિર્મુખ યતિઓને વન્ય કૂતરાઓને મેં આપ્યા**' વગેરે વચનથી પોતાની સ્તુતિ કરી છે. ઇન્દ્ર પ્રાણ છે એ તેના બલવાન હોવાથી યોગ્ય બને છે. ખરેખર 'प्राणो वै बलम्' '**પ્રાણ જ બળ છે**' એમ સમજાય છે, અને ઇન્દ્ર બળનો પ્રસિદ્ધ દેવતા છે. જે કોઈ બલની પ્રકૃતિ છે તે ઇન્દ્રકર્મ જ છે એમ ચોક્કસ કહે છે. દેવતાનો આત્મા પણ પ્રજ્ઞાત્મા છે એમ સંભવે છે, કેમકે તેમનું જ્ઞાન અપ્રતિહત—અટકાવી ન શકાય તેવું છે. ખરેખર દેવતા અપ્રતિહત જ્ઞાનવાળા છે એમ કહે છે. દેવતાત્માનો ઉપદેશ આ પ્રમાણે નક્કી થયો એટલે હિતતમત્વ વગેરે વચન સંભવને અનુસરીને તેને જ લાગુ પાડવાં જોઈએ. માટે વક્તા એવા ઇન્દ્રનો આત્મોપદેશ છે તેથી પ્રાણ બ્રહ્મ નથી એમ આક્ષેપ કરીને તેનું સમાધાન કરે છે - '**કેમકે એને વિષે અધ્યાત્મ સંબન્ધ ઘણો છે.**' અધ્યાત્માનો સંબન્ધ એટલે પ્રત્યગાત્માનો સંબન્ધ, તેનું બાહુલ્ય- બહુ હોવાપણું આ અધ્યાયમાં જોવામાં આવે છે. 'यावद्ध्यस्मिन् शरीरे प्राणो वसति तावदायुः' '**ખરેખર જ્યાં સુધી આ શરીરને વિષે પ્રાણ વસે છે ત્યાં સુધી આયુષ્ છે**' એ શ્રુતિ પ્રજ્ઞાત્મા, પ્રત્યગ્ભૂત પ્રાણ જ આયુષ આપવામાં અને ઉપસંહાર કરવામાં સ્વતન્ત્ર છે, બાહ્ય દેવતાવિશેષ નથી એવું દર્શાવે છે. તેમ પ્રાણ હોય તો નિશ્રેયસ્-ઇન્દ્રિયોની શરીરને વિષે સ્થિતિ - એ ઇન્દ્રિયોના આશ્રય પ્રત્યગાત્મા પ્રાણને જ દર્શાવે છે. તેમ 'प्राण एव प्रज्ञात्मेदं शरीरं परिगृह्योत्थापयति' (કૌ.ઉપ. ૩-૩) '**પ્રાણ જ પ્રજ્ઞાત્મા આ શરીરને ગ્રહણ કરીને ઉઠાવે છે**' એમ અને 'न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्' '**વાણીને જાણવાની ઇચ્છા કરવી' નહિ, વક્તાને જાણવો)** એમ ઉપક્રમ કરીને 'तद्यथा रथस्यारेषु नेमिरर्पिता नाभावरा अर्पिता एवमेवैता भूतमात्राः प्रज्ञामात्रास्वर्पिताः प्रज्ञामात्राः प्राणेऽर्पिताः स एष प्राण एव प्रज्ञात्मानन्दोऽजरोऽमृतः''તેટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रज्ञात्मानन्दोऽजरोऽमृतः' इति विषयेन्द्रियव्यवहाशनभिभूतं प्रत्यगात्मानमेवोपसंहरति । '**स म आत्मेति विद्यात्**' इति चोपसंहारः प्रत्यगात्मपरिग्रहे साधुः, न पराचीनपरिग्रहे । '**अयमात्मा ब्रह्म सर्वानुभूः**' (बृह.उप. २-५-१९) इति च श्रुत्यन्तरम् । तस्मादध्यात्मसंबन्धबाहुल्याद्ब्रह्मोपदेश एवायम्, न देवतात्मोपदेशः ॥२९॥

कथं तर्हि वक्तुरात्मोपदेशः ?

शास्त्रदृष्ट्या तूपदेशो वामदेववत् ॥ ३० ॥

इन्द्रो नाम देवतात्मा स्वमात्मानं परमात्मत्वेन '**अहमेव परं ब्रह्म**' इत्यार्षेण दर्शनेन यथाशास्त्रं पश्यन् उपदिशति स्म- '**मामेव विजानीहि**' इति, यथा - '**तद्धैतत्पश्यन्नृषिर्वामदेवः प्रतिपेदेऽहं मनुरभवं सूर्यश्च**' इति, तद्वत्, '**तद्यो यो देवानां प्रत्यबुध्यत स एव तदभवत्**' (बृह.उप. १-४-१०) इति श्रुतेः । यत्पुनरुक्तम् - '**मामेव विजानीहि**' इत्युक्त्वा, विग्रहश्चरिन्द्रः स्वमात्मानं तुष्टाव त्वाष्ट्रवधादिभिरिति, तत्परिहर्तव्यम्, अत्रोच्यते-न तावत् त्वाष्ट्रवधादीनां विज्ञेयेन्द्रस्तुत्यर्थत्वेनोपन्यासः- '**यस्मादेवंकर्माहम्, तस्मान्मां विजानीहि**' इति, कथं तर्हि ? विज्ञानस्तुत्यर्थत्वेन, यत्कारणं त्वाष्ट्रवधादीनि साहसान्युपन्यस्य परेण विज्ञानस्तुतिमनुसंदधाति - '**तस्य मे तत्र लोम च न मीयते स यो मां वेद न ह वै तस्य केन च कर्मणा लोको मीयते**' इत्यादिना । एतदुक्तं भवति- यस्मादीदृशान्यपि क्रूराणि कर्माणि कृतवतो मम ब्रह्मभूतस्य लोमापि न हिंस्यते, स योऽन्योऽपि मां वेद, न तस्य केनचिदपि कर्मणा लोको हिंस्यत इति । विज्ञेयं तु ब्रह्मैव '**प्राणोऽसि प्रज्ञात्मा**' इति वक्ष्यमाणम् । तस्माद् ब्रह्मवाक्यमेतत् ॥३०॥

जीवमुख्यप्राणलिङ्गान्नेति चेन्नोपासात्रैविध्यादाश्रितत्वादिह तद्योगात् ॥ ३१ ॥

માટે જેમ રથના આરાઓમાં નેમિ મૂકેલી છે અને નાભિને વિષે આરા મૂકેલા છે, એવી જ રીતે આ ભૂતમાત્રાઓ પ્રજ્ઞામાત્રાઓને વિષે મૂકેલી છે અને પ્રજ્ઞામાત્રા પ્રાણમાં મૂકેલી છે. તે આ પ્રાણ જ પ્રજ્ઞાત્મા, આનન્દ, અજર અને અમૃત છે' એમ વિષય અને ઇન્દ્રિયોના વ્યવહારરૂપ આરાના નાભિભૂત પ્રત્યગાત્માનો જ ઉપસંહાર કરે છે. 'सम आत्मेति विद्यात्' (તે મારો આત્મા છે એમ જાણવું જોઈએ) એમ ઉપસંહાર પ્રત્યગાત્માનું ગ્રહણ કરીએ ત્યારે જ યોગ્ય બને છે, બાહ્ય દેવતાનું ગ્રહણ કરીએ ત્યારે નહિ. 'अयमात्मा ब्रह्म सर्वानुभूः' (બૃહ. ઉપ. ૨-૫-૧૯) **'આ આત્મા બ્રહ્મ છે, સર્વને પ્રત્યક્ષ છે'** એવી બીજી શ્રુતિ છે. માટે અધ્યાત્માનો ઘણો સંબંધ છે, તેથી એ બ્રહ્મનો જ ઉપદેશ છે, દેવતાત્માનો ઉપદેશ નથી ॥ ૨૯ ॥

તો પછી વક્તાનો આત્મોપદેશ કેવી રીતે સંભળે ?

પણ શાસ્ત્રદષ્ટિથી ઉપદેશ (યોગ્ય છે), વામદેવની જેમ ॥ ૩૦ ॥

ઇન્દ્ર નામના દેવતાત્માએ પોતાના આત્માનું પરમાત્મા તરીકે 'अहमेव परं ब्रह्म' (હું જ પરબ્રહ્મ છું) એમ આર્ષ દર્શનથી યથાશાસ્ત્ર જ્ઞાન પ્રાપ્ત કરી ઉપદેશ કર્યો કે - 'मामेव विजानीहि' **'મને જ જાણ'**. જેમ 'तद्धैतत्पश्यन्नृषिर्वामदेवः प्रतिपेदेऽहं मनुरभवं सूर्यश्च' **'તે બ્રહ્મને-એ આત્માને જ હું બ્રહ્મ છું એમ જોતા ઋષિ વામદેવે હું મનુ હતો, હું સૂર્ય હતો એમ જ્ઞાન મેળવ્યું'** તેમ; કેમકે 'तद्यो देवानां प्रत्यबुध्यत स एव तदभवत्' (બૃહ. ઉપ. ૧-૪-૧૦) **'તેમાં, દેવોમાં જેને આત્મજ્ઞાન થયું તે જ પ્રતિબુદ્ધ આત્મા તે બ્રહ્મ થયો'** એવી શ્રુતિ છે. વળી 'मामेव विजानीहि' (મને જ જાણ) એમ કહીને ઇન્દ્રે ત્વષ્ટાના પુત્રના વધ આદિ દેહના ધર્મોથી પોતાની સ્તુતિ કરી-એમ જે કહ્યું છે તેનો પરિહાર કરવો જોઈએ. એ બાબતમાં કહીએ છીએ. ત્વષ્ટાપુત્રવધ આદિનો ઉપન્યાસ **'હું આવાં પરાક્રમવાળો છું તેથી મારું જ્ઞાન મેળવ'** એમ વિજ્ઞેય ઇન્દ્રની સ્તુતિને માટે નથી. ત્યારે શેને માટે છે ? વિજ્ઞાનની સ્તુતિને માટે છે, કેમકે ત્વાષ્ટ્રવધ-આદિ સાહસનો ઉપન્યાસ કરીને વિજ્ઞાનની સ્તુતિનું 'तस्य मे तत्र लोम च न मीयते स यो मां वेद न ह वै तस्य केन च कर्मणा लोको मीयते' **'ત્યાં તે મારા વાળની પણ હિંસા થતી નથી, જે મને જાણે છે તેનો મોક્ષ કોઈ પણ કર્મ વડે હિંસા પામતો નથી'** વગેરે ઉત્તર વાક્યથી અનુસંધાન કરે છે. તાત્પર્ય આ પ્રમાણે છે—આવાં પણ ક્રૂર કર્મ કરનાર જે હું બ્રહ્મભૂત તે મારો વાળ પણ હિંસા પામતો નથી, જે અન્ય પણ મને જાણે છે તેનો મોક્ષ કોઈ પણ કર્મથી હિંસા પામતો નથી. વિજ્ઞેય તો 'प्राणोऽस्मि प्रज्ञात्मा' **'હું પ્રાણ છું, પ્રજ્ઞાત્મા છું'** એમ વક્ષ્યમાણ બ્રહ્મ જ છે. માટે એ વાક્ય બ્રહ્મને વિષય કરનારું છે. ॥ ૩૦ ॥

જીવના અને મુખ્ય પ્રાણના લિંગથી (પ્રાણ બ્રહ્મ) નથી એમ જો (કહેશો તો)
ના; કેમકે ત્રણ પ્રકારની ઉપાસના થાય છે, (બ્રહ્મ) આશ્રિત છે તેથી અને અહીં તેનો
(બ્રહ્મલિંગનો) યોગ છે તેથી ॥ ૩૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यद्यप्यध्यात्मसंबन्धभूमदर्शनान्न पराचीनस्य देवतात्मन उपदेशः, तथापि न ब्रह्मवाक्यं भवितुमर्हति । कुतः ? जीवलिङ्गात् मुख्यप्राणलिङ्गाच्च । जीवस्य तावदस्मिन्वाक्ये विस्पष्टं लिङ्गमुपलभ्यते- **'न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्'** इत्यादि । अत्र हि वागादिभिः करणैर्व्यापृतस्य कार्यकरणाध्यक्षस्य जीवस्य विज्ञेयत्वमभिधीयते । तथा मुख्यप्राणलिङ्गमपि- **'अथ खलु प्राण एव प्रज्ञात्मेदं शरीरं परिगृह्योत्थापयति'** इति । शरीरधारणं च मुख्यप्राणस्य धर्मः, प्राणसंवादे वागादीन्प्राणान्प्रकृत्य- **'तान्वरिष्ठः प्राण उवाच मा मोहमापद्यथाहमेवैतत्पञ्चधात्मानं प्रविभज्यैतद्बाणमवष्टभ्य विधारयामि'**(प्र.उप. २-३) इति श्रवणात् । ये तु **'इमं शरीरं परिगृह्य'** इति पठन्ति, तेषाम् इमं जीवमिन्द्रियग्रामं वा परिगृह्य शरीरमुत्थापयतीति व्याख्येयम् । प्रज्ञात्मत्वमपि जीवे तावच्चेतनत्वादुपपन्नम् । मुख्येऽपि प्राणे प्रज्ञासाधनप्राणान्तराश्रयत्वादुपपन्नमेव । एवं जीवमुख्यप्राणपरिग्रहे च, प्राणप्रज्ञात्मनोः सहवृत्तित्वेनाभेदनिर्देशः, स्वरूपेण च भेदनिर्देशः, इत्युभयथापि निर्देश उपपद्यते- **'यो वै प्राणः सा प्रज्ञा या वै प्रज्ञा स प्राणः'** **'सह ह्येतावस्मिन् शरीरे वसतः सहोत्क्रामतः'** इति । ब्रह्मपरिग्रहे तु किं कस्माद्भिद्येत ? तस्मादिह जीवमुख्यप्राणयोरन्यतर उभौ वा प्रतीयेयातां न ब्रह्मेति चेत्, नैतदेवम्, उपासात्रैविध्यात् । एवं सति त्रिविधमुपासनं प्रसज्येत - जीवोपासनं मुख्यप्राणोपासनं ब्रह्मोपासनं चेति । न चैतदेकस्मिन्वाक्येऽभ्युपगन्तुं युक्तम् । उपक्रमोपसंहाराभ्यां हि वाक्यैकवाक्यत्वमवगम्यते । **'मामेव विजानीहि'** इत्युपक्रम्य, **'प्राणोऽस्मि प्रज्ञात्मा तं मामायुरमृतमित्युपास्स्व'** इत्युक्त्वा, अन्ते **'स एष प्राण एव प्रज्ञात्मानन्दोऽजरोऽमृतः'** इत्येकरूपावुपक्रमोपसंहारौ दृश्येते । तत्रार्थैकत्वं युक्तमाश्रयितुम् । न च ब्रह्मलिङ्गमन्यपरत्वेन परिणेतुं शक्यम्, दशानां भूतमात्राणां प्रज्ञामात्राणां च ब्रह्मणोऽन्यत्र अर्पणानुपपत्तेः । आश्रिततत्वाच्च अन्यत्रापि ब्रह्मलिङ्गवशात्प्राणशब्दस्य ब्रह्मणि प्रवृत्तेः, इहापि च हिततमोपन्यासादिब्रह्मलिङ्गयोगात्, ब्रह्मोपदेश एवायमिति गम्यते । यत्तु

જોકે અધ્યાત્મસંબન્ધ ઘણો જોવામાં આવે છે તેથી પરાચીન (બાહ્ય) દેવતાત્માનો ઉપદેશ નથી, તો પણ પ્રાણવાક્ય બ્રહ્મવિષયક થવાને યોગ્ય નથી. શાથી ? જીવના લિંગથી અને મુખ્ય પ્રાણના લિંગથી (ચિહ્નથી) જીવનું તો 'न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्' **'વાણીને જાણવાની ઇચ્છા ન કરવી, વક્તાને જાણવો.'** ઇત્યાદિ વાક્યમાં વિસ્પષ્ટ લિંગ પ્રાપ્ત થાય છે, કેમકે અહીં વાણી આદિ કરણથી વ્યાપાર કરતો, કાર્યકરણનો અધ્યક્ષ જીવ વિજ્ઞેય છે એમ કહ્યું છે. તેમ 'अथ खलु प्राण एव प्रज्ञात्मेदं शरीरं परिगृह्योत्थापयति' **'પછી ખરેખર પ્રાણ જ પ્રજ્ઞાત્મા આ શરીરનું ગ્રહણ કરીને ઉઠાવે છે'** એમાં મુખ્ય પ્રાણનું પણ લિંગ છે. શરીર ધારણ કરવું એ મુખ્ય પ્રાણનો ધર્મ છે, કેમકે પ્રાણસંવાદમાં વાક્ આદિની પ્રસ્તાવના કરીને 'तान् वरिष्ठः प्राण उवाच मा मोहमापद्यथाहमेवैतत् पञ्चधात्मानं प्रविभज्यैतद्बाणमवष्टभ्य विधारयामि' (પ્ર.ઉપ. ૨-૩) **'તેમને શ્રેષ્ઠ પ્રાણે કહ્યું, મોહ ન પામો. હું જ પાંચ પ્રકારે આત્માનો વિભાગ કરીને આ અસ્થિર શરીરને ટેકવીને ધારણ કરીશ'** એવી શ્રુતિ છે. જેઓ 'इमं शरीरं परिगृह्य' એવો પાઠ સ્વીકારે છે તેઓને માટે इमम् એટલે આ જીવને કે ઇન્દ્રિયસમૂહને ગ્રહણ કરીને શરીરને ઉઠાવે છે એવી વ્યાખ્યા કરવી. ચેતન હોવાને લીધે જીવને વિષે પ્રજ્ઞાત્મત્વ (જીવ પ્રજ્ઞાત્મા છે એવી સ્થિતિ) પણ યુક્ત છે. મુખ્ય પ્રાણ પણ, પ્રજ્ઞાનું સાધન જે અન્ય પ્રાણો, તેનો આશ્રય છે, તેથી તેને વિષે પણ પ્રજ્ઞાત્મત્વ યોગ્ય જ છે. પ્રાણનો અર્થ જીવ અને મુખ્ય પ્રાણ લઈએ તો પ્રાણ અને પ્રજ્ઞાત્મા સાથે રહે છે તેથી તેમનો અભેદનિર્દેશ અને સ્વરૂપને લીધે ભેદનિર્દેશ એમ બંને રીતે નિર્દેશ યોગ્ય છે - 'यो वै प्राणः सा प्रज्ञा या वै प्रज्ञा स प्राणः सह ह्येतावस्मिञ्शरीरे वसतः सहोत्क्रामतः' (જે પ્રાણ છે તે પ્રજ્ઞા છે, જે પ્રજ્ઞા છે તે પ્રાણ છે; ખરેખર એ બે આ શરીરમાં સાથે વસે છે, સાથે ઊંચે જાય છે) એમ. પ્રાણનો અર્થ બ્રહ્મ લઈએ તો શું શેમાંથી ભિન્ન થાય ? તેટલા માટે અહીં જીવ અને મુખ્ય પ્રાણ, એ બેમાંથી એક કે બંને સમજવાં જોઈએ, બ્રહ્મ નહીં-એમ જો કહેશો તો અમે કહીએ છીએ કે ના, એ એમ નથી; કેમકે ત્રણ પ્રકારની ઉપાસના થાય છે. એમ થાય તો ત્રણ પ્રકારની ઉપાસનાનો પ્રસંગ આવે - જીવની ઉપાસના, મુખ્ય પ્રાણની ઉપાસના અને બ્રહ્મની ઉપાસના. એક વાક્યમાં એ સ્વીકારવું યોગ્ય નથી. ખરેખર ઉપક્રમ અને ઉપસંહારથી એકવાક્યતા સમજાય છે. 'मामेव विजानीहि' **(મને જ જાણ)** એવો ઉપક્રમ કરીને 'प्राणोऽस्मि प्रज्ञात्मा तं मामायुरमृतमित्युपास्स्व' **'હું પ્રાણ છું, પ્રજ્ઞાત્મા છું, તે મારી આયુષ્ અને અમૃત તરીકે ઉપાસના કર'** એમ કહીને અન્તે 'स एष प्राण एव प्रज्ञात्मानन्दोऽजरोऽमृतः' **'તે એ પ્રાણ જ પ્રજ્ઞાત્મા, આનન્દ, અજર અને અમૃત છે'** એમ ઉપક્રમ અને ઉપસંહાર એકરૂપ દેખાય છે. તેમાં એક અર્થનો આશ્રય કરવો યોગ્ય છે; અને બ્રહ્મલિંગને અન્યવિષયક બનાવવું શક્ય નથી; કેમકે દશ ભૂતમાત્રા અને પ્રજ્ઞામાત્રાઓને બ્રહ્મથી અન્યત્ર અર્પણ કરવી યોગ્ય નથી, અને (બ્રહ્મ) આશ્રિત છે તેથી-બીજે સ્થળે પણ બ્રહ્મલિંગને લીધે-પ્રાણશબ્દ બ્રહ્મને વિષે પ્રવૃત્ત છે તેથી, અને અહીં પણ હિતતમત્વનો-સર્વથી વિશેષ હિતકારક છે એવા ઉપદેશનો ઉપન્યાસ આદિ બ્રહ્મલિંગના યોગથી આ બ્રહ્મનો જ ઉપદેશ છે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मुख्यप्राणलिङ्गं दर्शितम् - **'इदं शरीरं परिगृह्योत्थापयति'** इति, तदसत् ; प्राणव्यापारस्यापि परमात्मायत्तत्वात्परमात्मन्युपचरितुं शक्यत्वात् - **'न प्राणेन नापानेन मर्त्यो जीवति कश्चन । इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ'** (काठ. २-५-५) इति श्रुतेः । यदपि **'न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्'** इत्यादि जीवलिङ्गं दर्शितम्, तदपि न ब्रह्मपक्षे निवारयति । न हि जीवो नामात्यन्तभिन्नो ब्रह्मणः, **'तत्त्वमसि'**, **'अहं ब्रह्मास्मि'** इत्यादिश्रुतिभ्यः। बुद्ध्याद्युपाधिकृतं तु विशेषमाश्रित्य ब्रह्मैव सन् जीवः कर्ता भोक्ता चेत्युच्यते। तस्योपाधिकृतं तु विशेषमाश्रित्य ब्रह्मैव सन् जीवः कर्ता भोक्ता चेत्युच्यते। तस्योपाधिकृतशिषपरित्यागेन स्वरूपं ब्रह्म दर्शयितुम् **'न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्'** इत्यादिना प्रत्यगात्माभिमुखीकरणार्थं उपदेशो न विरुध्यते । **'यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते । तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते'** (केन.उप.१-४) इत्यादि च श्रुत्यन्तरं वचनादिक्रियाव्यापृतस्यैवात्मनो ब्रह्मत्वं दर्शयति । यत्पुनरेतदुक्तम् - **'सह ह्येतावस्मिञ्शरीरे वसतः सहोत्क्रामतः'** इति प्राणप्रज्ञात्मनोर्भेददर्शनं ब्रह्मवादिनो नोपपद्यत इति, नैष दोषः; ज्ञानक्रियाशक्तिद्वयाश्रययोर्बुद्धिप्राणयोः प्रत्यगात्मोपाधिभूतयोर्भेदनिर्देशोपपत्तेः। उपाधिद्वयोपहितस्य तु प्रत्यगात्मनः स्वरूपेणाभेद इत्यतः **'प्राण एव प्रज्ञात्मा'** इत्येकीकरणमविरुद्धम् ॥

अथवा **'नोपासात्रैविध्यादाश्रितत्वादिह तद्योगात्'** इत्यस्यायमन्योऽर्थः - न ब्रह्मवाक्येऽपि जीवमुख्यप्राणलिङ्गं विरुध्यते; कथम् ? उपासात्रैविध्यात् । त्रिविधमिह ब्रह्मण उपासनं विवक्षितम् - प्राणधर्मेण, प्रज्ञाधर्मेण, स्वधर्मेण च । तत्र **'आयुरमृतमित्युपास्स्वायुः प्राणः'** इति **'इदं शरीरं परिगृहोत्थापयति'** इति **'तस्मादेतदेवोक्थमुपासीत'** इति च प्राणधर्मः। **'अथ यथास्यै प्रज्ञायै सर्वाणि भूतान्येकीभवन्ति तद्व्याख्यास्यामः'** इत्युपक्रम्य **'वागेवास्या एकमङ्गमदूदुहत्तस्यै नाम परस्तात्प्रतिविहिता भूतमात्राः प्रज्ञया वाचं समारुह्य वाचा सर्वाणि नामान्याप्नोति'** इत्यादिः प्रज्ञाधर्मः । **'ता वा एता दशैव भूतमात्रा अधिप्रज्ञं दश प्रज्ञामात्रा अधिभूतम् । यदि भूतमात्रा न स्युर्न प्रज्ञामात्राः स्युः । न ह्यन्तरतो रूपं किञ्चन सिध्येत्। नो एतन्नाना । तद्यथा रथस्यारेषु नेमिरर्पिता नाभावरा अर्पिता एवमेवैता भूतमात्राः प्रज्ञामात्रास्वर्पिताः प्रज्ञामात्राः प्राणेऽर्पिताः**

સમજાય છે. 'इदं शरीरं परिगृह्योत्थापयति' **'આ શરીરનું ગ્રહણ કરીને ઉઠાવે છે'** એમ જે મુખ્ય પ્રાણનું લિંગ દર્શાવ્યું છે તે તો ખોટું છે, કેમકે પ્રાણનો વ્યાપાર પણ પરમાત્માને અધીન હોવાને લીધે પરમાત્માને વિષે તેનો ઉપચાર કરવો શક્ય છે, કારણ કે 'न प्राणेन नापानेन मर्त्यो जीवति कश्चन । इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ ॥' (કાઠ.ઉપ. ૨।૫।૫) **'કોઈ પણ મર્ત્ય પ્રાણ વડે કે અપાન વડે જીવતો નથી, પણ એ બે જેમાં આશ્રિત છે તે બીજા વડે જીવે છે'** એવી શ્રુતિ છે. 'न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्' **'વાણીને જાણવા ઇચ્છવું નહીં, વક્તાને જાણવો'** વગેરે જે પણ જીવલિંગ દર્શાવવું છે તે બ્રહ્મપક્ષનું નિવારણ કરતું નથી. ખરેખર જીવ કંઈ બ્રહ્મથી અત્યન્ત ભિન્ન નથી, કેમકે 'तत्त्वमसि' 'તે તું છે', 'अहं ब्रह्मास्मि' **'હું બ્રહ્મ છું'** ઇત્યાદિ શ્રુતિઓ છે. પણ બુદ્ધિ આદિ ઉપાધિએ કરેલા વિશેષનો આશ્રય કરીને બ્રહ્મ જ છે એવો જે જીવ તે કર્તા અને ભોક્તા છે એમ કહેવાય છે. તેના ઉપાધિએ કરેલા વિશેષનો પરિત્યાગ કરીને સ્વરૂપ બ્રહ્મ દર્શાવવા માટે 'न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्' **'વાણીને જાણવા ઇચ્છવું નહિ, વક્તાને જાણવો'** વગેરે પ્રત્યગાત્માને અભિમુખ કરવાનો ઉપદેશ વિરુદ્ધ થતો નથી. 'यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते । तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥' (કે.ઉપ. ૧।૮) **'જે વાણીથી ઉદિત નથી, જે વડે વાણી ઉદિત થાય છે તેને જ તું બ્રહ્મ જાણ, આને નહિ કે જે એને લોકો ઉપાસે છે'** વગેરે બીજી શ્રુતિ, વચન આદિ ક્રિયાના વ્યાપારવાળો આત્મા જ બ્રહ્મ છે એમ દર્શાવે છે. 'ह ह्येतावस्मिञ्शरीरे वसतः सहोत्क्रामतः' **'ખરેખર એ બે આ શરીરમાં સાથે વસે છે અને સાથે ઊંચે જાય છે'** એમ પ્રાણ અને પ્રજ્ઞાત્માનું ભેદદર્શન બ્રહ્મવાદને વિષે યુક્ત થતું નથી - એમ જે કહ્યું છે તેને વિષે (કહીએ છીએ કે) એ દોષ નથી, કેમકે પ્રત્યાગાત્માના ઉપાધિભૂત, જ્ઞાન અને ક્રિયાશક્તિ એ બેના આશ્રય-બુદ્ધિ અને પ્રાણ-નો ભિન્ન તરીકે નિર્દેશ યોગ્ય છે. પણ બે ઉપાધિથી વિશિષ્ટ પ્રત્યગાત્મા સ્વરૂપે અભિન્ન છે તેથી પ્રાણ જ પ્રત્યગાત્મા છે એમ એકીકરણ અવિરુદ્ધ છે. અથવા 'नोपासात्रैविध्यादाश्रितत्वादिह तद्योगात्' - એટલા સૂત્રભાગનો આ બીજો અર્થ છે - બ્રહ્મવાક્યમાં પણ જીવનાં અને મુખ્ય પ્રાણનાં લિંગનો વિરોધ નથી. કેવી રીતે ? ત્રણ પ્રકારની ઉપાસનાથી. અહીં ત્રણ પ્રકારની બ્રહ્મોપાસના વિવક્ષિત છે - પ્રાણધર્મ વડે, પ્રજ્ઞાધર્મ વડે અને સ્વધર્મ વડે. તેમાં 'आयुरमृतमुपास्स्वायुः प्राणः' **'આયુષ્ તરીકે, અમૃત તરીકે, મારી ઉપાસના કર, આયુષ્ પ્રાણ છે'** એ, 'इदं शरीरं परिगृह्योत्थापयति' **'આ શરીરનું ગ્રહણ કરીને ઉઠાવે છે'** એ અને 'तस्मादेतदुक्थमुपासीत' **'તેટલા માટે એની ઉક્થ તરીકે ઉપાસના કરવી'** એ પ્રાણધર્મ છે. 'अथ यथास्यै प्रज्ञायै सर्वाणि भूतान्येकीभवन्ति तद् व्याख्यास्यामः' **'હવે જેવી રીતે આ પ્રજ્ઞાને માટે સર્વ ભૂતો એક થાય છે તેનું વ્યાખ્યાન કરીશું'** એમ ઉપક્રમ કરીને 'वागेवास्या एकमङ्गमदूदुहत् तस्यै नाम परस्तात् प्रतिविहिता भूतमात्रा प्रज्ञया वाचं समारुह्य वाचा सर्वाणि नामान्याप्नोति' **'વાણીએ જ એ પ્રજ્ઞાના એક અંગને -દેહાર્ધને પૂર્યું, તેની ચક્ષુરાદિથી જ્ઞાપિત ભૂતમાત્રા અપર અર્ધને વિષે કારણ થાય છે. બુદ્ધિ દ્વારા ચિદાત્મા વાણીને સમારોહણ કરીને સર્વ નામોને પ્રાપ્ત કરે છે'** વગેરે પ્રજ્ઞાધર્મ છે. 'ता वा एता दशैव भूतमात्रा अधिप्रज्ञं दश प्रज्ञामात्रा अधिभूतम् । यद्धि भूतमात्रा न स्युर्न प्रज्ञामात्राः स्युः । यद्धि प्रज्ञामात्राः न स्युर्न भूतमात्राः स्युः । न ह्यन्यतरतो रूपं किञ्च सिध्येत् । नो एतन्नाना । तद्यथा रथस्यारेषु नेमिरर्पिता नाभावरा अर्पिता एवमेवैता भूतमात्राः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



स एष प्राण एव प्रज्ञात्मा' इत्यादिर्ब्रह्मधर्मः। तस्माद्ब्रह्मण एवैतदुपाधिद्वयधर्मेण स्वधर्मेण चैकमुपासनं त्रिविधं विवक्षितम्। अन्यत्रापि **'मनोमयः प्राणशरीरः'** (छान्दो.उप. ३-१४-२) इत्यादावुपाधिधर्मेण ब्रह्मण उपासनमाश्रितम्; इहापि तद्युज्यते वाक्यस्योपक्रमोपसंहाराभ्यामेकार्थत्वावगमात् प्राणप्रज्ञात्मब्रह्मलिङ्गावगमाच्च । तस्माद्ब्रह्मवाक्यमेवैतदिति सिद्धम् ॥३१॥

इति प्रथमाध्यायस्य प्रथमः पादः ॥

★★★

प्रथमाध्याये द्वितीयः पादः ॥

प्रथमे पादे **'जन्माद्यस्य यतः'** (ब्र.सू. १-१-२) इत्याकाशादेः समस्तस्य जगतो जन्मादिकारणं ब्रह्मेत्युक्तम् । तस्य समस्तजगत्कारणस्य ब्रह्मणो व्यापित्वं नित्यत्वं सर्वज्ञत्वं सर्वशक्तित्वं सर्वात्मकत्वमित्येवंजातीयका धर्मा उक्ता एव भवन्ति। अर्थान्तरप्रसिद्धानां च केषाञ्चिच्छब्दानां ब्रह्मविषयत्वहेतुप्रतिपादनेन कानिचिद्वाक्यानि स्पष्टब्रह्मलिङ्गानि संदिह्यमानानि ब्रह्मपरतया निर्णीतानि । पुनरप्यन्यानि वाक्यान्यस्पष्टब्रह्मलिङ्गानि संदिह्यन्ते – किं परं ब्रह्म प्रतिपादयन्ति, आहोस्विदर्थान्तरं किञ्चिदिति। तन्निर्णयाय द्वितीयतृतीयौ पादावारभ्येते –

सर्वत्र प्रसिद्धोपदेशात् ॥१॥

इदमाम्नायते – **'सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत । अथ खलु क्रतुमयः पुरुषो यथाक्रतुरस्मिँल्लोके पुरुषो भवति तथेतः प्रेत्य भवति स क्रतुं कुर्वीत' 'मनोमयः प्राणशरीरः'** (छा.उप. ३-१४-१,२) इत्यादि । तत्र संशयः – किमिह मनोमयत्वादिभिर्धर्मैः शारीर आत्मोपास्यत्वेनोपदिश्यते, आहोस्वित्परं ब्रह्मेति । किं तावत्प्राप्तम्? शारीर इति । कुतः? तस्य हि कार्यकरणाधिपतेः प्रसिद्धो मन आदिभिः संबन्धः, न परस्य ब्रह्मणः; **'अप्राणो ह्यमनाः शुभ्रः'** (मु.उप.२-१-२)

प्रज्ञामात्रास्वर्पिताः प्रज्ञामात्राः प्राणेऽर्पिताः स एष प्राण एव प्रज्ञात्मा' **'તે એ દશ ભૂતમાત્રા જ પ્રજ્ઞાને ઉદ્દેશીને છે અને દશ પ્રજ્ઞામાત્રા ભૂતને ઉદ્દેશીને છે. જો ભૂતમાત્રા ન હોય તો પ્રજ્ઞામાત્રા ન થાય અને જો પ્રજ્ઞામાત્રા ન હોય તો ભૂતમાત્રા ન થાય; કેમકે બેમાંથી એકથી કંઈ રૂપ સિદ્ધ થાય નહિ. એ નાના નથી. તે જેમ રથના આરાઓ વિષે નેમિ અર્પેલી છે અને નેમિને વિષે આરા અર્પેલા છે, એમ એ ભૂતમાત્રા પ્રજ્ઞામાત્રાને વિષે અર્પેલી છે અને પ્રજ્ઞામાત્રા પ્રાણને વિષે અર્પેલી છે. તે એ પ્રાણ જ પ્રજ્ઞાત્મા છે'** વગેરે બ્રહ્મધર્મ છે. તેટલા માટે બ્રહ્મની જ એક ઉપાસના આ બે ઉપાધિના ધર્મે અને સ્વધર્મે ત્રણ પ્રકારની છે એમ વિવક્ષિત છે. બીજે સ્થળે પણ 'મનોમયઃ પ્રાણશરીરઃ' (છા. ઉપ. ૩-૧૪-૨) **'પ્રાણ જેનું શરીર છે એવું મનોમય'** વગેરેને વિષે ઉપાધિધર્મે બ્રહ્મની ઉપાસનાનો આશ્રય કર્યો છે. અહીં પણ તે યુક્ત છે, કેમકે ઉપક્રમ અને ઉપસંહારથી વાક્યની એકાર્થતા સમજાય છે. અને પ્રાણ, પ્રજ્ઞા અને બ્રહ્મનાં લિંગ સમજાય છે. માટે એ બ્રહ્મવાક્ય છે એમ સિદ્ધ થાય છે. ॥ ૩૧ ॥

પ્રથમ અધ્યાયનો પ્રથમ પાદ સંપૂર્ણ

★★★

પ્રથમ અધ્યાય - દ્વિતીય પાદ

પ્રથમ પાદમાં 'જન્માદ્યસ્ય યતઃ' (૧-૧-૨) [જન્માદિ આનું (જગત્‌નું) જેથી **(સર્વજ્ઞ, સર્વશક્તિ કારણથી થાય છે]** તે (બ્રહ્મ) એથી આકાશાદિ સમસ્ત જગતનું જન્માદિ કારણ બ્રહ્મ છે એવું કહ્યું છે. સમસ્ત જગતનું કારણ જે બ્રહ્મ તેના વ્યાપિત્વ, નિત્યત્વ, સર્વજ્ઞત્વ, સર્વશક્તિત્વ, સર્વાત્મત્વ એવા પ્રકારના ધર્મો કહેલા છે. બીજા અર્થમાં પ્રસિદ્ધ એવા કેટલાક શબ્દોને બ્રહ્મવિષય ગણાવાનો હેતુ દર્શાવીને કેટલાંક વાક્યો જેમાં બ્રહ્મલિંગ સ્પષ્ટ છે પણ જેને વિષે સંદેહ ઉત્પન્ન થાય છે તેવાં વાક્યો બ્રહ્મપરક છે એવો નિર્ણય કર્યો છે. ફરીથી જેમાં બ્રહ્મલિંગ સ્પષ્ટ નથી એવાં વાક્યોને વિષે સંદેહ થાય છે કે શું એમાં પર બ્રહ્મનું પ્રતિપાદન થાય છે કે બીજા કોઈ અર્થનું ? તે નિર્ણય કરવાને માટે બીજા અને ત્રીજા પાદનો આરંભ કરાય છે.

(મનોમય આદિ ધર્મે પર બ્રહ્મ જ ઉપાસ્ય છે) સર્વત્ર પ્રસિદ્ધનો ઉપદેશ છે તેથી ॥ ૧ ॥

'सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत । अथ खलु क्रतुमयः पुरुषो यथाक्रतुरस्मिँल्लोके पुरुषो भवति तथेतः प्रेत्य भवति स क्रतुं कुर्वीत' । 'मनोमयः प्राणशरीरो भारूपः ।' (છા. ઉપ. ૩-૧૪-૧,૨) **'ખરેખર સર્વ એ બ્રહ્મ છે; કેમકે તેમાંથી - બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે, તેમાં લય પામે છે અને તેમાં ચેષ્ટા કરે છે. આથી શાન્ત થઈ તે બ્રહ્મની ઉપાસના કરવી જોઈએ. હવે જીવ અધ્યવસાયાત્મક છે, જેવા નિશ્ચયવાળો આ લોકને વિષે પુરુષ થાય છે તેવો આ લોકથી મરણ પામી થાય છે. આથી પુરુષે ક્રતુ-અધ્યવસાય કરવો. મનોમય, પ્રાણશરીર, ચૈતન્યસ્વરૂપ'** એમ શ્રુતિ છે. તેમાં સંશય થાય છે કે શું અહીં મનોમયત્વ આદિ ધર્મોએ શારીર આત્મા ઉપાસ્ય તરીકે ઉપદેશ કરાય છે કે પર બ્રહ્મ ? શું પ્રાપ્ત થાય છે ? શારીર આત્મા. શાથી ? કેમકે કાર્યેન્દ્રિયનો અધિપતિ જે તે (શારીર આત્મા) તેનો મન આદિની સાથેનો સંબન્ધ પ્રસિદ્ધ છે, પર બ્રહ્મની સાથે નહિ; કેમકે 'अप्राणो ह्यमनाः शुभ्रः' (મું.ઉપ. ૨-૧-૨) **'પ્રાણથી રહિત, મનથી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इत्यादिश्रुतिभ्यः । ननु **'सर्वं खल्विदं ब्रह्म'** इति स्वशब्देनैव ब्रह्मोपात्तम्; कथमिह शारीर आत्मोपास्यत्वेनाशङ्क्यते ? नैष दोषः, नेदं वाक्यं ब्रह्मोपासनविधिपरम्, किं तर्हि ? शमविधिपरम्, यत्कारणम् **'सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत'** इत्याह । एतदुक्तं भवति – यस्मात्सर्वमिदं विकारजातं ब्रह्मैव, तज्जत्वात् तल्लत्वात् तदनत्वाच्च – न च सर्वस्यैकात्मत्वे रागादयः संभवन्ति – तस्मात् शान्त उपासीतेति । न च शमविधिपरत्वे सत्यनेन वाक्येन ब्रह्मोपासनं नियन्तुं शक्यते । उपासनं तु **'स क्रतुं कुर्वीत'** इत्यनेन विधीयते । क्रतुः संकल्पो ध्यानमित्यर्थः । तस्य च विषयत्वेन श्रूयते –**'मनोमयः प्राणशरीरः'** इति जीवलिङ्गम् । अतो ब्रूमः – जीवविषयमेतदुपासनमिति । **'सर्वकर्मा सर्वकामः'** इत्याद्यपि श्रूयमाणं पर्यायेण जीवविषयमुपपद्यते । **'एष म आत्मान्तर्हृदयेऽणीयान्व्रीहेर्वा यवाद्वा'** इति च हृदयायतनत्वमणीयस्त्वं चाराग्रमात्रस्य जीवस्यावकल्पते, नापरिच्छिन्नस्य ब्रह्मणः । ननु **'ज्यायान्पृथिव्याः'** इत्याद्यपि न परिच्छिन्नेऽवकल्पत इति । अत्र ब्रूमः – न तावदणीयस्त्वं ज्यायस्त्वं चोभयमेकस्मिन्समाश्रयितुं शक्यम्, विरोधात्, अन्यतराश्रयणे च, प्रथमश्रुतत्वादणीयस्त्वं युक्तमाश्रयितुम्, ज्यायस्त्वं तु ब्रह्मभावापेक्षया भविष्यतीति । निश्चिते च जीवविषयत्वे यदन्ते ब्रह्मसंकीर्तनम् – **'एतद्ब्रह्म'** (छा.उप. ३-१४-४) इति, तदपि प्रकृतपरामर्शार्थत्वाज्जीवविषयमेव । तस्मान्मनोमयत्वादिभिर्धर्मैर्जीव उपास्य इत्येवं प्राप्ते –

ब्रूमः – परमेव ब्रह्मेव मनोमयत्वादिभिर्धर्मैरुपास्यम् । कुतः ? सर्वत्र प्रसिद्धोपदेशात् । यत्सर्वेषु वेदान्तेषु प्रसिद्धं ब्रह्मशब्दस्यालम्बनं जगत्कारणम्, इह च **'सर्वं खल्विदं ब्रह्म'** इति वाक्योपक्रमे श्रुतम्, तदेव मनोमयत्वादिधर्मैर्विशिष्टमुपदिश्यति इति युक्तम् । एवं च सति प्रकृतहानाप्रकृतप्रक्रिये न भविष्यतः । ननु वाक्योपक्रमे शमविधिविवक्षया ब्रह्म निर्दिष्टं न स्वविवक्षयेत्युक्तम्, अत्रोच्यते – यद्यपि शमविधिविवक्षया ब्रह्म निर्दिष्टम्, तथापि मनोमयत्वादिषूपदिश्यमानेषु तदेव ब्रह्म संनिहितं भवति, जीवस्तु न संनिहितः, न च स्वशब्देनोपात्त इति वैषम्यम् ॥१॥

विवक्षितगुणोपपत्तेश्च ॥२॥

રહિત અને શુભ્ર' ઇત્યાદિ શ્રુતિ છે. પણ 'सर्व खल्विदं ब्रह्म' (આ સર્વ ખરેખર બ્રહ્મ છે) એમાં પોતાના શબ્દોથી જ બ્રહ્મનું ગ્રહણ કર્યું છે, તો શારીર આત્મા ઉપાસ્ય છે એમ શી રીતે આશંકા કરાય છે ? ના, એ દોષ નથી. એ વાક્ય બ્રહ્મના ઉપાસના વિધિને લગતું નથી. શું ત્યારે ? શમવિધિને લગતું છે, કેમકે 'सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत' **'ખરેખર, સર્વ એ બ્રહ્મ છે, કેમકે તેમાંથી—બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે, તેમાં લય પામે છે અને તેને વિષે ચેષ્ટા કરે છે. આથી શાન્ત થઈ તે બ્રહ્મની ઉપાસના કરવી જોઈએ'** એવું કહે છે. તાત્પર્ય આમ છે - આ સર્વ વિકારસમૂહ બ્રહ્મ જ છે, કેમકે તેમાંથી ઉત્પન્ન થાય છે, તેમાં લય પામે છે અને તેમાં ચેષ્ટા કરે છે, અને સર્વ એક આત્મા છે તેથી રાગાદિ સંભવતાં નથી, તેટલા માટે શાન્ત થઈ તેની ઉપાસના કરવી જોઈએ. વળી જે શમવિધિપર થઈ એ વાક્ય બ્રહ્મની ઉપાસનાનો નિયમ કરી શકે નહિ. ઉપાસના તો 'स क्रतुं कुर्वीत' **'તેણે ક્રતુ-અધ્યવસાય કરવો'** એથી વિધાન કરાય છે. 'ક્રતુ' એટલે સંકલ્પ, ધ્યાન એવો અર્થ છે. તેના વિષય તરીકે 'मनोमयः प्राणशरीरः' એવી જીવલિંગની શ્રુતિ છે. એથી અમે કહીએ છીએ કે આ ઉપાસના જીવવિષય છે. 'सर्वकर्मा सर्वकामः' **'સર્વ કર્મવાળું, સર્વ કામનાવાળું'** ઇત્યાદિ ક્રમે કરીને જે શ્રુતિપ્રતિપાદિત છે તે જીવવિષય ઉપપન્ન થાય છે. 'एष म आत्माऽन्तर्हृदयेऽणीयान् व्रीहेर्वा यवाद्वा' **'એ મારો આત્મા હૃદયની અંદર, વ્રીહિથી કે જવથી પણ નાનો છે'** એમ હૃદય જેનું સ્થાન છે એવી સ્થિતિ અને નાનાપણું આરના અગ્ર ભાગ જેટલો જ જે જીવ તેને સંભવે છે, અપરિચ્છિન્ન—માપી ન શકાય તેવા બ્રહ્મને નહિ. પણ 'ज्यायन् पृथिव्याः' **'પૃથ્વીથી મોટો'** વગેરે પણ પરિચ્છિન્નને વિષે સંભવતું નથી. એને વિષે કહીએ છીએ. નાનાપણું અને મોટાપણું, બંનેનો એકને વિષે આશ્રય કરવો યોગ્ય નથી, કેમકે વિરોધ થાય. બેમાંથી એકનો આશ્રય કરવામાં નાનાપણું, જે પ્રથમ શ્રુતિપ્રતિપાદિત છે તેનો આશ્રય કરવો યોગ્ય છે. મોટાપણું તો બ્રહ્મભાવની અપેક્ષાથી (જીવ બ્રહ્મ થાય છે એ અપેક્ષાથી) થશે અને જીવવિષયત્વ નિશ્ચિત થયું એટલે જે અન્તે 'एतद्ब्रह्म' (છા. ઉપ. ૩-૧૪-૪) **'એ બ્રહ્મ છે'** એમ બ્રહ્મનું સંકીર્તન છે તે પણ પ્રકૃતના પરામર્શાર્થક હોવાથી જીવવિષય જ છે. તેટલા માટે મનોમયત્વ આદિ ધર્મોને કારણે જીવ ઉપાસ્ય છે એમ પ્રાપ્ત થતાં

અમે કહીએ છીએ. મનોમયત્વ આદિ ધર્મોથી પર બ્રહ્મ જ ઉપાસ્ય છે. શાથી ? સર્વત્ર પ્રસિદ્ધના ઉપદેશથી. સર્વ વેદાન્તોમાં બ્રહ્મ શબ્દનું આલંબન-જગત્કારણ પ્રસિદ્ધ છે અને અહીં વાક્યના ઉપક્રમમાં 'सर्वं खल्विदं ब्रह्म' **'ખરેખર, આ સર્વ બ્રહ્મ છે'** એમ શ્રુતિપ્રતિપાદિત છે તે જ મનોમયત્વ આદિ ધર્મોથી વિશિષ્ટ, ઉપદેશ કરાય છે એ યોગ્ય છે. એવી રીતે પ્રકૃતની હાનિ અને અપ્રકૃતની પ્રક્રિયા નહિ થાય. પણ વાક્યના ઉપક્રમમાં શમવિધિની વિવક્ષાથી બ્રહ્મનો નિર્દેશ કર્યો છે, સ્વવિવક્ષાથી નહિ એમ કહ્યું છે. એને વિષે કહીએ છીએ જો કે શમવિધિની વિવક્ષાથી બ્રહ્મનો નિર્દેશ કર્યો છે, તો પણ મનોમયત્વ આદિનો ઉપદેશ થાય છે ત્યારે તે જ બ્રહ્મ સંનિહિત(=નજીક) છે. જીવ તો સંનિહિત નથી અને સ્વશબ્દથી એનું ગ્રહણ કર્યું નથી એમ વૈષમ્ય છે ॥ ૧ ॥

વળી વિવક્ષિત ગુણની ઉપપત્તિથી (પર બ્રહ્મ જ ઉપાસ્ય છે) ॥ ૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वक्तुमिष्टा विवक्षिताः । यद्यप्यपौरुषेये वेदे वक्तुरभावात् नेच्छार्थः संभवति, तथाप्युपादानेन फलेनोपचर्यते । लोकेऽपि यच्छब्दाभिहितमुपादेयं भवति तद्विवक्षितमित्युच्यते, यदनुपादेयं तदविवक्षितमिति । तद्वद्वेदेऽप्युपादेयत्वेनाभिहितं विवक्षितं भवति, इतरदविवक्षितम् । उपादानानुपादाने तु वेदवाक्यतात्पर्यातात्पर्याभ्यामवगम्येते । तदिह ये विवक्षिता गुणा उपासनायामुपादेयत्वेनोपदिष्टाः सत्यसंकल्पप्रभृतयः, ते परस्मिन्ब्रह्मण्युपपद्यन्ते । सत्यसङ्कल्पत्वं हि सृष्टिस्थितिसंहारेष्वप्रतिबद्धशक्तित्वात्परमात्मन एवावकल्पते । परमात्मगुणत्वेन च **'य आत्मापहतपाप्मा'** (छा.उप.८-७-१) इत्यत्र **'सत्यकामः सत्यसंकल्पः'** इति श्रुतम्, **'आकाशात्मा'** इति च । आकाशवदात्मा अस्येत्यर्थः । सर्वगतत्वादिभिर्धर्मैः संभवत्याकाशेन साम्यं ब्रह्मणः । **'ज्यायान्पृथिव्याः'** इत्यादिना चैतदेव दर्शयति । यदपि आकाश आत्मा अस्येति व्याख्यायते, तदपि संभवति सर्वजगत्कारणस्य सर्वात्मनो ब्रह्मण आकाशात्मत्वम् । अत एव **'सर्वकर्मा'** इत्यादि । एवमिहोपास्यतया विवक्षिता गुणा ब्रह्मण्युपपद्यन्ते । यत्तूक्तम् – **'मनोमयः प्राणशरीरः'** (छान्दो.उप. ३-१४-२) इति जीवलिङ्गम्, न तद्ब्रह्मण्युपपद्यत इति, तदपि ब्रह्मण्युपपद्यत इति ब्रूमः । सर्वात्मत्वाद्धि ब्रह्मणो जीवसंबन्धीनि मनोमयत्वादीनि ब्रह्मसंबन्धीनि भवन्ति । तथा च ब्रह्मविषये श्रुतिस्मृती भवतः –**'त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी । त्वं जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतोमुखः'** (श्वेता.उप.४-३) इति, **'सर्वतःपाणिपादं तत्सर्वतोक्षिशिरोमुखम् । सर्वतःश्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति'** (भ.गी.१३-१३) इति च । **'अप्राणो ह्यमनाः शुभ्रः'** (मुं.उप.२-१-२) इति श्रुतिः शुद्धब्रह्मविषया, इयं तु श्रुतिः **'मनोमयः प्राणशरीरः'** इति सगुणब्रह्मविषयेति विशेषः । अतो विवक्षितगुणोपपत्तेः परमेव ब्रह्म इहोपास्यत्वेनोपदिष्टमिति गम्यते ॥२॥

अनुपपत्तेस्तु न शारीरः ॥३॥

पूर्वेण सूत्रेण ब्रह्मणि विवक्षितानां गुणानामुपपत्तिरुक्ता । अनेन शारीरे तेषामनुपपत्तिरुच्यते । तु-शब्दोऽवधारणार्थः । ब्रह्मैवोक्तेन न्यायेन मनोमयत्वादिगुणम्, न तु शारीरो जीवो मनोमयत्वादिगुणः, यत्कारणम् - **'सत्यसङ्कल्पः' 'आकाशात्मा'**

કહેવાને ઇચ્છાયેલા તે વિવક્ષિત. જોકે અપૌરુષેય વેદને વિષે વક્તાના અભાવથી ઇચ્છાનો અર્થ સંભવતો નથી, તો પણ ઉપચારથી ઉપાદાનરૂપ ફળ એવો અર્થ લેવો જોઈએ. ખરેખર, લૌકિક ભાષામાં જે શબ્દથી અભિધાન કરાયેલું ઉપાદેય થાય છે તે વિવક્ષિત અને બીજું અવિવક્ષિત કહેવાય છે. તે રીતે વેદમાં પણ ઉપાદેય તરીકે અભિધાન કરાયેલું તે વિવક્ષિત અને બીજું અવિવક્ષિત થાય છે. ઉપાદાન અને અનુપાદાન તો વેદવાક્યના તાત્પર્ય અને અતાત્પર્યથી સમજાય છે. તેટલા માટે અહીં સત્યસંકલ્પ વગેરે જે વિવક્ષિત ગુણો ઉપાસનામાં ઉપાદેય તરીકે ઉપદિષ્ટ છે તે પર બ્રહ્મને વિષે યોગ્ય છે. ખરેખર, સૃષ્ટિ, સ્થિતિ અને સંહારને વિષે અપ્રતિહત શક્તિ હોવાને લીધે પરમાત્માને વિષે જ સત્યસંકલ્પ સંભવે છે. 'य आत्मापहतपाप्मा' (છા. ઉપ. ૮-૭-૧) **'જે આત્મા પાપરહિત છે'** એને વિષે **સત્યકામ** અને **સત્યસંકલ્પ** એમ પરમાત્માના ગુણ તરીકે શ્રુતિ સંપાદન કરે છે. आकाशात्मा વગેરેનો આકાશવત્ છે આત્મા જેનો એવો અર્થ છે. સર્વગતત્વ વગેરે ધર્મોથી આકાશની સાથે બ્રહ્મનું સામ્ય સંભવે છે. 'ज्यायान् पृथिव्याः' **'પૃથિવીથી મોટો'** વગેરે દ્વારા એ જ દર્શાવે છે. વળી જ્યારે આકાશ છે આત્મા જેનો એમ વ્યાખ્યાન થાય છે ત્યારે પણ સર્વ જગતનું કારણ, સર્વનો આત્મા જે બ્રહ્મ તે આકાશનો આત્મા છે એમ સંભવે છે. એથી જ એને सर्वकर्मा **'સર્વ કર્મવાળું'** વગેરે કહ્યું છે. એ પ્રમાણે અહીં ઉપાસ્ય તરીકે વિવક્ષિત ગુણો બ્રહ્મને વિષે યોગ્ય છે. 'मनोमयः प्राणशरीरः' (છા.ઉપ. ૩-૧૪-૨)**'મનોમય પ્રાણ છે શરીર જેનું'** એ જીવનું લિંગ છે અને બ્રહ્મને વિષે એ યોગ્ય નથી એમ જે (પૂર્વપક્ષીએ) કહ્યું છે તે પણ બ્રહ્મને વિષે યોગ્ય છે એમ અમે કહીએ છીએ, કેમકે બ્રહ્મ સર્વનો આત્મા હોવાથી જીવસંબન્ધી મનોમયત્વાદિ ધર્મ બ્રહ્મસંબન્ધી થાય છે. તેમજ 'त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी । त्वं जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतोमुखः ॥' (શ્વેતા.ઉપ. ૪-૩) **'તું સ્ત્રી છે, તું પુરુષ છે, તું કુમાર છે, વળી કુમારી છે, વૃદ્ધ પુરુષ જે દંડથી જાય છે તે તું છે, તું ઉત્પન્ન થયલો, સર્વતોમુખ સત્તા ચલાવે છે'** એવું અને 'सर्वतः पाणिपादं तत् सर्वतोऽक्षिशिरोमुखम् । सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥' (ગી. ૧૩-૧૩) **'સર્વ દિશામાં તેના હાથ પગ છે, સર્વ દિશામાં તેનાં આંખ, માથું અને મુખ છે, સર્વ દિશામાં તેના કાન છે, સર્વને આવરણ કરીને તે રહે છે'** એવી બ્રહ્મ વિષે શ્રુતિ અને સ્મૃતિ છે. 'अप्राणो ह्यमनाः शुभ्रः' (મું.ઉપ. ૨-૧-૨)**'પ્રાણથી રહિત, મનથી રહિત, પવિત્ર'** એ શ્રુતિ શુદ્ધ બ્રહ્મ માટે અને 'मनोमयः प्राणशरीरः' (છા.ઉપ. ૩-૧૪-૨) **'મનોમય, પ્રાણ છે શરીર જેનું'** એ શ્રુતિ તો સગુણ બ્રહ્મ માટે છે એટલો ભેદ છે. આથી વિવક્ષિત ગુણની ઉપપત્તિથી પર બ્રહ્મ જ અહીં ઉપાસ્ય તરીકે ઉપદિષ્ટ છે એમ અનુમાન થાય છે ॥ ૨ ॥

પણ, અનુપપત્તિથી શારીર નથી ॥ ૩ ॥

પૂર્વ સૂત્રને આધારે વિવક્ષિત ગુણો બ્રહ્મને વિષે યોગ્ય છે એમ કહ્યું છે. પણ આ સૂત્રમાં શારીરને વિષે તેઓ અયોગ્ય છે એમ કહે છે. तु શબ્દ ('પણ' શબ્દ) નિશ્ચયવાચક છે. કહેલી રીત પ્રમાણે બ્રહ્મ જ મનોમયત્વ વગેરે ગુણવિશિષ્ટ છે, શારીર જીવ નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



'अवाकी' 'अनादरः' 'ज्यायान्पृथिव्याः' इति चैवंजातीयका गुणा न शारीरे आञ्जस्येनोपपद्यन्ते । शारीर इति शरीरे भव इत्यर्थः । नन्वीश्वरोऽपि शरीरे भवति, सत्यम्, शरीरे भवति, न तु शरीर एव भवति, **'ज्यायान्पृथिव्या ज्यायानन्तरिक्षात्'** (छान्दो.उप. ३-१४-३) **'आकाशवत्सर्वगतश्च नित्यः'** (गौड. ३-३)इति च व्यापित्वश्रवणात् । जीवस्तु शरीर एव भवति, तस्य भोगाधिष्ठानाच्छरीरादन्यत्र वृत्त्यभावात् ॥३॥

कर्मकर्तृव्यपदेशाच्च ॥४॥

इतश्च न शारीरो मनोमयत्वादिगुणः, यस्मात्कर्मकर्तृव्यपदेशो भवति – **'एतमितः प्रेत्याभिसंभवितास्मि'** (छा.उप. ३-१४-४) इति । एतमिति प्रकृतं मनोमयत्वादिगुणमुपास्यमात्मानं कर्मत्वेन प्राप्यत्वेन व्यपदिशति, अभिसंभवितास्मीति शारीरमुपासकं कर्तृत्वेन प्रापकत्वेन । अभिसंभवितास्मीति प्राप्तास्मीत्यर्थः । न च सत्यां गतावेकस्य कर्मकर्तृव्यपदेशो युक्तः। तथोपास्योपासकभावोऽपि भेदाधिष्ठान एव । तस्मादपि न शारीरो मनोमयत्वादिविशिष्टः ॥४॥

शब्दविशेषात् ॥५॥

इतश्च शारीरादन्यो मनोमयत्वादिगुणः, यस्माच्छब्दविशेषो भवति समानप्रकरणे श्रुत्यन्तरे –**'यथा व्रीहिर्वा यवो वा श्यामाको वा श्यामाक-तण्डुलो वैवमयमन्तरात्मन्पुरुषो हिरण्मयः'** (शत.ब्रा. १०-६-३-२) इति । शारीरस्यात्मनो यः शब्दोऽभिधायकः सप्तम्यन्तः – अन्तरात्मन्निति, तस्माद्विशिष्टोऽन्यः प्रथमान्तः पुरुषशब्दो मनोमयत्वादिविशिष्टस्यात्मनोऽभिधायकः । तस्मात्तयोर्भेदोऽधिगम्यते ॥५॥

स्मृतेश्च ॥६॥

स्मृतिश्च शारीरपरमात्मनोर्भेदं दर्शयति – **'ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति । भ्रामन्सर्वभूतानि यन्त्रारूढानि मायया'** (भग.गी. १८-६१) इत्याद्या । अत्राह – कः पुनरयं शारीरो नाम परमात्मनोऽन्यः, यः प्रतिषिध्यते – **'अनुपपत्तेस्तु न शारीरः'** इत्यादिना ? श्रुतिस्तु **'नान्योऽतोऽस्ति द्रष्टा नान्योऽतोऽस्ति श्रोता'** (बृह.उप. ३-७-२३) इत्येवंजातीयका

કેમકે **સત્યસંકલ્પ**, આકાશાત્મા, વાણીથી રહિત, નિષ્કામ, પૃથિવીથી મોટો, એ પ્રકારના ગુણો શારીર જીવને વિષે ખરેખરી રીતે યોગ્ય થતા નથી. 'શારીર' એટલે શરીરમાં રહેલો એવો અર્થ છે. પણ ઈશ્વર પણ શરીરમાં રહે છે. ખરી વાત છે, શરીરમાં રહે છે, પણ શરીરમાં જ રહે છે એમ નથી, કેમકે 'ज्यायान् पृथिव्या ज्यायानन्तरिक्षात्' (છા.ઉપ.૩-૧૪-૩) **'પૃથિવીથી મોટો અન્તરિક્ષથી મોટો'**, 'आकाशवत् सर्वगतश्च नित्यः' (ગૌ.૩-૩) **'આકાશની જેમ સર્વવ્યાપક અને નિત્ય'** એમ શ્રુતિમાં વ્યાપકત્વ પ્રતિપાદન કર્યું છે. જીવ તો શરીરમાં જ રહે છે, કેમકે ભોગનું અધિષ્ઠાન, જે શરીર, ત્યાંથી બીજે ક્યાંય તે રહેતો નથી ॥ ૩ ॥

અને કર્મ અને કર્તા તરીકે વ્યપદેશ (નિર્દેશ)છે તેથી (મનોમયત્વાદિવિશિષ્ટ શારીર નથી) ॥ ૪ ॥

વળી આથી મનોમયત્વાદિગુણવિશિષ્ટ જીવાત્મા નથી, કેમકે 'एतमितः प्रेत्याभिसंभवितास्मि' (છા. ઉપ. ૩-૧૪-૪) **'આ શરીરથી મરણ પામી આ આત્માને પ્રાપ્ત કરીશ'** એમ કર્મ અને કર્તા તરીકે નિર્દેશ છે. 'एतम्' એમ પ્રકૃત મનોમયત્વાદિગુણવિશિષ્ટ ઉપાસ્ય આત્માનો પ્રાપ્ય, કર્મ તરીકે નિર્દેશ કરે છે. 'अभिसंभवितास्मि' એમ જીવાત્મા ઉપાસક છે તેનો પ્રાપક (પ્રાપ્ત કરાવનાર), કર્તા તરીકે નિર્દેશ કરે છે. 'अभिसंभवितास्मि' એટલે પ્રાપ્ત કરીશ એવો અર્થ છે. ગતિ હોય તો એકનો જ કર્મ અને કર્તા તરીકે નિર્દેશ યોગ્ય નથી. તેમજ ઉપાસ્યભાવ અને ઉપાસકભાવનાં અધિષ્ઠાન પણ ભિન્ન જ છે. તેથી પણ મનોમયત્વાદિવિશિષ્ટ શારીર નથી. ॥ ૪ ॥

શબ્દના ભેદથી (મનોમયત્વાદિવિશિષ્ટ શારીર નથી) ॥ ૫ ॥

વળી આ કારણથી મનોમયત્વાદિગુણમય શારીરથી જુદો છે, કેમકે 'यथा व्रीहिर्वा यवो वा श्यामाको वा श्यामाकतण्डुलो वैवमयमन्तरात्मन् पुरुषो हिरण्मयः' (શત. બ્રા. ૧૦-૬-૩-૨) **'જેમ વ્રીહિ કે યવ કે શ્યામાક કે શ્યામાકતણ્ડુલ, એમ આ હિરણ્મય પુરુષ અન્તરાત્માને વિષે છે'** એ બીજી શ્રુતિમાં સમાન પ્રકરણમાં શબ્દનો ભેદ છે. અન્તરાત્મન્ એમ જે સપ્તમ્યન્ત શબ્દ શારીર આત્માનું અભિધાન કરે છે તેથી મનોમયત્વાદિવિશિષ્ટ આત્માનું અભિધાન કરનાર પ્રથમાન્ત પુરુષ શબ્દ જુદો છે. તેટલા માટે તેમનો ભેદ સમજાય છે ॥ ૫ ॥

અને સ્મૃતિથી (મનોયત્વાદિવિશિષ્ટ શારીર નથી) ॥ ૬ ॥

વળી 'ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति । भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥' (ગી. ૧૮-૬૧) **'હે અર્જુન, સર્વ પ્રાણીને જાણે યન્ત્રારૂઢ હોય તેમ માયા વડે ભમાવીને ઈશ્વર સર્વ ભૂતોના હૃદયસ્થાનમાં રહે છે'** વગેરે શ્રુતિ શારીર અને પરમાત્માનો ભેદજણાવે છે. અહીં (પૂર્વપક્ષી) કહે છે, શારીર નામનો પરમાત્માથી અન્ય કોણ છે કે જેનો 'अनुपपत्तेस्तु न शारीरः' ઈત્યાદિથી પ્રતિષેધ કરાય છે ? 'नान्योऽतोऽस्ति द्रष्टा नान्योऽतोऽस्ति श्रोता' (બૃહ. ઉપ. ૩-૭-૨૩) **'એથી અન્ય દ્રષ્ટા નથી, એથી અન્ય શ્રોતા નથી'** એવી શ્રુતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परमात्मनोऽन्यमात्मानं वारयति । तथा स्मृतिरपि **'क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत'** (भग.गी.१३-२) इत्येवंजातीयकेति ॥

अत्रोच्यते – सत्यमेवैतत् – पर एवात्मा देहेन्द्रियमनोबुद्ध्युपाधिभिः परिच्छिद्यमानो बालैः शारीर इत्युपचर्यते, यथा घटकरकाद्युपाधिवशादपरिच्छिन्नमपि नभः परिच्छिन्नवदवभासते, तद्वत् । तदपेक्षया च कर्मकर्तृत्वादिभेदव्यवहारो न विरुध्यते प्राक् **'तत्त्वमसि'** इत्यात्मैकत्वोपदेशग्रहणात् । गृहीते त्वात्मैकत्वे बन्धमोक्षादिसर्वव्यवहारपरिसमाप्तिरेव स्यात् ॥ ६ ॥

अर्भकौकस्त्वात्तद्व्यपदेशाच्च नेति चेन्न निचाय्यत्वादेवं व्योमवच्च ॥७॥

अर्भकमल्पम् ओको नीडम्, **'एष म आत्मान्तर्हृदये'** (छान्दो.उप. ३-१४-३) इति परिच्छिन्नायतनत्वात्, स्वशब्देन च **'अणीयान्व्रीहेर्वा यवाद्वा'** इत्यणीयस्त्वव्यपदेशात्, शारीर एवाराग्रमात्रो जीव इहोपदिश्यते, न सर्वगतः परमात्मा – इति यदुक्तं तत्परिहर्तव्यम् । अत्रोच्यते – नायं दोषः । न तावत्परिच्छिन्नदेशस्य सर्वगतत्वव्यपदेशः कथमप्युपपद्यते। सर्वगतस्य तु सर्वदेशेषु विद्यमानत्वात्परिच्छिन्नदेशव्यपदेशोऽपि कयाचिदपेक्षया संभवति । यथा समस्तवसुधाधिपतिरपि हि सन् अयोध्याधिपतिरिति व्यपदिश्यते । कया पुनरपेक्षया सर्वगतः सन्नीश्वरोऽर्भकौका अणीयांश्च व्यपदिश्यते इति । निचाय्यत्वादेवमिति ब्रूमः । एवम् अणीयस्त्वादिगुणगणोपेत ईश्वरः, तत्र हृदयपुण्डरीके, निचाय्यो द्रष्टव्य उपदिश्यते, यथा शालग्रामे हरिः । तत्रास्य बुद्धिविज्ञानं ग्राहकम्, सर्वगतोऽपीश्वरस्तत्रोपास्यमानः प्रसीदति । व्योमवच्चैतद्द्रष्टव्यम् । यथा सर्वगतमपि सद्व्योम सूचीपाशाद्यपेक्षयाऽर्भकौकोऽणीयश्चेति व्यपदिश्यते, एवं ब्रह्मापि । तदेवं निचाय्यत्वापेक्षं ब्रह्मणोऽर्भकौकस्त्वमणीयस्त्वं च, न पारमार्थिकम् । तत्र यदाशङ्क्यते – हृदयायतनत्वाद्ब्रह्मणो हृदयानां च प्रतिशरीरं भिन्नत्वाद्भिन्नायतनानां च शुकादीनामनेकत्वसावयवत्वानित्यत्वादिदोषदर्शनाद्ब्रह्मणोऽपि तद्वत्प्रसङ्ग इति, तदपि परिहृतं भवति ॥ ७ ॥

તો પરમાત્માથી અન્ય આત્માનો નિષેધ કરે છે. તેમ 'क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत' (ગી. १३-२) **'હે અર્જુન, સર્વ ક્ષેત્રો-શરીરોમાં ક્ષેત્રજ્ઞ પણ મને જ જાણ'** એવી સ્મૃતિ પણ (પરમાત્માથી અન્ય આત્માનો નિષેધ કરે છે).

અહીં કહીએ છીએ. એ સત્ય જ છે. દેહ, ઇન્દ્રિય, મન, બુદ્ધિ-એ ઉપાધિઓથી પરિચ્છિન્ન કરાતા પર આત્માને જ અજ્ઞાનીઓ શારીર છે એમ ઉપચાર કરે છે. જેમ ઘટ, કમંડળ આદિ ઉપાધિવશથી અપરિચ્છિન્ન એવું આકાશ પણ પરિચ્છિન્ન (મપાયેલું હોય તેવું) ભાસે છે તેમ; અને તેની અપેક્ષાથી तत्त्वमसि (તે તું છે) એમ આત્માના એકત્વનો ઉપદેશ સમજાતાં પહેલાં કર્મત્વ અને કર્તૃત્વ આદિ ભેદવ્યવહાર વિરુદ્ધ નથી. આત્માનું એકત્વ સમજાયું એટલે તો બન્ધ, મોક્ષ, આદિ સર્વ વ્યવહારની પરિસમાપ્તિ થાય છે. ॥ ૬ ॥

અલ્પ સ્થાનને લીધે અને તેના વ્યપદેશને લીધે (મનોમયત્વાદિવિશિષ્ટ પરમાત્મા) નથી એમ જો (કહેશો તો) ના; કેમકે એવી રીતે તે એકત્ર કરાવવા (ધ્યાન કરવા) યોગ્ય છે અને આકાશની જેમ ॥ ૭ ॥

'एप म आत्मान्तर्हृदये' (છા.ઉપ.૩-૧૪-૩) **'એ મારો આત્મા અન્તર્હૃદયમાં છે'** એમ સંકુચિત સ્થાનને લીધે અર્ભક એટલે અલ્પ એવું ઓક એટલે નીડ-સ્થાન હોવાથી અને 'अणीयान् व्रीहेर्वा यवाद्वा' (વ્રીહિથી કે યવથી વિશેષ અણુ) એમ સ્વશબ્દથી વિશેષ અણુત્વનો વ્યપદેશ હોવાથી શારીર જ, આરાના અગ્ર જેટલો જ જે જીવ તે અહીં ઉપદેશ કરાય છે, સર્વગત પરમાત્મા નહીં એમ જે કહ્યું છે તેનો પરિહાર કરવો જોઈએ. અહીં કહીએ છીએ. એ દોષ નથી. જેનો પ્રદેશ પરિચ્છિન્ન છે તે સર્વગત છે એવો વ્યપદેશ કોઈ પણ પ્રકારે યોગ્ય નથી. પણ જે સર્વગત છે તે તો સર્વ દેશને વિષે વિદ્યમાન છે તેથી તેનો પરિચ્છિન્ન દેશ છે એવો વ્યપદેશ પણ કોઈક અપેક્ષાથી સંભવે છે. દા.ત. સમસ્ત પૃથ્વીનો અધિપતિ હોય તેનો પણ અયોધ્યાનો અધિપતિ એમ વ્યપદેશ કરાય છે. પણ સર્વગત છે એવા ઈશ્વરનો અલ્પ સ્થાનવાળો અને વિશેષ અણુ એમ વ્યપદેશ કઈ અપેક્ષાથી થાય છે ? એકત્ર કરાવવા (ધ્યાન કરવા) યોગ્ય છે તેથી એવો છે એમ અમે કહીએ છીએ. એ પ્રમાણે વિશેષ અણુત્વ, ઇત્યાદિ ગુણસમૂહથી યુક્ત ઈશ્વર ત્યાં હૃદયપુંડરીકમાં એકત્ર કરાવવા યોગ્ય, દર્શન કરવા યોગ્ય છે એમ ઉપદેશ કરાય છે. જેમ શાલિગ્રામનું હરિ છે તેમ. ત્યાં એને બુદ્ધિવિજ્ઞાન ગ્રહણ કરી શકે છે. ઈશ્વર સર્વગત છે તો પણ ત્યાં ત્યાં ઉપાસના કરાતા પ્રસન્ન થાય છે. વળી એને આકાશની જેમ વિચારવાનું છે. જેમ આકાશ સર્વગત છે, તો પણ સોયનું નાકું, આદિની અપેક્ષાથી અલ્પ સ્થાનવાળું અને વિશેષ અણુ છે એમ તેનો વ્યપદેશ થાય છે, એ પ્રમાણે બ્રહ્મનો પણ વ્યપદેશ કરાય છે. તેટલા માટે એ રીતે ધ્યાન કરાવા યોગ્યતાની અપેક્ષાથી બ્રહ્મ અલ્પ સ્થાનવાળું અને વિશેષ અણુ છે, પરમાર્થતઃ નથી. તેમાં જે આવી આશંકા કરાય છે કે બ્રહ્મનું સ્થાન હૃદય હોવાથી, હૃદયસ્થાન દરેક શરીરમાં ભિન્ન હોવાથી, અને ભિન્ન સ્થાનવાળા શુક, આદિમાં અનેક, અવયવયુક્ત, અનિત્ય ઇત્યાદિ હોવાપણાનો દોષ જોવામાં આવે છે તેથી, બ્રહ્મને પણ તેવો જ પ્રસંગ આવશે - એ આશંકાનું ખંડન થાય છે ॥૭॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संभोगप्राप्तिरिति चैन्न वैशेष्यात् ॥८॥

व्योमवत्सर्वगतस्य ब्रह्मणः सर्वप्राणिहृदयसंबन्धात्, चिद्रूपतया च शारीरादविशिष्टत्वात्, सुखदुःखादिसंभोगोऽप्यविशिष्टः प्रसज्येत, एकत्वाच्च – न हि परस्मादात्मनोऽन्यः कश्चिदात्मा संसारी विद्यते, **'नान्योऽतोऽस्ति विज्ञाता'** (बृह.उप. ३-७-२३) इत्यादिश्रुतिभ्यः तस्मात्परस्यैव ब्रह्मणः संसार संभोगप्राप्तिरिति चेत्, न, वैशेष्यात् । न तावत्सर्वप्राणिहृदयसंबन्धात् चिद्रूपतया च शारीरवद्ब्रह्मणः संभोगप्रसङ्गः, वैशेष्यात् । विशेषो हि भवति शारीरपरमेश्वरयोः । एकः कर्ता भोक्ता धर्माधर्मादिसाधनः सुखदुःखादिमांश्च । एकस्तद्विपरीतोऽपहतपाप्मत्वादिगुणः । एतस्मादनयोर्विशेषादेकस्य भोगः, नेतरस्य । यदि च संनिधानमात्रेण वस्तुशक्तिमनाश्रित्य कार्यसंबन्धोऽभ्युपगम्येत, आकाशादीनामपि दाहादिप्रसङ्गः । सर्वगतानेकात्मवादिनामपि समावेतौ चोद्यपरिहारौ । यदप्येकत्वाद्ब्रह्मण आत्मान्तराभावाच्छारीरस्य भोगेन ब्रह्मणो भोगप्रसङ्ग इति, अत्र वदामः – इदं तावद्देवानां प्रियः प्रष्टव्यः – कथमयं त्वयात्मान्तराभावोऽध्यवसित इति । **'तत्त्वमसि' 'अहं ब्रह्मास्मि' 'नान्योऽतोऽस्ति विज्ञाता'** इत्यादिशास्त्रेभ्य इति चेत्, यथाशास्त्रं तर्हि शास्त्रीयोऽर्थः प्रतिपत्तव्यः, न तत्रार्धजरतीयं लभ्यम् । शास्त्रं च **'तत्त्वमसि'** इत्यपहतपाप्मत्वादिविशेषणं ब्रह्म शारीरस्यात्मत्वेनोपदिशच्छारीरस्यैव तावदुपभोक्तृत्वं वारयति । कुतस्तदुपभोगेन ब्रह्मण उपभोगप्रसङ्गः । अथागृहीतं शारीरस्य ब्रह्मणैकत्वम्, तदा मिथ्याज्ञाननिमित्तः शारीरस्योपभोगः, न तेन परमार्थरूपस्य ब्रह्मणः संस्पर्शः । न हि बालैस्तलमलिनतादिभिर्व्योम्नि विकल्प्यमाने तलमलिनतादिविशिष्टमेव परमार्थतो व्योम भवति । तदाह – न, वैशेष्यादिति । नैकत्वेऽपि शारीरस्योपभोगेन ब्रह्मण उपभोगप्रसङ्गः, वैशेष्यात् । विशेषो हि भवति मिथ्याज्ञानसम्यग्ज्ञानयोः । मिथ्याज्ञानकल्पित उपभोगः, सम्यग्ज्ञानदृष्टमेकत्वम् । न च मिथ्याज्ञानकल्पितेनोपभोगेन सम्यग्ज्ञानदृष्टं वस्तु संस्पृश्यते । तस्मान्नोपभोगगन्धोऽपि शक्य ईश्वरस्य कल्पयितुम् ॥ ८ ॥

२. अत्ताधिकरण् ।

अत्ता चराचरग्रहणात् ॥९॥

(બ્રહ્મને) સંભોગની પ્રાપ્તિ (થશે) એમ જો (કહેશો તો) ના; કેમકે ભેદ છે ॥ ૮ ॥

આકાશની જેમ સર્વવ્યાપક બ્રહ્મનો સર્વપ્રાણીહૃદય સાથે સંબન્ધ છે તેથી, અને ચિદ્રૂપતાથી તેમાં (બ્રહ્મમાં) અને શારીરમાં ભેદ નથી તેથી, શારીરના જેવા અવિશિષ્ટ સુખદુઃખ વગેરે સંભોગનો પણ બ્રહ્મને વિષે પ્રસંગ આવશે. વળી એકત્વથી પણ (પ્રસંગ આવશે). 'नान्योऽतोऽस्ति विज्ञाता' (બૃહ. ઉપ. ૩-૭-૨૩) **'એથી અન્ય વિજ્ઞાતા નથી'** વગેરે શ્રુતિથી ચોક્કસ પર આત્માથી અન્ય કોઈ સંસારી આત્મા નથી. તેટલા માટે પરને જ સંસારસંભોગની પ્રાપ્તિ થશે એમ જો (કહેશો તો અમે કહીએ છીએ કે) ના; કેમકે ભેદ છે. શારીર અને પરમેશ્વરનો નિશ્ચય વિશેષ છે. એક, કર્તા, ભોક્તા, ધર્મ અને અધર્મનું સાધન, અને સુખદુઃખાદિ વગેરેથી યુક્ત છે. બીજો, તેનાથી વિપરીત પાપરહિતત્વાદિગુણવિશિષ્ટ છે. આથી એ બેના વિશેષથી એકને ભોગ છે, બીજાને નથી. જો વસ્તુશક્તિનો આશ્રય કર્યા વિના સંનિધાનમાત્રથી કાર્યની સાથે સંબન્ધ સ્વીકારાય, તો આકાશાદિને પણ દાહાદિપ્રસંગ આવે. સર્વવ્યાપક અનેક આત્મા છે એવા મતવાળાઓને પણ આ શંકા અને સમાધાન સમાન જ છે. વળી બ્રહ્મના એકત્વથી અન્ય આત્માનો અભાવ છે તેથી શારીરના ભોગથી બ્રહ્મને ભોગનો પ્રસંગ આવશે એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ. પ્રથમ તો દેવોના પ્રિયને આ પૂછવું જોઈએ કે અન્ય આત્માના અભાવનો તેં શી રીતે નિશ્ચય કર્યો છે. 'तत्त्वमसि' **'તે તું છે'**, 'अहं ब्रह्मास्मि' **'હું બ્રહ્મ છું'**, 'नान्योऽतोऽस्ति विज्ञाता' **'એથી અન્ય વિજ્ઞાતા નથી'** વગેરે શાસ્ત્રોથી (એ નિર્ણય કર્યો છે) એમ જો કહેશો તો (અમે કહીએ છીએ કે) શાસ્ત્રને અનુસારે શાસ્ત્રીય અર્થ સમજવો જોઈએ, તેમાં અર્ધજરતીય યોગ્ય નથી, અને શાસ્ત્ર તો 'तत्त्वमसि' **'તે તું છે'** એમ પાપરહિતત્વાદિવિશેષણયુક્ત બ્રહ્મનો શારીરના આત્મા તરીકે ઉપદેશ કરતું શારીરના ઉપભોક્તાપણાનો નિષેધ કરે છે. તેના ઉપભોગથી બ્રહ્મને ઉપભોગનો પ્રસંગ ક્યાંથી? જ્યારે શારીરનું બ્રહ્મની સાથે એકત્વ સમજાયું નથી ત્યારે શારીરને ઉપભોગ મિથ્યાજ્ઞાન એટલે અવિદ્યા કે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો છે, તેનો પરમાર્થરૂપ બ્રહ્મને સંસ્પર્શ નથી. અજ્ઞાનીઓ આકાશને વિષે તલમલિનતા આદિનો વિકલ્પ કરે છે તેથી આકાશ પરમાર્થતઃ તલમલિનતાદિવિશિષ્ટ થતું નથી. માટે (સૂત્રકાર) કહે છે - 'न वैशेष्यात्' એમ. એકત્વ છે તોપણ શારીરના ઉપભોગથી બ્રહ્મને ઉપભોગનો પ્રસંગ નથી, કેમકે વૈશેષ્ય (વિશેષતા) છે. ખરેખર, મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે વિશેષ છે. ઉપભોગ, મિથ્યાત્વજ્ઞાનથી કલ્પિત છે, એકત્વ, સમગ્જ્ઞાનથી દેખાયેલું છે, અને મિથ્યાજ્ઞાનકલ્પિત ઉપભોગથી સમ્યગ્જ્ઞાનથી દેખાયેલી વસ્તુ સંસ્પર્શ કરાતી નથી. માટે ઈશ્વરની બાબતમાં પણ ઉપભોગ કલ્પવો શક્ય નથી ॥ ૮ ॥

૨. અત્તા અધિકરણ

ભક્ષક (પરમાત્મા છે), ચર અને અચરનું ગ્રહણ છે તેથી ॥ ૯ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

कठवल्लीषु पठ्यते **'यस्य ब्रह्म च क्षत्रं चोभे भवत ओदनः । मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः'** (कठोप.१-२-२४) इति । अत्र कश्चिदोदनोपसेचनसूचितोऽत्ता प्रतीयते । तत्र किमग्निरत्ता स्यात्, उत जीवः, अथवा परमात्मा, इति संशयः, विशेषानवधारणात्, त्रयाणां चाग्निजीवपरमात्मनामस्मिन्ग्रन्थे प्रश्नोपन्यासोपलब्धेः । किं तावत्प्राप्तम् ? अग्निरत्तेति । कुतः ? **'अग्निरन्नादः'** (बृह.उप. १-४-६) इति श्रुतिप्रसिद्धिभ्याम् । जीवो वा अत्ता स्यात् **'तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति'** इति दर्शनात्, न परमात्मा, **'अनश्नन्नन्योऽभिचाकशीति'** (मुण्ड.उप. ३-१-१) इति दर्शनादित्येवं प्राप्ते –

ब्रूमः – अत्तात्र परमात्मा भवितुमर्हति । कुतः ? चराचरग्रहणात् । चराचरं हि स्थावरजङ्गमं मृत्यूपसेचनमिहाद्यत्वेन प्रतीयते, तादृशस्य चाद्यस्य न परमात्मनोऽन्यः कार्त्स्न्येनात्ता संभवति । परमात्मा तु विकारजातमुपसंहरन्सर्वमत्तीत्युपपद्यते । नन्विह चराचरग्रहणं नोपलभ्यते, तत् कथं सिद्धवच्चराचरग्रहणं हेतुत्वेनोपादीयते? नैष दोषः, मृत्यूपसेचनत्वेनेहाद्यत्वेन सर्वस्य प्राणिनिकायस्य प्रतीयमानत्वात्, ब्रह्मक्षत्रयोश्च प्राधान्यात्प्रदर्शनार्थत्वोपपत्तेः । यत्तु परमात्मनोऽपि नात्तृत्वं संभवति **'अनश्नन्नन्योऽभिचाकशीति'** इति दर्शनादिति, अत्रोच्यते – कर्मफलभोगस्य प्रतिषेधकमेतद्दर्शनम्, तस्य संनिहितत्वात् । न विकारसंहारस्य प्रतिषेधकम्, सर्ववेदान्तेषु सृष्टिस्थितिसंहारकारणत्वेन ब्रह्मणः प्रसिद्धत्वात् । तस्मात्परमात्मैवेहात्ता भवितुमर्हति ॥ ९ ॥

प्रकरणाच्च ॥१०॥

इतश्च परमात्मैवेहात्ता भवितुमर्हति, यत्कारणं प्रकरणमिदं परमात्मनः – **'न जायते म्रियते वा विपश्चित्'** (काठ. १-२-१८) इत्यादि । प्रकृतग्रहणं च न्याय्यम् । **'क इत्था वेद यत्र सः'** इति च दुर्विज्ञानत्वं परमात्मलिङ्गम् ॥ १० ॥

'यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः । मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः ॥' (કઠ.ઉપ. ૧-૨-૨૪) **'બ્રાહ્મણ અને ક્ષત્રિયો, બંને, જેનો ઓદન થાય છે અને મૃત્યુ જેનું ઉપસેચન—ઓદન સાથે મિશ્ર થયેલું ઘી—થાય છે, તે જ્યાં છે તેને આ પ્રમાણે કોણ જાણે છે'** આવું કઠવલ્લીમાં કહ્યું છે. એમાં ઓદન અને ઉપસેચનથી સૂચવાયેલા કોઈક ભક્ષકની પ્રતીતિ થાય છે. તેમાં શું અગ્નિ ભક્ષક થાય, કે જીવ, કે પરમાત્મા - એમ સંશય થાય છે, કેમકે વિશેષનું અવધારણ નથી અને એ ગ્રન્થમાં અગ્નિ, જીવ અને પરમાત્મા એ ત્રણેના પ્રશ્નનો નિર્દેશ જોવામાં આવે છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે ? અગ્નિ ભક્ષક છે એમ પ્રાપ્ત થાય છે. શાથી ? 'अग्निरन्नादः' (બૃહ. ઉપ. ૧-૪-૬) **'અગ્નિ અન્નનો ભક્ષક છે'** એમ શ્રુતિ છે તેથી અને પ્રસિદ્ધિથી. અથવા જીવ ભક્ષક થાય, કેમકે 'तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति' (મુણ્ડ.ઉપ. ૩-૧-૧) **'તે બેમાંનો એક સ્વાદયુક્ત ફળ ખાય છે'** એવી શ્રુતિ જોવામાં આવે છે. પણ પરમાત્મા (ભક્ષક થાય) નહિ, કેમકે 'अनश्नन्नन्यो अभिचाकशीति' (મુણ્ડ.ઉપ. ૩-૧-૧) **'બીજો ખાધા વગર માત્ર જુએ છે'** એમ શ્રુતિ જોવામાં આવે છે. આમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ - અહીં પરમાત્મા ભક્ષક થવા યોગ્ય છે. શાથી ? ચર અને અચરનું ગ્રહણ છે તેથી. ખરેખર ચર અને અચર, જંગમ અને સ્થાવરની, મૃત્યુ જેમાં ઉપસેચન છે એવા ભક્ષ્ય તરીકે અહીં પ્રતીતિ થાય છે, અને તેવા ભક્ષ્યનો પૂર્ણતાએ ભક્ષક, પરમાત્માથી ભિન્ન સંભવતો નથી. પરમાત્મા તો સર્વ વિકારનો ઉપસંહાર કરે છે તેથી સર્વનું ભક્ષણ કરે છે એ યોગ્ય છે. પણ અહીં ચર અને અચરનું ગ્રહણ પ્રાપ્ત થતું નથી, તો ચર અને અચરનું ગ્રહણ સિદ્ધ હોય તેમ હેતુ તરીકે કેમ લેવાય ? એ દોષ નથી; કેમકે મૃત્યુ ઉપસેચન છે એટલે સર્વ પ્રાણીસમૂહની પ્રતીતિ થાય છે, અને બ્રાહ્મણ અને ક્ષત્રિયનું પ્રધાનતાને લીધે પ્રદર્શન કર્યું છે એ યોગ્ય છે. પરમાત્મા પણ ભક્ષક છે એ સંભવતું નથી, કેમકે 'अनश्नन्नन्यो अभिचाकशीति' (મુણ્ડ.ઉપ. ૩-૧-૧) **'બીજો ખાધા વગર માત્ર જોયા કરે છે'** એમ શ્રુતિમાં જોવામાં આવે છે એ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ - એ શ્રુતિ વાક્ય કર્મફળના ઉપભોગનો પ્રતિષેધ કરે છે, કેમકે તે સંનિધિમાં—નજીકમાં છે, વિકારના સંહારનો પ્રતિષેધ કરતું નથી, કેમકે સર્વ વેદાન્તોમાં સૃષ્ટિ, સ્થિતિ અને સંહારના કારણ તરીકે બ્રહ્મ પ્રસિદ્ધ છે. તેટલા માટે પરમાત્મા જ અહીં ભક્ષક છે એ યોગ્ય છે ॥ ૯ ॥

અને પ્રકરણથી (પરમાત્મા જ ભક્ષક છે) ॥ ૧૦ ॥

આથી પણ પરમાત્મા જ ભક્ષક થવા યોગ્ય છે, કેમકે પરમાત્માનું એ પ્રકરણ છે - 'न जायते म्रियते या विपश्चित्' (કાઠ.ઉપ. ૧-૨-૧૮) **(આત્મા જન્મ પામતો નથી કે મરણ પામતો નથી, અને મેધાવી છે,)** વગેરે અને પ્રકૃતનું ગ્રહણ યોગ્ય છે. 'क इत्था वेद यत्र सः' **'તે જ્યાં છે તે એ પ્રમાણે કોણ જાણે છે'** એમ દુર્વિજ્ઞાનત્વ (સારી રીતે ન જાણી શકવું) પણ પરમાત્માનું લિંગ (અનુમાન કરાવનાર હેતુ) છે ॥ ૧૦ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३. गुहाप्रविष्टाधिकरण् ।

गुहां प्रविष्टावात्मानौ हि तद्दर्शनात् ॥११॥

कठवल्लीष्वेव पठ्यते – **‘ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे । छायातपौ ब्रह्मविदो वदन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः’** (काठ.उप. १-३-१) इति । तत्र संशयः –किमिह बुद्धिजीवौ निर्दिष्टौ, उत जीवपरमात्मानाविति । यदि बुद्धिजीवौ, ततो बुद्धिप्रधानात्कार्यकरणसंघाताद्विलक्षणो जीवः प्रतिपादितो भवति, तदपीह प्रतिपादयितव्यम्, **‘येयं प्रेते विचिकिसा मनुष्येऽस्तीत्येके नायमस्तीति चैके । एतद्विद्यामनुशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः’** (काठ.उप. १-१-२०) इति पृष्टत्वात् । अथ जीवपरमात्मानौ, ततो जीवाद्विलक्षणः परमात्मा प्रतिपादितो भवति। तदपीह प्रतिपादयितव्यम् – **‘अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् । अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद’** (काठ. १-२-१४) इति पृष्टत्वात् । अत्राहाक्षेप्ता–उभावप्येतौ पक्षौ न संभवतः । कस्मात् ? ऋतपानं हि कर्मफलोपभोगः, **‘सुकृतस्य लोके’** इति लिङ्गात् । तच्च चेतनस्य क्षेत्रज्ञस्य संभवति, नाचेतनाया बुद्धेः । **‘पिबन्तौ’** इति द्विवचनेन द्वयोः पानं दर्शयति श्रुतिः । अतो बुद्धिक्षेत्रज्ञपक्षस्तावन्न संभवति । अत एव क्षेत्रज्ञपरमात्मपक्षोऽपि न संभवति, चेतनेऽपि परमात्मनि ऋतपानासंभवात्, **‘अनश्नन्नन्योऽभिचाकशीति’** (मुं.उप. ३-१-१) इति मन्त्रवर्णादिति । अत्रोच्यते – नैष दोषः, छत्रिणो गच्छन्तीत्येकेनापि छत्रिणा बहूनामच्छत्रिणां छत्रित्वोपचारदर्शनात् । एवमेकेनापि पिबता द्वौ पिबन्तावुच्येयाताम् । यद्वा जीवस्तावत्पिबति, ईश्वरस्तु पाययति, पाययन्नपि पिबतीत्युच्यते, पाचयितर्यपि पक्तृत्वप्रसिद्धिदर्शनात् । बुद्धिक्षेत्रज्ञपरिग्रहोऽपि संभवति, करणे कर्तृत्वोपचारात्, **‘एधांसि पचन्ति’** इति प्रयोगदर्शनात् । नचाध्यात्माधिकारेऽन्यौ कौचिद्व्यावृत्तं पिबन्तौ संभवतः । तस्माद्बुद्धिजीवौ स्यातां जीवपरमात्मानौ वेति संशयः ॥

---

૩. ગુહાપ્રવિષ્ટ અધિકરણ

ગુહામાં પ્રવિષ્ટ થયેલા (જીવ અને પરમાત્મા છે); કેમકે આત્માઓ છે, (શ્રુતિમાં) તેનું દર્શન છે માટે ॥ ૧૧ ॥

‘ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे । छायातपौ ब्रह्मविदो वदन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः॥’ (કાઠ.ઉપ. १-३-१) **‘અવશ્ય થનારા કર્મફળને ભોગવનારા, સુકૃતના કાર્ય એવા દેહમાં શ્રેષ્ઠ હૃદયમાં જે આકાશરૂપ ગુહા છે તેમાં પ્રવેશ પામેલા, છાયા અને આતપની જેમ પરસ્પરવિરુદ્ધ, એવા બેને બ્રહ્મવેત્તાઓ, પંચાગ્નિઓ, અને ત્રણવાર નાચિકેત અગ્નિનું જેમણે ચયન કર્યું છે તેઓ જાણે છે’** એમ કઠવલ્લીમાં જ કહ્યું છે. તેમાં સંશય થાય છે કે અહીં શું બુદ્ધિ અને જીવ નિર્દિષ્ટ છે કે જીવ અને પરમાત્મા ? જો બુદ્ધિ અને જીવ નિર્દિષ્ટ હોય તો બુદ્ધિ જેમાં પ્રધાન છે એવા કાર્યેન્દ્રિયના સમૂહ-શરીરથી વિલક્ષણ જીવ પ્રતિપાદિત થશે. તે પણ અહીં પ્રતિપાદન કરવા યોગ્ય છે; કેમકે ‘येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नायमस्तीति चैके । एतद्विद्यामनुशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः ॥’ (કાઠ.ઉપ. १-१-२०) **‘પ્રેત મનુષ્યને વિષે આત્મા છે એમ કેટલાક ધારે છે અને નથી એમ કેટલાક ધારે છે એ સંશયમાં તારાથી ઉપદેશ કરાયેલો હું એ વિદ્યા જાણવા ઈચ્છું છું. વરોમાં એ મારો ત્રીજો વર છે’** એ પ્રશ્ન પૂછ્યો છે. જો જીવ અને પરમાત્મા હોય તો જીવથી વિલક્ષણ પરમાત્મા પ્રતિપાદન કરેલો થાય છે. તે પણ અહીં પ્રતિપાદન કરવા યોગ્ય છે; કેમકે ‘अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् । अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद ॥’ (કાઠ.ઉપ. १-२-१४) **‘ધર્મથી જે ભિન્ન છે તેમજ અધર્મથી ભિન્ન છે, આ કાર્ય અને કારણથી જે ભિન્ન છે, ભૂતકાળથી અને ભવિષ્યકાળથી તેમજ વર્તમાનકાળથી જે ભિન્ન છે એવી જે વસ્તુ તું જાણે છે તે તું મને કહે’** એમ પ્રશ્ન પૂછ્યો છે. અહીં આક્ષેપ કરનાર કહે છે. બંનેએ એ પક્ષો સંભવતા નથી. શાથી ? ઋતપાન એટલે કર્મફળનો ઉપભોગ, ‘सुकृतस्य लोके’ **‘સુકૃતના કાર્ય દેહને વિષે’** એ લિંગથી. તે (ઋતપાન) ચેતન જીવને સંભવે છે, અચેતન બુદ્ધિને નહિ. વળી ‘पिबन्तौ’ **‘બે પાન કરે છે’** એમ દ્વિવચનથી શ્રુતિ બેનું પાન દર્શાવે છે. આથી બુદ્ધિ અને જીવનો પક્ષ શક્ય નથી. એ જ કારણથી જીવ અને પરમાત્માનો પક્ષ પણ સંભવતો નથી; કેમકે ચેતન એવા પણ પરમાત્માને વિષે ઋતપાન અશક્ય છે, કારણ કે ‘अनश्नन्नन्यो अभिचाकशीति’ (મું.ઉપ. ૩-૧-૧) **‘બીજો ખાધા વિના જોયાં કરે છે’** એમ મન્ત્રવર્ણ છે. આ (આ આક્ષેપને) વિષે કહીએ છીએ-એ દોષ નથી, કેમકે छत्रिणो गच्छन्ति (છત્રીવાળાઓ જાય છે) એમ એક છત્રીવાળો હોય તો પણ બહુને છત્રીવાળાઓ એવો ઉપચાર જોવામાં આવે છે. એ પ્રમાણે એક પાન કરતો હોય તો પણ બે પાન કરે છે એમ કહેવાય છે. અથવા જીવ પાન કરે છે. ઈશ્વર તો પાન કરાવે છે. પાન કરાવે છે તોપણ પાન કરે છે એમ કહેવાય છે; કેમકે રંધાવનારને વિષે પણ રાંધનારના ધર્મની પ્રસિદ્ધિ જોવામાં આવે છે. બુદ્ધિ અને જીવનો સ્વીકાર પણ સંભવે છે, કેમકે કારણમાં કર્તૃત્વનો ઉપચાર છે. કારણ કે ‘एधांसि पचन्ति’ **‘લાકડાં રાંધે છે’** એવો પ્રયોગ જોવામાં આવે છે. વળી અધ્યાત્મ અધિકારમાં બીજા કોઈ બે ઋતપાન કરતા સંભવતા નથી. તેટલા માટે બુદ્ધિ અને જીવ નિર્દિષ્ટ થાય કે જીવ અને પરમાત્મા એવો સંશય થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

किं तावत्प्राप्तम् ? बुद्धिक्षेत्रज्ञाविति । कुतः ? **'गुहां प्रविष्टौ'** इति विशेषणात् । यदि शरीरं गुहा, यदि वा हृदयम्, उभयथापि बुद्धिक्षेत्रज्ञौ गुहां प्रविष्टावुपपद्येते । न च सति संभवे सर्वगतस्य ब्रह्मणो विशिष्टदेशत्वं युक्तं कल्पयितुम् । **'सुकृतस्य लोके'** इति च कर्मगोचरानतिक्रमं दर्शयति । परमात्मा तु न सुकृतस्य वा दुष्कृतस्य वा गोचरे वर्तते, **'न कर्मणा वर्धते नो कनीयान्'** इति श्रुतेः । **'छायातपौ'** इति च चेतनाचेतनयोर्निर्देश उपपद्यते, छायातपवत्परस्परविलक्षणत्वात् । तस्माद्बुद्धिक्षेत्रज्ञाविहोच्येयातामित्येवं प्राप्ते –

ब्रूमः – विज्ञानात्मपरमात्मानाविहोच्येयाताम् । कस्मात् ? आत्मानौ हि तावुभावपि चेतनौ समानस्वभावौ । संख्याश्रवणे च समानस्वभावेष्वेव लोके प्रतीतिर्दृश्यते । **'अस्य गोर्द्वितीयोऽन्वेष्टव्यः'** इत्युक्ते, गौरेव द्वितीयोऽन्विष्यते, नाश्वः पुरुषो वा। तदिह ऋतपानेन लिङ्गेन निश्चिते विज्ञानात्मनि द्वितीयान्वेषणायां समानस्वभावश्चेतनः परमात्मैव प्रतीयते । ननूक्तं गुहाहितत्वदर्शनान्न परमात्मा प्रत्येतव्य इति, गुहाहितत्वदर्शनादेव परमात्मा प्रत्येतव्य इति वदामः । गुहाहितत्वं तु श्रुतिस्मृतिष्वसकृत्परमात्मन एव दृश्यते – **'गुहाहितं गह्वरेष्ठं पुराणम्'** (काठ.उप. १-२-१२) **'यो वेद निहितं गुहायां परमे व्योमन्'** (तैत्ति.उप.२-१) **'आत्मानमन्विच्छ गुहां प्रविष्टम्'** इत्याद्यासु । सर्वगतस्यापि ब्रह्मण उपलब्ध्यर्थो देशविशेषोपदेशो न विरुध्यत इत्येतदप्युक्तमेव । सुकृतलोकवर्तित्वं तु छत्रित्ववदेकस्मिन्नपि वर्तमानमुभयोरविरुद्धम् । **'छायातपौ'** इत्यप्यविरुद्धम्, छायातपवत्परस्परविलक्षणत्वात्संसारित्वासंसारित्वयोः, अविद्याकृतत्वात्संसारित्वस्य पारमार्थिकत्वाच्चासंसारित्वस्य । तस्माद्विज्ञानात्मपरमात्मानौ गुहां प्रविष्टौ गृह्येते ॥११॥

कुतश्च विज्ञानात्मपरमात्मानौ गृह्येते ? –

विशेषणाच्च ॥१२॥

विशेषणं च विज्ञानात्मपरमात्मनोरेव भवति । **'आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु'** (का. १-३-३) इत्यादिना

ત્યારે શું આવી પડે છે ? બુદ્ધિ અને જીવ નિર્દિષ્ટ છે એમ છે. શાથી ? **'ગુહામાં પ્રવિષ્ટ થયેલા'** એવા વિશેષણથી. જો ગુહા એટલે શરીર હોય કે હૃદય હોય તો પણ બંને પક્ષમાં પણ બુદ્ધિ અને જીવ ગુહામાં પ્રવિષ્ટ થયેલા એ (કહેવું) યોગ્ય છે; અને શક્ય હોય તો સર્વવ્યાપક બ્રહ્મનો વિશિષ્ટ દેશ કલ્પવો યોગ્ય નથી. વળી, 'सुकृतस्य लोके' **'સુકૃતના કાર્ય દેહને વિષે'** એ કર્મગોચરનો અનતિક્રમ દર્શાવે છે. પરમાત્મા તો સુકૃત કે દુષ્કૃતના ગોચરમાં રહેતો નથી, કેમકે 'न कर्मणा वर्धते नो कनीयान्' **'કર્મથી વૃદ્ધિ પામતો નથી, અને કનીયાન્-અલ્પતર થતો નથી'** એમ શ્રુતિ છે. 'छायातपौ' **'છાયા અને આતપ'** એ પણ ચેતન અને અચેતનનો નિર્દેશ હોય તો યોગ્ય થાય છે, કેમકે છાયા અને આતપની જેમ પરસ્પર વિલક્ષણ છે. તેટલા માટે બુદ્ધિ અને જીવ અહીં કહેવાવા જોઈએ એમ પ્રાપ્ત થતાં

અમે કહીએ છીએ - વિજ્ઞાનાત્મા અને પરમાત્મા અહીં કહેવાવા જોઈએ. શાથી ? તે બંને ખરેખર આત્મા છે, ચેતન અને સમાન સ્વભાવવાળા છે. સંખ્યાનું શ્રવણ થાય છે ત્યારે સમાન સ્વભાવવાળાઓની જ લોકોમાં પ્રીતિતિ થાય છે. 'अस्य गोर्द्वितीयोऽन्वेष्टव्यः' **'એ વૃષભનો બીજો શોધવો જોઈએ'** એમ કહ્યું એટલે બીજો વૃષભ જ શોધવામાં આવે છે, અશ્વ કે પુરુષ શોધવામાં આવતો નથી. માટે અહીં ઋતપાનરૂપ લિંગથી વિજ્ઞાનાત્માનો નિશ્ચય થયો એટલે દ્વિતીયની શોધમાં સરખા સ્વભાવવાળા ચેતન પરમાત્માની જ પ્રતીતિ થાય છે. પણ કહ્યું છે કે ગુહામાં પ્રવિષ્ટ થયેલા એમ જોવામાં આવે છે માટે પરમાત્માની પ્રતીતિ થવી ન જોઈએ. અમે કહીએ છીએ કે ગુહામાં પ્રવિષ્ટ થયેલા એમ જોવામાં આવે છે માટે જ પરમાત્માની પ્રતીતિ થવી જોઈએ. ગુહામાં રહેવાપણું તો શ્રુતિ અને સ્મૃતિમાં અનેક વાર પરમાત્માનું જ જોવામાં આવે છે - 'गुहाहितं गह्वरेष्ठं पुराणम्' (કાઠ.ઉપ. ૧-૨-૧૨) **'ગુહામાં મૂકેલા, ગહ્વરમાં રહેલા અને પુરાણ'**, 'यो वेद निहितं गुहायां परमे व्योमन्' (તૈત્તિ.ઉપ.૨-૧) **'શ્રેષ્ઠ હૃદયરૂપી આકાશમાં ગુહાને વિષે મૂકેલાને જે જાણે છે'**, 'आत्मानमन्विच्छ गुहां प्रविष्टम्' **'ગુહામાં પ્રવિષ્ટ થયેલા આત્માને શોધ'** વગેરે શ્રુતિ અને સ્મૃતિમાં સર્વવ્યાપક બ્રહ્મનો પણ ઉપલબ્ધિને અર્થે દેશવિશેષમાં ઉપદેશ વિરુદ્ધ થતો નથી એમ પણ કહ્યું છે જ. સુકૃતના કાર્ય દેહને વિષે રહેવાપણું તો છત્રીવાળા હોવાની જેમ એકને વિષે હોય તોપણ બંનેને અવિરુદ્ધ છે. છાયા અને આતપની જેમ એ પણ અવિરુદ્ધ છે, કેમકે સંસારિત્વ અને અસંસારિત્વ એ છાયા અને આતપની જેમ પરસ્પર વિરુદ્ધ છે, કારણ કે સંસારિત્વ અવિદ્યાજન્ય છે, અને અસંસારિત્વ પારમાર્થિક—વાસ્તવિક છે. માટે 'ગુહામાં પ્રવિષ્ટ થયેલા' વિજ્ઞાનાત્મા અને પરમાત્મા છે એમ સ્વીકારાય છે ॥૧૧॥

અને વિશેષણથી (ગુહામાં પ્રવિષ્ટ થયેલા જીવ અને પરમાત્મા છે) ॥ ૧૨ ॥

વિશેષણ પણ વિજ્ઞાનાત્મા અને પરમાત્માને જ લાગુ પડે છે. 'आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु' (કાઠ.ઉપ. ૧-૩-૩) **'આત્માને રથી જાણ અને શરીરને રથ જ જાણ'** એ પછીથી આવતા વાક્યસંદર્ભથી રથી, રથ, આદિ રૂપકની કલ્પનાથી વિજ્ઞાનાત્માને રથી-સંસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परेण ग्रन्थेन रथिरथादिरूपककल्पनया विज्ञानात्मानं रथिनं संसारमोक्षयोर्गन्तारं कल्पयति । **'सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम्'** (का.१-३-९) इति च परमात्मानं गन्तव्यं कल्पयति । तथा **'तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम्। अध्यात्मयोगाधिगमेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति'** (का.१-२-१२) इति पूर्वस्मिन्नपि ग्रन्थ मन्तृमन्तव्यत्वेनैतावेव विशेषितौ । प्रकरणं चेदं परमात्मनः । **'ब्रह्मविदो वदन्ति'** इति च वक्तृविशेषोपादानं परमात्मपरिग्रहे घटते । तस्मादिह जीवपरमात्मानावुच्येयाताम् । एष एव न्यायः **'द्वा सुपर्णा सयुजा सखाया'** (मुण्ड.उप. ३-१-१) इत्येवमादिष्वपि । तत्रापि ह्यध्यात्माधिकारान्न प्राकृतौ सुपर्णावुच्येते । **'तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति'** इत्यदनलिङ्गाद्विज्ञानात्मा भवति । **'अनश्नन्नन्योऽभिचाकशीति'** इत्यनशनचेतनत्वाभ्यां परमात्मा । अनन्तरे च मन्त्रे तावेव द्रष्टृद्रष्टव्यभावेन विशिनष्टि— **'समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः । जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः'** (मुण्ड.उप. ३-१-२) इति ॥

अपर आह – 'द्वा सुपर्णा' इति नेयमृगस्याधिकरणस्य सिद्धान्तं भजते, पैङ्गिरहस्यब्राह्मणेनान्यथा व्याख्यातत्वात्— **'तयोरन्यः पिप्पलं स्वाद्वत्तीति सत्त्वमनश्नन्नन्योऽभिचाकशीतीत्यनश्नन्नन्योऽभिपश्यति ज्ञस्तावेतौ सत्त्वक्षेत्रज्ञौ'** इति । सत्त्वशब्दो जीवः क्षेत्रशब्दः परमात्मेति यदुच्यते, तत्र, सत्त्वक्षेत्रज्ञशब्दयोरन्तःकरणशारीरपरतया प्रसिद्धत्वात् । तत्रैव च व्याख्यातत्वात् – **'तदेतत्सत्त्वं येन स्वप्नं पश्यति, अथ योऽयं शारीर उपद्रष्टा स क्षेत्रज्ञस्तावेतौ सत्त्वक्षेत्रज्ञौ'** इति । नाप्यस्याधिकरणस्य पूर्वपक्षभावं भजते । न ह्यत्र शारीरः क्षेत्रज्ञः कर्तृत्वभोक्तृत्वादिना संसारधर्मेणोपेतो विवक्ष्यते । कथं तर्हि? सर्वसंसारधर्मातीतो ब्रह्मस्वभावश्चैतन्यमात्रस्वरूपः, **'अनश्नन्नन्योऽभिचाकशीतीत्यनश्नन्नन्योऽभिपश्यति ज्ञः'** इति वचनात्, **'तत्त्वमसि' 'क्षेत्रज्ञं चापि मां विद्धि'** (भग.गी.१३-२) इत्यादिश्रुतिस्मृतिभ्यश्च । तावता च विद्योपसंहारदर्शनमेवमेवावकल्पते,

---

અને મોક્ષ પ્રતિ ગતિ કરનાર— તરીકે કલ્પે છે, અને 'सोऽध्वनः पारमाप्नोति तद्विष्णोः परमं पदम्' (કાઠ.ઉપ. ૧-૩-૯) **'તે સંસારગતિને પાર, તે વ્યાપક બ્રહ્મના પરમ સ્થાનને પામે છે'** એથી પરમાત્માને ગન્તવ્ય તરીકે કલ્પે છે. તેમજ 'तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम् । अध्यात्मयोगाधिगमेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति ॥' (કાઠ.ઉપ. ૧-૨-૧૨) **'દુઃખેથી દર્શન કરી શકાય એવા, ગૂઢ-માયામાં પ્રવેશેલા, ગુહામાં-બુદ્ધિમાં-રહેલા, ગહ્વરમાં-અનેક અનર્થથી વ્યાપ્ત દેહમાં-રહેલા, પુરાણ, અધ્યાત્મયોગ-વિષયોમાંથી ચિત્તને આત્મામાં મગ્ન કરવું, તેની પ્રાપ્તિથી આત્માનું મનન કરીને ધીર પુરુષ હર્ષ અને શોકનો ત્યાગ કરે છે'** એમ પૂર્વ સંદર્ભમાં પણ મનન કરનાર અને મનન કરવાના વિષય તરીકે એ બે (જીવ અને પરમાત્મા)નાં જ વિશેષણ આપ્યાં છે. આ પ્રકરણ પણ પરમાત્માનું છે. 'ब्रह्मविदो वदन्ति' **'બ્રહ્મ જાણનારાઓ કહે છે'** એમ વિશિષ્ટ વક્તાનું ગ્રહણ પરમાત્માનો સ્વીકાર કરવાથી યોગ્ય બને છે. તેટલા માટે અહીં જીવ અને પરમાત્મા કહેવાવા જોઈએ. 'द्वा सुपर्णा सयुजा सखाया' (મુણ્ડ.ઉપ. ૩-૧-૧) **'બે સુંદર પર્ણવાળા, સર્વદા યુક્ત, સખા'** વગેરેમાં પણ એ જ ન્યાય છે. ત્યાં પણ અધ્યાત્મ અધિકારથી પ્રાકૃત સુપર્ણ કહ્યા નથી, તેથી 'तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति' **'તે બેમાંનો એક સ્વાદયુક્ત ફળ ખાય છે'** એમાં ભક્ષણના ચિહ્નથી વિજ્ઞાનાત્મા સમજાય છે અને 'अनश्नन्नन्यो अभिचाकशीति' **'બીજો ખાધા વગર જોયાં કરે છે'** એમ અક્ષણ અને ચેતનત્વના કારણથી પરમાત્મા સમજાય છે. પછીના મન્ત્રમાં એ બેનાં જ દ્રષ્ટા-અને-દ્રષ્ટવ્યભાવથી વિશેષણો આપે છે - 'समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः । जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः' (મુણ્ડ.ઉપ.૩-૧-૨) **'સમાન એટલે એક જ વૃક્ષમાં-છેદન યોગ્ય શરીરમાં-નિમગ્ન થયેલો જીવ દીનભાવથી મોહ પામતો શોક કરે છે. જ્યારે અનેકથી યોગમાર્ગોએ સેવાયેલા ઈશ-સમર્થ બીજાને-પરમાત્માને અને એના મહિમાને જાણે છે ત્યારે શોકરહિત થાય છે'**.

બીજો કહે છે - 'द्वा सुपर्णा-' એ ઋચા આ અધિકરણનો સિદ્ધાન્ત પ્રતિપાદન કરતી નથી, કેમકે પૈઙ્ગિરહસ્યબ્રાહ્મણમાં એનું અન્ય રીતે વ્યાખ્યાન કર્યું છે. 'तयोरन्यः पिप्पलं स्वाद्वत्तीति सत्त्वमनश्नन्नन्योऽभिचाकशीतीत्यनश्नन्नन्योऽभिपश्यति ज्ञस्तावेतौ सत्त्वक्षेत्रज्ञौ' इति । **'તેમાંનો એક સ્વાદયુક્ત ફળ ખાય છે, એ સત્ત્વ, અને બીજો ખાધા વગર જોયાં કરે છે - એટલે ક્ષેત્રજ્ઞ ઉપભોગ કર્યા વગર જોયાં કરે છે એ બે સત્ત્વ અને ક્ષેત્રજ્ઞ છે'**. સત્ત્વ શબ્દ જીવવાચક અને ક્ષેત્રજ્ઞ શબ્દ પરમાત્મવાચક છે એમ જે કહે છે તે બરાબર નથી; કેમકે સત્ત્વ અને ક્ષેત્રજ્ઞ શબ્દો અન્તઃકરણ અને શારીરવાચક છે એ પ્રસિદ્ધ છે, અને તેમાં જ (પૈઙ્ગિરહસ્યબ્રાહ્મણમાં જ) એ પ્રમાણે વ્યાખ્યાન કર્યું છે - 'तदेतत् सत्त्वं येन स्वप्नं पश्यति अथ योऽयं शारीर उपद्रष्टा स क्षेत्रज्ञस्तावेतौ सत्त्वक्षेत्रज्ञौ' इति । **'જે વડે સ્વપ્ન જુએ છે તે એ સત્ત્વ અને જે આ શારીર ઉપદ્રષ્ટા છે તે ક્ષેત્રજ્ઞ છે, એમ એ બે સત્ત્વ અને ક્ષેત્રજ્ઞ છે'**. તેમજ એ ઋચા આ અધિકરણનો પૂર્વપક્ષ પણ પ્રતિપાદન કરતી નથી. ખરેખર અહીં શારીર ક્ષેત્રજ્ઞ એટલે કર્તૃત્વ, ભોક્તૃત્વ, આદિ સંસારધર્મથી યુક્ત એવી વિવક્ષા એટલે કહેવાની ઈચ્છા નથી. ત્યારે શી વિવક્ષા છે ? કેમકે 'अनश्नन्नन्योऽभिचाकशीतीत्यनश्नन्नन्योऽभिपश्यति ज्ञः' **'ખાધા વગર બીજો જોયાં કરે છે એટલે ખાધા વગર બીજો, ક્ષેત્રજ્ઞ, જોયાં કરે છે'** એવું વિધાન અને 'तत्त्वमसि' **'તે તું છે'**, 'क्षेत्रज्ञमपि मां विद्धि' (ગી. ૧૩-૨) **'ક્ષેત્રજ્ઞ તરીકે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'तावेतौ सत्त्वक्षेत्रज्ञौ न ह वा एवंविदि किंचन रज आध्वंसते' इत्यादि । कथं पुनरस्मिन्पक्षे **'तयोरन्यः पिप्पलं स्वाद्वत्तीति सत्त्वम्'** इत्यचेतने सत्त्वे भोक्तृत्ववचनमिति, उच्यते – नेयं श्रुतिरचेतनस्य सत्त्वस्य भोक्तृत्वं वक्ष्यामीति प्रवृत्ता; किं तर्हि ? चेतनस्य क्षेत्रज्ञस्याभोक्तृत्वं ब्रह्मस्वभावतां च वक्ष्यामीति । तदर्थं सुखदुःखादिविक्रियावति सत्त्वे भोक्तृत्वमध्यारोपयति । इदं हि कर्तृत्वं भोक्तृत्वं च सत्त्वक्षेत्रज्ञयोरितरेतरस्वभावाविवेककृतं कल्प्यते । परमार्थतस्तु नान्यतरस्यापि संभवति, अचेतनत्वात्सत्त्वस्य, अविक्रियत्वाच्च क्षेत्रज्ञस्य । अविद्याप्रत्युपस्थापितस्वभावत्वाच्च सत्त्वस्य सुतरां न संभवति । तथा च श्रुतिः – **'यत्र वा अन्यदिव स्यात्तत्रान्योऽन्यत्पश्येत्'** इत्यादिना स्वप्नदृष्टहस्त्यादिव्यवहारवदविद्याविषय एव कर्तृत्वादिव्यवहारं दर्शयति । **'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्'** (बृह.उप.४-५-१५) इत्यादिना च विवेकिनः कर्तृत्वादिव्यवहारं निवारयति ॥ १२ ॥

४. अन्तराधिकरणम् ।

अन्तर उपपत्तेः ॥१३॥

'य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति । तद्यद्यप्यस्मिन्सर्पिर्वोदकं वा सिञ्चति वर्त्मनी एव गच्छति' (छान्दो.उप. ४-१५-१) इत्यादि श्रूयते । तत्र संशयः – किमयं प्रतिबिम्बात्माक्ष्यधिकरणो निर्दिश्यते, अथ विज्ञानात्मा, उत देवतात्मेन्द्रियस्याधिष्ठाता, अथवेश्वर इति । किं तावत्प्राप्तम् ? छायात्मापुरुषप्रतिरूप इति । कुतः? तस्य दृश्यमानत्वप्रसिद्धेः, **'य एषोऽक्षिणि पुरुषो दृश्यते'** इति च प्रसिद्धवदुपदेशात् । विज्ञानात्मनो वायं निर्देश इति युक्तम् । स हि चक्षुषा रूपं पश्यंश्चक्षुषि संनिहितो भवति । आत्मशब्दश्चास्मिन्पक्षेऽनुकूलो भवति । आदित्यपुरुषो वा चक्षुषोऽनुग्राहकः प्रतीयते – **'रश्मिभिरेषोऽस्मिन्प्रतिष्ठितः'** (बृह.उप. ५-५-२) इति श्रुतः, अमृतत्वादीनां च देवतात्मन्यपि कथंचित्संभवात्। नेश्वरः, स्थानविशेषनिर्देशात् – इत्येवं प्राप्ते –

પણ મને જ જાણ' એ અને બીજી શ્રુતિસ્મૃતિઓથી પણ. તેટલાથી-એવા જ મન્ત્ર વ્યાખ્યાનથી - 'तावेतौ सत्त्वक्षेत्रज्ञौ न ह वा एवंविदि किंचन रज आध्वंसते' **'તે એ બે સત્ત્વ અને ક્ષેત્રજ્ઞ છે, એવું જાણનારને વિષે ખરેખર કંઈ પણ રજ-અવિદ્યા સંસ્પર્શ કરતી નથી'** વગેરે પ્રમાણે વિદ્યાનું ઉપસંહારદર્શન યોગ્ય બને છે. પણ એ પક્ષમાં 'तयोरन्यः पिप्पलं स्वाद्वत्तीति सत्त्वम्' **'તે બેમાંથી એક સ્વાદયુક્ત ફળ ખાય છે એમ સત્ત્વ છે'** એમ અચેતન સત્ત્વને વિષે ભોક્તા છે એવું વચન શી રીતે ઘટશે ? કહીએ છીએ - અચેતન સત્ત્વનું ભોક્તૃત્વ કહીશ એવા હેતુથી એ શ્રુતિ પ્રવૃત્ત થતી નથી. ત્યારે કઈ રીતે પ્રવૃત્ત થઈ છે ? ચેતન ક્ષેત્રજ્ઞ અભોક્તા અને બ્રહ્મસ્વભાવ છે એમ કહીશ એવા હેતુથી પ્રવૃત્ત થઈ છે. તેને માટે સુખાદિવિકારવાળા સત્ત્વને વિષે ભોક્તૃત્વનો અધ્યારોપ કરે છે. ખરેખર, આ ભોક્તૃત્વ અને કર્તૃત્વ સત્ત્વ અને ક્ષેત્રજ્ઞના પરસ્પર સ્વભાવના અવિવેકથી કલ્પાયેલું છે. વાસ્તવિક રીતે તો બેમાંથી એકેયને સંભવતું નથી, કેમકે સત્ત્વ અચેતન છે, અને ક્ષેત્રજ્ઞ વિકારરહિત છે. વળી સત્ત્વ તો અવિદ્યાથી જેનો સ્વભાવ ઉત્પન્ન થયો છે એવું હોવાથી તેને તો સહેજપણ સંભવતું નથી, કેમકે 'यत्र वा अन्यदिव स्यात् तत्रान्योऽन्यत् पश्येत्' (બૃહ. ઉપ. ૪-૫-૧૫) **'જ્યાં દ્વિત્વ જેવું હોય ત્યાં એક પુરુષ જેમ બીજું જુએ'** વગેરે શ્રુતિ સ્વપ્નમાં જોયેલા હસ્તી આદિના વ્યવહારની જેમ અવિદ્યાના વિષયમાં જ કર્તૃત્વ આદિ વ્યવહાર દર્શાવે છે, અને 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत्केन कं पश्येत्' (બૃહ. ઉપ. ૪-૫-૧૫) **'પણ જ્યાં સર્વ એનો આત્મા જ થાય છે ત્યાં શેને શા વડે જુએ'** વગેરેથી વિવેકીને કર્તૃત્વ આદિ વ્યવહારનો અભાવ દર્શાવે છે ॥૧૨॥

૪. અંતર અધિકરણ

(આંખમાં) અભ્યન્તર (પુરુષ પરમાત્મા છે), ઉપપત્તિથી ॥ ૧૩ ॥

'य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति । तद्यद्यप्यस्मिन्सर्पिर्वोदकं वा सिञ्चति वर्त्मनी एव गच्छति' (છાન્દો. ઉપ. ૪-૧૫-૧) **'આંખમાં જે આ પુરુષ દેખાય છે તે આત્મા છે એમ તેણે ખરેખર કહ્યું, એ અમૃત છે, અભય છે, એ બ્રહ્મ છે એમ કહ્યું, તે (સ્થાન), જોકે એમાં ઘી અથવા પાણી નાંખે છે, તો પણ તે પાંપણમાં જ જાય છે'** ઇત્યાદિ શ્રુતિ છે. તેમાં સંશય થાય છે કે આંખમાં રહેલો એ શું પ્રતિબિમ્બાત્મા તરીકે નિર્દેશ પામે છે, કે વિજ્ઞાનાત્મા તરીકે કે ઇન્દ્રિયનો (આંખનો) અધિષ્ઠાતા દેવતાત્મા કે ઈશ્વર. ત્યારે શું પ્રાપ્ત થાય છે ? પુરુષનો પ્રતિરૂપ છાયાત્મા. શાથી? તે દશ્યમાન છે એ પ્રસિદ્ધ છે, અને 'य एषोऽक्षिणि पुरुषो दृश्यते' **'આંખમાં જે આ પુરુષ દેખાય છે'** એમ પ્રસિદ્ધની જેમ ઉપદેશ છે તેથી. અથવા તો એ વિજ્ઞાનાત્માનો નિર્દેશ છે એ યોગ્ય છે, કેમકે તે આંખથી રૂપને જોતો આંખની પાસે રહેલો છે. એ પક્ષમાં આત્મ શબ્દ પણ અનુકૂળ થાય છે. અથવા આંખના અનુગ્રાહક આદિત્યપુરુષની પ્રતીતિ થાય છે, કેમકે 'रश्मिभिरेषोऽस्मिन् प्रतिष्ठितः' (બૃહ. ઉપ. ૫-૫-૨) **'કિરણો વડે એ એને વિષે પ્રતિષ્ઠિત છે'** એમ શ્રુતિ છે, અને અમૃતત્વ આદિનો દેવતાત્માને વિષે કોઈપણ પ્રકારે સંભવ છે. પણ ઈશ્વર એવો અર્થ (સમજાતો) નથી, કેમકે અમુક સ્થાનનો નિર્દેશ છે. એમ પ્રાપ્ત થતાં -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्रूमः — परमेश्वर एवाक्षिण्यभ्यन्तरः पुरुष इहोपदिष्ट इति । कस्मात् ? उपपत्तेः । उपपद्यते हि परमेश्वरे गुणजातमिहोपदिश्यमानम् । आत्मत्वं तावन्मुख्यया वृत्त्या परमेश्वरे उपपद्यते, **'स आत्मा तत्त्वमसि'** इति श्रुतेः । अमृतत्वाभयत्वे च तस्मिन्नकृच्छ्रूयेते तस्मिन्नसकृत् श्रुतौ श्रूयेते । तथा परमेश्वरानुरूपमेतदक्षिस्थानम् । यथा हि परमेश्वरः सर्वदोषैरलिप्तः, अपहतपाप्मत्वादिश्रवणात्, तथाक्षिस्थानं सर्वलेपरहितमुपदिष्टम् **'तद्यद्यप्यस्मिन्सर्पिर्वोदकं वा सिञ्चति, वर्त्मनी एव गच्छति'** इति श्रुतेः । संयद्वामत्वादिगुणोपदेशश्च तस्मिन्नवकल्पते । **'एतं संयद्वाम इत्याचक्षते । एतं हि सर्वाणि वामान्यभिसंयन्ति'**, **'एष उ एव वामनीरेष हि सर्वाणि वामानि नयति । एष उ एव भामनीरेष हि सर्वेषु लोकेषु भाति'** (छान्दो.उप. ४-१५-२,३,४) इति च । अत उपपत्तेरन्तरः परमेश्वरः ॥१३॥

स्थानादिव्यपदेशाच्च ॥१४॥

कथं पुनराकाशवत्सर्वगतस्य ब्रह्मणोऽक्ष्यल्पं स्थानमुपपद्यत इति, अत्रोच्यते — भवेदेषानवक्लृप्तिः, यद्येतदेवैकं स्थानमस्य निर्दिष्टं भवेत् । सन्ति ह्यन्यान्यपि पृथिव्यादीनि स्थानान्यस्य निर्दिष्टानि — **'यः पृथिव्यां तिष्ठन्'** (बृह.उप. ३-७-३) इत्यादिना । तेषु हि चक्षुरपि निर्दिष्टम् **'यश्चक्षुषि तिष्ठन्'** इति । स्थानादिव्यपदेशादित्यादिग्रहणेनैतद्दर्शयति — न केवलं स्थानमेवैकमनुचितं ब्रह्मणो निर्दिश्यते, किं तर्हि, नामरूपमित्येवंजातीयकमप्यनामरूपस्य ब्रह्मणोऽनुचितं निर्दिश्यमानं दृश्यते — **'तस्योदिति नाम'** **'हिरण्यश्मश्रुः'** (छान्दो.उप. १-६-७,६) इत्यादि । निर्गुणमपि सद्ब्रह्म नामरूपगतैर्गुणैः सगुणमुपासनार्थं तत्र तत्रोपदिश्यत इत्येतदप्युक्तमेव । सर्वगतस्यापि ब्रह्मण उपलब्ध्यर्थं स्थानविशेषो न विरुध्यते, शालग्राम इव विष्णोरित्येतदप्युक्तमेव ॥१४॥

सुखविशिष्टाभिधानादेव च ॥१५॥

अपि च नैवात्र विवदितव्यम् — किं ब्रह्मास्मिन्वाक्येऽभिधीयते, न वेति । सुखविशिष्टाभिधानादेव ब्रह्मत्वं सिद्धम् ।

અમે કહીએ છીએ. આંખમાં આભ્યન્તર પુરુષ તરીકે પરમેશ્વર જ અહીં ઉપદિષ્ટ છે. શાથી ? ઉપપત્તિથી. ખરેખર જે ગુણસમૂહ અહીં ઉપદિશ્યમાન છે તે પરમેશ્વરને વિષે યોગ્ય છે. પ્રથમ તો આત્મત્વ મુખ્ય વૃત્તિથી પરમેશ્વરને વિષે યોગ્ય થાય છે, કેમકે 'स आत्मा तत्त्वमसि' **'તે આત્મા, તે તું છે'** એવી શ્રુતિ છે. અમૃતત્વ અને અભયત્વ તેને વિષે શ્રુતિમાં વારંવાર પ્રતિપાદન કર્યા છે. તેમજ એ આંખનું સ્થાન પરમેશ્વરને અનુરૂપ છે. ખરેખર, જેમ પરમેશ્વર સર્વ દોષોથી અલિપ્ત છે, કેમકે પાપરહિતત્વ વગેરે ધર્મો શ્રુતિપ્રતિપાદિત છે, તેમ આંખનું સ્થાન સર્વલેપરહિત ઉપદેશ કરાયેલું છે, કેમકે 'तद्यद्यप्यस्मिन् सर्पिर्वोदकं वा सिञ्चति वर्त्मनी एव गच्छति' **'જો કે એમાં ઘી કે ઉદક સિંચે છે તો પણ તે પાંપણમાં જ જાય છે'** એવી શ્રુતિ છે. સકલ કામના પ્રાપ્ત કરવાનો હેતુ ઇત્યાદિ ધર્મના ઉપદેશ તેને જ વિષે ઘટે છે. 'एतं संयद्वाम इत्याचक्षते एतं हि सर्वाणि वामान्यभिसंयन्ति' (છાન્દો. ઉપ. ૪-૧૫-૨) **'એને સંયદ્વામ એમ કહે છે, કેમકે સર્વ કર્મફળો એને અભિલક્ષીને ઉત્પન્ન થાય છે'**, 'एष उ एव वामनीरेष हि सर्वाणि वामानि नयति' (છાન્દો. ઉપ. ૪-૧૫-૩) **'એ જ ખરેખર વામની છે, કેમકે એ સર્વ ફળોને પ્રાપ્ત કરાવે છે)'** અને 'एष उ एव भामनीरेष हि सर्वेषु लोकेषु भाति' (બૃહ. ઉપ. ૪-૧૫-૪) **'એ જ ખરેખર ભામની છે, કેમકે એ સર્વ લોકોને વિષે પ્રકાશે છે'** તે બાબતમાં ઘટે છે. એટલા માટે ઉપપત્તિથી (આંખની) આભ્યન્તર પુરુષ પરમેશ્વર છે ॥ ૧૩ ॥

અને સ્થાનાદિના વ્યયદેશથી (અક્ષિસ્થાનની ઉક્તિ અયોગ્ય નથી) ॥ ૧૪ ॥

પણ આકાશની જેમ સર્વગત બ્રહ્મને અલ્પ સ્થાન આંખ, શી રીતે યોગ્ય છે ? એને વિષે કહીએ છીએ - જો એનું એ જ એક સ્થાન નિર્દિષ્ટ હોય તો એ અનુપપત્તિ થાય, પણ પૃથિવી, આદિ બીજાં પણ સ્થાનો એનાં નિર્દિષ્ટ કર્યા છે - 'यः पृथिव्यां तिष्ठन्' (બૃહ. ઉપ. ૩-૭-૩) **'જે પૃથિવીમાં રહેતો'** વગેરેથી. તેમાં 'यश्चक्षुषि तिष्ठन्' **'જે આંખમાં રહેતો'** ઇત્યાદિથી આંખ પણ નિર્દિષ્ટ છે. 'स्थानादिव्यपदेशात्' એ સૂત્રમાં આદિનું ગ્રહણ કર્યું છે તેથી (સૂત્રકાર) આ દર્શાવે છે કે કેવળ સ્થાન જ એક બ્રહ્મને અનુચિત નિર્દેશ કરાતું જોવામાં આવે છે એમ નથી. ત્યારે શું ? નામ અને રૂપ વગેરે એવું, જેને નામ અને રૂપ નથી એવા બ્રહ્મને અનુચિત નિર્દેશ કરાતું જોવામાં આવે છે - 'तस्योदिति नाम','हिरण्यश्मश्रुः' (છાન્દો. ઉપ. ૧-૬-૭,૬) **'તેનું ઉદ્ એવું નામ છે, સુવર્ણ જેવી મૂછવાળું'** ઇત્યાદિ. બ્રહ્મ નિર્ગુણ છે તો પણ નામ અને રૂપમાં રહેલા ગુણોથી ઉપાસના માટે સ્થળે સ્થળે સગુણ હોય એમ ઉપદેશ કરાય છે એ પણ કહ્યું છે. સર્વગત છે તો પણ ઉપલબ્ધિને અર્થે બ્રહ્મનું વિશિષ્ટ સ્થાન શાલિગ્રામમાં વિષ્ણુની જેમ વિરુદ્ધ નથી એ પણ કહ્યું છે જ ॥ ૧૪ ॥

અને સુખવિશિષ્ટના અભિધાનથી જ (આંખને વિષે જે પુરુષ દેખાય છે તે બ્રહ્મ છે) ॥ ૧૫ ॥

વળી આ વાક્યમાં બ્રહ્મનું અભિધાન છે કે નહિ તેને વિષે વિવાદ કરવો યુક્ત નથી, કેમકે સુખવિશિષ્ટના અભિધાનથી જ બ્રહ્મત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सुखविशिष्टं हि ब्रह्म यद्वाक्योपक्रमे प्रकान्तम् **'प्राणो ब्रह्म कं ब्रह्म खं ब्रह्म'** इति, तदेवेहाभिहितम्, प्रकृतपरिग्रहस्य न्याय्यत्वात्, **'आचार्यस्तु ते गतिं वक्ता'** (छान्दो.उप. ४-१४-१) इति च गतिमात्राभिधानप्रतिज्ञानात् । कथं पुनर्वाक्योपक्रमे सुखविशिष्टं ब्रह्म विज्ञायत इति, उच्यते – **'प्राणो ब्रह्म कं ब्रह्म खं ब्रह्म'** इत्येतदग्नीनां वचनं श्रुत्वोपकोसल उवाच – **'विजानाम्यहं यत्प्राणो ब्रह्म, कं च खं च तु न विजानामि'** इति । तत्रेदं प्रतिवचनम् – **'यद्वाव कं तदेव खं यदेव खं तदेव कम्'** (छान्दो.उप. ४-११०-५) इति । तत्र खंशब्दो भूताकाशे निरूढो लोके । यदि तस्य विशेषणत्वेन कंशब्दः सुखवाची नोपादीयेत, तथा सति केवले भूताकाशे ब्रह्मशब्दो नामादिष्विव प्रतीकाभिप्रयोग प्रयुक्त इति प्रतीतिः स्यात् । तथा कंशब्दस्य विषयेन्द्रियसंपर्कजनिते सामये सुखे प्रसिद्धत्वात्, यदि तस्य खंशब्दो विशेषणत्वेन नोपादीयेतः, लौकिकं सुखं ब्रह्मेति प्रतीतिः स्यात् । इतरेतरविशेषितौ तु कंखंशब्दौ सुखात्मकं ब्रह्म गमयतः । तत्र द्वितीये ब्रह्मशब्देऽनुपादीयमाने **'कं खं ब्रह्म'** इत्येवोच्यमाने कंशब्दस्य विशेषणत्वेनैवोपयुक्तत्वात्सुखस्य गुणस्याध्येयत्वं स्यात्, तन्मा भूत् – इत्युभयोः कंखंशब्दयोर्ब्रह्मशब्दशिरस्त्वम् – **'कं ब्रह्म खं ब्रह्म'** इति । इष्टं हि सुखस्यापि गुणस्य गुणिवद्ध्येयत्वम् । तदेवं वाक्योपक्रमे सुखविशिष्टं ब्रह्मोपदिष्टम् । प्रत्येकं च गार्हपत्यादयोऽग्नयः स्वं स्वं महिमानमुपदिश्य **'एषा सोम्य तेऽस्मद्विद्यात्मविद्या च'** इत्युपसंहरन्तः पूर्वत्र ब्रह्म निर्दिष्टमिति ज्ञापयन्ति । **'आचार्यस्तु ते गतिं वक्ता'** इति च गतिमात्राभिधानप्रतिज्ञानमर्थान्तरविवक्षां वारयति। **'यथा पुष्करपलाश आपो न श्लिष्यन्त एवमेवंविदि पापं कर्म न श्लिष्यते'** (छान्दो.उप. ४-१४-३) इति चाक्षिस्थानं पुरुषं विजानतः पाप्मनानुपघातं पापेन अनुपघातं ब्रुवन्नक्षिस्थानस्य पुरुषस्य ब्रह्मत्वं दर्शयति । तस्मात्प्रकृतस्यैव ब्रह्मणोऽक्षिस्थानतां संयद्वामत्वादिगुणतां चोक्त्वा अर्चिरादिकां तद्विदो गतिं वक्ष्यामीत्युपक्रमते – **'य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मेति होवाच'** (छान्दो.उप. ४-१५-१) इति ॥१५॥

श्रुतोपनिषत्कगत्यभिधानाच्च ॥१६॥

સિદ્ધ છે. 'प्राणो ब्रह्म कं ब्रह्म खं ब्रह्म' **'પ્રાણ બ્રહ્મ છે, કં બ્રહ્મ છે, ખં બ્રહ્મ છે'** એ વાક્યના ઉપક્રમમાં જે સુખવિશિષ્ટ બ્રહ્મનો પ્રક્રમ છે તેનું જ અહીં અભિધાન છે, કેમકે પ્રકૃતનું ગ્રહણ જ ન્યાય્ય છે. 'आचार्यस्तु ते गतिं वक्ता' (છાન્દો. ઉપ. ૪-૧૪-૧) **'આચાર્ય તો તને ગતિ કહેશે'** એમ ગતિમાત્રના અભિધાનની પ્રતિજ્ઞા કરી છે. પણ વાક્યના ઉપક્રમમાં સુખવિશિષ્ટ બ્રહ્મનું વિજ્ઞાન થાય છે એ કેવી રીતે ? કહીએ છીએ. 'प्राणो ब्रह्म कं ब्रह्म खं ब्रह्म' **'પ્રાણ બ્રહ્મ છે, કં બ્રહ્મ છે, ખં બ્રહ્મ છે'** એમ અગ્નિઓનું વચન સાંભળી ઉપકોસલે કહ્યું, 'विजानाम्यहं यत्प्राणो ब्रह्म कं च तु खं च न विजानामि' **'પ્રાણ બ્રહ્મ છે એ હું બરાબર સમજું છું, પણ કંને અને ખંને સમજતો નથી'**. ત્યારે આ ઉત્તર મળ્યો - 'यद्वाव कं तदेव खं यदेव खं तदेव कम्' (છાન્દો. ઉપ. ૪-૧૦-૫) **'ખરેખર, જે કં છે તે જ ખં છે, જે ખં છે તે જ કં છે'**. આમાં ખં શબ્દ લોકમાં ભૂત આકાશને વિષે નિરૂઢ છે. જો તેના વિશેષણ તરીકે સુખવાચી કં શબ્દનું ગ્રહણ ન કરીએ તો તેમ થતાં નામ આદિમાં છે તેમ કેવલ ભૂત આકાશને વિષે પ્રતીકના અભિપ્રાયથી બ્રહ્મ શબ્દ પ્રયુક્ત છે એમ પ્રતીતિ થાય. તેમજ વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી ઉત્પન્ન થયેલા દોષયુક્ત સુખને વિષે કં શબ્દ પ્રસિદ્ધ હોવાથી જો તેના વિશેષણ તરીકે ખં શબ્દનું ગ્રહણ ન કરીએ તો લૌકિક સુખ તે બ્રહ્મ એમ પ્રતીતિ થાય. પણ કં અને ખં શબ્દોને પરસ્પર વિશેષણયુક્ત લઈએ તો તેઓ સુખાત્મક બ્રહ્મની પ્રતીતિ કરાવે છે. તેમાં બીજા બ્રહ્મ શબ્દનું ગ્રહણ ન કરીએ અને 'कं खं ब्रह्म' **'કં અને ખં બ્રહ્મ'** એટલું જ કહીએ તો કં શબ્દનો વિશેષણ તરીકે જ ઉપયોગ થવાથી સુખ ગુણભૂત થવાથી ધ્યેય ન બને. તેમ ન થાય માટે બંને કં અને ખં શબ્દની સાથે 'कं ब्रह्म खं ब्रह्म' **'કં બ્રહ્મ છે, ખં બ્રહ્મ છે'** એમ બ્રહ્મશબ્દનો પ્રયોગ કર્યો છે. ખરેખર, સુખ ગુણ છે તોપણ ગુણી તરીકે તે ધ્યેય છે એમ ઇષ્ટ છે. તેટલા માટે આ રીતે વાક્યના ઉપક્રમમાં સુખવિશિષ્ટ બ્રહ્મનો ઉપદેશ કર્યો છે, અને ગાર્હપત્ય આદિ અગ્નિઓએ પ્રત્યેકે પોતપોતાના મહિમાનો ઉપદેશ કરીને 'एषा सोम्य तेऽस्मद्विद्यात्मविद्या च' **'હે સોમ્ય, આ તને અમારી વિદ્યા અને આત્મવિદ્યા કહી'** એમ ઉપસંહાર કર્યો છે. તેમાં પૂર્વે નિર્દેશ કરેલા બ્રહ્મને જણાવે છે. 'आचार्यस्तु ते गतिं वक्ता' **આચાર્ય તો તને ગતિ કહેશે'** એ ગતિમાત્રના કહેવાની પ્રતિજ્ઞા અન્ય અર્થની વિવક્ષાને અટકાવે છે. 'यथा पुष्करपलाश आपो न श्लिष्यन्त एवमेवंविदि पापं कर्म न श्लिष्यते' (છાન્દો. ઉપ. ૪-૧૪-૩) **'જેમ પદ્મપત્રને પાણી સ્પર્શતું નથી, તેમ આ પ્રમાણે જાણનારને પાપકર્મ સ્પર્શ કરતું નથી'** એ અક્ષિગત પુરુષને જાણનારને પાપનો અસંબંધ કહીને અક્ષિસ્થ પુરુષનું બ્રહ્મત્વ દર્શાવે છે. તેટલા માટે પ્રકૃત જ બ્રહ્મના અક્ષિસ્થતા,(આંખમાં રહેવાપણું) સંયદ્વામતા (જેને ઉદ્દેશીને કર્મફળ ઉત્પન્ન થાય છે તે સંયદ્વામ, તેનો ભાવ તે) આદિ ગુણોને કહીને તે જાણનારની અર્ચિ આદિ ગતિને કહીશ એવો ઉપક્રમ કરે છે - 'य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मेति होवाच' (છાન્દો. ઉપ. ૪-૧૫-૧) **'આંખને વિષે જે પુરુષ દેખાય છે એ આત્મા છે એમ કહ્યું.'** ॥ ૧૫ ॥

અને ઉપનિષદ્ સાંભળનારની ગતિનું અભિધાન છે તેથી (અક્ષિસ્થ પુરુષ બ્રહ્મ છે) ॥ ૧૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इतश्चाक्षिस्थानः पुरुषः परमेश्वरः, यस्माच्छ्रुतोपनिषत्कस्य श्रुतरहस्यविज्ञानस्य ब्रह्मविदो या गतिर्देवयानाख्या प्रसिद्धा श्रुतौ –'**अथोत्तरेण तपसा ब्रह्मचर्येण श्रद्धया विद्ययात्मानमन्विष्यादित्यमभिजयन्ते । एतद्वै प्राणानामायतनमे-तदमृतमभयमेतत्परायणमेतस्मान्न पुनरावर्तन्ते**' (प्रश्न.उप.१-१०) इति, स्मृतावपि – '**अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् । तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः**' (भग.गी.८-२४) इति, सैवेहाक्षिपुरुषविदोऽभिधीयमाना दृश्यते । '**अथ यदु चैवास्मिञ्छव्यं कुर्वन्ति यदि च नार्चिषमेवाभिसंभवन्ति**' इत्युपक्रम्य '**आदित्याच्चन्द्रमसं चन्द्रमसो विद्युतं तत्पुरुषोऽमानवः स एनान्ब्रह्म गमयत्येष देवपथो ब्रह्मपथ एतेन प्रतिपद्यमाना इमं मानवमावर्तं नावर्तन्ते**' (छान्दो.उप. ४-१५-५) इति । तदिह ब्रह्मविद्विषयया प्रसिद्धया गत्या अक्षिस्थानस्य ब्रह्मत्वं निश्चीयते ॥ १६ ॥

अनवस्थितेरसंभवाच्च नेतरः ॥१७॥

यत्पुनरुक्तं छायात्मा, विज्ञानात्मा, देवतात्मा वा स्यादक्षिस्थान इति, अत्रोच्यते – न छायात्मादिरितर इह ग्रहणमर्हति । कस्मात् ? अनवस्थितेः । न तावच्छायात्मनश्चक्षुषि नित्यमवस्थानं संभवति । यदैव हि कश्चित्पुरुषश्चक्षुरासीदति, तदा चक्षुषि पुरुषच्छाया दृश्यतेः, अपगते तस्मिन्न दृश्यते । '**य एषोऽक्षिणि पुरुषः**' इति च श्रुतिः संनिधानात्स्वचक्षुषि दृश्यमानं पुरुषमुपास्यत्वेनोपदिशति । न चोपासनाकाले छायाकरं कञ्चित्पुरुषं चक्षुःसमीपे संनिधाप्योपास्त इति युक्तं कल्पयितुम् । '**अस्यैव शरीरस्य नाशमन्वेष नश्यति**' (छान्दो.उप. ८-९-१) इति श्रुतिश्छायात्मनोऽप्यनवस्थितत्वं दर्शयति । असंभावाच्च । तस्मिन्नमृतत्वादीनां गुणानां न च्छायात्मनि प्रतीतिः । तथा विज्ञानात्मनोऽपि साधारणे कृत्स्नशरीरेन्द्रियसंबन्धे सति न चक्षुष्येवावस्थितत्वं शक्यं वक्तुम् । ब्रह्मणस्तु सर्वव्यापिनोऽपि दृष्ट उपलब्ध्यर्थो हृदयादिदेशविशेषसंबन्धः । समानश्च विज्ञानात्मन्यप्यमृतत्वादीनां गुणानामसंभवः । यद्यपि विज्ञानात्मा परमात्मनोऽनन्य एव, तथाप्यविद्याकामकर्मकृतं तस्मिन्मर्त्यत्वमध्यारोपितं भयं चेत्यमृतत्वाभयत्वे नोपपद्येते । संयद्वामत्वादयश्चैतस्मिन्ननैश्वर्यादनुपपन्ना एव । देवतात्मनस्तु

વળી આથી અક્ષિસ્થ પુરુષ પરમેશ્વર છે, કેમકે જેણે ઉપનિષદ્ સાંભળ્યું છે, એટલે જેને રહસ્યવિજ્ઞાન થયું છે એવા બ્રહ્મજ્ઞાનીની જે દેવયાન નામની ગતિ 'अथोत्तरेण तपसा ब्रह्मचर्येण श्रद्धया विद्ययात्मानमन्विष्यादित्यमभिजयन्त एतद्वै प्राणानामायतनमेतदमृतमभयमेतत्परायणमेतस्मात्र पुनरावर्त्तन्ते' (પ્રશ્ન. ઉપ. ૧-૧૦) '**પછી તપ, બ્રહ્મચર્ય, શ્રદ્ધા અને વિદ્યાથી આત્માનું ધ્યાન ધરીને ઉત્તર માર્ગે આદિત્યને પ્રાપ્ત કરે છે. એ પ્રાણોનો આશ્રય છે, અમૃત છે, અભય છે, એ પરાગતિ છે, એથી સંસારમાં પુનરાવર્તન કરતો નથી**' એ શ્રુતિને માટે અને 'अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् । तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥' (ગી. ૮-૨૪) '**અગ્નિદેવતા, જ્યોતિર્દેવતા, અહરભિમાનિની દેવતા, શુકલપક્ષ દેવતા, ષણ્માસ અને ઉત્તરાયણની અભિમાનિની દેવતા છે તે માર્ગે મૃત થયેલા બ્રહ્મોપાસક પુરુષો બ્રહ્મ પામે છે**' એ સ્મૃતિમાં પણ પ્રસિદ્ધ છે તે જ ગતિનું અભિધાન અહીં અક્ષિપુરુષને જાણનારનું દેખાય છે - 'अथ यदु चैवास्मिञ्छव्यं कुर्वन्ति यदि च नार्चिषमेवाभिसंभवन्ति' '**પછી એને વિષે તેઓ શવસંસ્કાર કરે કે ન કરે તો પણ અર્ચિરાદિ દેવતાને પામે છે**' એમ ઉપક્રમ કરીને 'आदित्याच्चन्द्रमसं चन्द्रमसो विद्युतं तत्पुरुषोऽमानवः स एनान् ब्रह्म गमयत्येष देवपथो ब्रह्मपथ एतेन प्रतिपद्यमाना इमं मानवमावर्तं नावर्त्तन्ते' (છાન્દો. ઉપ. ૪-૧૫-૫) '**આદિત્યથી ચન્દ્રને અને ચન્દ્રથી વિદ્યુત્‌ને પામે છે. ત્યાં અમાનવ પુરુષ તેઓને બ્રહ્મ સુધી પહોંચાડે છે. એ દેવપથ, બ્રહ્મપથ છે.એથી જનારા જન્મમરણાદિ-આવૃત્તયુક્ત આ માનવલોકમાં પાછા ફરતા નથી**'. તેટલા માટે અહીં બ્રહ્મજ્ઞાનીની પ્રસિદ્ધ ગતિથી અક્ષિસ્થ (આંખમાં રહેલ) પુરુષ બ્રહ્મ છે એમ નિશ્ચય થાય છે॥૧૬॥

અનવસ્થિતિથી અને અસંભવથી (અક્ષિસ્થ પુરુષ) જુદો નથી ॥ ૧૭ ॥

અક્ષિસ્થ પુરુષ છાયાત્મા કે વિજ્ઞાનાત્મા કે દેવતાત્મા હોય એમ જે કહ્યું છે એ વિષે કહીએ છીએ - છાયાત્મા આદિ ઇતરનું અહીં ગ્રહણ કરવું યોગ્ય નથી. શાથી ? અનવસ્થિતિથી. છાયાત્માનું આંખમાં નિત્ય અવસ્થાન સંભવતું નથી. જ્યારે કોઈક પુરુષ આંખની પાસે જાય છે ત્યારે જ આંખમાં પુરુષની છાયા દેખાય છે, તે દૂર જાય તો દેખાતી નથી. 'य एषोऽक्षिणि पुरुषः' '**જે આ આંખને વિષે પુરુષ**' એ શ્રુતિ સામીપ્યથી પોતાના નેત્રમાં દેખાતા પુરુષનો ઉપાસ્ય તરીકે ઉપદેશ કરે છે. વળી ઉપાસના સમયે કોઈક છાયાકર પુરુષને નેત્ર પાસે મૂકીને ઉપાસના કરે છે એમ કલ્પવું યોગ્ય નથી. 'अस्यैव शरीरस्य नाशमन्वेष नश्यति' (છા. ઉપ. ૮-૯-૧) '**એ જ શરીરના નાશની પછી એ નાશ પામે છે**' એ શ્રુતિ છાયાત્માની અનવસ્થિતિ દર્શાવે છે. વળી અસંભવથી (છાયાત્મા આદિ ઇતરનું ગ્રહણ યોગ્ય નથી). અમૃતત્વ આદિ ગુણોની પ્રતીતિ તે છાયાત્માને વિષે થતી નથી. તેમજ, વિજ્ઞાનાત્માનો સમગ્ર શરીર અને ઇન્દ્રિયની સાથે સાધારણ સંબન્ધ છે છતાં નેત્રને વિષે જ તે રહેલ છે એમ કહેવું શક્ય નથી. બ્રહ્મ તો વ્યાપી છે તોપણ હૃદયાદિ દેશવિશેષને વિષે તેનો જ્ઞાનને અર્થે સંબન્ધ (શ્રુતિમાં) જોયો છે. વળી અમૃતત્વ આદિ ગુણોનો અસંભવ તો વિજ્ઞાનાત્મામાં સમાન છે. જોકે વિજ્ઞાનાત્મા પરમાત્માથી અનન્ય જ છે, તોપણ અવિદ્યા, કામ અને કર્મથી તેનામાં મર્ત્યત્વ ભય અધ્યારોપિત છે, તેથી અમૃતત્વ અને અભયત્વ તેનામાં યોગ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'रश्मिभिरेषोऽस्मिन्प्रतिष्ठितः' इति श्रुतेः यद्यपि चक्षुष्यवस्थानं स्यात्, तथाप्यात्मत्वं तावन्न संभवति, पराग्रूपत्वात् । अमृतत्वादयोऽपि न संभवन्ति, उत्पत्तिप्रलयश्रवणात् । अमरत्वमपि देवानां चिरकालावस्थानापेक्षम् । ऐश्वर्यमपि परमेश्वरायत्तम्, न स्वाभाविकम्, **'भीषास्माद्वातः पवते, भीषोदेति सूर्यः । भीषास्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पञ्चमः'** (तैत्ति.उप. २-८) इति मन्त्रवर्णात् । तस्मात्परमेश्वर एवायमक्षिस्थानः प्रत्येतव्यः । अस्मिंश्च पक्षे 'दृश्यते' इति प्रसिद्धवदुपादानं शास्त्राद्यपेक्षं विद्वद्विषयं प्ररोचनार्थमिति व्याख्येयम् ॥ १७ ॥

५. अन्तर्याम्यधिकरणम् ।

अन्तर्याम्यधिदैवादिषु तद्धर्मव्यपदेशात् ॥१८॥

'य इमं च लोकं परं च लोकं सर्वाणि च भूतान्यन्तरो यमयति' इत्युपक्रम्य श्रूयते – **'यः पृथिव्यां तिष्ठन्पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयत्येष त आत्मान्तर्याम्यमृतः'** (बृह.उप. ३-७-१,२) इत्यादि । अत्राधिदैवतमधिलोकमधिवेदमधियज्ञमधिभूतमध्यात्मं च कश्चिदन्तरवस्थितो यमयिता अन्तर्यामीति श्रूयते । स किमधिदैवाद्यभिमानी देवतात्मा कश्चित्, किं वा प्राप्ताणिमाद्यैश्वर्यः कश्चिद्योगी, किं वा परमात्मा, किं वार्थान्तरं किञ्चित्, इत्यपूर्वसंज्ञादर्शनात्संशयः । किं तावन्नः प्रतिभाति ? संज्ञाया अप्रसिद्धत्वात्संज्ञिनाप्यप्रसिद्धेनार्थान्तरेण केनचिद्भवितव्यमिति । अथवा नानिरूपितरूपमर्थान्तरं किञ्चिदपि शक्यमस्तीत्यभ्युपगन्तुम् । अन्तर्यामिशब्दश्चान्तर्यमनयोगेन प्रवृत्तो नात्यन्तमप्रसिद्धः। तस्मात्पृथिव्याद्यभिमानी कश्चिद्देवोऽन्तर्यामी स्यात् । तथा च श्रूयते– **'पृथिव्येव यस्यायतनमग्निर्लोको मनो ज्योतिः'** (बृह.उप. ३-९-१०) इत्यादि । स च कार्यकरणवत्त्वात्पृथिव्यादीनन्तस्तिष्ठन्यमयतीति युक्तं देवतात्मनो यमयितृत्वम् । योगिनो वा कस्यचित्सिद्धस्य सर्वानुप्रवेशेन यमयितृत्वं स्यान् । न तु परमात्मा प्रतीयते, अकार्यकरणत्वात्, इत्येवं प्राप्ते –

નથી. સંયદ્વામત્વઆદિ ગુણો ઐશ્વર્યના અભાવને લીધે એને વિષે અયોગ્ય જ છે. દેવતાત્માની તો જોકે 'रश्मिभिरेषोऽस्मिन् प्रतिष्ठितः' **'કિરણો વડે એ એને વિષે પ્રતિષ્ઠિત છે'** એ શ્રુતિથી નેત્રમાં સ્થિતિ થાય, તોપણ તેનું આત્મત્વ સંભવતું નથી, કેમકે પરાગ્રૂપ (બાહ્ય) છે. અમૃતત્વ આદિ પણ સંભવતાં નથી, કેમકે ઉત્પત્તિ અને પ્રલય શ્રુતિમાં કહ્યાં છે. દેવોના અમરત્વને પણ ચિરકાલની અવસ્થિતિની અપેક્ષા છે. ઐશ્વર્ય પણ પરમેશ્વરને અધીન છે, સ્વાભાવિક નથી, કેમકે 'भीषास्माद्वातः पवते भीषोदेति सूर्यः। भीषास्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पञ्चमः' (તૈત્તિ.ઉપ. ૨-૮) **'ભયને લીધે એનાથી-ઈશ્વરથી વાયુ હાલે છે, ભયથી સૂર્ય ઊગે છે, ભયથીઅગ્નિ અને ઇન્દ્ર અને પાંચમો મૃત્યુ દોડે છે'** એમ મન્ત્રમાં કહ્યું છે. તેટલા માટે અક્ષિસ્થ પુરુષની પરમેશ્વર તરીકે જ પ્રતીતિ કરવી યોગ્ય છે, અને એ પક્ષમાં 'दृश्यते' (દેખાય છે) એમ જે પ્રસિદ્ધ જેવું ગ્રહણ કર્યું છે તેને વિદ્વદ્વિષયક શાસ્ત્રાદિની અપેક્ષા છે અને પ્રરોચનાર્થક છે એમ વ્યાખ્યા કરવી. ॥ ૧૭ ॥

૫. અંતર્યામી અધિકરણ

અધિદૈવ આદિમાં અન્તર્યામી (પરમાત્મા છે), તેના ધર્મના વ્યપદેશથી ॥ ૧૮ ॥

'य इमं च लोकं परं च लोकं सर्वाणि च भूतान्यन्तरो यमयति' **'જે આ લોકને અને પર લોકને અને સર્વ ભૂતોને અભ્યન્તર રહીને નિયમમાં રાખે છે'** એમ ઉપક્રમ કરીને શ્રુતિ પ્રતિપાદન કરે છે કે - 'यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयत्येष त आत्मान्तर्याम्यमृतः' (બૃહ. ઉપ. ૩-૭-૧,૨) **(જે પૃથિવીમાં રહેતો, પૃથિવીની અંદર છે, જેને પૃથિવી જાણતી નથી, જેનું પૃથિવી શરીર છે, જે અંદર રહી પૃથિવીને નિયમમાં રાખે છે એ તારો આત્મા, અન્તર્યામી, અમૃત છે'** વગેરે. અહીં દેવતા, લોક, વેદ, યજ્ઞ, ભૂત અને આત્માને ઉદ્દેશીને કોઈ અંદર રહેલો નિયમમાં રાખનાર અન્તર્યામી છે એમ શ્રુતિ છે. તે શું અધિદૈવ આદિનો અભિમાની કોઈ દેવતાત્મા છે, કે જેણે અણિમા, આદિ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે એવો કોઈક યોગી છે, કે પરમાત્મા છે કે કોઈ અન્ય પદાર્થ છે એવો અભૂતપૂર્વ સંજ્ઞાના દર્શનથી સંશય થાય છે. ત્યારે આપણને શું લાગે છે ? સંજ્ઞા અપ્રસિદ્ધ હોવાથી, સંજ્ઞી પણ કોઈક અપ્રસિદ્ધ અન્ય પદાર્થ હોવો જોઈએ એમ લાગે છે. અથવા જેના રૂપનું નિરૂપણ થયું નથી એવો અન્ય પદાર્થ સ્વીકારવો શક્ય નથી. વળી અન્તર્યામી શબ્દ અંદરથી નિયમમાં રાખવું એ વ્યુત્પત્તિથી પ્રવૃત્ત થયેલો અત્યન્ત અપ્રસિદ્ધ નથી. તેટલા માટે પૃથિવ્યાદિનો અભિમાની કોઈક દેવ અન્તર્યામી થાય. તેવી શ્રુતિ છે - 'पृथिव्येव यस्यायतनमग्निर्लोको मनोज्योतिः' (બૃહ. ઉપ. ૩-૯-૧૦) **'પૃથિવી જ જેનું શરીર, અગ્નિ નેત્ર અને મન જ્યોતિ છે)'** વગેરે, અને તેને કાર્યેન્દ્રિયો હોવાથી પૃથિવી આદિને અંદર રહીને નિયમમાં રાખે છે, તેથી દેવતાત્મા નિયમન કરનાર છે એ યોગ્ય છે. અથવા કોઈક સિદ્ધ યોગી સર્વ પદાર્થમાં અનુપ્રવેશથી નિયમન કરનાર થાય. પણ પરમાત્માની પ્રતીતિ થાય નહિ, કેમકે તેને કાર્યેન્દ્રિયો નથી. આમ પ્રાપ્ત થતાં -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इदमुच्यते – योऽन्तर्याम्यधिदैवादिषु श्रूयते, स परमात्मैव स्यात्, नान्य इति । कुतः ? तद्धर्मव्यपदेशात् । तस्य हि परमात्मनो धर्मा इह निर्दिश्यमाना दृश्यन्ते । पृथिव्यादि तावदधिदैवादिभेदभिन्नं समस्तं विकारजातमन्तस्तिष्ठन्यमयतीति परमात्मनो यमयितृत्वं धर्म उपपद्यते, सर्वविकारकारणत्वे सति सर्वशक्त्युपपत्तेः । **'एष त आत्मान्तर्याम्यमृतः'** इति चात्मत्वामृतत्वे मुख्ये परमात्मन उपपद्येते । **'यं पृथिवी न वेद'** इति च पृथिवीदेवताया अविज्ञेयमन्तर्यामिणं ब्रुवन्देवतात्मनोऽन्यमन्तर्यामिणं दर्शयति । पृथिवी देवता ह्यहमस्मि पृथिवीत्यात्मानं विजानीयात् । तथा **'अदृष्टोऽश्रुतः'** इत्यादिव्यपदेशो रूपादिविहीनत्वात्परमात्मन उपपद्यत इति । यत्त्वकार्यकरणस्य परमात्मनो यमयितृत्वं नोपपद्यत इति, नैष दोषः, यन्नियच्छति तत्कार्यकरणैरेव तस्य कार्यकरणवत्त्वोपपत्तेः । तस्याप्यन्यो नियन्तेत्यनवस्थादोषश्च न संभवति, भेदाभावात् । भेदे हि सत्यनवस्थादोषोपपत्तिः । तस्मात्परमात्मैवान्तर्यामी ॥१८॥

न च स्मार्तमतद्धर्माभिलापात् ॥१९॥

स्यादेतत् - अदृष्टत्वादयो धर्माः सांख्यस्मृतिकल्पितस्य प्रधानस्याप्युपपद्यन्ते, रूपादिहीनतया तस्य तैरभ्युपगमात् । **'अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः'** (मनु. १-५) इति हि स्मरन्ति । तस्यापि नियन्तृत्वं सर्वविकारकारणत्वादुपपद्यते । तस्मात्प्रधानमन्तर्यामिशब्दं स्यात् । **'ईक्षतेर्नाशब्दम्'** (ब्र.सू.१-१-५) इत्यत्र निराकृतमपि सत् प्रधानमिहादृष्टत्वादिव्यपदेशसंभवेन पुनराशङ्क्यते । अत उत्तरमुच्यते – न च स्मार्तं प्रधानमन्तर्यामिशब्दं भवितुमर्हति । कस्मात् ? अतद्धर्माभिलापात् । यद्यप्यदृष्टत्वादिव्यपदेशः प्रधानस्य संभवति, तथापि न द्रष्टृत्वादिव्यपदेशः संभवति, प्रधानस्याचेतनत्वेन तैरभ्युपगमात् । **'अदृष्टो द्रष्टाऽश्रुतः श्रोताऽमतो मन्ताऽविज्ञातो विज्ञाता'** (बृह.उप. ३-७-२३) इति हि वाक्यशेष इह भवति। आत्मत्वमपि न प्रधानस्योपपद्यते ॥ १९ ॥

यदि प्रधानमात्मत्वद्रष्टृत्वाद्यसंभवान्नान्तर्याम्यभ्युपगम्यते, शारीरस्तर्ह्यन्तर्यामी भवतु । शारीरो हि चेतनत्वाद्द्रष्टा श्रोता मन्ता विज्ञाता च भवति, आत्मा च प्रत्यक्त्वात् । अमृतश्च, धर्माधर्मफलोपभोगोपपत्तेः । अदृष्टत्वादयश्च धर्माः शारीरे सुप्रसिद्धाः,

---

આમ કહેવામાં આવે છે અધિદૈવ આદિમાં જે અન્તર્યામી શ્રુતિમાં છે તે પરમાત્મા જ છે, અન્ય નથી. શાથી ? તેના ધર્મના વ્યપદેશથી. સાચે જ તે પરમાત્માના ધર્મો અહીં નિર્દેશ કરાતા દેખાય છે. અધિદૈવાદિ ભેદથી ભિન્ન, પૃથિવ્યાદિ સમસ્ત વિકારસમૂહની અંદર રહીને પરમાત્મા તેમને નિયમમાં રાખે છે, માટે પરમાત્મામાં યમન કરનારનો ધર્મ યોગ્ય છે, કેમકે જે સર્વ વિકારનું કારણ છે તેનામાં સર્વ શક્તિ શક્ય છે. 'एष त आत्मान्तर्याम्यमृतः' **'એ તારો આત્મા અન્તર્યામી અમૃત છે'** એ આત્મત્વ અને અમૃતત્વ મુખ્યાર્થમાં પરમાત્માને વિષે યોગ્ય છે. 'यं पृथिवी न वेद' **'જેને પૃથિવી જાણતી નથી'** એ શ્રુતિ પૃથ્વી દેવતાથી અવિજ્ઞેય અન્તર્યામીને કહીને દેવતાત્માથી બીજા અન્તર્યામીને દર્શાવે છે, કારણ કે પૃથિવીદેવતા હું પૃથિવી છું એમ આત્માને જાણે. તેમજ 'अदृष्टोऽश्रुतः' **'અદૃષ્ટ, અશ્રુત'** વગેરે નિર્દેશ રહિત પરમાત્માને માટે છે. કાર્યેન્દ્રિયરહિત પરમાત્માને નિયામકત્વ યોગ્ય નથી એમ જે કહ્યું છે તે દોષ નથી. જેમને તે નિયમમાં રાખે છે તેમની કાર્યેન્દ્રિયો વડે જ તેનામાં કાર્યેન્દ્રિય છે એ યોગ્ય બને છે. તેનો પણ અન્ય નિયન્તા એમ અનવસ્થાદોષ સંભવતો નથી, કેમકે ભેદનો અભાવ છે. ખરેખર, ભેદ હોય તો અનસ્થાવદોષ થાય છે. તેટલા માટે પરમાત્મા જ અન્તર્યામી છે. ॥ ૧૮ ॥

સ્મૃતિમાં કહેલું (પ્રધાન) અન્તર્યામી નથી, કેમકે તેથી અન્યના ધર્મનો નિર્દેશ છે ॥ ૧૯ ॥

(ભલે) એમ થાય. અદૃષ્ટત્વ આદિ ધર્મો સાંખ્યસ્મૃતિકલ્પિત પ્રધાનને પણ યોગ્ય છે, કેમકે તેઓ (સાંખ્યો) તેને (પ્રધાનને) રૂપાદિથી હીન સ્વીકારે છે. ખરેખર, 'अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः' (મનુ. ૧-૫) **'તર્ક ન કરી શકાય એવું, જ્ઞાન ન મેળવી શકાય એવું, બધી બાજુએથી સૂતેલા જેવું'** એમ તેઓ સ્મૃતિમાં વર્ણવે છે. સર્વ વિકારનું કારણ હોવાથી તેમાં પણ નિયન્તૃત્વ ધર્મથી જોડાય છે. તેટલા માટે અન્તર્યામી શબ્દથી પ્રધાન કહેવાય છે. 'ईक्षतेर्नाशब्दम्' (બ્રહ્મ. ૧-૧-૫) **'ઈક્ષતિથી પ્રધાન જગતનું કારણ નથી, કેમકે તે અશબ્દ છે'** એમાં નિરાકરણ કરાયેલા છતાં પણ પ્રધાનની અહીં અદૃષ્ટત્વ આદિ વ્યપદેશના સંભવથી ફરી શંકા થાય છે. આથી ઉત્તર કહે છે - અન્તર્યામી શબ્દથી સ્મૃત્યુક્ત પ્રધાન ઉક્ત થવા યોગ્ય નથી. શાથી ? અન્યના ધર્મનો વ્યપદેશ છે તેથી. જોકે અદૃષ્ટત્વાદિવ્યપદેશ પ્રધાનને પણ સંભવે છે, તોપણ દ્રષ્ટત્વાદિ વ્યપદેશ સંભવતો નથી, કેમકે તેઓ પ્રધાનને અચેતન સ્વીકારે છે. ખરેખર, અહીં 'अदृष्टो द्रष्टाऽश्रुतः श्रोताऽमतोमन्ताऽविज्ञातो विज्ञाता' (બૃહ. ઉપ. ૩-૭-૨૩) **'અદૃષ્ટ છે પણ દ્રષ્ટા છે, અશ્રુત છે પણ શ્રોતા છે, અમત છે પણ મન્તા છે, અવિજ્ઞાત છે પણ વિજ્ઞાતા છે'** એમ વાક્યશેષ છે. આત્મત્વ પણ પ્રધાનને યોગ્ય નથી ॥ ૧૯ ॥

જો આત્મત્વ, દ્રષ્ટ્ત્વ આદિના અસંભવથી પ્રધાન અન્તર્યામી તરીકે સ્વીકારાતું નથી, તો શારીર અન્તર્યામી થાઓ. ખરેખર, શારીર ચેતન હોવાથી દ્રષ્ટા, શ્રોતા, મન્તા અને વિજ્ઞાતા છે. વળી પ્રત્યક્(આભ્યન્તર) હોવાથી આત્મા પણ છે, અને અમૃત છે, કેમકે ધર્મ અને અધર્મના ફળનો ઉપભોગ યોગ્ય છે. અદૃષ્ટત્વ વગેરે ધર્મો પણ શારીરને વિષે જાણીતા છે, કેમકે દર્શનાદિ ક્રિયાની પ્રવૃત્તિનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दर्शनादिक्रियायाः कर्तरि प्रवृत्तिविरोधात्, **'न दृष्टेर्द्रष्टारं पश्येः'** (बृह.उप. ३-४-२) इत्यादिश्रुतिभ्यश्च। तस्य च कार्यकरणसंघातमन्तर्यमयितुं शीलम्, भोक्तृत्वात्। तस्माच्छारीरोऽन्तर्यामीत्यत उत्तरं पठति —

शारीरश्चोभयेऽपि हि भेदेनैनमधीयते ॥२०॥

नेति पूर्वसूत्रादनुवर्तते। शारीरश्च नान्तर्यामी स्यात्। कस्मात्? यद्यपि द्रष्टृत्वादयो धर्मास्तस्य संभवन्ति, तथापि घटाकाशवदुपाधिपरिच्छिन्नत्वान्न कार्त्स्न्येन पृथिव्यादिष्वन्तरवस्थातुं नियन्तुं च शक्नोति। अपि चोभयेऽपि हि शाखिनः काण्वा माध्यंदिनाश्चान्तर्यामिणो भेदेनैनं शारीरं पृथिव्यादिवदधिष्ठानत्वेन नियम्यत्वेन चाधीयते — **'यो विज्ञाने तिष्ठन्'** (बृह.उप. ३-७-२२) इति काण्वाः। **'य आत्मनि तिष्ठन्'** इति माध्यंदिनाः। 'य आत्मनि तिष्ठन्' इत्यस्मिंस्तावत् पाठे भवत्यात्मशब्दः शारीरस्य वाचकः। **'यो विज्ञाने तिष्ठन्'** इत्यस्मिन्नपि पाठे विज्ञानशब्देन शारीर उच्यते, विज्ञानमयो हि शारीर इति। तस्माच्छारीरादन्य ईश्वरोऽन्तर्यामीति सिद्धम्। कथं पुनरेकस्मिन्देहे द्वौ द्रष्टारावुपपद्येते — यश्चायमीश्वरोऽन्तर्यामी, यश्चायमितरः शारीरः? का पुनरिहानुपपत्तिः? **'नान्योऽतोऽस्ति द्रष्टा'** इत्यादिश्रुतिवचनं विरुध्येत। अत्र हि प्रकृतादन्तर्यामिणोऽन्यं द्रष्टारं श्रोतारं मन्तारं विज्ञातारं चात्मानं प्रतिषेधति। नियन्त्रन्तरप्रतिषेधार्थमेतद्वचनमिति चेत्, न, नियन्त्रन्तराप्रसङ्गादविशेषश्रवणाच्च। अत्रोच्यते — अविद्याप्रत्युपस्थापितकार्यकरणोपाधिनिमित्तोऽयं शारीरान्तर्यामिणोर्भेदव्यपदेशः, न पारमार्थिकः। एको हि प्रत्यगात्मा भवति, न द्वौ प्रत्यगात्मानौ संभवतः। एकस्यैव तु भेदव्यवहार उपाधिकृतः, यथा घटाकाशो महाकाश इति। ततश्च ज्ञातृज्ञेयादिभेदश्रुतयः प्रत्यक्षादीनि च प्रमाणानि संसारानुभवो विधिप्रतिषेधशास्त्रं चेति सर्वमेतदुपपद्यते। तथा च श्रुतिः — **'यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति'** इत्यविद्याविषये सर्वं व्यवहारं दर्शयति। **'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्'** इति विद्याविषये सर्वं व्यवहारं वारयति ॥ २० ॥

६. अदृश्यत्वाद्यधिकरणम्।

अदृश्यत्वादिगुणको धर्मोक्तेः ॥२१॥

કર્તામાં વિરોધ છે અને 'न दृष्टेर्द्रष्टारं पश्येः' (બૃહ. ઉપ. ૩-૪-૨) **'દૃષ્ટિના દ્રષ્ટાને તું જોઈ શકીશ નહિ'** વગેરે શ્રુતિઓ છે. વળી કાર્યકરણસંઘાતને અંદર નિયમમાં રાખવાનો તેનો સ્વભાવ છે, કેમકે તે ભોક્તા છે.તેટલા માટે શારીર અન્તર્યામી છે. આથી ઉત્તર ભણે છે-

શારીર (અન્તર્યામી નથી). ખરેખર, બંને (શાખાવાળાઓ) પણ ભેદથી એનું અધ્યયન કરે છે ॥ ૨૦ ॥

અહીં ન એવી પૂર્વસૂત્રમાંથી અનુવૃત્તિ થાય છે. શારીર અન્તર્યામી તરીકે ઇષ્ટ નથી. કેમ ? જોકે દ્રષ્ટૃત્વાદિ ધર્મો તેને સંભવે છે, તોપણ ઘટાકાશની જેમ ઉપાધિથી નિયમિત પરિચ્છિન્ન હોવાથી સંપૂર્ણતાએ પૃથિવી વગેરેમાં અંદર રહેવાને કે નિયમમાં રાખવાને શક્તિમાન નથી. વળી બંને શાખાવાળાઓ, કાણ્વ અને માધ્યન્દિનો, અન્તર્યામીના ભેદથી, અને પૃથિવી વગેરેની જેમ અધિષ્ઠાન તરીકે અને નિયમ્ય (નિયમમાં રખાય એવું) તરીકે એનું એટલે શારીરનું અધ્યયન કરે છે. 'यो विज्ञाने तिष्ठन्' (બૃહ. ઉપ. ૩-૭-૨૨) **'જે વિજ્ઞાનમાં રહેતો'** એમ કાણ્વો અને 'य आत्मनि तिष्ठन्' **'જે આત્મામાં રહેતો'** એમ માધ્યન્દિનો અધ્યયન કરે છે. 'य आत्मनि तिष्ठन्' **'જે આત્માને વિષે રહેતો'** એ પાઠમાં આત્મ શબ્દ શારીરવાચક છે. 'यो विज्ञाने तिष्ठन्' **'જે વિજ્ઞાનમાં રહેતો'** એ પાઠમાં પણ વિજ્ઞાન શબ્દથી શારીર ઉક્ત થાય છે, કેમકે શારીર વિજ્ઞાનમય છે. તેટલા માટે શારીરથી અન્ય ઈશ્વર અન્તર્યામી છે એ સિદ્ધ છે. પણ એક દેહમાં બે દ્રષ્ટા શી રીતે ઉપપન્ન થાય, કે જે આ ઈશ્વર અન્તર્યામી છે અને જે આ બીજો શારીર છે ? પણ અહીં અનુપપત્તિ કઈ છે ? 'नान्योऽतोऽस्ति द्रष्टा' **'એથી ભિન્ન દ્રષ્ટા નથી'** વગેરે શ્રુતિવચનનો વિરોધ થાય. ખરેખર, અહીં (શ્રુતિ) પ્રકૃત અન્તર્યામીથી અન્ય દ્રષ્ટા, શ્રોતા, મન્તા, અને વિજ્ઞાતા આત્માનો પ્રતિષેધ કરે છે. અન્ય નિયન્તાના પ્રતિષેધને માટે એ વચન છે એમ જો તમે કહેશો તો ના; કેમકે અન્ય નિયન્તાનો પ્રસંગ નથી અને વિશેષનું શ્રવણ નથી. એ વિષે કહીએ છીએ. શારીર અને અન્તર્યામીની આ ભેદોક્તિ અવિદ્યાથી ઉપસ્થાપિત કાર્યેન્દ્રિય ઉપાધિથી સર્જાયેલી છે, વાસ્તવિક નથી. ખરેખર, પ્રત્યગાત્મા એક જ છે, બે પ્રત્યગાત્મા સંભવતા નથી. એકનો જ ભેદવ્યવહાર ઉપાધિથી થયેલો છે, જેમ ઘટાકાશ અને મહાકાશ છે તેમ. આથી જ્ઞાતૃજ્ઞેયાદિ ભેદશ્રુતિઓ, પ્રત્યક્ષાદિ પ્રમાણો, સંસારાનુભવ અને વિધિપ્રતિષેધશાસ્ત્રો એ સર્વ ઉપપન્ન થાય છે. તે જ પ્રમાણે 'यत्र वै द्वैतमिव भवति तदितर इतरं पश्यति' **'ખરેખર, જ્યાં દ્વૈત જેવું હોય છે ત્યાં ઈતર ઈતરને જુએ છે'** એ શ્રુતિ અવિદ્યાવિષયમાં સઘળો વ્યવહાર દર્શાવે છે. 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्' **'પણ જ્યાં સર્વ એનો આત્મા જ થયો ત્યાં કોને શા વડે જુએ'** એ શ્રુતિ વિદ્યાવિષયમાં બધા વ્યવહારને અટકાવે છે. ॥૨૦॥

૬. અદૃશ્યત્વાદિ અધિકરણ

અદૃશ્યત્વ વગેરે ગુણવાળો (પરમાત્મા છે, તેના ધર્મ કહ્યા છે તેથી ॥ ૨૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

'अथ परा यया तदक्षरमधिगम्यते' 'यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुःश्रोत्रं तदपाणिपादम्, नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं तदव्ययं यद्भूतयोनिं परिपश्यन्ति धीराः' (मुं.उप. १-१-५,६) इति श्रूयते । तत्र संशयः – किमयमदृश्यत्वादिगुणको भूतयोनिः प्रधानं स्यात्, उत शारीरः, आहोस्वित्परमेश्वर इति । तत्र प्रधानमचेतनं भूतयोनिरिति युक्तम्, अचेतनानामेव तत्र दृष्टान्तत्वेनोपादानात् । **'यथोर्णनाभिः सृजते गृह्णते च यथा पृथिव्यामोषधयः संभवन्ति । यथा सतः पुरुषात्केशलोमानि तथाक्षरात्संभवतीह विश्वम्'** (मुं.उप. १-१-७) इति । ननूर्णनाभिः पुरुषश्च चेतनाविह दृष्टान्तत्वेनोपात्तौ, नेति ब्रूमः। न हि केवलस्य चेतनस्य तत्र सूत्रयोनित्वं केशलोमयोनित्वं वास्ति । चेतनाधिष्ठितं ह्यचेतनमूर्णनाभिशरीरं सूत्रस्य योनिः, पुरुषशरीरं च केशलोम्नामिति प्रसिद्धम् । अपि च पूर्वत्रादृष्टत्वाद्यभिलापासंभवेऽपि द्रष्टृत्वाद्यभिलापासंभवात्र प्रधानमभ्युपगतम् । इह त्वदृश्यत्वादयो धर्माः प्रधाने संभवन्ति । न चात्र विरुध्यमानो धर्मः कश्चिदभिलप्यते । ननु **'यः सर्वज्ञः सर्ववित्'** (मुं.उप. १-१-९) इत्ययं वाक्यशेषोऽचेतने प्रधाने न संभवति, कथं प्रधानं भूतयोनिः प्रतिज्ञायत इति, अत्रोच्यते – **'यया तदक्षरमधिगम्यते' यत्तदद्रेश्यम्'** इत्यक्षरशब्देनादृश्यत्वादिगुणकं भूतयोनिं श्रावयित्वा, पुनरन्ते श्रावयिष्यति – **'अक्षरात्परतः परः'** (मुं.उप. २-१-२) इति । तत्र यः परोऽक्षराच्छ्रुतः, स सर्वज्ञः सर्ववित्संभविष्यति । प्रधानमेव त्वक्षरशब्दनिर्दिष्टं भूतयोनिः। यदा तु योनिशब्दो निमित्तवाची, तदा शारीरोऽपि भूतयोनिः स्यात्, धर्माधर्माभ्यां भूतजातस्योपार्जनादिति । एवं प्राप्ते –

अभिधीयते – योऽयमदृश्यत्वादिगुणको भूतयोनिः, स परमेश्वर एव स्यात्, नान्य इति । कथमेतदवगम्यते ? धर्मोक्तेः। परमेश्वरस्य हि धर्म इहोच्यमानो दृश्यते – **'यः सर्वज्ञः सर्ववित्'** (मुं.उप. १-१-९) इति । न हि प्रधानस्याचेतनस्य शारीरस्य वोपाधिपरिच्छिन्नदृष्टेः सर्वज्ञत्वं सर्ववित्त्वं वा संभवति । नन्वक्षरशब्दनिर्दिष्टाद्भूतयोनेः परस्यैव एतत्सर्वज्ञत्वं सर्ववित्त्वं च, न भूतयोनिविषयमित्युक्तम्, अत्रोच्यते – नैवं संभवति, यत्कारणम् **'अक्षरात्संभवतीह विश्वम्'** इति प्रकृतं भूतयोनिमिह जायमानप्रकृतित्वेन निर्दिश्य, अनन्तरमपि जायमानप्रकृतित्वेनैव सर्वज्ञं निर्दिशति – **'यः सर्वज्ञः सर्वविद्यस्य ज्ञानमयं तपः।**

'अथ परा यया तदक्षरमधिगम्यते', 'यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुःश्रोत्रं तदपाणिपादम् । नित्यं विभुं सर्वगतं सुसूक्ष्मं तदव्ययं यद्भूतयोनिं परिपश्यति धीराः' (મુણ્ડ.ઉપ. ૧-૧-૫,૬) **'હવે જે વડે તે અવિનાશી પ્રાપ્ત થાય છે તે પરા વિદ્યા છે, જે તે અદૃશ્ય-અગ્રાહ્ય, અગોત્ર, અવર્ણ, ચક્ષુઃશ્રોત્રશૂન્ય, પાણિપાદરહિત, નિત્ય, વિભુ, સર્વગત, સુસૂક્ષ્મ, તે અવિનાશી કે જે ભૂતયોનિને વિદ્વાનો જુએ છે'** એમ શ્રુતિ છે. તેમાં સંશય થાય છે કે અદૃશ્યત્વ વગેરે ગુણવાળો ભૂતયોનિ છે એ યોગ્ય છે; કેમકે અચેતનોનું જ દૃષ્ટાન્ત તરીકે ગ્રહણ કર્યું છે, જેમકે 'यथोर्णनाभिः सृजते गृह्णते च यथा पृथिव्यामोषधयः संभवन्ति । यथा सतः पुरुषात् केशलोमानि तथाऽक्षरात् संभवतीह विश्वम् ॥' (મુણ્ડ.ઉપ. ૧-૧-૭) **'જેમ કરોળિયો તંતુઓ સર્જે છે અને પાછા લઈ લે છે, જેમ પૃથ્વીમાં ઔષધિઓ ઉત્પન્ન થાય છે, જેમ વિદ્યમાન પુરુષમાંથી કેશ અને લોમ સંભવે છે, તેમ અનશ્વરમાંથી અહીં વિશ્વ ઉત્પન્ન થાય છે'**. પણ કરોળિયો અને પુરુષ, એ બે ચેતનોનું અહીં દૃષ્ટાન્ત તરીકે ગ્રહણ કર્યું છે. અમે કહીએ છીએ કે ના. ખરેખર, માત્ર ચેતન જ ત્યાં સૂત્રનું કારણભૂત કે કેશલોમનું કારણભૂત નથી. ખરેખર, ચેતનથી અધિષ્ઠિત જે કરોળિયાનું અચેતન શરીર છે તે તે સૂત્રની યોનિ છે અને પુરુષનું શરીર કેશ અને લોમનું કારણભૂત છે એ પ્રસિદ્ધ છે. વળી પૂર્વસ્થળે અદૃષ્ટત્વ વગેરે ધર્મોના અભિધાનનો સંભવ હતો તોપણ દ્રષ્ટત્વ વગેરે ધર્મોના અભિધાનનો અસંભવ હોવાથી પ્રધાનને સ્વીકાર્યું નહીં. અહીં તો અદૃશ્યત્વ વગેરે ધર્મો પ્રધાનમાં સંભવે છે, અને અહીં વિરુદ્ધ થતા કોઈ પણ ધર્મનું અભિધાન નથી. પણ 'यः सर्वज्ञः सर्ववित्' (મુણ્ડ.ઉપ. ૧-૧-૯) (જે સર્વજ્ઞ, સર્વવેત્તા છે) એ વાક્યશેષ અચેતન પ્રધાનને વિષે સંભવતું નથી તો પ્રધાન ભૂતયોનિ છે એ શી રીતે પ્રતિજ્ઞા કરાય છે ? એને વિષે કહીએ છીએ. 'यया तदक्षरमधिगम्यते', 'यत्तदद्रेश्यम्' **'જે વડે તે અવિનાશી પ્રાપ્ત કરાય છે, જે તે અદૃશ્ય છે'** એમ અક્ષર શબ્દથી અદૃશ્યત્વ વગેરે ગુણવાળા ભૂતયોનિનું પ્રતિપાદન કરીને અન્તે ફરી શ્રુતિ કહેશે કે 'अक्षरात् परतः परः' (મુણ્ડ. ૨-૧-૨) **'પર જે અક્ષર તેથી પર'**. તેમાં અવિનાશીથી જે પર શ્રુતિએ કહ્યો છે તે સર્વજ્ઞ અને સર્વવેત્તા સંભવશે. પ્રધાન જ તો અક્ષર શબ્દથી નિર્દિષ્ટ ભૂતયોનિ છે. જ્યારે યોનિ શબ્દ નિમિત્તવાચક લઈએ ત્યારે શારીર પણ ભૂતયોનિ થાય, કેમકે ધર્મ અને અધર્મથી ભૂતસમૂહની સૃષ્ટિ છે. એમ પ્રાપ્ત થતાં

અમે કહીએ છીએ - અદૃશ્યત્વ વગેરે ગુણવાળો જે આ ભૂતયોનિ છે તે પરમેશ્વર જ છે, બીજો નથી. એ શી રીતે સમજાય છે ? ધર્મની ઉક્તિથી. ખરેખર, અહીં પરમેશ્વરનો ધર્મ ઉચ્યમાન દેખાય છે 'यः सर्वज्ञः सर्ववित्' (મુણ્ડ.ઉપ.૧-૧-૯) **'જે સર્વજ્ઞ, સર્વવેત્તા છે'** એમ. ખરેખર, અચેતન પ્રધાનનું કે જેની દૃષ્ટિ ઉપાધિથી પરિચ્છિન્ન થયેલી છે એવા શારીરનું સર્વજ્ઞત્વ કે સર્વવેત્તાપણું સંભવતું નથી. પણ અક્ષર શબ્દથી નિર્દિષ્ટ જે ભૂતયોનિ છે તેથી પરમાં સર્વજ્ઞત્વ અને સર્વવેત્તાપણું છે, ભૂતયોનિમાં નથી એમ કહ્યું છે. એને વિષે કહીએ છીએ. એમ સંભવતું નથી, કેમકે 'अक्षरात् संभवतीह विश्वम्' **'અક્ષરથી અહીં વિશ્વ ઉત્પન્ન થાય છે'** એમ પ્રકૃત ભૂતયોનિનો જાયમાન (ઉત્પન્ન થનાર)ની પ્રકૃતિ તરીકે નિર્દેશ કરીને પછી પણ સર્વજ્ઞનો જાયમાનની પ્રકૃતિ તરીકે જ નિર્દેશ કરે છે - 'यः सर्वज्ञः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तस्मादेतद्ब्रह्म नाम रूपमन्नं च जायते' इति । तस्मान्निर्देशसाम्येन प्रत्यभिज्ञायमानत्वात्प्रकृतस्यैवाक्षरस्य भूतयोनेः सर्वज्ञत्वं सर्ववित्त्वं च धर्म उच्यत इति गम्यते । **'अक्षरात्परतः परः'** (मुं.उप. २-१-२) इत्यत्रापि न प्रकृताद्भूतयोनेरक्षरात्परः कश्चिदभिधीयते, कथमेतदवगम्यते ? **'येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम्'** (मुं.उप. १-२-१३) इति प्रकृतस्यैवाक्षरस्य भूतयोनेरदृश्यत्वादिगुणकस्य वक्तव्यत्वेन प्रतिज्ञातत्वात् । कथं तर्हि **'अक्षरात्परतः परः'** (मुं.उप. २-१-२) इति व्यपदिश्यत इति, उत्तरसूत्रे तद्वक्ष्यामः । अपि चात्र द्वे विद्ये वेदितव्ये उक्ते – **'परा चैवापरा च'** इति । तत्रापरामृग्वेदादिलक्षणां विद्यामुक्त्वा ब्रवीति **'अथ परा यया तदक्षरमधिगम्यते'** इत्यादि । तत्र परस्या विद्याया विषयत्वेनाक्षरं श्रुतम् । यदि पुनः परमेश्वरादन्यददृश्यत्वादिगुणकमक्षरं परिकल्प्येत, नेयं परा विद्या स्यात् । परापरविभागो ह्ययं विद्ययोः अभ्युदयनिःश्रेयसफलतया परिकल्प्यते । न च प्रधानस्य विद्या निःश्रेयसफला केनचिदभ्युपगम्यते । तिस्रश्च विद्याः प्रतिज्ञायेरन्, त्वत्पक्षेऽक्षराद्भूतयोनेः परस्य परमात्मनः प्रतिपाद्यमानत्वात् । द्वे एव तु विद्ये वेदितव्ये इह निर्दिष्टे । **'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति'** (मुं.उप. १-१-३) इति चैकविज्ञानेन सर्वविज्ञानापेक्षणं सर्वात्मके ब्रह्मणि विवक्ष्यमाणेऽवकल्पते, नाचेतनमात्रैकायतने प्रधाने, भोग्यव्यतिरिक्ते वा भोक्तरि । अपि च **'स ब्रह्मविद्यां सर्वविद्याप्रतिष्ठामथर्वाय ज्येष्ठपुत्राय प्राह'** (मुं.उप. १-१-१) इति ब्रह्मविद्यां प्राधान्येनोपक्रम्य परापरविभागेन परां विद्यामक्षराधिगमनीं दर्शयन् तस्या ब्रह्मविद्यात्वं दर्शयति । सा च ब्रह्मविद्यासमाख्या तदधिगम्यस्य अक्षरस्याब्रह्मत्वे बाधिता स्यात् । अपरा ऋग्वेदादिलक्षणा कर्मविद्या ब्रह्मविद्योपक्रमे उपन्यस्यते ब्रह्मविद्याप्रशंसायै – **'प्लवा ह्येते अदृढा यज्ञरूपा अष्टादशोक्तमवरं येषु कर्म । एतच्छ्रेयो येऽभिनन्दन्ति मूढा जरां मृत्युं ते पुनरेवापि यन्ति'** (मुं.उप. १-२-७) इत्येवमादिनिन्दावचनात् । निन्दित्वा चापरां विद्यां ततो विरक्तस्य परविद्याधिकारं दर्शयति – **'परीक्ष्य लोकान्कर्मचितान्ब्राह्मणो निर्वेदमायान्नास्त्यकृतः कृतेन । तद्विज्ञानार्थं स**

सर्वविद्यस्य ज्ञानमयं तपः । तस्मादेतद्ब्रह्म नाम रूपमन्नं च जायते ॥' **'જે સર્વજ્ઞ અને સર્વવેત્તા છે, જેનું જ્ઞાનમય તપ છે, તેમાંથી આ કાર્યલક્ષણ બ્રહ્મ ઉત્પન્ન થાય છે, તેમજ નામ, રૂપ અને અન્ન ઉત્પન્ન થાય છે'**. તેટલા માટે સમાન નિર્દેશથી ઓળખાતું હોવાથી પ્રકૃત જ અક્ષર ભૂતયોનિના સર્વજ્ઞત્વ અને સર્વવેત્તાપણું એ ધર્મો કહેવાય છે એમ જણાય છે. 'अक्षरात् परतः परः' **'પર જે અક્ષર તેથી પર'** એમાં પણ પ્રકૃત ભૂતયોનિ અક્ષરથી પર કોઈ છે એમ અભિધાન થતું નથી. એમ કેમ સમજાય છે ? 'येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम्' (मुण्ड.उप. १-२-१३) **'જે જ્ઞાન વડે અક્ષર, સત્ય પુરુષને જાણે તે બ્રહ્મવિદ્યા વાસ્તવિક રીતે કહેવી જોઈએ'** એમ પ્રકૃત જ ભૂતયોનિ, અદશ્યત્વ વગેરે ગુણવાળું અક્ષર વક્તવ્ય છે એમ પ્રતિજ્ઞા કરી છે તેથી. ત્યારે 'अक्षरात् परतः परः' **'પર જે અક્ષર તેથી પર'** એમ કેમ નિર્દેશ કર્યો છે ? ઉત્તર સૂત્રમાં અમે તે કહીશું. વળી અહીં બે વિદ્યા જાણવા યોગ્ય તરીકે કહી છે - 'परा चैवापरा च' **'પર અને અપર'** એમ. તેમાં ઋગ્વેદાદિ લક્ષણા અપરા વિદ્યા કહીને કહે છે - 'अथ परा यया तदक्षरमधिगम्यते' **'પછી પરા વિદ્યા જે વડે તે અક્ષર સમજાય છે'** વગેરે તેમાં પરાવિદ્યાના વિષય તરીકે અક્ષરનું શ્રવણ થાય છે. પણ જો અદશ્યત્વ વગેરે ગુણવાળું પરમેશ્વરથી ભિન્ન અક્ષર છે એમ પરિકલ્પના કરીએ તો એ પરા વિદ્યા બને નહિ. ખરેખર, વિદ્યાઓના પરા અને અપરા એવા એ વિભાગનું અભ્યુદય અને નિઃશ્રેયસ ફળ છે એમ પરિકલ્પના કરી છે, અને પ્રધાનવિદ્યાનું ફળ નિઃશ્રેયસ છે એમ કોઈ પણ સ્વીકારતું નથી. વળી તારા પક્ષમાં ભૂતયોનિ અક્ષરથી પર પરમાત્માનું પ્રતિપાદન કરાય છે તેથી ત્રણ વિદ્યાઓની પ્રતિજ્ઞા કરાય. પણ બે જ વિદ્યા જાણવાયોગ્ય છે એમ અહીં નિર્દેશ કર્યો છે. 'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति' (मुण्ड.उप. १-१-३) **'હે ભગવન્, શેનું વિજ્ઞાન થતાં આ સર્વ વિજ્ઞાત થાય છે'** એ એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની અપેક્ષા સર્વાત્મક બ્રહ્મ વિવક્ષ્યમાણ થવાથી સંભવે છે, અચેતનમાત્રનો એકાશ્રય પ્રધાન કે ભોગ્યથી ભિન્ન ભોક્તા વિવક્ષ્યમાણ થતાં સંભવતી નથી. વળી 'स ब्रह्मविद्यां सर्वविद्याप्रतिष्ठामथर्वाय ज्येष्ठपुत्राय प्राह' (मुण्ड. उप.१-१-१) **'તેણે સર્વ વિદ્યાની આશ્રયભૂત બ્રહ્મવિદ્યા જ્યેષ્ઠ પુત્ર અથર્વને કહી'** એમ બ્રહ્મવિદ્યાનો પ્રધાનતાથી ઉપક્રમ કરીને પરા અને અપરા એમ વિભાગ કરીને પરા વિદ્યા અક્ષરનું જ્ઞાન કરાવે છે એમ દર્શાવીને તે બ્રહ્મવિદ્યા છે એમ દર્શાવે છે. તે બ્રહ્મવિદ્યાસંજ્ઞા, તેના જ્ઞાનનો જે વિષય અક્ષર તે અબ્રહ્મ થાય તો, બાધિત થાય. ઋગ્વેદાદિ લક્ષણા અપરા કર્મવિદ્યાનો બ્રહ્મવિદ્યાના ઉપક્રમમાં બ્રહ્મવિદ્યાની પ્રશંસાને માટે ઉપન્યાસ કર્યો છે, કેમકે 'प्लवा ह्येते अदृढा यज्ञरूपा अष्टादशोक्तमवरं येषु कर्म । एतच्छ्रेयोयेऽभिनन्दन्ति मूढा जरामृत्युं ते पुनरेवापियन्ति ॥' (मुण्ड.उप. १-२-७) **'ખરેખર, આ વિનાશી, અદૃઢ, યજ્ઞરૂપ નાવ છે, જેને વિષે કર્મ ૧૮ પ્રકારનું અવર કહ્યું છે. જે મૂઢો એનું શ્રેય તરીકે અભિનન્દન કરે છે તેઓ ફરીથી જરા અને મૃત્યુ પ્રાપ્ત કરે છે'** વગેરે નિન્દાનું વચન છે. એમ અપરા વિદ્યાને નિન્દીને તેથી વિરક્ત થયલાને પરા વિદ્યાનો અધિકાર દર્શાવે છે - 'परीक्ष्य लोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायान्नास्त्यकृतः कृतेन । तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥' (मुण्ड.उप. १-२-१२) **'કર્મથી સાધ્ય થયેલા લોકોની પરીક્ષા કરીને બ્રાહ્મણે વૈરાગ્ય પામવો જોઈએ કે કર્મથી અકૃત એટલે મોક્ષ નથી, તેના બ્રહ્મના વિજ્ઞાનને માટે તેણે હાથમાં સમિધ લઈ શ્રોત્રિય,**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुमेवाभिगच्छेत्समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्' (मुं.उप. १-२-१२) इति । यत्तूक्तम् — अचेतनानां पृथिव्यादीनां दृष्टान्तत्वेनोपादानादार्ष्टान्तिकेनाप्यचेतनेनैव भूतयोनिना भवितव्यमिति, तदयुक्तम्, न हि दृष्टान्तदार्ष्टान्तिकयोरत्यन्तसाम्येन भवितव्यमिति नियमोऽस्ति, अपि च स्थूलाः पृथिव्यादयो दृष्टान्तत्वेनोपात्ता इति न स्थूल एव दार्ष्टान्तिको भूतयोनिरभ्युपगम्यते। तस्माददृश्यत्वादिगुणको भूतयोनिः परमेश्वर एव ॥२१॥

विशेषणभेदव्यपदेशाभ्यां च नेतरौ ॥२२॥

इतश्च परमेश्वर एव भूतयोनिः, नेतरौ — शारीरः प्रधानं वा । कस्मात् ? विशेषणभेदव्यपदेशाभ्याम् । विशिनष्टि हि प्रकृतं भूतयोनिं शारीराद्विलक्षणत्वेन — **'दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः । अप्राणो ह्यमनाः शुभ्रः'** (मुं.उप. २-१-२) इति । न ह्येतद्दिव्यत्वादिविशेषणम् अविद्याप्रत्युपस्थापितनामरूपपरिच्छेदाभिमानिनः तद्धर्मान्स्वात्मनि कल्पयतः शारीरस्योपपद्यते । तस्मात्साक्षादौपनिषदः पुरुष इहोच्यते । तथा प्रधानादपि प्रकृतं भूतयोनिं भेदेन व्यपदिशति — **'अक्षरात्परतः परः'** इति । अक्षरमव्याकृतं नामरूपबीजशक्तिरूपं भूतसूक्ष्ममीश्वराश्रयं तस्यैवोपाधिभूतम्, सर्वस्माद्विकारात्परो योऽविकारः, तस्मात्परतः परः इति भेदेन व्यपदिशन् परमात्मानमिह विवक्षितं दर्शयति । नात्र प्रधानं नाम किंचित्स्वतन्त्रं तत्त्वमभ्युपगम्य, तस्माद्भेदव्यपदेश उच्यते । किं तर्हि ? यदि प्रधानमपि कल्प्यमानं श्रुत्यविरोधेनाव्याकृतादिशब्दवाच्यं भूतसूक्ष्मं परिकल्प्येत, कल्प्यताम् । तस्माद्भेदव्यपदेशात् परमेश्वरो भूतयोनिरित्येतदिह प्रतिपाद्यते ॥२२॥

कुतश्च परमेश्वरो भूतयोनिः ? —

रूपोपन्यासाच्च ॥२३॥

अपि च **'अक्षरात्परतः परः'** इत्यस्यानन्तरम् **'एतस्माज्जायते प्राणः'** इति प्राणप्रभृतीनां पृथिवीपर्यन्तानां तत्त्वानां सर्गमुक्त्वा, तस्यैव भूतयोनेः सर्वविकारात्मकं रूपमुपन्यस्यमानं पश्यामः —**'अग्निर्मूर्धा चक्षुषी चन्द्रसूर्यौ दिशः श्रोत्रे**

બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જવું જોઈએ'. પૃથિવી વગેરે અચેતન પદાર્થોનું દૃષ્ટાન્ત તરીકે ગ્રહણ કરવાથી દાર્ષ્ટાન્તિક પણ અચેતન ભૂતયોનિ હોવો જોઈએ એમ જે કહ્યું છે તે અયોગ્ય છે. દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે અત્યન્ત સમાનતા હોવી જોઈએ એવો નિયમ નથી. વળી સ્થૂલ પૃથિવી વગેરે દૃષ્ટાન્ત તરીકે લીધા છે માટે સ્થૂલ જ દાર્ષ્ટાન્તિક ભૂતયોનિ સ્વીકારાતો નથી. તેટલા માટે અદૃશ્યત્વ વગેરે ગુણવાળો ભૂતયોનિ પરમેશ્વર જ છે ॥ ૨૧ ॥

પરમેશ્વર ક્યાંથી ભૂતયોનિ છે ?-

વળી વિશેષણને ભેદના વ્યપદેશથી બીજા બે (શારીર કે પ્રધાન) નથી ॥ ૨૨ ॥

વળી આથી પરમેશ્વર જ ભૂતયોનિ છે, બીજા બે, શારીર કે પ્રધાન નથી. શાથી ? વિશેષણ અને ભેદના વ્યપદેશથી. 'दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः । अप्राणो ह्यमनाः शुभ्रः' (મુણ્ડ.ઉપ. ૨-૧-૨) **'દિવ્ય, કારણ કે મૂર્તિરહિત, પૂર્ણ, બાહ્ય અને આભ્યન્તર સાથે અધિષ્ઠાન તરીકે રહેનાર, અજ શ્રુતિમાં પ્રસિદ્ધ છે, પ્રાણરહિત, મનોરહિત, શુભ્ર'** એ શ્રુતિ પ્રકૃત ભૂતયોનિના શારીરથી વિલક્ષણ કરનારાં (જુદા પાડનારાં) વિશેષણો આપે છે. ખરેખર, આ દિવ્યત્વ વગેરે વિશેષણ અવિદ્યાએ ઊભાં કરેલાં નામરૂપ પરિચ્છેદના અભિમાની અને તેના ધર્મોને પોતાને વિષે કલ્પનાર શારીરને યોગ્ય નથી. તેટલા માટે સાક્ષાત્ ઔપનિષદ પુરુષનું અહીં અભિધાન થાય છે. તેમજ 'अक्षरात् परतः परः' (પર જે અક્ષર તેથી પર) એ શ્રુતિ પ્રકૃત ભૂતયોનિનો પ્રધાનથી પણ ભિન્ન તરીકે નિર્દેશ કરે છે. જે અક્ષર વ્યાકાર ન પામેલું, નામરૂપના બીજનું શક્તિરૂપ, જેમાં ભૂતોના સંસ્કાર છે એવું, ઈશ્વરચિન્માત્ર જેનો આશ્રય છે એવું, તેનું જ ઉપાધિભૂત, સર્વ વિકારથી પર એવું જે અવિકારી તે અક્ષરથી પર છે એમ ભેદથી નિર્દેશ કર્યો છે તેથી અહીં પરમાત્મા વિવક્ષિત છે એમ એ શ્રુતિ દર્શાવે છે. અહીં પ્રધાન નામનું કંઈ સ્વતન્ત્ર તત્ત્વ સ્વીકારાય છે અને તેનાથી ભિન્ન તરીકેનો વ્યપદેશ છે એમ કહ્યું નથી. ત્યારે શું કહ્યું છે ? જો પ્રધાન પણ કલ્પાય અને શ્રુતિ સાથે વિરોધ ન આવે એવી રીતે અવ્યાકૃતાદિશબ્દવાચ્ય અને ભૂતસૂક્ષ્મ જેમાં ભૂતોના સંસ્કાર છે એવું કલ્પાય તો કલ્પો. તેથી ભિન્ન તરીકેના વ્યપદેશથી ભૂતયોનિ પરમેશ્વર છે એ અહીં પ્રતિપાદન કરાય છે ॥૨૨॥

પરમેશ્વર ક્યાંથી ભૂત યોનિ છે ? વળી રૂપના ઉપન્યાસથી (પરમેશ્વર ભૂતયોનિ છે) ॥ ૨૩ ॥

વળી 'अक्षरात् परतः परः' **'પર જે અક્ષર તેથી પર'** એની પછી 'एतस्माज्जायते प्राणः' **'એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે'** એમ પ્રાણથી આરંભી પૃથિવીપર્યન્ત તત્ત્વોની સૃષ્ટિ કહીને તે જ ભૂતયોનિના સર્વવિકારાત્મક રૂપનો ઉપન્યાસ થતો જોઈએ છીએ - 'अग्निर्मूर्धा चक्षुषी चन्द्रसूर्यौ दिशः श्रोत्रे वाग्विवृताश्च वेदाः । वायुः प्राणो हृदयं विश्वमस्य पद्भ्यां पृथिवी ह्येष सर्वभूतान्तरात्मा ॥' (મુણ્ડ. ૨-૧-૪) **'અગ્નિ દ્યુલોક જેનું મસ્તક છે, ચન્દ્રસૂર્ય નેત્ર છે, દિશાઓ કર્ણ છે, ઉદ્ઘાટિત વેદો જેની વાણી છે, વાયુ પ્રાણ છે, વિશ્વ હૃદય છે, જેના બે પગમાંથી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

'**वाग्विवृताश्च वेदाः । वायुः प्राणो हृदयं विश्वमस्य पद्भ्यां पृथिवी ह्येष सर्वभूतान्तरात्मा**' (मुं.उप. २-१-४) इति । तच्च परमेश्वरस्यैवोचितम्, सर्वविकारकारणत्वात्, न शारीरस्य तनुमहिम्नः, नापि प्रधानस्य अयं रूपोपन्यासः संभवति, सर्वभूतान्तरात्मत्वासंभवात् । तस्मात्परमेश्वर एव भूतयोनिः, नेतराविति गम्यते । कथं पुनर्भूतयोनेरयं रूपोपन्यास इति गम्यते ? प्रकरणात्, '**एषः**' इति च प्रकृतानुकर्षणात् । भूतयोनिं हि प्रकृत्य '**एतस्माज्जायते प्राणः**' '**एष सर्वभूतान्तरात्मा**' इति वचनं भूतयोनिविषयमेव भवति, यथा उपाध्यायं प्रकृत्य '**एतस्मादधीष्व, एष वेदवेदाङ्गपारगः**' इति वचनमुपाध्यायविषयं भवति, तद्वत् । कथं पुनरदृश्यत्वादिगुणकस्य भूतयोनेर्विग्रहवद्रूपं संभवति ? सर्वात्मत्वविवक्षयेदमुच्यते, न तु विग्रहवत्त्वविक्षया इत्यदोषः, '**अहमन्नम्, अहमन्नादः**' (तैत्ति.उप. ३-१०-६) इत्यादिवत् ।

अन्ये पुनर्मन्यन्ते – नायं भूतयोनेः रूपोपन्यासः, जायमानत्वेनोपन्यासात् । '**एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी**' इति हि पूर्वत्र प्राणादि पृथिव्यन्तं तत्त्वजातं जायमानत्वेन निरदिक्षत् । उत्तरत्रापि च '**तस्मादग्निः समिधो यस्य सूर्यः**' इत्येवमादि '**अतश्च सर्वा ओषधयो रसाश्च**' इत्येवमन्तं जायमानत्वेनैव निर्देक्ष्यति । इहैव कथमकस्मादन्तराले भूतयोनेः रूपमुपन्यस्येत् ? सर्वात्मत्वमपि सृष्टिं परिसमाप्योपदेक्ष्यति – '**पुरुष एवेदं विश्वं कर्म**' (मुं.उप. २-१-१०) इत्यादिना । श्रुतिस्मृत्योश्च त्रैलोक्यशरीरस्य प्रजापतेर्जन्मादि निर्दिश्यमानमुपलभामहे – '**हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् । स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम**' (ऋ.सं. १०-१२१-१) इति – समवर्ततेति अजायतेत्यर्थः – तथा, '**स वै शरीरी प्रथमः स वै पुरुष उच्यते । आदिकर्ता स भूतानां ब्रह्माग्रे समवर्तत**' इति च । विकारपुरुषस्यापि सर्वभूतान्तरात्मत्वं संभवति, प्राणात्मना सर्वभूतानामध्यात्ममवस्थानात् । अस्मिन्पक्षे '**पुरुष एवेदं विश्वं कर्म**' इत्यादिसर्वरूपोपन्यासः परमेश्वरप्रतिपत्तिहेतुरिति व्याख्येयम् ॥२३॥

પૃથિવી ઉત્પન્ન થઈ છે એ દેવ વિષ્ણુ સર્વ ભૂતોનો અન્તરાત્મા છે', અને તે પરમેશ્વરને જ યોગ્ય છે, કેમકે તે સર્વ વિકારનું કારણ છે. શારીરને એ યોગ્ય નથી, કેમકે તેનો મહિમા અલ્પ છે. તેમજ એ રૂપનો ઉપન્યાસ પ્રધાનને પણ શક્ય નથી, કેમકે તે સર્વ ભૂતોનો અન્તરાત્મા સંભવતો નથી. તેટલા માટે પરમેશ્વર જ ભૂતયોનિ છે, બીજા બે (શારીર અને પ્રધાન) નથી એમ સમજાય છે. પણ એ રૂપનો ઉપન્યાસ ભૂતયોનિનો છે એમ શાથી સમજાય છે ? પ્રકરણથી અને 'एषः' (એ) એમ પ્રકૃતનું અનુકર્ષણ છે તેથી. ખરેખર, ભૂતયોનિને પ્રકૃત કરીને 'एतस्माज्जायते प्राणः','एष सर्वभूतान्तरात्मा' **'એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે, એ સર્વ ભૂતોનો અન્તરાત્મા છે'** એ વચન ભૂતયોનિ વિષે જ છે, જેમ ઉપાધ્યાયને પ્રકૃત કરીને 'एतस्मादधीष्व','एष वेदवेदाङ्गपारगः' **'એની પાસે અધ્યયન કર, એ વેદ અને વેદાઙ્ગમાં પારંગત છે'** એ વચન ઉપાધ્યાય વિષે થાય છે તેમ. પણ અદૃશ્યત્વાદિ ગુણવાળા ભૂતયોનિનું વિગ્રહવાળું રૂપ શી રીતે શક્ય બને? સર્વાત્મત્વવિવક્ષાથી એ કહ્યું છે, વિગ્રહવત્ત્વવિવક્ષાથી નહિ એટલે દોષ નથી, 'अहमन्नमहमन्नादः' (તૈત્તિ.ઉપ. ૩-૧૦-૬) **'હું અન્ન છું, હું અન્ન ભક્ષક છું'** વગેરેની જેમ.

પણ બીજાઓનો મત આવો છે - આ ભૂતયોનિના રૂપનો ઉપન્યાસ નથી, કેમકે જાયમાન તરીકે ઉપન્યાસ છે. 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रयाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥' (એમાંથી પ્રાણ, મન અને સર્વે ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે, આકાશ, વાયુ, જ્યોતિ, પાણી, અને વિશ્વને ધારણ કરનારી પૃથિવી ઉત્પન્ન થાય છે) એમ પૂર્વે પ્રાણથી આરંભી પૃથિવી સુધીના તત્ત્વસમૂહનો જાયમાન તરીકે શ્રુતિએ નિર્દેશ કર્યો છે. પછી પણ 'तस्मादग्निः समिधो यस्य सूर्यः' (જેનો સમિધ સૂર્ય છે એવો અગ્નિ તેમાંથી ઉત્પન્ન થયો) એમ આરંભી 'अतश्च सर्वा ओषधयो रसाश्च' (અને એમાંથી સર્વ ઓષધિઓ અને રસો ઉત્પન્ન થયા) ત્યાં સુધી જાયમાન તરીકે જ નિર્દેશ કરશે. શી રીતે અહીં જ વચમાં એકદમ ભૂતયોનિના રૂપનો ઉપન્યાસ કરે ? સર્વાત્મતાનો પણ સૃષ્ટિની પરિસમાપ્તિ કરી 'पुरुष एवेदं विश्वं कर्म' (મુણ્ડ.ઉપ. ૨-૧-૧૦) **'પુરુષ જ આ વિશ્વ, કર્મ છે'** વગેરેથી નિર્દેશ કરશે. ત્રૈલોક્ય જેનું શરીર છે એવા પ્રજાપતિનું જન્માદિ શ્રુતિ અને સ્મૃતિમાં નિર્દેશ કરાતો આપણે ઉપલબ્ધ કરીએ છીએ - 'हिरण्यगर्भः समवर्त्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् । स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा विधेम ॥' (ઋ. સં. ૧૦-૧૨૧-૧) **'અગ્રે હિરણ્યગર્ભ ઉત્પન્ન થયો, ઉત્પન્ન થઈ ભૂતોનો તે એક પતિ થયો. તેણે દ્યુલોકને અને આ પૃથ્વીને ધારણ કરી, અમે કયા દેવની હવિષ્થી પરિચર્યા કરીએ'**. 'समवर्त्तत'નો અર્થ ઉત્પન્ન થયો સમજવો. તેમજ 'स वै शरीरी प्रथमः स वै पुरुष उच्यते । आदिकर्ता स भूतानां ब्रह्माग्रे समवर्त्तत॥' **'ખરેખર, તે પ્રથમ શરીરી, ખરેખર, તે પુરુષ કહેવાય છે, ભૂતોનો આદિકર્તા તે બ્રહ્મા અગ્રે ઉત્પન્ન થયો'**. વિકારપુરુષ પણ સર્વભૂતોનો અન્તરાત્મા થાય એ શક્ય છે, કેમકે પ્રાણાત્માથી સર્વ ભૂતોના આત્માને વિષે અવસ્થા ન થાય. એ પક્ષમાં 'पुरुष एवेदं विश्वं कर्म' **'પુરુષ જ આ સર્વ કર્મ છે'** વગેરે સર્વરૂપનો ઉપન્યાસ પરમેશ્વરની પ્રતિપત્તિને અર્થે છે એમ વ્યાખ્યાન કરવું ॥૨૩॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

७. वैश्वानराधिकरणम् ।

वैश्वानरः साधारणशब्दविशेषात् ॥२४॥

'को न आत्मा किं ब्रह्म' (छा.उप. ५-११-१) इति **'आत्मानमेवेमं वैश्वानरं संप्रत्यध्येषि तमेव नो ब्रूहि'** (छा.उप. ५-११-६) इति चोपक्रम्य द्युसूर्यवाय्वाकाशवारिपृथिवीनां सुतेजस्त्वादिगुणयोगमेकैकोपासननिन्दया च वैश्वानरं प्रत्येषां मूर्धादिभावमुपदिश्याम्नायते – **'यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमानमात्मानं वैश्वानरमुपास्ते, स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति, तस्य ह वा एतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाश्चक्षुर्विश्वरूपो वायुः प्राणः पृथग्वर्त्मात्मा संदेहो बहुलो वस्तिरेव रयिः पृथिव्येव पादावुर एव वेदिर्लोमानि बर्हिर्हृदयं गार्हपत्यो मनोऽन्वाहार्यपचन आस्यमाहवनीयः'** (छा.उप. ५-१८-१,२) इत्यादि । तत्र संशयः – किं वैश्वानरशब्देन जाठरोऽग्निरुपदिश्यते, उत भूताग्निः, अथ तदभिमानिनी देवता, अथवा शारीरः, आहोस्वित्परमेश्वरः इति । किं पुनरत्र संशयकारणम् ? वैश्वानर इति जाठरभूताग्निदेवतानां साधारणशब्दप्रयोगात्, आत्मेति च शारीरपरमेश्वरयोः । तत्र कस्योपादानं न्याय्यं कस्य वा हानमिति भवति संशयः । किं तावत्प्राप्तम् ? जाठरोऽग्निरितिः, कुतः ? तत्र हि विशेषेण क्वचित्प्रयोगो दृश्यते – **'अयमग्निर्वैश्वानरो योऽयमन्तः पुरुषे येनेदमन्नं पच्यते यदिदमद्यते'** (बृह.उप. ५-९) इत्यादौ । अग्निमात्रं वा स्यात्, तत्सामान्येनापि प्रयोगदर्शनात् – **'विश्वस्मा अग्निं भुवनाय देवा वैश्वानरं केतुमह्नामकृण्वन्'** (ऋ.सं. १०-८८-१२) इत्यादौ अग्निशरीरा वा देवता स्यात्, तस्यामपि प्रयोगदर्शनात्– **'वैश्वानरस्य सुमतौ स्याम राजा हि कं भुवनानामभिश्रीः'** (ऋ.सं. १-९८-१) इत्येवमाद्यायाः श्रुतेर्देवतायामैश्वर्याद्युपेतायां संभवात् । अथात्मशब्दसामानाधिकरण्यादुपक्रमे च **'को न आत्मा किं ब्रह्म'** इति केवलात्मशब्दप्रयोगादात्मशब्दवशेन वैश्वानरशब्दः परिणेय इत्युच्यते, तथापि शारीर आत्मा स्यात्, तस्य भोक्तृत्वेन वैश्वानरसंनिकर्षात्, प्रादेशमात्रमिति च विशेषणस्य तस्मिन्नुपाधिपरिच्छिन्ने संभवात् । तस्मान्नेश्वरो वैश्वानर इत्येवं प्राप्तम् ॥

---

७. વૈશ્વનર અધિકરણ

વૈશ્વાનર (પરમાત્મા છે) સાધારણ શબ્દોના વિશેષથી ॥ ૨૪ ॥

'को न आत्मा किं ब्रह्म' (છા. ઉપ. ૫-૧૧-૧) **'અમારો આત્મા કોણ છે, બ્રહ્મ શું છે'** એમ અને 'आत्मानमेवेमं वैश्वानरं संप्रत्यध्येति तमेव नो ब्रूहि' (છા. ઉપ. ૫-૧૧-૬) **'આત્માને જ આ વૈશ્વાનરને હાલ તું સ્મરે છે, તે જ અમને કહો'** એમ ઉપક્રમ કરીને દ્યુ, સૂર્ય, વાયુ, આકાશ, વારિ અને પૃથિવીનો સુતેજસ્ત્વ વગેરે ગુણ સંબન્ધનો અને એકેકની ઉપાસનાની નિન્દાથી વૈશ્વાનર પ્રત્યે એઓના મૂર્ધાદિભાવનો (મસ્તક છે એવા ભાવનો) ઉપદેશ કરીને શ્રુતિ કહેછે - 'यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमानमात्मानं वैश्वानरमुपास्ते स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति तस्य ह वा एतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाश्चक्षुर्विश्वरूपः वायुः प्राणः पृथग्वर्त्मात्मा संदेहो बहुलो वस्तिरेव रयिः पृथिव्येव पादावुर एव वेदिर्लोमानि बर्हिर्हृदयं गार्हपत्यो मनोऽन्वाहार्यपचन आस्यमाहवनीयः' (છા. ઉપ. ૫-૧૮-૧-૨) **'પણ જે એવા પ્રાદેશમાત્ર, અભિવિમાન (પ્રત્યક્ષપણે વિશ્વને જાણનાર) આત્મા વૈશ્વાનરને ઉપાસે છે તે સર્વ લોકોમાં, સર્વ ભૂતોમાં, સર્વ આત્માઓમાં અન્નભક્ષણ કરે છે. તે આ આત્મા વૈશ્વાનરનું માથું જ પુષ્કળ તેજવાળું છે, ચક્ષુ વિશ્વરૂપ છે, પ્રાણ અનેક પ્રકારની ગતિ જેનો સ્વભાવ છે એવો છે, મધ્યદેહ વ્યાપી છે, મૂત્રસ્થાન જ ધન છે, પાદ પૃથિવી જ છે, ઉરસ્થાન વેદિ છે, લોમ બર્હિ છે, હૃદય ગાર્હપત્ય છે, મન અન્વાહાર્ય અગ્નિ છે, મુખ આહવનીય છે'**. અહીં સંશય થાય છે કે વૈશ્વાનર શબ્દથી શું જઠરાગ્નિનો ઉપદેશ કરાય છે કે ભૂતાત્માનો કે તેના અભિમાની દેવતાનો, કે શારીરનો કે પરમેશ્વરનો ? પરંતુ અહીં સંશયનું કારણ શું છે ? વૈશ્વાનર એ જઠરાગ્નિ, ભૂતાગ્નિ અને દેવતાને વિષે સાધારણ શબ્દનો પ્રયોગ છે અને આત્મા એ શારીર અને પરમેશ્વરને વિષે સાધારણ છે તેથી. તેમાં કોનું ગ્રહણ યોગ્ય છે અને કોનો ત્યાગ ન્યાય્ય છે તેને માટે સંશય થાય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે ? જઠરાગ્નિ પ્રાપ્ત થાય છે. શાથી ? ખરેખર, તે વિશેષ અર્થમાં ક્વચિત્ પ્રયોગ દેખાય છે - 'अयमग्निर्वैश्वानरो योऽयमन्तः पुरुषे येनेदमन्नं पच्यते यदिदमद्यते' (બૃહ.ઉપ. ૫-૯) **'આ અગ્નિ વૈશ્વાનર, જે એ પુરુષની અંદર છે, જે વડે આ અન્ન પચે છે, જે આ ખવાય છે'** વગેરે અથવા અગ્નિમાત્ર થાય, કેમકે સામાન્ય અર્થમાં પણ પ્રયોગ જણાય છે - 'विश्वस्मा अग्निभुवनाय देवा वैश्वानर केतुमह्नामकृण्वन्' (ઋ. સં. ૧૦-૮૮-૧૨) **'સર્વ ભુવનોને માટે દેવોએ વૈશ્વાનર અગ્નિને દિવસોનો કેતુ કર્યો'** ઇત્યાદિમાં અથવા અગ્નિ જેનું શરીર છે એવો દેવતા થાય, કેમકે તેને વિષે પણ પ્રયોગ દેખાય છે. - 'वैश्वानरस्य सुमतौ स्याम राजा हि कं भुवनानामभिश्रीः' (ઋ.સં.૧-૯૮-૧) **'વૈશ્વાનરની સુમતિમાં અમે થઈએ; કેમકે તે સુખ આપનાર ભુવનોનો રાજા, જેની શ્રી અભિમુખ છે એવો છે'** ઇત્યાદિ શ્રુતિ ઐશ્વર્ય વગેરેથી યુક્ત દેવતાને વિષે શક્ય છે. જો આત્મશબ્દના સામાનાધિકરણ્યથી અને ઉપક્રમમાં 'को न आत्मा किं ब्रह्म' **'કોણ અમારો આત્મા, શું બ્રહ્મ'** એમ કેવળ આત્મ શબ્દના પ્રયોગથી આત્મ શબ્દને વશ વૈશ્વાનર શબ્દ લાવવો એમ કહેવાય, તોપણ શારીર આત્મા થાય, કેમકે ભોક્તા હોવાથી તે વૈશ્વાનરની સમીપ છે ; અને પ્રાદેશમાત્ર એ વિશેષણનો ઉપાધિથી નિયમિત બનેલ તે શારીરને વિષે સંભવ છે. તેટલા માટે ઈશ્વર વૈશ્વાનર નથી એમ પ્રાપ્ત થતાં -

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

तत्रेदमुच्यते – वैश्वानरः परमात्मा भवितुमर्हति । कुतः ? साधारणशब्दविशेषात्, साधारणशब्दयोर्विशेषः साधारणशब्दविशेषः, यद्यप्येतावुभावप्यात्मवैश्वानरशब्दौ साधारणशब्दौ – वैश्वानरशब्दस्तु त्रयाणां साधारणः, आत्मशब्दश्च द्वयोः – तथापि विशेषो दृश्यते, – येन परमेश्वरपरत्वं तयोरभ्युपगम्यते – **'तस्य ह वा एतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाः'** इत्यादिः । अत्र हि परमेश्वर एव द्युमूर्धत्वादिविशिष्टोऽवस्थान्तरगतः प्रत्यगात्मत्वेनोपन्यस्त आध्यानायेति गम्यते, कारणत्वात् । कारणस्य हि सर्वाभिः कार्यगताभिरवस्थाभिरवस्थावत्त्वात् द्युलोकाद्यवयवत्वमुपपद्यते । **'स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति'** इति च सर्वलोकाद्याश्रयं फलं श्रूयमाणं परमकारणपरिग्रहे संभवति, **'एवं हास्य सर्वे पाप्मानः प्रदूयन्ते'** (छा.उप. ५-२४-३) इति च तद्विदः सर्वपाप्मप्रदाहश्रवणम्, **'को न आत्मा किं ब्रह्म'** इति चात्मब्रह्मशब्दाभ्यामुपक्रमः, – इत्येवमन्तानि ब्रह्मलिङ्गानि परमेश्वरमेव गमयन्ति । तस्मात्परेश्वर एव वैश्वानरः ॥२४॥

स्मर्यमाणमनुमानं स्यादिति ॥२५॥

इतश्च परमेश्वर एव वैश्वानरः, यस्मात्परमेश्वरस्यैव **'अग्निरास्यं द्यौर्मूर्धा'** इतीदृशं त्रैलोक्यात्मकं रूपं स्मर्यते– **'यस्याग्निरास्यं द्यौर्मूर्धा खं नाभिश्चरणौ क्षितिः । सूर्यश्चक्षुर्दिशः श्रोत्रं तस्मै लोकात्मने नमः'** इति । तत्स्मर्यमाणं रूपं मूलभूतां श्रुतिमनुमापयदस्य वैश्वानरशब्दस्य परमेश्वरपरत्वे अनुमानं लिङ्गं गमकं स्यादित्यर्थः । इतिशब्दो हेत्वर्थे – यस्मादिदं गमकम्, तस्मादपि वैश्वानरः परमात्मैवेत्यर्थः । यद्यपि स्तुतिरियम् – **'तस्मै लोकात्मने नमः'** इति, तथापि स्तुतित्वमपि नासति मूलभूते वेदवाक्ये सम्यक् ईदृशेन रूपेण संभवति । **'द्यां मूर्धानं यस्य विप्रा वदन्ति खं वै नाभिं चन्द्रसूर्यौ च नेत्रे । दिशः श्रोत्रे विद्धि पादौ क्षितिं च सोऽचिन्त्यात्मा सर्वभूतप्रणेता'** इत्येवंजातीयका च स्मृतिस्त्विहोदाहर्तव्या ॥२५॥

शब्दादिभ्योऽन्तःप्रतिष्ठानाच्च नेति चेन्न तथादृष्ट्युपदेशादसंभवात्पुरुषमपि चैनमधीयते ॥२६॥

આ કહીએ છીએ - વૈશ્વાનર પરમાત્મા હોવો જોઈએ. શાથી ? સાધારણ શબ્દવિશેષથી. સાધારણ શબ્દોનો વિશેષ તે સાધારણ શબ્દવિશેષ. જોકે આ બંને આત્મવૈશ્વાનર શબ્દો સાધારણ છે, વૈશ્વાનર શબ્દ તો ત્રણ અર્થમાં સાધારણ છે અને આત્મશબ્દ બે અર્થમાં, તોપણ વિશેષ દેખાય છે કે જેથી તેઓ પરમેશ્વરપરક છે એમ સ્વીકારાય છે - 'तस्य ह वा एतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाः' **'તે એ આત્મા વૈશ્વાનરનું મસ્તક જ પુષ્કળ તેજવાળું છે'** વગેરે ખરેખર, અહીં દ્યુમૂર્ધત્વાદિગુણવિશિષ્ટ, અન્ય અવસ્થામાં આવેલા પરમેશ્વરનો જ પ્રત્યગાત્મા તરીકે આધ્યાનને માટે ઉપન્યાસ કર્યો છે એમ સમજાય છે; કેમકે તે કારણ છે. ખરેખર, કાર્યગત સર્વ અવસ્થાથી કારણ અવસ્થાવાળું થાય છે તેથી તેને દ્યુલોકાદિનું અવયવત્વ સંભવે છે. 'स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति' **'તે સર્વ લોકોમાં, સર્વ ભૂતોમાં,સર્વ આત્માઓમાં અન્ન ભક્ષણ કરે છે'** એ પણ સર્વ લોકો વગેરેમાં આશ્રય કરવાનું ફળ શ્રુતિ સંપાદન કરે છે તે પરમ કારણનો પરિગ્રહ કરવાથી સંભવે છે. 'एवं हास्य सर्वे पाप्मानः प्रदूयन्ते' (છા. ઉપ. ૫-૨૪-૩) **'ખરેખર, એ પ્રમાણે એનાં સર્વ પાપો બળી જાય છે'** એ પણ જાણનારનાં સર્વપાપપ્રણાશની શ્રુતિ છે. 'को न आत्मा किं ब्रह्म' **'કોણ અમારો આત્મા, શું બ્રહ્મ'** એ પણ આત્મ અને બ્રહ્મ શબ્દોથી ઉપક્રમ છે. એ પ્રમાણે એ બ્રહ્મલિંગો પરમેશ્વરને જ સમજાવે છે. માટે પરમેશ્વર જ વૈશ્વાનર છે. ॥ ૨૪ ॥

સ્મૃતિથી પ્રતિપાદન કરાતું રૂપ (શ્રુતિનું) અનુમાપક (એટલે લિંગ થાય તેથી (વૈશ્વાનર પરમાત્મા છે) ॥ ૨૫ ॥

વળી આથી પરમેશ્વર વૈશ્વાનર છે, કેમકે પરમેશ્વરનું જ અગ્નિ મુખ, દ્યુલોક મસ્તક છે એમ એવું ત્રૈલોક્યાત્મક રૂપ સ્મૃતિ પ્રતિપાદન કરે છે - 'यस्याग्निरास्यं द्यौर्मूर्धा खं नाभिश्चरणौ क्षितिः । सूर्यश्चक्षुर्दिशः श्रोत्रं तस्मै लोकात्मने नमः ॥' **'જેનું અગ્નિ મુખ, દ્યુલોક મસ્તક, આકાશ નાભિ, પૃથ્વી ચરણ,સૂર્ય નેત્ર અને દિશાઓ કર્ણ છે તે ત્રૈલોક્યાત્માને નમસ્કાર'**. એ સ્મૃતિમાં કહેવામાં આવતું રૂપ મૂલભૂત શ્રુતિનું અનુમાન કરાવતું એ વૈશ્વાનર શબ્દ પરમેશ્વર પર છે તેનું અનુમાન-લિંગ-ગમક થાય એવો અર્થ છે. ઇતિ શબ્દ હેત્વર્થ છે. એ ગમક છે તેથી વૈશ્વાનર પરમાત્મા જ છે એવો અર્થ છે. જોકે 'तस्मै लोकात्मने नमः' **'તે ત્રૈલોક્યાત્માને નમસ્કાર'** એ સ્તુતિ છે, તો પણ એવી સ્તુતિ પણ મૂલભૂત વેદવાક્ય ન હોય તો એવા રૂપમાં બરોબર સંભવે નહીં. 'द्यां मूर्धानं यस्य विप्रा वदन्ति खं वै नाभिं चन्द्रसूर्यौ च नेत्रे । दिशः श्रोत्रे विद्धि पादौ क्षितिं च सोऽचिन्त्यात्मा सर्वभूतप्रणेता ॥' **'વિદ્વાનો દ્યુલોકને જેનું માથુ, આકાશને નાભિ, ચન્દ્રસૂર્યને નેત્ર, દિશાઓને કાન અને પૃથ્વીને પાદ કહે છે તે અચિન્ત્ય આત્મા અને સર્વ ભૂતોનો પ્રણેતા છે એમ જાણ'** એવી સ્મૃતિ પણ અહીં કહેવી જોઈએ. ॥ ૨૫ ॥

શબ્દાદિથી અને અન્તઃપ્રતિષ્ઠાનથી (વૈશ્વાનર પરમેશ્વર) નથી એમ કહેશો તો ના; કેમકે તેવી દૃષ્ટિનો ઉપદેશ છે, એ અસંભવ છે અને એનું પુરુષ તરીકે અધ્યયન કરે છે ॥ ૨૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अत्राह — न परमेश्वरो वैश्वानरो भवितुमर्हति । कुतः ? शब्दादिभ्योऽन्तःप्रतिष्ठानाच्च । शब्दस्तावत् — वैश्वानरशब्दो न परमेश्वरे संभवति, अर्थान्तरे रूढत्वात्, तथाग्निशब्दः **'स एषोऽग्निर्वैश्वानरः'** इति । आदिशब्दात् **'हृदयं गार्हपत्यः'** (छा.उप. ५-१८-२) इत्याद्यग्नित्रेताप्रकल्पनम्, **'तद्यद्भक्तं प्रथममागच्छेत्तद्धोमीयम्'** (छा.उप. ५-१९-१) इत्यादिना च प्राणाहुत्यधिकरणतासंकीर्तनम् । एतेभ्यो हेतुभ्यो जाठरो वैश्वानरः प्रत्येतव्यः । तथान्तःप्रतिष्ठानमपि श्रूयते — **'पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद'** इति । तच्च जाठरे संभवति । यदप्युक्तम् **'मूर्धैव सुतेजाः'** इत्यादेर्विशेषात्कारणात्परमात्मा वैश्वानर इति, अत्र ब्रूमः — कुतो न्वेष निर्णयः, यदुभयथापि विशेषप्रतिभाने सति परमेश्वरविषय एव विशेष आश्रयणीयो न जाठरविषय इति । अथवा भूताग्नेरन्तर्बहिश्चावतिष्ठमानस्यैष निर्देशो भविष्यति । तस्यापि हि द्युलोकादिसंबन्धो मन्त्रवर्णे अवगम्यते — **'यो भानुना पृथिवीं द्यामुतेमामाततान रोदसी अन्तरिक्षम्'** (ऋ.सं. १०-८८-३) इत्यादौ । अथवा तच्छरीराया देवताया ऐश्वर्ययोगात् द्युलोकाद्यवयवत्वं भविष्यति । तस्मान्न परमेश्वरो वैश्वानर इति ॥

अत्रोच्यते — न तथादृष्ट्युपदेशादिति । न शब्दादिभ्यः कारणेभ्यः परमेश्वरस्य प्रत्याख्यानं युक्तम् । कुतः? तथा जाठरापरित्यागेन, दृष्ट्युपदेशात् । परमेश्वरदृष्टिर्हि जाठरे वैश्वानरे इहोपदिश्यते — **'मनो ब्रह्मेत्युपासीत'** (छा.उप. ३-१८-१) इत्यादिवत् । अथवा जाठरवैश्वानरोपाधिः परमेश्वर इह द्रष्टव्यत्वेनोपदिश्यते — **'मनोमयः प्राणशरीरो भारूपः'** (छा.उप. ३-१४-२) इत्यादिवत् । यदि चेह परमेश्वरो न विवक्ष्येत, केवल एव जाठरोऽग्निर्विवक्ष्येत, ततः **'मूर्धैव सुतेजाः'** इत्यादेर्विशेषस्यासंभव एव स्यात् । यथा तु देवताभूताग्निव्यपाश्रयेणाप्ययं विशेष उपपादयितुं न शक्यते, तथोत्तरसूत्रे वक्ष्यामः। यदि च केवल एव जाठरो विवक्ष्येत, पुरुषेऽन्तःप्रतिष्ठितत्वं केवलं तस्य स्यात्, न तु पुरुषत्वम्, पुरुषमपि चैनमधीयते वाजसनेयिनः — **'स एषोऽग्निर्वैश्वानरो यत्पुरुषः स यो हैतमेवमग्निं वैश्वानरं पुरुषं पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद'** इति । परमेश्वरस्य तु सर्वात्मत्वात्पुरुषत्वं पुरुषेऽन्तःप्रतिष्ठितत्वं चोभयमुपपद्यते । ये तु **'पुरुषविधमपि चैनमधीयते'** इति सूत्रावयवं पठन्ति,

---

અહીં કહે છે - પરમેશ્વર વૈશ્વાનર થવા યોગ્ય નથી. કેમ ? શબ્દાદિથી અને અન્તઃપ્રતિષ્ઠાનથી. પ્રથમ તો શબ્દ-વૈશ્વાનર શબ્દ પરમેશ્વરને વિષે સંભવતો નથી; કેમકે તે અન્ય અર્થમાં રૂઢ છે. તેમજ 'स एषोऽग्निर्वैश्वानरः' **'તે એ વૈશ્વાનર અગ્નિ છે'** એમાં અગ્નિ શબ્દ પરમેશ્વરને વિષે શક્ય નથી. (શબ્દાદિના) આદિ શબ્દથી 'हृदयं गार्हपत्यः' (છા. ઉપ. ૫-૧૮-૨) **'હૃદય ગાર્હપત્ય છે'** ઇત્યાદિ અગ્નિત્રેતાની કલ્પનાનું, અને 'तद्यद्भक्तं प्रथममागच्छेत्तद्धोमीयम्' (છા. ઉપ. ૫-૧૯-૧) **'તેમાં જે અન્ન પ્રથમ આવે તે હોમસાધન છે'** ઇત્યાદિથી પ્રાણાહુતિનું (વૈશ્વાનર) અધિકરણ છે એમ કહ્યું છે તેનું ગ્રહણ કરવું જોઈએ. એ કારણે વૈશ્વાનરને જાઠરાગ્નિ માનવો યોગ્ય છે. તેમ અન્તઃપ્રતિષ્ઠાન પણ શ્રુતિએ કહ્યું છે - 'पुरुषेऽन्तःप्रतिष्ठितं वेद' **'પુરુષની અન્દર પ્રતિષ્ઠિત થયેલો તે જાણે છે'**, અને તે જઠરાગ્નિમાં સંભવે છે. વળી 'मूर्धैव सुतेजाः' **'માથું જ પુષ્કળ તેજવાળું છે'** વગેરે વિશેષરૂપ કારણથી વૈશ્વાનર પરમાત્મા છે એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ - ખરેખર, એવો નિર્ણય શાથી કરવો કે બંને પ્રકારે વિશેષનું પ્રતિભાન થાય છે તો પણ પરમેશ્વરવિષયક વિશેષનો જ આશ્રય કરવો અને જાઠરવિષયક વિશેષનો નહિ. અથવા અંદર અને બહાર રહેતા ભૂતાગ્નિનો એ નિર્દેશ થશે. ખરેખર, તેનો પણ દ્યુલોકાદિ સાથે સંબન્ધ આ મન્ત્રથી સમજાય છે - 'यो भानुना पृथिवीं द्यामुतेमामाततान रोदसी अन्तरिक्षम्' (ઋ. સં. ૧૦-૮૮-૩) **'જેણે (ભૂતાગ્નિએ) આ પૃથિવી, દ્યુલોક, દ્યાવાપૃથિવ્યૌ, અને અન્તરિક્ષને તેજ વડે વ્યાપ્ત કર્યા'**(તેનું ધ્યાન ધરવું જોઈએ) વગેરેમાં અથવા તે જેનું શરીર છે એવા દેવતાને ઐશ્વર્યના સંબંધથી દ્યુલોકાદિ અવયવ,થશે. તેટલા માટે વૈશ્વાનર પરમેશ્વર નથી.

એ બાબતમાં અમે કહીએ છીએ. ના, કેમકે તેવીરીતની દૃષ્ટિનો ઉપદેશ છે. શબ્દાદિ કારણોથી પરમેશ્વરનું પ્રત્યાખ્યાન યોગ્ય નથી. કેમ? તેવી રીતની જઠરાગ્નિના અપરિત્યાગવાળી દૃષ્ટિનો ઉપદેશ છે તેથી. ખરેખર, પરમેશ્વરની દૃષ્ટિનો જાઠર વૈશ્વાનરમાં અહીં ઉપદેશ કરાય છે, 'मनो ब्रह्मेत्युपासीत' (છા. ઉપ. ૩-૧૮-૧) **'મનની બ્રહ્મ તરીકે ઉપાસના કરવી'** એની જેમ. અથવા જાઠર વૈશ્વાનર જેની ઉપાધિ છે એવા પરમેશ્વરનો અહીં દ્રષ્ટવ્ય તરીકે ઉપદેશ કરાય છે. 'मनोमयः प्राणशरीरो भारूपः' (છા. ઉપ. ૩-૧૪-૨) **'મનોમય, પ્રાણશરીર, ભારૂપ'** વગેરેની જેમ. જો અહીં પરમેશ્વરની વિવક્ષા ન હોય અને માત્ર જઠરાગ્નિની જ વિવક્ષાહોય, તો 'मूर्धैव सुतेजाः' **'માથું જ પુષ્કળ પ્રકાશવાળું છે'** ઇત્યાદિ વિશેષનો અસંભવ જ બને. દેવતા અને ભૂતાગ્નિના સંબંધથી એ વિશેષ ઉપપન્ન કરવો શી રીતે શક્ય નથી તે ઉત્તરસૂત્રમાં કહીશું. જો કેવલ જઠરાગ્નિની જ વિવક્ષા હોય તો પુરુષને વિષે અંદર રહેવાપણું જ માત્ર તેને ઘટે, પુરુષત્વ નહિ. વાજસનેયી શાખાવાળાઓ એનું પુરુષ તરીકે પણ અધ્યયન કરે છે 'स एषोऽग्निर्वैश्वानरो यत्पुरुषः स यो हैतमेवमग्नि वैश्वानरं, पुरुषविधं पुरुषेऽन्तःप्रतिष्ठितं वेद' (શ. બ્રાં: ૧૦-૬-૧-૧૧) **'જે પુરુષ છે તે એ વૈશ્વાનર અગ્નિ છે. ખરેખર, જે એ વૈશ્વાનર અગ્નિને એવી રીતે પુરુષસદૃશ, પુરુષની અંદર રહેલો જાણે છે તે સર્વ ભોગ ભોગવે છે'**. સર્વાત્મક હોવાથી પરમેશ્વરનું તો પુરુષત્વ અને પુરુષને વિષે અંદર રહેવાપણું એ બંને યોગ્ય છે. જેઓ 'पुरुषविधमपि चैनमधीयते' એમ સૂત્રાવયવયનો પાઠ સ્વીકારે છે તેમનો આ અર્થ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तेषामेषोऽर्थः – केवलजाठरपरिग्रहे पुरुषेऽन्तःप्रतिष्ठितत्वं केवलं स्यात्, न तु पुरुषविधत्वम्, पुरुषविधमपि चैनमधीयते वाजसनेयिनः – **'पुरुषविधं पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद'** (श.ब्रा. १०-६-१-११) इति । पुरुषविधत्वं च प्रकरणात् यदधिदैवतं द्युमूर्धत्वादि पृथिवीप्रतिष्ठितत्वान्तम्, यच्चाध्यात्मं प्रसिद्धं मूर्धत्वादि चुबुकप्रतिष्ठितत्वान्तम्, तत्परिगृह्यते ॥२६॥

अत एव न देवता भूतं च ॥२७॥

यत्पुनरुक्तम् – भूताग्नेरपि मन्त्रवर्णे द्युलोकादिसंबन्धदर्शनात् **'मूर्धैव सुतेजाः'** इत्याद्यवयवकल्पनं तस्यैव भविष्यतीति, तच्छरीराया देवताया वा ऐश्वर्ययोगादिति, तत्परिहर्तव्यम् । अत्रोच्यते – अत एवोक्तेभ्यो हेतुभ्यो न देवता वैश्वानरः । तथा भूताग्निरपि न वैश्वानरः, न हि भूताग्नेरौष्ण्यप्रकाशमात्रात्मकस्य द्युमूर्धत्वादिकल्पनोपपद्यते, विकारस्य विकारान्तरात्मत्वासंभवात् । तथा देवतायाः सत्यप्यैश्वर्ययोगे न द्युमूर्धत्वादिकल्पना संभवति, अकारणत्वात् परमेश्वराधीनैश्वर्यत्वाच्च । आत्मशब्दासंभवश्च सर्वेष्वेषु पक्षेषु स्थित एव ॥२७॥

साक्षादप्यविरोधं जैमिनिः ॥२८॥

पूर्वं जाठराग्निप्रतीको जाठराग्न्युपाधिको वा परमेश्वर उपास्य इत्युक्तम् अन्तःप्रतिष्ठितत्वाद्यनुरोधेन । इदानीं तु विनैव प्रतीकोपाधिकल्पानाभ्यां साक्षादपि परमेश्वरोपासनपरिग्रहे न कश्चिद्विरोध इति जैमिनिराचार्यो मन्यते । ननु जाठराग्न्यपरिग्रहेऽन्तःप्रतिष्ठितत्ववचनं शब्दादीनि च कारणानि विरुध्येरन्निति, अत्रोच्यते – अन्तःप्रतिष्ठितत्ववचनं तावन्न विरुध्यते । न हीह **'पुरुषविधं पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद'** इति जाठराग्न्यभिप्रायेणेदमुच्यते, तस्याप्रकृतत्वादसंशब्दितत्वाच्च, कथं तर्हि, यत्प्रकृतं मूर्धादिचुबुकान्तेषु पुरुषावयेषु पुरुषविधत्वं कल्पितम्, तदभिप्रायेणेदमुच्यते – **'पुरुषविधं पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद'** इति, यथा वृक्षे शाखां प्रतिष्ठितां पश्यतीति, तद्वत् । अथवा यः प्रकृतः परमात्माध्यात्ममधिदैवतं च पुरुषविधत्वोपाधिः, तस्य यत्केवलं साक्षिरूपम्, तदभिप्रायेणेदमुच्यते – **'पुरुषविधं पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद'** इति । निश्चिते च पूर्वापरालोचनवशेन

- કેવલ જઠરાગ્નિનો સ્વીકાર કરીએ તો પુરુષને વિષે અંદર રહેવાપણું જ માત્ર સંભવે. પણ પુરુષસદશત્વ સંભવે નહિ, અને વાજસનેયી શાખાવાળાઓ એ પુરુષસદશ છે એવું પણ અધ્યયન કરે છે - 'पुरुषविधं पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद' **'પુરુષસદશ, પુરુષને વિષે અંદર રહેલો જાણે છે'** એમ. દ્યુમૂર્ધત્વથી આરંભી પૃથિવીપ્રતિષ્ઠિતત્વ સુધી જે અધિદૈવ પુરુષ સદશત્વ છે અને મૂર્ધત્વથી આરંભી ચુબુક પ્રતિષ્ઠિતત્વ પર્યન્ત જે અધ્યાત્મ પુરુષસદશત્વ જાણીતું છે તે પુરુષસદશત્વનું અહીં પ્રકરણથી ગ્રહણ કરવાનું છે ॥ ૨૬ ॥

એથી જ દેવતા અને ભૂતાગ્નિ (વૈશ્વાનર) નથી ॥ ૨૭ ॥

મન્ત્રવર્ણમાં ભૂતાગ્નિનો પણ દ્યુલોકાદિ સાથે સંબંધ જોવામાં આવે છે તેથી 'मूर्धैव सुतेजाः' **'માથું જ પુષ્કળ પ્રકાશવાળું'** વગેરે અવયવકલ્પના તેની જ થશે અથવા તે જેનું શરીર છે એવા દેવની ઐશ્વર્યયોગથી થશે એમ જે કહ્યું છે તેનો પરિહાર કરવો જોઈએ. એ વિષે કહીએ છીએ. એથી જ ઉક્ત હેતુઓથી વૈશ્વાનર દેવ નથી. તેમજ વૈશ્વાનર ભૂતાગ્નિ પણ નથી. ખરેખર, ઉષ્ણતા અને પ્રકાશરૂપ સ્વરૂપવાળા ભૂતાગ્નિની દ્યુમૂર્ધત્વાદિકલ્પના યુક્ત નથી, કેમકે વિકારને અન્ય વિકારનું સ્વરૂપ થાય એ સંભવ નથી. તેમ ઐશ્વર્યયોગ છે તોપણ દેવને દ્યુમૂર્ધત્વાદિકલ્પના સંભવતી નથી, કેમકે તે કારણ નથી અને તેનું ઐશ્વર્ય પરમેશ્વરને અધીન છે, અને એ સર્વ પક્ષોમાં આત્મ શબ્દનો (સંબંધ) અસંભવ તો છે જ ॥ ૨૭ ॥

સાક્ષાત્ પણ (વૈશ્વાનરની પરમેશ્વર તરીકે ઉપાસનામાં) જૈમિનિ અવિરોધ (માને છે) ॥ ૨૮ ॥

જાઠરાગ્નિ જેનું પ્રતીક છે કે જાઠરાગ્નિ જેની ઉપાધિ છે એવા પરમેશ્વર ઉપાસ્ય છે એમ પૂર્વે અન્તઃપ્રતિષ્ઠિતત્વ વગેરેને અનુસારે કહ્યું છે. પણ હવે (એમ કહે છે કે) પ્રતીક અને ઉપાધિની કલ્પના વિના પણ, સાક્ષાત્ પણ, પરમેશ્વરની ઉપાસના સ્વીકારવામાં કંઈ વિરોધ નથી એમ જૈમિનિ આચાર્ય માને છે. પણ જાઠરાગ્નિનો સ્વીકાર ન કરીએ તો (વૈશ્વાનર) અન્તઃપ્રતિષ્ઠિત છે એ વચન અને શબ્દાદિ કારણો અસંગત બને. એને વિષે કહીએ છીએ. પ્રથમ અન્તઃપ્રતિષ્ઠિત છે એ વચન તો અસંગત નથી. ખરેખર, અહીં ''पुरुषविधं पुरुषेऽन्तःप्रतिष्ठितं वेद' **'પુરુષસદશ, પુરુષને વિષે અન્તઃપ્રતિષ્ઠિત જાણે છે'** એ જઠરાગ્નિને ઉદ્દેશીને કહ્યું નથી, કેમકે તે અપ્રકૃત છે અને શબ્દથી વાચ્ય નથી. ત્યારે કેવી રીતે કહ્યું છે ? મસ્તકથી આરંભી ચુબુક પર્યન્ત પુરુષાવયવોમાં જે પ્રકૃત પુરુષ સદશત્વ કલ્પિત છે તેને ઉદ્દેશીને એ કહ્યું છે કે - 'पुरुषविधं पुरुषेऽन्तःप्रतिष्ठितं वेद' **'પુરુષસદશ, પુરુષની અંદર રહેલું જાણે છે'**, જેવી રીતે વૃક્ષમાં શાખાને પ્રતિષ્ઠિત થયેલી જુએ છે તેમ. અથવા જ પ્રકૃત પરમાત્માનો પુરુષસદશત્વ અધિદૈવ અને અધ્યાત્મ ઉપાધિ છે તેનું જે કેવલ સાક્ષીરૂપ છે તેને ઉદ્દેશીને એ કહ્યું છે - 'पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद' **'પુરુષમાં અંદર રહેલું જાણે છે'** આગળ અને પાછળની વિવેચનાથી પરમાત્માનો સ્વીકાર નિશ્ચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

परमात्मपरिग्रहे, तद्विषय एव वैश्वानरशब्दः केनचिद्योगेन वर्तिष्यते – विश्वश्चायं नरश्चेति, विश्वेषां वायं नरः, विश्वे वा नरा अस्येति विश्वानरः परमात्मा, सर्वात्मत्वात् विश्वानर एव वैश्वानरः, तद्धितोऽनन्यार्थः, राक्षसवायसादिवत् । अग्निशब्दोऽप्य-ग्रणीत्वादियोगाश्रयणेन परमात्मविषय एव भविष्यति । गार्हपत्यादिकल्पनं प्राणाहुत्यधिकरणत्वं च परमात्मानोऽपि सर्वात्मत्वादुपपद्यते ॥२८॥

कथं पुनः परमेश्वरपरिग्रहे प्रादेशमात्रश्रुतिरुपपद्यत इति, तां व्याख्यातुमारभते –

अभिव्यक्तेरित्याश्मरथ्यः ॥२९॥

अतिमात्रस्यापि परमेश्वरस्य प्रादेशमात्रत्वमभिव्यक्तिनिमित्तं स्यात् । अभिव्यज्यते किल प्रादेशमात्रपरिमाणः परमेश्वर उपासकानां कृते । प्रदेशविशेषेषु वा हृदयादिषूपलब्धिस्थानेषु विशेषेणाभिव्यज्यते । अतः परमेश्वरेऽपि प्रादेशमात्रश्रुतिरभिव्यक्तेरुपपद्यत इत्याश्मरथ्य आचार्यो मन्यते ॥२९॥

अनुस्मृतेर्बादरिः ॥३०॥

प्रादेशमात्रहृदयप्रतिष्ठितेन वायं मनसानुस्मर्यते, तेन **'प्रादेशमात्रः'** इत्युच्यते, यथा प्रस्थमिता यवाः प्रस्थान इत्युच्यन्ते, तद्वत् । यद्यपि च यवेषु स्वगतमेव परिमाणं प्रस्थसंबन्धाद्व्यज्यते, न चेह परमेश्वरगतं किंचित्परिमाणमस्ति – यद्धृदयसंबन्धाद्व्यज्येत, तथापि प्रयुक्तायाः प्रादेशमात्रश्रुतेः संभवति यथाकथंचिदनुस्मरणमालम्बनमित्युच्यते । प्रादेशमात्रत्वेन वायमप्रादेशमात्रोऽप्यनुस्मरणीयः प्रादेशमात्रश्रुत्यर्थवत्तायै । एवमनुस्मृतिनिमित्ता परमेश्वरे प्रादेशमात्रश्रुतिरिति बादरिराचार्यो मन्यते॥

संपत्तेरिति जैमिनिस्तथा हि दर्शयति ॥३१॥

संपत्तिनिमित्ता वा स्यात्प्रादेशमात्रश्रुतिः । कुतः ? तथाहि समानप्रकरणं वाजसनेयिब्राह्मणं द्युप्रभृतीन्पृथिवीपर्यन्तांस्त्रैलोक्यात्मनो वैश्वानरस्यावयवानध्यात्ममूर्धप्रभृतिषु चुबुकपर्यन्तेषु देहावयवेषु संपादयत्प्रादेशमात्रसंपत्तिं परमेश्वरस्य दर्शयति – 'प्रादेमात्रमिव ह वै देवाः सुविदिता अभिसंपन्नास्तथा नु व एतान्वक्ष्यामि यथा

થયો એટલે વૈશ્વાનર શબ્દ કોઈક વ્યુત્પત્તિથી ઈશ્વરનો સૂચક થશે - 'विश्वश्चायं नरश्चेति' - વિશ્વ એવો નર-, અથવા 'विश्वेषामयं नरः' - સર્વેનો એ નર-અથવા 'विश्वे नरा अस्येति विश्वानरः' - સર્વ જેના નર છે તે વિશ્વાનર, અર્થાત્, પરમાત્મા કેમકે તે સર્વાત્મક છે. 'विश्वानर एव वैश्वानरः' - વિશ્વાનર તે જ વૈશ્વાનર. राक्षस, वायस આદિમાં છે તે અનન્યાર્થ તદ્ધિત પ્રત્યય છે. अग्नि શબ્દ પણ अग्रणीत्व - અગ્રે દોરવવું, આદિ યોગનો આશ્રય કરવાથી પરમાત્માને જ લાગુ પડશે. ગાર્હપત્ય આદિ કલ્પના અને પ્રાણાહુતિનું અધિકરણત્વ પરમાત્માને માટે પણ યોગ્ય છે, કેમકે તે સર્વાત્મા છે ॥ ૨૮ ॥

અભિવ્યક્તિથી (પ્રાદેશમાત્ર શ્રુતિ યુક્ત થાય એવું) આશ્મરથ્ય (માને છે) ॥ ૨૯ ॥

અતિમાત્ર (અપરિમાણ) એવા પણ પરમેશ્વરનું પ્રાદેશમાત્રત્વ અભિવ્યક્તિને લીધે થાય. એમ કહે છે કે ઉપાસકોને માટે પરમેશ્વર પ્રાદેશમાત્ર પરિમાણમાં અભિવ્યક્ત થાય છે. અથવા પ્રદેશોમાં એટલે હૃદયાદિ (હૃદય વગેરે) એને પ્રાપ્ત કરવાના સ્થાનોમાં વિશેષ અભિવ્યક્ત થાય છે. એથી પરમેશ્વરને વિષે પણ પ્રાદેશમાત્ર શ્રુતિ અભિવ્યક્તિથી યુક્ત થાય છે એમ આશ્મરથ્ય આચાર્ય માને છે ॥ ૨૯॥

અનુસ્મૃતિથી (પ્રાદેશમાત્ર શ્રુતિ યુક્ત થાય છે એમ) બાદરિ (માને છે) ॥ ૩૦ ॥

અથવા પ્રાદેશમાત્ર હૃદયમાં રહેલા મન વડે (પરમેશ્વરનું) સ્મરણ કરાય છે તેથી (પરમેશ્વર) પ્રાદેશમાત્ર (થાય) છે એમ કહેવાય છે; જેમ પ્રસ્થ (એક પ્રકારના માપ)થી મપાયેલા જેવો પ્રસ્થ છે એમ કહેવાય છે તેમ. જોકે જવોને વિષે તેમાં રહેલું જ પરિમાણ પ્રસ્થના સંબંધથી વ્યક્ત થાય છે અને અહીં પરમેશ્વરમાં કંઈ પણ પરિમાણ નથી જે હૃદયના સંબંધથી વ્યક્ત થાય, તો પણ (પરમેશ્વરનું) અનુસ્મરણ, પ્રયુક્ત થયેલી પ્રાદેશમાત્ર શ્રુતિનો ગમે તે પ્રકારે આધાર સંભવે છે. તેથી એમ કહ્યું છે અથવા પ્રાદેશમાત્ર નથી તોપણ પ્રાદેશમાત્ર શ્રુતિ સાર્થક થાય માટે, તેનું પ્રાદેશમાત્ર તરીકે સ્મરણ કરવું. એ પ્રમાણે પ્રાદેશમાત્ર શ્રુતિ પરમેશ્વરના વિષયમાં અનુસ્મરણનિમિત્ત છે એમ આચાર્ય બાદરિ માને છે ॥ ૩૦ ॥

સંપત્તિથી (પ્રાદેશમાત્ર શ્રુતિયુક્ત થાય છે) એમ જૈમિનિ (માને છે);
કેમકે (શ્રુતિ એવું) દર્શાવે છે ॥ ૩૧ ॥

અથવા પ્રાદેશમાત્ર શ્રુતિ સંપત્તિનિમિત્ત થાય. શાથી ? કેમકે સમાન પ્રકરણવાળું વાજસનેયિ બ્રાહ્મણ દ્યુલોકથી આરંભી પૃથિવી સુધી ત્રૈલોક્યસ્વરૂપ વૈશ્વાનરના અવયવોને અધ્યાત્મમસ્તકથી ચુબુક સુધીના દેહના અવયવોમાં સંપન્ન કરીને પરમેશ્વરની પ્રાદેશમાત્ર સંપત્તિ દર્શાવે છે - 'प्रादेशमात्रमिव ह वै देवाः सुविदिता अभिसंपन्नास्तथा नु व एतान् वक्ष्यामि यथा प्रादेशमात्रमेवाभिसंपादयिष्यामीति।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

प्रादेशमात्रमेवाभिसंपादयिष्यामीति । स होवाच मूर्धानमुपदिशन्नुवाचैष वा अतिष्ठा वैश्वानर इति । चक्षुषी उपदिशन्नुवाचेष वै सुतेजा वैश्वानर इति । नासिके उपदिशन्नुवाचैष वै पृथग्वर्त्मात्मा वैश्वानर इति । मुख्यमाकाशमुपदिशन्नुवाचैष वै बहुलो वैश्वानर इति । मुख्या अप उपदिसन्नुवाचेष वै रयिर्वैश्वानर इति । चुबुकमुपदिशन्नुवाचेष वै प्रतिष्ठा वैश्वानरः' इति । चुबुकमित्यधरं मुखफलकमुच्यते । यद्यपि वाजसनेयके द्योरतिष्ठात्वगुणा समाम्नायते, आदित्यश्च सुतेजस्त्वगुणः, छान्दोग्ये पुनः द्यौः सुतेजस्त्वगुणा समाम्नायते, आदित्यश्च विश्वरूपत्वगुणः, तथापि नैतावता विशेषेण किंचिद्धीयते, प्रादेशमात्रश्रुतेरविशेषात्, सर्वशाखाप्रत्ययत्वाच्च । संपत्तिनिमित्तां प्रादेशमात्रश्रुतिं युक्ततरां जैमिनिराचार्यो मन्यते ॥३१॥

आमनन्ति चैनमस्मिन् ॥३२॥

आमनन्ति चैनं परमेश्वरमस्मिन्मूर्धचुबुकान्तराले जाबालाः – **'य एषोऽनन्तोऽव्यक्त आत्मा सोऽविमुक्ते प्रतिष्ठित इति। सोऽविमुक्तः कस्मिन्प्रतिष्ठित इति । वरणायां नास्यां च मध्ये प्रतिष्ठित इति । का वै वरणा का च नासीति'** । (जाबाल. १) तत्र चेमामेव नासिकाम् **'सर्वाणीन्द्रियकृतानि पापानि वारयतीति सा वरणा, सर्वाणीन्द्रियकृतानि पापानि नाशयतीति सा नासी'** इति वरणानासीति निरुच्य, पुनरप्यामनन्ति – **'कतमच्चास्य स्थानं भवतीति । भ्रुवोर्घ्राणस्य च यः संधिः स एष द्युलोकस्य परस्य च संधिर्भवति'**(जाबाल. १) – इति । तस्मादुपपन्ना परमेश्वरे प्रादेशमात्रश्रुतिः । अभिविमानश्रुतिः प्रत्यगात्मत्वाभिप्राया । प्रत्यगात्मतया सर्वैः प्राणिभिरभिविमीयत इत्यभिविमानः, अभिगतो वायं प्रत्यगात्मत्वात्, विमानश्च मानवियोगात् इत्यभिविमानः । अभिविमिमीते वा सर्वं जगत्, कारणत्वादित्यभिविमानः, तस्मात्परमेश्वरो वैश्वानर इति सिद्धम् ॥३२॥

इति प्रथमाध्यायस्य द्वितीयः पादः ॥

स होवाच मूर्धानमुपदिशन्नुवाचैष वा अतिष्ठा वैश्वानर इति । चक्षुषी उपदिशन्नुवाचैष वै सुतेजा वैश्वानर इति । नासिके उपदिशन्नुवाचैष वै पृथग्वर्त्मात्मा वैश्वानर इति । मुख्यमाकाशमुपदिशन्नुवाचैष वै बहुलो वैश्वानर इति । मुख्या अप उपदिशन्नुवाचैष वै रयिर्वैश्वानर इति । चुबुकमुपदिशन्नुवाचैष वै प्रतिष्ठा वैश्वानर इति ।' 'ખરેખર, પૂર્વે અપરિચ્છિન્ન એવા પણ ઈશ્વરને જાણે પ્રાદેશમાત્ર હોય તેમ સારી રીતે જાણી પ્રાપ્ત કર્યો તેવી રીતે, ખરેખર, હું એઓને (દ્યુલોક આદિ અવયવોને) કહીશ કે જેમ (મસ્તક આદિ અધ્યાત્મ અંગોમાં) પ્રાદેશમાત્ર (વૈશ્વાનરને) સંપન્ન કરીશ, એમ તેણે કહ્યું. મસ્તક દર્શાવી તેણે કહ્યું, ખરેખર, આ (મારું) માથું ભૂરાદિ લોકોને અતિક્રાન્ત થયેલો દ્યુલોક વૈશ્વાનર છે. આંખો દર્શાવી કહ્યું, ખરેખર, આ પુષ્કળ તેજવાળો વૈશ્વાનર છે. નાસિકા દર્શાવી કહ્યું, ખરેખર, આ ભિન્ન ભિન્ન ગતિસ્વરૂપ વૈશ્વાનર છે. મુખમાં રહેલા આકાશને બતાવી કહ્યું, ખરેખર, આ બહુલ વૈશ્વાનર છે. મુખસ્થ પાણીને દર્શાવી કહ્યું, ખરેખર, આ રયિસ્વરૂપ વૈશ્વાનર છે. ચુબુકને દર્શાવી કહ્યું, ખરેખર, આ પ્રતિષ્ઠાસ્વરૂપ વૈશ્વાનર છે'. ચુબુક એટલે નીચલું મુખફલક. જોકે વાજસનેયકમાં દ્યુલોકને અતિષ્ઠાત્વ (અતિક્રમણ કરી પેલી બાજુ રહેવાના) ગુણવાળું કહ્યું છે અને આદિત્યને સુતેજસ્ત્વ ગુણવાળો કહ્યો છે, અને છાન્દોગ્યમાં તો દ્યુલોકને સુતેજસ્ત્વ ગુણવાળો અને આદિત્યને વિશ્વરૂપત્વ ગુણવાળો કહ્યો છે, તો પણ એટલા ભેદથી કંઈ હાનિ થતી નથી, કેમકે પ્રાદેશમાત્ર શ્રુતિનો વિશેષ નથી, અને તે સર્વ શાખામાં તેનું જ્ઞાન આપેલું છે. પ્રાદેશમાત્ર શ્રુતિ સંપત્તિનિમિત્ત છે એ વિશેષ અર્થાત્ ભેદથી યુક્ત છે એમ જૈમિનિ આચાર્ય માને છે ॥ ૩૧ ॥

વળી (જાબાલો) એને (પરમેશ્વરને) આમાં (માથા અને ચિબુકની મધ્યમાં) વર્ણવે છે ॥ ૩૨ ॥

એને એટલે પરમેશ્વરને આમાં એટલે માથા અને ચિબુકના મધ્યમાં જાબાલો વર્ણવે છે - 'य एषोऽनन्तोऽव्यक्त आत्मा सोऽविमुक्ते प्रतिष्ठित इति । सोऽविमुक्तः कस्मिन् प्रतिष्ठित इति । वरणायां नास्यां च मध्ये प्रतिष्ठित इति । का वै वरणा का च नासीति ॥' (જાબાલ. ૧) 'જે એ અનન્ત, અવ્યક્ત આત્મા છે તે અવિમુક્ત જીવમાં પ્રતિષ્ઠિત છે. તે અવિમુક્ત શેમાં પ્રતિષ્ઠિત છે? વરણામાં અને નાસીમાં મધ્યે પ્રતિષ્ઠિત છે. (વરણા કઈ અને નાસી કઈ). વળી ત્યાં એનું જ (ભ્રૂસહિતનું જ) નાસિકાનું વરણા નાસી એમ નિર્વચન કરીને — ઈન્દ્રિયકૃત સર્વ પાપોને વારે તે વરણા, ઈન્દ્રિયકૃત સર્વ પાપોનો નાશ કરે તે નાસી - એમ કહીને ફરીથી કહે છે - 'कतमच्चास्य स्थानं भवतीति । भ्रुवोर्घ्राणस्य च यः संधिः स एष द्युलोकस्य परस्य च संधिर्भवतीति ॥' (જાબાલ. ૧) **'એનું કયું સ્થાન છે ? ભવાં અને નાસિકાની જે સંધિ તે સંધિ એ દ્યુલોક અને પરલોકનો સંધિ છે'** તેટલા માટે પરમેશ્વરને વિષે-પ્રાદેશમાત્ર શ્રુતિ યુક્ત છે. અભિવિમાનશ્રુતિ પ્રત્યગાત્માને ઉદ્દેશીને છે. પ્રત્યગાત્મા તરીકે સર્વ પ્રાણીને જેનું જ્ઞાન થાય તે અભિવિમાન. અથવા પ્રત્યગાત્મા તરીકે પ્રાપ્ત થયેલો એવો વિમાન-માનવિયોગને લીધે તે અભિવિમાન. અથવા સર્વ જગતનું જે નિર્માણ કરે છે, કારણ હોવાથી, તે અભિવિમાન. તેટલા માટે વૈશ્વાનર પરમેશ્વર છે એમ સિદ્ધ થયું ॥ ૩૨ ॥

પ્રથમ અધ્યાયનો દ્વિતીય પાદ સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ प्रथमाध्याये तृतीयः पादः ॥

१. द्युभ्वाद्यधिकरणम् ।

द्युभ्वाद्यायतनं स्वशब्दात् ॥१॥

इदं श्रूयते —**'यस्मिन्द्यौः पृथिवी चान्तरिक्षमोतं मनः सह प्राणैश्च सर्वैः । तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथामृतस्यैष सेतुः'** (मुं.उप. २-२-५) इति । अत्र यदेतद्द्युप्रभृतीनामोतत्ववचनादायतनं किंचिदवगम्यते, तत्किं परं ब्रह्म स्यात्, आहोस्विदर्थान्तरमिति संदिह्यते । तत्रार्थान्तरं किमप्यायतनं स्यादिति प्राप्तम् । कस्मात् ? **'अमृतस्यैष सेतुः'** इति श्रवणात् । पारवान्हि लोके सेतुः प्रख्यातः । न च परस्य ब्रह्मणः पारवत्त्वं शक्यमभ्युपगन्तुम् — **'अनन्तमपारम्'** इति श्रवणात् । अर्थान्तरे चायतने परिगृह्यमाणे स्मृतिप्रसिद्धं प्रधानं परिग्रहीतव्यम्, तस्य कारणत्वादायतनत्वोपपत्तेः। श्रुतिप्रसिद्धो वा वायुः स्यात् — **'वायुर्वाव गौतम तत्सूत्रं वायुना वै गौतम सूत्रेणायं च लोकः परश्च लोकः सर्वाणि च भूतानि संदृब्धानि भवन्ति'** (बृह.उप. ३-७-२) इति वायोरपि विधारणत्वश्रवणात् । शारीरो वा स्यात्, — तस्यापि भोक्तृत्वात्, भोग्यं प्रपञ्चं प्रत्यायतनत्वोपपत्तेः इत्येवं प्राप्ते —

इदमाह — द्युभ्वाद्यायतनमिति । द्यौश्च भूश्च द्युभुवौ, द्युभुवौ आदी यस्य तदिदं द्युभ्वादि । यदेतदस्मिन्वाक्ये द्यौः पृथिव्यन्तरिक्षं मनः प्राणा इत्येवमात्मकं जगत् ओतत्वेन निर्दिष्टम्, तस्यायतनं परं ब्रह्म भवितुमर्हति । कुतः ? स्वशब्दात् आत्मशब्दादित्यर्थः । आत्मशब्दो हीह भवति — **'तमेवैकं जानथ आत्मानम्'** इति । आत्मशब्दश्च परमात्मपरिग्रहे सम्यगवकल्पते, नार्थान्तरपरिग्रहे । क्वचिच्च स्वशब्देनैव ब्रह्मण आयतनत्वं श्रूयते — **'सन्मूलाः सोम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः'** (छा.उप. ६-८-४) इति । स्वशब्देनैव चेह पुरस्तादुपरिष्टाच्च ब्रह्म संकीर्त्यते — **'पुरुष एवेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम्'** (मुं.उप. २-२-१०) इति, **'ब्रह्मैवेदममृतं पुरस्ताद्ब्रह्म पश्चाद्ब्रह्म दक्षिणतश्चोत्तरेण'** (मुं.उप.

પ્રથમ અધ્યાયનો તૃતીય પાદ

દ્યુ, ભૂ વગેરેનું આયતન (નિવાસસ્થાન) (પરબ્રહ્મ છે) સ્વશબ્દથી ॥ ૧ ॥

'यस्मिन्द्यौः पृथिवी चान्तरिक्षमोतं मनः सह प्राणैश्च सर्वैः । तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथामृतस्यैष सेतुः' (મુણ્ડ.ઉપ. ૨-૨-૫) **'જેમાં દ્યુલોક, પૃથ્વી અને અન્તરિક્ષ પરોવાયેલું છે અને સર્વ પ્રાણો સાથે મન પણ પરોવાયેલું છે તે જ એકલાને આત્મા જાણો, અન્ય વાણીઓનો ત્યાગ કરો, એ મોક્ષનો સેતુ છે'** એ શ્રુતિ છે. અહીં દ્યુલોકાદિનું, પરોવવાના વચનથી, જે કંઈક આયતન (નિવાસસ્થાન) સમજાય છે તે શું પરબ્રહ્મ થાય કે અન્ય પદાર્થ એવો સંદેહ થાય છે. તેમાં કોઈ અન્ય પદાર્થ થાય એવું પ્રાપ્ત થાય છે. શાથી ? 'अमृतस्यैष सेतुः' **'અમૃતનો એ સેતુ'** એવા શ્રુતિવચનથી. ખરેખર, લોકમાં સેતુ પારવાન્ (કાંઠાવાળા) તરીકે પ્રખ્યાત છે. પણ પરબ્રહ્મ પારવાન્ છે એમ સ્વીકારવું શક્ય નથી, કેમકે 'अनन्तमपारम्' (બૃહ. ઉપ. ૨-૪-૧૨) **'અનન્ત અપાર'** એવી શ્રુતિ છે. આયતન અન્ય પદાર્થ છે એમ સ્વીકારીએ એટલે સ્મૃતિપ્રસિદ્ધ પ્રધાનનો સ્વીકાર કરવો જોઈએ, કેમકે તે કારણ હોવાથી આયતન બને એ યોગ્ય છે. અથવા આયતન શ્રુતિપ્રસિદ્ધ વાયુ થાય, કેમકે **'वायुर्वै गौतम तत्सूत्रं वायुना वै गौतम सूत्रेणायं च लोकः परश्च लोकः सर्वाणि च भूतानि संदृब्धानि भवन्ति ।'** (બૃહ. ઉપ. ૩-૭-૨) **'હે ગૌતમ, ખરેખર, વાયુ તે સૂત્ર છે, હે ગૌતમ, ખરેખર, વાયુસૂત્ર વડે આ લોક, પરલોક અને સર્વ ભૂતો ગૂંથાયેલાં બને છે'** એમ વાયુ પણ વિધારક છે એમ શ્રુતિ કહે છે. અથવા શારીર આયતન થાય, કેમકે તે પણ ભોક્તા હોવાથી ભોગ્યપ્રપંચ પ્રત્યે તે આયતન છે એ યોગ્ય છે. એમ પ્રાપ્ત થતાં

કહે છે - 'द्युभ्वाद्यायतनम्' ઇત્યાદિ. દ્યુલોક અને ભૂલોક તે 'द्युभुवौ', દ્યુલોક અને ભૂલોક જેના આદિ છે તે 'द्युभ्वादि' આ વાક્યમાં ('यस्मिन् द्यौः पृथिवी'— ઇત્યાદિ વાક્યમાં) દ્યુલોક, પૃથિવી, અન્તરિક્ષ, મન, પ્રાણ ઇત્યાદિ સ્વરૂપવાળું જગત્ પરોવાયેલા તરીકે નિર્દિષ્ટ કર્યું છે તેનું આયતન પરબ્રહ્મ થવું યોગ્ય છે. શાથી ? સ્વશબ્દથી-આત્મશબ્દથી એવો અર્થ છે. ખરેખર, અહીં 'तमेवैकं जानथ आत्मानम्' **'તે એકલાને આત્મા તરીકે જાણો'** એમ આત્મશબ્દ છે; અને આત્મશબ્દ પરમાત્માના ગ્રહણમાં યોગ્ય રીતે ઘટે છે, બીજો પદાર્થ સ્વીકારીએ તો સંભવતો નથી. વળી ક્વચિત્ સ્વશબ્દથી જ બ્રહ્મનું આયતનત્વ શ્રુતિમાં છે - "सन्मूलाः सोम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः।' (છા. ઉપ. ૬-૮-૪) **'હે સોમ્ય, સત્ આ સર્વ પ્રજાનું મૂળ છે, સત્ આયતન છે અને સત્ પ્રતિષ્ઠા છે'**. વળી અહીં પૂર્વે અને પછી સ્વશબ્દથી જ બ્રહ્મનું સંકીર્તન છે - 'पुरुष एवेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम् ।' (મુણ્ડ.ઉપ. ૨-૧-૧૦) **'આ સર્વ કર્મ, તપ-પુરુષ જ છે, બ્રહ્મ છે, પર અમૃત છે'** અને 'ब्रह्मैवेदममृतं पुरस्तात्ब्रह्म पश्चाद्ब्रह्म दक्षिणतश्चोत्तरेण' (મુણ્ડ. ઉપ. ૨-૨-૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

२-२-११) इति च । तत्र त्वायतनायतनवद्भावश्रवणात् । सर्वं ब्रह्मेति च सामानाधिकरण्यात्, यथा ह्यनेकात्मको वृक्षः शाखा स्कन्धो मूलं चेति, एवं नानारसो विचित्र आत्मेत्याशङ्का संभवति, तां निवर्तयितुं सावधारणमाह – **'तमेवैकं जानथ आत्मानम्'** इति । एतदुक्तं भवति – न कार्यप्रपञ्चविशिष्टो विचित्र आत्मा विज्ञेयः, किं तर्हि, अविद्याकृतं कार्यप्रपञ्चं विद्यया प्रविलापयन्तः तमेवैकमायतनभूतमात्मानं जानथ एकरसमिति । यथा **'यस्मिन्नास्ते देवदत्तस्तदानय'** इत्युक्ते आसनमेवानयति, न देवदत्तम्, तद्वदायतनभूतस्यैवैकरसस्यात्मनो विज्ञेयत्वमुपदिश्यते । विकारानृताभिसंधस्य चापवादः श्रूयते – **'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति'** (का.उप. २-४-११) इति । **'सर्वं ब्रह्म'** इति तु सामानाधिकरण्यं प्रपञ्चविलापनार्थम्, न अनेकरसताप्रतिपादनार्थम्, **'स यथा सैन्धवघनोऽनन्तरोऽबाह्यः कृत्स्नो रसघन एवैवं वा अरेऽयमात्मानन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव'** (बृह.उप. ४-५-१३) इत्येकरसताश्रवणात् । तस्माद्द्युभ्वाद्यायतनं परं ब्रह्म । यत्तूक्तम् – सेतुश्रुतेः, सेतोश्च पारवत्त्वोपपत्तेः, ब्रह्मणोऽर्थान्तरेण द्युभ्वाद्यायतनेन भवितव्यमिति, अत्रोच्यते – विधारणत्वमात्रमेव सेतुश्रुत्या विवक्ष्यते, न पारवत्त्वादि । न हि मृद्दारुमयो लोके सेतुर्दृष्ट इत्यत्रापि मृद्दारुमय एव सेतुरभ्युपगम्यते । सेतुशब्दार्थोऽपि विधारणत्वमात्रमेव, न पारवत्त्वादि, षिञो बन्धनकर्मणः सेतुशब्दव्युत्पत्तेः । अपर आह – **'तमेवैकं जानथ आत्मानम्'** इति यदेतत्संकीर्तितमात्मज्ञानम्, यच्चैतत् **'अन्या वाचो विमुञ्चथ'** इति वाग्विमोचनम्, तत् अत्र अमृतत्वसाधनत्वात्, **'अमृतस्यैष सेतुः'** इति सेतुश्रुत्या संकीर्त्यते, न तु द्युभ्वाद्यायतनम् । तत्र यदुक्तम् – सेतुश्रुतेर्ब्रह्मणोऽर्थान्तरेण द्युभ्वाद्यायतनेन भवितव्यमिति, एतदयुक्तम् ॥१॥

मुक्तोपसृप्यव्यपदेशात् ॥२॥

इतश्च परमेव ब्रह्म द्युभ्वाद्यायतनम्, यस्मान्मुक्तोपसृप्यतास्य व्यपदिश्यमाना दृश्यते । मुक्तैरुपसृप्यं मुक्तोपसृप्यम् ।

'જે અગ્રે છે તે બ્રહ્મ જ અમૃત છે, પશ્ચાત્ છે તે બ્રહ્મ છે, દક્ષિણે અને ઉત્તરે છે તે બ્રહ્મ છે'. તેમાં આયતન અને આયતનવાનના ભાવની શ્રુતિ છે તેથી અને सर्वं ब्रह्म **'સર્વ બ્રહ્મ છે'** એમ સામાનાધિકરણ્ય છે તેથી જેમ શાખા, સ્કન્ધ અને મૂળ એમ અનેક સ્વરૂપવાળું વૃક્ષ છે તેમ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળો વિચિત્ર આત્મા છે એમ આશંકા શક્ય છે તેનું નિરાકરણ કરવા નિશ્ચયપૂર્વક કહે છે - 'तमेवैकं जानथ आत्मानम्' **'તે એકને જ આત્મા જાણો'**. તાત્પર્ય એ છે કે આત્મા કાર્યપ્રપંચથી વિશિષ્ટ, વિચિત્ર છે એ રીતે જાણવા યોગ્ય નથી. ત્યારે કઈ રીતે ? અવિદ્યાજન્ય કાર્યપ્રપંચનો વિદ્યાથી પ્રવિલય કરી તે જ એક આયતનભૂત એકરસ આત્માને જાણો એવી રીતે. જેમ જેના ઉપર દેવદત્ત બેઠેલો છે તે લાવ એમ કહ્યું એટલે તે આસનને જ લાવે છે, દેવદત્તને નહિ, તેમ આયતનભૂત એકરસ આત્મા જ વિજ્ઞેય છે એમ ઉપદેશ કરાય છે. વળી વિકારરૂપ અસત્યનું જે અભિમાન છે તેની નિન્દા શ્રુતિમાં છે - 'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति' (કાઠ.ઉપ. ૨-૪-૧૧) **'જે અહીં અનેકની જેમ જાણે છે તે મૃત્યુથી મૃત્યુ પ્રાપ્ત કરે છે'**. 'सर्वं ब्रह्म' **'સર્વ બ્રહ્મ છે'** એ સામાનાધિકરણ્ય તો પ્રપંચના વિપ્રલયને માટે છે, અનેકરસતા પ્રતિપાદન કરવા માટે નથી. કેમકે 'स यथा सैन्धवघनोऽनन्तरोऽबाह्यः कृत्स्नो रसघन एवैवं वा अरेऽयमात्मानन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव' (બૃહ. ઉપ. ૪-૫-૧૩) **'જેમ તે લવણપિંડને અંદર અને બહાર નથી અને સઘળું લવણ એકરસ છે, તેમજ અરે મૈત્રેયિ, એ આત્માને અંદર નથી અને બહાર નથી અને સર્વ જ્ઞાનૈકરસજ છે'** એમ એકરસતાની શ્રુતિ છે. માટે દ્યુલોક, ભૂલોક આદિનું આયતન બ્રહ્મ છે. સેતુની શ્રુતિ છે અને સેતુ પારવાન્ થાય એ યોગ્ય છે તેથી દ્યુલોક, ભૂલોક આદિનું આયતન બ્રહ્મથી ભિન્ન પદાર્થ હોવો જોઈએ એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ. અહીં સેતુની શ્રુતિથી વિધારણ કરે છે એટલી જ વિવક્ષા છે, તેને પાર છે વગેરેની વિવક્ષા (કહેવાની ઇચ્છા) નથી. લોકમાં માટી અને લાકડાનો બનેલો સેતુ જોવામાં આવે છે માટે અહીં પણ માટી અને લાકડાનો જ બનેલો સેતુ સ્વીકારવાનો છે એવું નથી. સેતુ શબ્દનો અર્થ પણ વિધારણ એટલો જ છે, જેને પાર છે ઇત્યાદિ નથી, કેમકે 'षिञ्' એ બન્ધનાર્થક ધાતુથી સેતુ શબ્દની વ્યુત્પત્તિ છે. બીજો કહે છે - 'तमेवैकं जानथ आत्मानम्' **'તે એકને જ આત્મા જાણ'** એમાં જે આત્મજ્ઞાનનું સંકીર્તન કર્યું છે અને 'अन्या वाचो विमुञ्चथ' **'બીજી વાણીઓનો ત્યાગ કરો'** એમાં જે વાણીનો ત્યાગ કરવાનું સંકીર્તન કર્યું છે તેનું અહીં અમૃતત્વના સાધન તરીકે 'अमृतस्यैष सेतुः' **'અમૃતનો એ સેતુ છે'** એમ સેતુશ્રુતિથી સંકીર્તન થાય છે, દ્યુલોક, ભૂલોક આદિનું સંકીર્તન થતું નથી. તેટલા માટે સેતુશ્રુતિથી દ્યુલોક, ભૂલોક આદિનું આયતન બ્રહ્મથી અન્ય પદાર્થ હોવો જોઈએ એમ જે કહ્યું છે તે એ અયોગ્ય છે ॥૧॥

મુક્તથી ઉપસૃપ્ય (ગમ્ય-જાણવા યોગ્ય) છે એમ વ્યપદેશ (નિર્દેશ) છે તેથી (દ્યુલોક, ભૂ આદિનું આયતન પરબ્રહ્મ છે) ॥ ૨ ॥

વળી આથી દ્યુલોક, ભૂ આદિનું આયતન, પરબ્રહ્મ જ છે; કારણ કે એ મુક્તથી ઉપસૃપ્ય છે એમ નિર્દેશ કરાતો દેખાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

देहादिष्वनात्मसु अहमस्मीत्यात्मबुद्धिरविद्या, ततस्तत्पूजनादौ रागः, तत्परिभवादौ च द्वेषः, तदुच्छेददर्शनाद्भयं मोहश्च – इत्येवमयमनन्तभेदोऽनर्थव्रातः संततः सर्वेषां नः प्रत्यक्षः । तद्विपर्ययेणाविद्यारागद्वेषादिदोषमुक्तैरुपसृप्यमुपगम्यमेतदिति द्युभ्वाद्यायतनं प्रकृत्य व्यपदेशो भवति, कथम् ? **'भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः । क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे'** (मुं.उप. २-२-८) इत्युक्त्वा, ब्रवीति – **'तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम्'** (मुं.उप. ३-२-८) इति । ब्रह्मणश्च मुक्तोपसृप्यत्वं प्रसिद्धं शास्त्रे – **'यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः । अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते'** (बृह.उप. ४-४-७) इत्येवमादौ । प्रधानादीनां तु न क्वचिन्मुक्तोपसृप्यत्वमस्ति प्रसिद्धम्। अपि च **'तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथामृतस्यैष सेतुः'** (मुं.उप. २-२-५) इति वाग्विमोकपूर्वकं विज्ञेयत्वमिह द्युभ्वाद्यायतनस्योच्यते । तच्च श्रुत्यन्तरे ब्रह्मणो दृष्टम् – **'तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः। नानुध्यायाद्बहूञ्शब्दान्वाचो विग्लापनं हि तत्'** (बृह.उप. ४-४-२१) इति । तस्मादपि द्युभ्वाद्यायतनं परं ब्रह्म ॥२॥

नानुमानमतच्छब्दात् ॥३॥

यथा ब्रह्मणः प्रतिपादको वैशेषिको हेतुरुक्तः, नैवमर्थान्तरस्य वैशेषिको हेतुः प्रतिपादकोऽस्तीत्याह । नानुमानं सांख्यस्मृतिपरिकल्पितं प्रधानम् इह द्युभ्वाद्यायतनत्वेन प्रतिपत्तव्यम् । कस्मात् ? अतच्छब्दात् । तस्याचेतनस्य प्रधानस्य प्रतिपादकः शब्दः तच्छब्दः, न तच्छब्दः अतच्छब्दः । न ह्यत्राचेतनस्य प्रधानस्य प्रतिपादकः कश्चिच्छब्दोऽस्ति, येनाचेतनं प्रधानं कारणत्वेनायतनत्वेन वावगम्येत । तद्विपरीतस्य चेतनस्य प्रतिपादकशब्दोऽत्रास्ति– **'यः सर्वज्ञः सर्ववित्'** (मुं.उप. १-१-९) इत्यादिः । अत एव न वायुरपीह द्युभ्वाद्यायतनत्वेनाश्रीयते ॥३॥

प्राणभृच्च ॥४॥

यद्यपि प्राणभृतो विज्ञानात्मन आत्मत्वं चेतनत्वं च संभवति, तथाप्युपाधिपरिच्छिन्नज्ञानस्य सर्वज्ञत्वाद्यसंभवे सति

મુક્તથી ઉપસૃપ્ય (ગમ્ય) તે મુક્તોપસૃપ્યમ્ દેહાદિ અનાત્મ પદાર્થોમાં 'હું છું' એવી આત્મબુદ્ધિ તે અવિદ્યા, તેમાંથી તેના (અનાત્મ પદાર્થોના) પૂજનાદિમાં રાગ, પરિભવાદિમાં દ્વેષ, તેના ઉચ્છેદના દર્શનથી ભય અને મોહ એમ અનન્ત ભેદવાળો અનર્થસમુદાય હંમેશ પ્રસરતો આપણે બધાને પ્રત્યક્ષ છે. એથી ઉલટું અવિદ્યા, રાગ,દ્વેષ આદિ દોષોથી મુક્ત પુરુષો વડે એ ઉપસૃપ્ય એટલે ગમ્ય છે એમ દ્યુલોક, ભૂ આદિના આયતનને પ્રસ્તવીને નિર્દેશ થાય છે. કેવી રીતે ? - 'भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः । क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥' (મુણ્ડ.ઉપ. ૨-૨-૮) (તે પર અને અવરનું જ્ઞાન થતાં એની હૃદયગ્રન્થિ છૂટી જાય છે, સર્વ સંશયો કપાઈ જાય છે અને કર્મો ક્ષય પામે છે) એમ કહીને (શ્રુતિ) કહે છે - 'तथा विद्वान् नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम्' (મુણ્ડ.ઉપ. ૩-૨-૮) **'તે પ્રમાણે નામ, રૂપથી વિમુક્ત થઈ વિદ્વાન્ પરથી પર દિવ્ય પુરુષને પામે છે'** બ્રહ્મ મુક્ત પુરુષોથી ગમ્ય છે એમ શાસ્ત્રમાં 'यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः । अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते' (બૃહ.ઉપ. ૪-૪-૭) **'જે સર્વ કામો એના હૃદયમાં રહેલા છે તે જ્યારે સમૂળ નાશ પામે છે ત્યારે મર્ત્ય અમૃત બને છે, અને અહીં જ બ્રહ્મભાવ પામે છે'** વગેરેમાં પ્રસિદ્ધ છે. પણ પ્રધાનાદિ, મુક્ત પુરુષોથી ગમ્ય છે એમ ક્યાંય પણ પ્રસિદ્ધ નથી. વળી 'तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथामृतस्यैष सेतुः' (મુણ્ડ.ઉપ. ૨-૨-૫) **'તે એકલાને જ આત્મા તરીકે જાણ, અન્ય વાણીઓને ત્યાગ, એ અમૃતનો સેતુ છે'** એમ વાણીના ત્યાગપૂર્વક દ્યુ, ભૂ આદિના આયતનને અહીં જાણવાના વિષય તરીકે કહે છે અને 'तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः । नानुध्यायात्बहूञ्शब्दान् वाचो विग्लापनं हि तत् ॥' (બૃહ. ઉપ. ૪-૪-૨૧) **'તેને જ ધીમાન્ બ્રાહ્મણે જાણીને પ્રજ્ઞા કરવી જોઈએ; બહુ શબ્દોનું ધ્યાન કરવું નહિ; કારણ કે તે વાણીને શ્રમ આપનારું છે'** એ બીજી શ્રુતિમાં બ્રહ્મ વિજ્ઞેય છે એમ જણાય છે. તેથી પણ દ્યુ, ભૂ આદિનું આયતન પર બ્રહ્મ છે ॥ ૨ ॥

(દ્યુ, ભૂ આદિનું આયતન) અનુમાન (અનુમાનગમ્ય પ્રધાન) નથી, અતચ્છબ્દથી ॥ ૩ ॥

જેમ બ્રહ્મનું પ્રતિપાદન કરનાર અસાધારણ હેતુ કહ્યો છે તેમ અન્ય અર્થનો પ્રતિપાદક વૈશેષિક હેતુ નથી તેથી કહે છે કે અનુમાન-સાંખ્યસ્મૃતિએ કલ્પેલું પ્રધાન - અહીં દ્યુ, ભૂ આદિના આયતન તરીકે સમજવું યોગ્ય નથી. શાથી ? અતચ્છબ્દથી. તેનો, એટલે અચેતન પ્રધાનનો, પ્રતિપાદક જે શબ્દ તે તચ્છબ્દ. તચ્છબ્દ નહિ તે અતચ્છબ્દ. ખરેખર, અહીં અચેતન પ્રધાનનો પ્રતિપાદક કોઈ શબ્દ નથી કે જેથી અચેતન પ્રધાન, કારણ તરીકે કે આયતન તરીકે સમજી શકાય. તેથી ઉલટું જે ચેતન તેનો પ્રતિપાદક શબ્દ અહીં છે - 'यः सर्वज्ञः सर्ववित्' (મુણ્ડ.ઉપ. ૧-૧-૯) **'જે સર્વજ્ઞ, સર્વવેત્તા છે'** ઇત્યાદિ. આથી જ વાયુનો પણ અહીં દ્યુ, ભૂ આદિના આયતન તરીકે આશ્રય કરાતો નથી ॥ ૩ ॥

અને પ્રાણભૃત્ (દ્યુ, ભૂ આદિનું આયતન નથી) ॥ ૪ ॥

જો કે પ્રાણભૃત્ એટલે વિજ્ઞાનાત્માનું આત્મત્વ અને ચેતનત્વ સંભવે છે, તો પણ જેનું જ્ઞાન ઉપાધિથી પરિચ્છિન્ન થયેલું (મપાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अस्मादेवातच्छब्दात् प्राणभृदपि न द्युभ्वाद्यायतनत्वेनाश्रयितव्यः । न चोपाधिपरिच्छिन्नस्याविभोः प्राणभृतो द्युभ्वाद्यायतनत्वमपि सम्यक्संभवति । पृथग्योगकरणमुत्तरार्थम् ॥४॥

कुतश्च न प्राणभृत् द्युभ्वाद्यायतनत्वेनाश्रयितव्यः ? –

भेदव्यपदेशात् ॥५॥

भेदव्यपदेशश्चेह भवति – **'तमेवैकं जानथ आत्मानम्'** इति ज्ञेयज्ञातृभावेन । तत्र प्राणभृत् तावन्मुमुक्षुत्वाज्ज्ञाता, परिशेषादात्मशब्दवाच्यं ब्रह्म ज्ञेयं द्युभ्वाद्यायतनमिति गम्यते, न प्राणभृत् ॥५॥ कुतश्च न प्राणभृत् द्युभ्वाद्यायतनत्वेनाश्रयितव्यः?–

प्रकरणात् ॥६॥

प्रकरणं चेदं परमात्मनः – **'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति'** (मुं.उप. १-१-३) इत्येकविज्ञानेन सर्वविज्ञानापेक्षणात् । परमात्मनि हि सर्वात्मके विज्ञाते सर्वमिदं विज्ञातं स्यात्, न केवले प्राणभृति ॥६॥

कुतश्च न प्राणभृत् द्युभ्वाद्यायतनत्वेनाश्रयितव्यः ? –

स्थित्यदनाभ्यां च ॥७॥

द्युभ्वाद्यायतनं च प्रकृत्य, **'द्वा सुपर्णा सयुजा सखाया'** (मुं.उप. ३-१-१) इत्यत्र स्थित्यदने निर्दिश्येते, **'तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति'** इति कर्मफलाशनम्, **'अनश्नन्नन्योऽभिचाकशीति'** इत्यौदासीन्येनावस्थानम् । ताभ्यां च स्थित्यदनाभ्यामीश्वरक्षेत्रज्ञौ तत्र गृह्येते । यदि च ईश्वरो द्युभ्वाद्यायतनत्वेन विवक्षितः, ततस्तस्य प्रकृतस्येश्वरस्य क्षेत्रज्ञात्पृथग्वचनमवकल्पते । अन्यथा ह्यप्रकृतवचनमाकस्मिकमसंबद्धं स्यात् । ननु तवापि क्षेत्रज्ञस्येश्वरात्पृथग्वचनमाकस्मिकमेव प्रसज्येत, न, तस्याविवक्षितत्वात् । क्षेत्रज्ञो हि कर्तृत्वेन भोक्तृत्वेन च प्रतिशरीरं बुद्ध्याद्युपाधिसंबद्धः, लोकत एव प्रसिद्धः, नासौ श्रुत्या तात्पर्येण विवक्ष्यते, ईश्वरस्तु लोकतोऽप्रसिद्धत्वाच्छ्रुत्या तात्पर्येण

ગયેલું) છે તેમાં સર્વજ્ઞત્વ આદિનો અસંભવ હોવાને લીધે આથી એટલે અતચ્છબ્દથી જ પ્રાણભૃત્ એટલે વિજ્ઞાનાત્માનો પણ દ્યુ, ભૂ આદિના આયતન તરીકે આશ્રય કરવો યોગ્ય નથી. વળી ઉપાધિપરિચ્છિન્ન, અવિભુ, વિજ્ઞાનાત્મા, દ્યુ, ભૂ આદિનું આયતન થાય એ બરોબર શક્ય નથી. સૂત્ર જુદું કર્યું છે તે પછીના સૂત્રો માટે છે. શાથી પ્રાણભૃતને દ્યુ.ભૂ. આદિનું આયતન તરીકે ન સ્વીકારવું જોઈએ? ॥ ૪ ॥

ભેદના વ્યપદેશથી ॥ ૫ ॥

વળી 'तमेवैकं जानथ आत्मनाम्' **'તેને જ એકને આત્મા તરીકે જાણો'** એમ જ્ઞેય અને જ્ઞાતૃભાવે અહીં ભેદનો નિર્દેશ છે. તેમાં વિજ્ઞાનાત્મા તો મુમુક્ષુ હોવાથી જ્ઞાતા છે; પરિશેષથી આત્મશબ્દવાચ્ય બ્રહ્મ જે જ્ઞેય છે તે દ્યુ, ભૂ આદિનું આયતન છે એમ ગમ્ય છે, વિજ્ઞાનાત્મા નહિ ॥ ૫ ॥

પ્રકરણથી ॥ ૬ ॥

વળી આ પ્રકરણ પણ પરમાત્માનું છે; કેમકે 'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति' (મુણ્ડ.ઉપ. ૧-૧-૩) **'હે ભગવન્, શેનું વિજ્ઞાન થતાં આ સર્વનું વિજ્ઞાન થાય?'** એમાં એકના વિજ્ઞાનથી બધાના વિજ્ઞાનની અપેક્ષા છે. ખરેખર, સર્વનો આત્મા, જે પરમાત્મા, તેનું વિજ્ઞાન થતાં આ સર્વનું વિજ્ઞાન થાય, માત્ર વિજ્ઞાનાત્માનું વિજ્ઞાન થતાં નહિ ॥ ૬ ॥

વળી સ્થિતિ અને ભક્ષણથી ॥ ૭ ॥

દ્યુ, ભૂ આદિના આયતનની પ્રસ્તાવના કરીને કહે છે - 'द्वा सुपर्णा सयुजा सखाया' (મુણ્ડ.ઉપ. ૩-૧-૧) **'બે સુપર્ણ, સાથે જોડાયેલા સખા'** એમાં સ્થિતિ અને ભક્ષણનો નિર્દેશ કર્યો છે 'तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति' **[તેમાંનો એક(ક્ષેત્રજ્ઞ) સ્વાદુ ફળ ખાય છે]** એમાં કર્મફળનો ઉપભોગ નિર્દિષ્ટ છે, અને 'अनश्नन्नन्योऽभिचाकशीति' **[બીજો (ઈશ્વર) ખાધા વગર જુએ છે]** એમાં ઉદાસીનતાથી અવસ્થાનનો (સ્થિતિનો) નિર્દેશ કર્યો છે, અને એ સ્થિતિ અને ભક્ષણથી ઈશ્વર અને ક્ષેત્રજ્ઞનું ત્યાં ગ્રહણ કરાય છે. જો ઈશ્વર દ્યુ, ભૂ આદિના આયતન તરીકે વિવક્ષિત હોય તો તે પ્રકૃત ઈશ્વરનું ક્ષેત્રજ્ઞથી પૃથગ્વચન સંભવે છે. નહિ તો, ખરેખર, એ અપ્રકૃત વચન આકસ્મિક અને અસંબદ્ધ થાય. પણ તારું પણ ક્ષેત્રજ્ઞનું ઈશ્વરથી પૃથગ્વચન આકસ્મિક જ બની જાય. ના, કેમકે તે અવિવક્ષિત છે. ક્ષેત્રજ્ઞ તો કર્તા અને ભોક્તા તરીકે દરેક બુદ્ધિ વગેરે ઉપાધિથી સંબદ્ધ છે તે લોકમાં જાણીતું છે; એ શ્રુતિથી તાત્પર્યે વિવક્ષિત નથી. ઈશ્વર તો લોકમાં અપ્રસિદ્ધ હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विवक्ष्यत इति न तस्याकस्मिकं वचनं युक्तम् । **'गुहां प्रविष्टावात्मानौ हि'** इत्यत्राप्येतद्दर्शितम् —**'द्वा सुपर्णा'** इत्यस्यामृचि ईश्वरक्षेत्रज्ञावुच्येते इति । यदापि पैङ्ग्युपनिषत्कृतेन व्याख्यानेनास्यामृचि सत्त्वक्षेत्रज्ञावुच्येते, तदापि न विरोधः कश्चित् । कथम्? प्राणभृद्धीह घटादिच्छिद्रवत् सत्त्वाद्युपाध्यभिमानित्वेन प्रतिशरीरं गृह्यमाणो द्युभ्वाद्यायतनं न भवतीति प्रतिषिध्यते । यस्तु सर्वशरीरेषूपाधिभिर्विनोपलक्ष्यते, पर एव स भवति, यथा घटादिच्छिद्राणि घटादिभिरुपाधिभिर्विनोपलक्ष्यमाणानि महाकाश एव भवन्ति, तद्वत् प्राणभृतः परस्मादन्यत्वानुपपत्तेः प्रतिषेधो नोपपद्यते । तस्मात्सत्त्वाद्युपाध्यभिमानिन एव द्युभ्वाद्यायतनत्वप्रतिषेधः । तस्मात्परमेव ब्रह्म द्युभ्वाद्यायतनम् । तदेतत् **'अदृश्यत्वादिगुणको धर्मोक्तेः'** (ब्र.सू. १-२-२१) इत्यनेनैव सिद्धम् । तस्यैव हि भूतयोनिवाक्यस्य मध्ये इदं पठितम् —**'यस्मिन्द्यौः पृथिवी चान्तरिक्षम्'** इति । प्रपञ्चार्थं तु पुनरुपन्यस्तम् ॥७॥

२. भूमाधिकरणम् ।

भूमा संप्रसादादध्युपदेशात् ॥८॥

इदं समामनन्ति — **'भूमा त्वेव विजिज्ञासितव्य इति भूमानं भगवो विजिज्ञास इति । यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा । अथ यत्रान्यत्पश्यत्यन्यच्छृणोत्यन्यद्विजानाति तदल्पम्'** (छा.उप. ७-२३,२४) इत्यादि । तत्र संशयः — किं प्राणो भूमा स्यात्, आहोस्वित्परमात्मेति । कुतः संशयः ? भूमेति तावद्बहुत्वमभिधीयते, **'बहोर्लोपो भू च बहोः'** (पा.सू. ६-४-१५८) इति भूमशब्दस्य भावप्रत्ययान्ततास्मरणात् । किमात्मकं पुनस्तद्बहुत्वमिति विशेषाकाङ्क्षायाम् **'प्राणो वा आशाया भूयान्'** (छा.उप. ७-१५-१) इति संनिधानात् प्राणो भूमेति प्रतिभाति । तथा **'श्रुतं ह्येव मे भगवद्दृशेभ्यस्तरति शोकमात्मविदिति । सोऽहं भगवः शोचामि तं मा भगवाञ्शोकस्य पारं तारयतु'** (छा.उप. ७-१-३) इति प्रकरणोत्थानात्परमात्मा भूमेत्यपि प्रतिभाति । तत्र कस्योपादानं न्याय्यम्, कस्य वा हानमिति भवति संशयः। किं तावत्प्राप्तम् ? प्राणो भूमेति । कस्मात् ? भूयःप्रश्नप्रतिवचनपरंपरादर्शनात् । यथा हि **'अस्ति भगवो नाम्नो भूयः'**

શ્રુતિથી તાત્પર્યે વિવક્ષિત છે તેથી તેનું આકસ્મિક વચન યોગ્ય નથી. 'गुहां प्रविष्टावात्मानौ हि' **'ખરેખર, ગુહામાં પ્રવિષ્ટ થયેલા બે આત્માઓ'** એમાં પણ 'द्वा सुपर्णा' એ ઋચામાં ઈશ્વર અને ક્ષેત્રજ્ઞ ઉક્ત છે એમ કહ્યું છે. જોકે પૈઙ્ગી ઉપનિષદ્‌માં કરેલા વ્યાખ્યાનથી આ ઋચામાં સત્ત્વ અને ક્ષેત્રજ્ઞ ઉક્ત છે તોપણ કંઈ વિરોધ નથી. કેવી રીતે ? ખરેખર, અહીં ઘટાદિચ્છિદ્રની જેમ સત્ત્વાદિ ઉપાધિના અભિમાની તરીકે વિજ્ઞાનાત્મા દરેક શરીરમાં ગ્રહણ કરાય છે તેથી દ્યુ, ભૂ આદિનું આયતન નથી એમ વિજ્ઞાનાત્માનો નિષેધ કરાય છે. પણ જે દરેક શરીરોમાં ઉપાધિ વિના ઉપલક્ષ્યમાણ મહાકાશ જ થાય છે, તેમ વિજ્ઞાનાત્મા પરમાત્માથી જુદો છે એ અયોગ્ય છે, તેથી તેનો દ્યુ, ભૂ આદિના આયતન તરીકે પ્રતિષેધ યોગ્ય નથી. તેથી સત્ત્વાદિના અભિમાનીનો જ દ્યુ, ભૂ આદિના આયતન તરીકે પ્રતિષેધ છે. તેટલા માટે પરબ્રહ્મ જ દ્યુ, ભૂ આદિનું આયતન છે. તે એ, 'अदृश्यत्वादिगुणको धर्मोक्तेः' (બ્ર. સૂ. ૧।૨।૨૧) એથી જ સિદ્ધ છે. તે જ ભૂતયોનિ વાક્યની મધ્યે આ કહ્યું છે - 'यस्मिन् द्यौः पृथिवी चान्तरिक्षम्' એમ. પણ વિસ્તારને માટે અહીં એનો ફરીથી ઉપન્યાસ (નિર્દેશ) કર્યો છે ॥ ૭ ॥

૨. ભૂમા અધિકરણ

ભૂમા (પરમાત્મા છે), સંપ્રસાદ (પ્રાણ)થી ઊર્ધ્વ ઉપદેશ છે તેથી ॥ ૮ ॥

'भूमा त्वेव विजिज्ञासितव्य इति भूमानं भगवो विजिज्ञास इति' । 'यत्र नान्यत् पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमाऽथ यत्रान्यत् पश्यत्यन्यच्छृणोत्यन्यद्विजानाति तदल्पम् । ' (છા. ઉપ. ૭-૨૩-૨૪) **'ભૂમા જ વિજ્ઞાન પામવા ઈષ્ટ છે, માટે હે ભગવન્, ભૂમાનું વિજ્ઞાન મેળવવા ઇચ્છું છું. જે તત્ત્વને વિષે અન્ય વસ્તુનું દર્શન કરતો નથી, અન્યનું શ્રવણ કરતો નથી, અન્યનું વિજ્ઞાન મેળવતો નથી તે ભૂમા છે, અને જેને વિષે અન્યને જુએ છે, અન્યને સાંભળે છે, અન્યનું વિજ્ઞાન મેળવે છે તે અલ્પ છે'** એમ શ્રુતિવાક્યો છે. તેમાં સંશય થાય છે કે શું પ્રાણ ભૂમા થાય કે પરમાત્મા ? શાથી સંશય થાય છે ? ભૂમા એટલે પ્રથમ તો બહુત્વનું અભિધાન થાય છે, કેમકે 'बहोर्लोपो भू च बहोः' (પા.સૂ. ૬।૪।૧૫૮) એ સૂત્રથી ભૂમા શબ્દ ભાવપ્રત્યયાન્ત છે એમ સ્મરણ છે. વળી એ બહુત્વ કેવા ધર્મવાળું છે એવી વિશેષ આકાંક્ષાને વિષે 'प्राणो वा आशाया भूयान्' (છા. ઉપ. ૭-૧૫-૧) **'ખરેખર, પ્રાણ આશાથી મોટો છે'** એમ નિકટતાથી પ્રાણ ભૂમા છે એમ જણાય છે. તેમજ 'श्रुतं ह्येव मे भगवद्दृशेभ्यस्तरति शोकमात्मविदिति सोऽहं भगवः शोचामि तं मा भगवाञ्शोकस्य पारं तारयतु' (છા. ઉપ. ૭-૧-૩) **'કેમકે મેં આપ જેવાઓથી સાંભળ્યું છે કે આત્મવેત્તા શોક તરે છે, તેથી હે ભગવન્, એવો હું શોક કરું છું, તે મને શોકને પાર તારો'** એમ પ્રકરણ ઉઠાવવાથી પરમાત્મા ભૂમા છે એમ પણ ભાન થાય છે. તેમાં કોનું ગ્રહણ કરવું ન્યાય્ય છે અને કોનો ત્યાગ ન્યાય્ય છે તે વિષે સંશય થાય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે ? પ્રાણ ભૂમા છે એમ પ્રાપ્ત થાય છે. શાથી ? આધિક્યના પ્રશ્ન અને પ્રતિવચનની પરંપરાનું દર્શન થતું નથી તેથી. જેમ 'अस्ति भगवो नाम्नो भूयः' **'હે ભગવન્, નામથી અધિક કંઈ છે ?'** એમ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति, **'वाग्वाव नाम्नो भूयसी'** इति, तथा **'अस्ति भगवो वाचो भूयः'** इति, **'मनो वाव वाचो भूयः'** इति च – नामादिभ्यो हि आ प्राणात् भूयःप्रश्नप्रतिवचनप्रवाहः प्रवृत्तः । नैवं प्राणात्परं भूयःप्रश्नप्रतिवचनं दृश्यते –**'अस्ति भगवः प्राणाद्भूयः'** इति, **'अदो वाव प्राणाद्भूयः'** इति । प्राणमेव तु नामादिभ्य आशान्तेभ्यो भूयांसम् – **'प्राणो वा आशाया भूयान्'** इत्यादिना सप्रपञ्चमुक्त्वा, प्राणदर्शिनश्चातिवादित्वम् **'अतिवाद्यसीत्यतिवाद्यस्मीति ब्रूयान्नापह्नुवीत'** इत्यभ्यनुज्ञाय, **'एष तु वा अतिवदति यः सत्येनातिवदति'** इति प्राणव्रतमतिवादित्वमनुकृष्य, अपरित्यज्यैव प्राणं सत्यादिपरंपरया भूमानमवतारयन्, प्राणमेव भूमानं मन्यत इति गम्यते । कथं पुनः प्राणे भूमनि व्याख्यायमाने **'यत्र नान्यत्पश्यति'** इत्येतद्भूम्नो लक्षणपरं वचनं व्याख्यायेतेति, उच्यते – सुषुप्तावस्थायां प्राणग्रस्तेषु करणेषु दर्शनादिव्यवहारनिवृत्तिदर्शनात्संभवति प्राणस्यापि **'यत्र नान्यत्पश्यतीति'** एतल्लक्षणम् । तथा च श्रुतिः – **'न शृणोति न पश्यति'** इत्यादिना सर्वकरणव्यापारप्रत्यस्तमयरूपां सुषुप्त्यवस्थामुक्त्वा, **'प्राणाग्नय एवैतस्मिन्पुरे जाग्रति'** इति तस्यामेवावस्थायां पञ्चवृत्तेः प्राणस्य जागरणं ब्रुवती, प्राणप्रधानां सुषुप्त्यवस्थां दर्शयति । यच्चैतद्भूम्नः सुखत्वं श्रुतम् – **'यो वै भूमा तत्सुखम्'** (छा.उप. ७-२३) इति, तदप्यविरुद्धम्, **'अत्रैष देवः स्वप्नान्न पश्यत्यथ यदेतस्मिञ्शरीरे सुखं भवति'** (प्र.उप. ४-६) इति सुषुप्त्यवस्थायामेव सुखश्रवणात् । यच्च **'यो वै भूमा तदमृतम्'** (छा.उप. ७-२४-१) इति, तदपि प्राणस्याविरुद्धम्, **'प्राणो वा अमृतम्'** (कौ.उप. ३-२) इति श्रुतेः। कथं पुनः प्राणं भूमानं मन्यमानस्य **'तरति शोकमात्मवित्'** इत्यात्मविविदिषया प्रकरणस्योत्थानमुपपद्यते? प्राण एवेहात्मा विवक्षित इति ब्रूमः । तथाहि – **'प्राणो ह पिता प्राणो माता प्राणो भ्राता प्राणः स्वसा प्राण आचार्यः प्राणो ब्राह्मणः'** (छा.उप. ७-१५-१) इति प्राणमेव सर्वात्मानं करोति,**'यथा वा अरा नाभौ समर्पिता एवमस्मिन्प्राणे सर्वं समर्पितम्'** इति च, सर्वात्मत्वारनाभिनिदर्शनाभ्यां च संभवति वैपुल्यात्मिका भूमरूपता प्राणस्य । तस्मात्प्राणो भूमेत्येवं प्राप्तम् ॥

'वाग्वाव नाम्नो भूयसी' **'ખરેખર, વાગિન્દ્રિય નામથી અધિક છે'** એમ, અને 'अस्ति भगवो वाचो भूयः' (હે ભગવન્, વાગિન્દ્રિયથી કંઈ અધિક છે) એમ, અને 'मनो वाव वाचो भूयः' **'ખરેખર, મન વાગિન્દ્રિયથી અધિક છે'** એમ નામથી આરંભી પ્રાણપર્યન્ત અધિકતાના પ્રશ્ન અને પ્રતિવચનનો પ્રવાહ પ્રવૃત્ત થયેલો છે, તેવી રીતે પ્રાણથી પર આધિક્યના પ્રશ્ન અને પ્રતિવચન દેખાતાં નથી, જેમકે હે ભગવન્, પ્રાણથી કંઈ અધિક છે, અને ખરેખર, આ પ્રાણથી અધિક છે એમ. પણ પ્રાણને જ નામથી શરૂ કરી આશાપર્યન્તથી 'प्राणो वा आशाया भूयान्' **'પ્રાણ, ખરેખર, આશાથી અધિક છે'** વગેરેથી વિસ્તારપૂર્વક અધિક કહીને 'अतिवाद्यसीत्यतिवाद्यस्मीति ब्रूयान्नापह्नुवीत' **'તું શ્રેષ્ઠવાદી છે એમ પ્રશ્ન થતાં હું શ્રેષ્ઠવાદી છું એમ કહેવું, અપહ્નવ કરવો નહિ'** એમ પ્રાણદર્શીનું શ્રેષ્ઠવાદિત્વ સ્વીકારીને 'एष तु वा अतिवदति यः सत्येनातिवदति' **'પણ, ખરેખર એ શ્રેષ્ઠવાદી થાય છે જે સત્ય વડે શ્રેષ્ઠવાદી થાય છે'** એમ પ્રાણવ્રત અને શ્રેષ્ઠવાદિત્વનું અનુકર્ષણ કરીને પ્રાણનો પરિત્યાગ કર્યા વગર જ સત્યાદિ પરંપરાથી ભૂમાનું અવતારણ કરીને પ્રાણને ભૂમા માને છે એમ સમજાય છે. પરંતુ પ્રાણ ભૂમા છે એમ વ્યાખ્યા કરાય તો 'यत्र नान्यत् पश्यति' **'જે તત્ત્વમાં બીજું જોતો નથી'** એ ભૂમાનું લક્ષણાત્મક વચન શી રીતે સમજાવવું? અહીં અત્રે કહીએ છીએ - સુષુપ્તિ અવસ્થામાં ઇન્દ્રિયો પ્રાણને વિષે લીન થતાં દર્શનાદિ વ્યવહારની નિવૃત્તિ જોવામાં આવે છે તેથી 'यत्र नान्यत् पश्यति' **'જે તત્ત્વમાં બીજું જોતો નથી'** એવું પ્રાણનું પણ લક્ષણ સંભવે છે, કેમકે 'न शृणोति न पश्यति' **'સાંભળતો નથી, જોતો નથી'** વગેરેથી શ્રુતિ સર્વ ઇન્દ્રિયોના વ્યાપારના અસ્તમય સ્વરૂપ સુષુપ્તિ અવસ્થાને કહીને 'प्राणाग्नय एवैतस्मिन् पुरे जाग्रति' (પ્ર.ઉપ. ૪-૨-૩) **'પ્રાણાગ્નિઓ જ આ શરીરને વિષે જાગે છે'** એમ તે જ અવસ્થામાં પાંચ વૃત્તિવાળા પ્રાણનું જાગરણ કહેતી પ્રાણપ્રધાન સુષુપ્તિ અવસ્થા જણાવે છે. વળી 'यो वै भूमा तत्सुखम्' (છા. ઉપ. ૭-૨૩) **'ખરેખર, જે ભૂમા છે તે સુખ છે'** એમ ભૂમાનું જે સુખત્વ - સુખ હોવાપણું શ્રુતિ પ્રતિપાદન કરે છે તે પણ અવિરુદ્ધ છે, કેમકે 'अत्रैष देवः स्वप्नान्न पश्यत्यथ यदेतस्मिञ्शरीरे सुखं भवति' (પ્ર.ઉપ. ૪-૬) **'એ કાળે એ મનોરૂપ દેવ સ્વપ્નોને જોતો નથી, પછી જે પ્રસિદ્ધ બ્રાહ્મસ્વરૂપ છે તે એ શરીરને વિષે સુખસ્વરૂપ થાય છે'** એમ સુષુપ્તિ અવસ્થામાં જ સુખની શ્રુતિ છે. વળી 'यो वै भूमा तदमृतम्' (છા. ઉપ. ૭-૨૪-૧) **'ખરેખર, જે ભૂમા છે તે અમૃત છે'** એમ જે કહ્યું તે પણ પ્રાણની અવિરુદ્ધ છે, કેમકે 'प्राणो वै अमृतम्' (કૌ.ઉપ.૩-૨) **'ખરેખર, પ્રાણ અમૃત છે'** એવી શ્રુતિ છે. પણ પ્રાણને ભૂમા માનનારને 'तरति शोकमात्मवित्' **'આત્મવેત્તા શોક તરે છે'** એમ આત્મવિજ્ઞાનની ઇચ્છાથી પ્રકરણ ઉઠાવવું શી રીતે યોગ્ય થશે ? પ્રાણ જ અહીં આત્મા તરીકે વિવક્ષિત છે એમ અમે કહીએ છીએ, કેમકે 'प्राणो ह पिता प्राणो माता प्राणो भ्राता प्राणः स्वसा प्राण आचार्यः प्राणो ब्राह्मणः' (છા. ઉપ. ૭-૧૫-૧) **'ખરેખર, પ્રાણ પિતા છે, પ્રાણ માતા છે, પ્રાણ ભ્રાતા છે, પ્રાણ સ્વસા છે, પ્રાણ આચાર્ય છે અને પ્રાણ બ્રાહ્મણ છે'** એમ શ્રુતિ પ્રાણને જ સર્વનો આત્મા કહે છે, અને 'यथा वा अरा नाभौ समर्पिता एवमस्मिन् प्राणे समर्पितम्' **'અથવા જેમ આરા નાભિમાં મૂકેલા છે તેમ આ પ્રાણને વિષે સર્વ મૂકેલું છે'** એમ સર્વાત્મત્વ અને અરનાભિના દૃષ્ટાન્તથી પ્રાણનું વિપુલ સ્વરૂપ અને ભૂમરૂપતા સંભવે છે. તેટલા માટે પ્રાણ ભૂમા છે એમ નિશ્ચિત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तत इदमुच्यते — परमात्मैवेह भूमा भवितुमर्हति, न प्राणः । कस्मात् ? संप्रसादादध्युपदेशात् । संप्रसाद इति सुषुप्तं स्थानमुच्यते, सम्यक्प्रसीदत्यस्मिन्निति निर्वचनात्, बृहदारण्यके च स्वप्नजागरितस्थानाभ्यां सह पाठात् । तस्यां च संप्रसादावस्थायां प्राणो जागर्तीति प्राणोऽत्र संप्रसादोऽभिप्रेयते । प्राणादूर्ध्वं भूम्न उपदिश्यमानत्वादित्यर्थः । प्राण एव चेद्भूमा स्यात्, स एव तस्मादूर्ध्वमुपदिश्येतेत्याश्लिष्टमेतत्स्यात् । न हि नामैव **'नाम्नो भूयः'** इति नाम्न ऊर्ध्वमुपदिष्टम्, किं तर्हि, नाम्नोऽन्यदर्थान्तरमुपदिष्टं वागाख्यम् **'वाग्वाव नाम्नो भूयसी'** इति । तथा वागादिभ्योऽपि आ प्राणादर्थान्तरमेव तत्र तत्रोर्ध्वमुपदिष्टम् । तद्वत्प्राणादूर्ध्वमुपदिश्यमानो भूमा प्राणादर्थान्तरभूतो भवितुमर्हति । नन्विह नास्ति प्रश्नः — **'अस्ति भगवः प्राणाद्भूयः'** इति, नापि प्रतिवचनमस्ति **'प्राणाद्वाव भूयोऽस्ति'** इति, कथं प्राणादधि भूमोपदिश्यत इत्युच्यते ? प्राणविषयमेव चातिवादित्वमुत्तरत्रानुकृष्यमाणं पश्यामः — **'एष तु वा अतिवदति यः सत्येनातिवदति'** इति, तस्मान्नास्ति प्राणादध्युपदेश इति, अत्रोच्यते — न तावत्प्राणविषयस्यैवा-तिवादित्वस्यैतदनुकर्षणमिति शक्यं वक्तुम्, विशेषवादात् — **'यः सत्येनातिवदति'** इति । ननु विशेषवादोऽप्ययं प्राणविषय एव भविष्यति, कथम् ? यथा **'एषोऽग्निहोत्री, यः सत्यं वदति'** इत्युक्ते, न सत्यवदनेनाग्निहोत्रित्वम्, केन तर्हि ? अग्निहोत्रेणैव, तत्सत्यवदनं त्वग्निहोत्रिणो विशेष उच्यते, तथा **'एष तु वा अतिवदति, यः सत्येनातिवदति'** इत्युक्ते, न सत्यवदनेनातिवादित्वम्, केन तर्हि ? प्रकृतेन प्राणविज्ञानेनैव, सत्यवदनं तु प्राणविदो विशेषो विवक्ष्यत इति —नेति ब्रूमः, श्रुत्यर्थपरित्यागप्रसङ्गात् । श्रुत्या ह्यत्र सत्यवदनेनातिवादित्वं प्रतीयते — **'यः सत्येनातिवदति सोऽतिवदित'** इति, नात्र प्राणविज्ञानस्य संकीर्तनमस्ति, प्रकरणात्तु प्राणविज्ञानं संबध्येत, तत्र प्रकरणानुरोधेन श्रुतिः परित्यक्ता स्यात्, प्रकृतव्यावृत्त्यर्थश्च तु-शब्दो न संगच्छेत — **'एष तु वा अतिवदति'** इति । **'सत्यं त्वेव विजिज्ञासितव्यम्'** (छा.उप. ७-१६) इति च प्रयत्नान्तरकरणमर्थान्तरविवक्षां सूचयति । तस्माद्यथैकवेदप्रशंसायां प्रकृतायाम्, **'एष तु महाब्राह्मणः, यश्चतुरो वेदानधीते'** इत्येकवेदेभ्योऽर्थान्तरभूतश्चतुर्वेदः प्रशस्यते, तादृगेतद्रष्टव्यम् । न च प्रश्नप्रतिवचनरूपयैवार्थान्तरविवक्षया भवितव्यामिति नियमोऽस्ति, प्रकृतसंबन्धासंभवकारितत्वादर्थान्तरविवक्षायाः । तत्र प्राणान्तमनुशासनं श्रुत्वा तूष्णींभूतं नारदं

તેથી એમ કહે છે કે પરમાત્મા જ અહીં ભૂમા થવા યોગ્ય છે, પ્રાણ નથી. શાથી ? સંપ્રસાદથી ઊર્ધ્વ ઉપદેશ છે તેથી. સંપ્રસાદથી સુષુપ્ત સ્થાનનું અભિધાન થાય છે, કેમકે બરોબર પ્રસાદ પામે છે જેને વિષે એમ વ્યુત્પત્તિ છે. વળી બૃહદારણ્યકમાં સ્વપ્ન અને જાગરિત સ્થાનોની સાથે એનો નિર્દેશ છે, અને તે સંપ્રસાદ અવસ્થામાં પ્રાણ જાગે છે એટલે અહીં સંપ્રસાદનો અર્થ પ્રાણ સમજવો એવો આશય છે. પ્રાણથી ઊર્ધ્વ ભૂમાનો ઉપદેશ કરાયો છે તેથી એવો અર્થ છે. જો પ્રાણ જ ભૂમા થાય તો તેથી ઊર્ધ્વ તેનો જ ઉપદેશ થાય એ અયોગ્ય બને. ખરેખર, નામ જ નામથી અધિક છે એમ નામથી ઊર્ધ્વ ઉપદેશ નથી. ત્યારે શો ઉપદેશ છે ? નામથી બીજા વાગ્ નામના અર્થાન્તરનો ઉપદેશ છે, 'वाग्वाव नाम्नो भूयसी' **'ખરેખર, વાગિન્દ્રિય નામથી અધિક છે'** એમ તેમજ વાગાદિથી પ્રાણપર્યન્ત સુધી તે તે સ્થળે અન્ય અર્થ જ અધિક છે એવો ઉપદેશ કર્યો છે. તેની જેમ પ્રાણથી ઊર્ધ્વ ઉપદિશ્યમાન ભૂમા પણ પ્રાણથી અર્થાન્તર થવા યોગ્ય છે. પણ અહીં હે ભગવન્, પ્રાણથી અધિક કંઈ છે ? એવો પ્રશ્ન નથી, તેમજ, ખરેખર, પ્રાણથી અધિક છે એવું પ્રતિવચન પણ નથી, તો પ્રાણથી ઊર્ધ્વ ભૂમાનો ઉપદેશ થાય છે એમ કેવી રીતે કહેવાય છે ? 'एष तु वा अतिवदति यः सत्येनातिवदति' **'જે સત્યથી શ્રેષ્ઠવાદી છે તે ખરેખર શ્રેષ્ઠવાદી છે'** એમ પ્રાણ વિષે જ શ્રેષ્ઠવાદિત્વનો આગળ અનુકર્ષ થતો જોઈએ છીએ, તેટલા માટે પ્રાણથી ઊર્ધ્વ ઉપદેશ નથી. એ બાબતમાં અમે કહીએ છીએ - પ્રાણ વિષે જ શ્રેષ્ઠવાદિત્વનું એ અનુકર્ષણ છે એમ કહી શકાય એમ નથી, કેમકે 'यः सत्येनातिवदति' **'જે સત્યથી શ્રેષ્ઠવાદી છે'** એમ વિશેષવાદ છે. પણ એ વિશેષવાદ પણ પ્રાણ વિષે જ થશે. કેવી રીતે ? જેમકે 'એ અગ્નિહોત્રી છે, જે સત્ય વદે છે' એમ કહ્યું એટલે સત્યવાદથી અગ્નિહોત્રિત્વ થતું નથી, ત્યારે શાથી ? અગ્નિહોત્રથી જ, સત્યવાદ તો અગ્નિહોત્રીનો વિશેષ કહેવાય છે, તેમ 'एष तु वा अतिवदति यः सत्येनातिवदति' **'જે સત્યથી શ્રેષ્ઠવાદી છે તે ખરેખર શ્રેષ્ઠવાદી છે'** એમ કહ્યું એટલે સત્યવાદથી શ્રેષ્ઠવાદિત્વ નથી, ત્યારે શાથી છે ? પ્રકૃત પ્રાણવિજ્ઞાનથી જ, સત્યવાદ તો પ્રાણવેત્તાના વિશેષ તરીકે વિવક્ષિત છે. અમે કહીએ છીએ કે ના, કેમકે શ્રુતિના અર્થનો પરિત્યાગ થવાનો પ્રસંગ આવશે. ખરેખર, શ્રુતિથી સત્યવાદથી શ્રેષ્ઠવાદિત્વની પ્રતીતિ થાય છે - 'यः सत्येनातिवदति सोऽतिवदति' **'જે સત્યથી શ્રેષ્ઠવાદી છે તે શ્રેષ્ઠવાદી છે'** એમ. અહીં પ્રાણવિજ્ઞાનનું સંકીર્તન નથી. પ્રકરણથી તો પ્રાણવિજ્ઞાનનો સંબંધ થાય. તેમાં પ્રકરણના અનુરોધથી શ્રુતિનો પરિત્યાગ થાય અને પ્રકૃતથી વ્યાવૃત્તિ-ભિન્નતાના અર્થવાળો તુ શબ્દ યુક્ત થતો નથી - 'एष तु वा अतिवदति' **'પણ એ શ્રેષ્ઠવાદી છે'** એમાં, અને 'सत्यं त्वेव विजिज्ञासितव्यम्' (છાન્દો. ઉપ. ૭-૧૬) **'પણ, સત્ય જ વિજિજ્ઞાસા કરવા યુક્ત છે'** એ અન્ય પ્રયત્ન કર્યો છે તે અન્ય અર્થની વિવક્ષા સૂચવે છે. તેટલા માટે, જેમ એક વેદની પ્રશંસા પ્રકૃત હોય ને જે ચાર વેદનું અધ્યયન કરે છે તે તો મહાબ્રાહ્મણ છે, એમાં એક વેદથી જુદા એવા ચાર વેદની પ્રશંસા થાય છે, તેવું આ વિચારવું. વળી પ્રશ્ન અને પ્રતિવચનના રૂપમાં જ અર્થાન્તરની વિવક્ષા હોવી જોઈએ એવો નિયમ નથી, કેમકે અર્થાન્તરની વિવક્ષા પ્રકૃતની સાથેના સંબંધના અસંભવથી સર્જાય છે. તેમાં પ્રાણપર્યન્ત અનુશાસન સાંભળીને શાન્ત રહેલા નારદને સનત્કુમાર પોતે જ વ્યુત્પન્ન કરે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

स्वयमेव सनत्कुमारो व्युत्पादयति – यत्प्राणविज्ञानेन विकारानृतविषयेणातिवादित्वमनतिवादित्वमेव तत् – **'एष तु वा अतिवदति, यः सत्येनातिवदति'** इति । तत्र सत्यमिति परं ब्रह्मोच्यते, परमार्थरूपत्वात्, **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** (तैत्ति..उप. २-१) इति च श्रुत्यन्तरात् । तथा व्युत्पादिताय नारदाय **'सोऽहं भगवः सत्येनातिवदानि'** इत्येवं प्रवृत्ताय विज्ञानादिसाधनपरंपरया भूमानमुपदिशति । तत्र यत्प्राणादधि सत्यं वक्तव्यं प्रतिज्ञातम्, तदेवेह भूमेत्युच्यत इति गम्यते । तस्मादस्ति प्राणादधि भूम्न उपदेश इति – अतः प्राणादन्यः परमात्मा भूमा भवितुमर्हतीति । एवं चेहात्मविविदिषया प्रकरणस्योत्थानमुपपन्नं भविष्यति । प्राण एवेहात्मा विवक्षित इत्येतदपि नोपपद्यते । न हि प्राणस्य मुख्यया वृत्त्यात्मत्वमस्ति। न चान्यत्र परमात्मज्ञानाच्छोकविनिवृत्तिरस्ति, **'नान्यः पन्था विद्यतेऽयनाय'** (श्वेता.उप. ६-१५) इति श्रुत्यन्तरात् । **'तं मा भगवाञ्शोकस्य पारं तारयतु'** (छा.उप. ७-१-३) इति चोपक्रम्योपसंहरति – **'तस्मै मृदितकषायाय तमसः पारं दर्शयति भगवान्सनत्कुमारः'** (छा.उप. ७-२६-२) इति । तम इति शोकादिकारणमविद्योच्यते । प्राणान्ते चानुशासने न प्राणस्यान्यायत्ततोच्यते । **'आत्मतः प्राणः'** (छा.उप. ७-२६-१) इति च ब्राह्मणम् । प्रकरणान्ते परमात्मविवक्षा भविष्यति, भूमात्र प्राण एवेति चेत्, न, **'स भगवः कस्मिन्प्रतिष्ठित इति स्वे महिम्नि'** (छा.उप. ७-२४-१) इत्यादिना भूम्न एव आ प्रकरणसमाप्तेरनुकर्षणात् । वैपुल्यात्मिका च भूमरूपता सर्वकारणत्वात्परमात्मनः सुतरामुपपद्यते ॥८॥

धर्मोपपत्तेश्च ॥९॥

अपि च ये भूम्नि श्रूयन्ते धर्माः, ते परमात्मन्युपपद्यन्ते । **'यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा'** इति दर्शनादिव्यवहाराभावं भूमनि अवगमयति । परमात्मनि चायं दर्शनादिव्यवहाराभावोऽवगतः – **'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्'** (बृह.उप. ४-५-१५) इत्यादिश्रुत्यन्तरात् । योऽप्यसौ सुषुप्त्यवस्थायां दर्शनादिव्यवहाराभाव उक्तः, सोऽप्यात्मन एवासङ्गत्वविवक्षयोक्तः, न प्राणस्वभावविवक्षया, परमात्मप्रकरणात् । यदपि तस्यामवस्थायां सुखमुक्तम्,

---

વિકાર અને અસત્ય જેનો વિષય છે એવા પ્રાણવિજ્ઞાનથી જે શ્રેષ્ઠવાદિત્વ છે તે અશ્રેષ્ઠવાદિત્વ જ છે, 'एष तु वा अतिवदति यः सत्येनातिवदति' **'પણ, જે સત્યથી શ્રેષ્ઠવાદી છે તે ખરેખર શ્રેષ્ઠવાદી છે'**. આમાં सत्यं શબ્દથી પરબ્રહ્મનું અભિધાન છે, કેમકે તે પરમાર્થરૂપ છે, અને 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' (તૈત્તિ. ૨-૧) **'સત્ય, જ્ઞાન, અનન્ત, બ્રહ્મ'** એવી બીજી શ્રુતિ પણ છે તેથી. આવી રીતે વ્યુત્પન્ન થયેલા નારદને અને 'सोऽहं भगवः सत्येनातिवदानि' **'હે ભગવન્, તે હું સત્યથી શ્રેષ્ઠવાદી થાઉં ?'** એમ પ્રવૃત્ત થયેલાને વિજ્ઞાન વગેરે સાધનોની પરંપરાથી ભૂમાનો ઉપદેશ કરે છે. તેમાં પ્રાણથી ઊર્ધ્વ સત્ય કહેવું જોઈએ એવી જે પ્રતિજ્ઞા કરી છે તેને જ અહીં ભૂમા કહેલ છે એમ સમજાય છે. તેટલા માટે પ્રાણથી ઊર્ધ્વ ભૂમાનો ઉપદેશ છે તેથી પ્રાણથી ભિન્ન પરમાત્મા ભૂમા થાય એ યોગ્ય છે. એ પ્રમાણે અહીં આત્માનું વિજ્ઞાન મેળવવાની ઇચ્છાથી પ્રકરણ ઉભું થયું છે તે યોગ્ય ઠરશે. પ્રાણ જ અહીં આત્મા તરીકે વિવક્ષિત છે એ પણ યોગ્ય નથી. ખરેખર, પ્રાણ શબ્દનો મુખ્ય વૃત્તિથી આત્મા એવો અર્થ થતો (પણ) નથી. તેમજ પરમાત્માના જ્ઞાનથી જુદી કોઈ રીતે શોકની નિવૃત્તિ નથી, કેમકે 'नान्यः पन्था विद्यतेऽयनाय' (શ્વેતા.ઉપ. ૬-૧૫) **'મોક્ષ માટે બીજો માર્ગ નથી'** એવી અન્ય શ્રુતિ છે. 'तं मा भगवाञ्शोकस्य पारं तारयतु' (છા. ઉપ. ૭-૧-૩) **'તે મને ભગવાન શોકની પાર ઉતારો'** એમ ઉપક્રમ કરીને 'तस्मै मृदितकषायाय तमसः पारं दर्शयति भगवान् सनत्कुमारः' (છા. ઉપ. ૭-૨૬-૨) **'જેના રાગદ્વેષાદિ દોષનો નાશ થયો છે તેવા નારદને ભગવાન્ સનત્કુમાર અવિદ્યાનો પાર દર્શાવે છે'** એમ ઉપસંહાર કરે છે. तमस् શબ્દથી શોકાદિના કારણ અવિદ્યાનું અભિધાન થાય છે. પ્રાણ જો અનુશાસનને અન્તે હોય તો પ્રાણ અન્યને અધીન છે એમ કહેવાય નહિ. પણ 'आत्मनः प्राणः' (છા. ઉપ. ૭-૨૬-૧) **'આત્મામાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે'** એવું બ્રાહ્મણ છે. પ્રકરણને અન્તે પરમાત્માની વિવક્ષા હશે, પણ ભૂમા તો પ્રાણ જ છે એમ કહેશો તો અમે કહીએ છીએ કે ના. 'स भगवः कस्मिन् प्रतिष्ठित इति स्वे महिम्नि' (છા. ઉપ. ૭-૨૪-૧) **'હે ભગવન્, તે ભૂમા શેમાં પ્રતિષ્ઠિત છે ? પોતાના મહિમામાં પ્રતિષ્ઠિત છે'** વગેરેથી પ્રકરણની સમાપ્તિપર્યન્ત ભૂમાનું જ અનુકર્ષણ છે. વિપુલતા એવું જે ભૂમાનું સ્વરૂપ છે તે પણ સર્વનું કારણ હોવાને કારણે પરમાત્માની બાબતમાં સર્વથી સારી રીતે ઉપપન્ન થાય છે યોગ્ય ઠરે છે ॥ ૮ ॥

અને ધર્મોની ઉપપત્તિથી—યોગ્યતાથી (ભૂમા પરમાત્મા છે) ॥ ૯ ॥

વળી ભૂમાને વિષે જે ધર્મો શ્રુતિપ્રતિપાદિત છે તે પરમાત્માને વિષે યોગ્ય છે. 'यत्र नान्यत् पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा' **'જેમાં કંઈ બીજું જોતો નથી, કંઈ બીજું સાંભળતો નથી, કંઈ બીજું જાણતો નથી તે ભૂમા છે'** એ પ્રમાણે શ્રુતિ ભૂમામાં દર્શનાદિ વ્યવહારનો અભાવ દર્શાવે છે, અને પરમાત્માને વિષે દર્શનાદિ વ્યવહારનો અભાવ દર્શાવ્યો છે, કેમકે 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत्केन कं पश्येत्' (બૃહ. ઉપ. ૪-૫-૧૫) **'જ્યાં એનું સઘળું આત્મા જ છે ત્યાં કોનાથી શું જુએ?'** એવી બીજી શ્રુતિ છે. વળી સુષુપ્ત અવસ્થામાં જે દર્શનાદિ વ્યવહારનો અભાવ કહ્યો છે તે પણ આત્મા અસંગ છે એવું દર્શાવવાની ઈચ્છાથી કહ્યો છે, પ્રાણસ્વભાવની વિવક્ષાથી કહ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तदप्यात्मन एव सुखरूपत्वविवक्षयोक्तम्, यत आह – **'एषोऽस्य परम आनन्द एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति'** (बृह.उप. ४-३३-२) इति । इहापि **'यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति भूमैव सुखम्'** इति सामयसुखनिराकरणेन ब्रह्मैव सुखं भूमानं दर्शयति । **'यो वै भूमा तदमृतम्'** इत्यमृतत्वमपीह श्रूयमाणं परमकारणं गमयति, विकाराणाममृतत्वस्यापेक्षिकत्वात्, **'अतोऽन्यदार्तम्'** (बृह.उप. ३-४-२) इति च श्रुत्यन्तरात् । तथा च सत्यत्वं स्वमहिमप्रतिष्ठितत्वं सर्वगतत्वं सर्वात्मत्वमिति चैते धर्माः श्रूयमाणाः परमात्मन्येवोपपद्यन्ते, नान्यत्र । तस्माद्भूमा परमात्मेति सिद्धम् ॥९॥

३. अक्षराधिकरण् ।

अक्षरमम्बरान्तधृतेः ॥१०॥

'कस्मिन्नु खल्वाकाश ओतश्च प्रोतश्चेति स होवाचैतद्वै तदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्त्यस्थूलमनणु' (बृह.उप. ३-८-७,८) इत्यादि श्रूयते । तत्र संशयः – किमक्षरशब्देन वर्ण उच्यते, किं वा परमेश्वर इति । तत्राक्षरसमाम्नाय इत्यादावक्षरशब्दस्य वर्णे प्रसिद्धत्वात्, प्रसिद्ध्यतिक्रम्य चायुक्तत्वात्, **'ओंकार एवेदं सर्वम्'** (छा.उप. २-२३-३) इत्यादौ च श्रुत्यन्तरे वर्णस्याप्युपास्यत्वेन सर्वात्मकत्वावधारणात्, वर्ण एवाक्षरशब्द इत्येवं प्राप्ते, उच्यते – पर एवात्माक्षरशब्दवाच्यः । कस्मात् ? अम्बरान्तधृतेः पृथिव्यादेराकाशान्तस्य विकारजातस्य धारणात् । तत्र हि पृथिव्यादेः समस्तविकारजातस्य कालत्रयविभक्तस्य **'आकाश एव तदोतं च प्रोतं च'** इत्याकाशे प्रतिष्ठितत्वमुक्त्वा, **'कस्मिन्नु खल्वाकाश ओतश्च प्रोतश्च'** इत्यनेन प्रश्नेनेदमक्षरमवतारितम्, तथा चोपसंहृतम् – **'एतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाश ओतश्च प्रोतश्च'** इति । न चेयमम्बरान्तधृतिर्ब्रह्मणोऽन्यत्र संभवति । यदपि **'ओंकार एवेदं सर्वम्'** इति, तदपि ब्रह्मप्रतिपत्तिसाधनत्वात्स्तुत्यर्थं द्रष्टव्यम् । तस्मिन्न क्षरति अश्नुते चेति नित्यत्वव्यापित्वाभ्यामक्षरं परमेव ब्रह्म ॥१०॥

નથી, કેમકે પ્રકરણ પરમાત્માનું છે. વળી તે અવસ્થામાં જે સુખ કહ્યું છે તે પણ આત્મા સુખરૂપ છે એમ વિવક્ષાથી કહ્યું છે, કેમકે કહે છે કે 'एषोऽस्य परम आनन्द एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति' (બૃહ. ઉપ. ૪-૩૩-૨) **'એ એનો પરમ આનન્દ છે, અન્ય ભૂતો એ જ આનન્દના અંશ ઉપર ઉપજીવન કરે છે'**. અહીં પણ 'यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति भूमैव सुखम्' **'ખરેખર, જે ભૂમા છે તે સુખ છે, અલ્પને વિષે સુખ નથી, ભૂમા જ સુખ છે'** એમ સુખના નિરાકરણથી બ્રહ્મ જ સુખ, ભૂમા છે એમ દર્શાવે છે. 'यो वै भूमा तदमृतम्' **'ખરેખર, જે ભૂમા છે તે અમૃત છે'** તે અમૃતત્વ પણ અહીં શ્રુતિપ્રતિપાદિત થાય છે તે પરમ કારણનું અવગમન કરાવે છે, કેમકે વિકારોનું અમૃતત્વ સાપેક્ષ છે અને 'अतोऽन्यदार्त्तम्' (બૃહ. ઉપ. ૩-૪-૨) **'એથી અન્ય નશ્વર છે'** એવી અન્ય શ્રુતિ છે. આ પ્રમાણે સત્યત્વ, સ્વમહિમાને વિષે પ્રતિષ્ઠા, સર્વગતત્વ અને સર્વાત્મત્વ એ ધર્મો શ્રુતિપ્રતિપાદિત થાય છે તે પરમાત્માને વિષે જ ઉત્પન્ન થાય છે, બીજાને વિષે નહિ. તેટલા માટે ભૂમા પરમાત્મા છે એમ સિદ્ધ થાય છે ॥ ૯ ॥

૩. અક્ષર અધિકરણ

અક્ષર (બ્રહ્મ છે) આકાશાન્ત (વિકારસમૂહ)ને ધારણ કરે છે તેથી ॥ ૧૦ ॥

'कस्मिन्नु स्वल्वाकाश ओतश्च प्रोतश्चेति । स होवाचैतद्वै तदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्त्यस्थूलमनणु' (બૃહ. ઉપ. ૩-૮-૭,૮) **'ગાર્ગી કહે છે - ખરેખર આકાશ કોનામાં ઓતપ્રોત છે. યાજ્ઞવલ્કય કહે છે, ગાર્ગિ જે તું પૂછે છે એને ખરેખર, બ્રહ્મવેત્તાઓ અક્ષર કહે છે, તે અસ્થૂલ છે, અનણુ છે'** ઇત્યાદિ શ્રુતિ છે. તેમાં સંશય થાય છે કે શું અક્ષર શબ્દથી અહીં વર્ણની ઉક્તિ છે કે પરમેશ્વરની ? તેમાં 'અક્ષરસમામ્નાય' ઇત્યાદિમાં અક્ષર શબ્દ વર્ણને વિષે પ્રસિદ્ધ છે તેથી અને પ્રસિદ્ધિનો અતિક્રમ કરવો એ અયોગ્ય છે તેથી, અને 'ॐकार एवेदं सर्वम्' (છાન્દો. ઉપ. ૨-૨૩-૩) **'ઓમ્કાર જ એ આ સર્વ છે'** ઇત્યાદિમાં બીજી શ્રુતિમાં વર્ણ ઉપાસ્ય તરીકે સર્વાત્મક છે એવું અવધારણ કર્યું છે તેથી અક્ષર શબ્દ વર્ણવાચક જ છે એમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ - પર આત્મા જ અક્ષરશબ્દથી વાચ્ય છે. શાથી? અમ્બરાન્તધૃતિથી અર્થાત્ પૃથિવીથી આકાશ સુધી વિકારસમૂહને ધારણ કરે છે તેથી. ખરેખર, તેમાં ત્રણ કાળમાં વિભક્ત થયેલો પૃથિવ્યાદિ સમસ્તવિકારસમૂહ 'आकाश एव तदोतं च प्रोतं च' **'આકાશને વિષે જ તે વાણોતાણો કરાયેલું છે'** એમ આકાશને વિષે પ્રતિષ્ઠિત છે એવું કહીને 'कस्मिन्नु खल्वाकाश ओतश्च प्रोतश्च' **'ખરેખર કોને વિષે આકાશ ઓતપ્રોત થયેલું છે'** એ પ્રશ્નથી આ અક્ષરનું અવતરણ કર્યું છે અને આ પ્રમાણે ઉપસંહાર કર્યો છે - 'एतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाश ओतश्च प्रोतश्च' **'ખરેખર, આ અક્ષરને વિષે, ગાર્ગિ, આકાશ ઓતપ્રોત કરાયેલું છે'**, અને આ આકાશાન્તનું ધારણ બ્રહ્મથી અન્યત્ર સંભવતું નથી. 'ॐकार एवेदं सर्वम्' **'ઓમ્કાર જ એ સર્વ છે'** એમ જે છે તે પણ બ્રહ્મ સમજવાનું સાધન છે તેથી સ્તુત્યર્થ છે એમ વિચારવું જોઈએ. તેટલા માટે 'न क्षरत्यश्नुते' **'નાશ પામતું નથી ને સર્વત્ર વ્યાપે છે'** એમ નિત્યત્વ અને વ્યાપિત્વને લીધે અક્ષર પરબ્રહ્મ જ છે ॥ ૧૦ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

स्यादेतत् – कार्यस्य चेत्कारणाधीनत्वमम्बरान्तधृतिरभ्युपगम्यते, प्रधानकारणवादिनोऽपीयमुपपद्यते, कथमम्बरान्तधृतेर्ब्रह्मत्वप्रतिपत्तिरिति ? अत उत्तरं पठति –

सा च प्रशासनात् ॥११॥

सा च अम्बरान्तधृतिः परमेश्वरस्यैव कर्म । कस्मात् ? प्रशासनात् । प्रशासनं हीह श्रूयते – **'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः'** (बृह.उप. ३-८-९) इत्यादि । प्रशासनं च पारमेश्वरं कर्म, न अचेतनस्य प्रशासनं भवति। न ह्यचेतनानां घटादिकारणानां मृदादीनां घटादिविषयं प्रशासनमस्ति ॥११॥

अन्यभावव्यावृत्तेश्च ॥१२॥

अन्यभावव्यावृत्तेश्च कारणाद्ब्रह्मैवाक्षरशब्दवाच्यम्, तस्यैवाम्बरान्तधृतिः कर्म, नान्यस्य कस्यचित् । किमिदम् अन्यभावव्यावृत्तेरिति ? अन्यस्य भावोऽन्यभावः तस्माव्द्यावृत्तिः अन्यभावव्यावृत्तिरिति तस्याः । एतदुक्तं भवति – यदन्यद्ब्रह्मणोऽक्षरशब्दवाच्यमिहाशङ्क्यते तद्भावात् इदमम्बरान्तविधारणमक्षरं व्यावर्तयति श्रुतिः – **'तद्वा एतदक्षरं गार्गि अदृष्टं द्रष्ट्र अश्रुतं श्रोतृ अमतं मन्तृ अविज्ञातं विज्ञातृ'** (बृह.उप. ३-८-११) इति । तत्रादृष्टत्वादिव्यपदेशः प्रधानस्यापि संभवति, द्रष्टृत्वादिव्यपदेशस्तु न तस्य संभवति, अचेतनत्वात् । तथा **'नान्यदतोऽस्ति द्रष्टृ, नान्यदतोऽस्ति श्रोतृ, नान्यदतोऽस्ति मन्तृ, नान्यदतोऽस्ति विज्ञातृ'** (बृह.उप. ३-८-११) इत्यात्मभेदप्रतिषेधात्, न शारीरस्याप्युपाधिमतोऽक्षरशब्दवाच्यत्वम्, **'अचक्षुष्कमश्रोत्रमवागमनः'** (बृह.उप. ३-८-८) इति चोपाधिमत्ताप्रतिषेधात् । न हि निरुपाधिकः शारीरो नाम भवति । तस्मात्परमेव ब्रह्माक्षरमिति निश्चयः ॥१२॥

४. ईक्षतिकर्माधिकरणम् ।

ईक्षतिकर्मव्यपदेशात्सः ॥१३॥

એમ શંકા થાય છે કે અંબરાન્તધૃતિ (એટલે કે આકાશ સુધીના કાર્યનું કારણને આધીન રહેવું) જો સ્વીકારવામાં આવે તો પ્રધાન કારણવાદીના પ્રધાનમાં પણ અંબરાન્તધૃતિ ઉપપન્ન થઈ શકે છે. આકાશ પર્યન્ત ધારણ કરવાથી અક્ષર બ્રહ્મ જ છે એવી પ્રતિપત્તિ કેવી રીતે થાય છે ? આ શંકાના સમાધાનમાં કહીએ છીએ —

એ અમ્બરાન્તધૃતિ-આકાશાન્તધારણ (પરમેશ્વરનું કર્મ છે); કેમકે પ્રશાસન (આજ્ઞા) છે ॥ ૧૧ ॥

વળી એ આકાશાન્તધારણ પરમેશ્વરનું જ કર્મ છે. શાથી ? પ્રશાસનથી. ખરેખર, પ્રશાસનની શ્રુતિ છે - 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः' (બૃહ. ઉપ. ૩-૮-૯) **'હે ગાર્ગિ, એ અક્ષરના પ્રશાસનમાં સૂર્ય અને ચન્દ્ર ધારણ કરાયેલા રહે છે'** વગેરે, અને પ્રશાસન પરમેશ્વરનું કર્મ છે. અચેતનમાં પ્રશાસન સંભવતું નથી, કેમકે અચેતન, ઘટાદિનાં કારણોમાં મૃત્તિકાદિનું ઘટાદિ વિષયક પ્રશાસન હોતું નથી. ॥ ૧૧ ॥

અને અન્યભાવથી વ્યાવૃત્તિ = ભેદ છે તેથી (અક્ષર પરબ્રહ્મ છે) ॥ ૧૨ ॥

વળી અન્યભાવવ્યાવૃત્તિરૂપ કારણથી બ્રહ્મ જ અક્ષરશબ્દવાચ્ય છે. તેનું જ આકાશાન્ત ધારણ કર્મ છે, બીજા કોઈનું નથી. અન્યભાવવ્યાવૃત્તિ એટલે શું ? અન્યનો ભાવ તે અન્યભાવ, તેની વ્યાવૃત્તિ એટલે ભેદ તારવવો તે અન્યભાવવ્યાવૃત્તિ. તાત્પર્ય એ છે કે બ્રહ્મથી અન્ય અક્ષરશબ્દવાચ્ય છે એમ જે અહીં આશંકા કરાય છે તેના સ્વરૂપથી શ્રુતિ આ આકાશાન્તધારણ કરનાર અક્ષરને વ્યાવૃત્ત-ભિન્ન કરે છે - 'तद्वा एतदक्षरं गार्ग्यदृष्टं द्रष्टृश्रुतं श्रोत्रमतं मन्त्रविज्ञातं विज्ञातृ' (બૃહ. ઉપ. ૩-૮-૧૧) **'હે ગાર્ગિ, ખરેખર, તે એ અક્ષર કોઈનાથી પણ દૃષ્ટ નથી, પરંતુ સ્વયં દ્રષ્ટા છે, કોઈથી શ્રુત નથી, પરંતુ સ્વયં શ્રોતા છે, કોઈથી મનન કરાયેલું નથી, પરંતુ સ્વયં મનનકર્તા છે, અને કોઈથી વિજ્ઞાત નથી, પરંતુ સ્વયં વિજ્ઞાતા છે'** એમ. આમાં અદૃષ્ટત્વ વગેરે નિર્દેશ પ્રધાનને પણ સંભવે છે, પણ દ્રષ્ટૃત્વ આદિ નિર્દેશ સંભવતો નથી, કેમકે પ્રધાન અચેતન છે. તેમજ 'नान्यदतोऽस्ति द्रष्टृ नान्यदतोऽस्ति श्रोतृ नान्यदतोऽस्ति मन्तृ नान्यदतोऽस्ति विज्ञातृ' (બૃહ. ઉપ. ૩-૮-૧૧) **'એનાથી અન્ય દ્રષ્ટા નથી, એનાથી અન્ય શ્રોતા નથી, એનાથી અન્ય મનનકર્તા નથી, એનાથી અન્ય વિજ્ઞાતા નથી'** એમ આત્માથી ભિન્નનો પ્રતિષેધ કરે છે તેથી ઉપાધિયુક્ત શારીર પણ અક્ષરશબ્દવાચ્ય નથી, કેમકે 'अचक्षुष्कमश्रोत्रमवागमनः' (બૃહ. ઉપ. ૩-૮-૮) **'એને આંખ નથી, શ્રોત્ર નથી, વાણી નથી, મન નથી'** એમ ઉપાધિ હોવાનો નિષેધ કર્યો છે. ખરેખર, ઉપાધિરહિત શારીર છે નહિ. તેટલા માટે પરબ્રહ્મ જ અક્ષર છે એમ નિશ્ચય છે ॥ ૧૨ ॥

૪. ઈક્ષતિ કર્મ અધિકરણ

ઈક્ષતિના કર્મ તરીકે નિર્દેશ છે તેથી તે જ (પરબ્રહ્મ છે) ॥ ૧૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

'एतद्वै सत्यकाम परं चापरं च ब्रह्म यदोंकारस्तस्माद्विद्वानेतेनैवायतनेनैकतरमन्वेति' (प्रश्नोप. ५-२) इति प्रकृत्य श्रूयते– **'य: पुनरेतं त्रिमात्रेणोमित्येतेनैवाक्षरेण परं पुरुषमभिध्यायीत'** (प्रश्नोप. ५-५) इति । किमस्मिन्वाक्ये परं ब्रह्माभिध्यातव्यमुपदिश्यते, आहोस्विदपरमिति । एतेनैवायतनेन परमपरं वैकतरमन्वेतीति प्रकृतत्वात्संशय: । तत्रापरमिदं ब्रह्मेति प्राप्तम् । कस्मात् ? **'स तेजसि सूर्ये संपन्न:' 'स सामभिरुनीयते ब्रह्मलोकम्'** इति च तद्विदो देशपरिच्छिन्नस्य फलस्योच्यमानत्वात् । न हि परब्रह्मविद्देशपरिच्छिन्न फलमश्नुवीतेति युक्तम्, सर्वगतत्वात्परस्य ब्रह्मण: । नन्वपरब्रह्मपरिग्रहे **'परं पुरुषम्'** इति विशेषणं नोपपद्यते । नैष दोष: – पिण्डापेक्षया प्राणस्य परत्वोपपत्तै:, इत्येवं प्राप्ते, अभिधीयते ॥

परमेव ब्रह्म इह अभिध्यातव्यमुपदिश्यते । कस्मात् ? ईक्षतिकर्मव्यपदेशात्, ईक्षतिर्दर्शनम्, दर्शनव्याप्यमीक्षतिकर्म, ईक्षतिकर्मत्वेनास्याभिध्यातव्यस्य पुरुषस्य वाक्यशेषे व्यपदेशो भवति – **'स एतस्माज्जीवघनात्परात्परं पुरिशयं पुरुषमीक्षते'** इति । तत्र अभिध्यायतेरतथाभूतमपि वस्तु कर्म भवति, मनोरथकल्पितस्याप्यभिध्यायतिकर्मत्वात्, ईक्षतेस्तु तथाभूतमेव वस्तु लोके कर्म दृष्टम्, इत्यत: परमात्मैवायं सम्यग्दर्शनविषयभूत ईक्षतिकर्मत्वेन व्यपदिष्ट इति गम्यते । स एव चेह परपुरुषशब्दाभ्यामभिध्यातव्य: प्रत्यभिज्ञायते । नन्वभिध्याने पर: पुरुष उक्त:, ईक्षणे तु परात्पर:, कथमितर इतरत्र प्रत्यभिज्ञायत इति, अत्रोच्यते – परपुरुषशब्दौ तावदुभयत्र साधारणौ । न चात्र जीवघनशब्देन प्रकृतोऽभिध्यातव्य: पर: पुरुष: परामृश्यते, येन तस्मात् परात्परोऽयमीक्षितव्य: पुरुषोऽन्य: स्यात् । कस्तर्हि जीवघन इति, उच्यते – घनो मूर्ति:, जीवलक्षणो घन: जीवघन:। सैन्धवखिल्यवत् य: परमात्मनो जीवरूप: खिल्यभाव उपाधिकृत:, परश्च विषयेन्द्रियेभ्य:, सोऽत्र जीवघन इति । अपर आह – **'स सामभिरुनीयते ब्रह्मलोकम्'** इत्यतीतानन्तरवाक्यनिर्दिष्टो यो ब्रह्मलोक: परश्च लोकान्तरेभ्य:, सोऽत्र जीवघन इत्युच्यते । जीवानां हि सर्वेषां करणपरिवृत्तानां सर्वकरणात्मनि हिरण्यगर्भे ब्रह्मलोकनिवासिनि संघातोपपत्तेर्भवति ब्रह्मलोको जीवघन: । तस्मात्परो य: पुरुष: परमात्मा ईक्षणकर्मभूत:, स एवाभिध्यानेऽपि कर्मभूत इति गम्यते । **'परं पुरुषम्'** इति च

'एतद्वै सत्यकाम परं चापरं च ब्रह्म यदोंकारस्तस्माद्विद्वानेतेनैवायतनेनैकतरमन्वेति' (પ્રશ્નોપ. ૫-૨) **'હે સત્યકામ, જે ઓંકાર છે તે એ પર અને અપર બ્રહ્મ છે, તેટલા માટે વિદ્વાન્ એ જ પ્રાપ્તિસાધનથી એક પ્રાપ્ત કરે છે'** એમ પ્રસ્તુત કરીને શ્રુતિ કહે છે - 'य: पुनरेतं त्रिमात्रेणोमित्येतेनैवाक्षरेण परं पुरुषमभिध्यायीत' (પ્રશ્નોપ. ૫-૫) **'પણ જે ત્રણ માત્રાવાળા એ જ આ અક્ષરનું પર પુરુષ તરીકે ધ્યાન ધરે'**. શું એ વાક્યમાં પર બ્રહ્મનો ધ્યાનયોગ્ય તરીકે ઉપદેશ કરાય છે કે અપર બ્રહ્મનો? એ જ પ્રાપ્તિસ્થાન વડે પર અને અપર બેમાંથી એક બ્રહ્મ પ્રાપ્ત કરે છે એમ પ્રકરણ હોવાથી સંશય થાય છે, તેમાં એ અપર બ્રહ્મ છે એમ પ્રાપ્ત થાય છે. શાથી ? 'स तेजसि सूर्ये संपन्न:' **'સૂર્ય તેજને વિષે તે સંપત્તિ પામે છે'**, અને 'स सामभिरुन्नीयते ब्रह्मलोकम्' **'તે સામથી બ્રહ્મલોકમાં ઊંચે લઈ જવાય છે'** એમ તે જાણનારને માટે દેશથી પરિચ્છિન્ન થયેલું ફળ કહેલું છે માટે. ખરેખર, પર બ્રહ્મને જાણનાર દેશથી પરિચ્છિન્ન થયેલું ફળ ભોગવે એ બરાબર નથી, કેમકે પર બ્રહ્મ સર્વગત છે. અપર બ્રહ્મનો પરિગ્રહ કરીએ તો परं पुरुषम् એમ વિશેષણ બંધ બેસશે નહિ. એ દોષ નથી, કેમકે પિંડની અપેક્ષાથી પ્રાણ પર છે એ યોગ્ય છે. એમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ-પર બ્રહ્મ જ અહીં ધ્યાન ધરવા યોગ્ય તરીકે ઉપદેશ કરાય છે. શાથી? ઈક્ષતિકર્મના વ્યપદેશથી. ઈક્ષતિ એટલે દર્શન. દર્શનથી વ્યાપ્ય તે ઈક્ષતિકર્મ. આ ધ્યાન ધરવા યોગ્ય પુરુષનો વાક્યશેષમાં દર્શનકર્મ તરીકે નિર્દેશ થાય છે-'स एतस्माज्जीवघनात् परात्परं पुरिशयं पुरुषमीक्षते' **'એ જીવઘન-હિરણ્યગર્ભરૂપ પરથી પર, શરીરમાં પ્રવિષ્ટ થયેલા પુરુષને-પરમાત્માને તે વિદ્વાન્ જુએ છે'** તેમાં અતથાભૂત વસ્તુ પણ અભિધ્યાનનું કર્મ બને છે, કેમકે મનોરથથી કલ્પિત વસ્તુ પણ અભિધ્યાનનું કર્મ બને છે. પણ ઈક્ષણનું કર્મ તો તથાભૂતવસ્તુ જ લોકને વિષે દૃષ્ટ છે, તેથી એ પરમાત્મા જ, જે સમ્યગ્દર્શનનો વિષય છે તે, દર્શનકર્મ તરીકે નિર્દિષ્ટ છે એમ સમજાય છે, અને તે જ અહીં પર અને પુરુષ શબ્દોએ ધ્યાન કરવા યોગ્ય તરીકે ઓળખાય છે. પણ અભિધ્યાનમાં પર પુરુષનું વચન છે, દર્શનમાં પરથી પરનું વચન છેં, તો એકની બીજે સ્થળે પ્રત્યભિજ્ઞા શી રીતે થાય છે ? એ વિષે કહીએ છીએ-પ્રથમ તો પર અને પુરુષ શબ્દ બન્ને સ્થળે સાધારણ છે, અને અહીં જીવઘન શબ્દથી પ્રકૃત, અભિધ્યાતવ્ય પર પુરુષનો પરામર્શ થતો નથી કે જેથી તે પરથી પર-આ ઈક્ષણયોગ્ય પુરુષ-જુદો સિદ્ધ થાય. ત્યારે જીવઘન એટલે કોણ? કહીએ છીએ-ઘન એટલે મૂર્તિ. જીવલક્ષણઘન એટલે જીવઘન. લવણપિંડની જેમ પરમાત્માનો ઉપાધિએ કરેલો જે જીવરૂપ અલ્પભાવ, વિષયો અને ઈન્દ્રિયોથી પર તે અહીં જીવઘન છે. બીજો કહે છે 'स सामभिरुन्नीयते ब्रह्मलोकम्' (તે સામથી બ્રહ્મલોકમાં ઉપર લઈ જવાય છે) એ ગયેલા અનન્તર વાક્યમાં નિર્દિષ્ટ કરેલો જે બ્રહ્મલોક અન્ય લોકોથી પર છે તે અહીં જીવઘન એમ કહેવાય છે. ખરેખર, ઈન્દ્રિયોથી ઘેરાયેલા સર્વ જીવોનો સંઘાત, બ્રહ્મલોકનિવાસી, સર્વેન્દ્રિયાત્મક એવા હિરણ્યગર્ભમાં થાય છે તેથી જીવઘન બ્રહ્મલોક છે. તેથી પર જે પરમાત્મા દર્શનક્રિયાનું કર્મ બનેલ છે તે જ અભિધ્યાનક્રિયાનું પણ કર્મ બનેલ છે એમ સમજાય છે. વળી परं पुरुषम् **'પર પુરુષ'** એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विशेषणं परमात्मपरिग्रह एवावकल्पते । परो हि पुरुषः परमात्मैव भवति यस्मात्परं किंचिदन्यन्नास्ति, **'पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः'** इति च श्रुत्यन्तरात् । **'परं चापरं च ब्रह्म यदोंकारः'** इति च विभज्य, अनन्तरमोंकारेण परं पुरुषमभिध्यश्रश्रानमाातव्यं ब्रुवन्, परमेव ब्रह्म परं पुरुषं गमयति । **'यथा पादोदरस्त्वचा विनिर्मुच्यत एवं ह वै स पाप्मना विनिर्मुच्यते'** इति पाप्मविनिर्मोकफलवचनं परमात्मानमिहाभिध्यातव्यं सूचयति । अथ यदुक्तं परमात्माभिध्यायिनो न देशपरिच्छिन्नं फलं युज्यत इति, अत्रोच्यते — त्रिमात्रेणोंकारेणालम्बनेन परमात्मानमभिध्यायतः फलं ब्रह्मलोकप्राप्तिः, क्रमेण च सम्यग्दर्शनोत्पत्तिः, — इति क्रममुक्त्याभिप्रायमेतद्भविष्यतीत्यदोषः ॥१३॥

५. दहराधिकरण् ।

दहर उत्तरेभ्यः ॥१४॥

'अथ यदिदमस्मिन्ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोऽस्मिन्नन्तराकाशस्तस्मिन्यदन्तस्तदन्वेष्टव्यं तद्वाव विजिज्ञासितव्यम्' (छा.उप. ८-१-१) इत्यादि वाक्यं समाम्नायते । तत्र योऽयं दहरे हृदयपुण्डरीके दहर आकाशः श्रुतः, स किं भूताकाशः, अथ विज्ञानात्मा, अथवा परमात्मेति संशय्यते । कुतः संशयः ? आकाशब्रह्मपुरशब्दाभ्याम् । आकाशशब्दो ह्ययं भूताकाशे परस्मिंश्च ब्रह्मणि प्रयुज्यमानो दृश्यते । तत्र किं भूताकाश एव दहरः स्यात्, किं वा पर इति संशयः। तथा ब्रह्मपुरमिति — किं जीवोऽत्र ब्रह्मनामा, तस्येदं पुरं शरीरं ब्रह्मपुरम्, अथवा परस्यैव ब्रह्मणः पुरं ब्रह्मपुरमिति । तत्र जीवस्य परस्य वान्यतरस्य पुरस्वामिनो दहराकाशत्वे संशयः । तत्राकाशशब्दस्य भूताकाशे रूढत्वाद्भूताकाश एव दहरशब्द इति प्राप्तम्, तस्य च दहरायतनापेक्षया दहरत्वम्, **'यावान्वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाशः'** इति च बाह्याभ्यन्तरभावकृतभेदस्योपमानोपमेयभावः, द्यावापृथिव्यादि च तस्मिन्नन्तः समाहितम्, अवकाशात्मनाकाशस्यैकत्वात्, अथवा जीवो दहर इति प्राप्तम्, ब्रह्मपुरशब्दात्, जीवस्य हीदं पुरं सत् शरीरं ब्रह्मपुरमित्युच्यते, तस्य स्वकर्मणोपार्जितत्वात्, भक्त्या

વિશેષણ પરમાત્માનો પરિગ્રહ કરવાથી સાર્થક બને છે. ખરેખર, પર પુરુષ પરમાત્મા જ છે, કે જેનાથી પર કંઈ બીજું નથી, કેમક 'पुरुषान्न परं किञ्चित् सा काष्ठा सा परा गतिः' **'પુરુષથી પર કંઈ નથી, એ પરમાવધિ છે, એ પરમ ગતિ છે'** એવી બીજી શ્રુતિ છે. 'परं चापरं च ब्रह्म यदोंकारः' **'જે ઓંકાર છે તે પર અને અપર બ્રહ્મ છે'** એમ વિભાગ કરીને પછી ઓંકાર વડે પર પુરુષનું અભિધ્યાન કરવું એમ કહેતી શ્રુતિ પર બ્રહ્મ જ, પર પુરુષનું અવગમન કરાવે છે. 'यथा पादोदरस्त्वचा विनिर्मुच्यत एवं ह वै स पाप्मना विनिर्मुच्यते' **'જેમ સર્પ ત્વચાથી મુક્ત થાય છે, એ જ રીતે, ખરેખર, તે પાપથી મુક્ત થાય છે'** એમ પાપમાંથી મુક્તિરૂપ ફળનું વચન અહીં પરમાત્મા અભિધ્યાતવ્ય છે એમ સૂચવે છે. પરમાત્માના અભિધ્યાન કરનારને દેશથી પરિચ્છિન્ન થયેલું ફળ યોગ્ય નથી એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ-ત્રણ માત્રાવાળા ઓંકારરૂપ આલંબનથી પરમાત્માનું અભિધ્યાન કરનારને ફળ બ્રહ્મલોકપ્રાપ્તિ અને ક્રમે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ મળે છે એમ ક્રમમુક્તિનો એમાં અભિપ્રાય હોવાથી એમા દોષ નથી ॥ ૧૩ ॥

૫. દહર અધિકરણ

દહર = અલ્પ(આકાશ પરમેશ્વર જ છે), ઉત્તર (રૂપી હેતુઓ)થી ॥ ૧૪ ॥

'अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोऽस्मिन्नन्तराकाशस्तस्मिन् यदन्तस्तदन्वेष्टव्यं तद्वाव विजिज्ञासितव्यम्' (છાન્દો. ઉપ. ૮-૧-૧) **'હવે, આ બ્રહ્મપુરમાં જે અલ્પ પુંડરીક વેશ્મ છે, એમાં અલ્પ અન્તરાકાશ છે. તેમાં જે અંદર છે તેનું અન્વેષણ કરવું જોઈએ, તેનું જ વિશેષ જ્ઞાન મેળવવું જોઈએ'** વગેરે વાક્ય શ્રુતિ કહે છે. તેમાં અલ્પ હૃદયકમળમાં જે આ અલ્પ આકાશ શ્રુતિ કહે છે તે શું ભૂતાકાશ છે, કે વિજ્ઞાનાત્મા છે કે પરમાત્મા છે એમ સંશય થાય છે. શાથી સંશય થાય છે ? આકાશ અને બ્રહ્મપુર શબ્દોથી. ખરેખર, આકાશ શબ્દ ભૂતાકાશ અને પરને વિષે પ્રયુક્ત થતો જોવામાં આવે છે. ત્યારે શું દહર એટલે ભૂતાકાશ જ સમજવું કે પર સમજવું એવો સંશય થાય છે. તેમજ બ્રહ્મપુર એટલે જીવ અહીં બ્રહ્મસંજ્ઞક છે તેનું આ પુર એટલે શરીર તે બ્રહ્મપુર કે પર બ્રહ્મનું જ પુર તે બ્રહ્મપુર એવો સંશય થાય છે, અને એવો સંશય થયો એટલે જીવ અને પર એ બેમાંથી એક પુરસ્વામીના દહર આકાશના સ્વરૂપમાં સંશય થાય છે. તેમાં આકાશ શબ્દ ભૂતાકાશમાં રૂઢ હોવાથી દહરશબ્દ ભૂતાકાશનો જ વાચક છે એમ પ્રાપ્ત થાય છે. દહર આયતનની નિવાસની અપેક્ષાએ તે દહર છે. 'यावान् वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाशः' **'જેટલું આ આકાશ છે તેટલું આ હૃદયની અંદર આકાશ છે'** એમ બાહ્યભાવ અને આભ્યન્તરભાવથી કરેલા ભેદનો ઉપમાનભાવ અને ઉપમેયભાવ છે, અને આકાશ અને પૃથિવી આદિ તેને વિષે રહેલું છે, કેમકે અવકાશસ્વરૂપથી આકાશ એક છે. અથવા જીવ દહર છે એમ પ્રાપ્ત થાય છે, કેમકે બ્રહ્મપુર શબ્દ છે. વાસ્તવમાં શરીર જીવનું એ પુર થઈ બ્રહ્મપુર કહેવાય છે, કેમકે તે પોતાના કર્મ વડે પ્રાપ્ત કરેલું છે, અને ઉપચારથી જીવ બ્રહ્મશબ્દવાચ્ય છે. ખરેખર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

च तस्य ब्रह्मशब्दवाच्यत्वम्, न हि परस्य ब्रह्मणः शरीरेण स्वस्वाभिभावः संबन्धोऽस्ति, तत्र पुरस्वामिनः पुरैकदेशेऽवस्थानं दृष्टम्, यथा राज्ञः, मनउपाधिकश्च जीवः, मनश्च प्रायेण हृदये प्रतिष्ठितम् – इत्यतो जीवस्यैवेदं हृदयान्तरवस्थानं स्यात्, दहरत्वमपि तस्यैव आराग्रोपमितत्वात् अवकल्पते, आकाशोपमितत्वादि च ब्रह्माभेदविवक्षया भविष्यति, न चात्र दहरस्याकाशस्यान्वेष्टव्यत्वं विजिज्ञासितव्यत्वं च श्रूयते, **'तस्मिन्यदन्तः'** इति परविशेषणत्वेनोपादानादिति ॥

अत उत्तरं ब्रूमः – परमेश्वर एवात्र दहराकाशो भवितुमर्हति, न भूताकाशो जीवो वा । कस्मात् ? उत्तरेभ्यः वाक्यशेषगतेभ्यो हेतुभ्यः । तथाहि – अन्वेष्टव्यतयाभिहितस्य दहराकाशस्य **'तं चेद्ब्रूयुः'** इत्युपक्रम्य **'किं तदत्र विद्यते यदन्वेष्टव्यं यद्वाव विजिज्ञासितव्यम्'** इत्येवमाक्षेपपूर्वकं प्रतिसमाधानवचनं भवति – **'स ब्रूयाद्यावान्वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाश उभे अस्मिन्द्यावापृथिवी अन्तरेव समाहिते'** (छा.उप. ८-१-३) इत्यादि । तत्र पुण्डरीकदहरत्वेन प्राप्तदहरत्वस्याकाशस्य प्रसिद्धाकाशौपम्येन दहरत्वं निवर्तयन् भूताकाशत्वं दहरस्याकाशस्य निवर्तयतीति गम्यते । यद्यप्याकाशशब्दो भूताकाशे रूढः, तथापि तेनैव तस्योपमा नोपपद्यत इति भूताकाशशङ्का निवर्तिता भवति । नन्वेकस्याप्याकाशस्य बाह्याभ्यन्तरत्वकल्पितेन भेदेनोपमानोपमेयभावः संभवतीत्युक्तम्, नैवं संभवति, अगतिका हीयं गतिः, यत्काल्पनिकभेदाश्रयणम् । अपि च कल्पयित्वा भेदमुपमानोपमेयभावं वर्णयतः परिच्छिन्नत्वादभ्यन्तराकाशस्य न बाह्याकाशपरिमाणत्वमुपपद्येत । ननु परमेश्वरस्यापि **'ज्यायानाकाशात्'** (श.ब्रा. १०-६-३-२) इति श्रुत्यन्तरात् नैवाकाशपरिमाणत्वमुपपद्यते; नैष दोषः, पुण्डरीकवेष्टनप्राप्तदहरत्वनिवृत्तिपरत्वाद्वाक्यस्य न तावत्त्वप्रतिपादनपरत्वम्, उभयप्रतिपादने हि वाक्यं भिद्येत । न च कल्पितभेदे पुण्डरीकवेष्टित आकाशैकदेशे द्यावापृथिव्यादीनामन्तः समाधानमुपपद्यते। **'एष आत्मापहतपाप्मा विजरो विमृत्युर्विशोको विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसंकल्पः'** इति चात्मत्वापहतपाप्मत्वादयश्च गुणा न भूताकाशे संभवन्ति । यद्यप्यात्मशब्दो जीवे संभवति, तथापीतरेभ्यः कारणेभ्यो जीवाशङ्कापि निवर्तिता भवति । न ह्युपाधिपरिच्छिन्नस्याराग्रोपमितस्य जीवस्य पुण्डरीकवेष्टनकृतं दहरत्वं शक्यं निवर्तयितुम् ।

પર બ્રહ્મને શરીર સાથે સ્વસ્વામિભાવનો સંબન્ધ નથી. તેમાં રાજાની જેમ પુરના સ્વામીનું પુરના એક ભાગમાં અવસ્થાન દેખાય છે. મન જીવની ઉપાધિ છે, અને મન મુખ્યત્વે હૃદયને વિષે પ્રતિષ્ઠિત છે, તેથી જીવનું જ એ હૃદયને વિષે અવસ્થાન થાય. દહરત્વ પણ તેમાં જ ઘટે છે, કેમકે આરાના અગ્ર સાથે તેને સરખાવ્યું છે. આકાશની સાથે તેની ઉપમા તો બ્રહ્મની સાથેના અભેદની વિવક્ષાથી થશે. વળી અહીં દહર આકાશ અન્વેષણયોગ્ય છે કે વિશેષ જિજ્ઞાસાયોગ્ય છે એમ શ્રુતિમાં નથી, કેમકે 'तस्मिन् यदन्तः' **'તેમાં જે અંદર'** એવા પરના વિશેષણ તરીકે એનું ગ્રહણ થયું છે.

આથી અમે ઉત્તર આપીએ છીએ-પરમેશ્વર જ દહર આકાશ થવા યોગ્ય છે, ભૂતાકાશ નહિ કે જીવ નહિ. શાથી ? વાક્યશેષમાં રહેલા ઉત્તર હેતુઓથી, કેમકે અન્વેષ્ટવ્ય તરીકે કહેલા દહર આકાશના 'तं चेत्ब्रूयुः' **'તેને જો તેઓ કહે'** એમ ઉપક્રમ કરીને 'किं तदत्र विद्यते यदन्वेष्टव्यं यद्वाव विजिज्ञासितव्यम्' **'અહીં તે શું છે કે જે અન્વેષણ કરવા યોગ્ય છે, જે વિશેષ જિજ્ઞાસા કરવા યોગ્ય છે'** એવા આક્ષેપપૂર્વક પ્રતિસમાધાન કહે છે કે-'स ब्रूयाद्यावान्वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाश उभे अस्मिन् द्यावापृथिवी अन्तरेव समाहिते' (છાન્દો. ઉપ. ૮-૧-૩) 'તેણે કહેવું કે જેટલું **આ આકાશ છે તેટલું એ હૃદયને વિષે આકાશ છે, એને વિષે સ્વર્ગ અને પૃથ્વી બંને અંદર મૂકેલાં છે'**. તેમાં કમળના અલ્પત્વથી જેને અલ્પત્વ પ્રાપ્ત થયું છે એવા આકાશની પ્રસિદ્ધ આકાશની સાથે ઉપમા આપી છે તેથી તેના અલ્પત્વને દૂર કરીને દહર આકાશનું ભૂતાકાશત્વ પણ (આચાર્ય) નિવૃત્ત કરે છે એમ સમજાય છે. જોકે આકાશશબ્દ ભૂતાકાશમાં રૂઢ છે તો પણ તેની જ સાથે તેની ઉપમા યોગ્ય નથી એમ ભૂતાકાશની શંકા નિવૃત્ત થાય છે. પણ એક પણ આકાશના બાહ્યત્વ અને આભ્યન્તરત્વથી કલ્પિત કરેલા ભેદ વડે ઉપમાનોપમેયભાવ શક્ય છે એમ કહ્યું છે. એ સંભવતું નથી. સાચે જ કાલ્પનિક ભેદનો આશ્રય કરવો એ અગતિક (નિરુપાયે સ્વીકારાતી) ગતિ છે. વળી ભેદ કલ્પીને ઉપમાનોપમેયભાવ વર્ણવનારને અભ્યન્તર આકાશ પરિચ્છિન્ન હોવાથી તે બાહ્ય આકાશનું પરિમાણ યોગ્ય થશે નહિ. પણ 'ज्यायानाकाशात्' (શત. બ્રા. ૧૦-૬-૩-૨) **'આકાશથી મોટો'** એમ બીજી શ્રુતિ છે તેથી પરમેશ્વરનું પણ આકાશના જેવું પરિમાણ યોગ્ય નહિ થાય.એ દોષ નથી, કેમકે એ વાક્ય પુણ્ડરીકમાં વીંટાવાથી પ્રાપ્ત થયેલા દહરત્વની નિવૃત્તિ કરવા માટે છે, તેટલું પરિમાણ પ્રતિપાદન કરવા માટે નથી. બંને પ્રતિપાદન કરવાં હોય તો વાક્યનો ભેદ થવો જોઈએ. વળી કલ્પિત ભેદમાં પુણ્ડરીકથી વીંટાયેલ આકાશના એક દેશમાં સ્વર્ગ, પૃથ્વી આદિનું અંદર રહેવું શક્ય નથી. 'एष आत्मापहतपाप्मा विजरो विमृत्युर्विशोको विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसंकल्पः' **'એ આત્મા, પાપથી વિમુક્ત, જરા, મરણ અને શોકથી રહિત, બુભુક્ષા અને પિપાસાથી રહિત, સત્યકામ અને સત્યસંકલ્પ છે'** આમ આત્મત્વ, પાપથી વિમુક્તત્વ વગેરે ગુણો ભૂતાકાશમાં સંભવતા નથી. જોકે આત્મ શબ્દ જીવને વિષે સંભવે છે, તોપણ બીજાં કારણોથી જીવની આશંકા પણ નિવૃત્ત થાય છે. ખરેખર, ઉપાધિથી પરિચ્છિન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

ब्रह्माभेदविवक्षया जीवस्य सर्वगतत्वादि विवक्ष्येतेति चेत्, यदात्मतया जीवस्य सर्वगतत्वादि विवक्ष्येतेति चेत्, तस्यैव ब्रह्मणः साक्षात्सर्वगतत्वादि विवक्ष्यतामिति युक्तम् । यदप्युक्तम् – **'ब्रह्मपुरम्'** इति जीवेन पुरस्योपलक्षितत्वाद्राज्ञ इव जीवस्यैवेदं पुरस्वामिनः पुरैकदेशवर्तित्वमस्त्विति, अत्र ब्रूमः – परस्यैवेदं ब्रह्मणः पुरं सत् शरीरं ब्रह्मपुरमित्युच्यते, ब्रह्मशब्दस्य तस्मिन्मुख्यत्वात् । तस्याप्यस्ति पुरेणानेन संबन्धः, उपलब्ध्यधिष्ठानत्वात् – **'स एतस्माज्जीवघनात्परात्परं पुरिशयं पुरुषमीक्षते'** (प्रश्नोप. ५-५) **'स वा अयं पुरुषः सर्वासु पूर्षु पुरिशयः'** (बृह.उप. २-५-१८) इत्यादिश्रुतिभ्यः । अथवा जीवपुर एवास्मिन् ब्रह्म संनिहितमुपलक्ष्यते, यथा सालग्रामे विष्णुः संनिहित इति, तद्वत् । **'तद्यथेह कर्मचितो लोकः क्षीयत एवमेवामुत्र पुण्यचित्तो लोकः क्षीयते'** (छा.उप. ८-१-६) इति च कर्मणामन्तवत्फलत्वमुक्त्वा, **'अथ य इहात्मानमनुविद्य व्रजन्त्येतांश्च सत्यान्कामांस्तेषां सर्वेषु लोकेषु कामचारो भवति'** इति प्रकृतदहराकाशविज्ञानस्यानन्तफलत्वं वदन्, परमात्मत्वमस्य सूचयति । यदप्येतदुक्तम् – न दहरस्याकाशस्यान्वेष्टव्यत्वं विजिज्ञासितव्यत्वं च श्रुतं परविशेषणत्वेनोपादानादिति, अत्र ब्रूमः –यद्याकाशो नान्वेष्टव्यत्वेनोक्तः स्यात् **'यावान्वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाशः'** इत्याद्याकाशस्वरूपप्रदर्शनं नोपपद्येत । नन्वेतदप्यन्तर्वर्तिवस्तुसद्भावदर्शनायैव प्रदर्श्यते, **'तं चेद्ब्रूयुर्यदिदमस्मिन्ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोऽस्मिन्नन्तराकाशः किं तदत्र विद्यते यदन्वेष्टव्यं यद्वाव विजिज्ञासितव्यम्'** इत्याक्षिप्य परिहारावसरे आकाशौपम्योपक्रमेण द्यावापृथिव्यादीनामन्तःसमाहितत्वप्रदर्शनात्, नैतदेवम्, एवं हि सति यदन्तः समाहितं द्यावापृथिव्यादि, तदन्वेष्टव्यं विजिज्ञासितव्यं चोक्तं स्यात्, तत्र वाक्यशेषो नोपपद्येत, **'अस्मिन्कामाः समाहिताः' 'एष आत्मापहतपाप्मा'** इति हि प्रकृतं द्यावापृथिव्यादिसमाधानाधारमाकाशमाकृष्य **'अथ य इहात्मानमनुविद्य व्रजन्त्येतांश्च सत्यान्कामान्'** इति समुच्चयार्थेन च-शब्देनात्मानं कामाधारम् आश्रितांश्च कामान् विज्ञेयान् वाक्यशेषो दर्शयति।

થયેલા અને આરના અગ્ર ભાગ સાથે ઉપમિત થયેલા જીવનું પુણ્ડરીકમાં વીંટાવાથી થયેલું દહરત્વ દૂર કરવું શક્ય નથી. બ્રહ્મની સાથે અભેદ દર્શાવવાની ઈચ્છાથી જીવના સર્વગતત્વ વગેરે ધર્મો દર્શાવવાની ઈચ્છા થશે એમ કહેશો તો જેની સાથે ઐક્યથી જીવના સર્વગતત્વ આદિ ધર્મોની વિવક્ષા થાય તેજ બ્રહ્મના સાક્ષાત્ સર્વગતત્વ આદિ ધર્મોની વિવક્ષા થાય એ યોગ્ય છે. બ્રહ્મપુર શબ્દમાં જીવથી પુરનું ઉપલક્ષણ થવાથી રાજાની જેમ પુરસ્વામી જીવનું જ પુરના એક ભાગમાં રહેવું થાઓ એમ જે તમે કહ્યું છે એને વિષે કહીએ છીએ- પરબ્રહ્મનું જ પુર થઈ શરીર બ્રહ્મપુર કહેવાય છે, કેમકે બ્રહ્મશબ્દનો પરબ્રહ્મ એ મુખ્ય અર્થ છે. તેનો પણ એ પુરની સાથે સંબન્ધ છે, કેમકે એ ઉપલબ્ધિનું સ્થાન છે, કારણ કે 'स एतस्माज्जीवघनात् परात् परं पुरिशयं पुरुषमीक्षते' (પ્રશ્ન.ઉપ. ૫-૫) **'તે વિદ્વાન્ એ જીવઘન-હિરણ્યગર્ભ એવા પરથી પર, શરીરમાં પ્રવેશેલા પુરુષને-પરમાત્માને જુએ છે'**, અને એ 'स वा अयं पुरुषः सर्वासु पूर्षु पुरिशयः' (બૃહ. ઉપ. ૨-૫-૧૮) **(તે એ પુરુષ સર્વ શરીરોમાં રહેવાથી પુરિશય થઈ પુરુષ કહેવાય છે'** એ શ્રુતિઓ છે. અથવા એ જીવપુરને વિષે જ બ્રહ્મ સંનિહિત છે એમ ઉપલક્ષણ થાય જેવી રીતે શાલગ્રામને વિષે વિષ્ણુ સંનિહિત છે તેમ. 'तद्यथेह कर्मचितो लोकः क्षीयते एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते' (છાન્દો. ઉપ. ૮-૧-૬) **'તેટલા માટે જેમ અહીં કર્મથી ચણાયેલો લોક ક્ષય પામે છે તેમ અમુત્ર પુણ્યથી ચણાયેલો લોક ક્ષય પામે છે'** એમ કર્મોનું અન્તવાળું ફળ દર્શાવીને 'अथ य इहात्मानमनुविद्य व्रजन्त्येतांश्च सत्यान् कामान् तेषां सर्वेषु लोकेषु कामचारो भवति' **'પછી જે અહીં આત્માને અને એ સત્ય કામોને આચાર્યના ઉપદેશને અનુસરી ધ્યાનથી અનુભવીને પરલોક જાય છે તેમનો સર્વ લોકમાં કામચાર = સ્વેચ્છાથી હરવું ફરવું તે થાય છે)** એમ પ્રકૃત દહર આકાશના વિજ્ઞાનનું અનન્ત ફળ કહીને એ પરમાત્મા છે એમ સૂચવે છે. દહર આકાશ અન્વેષણયોગ્ય છે કે વિશેષ જિજ્ઞાસા કરવા યોગ્ય છે એમ શ્રુતિમાં નથી, કેમકે પરના વિશેષણ તરીકે એનું ગ્રહણ કર્યું છે એમ જે કહ્યું છે તેને વિષે અમે કહીએ છીએ. જો આકાશને અન્વેષ્ટવ્ય રીતે કહ્યું ન હોય તો 'यावान् वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाशः' **'જેટલું આ આકાશ છે તેટલું આ હૃદયની અંદર આકાશ છે'** વગેરે આકાશના સ્વરૂપનું દર્શન ઉપયોગી ન થાય. પણ એ પણ અંદર રહેનાર વસ્તુનો સદ્ભાવ બતાવવા જ કહેલું છે, કેમકે 'तं चेत् ब्रूयुर्यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोऽस्मिन्नन्तराकाशः किं तदत्र विद्यते यदन्वेष्टव्यं यद्वाव विजिज्ञासितव्यम्' **'તેને જો તેઓ કહે કે આ બ્રહ્મપુરમાં જે દહર પુંડરીક વેશ્મ છે એમાં દહર અન્તરાકાશ છે. એને વિષે તે શું છે કે જે અન્વેષણ કરવા યોગ્ય છે અને જેની જ વિશેષ જિજ્ઞાસા કરવી યોગ્ય છે'** એમ આક્ષેપ કરીને પરિહાર કરવાને અવસરે ઉપક્રમમાં આકાશની સાથે સરખાવીને સ્વર્ગ, પૃથ્વી વગેરે તેમાં રહેલાં છે એમ જોવામાં આવે છે. ના, એ એમ નથી. જો એમ હોય તો સ્વર્ગ, પૃથ્વી આદિ જે અંદર રહેલું છે તેનું અન્વેષણ કરવું જોઈએ અને વિશેષ જિજ્ઞાસા કરવી જોઈએ એમ કહ્યું હોત. તેમાં વાક્યશેષ શક્ય થાય નહિ. 'अस्मिन् कामाः समाहिताः' **'એને વિષે કામ રહેલા છે'**, 'एष आत्माऽपहतपाप्मा' **'એ આત્મા, પાપરહિત છે'** એમ પ્રકૃત, સ્વર્ગ, પૃથ્વી વગેરે જેમાં રહેલાં છે તેના આધારનું આકર્ષણ કરીને 'अथ य इहात्मानमनुविद्य व्रजन्त्येतांश्च सत्यान् कामान्' **'પછી જે અહીં આત્માને અને એ સત્ય કામોને આચાર્યના ઉપદેશને અનુસરી ધ્યાનથી અનુભવીને પરલોક જાય છે'** એમ સમુચ્ચયવાચક च શબ્દથી આત્મા જે કામનો આધાર છે તેને અને આશ્રિત કામોને જાણવા યોગ્ય તરીકે વાક્યશેષ દર્શાવે છે. તેટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तस्माद्वाक्योपक्रमेऽपि दहर एवाकाशो हृदयपुण्डरीकाधिष्ठानः सहान्तस्थैः समाहितैः पृथिव्यादिभिः सत्यैश्च कामैर्विज्ञेय उक्त इति गम्यते । स चोक्तेभ्यो हेतुभ्यः परमेश्वर इति स्थितम् ॥१४॥

गतिशब्दाभ्यां तथा हि दृष्टं लिङ्गं च ॥१५॥

दहरं परमेश्वर उत्तरेभ्यो हेतुभ्य इत्युक्तम्, त एवोत्तरे हेतव इदानीं प्रपञ्च्यन्ते । इतश्च परमेश्वर एव दहरः, यस्माद्दहरवाक्यशेषे परमेश्वरस्यैव प्रतिपादकौ गतिशब्दौ भवतः — **'इमा सर्वाः प्रजा अहरहर्गच्छन्त्य एतं ब्रह्मलोकं न विन्दन्ति'** (छा.उप. ८-३-२) इति । तत्र प्रकृतं दहरं ब्रह्मलोकशब्देनाभिधाय तद्विषया गतिः प्रजाशब्दवाच्यानां जीवानामभिधीयमाना दहरस्य ब्रह्मतां गमयति । तथा ह्यहरहर्जीवानां सुषुप्तावस्थायां ब्रह्मविषयं गमनं दृष्टं श्रुत्यन्तरे — **'सता सोम्य तदा संपन्नो भवति'** (छा.उप. ३-८-१) इत्येवमादौ । लोकेऽपि किल गाढं सुषुप्तमाचक्षते **'ब्रह्मीभूतो ब्रह्मतां गतः'** इति । तथा ब्रह्मलोकशब्दोऽपि प्रकृते दहरे प्रयुज्यमानो जीवभूताकाशाशङ्कां निवर्तयन्ब्रह्मतामस्य गमयति । ननु कमलासनलोकमपि ब्रह्मलोकशब्दो गमयेत्, गमयेद्यदि ब्रह्मणो लोक इति षष्ठीसमासवृत्त्या व्युत्पाद्येत, सामानाधिकरण्यवृत्त्या तु व्युत्पाद्यमानो ब्रह्मैव लोको ब्रह्मलोक इति परमेव ब्रह्म गमयिष्यति । एतदेव चाहरहर्ब्रह्मलोकगमनं दृष्टं ब्रह्मलोकशब्दस्य सामानाधिकरण्यवृत्तिपरिग्रहे लिङ्गम् । न ह्यहरहरिमाः प्रजाः कार्यब्रह्मलोकं सत्यलोकाख्यं गच्छन्तीति शक्यं कल्पयितुम् ॥१५॥

धृतेश्च महिम्नोऽस्यास्मिन्नुपलब्धेः ॥१६॥

धृतेश्च हेतोः परमेश्वर एवायं दहरः । कथम् ? **'दहरोऽस्मिन्नन्तराकाशः'** इति हि प्रकृत्य आकाशौपम्यपूर्वकं तस्मिन्सर्वसमाधानमुक्त्वा तस्मिन्नैव चात्मशब्दं प्रयुज्यापहतपाप्मत्वादिगुणयोगं चोपदिश्य तमेवानतिवृत्तप्रकरणं निर्दिशति — **'अथ य आत्मा स सेतुर्विधृतिरेषां लोकानामसंभेदाय'** (छा.उप. ८-४-१) इति । तत्र विधृतिरित्यात्मशब्दसामानाधिकरण्याद्विधारयितोच्यते, क्तिचः कर्तरि स्मरणात् । यथोदकसंतानस्य विधारयिता लोके सेतुः क्षेत्रसंपदामसंभेदाय,

---

માટે વાક્યના ઉપક્રમમાં પણ દહર જ આકાશ હૃદય પુંડરીકમાં રહેલું, અંદર રહેલા પૃથ્વી વગેરેની સાથે અને સત્ય કામોની સાથે વિજ્ઞેય તરીકે કહેલું છે એમ સમજાય છે, અને તે કહેલા હેતુઓને લીધે પરમેશ્વર છે ॥ ૧૪ ॥

ગતિ અને શબ્દ દ્વારા (દહર પરમાત્મા છે); કેમકે દૃષ્ટ છે અને એ લિંગ છે. ॥ ૧૫ ॥

દહર પરમેશ્વર છે, ઉત્તર હેતુઓથી એમ કહ્યું છે. તે જ ઉત્તર હેતુઓનો હવે વિસ્તાર કરાય છે. વળી આથી દહર પરમેશ્વર જ છે, કારણ કે દહર આકાશના વાક્યશેષમાં ગતિ અને શબ્દ પરમેશ્વરનાં જ પ્રતિપાદક છે-'इमाः सर्वाः प्रजा अहरहर्गच्छन्त्य एतं ब्रह्मलोकं न विन्दन्ति' (છાન્દો. ઉપ. ૮-૩-૨) **'આ અવિદ્યાવાળી સર્વ પ્રજાઓ આ હૃદયાકાશસંજ્ઞક બ્રહ્મલોકમાં દરરોજ સુષુપ્તકાળમાં જતી પણ તેને પ્રાપ્ત કરતી નથી.'** તેમાં પ્રકૃત દહરને બ્રહ્મલોકશબ્દથી કહીને તે વિષે ગતિ પ્રજાશબ્દવાચ્ય જીવોની જે કહી છે તે દહર બ્રહ્મ છે એમ જ્ઞાન કરાવે છે, કારણ કે દરરોજ સુષુપ્ત અવસ્થામાં જીવોનું બ્રહ્મને વિષે જવું બીજી શ્રુતિમાં જોયેલું છે - 'सता सोम्य तदा संपन्नो भवति' (છાન્દો. ઉપ. ૩-૮-૧) **'હે સોમ્ય, ત્યારે જ્યારે સુએ છે ત્યારે સત્ (બ્રહ્મ)ની સાથે સંપન્ન (એકીભૂત) થાય છે'** વગેરે શ્રુતિમાં. ખરેખર, લોકમાં પણ ગાઢ સુષુપ્તને બ્રહ્મીભૂત, બ્રહ્મતાને પ્રાપ્ત થયેલો એમ કહે છે. તેમજ બ્રહ્મલોક શબ્દ પણ પ્રકૃત દહરને વિષે પ્રયોગ કરાતો જીવ અને ભૂત આકાશની આશંકાને દૂર કરી કરીને એ બ્રહ્મ છે એમ જ્ઞાન (ખાત્રી) કરાવે છે. પણ બ્રહ્મલોક શબ્દ કમલાસનલોકની પણ ખાત્રી કરાવે. બ્રહ્મનો લોક એમ ષષ્ઠીસમાસવૃત્તિથી જો એ શબ્દ વ્યુત્પન્ન કરાય તો એવી અવગતિ કરાવે. પણ બ્રહ્મ એવો જે લોક તે બ્રહ્મલોક એમ સામાનાધિકરણ્યવૃત્તિથી વ્યુત્પન્ન કરાતો બ્રહ્મલોક શબ્દ પર બ્રહ્મનું જ જ્ઞાન કરાવશે. દરરોજ એ જ બ્રહ્મલોકગમન બ્રહ્મલોક શબ્દની સામાનાધિકરણ્યવૃત્તિ લેવામાં લિંગ દેખાય છે. ખરેખર, દરરોજ આ જીવો સત્યલોકસંજ્ઞક કાર્યબ્રહ્મલોકમાં જાય છે એમ કલ્પવું શક્ય નથી ॥૧૫॥

વળી ધૃતિથી (પરમેશ્વર જ દહરાકાશ છે); કેમકે એ મહિમાની (ધારણલક્ષણ મહિમાની) એને (પરમેશ્વરને) માટે (શ્રુત્યન્તરમાં) ઉપલબ્ધિ છે ॥ ૧૬ ॥

વળી ધૃતિના હેતુથી પરમેશ્વર જ દહર છે. કેવી રીતે ? 'दहरोऽस्मिन्नन्तराकाशः' **'એને વિષે દહર અન્તરાકાશ છે'** એમ પ્રસ્તાવ કરીને આકાશની સાથે સાંદશ્ય બતાવીને તેને વિષે સર્વ વસ્તુ પ્રતિષ્ઠિત છે એમ કહીને તેને જ માટે આત્મ શબ્દનો પ્રયોગ કરીને પાપથી વિમુક્તપણું ઇત્યાદિ ગુણના યોગનો ઉપદેશ કરીને પ્રકરણ સમાપ્ત થતા પહેલાં તેનો જ નિર્દેશ કરે છે 'अथ य आत्मा स सेतुर्विधृतिरेषां लोकानामसंभेदाय' (છાન્દો. ઉપ. ૮-૪-૧) **'હવે જે આત્મા છે તે સેતુ છે, આ લોકોના અવિનાશને માટે વિધારક છે'**. તેમાં વિધૃતિશબ્દનું આત્મશબ્દની સાથે સામાનાધિકરણ્ય હોવાથી વિધારણ કરનાર એવો અર્થ થાય છે, કેમકે क्तिच् પ્રત્યયનું કર્તાના અર્થમાં વિધાન છે. જેમ ઉદકસન્તાનનો વિધારણ કરનાર સેતુ લોકને વિષે ક્ષેત્રસંપત્તિનું મિશ્રણ ન થાય તેને માટે છે, તેમ આ આત્મા અધ્યાત્મ વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

एवमयमात्मा एषामध्यात्मादिभेदभिन्नानां लोकानां वर्णाश्रमादीनां च विधारयिता सेतुः, असंभेदाय असंकरायेति । एवमिह प्रकृते दहरे विधरणलक्षणं महिमानं दर्शयति । अयं च महिमा परमेश्वर एव श्रुत्यन्तरादुपलभ्यते – **'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः'** इत्यादेः । तथान्यत्रापि निश्चिते परमेश्वरवाक्ये श्रूयते – **'एष सर्वेश्वर एष भूताधिपतिरेष भूतपाल एष सेतुर्विधरण एषां लोकानामसंभेदाय'** इति । एवं धृतेश्च हेतोः परमेश्वर एवायं दहरः ॥१६॥

प्रसिद्धेश्च ॥१७॥

इतश्च परमेश्च एव **'दहरोऽस्मिन्नन्तराकाशः'** इत्युच्यते, यत्कारणमाकाशशब्दः परमेश्वरे प्रसिद्धः – **'आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता'** (छा.उप. ८-१-४) **'सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते'** (छा.उप. १-९-१) इत्यादिप्रयोगदर्शनात् । जीवे तु न क्वचिदाकाशशब्दः प्रयुज्यमानो दृश्यते । भूताकाशस्तु सत्यामप्याकाशशब्दप्रसिद्धौ उपमानोपमेयभावाद्यसंभवान्न ग्रहीतव्य इत्युक्तम् ॥१७॥

इतरपरामर्शात्स इति चेन्नासंभवात् ॥१८॥

यदि वाक्यशेषबलेन दहर इति परमेश्वरः परिगृह्येत, अस्ति हीतरस्यापि जीवस्य वाक्यशेषे परामर्शः – **'अथ य एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाच'** (छा.उप. ८-३-४) इति, अत्र हि संप्रसादशब्दः श्रुत्यन्तरे सुषुप्तावस्थायां दृष्टत्वादवस्थावन्तं जीवं शक्नोत्युपस्थापयितुम्, नार्थान्तरम्, तथा शरीरव्यपाश्रयस्यैव जीवस्य शरीरात्समुत्थानं संभवति, यथाकाशव्यपाश्रयाणां वाय्वादीनामाकाशात्समुत्थानम्, तद्वत्, यथा चादृष्टोऽपि लोके परमेश्वरविषय आकाशशब्दः परमेश्वरधर्मसमभिव्याहारात् **'आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता'** इत्येवमादौ परमेश्वरविषयोऽभ्युपगतः, एवं जीवविषयोऽपि भविष्यति, तस्मादितरपरामर्शात् **'दहरोऽस्मिन्नन्तराकाशः'** इत्यत्र स एव जीव

ભેદથી ભિન્ન થયેલા લોકોનો અને વર્ણ, આશ્રમ આદિનો વિધારણ કરનાર સેતુ અસંભેદને અર્થે, સંકર ન થાય તે માટે છે. એ પ્રમાણે અહીં પ્રકૃત દહરને વિષે વિધરણલક્ષણ મહિમા શ્રુતિ દર્શાવે છે, અને એ મહિમા બીજી શ્રુતિથી પરમેશ્વરને વિષે જ ઉપલબ્ધ થાય છે- 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः' (હે ગાર્ગિ, એ જ અક્ષરની આજ્ઞામાં સૂર્ય અને ચન્દ્ર ધારણ કરાયેલા રહે છે) વગેરે શ્રુતિથી તેમજ બીજે સ્થળે પણ નિશ્ચિત પરમેશ્વરવાક્ય માટે શ્રુતિ છે - 'एष सर्वेश्वर एष भूताधिपतिरेष भूतपाल एष सेतुर्विधरण एषां लोकानामसंभेदाय' **'એ સર્વેશ્વર છે, એ ભૂતોનો પાલક છે, એ સેતુ છે, આ લોકોનો સંકર ન થાય માટે વિધારક છે'**. એ રીતે ધૃતિના હેતુથી પરમેશ્વર જ એ દહર છે ॥ ૧૬ ॥

વળી પ્રસિદ્ધિથી (દહર પરમેશ્વર છે) ॥ ૧૭ ॥

વળી આથી પણ પરમેશ્વરને જ 'दहरोऽस्मिन्नन्तराकाशः' (એને વિષે દહર અન્તરાકાશ છે) એમ કહ્યો છે, કારણ કે આકાશ શબ્દ પરમેશ્વર માટે પ્રસિદ્ધ છે, કેમકે 'आकाशो वै नामरूपयोर्निर्वहिता' (છાન્દો. ઉપ. ૮-૧૪) **'આકાશ શ્રુતિઓને વિષે પ્રસિદ્ધ આત્મા છે, તે આકાશ નામ અને રૂપનું સ્પષ્ટીકરણ કરનાર છે'**, 'सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते' (છાન્દો. ઉપ. ૧-૯-૧) **'ખરેખર, આ સર્વ ભૂતો આકાશમાંથી જ ઉત્પન્ન થાય છે'** વગેરે પ્રયોગ જોવામાં આવે છે. જીવને વિષે તો આકાશ શબ્દ કોઈ પણ સ્થળે પ્રયોગ કરાતો જોવામાં આવતો નથી. ભૂતાકાશને વિષે આકાશશબ્દની પ્રસિદ્ધિ છે, તોપણ ઉપમાનોપમેયભાવ આદિનો અસંભવ હોવાથી તેનું ગ્રહણ કરવું યોગ્ય નથી એમ કહ્યું છે ॥ ૧૭ ॥

અન્યના (જીવના) પરામર્શથી (જીવ દહર છે) એમ કહેશો તો ના; કેમકે અસંભવ છે ॥ ૧૮ ॥

જો વાક્યશેષના બળથી દહર એટલે પરમેશ્વર એમ સ્વીકારીએ તો બીજાનો, એટલો જીવનો પણ 'अथ य एष संप्रसादोऽस्माच्छरीरात् समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाच' (છાન્દો. ઉપ. ૮-૩-૪) **'હવે જે આ જીવ આ શરીરમાંથી ઊઠીને પોતાને રૂપે સાક્ષાત્કાર કરી પરજ્યોતિ પ્રાપ્ત કરે છે તે આત્મા છે એમ ખરેખર કહ્યું'** એ વાક્યશેષમાં પરામર્શ થાય છે. ખરેખર, અહીં સંપ્રસાદ શબ્દ બીજી શ્રુતિમાં સુષુપ્ત અવસ્થાના અર્થમાં જણાયેલો છે તેથી તે અવસ્થાવાળા જીવનો અર્થ દર્શાવવા શક્તિમાન બને છે, બીજા અર્થનો નહિ. તેમજ શરીરરૂપી આશ્રયવાળા જીવનું જ શરીરમાંથી ઊઠવું સંભવે છે, જેમ આકાશને વિષે જેનો આશ્રય છે એવા વાયુ વગેરેનું આકાશમાંથી ઊઠવું-નીકળવું શક્ય છે તેમ. વળી જેમ લોકમાં આકાશ શબ્દ પરમેશ્વરના અર્થમાં જોયેલો નથી તોપણ 'आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता' **'આકાશ શ્રુતિઓને વિષે પ્રસિદ્ધ આત્મા છે, તે આકાશ નામ અને રૂપોનો વ્યાકર્તા છે'** વગેરેમાં પરમેશ્વરના ધર્મનો નિર્દેશ છે તેથી આકાશશબ્દ પરમેશ્વરને લાગુ પડતો સ્વીકારાયેલો છે, તેમ જીવને પણ લાગુ પડશે. તેટલા માટે અન્યના એટલે જીવના પરામર્શથી 'दहरोऽस्मिन्नन्तराकाशः' **'એને વિષે દહર અન્તરાકાશ છે'** એમાં તે જ જીવનું વચન છે એમ કહેશો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

उच्यत इति चेत् – नैतदेवं स्यात्, कस्मात् ? असंभवात् । न हि जीवो बुद्ध्याद्युपाधिपरिच्छेदाभिमानी सन् आकाशेनोपमीयेत। न चोपाधिधर्मानभिमन्यमानस्यापहतपाप्मत्वादयो धर्माः संभवन्ति । प्रपञ्चितं चैतत्प्रथमे सूत्रे । अतिरेकाशङ्कापरिहाराय अत्र तु पुनरुपन्यस्तम् । पठिष्यति चोपरिष्टात् – **'अन्यार्थश्च परामर्शः'** (ब्र.सू. १-३-२०) इति ॥१८॥

उत्तराच्चेदाविर्भूतस्वरूपस्तु ॥१९॥

इतरपरामर्शाद्या जीवाशङ्का जाता, सा असंभवान्निराकृता । अथेदानीं मृतस्येवामृतसेकात् पुनः समुत्थानं जीवाशङ्कायाः क्रियते – उत्तरस्मात्प्राजापत्याद्वाक्यात् । तत्र हि **'य आत्मापहतपाप्मा'** इत्यपहतपाप्मत्वादिगुणकमात्मानमन्वेष्टव्यं विजिज्ञासितव्यं च प्रतिज्ञाय, **'य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मा'** (छा.उप. ८-७-४) इति ब्रुवन् अक्षिस्थं द्रष्टारं जीवमात्मानं निर्दिशति । **'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि'** (छा.उप. ८-९-३) इति च तमेव पुनः पुनः परामृश्य, **'य एष स्वप्ने महीयमानश्चरत्येष आत्मा'** (छा.उप. ८-१०-१) इति **'तद्यत्रैतत्सुप्तः समस्तः संप्रसन्नः स्वप्नं न विजानात्येष आत्मा'** (छा.उप. ८-११-१) इति च जीवमेवावस्थान्तरगतं व्याचष्टे । तस्यैव चापहतपाप्मत्वादि दर्शयति – **'एतदमृतमभयमेतद्ब्रह्म'** इति । **'नाहं खल्वयमेवं संप्रत्यात्मानं जानात्ययमहमस्मीति नो एवेमानि भूतानि'** (छा.उप. ८-११-१,२) इति च सुषुप्तावस्थायां दोषमुपलभ्य, **'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि नो एवान्यत्रैतस्मात्'** इति चोपक्रम्य, शरीरसंबन्धनिन्दापूर्वकम् **'एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते स उत्तमः पुरुषः'** इति जीवमेव शरीरात्समुत्थितमुत्तमं पुरुषं दर्शयति । तस्मादस्ति संभवो जीवे पारमेश्वराणां धर्माणाम् । अतः **'दहरोऽस्मिन्नन्तराकाशः'** इति जीव एवोक्त इति चेत्कश्चिद्ब्रूयात्, तं प्रति ब्रूयात् – **'आविर्भूतस्वरूपस्तु'** इति । तु-शब्दः पूर्वपक्षव्यावृत्त्यर्थः, नोत्तरस्मादपि वाक्यादिह जीवस्याशङ्का संभवतीत्यर्थः । कस्मात् ? यतस्तत्राप्याविर्भूतस्वरूपो जीवो विवक्ष्यते । आविर्भूतं स्वरूपमस्येत्याविर्भूतस्वरूपः, भूतपूर्वगत्या जीववचनम् । एतदुक्तं भवति – **'य एषोऽक्षिणि'**

તો એ એમ નથી. શાથી ? અસંભવથી, કારણ કે બુદ્ધિ વગેરે પરિચ્છેદનો અભિમાની થઈ જીવ આકાશની સાથે સરખાવાય નહીં. વળી ઉપાધિધર્મોના અભિમાનીને વિષે પાપથી વિમુક્તપણું ઇત્યાદિ ધર્મો સંભવતા નથી. એનો વિસ્તાર (આ અધિકરણના) પ્રથમ સૂત્રમાં કર્યો છે. અહીં તો અધિક શંકાના પરિહારને માટે ફરી એનો ઉપન્યાસ કર્યો છે. વળી આગળ 'अन्यार्थश्च परामर्शः' (બ્ર. સૂ. ૧।૩।૨૦) એ સૂત્રમાં (વાક્યશેષનું ખંડન) કહેશે ॥ ૧૮ ॥

ઉત્તર વાક્યથી જો (જીવાશંકા હોય તો) તે તો જેનું સ્વરૂપ પ્રગટ થયું છે તે છે ॥ ૧૯ ॥

અન્ય પરામર્શથી જે જીવાશંકા ઉત્પન્ન થઈ હતી તેનું અસંભવથી નિરાકરણ કર્યું. પણ હવે મરેલાને જેમ અમૃતસેકથી થાય તેમ ફરી ઉત્તરના પ્રજાપતિવાક્યથી જીવાશંકા ઊભી કરે છે, કેમકે ત્યાં 'य आत्मापहतपाप्मा' (છા. ઉપ. ૮-૭-૧) **'જે આત્મા પાપવિમુક્ત છે'** એમ પાપવિમુક્ત આદિ ગુણવાળો આત્મા અન્વેષણ કરવા યોગ્ય છે, વિશેષ જિજ્ઞાસા કરવા યોગ્ય છે એમ પ્રતિજ્ઞા કરીને 'य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मा' (છા. ઉપ. ૮-૭-૪) **'આંખમાં જે આ પુરુષ દેખાય છે એ આત્મા છે'** એમ કહેતી શ્રુતિ આંખમાં રહેલા દ્રષ્ટા જીવનો આત્મા તરીકે નિર્દેશ કરે છે. 'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि' (છા. ઉપ. ૮-૯-૩) **'એનું જ હું તને ફરીથી અનુવ્યાખ્યાન કરીશ'** એમ તેનો જ વારંવાર પરામર્શ કરીને 'य एष स्वप्ने महीयमानश्चरत्येष आत्मा' (છા. ઉપ. ૮-૧૦-૧) **'સ્વપ્નમાં જે આ વાસનામય વિષયથી પૂજ્યમાન ચરે છે એ આત્મા છે'**, 'तद्यत्रैतत्सुप्तः समस्तः संप्रसन्नः स्वप्नं न विजानात्येष आत्मा' (છા. ઉપ. ૮-૧૧-૧) **'જે એ સુતેલો, સર્વ ઇન્દ્રિયો જેની અસ્ત થઈ ગઈ છે એવો, અત્યંત પ્રસન્ન સ્વપ્ન જાણતો નથી એ આત્મા છે'** એમ અન્ય અવસ્થામાં રહેલા જીવનું જ વ્યાખ્યાન કરે છે. તેના જ પાપથી રહિતહોવાપણું વગેરે ગુણો બતાવે છે 'एतदमृतमभयमेतद्ब्रह्म' **'એ અમૃત છે, એ અભય છે, એ બ્રહ્મ છે'**. 'नाहं खल्वयमेवं संप्रत्यात्मानं जानात्ययमहमस्मीति नो एवेमानि भूतानि' (છા. ઉપ. ૮-૧૧-૧,૨) **'સાચે જ, એ ખેદકારક છે કે એ પ્રમાણે એ હવે આત્માને જાણતો નથી કે એ હું છું, તેમજ આ પ્રાણીઓને પણ જાણતો નથી'** એમ સુષુપ્ત અવસ્થામાં દોષ જોઈને 'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि नो एवान्यत्रैतस्मात्' **'એનું જ હું તને ફરી અનુવ્યાખ્યાન કરીશ, એનાથી બીજાનું નહીં જ'** એમ ઉપક્રમ કરીને શરીરસંબન્ધની નિન્દાપૂર્વક 'एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते स उत्तमः पुरुषः' **'એ જીવ આ શરીરમાંથી ઉત્થાન કરીને-પોતાના રૂપનો સાક્ષાત્કાર કરીને-પર શ્રેષ્ઠ જ્યોતિ પ્રાપ્ત કરે છે. તે ઉત્તમ પુરુષ છે'** એમ શરીરમાંથી ઉત્થાન કરેલા જીવને જ ઉત્તમ પુરુષ તરીકે દર્શાવે છે. જીવમાં પરમેશ્વરના ધર્મોનો સંભવ છે. એથી 'दहरोऽस्मिन्नन्तराकाशः' **'એને વિષે દહર અન્તરાકાશ છે'** એમ જીવ જ ઉક્ત છે એમ આથી જો કોઈ કહે તો તે પ્રત્યે કહેવું કે 'आविर्भूतस्वरूपस्तु' તે તો જેનું સ્વરૂપ આવિર્ભૂત થયું છે તે છે. એમાં તુ શબ્દ પૂર્વપક્ષની વ્યાવૃત્તિ-નિરાકરણ કરવા માટે છે. ઉત્તર વાક્યથી પણ અહીં જીવની આશંકા સંભવતી નથી એવો અર્થ છે. કેવી રીતે ? કેમકે તેમાં પણ आविर्भूतस्वरूप જીવની વિવક્ષા છે. જેનું સ્વરૂપ આવિર્ભૂત થયું છે તે आविर्भूतस्वरूप.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

इत्यक्षिलक्षितं द्रष्टारं निर्दिश्य, उदशरावब्राह्मणेन एनं शरीरात्मतया व्युत्थाप्य, **'एतं त्वेव ते'** इति पुनः पुनस्तमेव व्याख्येयत्वेनाकृष्य, स्वप्नसुषुप्तोपन्यासक्रमेण **'परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते'** इति यदस्य पारमार्थिकं स्वरूपं परं ब्रह्म, तद्रूपतयैनं जीवं व्याचष्टे, न जैवेन रूपेण । यत्तत् परं ज्योतिरुपसंपत्तव्यं श्रुतम्, तत्परं ब्रह्म, तच्चापहतपाप्मत्वादिधर्मकम्, तदेव च जीवस्य पारमार्थिकं स्वरूपम्- **'तत्त्वमसि'** इत्यादिशास्त्रेभ्यः, नेतरदुपाधिकल्पितम् । यावदेव हि स्थाणाविव पुरुषबुद्धिं द्वैतलक्षणामविद्यां निवर्तयन्कूटस्थनित्यदृक्स्वरूपमात्मानम् **'अहं ब्रह्मास्मि'** इति न प्रतिपद्यते, तावज्जीवस्य जीवत्वम् । यदा तु देहेन्द्रियमनोबुद्धिसंघाताद्व्युत्थाप्य श्रुत्या प्रतिबोध्यते नासि त्वं देहेन्द्रियमनोबुद्धिसंघातः, नापि संसारी, किं तर्हि तद्यत्सत्यं स आत्मा चैतन्यमात्रस्वरूपस्तत्त्वमसीत्ति, तदा कूटस्थनित्यदृक्स्वरूपमात्मानं प्रतिबुध्य अस्माच्छरीराद्यभिमानात्समुत्तिष्ठन् स एव कूटस्थनित्यदृक्स्वरूप आत्मा भवति – **'स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति'** (मुं.उप. ३-२-९) इत्यादिश्रुतिभ्यः । तदेव चास्य पारमार्थिकं स्वरूपम्, येन शरीरात्समुत्थाय स्वेन रूपेणाभिनिष्पद्यते । कथं पुनः स्वं च रूपं स्वेनैव च निष्पद्यत इति संभवति कूटस्थनित्यस्य ? सुवर्णादीनां तु द्रव्यान्तरसंपर्कादभिभूतस्वरूपाणामनभिव्यक्तासाधारणविशेषाणां क्षारप्रक्षेपादिभिः शोध्यमानानां स्वरूपेणाभिनिष्पत्तिः स्यात्, तथा नक्षत्रादीनामहन्यभिभूतप्रकाशानामभिभावकवियोगे रात्रौ स्वरूपेणाभिनिष्पत्तिः स्यात्, न तु तथात्मचैतन्यज्योतिषो नित्यस्य केनचिदभिभवः संभवति असंसर्गित्वात् व्योम्न इव, दृष्टविरोधाच्च, दृष्टिश्रुतिमतिविज्ञातयो हि जीवस्य स्वरूपम्, तच्च शरीरादसमुत्थितस्यापि जीवस्य सदा निष्पन्नमेव दृश्यते, सर्वो हि जीवः पश्यन् शृण्वन् मन्वानो विजानन्व्यवहरति, अन्यथा व्यवहारानुपपत्तेः, तच्चेत् शरीरात्समुत्थितस्य निष्पद्येत, प्राक्समुत्थानादृष्टो व्यवहारो विरुध्येत, अतः किमात्मकमिदं शरीरात्समुत्थानम्, किमात्मिका वा स्वरूपेणाभिनिष्पत्तिरिति, अत्रोच्यते – प्राग्विवेकविज्ञानोत्पत्तेः शरीरेन्द्रियमनोबुद्धिविषयवेदनोपाधिभिरविविक्तमिव जीवस्य दृष्ट्यादिज्योतिःस्वरूपं भवति, यथा शुद्धस्य स्फटिकस्य स्वाच्छ्यं

પૂર્વે જે ગતિ હતી તેથી તેનું જીવ તરીકે વચન છે. તાત્પર્ય એ છે કે 'य एषोऽक्षिणि' એમ આંખથી લક્ષિત દ્રષ્ટાનો નિર્દેશ કરીને ઉદશરાવબ્રાહ્મણથી શરીરમાંથી એનો બાધ કરીને 'एतं त्वेव ते' **'એને જ તને'** એમ વારંવાર તેને જ વ્યાખ્યાયોગ્ય રૂપે આકર્ષીને સ્વપ્ન અને સુષુપ્તના ઉપન્યાસને ક્રમે 'परं ज्योतिरुपसंपद्यः स्वेन रूपेणाभिनिष्पद्यते' **'પોતાના રૂપનો સાક્ષાત્કાર કરી પર જ્યોતિ પામે છે'** એવું જે પારમાર્થિક સ્વરૂપ પરબ્રહ્મ તે રૂપથી એ જીવનું વ્યાખ્યાન કરે છે, જીવનાં સ્વરૂપથી નહિ. પ્રાપ્ત કરવા યોગ્ય જે પર જ્યોતિ શ્રુતિપ્રતિપાદિત છે તે પરબ્રહ્મ છે. તે પાપથી વિમુક્તપણું વગેરે ધર્મવાળું છે, અને તે જ જીવનું 'तत्त्वमसि' **'તે તું છે'** વગેરે શાસ્ત્રોથી પારમાર્થિક સ્વરૂપ છે, બીજું, ઉપાધિકલ્પિત, (પારમાર્થિક સ્વરૂપ) નથી. જ્યાં સુધી સ્થાણુને વિષે પુરુષબુદ્ધિની જેમ દ્વૈતલક્ષણ અવિદ્યાને નિવૃત્ત કરીને કૂટસ્થ અને નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્માને હું બ્રહ્મ છું એમ જાણે નહિ ત્યાં સુધી જ જીવનું જીવત્વ છે. પણ જ્યારે દેહ, ઇન્દ્રિય, મન અને બુદ્ધિના સંઘાતથી ઉઠાડીને શ્રુતિથી એવો બોધ થાય છે કે તું દેહ, ઇન્દ્રિય, મન અને બુદ્ધિનો સંઘાત એટલે સમૂહ નથી, તું સંસારી નથી, ત્યારે શું છે ? જે સત્ય, ચૈતન્યમાત્ર સ્વરૂપ આત્મા છે તે તું છે - એવો બોધ થાય છે ત્યારે કૂટસ્થ, અને નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્માને જાણીને આ, શરીરાદિના અભિમાનમાંથી ઊઠતો તે જ કૂટસ્થ અને નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્મા થાય છે, કેમકે 'स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति' (મુણ્ડ.ઉપ. ૩-૨-૯) **'સાચે જ, જે તે પરમ બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ થાય છે'** વગેરે શ્રુતિઓ છે. શરીરમાંથી ઉત્થાન કરીને પોતાનું રૂપ પ્રાપ્ત કરે છે તે જ એનું પારમાર્થિક સ્વરૂપ છે. પણ પોતાનું જ રૂપ પોતે જ પ્રાપ્ત કરે એ શી રીતે કૂટસ્થ, નિત્યને સંભવે ? અન્ય દ્રવ્યના સંયોગથી જેના સ્વરૂપનો અભિભવ થયો છે અને તેથી જેનો અસાધારણ વિશેષગુણ અભિવ્યક્ત થતો નથી એવા સુવર્ણ વગેરેનો તો ખાર નાંખવા વગેરેથી શોધાય એટલે સ્વરૂપથી સાંક્ષાત્કાર થાય. તેમ જ દિવસે જેના પ્રકાશનો અભિભવ થયો છે એવાં નક્ષત્ર વગેરેનો રાત્રિને વિષે અભિભવ કરનારનો વિયોગ થાય એટલે સ્વરૂપથી સાક્ષાત્કાર થાય, પણ આત્મચૈતન્યના નિત્ય જ્યોતિનો તેવી રીતે કોઈથી અભિભવ સંભવતો નથી; જેવી રીતે આકાશનો સંભવતો નથી તેમ, કેમકે તે સંસર્ગરહિત છે. વળી જે જોવામાં આવે છે તેની સાથે વિરોધ થાય. ખરેખર, દૃષ્ટિ, શ્રુતિ, મતિ અને વિજ્ઞાનશક્તિઓ એ જીવનું સ્વરૂપ છે, અને તે શરીરથી નહિ ઉત્થાન થયેલા એવા જીવમાં પણ નિત્ય થતું જોવામાં આવે છે. સાચે જ, સઘળા જીવ દર્શન કરતા, શ્રવણ કરતા, વિચાર કરતા અને વિજ્ઞાન મેળવતા વ્યવહાર કરે છે, નહિ તો વ્યવહાર યોગ્ય બનતો નથી. તે જો શરીરથી સમુત્થિત થયેલાને થાય તો સમુત્થાનથી પૂર્વે દેખાયેલો વ્યવહાર વિરુદ્ધ થાય. એટલા માટે આ શરીરથી સમુત્થાનનું કેવું સ્વરૂપ છે અથવા સ્વરૂપ વડે અભિવ્યક્તિનું કેવું સ્વરૂપ છે ? એને વિષે અમે કહીએ છીએ-વિવેકવિજ્ઞાનની ઉત્પત્તિ પૂર્વે શરીર, ઇન્દ્રિય, મન, બુદ્ધિ, વિષય, વેદનારૂપી ઉપાધિઓથી વિવેક ન કરાયો હોય તેમ જીવ જ્યોતિઃસ્વરૂપ છે તો પણ દૃષ્ટિ આદિ સ્વરૂપ થાય છે, જેમ શુદ્ધ સ્ફટિકનું સ્વચ્છ અને શુક્લ સ્વરૂપ વિવેકજ્ઞાન થયા પૂર્વે રક્ત, નીલ વગેરે ઉપાધિઓથી ભિન્ન ન હોય તેવું થાય છે. પણ પ્રમાણથી ઉત્પન્ન થયેલા વિવેકજ્ઞાનથી, પાછળથી તે સ્ફટિક સ્વચ્છ અને શુક્લ સ્વરૂપ પ્રાપ્ત કરે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



शौक्ल्यं च स्वरूपं प्राग्विवेकग्रहणाद्रक्तनीलाद्युपाधिभिरविविक्तमिव भवति, प्रमाणजनितविवेकग्रहणात्तु पराचीनः स्फटिकः स्वाच्छ्येन शौक्ल्येन च स्वेन रूपेणाभिनिष्पद्यत इत्युच्यते प्रागपि तथैव सन्, तथा देहाद्युपाद्यविविक्तस्यैव सतो जीवस्य श्रुतिकृतं विवेकविज्ञानं शरीरात्समुत्थानम्, विवेकविज्ञानफलं स्वरूपेणाभिनिष्पत्तिः केवलात्मस्वरूपावगतिः । तथा विवेकाविवेकमात्रेणैवात्मनोऽशरीरत्वं सशरीरत्वं च मन्त्रवर्णात् **‘अशरीरं शरीरेषु’**, (काठ.उप. १-२-२२) इति, **‘शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते’** (भ.गी. १३-३१) इति च सशरीररत्वाशरीरत्वविशेषाभावस्मरणात् । तस्माद्विवेकविज्ञानाभावादनाविर्भूतस्वरूपः सन् विवेकविज्ञानादाविर्भूत्वस्वरूप इत्युच्यते । न त्वन्यादृशौ आविर्भावानाविर्भावौ स्वरूपस्य संभवतः, स्वरूपत्वादेव । एवं मिथ्याज्ञानकृत एव जीवपरमेश्वरयोर्भेदः, न वस्तुकृतः, व्योमवदसङ्गत्वाविशेषात्, कुतश्चैतदेवं प्रतिपत्तव्यम् ? यतः **‘य एषोऽक्षिणि पुरुषो दृश्यते’** इत्युपदिश्य **‘एतदमृतमभयमेतद्ब्रह्म’** इत्युपदिशति । योऽक्षिणि प्रसिद्धो द्रष्टा दृष्टृत्वेन विभाव्यते, सोऽमृताभयलक्षणाद्ब्रह्मणोऽन्यश्चेत्स्यात्, ततोऽमृताभयब्रह्मसामानाधिकरण्यं न स्यात् । नापि प्रतिच्छायात्मायमक्षिलक्षितो निर्दिश्यते, प्रजापतेर्मृषावादित्वप्रसङ्गात् । तथा द्वितीयेऽपि पर्याये **‘य एष स्वप्ने महीयमानश्चरति’** इति न प्रथमपर्यायनिर्दिष्टादक्षिपुरुषाद्द्रष्टुरन्यो निर्दिष्टः, **‘एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि’** इत्युपक्रमात् । किं च **‘अहमद्य स्वप्ने हस्तिनमद्राक्षम्, नेदानीं तं पश्यामि’** इति दृष्टमेव प्रतिबुद्धः प्रत्याचष्टे । द्रष्टारं तु तमेव प्रत्यभिजानाति – **‘य एवाहं स्वप्नमद्राक्षम्, स एवाहं जागरितं पश्यामि’** इति । तथा तृतीयेऽपि पर्याये – **‘नाहं खल्वयमेवं संप्रत्यात्मानं जानात्यम्यमहमस्मीति नो एवेमानि भूतानि’** इति सुषुप्तावस्थायां विशेषविज्ञानाभावमेव दर्शयति, न विज्ञातारं प्रतिषेधति । यत्तु तत्र **‘विनाशमेवापीतो भवति’** इति, तदपि विशेषविज्ञानविनाशाभिप्रायमेव, न विज्ञातृविनाशाभिप्रायम्, **‘न हि विज्ञातुर्विज्ञातेर्विपरिलोपो विद्यतेऽविनाशित्वात्’** (बृह.उप. ४-३-३०) इति श्रुत्यन्तरात् । तथा चतुर्थेऽपि पर्याये **‘एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि नो एवान्यत्रैतस्मात्’** इत्युपक्रम्य **‘मघवन् मर्त्यं वा इदं शरीरम्’** इत्यादिना प्रपञ्चेन शरीराद्युपाधिसंबन्धप्रत्याख्यानेन संप्रसादशब्दोदितं जीवम् **‘स्वेन रूपेणाभिनिष्पद्यते’** इति ब्रह्मस्वरूपापन्नं दर्शयन्, न

એમ કહેવાય છે જો કે પૂર્વે પણ તે તેવો જ હતો. તે રીતે દેહાદિ ઉપાધિથી અવિવિક્ત જ જે જીવ છે તેનું પણ શ્રુતિએ કરેલું વિવેકવિજ્ઞાન તે શરીરમાંથી જીવનું સમુત્થાન અને એ વિવેકવિજ્ઞાનનું જે ફળ તે સ્વરૂપથી સાક્ષાત્કાર એટલે કેવળ આત્મસ્વરૂપનું જ્ઞાન. તે પ્રમાણે વિવેક અને અવિવેકથી જ આત્મા અશરીર અને સશરીર છે, કેમકે ‘अशरीरं शरीरेषु’ (કઠ. ૧-૨-૨૨) **‘શરીરોને વિષે અશરીર’** એવો મન્ત્રવર્ણ છે, અને ‘शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते’ (ગી. ૧૩-૩૧) **‘શરીરમાં રહેલો છે તો પણ, હે કૌન્તેય, તે કરતો નથી અને તે લેપાતો નથી.’** એવી રીતે સશરીરત્વ અને અશરીરત્વના વિશેષનો અભાવ સ્મૃતિમાં છે. તેટલા માટે વિવેકવિજ્ઞાનના અભાવથી, અનાવિર્ભૂતસ્વરૂપ- એટલે જેના સ્વરૂપનો આવિર્ભાવ થયો નથી એવો - થતો જીવ વિવેકજ્ઞાનથી આવિર્ભૂતસ્વરૂપ-જેના સ્વરૂપનો આવિર્ભાવ થયો છે એવો-કહેવાય છે. પણ આવિર્ભાવ કે અનાવિર્ભાવ બીજા પ્રકારના થઈ સ્વરૂપનાં સંભવતા નથી, કેમકે તે (સ્વરૂપ) સ્વરૂપ જ છે. આ પ્રમાણે જીવ અને પરમેશ્વરનો ભેદ મિથ્યાજ્ઞાનથી થયેલો છે, વાસ્તવિક નથી, કેમકે આકાશની જેમ એ (આત્મા) અસંગ છે. પણ એ શાથી જાણવું ? કારણ કે ‘य एषोऽक्षिणि पुरुषो दृश्यते’ **‘આંખને વિષે જે આ પુરુષ દેખાય છે’** એમ ઉપદેશ કરીને ‘एतदमृतमभयमेतद् ब्रह्म’ **‘એ અમૃત છે, અભય છે, એ બ્રહ્મ છે’** એમ ઉપદેશ કરે છે. આંખની બાબતમાં પ્રસિદ્ધ દ્રષ્ટા દ્રષ્ટા તરીકે સમજાય છે તે જો અમૃત અને અભયસ્વરૂપ બ્રહ્મથી અન્ય હોય તો અમૃત અને અભય બ્રહ્મ સાથે તેનું સામાનાધિકરણ્ય ન થાય. તેમજ આંખથી લક્ષિત છાયાત્માનો પણ નિર્દેશ નથી, કેમકે પ્રજાપતિ અસત્યવાદી છે એવો પ્રસંગ આવે. તેમજ ‘य एष स्वप्ने महीयमानश्चरति’ **‘સ્વપ્નમાં જે આ વાસનાદિથી પૂજ્યમાન થતો ફરે છે’** એમ પ્રથમ પર્યાયમાં નિર્દેશ કરેલા આંખમાં રહેલો પુરુષ જ જે દ્રષ્ટા તેનાથી અન્યનો બીજા પર્યાયમાં પણ નિર્દેશ કરેલો નથી, કેમકે ‘एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि’ **‘એનું જ હું તને ફરી અનુવ્યાખ્યાન કરીશ’** એમ ઉપક્રમ છે. વળી ‘મેં આજે સ્વપ્નમાં હાથી જોયો, તેને હવે જોતો નથી’ એમ એટલે નિષેધ થઈ સ્વપ્નમાં જોયેલાનું જ પ્રત્યાખ્યાન જાગીને કરે છે. દ્રષ્ટા તો તે જ છે એમ પ્રત્યભિજ્ઞાન થાય છે કે જે મેં સ્વપ્નું જોયું તે જ હું જાગ્રત્ સ્થિતિમાં જોઉં છું. તેમજ ત્રીજા પર્યાયમાં ‘नाहं खल्वयमेव संप्रत्यात्मानं जानात्ययमहमस्मीति नो एवेमानि भूतानि’ **‘ખરેખર, એ ખેદકારક છે કે એ રીતે એ હવે આત્માને જાણતો નથી કે એ હું છું, તેમજ આ પ્રાણીઓને પણ જાણતો નથી’** એમ શ્રુતિ સુષુપ્ત અવસ્થામાં વિશેષ વિજ્ઞાનનો અભાવ જ દર્શાવે છે, વિજ્ઞાતાનો પ્રતિષેધ કરતી નથી. તેમાં ‘विनाशमेवापीतो भवति’ **‘તે વિનાશ જ પામે છે’** એ જે છે તેનો અભિપ્રાય વિશેષ વિજ્ઞાનનો વિનાશ છે. (પણ) વિજ્ઞાતાનો વિનાશ નથી, કેમકે ‘न हि विज्ञातुर्विज्ञातेर्विपरिलोपो विद्यतेऽविनाशित्वात्’ (બૃહ. ઉપ. ૪-૩-૩૦) **‘ખરેખર, વિજ્ઞાતાની વિજ્ઞાનશક્તિનો નાશ નથી, કારણકે તે અવિનાશી છે’** એમ બીજી શ્રુતિ છે. તેમજ ચોથા પર્યાયમાં પણ ‘एतं त्वेव भूयोऽनुव्याख्यास्यामि नो एवान्यत्रैतस्यात्’ **‘એનું જ હું તને ફરી અનુવ્યાખ્યાન કરીશ, એથી અન્યનું નહિ જ’** એમ ઉપક્રમ કરીને ‘मघवन् मर्त्यं वा इदं शरीरम्’ **‘હે ઇન્દ્ર, આ શરીર, ખરેખર, મર્ત્ય છે’** ઇત્યાદિ પ્રપંચથી શરીરાદિ ઉપાધિના સંબન્ધનો નિષેધ કરીને સંપ્રસાદશબ્દથી નિર્દિષ્ટ જીવને ‘स्वेन रूपेणाभिनिष्पद्यते’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परस्माद्ब्रह्मणोऽमृताभयस्वरूपादन्यं जीवं दर्शयति । केचित्तु परमात्मविवक्षायाम् '**एतं त्वेव ते**' इति जीवाकर्षणमन्याय्यं मन्यमाना एतमेव वाक्योपक्रमसूचितमपहतपाप्मत्वादिगुणकमात्मानं ते भूयोऽनुव्याख्यास्यामीति कल्पयन्ति । तेषाम् '**एतम्**' इति संनिहितावलम्बिनी सर्वनामश्रुतिर्विप्रकृष्येत, भूयःश्रुतिश्चोपरुध्येत, पर्यायान्तराभिहितस्य पर्यायान्तरेणानभिधीयमानत्वात् । '**एतं त्वेव ते**' इति च प्रतिज्ञाय प्राक् चतुर्थात्पर्यायादन्यमन्यं व्याचक्षाणस्य प्रजापतेः प्रतारकत्वं प्रसज्येत । तस्मात् यदविद्याप्रत्युपस्थापितमपारमार्थिकं जैवं रूपं कर्तृत्वभोक्तृत्वरागद्वेषादिदोषकलुषितमनेकानर्थयोगि, तद्विलयनेन तद्विपरीतमपहतपाप्मत्वादिगुणकं पारमेश्वरं स्वरूपं विद्यया प्रतिपद्यते, सर्पादिविलयनेनेव रज्ज्वादीन् । अपरे तु वादिनः पारमार्थिकमेव जैवं रूपमिति मन्यन्तेऽस्मदीयाश्च केचित् । तेषां सर्वेषामात्मैकत्वसम्यग्दर्शनप्रतिपक्षभूतानां प्रतिषेधायेदं शारीरकमारब्धम् — एक एव परमेश्वरः कूटस्थनित्यो विज्ञानधातुरविद्यया, मायया मायाविवत्, अनेकधा विभाव्यते, नान्यो विज्ञानधातुरस्तीति । यत्त्विदं परमेश्वरवाक्ये जीवमाशङ्क्य प्रतिषेधति सूत्रकारः — '**नासंभवात्**' (ब्र.सू. १-३-१८) इत्यादिना, तत्रायमभिप्रायः — नित्यशुद्धबुद्धमुक्तस्वभावे कूटस्थनित्ये एकस्मिन्नसङ्गे परमात्मनि तद्विपरीतं जैवं रूपं व्योम्नीव तलमलादि परिकल्पितम्, तत् आत्मैकत्वप्रतिपादनपरैर्वाक्यैर्न्यायोपेतैर्द्वैतवादप्रतिषेधैश्चापनेष्यामीति — परमात्मानो जीवादन्यत्वं द्रढयति, जीवस्य तु न परस्मादन्यत्वं प्रतिपिपादयिषति, किं त्वनुवदत्येवाविद्याकल्पितं लोकप्रसिद्धं जीवभेदम्, एवं हि स्वाभाविककर्तृत्वभोक्तृत्वानुवादेन प्रवृत्ताः कर्मविधयो न विरुध्यन्त इति मन्यते । प्रतिपाद्यं तु शास्त्रार्थमात्मैकत्वमेव दर्शयति — '**शास्त्रदृष्ट्या तूपदेशो वामदेववत्**' (ब्र.सू. १-१-३०) इत्यादिना । वर्णितश्चास्माभिः विद्वदविद्वद्भेदेन कर्मविधिविरोधपरिहारः ॥१९॥

अन्यार्थश्च परामर्शः ॥२०॥

अथ योऽयं दहरवाक्यशेषे जीवपरामर्शो दर्शितः — '**अथ य एष संप्रसादः**' (छा.उप. ८-३-४) इत्यादिः, स दहरे परमेश्वरे व्याख्यायमाने, न जीवोपासनोपदेशः, नापि प्रकृतविशेषोपदेशः — इत्यनर्थकत्वं प्राप्नोतीत्यत आह — अन्यार्थोऽयं

'પોતાના રૂપનો સાક્ષાત્કાર કરે છે' એમ બ્રહ્મસ્વરૂપ પામેલો દર્શાવતો આચાર્ય અમૃત અને અભયસ્વરૂપ પરબ્રહ્મથી જીવ જુદો નથી એમ દર્શાવે છે. કેટલાક તો પરમાત્માની વિવક્ષાને વિષે 'एतं त्वेव ते' '**એનું જ તને**' એમ જીવનું આકર્ષણ ન્યાયપૂર્ણ નથી એમ માનતા, વાક્યના ઉપક્રમમાં સૂચવાયેલા પાપથી વિમુક્તત્વ વગેરે ગુણવાળા એ જ આત્માનું હું તને વારંવાર અનુવ્યાખ્યાન કરીશ એમ કલ્પે છે. તેમના મતમાં एतम् (આને) એમ જે પાસે હોય તેનું અવલમ્બન કરનારી સર્વનામની શ્રુતિ દૂરને લાગુ પડે, અને 'વારંવાર' એમ કહેતી શ્રુતિને બાધ આવે કેમકે એક પર્યાયમાં કહ્યું હોય તેનું બીજા પર્યાયમાં અભિધાન થાય નહિ. વળી 'एतं त्वेव ते' '**એનું જ તને**' એવી પ્રતિજ્ઞા કરીને ચતુર્થ પર્યાયની પૂર્વે એટલે ફરીથી કહેવાય નહીં (કારણ કે) અન્યનું વ્યાખ્યાન કરનાર પ્રજાપતિ છેતરનાર છે એમ પ્રસંગ આવે. તેટલા માટે અવિદ્યાએ ઊભું કરેલું જે અપારમાર્થિક જીવસ્વરૂપ, કર્તા અને ભોક્તાના રાગ, દ્વેષ વગેરે દોષથી મલિન થયેલું છે, જેમાં અનેક અનર્થો રહેલાં છે, તેના વિલય પામવાથી તેથી વિપરીત, પાપથી વિમુક્તિ વગેરે ગુણવાળું, પરમેશ્વરસ્વરૂપ વિદ્યા વડે પ્રાપ્ત કરાય છે, સર્પાદિના વિલયથી રજ્જુ વગેરેની જેમ. પણ બીજા વાદીઓ અને અમારા પક્ષના કેટલાક જીવનું રૂપ પારમાર્થિક છે એમ માને છે. આત્માના એકત્વનું સમ્યગ્દર્શન કરવામાં જેઓ શત્રુભૂત એટલે વિરોધી છે તેવા એ સર્વેના પ્રતિબોધનને અર્થે આ શરીરશાસ્ત્ર આરંભાયું છે કે પરમેશ્વર એક જ છે, કૂટસ્થ નિત્ય, વિજ્ઞાનધાતુ છે, તે અવિદ્યાથી, માયાથી અનેક પ્રકારે સમજાય છે, માયાવીની જેમ, પણ વિજ્ઞાનધાતુ અન્ય નથી. પરમેશ્વરવાક્યમાં જીવની આશંકા કરી સૂત્રકાર 'नासंभवात्' (બ્ર.સૂ. ૧-૩-૧૮) ઇત્યાદિથી જે પ્રતિષેધ કરે છે તેનો આ અભિપ્રાય છે. નિત્ય, શુદ્ધ, બુદ્ધ અને મુક્ત એવો જેનો સ્વભાવ છે એવા, કૂટસ્થ, નિત્ય, એક, અસંગ પરમાત્મામાં તેથી વિપરીત જીવરૂપની પરિકલ્પના કરી છે, જેમ આકાશમાં તલ, મલ આદિની પરિકલ્પના થાય છે તેમ, તે, ન્યાયથી યુક્ત, આત્માનું એકત્વ પ્રતિપાદન કરનાર વાક્યો વડે તેમજ દ્વિત્વનો પ્રતિષેધ કરનાર વાક્યો વડે દૂર કરીશ એમ પરમાત્માનું જીવથી અન્યત્વ દૃઢ કરે છે. જીવનું પરમાત્માથી અન્યત્વ પ્રતિપાદન કરવા ઇચ્છતો નથી, પણ અવિદ્યાએ કલ્પેલા લોકપ્રસિદ્ધ જીવભેદનો અનુવાદ જ કરે છે. ખરેખર, એ પ્રમાણે સ્વાભાવિક કર્તૃત્વ અને ભોક્તૃત્વના અનુવાદથી પ્રવૃત્ત થયેલા કર્મવિધિઓને બાધ નહિ આવે એમ તે માને છે. આત્માના એકત્વરૂપ જે શાસ્ત્રાર્થ પ્રતિપાદ્ય છે તે સૂત્રકાર 'शास्त्रदृष्ट्या तूपदेशो वामदेववत्' (બ્ર.સૂ. ૧-૧-૩૦) વગેરે સૂત્રોથી દર્શાવે છે. કર્મવિધિનો વિરોધ અને પરિહાર અમે વિદ્વાન્ અને અવિદ્વાન્‌ના ભેદથી વર્ણવેલો છે ॥ ૧૯ ॥

અને (જીવનો) પરામર્શ અન્યાર્થ (જુદાં પ્રયોજનનો) છે ॥ ૨૦ ॥

હવે જે દહરવાક્યના શેષમાં 'अथ य एष संप्रसादः' (છાન્દો. ઉપ. ૮-૩-૪) '**હવે જે આ સંપ્રસાદ છે**' વગેરે જીવનો પરામર્શ દર્શાવ્યો છે તે, દહરનું વ્યાખ્યાન પરમેશ્વર કરીએ તો, જીવની ઉપાસનાનો ઉપદેશ કરતો નથી અને પ્રકૃત(એવા દહરાકાશ)ના વિશેષનો પણ ઉપદેશ કરતો નથી, એટલે તે અર્થહીન છે એમ પ્રાપ્ત થાય છે. એટલા માટે કહે છે કે એ જીવનો પરામર્શ અન્યાર્થ છે, એ જીવના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जीवपरामर्शो न जीवस्वरूपपर्यवसायी, किं तर्हि, परमेश्वरस्वरूपपर्यवसायी । कथम् ? संप्रसादशब्दोदितो जीवो जागरितव्यवहारे देहेन्द्रियपञ्जराध्यक्षो भूत्वा, तद्वासनानिर्मितांश्च स्वप्नान्नाडीचरोऽनुभूय, श्रान्तः शरणं प्रेप्सुरुभयरूपादपि शरीराभिमानात्समुत्थाय, सुषुप्तावस्थायां परं ज्योतिराकाशशब्दितं परं ब्रह्मोपसंपद्य, विशेषविज्ञानवत्त्वं च परित्यज्य, स्वेन रूपेणाभिनिष्पद्यते, यदस्योपसंपत्तव्यं परं ज्योतिः, येन स्वेन रूपेणामयभिनिष्पद्यते, स एष आत्मापहतपाप्मत्वादिगुण उपास्यः – इत्येवमर्थोऽयं जीवपरामर्शः परमेश्वरवादिनोऽप्युपपद्यते ॥२०॥

अल्पश्रुतेरिति चेत्तदुक्तम् ॥२१॥

यदप्युक्तम् – **'दहरोऽस्मिन्नन्तराकाशः'** इत्याकाशस्याल्पत्वं श्रूयमाणं परमेश्वरे नोपपद्यते, जीवस्य तु आराग्रोपमितस्याल्पत्वमवकल्पत इति, तस्य परिहारो वक्तव्यः । उक्तो ह्यस्य परिहारः – परमेश्वरेऽप्यापेक्षिकमल्पत्वमवकल्पत इति, **'अर्भकौकस्त्वात्तद्व्यपदेशाच्च नेति चेन्न निचाय्यत्वादेवं व्योमवच्च'** (ब्र.सू. १-२-७) इत्यत्र, स एवेह परिहारोऽनुसंधातव्य इति सूचयति । श्रुत्यैव च इदमल्पत्वं प्रत्युक्तं प्रसिद्धेनाकाशेनोपमिमानया **'यावान्वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाशः'** इति ॥२१॥

६. अनुकृत्यधिकरणम् ।

अनुकृतेस्तस्य च ॥२२॥

'न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः । तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति' (मुं.उप. २-२-१०) इति समामनन्ति । तत्र यं भान्तमनुभाति सर्वं यस्य च भासा सर्वमिदं विभाति, स किं तेजोधातुः कश्चित्, उत प्राज्ञ आत्मेति विचिकित्सायां तेजोधातुरिति तावत्प्राप्तम् । कुतः ? तेजोधातूनामेव सूर्यादीनां

સ્વરૂપમાં પર્યવસાન પામતો નથી, ત્યારે કેવો છે ? પરમેશ્વરના સ્વરૂપમાં પર્યવસાન પામે છે. કેવી રીતે ? સંપ્રસાદશબ્દથી ઉદિત જીવ જાગરિત વ્યવહારમાં દેહ અને ઇન્દ્રિયોના પાંજરાનો સ્વામી થઈને, તેની વાસનાએ ઉત્પન્ન કરેલાં સ્વપ્નોને નાડીમાં ફરી અનુભવીને શ્રાન્ત થઈ શરણ પ્રાપ્ત કરવા ઇચ્છતો બંને રૂપના શરીરાભિમાનથી જાગી જઈ સુષુપ્ત અવસ્થામાં પરજ્યોતિ-આકાશશબ્દે ઉદિત પરબ્રહ્મ પ્રાપ્ત કરીને વિશેષ વિજ્ઞાનવત્ત્વનો પરિત્યાગ કરીને પોતાને રૂપે અભિવ્યક્ત થાય છે. જે એનું પ્રાપ્ત કરવા યોગ્ય પરજ્યોતિ છે, અને જે વડે પોતાને સ્વરૂપે અભિવ્યક્ત થાય છે તે એ આત્મા અપહતપાપ્મત્વ વગેરે ગુણવાન્ ઉપાસ્ય છે એ પ્રયોજનવાળો જીવનો પરામર્શ પરમેશ્વરવાદીને પણ માન્ય બને છે ॥ ૨૦ ॥

અલ્પ છે એવી શ્રુતિથી (દહરાકાશ પરમેશ્વર નથી) એમ કહેશો તો તે (તેનો પરિહાર) કહ્યો છે ॥ ૨૧ ॥

'दहरोऽस्मिन्नन्तराकाशः' **'એને વિષે અન્તરાકાશ દહર છે'** એમ આકાશનું અલ્પત્વ શ્રુતિ કહે છે તે પરમેશ્વરમાં ઉપપન્ન થતું નથી, પણ જીવ તો આરાના અગ્ર ભાગ જેવો છે તેથી તેને સંભવે છે એમ જે કહ્યું છે તેનો પરિહાર કહેવો જોઈએ. ખરેખર, એનો પરિહાર કહ્યો છે કે પરમેશ્વરનું સાપેક્ષ અલ્પત્વ સંભવે છે 'अर्भकौकस्त्वात्तद्व्यपदेशाच्च नेति चेन्न निचाय्यत्वादेवं व्योमवच्च' (બ્ર. સૂ. ૧-૨-૭) એમાં. એ જ પરિહારનું અનુસંધાન કરવું એમ સૂચવે છે. વળી પ્રસિદ્ધ આકાશની સાથે ઉપમાન દર્શાવતી શ્રુતિએ જ એ અલ્પત્વ દૂર કર્યું છે - 'यावान् वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाशः' **'જેવડું આ આકાશ છે તેવડું જ આ હૃદયમાં આકાશ છે'** એ શ્રુતિ દ્વારા ॥ ૨૧ ॥

૬. અનુકૃતિ અધિકરણ

અનુકરણથી (જેની પછી સૂર્યાદિ પ્રકાશે છે તે બ્રહ્મ છે) અને તેના (પ્રકાશથી એ સઘળું પ્રકાશે છે) ॥ ૨૨ ॥

'न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः । तमेव भान्तमनुभाति सर्वे तस्य भासा सर्वमिदं विभाति ॥' (મુણ્ડ.ઉપ. ૨-૨-૧૦) **'તે સ્વાત્મભૂત બ્રહ્મને વિષે સૂર્ય પ્રકાશતો નથી, ચન્દ્ર અને તારાઓ પ્રકાશતા નથી, આ વિદ્યુતો પ્રકાશતી નથી, આ અગ્નિ ક્યાંથી પ્રકાશે ? પ્રકાશતા તે જ પરમેશ્વરની પાછળ સર્વ પ્રકાશે છે, તેના પ્રકાશથી એ સર્વ પ્રકાશે છે'** એમ શ્રુતિ કહે છે. તેમાં પ્રકાશતા જેને અનુસરીને સર્વ પ્રકાશે છે અને જેના પ્રકાશથી આ સર્વ પ્રકાશે છે તે શું કોઈક તેજોધાતુ એટલે તેજસ્વી પદાર્થ છે કે પ્રાજ્ઞ આત્મા છે એમ વિચિકિત્સા અર્થાત્ શંકા થતાં તેજોધાતુ છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે. શાથી ? કેમકે સૂર્યાદિ તેજોધાતુઓના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भानप्रतिषेधात् । तेजःस्वभावकं हि चन्द्रतारकादि तेजःस्वभावक एव सूर्ये भासमाने अहनि न भासत इति प्रसिद्धम् । तथा सह सूर्येण सर्वमिदं चन्द्रतारकादि यस्मिन्न भासते, सोऽपि तेजःस्वभाव एव कश्चिदित्यवगम्यते । अनुभानमपि तेजःस्वभावक एवोपपद्यते, समानस्वभावकेष्वनुकारदर्शनात्, **'गच्छन्तमनुगच्छति'** इतिवत् । तस्मात्तेजोधातुः कश्चिदित्येवं प्राप्ते –

ब्रूमः – प्राज्ञ एवायमात्मा भवितुमर्हति । कस्मात् ? अनुकृतेः, अनुकरणमनुकृतिः, यदेतत् **'तमेव भान्तमनुभाति सर्वम्'** इत्यनुभानम्, तत्प्राज्ञपरिग्रहेऽवकल्पते, **'भारूपः सत्यसंकल्पः'** (छा.उप. ३-१४-२) इति हि प्राज्ञमात्मानमामनन्ति, न तु तेजोधातुं कंचित्सूर्यादयोऽनुभान्तीति प्रसिद्धम्, समत्वाच्च तेजोधातूनां सूर्यादीनां न तेजोधातुमन्यं प्रत्यपेक्षास्ति, यं भान्तमनुभायुः, न हि प्रदीपः प्रदीपान्तरमनुभाति । यदप्युक्तं समानस्वभावकेष्वनुकारो दृश्यत इति –नायमेकान्तो नियमः, भिन्नस्वभावकेष्वपि ह्यनुकारो दृश्यते, यथा सुतप्तोऽयःपिण्डोऽग्न्यनुकृतिरग्निं दहन्तमनुदहति, भौमं वा रजो वायुं वहन्तमनुवहतीति । **'अनुकृतेः'** इत्यनुभानमसुसूचत्, **'तस्य च'** इति चतुर्थं पादमस्य श्लोकस्य सूचयति । **'तस्य भासा सर्वमिदं विभाति'** इति च तद्धेतुकं भानं सूर्यदिरुच्यमानं प्राज्ञमात्मानं गमयति । **'तद्देवा ज्योतिषां ज्योतिरायुर्होपासतेऽमृतम्'** (बृह.उप. ४-४-१६) इति हि प्राज्ञमात्मानमामनन्ति । तेजोन्तरेण तु सूर्यादितेजो विभातीत्यप्रसिद्धम्, विरुद्धं च, तेजोन्तरेण तेजोन्तरस्य प्रतिघातात् । अथवा न सूर्यादीनामेव श्लोकपरिपठितानामिदं तद्धेतुकं विभानमुच्यते, किं तर्हि, **'सर्वमिदम्'** इत्यविशेषश्रुतेः सर्वस्यैवास्य नामरूपक्रियाकारकफलजातस्य या अभिव्यक्तिः, सा ब्रह्मज्योतिः सत्तानिमित्ता, यथा सूर्यज्योतिः सत्तानिमित्ता सर्वस्य रूपजातस्याभिव्यक्तिः, तद्वत् । **'न तत्र सूर्यो भाति'** इति च तत्रशब्दमाहरन्प्रकृतग्रहणं दर्शयति, प्रकृतं च ब्रह्म **'यस्मिन्द्यौः पृथिवी चान्तरिक्षमोतम्'** (मुं.उप. २-२-५) इत्यादिना, अनन्तरं च **'हिरण्मये परे कोशे विरजं ब्रह्म निष्कलम् । तच्छुभ्रं ज्योतिषां ज्योतिस्तद्यदात्मविदो विदुः'** (मुं.उप. २-२-९) इति, कथं तज्ज्योतिषां ज्योतिरित्यत

જ પ્રકાશનો પ્રતિષેધ કર્યો છે. ખરેખર, તેજ જેનો સ્વભાવ છે એવા ચન્દ્ર, તારા વગેરે, તેજ જેનો સ્વભાવ છે એવો સૂર્ય દિવસે પ્રકાશે છે ત્યારે, પ્રકાશતા નથી એ પ્રસિદ્ધ છે. તેવી રીતે સૂર્યની સાથે ચન્દ્ર, તારાઓ વગેરે આ સર્વ જેને વિષે પ્રકાશતું નથી તે પણ, તેજઃસ્વભાવ (તેજ જેનો સ્વભાવ છે એવું) છે એમ સમજાય છે. અનુભાન પણ તેજ જેનો સ્વભાવ છે એવાને વિષે જ યોગ્ય છે, જેનો સ્વભાવ સમાન છે તેમને વિષે જ અનુકાર જોવામાં આવે છે તેથી, 'गच्छन्तमनुगच्छति' **'જતાની પાછળ જાય છે'**-ની જેમ. તેટલા માટે કોઈક તેજોધાતુ છે એમ પ્રાપ્ત થતાં

કહીએ છીએ-પ્રાજ્ઞ આત્મા એ જ હોવો જોઈએ. શાથી ? અનુકૃતિથી. અનુકૃતિ એટલે અનુકરણ. 'तमेव भान्तमनुभाति सर्वम्' **'પ્રકાશતા તેની પાછળ સર્વ પ્રકાશે છે'** એ જે અનુભાન છે તે પ્રાજ્ઞ આત્માનું ગ્રહણ કરે શક્ય છે. 'भारूपः सत्यसंकल्पः' (છાન્દો. ઉપ. ૩-૧૪-૨) **'દીપ્તિ-ચૈતન્યલક્ષણ જેનું રૂપ છે અને જેના સંકલ્પ સત્ય છે'** એમ પ્રાજ્ઞ આત્મા માટે શ્રુતિ કહે છે, પણ કોઈ તેજોધાતુને અનુસરીને સૂર્યાદિ પ્રકાશે છે એમ પ્રસિદ્ધ નથી. તેજોધાતુઓ સમાન હોવાથી સૂર્યાદિને અન્ય તેજોધાતુની અપેક્ષા નથી કે જે પ્રકાશે તેને અનુસરી સૂર્યાદિ પ્રકાશે. સાચે જ, પ્રદીપ અન્ય પ્રદીપને અનુસરી પ્રકાશતો નથી. વળી, જેનો સ્વભાવ સમાન છે તેમને વિષે અનુકાર જોવામાં આવે છે એમ જે કહ્યું છે તે એ કંઈ ઐકાન્તિક (એટલે પૂરેપૂરો નિશ્ચય કરનારો) નિયમ નથી. ખરેખર, જેમનો સ્વભાવ ભિન્ન છે તેમને વિષે પણ અનુકાર જોવામાં આવે છે, જેમકે સારી જેમ તપેલો લોઢાનો ગોળો અગ્નિનું અનુકરણ કરે છે, બળતા અગ્નિની પાછળ બળે છે, અથવા પૃથ્વીની રજ વહેતા વાયુની પાછળ વહે છે. 'अनुकृतेः' ('અનુકરણથી' સૂત્રનો એટલો ભાગ) એણે અનુભાનને સૂચવ્યું છે. 'तस्य च' ('અને તેનો' એટલો ભાગ) એ શ્લોકનો ચોથો પાદ સૂચવે છે. 'तस्य भासा सर्वमिदं विभाति' **'તેના પ્રકાશ વડે આ સર્વ પ્રકાશે છે'** એમ સૂર્યાદિનો તેણે કરેલો પ્રકાશ કહ્યો છે તે પ્રાજ્ઞ આત્માનું ભાન કરાવે છે. 'तद्देवा ज्योतिषां ज्योतिरायुर्होपासतेऽमृतम्' (બૃહ. ઉપ. ૪-૪-૧૬) **'તે જ્યોતિઓનું જ્યોતિ જે અમૃત છે તેને દેવો સાચે જ આયુષ્ તરીકે ઉપાસે છે'** એમ શ્રુતિ પ્રાજ્ઞ આત્માને માટે કહે છે. સૂર્યાદિ તેજ અન્ય તેજથી પ્રકાશે છે એ અપ્રસિદ્ધ છે અને એ વિરુદ્ધ પણ છે, કેમકે એક તેજ બીજા તેજનો પ્રતિઘાત કરે છે. અથવા શ્લોકમાં કહેલા સૂર્યાદિનું જ તેણે કરેલું વિભાન કહ્યું નથી. ત્યારે શું ? 'सर्वमिदम्' **'એ સર્વ'** એમ અવિશેષ શ્રુતિથી નામ, રૂપ, ક્રિયા, કારક અને ફળ સમુદાય-એ સર્વની જે અભિવ્યક્તિ છે તેનું નિમિત્ત બ્રહ્મજ્યોતિની સત્તા છે, જેમ સર્વ રૂપસમુદાયની અભિવ્યક્તિનું નિમિત્ત સૂર્યજ્યોતિની સત્તા છે તેમ. 'न तत्र सूर्योभाति' **'તેમાં સૂર્ય પ્રકાશતો નથી'** એમ તત્ર શબ્દ કહેતી શ્રુતિ પ્રકૃતનું ગ્રહણ દર્શાવે છે, અને અહીં પ્રકૃત બ્રહ્મ છે, 'यस्मिन् द्यौः पृथिवी चान्तरिक्षमोतम्' (મુણ્ડ.ઉપ. ૨-૨-૫) **'જેને વિષે દ્યુલોક, પૃથ્વી અને અન્તરિક્ષ પરોવાયેલું છે'** ઇત્યાદિથી, અને પછી 'हिरण्मये परे कोशे विरजं ब्रह्म निष्कलम् । तच्छुभ्रं ज्योतिषां ज्योतिस्तद्यदात्मविदोविदुः' (મું.ઉપ. ૨-૨-૯) **'જ્યોતિર્મય બુદ્ધિ વિજ્ઞાનપ્રકાશરૂપી પર કોશમાં અવિદ્યાદિ રજોમલવર્જિત બ્રહ્મ છે, તે નિરવયવ, શુદ્ધ, જ્યોતિનું જ્યોતિ શી રીતે-**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इदमुत्थितम् – **'न तत्र सूर्यो भाति'** इति । यदप्युक्तम् सूर्यादीनां तेजसां भानप्रतिषेधस्तेजोधातावेवान्यस्मिन्नवकल्पते, सूर्य इवेतरेषामिति, तत्र तु स एव तेजोधातुरन्यो न संभवतीत्युपपादितम् । ब्रह्मण्यपि चैषां भानप्रतिषेधोऽवकल्पते, यतः – यदुपलभ्यते तत्सर्वं ब्रह्मणैव ज्योतिषोपलभ्यते, ब्रह्म तु नान्येन ज्योतिषोपलभ्यते, स्वयं ज्योतिःस्वरूपत्वात्, येन सूर्यादयस्तस्मिन्भायुः, ब्रह्म हि अन्यद्व्यनक्ति, न तु ब्रह्मान्येन व्यज्यते, **'आत्मनैवायं ज्योतिषास्ते'** (बृह.उप. ४-३-६) **'अगृह्यो न हि गृह्यते'** (बृह.उप. ४-२-४) इत्यादिश्रुतिभ्यः ॥२२॥

अपि च स्मर्यते ॥२३॥

अपि चेदृग्रूपत्वं प्राज्ञस्यैवात्मनः स्मर्यते भगवद्गीतासु – **'न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः । यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम'** (भ.गी. १५-६) इति । **'यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् । यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम्'** (भ.गी. १५-१२) इति च ॥२३॥

७. प्रमिताधिकरणम् ।

शब्दादेव प्रमितः ॥२४॥

'अङ्गुमात्रः पुरुषो मध्य आत्मनि तिष्ठति' (काठ.उप. २-४-१२) इति श्रूयते, तथा **'अङ्गुष्ठमात्रः पुरुषो ज्योतिरिवाधूमकः । ईशानो भूतभव्यस्य स एवाद्य स उ श्व एतद्वै तत्'** (काठ.उप. २-४-१३) इति च । तत्र योऽयमङ्गुष्ठमात्रः पुरुषः श्रूयते, स किं विज्ञानात्मा, किं वा परमात्मेति संशयः । तत्र परिमाणोपदेशाद्विज्ञानात्मेति तावत्प्राप्तम् । न ह्यनन्तायामविस्तारस्य परमात्मनोऽङ्गुष्ठपरिमाणत्वमुपपद्यते, विज्ञानात्मनस्तूपाधिमत्त्वात्संभवति कयाचित्कल्पनयाङ्गुष्ठमात्रत्वम् । स्मृतेश्च – **'अथ सत्यवतः कायात्पाशबद्धं वशं गतम् । अङ्गुष्ठमात्रं पुरुषं निश्चकर्ष यमो बलात्'** (म.भा. ३-२९७-१७) इति, न हि परमेश्वरो बलात् यमेन निष्क्रष्टुं शक्यः, तेन तत्र संसारी अङ्गुष्ठमात्रो निश्चितः, स

એથી 'न तत्र सूर्यो भाति' **'ત્યાં સૂર્ય પ્રકાશતો નથી'** ઇત્યાદિ કહ્યું છે. સૂર્યાદિ તેજોના પ્રકાશનો પ્રતિષેધ અન્ય તેજોધાતુ હોય તો જ સંભવે છે, જેમ સૂર્યને વિષે અન્ય તેજોનો એમ જે કહ્યું છે તે તો તેજ તેજોધાતુ છે, અન્યનો સંભવ નથી એમ ઉપપાદન કર્યું છે. બ્રહ્મને વિષે પણ એ તેજોના પ્રકાશનો પ્રતિષેધ સંભવે છે; કારણ કે ઉપલબ્ધ થાય છે તે સર્વ બ્રહ્મરૂપ જ્યોતિ દ્વારા જ ઉપલબ્ધ થાય છે. જે વડે સૂર્યાદિ બ્રહ્મને વિષે પ્રકાશક થાય તેવી રીતે અન્ય જ્યોતિ વડે બ્રહ્મ ઉપલબ્ધ થતું નથી; કારણ કે સ્વયંજ્યોતિઃ સ્વરૂપ છે. ખરેખર, બ્રહ્મ અન્ય પદાર્થોને વ્યક્ત કરે છે; પણ બ્રહ્મ અન્યથી વ્યક્ત થતું નથી; કારણ કે 'आत्मनैवायं ज्योतिषास्ते' [બૃહ. ઉપ. ૪-૩-૬] **'આત્મારૂપી જ્યોતિ દ્વારા એ બેસે છે'**, 'अगृह्यो-न हि गृह्यते' [બૃહ. ઉપ.૪-૨-૪] **'એ અગૃહ્ય છે; કારણ કે ગ્રહણ કરી શકાતો નથી'** વગેરે શ્રુતિઓ છે. ॥૨૨॥

વળી સ્મૃતિ પણ કહે છે (કે એ પ્રાજ્ઞ આત્મા જ છે) ॥૨૩॥

વળી ભગવદ્ગીતામાં એવું સ્વરૂપ પ્રાજ્ઞ આત્માનું જ કહ્યું છે - 'न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः । यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ [ભગ.ગી. ૧૫-૬] **'તેને સૂર્ય પ્રકાશિત કરતો નથી, ચન્દ્ર પ્રકાશિત કરતો નથી કે અગ્નિ કરતો નથી, જે પ્રાપ્ત કરીને પુરુષો પાછા ફરતા નથી તે મારું પરમ ધામ છે'** અને 'यदादित्यगतं तेजोजगद्भासयतेऽखिलम्। यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥ [ભગ.ગી. ૧૫-૧૨] **'આદિત્યમાં રહેલું તેજ સમગ્ર જગત્‌ને પ્રકાશમાન કરે છે, જે તેજ ચન્દ્રમાં છે અને જે અગ્નિમાં છે તે જ મારું જાણ.'** ॥૨૩॥

૭. પ્રમિત અધિકરણ

'કેવળથી અંગુષ્ઠ' પરિમિત — માપી શકાય એવા (પરમાત્મા) છે શબ્દથી જ ॥૨૪॥

'अङ्गुष्ठमात्रः पुरुषो मध्य आत्मनि तिष्ठति' [કાઠ. ૨-૪-૧૨] **'અંગુષ્ઠ જેનું પરિમાણ છે એવો પુરુષ દેહમધ્યે રહે છે'** એમ શ્રુતિ છે, અને ('अङ्गुष्ठमात्रः पुरुषो ज्योतिरिवाधूमकः । ईशानो भूतभव्यस्य स एवाद्य स उ श्व एतद्वै तत् ॥) [કાઠ. ૨-૪-૧૩] **'અંગુઠા જેટલું જેનું પરિમાણ છે એવો પુરુષ ધૂમરહિત જ્યોતિ જેવો છે, ભૂત અને ભવ્યનો ઈશ છે, તે આજે છે તે જ કાલે છે, ખરેખર એ જ તે છે'** એમ પણ શ્રુતિ છે. તેમાં જે અંગુષ્ઠમાત્ર પુરુષ શ્રુતિ વર્ણવે છે તે શું વિજ્ઞાનાત્મા છે કે પરમાત્મા એવો સંશય થાય છે. તેમાં પરિમાણના ઉપદેશથી પ્રથમ વિજ્ઞાનાત્મા છે એમ પ્રાપ્ત થાય છે. ખરેખર, જેનો આયામ અને વિસ્તાર અનન્ત છે એવા પરમાત્માને અંગુષ્ઠપરિમાણ યોગ્ય નહિ થાય. પણ વિજ્ઞાનાત્માને તો ઉપાધિ હોવાથી અંગુષ્ઠપરિમાણ કોઈક કલ્પનાથી સંભવે છે; અને 'अथ सत्यवतः कायात् पाशबद्धं वशं गतम् । अङ्गुष्ठमात्रं पुरुषं निश्चकर्ष यमो बलात् ॥ [મહાભા. ૩-૨૯૮-૧૭] **'પછી સત્યવત્‌ના શરીરમાંથી પાશબદ્ધ અને વશ થયેલાં અંગુઠા જેટલાં પુરુષને યમે બળથી ખેંચી કાઢ્યો'** એ સ્મૃતિથી પણ સંભવે છે. પરમેશ્વર બળપૂર્વક યમ દ્વારા ખેંચી કાઢવો શક્ય નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



एवेहापीत्येवं प्राप्ते –

ब्रूमः – परमात्मैवायमङ्गुष्ठमात्रपरिमितः पुरुषो भवितुमर्हति । कस्मात् ? शब्दात् – **'ईशानो भूतभव्यस्य'** इति । न ह्यन्यः परमेश्वराद्भूतभव्यस्य निरङ्कुशमीशिता । **'एतद्वै तत्'** इति च प्रकृतं पृष्टमिहानुसंदधाति, एतद्वै तत्, यत्पृष्टं ब्रह्मेत्यर्थः, पृष्टं चेह ब्रह्म –**'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् । अन्यत्र भूताश्च भव्याश्च यत्तत्पश्यसि तद्वद'** (काठ.उप. १-२-१४) इति । शब्दादेवेति – अभिधानश्रुतेरेव–ईशान इति परमेश्वरोऽवगम्यत इत्यर्थः ॥२४॥

कथं पुनः सर्वगतस्य परमात्मनः परिमाणोपदेश इत्यत्र ब्रूमः –

हृद्यपेक्षया तु मनुष्याधिकारत्वात् ॥२५॥

सर्वगतस्यापि परमात्मनो हृदयेऽवस्थानमपेक्ष्याङ्गुष्ठमात्रत्वमिदमुच्यते, आकाशस्येव वंशपर्वापेक्षमरत्निमात्रत्वम् । न ह्यञ्जसा अतिमात्रस्य परमात्मनोऽङ्गुष्ठमात्रत्वमुपपद्यते । न चान्यः परमात्मन इह ग्रहणमर्हति ईशानशब्दादिभ्य इत्युक्तम् । ननु प्रतिप्राणिभेदं हृदयानामनवस्थितत्वात्तदपेक्षमप्यङ्गुष्ठमात्रत्वं नोपपद्यत इत्यत उत्तरमुच्यते – **मनुष्याधिकारत्वादिति**, शास्त्रं ह्यविशेषप्रवृत्तमपि मनुष्यानेवाधिकरोति, शक्तत्वात्, अर्थित्वात्, अपर्युदस्तत्वात्, उपनयनादिशास्त्राच्च – इति वर्णितमेतदधिकारलक्षणे । (जैमि.६-१) मनुष्याणां च नियतपरिमाणः कायः, औचित्येन नियतपरिमाणमेव चैषामङ्गुष्ठमात्रं हृदयम्, अतो मनुष्याधिकारत्वाच्छास्त्रस्य मनुष्यहृदयावस्थानापेक्षमङ्गुष्ठमात्रत्वमुपपन्नं परमात्मनः । यदप्युक्तम् – परिमाणोपदेशात् स्मृतेश्च संसार्येवायमङ्गुष्ठमात्रः प्रत्येतव्य इति, तत्प्रत्युच्यते – **'स आत्मा तत्त्वमसि'** इत्यादिवत् संसारिण एव सतोऽङ्गुष्ठमात्रस्य ब्रह्मत्वमिदमुपदिश्यत इति । द्विरूपा हि वेदान्तवाक्यानां प्रवृत्तिः – क्वचित्परमात्मस्वरूपनिरूपणपरा, क्वचिद्विज्ञानात्मनः परमात्मैकत्वोपदेशपरा । तदत्र विज्ञानात्मनः परमात्मनैकत्वमुपदिश्यते, नाङ्गुष्ठमात्रत्वं कस्यचित् । एतमेवार्थं परेण स्फुटीकरिष्यति – **'अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा सदा**

તેથી અહીં સંસારી અંગુઠ માત્ર છે. એવો નિશ્ચય થાય છે. એવું આવી પડતાં

અમે કહીએ છીએ - એ અંગુષ્ઠમાત્ર પુરુષ પરમાત્મા જ હોવો જોઈએ. શા માટે ? 'ईशानो भूतभव्यस्य' 'ભૂત ને ભવ્યનો ઈશ' એ શબ્દને આધારે **'ખરેખર, તે એ છે'** એમ પ્રકૃત પૂછેલાનું અહીં અનુસંધાન કરે છે. જે બ્રહ્મ પૂછેલું છે તે એ જ છે એવો અર્થ છે; અને અહીં 'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात्। अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद ।।' [કાઠ. ૧-૨-૧૪] **'ધર્મથી પૃથગ્ભૂત, અધર્મથી પૃથગ્ભૂત, આ કાર્ય અને કારણથી અન્ય, ભૂત અને ભવિષ્યત્‌થી ભિન્ન, જે તે તું જુએ છે તે કહે'** એમ બ્રહ્મ વિષે પ્રશ્ન પૂછ્યો છે. શબ્દથી જ, એટલે 'ईशानः' (અધિકાર ચલાવનાર) એવી અભિધાનશ્રુતિથી જ તે પરમેશ્વર છે એમ સમજાય છે એવો અર્થ છે ॥૨૪॥

સર્વત્ર રહેલા પરમાત્માની બાબતમાં પરિમાણનો ઉપદોશ કેવી રીતે એ વાત અહીં કહે છે—

પણ હૃદયની બાબતમાં અપેક્ષાથી (પરમેશ્વર અંગુષ્ઠમાત્ર છે);
કારણ કે (શાસ્ત્રને વિષે) મનુષ્યને અધિકાર છે ॥૨૫॥

પરમેશ્વર સર્વવ્યાપક છે છતાં હૃદયની બાબતમાં તેના અવસ્થાનની અપેક્ષાથી તે અંગુઠ પરિમાણ છે એમ કહ્યું છે જેમ વાંસના સાંધાની અપેક્ષાએ આકાશ અરત્નિ (કનિષ્ઠિકાસહિત જે કર તેને અરત્નિ કહેવાય) જેટલું કહેવાય છે તેમ. ખરેખર, સર્વ પરિમાણને જે અતિક્રાન્ત છે એવા પરમેશ્વરને વાસ્તવિક અંગુષ્ઠપરિમાણ યુક્ત નથી; અને અન્ય હેતુઓથી એમ કહ્યું છે. પણ પ્રત્યેક પ્રાણિભેદમાં હૃદય વ્યવસ્થિત ન હોવાથી તેની અપેક્ષાથી પણ હૃદયપરિમાણ યુક્ત નથી તેને માટે સૂત્રનો પાછળનો ભાગ કહે છે કે ''मनुष्याधिकारत्वात्'' **'મનુષ્યનો અધિકાર હોવાથી'** ખરેખર, શાસ્ત્ર સામાન્ય રીતે પ્રવૃત્ત છે તો પણ મનુષ્યો જ તેને માટે અધિકાર છે; કારણ કે તેઓ શક્ત છે, કામનાવાળા છે, તેમને વિષે પર્યુદાસનિષેધ નથી, અને ઉપનયનાદિ શાસ્ત્ર તેમને લાગુ પડે છે એમ અધિકારના લક્ષણમાં જૈમિનિએ વર્ણવ્યું છે. (જૈમિ. ૬-૧) અને મનુષ્યોનો દેહ ચોક્કસપણે પરિમાણવાળો છે, તેથી એમનું હૃદય પણ પરિમાણવાળું અંગુષ્ઠમાત્ર છે એ ચોક્કસ છે. આથી જ શાસ્ત્રને માટે મનુષ્યને અધિકાર છે તેથી મનુષ્યના હૃદયની બાબતમાં અવસ્થાનની અપેક્ષાથી પરમાત્મા અંગુષ્ઠમાત્ર છે એ યુક્ત છે. પરિમાણના ઉપદેશથી અને સ્મૃતિથી એ અંગુષ્ઠમાત્ર સંસારી જ છે એમ સમજવું જોઈએ એવું જે કહ્યું છે તેનું અમે નિરસન કરીએ છીએ — 'स आत्मा तत्त्वमसि' **'તે આત્મા, તે તું છે'** વગેરેની જેમ સંસારી જ થતો અંગુષ્ઠમાત્ર પરમાત્મા છે એમ ઉપદેશ કર્યો છે. ખરેખર, વેદાન્તવાક્યોની પ્રવૃત્તિ બે પ્રકારની છે, કેટલાક સ્થળે પરમાત્માના સ્વરૂપનું નિરૂપણ કરે છે અને કેટલાક સ્થળે વિજ્ઞાનાત્મા પરમાત્માથી અભિન્ન છે એમ ઉપદેશ કરે છે. આથી અહીં વિજ્ઞાનાત્મા પરમાત્માથી અભિન્ન છે એમ ઉપદેશ કરે છે, કોઈ પણ અંગુષ્ઠમાત્ર છે એવો ઉપદેશ નથી. એ જ અર્થ 'अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा सदा जनानां हृदये संनिविष्टः। तं स्वाच्छरीरात्प्रवृहेन्मुञ्जादिवेषिकां धैयेण तं विद्याच्छुक्रममृतम्' [કાઠ. ૨-૬-૧૭] **'અંગુષ્ઠમાત્ર, પુરુષ, અન્તરાત્મા હંમેશા અધ્યયનને હૃદયમાં સંનિવિષ્ટ છે. તેને પોતાના**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जनानां हृदये संनिविष्टः । तं स्वाच्छरीरात्प्रवृहेन्मुञ्जादिवेषीकां धैर्येण, तं विद्याच्छुक्रममृतम्' (काठ.उप. २-६-१७) इति ॥२५॥

८. देवताधिकरणम्

तदुपर्यपि बादरायणः संभवात् ॥२६॥

अङ्गुष्ठमात्रश्रुतिर्मनुष्यहृदयापेक्षा मनुष्याधिकारत्वाच्छास्त्रस्येत्युक्तम्, तत्प्रसङ्गेनेदमुच्यते । बाढम्, मनुष्यानधिकरोति शास्त्रम्, न तु मनुष्यानेवेति इह ब्रह्मज्ञाने नियमोऽस्ति । तेषां मनुष्याणाम् उपरिष्टाद्ये देवादयः, तानप्यधिकरोति शास्त्रमिति बादरायण आचार्यो मन्यते, कस्मात् ? संभवात् । संभवति हि तेषामप्यर्थित्वाद्यधिकारकारणम्, तत्रार्थित्वं तावन्मोक्षविषयं देवादीनामपि संभवति विकारविषयविभूत्यनित्यत्वालोचनादिनिमित्तम्, तथा सामर्थ्यमपि तेषां संभवति, मन्त्रार्थवादेतिहासपुराणलोकेभ्यो विग्रहवत्त्वाद्यवगमात्, न च तेषां कश्चित्प्रतिषेधोऽस्ति, न चोपनयनशास्त्रेणैषामधिकारो निवर्त्येत, उपनयनस्य वेदाध्ययनार्थत्वात्, तेषां च स्वयंप्रतिभातवेदत्वात्, अपि चैषां विद्याग्रहणार्थं ब्रह्मचर्यादि दर्शयति – **'एकशतं ह वै वर्षाणि मघवान्प्रजापतौ ब्रह्मचर्यमुवास'** (छा.उप. ८-११-३) **'भृगुर्वै वारुणिः । वरुणं पितरमुपससार । अधीहि भगवो ब्रह्म'** (तैत्ति..उप. ३-१) इत्यादि । यदपि कर्मस्वनधिकारकारणमुक्तम् – **'न देवानां देवतान्तराभावात्'** (जैमि-सू. ६-१-६) इति, **'न ऋषीणाम्, आर्षेयान्तराभावात्'** (जैमि.सू. ६-१-७) इति, न तद्विद्यासु अस्ति । न हीन्द्रादीनां विद्यास्वधिक्रियमाणानामिन्द्राद्युद्देशेन किंचित्कृत्यमस्ति, न च भृग्वादीनां भृग्वादिसगोत्रतया । तस्माद्देवादीनामपि विद्यास्वधिकारः केन वार्यते ? देवाद्यधिकारेऽप्यङ्गुष्ठमात्रश्रुतिः स्वाङ्गुष्ठापेक्षया न विरुध्येत ॥२६॥

विरोधः कर्मणीति चेन्नानेकप्रतिपत्तेर्दर्शनात् ॥२७॥

स्यादेतत् – यदि विग्रहवत्त्वाद्यभ्युपगमेन देवादीनां विद्यास्वधिकारो वर्ण्येत, विग्रहवत्त्वात् ऋत्विगादिवदिन्द्रादीनामपि

શરીરમાંથી ધૈર્યથી પૃથક્ કરવો, જેમ મુંજમાંથી ઈષિકા જુદી કરાય તેમ. તેને શુક્લ અને અમૃત જાણવો' એ પછીના વાક્યથી સ્ફુટ કરશે ॥૨૫॥

તેની 'મનુષ્યની' ઉપરનાને પણ (શાસ્ત્રનો અધિકાર છે એમ બાદરાયણ માને છે;) સંભવ હોવાને કારણે ॥ ૨૬ ॥

અંગુષ્ઠમાત્રને લગતી શ્રુતિ મનુષ્યના હૃદયના સંબંધમાં છે, કારણ કે શાસ્ત્રના અધિકારી મનુષ્ય છે એમ કહ્યું છે તેના પ્રસંગમાં આ કહે છે કે શાસ્ત્રના અધિકારી મનુષ્ય છે એ સત્ય છે, પણ મનુષ્ય જ અધિકારી છે એવો બ્રહ્મજ્ઞાનમાં નિયમ નથી. તેમની એટલે મનુષ્યોની ઉપર જે દેવ વગેરે માટે છે તેઓ પણ શાસ્ત્રના અધિકારી છે એમ આચાર્ય બાદરાયણ માને છે. શા માટે ? સંભવ હોવાને કારણે. અર્થિત્વ વગેરે અધિકારનાં કારણો તેમને પણ સંભવે છે. તેમાં પ્રથમ મોક્ષ વિષે અર્થિત્વ- કામના દેવાદિને પણ સંભવે છે; કારણ કે વિકાર, વિષય અને વિભૂતિ નિત્ય નથી એવો વિચાર તેનું નિમિત્ત છે. તેમજ સામર્થ્ય પણ તેમને સંભવે છે; કારણ કે મન્ત્ર, અર્થવાદ, ઈતિહાસ, પુરાણ અને લોકાનુભવથી તેઓ શરીરી છે ઈત્યાદિની અવગતિ થાય છે. વળી તેમને કંઈ પ્રતિષેધ નથી; અને ઉપનયનશાસ્ત્રથી તેમનો અધિકાર નિવૃત્ત થાય નહિ; કારણ કે ઉપનયન અધ્યયનને માટે છે અને તેમને વેદનો પ્રકાશ સ્વતઃ થાય છે. વળી 'एकशतं ह वै वर्षाणि मघवान्प्रजापतौ ब्रह्मचर्यमुवास । [छान्दो.उप. ८-११-३] **'ખરેખર, એકસો ને એક વર્ષ ઈન્દ્ર પ્રજાપતિ પાસે બ્રહ્મચર્યમાં રહ્યા'**, 'भृगुर्वै वारुणिः । वरुणं पितरमुपससारा अधीहि भगवो ब्रह्म' [तैत्ति.उप. ३-१] **'વરુણનો પુત્ર ભૃગુ નામે પ્રસિદ્ધ હતો. તે પોતાના પિતા વરુણ પાસે ગયો. હે ભગવન્ તમે મને બ્રહ્મ શીખવાડો'** ઈત્યાદિ શ્રુતિવાક્યો વિદ્યાગ્રહણને અર્થે દેવોનું બ્રહ્મચર્યાદિ દર્શાવે છે. જો કે કર્મને માટે અનધિકારનું કારણ કહ્યું છે - 'न देवानां देवतान्तराभावात्' [જૈમિ.સૂ. ૬-૧-૬] **'દેવોની બાબતમાં અધિકાર નથી; કારણ કે અન્ય દેવોનો અભાવ છે કે જેને ઉદ્દેશીને કર્મ કરે'** અને 'न ऋषीणामार्षेयान्तराभावात्' (જૈમિ.સૂ. ૬-૧-૭) **'ઋષિઓનો કર્મને માટે અધિકાર નથી; કારણ કે બીજો ઋષિસમૂહ નથી'** - તો પણ તે વિદ્યાને વિષે નથી. ખરેખર, વિદ્યાઓને વિષે અધિકાર કરાતા ઈન્દ્રાદિઓનું કોઈપણ કૃત્ય ઈન્દ્રાદિઓને ઉદ્દેશીને નથી; અને ભૃગુ વગેરે ઋષિઓનું કોઈ પણ કૃત્ય ભૃગુ આદિના સગોત્રને ઉદ્દેશીને નથી. તેટલા માટે દેવોનો પણ વિદ્યાઓ વિષે અધિકાર કેવી રીતે અટકાવાય ? દેવ વગેરેના અધિકારમાં પણ અંગુષ્ઠમાત્રશ્રુતિ પોતાના અંગુષ્ઠના સંબંધથી વિરુદ્ધ નથી ॥૨૬॥

કર્મની બાબતમાં વિરોધ થશે એમ નહિ, અનેક પ્રતિપત્તિથી દર્શન થતું હોવાથી ॥૨૭॥

ભલે એમ થાય; શરીરત્વ વગેરે સ્વીકારવાથી દેવાદિનો વિદ્યાની બાબતમાં અધિકાર વર્ણવાય તો શરીરી હોવાથી ઋત્વિક્ વગેરેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वरूपसंनिधानेन कर्माङ्गभावोऽभ्युपगम्येत, तदा च विरोधः कर्मणि स्यात्, न हीन्द्रादीनां स्वरूपसंनिधानेन यागाङ्गभावो दृश्यते, न च संभवति, बहुषु यागेषु युगपदेकस्येन्द्रस्य स्वरूपसंनिधानानुपपत्तेरिति चेत्, नायमस्ति विरोधः, कस्मात् ? अनेकप्रतिपत्तेः। एकस्यापि देवतात्मनो युगपदनेकस्वरूपप्रतिपत्तिः संभवति । कथमेतदवगम्यते ? दर्शनात् । तथाहि – **'कति देवाः'** (बृह.उप. ३-९-१) इत्युपक्रम्य **'त्रयश्च त्री च शता त्रयश्च त्री च सहस्रा'** (बृह.उप. ३-९-१) इति निरुच्य **'कतमे ते'** इत्यस्यां पृच्छायाम् **'महिमान एवैषामेते त्रयस्त्रिंशत्त्वेव देवाः'** (बृह.उप. ३-९-२) इति ब्रुवती श्रुतिः एकैकस्य देवतात्मनो युगपदनेकरूपतां दर्शयति । तथा त्रयस्त्रिंशतोऽपि षडाद्यन्तर्भावक्रमेण **'कतम एको देव इति प्राणः'** (बृह.उप. ३-९-९) इति प्राणैकरूपतां देवानां दर्शयन्ती तस्यैव एकस्य प्राणस्य युगपदनेकरूपतां दर्शयति । तथा स्मृतिरपि – **'आत्मनो वै शरीराणि बहूनि भरतर्षभ । योगी कुर्याद्बलं प्राप्य तैश्च सर्वैर्महीं चरेत् ॥ प्राप्नुयाद्विषयान्कैश्चित्कैश्चिदुग्रं तपश्चरेत् । संक्षिपेच्च पुनस्तानि सूर्यो रश्मिगणानिव'** इत्येवंजातीयका प्राप्ताणिमाद्यैश्वर्याणां योगिनामपि युगपदनेकशरीरयोगं दर्शयति, किमु वक्तव्यमाजन्मसिद्धानां देवानाम् ? अनेकरूपप्रतिपत्तिसंभवाच्च एकैका देवता बहुभी रूपैरात्मानं प्रविभज्य बहुषु यागेषु युगपदङ्गभावं गच्छतीति । परैश्च न दृश्यते, अन्तर्धानादिशक्तियोगात् – इत्युपपद्यते । **'अनेकप्रतिपत्तेर्दर्शनात्'** इत्यस्यापरा व्याख्या – विग्रहवतामपि कर्माङ्गभावचोदनासु अनेका प्रतिपत्तिर्दृश्यते, क्वचिदेकोऽपि विग्रहवाननेकत्रयुगपदङ्गभावं न गच्छति, यथा बहुभिर्भोजयद्भिर्नैको ब्राह्मणो युगपद्भोज्यते, क्वचिच्चैकोऽपि विग्रहवाननेकत्र युगपदङ्गभावं गच्छति, यथा बहुभिर्नमस्कुर्वाणैरेको ब्राह्मणो युगपन्नमस्क्रियते, तद्वदिहोद्देशपरित्यागात्मकत्वात् यागस्य विग्रहवतीमप्येकां देवतामुद्दिश्य बहवः स्वं स्वं द्रव्यं युगपत्परित्यक्ष्यन्तीति विग्रहवत्त्वेऽपि देवानां न किंचित्कर्मणि विरुध्यते ॥२७॥

शब्द इति चेन्नातःप्रभवात्प्रत्यक्षानुमानाभ्याम् ॥२८॥

જેમ ઇન્દ્રાદિઓનો પણ સ્વરૂપના સંનિધાનથી કર્મનો અંગભાવ સ્વીકારાશે અને ત્યારે કર્મની બાબતમાં વિરોધ થશે. ખરેખર, ઇન્દ્રાદિઓનો સ્વરૂપના સંનિધાનથી યાગને વિષે અંગભાવ દેખાતો નથી; અને સંભવતો પણ નથી; કારણ કે બહુ યાગોમાં એક જ સમયે એક ઇન્દ્રનું સ્વરૂપસંનિધાન યુક્ત નથી. આમ જો કોઈ આક્ષેપ કરે તો અમે કહીએ છીએ કે તે વિરોધ નથી. કેમ ? અનેક પ્રતિપત્તિ છે માટે એક પણ દેવતાત્માની એક સમયે અનેક સ્વરૂપપ્રાપ્તિ સંભવે છે. એ કેવી રીતે સમજાય છે ? દર્શન થતું હોવાને લીધે; કેમકે 'कति देवाः [બૃહ.ઉપ. ૩।૯।૧] (દેવો કેટલા છે ?) એમ ઉપક્રમ કરીને 'त्रयश्च त्री च शता त्रयश्च त्री च सहस्रा' [બૃહ.ઉપ. ૩-૯-૧] 'ત્રણસો ને ત્રણ, ત્રણ હજાર ને ત્રણ' એમ નિર્વચન કરીને 'कतमे ते' [બૃહ.ઉપ. ૩-૯-૧] **'તે ક્યા છે ?'** એમ પ્રશ્ન થયો એટલે 'महिमान एवैषामेते त्रयस्त्रिशत्वेव देवाः' [બૃહ.ઉપ. ૩-૯-૨] **'એ એમનો મહિમા જ છે. દેવો તો તેત્રીસ જ છે'** એમ કહેતી શ્રુતિ એક જ દેવતાત્માનાં એક સમયે અનેક રૂપ દર્શાવે છે. તેમજ એ તેત્રીસ દેવોનો છ વગેરેમાં અનુક્રમે અન્તર્ભાવ દર્શાવી 'कतम एको देव इति प्राणः [બૃહ.ઉપ. ૩-૯-૯] **'એક દેવ કયો ? પ્રાણ'** એમ દેવોનું પ્રાણૈકસ્વરૂપ દર્શાવતી શ્રુતિ તે જ એક પ્રાણના એક સમયે અનેક સ્વરૂપ દર્શાવે છે. તેમજ 'आत्मनो वै शरीराणि बहूनि भरतर्षभ । योगी कुर्याद्बलं प्राप्य तैश्च सर्वैर्महीं चरेत् ॥ प्राप्नुयाद्विषयान् कैश्चित् कैश्चिदुग्रं तपश्चरेत् । संक्षिपेच्च पुनस्तानि सूर्यो रश्मिगणानिव ॥" **'હે ભરતશ્રેષ્ઠ, યોગી બળ પ્રાપ્ત કરીને પોતાનાં અનેક શરીરો કરી શકે અને તે સર્વ દ્વારા પૃથ્વી પર ફરી શકે. કેટલાંકથી વિષયો પ્રાપ્ત કરે અને કેટલાંકથી ઉગ્ર તપનું આચરણ કરે. વળી જેમ સૂર્ય કિરણસમૂહને કરે છે તેમ તે શરીરોને પાછાં ખેંચી લે'** એવા પ્રકારની સ્મૃતિ પણ જેણે અણિમા આદિ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે તેવા યોગીઓનો પણ એક સમયે અનેક શરીરો સાથે યોગ દર્શાવે છે, તો જન્મથી સિદ્ધ દેવોની બાબતમાં તો કહેવું જ શું ? અનેક રૂપની પ્રાપ્તિના સંભવથી પ્રત્યેક દેવતા અનેક રૂપોથી સ્વદેહના વિભાગ કરી અનેક યોગોમાં એક જ સમયે અંગભાવ પામે છે; અને અન્તર્ધાનાદિ ક્રિયાના યોગથી અન્ય પુરુષો જોઈ શકતા નથી. તેથી દેવોનો વિદ્યાને વિષે અધિકાર યોગ્ય છે. 'अनेकप्रतिपत्तेर्दर्शनात्' એની બીજી વ્યાખ્યા — શરીરીઓની પણ કર્માંગભાવપ્રેરણાઓમાં અનેક પ્રાપ્તિ દેખાય છે. કોઈક વખત એક પણ શરીરી અનેક સ્થળે એક સમયે અંગભાવ પામતો નથી. જેમ કે બહુ ભોજન કરાવનારાઓથી એક જ સમયે એક બ્રાહ્મણને ભોજન કરાવાતું નથી. કોઈક વાર એક પણ શરીરી એક જ સમયે અનેક સ્થળે અંગભાવ પામે છે, જેમકે બહુ નમસ્કાર કરનારાઓથી એક સાથે એક બ્રાહ્મણને નમસ્કાર કરાય છે. તે પ્રમાણે અહીં (દેવને) ઉદ્દેશીને (દ્રવ્યનો) પરિત્યાગ કરવાનું સ્વરૂપ યાગનું હોવાથી એક પણ શરીરિણી દેવતાને ઉદ્દેશીને અનેક દેવો પોતપોતાના દ્રવ્યનો એક સમયે ત્યાગ કરી શકશે; માટે દેવો શરીરી છે તો પણ કર્મને વિષે કંઈ વિરોધ નથી. ॥૨૭॥

શબ્દમાં (વિરોધ થશે) એમ (કહેશો) તો ના, એમાંથી 'જગત્‌નો'
પ્રભવ (જન્મ) થતો હોવાથી, પ્રત્યક્ષ અને અનુમાનથી ॥૨૮॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

मा नाम विग्रहवत्त्वे देवादीनामभ्युपगम्यमाने कर्मणि कश्चिद्विरोधः प्रसज्जि, शब्दे तु विरोधः प्रसज्येत । कथम्? औत्पत्तिकं हि शब्दस्यार्थेन संबन्धमाश्रित्य **'अनपेक्षत्वात्'** इति वेदस्य प्रामाण्यं स्थापितम् । इदानीं तु विग्रहवती देवताभ्युपगम्यमाना यद्यप्यैश्वर्ययोगाद्युगपदनेककर्मसंबन्धीनि हवींषि भुञ्जीत, तथापि विग्रहयोगादस्मदादिवज्जननमरणवती सेति, नित्यस्य शब्दस्य नित्येनार्थेन नित्ये संबन्धे प्रतीयमाने यद्वैदिके शब्दे प्रामाण्यं स्थितम्, तस्य विरोधः स्यादिति चेत्, नायमप्यस्ति, विरोधः, कस्मात् ? अतः प्रभवात् । अत एव हि वैदिकाच्छब्दाद्देवादिकं जगत्प्रभवति ॥

ननु **'जन्माद्यस्य यतः'** (बृह.उप. १-१-२) इत्यत्र ब्रह्मप्रभवत्वं जगतोऽवधारितम्, कथमिह शब्दप्रभवत्वमुच्यते ? अपि च यदि नाम वैदिकाच्छब्दादस्य प्रभवोऽभ्युपगतः, कथमेतावता विरोधः शब्दे परिहृतः ? यावता वसवो रुद्रा आदित्या विश्वेदेवा मरुत इत्येतेऽर्था अनित्या एव, उत्पत्तिमत्त्वात्, तदनित्यत्वे च तद्वाचिनां वैदिकानां वस्वादिशब्दानामनित्यत्वं केन निवार्यते ? प्रसिद्धं हि लोके देवदत्तस्य पुत्र उत्पन्ने यज्ञदत्त इति तस्य नाम क्रियत इति, तस्माद्विरोध एव शब्द इति चेत्, नः गवादिशब्दार्थसंबन्धनित्यत्वदर्शनात् । न हि गवादिव्यक्तीनामुत्पत्तिमत्त्वे तदाकृतीनामप्युत्पत्तिमत्त्वं स्यात् । द्रव्यगुणकर्मणां हि व्यक्तय एवोत्पद्यन्ते, नाकृतयः । आकृतिभिश्च शब्दानां संबन्धः, न व्यक्तिभिः, व्यक्तीनामानन्त्यात्संबन्धग्रहणानुपपत्तेः । व्यक्तिषूत्पद्यमानास्वप्याकृतीनां नित्यत्वात् न गवादिशब्देषु कश्चिद्विरोधो दृश्यते । तथा देवादिव्यक्तिप्रभवाभ्युपगमेऽप्याकृतिनित्यत्वात् न कश्चिद्वस्वादिशब्देषु विरोध इति द्रष्टव्यम् । आकृतिविशेषस्तु देवादीनां मन्त्रार्थवादादिभ्यो विग्रहवत्त्वाद्यवगमादवगन्तव्यः । स्थानविशेषसंबन्धनिमित्ता वा इन्द्रादिशब्दाः सेनापत्यादिशब्दवत् । ततश्च यो यस्तत्तत्स्थानमधितिष्ठति, स स इन्द्रादिशब्दैरभिधीयत इति न दोषो भवति । न चेदं शब्दप्रभवत्वं ब्रह्मप्रभवत्ववदुपादानकारणत्वाभिप्रायेणोच्यते । कथं तर्हि, स्थित वाचकात्मना नित्ये शब्दे नित्यार्थसंबन्धिनि शब्दव्यवहारयोग्यार्थव्यक्तिनिष्पत्तिः **'अतः प्रभवः'** इत्युच्यते । कथं पुनरवगम्यते शब्दात्प्रभवति जगदिति ? — प्रत्यक्षानुमानाभ्याम्, प्रत्यक्षं हि श्रुतिः, प्रामाण्यं प्रत्यनपेक्षत्वात्, अनुमानं स्मृतिः, प्रामाण्यं प्रति सापेक्षत्वात्, ते हि शब्दपूर्वां सृष्टिं दर्शयतः, **'एत इति वै प्रजापतिर्देवानसृजतासृग्रमिति मनुष्यानिन्दव इति पितॄंस्तिरःपवित्रमिति ग्रहानाशव इति स्तोत्रं**

દેવ વગેરેના શરીરિત્વ સ્વીકારવાથી કર્મમાં કંઈ પણ વિરોધ ન આવે, પણ શબ્દમાં તો વિરોધ પ્રાપ્ત થશે. કેવી રીતે? અર્થની સાથે શબ્દના ઔત્પત્તિક સંબન્ધનો આશ્રય કરીને 'अनपेक्षत्वात्' **'અપેક્ષા ન હોવાથી'** એમ વેદનું પ્રામાણ્ય સ્થાપિત કરેલું છે. પણ હવે જો કે દેવો શરીરી છે એમ સ્વીકારવાથી ઐશ્વર્યયોગને કારણે એક સમયે અનેક કર્મની સાથે સંબંધ રાખતાં હવિષોનો ઉપભોગ કરે, તો પણ શરીરના યોગથી આપણી અને બીજાઓની જેમ તે જન્મ અને મરણવાળા થાય, તેથી નિત્ય શબ્દનો નિત્ય અર્થની સાથે નિત્ય સંબંધ પ્રતીયમાન થવાથી વૈદિક શબ્દમાં જે પ્રામાણ્ય છે તેનો વિરોધ થાય એમ જો કહેશો તો અમે કહીએ છીએ કે એ પણ વિરોધ નથી. કેવી રીતે ? એમાંથી પ્રભવ છે તેથી. એમાંથી જ અર્થાત્ વૈદિક શબ્દમાંથી જ દેવ વગેરે જગત્ પ્રભવ પામે છે.

પણ 'जन्माद्यस्य यतः' [બ્રહ્મ.સૂ. ૧-૧-૨] એમાં બ્રહ્મમાંથી જગત્ પ્રભવે છે એમ અવધારણ કર્યું છે; અહીં શબ્દમાંથી પ્રભવે છે એવું કેમ કહ્યું છે ? વળી વૈદિક શબ્દથી એનો પ્રભવ સ્વીકારાય તો એને આધારે શબ્દમાં વિરોધનો પરિહાર શી રીતે થાય ? કારણ કે વસુ, રુદ્ર, આદિત્ય, વિશ્વદેવ અને મરુત્ એ અર્થો અનિત્ય જ છે; કેમ કે તેમને ઉત્પત્તિ છે. તેઓ અનિત્ય હોવાને કારણે તેના વાચક વૈદિક 'વસુ' વગેરે શબ્દોનું અનિત્યત્વ શાથી અટકાવાશે? લોકમાં પ્રસિદ્ધ જ છે કે દેવદત્તને પુત્ર ઉત્પન્ન થતાં 'યજ્ઞદત્ત' એવું તેનું નામ કરાય છે. તેથી શબ્દની બાબતમાં વિરોધ જ છે એમ કહેશો તો ના; કારણ કે ગો વગેરે શબ્દ અને અર્થનો સંબંધ નિત્ય છે એમ જોવામાં આવે છે. ખરેખર, ગો વગેરે વ્યક્તિને ઉત્પત્તિ છે માટે તેની આકૃતિને પણ ઉત્પત્તિ છે એમ નહિ થાય. દ્રવ્ય, ગુણ અને કર્મની વ્યક્તિઓ જ ઉત્પન્ન થાય છે, આકૃતિઓ નહિ; અને શબ્દોનો સંબંધ આકૃતિઓ સાથે છે, વ્યક્તિઓ સાથે નહિ; કારણ કે વ્યક્તિઓ અનન્ત હોવાથી તેમની સાથે સંબંધ લેવો યોગ્ય નથી. વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે છતાં પણ આકૃતિઓ નિત્ય હોવાથી ગો વગેરે શબ્દોમાં કંઈ પણ વિરોધ નથી એમ સમજવું. દેવ વગેરેની વિશિષ્ટ આકૃતિઓ તો મન્ત્ર, અર્થવાદ વગેરે વડે શરીરિત્વ વગેરેની અવગતિ થવાથી સમજવાની છે. સેનાપતિ આદિ શબ્દોની જેમ ઇન્દ્ર વગેરે શબ્દો વિશિષ્ટ સ્થાનના સંબંધથી થયા છે. આથી જે જે તે તે સ્થાનનું અધિરોહણ કરે છે તેનું તેનું ઇન્દ્રાદિ શબ્દોથી અભિધાન થાય છે માટે દોષ થશે નહિ; અને જગત્ શબ્દમાંથી ઉત્પન્ન થાય છે એ, બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે તેની જેમ ઉપાદાનકારણના અભિપ્રાયથી કહ્યું નથી. તો પછી કેવી રીતે ? નિત્ય અર્થની સાથે સંબંધ ધરાવતો નિત્ય શબ્દ વાચકના સ્વરૂપે હોય છે ત્યારે શબ્દવ્યવહારયોગ્ય અર્થની નિષ્પત્તિ થાય છે, તેથી શબ્દમાંથી પ્રભવ થાય છે એમ કહે છે. પણ શબ્દમાંથી જગત્ પ્રભવે છે એમ કેવી રીતે સમજાય છે ? પ્રત્યક્ષ અને અનુમાનથી. પ્રત્યક્ષ અર્થાત્ શ્રુતિ, કારણ કે તેના પ્રામાણ્ય માટે અપેક્ષા છે. ખરેખર, તેઓ શબ્દપૂર્વ સૃષ્ટિ દર્શાવે છે. 'एत इति वै प्रजापतिर्देवानसृजतासृग्रमिति मनुष्यानिन्दव इति पितॄंस्तिरः पवित्रमिति ग्रहानाशव इति स्तोत्रं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विश्वानीति शस्त्रमभिसौभगेत्यन्याः प्रजाः' इति श्रुतिः, तंथान्यत्रापि '**स मनसा वाचं मिथुनं समभवत्**' (बृह.उप. १-२-४) इत्यादिना तत्र तत्र शब्दपूर्विका सृष्टिः श्राव्यते, स्मृतिरपि– '**अनादिनिधना नित्या वागुत्सृष्टा स्वयंभुवा । आदौ वेदमयी दिव्या यतः सर्वाः प्रवृत्तयः**' (म.भा.शा. २३-३-२४) इति, उत्सर्गोऽप्ययं वाचः संप्रदायप्रवर्तनात्मको द्रष्टव्यः, अनादिनिधनाया अन्यादृशस्योत्सर्गस्यासंभवात्, तथा '**नाम रूपं च भूतानां कर्मणां च प्रवर्तनम् । वेदशब्देभ्य एवादौ निर्ममे स महेश्वरः**' (मनु. १-२१) इति । '**सर्वेषां तु स नामानि कर्माणि च पृथक् पृथक् । वेदशब्देभ्य एवादौ पृथक् संस्थाश्च निर्ममे**' इति च, अपि च चिकीर्षितमर्थमनुतिष्ठन् तस्य वाचकं शब्दं पूर्वं स्मृत्वा पश्चात्तमर्थमनुतिष्ठतीति सर्वेषां नः प्रत्यक्षमेतत्, तथा प्रजापतेरपि स्त्रष्टुः सृष्टेः पूर्वं वैदिकाः शब्दा मनसि प्रादुर्बभूवुः, पश्चात्तदनुगतानर्थान्ससर्जेति गम्यते, तथा च श्रुतिः '**स भूरिति व्याहरत् स भूमिमसृजत**' (तैत्ति.ब्रा. २-२-४-२) इत्येवमादिका भूरादिशब्देभ्य एव मनसि प्रादुर्भूतेभ्यो भूरादिलोकान्सृष्टान्दर्शयति ॥

किमात्मकं पुनः शब्दमभिप्रेत्येदं शब्दप्रभवत्वमुच्यते ? स्फोटम् इत्याह । वर्णपक्षे हि तेषामुत्पन्नप्रध्वंसित्वान्नित्येभ्यः शब्देभ्यो देवादिव्यक्तीनां प्रभव इत्यनुपपन्नं स्यात्, उत्पन्नध्वंसिनश्च वर्णाः, प्रत्युच्चारणमन्यथा चान्यथा च प्रतीयमानत्वात्, तथा ह्यदृश्यमानोऽपि पुरुषविशेषोऽध्ययनध्वनिश्रवणादेव विशेषतो निर्धार्यते – '**देवदत्तोऽयमधीते, यज्ञदत्तोऽयमधीते**' इति, न चायं वर्णविषयोऽन्यथात्वप्रत्ययो मिथ्याज्ञानम्, बाधकप्रत्ययाभावात् । न च वर्णेभ्योऽर्थावगतिर्युक्ता, न ह्येकैको वर्णोऽर्थं प्रत्याययेत्, व्यभिचारात्, न च वर्णसमुदायप्रत्ययोऽस्ति, क्रमवर्तित्वाद्वर्णानाम्, पूर्वपूर्ववर्णानुभवजनितसंस्कारसहितोऽन्त्यो वर्णोऽर्थं प्रत्याययिष्यतीति यद्युच्येत, तन्न, संबन्धग्रहणापेक्षो हि शब्दः स्वयं प्रतीयमानोऽर्थं प्रत्याययेत्, धूमादिवत्, न च पूर्वपूर्ववर्णानुभवजनितसंस्कारसहितस्यान्त्यवर्णस्य प्रतीतिरस्ति, अप्रत्यक्षत्वात्संस्काराणाम्, कार्यप्रत्यायितैः संस्कारैः

विश्वानीति शस्त्रमभिसौभगेत्यन्याः प्रजाः' **ખરેખર, 'एते' એ પદનું સ્મરણ કરી પ્રજાપતિએ દેવોને સર્જ્યા 'असृग्रम्' પદ સ્મરણ કરી મનુષ્યોને, 'इन्दवः' નું સ્મરણ કરી પિતૃઓને, 'तिरः पवित्रम्'નું સ્મરણ કરી ગ્રહોને, 'आशवः' સ્મરણ કરીને સ્તોત્રને, 'विश्वानि' સ્મરણ કરી શસ્ત્રને, અને 'अभिसौभगा'-ને સ્મરી અન્ય પ્રજાને'** એ શ્રુતિ. તથા અન્ય સ્થળે પણ 'स मनसा वाचं समभवत्' (બૃહ. ઉપ. ૧-૨-૪) **'તે પ્રજાપતિએ મન સાથે વાણીનું સ્વરૂપ ધારણ કર્યું.'** ઇત્યાદિથી સ્થળે સ્થળે શ્રુતિ શબ્દપૂર્વક સૃષ્ટિનું શ્રવણ કરાવે છે. સ્મૃતિ પણ - 'अनादिनिधना नित्या वागुत्सृष्टा स्वयंभुवा । आदौ वेदमयी दिव्या यतः सर्वाः प्रवृत्तयः ॥' (મ.ભા.સા. ૨૩-૩-૨૪) **'આરંભમાં સ્વયંભૂએ અનાદિ અને અનન્ત, નિત્ય, દિવ્ય, વેદમયી વાણીનું સર્જન કર્યુ, જેમાંથી સર્વ પ્રવૃત્તિઓ થઈ'.** વાણીનો એ ઉત્સર્ગ પણ સંપ્રદાયપ્રવર્તના-સ્વરૂપ જ સમજવો; કારણ અનાદિ અને અનન્ત વાણીનો બીજા પ્રકારનો ઉત્સર્ગ સંભવિત નથી. તેમજ 'नामरूपं च भूतानां कर्मणां च प्रवर्तनम् । वेदशब्देभ्य एवादौ निर्ममे स महेश्वरः ॥' (મનુ. ૧-૨૧) **'તે મહેશ્વરે આરંભમાં વેદશબ્દોથી જ, ભૂતોનાં નામ, રૂપ અને કર્મોનું પ્રવર્તન કર્યું'** અને 'सर्वेणां तु स नामानि कर्माणि च पृथक् पृथक् । वेदशब्देभ्य एवादौ पृथक्संस्थाश्च निर्ममे॥' **'તેણે આરંભમાં સર્વનાં પૃથક્ પૃથક્ નામ અને કર્મો તથા પૃથક્ સ્થિતિ-એ સર્વ વેદ શબ્દોથી જ નિર્માણ કર્યું'.** વળી ચિકીર્ષિત વસ્તુ કરનાર તે વસ્તુનો વાચક શબ્દ પહેલાં સ્મરીને પછી તે વસ્તુ કરે છે એ આપણે બધાને પ્રત્યક્ષ છે. તેમજ પ્રજાપતિ સૃષ્ટાને પણ સૃષ્ટિની પૂર્વે વૈદિક શબ્દો મનમાં પ્રાદુર્ભૂત થયા. પછી શબ્દને અનુગત અર્થો-વસ્તુઓને તેણે સર્જી એમ સમજાય છે. તેમજ 'स भूरिति व्याहरत् स भूमिमसृजत' (તૈત્તિ. બ્રા. ૨-૨-૪-૨) **'તેણે ભૂઃ એમ ઉચ્ચાર કર્યો, તેણે ભૂમિ સર્જી'** ઇત્યાદિ શ્રુતિ મનમાં પ્રાદુર્ભાવ પામેલા ભૂર્ વગેરે શબ્દોથી જ ભૂર્ વગેરે લોકો સર્જાયા છે એમ દર્શાવે છે.

પણ કેવા સ્વરૂપવાળા શબ્દને ઉદ્દેશીને શબ્દમાંથી આ જગત્‌ની સૃષ્ટિ કહી છે ? સ્ફોટ એમ કહે છે. ખરેખર, વર્ણપક્ષમાં, વર્ણો ઉત્પન્ન અને વિનાશી હોવાથી નિત્ય શબ્દોમાંથી દેવ વગેરે વ્યક્તિઓનો જન્મ થાય છે એ બરાબર લાગતું નથી. વર્ણ ઉત્પન્ન થાય છે કે તરત વિનાશી છે, કેમકે પ્રત્યુચ્ચારસમયે જુદી જુદી રીતે પ્રતીત થાય છે, જેમકે કોઈક પુરુષ દશ્યમાન ન હોય તો પણ તેના અધ્યયનના ધ્વનિ સાંભળવાથી જ એ દેવદત્ત અધ્યયન કરે છે કે યજ્ઞદત્ત અધ્યયન કરે છે તે વિશેષતઃ નિર્ધારણ (નક્કી) કરી શકાય છે. વળી વર્ણસંબન્ધી આ જુદી જુદી પ્રતીતિ મિથ્યાજ્ઞાન નથી, કેમકે એ પ્રતીતિની બાધ કરનારી પ્રતીતિનો અભાવ છે. તેમજ વર્ણોમાંથી અર્થની અવગતિ યોગ્ય નથી. ખરેખર, પ્રત્યેક વર્ણ અર્થની પ્રતીતિ કરાવી શકે નહિ, કારણ વ્યભિચાર થાય. તથા વર્ણના સમુદાયમાંથી પણ અર્થની પ્રતીતિ થતી નથી, કારણ વર્ણોનો ક્રમ હોય છે. પૂર્વ પૂર્વ વર્ણના અનુભવથી ઉત્પન્ન થયેલા સંસ્કાર સાથે અન્ત્ય વર્ણ અર્થની પ્રતીતિ કરાવશે એમ જો કહેશે તો તેમ નહિ, કારણ, શબ્દને સંબન્ધ ગ્રહણ કરવાની અપેક્ષા છે, માટે સ્વયં પ્રતીત થતો અર્થની પ્રતીતિ કરાવે, ધૂમાદિની જેમ. પણ પૂર્વ પૂર્વ વર્ણના અનુભવથી ઉત્પન્ન થયેલા સંસ્કાર સાથે અન્ત્ય વર્ણની પ્રતીતિ થતી નથી, કેમકે સંસ્કારો પ્રત્યક્ષ નથી. કાર્યથી પ્રતીત થયેલાં સંસ્કારો સાથે અન્ત્ય વર્ણ અર્થની પ્રતીતિ કરાવશે એમ જો કહેશો તો ના, કારણ સંસ્કારનું કાર્ય જે સ્મરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सहितोऽन्त्यो वर्णोऽर्थं प्रत्याययिष्यतीति चेत्, न, संस्कारकार्यस्यापि स्मरणस्य क्रमवर्तित्वात्, तस्मात्स्फोट एव शब्दः । स चैकैकवर्णप्रत्ययाहितसंस्कारबीजेऽन्त्यवर्णप्रत्ययजनितपरिपाके प्रत्ययिन्येकप्रत्ययविषयतया झटिति प्रत्यवभासते, न चायमेकप्रत्ययो वर्णविषया स्मृतिः, वर्णानामेकत्वादेकप्रत्ययविषयत्वानुपपत्तेः, तस्य च प्रत्युच्चारणं प्रत्यभिज्ञायमानत्वान्नित्यत्वम्, भेदप्रत्ययस्य वर्णविषयत्वात् । तस्मान्नित्याच्छब्दात्स्फोटरूपादभिधायकात्क्रियाकारकफललक्षणं जगदभिधेयभूतं प्रभवतीति ॥

'वर्णा एव तु शब्दः' इति भगवानुपवर्षः । ननूत्पन्नप्रध्वंसित्वं वर्णानामुक्तम्, तन्न, त एवेति प्रत्यभिज्ञानात्, सादृश्यात्प्रत्यभिज्ञानं केशादिष्विवेति चेत्, न, प्रत्यभिज्ञानस्य प्रमाणान्तरेण बाधानुपपत्तेः, प्रत्यभिज्ञानमाकृतिनिमित्तमिति चेत्, न, व्यक्तिप्रत्यभिज्ञानात्, यदि हि प्रत्युच्चारणं गवादिव्यक्तिवदन्या अन्या वर्णव्यक्तयः प्रतीयेरन्, तत आकृतिनिमित्तं प्रत्यभिज्ञानं स्यात्, न त्वेतदस्ति, वर्णव्यक्तय एव हि प्रत्युच्चारणं प्रत्यभिज्ञायन्ते, द्विर्गोशब्द उच्चारितः — इति हि प्रतिपत्तिः, न तु द्वौ गोशब्दाविति । ननु वर्णा अप्युच्चारणभेदेन भिन्नाः प्रतीयन्ते, देवदत्तयज्ञदत्तयोरध्ययनध्वनिश्रवणादेव भेदप्रतीतेरित्युक्तम्, अत्राभिधीयते — सति वर्णविषये निश्चिते प्रत्यभिज्ञाने, संयोगविभागाभिव्यङ्ग्यत्वाद्वर्णानाम्, अभिव्यञ्जकवैचित्र्यनिमित्तोऽयं वर्णविषयो विचित्रः प्रत्ययः, न स्वरूपनिमित्तः, अपि च वर्णव्यक्तिभेदवादिनापि प्रत्यभिज्ञानसिद्धये वर्णाकृतयः कल्पयितव्याः, तासु च परोपाधिको भेदप्रत्यय इत्युभ्युपगन्तव्यम्, तद्वरं वर्णव्यक्तिष्वेव परोपाधिको भेदप्रत्ययः, स्वरूपनिमित्तं च प्रत्यभिज्ञानम् — इति कल्पनालाघवम् । एष एव च वर्णविषयस्य भेदप्रत्ययस्य बाधकः प्रत्ययः, यत्प्रत्यभिज्ञानम् । कथं ह्येकस्मिन्काले बहूनामुच्चारयतामेक एव सन् गकारो युगपदनेकरूपः स्यात् — उदात्तश्चानुदात्तश्च स्वरितश्च सानुनासिकश्च निरनुनासिकश्चेति, अथवा ध्वनिकृतोऽयं भेदपत्ययो न वर्णकृत इत्यदोषः । कः पुनरयं ध्वनिर्नाम ? यो दूरादाकर्णयतो वर्णविवेकमप्रतिपद्यमानस्य कर्णपथमवतरति, प्रत्यासीदतश्च पटुमृदुत्वादिभेदं वर्णेष्वासञ्जयति, तन्निबन्धनाश्चोदात्तादयो विशेषाः, न वर्णस्वरूपनिबन्धनाः, वर्णानां प्रत्युच्चारणं प्रत्यभिज्ञायमानत्वात्, एवं च सति सालम्बना एवैते उदात्तादिप्रत्यया भविष्यन्ति, इतरथा हि वर्णानां

છે તે પણ ક્રમિક છે. આથી સ્ફોટ જ શબ્દ છે. તે સ્ફોટ પ્રત્યેક વર્ણની પ્રતીતિએ જેમાં સંસ્કારરૂપ બીજ મૂકેલું છે અને અન્ત્ય વર્ણની પ્રતીતિએ જેમાં પરિપાક ઉત્પન્ન કર્યો છે એવા પ્રતીતિ કરનાર ચિત્તમાં એક પ્રતીતિના વિષય તરીકે એકદમ પ્રકાશે છે, અને એ એક પ્રતીતિ વર્ણસંબંધી સ્મૃતિ નથી, કારણ વર્ણો અનેક હોવાથી તેઓ એક પ્રતીતિના વિષય થાય એ ઉચિત નથી. તેની પ્રત્યુચ્ચારણ સમયે પ્રત્યભિજ્ઞા થવાથી તે નિત્ય છે, કારણ કે ભેદપ્રતીતિ વર્ણના સંબન્ધમાં છે. આથી સ્ફોટરૂપ નિત્ય, વાચક શબ્દમાંથી ક્રિયા, કારક અને ફળલક્ષણ જગત્ જે વાચ્ય છે તે ઉત્પન્ન થાય છે એમ. ભગવાન્ ઉપવર્ષ કહે છે કે 'વર્ણા એવ તુ શબ્દઃ' **'વર્ણ એ જ શબ્દ છે'.**

પણ વર્ણો તો ઉત્પન્ન થાય છે કે તરત વિનાશશીલ છે એમ કહ્યું છે. એમ નહિ, કારણ તે જ છે એમ પ્રત્યભિજ્ઞા થાય છે. જો કેશાદિમાં થાય છે તેમ સાદશ્યથી પ્રત્યભિજ્ઞાન થાય છે એમ કહેશો તો ના, કારણ પ્રત્યભિજ્ઞાનનો અન્ય પ્રમાણથી બાધ અયોગ્ય છે. જો પ્રત્યભિજ્ઞાન આકૃતિથી થાય છે એમ કહેશો તો ના, કારણ વ્યક્તિનું પ્રત્યભિજ્ઞાન થાય છે. ખરેખર, જો પ્રત્યુચ્ચારણ સમયે ગો વગેરે વ્યક્તિની જેમ અન્ય અન્ય વર્ણવ્યક્તિઓની પ્રતીતિ થાય તો પ્રત્યભિજ્ઞાનનું નિમિત્ત આકૃતિ થાય, પણ તે પ્રમાણે નથી, કારણ કે પ્રત્યુચ્ચારણ સમયે વર્ણવ્યક્તિનું જ પ્રત્યભિજ્ઞાન થાય છે. બે વાર ગોશબ્દ ઉચ્ચારાયો એવી નિશ્ચિત પ્રતીતિ થાય છે, પણ બે ગોશબ્દનું ઉચ્ચારણ કર્યું એવી પ્રતીતિ થતી નથી. પણ ઉચ્ચારના ભેદથી વર્ણની જુદી પ્રતીતિ થાય છે, દેવદત્ત અને યજ્ઞદત્તના અધ્યયન સાંભળવાથી જ ભેદ પ્રતીત થાય છે એમ કહ્યું છે. તદ્‌વિષયક અમે કહીએ છીએ - વર્ણ સંબન્ધી પ્રત્યભિજ્ઞાન નિશ્ચિત થયું એટલે વર્ણો સંયોગ અને વિભાગથી વ્યક્ત થાય છે તેથી વર્ણ વિષયક જે વિચિત્ર પ્રતીતિ થાય છે તેનું નિમિત્ત અભિવ્યંજકની વિચિત્રતા છે, સ્વરૂપ નથી. વળી વર્ણવ્યક્તિ જુદી છે એમ માનનારાઓને પણ પ્રત્યભિજ્ઞાન સિદ્ધ કરવા માટે વર્ણોની આકૃતિઓ કલ્પવી પડશે અને તદ્‌વિષયક ભેદપ્રતીતિ અન્ય ઉપાધિનિમિત્ત થાય છે એમ સ્વીકારવું પડશે. આથી વર્ણવ્યક્તિઓમાં જ અન્ય ઉપાધિથી ભેદપ્રતીતિ થાય છે અને પ્રત્યભિજ્ઞાન સ્વરૂપથી જ થાય છે એવી કલ્પનામાં લાઘવ છે માટે ખૂબ સારી છે. વર્ણોનું પ્રત્યભિજ્ઞાન થાય છે એ જ તદ્‌વિષયક ભેદપ્રતીતિનો બાધ કરનારી પ્રતીતિ છે, કારણ એક જ સમયે બહુ ઉચ્ચાર કરનારાઓનો એક જ 'ગ'કાર એક જ વખતે ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, સાનુનાસિક અને નિરનુનાસિક એમ અનેક રૂપે કેવી રીતે થાય ? અથવા આ પ્રતીતિભેદ ધ્વનિથી થાય છે, વર્ણથી થતો નથી એટલે દોષ નથી. પણ એ ધ્વનિ એટલે શું ? દૂરથી સાંભળનાર, જે વર્ણનો વિવેક સમજી શકતો નથી, તેને કાને જે સંભળાય છે, તે (ધ્વનિ) નજીક આવનાર પુરુષના સંબંધમાં પટુત્વ, મૃદુત્વ વગેરે પોતાના ભેદનો વર્ણોમાં આરોપ કરે છે. તેથી ઉદાત્ત આદિ વિશેષ ઉત્પન્ન થાય છે, વર્ણસ્વરૂપથી ઉત્પન્ન થતા નથી, કારણ કે વર્ણોનું ઉચ્ચારણ સમયે પ્રત્યભિજ્ઞાન થાય છે. એમ થશે એટલે ઉદાત્તાદિની પ્રતીતિ આધારભૂત થશે. ખરેખર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रत्यभिज्ञायमानानां निर्भेदत्वात्संयोगविभागकृता उदात्तादिविशेषाः कल्प्येरन्, संयोगविभागानां चाप्रत्यक्षत्वान्न तदाश्रया विशेषाः वर्णेष्वध्यवसातुं शक्यन्त इत्यतो निरालम्बना एव एते उदात्तादिप्रत्ययाः स्युः । अपि च नैवैतदभिनिवेष्टव्यम् — उदात्तादिभेदेन वर्णानां प्रत्यभिज्ञायमानानां भेदो भवेदिति, न ह्यन्यस्य भेदेनान्यस्याभिद्यमानस्य भेदो भवितुमर्हति, न हि व्यक्तिभेदेन जातिं भिन्नां मन्यन्ते । वर्णेभ्यश्चार्थप्रतीतेः संभवात् स्फोटकल्पनानर्थिका । न कल्पयाम्यहं स्फोटम्, प्रत्यक्षमेव त्वेनमवगच्छामि, ऐकैकवर्णग्रहणाहितसंस्काराया बुद्धौ झटिति प्रत्यवभासनादिति चेत्, न, अस्या अपि बुद्धेर्वर्णविषयत्वात्, एकैकवर्णग्रहणोत्तरकाला हीयमेका बुद्धिर्गौरिति समस्तवर्णविषया, नार्थान्तरविषया, कथमेतदवगम्यते ? यतोऽस्यामपि बुद्धौ गकारादयो वर्णा अनुवर्तन्ते, न तु दकारादयः, यदि ह्यस्या बुद्धेर्गकारादिभ्योऽर्थान्तरं स्फोटो विषयः स्यात्, ततो दकारादय इव गकारादयोऽप्यस्या बुद्धेर्व्यावर्तेरन्, न तु तथास्ति , तस्मादियमेकबुद्धिर्वर्णविषयैव स्मृतिः । नन्वनेकत्वाद्वर्णानां नैकबुद्धिविषयतोपपद्यत इत्युक्तम्, तत्प्रति ब्रूमः — संभवत्यनेकस्याप्येकबुद्धिविषयत्वम्, पङ्क्तिः वनं सेना दश शतं सहस्रमित्यादिदर्शनात्, या तु गौरित्येकोऽयं शब्द इति बुद्धिः, सा बहुष्वेव वर्णेष्वेकार्थावच्छेदनिबन्धना औपचारिकी वनसेनादिबुद्धिवदेव ।

अत्राह — यदि वर्णा एव सामस्त्येन एकबुद्धिविषयतामापद्यमानाः पदं स्युः, ततो जारा राजा कपिः पिक इत्यादिषु पदविशेषप्रतिपत्तिर्न स्यात्, त एव हि वर्णा इतरत्रेतरत्र च प्रत्यवभासन्त इति, अत्र वदामः — सत्यपि समस्तवर्णप्रत्यवमर्शे यथा क्रमानुरोधिन्य एव पिपीलिकाः पङ्क्तिबुद्धिमारोहन्ति, एवं क्रमानुरोधिन एव हि वर्णाः पदबुद्धिमारोक्ष्यन्ति, तत्र वर्णानामविशेषेऽपि क्रमविशेषकृता पदविशेषप्रतिपत्तिर्न विरुध्यते, वृद्धव्यवहारे चेमे वर्णाः क्रमाद्यनुगृहीता गृहीतार्थविशेषसंबन्धाः सन्तः स्वव्यवहारेऽप्येकैकवर्णग्रहणानन्तरं समस्तप्रत्यवमर्शिन्यां बुद्धौ तादृशा एव प्रत्यवभासमानास्तं तमर्थमव्यभिचारेण प्रत्याययिष्यन्तीति वर्णवादिनो लघीयसी कल्पना । स्फोटवादिनस्तु दृष्टहानिः, अदृष्टकल्पना च, वर्णाश्चेमे क्रमेण गृह्यमाणाः स्फोटं व्यञ्जन्ति स स्फोटोऽर्थं व्यनक्तीति गरीयसी कल्पना स्यात् ॥

બહુ રીતે તો વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે તેમાં ભેદ ન હોવાથી ઉદાત્તાદિ વિશેષ સંયોગ અને વિભાગથી થાય છે એમ કલ્પવું પડશે. સંયોગ અને વિભાગ અપ્રત્યક્ષ હોવાને કારણે વર્ણોમાં તેને આધારે ભેદ નિશ્ચિત કરવા શક્ય નથી તેથી આ ઉદાત્તાદિ પ્રતીતિ નિરાધાર જ થશે. વળી વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે ઉદાત્તાદિ ભેદોથી તેનો ભેદ થશે એમ આગ્રહ રાખવો યોગ્ય નથી, કેમકે એકના ભેદથી બીજું જે ભિન્ન થતું નથી, તેનો ભેદ થવો યોગ્ય નથી. ખરેખર, વ્યક્તિના ભેદથી જાતિ ભિન્ન એમ માનતા નથી. વળી વર્ણોથી અર્થપ્રતીતિનો સંભવ હોવાથી સ્ફોટની કલ્પના પ્રયોજન રહિત છે, પણ હું સ્ફોટ કલ્પતો નથી, એની મને પ્રત્યક્ષ અવગતિ થાય છે, કેમકે એકેક વર્ણના ગ્રહણથી જેને વિષે સંસ્કાર થયો છે એવી બુદ્ધિને વિષે જલદી પ્રત્યવભાસ થાય છે એમ કહેશો તો, ના, કેમકે એ બુદ્ધિ પણ વર્ણને વિષે જ છે. ખરેખર, એકેક વર્ણનું ગ્રહણ થયા પછીના કાળમાં गौः = ગાય એમ સમસ્ત વર્ણને લગતી એ એક બુદ્ધિ થાય છે, અર્થાન્તરને લગતી થતી નથી. એ કેવી રીતે સમજાય છે ? કેમકે એ બુદ્ધિમાં પણ ગકારાદિ વર્ણોની અનુવૃત્તિ થાય છે, ગકારાદિની નહિ. જો ગકારાદિથી અન્ય અર્થ એ બુદ્ધિનો વિષય થાત તો તેથી ગકારાદિની જેમ ગકારાદિ પણ એ બુદ્ધિને ભિન્ન લાગત. પણ તેમ નથી. આથી એ એક બુદ્ધિ વર્ણ વિષયક જ સ્મૃતિ છે. પણ વર્ણો અનેક હોવાથી તેઓ એક બુદ્ધિના વિષય થાય એ યોગ્ય નથી એમ કહ્યું છે. તેનું નિરસન કરીએ છીએ. અનેક પણ એક બુદ્ધિનો વિષય થાય એ સંભવે છે, કારણ કે 'पंक्ति', 'वन', 'सेना', 'दश', 'शत', 'सहस्र' વગેરેમાં જોવામાં આવે છે. 'गौः' -ગાય એ એક શબ્દ છે એવી જે બુદ્ધિ છે તે ઔપચારિક છે, અને બહુ વર્ણોમાં જ એક અર્થના અવચ્છેદને આધારે છે, જેમ 'વન,' 'સેના' વગેરે વિષયક બુદ્ધિ છે તેમ.

અહીં કહે છે-જો વર્ણો જ સમગ્રપણે એક બુદ્ધિના વિષય થઈ પદ થાય તો जारा, राजा, कपि, पिक વગેરે ભિન્ન પદની પ્રતીતિ ન થાય, કારણ કે એક જ વર્ણોનો બંને સ્થળે પ્રત્યવભાસ થાય છે. એ બાબતમાં અમે કહીએ છીએ. સમગ્ર વર્ણોનો અવમર્શ થાય છે છતાં પણ જેમ ક્રમને અનુસરનારી જ કીડીઓમાં પંક્તિની પ્રતીતિ થાય છે, તેમ ક્રમમાં રહેનારા જ વર્ણોમાં પદની બુદ્ધિ થશે. તેમાં વર્ણોમાં ભેદ નથી તો પણ ભિન્ન ભિન્ન ક્રમથી થયેલા જુદા જુદા પદની પ્રતીતિ વિરુદ્ધ નથી. ક્રમાદિ પ્રમાણે ગ્રહણ કરાયેલા એ વર્ણોનો વૃદ્ધવ્યવહારમાં જુદા જુદા અર્થ સાથે સંબંધ ગ્રહણ કરાય છે માટે પોતાના વ્યવહારમાં પણ પ્રત્યેક વર્ણનું ગ્રહણ થયા પછી સમસ્તનો અવમર્શ કરનારી બુદ્ધિમાં તેવો જ પ્રત્યવભાસ કરતા ભિન્ન ભિન્ન અર્થોની વ્યભિચારરહિત પ્રતીતિ કરાવશે એવી વર્ણવાદીની વધારે લઘુ કલ્પના છે. સ્ફોટવાદીને તો દૃષ્ટહાનિ અને અદૃષ્ટકલ્પના થશે. આ વર્ણો ક્રમે ગ્રહણ કરાતા સ્ફોટની અભિવ્યક્તિ કરે છે અને તે સ્ફોટ અર્થની અભિવ્યક્તિ કરે એમ વધારે મોટી કલ્પના થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अथापि नाम प्रत्युच्चारणमन्येऽन्ये वर्णाः स्युः, तथापि प्रत्यभिज्ञालम्बनभावेन वर्णसामान्यानामवश्याभ्युपगन्तव्यत्वात्, वर्णेष्वर्थप्रतिपादनप्रक्रिया रचिता सा सामान्येषु संचारयितव्या । ततश्च नित्येभ्यः शब्देभ्यो देवादिव्यक्तीनां प्रभव इत्यविरुद्धम् ॥२८॥

अत एव च नित्यत्वम् ॥२९॥

कर्तुरस्मरणादिति स्थिते वेदस्य नित्यत्वे देवादिव्यक्तिप्रभवाभ्युपगमेन तस्य विरोधमाशङ्क्य **'अतः प्रभवात्'** (ब्र.सू. १-३-२०) इति परिहृत्य इदानीं तदेव वेदनित्यत्वं स्थितं द्रढयति – **'अत एव च नित्यत्वमिम्'** । इति अत एव नियताकृतेर्देवादेर्जगतो वेदशब्दप्रभवत्वात् वेदशब्दनित्यत्वमपि प्रत्येतव्यम् । तथा च मन्त्रवर्णः – **'यज्ञेन वाचः पदवीयमायंस्तामन्वविन्दन्नृषिषु प्रविष्टाम्'** (ऋ.सं. १०-७१-३) इति स्थितामेव वाचमनुविन्नां दर्शयति । वेदव्यासश्चैवमेव स्मरति – **'युगान्तेऽन्तर्हितान्वेदान्सेतिहासान्महर्षयः । लेभिरे तपसा पूर्वमनुज्ञाताः स्वयंभुवा'** इति ॥२९॥

समाननामरूपत्वाच्चावृत्तावप्यविरोधो दर्शनात्स्मृतेश्च ॥३०॥

अथापि स्यात् – यदि पश्वादिव्यक्तिवद्देवादिव्यक्तयोऽपि संतत्यैवोत्पद्येरन् निरुध्येरंश्च, ततोऽभिधानाभिधेयाभिधातृव्यवहाराविच्छेदात्संबन्धनित्यत्वेन विरोधः शब्दे परिह्रियेत । यदा तु खलु सकलं त्रैलोक्यं परित्यक्तनामरूपं निर्लेपं प्रलीयते, प्रभवति चाभिनवमिति श्रुतिस्मृतिवादा वदन्ति, तदा कथमविरोध इति । तत्रेदमभिधीयते समाननामरूपत्वादिति । तदापि संसारस्यानादित्वं तावदभ्युपगन्तव्यम् । प्रतिपादयिष्यति चाचार्यः संसारस्यानादित्वम् – **'उपपद्यते चाप्युपलभ्यते च'** (ब्र.सू. २-१-३६) इति । अनादौ च संसारे यथा स्वापप्रबोधयोः प्रलयप्रभवश्रवणेऽपि पूर्वप्रबोधवदुत्तरप्रबोधेऽपि व्यवहारान्न कश्चिद्विरोधः, एवं कल्पान्तरप्रभवप्रलययोरपीति द्रष्टव्यम् । स्वापप्रबोधयोश्च प्रलयप्रभवौ श्रूयेते – **'यदा सुप्तः स्वप्नं न कंचन पश्यत्यथास्मिन्प्राण एवैकधा भवति तदैनं वाक्सर्वैर्नामभिः सहाप्येति चक्षुः सर्वै**

પણ જો પ્રત્યુચ્ચારણ સમયે વર્ણો જુદા જુદા થાય છે એમ લઈએ તો પણ પ્રત્યભિજ્ઞાને આધારે વર્ણસામાન્યને અવશ્ય સ્વીકારવા પડશે તેથી વર્ણોમાં અર્થ પ્રતિપાદન કરવાની પ્રક્રિયા રચેલી છે તે જ વર્ણસામાન્યની બાબતમાં લેવી પડશે. આથી નિત્ય શબ્દોમાંથી દેવ વગેરે વ્યક્તિઓનો પ્રભવ થાય છે એ અવિરુદ્ધ છે. ॥ ૨૮ ॥

અને આથી જ (વેદનું) નિત્યત્વ (છે) ॥ ૨૯ ॥

સ્વતન્ત્ર કર્તાનું સ્મરણ નથી ઇત્યાદિ કારણથી વેદનું નિત્યપણું છે, તેમાં દેવ વગેરે વ્યક્તિના પ્રભવના અંગીકારથી વિરોધની આશંકા કરી 'अतः प्रभवात्' (બ્ર.૧-૩-૨૮) એમ આશંકાનો પરિહાર કરી વેદનું એ જ નિત્યત્વ સ્થિત છે તેને દૃઢ કરે છે - 'अत एव च नित्यत्वम्' આથી જ, નિયત આકૃતિવાળા દેવાદિ જગત્ વેદ શબ્દમાંથી પેદા થયું છે તેથી, વેદ શબ્દમાં નિત્યત્વની પ્રતીતિ બરાબર છે. તથા 'यज्ञेन वाचः पदवीयमायन् तामन्वविन्दन्नृषिषु प्रविष्टाम्' (ઋ.સં. ૧૦-૭૧-૩) **'યજ્ઞ દ્વારા વાણીની ગ્રહણયોગ્યતા પ્રાપ્ત કરી, પછી તે વાણીને ઋષિઓમાં પ્રવિષ્ટ થયેલી પ્રાપ્ત કરી)** એ મન્ત્રના વર્ણમાં રહેલી વાણીને જ પ્રાપ્ત કરેલી દર્શાવે છે. વળી વેદવ્યાસ પણ એવી જ સ્મૃતિ આપે છે - 'युगान्तेऽन्तर्हितान् वेदान् सेतिहासान् महर्षयः। लेभिरे तपसा पूर्वमनुज्ञाताः स्वयंभुवा' **'પૂર્વે બ્રહ્માની અનુજ્ઞા મેળવેલા મહર્ષિઓએ યુગને અન્તે અન્તર્ધાન થયેલા ઈતિહાસ સાથે વેદોને તપ દ્વારા પ્રાપ્ત કર્યા.'** ॥ ૨૯ ॥

નામ અને રૂપ સમાન હોવાથી (સંસારની) આવૃત્તિમાં પણ (વેદના નિત્યત્વનો) અવિરોધ છે, શ્રુતિથી અને સ્મૃતિથી ॥ ૩૦ ॥

(પૂર્વપક્ષી શંકા કરે છે) - જો પશુ આદિ વ્યક્તિની જેમ દેવ વગેરે વ્યક્તિની પણ ઉત્પત્તિ અને નિરોધ (વિનાશ) સતત હોય તો અભિધાન, અભિધેય અને અભિધાતાનો વ્યવહાર અવિચ્છિન્ન થવાથી, સંબન્ધ નિત્ય રહેવાથી શબ્દની બાબતમાં વિરોધનો પરિહાર થાય. પણ જ્યારે સકલ ત્રૈલોક્ય નામ અને રૂપનો પરિત્યાગ કરી નિર્લેપ (સંપૂર્ણ) પ્રલય પામે છે અને અભિનવ સ્વરૂપમાં ઉત્પન્ન થાય છે એમ શ્રુતિ અને સ્મૃતિનું વચન કહે છે ત્યારે અવિરોધ કેવી રીતે થાય એમ વળી શંકા થાય. તેને વિષે આ કહે છે - 'समाननामरूपत्वात्' વગેરે. ત્યારે પણ સંસારનું અનાદિત્વ સ્વીકારવું જોઈએ, અને 'उपपद्यते चाप्युपलभ्यते च' (બ્ર. સૂ. ૨-૧-૩૬) **'સંસારનું અનાદિત્વ યોગ્ય છે અને ઉપલબ્ધ પણ છે)** એમ આચાર્ય સંસારનું અનાદિત્વ પ્રતિપાદન કરશે. વળી અનાદિ એવા સંસારમાં સુષુપ્તિ અને જાગ્રત્ સ્થિતિમાં શ્રુતિ પ્રલય અને ઉત્પત્તિ પ્રતિપાદન કરે છે, તો પણ જેમ પૂર્વ જાગ્રત્ સ્થિતિની જેમ ઉત્તર જાગ્રત્ સ્થિતિમાં વ્યવહાર હોવાથી કંઈ વિરોધ નથી, એ પ્રમાણે અન્ય કલ્પમાં ઉત્પત્તિ અને પ્રલયની બાબતમાં પણ સમજવું, અને સુષુપ્તિ અને જાગ્રત્ સ્થિતિમાં શ્રુતિ પ્રલય અને ઉત્પત્તિ પ્રતિપાદન કરે છે - 'यदा सुप्तः स्वप्नं न कंचन पश्यत्यथास्मिन् प्राण एवैकधा भवति तदैनं वाक् सर्वैर्नामभिः सहाप्येति चक्षुः सर्वै रूपैः सहाप्येति श्रोत्रं सर्वैः शब्दैः सहाप्येति मनः सर्वैर्ध्यानैः सहाप्येति स यदा प्रतिबुध्यते यथाऽग्नेर्ज्वलतः सर्वा दिशो विस्फुलिङ्गा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रूपैः सहाप्येति श्रोत्रं सर्वैः शब्दैः सहाप्येति मनः सर्वैर्ध्यानैः सहाप्येति स यदा प्रतिबुध्यते यथाग्नेर्ज्वलतः सर्वा दिशो विस्फुलिङ्गा विप्रतिष्ठेरन्नेवमेवैतस्मादात्मनः सर्वे प्राणा यथायतनं विप्रतिष्ठन्ते प्राणेभ्यो देवा देवेभ्यो लोकाः' (कौ. उप. ३-३) इति । स्यादेतत् – स्वापे पुरुषान्तरव्यवहाराविच्छेदात्स्वयं च सुषुप्तप्रबुद्धस्य पूर्वप्रबोधव्यवहारानुसंधानसंभवादविरुद्धम्, महाप्रलये तु सर्वव्यवहारोच्छेदाज्जन्मान्तरव्यवहारवच्च कल्पान्तरव्यवहारस्यानुसंधातुमशक्यत्वाद्वैषम्यमिति । नैष दोषः, सत्यपि सर्वव्यवहारोच्छेदिनि महाप्रलये परमेश्वरानुग्रहादीश्वराणां हिरण्यगर्भादीनां कल्पान्तरव्यवहारानुसंधानोपपत्तेः । यद्यपि प्राकृताः प्राणिनो न जन्मान्तरव्यवहारमनुसंदधाना दृश्यन्त इति, तथापि न तत्प्राकृतवदीश्वराणां भवितव्यम् । यथा हि प्राणित्वाविशेषेऽपि मनुष्यादिस्तम्बपर्यन्तेषु ज्ञानैश्वर्यादिप्रतिबन्धः परेण परेण भूयान् भवन् दृश्यते, तथा मनुष्यादिष्वेव हिरण्यगर्भपर्यन्तेषु ज्ञानैश्वर्याद्यभिव्यक्तिरपि परेण परेण भूयसी भवतीत्येतच्छ्रुतिस्मृतिवादेष्वसकृदेवानुकल्पादौ प्रादुर्भवतां पारमैश्वर्यं श्रूयमाणं न शक्यं नास्तीति वदितुम् । ततश्चातीतकल्पानुष्ठितप्रकृष्टज्ञानकर्मणामीश्वराणां हिरण्यगर्भादीनां वर्तमानकल्पादौ प्रादुर्भवतां परमेश्वरानुगृहीतानां सुप्तप्रतिबुद्धवत्कल्पान्तरव्यवहारानुसंधानोपपत्तिः । तथा च श्रुतिः – **'यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदाँश्च प्रहिणोति तस्मै । तं हि देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये'** (श्वेता.उप.६-१८) इति । स्मरन्ति च शौनकादयः – **'मधुच्छन्दःप्रभृतिभिर्ऋषिभिर्दाशतय्यो दृष्टाः'** इति । प्रतिवेदं चैवमेव काण्डर्ष्यादयः स्मर्यन्ते । श्रुतिरपि ऋषिज्ञानपूर्वकमेव मन्त्रेणानुष्ठानं दर्शयति – **'यो ह वा अविदितार्षेयच्छन्दोदैवतब्राह्मणेन मन्त्रेण याजयति वाध्यापयति वा स्थाणुं वर्च्छति गर्तं वा प्रतिपद्यते'** (सर्वानु. परि.) इत्युपक्रम्य **'तस्मादेतानि मन्त्रे मन्त्रे विद्यात्'** इति । प्राणिनां च सुखप्राप्तये धर्मो विधीयते, दुःखपरिहाराय चाधर्मः प्रतिषिध्यते, दृष्टानुश्रविकसुखदुःखविषयौ च रागद्वेषौ भवतः, न विलक्षणविषयौ – इत्यतो धर्माधर्मफलभूतोत्तरोत्तरा सृष्टिर्निष्पद्यमाना पूर्वसृष्टिसदृश्येव निष्पद्यते । स्मृतिश्च भवति – **'तेषां ये यानि कर्माणि प्राक्सृष्ट्यां प्रतिपेदिरे । तान्येव ते पप्रद्यन्ते सृज्यमानाः पुनः पुनः ॥ हिंस्राहिंस्रे मृदुक्रूरे धर्माधर्मावृतानृते।**

विप्रतिष्ठेरन्नेवमेवैतस्मादात्मनः सर्वे प्राणा यथायतनं विप्रतिष्ठन्ते प्राणेभ्यो देवा देवेभ्यो लोकाः' (કૌ.ઉપ. ३-३) **'જ્યારે સુપ્ત પુરુષ કંઈ પણ સ્વપ્ન જોતો નથી ત્યારે તે એ પ્રાણમાં એક થાય છે, ત્યારે વાણી સર્વ નામ સાથે એને વિષે લીન થાય છે, ચક્ષુ સર્વ રૂપ સાથે તેનામાં લીન થાય છે, કર્ણ સર્વ શબ્દ સાથે એનામાં લીન થાય છે, મન સર્વ ધ્યાન સાથે એનામાં લીન થાય છે, જ્યારે તે જાગ્રત્ થાય છે ત્યારે બળતા અગ્નિમાંથી જેમ તણખાઓ સર્વ દિશામાં જાય, એ જ પ્રમાણે એ આત્મામાંથી સર્વ પ્રાણો યોગ્ય સ્થળે જાય છે, પ્રાણ પછી દેવો અને દેવો પછી લોકો'**. પણ સુષુપ્તિમાં અન્ય પુરુષનો વ્યવહાર વિચ્છિન્ન થતો નથી તેથી અને પોતે સુષુપ્તિમાંથી જાગ્રત્ થાય છે એટલે પૂર્વની જાગ્રત્ અવસ્થાના વ્યવહારના અનુસંધાનનો સંભવ છે તેથી વિરોધ નથી. મહાપ્રલયમાં તો સર્વ વ્યવહારનો ઉચ્છેદ થાય છે માટે જન્મના વ્યવહારની ઉચ્છેદ જેમ અન્ય કલ્પના વ્યવહારનું અનુસન્ધાન અશક્ય છે તેથી (દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે) વૈષમ્ય છે (સામ્ય નથી) એમ શંકા થાય. ના, એ દોષ નથી. મહાપ્રલયમાં સર્વ વ્યવહાર ઉચ્છિન્ન થાય છે તો પણ પરમેશ્વરના અનુગ્રહથી હિરણ્યગર્ભાદિ ઈશ્વરોને અન્ય કલ્પના વ્યવહારનું અનુસંધાન યોગ્ય છે. જો કે પ્રાકૃત પ્રાણીઓ બીજા જન્મના વ્યવહારનું અનુસંધાન કરતા દેખાતા નથી, છતાં પણ પ્રાકૃતની જેમ ઈશ્વરોનું ન થવું જોઈએ. જેમ મનુષ્યાદિથી સ્તમ્બપર્યન્ત પ્રાણિત્વનો ભેદ નથી તો પણ જ્ઞાન, ઐશ્વર્ય વગેરેનો પ્રતિબન્ધ ઉત્તરોત્તર વધતો થતો દેખાય છે તેમ મનુષ્યાદિ વગેરેથી જ હિરણ્યગર્ભપર્યન્ત જ્ઞાન, ઐશ્વર્ય વગેરેની અભિવ્યક્તિ ઉત્તરોત્તર વધતી થાય છે એમ શ્રુતિ અને સ્મૃતિનાં વચનોમાં વારંવાર સંભળાય છે તે નથી (સંભળાતું) એમ કહેવું શક્ય નથી. તેથી ગયા કલ્પને વિષે જેમણે પ્રકૃષ્ટ જ્ઞાનકર્મો (ઉત્તમ કર્મો) કર્યા છે અને વર્તમાન કલ્પાદિમાં જેઓ પ્રાદુર્ભાવ પામ્યા છે એવા હિરણ્યગર્ભાદિ ઈશ્વરોને, પરમેશ્વરથી અનુગ્રહ પ્રાપ્ત કરી સુષુપ્તિમાંથી જાગ્રત્ પુરુષની જેમ અન્ય કલ્પના વ્યવહારનું અનુસંધાન યોગ્ય છે, કારણ કે 'यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै । तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥' (શ્વેતા.ઉપ. ६-१८) **'પૂર્વે જે બ્રહ્માને સર્જે છે અને જે તેની પાસે વેદો મોકલે છે તે આત્માકાર બુદ્ધિમાં પ્રકાશનાર દેવને હું મુમુક્ષુ શરણે જાઉં છું'** એમ શ્રુતિ છે. વળી 'मधुच्छन्दःप्रभृतिभिर्ऋषिभिर्दाशतय्यो दृष्टाः' **'મધુચ્છન્દ આદિ ઋષિઓએ દશ મંડળની ઋચા જોઈ'** એમ શૌનકાદિઓ પણ સ્મૃતિ કરે છે. દરેક વેદમાં પણ એ જ પ્રમાણે કાણ્ડ, ઋષિ વગેરેનું સ્મરણ છે. શ્રુતિ પણ ઋષિનું જ્ઞાન થયા પછી જ- 'यो ह वा अविदितार्षेयच्छन्दोदैवतब्राह्मणेन मन्त्रेण याजयति वाध्यापयति वा स्थाणुं वर्च्छति गर्त्तं वा प्रतिपद्यते' **'ઋષિયોગ, છન્દ, દૈવત અને બ્રાહ્મણ જેના જાણેલાં નથી એવા મન્ત્ર વડે ખરેખર, જે યજ્ઞ કરાવે છે, કે અધ્યયન કરાવે છે તે સ્થાવર સ્થિતિ પ્રાપ્ત કરે છે અથવા નરકને પ્રાપ્ત કરે છે)** એમ ઉપક્રમ કરીને 'तस्मादेतानि मन्त्रे मन्त्रे विद्यात्' **'તેથી તેઓને મંત્રમાં જાણવાં'** એમ મન્ત્રાથી અનુષ્ઠાન દર્શાવે છે. વળી સુખની પ્રાપ્તિને માટે પ્રાણીઓને ધર્મનું વિધાન છે અને દુઃખના નાશમાટે અધર્મનો પ્રતિષેધ છે, અને રાગ તથા દ્વેષનો વિષય દૃષ્ટ તથા અનુશ્રુત સુખ તથા દુઃખ છે, તેનાથી વિલક્ષણ વિષય નથી, તેથી ધર્મ અને અધર્મની ફળભૂત જે ઉત્તર સૃષ્ટિ ઉત્પન્ન કરાય છે, તે પૂર્વ સૃષ્ટિસમાન જ ઉત્પન્ન કરાય છે. 'तेषां ये यानि कर्माणि प्राक्सृष्ट्यां प्रतिपेदिरे। तान्येव ते प्रपद्यन्ते सृज्यमानाः पुनः पुनः ॥ हिंस्राहिंस्रे मृदुक्रूरे धर्माधर्मावृतानृते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



तद्भाविताः प्रपद्यन्ते तस्मात्तत्तस्य रोचते' इति । प्रलीयमानमपि चेदं जगच्छक्त्यवशेषमेव प्रलीयते, शक्तिमूलमेव च प्रभवति, इतरथा आकस्मिकत्वप्रसङ्गात् । न चानेकाकाराः शक्तयः शक्याः कल्पयितुम् । ततश्च विच्छिद्य विच्छिद्याप्युद्भवतां भूरादिलोकप्रवाहाणाम्, देवतिर्यङ्मनुष्यलक्षणानां च प्राणिनिकायप्रवाहाणाम्, वर्णाश्रमधर्मफलव्यवस्थानां चानादौ संसारे नियतत्वमिन्द्रियविषयसंबन्धनियतत्ववत्प्रत्येतव्यम्, न हीन्द्रियविषयसंबन्धादेर्व्यवहारस्य प्रतिसर्गमन्यथात्वं षष्ठेन्द्रियविषयकल्पं शक्यमुत्प्रेक्षितुम् । अतश्च सर्वकल्पानां तुल्यव्यवहारत्वात् कल्पान्तरव्यवहारानुसंधानक्षमत्वाच्चेश्वराणां समाननामरूपा एव प्रतिसर्गं विशेषाः प्रादुर्भवन्ति । समाननामरूपत्वाच्चावृत्तावपि महासर्गमहाप्रलयलक्षणायां जगतोऽभ्युपगम्यमानायां न कश्चिच्छब्दप्रामाण्यादिविरोधः । समाननामरूपतां च श्रुतिस्मृती दर्शयतः – '**सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत् । दिवं च पृथिवीं चान्तरिक्षमथो सुवः**' (ऋ.सु. १०-१९०-३) इति, यथा पूर्वस्मिन्कल्पे सूर्याचन्द्रमसःप्रभृति जगत् क्लृप्तम्, तथास्मिन्नपि कल्पे परमेश्वरोऽकल्पयदित्यर्थः, तथा – '**अग्निर्वा अकामयत । अन्नादो देवानाँ स्यामिति । स एतमग्नये कृत्तिकाभ्यः पुरोडाशमष्टाकपालं निरवपत्**' (तैत्ति.ब्रा. ३-१-४-१) इति नक्षत्रेष्टिविधौ योऽग्निर्निरवपत् यस्मै वाग्नये निरवपत्, तयोः समाननामरूपतां दर्शयति – इत्येवंजातीयका श्रुतिरिहोदाहर्तव्याः, स्मृतिरपि '**ऋषीणां नामधेयानि याश्च वेदेषु दृष्टयः । शर्वर्यन्ते प्रसूतानां तान्येवैभ्यो ददात्यजः ॥ यथर्तुष्वृतुलिङ्गानि नानारूपाणि पर्यये । दृश्यन्ते तानि तान्येव तथा भावा युगादिषु ॥ यथाभिमानिनोऽतीतास्तुल्यास्ते सांप्रतैरिह । देवा देवैरतीतैर्हि रूपैर्नामभिरेव च**' इत्येवंजातीयका द्रष्टव्या ॥३०॥

मध्वादिष्वसंभवानधिकारं जैमिनिः ॥३१॥

इह देवादीनामपि ब्रह्मविद्यायामस्त्यधिकार इति यत्प्रतिज्ञातं तत्पर्यावर्त्यते – देवादीनामनधिकारं जैमिनिराचार्यो मन्यते,

---

तद्भाविताः प्रपद्यन्ते तस्मात्तत्तस्य रोचते ॥' **'તેઓમાં જેઓ જે કર્મો પૂર્વસૃષ્ટિમાં કરે છે તે જ કર્મો તેઓ પુનઃ પુનઃ ઉત્પન્ન થતા, પ્રાપ્ત કરે છે, હિંસ્ર (નાશકારક) કે અહિંસ્ર, મૃદુ કે ક્રૂર, ધર્મ કે અધર્મ, સત્ય કે અસત્ય, તેમાંથી ઉત્પન્ન થયેલાં તેઓ પ્રાપ્ત કરે છે. આથી તેને તે રુચે છે'** એમ સ્મૃતિ પણ છે. વળી પ્રલય પામતું પણ આ જગત્ જેની શક્તિ અવશિષ્ટ રહી છે એવું જ પ્રલય પામે છે, નહિ તો અકસ્માત્ ઉત્પન્ન થયાનો પ્રસંગ આવે, અને શક્તિઓ અનેક આકારવાળી છે એમ કલ્પવું શક્ય નથી. આથી વિચ્છિન્ન વિચ્છિન્ન થઈને પણ ઉત્પન્ન થતા ભૂર્ વગેરે લોકપ્રવાહો, દેવત્વ, પશુત્વ અને મનુષ્યત્વ જેનાં લક્ષણ છે એવા પ્રાણીસમૂહ પ્રવાહો, વર્ણ, આશ્રમ, ધર્મ અને ફળની વ્યવસ્થાઓ પણ અનાદિ સંસારમાં ઇન્દ્રિય અને વિષયના સંબન્ધની જેમ નિશ્ચિત છે એમ પ્રતીતિ કરવી યુક્ત છે, કારણ ઇન્દ્રિય અને વિષયના સંબન્ધથી થતો વ્યવહાર દરેક સૃષ્ટિમાં જુદો જુદો હોય છે અને છઠ્ઠી ઇન્દ્રિય અને છઠ્ઠા વિષયનો કલ્પ છે એમ કલ્પના કરવી અશક્ય તથા આ કારણથી સર્વ કલ્પોમાં તુલ્ય વ્યવહાર હોવાથી તથા અન્ય કલ્પના વ્યવહારનું અનુસન્ધાન શક્ય હોવાથી દરેક સૃષ્ટિમાં ઈશ્વરોનાં સમાન નામ અને રૂપવાળી જ જુદી જુદી વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે, અને નામ અને રૂપ સમાન હોવાથી મહાસૃષ્ટિ અને મહાપ્રલયસ્વરૂપ જગત્‌ની આવૃત્તિ સ્વીકારવામાં પણ શબ્દ પ્રામાણ્ય વગેરે કોઈ પણ વિરોધ થતો નથી, તેમજ શ્રુતિ અને સ્મૃતિ સમાન નામ અને રૂપ દર્શાવે છે - 'सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत् । दिवं च पृथिवीं चान्तरिक्षमथो सुवः ॥' (ઋ. સં. ૧૦-૧૯૦-૩) **'પૂર્વની જેમ ધાતાએ સૂર્ય અને ચન્દ્ર, દ્યુલોક અને પૃથ્વી, અન્તરિક્ષ અને સ્વર્ગને કલ્પ્યા'** એમ. જેમ પૂર્વ કલ્પમાં સૂર્ય, ચન્દ્ર વગેરે જગત્ કલ્પ્યું હતું તેમ આ કલ્પમાં પણ પરમેશ્વરે કલ્પ્યું એવો અર્થ છે. તેમજ 'अग्निर्वा अकामयत । अन्नादो देवानां स्यामिति । स एतमग्नये कृत्तिकाभ्यः पुरोडाशमष्टाकपालं निरवपत्' (તૈ. બ્રા. ૩-૧-૪-૧) **'હું દેવોનો અન્નભક્ષક થાઉં એમ અગ્નિએ કામના કરી. તેણે અગ્નિને, કૃત્તિકાને, આઠ કપાલ (ઘટના ટુકડા) પર સંસ્કાર પામેલો આ પુરોડાશ (હવિ) અર્પણ કર્યો'** એમ નક્ષત્રયજ્ઞવિધિમાં જે અગ્નિએ કે જે અગ્નિને અર્પણ કર્યું તે બન્નેનાં નામ અને રૂપ સમાન દર્શાવારી અને એ પ્રકારની બીજી શ્રુતિનું અહીં ઉદાહરણ આપવું. 'ऋषीणां नामधेयानि याश्च वेदेषु दृष्टयः । शर्वर्यन्ते प्रसूतानां तान्येवैभ्यो ददात्यजः ॥ यथर्तृष्वृतुलिङ्गानि नानारूपाणि पर्यये । दृश्यन्ते तानि तान्येव तथा भावा युगादिषु । यथाभिमानिनोऽतीतास्तुल्यास्ते सांप्रतैरिह । देवा देवैरतीतैर्हि रूपैर्नामभिरेव च ' **'ઋષિઓનાં જે નામો અને વેદમાં જે દૃષ્ટિઓ છે (= વેદનું દર્શન કરવાની શક્તિઓ છે) તેજ, પ્રલયને અન્તે ઉત્પન્ન થાય છે ત્યારે તેમને અજ આપે છે. જેમ ઋતુઓમાં ભિન્ન ભિન્ન સ્વરૂપનાં ઋતુનાં લિંગો હોય છે તેનાં તેજ ઋતુની આવૃત્તિમાં દર્શન આપે છે, તેમ યુગાદિમાં પદાર્થો. જેના જેના અભિમાની** દેવો થયા હોય તે દેવો સાંપ્રત દેવોની સાથે ગયેલાં નામ અને રૂપથી સમાન છે) એ પ્રકારની સ્મૃતિ પણ જોવી ॥ ૩૦ ॥

મધુવિદ્યા આદિમાં (દેવોને અધિકારનો) અસંભવ હોવાથી (બ્રહ્મવિદ્યામાં) જૈમિનિ અનધિકાર કહે છે) ॥ ૩૧ ॥

અહીં દેવાદિને પણ બ્રહ્મવિદ્યાનો અધિકાર છે એમ જે પ્રતિજ્ઞા કરી છે તેનો આક્ષેપ કરે છે. દેવાદિને અનધિકાર છે એમ જૈમિનિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कस्मात् ? मध्वादिष्वसंभवात् । ब्रह्मविद्यायामधिकाराभ्युपगमे हि विद्यात्वाविशेषात् मध्वादिविद्यास्वप्यधिकारोऽभ्युपगम्येत, न चैवं संभवति, कथम् ? **'असौ वा आदित्यो देवमधु'** (छा.उप.३-१-१) इत्यत्र मनुष्या आदित्यं मध्वध्यासेनोपासीरन्, देवादिषु ह्युपासकेष्वभ्युपगम्यमानेष्वादित्यः कथमन्यमादित्यमुपासीत ? पुनश्चादित्यव्यपाश्रयाणि पञ्च रोहितादीन्यमृतान्यनुक्रम्य, वसवो रुद्रा आदित्या मरुतः साध्याश्च पञ्च देवगणाः क्रमेण तत्तदमृतमुपजीवन्तीत्युपदिश्य, **'स य एतदेवममृतं वेद वसूनामेवैको भूत्वाग्निनैव मुखेनैतदेवामृतं दृष्ट्वा तृप्यति'** इत्यादिना वस्वाद्युपजीव्यान्यमृतानि विजानतां वस्वादिमहिमप्राप्तिं दर्शयति, वस्वादयस्तु कान् अन्यान् वस्वादीनमृतोपजीविनो विजानीयुः ? कं वान्यं वस्वादिमहिमानं प्रेप्सेयुः ? तथा – **'अग्निः पादो वायुः पाद आदित्यः पादो दिशः पादः'** (छा.उप.३-१८-२) **'वायुर्वा संवर्गः'** (छा.उप. ४-३-१) **'आदित्यो ब्रह्मेत्यादेशः'** (छा.उप. ३-११-१) इत्यादिषु देवतात्मोपासनेषु न तेषामेव देवतात्मनामधिकारः संभवति, तथा **'इमामेव गौतमभरद्वाजावयं वै गौतमोऽयं भरद्वाजः'** (बृह.उप. २-२-४) इत्यादिष्वपि ऋषिसंबन्धेषूपासनेषु न तेषामेव ऋषीणामधिकारः संभवति ॥३१॥

कुतश्च देवादीनामनधिकारः –

ज्योतिषि भावाच्च ॥३२॥

यदिदं ज्योतिर्मण्डलं द्युस्थानमहोरात्राभ्यां बम्भ्रमज्जगदवभासयति, तस्मिन्नादित्यादयो देवतावचनाः शब्दाः प्रयुज्यन्ते, लोकप्रसिद्धेर्वाक्यशेषप्रसिद्धेश्च । न च ज्योतिर्मण्डलस्य हृदयादिना विग्रहेण चेतनतया अर्थित्वादिना वा योगोऽवगन्तुं शक्यते, मृदादिवदचेतनत्वावगमात् । एतेनाग्न्यादयो व्याख्याताः ॥

स्यादेतत् – मन्त्रार्थवादेतिहासपुराणलोकेभ्यो देवादीनां विग्रहवत्त्वाद्यवगमादयमदोष इति चेत्, नेत्युच्यते, न तावल्लोको नाम किंचित्स्वतन्त्रं प्रमाणमस्ति, प्रत्यक्षादिभ्य एव अव्यभिचरितविषयेभ्यः प्रमाणेभ्यः प्रसिद्ध एवार्थो लोकात्प्रसिद्ध इत्युच्यते,

---

આચાર્ય માને છે. શાથી ? મધુવિદ્યા આદિનો અસંભવ હોવાથી. ખરેખર, બ્રહ્મવિદ્યાનો અધિકાર સ્વીકારીએ એટલે મધુવિદ્યા આદિ વિદ્યાઓનો પણ અધિકાર સ્વીકારાય છે, કારણ કે વિદ્યાત્વનો અવિશેષ છે. પણ એમ સંભવતું નથી. શા માટે ? 'असौ वा आदित्यो देवमधु' (છાન્દો. ઉપ. ૩-૧-૧) **'આ આદિત્ય ખરેખર દેવોનું મધ છે'** એમાં મનુષ્યોએ આદિત્યની મધુના અધ્યાસથી ઉપાસના કરવી જોઈએ. ખરેખર, દેવ આદિને ઉપાસક સ્વીકારીએ તો આદિત્ય કયા અન્ય આદિત્યની ઉપાસના કરે ? વળી આદિત્યને આશ્રયે રહેલાં પાંચ રોહિત આદિ કિરણો અમૃત છે એમ ઉપક્રમ કરીને વસુ, રુદ્ર, આદિત્ય, મરુત્ તથા સાધ્ય એ પાંચ દેવગણો ક્રમ પ્રમાણે તે તે અમૃત પર જીવે છે એમ ઉપદેશ કરીને 'स य एतदेवामृतं वेद वसूनामेवैकोभूत्वाग्निनैव मुखेनैतदेवामृतं दृष्ट्वा तृप्यति' (જે એને જ અમૃત જાણે છે તે અગ્નિ જ પ્રધાનભૂત એવા વસુમાંનો એક થઈ એ જ અમૃતનું દર્શન કરીને તૃપ્ત થાય છે) એમ વસુ આદિ ઉપજીવ્ય અમૃતોનું વિજ્ઞાન મેળવનારાઓને વસુ વગેરે મહિમાની પ્રાપ્તિ શ્રુતિ દર્શાવે છે. પણ વસુ આદિઓ કયા અન્ય, અમૃત પર ઉપજીવન કરનારા વસુ વગેરેનું વિજ્ઞાન મેળવે ? અથવા કયા અન્ય વસુ આદિ મહિમાને પ્રાપ્ત કરવા ઇચ્છે ? તેમજ 'अग्निः पादो वायुः पाद आदित्यः पादो दिशः पादः' (છાન્દો. ઉપ. ૩-૧૮-૨) **'અગ્નિ પાદ છે, વાયુ પાદ છે, આદિત્ય પાદ છે, દિશાઓ પાદ છે'**, 'वायुर्वाव संवर्गः' (છાન્દો. ઉપ. ૪-૩-૧) **'ખરેખર, વાયુ સંવર્ગ છે'**, 'आदित्यो ब्रह्मेत्यादेशः' (છાન્દો. ઉપ. ૩-૧૧-૧) **'આદિત્ય બ્રહ્મ છે એમ આદેશ છે'** ઇત્યાદિ દેવતાત્મક ઉપાસનાઓમાં એ જ દેવતાત્માનો અધિકાર સંભવતો નથી. તેમજ 'इमामेव गोतमभरद्वाजावयमेव गोतमोऽयं भरद्वाजः' (બૃહ. ઉપ. ૨-૨-૪) **'એ જ ગોતમભરદ્વાજ, એ જ ગોતમ, એ જ ભરદ્વાજ'** વગેરે ઋષિસંબન્ધી ઉપાસનાઓમાં તે જ ઋષિઓનો અધિકાર સંભવતો નથી ॥ ૩૧ ॥

દેવો વગેરેને અનધિકાર કેમ છે ?-

વળી જ્યોતિને વિષે (પ્રયોગ) છે તેથી ॥ ૩૨ ॥

દ્યુલોકમાં સ્થિત જે આ જ્યોતિર્મંડળ દિવસ અને રાત પુનઃ પુનઃ ભ્રમણ કરતાં જગત્‌ને પ્રકાશમાન કરે છે તેમાં આદિત્ય વગેરે દેવતાવાચક શબ્દો પ્રયોજાય છે, કારણ કે એમ લોકપ્રસિદ્ધિ છે અને વાક્યશેષની પ્રસિદ્ધિ છે. વળી જ્યોતિર્મંડળનો હૃદય વગેરે શરીર સાથે, ચેતના સાથે કે યાચકત્વ સાથે સંબન્ધ સમજવો શક્ય નથી, કારણ કે મૃત્તિકા (માટી) આદિની જેમ તે અચેતન છે એમ સમજાય છે. આથી અગ્નિ વગેરેનું વ્યાખ્યાન થયું.

પણ મન્ત્ર, અર્થવાદ, ઇતિહાસ, પુરાણ અને લોકથી દેવ વગેરેને શરીર છે એમ સમજાય છે તેથી એ દોષ નથી એમ (શંકા) થાય. અમે કહીએ છીએ કે ના, કારણ કે લોક નામનું કંઈ સ્વતન્ત્ર પ્રમાણ નથી. જેને માટે વિશેષ (ભેદ) વિચારવામાં આવ્યો નથી એવાં પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી જ પ્રસિદ્ધ થતો અર્થ લોકથી પ્રસિદ્ધ થાય છે એમ કહેવાય છે. અહીં કંઈ પ્રત્યક્ષ આદિમાંનું એક પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न चात्र प्रत्यक्षादीनामन्यतमं प्रमाणमस्ति, इतिहासपुराणानामपि पौरुषेयत्वात्प्रमाणान्तरमूलतामाकाङ्क्षति, अर्थवादा अपि
विधिनैकवाक्यत्वात् स्तुत्यर्था: सन्तो न पार्थगर्थ्येन देवादीनां विग्रहादिसद्भावे कारणभावं प्रतिपद्यन्ते, मन्त्रा अपि
श्रुत्यादिविनियुक्ता: प्रयोगसमवायिनोऽभिधानार्था न कस्यचिदर्थस्य प्रमाणमित्याचक्षते, तस्माद‌भावो देवादीनामधिकारस्य ॥३२॥

भावं तु बादरायणोऽस्ति हि ॥३३॥

तु-शब्द: पूर्वपक्षं व्यावर्तयति । बादरायणस्त्वाचार्यो भावमधिकारस्य देवादीनामपि मन्यते । यद्यपि मध्वादिविद्यासु देवतादिव्यामिश्रास्वसंभवोऽधिकारस्य, तथाप्यस्ति हि शुद्धायां ब्रह्मविद्यायां संभव:, अर्थित्वसामर्थ्याप्रतिषेधाद्यपेक्षत्वादधिकारस्य । न च क्वचिदसंभव इत्येतावता यत्र संभवस्तत्राप्यधिकारोऽपोद्येत । मनुष्याणामपि न सर्वेषां ब्राह्मणादीनां सर्वेषु राजसूयादिष्वधिकार: संभवति । तत्र यो न्याय: सोऽत्रापि भविष्यति । ब्रह्मविद्यां च प्रकृत्य भवति लिङ्गदर्शनं श्रौतं देवाद्यधिकारस्य सूचकम् – **'तद्यो यो देवानां प्रत्यबुध्यत स एव तदभवत्तथर्षीणां तथा मनुष्याणाम्'** (बृह.उप. १-४-१०) इति, **'ते होचुर्हन्त तमात्मानमन्विच्छामो यमात्मानमन्विष्य सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामान्'** इति, **'इन्द्रो ह वै देवानामभिप्रवव्राज विरोचनोऽसुराणाम्'** (छा.उप. ८-७-२) इत्यादि च । स्मार्तमपि च गन्धर्वयाज्ञवल्क्यसंवादादि ॥

यदुप्युक्तम् **'ज्योतिषि भावाच्च'** (ब्र.सू. १-३-३२) इति, अत्र ब्रूम: – ज्योतिरादिविषया अपि आदित्यादयो देवतावचना: शब्दाश्चेतनावन्तमैश्वर्याद्युपेतं तं तं देवतात्मानं समर्पयन्ति, मन्त्रार्थवादादिषु तथा व्यवहारात् । अस्ति ह्यैश्वर्ययोगाद्देवतानां ज्योतिराद्यात्मभिश्चावस्थातुं यथेष्टं च तं तं विग्रहं ग्रहीतुं सामर्थ्यम् । तथा हि श्रूयते सुब्रह्मण्यार्थवादे – 'मेधातिथेर्मेष इति – **'मेधातिथिं ह काण्वायनमिन्द्रो मेषो भूत्वा जहार'** (षड्विश.ब्रा. १-१) इति । स्मर्यते च – **'आदित्य: पुरुषो भूत्वा कुन्तीमुपजगाम ह'** इति । मृदादिष्वपि चेतना अधिष्ठातारोऽभ्युपगम्यन्ते, **'मृदब्रवीत्' 'आपोऽब्रुवन्'**

પ્રમાણ નથી. ઇતિહાસ અને પુરાણ પણ પુરુષમૂલક હોવાથી અન્ય પ્રમાણના મૂળની આકાંક્ષા રાખે છે. અર્થવાદો પણ વિધિની સાથે એકવાક્યતાને કારણે સ્તુત્યર્થક છે અને અન્ય અર્થત્વથી દેવ વગેરેને શરીરાદિ છે એમ પ્રતિપાદન કરવામાં કારણરૂપ થતાં નથી. શ્રુતિ વગેરે જેનો વિનિયોગ બતાવે છે એવા મન્ત્રો પણ પ્રયોગની સાથે સંબન્ધ રાખનારનું અભિધાન કરે છે, કોઈ પણ અર્થનું પ્રમાણ નથી એવું (મીમાંસકો) કહે છે તેથી દેવ વગેરેને અનધિકાર (અધિકારનો અભાવ) છે ॥ ૩૨ ॥

બાદરાયણ તો (દેવ વગેરેના અધિકારનું) અસ્તિત્વ (સ્વીકારે છે),
કારણ કે (પ્રતિપાદક વચન) છે ॥ ૩૩ ॥

તુ શબ્દ પૂર્વપક્ષની વ્યાવૃત્તિ (ભેદ) કરે છે. બાદરાયણ આચાર્ય તો દેવ વગેરેના પણ અધિકારનું અસ્તિત્વ માને છે. જો કે દેવતા વગેરેથી મિશ્ર થયેલી મધુવિદ્યા આદિમાં અધિકારનો અસંભવ છે, છતાં પણ શુદ્ધ બ્રહ્મવિદ્યામાં સંભવ છે, કારણ કે અધિકારને અર્થિત્વ, સામર્થ્ય, અપ્રતિષેધ વગેરેની અપેક્ષા છે. વળી ક્યારેક અસંભવ હોય તેથી જ્યાં સંભવ હોય ત્યાં અધિકારનો નિષેધ ન થાય. મનુષ્યોમાં પણ સર્વનો, બ્રાહ્મણ આદિઓનો, સર્વને માટે, રાજસૂય આદિને માટે, અધિકાર સંભવતો નથી. ત્યાં જે ન્યાય છે તે અહીં પણ થશે. બ્રહ્મવિદ્યાને પ્રસ્તવીને દેવાદિને અધિકાર છે એમ સૂચિત કરતું 'तद्यो यो देवानां प्रत्यबुध्यत स एव तदभवत्तथर्षीणां तथा मनुष्याणाम्' (બૃહ. ઉપ. ૧-૪-૧૦) **'તેમાં દેવોમાં જે જે પ્રત્યગ્બ્રહ્મને વિષે પ્રતિબુદ્ધ થયો તે જ તે બ્રહ્મ થયો તેમજ ઋષિઓમાં અને મનુષ્યોમાં'** એમ શ્રુતિનું દર્શન છે. 'ते होचुर्हन्त तमात्मानमन्विच्छामो यमात्मानमन्विष्य सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामानितीन्द्रो ह वै देवानामभिप्रव्रवाज विरोचनोऽसुराणाम्' (છાન્દો. ઉપ. ૮-૭-૨) **'તેઓએ કહ્યું, આપણે તે આત્માને શોધીએ કે જે આત્માને શોધીને બધા લોકો અને બધા કામોને પ્રાપ્ત કરે છે, એ પ્રમાણે કહી ઇન્દ્ર જ દેવોને અને વિરોચન અસુરોને છોડીને પ્રજાપતિ પાસે ગયા'** ઇત્યાદિ પણ શ્રૌત દર્શન છે. ગન્ધર્વ અને યાજ્ઞવલ્ક્યનો સંવાદ વગેરે સ્મૃતિનું પણ દર્શન છે. 'ज्योतिषि भावाच्च' **'વળી જ્યોતિની બાબતમાં પ્રયોગ છે માટે'** (બ્ર.સૂ. ૧-૩-૩૨) એમ જે કહ્યું છે એ બાબતમાં અમેકહીએ છીએ - જ્યોતિ આદિ જેનો વિષય છે એવા આદિત્ય વગેરે દેવતાવાચક શબ્દો પણ ચેતનાવાળા, ઐશ્વર્યાદિથી યુક્ત, તે તે દેવતાત્માનો બોધ કરે છે, કારણ કે મન્ત્ર, અર્થવાદ આદિઓમાં એવો વ્યવહાર છે. ખરેખર, ઐશ્વર્યના યોગથી દેવતાઓમાં જ્યોતિરાદિસ્વરૂપે રહેવાનું અને તે તે યથેષ્ટ વિગ્રહ ગ્રહણ કરવાનું સામર્થ્ય છે, કારણ કે સુબ્રહ્મણ્ય અર્થવાદમાં મેધાતિથિના મેષની બાબતમાં 'मेधातिथिं ह काण्वायनमिन्द्रो मेषो भूत्वा जहार' (ષડ્વિંશ. બ્રા. ૧૧) **'ઇન્દ્રે મેષ બની કણ્વના પુત્ર મેધાતિથિનું હરણ કર્યું'** એવી શ્રુતિ છે. 'आदित्य: पुरुषो भूत्वा कुन्तीमुपजगाम ह' **'આદિત્ય, પુરુષ બનીને કુન્તીની પાસે ગયા'** એવી સ્મૃતિ પણ છે. મૃત્તિકા (માટી) આદિને વિષે ચેતન અધિષ્ઠાતાઓ સ્વીકારાય છે, કારણ કે 'मृदब्रवीत्' **'મૃત્તિકા બોલી'**, 'आपोऽब्रुवन्',

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इत्यादिदर्शनात् । ज्योतिरादेस्तु भूतधातोरादित्यादिष्वप्यचेतनत्वमभ्युपगम्यते । चेतनास्त्वधिष्ठातारो देवतात्मानो मन्त्रार्थवादादिषु व्यवहारादित्युक्तम् ॥

यदप्युक्तम् – मन्त्रार्थवादयोरन्यार्थत्वान्न देवताविग्रहादिप्रकाशनसामर्थ्यमिति, अत्र ब्रूमः – प्रत्ययाप्रत्ययौ हि सद्भावासद्भावयोः कारणम्, नान्यार्थत्वमनन्यार्थत्वं वा, तथा ह्यन्यार्थमपि प्रस्थितः पथि पतितं तृणपर्णाद्यस्तीत्येव प्रतिपद्यते । अत्राह – विषम उपन्यासः, तत्र हि तृणपर्णादिविषयं प्रत्यक्षं प्रवृत्तमस्ति, येन तदस्तित्वं प्रतिपद्यते, अत्र पुनर्विध्युद्देशैकवाक्यभावेन स्तुत्यर्थेऽर्थवादे न पार्थगर्थ्येन वृत्तान्तविषया प्रवृत्तिः शक्याध्यवसातुम्, न हि महावाक्येऽर्थप्रत्यायकेऽवान्तरवाक्यस्य पृथक्प्रत्यायकत्वमस्ति, यथा **'न सुरां पिबेत्'** इति नञ्वति वाक्ये पदत्रयसंबन्धात्सुरापानप्रतिषेध एवैकोऽर्थोऽवगम्यते, न पुनः सुरां पिबेदिति पदद्वयसंबन्धात्सुरापानविधिरपीति । अत्रोच्यते – विषम उपन्यासः, युक्तं यत्सुरापानप्रतिषेधे पदान्वयस्यैकत्वादवान्तरवाक्यार्थस्याग्रहणम्, विध्युद्देशार्थवादयोस्त्वर्थवादस्थानि पदानि पृथगन्वयं वृत्तान्तविषयं प्रतिपद्य, अनन्तरं कैमर्थ्यवशेन कामं विधेः स्तावकत्वं प्रतिपद्यन्ते, यथा हि **'वायव्यं श्वेतमालभेत भूतिकामः'** इत्यत्र विध्युद्देशवर्तिनां वायव्यादिपदानां विधिना संबन्धः, नैवम् **'वायुर्वै क्षेपिष्ठा देवता वायुमेव स्वेन भागधेयेनोपधावति स एवैनं भूतिं गमयति'** इत्येषामर्थवादगतानां पदानाम्, न हि भवति **'वायुर्वा आलभेत'** इति **'क्षेपिष्ठा देवता वा आलभेत'** इत्यादि । वायुस्वभावसंकीर्तनेन तु अवान्तरमन्वयं प्रतिपद्य, एवं विशिष्टदैवत्यमिदं कर्मेति विधिं स्तुवन्ति । तद्यत्र योऽवान्तरवाक्यार्थः प्रमाणान्तरगोचरो भवति, तत्र तदनुवादेनार्थवादः प्रवर्तते, यत्र प्रमाणान्तरविरुद्धः, तत्र गुणवादेन, यत्र तु तदुभयं नास्ति, तत्र किं प्रमाणान्तराभावाद्गुणवादः स्यात्, आहोस्वित्प्रमाणान्तराविरोधाद्विद्यमानार्थवाद इति – प्रतीतिशरणैर्विद्यमानार्थवाद आश्रयणीयः, न गुणानुवादः, एतेन मन्त्रो व्याख्यातः । अपि च विधिभिरेवेन्द्रादिदैवत्यानि हवींषि चोदयद्भिरपेक्षितमिन्द्रादीनां स्वरूपम्, न हि स्वरूपरहिता इन्द्रादयश्चेतस्यारोपयितुं शक्यन्ते, न च चेतस्यनारूढायै तस्यै तस्यै देवतायै हविः प्रदातुं शक्यते, श्रावयति च – **'यस्यै देवतायै हविर्गृहीतं स्यात्तां ध्यायेद्वषट् करिष्यन्'** (ऐ.ब्रा. ३-८-१)

'પાણી બોલ્યું' એમ જોવામાં આવે છે. જ્યોતિરાદિ ભૂતધાતુનું તો અચેતનપણું આદિત્યાદિને વિષે સ્વીકારાયેલું છે, પણ દેવતાત્મા અધિષ્ઠાતાઓ તો ચેતન છે, મન્ત્ર, અર્થવાદ વગેરે વ્યવહારને લીધે એમ કહ્યું છે. વળી મન્ત્ર અને અર્થવાદો અન્યાર્થક હોવાને કારણે તેનામાં દેવતાના વિગ્રહ આદિ પ્રકાશ કરવાનું સામર્થ્ય નથી એમ જે કહ્યું છે તેના સંદર્ભમાં કહીએ છીએ - સદ્ભાવ અસદ્ભાવનું કારણ પ્રતીતિ અને અપ્રતીતિ છે, અન્યાર્થકત્વ કે અનન્યાર્થકત્વ નથી. જેમકે અન્ય અર્થ પ્રતિપાદન કરવા નીકળેલો પુરુષ પણ રસ્તામાં પડેલાં ઘાસ, પાન આદિ છે એમ જ પ્રતીતિ મેળવે છે. આ બાબતમાં કહે છે કે જે ઉદાહરણ આપ્યું છે તે વિષમ છે. ત્યાં તો ઘાસ, પાન આદિનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રવૃત્ત થયું છે તેથી તેના અસ્તિત્વની પ્રતીતિ થાય છે. પણ અહીં તો વિધિવાક્ય સાથે એકવાક્યતાથી અર્થવાદ સ્તુત્યર્થક છે તેને વિષે જુદો અર્થ લઈ ભૂતાર્થને વિષે પ્રવૃત્ત થયો છે એમ નિશ્ચિત કરવું અશક્ય છે. ખરેખર, મહાવાક્ય અર્થની પ્રતીતિ કરાવતું હોય તો અવાન્તરવાક્ય જુદા અર્થની પ્રતીતિ કરાવતું નથી. જેમકે 'न सुरां पिबेत्' (મદિરા પીવી નહિ) એ નઞ્ વાળા (નકારવાળા) વાક્યમાં ત્રણ પદના સંબંધથી મદિરાપાનનો પ્રતિષેધ એવો એક જ અર્થ પ્રતીત થાય છે, પણ सुरां पिबेत् (મદિરા પીવી) એ બે પદના સંબંધથી મદિરાપાનનો વિધિ પણ પ્રતીત થાય છે એવું નથી. અહીં કહીએ છીએ - ઉદાહરણ વિષમ છે. મદિરાપાન પ્રતિષેધમાં પદનો અન્વય એક હોવાને કારણે અવાન્તર વાક્યાર્થનું અગ્રહણ યુક્ત છે. પણ વિધિવાક્ય અને અર્થવાદમાં તો અર્થવાદમાં રહેલાં પદો ભૂત અર્થને વિષે પૃથક્ અન્વય પામીને પછી કૈમર્થ્યને (= 'શા માટે' એવા અર્થને) કારણે વિધિવાક્યની સ્તુતિ કરવાનો ભાવ પામે છે, જેમકે 'वायव्यं श्वेतमालभेत भूतिकामः' **'ભૂતિની ઈચ્છા રાખનારે વાયુદેવને શ્વેત પાણીનું બલિદાન આપવું'** એમાં વાયવ્ય આદિ વિધિવાક્યગત પદોનો વિધિની જોડે સંબન્ધ છે, એમ 'वायुर्वै क्षेपिष्ठा देवता वायुमेव स्वेन भागधेयेनोपधावति स एवैनं भूतिं गमयति' **'ખરેખર, વાયુ સર્વથી ઝડપી દેવ છે, વાયુ પ્રતિ જ પોતાના ભાગથી દોડે છે, તે જ એને ભૂતિએ પહોંચાડે છે'** એ અર્થવાદવાક્યમાં રહેલા પદોનો વિધિ સાથે સંબન્ધ નથી. ખરેખર, 'वायुरालभेत કે क्षेपिष्ठा देवता आलभेत' વગેરે કંઈ થતું નથી. (અર્થવાદના 'वायुः' પદનો કે 'क्षेपिष्ठा देवता' એ પદોનો આલભેત વિધિની સાથે સંબન્ધ નથી). પણ વાયુનો સ્વભાવ કહીને અવાન્તર અન્વય પ્રાપ્ત કરીને જ આ પ્રમાણે વિશિષ્ટ દેવતાનું એ કાર્ય છે એમ વિધિને સ્તવે છે. તેમાં જ્યાં તે અવાન્તરવાક્યનો અર્થ અન્ય પ્રમાણનો વિષય થાય છે ત્યાં તેના અનુવાદથી અર્થવાદ પ્રવૃત્ત થાય છે. જ્યાં તે બંને નથી ત્યાં અન્ય પ્રમાણના અભાવથી ગુણવાદ થાય કે અન્ય પ્રમાણના અવિરોધથી વિદ્યમાનવાદ થાય એમ સંશયમાં વિચાર કરી પ્રતીતિને શરણ થનારાઓએ વિદ્યમાનવાદનો આશ્રય કરવો, ગુણવાદનો નહિ. આથી મન્ત્રનું વ્યાખ્યાન થયું. વળી ઈન્દ્ર વગેરે દેવતાઓને હવિ આપવાની પ્રેરણા કરનાર વિધિઓ જ ઈન્દ્ર વગેરેના સ્વરૂપની અપેક્ષા રાખે છે. ખરેખર, સ્વરૂપરહિત ઈન્દ્રાદિઓ ચિત્તમાં આરોપવા શક્ય નથી, અને ચિત્તમાં આરૂઢ ન થયેલા એવા તે તે દેવતાને હવિ આપવું શક્ય નથી. શ્રુતિ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति, न च शब्दमात्रमर्थस्वरूपं संभवति, शब्दार्थयोर्भेदात्, तत्र यादृशं मन्त्रार्थवादयोरिन्द्रादीनां स्वरूपमवगतं न तत्तादृशं शब्दप्रमाणकेन प्रत्याख्यातुं युक्तम् । इतिहासपुराणमपि व्याख्यातेन मार्गेण संभवन्मन्त्रार्थवादमूलकत्वात् प्रभवति देवताविग्रहादि साधयितुम्, प्रत्यक्षादिमूलमपि संभवति, भवति ह्यस्माकमप्रत्यक्षमपि चिरंतनानां प्रत्यक्षम्, तथा च व्यासादयो देवादिभिः प्रत्यक्षं व्यवहरन्तीति स्मर्यते, यस्तु ब्रूयात् – इदानींतनानामिव पूर्वेषामपि नास्ति देवादिभिर्व्यवहर्तुं सामर्थ्यमिति, स जगद्वैचित्र्यं प्रतिषेधेत्, इदानीमिव च नान्यदापि सार्वभौमः क्षत्रियोऽस्तीति ब्रूयात्, ततश्च राजसूयादिचोदना उपरुन्ध्यात्, इदानीमिव च कालान्तरेऽप्यव्यवस्थितप्रायान्वर्णाश्रमधर्मान्प्रतिजानीत, ततश्च व्यवस्थाविधायि शास्त्रमनर्थकं कुर्यात्, तस्माद्धर्मोत्कर्षवशाच्चिरंतना देवादिभिः प्रत्यक्षं व्यवजहुरिति श्लिष्यते । अपि च स्मरन्ति – **'स्वाध्यायादिष्टदेवतासंप्रयोग'** (यो.सू.२-४४) इत्यादि, योगोऽप्यणिमाद्यैश्वर्यप्राप्तिफलकः स्मर्यमाणो न शक्यते साहसमात्रेण प्रत्याख्यातुम्, श्रुतिश्च योगमाहात्म्यं प्रख्यापयति – **'पृथिव्यप्तेजोऽनिलखे समुत्थिते पञ्चात्मके योगगुणे प्रवृत्ते। न तस्य रोगो न जरा न मृत्युः प्राप्तस्य योगाग्निमयं शरीरम्'** (श्वेता.उप. २-१२) इति । ऋषीणामपि मन्त्रब्राह्मणदर्शिनां सामर्थ्यं नास्मदीयेन सामर्थ्येनोपमातुं युक्तम् । तस्मात्समूलमितिहासपुराणम् । लोकप्रसिद्धिरपि न सति संभवे निरालम्बनाध्यवसातुं युक्ता । तस्मादुपपन्नो मन्त्रादिभ्यो देवादीनां विग्रहवत्त्वाद्यवगमः । ततश्चार्थित्वादिसंभवादुपपन्नो देवादीनामपि ब्रह्मविद्यायामधिकारः । क्रममुक्तिदर्शनान्यप्येवमेवोपपद्यन्ते ॥३३॥

९. अपशूद्राधिकरणम् ।

शुगस्य तदनादरश्रवणात्तदाद्रवणात्सूच्यते हि ॥३४॥

यथा मनुष्याधिकारनियममपोह्य देवादीनामपि विद्यास्वधिकार उक्तः, तथैव द्विजात्यधिकारनियमापवादेन

'यस्मै देवतायै हविर्गृहीतं स्यात् तां ध्यायेद्वषट्करिष्यन्' (ऐ. ब्रा. ३-८-१) **'જે દેવતા માટે હવિનું ગ્રહણ કર્યું હોય તેનું વષટ્કાર કરતા પૂર્વે ધ્યાન ધરવું જોઈએ'** એમ કહે છે. વળી શબ્દમાત્ર અર્થસ્વરૂપ સંભવતું નથી, કારણ કે શબ્દ અને અર્થનો ભેદ છે. તેમાં મન્ત્ર અને અર્થવાદમાં ઇન્દ્ર વગેરેનું જેવું સ્વરૂપ સમજાયેલું છે તેવા સ્વરૂપનો શબ્દને પ્રમાણ માનનારે પ્રતિષેધ કરવો યોગ્ય નથી. ઇતિહાસ અને પુરાણનું પણ મૂળ પૂર્વે સમજાવ્યું તે રીતે પ્રમાણ તરીકે સંભવતા મન્ત્ર અને અર્થવાદ છે તેથી દેવતાના વિગ્રહાદિ સાધવાને તે (ઇતિહાસ, પુરાણ) સમર્થ છે. વળી તેનું પ્રત્યક્ષ વગેરે મૂળ છે એ પણ સંભવે છે. ખરેખર, જે આપણને પ્રત્યક્ષ ન હોય તે પણ પ્રાચીન સમયના વ્યક્તિઓને પ્રત્યક્ષ હોય છે. જેમકે વ્યાસ આદિઓ દેવ આદિઓ સાથે પ્રત્યક્ષવ્યવહાર કરે છે એમ સ્મૃતિ છે, અત્યારની જેમ પૂર્વના (વ્યક્તિઓ)ને પણ દેવાદિઓ સાથે વ્યવહાર કરવાનું સામર્થ્ય નથી એમ જે કહે તે જગત્‌ની વિચિત્રતાનો પ્રતિષેધ કરે વર્તમાનની જેમ અન્ય સમયે પણ સાર્વભૌમ ક્ષત્રિય નથી એમ કહે અને તેથી રાજસૂય આદિ પ્રેરણાનો બાધ આવે, વળી અત્યારની જેમ અન્ય સમયે પણ વર્ણાશ્રમ ધર્મો અવ્યવસ્થિત જેવા હતા એમ પ્રતિજ્ઞા કરે અને તેથી વ્યવસ્થા કરનાર શાસ્ત્ર અનર્થક થાય. આથી ધર્મના ઉત્કર્ષને કારણે પ્રાચીન સમયના વ્યક્તિઓ દેવાદિ સાથે પ્રત્યક્ષ વ્યવહાર કરતા હતા એ સ્વીકૃત થાય છે. વળી 'स्वाध्यायादिष्टदेवतासंप्रयोगः' (બ્ર. સૂ. ૨-૪૪) **'સ્વાધ્યાયથી ઇષ્ટ દેવતા સાથે સંપ્રયોગ (સંભાષણ વગેરે સંબંધ) છે'** વગેરે સ્મૃતિ અણિમા આદિ ઐશ્વર્યની પ્રાપ્તિ જેનું ફળ છે એવો યોગ જેનું સ્મૃતિ પ્રતિપાદન કરે છે તેનો પણ સાહસમાત્રથી નિષેધ કરવો યોગ્ય નથી. શ્રુતિ પણ 'पृथ्व्यप्तेजोऽनिलखे समुत्थिते पञ्चात्मके योगगुणे प्रवृत्ते । न तस्य रोगो न जरा न मृत्युः प्राप्तस्य योगाग्निमयं शरीरम्' (શ્વેતા.ઉપ. ૨-૧૨) **'પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પંચાત્મક ભૂતસમૂહ વશ થાય અને યોગનો ગુણ પ્રવૃત્ત થાય ત્યારે યોગથી અભિવ્યક્ત થયેલા તેજોમય દેહ પ્રાપ્ત થયેલા યોગીને રોગ, જરા, અને મૃત્યુ નથી'** એમ યોગનું માહાત્મ્ય કહ્યું છે. મન્ત્ર અને બ્રાહ્મણનું દર્શન કરનાર ઋષિઓનું પણ સામર્થ્ય આપણા સામર્થ્ય સાથે સરખાવવું યોગ્ય નથી. આથી ઇતિહાસ અને પુરાણ પ્રમાણભૂત છે. લોકપ્રસિદ્ધિ પણ સંભવ હોય તો આધારરહિત છે એમ નિશ્ચય કરવો યોગ્ય નથી. માટે મન્ત્ર વગેરેથી દેવાદિને વિગ્રહ છે ઇત્યાદિ પ્રતીત થવું યુક્ત છે, અને તેથી અર્થિત્વ વગેરેના સંભવથી દેવ વગેરેને પણ બ્રહ્મવિદ્યા ને માટે અધિકાર યોગ્ય છે, જે દર્શનો ક્રમિક મુક્તિ શીખવે છે તેઓ પણ એમ જ યોગ્ય બને છે. ॥ ૩૩ ॥

૯. અપશુદ્ર અધિકરણ

તેને (જાનશ્રુતિને) શોક (થયો), આથી (પોતાનો) અનાદર સાંભળવાથી; તેથી આદ્રવણથી (પ્રાપ્તિથી); ખરેખર તે સૂચિત થાય છે ॥૩૪ ॥

જેમ મનુષ્યના અધિકારના નિયમનો નિષેધ કરીને દેવ વગેરેનો પણ વિદ્યાઓની બાબતમાં અધિકાર કહ્યો, તેમ દ્વિજાતિના અધિકારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शूद्रस्याप्यधिकारः स्यादित्येतामाशङ्कां निवर्तयितुमिदमधिकरणमारभ्यते । तत्र शूद्रस्याप्यधिकारः स्यादिति तावत्प्राप्तम्, अर्थित्वसामर्थ्ययोः संभवात्, **'तस्माच्छूद्रो यज्ञेऽनवक्लृप्तः'** (तैत्ति.सं. ७-१-१-६) इतिवत् शूद्रो विद्यायामनवक्लृप्त इति निषेधाश्रवणात् । यच्च कर्मस्वनधिकारकारणं शूद्रस्यानग्नित्वम्, न तद्विद्यास्वधिकारस्यापवादकम्, न ह्याहवनीयादिरहितेन विद्या वेदितुं न शक्यते । भवति च श्रौतं लिङ्गं शूद्राधिकारस्योपोद्बलकम्, संवर्गविद्यायां हि जानश्रुतिं पौत्रायणं शुश्रूषुं शूद्रशब्देन परामृशति – **'अह हारे त्वा शूद्र तवैव सह गोभिरस्तु'** (छा.उप. ४-२-३) इति । विदुरप्रभृतयश्च शूद्रयोनिप्रभवा अपि विशिष्टविज्ञानसंपन्नाः स्मर्यन्ते । तस्मादधिक्रियते शूद्रो विद्यास्वित्येवं प्राप्ते –

ब्रूमः – न शूद्रस्याधिकारः, वेदाध्ययनाभावात् । अधीतवेदो हि विदितवेदार्थो वेदार्थेष्वधिक्रियते । न च शूद्रस्य वेदाध्ययनमस्ति, उपनयनपूर्वकत्वाद्वेदाध्ययनस्य, उपनयनस्य च वर्णत्रयविषयत्वात् । यत्तु अर्थित्वम्, न तदसति सामर्थ्येऽधिकारकारणं भवति । सामर्थ्यमपि न लौकिकं केवलमधिकारकारणं भवति, शास्त्रीयेऽर्थे शास्त्रीयस्य सामर्थ्यस्यापेक्षितत्वात्, शास्त्रीयस्य च सामर्थ्यस्याध्ययननिराकरणेन निराकृतत्वात् । यच्चेदम् **'शूद्रो यज्ञेऽनवक्लृप्तः'** इति, तत् न्यायपूर्वकत्वाद्विद्यायामप्यनवक्लृप्तत्वं द्योतयति, न्यायस्य साधारणत्वात् । यत्पुनः संवर्गविद्यायां शूद्रशब्दश्रवणं लिङ्गं मन्यसे, न तल्लिङ्गम्, न्यायाभावात् । न्यायोक्ते हि लिङ्गदर्शनं, द्योतकं भवति । न चात्र न्यायोऽस्ति । कामं चायं शूद्रशब्दः संवर्गविद्यायामेवैकस्यां शूद्रमधिकुर्यात्, तद्विषयत्वात्, न सर्वासु विद्यासु । अर्थवादस्थत्वात्तु न क्वचिदप्ययं शूद्रमधिकर्तुमुत्सहते । शक्यते चायं शूद्रशब्दोऽधिकृतविषये योजयितुम्, कथमित्युच्यते – **'कम्वर एनमेतत्सन्तं सयुग्वानमिव रैक्वमात्थ'** (छा.उप. ४-१-३) इत्यस्माद्धंसवाक्यादात्मनोऽनादरं श्रुतवतो जानश्रुतेः पौत्रायणस्य शुक् उत्पेदे, तामृषी रैक्वः शूद्रशब्देनानेन सूचयांबभूव आत्मनः परोक्षज्ञताख्यापनायेति गम्यते, जातिशूद्रस्यानधिकारात् । कथं पुनः शूद्रशब्देन शुगुत्पन्ना सूच्यत इति, उच्यते – तदाद्रवणात्, शुचमभिदुद्राव, शुचा वा अभिदुद्रुवे, शुचा वा रैक्वमभिदुद्राव – इति शूद्रः, अवयवार्थसंभवात्,

---

નિયમના અપવાદથી શૂદ્રનો પણ અધિકાર થાય એવી આશંકાની નિવૃત્તિ કરવા માટે આ અધિકરણનો પ્રારંભ થાય છે. તેમાં શૂદ્રનો પણ અધિકાર થાય એમ પ્રથમ પ્રાપ્ત થાય છે, અર્થિત્વ અને સામર્થ્યના સંભવથી, અને 'तस्माच्छूद्रो यज्ञेऽनवक्लृप्तः' (તૈ. સં. ૭।૧।૧।૬) **'તેથી શૂદ્ર યજ્ઞ માટે અસમર્થ છે'** તેની જેમ 'शूद्रो विद्यायामनवक्लृप्तः' **'શૂદ્ર વિદ્યા માટે અસમર્થ છે'** એમ નિષેધનું શ્રવણ નથી તેથી. વળી કર્મોની બાબતમાં શૂદ્રના અનધિકારનું કારણ જે અનગ્નિત્વ અગ્નિ રાખવાનો અધિકાર ન હોવાથી છે તે વિદ્યાઓને વિષે અધિકારનું અપવાદક લિંગ નથી. ખરેખર, આહવનીય (એક પ્રકારનો અગ્નિ) આદિ રહિતથી વિદ્યાને જાણવી શક્ય નથી એમ નથી. વળી શૂદ્રના અધિકારને પુષ્ટિ આપનાર લિંગ (હેતુ) છે. ખરેખર, સંવર્ગવિદ્યામાં પૌત્રાયણ જાનશ્રુતિ જે (બ્રહ્મ) શ્રવણ કરવા ઇચ્છતો હતો તેનો (રૈક્વ) શૂદ્ર શબ્દથી પરામર્શ કરે છે 'अह हारेत्वा शूद्र तवैव सह गोभिरस्तु' (છાન્દો. ઉપ. ૪-૨-૩) **'અરે, હારથી શૂદ્ર, યુક્ત રથ, ગાયો સાથે તારો જ થાઓ'** એમ. વિદુર આદિઓ શૂદ્રયોનિથી જન્મ્યા હતા છતાં પણ વિશિષ્ટ વિજ્ઞાનયુક્ત થયા હતા એમ સ્મૃતિઓ કહે છે. માટે શૂદ્રનો વિદ્યાઓમાં અધિકાર છે. એમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ -

શૂદ્રનો અધિકાર નથી, વેદનું અધ્યયન નથી તેથી. ખરેખર, જેણે વેદનું અધ્યયન કર્યું હોય અને વેદનો અર્થ જાણ્યો હોય તેને વેદના અર્થો માટે છે. પણ શૂદ્રને વેદનું અધ્યયન નથી, કારણ કે વેદનું અધ્યયન ઉપનયનપૂર્વક (જનોઈ જેની પૂર્વે છે એવું, જનોઈ દીધા પછી થાય એવું કર્મ) છે, અને ઉપનયન ત્રણ વર્ણને જ લાગુ પડે છે. વળી જે અર્થિત્વ છે તે સામર્થ્ય ન હોય તો અધિકારનું કારણ બનતું નથી. સામર્થ્ય પણ માત્ર લૌકિક હોય તો અધિકારનું કારણ થતું નથી, કારણ કે શાસ્ત્રીય અર્થમાં શાસ્ત્રીય કારણની અપેક્ષા છે, અને અધ્યયનના નિરાકરણથી શાસ્ત્રીય કારણનું નિરસન થયું છે. 'शूद्रो यज्ञेऽनवक्लृप्तः' **'શૂદ્ર યજ્ઞને વિષે અસમર્થ છે'** એમ જે છે તે ન્યાયપૂર્વક હોવાથી વિદ્યાની બાબતમાં અસામર્થ્ય સૂચવે છે, કારણ કે ન્યાય સાધારણ છે. વળી સંવર્ગવિદ્યામાં શૂદ્ર શબ્દની શ્રુતિને જે તું લિંગ માને છે તે લિંગ નથી, કારણ કે ન્યાય નથી. ખરેખર, ન્યાયની ઉક્તિ હોય તો લિંગનું દર્શક દ્યોતક થાય. પણ અહીં ન્યાય નથી. ભલે, એ શૂદ્ર શબ્દ માત્ર સંવર્ગ વિદ્યામાં જ શૂદ્રનો અધિકાર કરે, કારણ કે તે તેનો વિષય છે, પણ સર્વ વિદ્યાઓમાં અધિકાર કરતો નથી. અર્થવાદવાક્યમાં રહેલો હોવાથી તો કોઈ પણ સ્થળે એ શૂદ્રનો અધિકાર પ્રતિપાદન કરવા સમર્થ નથી. વળી અધિકારવાળા પુરુષને લાગુ પડે એમ શૂદ્ર શબ્દની યોજના થઈ શકે છે. કેવી રીતે તેને માટે કહે છે 'कम्वर एनमेतत्सन्तं सयुग्वानमिव रैक्वमात्थ' (છાન્દો. ઉપ. ૪-૧-૩) **'અરે, આ આવે છે તેને, શકટીયુક્ત રૈક્વની જેમ આ વચન કહે છે'** એમ એ હંસવાક્યથી પોતાનો અનાદર સાંભળનાર પૌત્રાયણ જાનશ્રુતિને શોક ઉત્પન્ન થયો, તે શોક રૈક્વ ઋષિએ પોતાનું પરોક્ષ (અપ્રત્યક્ષ) જ્ઞાન બતાવવા માટે આ શૂદ્ર શબ્દ વડે સૂચવ્યો એમ સમજાય છે, કારણ કે શૂદ્રજાતિને અધિકાર નથી. પણ શૂદ્ર શબ્દથી ઉત્પન્ન થયેલો શોક કેવી રીતે સૂચવાય છે ? કહીએ છીએ. તેના આદ્રવણથી. શોક તરફ તેણે અભિદ્રવણ કર્યું, કે શોકથી તેના પર અભિદ્રવણ કર્યું કે શોકથી તેણે (જાનશ્રુતિએ) રૈક્વ પ્રત્યે અભિદ્રવણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

रूढ्यर्थस्य चासंभवात् । दृश्यते चायमर्थोऽस्यामाख्यायिकायाम् ॥३४॥

क्षत्रियत्वगतेश्चोत्तरत्र चैत्ररथेन लिङ्गात् ॥३५॥

इतश्च न जातिशूद्रो जानश्रुतिः, यत्कारणं प्रकरणनिरूपणेन क्षत्रियत्वमस्योत्तरत्र चैत्ररथेनाभिप्रतारिणा क्षत्रियेण समभिव्याहाराल्लिङ्गादवगम्यते । उत्तरत्र हि संवर्गविद्यावाक्यशेषे चैत्ररथिरभिप्रतारी क्षत्रियः संकीर्त्यते – **'अथ ह शौनकं च कापेयमभिप्रतारिणं च काक्षसेनिं सूदेन परिविष्यमाणौ ब्रह्मचारी बिभिक्षे'** (छा.उप. ४-३-५) इति । चैत्ररथित्वं चाभिप्रतारिणः कापेययोगादवगन्तव्यम् । कापेययोगो हि चित्ररथस्यावगतः **'एतेन वै चित्ररथं कापेया अयाजयन्'** (ताण्ड.ब्रा. २०-१२-५) इति । समानान्वयानां च प्रायेण समानान्वया याजका भवति । **'तस्माच्चैत्ररथिर्नामैकः क्षत्रपतिरजायत'** इति च क्षत्रपतित्वावगमात्क्षत्रियत्वमस्यावगन्तव्यम् । तेन क्षत्रियेणाभिप्रतारिणा सह समानायां संवर्गविद्यायां संकीर्तनं जानश्रुतेरपि क्षत्रियत्वं सूचयति । समानानामेव हि प्रायेण समभिव्याहारा भवन्ति । क्षत्तृप्रेषणाद्यैश्वर्ययोगाच्च जानश्रुतेः क्षत्रियत्वावगतिः । अतो न शूद्रस्याधिकारः ॥३५॥

संस्कारपरामर्शात्तदभावाभिलापाच्च ॥३६॥

इतश्च न शूद्रस्याधिकारः, यद्विद्याप्रदेशेषूपनयनादयः संस्काराः परामृश्यन्ते – **'तं होपनिन्ये'** (श.ब्रा.११-५-३-१३) **'अधीहि भगव इति होपससाद'** (छा.उप.७-१-१) **'ब्रह्मपरा ब्रह्मनिष्ठाः परं ब्रह्मान्वेषमाणा एष ह वै तत्सर्वं वक्ष्यतीति ते ह समित्पाणयो भगवन्तं पिप्पलादमुपसन्नाः'** (प्रश्नोप.१-१) इति च । **'तान्हानुपनीयैव'** (छा.उप. ५-११-७) इत्यपि प्रदर्शितैवोपनयनप्राप्तिर्भवति । शूद्रस्य च संस्काराभावोऽभिलप्यते **'शूद्रश्चतुर्थो वर्ण एकजातिः'** (मनु. १०-४) इत्येकजातित्वस्मरणात् । **'न शूद्रे पातकं किंचिन्न च संस्कारमर्हति'** (मनु. १०-१२-६) इत्यादिभिश्च ॥३६॥

કર્યું તેથી શૂદ્ર (કહ્યો છે,) કારણ કે અવયવાર્થનો (યૌગિક અર્થનો) સંભવ છે અને રૂઢ્યર્થનો અસંભવ છે. આવો અર્થ તે આખ્યાયિકામાં દેખાય છે પણ ખરો ॥ ૩૪ ॥

વળી, આગળ ચૈત્રરથ સાથે (નિર્દેશ કર્યો છે તે) કારણે (જાનશ્રુતિનું) ક્ષત્રિયપણું સમજાય છે તેથી ॥ ૩૫ ॥

વળી આથી જાનશ્રુતિ જાતિએ શૂદ્ર નથી, કારણ કે પ્રકરણનું નિરૂપણ કરતાં આગળ ચૈત્રરથ અભિપ્રતારી ક્ષત્રિય સાથે એનો નિર્દેશ છે તે કારણે એ ક્ષત્રિય છે એમ સમજાય છે. ખરેખર, આગળ સંવર્ગવિદ્યાના વાક્યશેષમાં ચૈત્રરથિ અભિપ્રતારી ક્ષત્રિયની સ્તુતિ થાય છે - 'अथ ह शौनकं च कापेयमभिप्रतारिणं च काक्षसेनिं परिविष्यमाणौ ब्रह्मचारी बिभिक्षे' (છાન્દો. ઉપ. ૪-૩-૫) **'શુનકના પુત્ર કાપેય અને કક્ષસેનના પુત્ર અભિપ્રતારીની, જ્યારે તેમને પીરસાતું હતું ત્યારે, બ્રહ્મચારીએ ભિક્ષા કરી'** એમ, અને અભિપ્રતારી ચૈત્રરથિ છે એમ તેના કાપેય સાથેના સંબંધથી સમજવું, કારણ કે 'एतेन वै चित्ररथं कापेया अयाजयन्' (તાણ્ડ્ય. બ્રા. ૨૦-૧૨-૫) **'ખરેખર, આથી ચિત્રરથને કાપેયોએ યજ્ઞ કરાવ્યો'** એથી ચિત્રરથનો કાપેય સાથેનો સંબંધ સમજાય છે. પ્રાયઃ સમાન વંશનાને સમાન વંશના યાજકો હોય છે. 'तस्माच्चैत्ररथिर्नामकः क्षत्रपतिरजायत' **'તેમાંથી ચૈત્રરથિ નામનો ક્ષત્રપતિ જન્મ્યો'** એમ એ ક્ષત્રપતિ હતો એમ સમજાવાથી એ ક્ષત્રિય હતો એમ સમજવું. તે ક્ષત્રિય અભિપ્રતારી સાથે સમાન વિદ્યામાં જાનશ્રુતિનું સંકીર્તન તેનું ક્ષત્રિયત્વ સૂચવે છે, કારણ કે પ્રાયઃ સમાનોનો જ સાથે નિર્દેશ થાય છે. પ્રાતઃકાલમાં સ્તુતિ કરી રાજાને ઉઠાડનાર દ્વારપાલ ભાટને મોકલવો વગેરે ઐશ્વર્યના યોગથી પણ જાનશ્રુતિ ક્ષત્રિય હતો એમ સમજાય છે, આથી શૂદ્રને અધિકાર નથી ॥ ૩૫ ॥

સંસ્કારનો પરામર્શ હોવાથી અને (શૂદ્રને) તેના અભાવનું અભિધાન છે તેથી ॥ ૩૬ ॥

વળી આથી શૂદ્રનો અધિકાર નથી, કારણ કે વિદ્યાપ્રદેશોમાં ઉપનયન વગેરે સંસ્કારોનો પરામર્શ થાય છે. 'तं होपनिन्ये' (શ. બ્રા. ૧૧-૫-૩-૧૩) **'તેને જનોઈ આપી'**, 'अधींहि भगव इति होपससाद' (છાન્દો. ઉપ. ૭-૧-૧) **'હે ભગવન્, શીખવાડો એમ કહી ગયો'**, 'ब्रह्मपरा ब्रह्मनिष्ठाः परं ब्रह्मान्वेषमाणा एष ह वै तत्सर्वं वक्ष्यतीति ते ह समित्पाणयो भगवन्तं पिप्पलादमुपसन्नाः' (પ્રશ્નોપ. ૧-૧) **'(બ્રહ્મનો) પાર પામેલા, બ્રહ્મનિષ્ઠ, પરબ્રહ્મને શોધતા આ તે બધું જ કહેશે એમ ધારી તેઓ હાથમાં સમિધ્ લઈ ભગવન્ પિપ્પલાદની પાસે ગયા'** એમ. 'तान् हानुपनीयैव' (છાન્દો. ઉપ. ૫-૧૧-૭) **'તેમને ઉપનયન વિના જ'** એમાં પણ દર્શાવેલી જ ઉપનયનની પ્રાપ્તિ છે. શૂદ્રના સંસ્કારના અભાવનું અભિધાન છે. 'शूद्रश्चतुर्थो वर्ण एकजातिः' (મનુ. ૧૦-૪) **'શૂદ્ર ચતુર્થ વર્ણ ઉપનયન વિનાનો છે'** એમ શૂદ્ર ઉપનયનરહિત છે એવી સ્મૃતિ છે. 'न शूद्रे पातकं किंचिन्न च संस्कारमर्हति' (મનુ. ૧૦-૧૨-૬) **'શૂદ્રમાં કંઈ પાપ નથી અને તે સંસ્કારને યોગ્ય નથી'** ઇત્યાદિથી પણ (સંસ્કારના અભાવનું અભિધાન) છે ॥ ૩૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तदभावनिर्धारणे च प्रवृत्तेः ॥३७॥

इतश्च न शूद्रस्याधिकारः, यत्सत्यवचनेन शूद्रत्वाभावे निर्धारिते जाबालं गौतम उपनेतुमनुशासितुं च प्रववृते– **'नैतदब्राह्मणो विवक्तुमर्हति समिधं सोम्याहरोप त्वा नेष्ये न सत्यादगाः'** (छा.उप. ४-४-५) इति श्रुतिलिङ्गात् ॥३७॥

श्रवणाध्ययनार्थप्रतिषेधात्स्मृतेश्च ॥३८॥

इतश्च न शूद्रस्याधिकारः, यदस्य स्मृतेः श्रवणाध्ययनार्थप्रतिषेधो भवति । वेदश्रवणप्रतिषेधः, वेदाध्ययनप्रतिषेधः, तदर्थज्ञानानुष्ठानयोश्च प्रतिषेधः शूद्रस्य स्मर्यते । श्रवणप्रतिषेधस्तावत् – **'अथास्य वेदमुपशृण्वतस्त्रपुजतुभ्यां श्रोत्रप्रतिपूरणम्'** इति, **'पद्यु ह वा एतच्छ्मशानं यच्छूद्रस्तस्माच्छूद्रसमीपे नाध्येतव्यम्'** इति च । अत एवाध्ययनप्रतिषेधः, यस्य हि समीपेऽपि नाध्येतव्यं भवति, स कथमश्रुतमधीयीत । भवति च वेदोच्चारणे जिह्वाच्छेदः, धारणे शरीरभेद इति । अत एव चार्थादर्थज्ञानानुष्ठानयोः प्रतिषेधो भवति – **'न शूद्राय मतिं दद्यात्'** इति, **'द्विजातीनामध्ययनमिज्या दानम्'** इति च। येषां पुनः पूर्वकृतसंस्कारवशाद्विदुरधर्मव्याधप्रभृतीनां ज्ञानोत्पत्तिः, तेषां न शक्यते फलप्राप्तिः प्रतिषेद्धुम्, ज्ञानस्यैकान्तिकफलत्वात् । **'श्रावयेच्चतुरो वर्णान्'** इति चेतिहासपुराणाधिगमे चातुर्वर्ण्यस्याधिकारस्मरणात् । वेदपूर्वकस्तु नास्त्यधिकारः शूद्राणामिति स्थितम् ॥३८॥

१० कम्पनाधिकरणम्

कम्पनात् ॥३९॥

अवसितः प्रासङ्गिकोऽधिकारविचारः, प्रकृतामेवेदानीं वाक्यार्थविचारणां प्रवर्तयिष्यामः । **'यदिदं किंच जगत्सर्वं प्राण एजति निःसृतम् । महद्भयं वज्रमुद्यतं य एतद्विदुरमृतास्ते भवन्ति'** इति – एतद्वाक्यम् **'एजृ कम्पने'** इति धात्वर्थानुगमाल्लक्षितम् । अस्मिन्वाक्ये सर्वमिदं जगत् प्राणाश्रयं स्पन्दते, महच्च किंचिद्भयकारणं वज्रशब्दितमुद्यतम्,

---

તેનો (શૂદ્રપણાનો) અભાવ નક્કી થતાં પ્રવૃત્તિ છે તેથી ॥ ૩૭ ॥

વળી આથી શૂદ્રનો અધિકાર નથી, કારણ કે સત્ય બોલવાથી શૂદ્રત્વનો અભાવ નક્કી થતાં ગૌતમ જાબાલને ઉપનયન અને અનુશાસન કરવા પ્રવૃત્ત થયો, કારણ કે 'नैतदब्राह्मणो विवक्तुमर्हति समिधं सोम्याहरोप त्वानेष्ये न सत्यादगाः' (છાન્દો. ઉપ. ૪-૪-૫) 'અબ્રાહ્મણ (જે બ્રાહ્મણ ન હોય તે) આ વિવેચનપૂર્વક બોલવા યોગ્ય નથી, હે સોમ્ય, સમિધ્ લઈ આવ, હું તને ઉપનય કરીશ, તું સત્યથી દૂર ગયો નથી' એમ શ્રુતિનું લિંગ છે ॥ ૩૭ ॥

વળી સ્મૃતિથી શ્રવણ, અધ્યયન અને અર્થનો પ્રતિષેધ થતો હોવાથી ॥ ૩૮ ॥

વળી આથી શૂદ્રનો અધિકાર નથી, કારણ કે સ્મૃતિથી એને શ્રવણ, અધ્યયન અને અર્થનો પ્રતિષેધ થાય છે. શૂદ્રને વેદના શ્રવણનો પ્રતિષેધ, વેદના અધ્યયનનો પ્રતિષેધ, અને વેદના અર્થના જ્ઞાન અને અનુષ્ઠાનનો પ્રતિષેધ સ્મૃતિમાં છે. પ્રથમ 'अथास्य वेदमुपशृण्वतस्त्रपुजतुभ्यां श्रोत्रप्रतिपूरणम्' **'વેદનું નજીકથી શ્રવણ કરનાર એ શૂદ્રના કાન સીસા અને લાખથી પૂરવા'**, અને 'पद्यु ह वा एतच्छ्मशानं यच्छूद्रस्तस्माच्छूद्रसमीपे नाध्येतव्यम्' **'જે શૂદ્ર છે તે, ખરેખર, પગેથી ચાલવા લાયક શ્મશાન છે, માટે શૂદ્ર પાસે અધ્યયન કરવું ન જોઈએ'** એમ શ્રવણનો પ્રતિષેધ છે. આથી જ અધ્યયનનો પણ પ્રતિષેધ છે, કારણ કે જેની પાસે પણ અધ્યયન કરવું યુક્ત નથી તે કેવી રીતે શ્રુતિનું અધ્યયન કરે? વળી વેદ ઉચ્ચારવાથી જિહ્વાનો છેદ થાય અને ધારણ કરવાથી શરીર ભેદાય છે એમ પણ છે. એ જ હેતુથી અર્થજ્ઞાન અને અનુષ્ઠાનનો પ્રતિષેધ થાય છે 'न शूद्राय मतिं दद्यात्' **'શૂદ્રને વેદાર્થજ્ઞાન આપવું નહિ'** અને 'द्विजातीनामध्ययनमिज्यादानम्' **'દ્વિજોને માટે અધ્યયન, યજ્ઞ અને દાન છે'** એમ. પણ વિદુર, ધર્મવ્યાધ વગેરે જેમને પૂર્વકર્મના સંસ્કારથી જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમને ફળની પ્રાપ્તિનો પ્રતિષેધ કરવો શક્ય નથી, કારણ કે જ્ઞાન નિશ્ચિત ફળ ઉત્પન્ન કરે છે. 'श्रावयेच्चतुरो वर्णान्' **'ચાર વર્ણોને સંભળાવવું'** એમ ઇતિહાસ અને પુરાણનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ચારે વર્ણોનો અધિકાર સ્મૃતિ કહે છે. પરંતુ વેદપૂર્વક અધિકાર શૂદ્રોને નથી એવી સ્થિતિ છે ॥ ૩૮ ॥

૧૦. કપન અધિકરણ

કમ્પવાથી (પ્રાણ બ્રહ્મ છે) ॥ ૩૯ ॥

પ્રાસંગિક અધિકારવિચાર પૂર્ણ થયો. હવે વાક્યાર્થનો વિચાર જે પ્રકૃત છે તે જ ચલાવીશું. 'यदिदं किं च जगत् सर्वं प्राण एजति निःसृतम् । महद्भयं वज्रमुद्यतं य एतद्विदुरमृतास्ते भवन्ति' (કઠ.ઉપ. ૨-૬-૨) **'જે આ કંઈ, સર્વ જગત્ પ્રાણને કારણે ઉત્પન્ન થયું તે પ્રાણથી ચેષ્ટા કરે છે, તે મોટું ભય છે, ઊંચું કરેલું વજ્ર છે, જેઓ એ જાણે છે તેઓ અમૃત થાય છે'**. આ વાક્ય एजृ कम्पने (એજ્ એટલે કમ્પવું) એ ધાત્વર્થના અનુગમથી સૂત્રકારનું લક્ષિત છે. એ વાક્યમાં આ સર્વ જગત્ પ્રાણને આધારે ચેષ્ટા કરે છે, કંઈક મોટું ભયકારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तद्विज्ञानाच्चामृतत्वप्राप्तिरिति श्रूयते । तत्र, कोऽसौ प्राणः, किं तद्भयानकं वज्रम्, इत्यप्रतिपत्तेर्विचारे क्रियमाणे, प्राप्तं तावत् – प्रसिद्धेः पञ्चवृत्तिर्वायुः प्राण इति; प्रसिद्धेरेव चाशनिर्वज्रं स्यात्; वायोश्चेदं माहात्म्यं संकीर्त्यते, कथम् ? सर्वमिदं जगत् पञ्चवृत्तौ वायौ प्राणशब्दिते प्रतिष्ठाय एजति, वायुनिमित्तमेव च महद्भयानकं वज्रमुद्यम्यते, वायौ हि पर्जन्यभावेन विवर्तमाने विद्युत्स्तनयित्नुवृष्ट्यशनयो विवर्तन्त इत्याचक्षते, वायुविज्ञानादेव चेदममृतत्वम्, तथा हि श्रुत्यन्तरम् – **'वायुरेव व्यष्टिर्वायुः समष्टिरप पुनर्मृत्युं जयति य एवं वेद'** इति, तस्माद्वायुरयमिह प्रतिपत्तव्यः इत्येवं प्राप्ते –

ब्रूमः – ब्रह्मैवेदमिह प्रतिपत्तव्यम्, कुतः ? पूर्वोत्तरालोचनात्, पूर्वोत्तरयोर्हि ग्रन्थभागयोर्ब्रह्मैव निर्दिश्यमानमुपलभामहे, इहैव कथमकस्मादन्तराले वायुं निर्दिश्यमानं प्रतिपद्येमहि ? पूर्वत्र तावत् **'तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते । तस्मिँल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन'** (काठ.उप. २-६-२) इति ब्रह्म निर्दिष्टम्, तदेव इहापि, संनिधानात्, **'जगत्सर्वं प्राण एजति'** इति च लोकाश्रयत्वप्रत्यभिज्ञानात् निर्दिष्टमिति गम्यते, प्राणशब्दोऽप्ययं परमात्मन्येव प्रयुक्तः – **'प्राणस्य प्राणम्'** (बृह.उप. ४-४-१८) इति दर्शनात् । एजयितृत्वमपीदं परमात्मन एवोपपद्यते, न वायुमात्रस्य, तथा चोक्तम् – **'न प्राणेन नापानेन मर्त्यो जीवति कश्चन । इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ'** (काठ.उप. २-५-५) इति, उत्तरत्रापि **'भयादस्याग्निस्तपति भयात्तपति सूर्यः । भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पञ्चमः'** (काठ.उप. २-६-३) इति ब्रह्मैव निर्देक्ष्यते, न वायुः, सवायुकस्य जगतो भयहेतुत्वाभिधानात्, तदेव इहापि संनिधानात् **'महद्भयं वज्रमुद्यतम्'** इति च भयहेतुत्वं प्रत्यभिज्ञानान्निर्दिष्टमिति गम्यते, वज्रशब्दोऽप्ययं भयहेतुत्वसामान्यात्प्रयुक्तः, यथा हि **'वज्रमुद्यतं ममैव शिरसि निपतेत्, यद्यहमस्य शासनं न कुर्याम्'** इत्यनेन भयेन जनो नियमेन राजादिशासने प्रवर्तते, एवमिदमग्निवायुसूर्यादिकं जगत् अस्मादेव ब्रह्मणो बिभ्यत् नियमेन स्वव्यापारे प्रवर्तत इति – भयानकं वज्रोपमितं ब्रह्म । तथा च ब्रह्मविषयं श्रुत्यन्तरम् – **'भीषास्माद्वातः पवते । भीषोदेति सूर्यः । भीषास्मादग्निश्चेन्द्रश्च । मृत्युर्धावति पञ्चमः'** इति । अमृतत्वफलश्रवणादपि ब्रह्मैवेदमिति गम्यते,

---

વજ્ર સંજ્ઞાવાળું ઊંચું કરેલું છે અને તેના જ્ઞાન દ્વારા અમૃતત્વની પ્રાપ્તિ છે એમ શ્રુતિ કહે છે. તેમાં એ પ્રાણ કોણ છે અને તે ભયાનક શું છે તેનું જ્ઞાન ન થવાથી વિચાર કરતાં પ્રથમ એમ સમજાય છે કે પ્રસિદ્ધિથી પાંચ વૃત્તિવાળો વાયુ પ્રાણ છે, પ્રસિદ્ધિથી જ અશનિ વજ્ર છે, અને વાયુનું માહાત્મ્ય કહ્યું છે. કેવી રીતે? આ સર્વ જગત્ પાંચ વૃત્તિવાળા પ્રાણ નામના વાયુમાં રહીને ચેષ્ટા કરે છે. વાયુનિમિત્ત જ મોટું ભયાનક વજ્ર ઊંચું કરવામાં આવે છે, કારણ કે વાયુ જ્યારે પર્જન્યભાવમાં વિવર્તમાન થાય છે ત્યારે વીજળી, ગર્જના, વૃષ્ટિ અને અશનિ એ તેનાં વિવર્ત છે એમ કહે છે. વળી વાયુના જ્ઞાનથી જ આ અમૃતત્વ છે, કારણ કે 'वायुरेव व्यष्टिर्वायुः समष्टिरप पुनर्मृत्युं जयति य एवं वेद' **'વાયુ જ વ્યષ્ટિ છે, વાયુ જ સમષ્ટિ છે, જે એમ જાણે છે તે મૃત્યુને જીતે છે'** એમ બીજી શ્રુતિ છે. આથી અહીં એ વાયુ જ સમજવો યોગ્ય છે. એમ (અર્થ) પ્રાપ્ત થતાં

અમે કહીએ છીએ-અહીં બ્રહ્મ જ સમજવું યુક્ત છે. કેમ ? પૂર્વાપર આલોચન કરવાથી, કેમકે ગ્રન્થના પૂર્વ અને ઉત્તર ભાગમાં બ્રહ્મ જ નિર્દેશ કરાતું આપણે પ્રાપ્ત કરીએ છીએ. અહીં જ વચ્ચે એકદમ વાયુનો નિર્દેશ કરાતો આપણે કેવી રીતે સમજવો ? તેમાં પૂર્વ ભાગમાં 'तदेव शुक्रं तदेव ब्रह्म तदेवामृतमुच्यते । तस्मिँल्लोकाः श्रिताः सर्वे तदु नात्येति कश्चन' (કાઠ.ઉપ. ૨-૬-૧) **'તે જ આ સંસારવૃક્ષનું જે મૂળ તે જ સ્વપ્રકાશ છે, તે જ બ્રહ્મ છે, તે જ અમૃત કહેવાય છે, તેનો બધા લોકો આશ્રય લે છે, તેનું કોઈ અતિક્રમણ કરતું નથી જ'** એમ જે બ્રહ્મ નિર્દિષ્ટ કર્યું છે, તે જ બ્રહ્મ અહીં પણ સમીપતાના સંબંધને લીધે અને સર્વ જગત્ પ્રાણમાં ચેષ્ટા કરે છે એમ લોકોનું આશ્રય છે એવું એનું પ્રત્યભિજ્ઞાન થવાથી નિર્દિષ્ટ છે એવું સમજાય છે. એ 'પ્રાણ' શબ્દ પણ પરમાત્માને માટે જ પ્રયોજાય છે, કારણ કે 'प्राणस्य प्राणम्' (બૃહ. ઉપ. ૪-૪-૧૮) **'પ્રાણનો પ્રાણ'** એમ જોવામાં આવે છે. આ ચેષ્ટા કરાવવાપણું (પ્રેરકપણું) પણ પરમાત્મામાં જ પ્રયુક્ત છે, વાયુમાત્રને નથી, કારણ કે 'न प्राणेन नापानेन मर्त्यो जीवति कश्चन । इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ॥' (કાઠ.ઉપ. ૨-૫-૫) **'કોઈ પણ મર્ત્ય પ્રાણ કે અપાનથી જીવતો નથી, પણ તે બંનેએ જેને માટે આશ્રય લીધો છે તે અન્ય વડે તેઓ જીવે છે'** એમ કહ્યું છે. ઉત્તર ભાગમાં પણ 'भयादस्याग्निस्तपति सूर्यः । भयादिन्द्रश्च वायुश्च मृत्युर्धावति पञ्चमः ॥' (કાઠ.ઉપ. ૨-૬-૩) **'એના ભયથી અગ્નિ તપે છે, ભયથી સૂર્ય તપે છે, ભયથી ઇન્દ્ર, વાયુ અને પાંચમું, મૃત્યુ દોડે છે'** એમ બ્રહ્મનો જ નિર્દેશ કરાશે, વાયુનો નહિ, કારણ કે વાયુસહિત જગતનો ભયહેતુ છે એમ કહ્યું છે. તે જ બ્રહ્મ અહીં સામીપ્યથી અને મોટું ભય, ઊંચું કરેલું વજ્ર એમ ભયહેતુત્વના પ્રત્યભિજ્ઞાનથી નિર્દિષ્ટ છે એમ સમજાય છે. એ 'વજ્ર' શબ્દ પણ ભયહેતુત્વરૂપ સામાન્ય હોવાથી પ્રયોજાયેલો છે. જેમ ઊંચું કરેલું વજ્ર જો એનું શાસન (એની આજ્ઞા) હું નહિ પાળું તો મારા જ માથે પડશે એમ એ ભયને લીધે રાજા આદિના શાસનમાં માણસ નિયમપૂર્વક પ્રવર્તે છે, એમ આ અગ્નિ, વાયુ, સૂર્ય આદિ જગત એ જ બ્રહ્મથી ડરીને વિનયપૂર્વક પોતાના વ્યાપારમાં પ્રવર્તે છે એમ બ્રહ્મ ભયાનક અને વજ્ર સાથે સરખાવેલું છે. તેમજ બ્રહ્મ વિષે 'भीषास्माद्वातः पवते । भीषोदेति सूर्यः । भीषास्मादग्निश्चेन्द्रश्च । मृत्युर्धावति पञ्चमः ।' (તૈત્તિ.ઉપ. ૮-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्रह्मज्ञानाद्ध्यमृतत्वप्राप्तिः, **'तमेव विदित्वाति मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय'** (श्वेता.उप. ६-१५) इति मन्त्रवर्णात्। यत्तु वायुविज्ञानात्क्वचिदमृतत्वमभिहितम्, तदापेक्षिकम्, तत्रैव प्रकरणान्तरकरणेन परमात्मानमभिधाय **'अतोऽन्यदार्तम्'** (बृह.उप. ३-४) इति वाय्वादेरार्तत्वाभिधानात् । प्रकरमादप्यत्र परमात्मनिश्चयः, **'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् । अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद'** (काठ.उप. १-२-१४) इति परमात्मनः पृष्टत्वात् ॥३९॥

११. ज्योतिरधिकरणम् ।

ज्योतिर्दर्शनात् ॥४०॥

'एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते' (छा.उप. ८-१२-३) इति श्रूयते । तत्र संशय्यते — किं ज्योतिःशब्दं चक्षुर्विषयतमोपहं तेजः, किं वा परं ब्रह्मेति । किं तावत्प्राप्तम् ? प्रसिद्धमेव तेजो ज्योतिःशब्दमिति । कुतः ? तत्र ज्योतिःशब्दस्य रूढत्वात् । **'ज्योतिश्चरणाभिधानात्'** (ब्र.सू. १-१-२४) इत्यत्र हि प्रकरणाज्ज्योतिःशब्दः स्वार्थं परित्यज्य ब्रह्मणि वर्तते, न चेह तद्वत्किंचित्स्वार्थपरित्यागे कारणं दृश्यते । तथा च नाडीखण्डे — **'अथ यत्रैतदस्माच्छरीरादुत्क्रामत्यथैतैरेव रश्मिभिरूर्ध्वमाक्रमते'** (बृह.उप. ८-६-५) इति मुमुक्षोरादित्यप्राप्तिरभिहिता । तस्मात्प्रसिद्धमेव तेजो ज्योतिः शब्दमिति, एवं प्राप्ते — ब्रूमः — परमेव ब्रह्म ज्योतिःशब्दम् ? कस्मात् ? दर्शनात् । तस्य हीह प्रकरणे वक्तव्यत्वेनानुवृत्तिर्दश्यते, **'य आत्मापहतपाप्मा'** (छा.उप. ८-७-१) इत्यपहतपाप्मत्वादिगुणकस्यात्मनः प्रकरणादावन्वेष्टव्यत्वेन विजिज्ञासितव्यत्वेन च प्रतिज्ञानात्, **'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि'** (बृह.उप. ८-९-३) इति चानुसंधानात्, **'अशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः'** (छा.उप. ८-१२-१) इति चाशरीरतायै ज्योतिःसंपत्तेरस्याभिधानात्,

---

१) **'એના ભયથી વાયુ કંપે છે, એના ભયથી વાયુ કંપે છે, એના ભયથી સૂર્ય ઊગે છે, એના ભયથી અગ્નિ, ઈન્દ્ર અને પાંચમું મૃત્યુ દોડે છે'** એમ અન્ય શ્રુતિ છે. અમૃતત્વરૂપ ફળના શ્રવણથી પણ એ બ્રહ્મ જ છે એમ સમજાય છે, કારણ કે બ્રહ્મજ્ઞાનથી બ્રહ્મની પ્રાપ્તિ પ્રાપ્તિ થાય છે, કારણ કે 'तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय' (શ્વેતા.ઉપ. ૬-૧૫) **'તેને જ જાણીને અતિમૃત્યુ પામે છે, મોક્ષ માટે અન્ય માર્ગ નથી'** એમ મન્ત્રવર્ણ છે. વાયુના વિજ્ઞાનથી જે અમૃતત્વ ક્વચિત્ કહ્યું છે તે આપેક્ષિક છે, કારણ કે ત્યાં જ અન્ય પ્રકરણ કરી પરમાત્માનું અભિધાન કરી 'अतोऽन्यदार्त्तम्' (બૃહ. ઉપ. ૩-૪) **'આથી અન્ય વિનાશી છે'** એમ વાયુ આદિ વિનાશી છે એમ કહ્યું છે. વળી પ્રકરણથી પણ અહીં પરમાત્માનો નિશ્ચય થાય છે, કારણ કે 'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रस्मात् कृताकृतात्। अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद ॥' (કાઠ. ૧-૨-૧૪) **'ધર્મથી જે ભિન્ન છે, અધર્મથી ભિન્ન છે, આ કાર્ય અને કારણથી ભિન્ન છે, ભૂત અને ભવિષ્યત્થી જે ભિન્ન જે તું જુએ છે તે કહે'** એવો પરમાત્મા વિષે પ્રશ્ન પૂછયો છે. ॥ ૩૯ ॥

૧૧. જ્યોતિ અધિકરણ

જ્યોતિ (બ્રહ્મ છે), દર્શનથી ॥ ૪૦ ॥

'एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरूपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते' (છાન્દો. ઉપ. ૮-૧૨-૩) **'આ જીવ આ શરીરથી ઊઠીને પોતાને રૂપે સાક્ષાત્કાર કરી ચરમ જ્યોતિને પ્રાપ્ત કરે છે'** એમાં સંશય થાય છે કે જ્યોતિઃ શબ્દથી વાચ્ય આંખનો વિષય, અંધકારનો નાશ કરનાર તે જ છે કે પરબ્રહ્મ છે ? પ્રથમ શું પ્રાપ્ત થાય છે ? જ્યોતિઃ શબ્દથી વાચ્ય પ્રસિદ્ધ તેજ છે એમ પ્રાપ્ત તાય છે. કેવી રીતે? તેમાં જ્યોતિઃ શબ્દ રૂઢ છે માટે. 'ज्योतिश्चरणाभिधानात्' (બ્ર. સૂ. ૧-૧-૨૪) **'જ્યોતિ બ્રહ્મ છે ચરણના અભિધાનથી'** એમાં ખરેખર, પ્રકરણથી જ્યોતિઃ શબ્દ સ્વાર્થનો પરિત્યાગ કરી બ્રહ્મને માટે પ્રવર્તે છે. પણ અહીં (આ ૪૦મા સૂત્રમાં) તેની જેમ સ્વાર્થપરિત્યાગ માટે કંઈ કારણ દેખાતું નથી. તેમજ નાડીખંડમાં 'अथ यत्रेतदस्माच्छरीरादुत्क्रामत्यथैतैरेव रश्मिभिरूर्ध्वमाक्रमते' (બૃહ. ઉપ. ૮-૬-૫) **'પછી જ્યારે આ શરીરમાંથી એ રીતે ઊંચે જાય છે ત્યારે એ જ કિરણો વડે ઊંચે જાય છે'** એમ મુમુક્ષુની આદિત્યપ્રાપ્તિ કહેલી છે. માટે જ્યોતિઃ શબ્દથી વાચ્ય પ્રસિદ્ધ તેજ જ છે. એમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ— જ્યોતિઃ શબ્દથી વાચ્ય પર બ્રહ્મ જ છે. કેવી રીતે ? દર્શનથી. ખરેખર, અહીં પ્રકરણમાં વક્તવ્ય તરીકે તેની અનુવૃત્તિ દેખાય છે, કારણ કે 'य आत्माऽपहतपाप्मा' (છાન્દો. ઉપ. ૮-૭-૧) **'જે આત્મા પાપરહિત છે'** એમ પાપરહિતપણું આદિ ગુણવિશિષ્ટ આત્મા અન્વેષણ અને વિશેષ જિજ્ઞાસા કરવા યોગ્ય છે એવી પ્રકરણના આરંભમાં પ્રતિજ્ઞા કરી છે, 'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि' (બૃહ. ઉપ. ૮-૯-૩) **'એ જ આત્માનું તને વારંવાર અનુવ્યાખ્યાન કરીશ'** એમ આત્માનું અનુસંધાન છે, 'अशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः' (છાન્દો. ઉપ. ૮-૧૨-૧) **'શરીરરહિત એવા આત્માને નક્કી પ્રિય અને અપ્રિય સ્પર્શ કરતાં નથી'** એમ શરીરરહિત સ્વરૂપ માટે એ જ્યોતિરૂપ સંપન્ન કરે છે એમ કહ્યું છે, અને બ્રહ્મભાવથી અન્યત્ર શરીરરહિતત્વ

F/10

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ब्रह्मभावाच्चान्यत्राशरीरतानुपपत्तेः, **'परं ज्योतिः' 'स उत्तमः पुरुषः'** (छा.उप. ८-१२-३) इति च विशेषणात् । यत्तूक्तं मुमुक्षोरादित्यप्राप्तिरभिहितेति, नासावात्यन्तिको मोक्षः, गत्युत्क्रान्तिसंबन्धात् । न ह्यात्यन्तिके मोक्षे गत्युत्क्रान्ती स्त इति वक्ष्यामः ॥४०॥

१२. अर्थान्तरत्वादिव्यपदेशाधिकरणम् ।

आकाशोऽर्थान्तरत्वादिव्यपदेशात् ॥४१॥

'आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म तदमृतं स आत्मा' (छा.उप. ८-१४-१) इति श्रूयते। तत्किमाकाशशब्दं परं ब्रह्म, किं वा प्रसिद्धमेव भूताकाशमिति विचारे – भूतपरिग्रहो युक्तः, आकाशशब्दस्य तस्मिन् रूढत्वात्, नामरूपनिर्वहणस्य चावकाशदानद्वारेण तस्मिन्योजयितुं शक्यत्वात्, स्रष्टृत्वादेश्च स्पष्टस्य ब्रह्मलिङ्गस्या-श्रवणादित्येवं प्राप्ते – इदमुच्यते – परमेव ब्रह्म इहाकाशशब्दं भवितुमर्हति, कस्मात् ? अर्थान्तरत्वादिव्यपदेशात् । **'ते यदन्तरा तद्ब्रह्म'** इति हि नामरूपाभ्यामर्थान्तरभूतमाकाशं व्यपदिशति, न च ब्रह्मणोऽन्यन्नामरूपाभ्यामर्थान्तरं संभवति, सर्वस्य विकारजातस्य नामरूपाभ्यामेव व्याकृतत्वात्, नामरूपयोरपि निर्वहणं निरङ्कुशं न ब्रह्मणोऽन्यत्र संभवति, **'अनेन जीवेनात्मनानुप्रविश्य नाम व्याकरवाणि'** (छा.उप.६-३-२) इति ब्रह्मकर्तृकत्वश्रवणात् । ननु जीवस्यापि प्रत्यक्षं नामरूपविषयं निर्वोढृत्वमस्ति, बाढमस्ति, अभेदस्त्विह विवक्षितः । नामरूपनिर्वहणाभिधानादेव च स्रष्टृत्वादि ब्रह्मलिङ्गमभिहितं भवति । **'तद्ब्रह्म तदमृतं स आत्मा'** (छा.उप. ८-१४) इति च ब्रह्मवादस्य लिङ्गानि । **'आकाशस्तल्लिङ्गात्'** (ब्र.सू.१-१-२२) इत्यस्यैवायं प्रपञ्चः।

१३. सुषुप्त्यधिकरणम् ।

सुषुप्त्युत्क्रान्त्योर्भेदेन ॥४२॥

व्यपदेशादित्यनुवर्तते । बृहदारण्यके षष्ठे प्रपाठके **'कतम आत्मेति योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः पुरुषः'**

ઉપપન્ન નથી, અને 'परं ज्योति' 'स उत्तमः पुरुषः' (છાન્દો. ઉપ. ૮-१२-३) **'પર જ્યોતિ, તે ઉત્તમ પુરુષ છે'** એમ વિશેષણ છે. મુમુક્ષુની આદિત્યપ્રાપ્તિનું અભિધાન કર્યું છે એમ જે કહ્યું છે તે આત્યન્તિક મોક્ષ નથી, કેમકે ગતિ અને ઉત્ક્રાન્તિ સાથે તેને સંબંધ છે. આત્યન્તિક મોક્ષમાં ગતિ અને ઉત્ક્રાન્તિ નથી એ અમે કહીશું ॥ ૪૦ ॥

૧૨. અર્થાન્તરત્વાદિ વ્યપદેશ અધિકરણ

આકાશ (પરબ્રહ્મ છે), અન્ય અર્થ આદિના વ્યપદેશથી ॥ ૪૧ ॥

'आकाशो वै नाम नामरूपयोर्निवहिता ते यदन्तरा तद् ब्रह्म तदमृतं स आत्मा' (છાન્દો. ઉપ. ૮-१४-१) **'આકાશ શ્રુતિમાં પ્રસિદ્ધ આત્મા છે, તે આકાશ નામ અને રૂપને ધારણ કરનાર છે. તે નામ અને રૂપ જેની અંદર છે તે બ્રહ્મ છે, તે અમૃત છે, તે આત્મા છે'** એવી શ્રુતિ છે. ત્યાં આકાશ શબ્દ દ્વારા વાચ્ય પર બ્રહ્મ છે કે પ્રસિદ્ધ ભૂતાકાશ છે ? એમ વિચાર કરતાં ભૂતાકાશનું ગ્રહણ કરવું ઉચિત છે, કેમકે આકાશ શબ્દ તેમાં રૂઢ છે, અવકાશ આપવાને લીધે નામ અને રૂપનું નિર્વહણ યોજવું શક્ય છે, અને સ્રષ્ટૃત્વ (સર્જનહારપણું) ઇત્યાદિ સ્પષ્ટ બ્રહ્મલિંગનું શ્રવણ નથી. આમ પ્રાપ્ત થતાં આ કહીએ છીએ-અહીં આકાશ શબ્દવાચ્ય પર બ્રહ્મ જ થવું ઉચિત છે. કેમ? અન્ય અર્થ આદિના વ્યપદેશથી (નિર્દેશ હોવાને કારણે). 'ते यदन्तरा तद्ब्रह्म' એમ નામ અને રૂપથી અન્ય અર્થભૂત આકાશનો વ્યપદેશ (નિર્દેશ) છે, અને નામરૂપથી અન્ય, બ્રહ્મ સિવાય બીજું સંભવતું નથી, કેમકે સર્વ વિકારસમૂહ નામ તથા રૂપથી જ વ્યાકૃત છે. અને નામ અને રૂપનું નિરંકુશ નિર્વહણ બ્રહ્મથી અન્યત્ર સંભવતું નથી, કેમકે 'अनेन जीवेनात्मनानुप्रविश्ये नामरूप व्याकरवाणि' (છાન્દો. ઉપ. ६-३-२) **'આ જીવાત્માથી અનુપ્રવેશ કરી નામ અને રૂપનું હું વ્યાકરણ (= વ્યક્ત) કરીશ'** એમ બ્રહ્મ કર્તા છે એવી શ્રુતિ છે. પરંતુ જીવ પણ નામ અને રૂપનું નિર્વહણ કરે છે એ પ્રત્યક્ષ છે. ભલે, એ સત્ય છે. અહીં તો (પર બ્રહ્મથી જીવના) અભેદની વિવક્ષા છે. નામરૂપના નિર્વહણના અભિધાનથી જ સ્રષ્ટૃત્વ આદિ બ્રહ્માલિંગનું અભિધાન (કથન) થયું છે. 'तद् ब्रह्म तदमृतं स आत्मा ' (૮-१४) **'તે બ્રહ્મ છે, તે અમૃત છે, તે આત્મા છે'** એ બ્રહ્મવાદનાં બ્રહ્મ વાચકત્વનાં લિંગો છે. 'आकाशस्तल्लिङ्गात्' (બ્ર. સૂ. १-१-२२) **'આકાશ બ્રહ્મ છે તેના લિંગથી'** એ સૂત્રનો જ આ પ્રપંચ (= વિસ્તાર) છે ॥ ૪૧ ॥

૧૩. સુષુપ્તિ અધિકરણ

સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં (જીવાત્માનો પરમાત્માથી) ભેદ (વ્યપદેશ) છે તેથી ॥ ૪૨ ॥

(પૂર્વસૂત્રના) 'व्यपदेशात्' એ પદની અનુવૃત્તિ છે. બૃહદારણ્યકમાં છઠ્ઠા પ્રપાઠકમાં 'कतम आत्मेति योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः

F/10

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(बृह.उप. ४-३-७) इत्युपक्रम्य भूयानात्मविषयः प्रपञ्च कृतः । तत्किं संसारिस्वरूपमात्रान्वाख्यानपरं वाक्यम्, उतासंसारिस्वरूपप्रतिपादनपरमिति विशयः । किं तावत्प्राप्तम् ? संसारिस्वरूपमात्रविषयमेवेति, कुतः ? उपक्रमोपसंहाराभ्याम्, उपक्रमे **'योऽयं विज्ञानमयः प्राणेषु'** (बृह.उप. ४-४-२२) इति शारीरलिङ्गात्, उपसंहारे च **'स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः प्राणेषु'** इति तदपरित्यागात्, मध्येऽपि बुद्धान्ताद्यवस्थोपन्यासेन तस्यैव प्रपञ्चनादित्येवं प्राप्ते –

ब्रूमः – परमेश्वरोपदेशपरमेवेदं वाक्यम्, न शारीरमात्रान्वाख्यानपरम्, कस्मात् ? सुषुप्तावुत्क्रान्तौ च शारीराद्भेदेन परमेश्वरस्य व्यपदेशात् । सुषुप्तौ तावत् **'अयं पुरुषः प्राज्ञेनात्मना संपरिष्वक्तो न बाह्यं किंचन वेद नान्तरम्'** (बृह.उप. ४-३-२१) इति शारीराद्भेदेन परमेश्वरं व्यपदिशति, तत्र पुरुषः शारीरः स्यात्, तस्य वेदितृत्वात्, बाह्याभ्यन्तरवेदनप्रसङ्गे सति तत्प्रतिषेधसंभवात्, प्राज्ञः परमेश्वरः, सर्वज्ञत्वलक्षणया प्रज्ञया नित्यमवियोगात् । तथोत्क्रान्तावपि **'अयं शारीर आत्मा प्राज्ञेनात्मनान्वारूढ उत्सर्जन्याति'** (बृह.उप. ४-३-३५) इति जीवाद्भेदेन परमेश्वरं व्यपदिशति, तत्रापि शारीरो जीवः स्यात्, शरीरस्वामित्वात्, प्राज्ञस्तु स एव परमेश्वरः । तस्मात्सुषुप्त्युत्क्रान्त्योर्भेदेन व्यपदेशात्परमेश्वर एवात्र विवक्षित इति गम्यते । यदुक्तमाद्यन्तमध्येषु शारीरलिङ्गात् तत्परत्वमस्य वाक्यस्येति, अत्र ब्रूमः – उपक्रमे तावत् **'योऽयं विज्ञानमयः प्राणेषु'** इति न संसारिस्वरूपं विवक्षितम्, किं तर्हि, अनूद्य संसारिस्वरूपं परेण ब्रह्मणास्यैकतां विवक्षति, यतः **'ध्यायतीव लेलायतीव'** इत्येवमाद्युत्तरग्रन्थप्रवृत्तिः संसारिधर्मानिराकरणपरा लक्ष्यते, तथोपसंहारेऽपि यथोपक्रममेवोपसंहरति – **'स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः प्राणेषु'** इति, योऽयं विज्ञानमयः प्राणेषु संसारी लक्ष्यते, स वा एष महानज आत्मा परमेश्वर एवास्माभिः प्रतिपादित इत्यर्थः, यस्तु मध्ये बुद्धान्ताद्यवस्थापेन्यासात्संसारिस्वरूपविवक्षां मन्यते, स प्राचीमपि दिशं प्रस्थापितः प्रतीचीमपि दिशं प्रतिष्ठेत, यतो न बुद्धान्ताद्यवस्थोपन्यासेनावस्थावत्त्वं संसारित्वं वा विवक्षति, किं तर्हि,

---

पुरुषः' (બૃહ. ઉપ. ૪-૩-૭) **'આત્મા કેવો છે, જે આ પ્રાણોમાં વિજ્ઞાનમય છે, પ્રાણ અને બુદ્ધિથી જુદો છે, જ્યોતિઃ સ્વરૂપ અને પૂર્ણ છે તે'** એમ ઉપક્રમ કરીને પુનઃ આત્મા વિષયક (= વિસ્તાર) કર્યો છે. તે શું સંસારી સ્વરૂપમાત્રનો અનુવાદ કરવા માટે વાક્ય છે કે અસંસારી સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે છે એમ સંશય થાય છે. પ્રથમ શું પ્રાપ્ત થાય છે ? સંસારી સ્વરૂપમાત્ર વિષયક છે એમ. શાથી ? ઉપક્રમ અને ઉપસંહારથી. ઉપક્રમમાં 'योऽयं विज्ञानमयः प्राणेषु' **'જે આ વિજ્ઞાનમય, પ્રાણોમાં'** એમ શારીર (= સંસારી)નું લિંગ છે તેથી અને ઉપસંહારમાં 'स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः प्राणेषु' (બૃહ. ઉપ. ૪-૪-૨૨) **'તે એ મોટો જન્મરહિત આત્મા છે કે જે પ્રાણોમાં વિજ્ઞાનમય છે,'** આમ તેનો પરિત્યાગ કર્યો નથી તેથી અને મધ્યમાં પણ જાગ્રદવસ્થા આદિના ઉપન્યાસથી (કથનથી) તેનોજ (સંસારી સ્વરૂપનો જ) પ્રપંચ છે તેથી. એમ પ્રાપ્ત થતાં

અમે કહીએ છીએ - એ વાક્ય પરમેશ્વરનો ઉપદેશ કરવા માટે જ છે, શારીરમાત્રનો (જીવમાત્રનો) અનુવાદ કરવા માટે નથી. શાથી ? સુષુપ્તિમાં અને ઉત્ક્રાન્તિમાં શારીરથી પરમેશ્વર જુદા છે એમ વ્યપદેશ છે માટે પ્રથમ સુષુપ્તિમાં 'अयं पुरुषः प्राज्ञेनात्मना संपरिष्वक्तो न बाह्यं किंचन वेद न चान्तरम्' (બૃહ. ઉપ. ૪-૩-૨૧) **'આ પુરુષ પ્રાજ્ઞ આત્માથી જોડાયેલો-એકીભૂત થયેલો બહારનું ને અંદરનું કંઈ પણ જાણતો નથી'** એમ શારીરથી પરમેશ્વરનો ભિન્ન તરીકે નિર્દેશ કરે છે. તેમાં પુરુષ શબ્દ શારીરવાચક છે, કારણ કે તે જાણનાર હોવાથી બહારનું અને અંદરનું જાણવાનો પ્રસંગ થતાં તેનો પ્રતિષેધ કરવો સંભવિત છે. પ્રાજ્ઞ શબ્દ પરમેશ્વરવાચક છે, કેમકે સર્વજ્ઞત્વલક્ષણ પ્રજ્ઞાથી તેને નિત્ય અવિયોગ છે. તેમજ ઉત્ક્રાન્તિમાં પણ 'शारीर आत्मा प्राज्ञेनात्मनान्धारूढ उत्सर्जन् याति ' (બૃહ. ઉપ. ૪-૩-૩૫) **'આ શારીર આત્મા પ્રાજ્ઞ આત્માથી અધિષ્ઠિત થઈને ઘોર (આર્ત) શબ્દ કરતો જાય છે'** એમ જીવથી ભિન્ન તરીકે પરમેશ્વરનો નિર્દેશ કરે છે. તેમાં શારીર જીવવાચક છે, કારણ કે તે શરીરનો સ્વામી છે. પ્રાજ્ઞ તો એ જ પરમેશ્વરવાચક છે. તેટલા માટે સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં (પરમેશ્વરનો જીવથી) ભિન્ન તરીકે વ્યપદેશ (નિર્દેશ) છે આથી પરમેશ્વર જ અહીં વિવક્ષિત છે એમ સમજાય છે આદિ, અન્ત અને મધ્યમાં શારીરના લિંગથી આ વાક્ય શારીર પરત્વે છે એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ - પ્રથમ ઉપક્રમમાં 'योऽयं विज्ञानमयः प्राणेषु' **'જે આ વિજ્ઞાનમય, પ્રાણથી ભિન્ન છે'** એમાં કંઈ સંસારી સ્વરૂપની વિવક્ષા નથી, તો પછી શેની વિવક્ષા છે ? સંસારી સ્વરૂપનો અનુવાદ કરીને પરબ્રહ્મ સાથે તેની એકતા કહેવાની વિવક્ષા છે, કેમકે 'ध्यायतीवलेलायतीव' **'જાણે ધ્યાન કરતો હોય, જાણે ચલન કરતો હોય'** ઈત્યાદિ ઉત્તર ગ્રન્થની પ્રવૃત્તિ સંસારી ધર્મનું નિરાકરણ કરવા માટે જણાય છે. તેમજ ઉપસંહારમાં પણ ઉપક્રમની જેમ જ ઉપસંહાર કરે છે - 'स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः प्राणेषु' **'તે આ મોટો જન્મરહિત આત્મા જે એ વિજ્ઞાનમય, પ્રાણથી ભિન્ન છે'** એમ. જે આ વિજ્ઞાનમય, પ્રાણથી ભિન્ન સંસારી જણાય છે તે એ મોટો જન્મરહિત આત્મા પરમેશ્વર જ અમે પ્રતિપાદન કર્યો છે એવો અર્થ છે. મધ્યમાં જાગ્રદવસ્થા વગેરેના ઉપન્યાસ (કથન)થી સંસારી સ્વરૂપની વિવક્ષા જે માને છે તે પૂર્વ દિશામાં મોકલેલો પશ્ચિમ દિશામાં પ્રસ્થાન કરે એવો છે, કારણ કે જાગ્રદવસ્થા આદિના ઉપન્યાસથી આત્માને અવસ્થા છે કે સંસારિત્વ છે એમ પ્રતિપાદન કરવાની વિવક્ષા નથી. તો પછી શેની વિવક્ષા છે ? અવસ્થારહિત અને અસંસારી છે એમ પ્રતિપાદન કરવાની વિવક્ષા છે. એ કેવી રીતે સમજાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

अवस्थारहितत्वमसंसारित्वं च, कथमेतदवगम्यते ? यत् **'अत ऊर्ध्वं विमोक्षायैव ब्रूहि'** इति पदे पदे पृच्छति, यच्च **'अनन्वागतस्तेन भवत्यसङ्गो ह्ययं पुरुषः'** (बृह.उप. ४-३-१४,१५) इति पदे पदे प्रतिवक्ति, **'अनन्वागतं पुण्येनान्वागतं पापेन तीर्णो हि तदा सर्वाञ्शोकान्हृदयस्य भवति'** (बृह.उप. ४-३-२२) इति च । तस्मादसंसारिस्वरूपप्रतिपादनपरमेवैतद्वाक्यमित्यवगन्तव्यम् ॥४२॥

पत्यादिशब्देभ्यः ॥४३॥

इतश्चासंसारिस्वरूपप्रतिपादनपरमेवैतद्वाक्यमित्यवगन्तव्यम्, यद्स्मिन्वाक्ये पत्यादयः शब्दा असंसारिस्वरूपप्रतिपादनपराः संसारिस्वभावप्रतिषेधनाश्च भवन्ति – **'सर्वस्य वशी सर्वस्येशानः सर्वस्याधिपतिः'** इत्येवंजातीयका असंसारिस्वभावप्रतिपादनपराः, **'स न साधुना कर्मणा भूयान्नो एवासाधुना कनीयान्'** इत्येवंजातीयकाः संसारिस्वभावप्रतिषेधनाः । तस्मादसंसारी परमेश्वर इहोक्त इत्यवगम्यते ॥४३॥

इति प्रथमाध्यायस्य तृतीयः पादः ॥

★★★

प्रथमाध्याये चतुर्थः पादः

ब्रह्मजिज्ञासां प्रतिज्ञाय ब्रह्मणो लक्षणमुक्तम्— **'जन्माद्यस्य यतः'** (ब्र.सू. १-१-२) इति। तल्लक्षणं प्रधानस्यापि समानमित्याशङ्क्य तदशब्दत्वेन निराकृतम् —**'ईक्षतेर्नाशब्दम्'** (ब्र.सू. १-१-५) इति। गतिसामान्यं च वेदान्तवाक्यानां ब्रह्मकारणवादं प्रति विद्यते, न प्रधानकारणवादं प्रतीति प्रपञ्चितं गतेन ग्रन्थेन । इदं त्विदानीमवशिष्टमाशङ्क्यते— यदुक्तं प्रधानस्याशब्दत्वम्,

---

કારણકે 'अत ऊर्ध्वं विमोक्षायैव ब्रूहि' [એની (વિવેકની) પછી વિમોક્ષને માટે જ કહો] એમ પદે પદે પ્રશ્ન પૂછે છે અને 'अनन्वागतस्तेन भवत्यसङ्गो ह्ययं पुरुषः' (બૃહ. ઉપ. ૪-૩-૧૪-૧૫) **'તે અવસ્થાધર્મથી આત્મા અસ્પૃષ્ટ છે, કેમકે એ (આત્મા) સંગરહિત છે'** એમ પદે પદે પ્રતિવચન (ઉત્તર) કહે છે. વળી 'अपन्वागतं पुण्येनानन्वागतं पापेन तीर्णो हि तदा सर्वाञ् शोकान् हृदयस्य भवति' (બૃહ. ઉપ. ૪-૩-૨૨) **'આત્મતત્ત્વ પુણ્ય અને પાપથી અસ્પૃષ્ટ છે, કારણ કે ત્યારે (સુષુપ્તિમાં) હૃદયના સર્વ શોકથી અતિક્રાન્ત (= રહિત) થાય છે'** એમ પણ. તેટલા માટે એ વાક્ય અસંસારી સ્વરૂપ પ્રતિપાદન કરવા માટે જ છે એમ સમજવું ॥ ૪૨ ॥

પતિ આદિ શબ્દોથી. (અસંસારી સ્વરૂપ પ્રતિપાદન કરવા માટે જ એ વાક્ય છે) ॥ ૪૩ ॥

વળી આ કારણ પણ અસંસારી સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે જ છે એમ સમજવાનું છે, કારણકે એ વાક્યમાં પતિ વગેરે શબ્દો અસંસારી સ્વરૂપનું પ્રતિપાદન કરે છે અને સંસારી સ્વભાવનો પ્રતિષેધ કરે છે. 'सर्वस्य वशी सर्वस्येशानः सर्वस्याधिपतिः' **'સર્વથી વશી, સર્વ પર અમલ કરનાર, સર્વનો અધિપતિ'** એવા પ્રકારના શબ્દો અસંસારીનો સ્વભાવ પ્રતિપાદન કરે છે. 'स न साधुना कर्मणा भूयान्नो एवासाधुना कनीयान्' **'તે પુણ્ય કર્મથી મોટો નથી કે પાપ કર્મથી નાનો નથી'** એવા પ્રકારના શબ્દો સંસારી સ્વભાવનો પ્રતિષેધ કરે છે. માટે અસંસારી પરમેશ્વર અહીં કહ્યો છે એમ સમજાય છે ॥ ૪૩ ॥

પ્રથમ અધ્યાયનો તૃતીય પાદ સંપૂર્ણ

★★★

પ્રથમ અધ્યાય ચતુર્થ પાદ

અનુમાનનિરૂપિત (પ્રધાન) પણ કેટલીક (શાખાઓ)માં (શ્રુતિપ્રતિપાદિત) છે એમ (કહેશો) તો (અમે કહીએ છીએ કે)ના, કારણ કે રૂપકથી વિન્યસ્ત થયેલા શરીરનું ગ્રહણ છે અને (એમ શ્રુતિ) દર્શાવે છે ॥૧॥

બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી 'जन्माद्यस्य यतः' (બ્ર.સૂ. ૧-૧-૨) [જન્માદિ આનું (જગતનું) જેથી **(સર્વજ્ઞ સર્વશક્તિ કારણથી થાય છે)** તે (બ્રહ્મ) એ પ્રમાણે બ્રહ્મનું લક્ષણ કહ્યું છે. તે લક્ષણ પ્રધાનને પણ સમાન છે (સરખી રીતે) લાગુ પડે છે. એમ આશંકા કરી તેનું (પ્રધાનનું) અશબ્દ (શબ્દ-શ્રુતિમાં પ્રતિપાદિત નથી એવું) હોવાથી 'ईक्षतेर्नाशब्दम्' (બ્ર.સૂ. ૧-૧-૫) **'પ્રધાન જગતનું કારણ નથી (કારણ કે તે) અશબ્દ (છે)'** એમ નિરાકરણ કર્યું છે. વળી વેદાન્તવાક્યોની સામાન્ય અવગતિ બ્રહ્મકારણવાદ (અર્થાત્ બ્રહ્મ જગતનું કારણ છે એવો મત) તરફ છે, પ્રધાનકારણવાદ તરફ નથી એમ ગત ગ્રન્થથી વિસ્તારપૂર્વક વિવેચન કરાયેલું છે, હવે આ અવશિષ્ટ (બાકી) રહેલી આશંકા કરાય છે —પ્રધાન અશબ્દ છે એમ જે કહ્યું છે, તે અસિદ્ધ છે, કારણ કે કેટલીક શાખાઓમાં પ્રધાનનો બોધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तदसिद्धम्, कासुचिच्छाखासु प्रधानसमर्पणाभासानां शब्दानां श्रूयमाणत्वात्। अतः प्रधानस्य कारणत्वं वेदसिद्धमेव महद्भिः परमर्षिभिः कपिलप्रभृतिभिः परिगृहीतमिति प्रसज्यते; तद्यावत्तेषां शब्दानामन्यपरत्वं न प्रतिपाद्यते, तावत्सर्वज्ञं ब्रह्म जगतः कारणमिति प्रतिपादितमप्याकुलीभवेत्; अतस्तेषामन्यपरत्वं दर्शयितुं परः संदर्भः प्रवर्तते ॥

१. आनुमानिकाधिकरणम्।

आनुमानिकमप्येकेषामिति चेन्न शरीररूपकविन्यस्तगृहीतेर्दर्शयति च ॥ १ ॥

आनुमानिकमपि अनुमाननिरूपितमपि प्रधानम्, एकेषां शाखिनां शब्दवदुपलभ्यते; काठके हि पठ्यते — '**महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः**' (काठ.उप. १-३-११) इति। तत्र य एव यन्नामानो यत्क्रमाश्च महदव्यक्तपुरुषाः स्मृतिप्रसिद्धाः, त एवेह प्रत्यभिज्ञायन्ते ; तत्राव्यक्तमिति स्मृतिप्रसिद्धेः, शब्दादिहीनत्वाच्च न व्यक्तमव्यक्तमिति व्युत्पत्तिसंभवात्, स्मृतिप्रसिद्धं प्रधानमभिधीयते; अतस्तस्य शब्दवत्त्वादशब्दत्वमनुपपन्नम्: तदेव च जगतः कारणं श्रुतिस्मृतिन्यायप्रसिद्धिभ्य इति चेत्, नैतदेवम् — न ह्येतत्काठकवाक्यं स्मृतिप्रसिद्धयोर्महदव्यक्तयोरस्तित्वपरम्। न ह्यत्र यादृशं स्मृतिप्रसिद्धं स्वतन्त्रं कारणं त्रिगुणं प्रधानम्, तादृशं प्रत्यभिज्ञायते ; शब्दमात्रं ह्यत्राव्यक्तमिति प्रत्यभिज्ञायते ; स च शब्दः— न व्यक्तमव्यक्तमिति— यौगिकत्वात् अन्यस्मिन्नपि सूक्ष्मे सुदुर्लक्ष्ये च प्रयुज्यते ; न चायं कस्मिंश्चिद्रूढः या तु प्रधानवादिनां रूढिः, सा तेषामेव पारिभाषिकी सती न वेदार्थनिरूपणे कारणभावं प्रतिपद्यते; न च क्रममात्रसामान्यात्समानार्थप्रतिपत्तिर्भवति, असति तद्रूपप्रत्यभिज्ञाने। न ह्यश्वस्थाने गां पश्यन्नश्वोऽयमित्यमूढोऽध्यवस्यति। प्रकरणनिरूपणायां चात्र न परपरिकल्पितं प्रधानं प्रतीयते, शरीररूपकविन्यस्तगृहीते ; शरीरं ह्यत्र रथरूपकविन्यस्तमव्यक्तशब्देन परिगृह्यते, कुतः ? प्रकरणात् परिशेषाच्च। तथा ह्यनन्तरातीतो ग्रन्थ आत्मशरीरादीनां रथिरथादिरूपकक्लृप्तिं दर्शयति — '**आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु। बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥**

કરતા (જણાતા) શબ્દો શ્રૂયમાણ છે. એટલા માટે પ્રધાનનું વેદસિદ્ધ જ કારણત્વ કપિલાદિ મોટા પરમર્ષિઓએ પરિગ્રહણ કર્યું છે. એવો પ્રસંગ આવે છે. તેથી જ્યાં સુધી તે શબ્દો અન્યપરક (અન્યબોધક) છે એમ પ્રતિપાદન કરાય નહીં ત્યાં સુધી સર્વજ્ઞ બ્રહ્મ જગતનું કારણ છે એમ પ્રતિપાદન કર્યું છે તે પણ સંદિગ્ધ (અદઢ) થાય. આથી તે શબ્દો અન્ય પરક છે એમ દર્શાવવા માટે હવે પછીનો ગ્રન્થ પ્રવૃત્ત થાય છે.

આનુમાનિક - (અનુમાનથી નિરૂપિત થયેલું) પ્રધાન પણ કેટલાક શાખાવાળાઓને શ્રુતિથી પ્રતિપાદિતની જેમ ઉપલબ્ધ થાય છે. ખરેખર કાઠક ઉપ.માં 'महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः' (૧-૩-૧૧)'**મહત્‌થી પર અવ્યક્ત છે અને અવ્યક્તથી પર પુરુષ**' એમ કહેલું છે. તેમાં જે નામના, અને જે ક્રમમાં આવેલો મહત્, અવ્યક્ત અને પુરુષ શબ્દો છે તે સ્મૃતિપ્રસિદ્ધ છે તેનું જ અહીં પ્રત્યભિજ્ઞાન થાય છે. તેમાં અવ્યક્ત શબ્દથી સ્મૃતિપ્રસિદ્ધ પ્રધાનનું અભિધાન થાય છે, કારણ કે તે સ્મૃતિમાં પ્રસિદ્ધ છે, અને શબ્દાદિ ન હોવાથી ન વ્યક્ત એ અવ્યક્ત એમ વ્યુત્પત્તિનો સંભવ છે. તે શ્રુતિપ્રતિપાદિત હોવાથી અશબ્દ છે એમ કહેવું ઉચિત નથી. તે જ જગત્‌નું કારણ છે. શ્રુતિ, સ્મૃતિ, ન્યાયની પ્રસિદ્ધિથી. એમ જો કહેશો તો (એમ કહીએ છીએ કે) તે એમ નથી. ખરેખર, એ કઠોપનિષદ્‌નું વાક્ય સ્મૃતિમાં પ્રસિદ્ધ મહદ્ અને અવ્યક્તનું અસ્તિત્વબોધક નથી, કારણ કે અહીં જેવું સ્મૃતિમાં પ્રસિદ્ધ, સ્વતંત્ર કારણરૂપ, ત્રિગુણાત્મક પ્રધાન છે તેવાનું પ્રત્યભિજ્ઞાન થતું નથી. અહીં તો અવ્યક્ત એવા શબ્દમાત્રનું પ્રત્યભિજ્ઞાન થાય છે, અને તે શબ્દ ન વ્યક્ત તે અવ્યક્ત એમ યૌગિક હોવાથી સૂક્ષ્મ, સુદુર્લક્ષ્ય (અત્યંત દુર્લક્ષ્ય) એવા અન્ય પદાર્થમાં પ્રયોજાય છે. વળી એ (અવ્યક્ત) શબ્દ કોઈ પણ અર્થમાં રૂઢ નથી. જે પ્રધાનવાદીઓની રૂઢિ છે તે તેઓની જ પારિભાષિક હોવાથી વેદાર્થનું નિરૂપણ કરવામાં કારણભાવ પામતી નથી. તેમજ ક્રમમાત્રની સમાનતાથી સમાન અર્થના રૂપનું પ્રત્યભિજ્ઞાન ન હોય તો તેનો બોધ થાય નહીં. કારણ કે અશ્વને સ્થાને બળદને જોઈને એ અશ્વ છે એમ અમૂઢ (ભ્રાન્તિ વિનાનો) પુરુષ નિશ્ચય કરતો નથી. વળી અહીં પ્રકરણનું નિરૂપણ કરતાં પ્રતિપક્ષીએ પરિકલ્પેલા પ્રધાનની પ્રતીતિ થતી નથી, કારણ કે રૂપકથી વિન્યસ્ત થયેલા શરીરનું જ ગ્રહણ છે. ખરેખર, અહીં રથરૂપકથી વિન્યસ્ત થયેલા શરીરનું જ અવ્યક્ત શબ્દથી પરિગ્રહણ કર્યું છે. કેમ ? પ્રકરણથી અને પરિશેષથી, કારણ કે લાગલો જ પાછલો (અનન્તર) ગ્રન્થ આત્મા અને શરીર આદિઓની રથી - રથ આદિ સાથે રૂપક(સાદશ્ય)ની કલ્પના દર્શાવે છે — 'आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु। बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥ इन्द्रियाणि हयानाहुर्विषयाँस्तेषु गोचरान्। आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥' (કા. ૧-૩-૩, ૪) '**આત્માને રથી જાણ અને શરીરને રથ જ જાણ, બુદ્ધિને સારથિ અને મનને પ્રગ્રહ (લગામ)**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इन्द्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान् । आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः' (काठ. १-३-३,४) इति । तैश्चेन्द्रियादिभिरसंयतैः संसारमधिगच्छति, संयतैस्त्वध्वनः पारं तद्विष्णोः परमं पदमाप्नोति— इति दर्शयित्वा, किं तदध्वनः पारं विष्णोः परमं पदमित्यस्यामाकाङ्क्षायाम्, तेभ्य एव प्रकृतेभ्यः इन्द्रियादिभ्यः परत्वेन परमात्मानमध्वनः पारं तद्विष्णोः परमं पदं दर्शयति— '**इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः । मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान्परः ॥ महतः परमव्यक्तव्यक्तामव्यक्तात्पुरुषः परः । पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः**' (काठ. १-३-१०,११) इति; तत्र य एवेन्द्रियादयः पूर्वस्यां रथरूपककल्पनायामश्वादिभावेन प्रकृताः, त एवेह परिगृह्यन्ते, प्रकृतहानाप्रकृतप्रक्रियापरिहाराय । तत्र इन्द्रियमनोबुद्धयस्तावत्पूर्वत्र इह च समानशब्दा एव ; अर्थास्तु ये शब्दादयो विषया इन्द्रियहयगोचरत्वेन निर्देष्टाः, तेषां चेन्द्रियेभ्यः परत्वम्, '**इन्द्रियाणां च ग्रहत्वं विषयाणामतिग्रहत्वम्**'(बृह.उप.३-२) इति श्रुतिप्रसिद्धेः विषयेभ्यश्च मनसः परत्वम्, मनोमूलत्वाद्विषयेन्द्रियव्यवहारस्य, मनसस्तु परा बुद्धि । बुद्धिं ह्यारुह्य भोग्यजातं भोक्तारमुपसर्पति । बुद्धेरात्मा महान्परः— यः, सः '**आत्मानं रथिनं विद्धि**' इति रथित्वेनोपक्षिप्तः । कुतः ? आत्मशब्दात्, भोक्तुश्च भोगोपकरणात्परत्वोपपत्तेः : महत्त्वं चास्य स्वामित्वादुपपन्नम् : अथवा— '**मनो महान्मतिर्ब्रह्मा पूर्बुद्धि ख्यातिरीश्वरः । प्रज्ञा संविश्चितिश्चैव स्मृतिश्च परिपठ्यते**' इति स्मृतेः, '**यो ब्रह्माणं विदधाति पूर्व यो वै वेदांश्च प्रहिणति तस्मै**' (श्वेता. उप. ६-१८) इति च श्रुतेः । या प्रथमजस्य हिरण्यगर्भस्य बुद्धिः, सा सर्वासां बुद्धीनां परमा प्रतिष्ठा ; सेह महानात्मेत्युच्यते; सा च पूर्वत्र बुद्धिग्रहणेनैव गृहीता सती हिरुगिहोपदिश्यते, तस्या अप्यस्मदीयाभ्यो बुद्धिभ्य परत्वोपपत्तेः ; एतस्मिंस्तु पक्षे परमात्मविषयेणैव परेण पुरुषग्रहणेन रथिन आत्मनो ग्रहणं द्रष्टव्यम्,

---

જાણ. ઈન્દ્રિયોને અશ્વ અને વિષયોને ગોચર (=માર્ગ) સમજો. શરીર, ઈન્દ્રિય અને મન સહિત જીવાત્માને વિદ્વાનો ભોક્તા કહે છે' એમ. તે ઈન્દ્રિય આદિ અસંયત હોય તો તે વડે સંસાર પામે છે, પણ સંયત હોય તો માર્ગથી પાર વિષ્ણુનું તે પરમ પદ પામે છે એમ દર્શાવીને માર્ગથી પાર વિષ્ણુનું તે પરમ પદ શું છે એવી આકાંક્ષા થતાં, તેજ પ્રકૃત ઈન્દ્રિય આદિથી પર, પરમાત્માને, માર્ગથી પર વિષ્ણુના તે પરમ પદ તરીકે દર્શાવે છે – 'इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः । मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान् परः ॥ महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः। पुरुषान्न परं किंचित् सा काष्ठा सा परा गतिः ॥' (કાઠ.ઉપ. ૧-૩-૧૦,૧૧) **'ઈન્દ્રિયોથી પર અર્થ છે તથા અર્થથી પર મન છે, મનથી પર બુદ્ધિ અને બુદ્ધિથી પર આત્મા મહત્ છે, મહત્થી પર અવ્યક્ત છે અને અવ્યક્તથી પર પુરુષ છે, પુરુષથી પર કશું નથી. તે પર્યવસાન છે, તે ઉત્કૃષ્ટ ગતિ છે'** એમ. તેમાં જે ઈન્દ્રિય વગેરે જ પૂર્વની રથરૂપક કલ્પનામાં અશ્વ આદિ તરીકે પ્રકૃત છે (પ્રસ્તુત વિષય તરીકે વર્ણવેલા છે) તેનું જ અહીં પરિગ્રહણ કર્યું છે, કારણ કે એવું ન હોય તો પ્રકૃતની હાનિ અને અપ્રકૃતની પ્રક્રિયા થાય. તેમાં ઈન્દ્રિય, મન અને બુદ્ધિ પૂર્વમાં અને અહીં સમાન શબ્દમાં જ છે. અર્થ એટલે શબ્દ વગેરે જે વિષયો ઈન્દ્રિયરૂપ અશ્વના ગોચર (માર્ગ) તરીકે નિર્દેશેલા છે તે. તેઓ ઈન્દ્રિયોથી પર છે, કારણ કે 'इन्द्रियाणां ग्रहत्वं विषयाणामतिग्रहत्वम्' (બૃહ.ઉપ. ૩-૨) **'ઈન્દ્રિયો બંધન કરનાર છે અને વિષયો અતિબંધન કરનાર'** એમ શ્રુતિમાં પ્રસિદ્ધ છે. વળી વિષયથી પર મન છે, કારણ કે વિષય અને ઈન્દ્રિયોનો વ્યવહાર મનને અધીન હોય છે. મનથી પર બુદ્ધિ છે, કારણ કે બુદ્ધિ પર આરોહણ કરીને ભોગવવા યોગ્ય સમૂહ ભોક્તાની પાસે જાય છે. બુદ્ધિથી મોટો આત્મા પર છે, એ જ કે જે 'आत्मानं रथिनं विद्धि' **'આત્માને રથી જાણ'** એમ રથી તરીકે નિર્દેશ થયેલો છે. શાથી ? આત્મશબ્દથી, વળી ભોક્તા ભોગનાં ઉપકરણથી પર થાય એ ઉપપન્ન (યોગ્ય) છે. તથા એ સ્વામી હોવાથી મહાન્ છે એ પણ યોગ્ય છે. અથવા 'मनो महान् मतिर्ब्रह्मा पूर्बुद्धिः ख्यातिरीश्वरः । प्रज्ञा संविच्चितिश्चैव स्मृतिश्च परिपठ्यते' **'મનનશક્તિ મહાન છે, નિશ્ચયરૂપ છે, આત્મા છે, ભોગ્યવર્ગનું નગર છે, શીઘ્ર નિશ્ચય છે, કીર્તિશક્તિ છે, નિયમનશક્તિ છે, ત્રિકાલનિશ્ચય છે, સંવિદ્ છે, ચિત્ છે અને સ્મૃતિ કહેલી છે'** એવી સ્મૃતિ છે તેથી અને 'यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदाँश्च प्रहिणोति तस्मै' (શ્વેતા.ઉપ. ૬-૧૮) **'જે બ્રહ્માને પૂર્વે સર્જે છે અને જે તેની પાસે વેદો મોકલે છે તેને'** એમ શ્રુતિ દ્વારા જે પ્રથમ ઉત્પન્ન થયેલા હિરણ્યગર્ભની બુદ્ધિ છે તે સર્વ બુદ્ધિમાં પર, પ્રતિષ્ઠા છે. અહીં તેને મહાન આત્મા કહ્યો, અને તે પૂર્વે બુદ્ધિ શબ્દના ગ્રહણથી જ ગ્રહણ કરાયેલી હોઈ અહીં જુદી ઉપદેશાયેલી છે, કારણ કે તે પણ આપણી બુદ્ધિથી પર છે એ યોગ્ય છે. પણ તે પક્ષમાં પરમાત્મવિષયક જે પછીથી આવનાર પુરુષ શબ્દનું ગ્રહણ છે તેથી જ રથી એવા આત્માનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

परमार्थस्तु परमात्मविज्ञानात्मनोर्भेदाभावात् ; तदेवं शरीरमेवैकं परिशिष्यते; तेष्वितराणीन्द्रियादीनि प्रकृतान्येव परमपददिदर्शयिषया समनुक्रामन्परिशिष्यमाणेनेहान्त्येनाव्यक्तशब्देन परिशिष्यमाणं प्रकृतं शरीरं दर्शीयतीति गम्यते । शरीरेन्द्रियमनोबुद्धिविषयवेदनासंयुक्तस्य ह्यविद्यावतो भोक्तुः शरीरादीनां रथादिरूपककल्पनया संसारमोक्षगतिनिरूपणेन प्रत्यगात्मब्रह्मावगतिरिह विवक्षिता; तथा च एष **'सर्वेषु भूतेषु गूढोऽत्मा न प्रकाशते । दृश्यते त्वग्र्याया बु सूक्ष्मया सूक्ष्मदर्शिभिः'** (काठ. १-३-१२) इति वैष्णवस्य परमपदस्य दुरवगमत्वमुक्त्वा तदवगमार्थे योगं दर्शयति — **'यच्छेद्वाङ्मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि । ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि'** (काठ. १-३-१३) इति ; एतदुक्तं भवति— वाचं मनसि संयच्छेत् वागादिबाह्येन्द्रियव्यापारमुत्सृज्य मनोमात्रेणावतिष्ठेत; मनोऽपि विषयविकल्पाभिमुखं विकल्पदोषदर्शनेन ज्ञानशब्दोदितायां बुद्धावध्यवसायस्वभावायां धारयेत् ;तामपि बुद्धिं महात्यात्मनि भोक्तरि अग्र्यायां वा बुद्धौ सूक्ष्मतापादनेन नियच्छेत्; महान्तं त्वात्मानं शान्त आत्मनि प्रकरणवति परस्मिन्पुरूषे परस्यां काष्ठायां प्रतिष्ठापयेदिति च । तदेवं पूर्वापरालोचनायां नास्त्यत्र परपरिकल्पितस्य प्रधानस्यावकाशः ॥१॥

सूक्ष्मं तु तदर्हत्वात् ॥ २ ॥

उक्तमेतत् — प्रकरणपरिशेषाभ्यां शरीरमव्यक्तशब्दम्, न प्रधानमिति ; इदमिदानीमाशङ्कयते — कथमव्यक्तशब्दार्हत्वं शरीरस्य, यावता स्थूलत्वात्स्पष्टतरमिदं शरीरं व्यक्तशब्दार्हम्, अस्पष्टवचनस्त्वव्यक्तशब्द इति ; अत उत्तरमुच्यते-सूक्ष्मं तु इह कारणात्मना शरीरं विवक्ष्यते, सूक्ष्मस्याव्यक्तशब्दार्हत्वात् ; यद्यपि स्थूलमिदं शरीरं न स्वयमव्यक्तशब्दमर्हति; तथापि तस्य त्वारम्भकं भूतसूक्ष्ममव्यक्तशब्दमर्हति; प्रकृतिशब्दश्च विकारे द्रष्टः — **'यथा गोभिः श्रीणीत मत्सरम् इति'** श्रुतिश्च — **'तद्धेदं तर्ह्यव्याकृ**

ગ્રહણ સમજવું, કારણ વાસ્તવમાં પરમાત્મા અને વિજ્ઞાનાત્માનો અભેદ છે માટે આ રીતે કેવળ શરીર જ એકલું પરિશિષ્ટ રહે છે. ઇન્દ્રિયાદિ અન્ય પ્રકૃત પદાર્થોને પરમ પદ દર્શન કરાવવાની ઇચ્છાથી અનુક્રમે વર્ણવી શ્રુતિ પરિશિષ્યમાણ એવો જે અહીં અન્ત્ય અવ્યક્ત શબ્દ દ્વારા પરિશિષ્યમાણ પ્રકૃત શરીર જ નિર્દેશે છે એમ સમજાય છે. ખરેખર, શરીર વગેરે અને રથાદિના રૂપકની કલ્પનાથી, શરીર, ઇન્દ્રિય, મન, બુદ્ધિ, વિષય અને વેદનાથી જોડાયેલ અવિદ્યાવાળા ભોક્તાની સંસારગતિ અને મોક્ષગતિનું નિરૂપણ કરી પ્રત્યગાત્મા બ્રહ્મત્વની પ્રાપ્તિ કરે છે એમ અહીં વિવક્ષા (કહેવાની ઇચ્છા) છે. એ જ રીતે 'एषु सर्वेषु भूतेषु गूढात्मा न प्रकाशते । दृश्यते त्वग्र्य बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥' (કાઠ.ઉપ. ૧-૩-૧૨) **'એ આત્મા સર્વ પ્રાણીઓમાં ગૂઢ છે, એ પ્રકાશતો નથી, પણ સૂક્ષ્મ, અગ્ર્ય બુદ્ધિથી સૂક્ષ્મદર્શીઓ વડે દેખાય છે'** એમ વિષ્ણુનું પરમ પદ પ્રાપ્ત કરવું અતિશય અઘરું છે એમ કહી તેની પ્રાપ્તિ માટે યોગ દર્શાવે છે – 'यच्छेद्वाङ्मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञानं आत्मनि । ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि ॥' (કાઠ.ઉપ. ૧-૩-૧૩) **'પ્રાજ્ઞ પુરુષે વાણીને મનમાં નિયત કરવી, મનને જ્ઞાનમાં, જ્ઞાનને મોટા આત્મામાં અને મોટા આત્માને શાન્ત આત્મામાં નિયત કરવો'** એમ. એનું તાત્પર્ય એ છે કે વાણીને મનમાં નિયત કરવી, એટલે વાક્ વગેરે બાહ્ય ઇન્દ્રિયોના વ્યાપારનો ત્યાગ કરી મનમાત્રથી રહેવું. વિષયના વિકલ્પને અભિમુખ એવા મનને વિકલ્પરૂપી દોષના દર્શનને લીધે જ્ઞાન શબ્દ વડે ઉદય પામેલી નિશ્ચયસ્વભાવની બુદ્ધિમાં ધારણ કરવું. તે બુદ્ધિને પણ મહાન આત્મા કે જે ભોક્તા છે તેમાં કે અગ્ર્ય બુદ્ધિમાં સૂક્ષ્મતા પ્રાપ્ત કરાવવા નિયત કરવી. પણ મહાન આત્માને પ્રકરણભૂત, શાન્ત આત્મા, પર પુરુષ, પર પર્યવસાનમાં પ્રતિષ્ઠાપિત કરવો. આથી આ રીતે પૂર્વાપર પર્યાલોચન કરતાં પૂર્વપક્ષીએ કલ્પેલા પ્રધાનને અહીં અવકાશ નથી. ॥૧॥

પણ સૂક્ષ્મ (શરીર અહીં વિવક્ષિત છે), (તે સૂક્ષ્મ શરીર) તેને (અવ્યક્ત શબ્દને) યોગ્ય હોવાથી ॥૨॥

અવ્યક્ત શબ્દ શરીરવાચક છે, પ્રધાનવાચક નથી એવું પ્રકરણ અને પરિશેષથી કહ્યું, હવે એ શંકા થાય છે કે શરીર અવ્યક્તશબ્દયોગ્ય કેવી રીતે છે, કારણ કે સ્થૂલ હોવાથી સ્પષ્ટતર એવું એ શરીર વ્યક્તશબ્દયોગ્ય છે, અને અવ્યક્તશબ્દ તો અસ્પષ્ટવાચક છે. આથી જવાબ આપે છે - અત્રે સૂક્ષ્મ, કારણાત્મક શરીરની વિવક્ષા છે, કારણ કે સૂક્ષ્મ શરીર અવ્યક્તશબ્દયોગ્ય છે. જો કે આ સ્થૂલ શરીર સ્વયં અવ્યક્તશબ્દયોગ્ય નથી, છતાં પણ તેના આરંભક, ભૂતોના સૂક્ષ્મ ભાગો અવ્યક્તશબ્દયોગ્ય છે. વળી પ્રકૃતિવાચક શબ્દ વિકારના અર્થમાં જોવામાં આવેલો છે, જેમકે **'गोभिः श्रीणीत मत्सरम्' (ઋ.સં. ૯-૪૬-૪) 'ગાયના વિકાર પય આદિની સાથે તમારે સોમરસ ભેગો કરવો જોઈએ'**. શ્રુતિ પણ 'तद्धेदं तर्ह्यव्याकृतमासीत्' (બૃ.ઉપ.૧-૪-૭) **(ત્યારે – પ્રાગવસ્થામાં આ જગત્ અવ્યક્ત હતું)**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तमासीत्' (ऋ.सं. ९-४६-४) इतीदमेव व्याकृतनामरूपविभिन्नं जगत्प्रागवस्थायां परित्यक्तव्याकृतनामरूपं बीजशक्त्यवस्थमव्यक्तशब्दयोग्यं दर्शयति ॥२॥

तदधीनत्वादर्थवत् ॥ ३ ॥

अत्राह — यदि जगदिदमनभिव्यक्तनामरूपं बीजात्मकं प्रागवस्थमव्यक्तशब्दार्हमभ्युपगम्येत, तदात्मना च शरीरस्याप्यव्यक्तशब्दार्हत्वं प्रतिज्ञायेत, स एव तर्हि प्रधानकारणवाद एवं सत्यापद्येत; अस्यैव जगतः प्रागवस्थायाः प्रधानत्वेनाभ्युपगमादिति । अत्रोच्यते— यदि वयं स्वतन्त्रां कांचित्प्रागवस्थां जगतः कारणत्वेनाभ्युपगच्छेम, प्रसञ्जयेम तदा प्रधानकारणवादम् ; परमेश्वराधीना त्वियमस्माभिः प्रागवस्था जगतोऽभ्युपगम्यते, न स्वतन्त्रा ; सा चावश्याभ्युपगन्तव्या ।; अर्थवती हि सा; न हि तया विना परमेश्वरस्य स्रष्टृत्वं सिध्यति, शक्तिरहितस्य तस्य प्रवृत्त्यनुपपतेः ; मुक्तानां च पुनरनुत्पत्तिः ; कुतः? विद्यया तस्या बीजशक्तेर्दाहात् ; अविद्यात्मिका हि सा बीजशक्तिरव्यक्तशब्दनिर्देश्या परमेश्वराश्रया मायामयी महासुषुप्तिः, यस्यां स्वरूपप्रतिबोधरहिताः शेरते संसारिणो जीवाः ; तदेतदव्यक्तं कचिदाकाशशब्दनिर्दिष्टम् — **'एतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाश ओतश्च प्रोतश्च'** (बृह.उप. ३-८-११) इति श्रुतेः ; क्वचिदक्षशब्दोदित्— **'अक्षरात्परतः परः'** (मुं.उप. २-१-२) इति श्रुतेः; क्वचित्मायेति सूचितम् — **'मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्'** (श्वेता. उप. ४-१०) इति मन्त्रवर्णात् ; अव्यक्त हि सा माया, तत्त्वान्यत्वनिरूपणस्याशक्यत्त्वान्महत्; तदिदं महतः परमव्यक्तमित्युक्तम् —अव्यक्तप्रभवत्वान्महतः , यदा हैरण्यगर्भी बुद्धिर्महान् ; यदा तु जीवो महान्; तदाप्यव्यक्ताधीनत्वाज्जीवभावस्य— महतः परमव्यक्तमित्युक्तम् ; अविद्या ह्यव्यक्तम् ; अविद्यावत्त्वेनैव जीवस्य सर्वः संव्यवहारः संततो वर्तते ; तच्च अव्यक्तगतं महतः परत्वमभेदोपचारात्तद्विकारे शरीरे परिकल्प्यते;

એમ જેમાં નામરૂપ વ્યાકૃત છે એવા વિભિન્ન, જગત્‌ને, વ્યાકાર પામેલાં નામરૂપોનો જેણે પૂર્વ અવસ્થામાં ત્યાગ કર્યો છે અને જે બીજશક્તિમાં રહેલ છે તેથી અવ્યક્તશબ્દયોગ્ય છે, એવું દર્શાવે છે ॥૨॥

તેને (ઈશ્વરને) અધીન હોવાથી (એ બીજાવસ્થા સ્વીકારાય છે, કારણ કે તે) અર્થવાળી છે ॥૩॥

અહીં કહે છે – જેમાં નામરૂપ અભિવ્યક્ત થયાં નથી એવું, પૂર્વ અવસ્થામાં રહેલું એ બીજાત્મક જગત્ અવ્યક્તશબ્દયોગ્ય છે એમ જો સ્વીકારીએ અને તત્સ્વરૂપે શરીર પણ અવ્યક્તશબ્દયોગ્ય છે એમ પ્રતિજ્ઞા કરીએ તો એમ થતાં તે જ પ્રધાનકારણવાદ માટે દોષનો પ્રસંગ થાય, કારણ કે એ જ જગત્‌ની પ્રાગવસ્થાને પ્રધાન તરીકે સ્વીકારેલી છે એમ. તદ્વિષયક કહીએ છીએ – જો એમ કોઈક સ્વતન્ત્ર પ્રાગવસ્થાને જગત્‌ના કારણ તરીકે સ્વીકારીએ તો અમે પ્રધાનકારણવાદનો પ્રસંગ લાવીએ. પણ પરમેશ્વરને અધીન એવી જગત્‌ની પ્રાગવસ્થા અમે સ્વીકારીએ છીએ, સ્વતન્ત્ર નહીં. એ અવસ્થા તો ચોક્કસપણે સ્વીકારવી પડશે, કારણ કે તે અર્થવાળી છે. ખરેખર તેના વગર પરમેશ્વરનું સર્જકત્વ સિદ્ધ થતું નથી, કારણ કે શક્તિરહિત હોય તો તેની પ્રવૃત્તિ અયોગ્ય બને. વળી મુક્ત થયેલાઓની પુનઃ અનુત્પત્તિ (પુનઃ બીજઅવસ્થાથી સિદ્ધ થાય છે.) કેવી રીતે? કારણ કે વિદ્યાથી તે બીજશક્તિનો દાહ થાય છે. ખરેખર, અવિદ્યાસ્વરૂપ એ બીજશક્તિ અવ્યક્ત શબ્દથી નિર્દેશ્ય, પરમેશ્વરને આશ્રયે રહેલી, માયામયી, મહાસુષુપ્તિ છે, જે હોવાથી સ્વરૂપના જ્ઞાનરહિત સંસારી જીવો ઊંઘે છે. તે એ અવ્યક્ત ક્યારેક આકાશ શબ્દથી નિર્દેશાયેલું છે, કારણ કે 'एतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाश ओतश्च प्रोतश्च' (બૃહ.ઉપ. ૩-૮-૧૧) **'હે ગાર્ગી, ખરેખર, એ વિનાશરહિતમાં આકાશ ઓતપ્રોત છે'** એવી શ્રુતિ છે. ક્યારેક અક્ષર શબ્દથી દર્શાવ્યું છે, કારણ કે 'अक्षरात् परतः परः' (મુ.ઉપ. ૨-૧-૨) **'અક્ષર એવા પરથી પર'** એવી શ્રુતિ છે. ક્યારેક તે માયા છે એમ સૂચવાયું છે – 'मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्' (શ્વેતા.ઉપ. ૪-૧૦) **(પ્રકૃતિને માયા જાણવી અને મહેશ્વરને માયાવાળો જાણવો)** એ પ્રમાણે મન્ત્રવર્ણ છે. ખરેખર, એ માયા વ્યક્ત નથી, કારણ કે તે છે કે અન્ય છે એમ તેનું નિરૂપણ કરવું અશક્ય છે. મહત્‌નો અર્થ હૈરણ્યગર્ભી બુદ્ધિ હોય તો અવ્યક્તમાંથી મહત્ ઉત્પન્ન થાય છે આથી 'महतः परमव्यक्तम्' **(મહત્‌થી પર અવ્યક્ત છે)** એમ કહ્યું છે. પણ જો મહત્ શબ્દનો અર્થ જીવ હોય તો પણ જીવભાવ અવ્યક્તને આધીન હોવાથી 'महतः परमव्यक्तम्' એમ કહ્યું છે. ખરેખર, અવિદ્યા એ અવ્યક્ત છે. અવિદ્યાવાન હોવાથી જ જીવનો બધો વ્યવહાર નિરંતર ચાલતો રહે છે. મહત્‌થી પરત્વ અભેદ ઉપચારથી તેના વિકાર (એવા) શરીરમાં કલ્પાય છે. શરીરની જેમ ઇન્દ્રિય વગેરે પણ તેના વિકાર હોવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सत्यपि शरीरवदिन्द्रियादीनां तद्विकारत्वाविशेषे शरीरस्यैवाभेदोपचारादव्यक्तशब्देन ग्रहणम् , इन्द्रीयादीनां स्वशब्दैरेव गृहीतत्वात् , परिशिष्टत्वाच्च शरीरस्य ॥

अन्ये तु वर्णयन्ति— द्विविधं हि शरीरं स्थूलं सूक्ष्मं च ; स्थूलम् , यदिदमुपलभ्यते ; सूक्ष्मम् , यदुत्तरत्र वक्ष्यते- **'तदन्तरप्रतिपत्तौ रंहति संपरिष्वक्तः प्रश्ननिरूपणाभ्याम्'** (ब्र.सू. ३-१-१) इति ; तच्चोभयमपि शरीरमविशेषात्पूर्वत्र रथत्वेन संकीर्तितम् ; इह तु सूक्ष्ममव्यक्तशब्देन परिगृह्यते , सूक्ष्मस्याव्यक्तशब्दार्हत्वात् ; तदधीनत्वाच्च बन्धमोक्षव्यवहारस्य जीवात्तस्य परत्वम् ; यथार्थाधीनत्वादिन्द्रियव्यापारस्येन्द्रियेभ्यः परत्वमर्थानामिति । तैस्त्वेतद्वक्तव्यम्— अविशेषेण शरीरद्वयस्य पूर्वत्र रथत्वेन संकीर्तितत्वात्, समानयोः प्रकृतत्वपरिशिष्टत्वयोः , कथं सूक्ष्ममेव शरीरमिह गृह्यते, न पुनः स्थूलमपीति । आम्नातस्यार्थं प्रतिपत्तुं प्रभवामः , नाम्नातं पर्यनुयोक्तुम् , आम्नातं चाव्यक्तपदं सूक्ष्ममेव प्रतिपादयितुं शक्नोति, नेतरत् , व्यक्तत्वात्तस्येति चेत् , न ; एकवाक्यताधीनत्वादर्थप्रतिपित्तेः ; न हीमे । पूर्वोत्तरे आम्नाते एकवाक्यतामनापद्य कंचिदर्थं प्रतिपादयतः ; प्रकृतहानाप्रकृतप्रक्रियाप्रसङ्गात्; न चाकाङ्क्षामन्तरेणैकवाक्यताप्रतिपत्तिरस्ति ; तत्राविशिष्टायां शरीरद्वस्य ग्राह्यत्वाकाङ्क्षायां यथाकाङ्क्षं संबन्धेऽनभ्युपगम्यमाने एकवाक्यतैव बाधिता भवति, कुत आम्नातस्यार्थस्य प्रतिपत्तिः ? न चैवं मन्तव्यम्— दुःशोधत्वात्सूक्ष्मस्यैव शरीरस्येह ग्रहणम् , स्थूलस्य तु दृष्टबीभत्सतया सुशोधत्वादग्रहणमिति ; यतो नैवेह शोधनं कस्यचिद्विवक्ष्यते ; न ह्यत्र शोधनविधायि किंचिदाख्यातमस्ति ; अनन्तरनिर्दिष्टत्वात्तु किं तद्विष्णोः परमं पदमितीदमिह विवक्ष्यते ; तथाहीदमस्मात्परमिदमस्मात्परमित्युक्त्वा, **'पुरुषान्न परं किंचित्'** इत्याह ; सर्वथापि त्वानुमानिकनिराकरणोपपत्तेः, तथा नामास्तु ; न नः किंचिच्छिद्यते ॥३॥

ज्ञेयत्वावचनाच्च ॥ ४ ॥

કંઈ પણ વિશેષ (ભેદ) નથી, તો પણ અભેદ ઉપચારથી અવ્યક્તશબ્દથી શરીરનું જ ગ્રહણ કરવાનું છે, કારણ કે ઈન્દ્રિય આદિઓ પોતાના શબ્દોથી જ ગ્રહણ કરાયેલી છે અને શરીર પરિશિષ્ટ છે.

બીજાઓ તો આ પ્રમાણે વ્યાખ્યાન કરે છે - શરીર બે પ્રકારનું છે, સ્થૂલ તથા સૂક્ષ્મ. જે આ પ્રાપ્ત થાય છે તે સ્થૂલ અને સૂક્ષ્મ આગળ 'तदन्तरप्रतिपत्तौ रंहति संपरिष्वक्तः प्रश्ननिरूपणाभ्याम्' (બ્ર.સૂ. ૩-૧-૧)માં કહેવાશે. તે બંને પ્રકારનાં શરીરો કંઈ વિશેષ ન હોવાથી પૂર્વ વાક્યમાં રથ તરીકે કહેવાયેલાં છે. પણ અત્રે અવ્યક્ત શબ્દ વડે સૂક્ષ્મ શરીરનું પરિગ્રહણ કરવાનું છે, કારણ કે સૂક્ષ્મ (શરીર) અવ્યક્ત શબ્દને યોગ્ય છે. વળી બન્ધ અને મોક્ષનો વ્યવહાર તેને અધીન હોવાથી જીવથી તે પર છે, જેમ ઇન્દ્રિયોના વ્યાપાર પદાર્થને અધીન હોવાથી પદાર્થો ઇન્દ્રિયોથી પર છે તેમ. પણ તે માનનારાઓએ આનો જવાબ આપવો જોઈએ કે પૂર્વવાક્યમાં બંને શરીરને સમાન રીતે રથ શબ્દ વડે કહ્યાં છે તો બંને સમાન રીતે પ્રકૃત અને પરિશિષ્ટ હોવાથી અહીં સૂક્ષ્મ શરીરનું જ કેવી રીતે ગ્રહણ થાય છે અને સ્થૂલનું પણ થતું નથી. પણ વેદનો અર્થ ગ્રહણ કરવા અમે શક્તિમાન્ છીએ, તેનો પર્યનુયોગ (પ્રશ્ન અને પૃચ્છા) કરવા શક્તિમાન્ નથી અને વેદમાં કહેલ અવ્યક્તપદ સૂક્ષ્મ શરીરનો જ બોધ કરવા સમર્થ છે, અન્યનો નહીં, કારણ કે તે વ્યક્ત છે એમ શંકા કરશો તો તે ઉચિત નથી, કારણ કે અર્થબોધ એકવાક્યતાને અધીન હોય છે. એ બે પૂર્વ અને ઉત્તર વેદના વાક્યો એકવાક્યતા પામ્યા વિના કોઈ પણ અર્થનો બોધ કરતાં નથી, કારણ કે આથી પ્રકૃતની હાનિ થાય અને અપ્રકૃત પ્રક્રિયાનો પ્રસંગ આવે. વળી આકાંક્ષા વિના એકવાક્યતાનો બોધ થતો નથી, તો બંને શરીરમાં ગ્રહણ કરવું જોઈએ એવી આકાંક્ષા સમાન હોવાથી આકાંક્ષાને અનુસરીને સંબંધનો સ્વીકાર ન કરીએ તો એકવાક્યતામાં જ બાધ આવે છે તો વેદના વાક્યના અર્થનો બોધ તો ક્યાંથી જ થાય? વળી એવું ન માનવું કે સૂક્ષ્મ શરીરનું શોધન દુષ્કર હોવાને લીધે તેનું જ અહીં ગ્રહણ છે અને સ્થૂલ શરીરની તો બીભત્સતા દેખાય છે તેથી શોધન સુકર હોવાથી તેનું ગ્રહણ નથી, કારણ કે અહીં કોઈના શોધનની વિવક્ષા નથી જ, કારણ કે શોધનનું વિધાન કરનાર અહીં કોઈ ક્રિયાપદ નથી. વિષ્ણુનું તે પરમ પદ શું છે એ પછીથી દર્શાવેલું હોવાથી એની જ અહીં વિવક્ષા છે, કારણ કે આનાથી પર છે, આ આનાથી શ્રેષ્ઠ છે એમ કહીને 'पुरुषान्न परं किञ्चित्' **(પુરુષથી કંઈ પર (શ્રેષ્ઠ) નથી)** એમ શ્રુતિ કહે છે. સર્વ પ્રકારે અનુમાનનિરૂપિત પ્રધાનનું નિરાકરણ ઉપપન્ન (યુક્ત) હોવાથી ભલે તેમ થાઓ, અમારું કંઈ છિન્ન થતું નથી (અર્થાત્ અમારા પક્ષને કંઈ હાનિ થતી નથી) ॥૩॥

વળી (અવ્યકતનું) જ્ઞેય તરીકે વચન નથી આથી (અવ્યકત પ્રધાન નથી) ॥૪॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय 129355 गुरुकुल कांगड़ी विश्वविद्यालय

ज्ञेयत्वेन च सांख्यैः प्रधानं स्मर्यते, गुणपुरूषान्तरज्ञानात्कैवल्यमितिवदद्भिः न हि गुणस्वरूपमज्ञात्वा गुणेभ्यः पुरुषस्यान्तरं शक्यं ज्ञातुमिति ; क्वचिच्च विभूतिविशेषप्राप्तये प्रधानं ज्ञेयमिति स्मरन्ति ; न चेदमिहाव्यक्तं ज्ञेयत्वेनोच्यते; पदमात्रं ह्यव्यक्तशब्दः नेहाव्यक्तं ज्ञातव्यमुपासितव्यं चेति वाक्यमस्ति ; न चानुपदिष्टं पदार्थज्ञानं पुरुषार्थमिति शक्यं प्रतिपत्तुम् ; तस्मादपि नाव्यक्तशब्देन प्रधानमभिधीयते ; अस्माकं तु रथरूपकक्लृप्तशरीराद्यनुसरणेन विष्णोरेव परमं पदं दर्शयितुमयमुपन्यास इत्यवद्यम् ॥४॥

वदतीति चेन्न प्राज्ञो हि प्रकरणात् ॥ ५ ॥

अत्राह सांख्यः — ज्ञेयत्वावचनात् , इत्यसिद्धम् ; कथम् ? श्रूयते ह्युत्तरत्राव्यक्तशब्दोदितस्य प्रधानस्य ज्ञेयत्ववचनम् – **'अशब्दमस्पर्शमरूपमव्ययं तथारसं नित्यमगन्धवच्च यत् । अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तं मृत्युमुखात्प्रमुच्यते'** (काठ. २-३-१५) इति ; अत्र हि यादृशं शब्दादिहीनं प्रधानं महतः परं स्मृतौ निरूपितम् , तादृशमेव निचाय्यत्वेन निर्दिष्टम् ; तस्मात्प्रधानमेवेदम् ; तदेव चाव्यक्तशब्दनिर्दिष्टमिति । अत्र ब्रूमः— नेह प्रधानं निचाय्यत्वेन निर्दिष्टम् ; प्राज्ञो हीह परमात्मा निचाय्यत्वेन निर्दिष्ट इति गम्यते; कुतः? प्रकरणात् ; प्राज्ञस्य हि प्रकरणं विततं वर्तते— **'पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परा गतिः'** इत्यादिनिर्देशात् , **'एष सर्वेषु भूतेषु गूढोऽत्मा न प्रकाशते'** इति च दुर्ज्ञानत्ववचनेन तस्यैव ज्ञेयत्वाकाङ्क्षणात्, **'यच्छेद्वाङ्मनसी प्राज्ञः'** इति च तज्ज्ञानायैव वागादिसंयमस्य विहितत्वात् , मृत्युमुखप्रमोक्षणफलत्वाच्च ; न हि प्रधानमात्रं निचाय्य मृत्युमुखात्प्रमुच्यत इति सांख्यैरिष्यते ; चेतनात्मविज्ञानाद्धि मृत्युमुखात्प्रमुच्यत इति तेषामभ्युपगमः; सर्वेषु वेदान्तेषु प्राज्ञस्यैवात्मनोऽशब्दादिधर्मत्वमभिलप्यते; तस्मान्न प्रधानस्यात्र ज्ञेयत्वमव्यक्तशब्दनिर्दिष्टत्वं वा ॥५॥

ગુણ અને પુરુષ વચ્ચેના ભેદના જ્ઞાનથી મોક્ષ મળે છે એવું કહેતા સાંખ્યો પ્રધાનનું જ્ઞેય તરીકે સ્મરણ કરે છે, કારણ કે ગુણનું સ્વરૂપ જાણ્યા વિના ગુણોથી પુરુષનો ભેદ જાણવો શક્ય બનતો નથી. વળી વિશિષ્ટ વિભૂતિ (શક્તિ) પ્રાપ્ત કરવા માટે પ્રધાન જ્ઞેય છે એમ ક્યારેક સ્મૃતિઓ કહે છે. પણ અવ્યક્તને અહીં જ્ઞેય તરીકે કહ્યું નથી. ખરેખર, અવ્યક્ત શબ્દ પદમાં છે. અવ્યક્તને જાણવુંજોઈએ, અને તેની ઉપાસના કરવી જોઈએ એવું વાક્ય નથી. વળી અનુપદિષ્ટ (ઉપદેશ ન કરાયેલા) પદાર્થનું જ્ઞાન પુરુષાર્થ છે એમ ગ્રહણ કરવું શક્ય નથી. તેટલા માટે પણ અવ્યક્ત શબ્દથી પ્રધાનનું અભિધાન થતું નથી. અમારા મતમાં તો રથસાદશ્ય માટે કલ્પેલા શરીર આદિના અનુસારથી વિષ્ણુનું જ પરમ પદ દર્શાવવા માટે એ ઉપન્યાસ છે એ રીતે અનવદ્ય છે ॥૪॥

(શ્રુતિ પ્રધાનને જ્ઞેય તરીકે) કહે છે એમ (કહેશો) તો (અમે કહીએ છીએ કે)
ના, કારણ કે તે પ્રાજ્ઞ છે, પ્રકરણથી ॥૫॥

અહીં સાંખ્ય કહે છે - 'ज्ञेयत्वावचनात्' એ અસિદ્ધ છે. શાથી ? કારણ કે પછીના વાક્યમાં 'અવ્યક્ત' શબ્દથી કહેવાયેલા પ્રધાનનું જ્ઞેય તરીકે વચન છે – 'अशब्दमस्पर्शमरूपमव्ययं तथाऽरसं नित्यमगन्धवच्च यत् । अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तं मृत्युमुखात् प्रमुच्यते ॥' (કાઠ. ૨-૩-૧૫) **'શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, અવ્યય તથા રસરહિત, નિત્ય, ગન્ધરહિત, અનાદિ, અનન્ત, મહત્‌થી પર, ધ્રુવ એવા બ્રહ્મને પ્રાપ્ત કરીને મૃત્યુના મુખમાંથી મુક્ત થાય છે'** એમ. ખરેખર, અહીં જેવું શબ્દ વગેરેથી હીન, પ્રધાન મહત્‌થી પર સ્મૃતિને માટે નિરૂપણ કરાયેલું છે એવું જ પ્રાપ્ય તરીકે નિર્દિષ્ટ થયેલું છે. માટે એ પ્રધાન જ છે અને એ જ 'અવ્યક્ત' શબ્દ વડે નિર્દેશાયેલું છે એમ (સાંખ્ય કહે છે). અહિં અમે કહીએ છીએ – અહીં પ્રધાન પ્રાપ્ય (પ્રાપ્ત કરવા યોગ્ય) તરીકે નિર્દેશાયેલું નથી. અહીં પ્રાજ્ઞ પરમાત્મા પ્રાપ્ય તરીકે નિર્દિષ્ટ છે એમ સમજાય છે. કેવી રીતે ? પ્રકરણથી. ખરેખર, પ્રાજ્ઞનું પ્રકરણ ચાલેલું છે, કારણ કે 'पुरुषान्न परं किञ्चित् सा काष्ठा सा परा गतिः' **'પુરુષથી કંઈ પર નથી, તે પરિસીમા છે, તે પરમગતિ છે'** ઈત્યાદિ નિર્દેશ છે, 'एष सर्वेषु भूतेषु गूढोऽत्मा न प्रकाशते' **'સર્વ ભૂતોમાં એ પુરુષ ગૂઢ છે, તેથી આત્મા પ્રકાશતો નથી'** એમ આત્મા દુર્જ્ઞાત કહ્યો છે તેથી તે જ જ્ઞેય છે એમ આકાંક્ષા છે, 'यच्छेद्वाङ्‌मनसी प्राज्ञः' **'પ્રાજ્ઞે વાણી અને મનમાં કબજામાં રાખવાં'** એમ તેના જ્ઞાનને માટે જ વાણી વગેરેના સંયમનું વિધાન કર્યું છે, અને મૃત્યુના મુખમાંથી મોક્ષરૂપ ફળ છે. ખરેખર, પ્રધાનમાત્રની અવગતિથી મૃત્યુના મુખમાંથી મુક્ત થાય છે એમ સાંખ્યો નથી ઈચ્છતા, પણ ચેતન આત્માના વિજ્ઞાનથી મૃત્યુના મુખમાંથી મુક્ત થાય છે એવું તેઓ સ્વીકારે છે. સર્વ વેદાન્તોમાં પ્રાજ્ઞ આત્માના જ અશબ્દત્વ વગેરે ધર્મોનો નિર્દેશ છે. માટે અહીં પ્રધાન જ્ઞેય નથી કે અવ્યક્ત શબ્દથી નિર્દિષ્ટ નથી ॥૫॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

त्रयाणामेव चैवमुपन्यासः प्रश्नश्च ॥ ६ ॥

इतश्च न प्रधानस्याव्यक्तशब्दवाच्यत्वं ज्ञेयत्वं वा ; यस्मात्त्रयाणामेव पदार्थानामग्निजीवपरमात्मात्मनामस्मिन्ग्रन्थे कठवल्लीषु वरप्रदानसामर्थ्याद्वक्तव्यतयोपन्यासो दृश्यते; तद्विषय एव च प्रश्नः; नातोऽन्यस्य प्रश्न उपन्यासो वास्ति ; तत्र तावत् **'स त्वमग्नि स्वर्ग्यमध्येषि मृत्यो प्रब्रूहि तं श्रद्दधानाय मह्यम्'** (काठ. १-१-१३) इत्यग्निविषयः प्रश्नः ; **'येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नायमस्तीति चैके । एतद्विद्यामनुशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः'** (काठ. १-१-२०) इति जीवविषयः प्रश्नः ; **'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृता कृतात् । अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद'** (काठ. १-२-१४) इति परमात्मविषयः ; प्रतिवचनपि— **'लोकादिमग्निं तमुवाच तस्मै या इष्टका यावतीर्वा यथा वा'** (काठ. १-१-१५) इत्यग्निविषयम् ; **'हन्त त इदं प्रवक्ष्यामि गुह्यं ब्रह्म सनातनम् । यथा च मरणं प्राप्य आत्मा भवति गौतम । योनिमन्ये प्रपद्यन्ते शरीरत्वाय देहिनः । स्थाणुमन्येऽनुसंयन्ति यथाकर्म यथाश्रुतम्'** (काठ. २-५-६,७) इति व्यवहितं जीवविषयम्; **'न जायते म्रियते वा विपश्चित्'** (काठ. १-२-१८) इत्यादिबहुप्रपञ्चं परमात्मविषयम् । नैवं प्रधानविषयः प्रश्नोऽस्ति । अपृष्टत्वाच्चानुपन्यसनीयत्वं तस्येति ॥

अत्राह— योऽयमात्मविषयः प्रश्नः— **'येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्ति'** इति, किं स एवायम् **'अन्यत्र धर्मादन्यत्राधर्मात्'** इति पुनरनुकृष्यते, किं वा ततोऽन्योऽयमपूर्वः प्रश्न उत्थाप्यत इति । किं चातः ? स एवायं प्रश्नः पुनरनुकृष्यत इति यद्युच्येत, तदा

ત્રણ જ (પદાર્થોનો) આ રીતે ઉપન્યાસ (નિર્દેશ) છે અને પ્રશ્ન છે આથી (અવ્યક્ત પ્રધાનવાચક નથી) ॥૬॥

વળી આ કારણથી પ્રધાન 'અવ્યક્ત' શબ્દથી વાચ્ય નથી કે જ્ઞેય નથી, કારણ કે કઠવલ્લીમાં અગ્નિ, જીવ તેમજ પરમાત્મા એ ત્રણ જ પદાર્થોનો વર આપવાના સામર્થ્યથી વક્તવ્ય તરીકે ઉપન્યાસ (=નિર્દેશ) દેખાય છે અને તદ્‌વિષયક જ પ્રશ્ન છે. આથી અન્યનો ઉપન્યાસ કે પ્રશ્ન નથી. તેમાં પ્રથમ 'स त्वमग्निं स्वर्ग्यमध्येषि मृत्यो प्रब्रूहि तं श्रद्दधानाय मह्यम्' (કાઠ. ૧-૧-૧૩) (હે મૃત્યુ, તે તું સ્વર્ગના હેતુ અગ્નિનું સ્મરણ કરે છે, શ્રદ્ધાવાળા મને તે તું કહે) એમ અગ્નિ વિષયક પ્રશ્ન છે. 'येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नायमस्तीति चैके । एतद्विद्यामनुशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः ॥' (કાઠ૦ ૧-૧-૨૦) (મૃત મનુષ્ય વિષયક જે આ સંશય થાય છે, કેટલાક કહે છે કે છે ને કેટલાક કહે છે કે નથી, તારાથી અનુશાસન કરાયેલો એ વિદ્યા (હું જાણવા ઇચ્છું છું), વરદાનોમાં એ ત્રીજું વરદાન છે) એમ જીવ સંબંધી પ્રશ્ન છે. 'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् । अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद ॥' (કાઠ૦ ૧-૨-૧૪) (ધર્મથી જુદો, અધર્મથી જુદો, આ કાર્યથી જુદો, કારણથી જુદો, ભૂતથી જુદો, ભવિષ્યત્‌થી જુદો જેને તું જુએ છે તે કહે) એમ પરમાત્મા વિષયક પ્રશ્ન છે. પ્રતિવચન પણ 'लोकादिमग्निं तमुवाच तस्मै या इष्टका यावतीर्वा यथा वा ।' (કાઠ૦ ૧-૧-૧૫) (લોકમાં આદિ એવા તે અગ્નિને મૃત્યુએ તેને કહ્યો, જે ઈંટોનું કે જેટલીનું – ઉપધાન કરવું જોઈએ અને જેવી રીતે અગ્નિ ચેતવવો જોઈએ તે કહ્યું) એમ અગ્નિ વિશે છે. 'हन्त त इदं प्रवक्ष्यामि गुह्यं ब्रह्म सनातनम् । यथा च मरणं प्राप्य आत्मा भवति गौतम ॥ योनिमन्ये प्रपद्यन्ते शरीरत्वाय देहिनः । स्थाणुमन्येऽनुसंयन्ति यथाकर्म यथाश्रुतम्॥' (કાઠ૦ ૨-૫-૬,૭) (અરે ! હું તને ગુહ્ય, સનાતન બ્રહ્મ ફરી કહીશ, (જેના જ્ઞાનથી સર્વ સંસારનો ઉપરમ થાય છે અને જેના અજ્ઞાનથી) જેવી રીતે આત્મા સંસાર પામે છે તેવી રીતે, હે ગૌતમ, સાંભળો. કર્મ અને વિજ્ઞાનને અનુસરી કેટલાક દેહીઓ શરીર ગ્રહણ કરવા માટે યોનિ પ્રાપ્ત કરે છે અને કેટલાક સ્થાવરભાવ પામે છે) એમ વ્યવધાનથી જીવ સંબંધી પ્રતિવચન છે. 'न जायते म्रियते वा विपश्चित्' (કાઠ૦ ૧-૨-૧૮) (વિદ્વાન્ જન્મ કે મરણ પામતો નથી) એમ ખૂબ વિસ્તારથી પરમાત્મા વિષયક પ્રતિવચન છે. એ જ રીતે પ્રધાન વિષે પ્રશ્ન નથી, અને તેનો પ્રશ્ન ન હોવાથી નિર્દેશ કરવો ઉચિત નથી.

અહીં કહે છે કે – 'येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीति' (મૃત મનુષ્ય સંબંધી જે આ સંશય થાય છે, કેટલાક કહે છે કે છે) એ જે આત્મા સંબંધી પ્રશ્ન છે તેનું જ અનુકર્ષણ ફરીથી 'अन्यत्र धर्मादन्यत्राधर्मात्' (ધર્મથી અન્ય, અધર્મથી અન્ય) એ રીતે થાય છે, કે તેથી બીજો એ અપૂર્વ પ્રશ્ન ઉઠાવાય છે ? એથી શું ? જો તે જ પ્રશ્નનું અનુકર્ષણ થાય છે એમ કહેશો તો બંને આત્મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्वयोरात्मविषययोः प्रश्नयोरेकतापत्तेरग्निविषय आत्मविषयश्च द्वावेव प्रश्नावित्यतो न वक्तव्यं त्रयाणां प्रश्नोपन्यासाविति; अथान्योऽयमपूर्वः प्रश्न उत्थाप्यत इत्युच्येत, ततो यथैव वरप्रदानव्यतिरेकेण प्रश्नकल्पनायामदोषः ; एवं प्रश्नव्यतिरेकेणापि प्रधानोपन्यासकल्पनायामदोषः स्यादिति ॥

अत्रोच्यते— नैवं वयमिह वरप्रदानव्यतिरेकेण प्रश्नं कंचित्कल्पयामः, वाक्योपक्रमसामर्थ्यात् ; वरप्रदानोपक्रमा हि मृत्युनचिकेतःसंवादरूपा वाक्यप्रवृत्ति आ समाप्तेः कठवल्लीनां लक्ष्यते ; मृत्युः किल नचिकेतसे पित्रा प्रहिताय त्रीन्वरान्प्रददौ ; नचिकेताः किल तेषां प्रथमेन वरेण पितुः सौमनस्यं वव्रे, द्वितीयेनाग्निविद्याम्, तृतीयेनात्मविद्याम्— **'येयं प्रेते'** इति **'वराणामेष वरस्तृतीयः'** (काठ. १-१-२०) इति लिङ्गात्। तत्र यदि **'अन्यत्र धर्मात्'** इत्यन्योऽयमपूर्वः प्रश्न उत्थाप्येत, ततो वरप्रदानव्यतिरेकेणापि प्रश्नकल्पनाद्वाक्यं बाध्येत । ननु प्रष्टव्यभेदादपूर्वोऽयं प्रश्नो भवितुमर्हति ; अपूर्वो हि प्रश्नो जीवविषयः, येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्ति नास्तीति विचिकित्साभिधानात् ; जीवश्च धर्मादिगोचरत्वान् न **'अन्यत्र धर्मात्'** इति प्रश्नमर्हति ; प्राज्ञस्तु धर्माद्यतीतत्वात् **'अन्यत्र धर्मात्'** इति प्रश्नमर्हति ; प्रश्नच्छाया च न समाना लक्ष्यते, पूर्वस्यास्तित्वनास्तित्वविषयत्वात्, उत्तरस्य धर्माद्यतीतवस्तुविषयत्वाच्च ; तस्मात्प्रत्यभिज्ञानाभावात्प्रश्नभेदः; न पूर्वस्यैवोत्तरत्रानुकर्षणमिति चेत्, न ; जीवप्राज्ञयोरेकत्वाभ्युपगमात्; भवेत्प्रष्टव्यभेदात्प्रश्नभेदो यद्यन्यो जीवः प्रज्ञात्स्यात् ; न त्वन्यत्वमस्ति, **'तत्त्वमसि'** इत्यादिश्रुत्यन्तरेभ्यः; इह च **'अन्यत्र धर्मात्'** इत्यस्य प्रश्नस्य प्रतिविचनम् **'न जायते म्रियिते वा विपश्चित्'** इति जन्ममरणप्रतिषेधेन प्रतिपाद्यमानं शारीरपरमेश्वरयोरभेदं दर्शयति; सति हि प्रसङ्गे प्रतिषेधो भागी भवति ; प्रसङ्गश्च जन्ममरणयोः शरीरसंस्पर्शाच्छारीरस्य भवति, न परमेश्वरस्य; तथा—**'स्वप्नान्तं जागरितान्तं चोभौ येनानुपश्यति। महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति'** (काठ. २-४-४) इति स्वप्नजागरितदृशो

संबंधी प्रश्नो એક થવાથી, અગ્નિ વિષયક અને આત્મા વિષયક એમ બે જ પ્રશ્નો થાય છે, તેથી ત્રણ પદાર્થોના પ્રશ્ન અને ઉપન્યાસ છે એમ કહેવું ઉચિત નથી. એ બીજો, અપૂર્વ જ પ્રશ્ન ઉઠાવાય છે એમ કહેશો તો જેમ વરદાન આપવાથી ભિન્ન પ્રશ્નની કલ્પના કરવામાં દોષ નથી તેમ પ્રશ્નથી ભિન્ન પણ પ્રધાનના ઉપન્યાસની કલ્પના કરવામાં દોષ નહીં થાય એમ (અહીં પૂર્વપક્ષી કહે છે)

તે સંદર્ભે કહીએ છીએ – અહીં અમે બે રીતે વરદાન આપવાથી ભિન્ન કોઈ પણ પ્રશ્ન કલ્પતા નથી, વાક્યના ઉપક્રમના સામર્થ્યથી. ખરેખર, વરદાન આપવાથી આરંભાયેલી, મૃત્યુ અને નચિકેતાના સંવાદરૂપ વાક્યપ્રવૃત્તિ કઠવલ્લીની સમાપ્તિ સુધી દેખાય છે. કહે છે કે પિતાએ મોકલેલા નચિકેતાને મૃત્યુએ ત્રણ વરદાન આપ્યાં. તેમાંના પહેલા વરદાનથી નચિકેતાએ પિતાના સૌમનસ્યનું વરદાન માગ્યું, બીજાથી અગ્નિવિદ્યા અને ત્રીજાથી આત્મવિદ્યા માગી, કારણ કે 'येयं प्रेते' (જે આ મૃત મનુષ્ય વિષે) ઇત્યાદિ અને 'वराणामेष वरस्तृतीयः' (કાઠ. ૧-૧-૨૦) (વરદાનોમાં એ વરદાન ત્રીજું છે) એમ લિંગ છે, તેમાં 'अन्यत्र धर्मात्' (ધર્મથી જુદો) ઇત્યાદિ જો એ બીજો, અપૂર્વ પ્રશ્ન ઉઠાવાય તો વરદાન આપવાથી જુદો પ્રશ્ન કલ્પવાથી વાક્યને બાધ આવે. પણ પૂછવાનો વિષય ભિન્ન હોવાથી એ પ્રશ્ન અપૂર્વ થવો યુક્ત છે. ખરેખર પૂર્વ પ્રશ્ન જીવ સંબંધી છે, કારણ કે 'મૃત મનુષ્ય વિષયક આ જે સંશય છે, કેટલાક કહે છે કે છે ને કેટલાક કહે છે કે નથી' એમ સંશય કહ્યો છે. તથા જીવ, ધર્મ આદિનો વિષય હોવાથી, 'अन्यत्र धर्मात्' (ધર્મથી અન્ય) એવા પ્રશ્નને યોગ્ય નથી. પ્રાજ્ઞ તો ધર્માદિથી અતિક્રાન્ત હોવાથી 'अन्यत्र धर्मात्' (ધર્મથી અન્ય) એવા પ્રશ્નને યોગ્ય છે. વળી પ્રશ્નની છાયા એકસરખી દેખાતી નથી, કારણ કે પૂર્વનો વિષય છે કે નહીં એવો છે, અને પછીનો વિષય ધર્માદિને અતિક્રાન્ત થયેલી વસ્તુ છે. માટે પ્રત્યભિજ્ઞાનના અભાવથી પ્રશ્નનો ભેદ છે અને પૂર્વ પ્રશ્નનું પછીના વાક્યમાં અનુકર્ષણ નથી એમ કહેશો તો અમે કહીએ છીએ કે ના, કારણ કે જીવ અને પ્રાજ્ઞ એક છે એમ સ્વીકારેલું છે. જો પ્રાજ્ઞથી જીવ ભિન્ન હોય તો પ્રષ્ટવ્ય ભિન્ન હોવાથી પ્રશ્ન ભિન્ન થાય. પણ (અહીં) ભિન્નત્વ નથી, કારણ કે 'तत्त्वमसि' (તે તું છે) ઇત્યાદિ અન્ય શ્રુતિઓ છે. અહીં પણ 'अन्यत्र धर्मात्' (ધર્મથી ભિન્ન) ઇત્યાદિ પ્રશ્નનું 'न जायते म्रियते वा विपश्चित्' (વિદ્વાન્ જન્મ કે મરણ પામતો નથી) એ પ્રતિવચન જન્મમરણના નિષેધથી પ્રતિપાદન કરાતો શારીર અને પરમેશ્વરનો અભેદ દર્શાવે છે. ખરેખર, પ્રસંગ હોય તો (નિષેધ) ઉચિત છે, અને જન્મમરણનો પ્રસંગ શરીરના સંસ્પર્શને લીધે શારીરને થાય છે, પરમેશ્વરને નહીં. તેમજ 'स्वप्नान्तं जागरितान्तं चोभौ येनानुपश्यति। महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ।' (કાઠ૦ ૨-૪-૪) (જેના દ્વારા સ્વપ્નની અવસ્થા અને જાગ્રતની અવસ્થા બંને જુએ છે તે વિભુ, મહાન્ આત્માનું ચિન્તન કરીને ધીર પુરુષ શોક કરતો નથી) એમ સ્વપ્ન અને જાગ્રત અવસ્થાને જોનાર, મહત્ત્વ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जीवस्यैव महत्त्वविभुत्वविशेषणस्य मननेन शोकविच्छेदं दर्शयन्न प्राज्ञादन्यो जीव इति दर्शयति; प्राज्ञविज्ञानाद्धि शोकविच्छेद इति वेदान्तसिद्धान्तः; तथाग्रे— **'यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह । मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति'** (काठ. २-४-१०) इति जीवप्राज्ञभेददृष्टिमपवदति ; तथा जीवविषयस्यास्तित्वनास्तित्वप्रश्नस्यानन्तरम् **'अन्यं वरं नचिकेतो वृणीष्व'** इत्यारभ्य मृत्युना तैस्तैः कामैः प्रलोभ्यमानोऽपि नचिकेता यदा न चचाल, तदैनं मृत्युरभ्युदयनिःश्रेयसविभागप्रदर्शनेन विद्याविद्याविभागप्रदर्शनेन च **'विद्याभीप्सिनं नचिकेतसं मन्ये न त्वा कामा बहवोऽलोलुपन्त'** (काठ. १-२-४) इति प्रशस्य प्रश्नमपि तदीयं प्रशंसन्यदुवाच- **'तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम् । अध्यात्मयोगाधिगमनेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति'** (काठ. १-२-१२) इति, तेनापि जीवप्राज्ञयोरभेद एवेह विवक्षित इति गम्यते; यत्प्रश्ननिमित्तां च प्रशंसां महतीं मृत्योः प्रत्यपद्यत नचिकेताः, यदि तं विहाय प्रशंसानन्तरमन्यमेव प्रश्नमुपक्षिपेत्, अस्थान एव सा सर्वा प्रशंसा प्रसारिता स्यात् ; तस्मातं **'येयं प्रेते'** इत्यस्यैव प्रश्नस्यैतदनुकर्षणम् **'अन्यत्र धर्मात्'** इति। यत्तु प्रश्नच्छायावैलक्षण्यमुक्तम्, तददूषणम्, तदीयस्यैव विशेषस्य पुनः पृच्छ्यमानत्वात्; पूर्वत्र हि देहादिव्यतिरिक्तस्यात्मनोऽस्तित्वं पृष्ठम्, उत्तरत्र तु तस्यैवासंसारित्वं पृच्छ्यत इति ; यावद्धयविद्या न निवर्तते, तावद्धर्मादिगोचरत्वं जीवस्य जीवत्वं च न निवर्तते, तन्निवृत्तौ तु प्राज्ञ एव **'तत्त्वमसि'** इति श्रुत्या प्रत्याय्यते ; न चाविद्यावत्त्वे तदपगमे च वस्तुनः कश्चिद्विशेषोऽस्ति ; यथा कश्चित्संतमसे पतितां कांचिद्रज्जुमहिं मन्यमानो भीतो वेपमानः पलायते, तं चापरो ब्रूयात् 'मा भैषीः नायमहिः रज्जुरेवेति, स च तदुपश्रुत्याहिकृतं भयमृत्सृजेद्वेपथु पलायनं च, न त्वहिबुद्धिकाले तदपगमकाले च वस्तुनः कश्चिद्विशेषः स्यात्— तथैवैतदपि द्रष्टव्यम् ; ततश्च **'न जायते म्रियते वा'** इत्येवमाद्यपि भवत्यस्तित्वनास्तित्वप्रश्नस्य प्रतिवचनम् । सूत्रं

વિભુત્વ વિશિષ્ટ જીવના જ ચિન્તનથી શોકનો વિચ્છેદ દર્શાવતો, જીવ પ્રાજ્ઞથી ભિન્ન નથી એમ દર્શાવે છે. પ્રાજ્ઞ વિજ્ઞાનથી જ શોકનો વિચ્છેદ થાય છે એમ વેદાન્તનો સિદ્ધાન્ત છે. તેમજ, આગળ 'यदेवेह तदमुत्र यदमुत्र तवन्विह । मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति ॥' (કાઠ૦ ૨-૪-૧૦) (જે અહીં છે તે અમુત્ર છે, જે અમુત્ર છે તે અહીં છે, જે અહીં ભિન્નની જેમ દષ્ટિ કરે છે તે મૃત્યુથી મૃત્યુ પ્રાપ્ત કરે છે) એમ જીવ અને પ્રાજ્ઞની ભેદદષ્ટિનો નિષેધ કરે છે. તેમ જ જીવ વિષે છે અને નથી એવા પ્રશ્નની પછી 'अन्यं वरं नचिकेतो वृणीष्व' (હે નચિકેતા, અન્ય વરદાન માગ) એમ આરંભીને મૃત્યુ વડે તે તે કામનાઓથી અતિશય લોભ પામતો પણ નચિકેતા જ્યારે ચલિત થયો નહીં ત્યારે મૃત્યુએ અભ્યુદય અને મોક્ષનો વિભાગ બતાવીને અને વિદ્યા અને અવિદ્યાનો વિભાગ પ્રદર્શાવીને 'विद्याभीप्सिनं नचिकेतसं मन्य नत्वा कामा बहवोऽलोलुपन्त' (કાઠ૦ ૧-૨-૪) (વિદ્યા પ્રાપ્ત કરવા ઈચ્છનાર નચિકેતા છે એમ હું ધારું છું. તને અનેક કામનાઓએ પણ લોભાવ્યો નથી) એમ પ્રશંસા કરીને તેના પ્રશ્નની પણ પ્રશંસા કરતાં 'तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम्। अद्यात्मयोगाधिगमेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति ॥' (કાઠ૦ ૧-૨-૧૨) (દુર્દશ, ગહનમાં પ્રવિષ્ટ થયેલા, બુદ્ધિમાં રહેલા, ગહ્વરમાં રહેલા, પુરાતન દેવનું અધ્યાત્મ યોગની પ્રાપ્તિથી ચિન્તન કરીને ધીર પુરુષ હર્ષ અને શોકનો ત્યાગ કરે છે) એમ જે કહ્યું છે તેથી પણ જીવ અને પ્રાજ્ઞનો અભેદ જ વિવક્ષિત છે એમ સમજાય છે. જે પ્રશ્નને નિમિત્તે મોટી પ્રશંસા મૃત્યુ તરફથી નચિકેતાએ મેળવી તે પ્રશ્નને છોડી પ્રશંસા પછી અન્ય જ પ્રશ્નનો ઉપક્ષેપ કરે તો સર્વ પ્રશંસા અસ્થાને જ કરેલી ગણાય. માટે 'येयं प्रेते' (જે આ મૃત પુરુષમાં) એ જ પ્રશ્નનું 'अन्यत्र धर्मात्' (ધર્મથી ભિન્ન) ઇત્યાદિમાં એ અનુકર્ષણ છે. પ્રશ્નની છાયા વિલક્ષણ (જુદી) છે એમ જે કહ્યું છે તે દૂષણ નથી, કારણ કે તેનો જ (ભેદ) પુનઃ પૂછાયેલો છે. પૂર્વ વાક્યમાં દેહાદિથી વ્યતિરિક્ત (જુદા) આત્માનું અસ્તિત્વ પૂછ્યું છે અને પછીના વાક્યમાં તેના જ અસંસારીપણા સંબંધી પ્રશ્ન પૂછાય છે આથી જ્યાં સુધી અવિદ્યા નિવૃત્ત થતી નથી ત્યાં સુધી જીવના ધર્માદિ વિષય અને જીવત્વ નિવૃત્ત થતાં નથી. તે નિવૃત્ત થાય એટલે 'तत्त्वमसि' (તે તું છે) ઇત્યાદિ શ્રુતિથી પ્રાજ્ઞની જ પ્રતીતિ કરાવાય છે. વળી અવિદ્યાવાળી હોય તેમાં અને અવિદ્યાનો નાશ થયો હોય તેવી વસ્તુમાં કંઈ પણ ભેદ નથી. જેમ કોઈ ગાઢ અંધકારમાં પડેલાં કોઈક રજ્જુને સાપ માનતો, ડરેલો, કંપતો ભાગે છે, તેને બીજો કહે છે, ડરીશ નહીં, એ સાપ નથી, રજ્જુ (દોરડું) છે, અને તે (વ્યક્તિ) આમ સાંભળીને સાપથી થયેલ ભય, કંપ અને પલાયન છોડી દે, પણ તે તેને સાપ સમજે છે ત્યારે કે અસમજ છે જતી રહે છે ત્યારે વસ્તુમાં કંઈ પણ વિશેષ (ભેદ) નથી, તથા એ પણ સમજવું. તેથી 'न जायते म्रियते वा' (જન્મ કે મરણ પામતો નથી) ઇત્યાદિ પણ અસ્તિત્વ (વિષયક) પ્રશ્નનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्वविद्याकल्पितजीवप्राज्ञभेदापेक्षया योजयितव्यम् - एकत्वेऽपि ह्यात्मविषयस्य प्रश्नस्य प्रायणावस्थायां देहव्यतिरिक्तास्तित्वमात्रविचिकित्सनात्कर्तृत्वादिसंसारस्वभावानपोहनाच्च पूर्वस्य पर्यायस्य जीवविषयत्वमुत्प्रेक्ष्यते, उत्तरस्य तु धर्माद्यत्ययसंकीर्तनात्प्राज्ञविषयत्वमिति । ततश्च युक्ता अग्निजीवपरमात्मकल्पना ; प्रधानकल्पनायां तु न वरप्रदानं न प्रश्नो न प्रतिवचनमिति वैषम्यम् ॥६॥

महद्वच्च ॥ ७ ॥

यथा महच्छब्दः सांख्यै सत्तामात्रेऽपि प्रथमजे प्रयुक्तः, न तमेव वैदिकेऽपि प्रयोगेऽभिधत्ते, **'बुद्धेरात्मा महान्परः'** (काठ. १-३-१०) **'महान्तं विभुमात्मानम्'** (काठ. १-२-२२) **'वेदाहमेतं पुरुषं महान्तम्'** (श्वेता. उप. ३-८) इत्येवमादावात्मशब्दप्रयोगादिभ्यो हेतुभ्यः ; तथाव्यक्तशब्दोऽपि न वैदिके प्रयोगे प्रधानममभिधातुमर्हति । अतश्च नास्त्यानुमानिकस्य शब्दवत्त्वम् ॥७॥

२. चमसाधिकरणम्

चमसवदविशेषात् ॥ ८ ॥

पुनरपि प्रधानवादी अशब्दत्वं प्रधानस्यासिद्धमित्याह ; कस्मात् ? मन्त्रवर्णात्— **'अजमेकां लोहितशुक्लकृष्णां बह्वीःप्रजाः सृजमानां सरूपाः'** । **'अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः'** (श्वेता. उप. ४-५) इति ; अत्र हि मन्त्रे लोहितशुक्लकृष्णशब्दै रजःसत्त्वतमांस्यभिधीयन्ते ; लोहितं रजः, रञ्जनात्मकत्वात्, शुक्लं सत्त्वम्, प्रकाशात्मकत्वात्; कृष्णं तमः आवरणात्मकत्वात्; तेषां साम्यावस्था अवयवधर्मैर्व्यपदिश्यते— लोहितशुक्लकृष्णेति ; न जायत इति च अजा स्यात्,

---

પ્રતિવચન થાય છે. સૂત્ર તો અવિદ્યાથી કલ્પેલા જીવ અને પ્રાજ્ઞના ભેદની અપેક્ષાથી યોજવું. આત્મા સંબંધી પ્રશ્ન એક છે તો પણ પ્રાયણ અવસ્થામાં દેહથી વ્યતિરિક્તના અસ્તિત્વમાત્રનો સંશય હોવાથી અને કર્તૃત્વ આદિ સંસારસ્વભાવનો નિષેધ થતો નથી તેથી પૂર્વ પર્યાય જીવ સંબંધી છે એમ કલ્પના થાય છે. પછીના પર્યાયમાં તો ધર્મ આદિનો નાશ કહ્યો છે તેથી તે પ્રાજ્ઞ વિષયક છે. માટે અગ્નિ, જીવ અને પરમાત્માની કલ્પના યુક્ત છે. પ્રધાનની કલ્પનામાં તો વરદાનનું આપવું નથી કે પ્રશ્ન કે પ્રતિવચન, એવું વૈષમ્ય છે. ॥૬॥

અને મહત્ એ શબ્દની જેમ (અવ્યક્ત શબ્દ પ્રધાનવાચક નથી) ॥૭॥

જેમ મહત્ એ શબ્દ સાંખ્યોથી સત્તામાત્ર, પ્રથમ જન્મેલાના અર્થમાં પ્રયોજાયેલો વૈદિક પ્રયોગમાં એ જ અર્થનું અભિધાન કરતો નથી, કારણ કે 'बुद्धेरात्मा महान् परः' (કાઠ૦ ૧-૩-૧૦) (બુદ્ધિથી મહાન આત્મા પર છે), 'महान्तं विभुमात्मानम्' (કાઠ૦ ૧-૨-૨૨) (મોટા, વિભુ આત્માને), 'वेदाहमेतं पुरुषं महान्तम् ।' (શ્વેતા.ઉપ. ૩-૮) (હું એ મહાન્ પુરુષને જાણું છું) ઇત્યાદિમાં આત્મ શબ્દનો પ્રયોગ વગેરે હેતુ છે, તેમજ અવ્યક્ત એ શબ્દ પણ વૈદિક પ્રયોગમાં પ્રધાનનું અભિધાન કરવા ઉચિત નથી. માટે અનુમાન વડે સિદ્ધ પ્રધાન શ્રુતિપ્રતિપાદિત નથી ॥૭॥

ચમસ(પાત્ર)ની જેમ વિશેષ નથી તેથી (અજ પ્રધાનવાચક નથી) ॥૮॥

પ્રધાનવાદી પુનઃ પણ પ્રધાન અશબ્દ (શ્રુતિથી પ્રતિપાદિત નથી એવું) છે એ અસિદ્ધ છે એમ કહે છે. શાથી ? 'अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृजमानां सरूपाः । अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः॥' (શ્વેતા.ઉપ. ૪-૫) **'લોહિત, શુક્લ અને કૃષ્ણ અને બહુ સરખી પ્રજાનું સર્જન કરતી એક અજાને (જન્મેલી નહીં તેને) સેવતો તેની પાસે શયન કરે છે, અને બીજો ભોગ ભોગવ્યા પછી એનો ત્યાગ કરે છે'** એવા મન્ત્રવર્ણથી. એ મન્ત્રમાં लोहित, शुक्ल અને कृष्ण શબ્દોથી રજસ્, સત્ત્વ અને તમસ્‌નું અભિધાન થાય છે. लोहित એ રંજનસ્વરૂપ હોવાને લીધે રજોવાચક છે, शुक्ल પ્રકાશાત્મક હોવાને કારણે સત્ત્વવાચક છે, અને कृष्ण આવરણાત્મક (જેનો સ્વભાવ ઢાંકવાનો છે તેવો) હોવાથી તમોવાચક છે. તેઓની (સત્ત્વ, રજસ્ અને તસમ્‌એ ત્રણ ગુણોની) સામ્યાવસ્થાનો लोहितशुक्लकृष्णा એમ અવયવધર્મોથી વ્યપદેશ (નિર્દેશ) થાય છે. ન જન્મ પામે તે अजा,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'मूलप्रकृतिरविकृतिः' इत्यभ्युपगमात्; नन्वजाशब्दश्छाग्यां रूढः; बाढम्; सा तु रूढिरिह नाश्रयितुं शक्या, विद्याप्रकरणात्; सा च वह्वीः प्रजास्त्रैगुण्यान्विता जनयति; तां प्रकृतिमज एकः पुरुषो जुषमाणः प्रीयमाणः सेवमानो वा अनुशेते तामेवाविद्यया आत्मत्वेनोपगम्य सुखी दुःखी मूढोऽहमित्यविवेकितया संसरति; अन्यः पुनरजः पुरुष उत्पन्नविवेकज्ञानो विरक्तो जहात्येनां प्रकृतिं भुक्तभोगां कृतभोगापवर्गां परित्यजति-मुच्यत इत्यर्थ :; तस्माच्छ्रुतिमूलैव प्रधानादिकल्पना कापिलानामित्येवं प्राप्ते—

ब्रूमः- नानेन मन्त्रेण श्रुतिमत्त्वं सांख्यवादस्य शक्यमाश्रयितुम्; न ह्ययं मन्त्रः स्वातन्त्र्येण कंचिदपि वादं समर्थयितुमुत्सहते, सर्वत्रापि ययां कयाचित्कल्पनया अजात्वादिसंपादनोपपत्तेः, सांख्यवाद एवेहाभिप्रेत इति विशेषावधारणकारणाभवात्। चमसवत्— यथा हि **'अर्वाग्बिलश्चमस ऊर्ध्वबुध्नः'** (बृह.उप. २-२-३) इत्यस्मिन्मन्त्रे स्वातन्त्र्येणायं नामासौ चमसोऽभिप्रेत इति न शक्यते नियन्तुम्, सर्वत्रापि यथाकथंचिदर्वाग्बिलत्वादिकल्पनोपपत्तेः, एवमिहाप्याविशेषः **'अजामेकाम्'** इत्यस्य मन्त्रस्य; नास्मिन्मन्त्रे प्रधानमेवाजाभिप्रेतेति शक्यते नियन्तुम् ॥८॥

तत्र तु **'इदं तच्छिर एष, ह्यर्वाग्बिलश्चमस ऊर्ध्वबुध्नः'** इति वाक्यशेषाच्चमसविशेषप्रतिपत्तिर्भवति; इह पुनः केयमजा प्रतिपत्तव्येत्यत्र ब्रूमः-

ज्योतिरुपक्रमा तु तथा ह्यधीयत एके ॥ ९ ॥

परमेश्वरादुत्पन्ना ज्योतिःप्रमुखा तेजोबन्नलक्षणा चतुर्विधस्य भूतग्रामस्य प्रकृतिभूतेयमजा प्रतिपत्तव्या। तु-शब्दोऽवधारणार्थः-भूतत्रयलक्षणैवेयमजा विज्ञेया, न गुणत्रयलक्षणा। कस्मात्? तथा ह्येके शाखिनस्तेजोबन्नानां परमेश्वरादुत्पत्तिमाम्नाय

કેમકે 'मूलप्रकृतिरविकृतिः' **'મૂલ પ્રકૃતિ એ વિકૃતિ નથી'** એમ (સાંખ્યો) સ્વીકારે છે. પણ અજા શબ્દ બકરીના અર્થમાં રૂઢ છે. સત્ય છે, પણ તે રૂઢિનો અહીં આશ્રય કરવો શક્ય નથી, કારણ એ વિદ્યાનું પ્રકરણ છે. એ અજા ત્રણ ગુણવાળી અનેક પ્રજાઓને જન્મ આપે છે. તે પ્રકૃતિને એક અજ એટલે પુરુષ પ્રેમ દર્શાવતો કે સેવતો તેની પાસે શયન કરે છે. તેને જ અવિદ્યાથી આત્મા સમજી હું સુખી, દુઃખી અને મૂઢ છું એમ અવિવેકથી સંસારમાં સરે છે, પણ બીજો અજ અર્થાત્ પુરુષ, જેનામાં વિવેકજ્ઞાન ઉત્પન્ન થયું છે, તે વિરક્ત થઈ એ પ્રકૃતિ, જેણે ભોગો ભોગવ્યા છે, એટલે કે જેણે ભોગ અને અપવર્ગ (ત્યાગ) કર્યો છે, તેનો પરિત્યાગ કરે છે, છોડી દે છે એવો અર્થ છે. તેટલા માટે કપિલમતના અનુયાયીઓની પ્રધાન વગેરેની કલ્પના શ્રુતિમૂલક જ છે. એમ પ્રાપ્ત થતાં

અમે કહીએ છીએ – એ મન્ત્રથી સાંખ્યવાદ શ્રુતિ દ્વારા પ્રતિપાદિત છે એમ આશ્રય કરી શકાશે નહીં, કારણ કે એ મન્ત્ર સ્વતન્ત્ર રીતે કોઈ પણ વાદનું સમર્થન કરવા શક્તિમાન નથી, કારણ કે સર્વત્રમાં પણ ગમે એવી કલ્પનાથી અજાત્વ આદિ સંપાદન કરી શકાય, અને સાંખ્યવાદ જ અહીં અભિપ્રેત (ઇષ્ટ) છે એવા વાદનું નિર્ધારણ કરવાનું કારણ નથી, चमस જેમની જેમ 'अर्वाग्बिलश्चमस ऊर्ध्वबुध्नः' (બૃહ.ઉપ. ૨/૨/૩) **'જેનું મુખ નીચું છે અને તળિયું ઊંચું છે એવું પાત્ર'** એ મન્ત્રમાં સ્વતન્ત્ર રીતે આ ચમસ્ (પાત્ર), ખરેખર, અભિપ્રેત (ઇષ્ટ) છે એમ નિરૂપણ કરી શકાતું નથી, કારણ કે સર્વત્ર ગમે તેમ જેનું મુખ નીચું છે ઇત્યાદિ સ્થિતિની કલ્પના યોગ્ય બને છે, એવી જ રીતે અહીં પણ 'अजामेकाम्' એ મન્ત્રમાં ભેદ નથી. એ મન્ત્રમાં અજાનો અર્થ પ્રધાન જ અભિપ્રેત છે એમ નિયમ કરવો શક્ય નથી (નિશ્ચિત કરવું અશક્ય છે) ॥૮॥

પણ તેમાં 'इदं तच्छिर एष ह्यर्वाग्बिलश्चमस ऊर्ध्वबुध्नः' **'જેનુ મુખ નીચું છે અને તળિયું ઊંચું છે એવું જે પાત્ર છે તે એ મસ્તક છે'** એમ વાક્યશેષ હોવાથી પાત્રવિશેષની પ્રતીતિ થાય છે. પણ અત્રે કઈ અજા સમજવી - તદ્‌સંબંધી અમે કહીએ છીએ-

જેના ઉપક્રમ (આરંભ)માં જ્યોતિ છે એવી જ (અજા સમજવી), કારણ કે એક શાખાવાળાઓ એમ અધ્યયન કરે છે ॥૯॥

પરમેશ્વરથી ઉત્પન્ન થયેલી, જેના ઉપક્રમ(આરંભ)માં જ્યોતિ છે એવી, તેજ, જળ અને અન્ન જેનું લક્ષણ છે એવી, ચાર પ્રકારના ભૂતસમૂહની પ્રકૃતિ રૂપ બનેલી એ અજા સમજવી, સૂત્રમાં 'तु' શબ્દ નિશ્ચયવાચક છે. ત્રણ ભૂત જેનું લક્ષણ છે એવી જ એ અજા સમજવી, ત્રણ ગુણ જેનું લક્ષણ છે એવી નહીં, શાથી ? કારણ કે એક શાખાવાળાઓ તેજ, જળ અને અન્નની પરમેશ્વરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तेषामेव रोहितादिरूपतामामनन्ति— **'यदग्ने रोहितं रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्य'** इति; तान्येवेह तेजोवन्नानि प्रत्यभिज्ञायन्ते, रोहितादिशब्दसामान्यात्, रोहितादीनां च शब्दानां रूपविशेषेषु मुख्यत्वाद्भाक्तत्वाच्च गुणविषयत्वस्य ; असंदिग्धेन च संदिग्धस्य निगमनं न्याय्यं मन्यन्ते । तथेहापि **'ब्रह्मवादिनो वदन्ति । किंकारणं ब्रह्म'** (श्वेता. उप. १-१) इत्युपक्रम्य **'ते ध्यानयोगानुगता अपश्यन्देवात्मशक्तेः स्वगुणैर्निगूढाम्'** (श्वेता. उप. १-३) इति पारमेश्वर्याः शक्तेः समस्तजगद्विधायिन्या वाक्योपक्रमऽवगमात्, वाक्यशेषेऽपि **'मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्'** (श्वेता. उप. ४-१०) इति **'यो योनिं योनिमधितिष्ठत्येकः'** (श्वेता. उप. ४-११) इति च तस्या एवावगमान्न स्वतन्त्रा काचित्प्रकृतिः प्रधानं नामाजामन्त्रेणाम्नायत इति शक्यते वक्तुम् । प्रकरणात्तु सैव दैवी शक्तिरव्याकृतनारूपा नामरूपयोः प्रागवस्था अनेनापि मन्त्रेणाम्नायत इत्युच्यते ; तस्याश्च स्वविकारविषयेण त्रैरूप्येण त्रैरूप्यमुक्तम् ॥९॥

कथं पुनस्तेजोबन्नात्मना त्रैरूप्येण त्रिरूपा अजा प्रतिपत्तुं शक्यते, यावता न तावत्तेजोबन्नेष्वजाकृतिरस्ति, न च तेजोबन्नानां जातिश्रवणादजातिनिमित्तोऽप्यजाशब्दः संभवतीति । अत उत्तरं पठति—

कल्पनोपदेशाच्च मध्वादिवदविरोधः ॥ १० ॥

नायमजाकृतिनिमित्तोऽजाशब्दः: नापि यौगिकः; किं तर्हि, कल्पनोपदेशोऽयम्- अजारूपकक्लृप्तिस्तेजोबन्नलक्षणा-याश्चराचरयोनेरुपदिश्यते; यथा हि लोके यदच्छया काचिदजा रोहितशुक्लकृष्णवर्णा स्याद्बहुबर्करा सरूपबर्करा च, तां च कश्चिदजो जुषमाणोऽनुशयीत, कश्चिच्चैनां भुक्तभोगां जह्यात्— एवमियमपि तेजोबन्नलक्षणा भूतप्रकृतिस्त्रिवर्णा बहु सरूपं चराचरलक्षणं

ઉત્પત્તિ કહીને તેમનું જ રોહિતાદિ રૂપ કહે છે – 'यदग्ने रोहितं रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्य' **'અગ્નિનું જે રક્તરૂપ છે તે તેજનું છે, જે શુકલરૂપ છે તે પાણીનું છે અને જે કૃષ્ણરૂપ છે તે અન્નનું છે'** એમ અહિં એ જ તેજ, જળ અને અન્નની પ્રત્યભિજ્ઞા થાય છે, કારણ કે રોહિત વગેરે શબ્દો સમાન છે. રોહિત વગેરે શબ્દોનો મુખ્ય અર્થ રૂપવિશેષ છે અને ગુણોને લક્ષ્ય અર્થમાં લાગુ પડે છે, અને અસંદિગ્ધથી સંદિગ્ધનું નિગમન કરવું એ ન્યાય્ય મનાય છે. તેમજ અહીં પણ 'ब्रह्मवादिनो वदन्ति । किं कारणं ब्रह्म' (શ્વેતા.ઉપ. ૧-૧) **'બ્રહ્મવાદીઓ કહે છે, શું બ્રહ્મ કારણ છે'** એમ ઉપક્રમ કરીને 'ते ध्यानयोगानुगता अपश्यन् देवात्मशक्तिं स्वगुणैर्निगूढाम्' (શ્વેતા.ઉપ. ૧-૩) **'ધ્યાનયોગને વિષે ગયેલા તેઓએ દેવની આત્મશક્તિ, પોતાના ગુણોથી નિગૂઢ થયેલી જોઈ'** એમ સમગ્ર જગત્ ઉત્પન્ન કરનારી પરમેશ્વરી શક્તિ વાક્યના ઉપક્રમમાં સમજાય છે. વાક્યશેષમાં પણ 'मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्' (શ્વેતા.ઉપ. ૪-૧૦) **'પ્રકૃતિને માયા જાણવી અને મહેશ્વરને માયી જાણવો'** એ અને 'यो योनिं योनिमधितिष्ठत्येकः' (શ્વેતા.ઉપ. ૪-૧૧) **'જે એકલું પ્રત્યેક યોનિનું અધિષ્ઠાન કરે છે'** તેમાં પણ તે જ શક્તિની પ્રતીતિ થવાથી પ્રધાન નામની કોઈ પણ સ્વતન્ત્ર પ્રકૃતિ, अजा મન્ત્રથી આમ્નાત (શ્રુતિપ્રતિપાદિત) થયેલી છે એમ કહી શકાતું નથી. પ્રકરણથી તો તે જ દૈવી શક્તિ, જેમાં નામ અને રૂપ અવ્યાકૃત છે અને જે નામ અને રૂપની પૂર્વ સ્થિતિ છે, તે જ મન્ત્રથી પ્રતિપાદન થાય છે એમ કહેવાય છે, અને તેના વિકાર ત્રણ રૂપવાળા હોવાથી તેનું ત્રણ રૂપવાળું સ્વરૂપ કહ્યું છે ॥૯॥

પણ તેજ, જળ અને અન્ન એમ ત્રણ રૂપથી ત્રણ રૂપવાળી अजा ની પ્રતીતિ કેવી રીતે થાય છે, કારણ કે તેજ, જળ અને અન્નને વિષે अजा ની આકૃતિ (જાતિ) નથી, અને તેજ, જળ અને અન્નના જન્મનું શ્રવણ છે તેથી જાતિ નિમિત્ત अजा શબ્દ સંભવતો નથી. આથી પછીના સૂત્રમાં કહ્યું છે –

અને કલ્પનાનો ઉપદેશ છે તેથી મધુ આદિની જેમ અવિરોધ છે ॥૧૦॥

એ अजा શબ્દ અજા આકૃતિને લાગુ પડતો નથી, તેમ યૌગિક પણ નથી. તો પછી કેવો છે ? એમાં કલ્પનાનો ઉપદેશ છે. અજાસાદશ્યકલ્પના તેજ, જળ અને અન્ન લક્ષણ ચરાચર યોનિને વિષે ઉપદેશ કરાયેલી છે. જેમ લોકમાં દૈવયોગે કોઈક अजा (બકરી) રોહિત, શુક્લ અને કૃષ્ણ વર્ણવાળી, બહુ બકરાવાળી અને સરખા રંગનાં બકરાવાળી હોય અને તેને કોઈક अज (બકરો) પ્રેમ ધરાવતો તેની પાસે શયન કરે અને કોઈક ભોગ ભોગવ્યા પછી એનો ત્યાગ કરે તેમ આ પણ ચરાચર લક્ષણ વિકારસમૂહને જન્મ આપે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



विकारजातं जनयति, अविदुषा च क्षेत्रज्ञेनोपभुज्यते, विदुषा च परित्यज्यत इति । न चेदमाशङ्कितव्यम्— एकः क्षेत्रज्ञोऽनुशेते अन्यो जहातीत्यतः क्षेत्रज्ञभेदः पारमार्थिकः परेषामिष्टः प्राप्नोतीति । न हीयं क्षेत्रज्ञभेदप्रतिपिपादयिषा । किंतु बन्धमोक्षव्यवस्थाप्रतिपिपादयिषैवैषा । प्रसिद्धं तु भेदमनूद्य बन्धमोक्षव्यवस्था प्रतिपाद्यते । भेदस्तूपाधिनिमित्तो मिथ्याज्ञानकल्पितः; न पारमार्थिकः, **'एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा'** इत्यादिश्रुतिभ्यः । मध्वादिवत्— यथा **'आदित्यस्यामधुनो मधुत्वम्'**, (छा.उप. ३-१)**'वाचश्चाधेनोर्धेनुत्वम्'**,(बृह.उप.५-८) **'द्युलोकादीनां चानग्नीनामग्नित्वम्'** (बृह.उप. ८-२-९) — इत्येवंजातीयकं कल्प्यते, एवमिदमनजाया अजात्वं कल्प्यत इत्यर्थः । तस्मादविरोधस्तेजोबन्नेष्वजाशब्दप्रयोगस्य ॥१०॥

३. संख्योपसंग्रहाधिकरणम्

न संख्योपसंग्रहादपि नानाभावादतिरेकाच्च ॥ ११ ॥

एवं परिहृतेऽप्यजामन्त्रे पुनरप्यन्यस्मान्मन्त्रात्सांख्यः प्रत्यवतिष्ठते— **'यस्मिन्पञ्च पञ्चजना आकाशश्च प्रतिष्ठितः । तमेव मन्य आत्मानं विद्वान्ब्रह्मामृतोऽमृतम्'** (बृह.उप. ४-४-१७) इति । अस्मिन्मन्त्रे पञ्च पञ्चजना इति पञ्चसंख्याविषया अपरा पञ्चसंख्या श्रूयते, पञ्चशब्दद्वयदर्शनात् । त एते पञ्चपञ्चकाः पञ्चविंशतिः संपद्यन्ते । तथा च पञ्चविंशतिसंख्यया यावन्तः संख्येया आकाङ्क्ष्यन्ते तावन्त्येव च तत्त्वानि सांख्यैः संख्यायन्ते— **'मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त । षोडशकश्च विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः'** (सां.का.३) इतिः तया श्रुतिप्रसिद्धया पञ्चविंशतिसंख्यया तेषां स्मृतिप्रसिद्धानां पञ्चविंशतेस्तत्त्वानामुपसंग्रहात्प्राप्तं पुनः श्रुतिमत्त्वमेव प्रधानादीनाम् ।

અવિદ્વાન્ ક્ષેત્રજ્ઞ(જીવ) એનો ઉપભોગ કરે છે અને વિદ્વાન્ એનો ત્યાગ કરે છે. વળી આવી શંકા ન કરવી કે એક ક્ષેત્રજ્ઞ એની પાસે શયન કરે છે અને બીજો એનો ત્યાગ કરે છે તેથી પારમાર્થિક ક્ષેત્રજ્ઞ ભેદ જે પરને - સાંખ્યને ઇષ્ટ છે તે પ્રાપ્ત થાય છે, કેમકે એ કંઈ ક્ષેત્રજ્ઞનો ભેદ પ્રતિપાદન કરવાની ઇચ્છા નથી, પરંતુ બંધન અને મોક્ષની વ્યવસ્થા પ્રતિપાદન કરવાની ઇચ્છા છે. પ્રસિદ્ધ ભેદનો અનુવાદ કરીને બન્ધ અને મોક્ષની વ્યવસ્થા પ્રતિપાદન કરાય છે. ભેદ તો ઉપાધિનિમિત્ત છે અને મિથ્યાજ્ઞાનથી કલ્પેલો છે, પારમાર્થિક નથી, કારણ કે 'एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा' **'એક દેવ, સર્વ ભૂતોને વિષે ગૂઢ છે, સર્વ વ્યાપેલો છે અને સર્વ ભૂતોનો અન્તરાત્મા છે'** ઇત્યાદિ શ્રુતિઓ છે. મધુ આદિની જેમ. જેમ આદિત્યને મધુ નથી તો પણ મધુ કહ્યું છે (છાન્દો.ઉપ. ૩-૧) જેમ વાણીને ધેનુ નથી તો પણ ધેનુ કહી છે (બૃહ.ઉપ. ૫-૮) અને **'દ્યુલોક આદિને અગ્નિ નથી તો પણ અગ્નિ કહ્યા છે'** (બૃહ.ઉપ. ૮-૨-૯) ઇત્યાદિ કલ્પના થાય છે, તેમ એને અજા નથી તો પણ અજા કલ્પી છે એવો અર્થ છે. માટે તેજ, જળ અને અન્નને વિષે અજા શબ્દનો પ્રયોગ અવિરુદ્ધ છે (વિરુદ્ધ નથી) ॥૧૦॥

૩. સંખ્યોપસંગ્રહ અધિકરણ

સંખ્યાના ગ્રહણથી પણ (પ્રધાનાદિ શ્રુતિપ્રતિપાદિત છે એમ) ન (સમજવું), પૃથક્‌ભાવથી અને આધિક્યથી ॥૧૧॥

આ પ્રમાણે અજા મન્ત્રમાં સાંખ્યનો (=નિરાકરણ) કર્યું એટલે વળી બીજા મન્ત્રથી સાંખ્ય ઉપસ્થિત થાય છે – 'यस्मिन् पञ्च पञ्चजना आकाशश्च प्रतिष्ठितः । तमेव मन्य आत्मानं विद्वान् ब्रह्मामृतोऽमृतम्' (બૃહ.ઉપ. ૪-૪-૧૭) **'જેમાં પંચ પંચજન અને આકાશ રહેલા છે તે જ આત્માને અમૃત બ્રહ્મ માનું છું, વિદ્વાન્ હું અમૃત છું'** એમ. આ મન્ત્રમાં 'पञ्च पञ्चजनाः' (પંચ પંચજન) એમ પંચ સંખ્યાને લાગુ પડતી બીજી પંચ સંખ્યાનું શ્રવણ છે, કારણ કે બે पञ्च શબ્દ જોવામાં આવે છે. તે એ પંચ પંચક પચીસ થાય છે. તેમ પચીસ સંખ્યાથી જેટલા સંખ્યેય – સંખ્યાવાળાની આકાંક્ષા રહે છે તેટલાં જ તત્ત્વો સાંખ્યો સંખ્યાથી કહે છે – 'मूलप्रकृतिरविकृतिर्महदाद्याः प्रकृतिविकृतयः सप्त । षोडशकश्च विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः' (સાંખ્ય૦ કા૦ ૩) [મૂલ **પ્રકૃતિ (ઉત્પન્ન કરનાર તત્ત્વ તે પ્રકૃતિ) વિકૃતિ નથી, મહદ્ આદિ સાત પ્રકૃતિ અને વિકૃતિ બંને છે, સોળ વિકાર છે, પુરુષ પ્રકૃતિ પણ નથી કે વિકૃતિ પણ નથી]** એમ. તે શ્રુતિપ્રસિદ્ધ પચીસ સંખ્યાથી તે સ્મૃતિપ્રસિદ્ધ પચીસ તત્ત્વોનો સંગ્રહ થવાથી વળી પ્રધાનાદિ શ્રુતિપ્રતિપાદિત છે એમ પ્રાપ્ત થાય છે.

F/11

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ततो ब्रूमः— न संख्योपसंग्रहादपि प्रधानादीनां श्रुतिमत्त्वं प्रत्याशा कर्तव्याः कस्मात् ? नानाभावात्; नाना ह्येतानि पञ्चविंशतिस्तत्त्वानि ; नैषां पञ्चशः पञ्चशः साधारणो धर्मोऽस्ति, येन पञ्चविंशतेरन्तराले पराः पञ्च पञ्च संख्या निविशेरन् ; न ह्येकनिबन्धनमन्तरेण नानाभूतेषु द्वित्वादिकाः संख्या निविशन्ते । अथोच्येत— पञ्चविंशा तिसंख्यैवेयमवयवद्वारेण लक्ष्यते, यथा **'पञ्च सप्त च वर्षाणि न ववर्ष शतक्रतुः'** इति द्वादशशवार्षिकीमनावृष्टिं कथयन्ति, तद्वदिति ; तदपि नोपपद्यते ; अयमेवास्मिन्पक्षे दोषः, यल्लक्षणाश्रयणीया स्यात् । परश्चात्र पञ्चशब्दो जनशब्देन समस्तः पञ्चजना इति, भाषिकस्वरेणैकपदत्वनिश्चयात्; प्रयोगान्तरे च **'पञ्चानां त्वा पञ्चजनानाम्'** (तैत्ति.सं. १-६-२-२) इत्यैकपद्यैकस्वर्यैकविभक्तिकत्वावगमात्; समस्तत्वाच्च न वीप्सा **'पञ्च पञ्च'** इति । तेन न पञ्चकद्वयग्रहणं पञ्चसंख्याया एकस्याः पञ्चसंख्यया परया विशेषणम् **'पञ्च पञ्चकाः'** इति, उपसर्जनस्य विशेषणेनासंयोगात्; नन्वापन्नपञ्चसंख्याका जना एव पुनः पञ्चसंख्यया विशेष्यमाणाः पञ्चविंशतिः प्रत्येष्यन्ते, यथा पञ्च पञ्चपूल्य इति पञ्चविंशतिः पूलाः प्रतीयन्ते, तद्वत् ; नेति ब्रूमः युक्तं यत्पञ्चपूलीशब्दस्य समाहाराभिप्रायत्वात् कतीति सत्यां भेदाकाङ्क्षायां पञ्च पञ्चपूल्य इति विशेषणम्; इह तु पञ्च जना इत्यादित एव भेदोपादानात्कतीत्यसत्यां भेदाकाङ्क्षायां न पञ्च पञ्चजना अति विशेषणं भवेत्; भवदपीदं विशेषणं पञ्चसंख्याया एव भवेत्; तत्र चोक्तो दोषः तस्मात्पञ्च पञ्चजना इति न पञ्चविंशतितत्त्वाभिप्रायम् । अतिरेकाच्च न पञ्चविंशतितत्त्वाभिप्रायम् । अतिरेको हि भवत्यात्माकाशाभ्यां पञ्चविंशतिसंख्यायाः; आत्मा तावदिह प्रतिष्ठां प्रत्याधारत्वेन निर्दिष्टः, **'यस्मिन्'** इति सप्तमीसूचितस्य **'तमेव मन्य आत्मानम्'** (पा.सू. २-१-५०) इत्यात्मत्वेनानुकर्षणात्; आत्मा च चेतनः पुरुषः; स च पञ्चविंशतावन्तर्गत एवेति न तस्यैवाधारत्वमाधेयत्वं च युज्येत; अर्थान्तरपरिग्रहे वा तत्त्वसंख्यातिरेकः सिद्धान्तविरुद्धः प्रसज्येत; तथा **'आकाशश्च प्रतिष्ठितः'** इत्याकाशस्यापि पञ्चविंशतावन्तर्गतस्य न पृथगुपादानं न्याय्यम्, अर्थान्तरपरिग्रहे चोक्तं

માટે અમે કહીએ છીએ - સંખ્યાના સંગ્રહથી પણ પ્રધાનાદિ શ્રુતિપ્રતિપાદિત છે એમ આશા કરવી નહિ. શાથી ? પૃથગ્ભાવથી. એ પચીસ તત્ત્વો પૃથક્ છે, એમાં પંચક પંચકનો સાધારણ ધર્મ નથી કે જેથી પચીસની સંખ્યામાં બીજી પાંચ પાંચ સંખ્યા રહે, કારણ કે એક આધાર વગર પૃથગ્ભૂત સંખ્યામાં દ્વિત્વ આદિ સંખ્યા રહેતી નથી. જો એમ કહેશો કે અવયવ દ્વારા પચીસ સંખ્યા જ લક્ષ્ય થાય છે, જેમ 'पञ्च सप्त च वर्षाणि न ववर्ष शतक्रतुः' **'પાંચ અને સાત વર્ષ મેઘ વરસ્યો નહીં'** એ બાર વરસની અનાવૃષ્ટિ કહે છે તેમ, તો તે પણ ઉચિત નથી. આ પક્ષમાં એ જ દોષ કે લક્ષણાનો આશ્રય કરવો પડે છે. વળી બીજો पञ्च શબ્દ जन શબ્દ સાથે સમસ્ત થયેલો છે, કારણ કે પારિભાષિક સ્વરથી એક પદ છે એવો નિશ્ચય થાય છે. તેમજ 'पञ्चानां त्वा पञ्चजनानाम्' (તૈત્તિ૦ સં૦ ૧-૬-૨-૨) **(તને પંચ, પંચજનના)** એ અન્ય પ્રયોગમાં એક પદ, એક સ્વર અને એક વિભક્તિ સમજાય છે. સમસ્ત પદ હોવાને લીધે पञ्च पञ्च (પાંચ પાંચ) એમ વીપ્સા (દ્વિરુક્તિ) નથી, તેમજ पञ्च पञ्च (પાંચ પાંચ) એમ બે પંચકનું પણ ગ્રહણ નથી. વળી पञ्च पञ्चकाः (પાંચ પંચક) એમ એક પાંચ સંખ્યાનું બીજી પાંચ સંખ્યાથી વિશેષણ નથી, કારણ કે ઉપસર્જન - જે ગૌણ છે તેનો વિશેષ સાથે સંયોગ થતો નથી. પણ જેને પાંચ સંખ્યા પ્રાપ્ત થઈ છે એવા લોકો બીજી પાંચ સંખ્યાથી વિશિષ્ટ થતા પચીસ થાય છે એવી પ્રતીતિ થશે, જેમ 'पञ्च पञ्चपूल्यः' (પાંચ પૂળીપંચક) એમાં પચીસ પૂળાની પ્રતીતિ થાય છે તેમ. અમે કહીએ છીએ કે ના. पञ्चपूली શબ્દમાં સમાહાર ઇચ્છિત હોવાથી કેટલી એમ વિશેષણની આકાંક્ષા થતાં 'पञ्च पञ्चपूल्यः' (પાંચ પૂળીપંચક) એમ વિશેષણ ઉચિત છે. પણ અહીં તો पञ्चजनाः (પાંચજનો) એમ આરંભથી જ વિશેષણનું ગ્રહણ છે તેથી કેટલા એમ વિશેષણની આકાંક્ષા થતી નથી એટલે पञ्च पञ्चजना (પાંચ પાંચજનો) એમ વિશેષણ થશે નહિ, અને વિશેષણ થાય તો પણ पञ्च (પાંચ) સંખ્યાનું જ થાય અને તેમાં દોષ કહ્યો છે. માટે 'पञ्च पञ्चजनाः' (પાંચ પાંચજનો) એથી પચ્ચીસ તત્ત્વ ઇષ્ટ નથી. વળી આધિક્યથી પણ પચીસ તત્ત્વ અભિપ્રેત નથી, કેમકે આત્મા અને આકાશથી પચીસ સંખ્યાથી આધિક્ય થાય છે. અહીં આત્માનો પ્રતિષ્ઠાના આધાર તરીકે નિર્દેશ કર્યો છે, કેમકે यस्मिन् (જેમાં) એ સપ્તમીએ સૂચવેલાનું 'तमेव मन्य आत्मानम्' **'તેને જ આત્મા માનું છું'** એમાં આત્મા તરીકે અનુકર્ષણ છે. આત્મા ચેતન પુરુષ છે અને તે પચીસ તત્ત્વમાં અન્તર્ગત જ છે તેથી તે જ આધાર અને આધેય થાય એ યુક્ત નથી. અન્ય અર્થનું ગ્રહણ કરો તો તત્ત્વસંખ્યાથી આધિક્ય, જે સાંખ્યસિદ્ધાન્તથી વિરુદ્ધ છે, તેનો પ્રસંગ આવે. તેમજ આકાશ, જે પચીસ તત્ત્વમાં અન્તર્ગત છે તેનું 'आकाशश्च प्रतिष्ठितः' **'અને આકાશ પ્રતિષ્ઠિત છે'** એમ પૃથગ્ગ્રહણ ન્યાય્ય (યોગ્ય) નથી, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

दूषणम्। कथं च संख्यामात्रश्रवणे सत्यश्रुतानां पञ्चविंशतितत्त्वानामुपसंग्रहः प्रतीयेत ? जनशब्दस्य तत्त्वेष्वरूढत्वात्, अर्थान्तरोपसंग्रहेऽपि संख्योपपत्तेः । कथं तर्हि पञ्च पञ्चजना इति ? उच्यते— **'दिक्संख्ये संज्ञायाम्'** इति विशेषस्मरणात्संज्ञायामेव पञ्चशब्दस्य जनशब्देन समासः ; ततश्च रूढत्वाभिप्रायेणैव केचित्पञ्चजना नाम विवक्ष्यन्ते, न सांख्यतत्त्वाभिप्रायेण ; ते कतीत्यस्यामाकाङ्क्षायां पुनः पञ्चेति प्रयुज्यते ; पञ्चजना नाम ये केचित्, ते च पञ्चैवेत्यर्थः, सप्तर्षयः सप्तेति यथा ॥११॥

के पुनस्ते पञ्चजना नामेति, तदुच्यते—-

प्राणादयो वाक्यशेषात् ॥ १२ ॥

'यस्मिन्पञ्च पञ्चजनाः' इत्यत उत्तरस्मिन्मन्त्रे ब्रह्मस्वरूपनिरूपणाय प्राणादयः पञ्च निर्दिष्टा— **'प्राणस्य प्राणमुत चक्षुषश्चक्षुरुत श्रोत्रस्य श्रोत्रमन्नस्यान्नं मनसो ये मनो विदुः'** इति;तेऽत्र वाक्यशेषगताः संनिधानात्पञ्चजना विवक्ष्यन्ते। कथं पुनः प्राणादिषु जनशब्दप्रयोगः ? तत्त्वेषु वा कथं जनशब्दप्रयोगः ? समाने तु प्रसिद्ध्यतिक्रमे वाक्यशेषवशात्प्राणादय एव ग्रहीतव्या भवन्ति; जनसंबन्धाच्च प्राणादयो जनशब्दभाजो भवन्ति ; जनवचनश्च पुरुषशब्दः प्राणेषु प्रयुक्तः- **'ते वा एते पञ्च ब्रह्मपुरुषाः'** इत्(छा.उप. ३-१३-६) यत्र; **'प्राणो ह पिता प्राणो ह माता'** (छा.उप. ७-१५-१) इत्यादि च ब्राह्मणम् । समासबलाच्च समुदायस्य रूढत्वमविरुद्धम्; कथं पुनरसति प्रथमप्रयोगे रूढिः शक्याश्रयितुम्? शक्या उद्भिदादिवदित्याह-प्रसिद्धार्थसंनिधाने ह्यप्रसिद्धार्थः शब्दः प्रयुज्यमानः समभिव्याहारात्तद्विषयो नियम्यते ; यथा **'उद्भिदा यजेत' 'यूपं छिनत्ति' 'वेदिं करोति'** इति, तथा अयमपि पञ्चजनशब्दः समासान्वाख्यानादवगतसंज्ञाभावः संज्ञाकाङ्क्षी वाक्यशेषसमभिव्याहृतेषु प्राणादिषु वर्तिष्यते । कैश्चित्तु

અન્ય અર્થનું ગ્રહણ કરો તો દોષ કહ્યો જ છે. વળી સંખ્યામાત્રનું શ્રવણ થવાથી શ્રુતિમાં પ્રતિપાદન ન કરેલાં એવાં પચીસ તત્ત્વનો સંગ્રહ શી રીતે પ્રતીત થાય છે ? કારણ કે જન શબ્દ તત્ત્વને વિષે રૂઢ નથી અને અન્ય અર્થનું ગ્રહણ કરવાથી પણ સંખ્યા ઉપપન્ન થાય છે. ત્યારે 'पञ्च पञ्चजनाः' **'પાંચ પંચજન'** એ શી રીતે ? કહીએ છીએ. 'दिक्संख्ये संज्ञायाम्' (પા૦ સૂ૦ ૨/૧/૫૦) (દિશા અને સંખ્યાવાચક શબ્દો સંજ્ઞાના અર્થમાં સુબન્ત ઉત્તર પદ સાથે સમાસ પામે છે) એમ વિશેષ સૂત્રનું સ્મરણ છે તેથી पञ्च શબ્દનો જન શબ્દ સાથે સમાસ છે. તેથી રૂઢ તરીકેના અભિપ્રાયથી જ કેટલાક पञ्चजन સંજ્ઞાવાળાની વિવક્ષા છે, સાંખ્યતત્ત્વના અભિપ્રાયથી નથી. તે કેટલા કે એવી આકાંક્ષા થતાં ફરી पञ्च શબ્દોનો પ્રયોગ કર્યો છે. પંચજનસંજ્ઞક જે કોઈ છે તે પાંચ જ છે એવો અર્થ છે જેમ સપ્ત સપ્તર્ષિઓ છે તેમ ॥૧૧॥

પણ તે પંચજનસંજ્ઞક કોણ છે તેને માટે હવેના સૂત્રમાં કહે છે –

(પંચજન) પ્રાણાદિ છે, વાક્યશેષથી ॥૧૨॥

'यस्मिन् पञ्च पञ्चजनाः' **'જેને વિષે પંચ પંચજન'** ઇત્યાદિની પછીના મન્ત્રમાં બ્રહ્મસ્વરૂપ નિરૂપણ કરવા માટે પાંચ પ્રાણ વગેરેનો નિર્દેશ કર્યો છે –'प्राणस्य प्राणमुत चक्षुषश्चक्षुरुत श्रोत्रस्य श्रोत्रमन्नस्यान्नं मनसो ये मनो विदुः' [જેઓ પ્રાણનો પ્રાણ, **ચક્ષુનું ચક્ષુ, શ્રોત્રનું શ્રોત્ર, અન્નનું અન્ન અને મનનું મન જાણે છે (તેઓ બ્રહ્મ જાણે છે)**] એમ. અહીં વાક્યશેષમાં આવેલા તેઓ (પ્રાણાદિઓ) સંનિધાનથી પંચજન તરીકે વિવક્ષિત છે. પણ પ્રાણાદિને વિષે જન શબ્દનો પ્રયોગ કેવી રીતે ? તત્ત્વને વિષે ત્યારે જન શબ્દનો પ્રયોગ કેવી રીતે ? રૂઢિનો અતિક્રમ અર્થાત્ ઉલ્લંઘન (બંને પક્ષમાં) સમાન હોવાથી વાક્યશેષના બળથી પ્રાણાદિ જ ગ્રહણ કરવા યોગ્ય બને છે, અને માણસની સાથે સંબંધ હોવાથી પ્રાણાદિઓ જન શબ્દ ગ્રહણ કરનારા થાય છે. વળી 'ते वा एते पञ्च ब्रह्मपुरुषाः' (છાન્દો.ઉપ. ૩-૧૩-૬) **(તે એ પાંચ બ્રહ્મપુરુષો છે)** એમાં જનવાચક પુરુષ શબ્દ પ્રાણને વિષે પ્રયોજાયેલો છે. તેમજ 'प्राणो ह पिता प्राणो ह माता' (છાન્દો.ઉપ. ૭-૧૫-૧) **'પ્રાણ પિતા છે, પ્રાણ માતા છે'** ઇત્યાદિ બ્રાહ્મણ છે. વળી સમાસના બળથી સમુદાયને રૂઢ અર્થમાં લેવામાં વિરોધ નથી. પણ પ્રથમ પ્રયોગને અભાવે રૂઢિનો આશ્રય કેવી રીતે કરી શકાય ? ઉદ્‌ભિદ્ આદિની જેમ એમ કહે છે. પ્રસિદ્ધ અર્થના સંનિધાનમાં(સામીપ્યમાં) અપ્રસિદ્ધ અર્થવાળા શબ્દનો પ્રયોગ હોય તો પાસેના સંબંધથી તે અર્થવાળો છે એમ નિયમ થાય છે, જેમ 'उद्भिदा यजेत' **'તેણે ઉદ્‌ભિદથી યજ્ઞ કરવો'** 'यूपं छिनत्ति' **'યૂપને છેદે છે'** અને 'वेदिं करोति' **'વેદિ કરે છે'** તેમજ આ પણ पञ्चजन શબ્દ સમાસના અર્થથી સંજ્ઞાભાવ પ્રાપ્ત કરી સંજ્ઞીની આકાંક્ષાવાળો થઈ વાક્યશેષમાં કહેલા પ્રાણાદિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

देवाः पितरो गन्धर्वा असुरा रक्षांसि च पञ्च पञ्चजना व्याख्याताः; अन्यैश्च चत्वारो वर्णा निषादपञ्चमाः परिगृहीताः ; कचिच्च 'यत्पाञ्चजन्यया विशा' (ऋ.सं. ८-५३-७) इति प्रजापरः प्रयोगः पञ्चजनशब्दस्य दृश्यते ; तत्परिग्रहेऽपीह न कश्चिद्विरोधः ; आचार्यस्तु न पञ्चविंशतेस्तत्त्वानामिह प्रतीतिरस्तीत्येवंपरतया '**प्राणादयो वाक्यशेषात्**' इति जगाद ॥१२॥

भवेयुस्तावत्प्राणादयः पञ्चजना माध्यंदिनानाम्, येऽन्नं प्राणादिष्वामनन्ति ; काण्वानां तु कथं प्राणादयः पञ्चजना भवेयुः, येऽन्नं प्राणादिषु नामनन्तीति— अत उत्तरं पठति—

ज्योतिषैकेषामसत्यन्ने ॥ १३ ॥

असत्यपि काण्वानामन्ने ज्योतिषा तेषां पञ्चसंख्या पूर्येत ; तेऽपि हि '**यस्मिन्पञ्च पञ्चजनाः**' इत्यतः पूर्वस्मिन्मन्त्रे ब्रह्मस्वरूपनिरूपणायैव ज्योतिरधीयते '**तद्देवा ज्योतिषां ज्योतिः**' इति । कथं पुनरुभयेषामपि तुल्यवदिदं ज्योतिः पठ्यमानं समानमन्त्रगतया पञ्चसंख्यया केषांचिद्गृह्यते केषांचिन्नेति— अपेक्षाभेदादित्याह—माध्यंदिनानां हि समानमन्त्रपठितप्राणादिपञ्चजनलाभान्नास्मिन्मन्त्रान्तरपठिते ज्योतिष्यपेक्षा भवति; तदलाभात्तु काण्वानां भवत्यपेक्षा ; अपेक्षाभेदाच्च समानेऽपि मन्त्रे ज्योतिषो ग्रहणाग्रहणे; यथा समानेऽप्यतिरात्रे वचनभेदात्षोडशिनो ग्रहणाग्रहणे, तद्वत् । तदेवं न तावच्छ्रुतिप्रसिद्धः काचित्प्रधानविषयास्ति ; स्मृतिन्यायप्रसिद्धी तु परिहरिष्येते ॥१३॥

४. कारणत्वाधिकरणम्

कारणत्वेन चाकाशादिषु यथाव्यपदिष्टोक्तेः ॥ १४ ॥

વિષે વર્તશે. કેટલાકે તો દેવ, પિતૃ, ગન્ધર્વ, અસુર અને રાક્ષસ એ પાંચ પંચજન એમ વ્યાખ્યાન કર્યું છે. તેમજ બીજાઓએ ચાર વર્ણ અને પાંચમા નિષાદનું પરિગ્રહણ કર્યું છે. વળી ક્વચિત્ 'यत् पाञ्चजन्यया विशा' (ઋ૦ સં૦ ૮-૫૩-૭) '**પુરુષરૂપ પ્રજાથી (ઇન્દ્રને બોલાવવાને) જે (મોટો નાદ કર્યો તે યુક્ત છે'** એમ पञ्चजन શબ્દ પ્રજાના અર્થમાં પ્રયોજાયેલો દેખાય છે. તેનો પરિગ્રહ કરવામાં પણ અત્રે કંઈ વિરોધ નથી. આચાર્યે તો પચીસ તત્ત્વની અહીં પ્રતીતિ નથી એવા અર્થમાં 'प्राणादयो वाक्यशेषात् એમ કહ્યું છે ॥૧૨॥

પણ માધ્યન્દિનો પ્રાણાદિને વિષે અન્નની શ્રુતિ રજૂ કરે છે તેમનામાં पञ्चजन શબ્દ પ્રાણાદિવાચક થાય, પણ કાણ્વો પ્રાણાદિમાં અન્નની શ્રુતિ પ્રસ્તુત કરતા નથી તેમાં पञ्चजन -શબ્દ પ્રાણાદિવાચક કેવી રીતે થાય ? માટે હવેનું સૂત્ર રજૂ કરે છે –

અન્નને અભાવે કેટલાકની (પંચસંખ્યા) જ્યોતિ દ્વારા (પુરાય છે) ॥૧૩॥

કાણ્વોના પાઠમાં અન્ન નથી તો પણ જ્યોતિ દ્વારા તેમની પાંચ સંખ્યા પુરાય, કેમકે તેઓ પણ 'यस्मिन् पञ्च पञ्चजनाः' (જેને વિષે પંચ પંચજન) ઇત્યાદિથી પૂર્વમન્ત્રમાં બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરવા માટે જ જ્યોતિનું અધ્યયન કરે છે – 'तद्देवा ज्योतिषां ज्योतिः' [જ્યોતિઓના જ્યોતિ તરીકે તેનો દેવો (ઉપાસે છે)] એમ. પણ બંને એ જ્યોતિને સમાન રીતે રજૂ કરે છે તો પણ એક જ મન્ત્રમાં આવેલી પાંચ સંખ્યાથી કેટલાક એનું ગ્રહણ કરે છે અને કેટલાક નથી કરતા એમ કેમ? અપેક્ષાના (આકાંક્ષાના) ભેદથી એમ કહે છે. માધ્યન્દિનોને એક જ મન્ત્રમાં કહેલા પ્રાણાદિથી પંચજન પ્રાપ્ત થવાથી આ બીજા મન્ત્રમાં કહેલા જ્યોતિની આકાંક્ષા નથી, પણ કાણ્વોને તે પ્રાપ્ત ન થવાથી આકાંક્ષા રહે છે. અપેક્ષાના ભેદથી સમાન જ મન્ત્રમાં કહેલા જ્યોતિનું ગ્રહણ થાય છે અને થતું નથી, જેમ એક જ અતિરાત્રમાં (યાગનો પ્રકાર) વચનભેદથી ષોડશિન્નું ગ્રહણ થાય છે ને નથી થતું. માટે આ પ્રમાણે પ્રધાનને વિષે કંઈ પણ શ્રુતિપ્રસિદ્ધિ નથી. સ્મૃતિપ્રસિદ્ધિ અને ન્યાયની પ્રસિદ્ધિનો તો પરિહાર કરાશે ॥૧૩॥

૪. કારણત્વ અધિકરણ

આકાશાદિમાં (વિપ્રતિપતિ છે તો પણ સૃષ્ટાને વિષે નથી), કારણ કે જેવી રીતે (એક વેદાન્તમાં) કારણ તરીકે તેનો વ્યપદેશ (નિર્દેશ) કર્યો છે તેવી રીતે (અન્ય વેદાન્તોમાં પણ) વ્યપદેશ (નિર્દેશ) કર્યો છે ॥૧૪॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रतिपादितं ब्रह्मणो लक्षणम्; प्रतिपादितं ब्रह्मविषयं गतिसामान्यं वेदान्तवाक्यानाम्; प्रतिपादितं च । प्रधानस्याशब्दत्वम्; तत्रेदमपरमाशङ्क्यते -न जन्मादिकारणत्वं ब्रह्मणो ब्रह्मविषयं वा गतिसामान्यं वेदान्तवाक्यानां प्रतिपादयितुं शक्यम्; कस्मात्? विगानदर्शनात्; प्रतिवेदान्तं ह्यन्यान्या सृष्टिरुपलभ्यते, क्रमादिवैचित्र्यात् । तथा हि— क्वचित् **'आत्मन आकाशः संभूतः'** (तैत्ति.उप. २-१) इत्याकाशादिका सृष्टिराम्नायते ; क्वचित्तेजआदिका **'तत्तेजोऽसृजत'** इति; क्वचित्प्राणादिका **'स प्राणमसृजत प्राणाच्छ्रद्धाम्'** (छा.उप. ६-२-३) इति; क्वचिदक्रमेणैव लोकानामुत्पत्तिराम्नायते— **'स इमाँल्लोकानसृजत । अम्भो मरीचीर्मरमापः'** (ऐ.उप. ४-१-२) इति ; तथा क्वचिदसत्पूर्विका सृष्टिः पठ्यते— **'असद्वा इदमग्र आसीत्ततो वै सदजायत'** (तैत्ति. उप. २-७) इति, **'असदेवेदमग्र आसीत्तत्सदासीत्तत्समभवत्'** (छा.उप. ३-१९-१) इति च, क्वचिदसद्वादनिराकरणेन सत्पूर्विका प्रक्रिया प्रतिज्ञायते— **'तद्धैक आहुरसदेवेदमग्र आसीत्'** इत्युपक्रम्य, **'कुतस्तु खलु सोम्यैवं स्यादिति होवाच कथमसतः सज्जायेतेति सत्त्वेव सोम्येदमग्र आसीत्'** (छा.उप. ६-२-१,२) इति ; क्वचित्स्वयंकर्तृकैव च व्याक्रिया जगतो निगद्यते— **'तद्धेदं तर्ह्यव्याकृतमासीत्तन्नामरूपाभ्यामेव व्याक्रियत'** (बृह.उप. १-४-७) इति। एवमनेकधा विप्रतिपत्तेर्वस्तुनि च विकल्पस्यानुपपत्तेर्न वेदान्तवाक्यानां जगत्कारणावधारणपरता न्याय्या; स्मृतिन्यायप्रसिद्धिभ्यां तु कारणान्तरपरिग्रहो न्याय्य इत्येवं प्राप्ते—

ब्रूमः- सत्यपि प्रतिवेदान्तं सृज्यमानेष्वाकाशादिषु क्रमादिद्वारके विगाने, न स्त्रष्टरि किंचिद्विगानमस्ति ; कुतः? यथाव्यपदिष्टोक्तेः:— यथाभूतो ह्येकस्मिन्वेदान्ते सर्वज्ञः सर्वेश्वरः सर्वात्मैकोऽद्वितीयः कारणत्वेन व्यपदिष्टः, तथाभूत एव वेदान्तान्तरेष्वपि व्यपदिश्यते; तद्यथा— **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** (तैत्ति.उप. २-१) इति; अत्र तावज्ज्ञानशब्देन परेण च तद्विषयेण कामयितृत्ववचनेन

બ્રહ્મનું લક્ષણ પ્રતિપાદન કર્યું, તથા વેદાન્તવાક્યોની સામાન્ય અવગતિ બ્રહ્મ વિષે છે એમ પણ પ્રતિપાદન કર્યું, વળી પ્રધાન અશબ્દ છે એ પણ પ્રતિપાદન કર્યું. તેમાં આ બીજી શંકા થાય છે – બ્રહ્મ જન્માદિનું કારણ છે અને વેદાન્તવાક્યોની સામાન્ય અવગતિ બ્રહ્મ વિષે છે એમ ગ્રહણ કરવું શક્ય નથી. શાથી ? વિપ્રતિપત્તિ દેખાય છે તેથી, કારણ કે પ્રતિવેદાન્તમાં ક્રમ આદિની વિચિત્રતાથી અન્ય અન્ય સૃષ્ટિ ઉપલબ્ધ થાય છે. જેમકે 'आत्मनः आकाशः संभूतः' (તૈત્તિ.ઉપ. ૨-૧) **'આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું'** એમ ક્વચિત્ શ્રુતિમાં આકાશને સૃષ્ટિનું આદિ કહ્યું છે. 'तत्तेजोऽसृजत' (છાન્દો.ઉપ. ૬-૨-૩) **'તેણે તેજને સર્જ્યું'** એમ ક્યારેક તેજને સૃષ્ટિનું આદિ કહ્યું છે. 'स प्राणमसृजत प्राणाच्छ्रद्धाम्' (પ્ર.ઉપ. ૬-૪) **'તેણે પ્રાણ સર્જ્યો અને પ્રાણથી શ્રદ્ધા સર્જી'** એમ ક્યારેક પ્રાણને આદિ કહ્યો છે 'स इमाँल्लोकानसृजत । अम्भो मरीचीर्मरमापः' (ઐ. ઉપ. ૪-૧-૨) **'તેણે તે લોકોને સર્જ્યા - જળમય શરીરવાળો સ્વર્ગલોક, સૂર્યકિરણથી વ્યાપ્ત અન્તરિક્ષ લોક, મર્ત્યલોક અને જળમય પાતાળલોક'** એમ ક્રમ વગર લોકોની ઉત્પત્તિ ક્યારેક શ્રુતિમાં પ્રતિપાદન કરેલી છે. તેમ કોઈક વાર અસત્પૂર્વક (આરંભમાં અસત્ હતું એવી) સૃષ્ટિ કહેલી છે – 'असद्वा इदमग्र आसीत्ततो वै सदजायत' (તૈત્તિ.ઉપ. ૨-૭) **'અગ્રે અસત્ હતું, તેમાંથી સત્ ઉત્પન્ન થયું'** એમ, અને 'असदेवेदमग्र आसीत्तत्सदासीत्तत्समभवत्' (છાન્દો.ઉપ. ૩-૧૯-૧) **'અગ્રે આ અસત્ જ હતું, તે સત્ હતું, તે સારી રીતે અભિવ્યક્ત થયું'** એમ. કોઈકવાર અસદ્વાદનું નિરાકરણ કરી સત્પૂર્વક સૃષ્ટિની પ્રતિજ્ઞા છે – 'तद्धैक आहुरसदेवेदमग्र आसीत्' **'તેને વિષે કેટલાક કહે છે કે અગ્રે આ અસત્ જ હતું'** એમ ઉપક્રમ કરીને 'कुतस्तु खलु सोम्यैवं स्यादिति होवाच कथमसतः सज्जायेतेति सत्त्वेव सोम्येदमग्र आसीत्' (છાન્દો.ઉપ. ૬-૨-૧,૨) **'પણ હે સોમ્ય, એમ કેવી રીતે થાય, અસત્માંથી સત્ કેવી રીતે જન્મે, હે સોમ્ય, અગ્રે સત્ જ હતું એમ કહે છે'** એમ. કોઈકવાર, જગત્ની સૃષ્ટિ પોતાની મેળે જ થઈ છે એમ કહ્યું છે – 'तद्धेदं तर्ह्यव्याकृतमासीत्तन्नामरूपाभ्यामेव व्याक्रियत' (બૃહ.ઉપ. ૧-૪-૭) **'તે એ ત્યારે અવ્યાકૃત હતું, તે નામરૂપથી જ વ્યાકાર પામ્યું'** એમ. એ પ્રમાણે અનેક રીતે વિપ્રતિપત્તિ હોવાથી અને વસ્તુને વિષે વિકલ્પ યુક્ત ન હોવાથી વેદાન્તવાક્યોનું તાત્પર્ય જગત્કારણનું અવધારણ કરવાનું છે એ ન્યાય્ય નથી. સ્મૃતિની અને ન્યાયની પ્રસિદ્ધિથી તો અન્ય કારણનું ગ્રહણ કરવું ઉચિત છે.

એમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ – સૃજ્યમાન (સર્જાતા) આકાશાદિને વિષે પ્રતિવેદાન્તમાં ક્રમ આદિ વિષે વિપ્રતિપત્તિ છે તો પણ સૃષ્ટાને વિષે કંઈ પણ વિપ્રતિપત્તિ નથી. શાથી ? જેમ વ્યપદેશ છે તેમ કહ્યું છે તેથી. એક વેદાન્તમાં જેવો સર્વજ્ઞ, સર્વેશ્વર, સર્વાત્મક, અદ્વિતીય ઈશ્વર કારણ તરીકે કહ્યો છે તેવો જ બીજા વેદાન્તોમાં પણ કહ્યો છે. તે આ પ્રમાણે – 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' (તૈત્તિ.ઉપ. ૨-૧) **'સત્ય, જ્ઞાન, અનન્ત, બ્રહ્મ'** એમ. અત્રે ज्ञान શબ્દથી અને પછી આવતા તેને વિષેના કામના કરનાર તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चेतनं ब्रह्म न्यरूपयत्; अपरप्रयोज्यत्वेनेश्वरं कारणमब्रवीत्; तद्विषयेणैव परेणात्मशब्देन शरीरादिकोशपरम्परया चान्तरनुप्रवेशनेन सर्वेषामन्तः प्रत्यगात्मानं निरधारयत्: **'बहु स्यां प्रजायेय'** (तैत्ति.उप. २-६) इति चात्मविषयेण बहुभवनानुशंसनेन सृज्यमानानां विकाराणां स्रष्टुरभेदमभाषत; तथा **'इदं सर्वमसृजत । यदिदं किं च'** (तैत्ति. उप. २-६) इति समस्तजगत्सृष्टिनिर्देशेन प्राक्सृष्टेरद्वितीयं स्रष्टारमाचष्टे; तदत्र यल्लक्षणं ब्रह्म कारणत्वेन विज्ञातम्, तल्लक्षणमेवान्यत्रापि विज्ञायते— **'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' 'तदैक्षत बहु स्यां प्रजायेयेति तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-१,३) इति ; तथा **'आत्मा वा इदमेक एवाग्र आसीन्नान्यत्किंचन मिषत् । स ईक्षत लोकान्नु सृजै'** (ऐ.उप. ४-१-१,२) इति च—एवंजातीयकस्य कारणस्वरूपनिरूपणपरस्य वाक्यजातस्य प्रतिवेदान्तमविगीतार्थत्वात् । कार्यविषयं तु विगानं दृश्यते-क्वचिदाकाशादिका सृष्टि : क्वचित्तेजआदिकेत्येवंजातीयकम् । न च कार्यविषयेण विगानेन कारणमपि ब्रह्म सर्ववेदान्तेष्वविगीतमधिगम्यमानमविवक्षितं भवितुमर्हतीति शक्यते वक्तुम्, अतिप्रसङ्गात् । समाध्यासति चाचार्यः कार्यविषयमपि विगानम् **'न वियदश्रुतेः'** (ब्र.सू. २-३-१) इत्यारभ्य । भवेदपि कार्यस्य विगीतत्वमप्रतिपाद्यत्वात् । नह्यं सृष्ट्यादिप्रपञ्चः प्रतिपादयिषितः । न हि तत्प्रतिबद्धः कश्चित्पुरुषार्थो दृष्यते श्रूयते वा । न च कल्पयितुं शक्यते, उपक्रमोपसंहाराभ्यां तत्र तत्र ब्रह्मविषयैर्वाक्यैः साकमेकवाक्यताया गम्यमानत्वात् । दर्शयति च सृष्ट्यादिप्रपञ्चस्य ब्रह्मप्रतिपत्त्यर्थताम्— **'अन्नेन सोम्य शुङ्गेनापो मूलमन्विच्छाद्भिः सोम्य शुङ्गेन तेजो मूलमन्विच्छ तेजसा सोम्य शुङ्गेन सन्मूलमन्विच्छ'** (छा.उप. ६-८-४) इति । मृदादिदृष्टान्तैश्च कार्यस्य कारणेनाभेदं वदितुं सृष्ट्यादिप्रपञ्चः श्राव्यत इति गम्यते । तथा च संप्रदायविदो वदन्ति— **'मृल्लोहविस्फुलिङ्गाद्यैः सृष्टिर्या चोदितान्यथा । उपायः सोऽवताराय नास्ति भेदः कथंचन'** (मांडू.

વચનથી ચેતનબ્રહ્મનું નિરૂપણ કરતી શ્રુતિએ પરથી પ્રયોજાય નહીં એવા ઈશ્વરને કારણ તરીકે કહ્યો છે. તેને જ વિષે ત્યાર પછી આવતા આત્મ શબ્દથી અને શરીર આદિ કોશપંરપરાએ અંદર અનુપ્રવેશ કરવાથી સર્વની અંદર પ્રત્યગાત્માનું નિર્ધારણ કર્યું છે. 'बहु स्यां प्रजायेय' (તૈત્તિ.ઉપ. ૨-૬) **'બહુ થાઉં, પ્રકૃષ્ટ જન્મ પામું'** એમ આત્મા વિષે બહુ થવાનું કહીને સૃજ્યમાન વિકારોનો સૃષ્ટાથી અભેદ કહ્યો છે. તેમજ 'इदं सर्वमसृजत । यदिदं किञ्च' (તૈત્તિ.ઉપ. ૨-૬) **'તેણે આ સર્વ સર્જ્યું, જે આ કંઈ છે તે'** એમ સમગ્ર જગત્‌ની સૃષ્ટિના નિર્દેશથી સૃષ્ટિ પૂર્વે અદ્વિતીય સ્રષ્ટાને કહે છે. તેટલા માટે અહીં જેવા લક્ષણવાળું બ્રહ્મ કારણ તરીકે જણાયેલું છે તેવા લક્ષણવાળું બ્રહ્મ અન્ય સ્થળે પણ જણાય છે – 'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' (છાન્દો.ઉપ. ૬-૨-૧) **'હે સોમ્ય, અગ્રે સત્‌ સ્વરૂપ જ હતું, એક જ, અદ્વિતીય'**, 'तदैक्षत बहु स्यां प्रजायेयेति । तत्तेजोऽसृजत' (છાન્દો.ઉપ. ૬-૨-૩) **'તેણે વિચાર્યું કે હું બહું થાઉં, પ્રકૃષ્ટ જન્મ પામું, તેણે તેજ સર્જ્યું'** એમ, તથા 'आत्मा वा इदमेक एवाग्र आसीन्नान्यत् किंचन मिषत् । स ईक्षत लोकान्नु सृजै' (ઐ. ઉપ. ૪-૧-૧,૨) **'અગ્રે એ આત્મા જ હતો, બીજું કંઈ પલકારા મારતું નહોતું, તેણે વિચાર્યું કે હું લોકોને સર્જું'** એમ. આવો, કારણ સ્વરૂપનું નિરૂપણ કરવાના તાત્પર્યવાળો વાક્યોનો સમૂહ પ્રતિવેદાન્તમાં છે અને તેના અર્થ વિષે કંઈ વિપ્રતિપત્તિ નથી. પણ કોઈકવાર સૃષ્ટિનું આદિ આકાશ અને કોઈકવાર તેજ કહ્યું છે એવી કાર્ય વિષે તો વિપ્રતિપત્તિ જોવામાં આવે છે. કાર્ય વિષે વિપ્રતિપત્તિથી જે બ્રહ્મરૂપ કારણ સર્વ વેદાન્તોમાં વિપ્રતિપત્તિરહિત અધિગમ્યમાન છે તે અવિવક્ષિત થવું યોગ્ય છે એમ કહી શકાય નહીં, કારણ કે અતિપ્રસંગ થાય. કાર્ય વિષેની વિપ્રતિપત્તિનું પણ સમાધાન આચાર્ય 'न वियदश्रुतेः' (બ્ર૦સૂ૦ ૨/૩/૧) એ સૂત્રથી આરંભી કરશે. કાર્યની વિપ્રતિપત્તિ થાય પણ, કારણ કે તે પ્રતિપાદન કરવાની નથી. ખરેખર, સૃષ્ટિ આદિ પ્રપંચ પ્રતિપાદન કરવા ઇચ્છેલો નથી, કારણ કે તેની સાથે જોડાયેલો કોઈ પણ પુરુષાર્થ દેખાતો કે શ્રુતિમાં મળતો નથી, અને તે કલ્પવો પણ શક્ય નથી, કારણ કે ઉપક્રમ અને ઉપસંહારથી ત્યાં ત્યાં બ્રહ્મવિષય વાક્યોની સાથે એકવાક્યતા ગમ્યમાન છે. 'अन्नेन सोम्य शुङ्गेनापो मूलमन्विच्छाद्भिः सोम्य शुङ्गेन तेजो मूलमन्विच्छ तेजसा सोम्य शुङ्गेन सन्मूलमन्विच्छ' (છાન્દો.ઉપ. ૬-૮-૪) **'હે સોમ્ય, અન્નરૂપ કાર્યને લીધે જળરૂપ મૂળ શોધ, હે સોમ્ય, જળરૂપ કાર્યને લીધે તેજને મૂળ શોધ, અને હે સોમ્ય, તેજરૂપ કાર્યને લીધે સદ્રૂપ મૂળ શોધ'** એમ સૃષ્ટિ આદિ પ્રપંચ બ્રહ્મનું ગ્રહણ કરવા માટે છે એમ શ્રુતિ દર્શાવે છે. વળી મૃદાદિ દૃષ્ટાન્તોથી કાર્યનો કારણ સાથે અભેદ કહેવાને સૃષ્ટિ આદિ પ્રપંચ શ્રુતિમાં પ્રતિપાદન કર્યો છે એમ સમજાય છે, કેમકે સંપ્રદાય જાણનારાઓ કહે છે – 'मृल्लोहविस्फुलिङ्गाद्यैः सृष्टिर्या चोदिताऽन्यथा । उपायः सोऽवताराय नास्ति भेदः कथंचन ॥' (માણ્ડૂ.ઉપ. ૩-૧૫) **'મૃત્તિકા, લોહ, દેવતાની ઈત્યાદિથી જે અન્ય**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उप. ३-८) इति । ब्रह्मप्रतिपत्तिप्रतिबद्धं तु फलं श्रूयते— **'ब्रह्मविदाप्नोति परम्'** (तैत्ति.उप. २-१) **'तरति शोकमात्ममवित्'** (छा.उप. ७-१-३) **'तमेव विदित्वाति मृत्युमेति'** (श्वेता. उप. ३-८) इति । प्रत्यक्षावगमं चेदं फलम्, **'तत्त्वमसि'** इत्यसंसार्यात्मत्वप्रतिपत्तौ सत्यां संसार्यात्मत्वव्यावृत्तेः ॥१४॥

यत्पुनः कारणविषयं विगानं दर्शितम् **'असद्वा इदमग्र आसीत्'** इत्यादि, तत्परिहर्तव्यम् ; अत्रोच्यते—

समाकर्षात् ॥ १५ ॥

'असद्वा इदमग्र आसीत्' (तैत्ति.उप. २-७) इति नात्रासन्निरात्मकं कारणत्वेन श्राव्यते ; यतः **'असन्नेव स भवति । असद्ब्रह्मेति वेद चेत् । अस्ति ब्रह्मेति चेद्वेद । सन्तमेनं ततो विदुः'** इत्यसद्वादापवादेनास्तित्वलक्षणं ब्रह्मान्नमयादिकोशपरम्परया प्रत्यगात्मानं निर्धार्य, **'सोऽकामयत'** इति तमेव प्रकृतं समाकृष्य, सप्रपञ्चां सृष्टिं तस्माच्छ्रावयित्वा, **'तत्सत्यमित्याचक्षते'** इति चोपसंहृत्य, **'तदप्येष श्लोको भवति'** इति तस्मिन्नेव प्रकृतेऽर्थे श्लोकमिममुदाहरति— **'असद्वा इदमग्र आसीत्'** इति; यदि त्वसन्निरात्मकमस्मिञ्श्लोकेऽभिप्रेयेत, ततोऽन्यसमाकर्षणेऽन्यस्योदाहरणादसंबद्धं वाक्यमापद्येत ; तस्मान्नामरूपव्याकृतवस्तुविषयः प्रायेण सच्छब्दः प्रसिद्ध इति तद्व्याकरणाभावापेक्षया प्रागुत्पत्तेः सदेव ब्रह्मासदिवासीदित्युपचर्यते । एषैव **'असदेवेदमग्र आसीत्'** इत्यत्रापि योजना, **'तत्सदासीत्'** इचि समाकर्षणात् ; असत्यन्ताभावाभ्युपगमे हि **'तत्सदासीत्'** इति किं समाकृष्येत ? **'तद्धैक आहुरसदेवेदमग्र आसीत्'** (छा.उप. ६-२-१) इत्यत्रापि न श्रुत्यन्तराभिप्रायेणायमेकीयमतोपन्यासः, क्रियायामिव वस्तुनि

અન્ય પ્રકારે સૃષ્ટિ પ્રેરેલી છે તે બ્રહ્મબુદ્ધિમાં ઉતારવા માટે છે, કોઈપણ પ્રકારે ભેદ નથી.' એમ. બ્રહ્મપ્રતીતિ સાથે સંયુક્ત ફળ પણ શ્રુતિમાં છે – 'ब्रह्मविदाप्नोति परम्' (तैत्ति.ઉપ. ૨-૧) **'બ્રહ્મવેત્તા પર પ્રાપ્ત કરે છે'**, 'तरति शोकमात्मवित्' (છાન્દો.ઉપ. ૭-૧-૩) **'આત્મવેત્તા શોક તરે છે'**, 'तमेव विदित्वाऽति मृत्युमेति' (શ્વેતા.ઉપ. ૩-૮) **'તેનું જ જ્ઞાન મેળવી મૃત્યુની પેલી તરફ જાય છે'** એમ. વળી એ ફળ પ્રત્યક્ષજ્ઞાનથી પ્રાપ્ત થાય છે, કેમકે 'तत्त्वमसि' (તે તું છે) એમ અસંસારી આત્માની પ્રતીતિ થઈ એટલે સંસારી આત્મત્વ જતું રહે છે ॥૧૪॥

પણ કારણ વિષે 'असद्वा इदमग्र आसीत्' **'અગ્રે એ અસત્ હતું'** એમ જે વિપ્રતિપત્તિ દર્શાવી છે તેનો પરિહાર કરવો જોઈએ. તદ્‌વિષયક અમે કહીએ છીએ.

(સત્‌ના) સમાકર્ષણને કારણે (અસત્ શૂન્યત્વવાચક નથી) ॥૧૫॥

'असद्वा इदमग्र आसीत्' (तैत्ति.ઉપ. ૨-૭) **'પ્રારંભે, ખરેખર એ અસત્ હતું'** એમાં આત્મરહિત અસત્‌ને શ્રુતિ કારણ તરીકે પ્રતિપાદન કરતી નથી, કેમ કે 'असन्नेव स भवति । असद् ब्रह्मेति वेद चेत् । अस्ति ब्रह्मेति चेद्वेद । सन्तमेनं ततो विदुः' **'બ્રહ્મને અસત્ તરીકે જો જાણે છે તો તે અવશ્ય અસત્ થાય છે, જો બ્રહ્મ સત્ તરીકે (છે એમ) જાણે છે તો એને વિદ્વાનો સત્ જાણે છે'** એમ અસદ્વાદના અપવાદથી બ્રહ્મ સત્સ્વરૂપ છે અને અન્નમય આદિ કોશપરંપરાથી પ્રત્યગાત્મા છે એમ નિર્ધારણ કરી 'सोऽकामयत' **'તેણે ઇચ્છ્યું'** એમ તે જ પ્રકૃત બ્રહ્મનું સમાકર્ષણ કરી તેમાંથી પ્રપંચવાળી (વિસ્તારવાળી) સૃષ્ટિ પ્રતિપાદન કરી 'तत्सत्यमित्याचक्षते' **'તે સત્ય છે એમ કહે છે'** એમ ઉપસંહાર કરી 'तदप्येय श्लोको भवति' **'તેમાં પણ આ શ્લોક છે'** એમ તે જ પ્રકૃત અર્થને વિષે 'असद्वा इदमग्र आसीत्' **'આરંભે, ખરેખર એ અસત્ હતું'** એ શ્લોકનું દૃષ્ટાન્ત આપે છે. જો એ શ્લોકમાં આત્મરહિત અસત્ અભિપ્રેત હોય તો એકના સમાકર્ષણમાં અન્યના ઉદાહરણથી અસંબદ્ધ વાક્યનો પ્રસંગ આવે, માટે નામ અને રૂપથી વ્યાકાર પામેલી વસ્તુને લાગુ પડતો ઘણું કરીને સત્ શબ્દ પ્રસિદ્ધ છે તેથી ઉત્પત્તિની પૂર્વે એ વ્યાકારના અભાવની અપેક્ષાએ સત્ એવું જ બ્રહ્મ અસત્ જેવું હતું એમ ઉપચાર કરવાનો છે. 'असदेवेदमग्र आसीत्' **'પ્રારંભે, ખરેખર, એ અસત્ હતું'** એમાં પણ એ જ યોજના છે, કેમકે 'तत्सदासीत्' **'તે સત્ હતું'** એનું સમાકર્ષણ છે. અત્યન્ત અભાવનો સ્વીકાર કરીએ તો 'तत्सदासीत्' **'તે સત્ હતું'** એમાં શેનું સમાકર્ષણ કરવું? 'तद्धैक आहुरसदेवेमग्रआसीत्'। (છાન્દો.ઉપ. ૬-૨-૧) **'તેને વિષે કેટલાક કહે છે કે અગ્રે આ અસત્ જ હતું'** એમાં પણ બીજી શ્રુતિના અભિપ્રાયથી આ કેટલાકના મતનો ઉપન્યાસ (નિર્દેશ) છે એમ નથી, કેમકે ક્રિયાની જેમ વસ્તુને વિષે વિકલ્પનો સંભવ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



विकल्पस्यासंभवात्; तस्माच्छ्रुतिपरिगृहीतसत्पक्षदाढर्यायैवायं मन्दमतिपरिकल्पितस्यासत्पक्षस्योपन्यस्य निरास इति द्रष्टव्यम्। **'तद्धेदं तर्ह्यव्याकृतमासीत्'** (बृह.उप. १-४-७) इत्यत्रापि न निरध्यक्षस्य जगतो व्याकरणं कथ्यते, **'स एष इह प्रविष्ट आ नखाग्रेभ्यः'** इत्यध्यक्षस्य व्याकृतकार्यानुप्रवेशित्वेन समाकर्षात्; निरध्यक्षे व्याकरणाभ्युपगमे ह्यनन्तरेण प्रकृतावलम्बिना स इत्येनेन सर्वनाम्ना कः कार्यानुप्रवेशित्वेन समाकृष्येत? चेतनस्य चायमात्मनः शरीरेऽनुप्रवेशः श्रूयते, अनुप्रविष्टस्य चेतनत्वश्रवणात्— **'पश्यंश्चक्षुःशृण्वञ्श्रोत्रं मन्वानो मनः'** इति; अपि च यादृशमिदमद्यत्वे नामरूपाभ्यां व्याक्रियमाणं जगत्साध्यक्षं व्याक्रियते, एवमादिसर्गेऽपीतिगम्यते, दृष्टविपरीतकल्पनानुपपत्तेः; श्रुत्यन्तरमपि **'अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरणवाणि'** (छा.उप. ६-३-२) इति साध्यक्षामेव जगतो व्याक्रियां दर्शयति; **'व्याक्रियत'** इत्यपि कर्मकर्तरि लकारः सत्येव परमेश्वरे व्याकर्तरि सौकर्यमपेक्ष्य द्रष्टव्यः— यथा लूयते केदारः स्वयमेवेति सत्येव पूर्णके लवितरि; यद्वा कर्मण्येवैष लकारोऽर्थाक्षिप्तं कर्त्रन्तरमपेक्ष्य द्रष्टव्यः-यथा गम्यते ग्राम इति ॥

५. बालाक्यधिकरणम्

जगद्वाचित्वात् ॥ १६ ॥

कौषीतकिब्राह्मणे बालाक्यजातशत्रुसंवादे श्रूयते— **'यो वै बालाक एतेषां पुरुषाणां कर्ता यस्य वैतत्कर्म स वै वेदितव्यः'** (कौषि. ब्रा. ४-१९) इति। तत्र किं जीवो वेदितव्यत्वेनोपदिष्यते, उत मुख्यः प्राणः, उत परमात्मेति विशयः। किं तावत्प्राप्तम्? प्राण इति। कुतः? **'यस्य वैतत्कर्म'** इति श्रवणात्, परिस्पन्दलक्षणस्य च कर्मणः प्राणाश्रयत्वात्; वाक्यशेषे च **'अथास्मिन्प्राण एवैकधा भवति'** इति प्राणशब्दश्रवणात्, प्राणशब्दस्य च मुख्ये प्राणे प्रसिद्धत्वात्; ये चैते पुरस्ताद्बालाकिना

તેટલા માટે શ્રુતિએ પરિગ્રહણ કરેલા સત્પક્ષને દઢ કરવા માટે જ મન્દ મતિવાળાઓએ પરિકલ્પેલા અસત્પક્ષનું ઉપન્યાસપૂર્વક એ નિરાકરણ છે એમ સમજવું. 'तद्धेदं तर्ह्यव्याकृतमासीत्' (બૃહ.ઉપ.૧-૪-૭) **'તે એ ત્યારે અવ્યાકૃત હતું'** એમાં પણ અધ્યક્ષરહિત જગત્નું વ્યાકરણ કહ્યું નથી, કેમકે 'स एष इह प्रविष्ट आनखाग्रेभ्यः' **'તે એ અત્રે નખના અગ્ર ભાગો સુધી પ્રવિષ્ટ થયો'** એમ અધ્યક્ષનું વ્યાકાર પામેલા કાર્યમાં અનુપ્રવેશ કરનાર તરીકે સમાકર્ષણ છે. અધ્યક્ષરહિત જ જગત્નું વ્યાકરણ સ્વીકારીએ તો પછી આવતા, પ્રકૃત સાથે સંબંધ રાખતા, सः (તે) એ સર્વનામ વડે કાર્યમાં અનુપ્રવેશ કરનાર તરીકે કોનું સમાકર્ષણ થાય ? વળી ચેતન આત્માનો શરીરને વિષે એ અનુપ્રવેશ શ્રુતિમાં છે, કારણ કે 'पश्यँश्चक्षुः शृण्वञ्श्रोत्रं मन्वानो मनः' **'ચક્ષુને જોતો શ્રોત્રને સાંભળતો, મનનું મનન કરતો'** એમ પ્રવેશ કરનારને શ્રુતિ ચેતન તરીકે પ્રતિપાદન કરે છે, તેમજ જેવું, નામરૂપથી વ્યાકરણ પામતું, અધ્યક્ષવાળું આ જગત્ આજે વ્યાકરણ પામે છે તેવું જ આદિ સૃષ્ટિમાં પણ એમ સમજાય છે, કેમકે જે જોવામાં આવે છે તેથી વિપરીત કલ્પના ઉચિત નથી. 'अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि' (છાન્દો.ઉપ. ૬-૩-૨) **'આ જીવરૂપ આત્મા દ્વારા અનુપ્રવેશ કરી નામ એ રૂપનું હું વ્યાકરણ કરું'** એમ શ્રુતિ જગત્ની વ્યાક્રિયાને (સૃષ્ટિને) અધ્યક્ષવાળી જ દર્શાવે છે. 'व्याक्रियते' એ પણ પરમેશ્વર વ્યાકર્તા છે તો પણ સૌકર્ય (સહેલાઈથી કરવું તે)ની અપેક્ષાથી કર્મકર્તાનાં અર્થમાં (અર્થાત્ જે કર્મ છે તે જ કર્તા છે) લકાર સમજવો, જેમકે लूयते केदारः स्वयमेव (કેદાર પોતાની જાતે કપાઈ જાય છે) એમ પૂર્ણ છેદન કરનાર છે તો પણ કહેવાય છે. અથવા અર્થથી આક્ષિપ્ત થયેલા કર્તાની અપેક્ષાએ કર્મના અર્થમાં જ એ લકાર સમજવો, જેવી રીતે 'गम्यते ग्रामः' (ગામ જવાય છે)માં છે તેવી રીતે ॥૧૫॥

૫. બાલાકિ અધિકરણ

(જે આ પુરુષોનો કર્તા છે અથવા જેનું આ કર્મ છે તે બ્રહ્મ છે) જગદ્વાચી છે તેથી ॥૧૬॥

કૌષીતકિ બ્રાહ્મણમાં બાલાકિ અને અજાતશત્રુના સંવાદ અંતર્ગત'यो वै बालाक एतेषां पुरुषाणां कर्ता यस्य वै तत् कर्म स वै वेदितव्यः' (કૌ૦બ્રા૦ ૪-૧૯) **'હે બાલાક, જે આ પુરુષોનો (આત્માઓનો) કર્તા છે અથવા જેનું આ કર્મ છે તે ખરેખર વેદિતવ્ય જાણવા યોગ્ય છે.'** એમ શ્રુતિ છે. તેમાં શું જીવનો વેદિતવ્ય તરીકે ઉપદેશ છે કે મુખ્ય પ્રાણનો કે પરમાત્માનો એમ સંશય છે. શું પ્રાપ્ત થાય છે ? પ્રાણનો ઉપદેશ છે એમ પ્રાપ્ત થાય છે. શાથી ? 'यस्य वैतत् कर्म' **'અથવા જેનું આ કર્મ છે'** એમ શ્રુતિ છે તેથી, કેમકે પરિસ્પન્દલક્ષણ કર્મ પ્રાણને વિષે આશ્રય કરે છે, 'अथास्मिन् प्राण एवैकधा भवति' **'પછી આ પ્રાણને વિષે જ એક થાય**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'आदित्ये पुरुषश्चन्द्रमसि पुरुषः' इत्येवमादयः पुरुषा निर्दिष्टाः, तेषामपि भवति प्राणः कर्ता, प्राणावस्थाविशेषत्वादादित्यादिदेवतात्मनाम्— **'कतम एको देव इति प्राण इति स ब्रह्म त्यदित्याचक्षते'** (बृह.उप. ३-९-९) इति श्रुत्यन्तरप्रसिद्धेः । जीवो वायमिह वेदितव्यतयोपदिश्यते; तस्यापि धर्माधर्मलक्षणं कर्म शक्यते श्रावयितुम्— **'यस्य वैतत्कर्म'** इति; सोऽपि भोक्तृत्वाद्भोगोपकरणभूतानामेतेषां पुरुषाणां च कर्तोपपद्यते; वाक्यशेषे जीवलिङ्गमवगम्यते— यत्कारणं वेदितव्यतयोपन्यस्तस्य पुरुषाणां कर्तुर्वेदनायोपेतं बालाकिं प्रति बुबोधयिषुरजातशत्रुः सुप्तं पुरुषमामन्त्र्य आमन्त्रणशब्दाश्रवणात्प्राणादीनामभोक्तृत्वं प्रतिबोध्य यष्टिघातोत्थापनात्प्राणादिव्यतिरिक्तं जीवं भोक्तारं प्रतिबोधयति; तथा परस्तादपि जीवलिङ्गमवगम्यते— **'तद्यथा श्रेष्ठी स्वैर्भुङ्क्ते यथा वा स्वाः श्रेष्ठिनं भुञ्जन्त्येवमेवैष प्रज्ञात्मैतैरात्मभिर्भुङ्क्ते एवमेवैत आत्मान एतमात्मानं भुञ्जन्ति'** (कौ.ब्रा. ४-२०) इति; प्राणभृत्त्वाच्च जीवस्योपपन्नं प्राणशब्दत्वम् । तस्माज्जीवमुख्यप्राणयोरन्यतर इह ग्रहणीयः, न परमेश्वरः, तल्लिङ्गानवगमादित्येवं प्राप्ते—

ब्रूमः :- परमेश्वर एवायमेतेषां पुरुषाणां कर्ता स्यात् ; कस्मात् ? उपक्रमसामर्थ्यात् । इह हि बालाकिरजातशत्रुणा सह **'ब्रह्म ते ब्रवाणि'** इति संवदितुमुपचक्रमे; स च कतिचिदादित्याद्यधिकरणान्पुरुषानमुख्यब्रह्मदृष्टिभाज उक्त्वा तूष्णीं बभूव; तमजातशत्रुः **'मृषा वै खलु मा संवदिष्ठा ब्रह्म ते ब्रवाणि'** इत्यमुख्यब्रह्मवादितयापोद्य, तत्कर्तारमन्यं वेदितव्यतयोपचिक्षेप; यदि सोऽप्यमुख्यब्रह्मदृष्टिभाक्स्यात्, उपक्रमो बाध्येतः तस्मात्परमेश्वर एवायं भवितुमर्हति । कर्तृत्वं चैतेषां पुरुषाणां न परमेश्वरादन्यस्य स्वातन्त्र्येणावकल्पते । **'यस्य वैतत्कर्म'** इत्यपि नायं परिस्पन्दलक्षणस्य धर्माधर्मलक्षणस्य वा कर्मणो निर्देशः, तयोरन्यतरस्याप्यप्रकृतत्वात्, असंशब्दितत्वाच्च; नापि पुरुषाणामयं निर्देशः,**'एतेषां पुरूषाणां कर्ता'** इत्येव तेषां निर्दिष्टत्वात्,

---

छे' એ વાક્યશેષમાં प्राण શબ્દ જોવામાં આવે છે, અને પ્રાણ શબ્દ મુખ્ય પ્રાણના અર્થમાં પ્રસિદ્ધ છે. વળી 'आदित्ये पुरुषश्चन्द्रमसि पुरुषः' **'આદિત્યમાં પુરુષ છે, ચન્દ્રમાં પુરુષ છે'** એમ પૂર્વવાક્યમાં બાલાકિએ જે પુરુષો નિર્દિષ્ટ કર્યા છે તેમનો પણ કર્તા પ્રાણ થાય છે, કારણ કે આદિત્ય વગેરે દેવતાઓ ભિન્ન ભિન્ન પ્રાણાવસ્થા છે, કારણ કે 'कतम एको देव इति प्राण इति स ब्रह्म त्यदित्याचक्षते' (બૃહ.ઉપ. ૩-૯-૯) **'કયો એક દેવ છે ? પ્રાણ છે, તે બ્રહ્મ છે, તેને તે એમ કહે છે'** એમ અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ છે. અથવા અહીં વેદિતવ્ય તરીકે આ જીવનો ઉપદેશ છે. તેનું પણ ધર્માધર્મલક્ષણ કર્મ 'यस्य वैतत् कर्म' **'અથવા જેનું આ કર્મ છે'** એમ શ્રુતિથી જણાવવું શક્ય છે. તે પણ ભોક્તા હોવાથી ભોગના સાધનભૂત આ પુરુષોનો કર્તા ઉપપન્ન થાય છે. વળી વાક્યશેષમાં જીવનું લિંગ સમજાય છે, કારણ કે વેદિતવ્ય તરીકે ઉપન્યસ્ત જે પુરુષોનો કર્તા તેનું જ્ઞાન પ્રાપ્ત કરવા આવેલા બાલાકિને બોધ કરવા ઇચ્છતો અજાતશત્રુ સૂઈ ગયેલા પુરુષને બોલાવે છે અને તેણે બોલાવવાનો શબ્દ સાંભળ્યો નહીં તેથી પ્રાણ આદિ ભોક્તા નથી એમ પ્રતિબોધ કરી લાકડી મારી ઉઠાડીને પ્રાણ આદિથી ભિન્ન જીવ ભોક્તા છે એમ પ્રતિબોધ કરે છે, તેમજ પછીના વાક્યમાં પણ જીવલિંગ સમજાય છે – तद्यथा श्रेष्ठी स्वैर्भुङ्क्ते यथा वा स्वाः श्रेष्ठिनं भुञ्जन्त्येवमेवैष प्रज्ञात्मैतैरात्मभिर्भुङ्क्तः एवमेवैत आत्मान एवमात्मानं भुञ्जन्ति' (કૌ.બ્રા. ૪-૨૦) **'તે જેમ શેઠ પોતાનાં માણસો વડે ઉપભોગ કરે છે અથવા તે માણસો ઉપભોગ માટે શેઠ પર આધાર રાખે છે, એ જ પ્રમાણે આ પ્રજ્ઞાત્મા આ આત્માઓ વડે ઉપભોગ કરે છે અને એ જ રીતે એ આત્માઓ ઉપભોગ માટે એ આત્મા ઉપર આધાર રાખે છે'** એમ. પ્રાણ ધારણ કરનારા હોવાથી જીવને પ્રાણ શબ્દ યોગ્ય છે. માટે જીવ અને પ્રાણમાંથી એકનું અત્રે ગ્રહણ કરવું ઉચિત છે, પરમેશ્વરનું નહીં, કેમકે તેનું લિંગ મળી આવતું નથી. એમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ –

આ પરમેશ્વર જ એ પુરુષોનો કર્તા છે. શાથી ? ઉપક્રમના બળથી, કેમકે અહીં બાલાકિએ અજાતશત્રુ સાથે 'ब्रह्म ते ब्रवाणि' **'હું તને બ્રહ્મ કહું'** એમ સંવાદ કરવો શરૂ કર્યો, અને તેણે કેટલાક, આદિત્ય આદિમાં રહેતા પુરુષો, જે અપ્રધાન બ્રહ્મદષ્ટિવાળાઓ છે તેને કહ્યા અને પછી શાન્ત રહ્યો. 'मृषा वै खलु मा संवदिष्ठा ब्रह्म ते ब्रवाणि' **'તેં મને ખરેખર ખોટું કહ્યું કે હું તને બ્રહ્મ કહું'** એમ અપ્રધાનબ્રહ્મવાદી તરીકે અજાતશત્રુએ તેનો નિષેધ કરીને તેનો કર્તા અન્ય વેદિતવ્ય છે એમ ઉપક્ષેપ કર્યો. જો તે પણ અપ્રધાનબ્રહ્મદષ્ટિવાળો થાય તો ઉપક્રમને બાધ આવે. માટે એને પરમેશ્વર જ લેવો યુક્ત છે. વળી એ પુરુષોનો કર્તા પરમેશ્વરથી અન્ય સ્વતન્ત્ર સંભવતો નથી. 'यस्य वैतत् कर्म' **'અથવા જેનું એ કર્મ છે'** એ પણ પરિસ્પન્દલક્ષણ કે ધર્માધર્મલક્ષણ કર્મનો નિર્દેશ નથી, કેમકે તે બેમાંનું કોઈ એક પણ નથી કે શ્રુતિમાં કહ્યું નથી. તેમજ પુરુષોનો એ નિર્દેશ નથી, કેમકે **'એ પુરુષોનો કર્તા'** એમ જ તેમને વિષે નિર્દેશ છે, અને લિંગ અને વચનનો વિરોધ છે (एतत् નપુંસક એકવચનમાં અને पुरुषाः પુલ્લિંગ બહુવચનમાં છે તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लिङ्गवचनविगानाच्च; नापि पुरुषविषयस्य करोत्यर्थस्य क्रियाफलस्य वायं निर्देशः, कर्तृशब्देनैव तयोरुपात्तत्वात्; पारिशेष्यात्प्रत्यक्षसंनिहितं जगत्सर्वनाम्नैतच्छब्देन निर्दिश्यते; क्रियत इति च तदेव जगत्कर्म ; ननु जगदप्यप्रकृतमसंशब्दितं च ; सत्यमेतत् ; तथाप्यसति विशेषोपादाने साधारणेनार्थेन संनिधानेन संनिहितवस्तुमात्रस्यायं निर्देश इति गम्यते, न विशिष्टस्य कस्यचित्, विशेषसंनिधानाभावात्; पूर्वत्र च जगदेकदेशभूतानां पुरुषाणां विशेषोपादानादविशेषितं जगदेवेहोपादीयत इति गम्यते । एतदुक्तं भवति—य एतेषां पुरुषाणां जगदेकदेशभूतानां कर्ता—किमनेन विशेषेण ?— यस्य वा कृत्स्नमेव जगदविशेषितं कर्मेति-वा-शब्द एकदेशावच्छिन्नकर्तृत्वव्यावृत्त्यर्थः; ये बालाकिना ब्रह्मत्वाभिमताः पुरुषाः कीर्तिताः, तेषामब्रह्मत्वख्यापनाय विशेषोपादानम् । एवं ब्राह्मणपरिव्राजकन्यायेन सामान्यविशेषाभ्यां जगतः कर्ता वेदितव्यतयोपदिश्यते ; परमेश्वरश्च सर्वजगतः कर्ता सर्ववेदान्तेष्ववधारितः॥१६॥

जीवमुख्यप्राणलिङ्गान्नेति चेत्तद्व्याख्यातम् ॥ १७ ॥

अथ यदुक्तं वाक्यशेषगताज्जीवलिङ्गान्मुख्यप्राणलिङ्गाच्च तयोरेवान्यतरस्येह ग्रहणं न्याय्यं न परमेश्वरस्येति, तत्परिहर्तव्यम्; अत्रोच्यते— परिहृतं चैतत् **'नोपासात्रैविध्यादाश्रितत्वादिह तद्योगात्'** (ब्र.सू. १-१-३१) इत्यत्र; त्रिविधं ह्यत्रोपासनमेवं सति प्रसज्येत— जीवोपासनं मुख्यप्राणोपासनं ब्रह्मोपासनं चेति; न चैतन्न्याय्यम्; उपक्रमोपसंहाराभ्यां हि ब्रह्मविषयत्वमस्य वाक्यस्यावगम्यते; तत्रोपक्रमस्य तावद्ब्रह्मविषयत्वं दर्शितम् । उपसंहारस्यापि निरतिशयफलश्रवमाणाद्ब्रह्मविषयत्वं दृश्यते— **'सर्वान्पाप्मनोऽपहत्य सर्वेषां च भूतानां श्रैष्ठ्यं स्वाराज्यमाधिपत्यं पर्येति य एवं वेद'** इति । नन्वेवं सति प्रतर्दनवाक्यनिर्णयेनैवेदमपि वाक्यं निर्णीयेत;

पुरुषाः માટે एतत् વપરાય નહીં) પુરુષ વિષે 'કરે છે' એ અર્થનો (ઉત્પાદનનો) કે ક્રિયાફળનો (પુરુષજન્મનો) એ નિર્દેશ નથી, કેમકે कर्तृ શબ્દથી જ તે બેનું ગ્રહણ કર્યું છે. પરિશેષથી પ્રત્યક્ષ સંનિહિત જગત્‌નો एतत् શબ્દરૂપ સર્વનામથી નિર્દેશ કર્યો છે અને કરાય છે તે કર્મ એમ જગત્ કર્મ છે. પણ જગત્ પણ અપ્રકૃત છે અને પૂર્વે વર્ણવેલું નથી. એ સત્ય છે, પણ વિશેષ વસ્તુનું ગ્રહણ ન હોવાથી સાધારણ સંનિધાન અર્થથી સંનિહિત વસ્તુમાત્રનો એ નિર્દેશ છે એમ સમજાય છે, પણ વિશેષ વસ્તુનો નથી, કેમકે વિશેષ વસ્તુનું સંનિધાન નથી. પૂર્વ વાક્યમાં જગત્‌ના એકદેશભૂત પુરુષોનું વિશેષ ગ્રહણ કર્યું છે તેથી સામાન્ય જગત્‌નું જ અહીં ગ્રહણ છે એમ સમજાય છે. તાત્પર્ય આ છે – જે જગત્‌ના એકદેશભૂત આ પુરુષોનો કર્તા છે, અથવા એ વિશેષનું શું પ્રયોજન છે ? જેનું આખું જ વિશેષરહિત જગત્ કર્મ છે એમ वा શબ્દ એકદેશવ્યાપ્ત કર્તૃત્વની વ્યાવૃત્તિ કરવા માટે છે. બાલાકિએ બ્રહ્મ તરીકે માનેલા જે પુરુષો કહ્યા છે તેઓ બ્રહ્મ નથી એમ કહેવા માટે વિશેષનું ગ્રહણ કર્યું છે. એ પ્રમાણે બ્રાહ્મણપરિવ્રાજકન્યાયથી (અર્થાત્ બ્રાહ્મણને અને પરિવ્રાજકોને જમાડવા એમાં 'બ્રાહ્મણને' નો અર્થ પરિવ્રાજકથી ભિન્ન બ્રાહ્મણને એમ લેવાનો છે. અર્થાત્ સામાન્યવિશેષન્યાય.) સામાન્ય અને વિશેષથી જગત્‌ના કર્તાનો વેદિતવ્ય તરીકે ઉપદેશ છે, અને પરમેશ્વરને સર્વ જગત્‌ના કર્તા તરીકે સર્વ વેદાન્તોમાં નક્કી કર્યો છે. ॥૧૬॥

જીવ અને મુખ્ય પ્રાણના લિંગથી (તે બેમાંથી એકનું ગ્રહણ છે) એમ જો (કહેશો તો) તેનું વ્યાખ્યાન થયું છે ॥૧૭॥

વાક્યશેષમાં રહેલા જીવના લિંગથી અને મુખ્ય પ્રાણના લિંગથી એ બેમાંથી એકનું અહીં ગ્રહણ ન્યાય્ય છે, પરમેશ્વરનું નથી એમ જે કહ્યું છે તેનો પરિહાર કરવો જોઈએ. એને વિષે કહીએ છીએ – 'नोपासात्रैविध्यादाश्रितत्वादिह तद्योगात्' (બ્ર. સૂ. ૧-૧-૩૧) [ના, કારણ કે ત્રણ પ્રકારની ઉપાસના થાય છે, (બ્રહ્મ) આશ્રિત છે તેથી અને અહીં તેનો (બ્રહ્મલિંગનો) યોગ છે તેથી] એમાં એનો પરિહાર કર્યો છે, કેમકે એમ થતાં અહીં જીવની ઉપાસના, મુખ્ય પ્રાણની ઉપાસના અને બ્રહ્મની ઉપાસના એમ ત્રણ પ્રકારની ઉપાસનાનો પ્રસંગ આવે અને એ ઉચિત નથી, કેમકે ઉપક્રમ અને ઉપસંહારથી એ વાક્ય બ્રહ્મ વિષે છે એમ સમજાય છે. તેમાં ઉપક્રમ બ્રહ્મ વિષે છે એ દર્શાવ્યું છે, અને 'सर्वान् पाप्मनोऽपहत्य सर्वेषां च भूतानां श्रेष्ठ्यं स्वाराज्यमाधिपत्यं पर्येति य एवं वेद' 'જે એ પ્રમાણે જાણે છે તે સર્વ પાપોનો નાશ કરી સર્વ ભૂતોમાં શ્રેષ્ઠત્વ, સ્વારાજ્ય અને આધિપત્ય પ્રાપ્ત કરે છે' એમ ઉપસંહારમાં પણ નિરતિશય ફળની શ્રુતિ છે તેથી તે બ્રહ્મ વિષે છે એમ જણાય છે. પણ જો એમ હોય તો પ્રતર્દનના વાક્યના નિર્ણયથી જ (બ્ર.સૂ.૧-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



न निर्णीयते, **'यस्य वैतत्कर्म'** इत्यस्य ब्रह्मविषयत्वेन तत्र अनिर्धारितत्वात्; तस्मादत्र जीवमुख्यप्राणशङ्का पुनरुत्पद्यमाना निवर्त्यतते; प्राणशब्दोऽपि ब्रह्मविषयो दृष्टः **'प्राणबन्धनं हि सोम्य मनः'** (छा.उप. ६-८-२) इत्यत्र; जीवलिङ्गमप्युपक्रमोपसंहारयोर्ब्रह्मविषयत्वादभेदाभिप्रायेण योजयितव्यम् ॥१७॥

अन्यार्थं तु जैमिनिः प्रश्नव्याख्यानाभ्यामपि चैवमेके ॥ १८ ॥

अपि च नैवात्र विवदितव्यम्— जीवप्रधानं वेदं वाक्यं स्यात् ब्रह्मप्रधानं वेति ; यतोऽन्यार्थं जीवपरामर्शं ब्रह्मप्रतिपत्त्यर्थमस्मिन्वाक्ये जैमिनिराचार्यो मन्यते; कस्मात् ? प्रश्नव्याख्यानाभ्याम्। प्रश्नस्तावत्सुषुप्तपुरुषप्रतिबोधनेन प्राणादिव्यतिरिक्ते जीवे प्रतिबोधिते पुनर्जीवव्यतिरिक्तविषयो दृश्यते— **'क्वैष एतद्बालाके पुरुषोऽशयिष्ट क्व वा एतदभूत्कुत एतदागात्'** (कौषि. ब्रा. ४-१९) इतिः प्रतिवचनमपि— **'यदा सुप्तः स्वप्नं न कंचन पश्यत्यथास्मिन्प्राण एवैकधा भवति'** इत्यादि, **'एतस्मादात्मनः सर्वे प्राणा यथायतनं विप्रतिष्ठन्ते प्राणेभ्यो देवा देवेभ्यो लोकाः'** (कौ.ब्रा. ४-२०) इति च सुषुप्तिकाले च परेण ब्रह्मणा जीव एकतां गच्छति ; परस्माच्च ब्रह्मणः प्राणादिकं जगज्जायत इति वेदान्तमर्यादा । तस्माद्यत्रास्य जीवस्य निःसंबोधस्वस्थतारूपः स्वापः- उपाधिजनितविशेषविज्ञानरहितं स्वरूपम्, यतस्तद्भ्रंशरूपमागमनम्, सोऽत्र परमात्मा वेदितत्यतया श्रावित इति गम्यते। अपि चैवमेके शाखिनो वाजसनेयिनोऽस्मिन्नेव बालाक्यजातशत्रुसंवादे स्पष्टं विज्ञानमयशब्देन जीवमाम्नाय तद्व्यतिरिक्तं परमात्मानमामनन्ति **'य एष विज्ञानमयः पुरुषः कैष तदाभूत्कुत एतदागात्'** (बृह.उप. २-१-१६) इति प्रश्ने; प्रतिवचनेऽपि **'य एषोऽन्तर्हृदय आकाशस्तस्मिञ्शेते'** इति; आकाशशब्दश्च परमात्मनि प्रयुक्तः **'दहरोऽस्मिन्नन्तराकाशः'** (छा.उप. ८-१-१)

१-३१) આ વાક્યનો પણ નિર્ણય થાય. નિર્ણય થતો નથી, કેમકે 'यस्य वैतत् कर्म' **'અથવા આ જેનું કર્મ છે'** એ બ્રહ્મને લાગુ પડે છે એમ ત્યાં નિર્ધાકરણ કર્યું નથી. તેટલા માટે અહીં જીવ અને મુખ્ય પ્રાણ વિષે શંકા ફરી ઉત્પન્ન થાય છે તેનું નિરાકરણ કરાય છે. 'प्राणबन्धनं हि सोम्य मनः' (છાન્દો.ઉપ. ૬-૮-૨) **'હે સોમ્ય, જીવ પ્રાણ પર આધાર રાખે છે'** એમાં પ્રાણ શબ્દ પણ બ્રહ્મવિષયક જોવામાં આવે છે. ઉપક્રમ અને ઉપસંહાર બ્રહ્મને લાગુ પડે છે તેથી જીવલિંગની પણ અભેદના અભિપ્રાયથી યોજના કરવી જોઈએ. ॥૧૭॥

જૈમિનિ તો (જીવ અને પ્રાણનો ઉપદેશ) અન્યાર્થક (માને છે),
પ્રશ્ન અને વ્યાખ્યાનથી, અને એવી જ રીતે એક (શાખાવાળાઓ) ॥૧૮॥

વળી અત્રે એ વાક્ય જીવ પર છે કે બ્રહ્મ પર એમ વિવાદ કરવો ઉચિત નથી, કારણ કે એ વાક્યમાં જૈમિનિ આચાર્ય જીવના પરામર્શને અન્યાર્થક એટલે બ્રહ્મ પ્રતીતિને માટે માને છે. શાથી ? પ્રશ્ન અને વ્યાખ્યાનથી. સૂતેલા પુરુષને ઉઠાડીને પ્રાણાદિથી અન્ય જીવનો બોધ કર્યા પછી જીવથી અન્યને લાગુ પડતો બીજો પ્રશ્ન જોવામાં આવે છે – 'क्वैष बालाके पुरुषोऽशयिष्ट क्व वा एतदभूत् कुत एतदागात्' (કૌશી. બ્રા. ૪-૧૯) **'હે બાલાકિ, એ પુરુષ ક્યાં સૂતો હતો ? ક્યાં એ હતું અને ક્યાંથી એ આવ્યું ?'** એમ. પ્રતિવચન પણ 'यदा सुप्तः स्वप्नं न कञ्चन पश्यत्यथास्मिन् प्राण एवैकधा भवति' (જ્યારે સૂએ છે ત્યારે કંઈ સ્વપ્ન જોતો નથી, આ પ્રાણને વિષે જ એક થાય છે) ઈત્યાદિ અને 'एतस्मादात्मनः प्राणा यथायतनं विप्रतिष्ठन्ते प्राणेभ्यो देवा देवेभ्यो लोकाः' (કૌ.બ્રા. ૪-૨૦) **'એ આત્મામાંથી પ્રાણો સ્વ-સ્વસ્થાને જાય છે, પ્રાણમાંથી દેવો અને દેવોમાંથી લોકો'** એમ. સુષુપ્તિકાળમાં પર બ્રહ્મ સાથે જીવ એકતા પામે છે, અને પર બ્રહ્મમાંથી પ્રાણાદિ જગત્ ઉત્પન્ન થાય છે એ વેદાન્તની મર્યાદા છે. માટે જેમાં આ જીવનો સંબોધરહિતસ્વચ્છતારૂપ સ્વાપ (ઉંઘવું તે) છે, એટલે ઉપાધિજનિતવિશેષવિજ્ઞાનરહિત સ્વરૂપ છે, જેમાંથી એ સ્થિતિથી ભ્રંશરૂપ આગમન થાય છે તે પરમાત્માનું અત્રે વેદિતવ્ય તરીકે શ્રુતિ પ્રતિપાદન કરે છે એમ સમજાય છે. વળી એક શાખાવાળાઓ, વાજસનેયીઓ, બાલાકિ અને અજાતશત્રુના એ જ સંવાદમાં વિજ્ઞાનમય શબ્દથી જીવનું સ્પષ્ટ શ્રવણ કરાવી તેથી અન્ય પરમાત્માનું શ્રવણ કરાવે છે – 'य एष विज्ञानमयः पुरुषः क्वैष तदाभूत् कुत एतदागात्' (બૃહ.ઉપ. ૨-૧-૧૬) **'જે આ વિજ્ઞાનમય પુરુષ છે તે ત્યારે ક્યાં હતો અને એ ક્યાંથી આવ્યો'** એમ પ્રશ્નમાં અને 'य एषोऽन्तर्हृदय आकाशस्तस्मिञ्शेते' **'હૃદયમાં જે આ આકાશ છે તેમાં એ સૂવે છે'** એ પ્રતિવચનમાં પણ. આકાશ શબ્દ 'दहरोऽस्मिन्नन्तराकाशः' (છાન્દો.ઉપ. ૮-૧-૧) **'એ હૃદયને વિષે અલ્પ આકાશ છે'** એમાં પરમાત્માના અર્થમાં પ્રયોજાયેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इत्यत्र; **'सर्व एत आत्मानो व्युच्चरन्ति'** इति चोपाधिमतामात्मनामन्यतो व्युच्चरममामनन्तः परमात्मानमेव कारणत्वेनामनन्तीति गम्यते । प्राणनिराकरमस्यापि सुषुप्तपुरुषोत्थापनेन प्राणादिव्यतिरिक्तोपदेशोऽभ्युच्चयः ॥१८॥

६. वाक्यान्वयाधिकरणम् ।

वाक्यान्वयात् ॥ १९ ॥

बृहदारण्यके मैत्रेयीब्राह्मणेऽभिधीयते— **'न वा अरे पत्युः कामाय'** इत्युपक्रम्य **'न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवत्यात्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम्'** (बृह.उप. ४-५-६) इतिः तत्रैतद्विचिकित्स्यते-किं विज्ञानात्मैवायं द्रष्टव्यः श्रोतव्यत्वादिरूपेणोपदिश्यते, आहोस्वित्परमात्मेति । कुतः पुनरेषा विचिकित्सा ? प्रियसंसूचितेनात्मना भोक्त्रोपक्रमाद्विज्ञानात्मोपदेश इति प्रतिभाति; तथात्मविज्ञानेन सर्वविज्ञानोपदेशात्परमात्मोपदेश इति । किं तावत्प्राप्तम् ? विज्ञानात्मोपदेश इति ; कस्मात् ? उपक्रमसामर्थ्यात् पतिजायापुत्रवित्तादिकं हि भोग्यभूतं सर्वं जगत् आत्मार्थतया प्रियं भवतीति प्रियसंसूचितं भोक्तारमात्मानमुपक्रम्यानन्तरमिदमात्मनो दर्शनाद्युपदिश्यमानं स्यान्यस्यात्मनः स्यात्? मध्येऽपि **'इदं महद्भूतमनन्तमपारं विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्य संज्ञास्ति'** इति प्रकृतस्यैव महतो भूतस्य द्रष्टव्यस्य भूतेभ्यः समुत्थानं विज्ञानात्मभावेन ब्रुवन्विज्ञानात्मन एवेदं द्रष्टव्यत्वं दर्शयति; तथा **'विज्ञातारमरे केन विजानीयात्'** इति कर्तृवचनेन शब्देनोपसंहरन्विज्ञानात्मानमेवेहोपदिष्टं दर्शयति; तस्मादात्मविज्ञानेन सर्वविज्ञानवचनं भोक्त्रर्थत्वाद्भोग्यजातस्यौपचारिकं द्रष्टव्यमित्येवं प्राप्ते—

છે. 'सर्व एत आत्मनो व्युच्चरन्ति' **'એ સર્વે આત્મામાંથી નીકળે છે'** એમ ઉપાધિવાળા આત્માઓ અન્યમાંથી નીકળે છે એમ શ્રવણ કરાવતા (શ્રુતિકારો) પરમાત્માનું જ કારણ તરીકે શ્રવણ કરાવે છે. સૂતેલા પુરુષને ઉઠાડી પ્રાણથી અતિરિક્ત જીવનો ઉપદેશ પ્રાણનું નિરાકરણ કરવામાં અન્ય હેતુ થાય છે ॥૧૮॥

૬. વાકયાન્વય અધિકરણ

વાકયનો અન્વય હોવાથી (એ પરમાત્માનો ઉપદેશ છે) ॥૧૯॥

બૃહદારણ્યકમાં મૈત્રેયીબ્રાહ્મણમાં 'न वा अरे पत्युः कामाय' (અરે પતિની ઈચ્છાને માટે નહીં) એમ ઉપક્રમ કરીને આમ અધ્યયન કરે છે કે 'न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवत्यात्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम्' (બૃહ.ઉપ. ૪-૫-૬) **'અરે, સર્વ વસ્તુની ઈચ્છાને માટે સર્વ વસ્તુ પ્રિય થતી નથી, આત્માની ઈચ્છાને માટે સર્વ પ્રિય થાય છે. અરે, આત્મા જ દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવા યોગ્ય છે. અરે મૈત્રેયી, આત્માના દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાનથી એ સર્વ વિદિત થાય છે'**. તેમાં આ સંશય થાય છે – શું આ વિજ્ઞાનાત્માનો જ દ્રષ્ટવ્ય, શ્રોતવ્ય ઇત્યાદિ રૂપે ઉપદેશ કરાય છે કે પરમાત્માનો ? પણ એ સંશય શાથી? પ્રિયથી સંસૂચિત થયેલા ભોક્તા આત્માથી ઉપક્રમ થવાથી વિજ્ઞાનાત્માનો ઉપદેશ છે એમ ભાસે છે, તેમજ આત્માના વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનાત્માનો ઉપદેશ છે એમ ભાસે છે. તેમજ આત્માના વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનનો ઉપદેશ છે તેથી પરમાત્માનો ઉપદેશ છે એમ લાગે છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે ? વિજ્ઞાનાત્માનો ઉપદેશ છે એમ. શાથી ? ઉપક્રમના બળથી. પતિ, જાયા, પુત્ર, ધન વગેરે સર્વ ભોગ્યભૂત જગત્ આત્માને અર્થે પ્રિય થાય છે એમ પ્રિયથી સંસૂચિત થયેલા ભોક્તા આત્માનો ઉપક્રમ કરીને પછી આત્માનું આ દર્શન આદિ જે ઉપદિશ્યમાન છે તે ક્યા બીજા આત્માનું થાય ? વચ્ચે પણ 'इदं महद्भूतमनन्तमपारं विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्य संज्ञास्ति' **'આ મહાન, સત્ય, અનન્ત, અપાર વિજ્ઞાનૈકરસ એ ભૂતોમાંથી સમુત્થાન કરી એની જ પાછળ વિનાશ પામે છે. મરણ પછી જ્ઞાન નથી'** એમ પ્રકૃત જ મહાન્ ભૂત જે દ્રષ્ટવ્ય છે તેનું ભૂતોથી વિજ્ઞાનાત્મભાવે સમુત્થાન કહી વિજ્ઞાનાત્મા જ દ્રષ્ટવ્ય છે એમ દર્શાવે છે. તેમજ 'विज्ञातारमरे केन विजानीयात्' **'અરે, વિજ્ઞાતાને શેના વડે જાણશે'** એમ કર્તૃવાચક શબ્દથી ઉપસંહાર કરતી શ્રુતિ વિજ્ઞાનાત્મા જ અહીં ઉપદિષ્ટ છે એમ દર્શાવે છે, તેટલા માટે આત્માના વિજ્ઞાનથી સર્વવિજ્ઞાન થાય છે એ વચન ભોક્તાને માટે હોવાથી ભોગ્યસમહૂનું ઔપચારિક છે એમ સમજવું. એમ પ્રાપ્ત થતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्रूमः- परमात्मोपदेश; एवायम्; कस्मात्? वाक्यान्वयात्। वाक्यं हीदं पौर्वापर्येणावेक्ष्यमाणं परमात्मानं प्रत्यन्वितावयवं लक्ष्यते; कथमिति तदुपपाद्यते—- **'अमृतत्वस्य तु नाशास्ति वित्तेन'** इति याज्ञवल्क्यादुपश्रुत्य **'येनाहं नामृता स्यां किमहं तेन कुर्यां यदेव भगवान्वेद तदेव मे ब्रूहि'** इत्यमृतत्वमाशासानायै मैत्रेय्यै याज्ञवल्क्य आत्मविज्ञानमुपदिशति; न चान्यत्र परमात्मविज्ञानादमृतत्वमस्तीति श्रुतिस्मृतिवादा वदन्ति; तथा चात्मविज्ञानेन सर्वविज्ञानमुच्यमानं नान्यत्र परमकारणविज्ञानान्मुख्यमवकल्पते ; न चैतदौपचारिकमाश्रयितुं शक्यम्, यत्कारणमात्मविज्ञानेन सर्वविज्ञानं प्रतिज्ञायानन्तरेण ग्रन्थेन तदेवोपपादयति— **'ब्रह्म तं परादाद्योऽन्यत्रात्मनो ब्रह्म वेद'** इत्यादिना ; यो हि ब्रह्मक्षत्रादिकं जगदात्मनोऽन्यत्र स्वातन्त्र्येण लब्धसद्भावं पश्यति, तं मिथ्यादर्शिनं तदेव मिथ्यादृष्टं ब्रह्मक्षत्रादिकं जगत्पराकरोतीति भेददृष्टमपोद्य, **'इदं सर्वं यददयमात्मा'** इति सर्वस्य वस्तुजातस्यात्माव्यतिरेकमवतारयति ; दुन्दुभ्यादिदृष्टान्तैश्च तमेवाव्यतिरकं द्रढयति; **'अस्य महतो भूतस्य निःश्वसितमेतद्यदृग्वेदः'** (बृह.उप. ४-५-११) इत्यादिना च प्रकृतस्यात्मानो नामरूपकर्मप्रपञ्चकारणतां व्याचक्षाणः परमात्मानमेवैनं गमयति; तथैवैकायनप्रक्रियायामपि सविषयस्य सोन्द्रियस्य सान्तःकरणस्य प्रपञ्चस्यैकायनमनन्तरमबाह्यं कृत्स्नं प्रज्ञानघनं व्याचक्षाणः परमात्मानमेवैनं गमयति। तस्मात्परमात्मन एवायं दर्शनाद्युपदेश इति गम्यते ॥

यत्पुनरुक्तं प्रियसंसूचितोपक्रमाद्विज्ञानात्मन एवायं दर्शनाद्युपदेश इति, अत्र ब्रूमः-

प्रतिज्ञासिद्धेर्लिङ्गमाश्मरथ्यः ॥ २० ॥

अस्त्यत्र प्रतिज्ञा—**'आत्मनि विज्ञाते सर्वमिदं विज्ञातं भवति' 'इदं सर्वं यदयमात्मा'** इति च। तस्याः प्रतिज्ञायाः

અમે કહીએ છીએ – એ પરમાત્માનો જ ઉપદેશ છે. કેવી રીતે ? વાક્યના અન્વયથી, કેમકે પૂર્વાપર સંબંધથી એ વાક્યનું સમાલોચન કરતાં એના અવયવો પરમાત્મા સાથે અન્વય પામેલા જણાય છે. શી રીતે ? તેની ઉપપત્તિ દર્શાવીએ છીએ – 'अमृतत्वस्य तु नाशास्ति वित्तेन' **'અમૃતત્વની તો ધન વડે આશા નથી'** એમ યાજ્ઞવલ્ક્યથી સાંભળી 'येनाहं नामृता स्यां किमहं तेन कुर्यां यदेव भगवान् वेद तदेव मे ब्रूहि' **(જે વડે હું અમર ન થાઉં તે વડે હું શું કરું ? જે, ભગવન્, તમે જાણો છો તે જ મને કહો'** એમ અમૃતત્વની આશા રાખનારી મૈત્રેયીને યાજ્ઞવલ્ક્ય આ આત્મવિજ્ઞાનનો ઉપદેશ કરે છે. પરમાત્માના વિજ્ઞાનથી બીજે અમૃતત્વ નથી એમ શ્રુતિ અને સ્મૃતિનાં વચનોમાં કહ્યું છે. તેમજ આત્માના વિજ્ઞાનથી જે સર્વવિજ્ઞાન ઉચ્યમાન છે તે પરમ કારણના વિજ્ઞાનથી અન્યત્ર મુખ્ય અર્થમાં સંભવતું નથી. તથા એ ઔપચારિક છે એમ આશ્રય કરવો શક્ય નથી, કેમકે આત્માના વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા કરીને તે પછીના ગ્રન્થથી 'ब्रह्म तं परादाद्योऽन्यत्रात्मनो ब्रह्म वेद' **'જે આત્માથી અન્યત્ર બ્રહ્મ જાણે છે તેનું બ્રહ્મ પરાકરણ અર્થાત્ શ્રેયોમાર્ગથી ભ્રષ્ટ કરે'** તે જ પ્રતિપાદન કરે છે. ખરેખર, જે બ્રહ્મક્ષત્રાદિ જગત્ ને આત્માથી અન્યત્ર સ્વતન્ત્રતાથી જેણે સદ્ભાવ(=અસ્તિત્વનો ભાવ) પ્રાપ્ત કર્યો છે એવું જુએ છે તે મિથ્યાદર્શીનું તેજ મિથ્યાદષ્ટ બ્રહ્મક્ષત્રાદિ જગત્ પરાકરણ કરે છે એમ ભેદદષ્ટિનો નિષેધ કરી 'इदं सर्वं यदयमात्मा' **'એ સર્વ જે એ આત્મા છે તે'** એમ સર્વ વસ્તુસમૂહ આત્માથી અભિન્ન છે એમ અવતરણિકા કરે છે. વળી દુન્દુભિ આદિ દષ્ટાન્તોથી તે જ અભેદને દઢ કરે છે. 'अस्य महतो भूतस्य निःश्वसितमेतद्यदृग्वेदः' (બૃહ.ઉપ. ૪-૫-૧૧) **'જે આ ઋગ્વેદ છે તે એ મહાન એવા બ્રહ્મનું નિઃશ્વસિત છે'** ઇત્યાદિથી પ્રકૃત આત્મા નામ, રૂપ અને કર્મરૂપ પ્રપંચનું કારણ છે એમ વ્યાખ્યાન કરવા ઇચ્છતી શ્રુતિ એ પરમાત્માનું જ અવગમન કરાવે છે. તેમજ એકાયન પ્રક્રિયામાં (જેમાં બ્રહ્મને સર્વ વસ્તુનું એક સ્થાન વર્ણવ્યું છે તે પ્રકરણમાં) (બૃહ.ઉપ. ૪-૫-૧૨) પણ વિષય, ઇન્દ્રિય અને અન્તઃકરણસહિત પ્રપંચનું એક સ્થાન, જેને અંદર કે બહારનું કંઈ નથી એવું આખું પ્રજ્ઞાનૈકરસ છે એમ સમજાવતા (યાજ્ઞવલ્ક્ય) પરમાત્માને જ સમજાવે છે. તેટલા માટે પરમાત્માનો જ આ દર્શનાદિ ઉપદેશ છે એમ સમજાય છે ॥૧૯॥

પ્રિયથી સંસૂચિત થયેલા(ભોક્તા આત્મા)ના ઉપક્રમથી વિજ્ઞાનાત્માનો જ આ દર્શનાદિ ઉપદેશ છે એમ જે કહ્યું છે તે બાબતમાં અમે કહીએ છીએ કે –

પ્રતિજ્ઞાસિદ્ધિનું લિંગ છે એમ (આચાર્ય) આશ્મરથ (માને છે) ॥૨૦॥

'आत्मनि विज्ञाते सर्वमिदं विज्ञातं भवति' **'આત્માનું વિજ્ઞાન થયું એટલે એ સર્વનું વિજ્ઞાન થાય છે'** અને 'इदं सर्वं यदयमात्मा'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सिद्धिं सूचयत्येतल्लिङ्गम्, यत्प्रियसंसूचितस्यात्मनो द्रष्टव्यत्वादिसंकीर्तनम् । यदि हि विज्ञानात्मा परमात्मनोऽन्यः स्यात् , ततः परमात्मविज्ञानेऽपि विज्ञानात्मा न विज्ञायत इत्येकविज्ञानेन सर्वविज्ञानं यत्प्रतिज्ञातम्, तद्धीयेत ।तस्मात्प्रतिज्ञासिद्धर्थं विज्ञानात्मपरमात्मनोरभेदांशेनोपक्रमणमित्याश्मरथ्य आचार्यो मन्यते ॥२०॥

उत्क्र मिष्यत एवंभावादित्यौडुलोमिः ॥ २१ ॥

विज्ञानात्मन एव देहेन्द्रियमनोबुद्धिसंधातोपाधिसंपर्कात्कलुषीभूतस्य ज्ञानध्यानादिसाधनादिसाधनानुष्ठानात्संप्रसन्नस्य देहादिसंधातादुत्क्रमिष्यतः परमात्मनैक्योपपत्तेरिदमभेदेनोपक्रमणमित्यौडुलोमिराचार्यो मन्यते । श्रुतिश्चैवं भवति— **'एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरूपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते'** (छा.उप. ८-१२-३) इति। कचिच्च जीवाश्रयमपि नामरूपं नदीनिदर्शनेन ज्ञापयति— **'यथा नद्यः स्यन्दमानाः समुद्रेऽस्तं गच्छन्ति नामरूपे विहाय । तथा विद्वान्नामारूपाद्विमुक्तः परात्परं पुरूषमुपैति दिव्यम्'** (मुण्ड.उप. ३-२-८) इति; यथा लोके नद्यः स्वाश्रयमेव नामरूपं विहाय समुद्रमुपयन्ति, एवं जीवोऽपि स्वाश्रयमेव नामरूपं विहाय परं पुरुषमुपैतीति हि तत्रार्थः प्रतीयते— दष्टांतदार्ष्टान्तिकयोस्तुल्यतायै ॥२१॥

अवस्थितेरिति काशकृत्स्नः ॥ २२ ॥

अस्यैव परमात्मनोऽनेनापि विज्ञानात्मभावेनावस्थानादुपपन्नमिदमभेदेनोपक्रमणमिति काशकृत्स्न आचार्यो मन्यते । तथा च ब्राह्मणम्— **'अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि'** (छा.उप. ६-३-२) इत्येवंजातीयं परस्यैवात्मनो

'એ સર્વ જે એ આત્મા છે તે' એવી અહીં પ્રતિજ્ઞા છે. પ્રિયથી સમ્યક્ સૂચવાયેલો જે આત્મા તેનું દર્શનાદિ કરવું યોગ્ય છે એમ જે કહ્યું છે તે એ પ્રતિજ્ઞાની સિદ્ધિ સૂચવનારું લિંગ થાય છે, કેમકે જો વિજ્ઞાનાત્મા પરમાત્માથી અન્ય હોય તો પરમાત્માનું વિજ્ઞાન થતું હોવા છતાં પણ વિજ્ઞાનાત્માનું વિજ્ઞાન થાય નહીં એમ એકના વિજ્ઞાન થવાથી સર્વનું વિજ્ઞાન થાય છે એવી જે પ્રતિજ્ઞા કરી છે તેને હાનિ થાય. તેટલા માટે પ્રતિજ્ઞાની સિદ્ધિને અર્થે વિજ્ઞાનાત્મા અને પરમાત્માનો અભેદ આંશિક રીતે ઉપક્રમ છે એમ આચાર્ય આશ્મરથ્ય માને છે. ॥૨૦॥

ઉત્ક્રમણ કરવા ઈચ્છતો (જીવાત્મા) એવો છે તેથી, એ પ્રમાણે ઔડુલોમિ (માને છે) ॥૨૧॥

દેહ, ઈન્દ્રિય, મન અને બુદ્ધિના સંઘાતરૂપ ઉપાધિના સંપર્કથી (સંબંધથી) કલુષ થયેલો (મલિન થયેલો), જ્ઞાન, ધ્યાન આદિ સાધનના અનુષ્ઠાનથી સંપ્રસન્ન થયેલો વિજ્ઞાનાત્મા જ દેહાદિસંઘાતમાંથી ઉત્ક્રમણ (આત્માનું શરીરમાંથી ઊંચે નીકળી જવું તે) કરવા ઈચ્છે છે ત્યારે પરમાત્મા સાથે એક થાય એ ઉચિત છે તેથી એ અભેદથી ઉપક્રમ છે એમ આચાર્ય ઔડુલોમિ માને છે. શ્રુતિ પણ એવી છે – 'एष संप्रासादोऽस्माच्छरीरात् समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते' (છાન્દો.ઉપ. ૮-૧૨-૩) **'એ જીવ આ શરીરમાંથી ઉત્થાન કરીને –પોતાના રૂપનો સાક્ષાત્કાર કરીને – પરજ્યોતિ પ્રાપ્ત કરે છે'** એમ. કેટલાક સ્થળે નામ અને રૂપ જીવને આશ્રયે છે એમ પણ નદીના દૃષ્ટાન્તથી શ્રુતિ જણાવે છે – 'यथा नद्यः स्यन्दमानाः समुद्रेऽस्तं गच्छन्ति नामरूपे विहाय। तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ॥' (મુણ્ડ.ઉપ. ૩-૨-૮) **'જેમ વહેતી નદીઓ નામ અને રૂપ ત્યજી સમુદ્રમાં સમાઈ જાય છે તેમ નામ અને રૂપથી વિમુક્ત થયેલો વિદ્વાન્ પરથી પર દિવ્ય પુરુષને પામે છે'** એમ. જેમ લોકમાં નદીઓ પોતાને જ આશ્રયે રહેલાં નામ અને રૂપનો ત્યાગ કરી સમુદ્રમાં જાય છે એમ જીવ પણ પોતાને જ આશ્રયે રહેલાં નામ અને રૂપનો ત્યાગ કરી પર પુરુષને પામે છે એમ ત્યાં દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકની તુલ્યતા માટે અર્થ પ્રતીત થાય છે ॥૨૧॥

(પરમાત્મા વિજ્ઞાનાત્મા તરીકે) રહે છે તેથી એ પ્રમાણે (આચાર્ય) કાશકૃત્સ્ન (માને છે) ॥૨૨॥

એ જ પરમાત્મા આ વિજ્ઞાનાત્મા તરીકે રહે છે તેથી અભેદથી ઉપક્રમ યોગ્ય છે એમ આચાર્ય કાશકૃત્સ્ન માને છે, તેમજ 'अनेन जीवेनानुप्रविश्य नामरूपे व्याकरवाणि' (છાન્દો.ઉપ. ૬-૩-૨) **'આ જીવ વડે અનુપ્રવેશ કરી નામ અને રૂપનું વ્યાકરણ કરીશ'** એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

जीवभावेनावस्थानं दर्शयति; मन्त्रवर्णश्च— **'सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाभिवदन्यदास्ते'** (तै.आ.३-१२-७) इत्येवंजातीयकः । न च तेजःप्रभृतीनां सृष्टौ जीवस्य पृथक्सृष्टिः श्रुता, येन परस्मादात्मनोऽन्यस्तद्विकारो जीवः स्यात् । काशकृत्स्नस्याचार्यस्याविकृ तः परमेश्वरो जीवः, नान्य इति मतम् ; आश्मरथ्यस्य तु यद्यपि जीवस्य परस्मादनन्यत्वमभिप्रेतम्, तथापि **'प्रतिज्ञासिद्धेः'** इति सापेक्षत्वाभिधानात्कार्यकारणभावः कियानप्यभिप्रेत इति गम्यते ; औडुलोमिपक्षे पुनः स्पष्टमेवावस्थान्तरापेक्षौ भेदाभेदौ गम्येते । तत्र काशकृत्नीयं मतं श्रुत्यनुसारीति गम्यते, प्रतिपिपादयिषितार्थानुसारात् **'तत्त्वमसि'** इत्यादिश्रुतिभ्यः; एवं च सति तज्ज्ञानादमृतत्वमवकल्पते; विकारात्मकत्वे हि जीवस्याभ्युपगम्यमाने विकारस्य प्रकृतिसंबन्धे प्रलयप्रसङ्गान्न तज्ज्ञानादमृतत्वमवकल्पेत । अतश्च स्वाश्रयस्य नामरूपस्यासंभवादुपाध्याश्रयं नामरूपं जीवे उपचर्यते । अत एवोत्पत्तिरपि जीवस्य क्वचिदग्निविस्फुलिङ्गोदाहरणेन श्राव्यमाणा उपाध्याश्रयैव वेदितव्या ॥

यदप्युक्तं प्रकृतस्यैव महतो भूतस्य द्रष्टव्यस्य भूतेभ्यः समुत्थानं विज्ञानात्मभावेन दर्शयन्विज्ञानात्मन एवेदं द्रष्टव्यत्वं दर्शयतीति, तत्रापीयमेव त्रिसूत्री योजयितव्या । **'प्रतिज्ञासिद्धेर्लिङ्गमाश्मरथ्यः'** (ब्र.सू.१-४-२०) - इदमत्र प्रतिज्ञातम् — **'आत्मनि विदिते सर्वमिदं विदितं भवति'** (बृह.उप.२-४-६) **'इदं सर्वं यदयमात्मा'** इति च ; उपपादितं च सर्वस्य नामरूपकर्मप्रपञ्चस्यैकप्रसवत्वादेकप्रलयत्वाच्च दुन्दुभ्यादिदृष्टान्तैश्च कार्यकारणयोरव्यतिरेकप्रतिपादनात्; तस्या एव प्रतिज्ञायाः सिद्धिं सूचयत्वेतल्लिङ्गम्, यन्महतो भूतस्य भूतेभ्यः समुत्थानं विज्ञानात्मभावेन कथितम् इत्याश्मरथ्य आचार्यो मन्यते— अभेदे हि सत्येकविज्ञानेन सर्वविज्ञानं प्रतिज्ञातमवकल्पत इति । **'उत्क्रमिष्यत एवं भावादित्यौडुलोमिः'**-(ब्र.सू.१-४-२१) उत्क्रमिष्यतो विज्ञानात्मनो ज्ञानध्यानादिसामर्थ्यात्संप्रसन्नस्य परेणात्मनैक्यसंभवादिदमभेदाभिधानमित्यौडुलोमिराचार्यो मन्यते । **'अवस्थितेरिति**

પ્રકારનું બ્રાહ્મણ (વચન) પરમાત્માનું જ જીવાત્મા તરીકે અવસ્થાન દર્શાવેછે, તેમજ 'सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाभिवदन् यदास्ते' (તૈ. આ. ૩-૧૨-૭) **'સર્વ રૂપોને સર્જીને અને નામ પાડીને સર્વજ્ઞ અભિવદન આદિ કરતો જે વર્તે છે'** એવી જાતનો મન્ત્રવર્ણ પણ છે. તે જ આદિની સૃષ્ટિને વિષે જીવની પૃથક્ સૃષ્ટિ શ્રુતિમાં નથી કે જેથી જીવ, પરમાત્માથી અન્ય, તેનો વિકાર થાય. જીવ અવિકૃત પરમેશ્વર છે, અન્ય નથી એમ કાશકૃત્સ્ન આચાર્યનું મંતવ્ય છે. આશ્મરથ્યના અભિપ્રાયમાં જો કે જીવ પરમાત્માથી અનન્ય છે તો પણ **'પ્રતિજ્ઞાની સિદ્ધિથી'** એમ સાપેક્ષત્વનું (અપેક્ષાવાળું) અભિધાન છે તેથી કોઈક કાર્યકારણભાવ ઇષ્ટ છે એમ સમજાય છે. ઔડુલોમિના પક્ષમાં તો જુદી જુદી અવસ્થા પર આધાર રાખવા ભેદ અને અભેદ સ્પષ્ટ જ સમજાય છે. તેમાં કાશકૃત્સ્નનું મંતવ્ય શ્રુતિને અનુસરતું છે એમ સમજાય છે, કેમકે જે અર્થ પ્રતિપાદન કરવો ઇષ્ટ છે તેને અનુસરતું છે, 'तत्त्वमसि' (તે **તું** છે) ઇત્યાદિ શ્રુતિઓથી. વળી એમ થતાં તેના જ્ઞાનથી અમૃતત્વ સંભવે છે. પણ જીવ વિકારાત્મક છે એમ સ્વીકારાય તો વિકારને પ્રકૃતિના સંબંધમાં પ્રલયનો પ્રસંગ આવે, તેથી તેના જ્ઞાનથી અમૃતત્વ સંભવે નહીં. એથી નામ અને રૂપને પોતાના (જીવના) આશ્રયનો અભાવ હોવાથી ઉપાધિને આશ્રયે રહેલાં નામરૂપનો જીવને વિષે ઉપચાર થાય છે. એ જ કારણથી જીવની ઉત્પત્તિ પણ ક્યારેક અગ્નિ અને વિસ્ફુલિંગના ઉદાહરણથી શ્રુતિ પ્રતિપાદન કરે છે તે ઉપાધિને આશ્રયે જ સમજવી. પ્રકૃત જ સત્ય બ્રહ્મ જે દ્રષ્ટવ્ય છે તેનું ભૂતોથી સમુત્થાન વિજ્ઞાનાત્મભાવે દર્શાવતી શ્રુતિ વિજ્ઞાનાત્મા જ દ્રષ્ટવ્ય છે એમ દર્શાવે છે એમ જે કહ્યું છે તેને વિષે પણ આ ત્રિસૂત્રી(પાછલાં ત્રણ સૂત્રો)ની યોજના કરવાની છે. 'प्रतिज्ञासिद्धेर्लिङ्गमाश्मरथ्यः' (બ્રહ્મ. સૂ.૧-૪-૨૦) – અહીં આ પ્રતિજ્ઞા કરી છે – 'आत्मनि विदिते सर्वं विदितं भवति' (બૃહ.ઉપ. ૨-૪-૬) આત્માને જાણવાથી આ બધુ જણાઈ જાય છે. 'इदं सर्वं यदयमात्मा' **'એ સર્વ આત્મા છે જે એ આત્મા દર્શનાદિ યોગ્ય છે'**, અને એ પ્રતિપાદન કર્યું છે, કેમકે નામ, રૂપ અને કર્મના પ્રપંચનું એક પ્રસવસ્થાન અને એક પ્રલયસ્થાન છે અને દુન્દુભિ આદિના દૃષ્ટાન્તોથી કાર્ય અને કારણ અવ્યતિરિક્ત છે એમ પ્રતિપાદન કર્યું છે. સત્ય બ્રહ્મનું ભૂતોથી વિજ્ઞાનાત્મા તરીકે સમુત્થાન કહ્યું તે લિંગ એ જ પ્રતિજ્ઞાની સિદ્ધિ સૂચવે છે એમ આશ્મરથ્ય આચાર્ય માને છે, કેમકે અભેદ થતાં એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનથી સર્વવિજ્ઞાન જેની પ્રતિજ્ઞા કરી છે તે સંભવે. 'उत्क्रमिष्यत एवंभावादित्यौडुलोमिः' (બ્રહ્મ. સૂ. ૧-૪-૨૧). ઉત્ક્રમણ કરવા ઇચ્છતા, જ્ઞાન, ધ્યાન આદિ સામર્થ્યથી સંપ્રસન્ન થયેલા વિજ્ઞાનાત્માનો પરમાત્માની સાથે ઐક્યનો સંભવ હોવાથી આ અભેદનું અભિધાન છે એમ ઔડુલોમિ આચાર્ય માને છે. 'अवस्थितेरिति काशकृत्स्नः' (બ્ર. સૂ. ૧-૪-૨૨). એ જ પરમાત્મા આ વિજ્ઞાનાત્મા તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अस्यैव परमात्मनोऽनेनापि विज्ञानात्मभावेनावस्थानादुपपन्नमिदमभेदाभिधानमिति काशकृत्स्न **काशकृत्स्नः'** (ब्र.सू. १-४-२२) - आचार्यो मन्यते। ननूच्छेदाभिधानमेतत्— **'एतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यंति न प्रेत्य संज्ञास्ति'** (बृह.उप. २-४-१२) इति; कथमेतदभेदाभिधानम्? नैष दोषः; विशेषविज्ञानविनाशाभिप्रायमेतद्विनाशाभिधानम्, नात्मोच्छेदाभिप्रायम्; 'अत्रैव मा भगवानमूमुहन्न प्रेत्य संज्ञास्ति' इति पर्यनुयुज्य, स्वयमेव श्रुत्या अर्थान्तरस्य दर्शितत्वात्- **'न वा अरेऽहे मोहं ब्रवीम्यविनाशी वा अरेऽयमात्मानुच्छित्तिधर्मा मात्रासंसर्गस्त्वस्य भवति'** इति। एतदुक्तं भवति - कूटस्थनित्य एवायं विज्ञानघन आत्मा; नास्योच्छेदप्रसङ्गोऽस्ति; मात्राभिस्त्वस्य भूतेन्द्रियलक्षणाभिरविद्याकृताभिरसंसर्गो विद्यया भवति, संसर्गाभावे च तत्कृतस्य विशेषविज्ञानस्याभावात् **'न प्रेत्य संज्ञास्ति'** इत्युक्तमिति। यदप्युक्तम्— **'विज्ञातारमरे केन विजानीयात्'** इति कर्तृवचनेन शब्देनोपसंहाराद्विज्ञानात्मन एवेदं द्रष्टव्यमिति, तदपि काशकृत्स्नीयेनैव दर्शनेन परिहरणीयम्। अपि च **'यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति'** इत्यादिना विद्याविषये तस्यैव दर्शनादिलक्षणस्य विशेषविज्ञानस्याभावमभिदधाति; पुनश्च विषयाभावेऽप्यात्मानं विजानीयादित्याशङ्क्य, **'विज्ञातारमरे केन विजानीयात्'** इत्याह; ततश्च विशेषविज्ञानाभावोपपादनपरत्वाद्वाक्यस्य विज्ञानधातुरेव केवलः सन्भूतपूर्वगत्या कर्तृवचनेन तृचा निर्दिष्ट इति गम्यते। दर्शित तु पुरस्तात्काशकृत्स्नीयस्य पक्षस्य श्रुतिमत्त्वम्। अतश्च विज्ञानात्मपरमात्मनोरविद्याप्रत्युपस्थापितनामरूपरचितदेहाद्युपाधिनिमित्तो भेदः, न पारमार्थिक इत्येषोऽर्थः सर्वैर्वेदान्तवादिभिरभ्युपगन्तव्यः— **'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्'** (छा.उप.६-२-१) **'आत्मैवेदं सर्वम्'** (छा.उप.७-२५-२) **'ब्रह्मैवेदं सर्वम्'** (मुं.उप.२-२-११) **'इदं सर्वं यदयमात्मा'** (बृह.उप. २-४-६) **'नान्यदतोऽस्ति द्रष्टृ'** (बृह.उप. ३-

---

પણ રહે છે તેથી એ અભેદનું અભિધાન ઉચિત છે એમ કાશકૃત્સ્ન આચાર્ય માને છે. પણ 'एतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्य संज्ञास्ति' (બૃહ.ઉપ. ૨-૪-૧૨) **'એ ભૂતોમાંથી સમુત્થાન કરી એની જ પાછળ વિનાશ પામે છે. મરણ પછી જ્ઞાન નથી'** એમ ઉચ્છેદનું અભિધાન છે, એ અભેદનું અભિધાન શી રીતે છે ? એ દોષ નથી. એ વિનાશનું અભિધાન છે તેનો અભિપ્રાય વિશેષ વિજ્ઞાનનો વિનાશ છે, આત્માનો ઉચ્છેદ નથી, કેમકે 'अत्रैव मा भगवानमूमुहन्न प्रेत्य संज्ञास्ति' **'મરણ પછી જ્ઞાન નથી - એમાં જ મને ભવગાન મોહમાં નાંખે છે'** એમ પર્યનુયોગ કરીને શ્રુતિએ જાતે જ અન્ય અર્થ દર્શાવ્યો છે –'न वा अरेऽहं मोहं ब्रवीम्यविनाशी वा अरेऽयमात्मानुच्छित्तिधर्मा मात्रासंसर्गस्त्वस्य भवति' **'અરે હું મોહ થાય એવું કંઈ કહેતો નથી, અરે એ આત્મા અવિનાશી છે, અનુચ્છેદ એનો ધર્મ છે, પણ માત્રા સાથે એનો અસંસર્ગ છે'** એમ. તાત્પર્ય એ છે કે– એ આત્મા કૂટસ્થ, નિત્ય, વિજ્ઞાનૈકરસ છે, એને ઉચ્છેદનો પ્રસંગ નથી. અવિદ્યાએ કરેલી ભૂતેન્દ્રિયલક્ષણ માત્રાઓ સાથે એનો વિદ્યાને લીધે અસંસર્ગ થાય છે. સંસર્ગને અભાવે, તેણે કરેલા વિશેષ વિજ્ઞાનના અભાવથી 'न प्रेत्य संज्ञास्ति' **'મરણ પછી જ્ઞાન નથી'** એમ કહ્યું છે. 'विज्ञातारमरे केन विजानीयात्' **'અરે વિજ્ઞાતાનું શેના વડે વિજ્ઞાન મેળવે'** એમ કર્તૃવાચક શબ્દથી ઉપસંહાર છે તેથી વિજ્ઞાનાત્માનું જ એ સમજવાનું છે એમ જે કહ્યું છે તેનો પણ પરિહાર કાશકૃત્સ્નના મતથી જ કરવો ઉચિત છે. તથા 'यत्र तु द्वैतमिव भवति तदितर इतरं पश्यति' (બૃહ.ઉપ. ૨-૪-૧૩) **'પણ જ્યાં દ્વૈત જેવું છે ત્યાં બીજો બીજું જુએ છે'** એમ આરંભ કરી અવિદ્યાના વિષયમાં તેના જ દર્શનાદિલક્ષણ વિશેષ વિજ્ઞાનનો પ્રપંચ કરી 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत् केन कं पश्येत्' **'પણ જ્યાં એને સર્વ આત્મા જ બન્યું છે ત્યાં કોના વડે કોને જુએ?'** ઇત્યાદિથી વિદ્યાવિષયમાં તેના જ દર્શનાદિલક્ષણ વિશેષ વિજ્ઞાનનો અભાવ કહે છે. વળી વિષયના અભાવમાં પણ આત્માનું વિજ્ઞાન મેળવે એમ આશંકા કરી 'विज्ञातारमरे केन विजानीयात्' **'અરે, વિજ્ઞાતાનું શેનાથી વિજ્ઞાન મેળવે'** એમ કહે છે. તેથી, વાક્ય વિશેષ વિજ્ઞાનનો અભાવ પ્રતિપાદન કરે છે માટે વિજ્ઞાનૈકરસજ કેવળ છે તો પણ પૂર્વની જે સ્થિતિ હતી તે સ્થિતિથી, કર્તૃવાચક તૃચ્ પ્રત્યયથી નિર્દિષ્ટ છે એમ સમજાય છે. કાશકૃત્સ્નનો પક્ષ શ્રુતિપ્રતિપાદિત છે એવું તો પૂર્વે દર્શાવ્યું છે. માટે અવિદ્યાએ ઉપસ્થાપિત કરેલાં નામ અને રૂપથી રચાયેલા દેહ વગેરે ઉપાધિએ કરેલો વિજ્ઞાનાત્મા અને પરમાત્માનો ભેદ છે, પારમાર્થિક નથી એવો અર્થ સર્વ વેદાન્તવાદીઓએ સ્વીકારવો જોઈએ, 'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' (છાન્દો.ઉપ. ૬-૨-૧) **'હે પ્રિય, અગ્રે આ સત્સ્વરૂપ જ, એકલું અદ્વિતીય હતું'**, 'आत्मैवेदं सर्वम्' (છાન્દો.ઉપ. ૭-૨૫-૨) **'એ સર્વ આત્મા જ છે'**, 'ब्रह्मैवेदं सर्वम्' (મુણ્ડ.ઉપ. ૨-૨-૧૧) **'એ સર્વ બ્રહ્મ જ છે'**, 'इदं सर्वं यदयमात्मा' (બૃહ.ઉપ: ૨-૪-૬) **'જે એ સર્વ છે તે આત્મા છે'**, 'नान्योऽतोऽस्ति

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



८-११) इत्येवंरूपाभ्यः श्रुतिभ्यः; स्मृतिभ्यश्च— **'वासुदेवः सर्वमिति'** (गी. ७-१९) **'क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत'** (भ.गी. १३-२) **'समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम्'** (भ.गी. १३-२७) इत्येवंरूपाभ्यः ; भेददर्शनापवादाच्च— **'अन्योऽसावन्योऽहमस्मीति न स वेद यथा पशुः'** (बृह.उप. १-४-१०) **'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति'** (बृह.उप. ४-४-१९) इत्येवंजातीयकात्; **'स वा एष महानज आत्माजरोऽमरोऽमृतोऽभयो ब्रह्म'** (बृह.उप. ४-४-२५) इति च आत्मनि सर्वविक्रियाप्रतिषेधात्; अन्यथा च मुमुक्षूणां निरपवादविज्ञानानुपपत्तेः, सुनिश्चितार्थत्वानुपपत्तेश्च; निरपवादं हि विज्ञानं सर्वाकाङ्क्षानिवर्तकमात्मविषयमिष्यते— **'वेदान्तविज्ञानसुनिश्चितार्थाः'** (मुण्ड.उप. ३-२-६) इति च श्रुतेः; **'तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः'** (इशा.उप. ७) इति च; स्थितप्रज्ञलक्षणस्मृतेश्च (भ.गी. २-५४)। स्थिते च क्षेत्रज्ञपरमात्मैकत्वविषये सम्यग्दर्शने क्षेत्रज्ञः परमात्मेति नाममात्रभेदात्क्षेत्रज्ञोऽयं परमात्मनो भिन्नः परमात्मायं क्षेत्रज्ञादभिन्न इत्येवंजातीयक आत्मभेदविषयोऽयं निर्बन्धो निरर्थकः— एको ह्ययमात्मा नाममात्रभेदेन बहुधाभिधीयत इति। न हि **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म। यो वेद निहितं गुहायाम्'** (तैत्ति.उप. २-१) इति कांचिदेवैकां गुहामधिकृत्यैतदुक्तम्; न च ब्रह्मणोऽन्यो गुहायां निहितोऽस्ति, **'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्'** (तैत्ति.उप. २-६) इति स्रष्टुरेव प्रवेशश्रवणात्। ये तु निर्बन्धं कुर्वन्ति, ते वेदान्तार्थं बाधमानाः श्रेयोद्वारं सम्यग्दर्शनमेव बाधन्तेः कृतकमनित्यं च मोक्षं कल्पयन्ति; न्यायेन च न संगच्छन्त इति ॥२२॥

७. प्रकृत्यधिकरणम्।

प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात् ॥ २३ ॥

द्रष्टा' (બૃહ.ઉપ. ૩-૭-૨૩) **'એનાથી બીજો દ્રષ્ટા નથી'**, 'नान्यदतोऽस्ति द्रष्टृ' (બૃહ.ઉપ. ૩-૮-૧૧) **'એથી બીજું દ્રષ્ટા નથી'** એવા પ્રકારની શ્રુતિઓથી અને 'वासुदेवः सर्वमिति' (ગીતા ૭-૧૯) **'સર્વ વાસુદેવ છે'**, 'क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत' (ગી. ૧૩-૨) **'હે ભારત, સર્વ ક્ષેત્રોમાં મને ક્ષેત્રજ્ઞ જાણ'** 'समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम्' (ગી. ૧૩-૨૭) **'સર્વ ભૂતોમાં સમાન રહેતો પરમેશ્વર'** એવા પ્રકારની સ્મૃતિઓથી, અને 'अन्योऽसावन्योऽहमस्मीति न स वेद यथा पशुः' (બૃહ.ઉપ. ૧-૪-૧૦) **'એ અન્ય છે, હું અન્ય છું એમ પશુની જેમ તે જાણતો નથી'**, અને 'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति' (બૃહ.ઉપ. ૪-૪-૧૯) **'જે અહીં અનેક હોય તેમ સમજે છે તે મૃત્યુથી મૃત્યુ પ્રાપ્ત કરે છે'** એવા પ્રકારના ભેદજ્ઞાનના નિષેધથી, અને 'स वा एष महानज आत्माजरोऽमरोऽमृतोऽभयो ब्रह्म' (બૃહ.ઉપ. ૪-૪-૨૫) **'તે એ મોટો, જન્મરહિત આત્મા, જરારહિત, અમર, અમૃત, અભય, બ્રહ્મ છે'** એમ આત્માને વિષે સર્વ વિકારનો નિષેધ છે તેથી. એમ ન હોય તો મુમુક્ષુઓને અપવાદરહિત વિજ્ઞાન યુક્ત થશે નહીં અને સુનિશ્ચિત અર્થ યુક્ત થશે નહીં, કારણ કે અપવાદરહિત વિજ્ઞાન સર્વ આકાંક્ષાને નિવૃત્ત કરનારું આત્મવિષયક છે એમ ઇચ્છેલું છે, કેમકે 'वेदान्तविज्ञानसुनिश्चितार्थाः' (મુણ્ડ.ઉપ. ૩-૨-૬) **'વેદાન્તના વિજ્ઞાનથી જેના અર્થ સુનિશ્ચિત થયા છે'** અને 'तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः' (ઈશા.ઉપ. ૭) **'તેમાં એકત્વનું દર્શન કરનારને કયો મોહ અને કયો શોક છે'** એવી શ્રુતિ છે અને સ્થિતપ્રજ્ઞલક્ષણવાળી સ્મૃતિ (ગી૦ ૨/૫૪) છે. આમ ક્ષેત્રજ્ઞ અને પરમાત્મા એક જ એવા સમ્યગ્ જ્ઞાનનો વિષય છે, તેમાં ક્ષેત્રજ્ઞ અને પરમાત્મા એમ નામમાત્રનો ભેદ છે તેથી, એ ક્ષેત્રજ્ઞ પરમાત્માથી ભિન્ન છે કે આ પરમાત્મા ક્ષેત્રજ્ઞથી ભિન્ન છે. એવા પ્રકારનો આત્માના ભેદને લગતો આગ્રહ અર્થરહિત છે, કેમકે એ આત્મા એક જ છે, પણ નામમાત્રના ભેદથી તેનું અનેક રીતે અભિધાન થાય છે. 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म। यो वेद निहितं गुहायाम्' (તૈ.ઉપ. ૨-૧) **'જે સત્ય, જ્ઞાનસ્વરૂપ, અનન્ત બ્રહ્મને ગુહામાં રહેલું જાણે છે'** એ કંઈ કોઈ એક ગુહાને ઉદ્દેશીને કહ્યું નથી, તેમજ બ્રહ્મથી અન્ય, ગુહામાં રહેલો નથી, કારણ કે 'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्' (તૈ.ઉપ. ૨-૬) **'તેને સર્જી તેમાં જ અનુપ્રવેશ કર્યો'**, એમ સૃષ્ટાનો જ પ્રવેશ શ્રુતિમાં છે. પણ જેઓ આગ્રહ કરે છે તેઓ વેદાન્તના અર્થને બાધ કરતા શ્રેયમાત્રનું દ્વાર કે જે સમ્યગ્જ્ઞાન છે, તેને જ બાધ કરે છે, મોક્ષ કૃતક અને અનિત્ય છે એમ કલ્પે છે અને ન્યાયની સાથે સંગતિમાં રહેતા નથી ॥૨૨॥

૭. પ્રકૃતિ અધિકરણ

(બ્રહ્મ) ઉપાદાનકારણ અને (નિમિત્તકારણ) છે, પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તને ઉપરોધ ન થાય તેથી ॥૨૩॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

यथाभ्युदयहेतुत्वाद्धर्मो जिज्ञास्यः, एवं निःश्रेयसहेतुत्वादब्रह्मापि जिज्ञास्यमित्युक्तम्द्; ब्रह्म च **'जन्माद्यस्य यतः'** इति लक्षितम् तच्च लक्षणं घटरुचकादीनां मृत्सुवर्णादिवत्प्रकृतित्वे कुलालसुवर्णकारादिवन्निमित्तत्वे च समानमित्यतो भवति विमर्शः— किमात्मकं पुनर्ब्रह्मणः कारणत्वं स्यादिति । तत्र निमित्तकारणमेव तावत्केवलं स्यादिति प्रतिभातिः कस्मात् ? ईक्षापूर्वककर्तृत्वश्रवणात्— ईक्षापूर्वकं हि ब्रह्मणः कर्तृत्वमवगम्यते— **'स ईक्षांचक्रे'** (प्रश्नोप. ६-३) **'स प्राणमसृजत'** (प्रश्नोप. ६-४) इत्यादिश्रुतिभ्यः; ईक्षापूर्वकं च कर्तृत्वं निमित्तकारणेष्वेव कुलालदिषु दृष्टम्; अनेककारकपूर्विका च क्रियाफलसिद्धिर्लोके दृष्टा; स च न्याय आदिकर्तर्यपि युक्तः संक्रमयितुम् । ईश्वरत्वप्रसिद्धेश्च— ईश्वराणां हि राजवैवस्वतादीनां निमित्तकारणत्वमेव केवलं प्रतीयते ; तद्वत्परमेश्वरस्यापि निमित्तकारणत्वमेव युक्तं प्रतिपत्तुम् । कार्यं चेदं जगत्सायवयमचेतनमशुद्धं च दृश्यते, कारणेनापि तस्य तादृशेनैव भवितव्यम्, कार्यकारणयोः सारूप्यदर्शनात; ब्रह्म चानेवंलक्षणमवगम्यते— **'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्'** (श्वेता.उप. ६-१९) इत्यादिश्रुतिभ्यः पारिशेष्यादब्रह्मणोऽन्यदुपादानकारणमशुद्ध्यादिगुणकं स्मृतिप्रसिद्धमभ्युपगन्तव्यम्, ब्रह्मकारणत्वश्रुतेर्निमित्तत्वमात्रे पर्यवसानादित्येवं प्राप्ते—-

बूमः- प्रकृतिश्चोपादानकारणं च ब्रह्माभ्युपगन्तव्यम्, निमित्तकारणं च; न केवलं निमित्तकारणमेव; कास्मात् ? प्रतिज्ञादृष्टान्तानुपरोधात् । एवं हि प्रतिज्ञादृष्टान्तौ श्रौतौ नोपरुध्येते । प्रतिज्ञा तावत्— **'उत तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्'** (छा.उप. ६-१-२,३) इति; तत्र चैकेन विज्ञातेन सर्वमन्यदविज्ञातमपि विज्ञातं भवतीति प्रतीयते; तच्चोपादानकारणविज्ञाने सर्वविज्ञानं संभवति, उपादानकारणाव्यत्तिरेकात्कार्यस्य; निमित्तकारणाव्यतिरेकस्तु कार्यस्य नास्ति, लोके तक्ष्णः प्रासादव्यतिरेकदर्शनात्। दृष्टान्तोऽपि **'यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं**

જેમ અભ્યુદયનો હેતુ હોવાથી ધર્મ જિજ્ઞાસ્ય (જાણવા ઇચ્છવા યોગ્ય) છે, તેમ મોક્ષનો હેતુ હોવાથી બ્રહ્મ જિજ્ઞાસ્ય છે એમ કહ્યું છે. 'जन्माद्यस्य यतः' (બ્ર.સૂ. ૧-૧-૨) **'જન્માદિ એના જેમાંથી'** એમ બ્રહ્મનું લક્ષણ કહ્યું છે, અને તે લક્ષણ, ઘટ, રૂચક આદિના મૃત્તિકા, સુવર્ણ વગેરેની જેમ ઉપાદાનકારણમાં અને કુંભાર, સોની વગેરેની જેમ નિમિત્તકારણમાં સમાન છે તેથી સંશય થાય છે કે બ્રહ્મનું કારણ કેવા સ્વરૂપનું છે. તેમાં બ્રહ્મ માત્ર નિમિત્તકારણ હોય એમ ભાસે છે. શાથી? કેમકે ઈક્ષાપૂર્વક બ્રહ્મ કર્તા છે એમ શ્રુતિમાં છે. 'स ईक्षांचक्रे' (પ્રશ્ન.ઉપ. ૬-૩) **'તેણે ઈક્ષણ કર્યું'** 'स प्राणमसृजत' (પ્રશ્ન.ઉપ. ૬-૪) **'તેણે પ્રાણ સર્જ્યો'** ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મ ઈક્ષાપૂર્વક કર્તા છે એમ સમજાય છે. ઈક્ષાપૂર્વકકર્તૃત્વ કુંભાર વગેરે નિમિત્તકારણોમાંજ દેખાયેલું છે. ક્રિયાના ફળની સિદ્ધિ પૂર્વે અનેક કારક હોવા જોઈએ એમ લોકમાં જણાયેલું છે, અને એ ન્યાયનું આદિ કર્તાને વિષે પણ સંક્રમણ કરવું યોગ્ય છે. વળી ઈશ્વરત્વની પ્રસિદ્ધિથી પણ (બ્રહ્મ નિમિત્તકારણ છે) કારણ કે રાજા અને વૈવસ્વત એ ઈશ્વરો નિમિત્તકારણ જ છે એમ પ્રતીત થાય છે, તેમજ પરમેશ્વરને પણ નિમિત્તકારણ જ સમજવો ઉચિત છે. વળી કાર્ય, આ જગત્, અવયવયુક્ત, અચેતન અને અશુદ્ધ જણાય છે, તેનું કારણ પણ એવું જ હોવું જોઈએ, કેમકે કાર્ય અને કારણ સરખાં જોવામાં આવે છે. પણ 'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्' (શ્વેતા.ઉપ. ૬-૧૯) **'અવયવરહિત, ક્રિયાશૂન્ય, શાન્ત, દોષરહિત અને તમોરહિત'** ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મ એવા લક્ષણવાળું સમજાતું નથી. પરિશેષથી બ્રહ્મથી અન્ય, અશુદ્ધિ આદિ ગુણવાળું, સ્મૃતિમાં પ્રસિદ્ધ, ઉપાદાનકારણ સ્વીકારવું જોઈએ, કારણ કે બ્રહ્મ કારણ છે એમ પ્રતિપાદન કરનારી શ્રુતિ નિમિત્તકારણમાત્રમાં પર્યવસાન પામે છે. એમ પ્રાપ્ત થતાં

અમે કહીએ છીએ – બ્રહ્મને પ્રકૃતિ એટલે ઉપાદાનકારણ અને નિમિત્તકારણ સ્વીકારવું જોઈએ, માત્ર નિમિત્તકારણ જ નહીં. શાથી ? પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તના અનુપરોધથી. એ રીતે શ્રુતિનાં પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તને બાધ નહીં આવે. 'उत तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्' (છાન્દો.ઉપ. ૬-૧-૨,૩) **'તેં મને તે ઉપદેશ પૂછ્યો છે કે જેથી શ્રવણ નહિ કરાયેલું શ્રવણ કરાયેલું થાય છે, મનન નહિ કરાયેલું મનન કરાયેલું થાય છે અને નહિ વિજ્ઞાત થયેલું વિજ્ઞાત થાય છે'** એ પ્રતિજ્ઞા છે. તેમાં એકનું વિજ્ઞાન થવાથી સર્વ અન્ય, જે અવિજ્ઞાત છે તેનું પણ વિજ્ઞાન થાય છે એમ સમજાય છે. એ સર્વવિજ્ઞાન ઉપાદાનકારણનું વિજ્ઞાન થવાથી સંભવે છે, કારણ કે કાર્ય ઉપાદાનકારણથી અભિન્ન છે. નિમિત્તકારણથી તો કાર્ય અભિન્ન નથી, કારણ કે લોકમાં સુથારથી મહેલ ભિન્ન દેખાય છે. 'यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्' (છાન્દો.ઉપ. ૬-૧૪) **'હે સોમ્ય, જેમ એક મૃત્તિકાપિંડથી સર્વ મૃત્તિકાનો વિકાર વિજ્ઞાત થાય છે, વિકાર નામમાત્ર છે કે જેનો આરંભ**

F/12

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



मृत्तिकेत्येव सत्यम्' (छा.उप. ६-१४) इत्युपादानकारणगोचर एवाम्नायते; तथा '**एकेन लोहमणिना सर्वं लोहमयं विज्ञातं स्यात्**' (छा.उप. ६-१-५) '**एकेन नसनिकृन्तनेन सर्वं कार्ष्णायसं विज्ञातं स्यात्**' (छा.उप. ६-१-६)। इति च। तथान्यत्रापि '**कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति**' (मुण्ड.उप. १-१-२) इति प्रतिज्ञा। यथा पृथिव्यामोषधयः संभवन्ति। इति दृष्टान्तः। (मुं.उप. १-१-७) तथा '**आत्मनि खल्वरे दृष्टे श्रुते मते विज्ञाते इदं सर्वं विदितम्**' इति प्रतिज्ञा; '**स यथा दुन्दुभेर्हन्यमानस्य न बाह्याञ्शब्दाञ्शक्नुयादग्रणाय दुन्दुभेस्तु ग्रहणेन दुन्दुभ्याघातस्य वा शब्दो गृहीतः**' (बृह.उप. ४-५-६,८) इति दृष्टान्तः। एवं यथासंभवं प्रतिवेदान्तं प्रतिज्ञादष्टान्तौ प्रकृतित्वसाधनौ प्रत्येतव्यौ। यत इतीयमपि पञ्चमी— '**यतो वा इमानि भूतानि जायन्ते**' इत्यत्र '**जनिकर्तुः प्रकृतिः**' (पा.सू. १-४-३०) इति विशेषस्मरणात्प्रकृतिलक्षण एवापादाने द्रष्टव्या। निमित्तत्वं त्वधिष्ठात्रन्तराभावादधिगन्तव्यम्; यथा हि लोके मृत्सुवर्णादिकमुपादानकारणं कुलालसुवर्णकारादीनधिष्ठातृनपेक्ष्य प्रवर्तते, नैवं ब्रह्मण उपादानकारणस्य सतोऽन्योऽधिष्ठातापेक्ष्योऽस्ति, प्रागुत्पत्तेः '**एकमेवाद्वितीयम्**' इत्यवधारणात्; अधिष्ठात्रन्तराभावोऽपि प्रतिज्ञादृष्टान्तानुपरोधादेवोदितो वेदितव्यः- अधिष्ठातरि ह्युपादानादन्यस्मिन्नभ्युपगम्यमाने पुनरप्येकविज्ञानेन सर्वविज्ञानस्यासंभवात्प्रतिज्ञादृष्टान्तोपरोध एव स्यात्। तस्मादधिष्ठात्रन्तराभावादात्मनः कर्तृत्वमुपादानान्तराभावाच्च प्रकृतित्वम्॥

कुतश्चात्मनः कर्तृत्वप्रकृतित्वे ?—

अभिध्योपदेशाच्च ॥ २४ ॥

अभिध्योपदेशश्चात्मनः कर्तृत्वप्रकृतित्वे गमयति '**सोऽकामयत बहु स्यां प्रजायेय**' इति, '**तदैक्षत बहु स्यां प्रजायेय**'

વાણીથી થાય છે, મૃત્તિકા એ જ સત્ય છે' એમ દૃષ્ટાન્ત પણ ઉપાદાનકારણને લગતો જ શ્રુતિમાં છે, તથા 'एकेन लोहमणिना सर्वं लोहमयं विज्ञातं स्यात्' (છાન્દો.ઉપ. ૬-૧-૫) '**એક સુવર્ણમય મણિથી સર્વ સુવર્ણવિકારનું જ્ઞાન થાય છે**' અને 'एकेन नखनिकृन्तनेन सर्वं कार्ष्णायसं विज्ञातं स्यात्' (છાન્દો.ઉપ. ૬-૧-૬) '**એક નખ કાપનાર - નરેણીથી સર્વ લોઢાનો વિકાર વિજ્ઞાત થાય છે**' એમ. તેમજ અન્ય સ્થળે પણ 'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति' (મુણ્ડ.ઉપ. ૧-૧-૨) '**હે ભગવન્, કોનું વિજ્ઞાન થતાં એ સર્વનું વિજ્ઞાન થાય છે**' એવી પ્રતિજ્ઞા છે અને 'यथा पृथिव्यामोषधयः संभवन्ति' (મુણ્ડ.ઉપ. ૧-૧-૭) '**જેમ પૃથ્વીમાં ઔષધિઓ ઉત્પન્ન થાય છે**' એમ દૃષ્ટાન્ત છે તથા 'आत्मनि खल्वरे दृष्टे श्रुते मते विज्ञात इदं सर्वं विदितम्' '**અરે, ખરેખર, આત્માનું દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાન થતાં આ સર્વ વિદિત છે**' એમ પ્રતિજ્ઞા છે, અને 'स यथा दुन्दुभेर्हन्यमानस्य न बाह्याञ्शब्दाञ्शक्नुयाद्ग्रहणाय दुन्दुभेस्तु ग्रहणेन दुंदुभ्याघातस्य वा शब्दो गृहीतः' (બૃહ.ઉપ. ૪-૫-૬,૮) '**જેમ નગારું વગડાતો હોય તેના બાહ્ય શબ્દો ગ્રહણ કરવા તે શક્તિમાન ન થાય, પણ નગારાના ગ્રહણથી નગારાના આઘાતથી ઉત્પન્ન થયેલો શબ્દવિશેષ ગ્રહણ કરેલો થાય છે**' એમ ઉદાહરણ છે. એમ જેમ સંભવ હોય તેમ દરેક વેદાન્તમાં ઉપાદાનકારણ સાધનારાં પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્ત સમજવાં યુક્ત છે. 'यतो वा इमानि भूतानि जायन्ते' '**જેમાંથી આ ભૂતો ઉત્પન્ન થાય છે**' એમાં યતઃ (જેથી) એ પંચમી 'जनिकर्त्तुः प्रकृतिः' (પા.સૂ. ૧-૪-૩૦) એમ વિશેષ સૂત્રનું સ્મરણ છે તેથી પ્રકૃતિલક્ષણ અપાદાનના જ અર્થમાં સમજવી. નિમિત્તકારણ તો અન્ય અધિષ્ઠાતા ન હોવાથી સમજવું. જેમ લોકમાં મૃત્તિકા, સુવર્ણ ઇત્યાદિ ઉપાદાનકારણ કુંભાર, સોની આદિ અધિષ્ઠાતાની અપેક્ષા રાખીને પ્રવર્તે છે, એમ બ્રહ્મ ઉપાદાનકારણ હોઈ અન્ય અધિષ્ઠાતાની અપેક્ષાયોગ્ય નથી, કારણ કે ઉત્પત્તિની પૂર્વે **એક જ અદ્વિતીય**ની અવધારણા (નિશ્ચય) છે. અન્ય અધિષ્ઠાતાનો અભાવ પણ પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તનો ઉપરોધ ન થાય તેથી જ કહેલો સમજવો, કારણ કે ઉપાદાનકારણથી અન્ય અધિષ્ઠાતા સ્વીકારાય તો એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનનો અસંભવ થવાથી પ્રતિજ્ઞા અને ઉદાહરણનો ઉપરોધ જ થાય. માટે અન્ય અધિષ્ઠાતાના અભાવથી આત્મા કર્તા છે અને અન્ય ઉપાદાનના અભાવથી આત્મા પ્રકૃતિ છે ॥૨૩॥

પણ આત્મા કર્તા અને પ્રકૃતિ કેવી રીતે બને છે ?

અને સૃષ્ટિના સંકલ્પના ઉપદેશથી (બ્રહ્મ પ્રકૃતિ અને કર્તા છે) ॥૨૪॥

'सोऽकामयत बहु स्यां प्रजायेय' '**તેણે ઇચ્છ્યું કે હું અનેક થાઉં, સારી રીતે જન્મ પામું**' એમ અને 'तदैक्षत बहु स्यां प्रजायेय'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति च। तत्राभिध्यानपूर्वकायाः स्वातन्त्र्यप्रवृत्तेः कर्तेति गम्यते। बहु स्यामिति प्रत्यगात्मविषयत्वाद्बहुभवनाभिध्यानस्य प्रकृतिरित्यपि गम्यते ॥२४॥

साक्षाच्चोभयाम्नानात् ॥ २५ ॥

प्रकृतित्वस्यायमभ्युच्चयः। इतश्च प्रकृतिर्ब्रह्म, यत्कारणं साक्षाद्ब्रह्मैव कारणमुपादाय उभौ प्रभवप्रलयावाम्नायेते— **'सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते। आकाशं प्रत्यस्तं यन्ति'** (छा.उप. १-९-१) इति। यद्धि यस्मात्प्रभवति, यस्मिंश्च प्रलीयते तत्तस्योपादानं प्रसिद्धम्, यथा व्रीहियवादीनां पृथिवी। **'साक्षात्'** इति च—उपादानान्तरानुपादानं सूचयति **'आकाशादेव'** इति। प्रत्यस्तमयश्च नोपादानादन्यत्र कार्यस्य दृष्टः ॥२५॥

आत्मकृतेः परिणामात् ॥ २६ ॥

इतश्च प्रकृतिर्ब्रह्म, यत्कारणं ब्रह्मप्रक्रियायाम् **'तदात्मानं स्वयमकुरुत'** (तैत्ति.उप. २-७) इत्यात्मनः कर्मत्वं कर्तृत्वं च दर्शयति—आत्मानमिति कर्मत्वम्, स्वयमकुरुतेति कर्तृत्वम्; कथं पुनः पूर्वसिद्धस्य सतः कर्तृत्वेन व्यवस्थितस्य क्रियमाणत्वं शक्यं संपादयितुम्? परिणामादिति ब्रूमः— पूर्वसिद्धोऽपि हि सन्नत्मा विशेषेण विकारात्मना परिणमयामासात्मानमिति। विकारात्मना च परिणामो मृदाद्यासु प्रकृतिषूपलब्धः; स्वयमिति च विशेषणान्निमित्तान्तरानपेक्षत्वमपि प्रतीयते; **'परिणामात्'** इति वा पृथक्सूत्रम्। तस्यैषोऽर्थः— इतश्च प्रकृतिर्ब्रह्म, यत्कारणं ब्रह्मण एव विकारात्मना च परिणामः सामानाधिकरण्येनाम्नायते **'सच्च त्यच्चाभवन्निरुक्तं चानिरूक्तं च'** (तैत्ति. उप. २-६) इत्यादिनेति ॥२६॥

'તેણે ઈચ્છ્યું કે હું બહું થાઉં, સારી રીતે જન્મ પામું' એમ સૃષ્ટિના સંકલ્પનાં ઉપદેશથી આત્મા કર્તા અને પ્રકૃતિ છે એમ સમજાવે છે. તેમાં સંકલ્પપૂર્વક સ્વાતન્ત્ર્યની પ્રવૃત્તિથી આત્મા કર્તા છે એમ સમજાય છે અને 'बहु स्याम्' 'બહુ થાઉં' એમ બહુ થવાનો સંકલ્પ પ્રત્યગાત્માને લાગુ પડે છે તેથી આત્મા પ્રકૃતિ છે એમ પણ સમજાય છે ॥૨૪॥

સાક્ષાત્ (બ્રહ્મ કારણ છે એમ કહી) ઉભય = બંને (ઉત્પત્તિ અને પ્રલય) હોવાથી શ્રુતિમાં કહ્યાં હોવાથી (બ્રહ્મ પ્રકૃતિ છે) ॥૨૫॥

બ્રહ્મ પ્રકૃતિ છે તેનો આ (સૂત્ર) અભ્યુચ્ચય છે. વળી આનાથી બ્રહ્મ પ્રકૃતિ છે, કારણ કે સાક્ષાત્ બ્રહ્મને જ કારણ લઈને પ્રભવ અને પ્રલય બંને શ્રુતિમાં કહ્યા છે –'सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते। आकाशं प्रत्यस्तं यन्ति ॥' (છા.ઉપ. ૧-૯-૧) **'આ સર્વ ભૂતો આકાશમાંથી જ ઉત્પન્ન થાય છે અને આકાશમાં લય પામે છે'** એમ, કારણ કે જે જેમાંથી ઉત્પન્ન થાય છે અને જેમાં લય પામે છે તે તેનું ઉપાદાન છે એ પ્રસિદ્ધ છે, જેમ ડાંગર, જવ આદિનું પૃથ્વી. સાક્ષાત્ એ અન્ય ઉપાદાનનું ગ્રહણ નથી એમ દર્શાવે છે – **આકાશથી જ એમ.** કાર્યનો પ્રલય પણ ઉપાદાનથી અન્યત્ર જોવામાં આવેલો નથી ॥૨૫॥

આત્મકૃતિથી (બ્રહ્મપ્રકૃતિ) છે, પરિણામ હોવાથી ॥૨૬॥

વળી આ કારણથી બ્રહ્મ પ્રકૃતિ છે, કારણ કે બ્રહ્મપ્રક્રિયામાં 'तदात्मानं स्वयमकुरुत' (તૈત્તિ.ઉપ. ૨-૭) **'ત્યારે તેણે સ્વયં આત્માને કર્યો'** એમાં આત્માને કર્મ અને કર્તા તરીકે શ્રુતિ દર્શાવે છે – 'आत्मानम्' (આત્માને) એમ કર્મ અને 'स्वयमकुरुत' **'સ્વયં કર્યો'** એમ કર્તા તરીકે. પણ જે પૂર્વે સિદ્ધ છે અને કર્તા તરીકે વ્યવસ્થિત છે તેનું ક્રિયમાણત્વ — કર્મત્વ સંપાદન કરવું કેવી રીતે શક્ય થાય? પરિણામથી એમ અમે કહીએ છીએ. આત્મા પૂર્વે સિદ્ધ છે તો પણ તેણે વિશેષ વિકારાત્મામાં પોતાને પરિણામ પમાડ્યો એમ. વિકારાત્મામાં પરિણામ મૃત્તિકા આદિ પ્રકૃતિને વિષે ઉપલબ્ધ છે. 'स्वयम्' (જાતે) એવા વિશેષણથી અન્ય નિમિત્તની અપેક્ષા નથી એમ પણ સમજાય છે. અથવા 'परिणामात्' એવું પૃથક્ સૂત્ર લેવું. તેનો આ અર્થ છે – વળી આથી બ્રહ્મ પ્રકૃતિ છે, કારણ કે 'सच्च त्यच्चाभवत्। निरुक्तं चानिरुक्तं च' (તૈત્તિ.ઉપ. ૨-૬) **'પ્રત્યક્ષ અને પરોક્ષ, નિર્વચન થઈ શકે એવું અને ન થઈ શકે એવું બ્રહ્મ જ થયું'** વગેરેથી શ્રુતિ બ્રહ્મનો જ વિકારાત્મામાં પરિણામ સામાનાધિકરણ્યથી દર્શાવે છે. ॥૨૬॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

योनिश्च हि गीयते ॥ २७ ॥

इतश्च प्रकृतिर्ब्रह्म, यत्कारणं ब्रह्म योनिरित्यपि पठ्यते वेदान्तेषु— **'कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम्'** (मुं.उप. ३-१-३) इति **'यद्भूतयोनिं परिश्यन्ति धीराः'** (मुण्ड.उप. १-१-६) इति च । योनिशब्दश्च प्रकृतिवचनः समधिगतो लोके— **'पृथिवी योनिरोषधिवनस्पतीनाम्'** इति । स्त्रीयोनेरप्यस्त्येवावयवद्वारेण गर्भं प्रत्युपादानकारणत्वम् । क्वचित्स्थानवचनोऽपि योनिशब्दो दृष्टः **'योनिष्ट इन्द्र निषदे अकारि'** (ऋ.सं. १-१०४-१) इति । वाक्यशेषात्त्वत्र प्रकृतिवचनता परिगृह्यते— **'यथोर्णनाभिः सृजते गृह्णते च'** (मुं.उप. १-१-७) इत्येवंजातीयकात् । तदेवं प्रकृतित्वं ब्रह्मणः प्रसिद्धम् । यत्पुनरिदमुक्तम्, ईक्षापूर्वकं कर्तृत्वं निमित्तकारणेष्वेव कुलालादिषु लोके दृष्टम्, नोपादानेष्वित्यादि, तत्प्रत्युच्यते—न लोकवदिह भवितव्यम्; न ह्ययमनुमानगम्योऽर्थः ; शब्दगम्यत्वात्त्वस्यार्थस्य यथाशब्दमिह भवितव्यम् ; शब्दश्चेक्षितुरीश्वरस्य प्रकृतित्वं प्रतिपादयतीत्यवोचाम । पुनश्चैतत्सर्वं विस्तरेण प्रतिवक्ष्यामः ॥

८. सर्वव्याख्यानाधिकरणम् ।

एतेन सर्वे व्याख्याता व्याख्याताः ॥ २८ ॥

'ईक्षतेर्नाशब्दम्' (ब्र.सू. १-१-५) इत्यारभ्य प्रधानकारणवादः सूत्रैरेव पुनः पुनराशङ्क्य निराकृतः- तस्य हि पक्षस्योपोद्बलकानि कानिचिल्लिङ्गाभासानि वेदान्तेष्वापातेन मन्दमतीन्प्रति भान्तीति; स च कार्यकारणानन्यत्वाभ्युपगमात्प्रत्यासन्नो वेदान्तवादस्य देवलप्रभृतिभिश्च कैश्चिद्धर्मसूत्रकारैः स्वग्रन्थेष्वाश्रितः तेन तत्प्रतिषेधे एव यत्नोऽतीव कृतः, नाण्वादिकारणवादप्रतिषेधे ; तेऽपि तु ब्रह्मकारणवादपक्षस्य प्रतिपक्षत्वात्प्रतिषेद्धव्याः; तेषामप्युपोद्बलकं वैदिकं किंचिल्लिङ्गमापातेन मन्दमतीन्प्रति भायादिति— अतः प्रधानमल्लनिबर्हणन्यायेनातिदिशति— एतेन प्रधानकारणवादप्रतिषेधन्यायकलापेन सर्वेऽण्वादिकारणवादा अपि प्रतिषिद्धतया

યોનિ એમ (બ્રહ્મ) ગવાય છે તેથી (બ્રહ્મ પ્રકૃતિ છે) ॥૨૭॥

વળી આ કારણથી બ્રહ્મ પ્રકૃતિ છે, કારણ કે તેનો વેદાન્તોમાં યોનિ તરીકે પણ ઉલ્લેખ છે – 'कर्तारमीशं पुरुषं ब्रह्म योनिम्' (મુણ્ડ.ઉપ. ૩-૧-૩) [કર્તા, ઈશ, પુરુષ, બ્રહ્મ, યોનિને (ધીર પુરુષો ધ્યાનથી જુએ છે)] એમ અને 'यद्भूतयोनिं परिपश्यन्ति धीराः' (મુણ્ડ.ઉપ. ૧-૧-૬) 'જેને વિદ્વાનો ભૂતયોનિ જાણે છે' એમ. યોનિ શબ્દ લોકમાં પ્રકૃતિવાચક જણાયેલો છે – 'पृथिवी योनिरोषधिवनस्पतीनाम्' (ઔષધિ અને વનસ્પતિની પૃથ્વી યોનિ છે) એમ. સ્ત્રીયોનિ પણ અવયવ દ્વારા ગર્ભ પ્રતિ ઉપાદાનકારણ છે જ. ક્યારેક યોનિ શબ્દ સ્થાનવાચક પણ છે – 'योनिष्ट इन्द्र निषदे आकारि' (ઋ. સં. ૧-૧૦૪-૧) **'હે ઇન્દ્ર, તારી બેઠક માટે મેં સ્થાન કર્યું'** એમ. વળી 'यथोर्णनाभिः सृजते गृह्णते च' (મુણ્ડ.ઉપ. ૧-૧-૭) **'જેમ કરોળિયો સર્જે છે અને ગ્રહણ કરે છે'** એવા પ્રકારના વાક્યશેષથી અહીં યોનિ શબ્દ પ્રકૃતિવાચક છે એમ લેવાનું છે. એમ બ્રહ્મ પ્રકૃતિ છે એ સિદ્ધ છે. વળી ઈક્ષાપૂર્વક કર્તૃત્વ લોકમાં કુંભાર વગેરે નિમિત્ત કારણોમાં જ દેખાયેલું છે, ઉપાદાનમાં નહીં ઇત્યાદિ જે કહ્યું છે તેનું નિરાકરણ કરીએ છીએ – અહીં લોકની જેમ હોવું ન જોઈએ, કેમકે એ કંઈ અનુમાનગમ્ય અર્થ નથી, પણ એ અર્થ શબ્દગમ્ય હોવાથી શબ્દને અનુસરીને અહીં થવું જોઈએ. શબ્દ તો ઈક્ષણ કરનાર ઈશ્વર પ્રકૃતિ છે એમ પ્રતિપાદન કરે છે એમ અમે કહ્યું છે. વળી એ બધું વિસ્તારથી આગળ કહીશું॥૨૭॥

આથી સર્વે (વેદાન્તવિરોધી વાદો પ્રતિષિદ્ધ તરીકે) વ્યાખ્યાન કરાયેલા, વ્યાખ્યાન કરાયેલા (સમજવા) ॥૨૮॥

'ईक्षतेर्नाशब्दम्' (બ્ર. સૂ. ૧-૧-૫) **[(પ્રધાન જગત્નું કારણ) નથી (કેમકે તે) અશબ્દ (છે) ઈક્ષતિથી]** આનાથી આરંભીને સૂત્રો વડે પુનઃ પુનઃ આશંકા કરી પ્રધાનકારણવાદ નિરાકરણ કર્યો, કારણ કે તે પક્ષના પોષક કેટલાક લિંગાભાસ મન્દમતિવાળાઓને વેદાન્તોમાં પ્રથમ દૃષ્ટિએ ભાસે છે. તે વાદ કાર્યકારણનો અભેદ સ્વીકારે છે તેથી વેદાન્તવાદની સમીપસ્થ છે અને દેવલ આદિ કેટલાક ધર્મસૂત્રકારોએ પોતાના ગ્રન્થોમાં તેનો આશ્રય કર્યો છે. આથી તેના પ્રતિષેધને માટે ઘણો પ્રયત્ન કર્યો, પણ અણુ આદિ કારણવાદના પ્રતિષેધને માટે નહીં. બ્રહ્મકારણવાદપક્ષના પ્રતિપક્ષી હોવાથી તેનો પણ પ્રતિષેધ કરવો જોઈએ. કારણ કે તેમનું પણ પોષક કંઈક વૈદિક લિંગ મન્દમતિવાળાઓને પ્રથમ દૃષ્ટિથી લાગે. આથી પ્રધાનમલ્લનિબર્હણન્યાયથી (અર્થાત્ પ્રધાન મલ્લનો નાશ કર્યાથી બીજા મલ્લોનો નાશ કર્યો સમજવો એ ન્યાયથી) અતિદેશ કરે છે – આથી એટલે પ્રધાનકારણવાદના પ્રતિષેધ કરનારા ન્યાયસમૂહથી સર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

व्याख्याता वेदितव्याः, तेषामपि प्रधानवदशब्दत्वाच्छब्दविरोधित्वाच्चेति । व्याख्याता व्याख्याता इति पदाभ्यासोऽध्यायपरिसमाप्तिं द्योतयति ॥२८॥

इति प्रथमाध्यायस्य चतुर्थः पादः ।

★★★

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यस्य श्रीगोविन्दभगवत्पूज्यपादशिष्यस्य श्रीमच्छंकरभगवतः कृतौ शारीरकमीमांसासूत्रभाष्ये प्रथमोऽध्यायः ॥

॥ ब्रह्मसूत्रभाष्यम् ॥

। द्वितीयोऽध्यायः ।

प्रथमः पादः

प्रथमेऽध्याये— सर्वज्ञः सर्वेश्वरो जगतः उत्पत्तिकारणम्, मृत्सुवर्णादय इव घटरुचकादीनाम्; उत्पन्नस्य जगतो नियन्तृत्वेन स्थितिकारणम्, मायावीव मायायाः; प्रसारितस्य जगतः पुनः स्वात्मन्येवोपसंहारकारणम्, अवनिरिव चतुर्विधस्य भूतग्रामस्य ; स एव च सर्वेषां न आत्मा— इत्येतद्वेदान्तवाक्यसमन्वयप्रतिपादनेन प्रतिपादितम्; प्रधानादिकारणवादाश्चाशब्दत्वेन निराकृताः । इदानीं स्वपक्षे स्मृतिन्यायविरोधपरिहारः प्रधानादिवादानां च न्यायाभासोपबृंहितत्वं प्रतिवेदान्तं च सृष्ट्यादिप्रक्रियाया अविगीतत्वमित्यस्यार्थजातस्य प्रतिपादनाय द्वितीयोऽध्याय आरभ्यते । सत्र प्रथमं तावत्स्मृतिविरोधमुपन्यस्य परिहरति—

१. स्मृत्यधिकरणम् ।

स्मृत्यनवकाशदोषप्रसङ्ग इति चेन्नान्य स्मृत्यनवकाशदोषप्रसङ्गात् ॥ १ ॥

यदुक्तं ब्रह्मैव सर्वज्ञं जगतः कारणम् इति, तदयुक्तम्; कुतः ? स्मृत्यनवकाशदोषप्रसङ्गत्— स्मृतिश्च तन्त्राख्या परमर्षिप्रणीता

અણુ આદિ કારણવાદો પણ પ્રતિષિદ્ધ તરીકે વ્યાખ્યાન કરાયેલા સમજવા, કારણ કે તેઓ પણ પ્રધાનની જેમ અશબ્દ અને શબ્દવિરુદ્ધ છે. 'व्याख्याता व्याख्याता:' એમ પદનો અભ્યાસ (પદની પુનરુક્તિ) અધ્યાયની સમાપ્તિનું સૂચન કરે છે ॥૨૮॥

પ્રથમ અધ્યાયનો ચતુર્થ પાદ સમાપ્ત ॥૪॥

॥ પ્રથમ અધ્યાય સમાપ્ત ॥૧॥

★★★

શ્રી પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ગોવિંદભગવત્પાદના શિષ્ય શ્રી શંકરભગવત્પાદની રચના શારીરકમીમાંસા સૂત્રભાષમાં પ્રથમ અધ્યાય સંપૂર્ણ

॥ અથ દ્વિતીયે અધ્યાય ॥

સર્વજ્ઞ, સર્વેશ્વર જગત્‌નું ઉત્પત્તિકારણ છે, જેમ મૃત્તિકા, સુવર્ણ આદિ, ઘટ, રુચક (સોનાનું ઘરેણું), આદિનું છે, ઉત્પન્ન થયેલા જગત્‌નું નિયન્તા તરીકે સ્થિતિકારણ છે, જેમ માયાવી માયાનું (કારણ) છે, અને પ્રસાર પામેલા જગતનું ફરી પોતાને વિષે જ ઉપસંહાકરાણ છે, જેમ પૃથ્વી ચાર પ્રકારના ભૂતસમૂહનું (કારણ) છે, અને તે જ (સર્વજ્ઞ, સર્વેશ્વર) આપણા સર્વનો આત્મા છે એમ પ્રથમ અધ્યાયમાં વેદાન્તવાક્યોનો સમન્વય પ્રતિપાદન કરીને પ્રતિપાદન કર્યું છે અને પ્રધાન વગેરે કારણવાદોનું શ્રુતિપ્રતિપાદિત ન હોવાને કારણે નિરાકરણ કર્યું છે. હવે સ્વપક્ષમાં સ્મૃતિ અને ન્યાયના વિરોધનો પરિહાર પ્રધાનાદિવાદોનું ન્યાયાભાસ પર પુષ્ટ થવું, અને પ્રતિવેદાન્તમાં સૃષ્ટિ આદિ પ્રક્રિયાનું અવિરુદ્ધત્વ - એટલા અર્થસમૂહને પ્રતિપાદન કરવા માટે બીજો અધ્યાય આરંભાય છે. તેમાં પ્રથમ સ્મૃતિવિરોધનો ઉપન્યાસ (નિર્દેશ) કરી પરિહાર કરે છે –

(બ્રહ્મ જગત્‌નું કારણ નથી, કારણ કે) સ્મૃતિના અનવકાશરૂપ દોષનો પ્રસંગ (આવશે) એમ જો (કહેશો તો) ના, કારણ કે અન્ય સ્મૃતિના અનવકાશરૂપ દોષનો પ્રસંગ (આવશે) ॥૧॥

સર્વજ્ઞ બ્રહ્મ જ જગત્‌નું કારણ છે એમ જે કહ્યું છે તે અયુક્ત છે. શાથી ? સ્મૃતિના અનવકાશરૂપ દોષના પ્રસંગથી. પરમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शिष्टपरिगृहीता अन्याश्च तदनुसारिण्यः स्मृतयः, ता एवं सत्यनवकाशाः प्रसज्येरन्। तासु ह्यचेतनं प्रधानं स्वतन्त्रं जगतः कारणमुपनिबध्यते। मन्वादिस्मृतयस्तावच्चोदनालक्षणेनाग्निहोत्रादिना धर्मजातेनापेक्षितमर्थं समर्पयन्त्यः सावकाशा भवन्ति— अस्य वर्णस्यास्मिन्कालेऽनेन विधानेनोपनयनम्, ईदृशश्चाचारः, इत्थं वेदाध्ययनम्, इत्थं समावर्तनम्, इत्थं सहधर्मचारिणीसंयोग इतिः। तथा पुरुषार्थांश्चतुर्वर्णाश्रमधर्मान्नानाविधान्विदधति । नैवं कापिलादिस्मृतीनामनुष्ठेये विषये अवकाशोऽस्ति । मोक्षसाधनमेव हि सम्यग्दर्शनमधिकृत्य ताः प्रणीताः । यदि तत्राप्यनवकाशाः स्युः, आनर्थक्यमेवासां प्रसज्येत । तस्मात्तदविरोधेन वेदान्ता व्याख्यातव्याः। कथं पुनरीक्षत्यादिभ्यो हेतुभ्यो ब्रह्मैव सर्वज्ञं जगतः कारणमित्यवधारितः श्रुत्यर्थः स्मृत्यनवकाशदोषप्रसङ्गेन पुनराक्षिप्यते ? भवेदयमनाक्षेपः स्वतन्त्रप्रज्ञानाम्; परतन्त्रप्रज्ञास्तु प्रायेण जनाः स्वातन्त्र्येण श्रुत्यर्थमवधारयितुमशक्नुवन्तः प्रख्यातप्रणेतृकासु स्मृतिष्ववलम्बेरन्; तद्बलेन च श्रुत्यर्थं प्रतिपित्सेरन्;अस्मत्कृते च व्याख्याने न विश्वस्युः; बहुमानात्स्मृतीनां प्रणेतृषु; कपिलप्रभृतीनां चार्षं ज्ञानमप्रतिहतं स्मर्यते; श्रुतिश्च भवति **'ऋषिं प्रसूतं कपिलं यस्तमग्रे ज्ञानैर्बिभर्ति जायमानं च पश्येत्'** (श्वे. उप.५-२)इति तस्मान्नैषां मतमयथार्थं शक्यं संभावयितुम्; तर्कावष्टम्भेन च तेऽर्थं प्रतिष्ठापयन्ति; तस्मादपि स्मृतिबलेन वेदान्ता व्याख्येया इति पुनराक्षेपः ॥

तस्य समाधिः- **'नान्यस्मृत्यनवकाशदोषप्रसङ्गात्'** इति । यदि स्मृत्यनवकाशदोषप्रसङ्गेनेश्वरकारणवाद आक्षिप्येत, एवमप्यन्या ईश्वरकारणवादिन्यः स्मृतयोऽनवकाशाः प्रसज्येरन्; ता उदाहरिष्यामः— **'यत्तत्सूक्ष्ममविज्ञेयम्'** (महा. १२-३४२-३७)इति परं ब्रह्म प्रकृत्य, **'स ह्यन्तरात्मा भूतानां क्षेत्रज्ञश्चेति कथ्यते'** (महा.१२-३४२-३१) इति चोक्त्वा, **'तस्मादव्यक्तमुत्पन्नं त्रिगुणं द्विजसत्तम'** (महा.१२-३४२-३२) इत्याहः तथान्यत्रापि **'अव्यक्तं पुरुषे ब्रह्मन्निर्गुणे संप्रलीयते'** (महा.१२-३४७-३१)

ઋષિએ રચેલી અને શિષ્ટજને પરિગ્રહણ કરેલી તન્ત્ર નામની સ્મૃતિ અને તેને અનુસરતી બીજી સ્મૃતિઓ, એમ હોવાથી, અવકાશરહિત થવાનો પ્રસંગ આવે, કેમકે તેઓમાં અચેતન, પ્રધાન જગત્‌ના સ્વતન્ત્ર કારણ તરીકે નિર્દેશ કરાયેલું છે. પ્રેરણા જેનું લક્ષણ છે એવા અગ્નિહોત્ર આદિ ધર્મસમૂહથી અપેક્ષા કરાયેલા અર્થનો બોધ કરતી મનુ આદિ સ્મૃતિઓ તો સાવકાશ (અવકાશવાળી) છે, આ વર્ણને આ કાળમાં આ વિધાનથી ઉપનયન કરવું, આવો આચાર, આ પ્રમાણે વેદનું અધ્યયન કરવું, આ રીતે સમાવર્તન કરવું, આ રીતે સહધર્મચારિણી સાથે સંયોગ કરવો એમ (બોધ કરતી). તેમજ પુરુષને કામના, અનેક પ્રકારના વર્ણાશ્રમધર્મનું વિધાન કરે છે. અનુષ્ઠાનયોગ્ય વિષયમાં કપિલ આદિ સ્મૃતિઓને એ રીતે અવકાશ નથી, કેમકે મોક્ષનું સાધન જે સમ્યગ્દર્શન તેને ઉદ્દેશીને જ તે રચાયેલી છે. જો તેમાં પણ તે અવકાશરહિત થાય, તો તેમને નિરર્થક થવાનો જ પ્રસંગ આવે. તેટલા માટે તેમની સાથે વિરોધ ન થાય એવી રીતે વેદાન્તોનું વ્યાખ્યાન કરવું યુક્ત છે. પણ ઈક્ષતિ આદિ હેતુઓથી સર્વજ્ઞ બ્રહ્મ જ જગત્‌નું કારણ છે એમ નક્કી કરેલા શ્રુતિના અર્થનો સ્મૃતિના અનવકાશરૂપ દોષના પ્રસંગથી પુનઃ આક્ષેપ શા માટે કરાય છે ? જેમની બુદ્ધિ સ્વતન્ત્ર છે તેમને તો એ અનાક્ષેપ થાય. પણ પ્રાયઃ મનુષ્યોની બુદ્ધિ પરતન્ત્ર છે તેથી તેઓ સ્વતન્ત્રતાથી શ્રુતિના અર્થનો નિર્ણય કરવા શક્તિમાન્ ન હોવાથી જે સ્મૃતિઓના રચનારાઓ પ્રસિદ્ધ છે એવી સ્મૃતિઓ ઉપર અવલંબન કરે અને તેના બળથી શ્રુતિનો અર્થ જાણવા ઇચ્છે, અને સ્મૃતિઓના રચનારાઓ વિષે બહુમાન હોવાથી અમારા કરેલા વ્યાખ્યાન પર વિશ્વાસ ન રાખે. વળી કપિલ આદિનું જ્ઞાન આર્ષ અને અપ્રતિહત છે એમ સ્મૃતિ કહે છે. 'ऋषिं प्रसूतं कपिलं यस्तमग्रे ज्ञानैर्बिभर्तिजायमानं च पश्येत्' (શ્વેતા.ઉપ. ૫-૨) **'જે સૃષ્ટિકાળમાં જન્મતા કપિલ ઋષિને અને સ્થિતિકાળમાં જન્મ પામેલાને જ્ઞાનથી ધારણ કરે છે તે ઈશ્વરનું દર્શન કરવું'** એવી શ્રુતિ પણ છે. તેટલા માટે એમનું મત અયથાર્થ ગણવું યુક્ત નથી. વળી તેઓ તર્કને અવલંબીને પોતાનો અર્થ સ્થાપન કરે છે. માટે પણ સ્મૃતિના બળથી વેદાન્તોનું વ્યાખ્યાન કરવું જોઈએ એમ પુનઃ આક્ષેપ થાય છે. તેનું સમાધાન 'नान्यस्मृत्यनवकाशदोषप्रसङ्गादिति' **'નહીં, કેમકે અન્ય સ્મૃતિના અનવકાશરૂપ દોષનો પ્રસંગ આવશે'** એ છે. જો સ્મૃતિના અનવકાશરૂપ દોષના પ્રસંગથી ઈશ્વરકારણવાદનો (ઈશ્વર જગત્‌નું કારણ છે એ મતનો) આક્ષેપ કરાય તો એમ પણ બીજી, ઈશ્વર જગતનું કારણ છે એમ કહેનારી સ્મૃતિઓને અનવકાશ થવાનો પ્રસંગ આવશે. તેઓનું દૃષ્ટાન્ત આપીશું, 'यत्तत् सूक्ष्ममविज्ञेयम्' (મ.ભા. ૧૨-૩૪૨-૩૭) **'જે તે સૂક્ષ્મ, અવિજ્ઞેય છે'** એમ પરબ્રહ્મને પ્રસ્તવીને 'स ह्यन्तरात्मा भूतानां क्षेत्रज्ञश्चेति कथ्यते' **'તે ખરેખર, પ્રાણીઓનો અન્તરાત્મા અને ક્ષેત્રજ્ઞ કહેવાય છે'** એમ કહી 'तस्मादव्यक्तमुत्पन्नं त्रिगुणं द्विजसत्तम्' (મ.ભા. ૧૨-૩૪૨-૩૨) **'હે દ્વિજશ્રેષ્ઠ, તેમાંથી ત્રણ ગુણવાળું અવ્યક્ત ઉત્પન્ન થયું છે'** એમ કહે છે. તેમજ અન્ય સ્થળે પણ 'अव्यक्तं पुरुषे ब्रह्मन् निर्गुणे संप्रलीयते' (મ.ભા.૧૨-૩૪૨-૩૧) **'હે બ્રહ્મન્, નિર્ગુણ પુરુષમાં અવ્યક્ત લય પામે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



इत्याहः **'अतश्च संक्षेपमिमं शृणुध्वं नारायणः सर्वमिदं पुराणः । स सर्गकाले च करोति सर्वं संहारकाले च तदत्ति भूयः'**
(महा.१२-३०७-११५) इति । पुराणे; भगवद्गीतासु च— **'अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा'** (भ.गी-७-६)इति
परमात्मानमेव च प्रकृत्यापस्तम्बः पठति— **'तस्मात्कायाः प्रभवन्ति सर्वे स मूलं शाश्वतिकः स नित्यः'**(आ.ध.सू. १-८-२३-
२) इति । एवमनेकशः स्मृतिष्वपीश्वरः कारणत्वेनोपादानत्वेन च प्रकाश्यते । स्मृतिबलेन प्रत्यवतिष्ठमानस्य स्मृतिबलेनैवोत्तरं
प्रवक्ष्यामीत्यतोऽयमन्यस्मृत्यनवकाशदोषोपन्यासः । दर्शितं तु श्रुतीनामीश्वरकारणवादं प्रति तात्पर्यम्; विप्रतिपत्तौ च
स्मृतीनामवश्यकर्तव्येऽन्यतरपरिग्रहेऽन्यतरपरित्यागे च श्रुत्यनुसारिण्यः स्मृतयः प्रमाणम्; अनपेक्ष्या इतराः; तदुक्तं प्रमाणलक्षणे—
'विरोधे त्वनपेक्षं स्यादसति ह्यनुमानम्' (जै.सू..१-३-३) इति । न चातीन्द्रियानर्थान् श्रुतिमन्तरेण कश्चिदुपलभत इति शक्यं
संभावयितुम्, निमित्ताभावात्; शक्यं कपिलादीनां सिद्धानामप्रतिहतज्ञानत्वादिति चेन्, न; सिद्धेरपि सापेक्षत्वात्; धर्मानुष्ठानापेक्षा हि
सिद्धिः; स च धर्मश्चोदनालक्षणः; ततश्च पूर्वसिद्धायाश्चोदनाया अर्थो न पश्चिमसिद्धपुरुषवचनवशेनातिशङ्कितुं शक्यते;
सिद्धव्यपाश्रयश्रयकल्पनायामपि बहुत्वात्सिद्धानां प्रदर्शितेन प्रकारेण स्मृतिविप्रतिपत्तौ सत्यां न श्रुतिव्यपाश्रयादन्यन्निर्णयकारणमस्ति;
परतन्त्रप्रज्ञस्यापि नाकस्मात्स्मृतिविशेषविषयः पक्षपातो युक्तः, कस्यचित्कचित्पक्षपाते सति पुरुषमतिवैश्वरूप्येण
तत्त्वाव्यवस्थानप्रसङ्गात्; तस्मात्तस्यापि स्मृतिविप्रतिपत्त्युपन्यासेन श्रुत्यनुसाराननुसारविषयविवेचनेन च सन्मार्गे प्रज्ञा संग्रहणीया ।
या तु श्रुतिः कपिलस्य ज्ञानातिशयं प्रदर्शयन्ती प्रदर्शिता न तया श्रुतिविरुद्धमपि कापिलं मतं श्रद्धातुं शक्यम्, कपिलमिति
श्रुतिसामान्यमात्रत्वात्, अन्यस्य च कपिलस्य सगरपुत्राणां प्रतप्तुर्वासुदेवनाम्नः स्मरणात्, अन्यार्थदर्शनस्य च प्राप्तिरहितस्यासाधकत्वात्।
भवति चान्या मनोर्माहात्म्यं प्रख्यापयन्ती श्रुतिः— **'यद्वै किंच मनुरवदत्तद्भेषजम्'** (तै.सं. २-२-१०-२) इति; मनुना च

છે' એમ કહે છે. 'अतश्च संक्षेपमिमं शृणुध्वं नारायणः सर्वमिदं पुराणः । स सर्गकाले च करोति सर्वं संहारकाले च तदत्ति भूयः ॥' (મ.ભા.૧૨-૩૦૭-૧૧૫) **'અને આથી તમે આ સંક્ષેપ સાંભળો, આ સર્વ, પુરાણ નારાયણ છે. તે સૃષ્ટિકાળમાં સર્વ ઉત્પન્ન કરે છે અને સંહારકાળમાં તેનું ફરી ભક્ષણ કરે છે'** એમ પુરાણમાં છે. 'अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा' (ભ. ગી- ૭-૬) **'હું આખા જગતનું ઉત્પત્તિસ્થાન અને પ્રલયસ્થાન છું'** એમ ભગવદ્‌ગીતામાં પણ છે. પરમાત્માને પ્રસ્તવીને જ આપસ્તમ્બ કહે છે – 'तस्मात् कायाः प्रभवन्ति सर्वे स मूलं शाश्वतिकः स नित्यः' (આ.સૂ. ૧-૮-૨૩-૨) **'તે ઈશ્વરમાંથી સર્વ કાયા ઉત્પન્ન થાય છે, તે ઉપાદાન છે, કૂટસ્થ છે, તે નિત્ય છે'** એમ.એમ અનેક રીતે સ્મૃતિઓમાં ઈશ્વરને કારણ અને ઉપાદાન તરીકે પ્રકાશિત કર્યો છે. સ્મૃતિબળથી સામા ઊભા થનારને સ્મૃતિબળથી જ ઉત્તર કહીશ એ હેતુથી અન્ય સ્મૃતિના અનવકાશરૂપ દોષનો ઉપન્યાસ કર્યો છે. શ્રુતિઓનું તો તાત્પર્ય ઈશ્વરકારણવાદ પ્રત્યે છે એમ દર્શાવ્યું છે. વળી સ્મૃતિઓના વિરોધમાં એકનું પરિગ્રહણ અને અન્યનો ત્યાગ અવશ્ય કર્તવ્ય હોવાથી શ્રુતિને અનુસરતી સ્મૃતિઓ પ્રમાણ છે અને અન્યની અપેક્ષા કરવી યુક્ત નથી, કારણ કે પ્રમાણલક્ષણમાં કહ્યું છે કે, 'विरोधे त्वनपेक्षं स्यादसति ह्यनुमानम्' (જૈ. સૂ. ૧-૩-૩) **'શ્રુતિ સાથે વિરોધ હોય તો સ્મૃતિનું પ્રામાણ્ય અપેક્ષારહિત - ત્યાજ્ય છે, કેમકે વિરોધ ન હોય તો શ્રુતિનું અનુમાન કરવું'** એમ. તેમજ અતીન્દ્રિય અર્થો શ્રુતિ સિવાય કોઈ ગ્રહણ કરે છે એમ માનવું શક્ય નથી, કેમકે નિમિત્ત નથી. કપિલ આદિ સિદ્ધોને એ શક્ય છે, કેમકે તેમનું જ્ઞાન અપ્રતિહત છે એમ કહેશો તો તે ઉચિત નથી, કેમકે સિદ્ધિ પણ સાપેક્ષ છે. ખરેખર, સિદ્ધિને ધર્મના અનુષ્ઠાનની અપેક્ષા છે, અને તે ધર્મપ્રેરણાલક્ષણ છે. તેથી પૂર્વસિદ્ધ પ્રેરણાના અર્થની પાછળથી સિદ્ધ થયેલા પુરુષના વચનબળથી અતિશંકા કરવી શક્ય નથી. સિદ્ધોનાં વચનનો આશ્રય કરી વેદાર્થની કલ્પનામાં પણ સિદ્ધો બહુ હોવાથી દર્શાવેલી રીતે સ્મૃતિઓનો વિરોધ હોય તો શ્રુતિના આશ્રય સિવાય બીજું નિર્ણયાત્મક કારણ નથી. જેની બુદ્ધિ પરતન્ત્ર છે એવા પુરુષનો પણ અકસ્માત્ અમુક સ્મૃતિ ઉપર પક્ષપાત યુક્ત નથી, કેમકે કોઈકનો ક્યારેક પક્ષપાત થતાં પુરુષબુદ્ધિ વિશ્વરૂપ હોવાથી તત્ત્વની અવ્યવસ્થા થવાનો પ્રસંગ આવશે. માટે સ્મૃતિઓના વિરોધનો નિર્દેશ કરી, શ્રુતિના અનુસાર અને અનનુસાર વિષે વિવેચન કરી તેની પણ બુદ્ધિ સન્માર્ગમાં આણવી ઉચિત છે. કપિલનું અતિશય જ્ઞાન પ્રદર્શાવતી જે શ્રુતિ બતાવી છે તેથી શ્રુતિવિરુદ્ધ એવા પણ કપિલના મત પર શ્રદ્ધા રાખવી શક્ય નથી, કારણ કે કપિલ એમ માત્ર શ્રવણસામાન્ય છે અને સગરના પુત્રોને બાળનાર, વાસુદેવ નામનો અન્ય કપિલ પણ સ્મૃતિમાં છે અને અન્ય અર્થને માટે જે દર્શન છે અને જે (અન્ય પ્રમાથી) પ્રાપ્ત નથી તે સ્વાર્થ શોધે એ યોગ્ય નથી. વળી 'यद्वै किं च मनुरवदत्तद्भेषजम्' (તૈ.સં. ૨-૨-૧૦-૨) **'જે કંઈ મનુએ કહ્યું તે ઔષધ છે.'** એમ મનુનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मानि । संपश्यन्नात्मयाजी वै स्वाराज्यमधिगच्छति' (मनु.१२-९१) इति सर्वात्मत्वदर्शनं प्रशंसता कापिलं मतं निन्द्यत इति गम्यते; कपिलो हि न सर्वात्मत्वदर्शनमनुमन्यते, आत्मभेदाभ्युपगामात् । महाभारतेऽपि च— **'बहवः पुरुषा ब्रह्मन्नुताहो एक एव तु'** (महा.१२-३६०-१) इति विचार्य, **'बहवः पुरुषा राजन्सांख्ययोगविचारिणाम्'** (महा.१२-३६०-२) इति परपक्षमुपन्यस्य तद्व्युदासेन— **'बहूनां पुरुषाणां हि यथैका योनिरुच्यते । तथा तं पुरुषं विश्वमाख्यास्यामि गुणाधिकम्'** (महा.१२-३६०-३) इत्युपक्रम्य **'ममान्तरात्मा तव च ये चान्ये देहिसंज्ञिताः । सर्वेषां साक्षिभूतोऽसौ न ग्राह्यः केनचित्क्वचित् ॥ विश्वमूर्धा विश्वभुजो विश्वपादाक्षिनासिकः । एकश्चरति भूतेषु स्वैरचारी यथासुखम्'** (महा.१२-३६१-४-५)— इति सर्वात्मतैव निर्धारिता । श्रुतिश्च सर्वात्मतायां भवति— **'यस्मिनन्सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः। तत्र को मोहः कः शोक एकत्वमनुपश्तः'** (ईश.उप. ७) इत्येवंविधा । अतश्च सिद्धमात्मभेदकल्पनयापि कापिलस्य तन्त्रस्य वेदविरुद्धत्वं वेदानुसारिमनुवचनविरुद्धत्वं च, न केवलं स्वतन्त्रप्रकृतिकल्पनयैवेति । वेदस्य हि निरपेक्षं स्वार्थे प्रामाण्यम्, रवेरिव रूपविषये; पुरुषवचसां तु मूलान्तरापेक्षं वक्तृस्मृतिव्यवहितं चेति विप्रकर्षम् । तस्माद्वेदविरुद्धे विषये स्मृत्यनवकाशदोषप्रसङ्गो न दोषः ॥१॥

कुतश्च स्मृत्यनवकाशदोषप्रसङ्गो न दोषः?—

इतरेषां चानुपलब्धेः ॥ २ ॥

प्रधानादितराणि यानि प्रधानपरिणामत्वेन स्मृतौ कल्पितानि महदादीनि, न तानि वेदे लोके चोपलभ्यन्ते । भूतेन्द्रियाणि तावल्लोकवेदप्रसिद्धत्वाच्छक्यन्ते स्मर्तुम् । अलोकवेदप्रसिद्धत्वात्तु महदादीनां षष्ठस्येवेन्द्रियार्थस्य न स्मृतिरवकल्पते । यदपि क्वचित्तत्परमिव

માહાત્મ્ય દર્શાવનારી બીજી શ્રુતિ છે. 'सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि । संपश्यन्नात्मयाजी वै स्वाराज्यमधिगच्छति ॥' (૧૨-૯૧) **'સર્વ ભૂતોમાં આત્માને અને આત્મામાં સર્વ ભૂતોને જોનારો આત્મયાજી (બ્રહ્માર્પણ ન્યાયથી જ્યોતિષ્ટોમ આદિ કરનારા) સ્વારાજ્ય અર્થાત્ બ્રહ્મત્વ પ્રાપ્ત કરે છે'** એમ સર્વ આત્મા છે એવું દર્શન દર્શાવતા મનુ કપિલના મતની નિન્દા કરે છે એમ સમજાય છે, કેમકે સર્વ આત્મા છે એવા દર્શનને કપિલ અનુમતિ આપતા નથી, કારણ કે તે આત્માનો ભેદ સ્વીકારે છે. મહાભારતમાં પણ 'बहवः पुरुषा ब्रह्मन्नुताहो एक एव तु' (મ.ભા.૧૨-૩૬૦-૧) **'હે બ્રહ્મન્, આત્મા અનેક છે કે એક જ છે'** એમ વિચાર કરી 'बहवः पुरुषा राजन् सांख्ययोगविचारिणाम्' (મ.ભા.૧૨-૩૬૦-૨) **'હે રાજન્, સાંખ્ય અને યોગ દર્શનવાળાઓના મતમાં આત્મા અનેક છે'** એમ પરપક્ષનો નિર્દેશ કરી તેનું ખંડન કરવા 'बहूनां पुरुषाणां हि यथैका योनिरुच्यते । तथा तं पुरुषं विश्वमाख्यास्यामि गुणाधिकम्॥' (મ.ભા.૧૨-૩૬૦-૩) **'જેમ બહુ પુરુષાકાર દેહનું એક ઉપાદાન કહેવાય છે તેમ તે આત્માને સર્વાત્મક અને સર્વગુણસંપન્ન કહીશ'** એમ ઉપક્રમ કરી 'ममान्तरात्मा तव च ये चान्ये देहसंस्थिताः। सर्वेषां साक्षिभूतोऽसौ न ग्राह्यः केनचित् क्वचित् ॥ विश्वमूर्धा विश्वभुजो विश्वपादाक्षिनासिकः । एकश्चरति भूतेषु स्वैरचारी यथासुखम् ॥' (મ.ભા.૧૨-૩૬૧-૪,૫) **'મારો અન્તરાત્મા અને તારો અને દેહમાં રહેલા જે બીજાઓ છે તે સર્વેનો એ સાક્ષિભૂત છે, કોઈથી પણ ક્યારેય ગ્રહણ કરવો શક્ય નથી. વિશ્વ એનું મસ્તક છે, વિશ્વ, ભૂજા છે, વિશ્વ, પાદ, આંખ અને નાસિકા છે. ભૂતોમાં એકલો સ્વૈરચારી સુખ થાય તેમ વિચરે છે'** એમ સર્વાત્મતા જ નિર્ધારણ કરેલી છે. 'यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः। तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥' (ઈશા.ઉપ. ૭) **'જે (જ્ઞાનકાળ)માં સર્વભૂતો આત્મા જ છે એમ જાણનાર, એકત્વ જોનારને તેમાં મોહ શું છે અને શોક શું છે ?'** એવા પ્રકારની શ્રુતિ પણ સર્વાત્મા દર્શાવે છે. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે કેવળ સ્વતન્ત્ર પ્રધાનની કલ્પનાથી જ નહિ, પણ આત્મભેદની કલ્પનાથી પણ કપિલનું તન્ત્ર વેદવિરુદ્ધ છે, અને વેદને અનુસરતા મનુવચનથી વિરુદ્ધ છે, કેમકે પોતાના અર્થને વિષે વેદનું પ્રામાણ્ય નિરપેક્ષ છે જેમ રૂપવિષયમાં રવિનું છે તેમ, અને પુરુષવચનોનું તો પ્રામાણ્ય અન્ય મૂળની અપેક્ષા રાખે છે અને તેમાં વક્તાની સ્મૃતિનું વ્યવધાન છે એમ બે વચ્ચે દૂર ભેદ છે. માટે વેદવિરુદ્ધ વિષયમાં સ્મૃતિઓ અનવકાશપ્રસંગ દોષ નથી ॥૧॥

વળી સ્મૃતિ અનવકાશ થવાનો પ્રસંગ દોષ કેમ નથી ? – એ વિશે આ સૂત્રમાં કહ્યું છે કે –

અને બીજાં(તત્ત્વો)ની અનુપલબ્ધિ હોવાથી ॥૨॥

પ્રધાનથી બીજાં મહદ્ વગેરે તત્ત્વો જે પ્રધાનનાં પરિણામ તરીકે સ્મૃતિમાં કલ્પેલાં છે તે વેદ કે લોકમાં પ્રાપ્ત થતાં નથી. લોક અને વેદમાં પ્રસિદ્ધ હોવાથી ભૂતો અને ઇન્દ્રિયોની સ્મૃતિ શક્ય છે, પણ લોક અને વેદમાં પ્રસિદ્ધ ન હોવાથી છઠ્ઠા ઇન્દ્રિયાર્થની જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

श्रवणमवभासते, तदप्यतत्परं व्याख्यातम्— **'आनुमानिकमप्येकेषाम्'** (ब्र.सू.१-४-१) इत्यत्र । कार्यस्मृतेरप्रामाण्यात्कारणस्मृतेरप्यप्रामाण्यं युक्तमित्यभिप्रायः । तस्मादपि न स्मृत्यनवकाशदोषप्रसङ्गोदोषः । तर्कावष्टम्भं तु **'न विलक्षणत्वात्'** (ब्र.सू.२-१-४) इत्यारभ्योन्मथिष्यति ॥२॥

२. योगप्रत्युक्त्यधिकरणम् ।

एतेन योगः प्रत्युक्तः ॥ ३ ॥

एतेन सांख्यस्मृतिप्रत्याख्यानेन, योगस्मृतिरपि प्रत्याख्याता द्रष्टव्येत्यतिदिशति। तत्रापि श्रुतिविरोधेन प्रधानं स्वतन्त्रमेव कारणम्, महदादीनि च कार्याण्यलोकवेदप्रसिद्धानि कल्प्यन्ते। नन्वेवं सति समानन्यायत्वात्पूर्वेणैवैतद्गतम्; किमर्थं पुनरतिदिश्यते? अस्ति ह्यत्राभ्यधिकाशङ्का—सम्यग्दर्शनाभ्युपायो हि योगो वेदे विहितः— **'श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः'** (बृ.उप.२-४-५) इति ; **'त्रिरुन्नतं स्थाप्य समं शरीरम्'** (श्वे.उप.२-८)इत्यादिना चासनादिकल्पनापुरःसरं बहुप्रपञ्चं योगविषयाणि ,सहस्त्रश उपलभ्यन्ते, — **'तां योगमिति मन्यन्ते स्थिरामिन्द्रियधारणाम्'** (का.उप. २-६-११) इति, **'विद्यामेतां योगविधिं च कृत्स्नम्'** (का.उप.२-६-१८) इति चैवमादीनि; योगशास्त्रेऽपि— **'अथ तत्त्वदर्शनाभ्युपायो योगः'** इति सम्यग्दर्शनाभ्युपायत्वेनैव योगोऽङ्गीक्रियते; अतः संप्रतिपन्नार्थैकदेशत्वादष्टकादिस्मृतिरप्यनपवदनीया भविष्यतीति— अयमप्यधिकाशङ्कातिदेशेन निवर्त्यते, अर्थैकदेशसंप्रतिपत्तावप्यर्थैकदेशविप्रतिपत्तेः पूर्वोक्ताया दर्शनात् । सतीष्वप्यध्यात्मविषयासु बह्वीषु स्मृतिषु सांख्ययोगस्मृत्योरेव

મહદ્ આદિની સ્મૃતિ સંભવતી નથી. કોઈક વાર જે શ્રુતિ મહદાદિનું પ્રતિપાદન કરનાર હોય એમ ભાસે છે તે પણ તે પ્રતિપાદન કરનાર નથી એમ 'आनुमानिकमप्येकेषाम्' (બ્રહ્મ સૂ૦ ૧-૪-૧) **'અનુમાનનિરુપિત (પ્રધાન) પણ કેટલાક (શાખાવાળાઓ)માં વગેરે'**માં વ્યાખ્યાન કર્યું છે. કાર્યસ્મૃતિ (અર્થાત્ પ્રધાનનાં મહદાદિ કાર્યને પ્રતિપાદન કરનાર સ્મૃતિ) અપ્રમાણ હોવાથી કારણસ્મૃતિ (અર્થાત્ પ્રધાન મહદાદિનું કારણ છે એમ પ્રતિપાદન કરનાર સ્મૃતિ) પણ અપ્રમાણ થાય એ યોગ્ય છે એવો અભિપ્રાય છે. માટે પણ સ્મૃતિ અનવકાશ થવાનો પ્રસંગ દોષ નથી. તર્કના અવલમ્બનનું તો 'न विलक्षणत्वात्' (બ્ર. સૂ૦ ૨-૧-૪) એ સૂત્રથી આરંભી (સૂત્રકાર) ખંડન કરશે ॥૨॥

૨. યોગપ્રત્યુક્તિ અધિકરણ

આનાથી યોગનું પ્રત્યાખ્યાન થયું ॥૩॥

આ સાંખ્યસ્મૃતિના નિરાકરણથી યોગસ્મૃતિનું પણ નિરાકરણ થયેલું સમજવું એમ અતિદેશ કરે છે. તેમાં પણ શ્રુતિ સાથેના વિરોધને કારણે પ્રધાન જ સ્વતન્ત્ર કારણ અને લોક તથા વેદમાં પ્રસિદ્ધ નહિ એવાં મહદાદિ કાર્ય કલ્પાયાં છે. જો એમ હોય તો એક ન્યાય હોવાને લીધે પૂર્વ અધિકરણમાં જ એ આવી ગયું તો તેનો અતિદેશ ફરી શા માટે કરવામાં આવે છે ? કારણ કે અહીં વધુ શંકા છે. 'श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' (બૃહ.ઉપ. ૨-૪-૫) **'શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું જોઈએ'** એમ વેદમાં સમ્યગ્દર્શનના ઉપાય તરીકે યોગનું વિધાન કર્યું છે. 'त्रिरुन्नतं स्थाप्य समं शरीरम्' (શ્વેતા.ઉપ. ૨-૮) **'ત્રણ-ઉરસ્થાન, ગ્રીવા અને માથું - જેના ઊંચા છે એમ શરીરને સરખું રાખીને (યોગ કરવો)'** ઇત્યાદિથી આસન વગેરેની કલ્પનાપૂર્વક બહુ વિસ્તારવાળું યોગનું વિધાન શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં કરેલું દેખાય છે. વળી 'तां योगमिति मन्यन्ते स्थिरामिन्द्रियिधाराणाम्' (કાઠ૦ ૨-૬-૧૧) **'તે સ્થિર ઇન્દ્રિયધારણાને યોગ માને છે'**, 'विद्यामेतां योगविधिं च कृत्स्नम्' (કાઠ૦ ૨-૬-૧૮) **[આ બ્રહ્મવિદ્યા અને અખિલ યોગવિધિ (મૃત્યુપ્રસાદથી નચિકેતાએ મેળવી અને બ્રહ્મની પ્રાપ્તિ કરી]** ઇત્યાદિમાં યોગ વિષે વૈદિક લિંગો હજારો જોવામાં આવે છે. યોગશાસ્ત્રમાં પણ 'अथ तत्त्वदर्शनोपायो योगः' **'હવે તત્ત્વદર્શનનો ઉપાય યોગ છે'** એમ સમ્યગ્દર્શનના ઉપાય તરીકે યોગનો સ્વીકાર કર્યો છે. માટે યોગસ્મૃતિના અર્થના એકદેશમાં સંપ્રતિપત્તિ (=એકમત) હોવાથી અષ્ટક આદિ સ્મૃતિની જેમ યોગસ્મૃતિ પણ અનિરાકરણીય થશે. આવી અધિક શંકા પણ અતિદેશથી નિવૃત્ત કરાય છે, કેમકે અર્થના એકદેશમાં સંપ્રતિપતિ છે છતાં પણ અર્થના એકદેશમાં પૂર્વે કહેલી વિપ્રતિપત્તિ દેખાય છે. અધ્યાત્મવિષયક અનેક સ્મૃતિઓ છે તો પણ સાંખ્ય અને યોગસ્મૃતિના જ નિરાકરણને વિષે યત્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

निराकरणे यत्नः कृतः: सांख्ययोगौ हि परमपुरुषार्थसाधनत्वेन लोके प्रख्यातौ, शिष्टैश्च परिगृहीतौ, लिङ्गेन च श्रोतेनोपबृंहितौ— **'तत्कारणं सांख्ययोगाभिपन्नं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः'** (श्वे.उप.६-१३)इति। निराकरणं तुन सांख्यस्मृतिज्ञानेन वेदनिरपेक्षेण योगमार्गेण वा निःश्रेयसमधिगम्यत इति । श्रुतिर्हि वैदिकादात्मैकत्वविज्ञानादन्यन्निःश्रेयसाधनं वारयति— **'तमेव विदित्वाति मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय'** (श्वे.उप.३-८) इति । द्वैतिनो हि ते सांख्या योगाश्च नात्मैकत्वदर्शिनः । यत्तु दर्शनमुक्तम् **'तत्कारणं सांख्ययोगाभिपन्नम्'** (श्वे. उप.६-१३) इति, वैदिकमेव तत्र ज्ञानं ध्यानं च सांख्ययोगशब्दाभ्यामभिलप्येते प्रत्यासत्तेरित्यवगन्तव्यम् । येन त्वंशेन न विरुध्येते, तेनेष्टमेव सांख्ययोगस्मृत्योः सावकाशत्वम्: तद्यथा— **'असङ्गो ह्ययं पुरुषः'** (बृह.उप. ४-३-१६) इत्येवमादिश्रुतिप्रसिद्धमेव पुरुषस्य विशुद्धत्वं निर्गुणपुरुषनिरूपणेन सांख्यैरभ्युपगम्यते । तथा च यौगेरपि **'अथ परिव्राड्विवर्णवासा मुण्डोऽपरिग्रहः'** (जाबा.उप. ५) इत्येवमादि श्रुतिप्रसिद्धमेव निवृत्तिनिष्ठत्वं प्रव्रज्याद्युपदेशेनानुगम्यते। एतेन सर्वाणि तर्कस्मरणानि प्रतिवक्तव्यानि, तान्यपि तर्कोपपत्तिभ्यां तत्त्वज्ञानायोपकुर्वन्तीति चेत्, उपकुर्वन्तु नामः तत्त्वज्ञानं तु वेदान्तवाक्येभ्य एव भवति— **'नावेदविन्मनुते तं बृहन्तम्'** (तै.ब्रा.३-१२-९-७) **तं त्वौपनिषदं पुरुषं पृच्छामि'** (बृह.उप.३-९-२६) इत्येवमादिश्रुतिभ्यः ॥३॥

३. न विलक्षणत्वाधिकरणम् ।

न विलक्षणत्वादस्य तथात्वं च शब्दात् ॥ ४ ॥

ब्राह्मस्य जगतो निमित्तकारणं प्रकृतिश्चेत्यस्य पक्षस्याक्षेपः स्मृतिनिमित्तः परिहृतः; तर्कनिमित्त इदानीमाक्षेपः परिह्रियते।

કર્યો છે, કારણ કે સાંખ્ય અને યોગ પરમ પુરુષાર્થના (મોક્ષના) સાધન તરીકે લોકમાં પ્રખ્યાત છે, શિષ્ટોથી પરિગૃહીત છે અને શ્રૌત લિંગથી પુષ્ટ છે – 'तत्कारणं सांख्ययोगाभिपन्नं ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः' (શ્વેતા.ઉપ. ૬-૧૩) **'તે કામોનું કારણ, સાંખ્ય અને યોગથી પ્રાપ્ત થયેલા દેવને જાણીને બધા પાશથી મુક્ત થાય છે.'** એમ. નિરાકરણ તો તે નિરપેક્ષ સાંખ્યજ્ઞાનથી કે યોગમાર્ગથી મોક્ષ મળતો નથી એ હેતુથી કર્યું છે. 'तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय' (શ્વેતા.ઉપ. ૩-૮) **'તેનું જ જ્ઞાન પ્રાપ્ત કરી મૃત્યુની પેલી પાર જાય છે, મોક્ષ માટે બીજો કોઈ માર્ગ નથી'** એમ વૈદિક આત્મૈકત્વવિજ્ઞાનથી અન્ય મોક્ષસાધનને શ્રુતિ વારે છે. ખરેખર, તે સાંખ્ય અને યોગદર્શનવાળાઓ દ્વૈતમાર્ગી છે, આત્માનું એકત્વ જાણનારા નથી. 'तत्कारणं सांख्योगाभिपन्नम्' (શ્વેતા.ઉપ. ૬-૧૩) **'તે કામોનું કારણ, સાંખ્ય અને યોગથી પ્રાપ્ત કરાયેલા'** ઇત્યાદિ જે દર્શન કહ્યું છે તેમાં સાંખ્ય અને યોગ શબ્દોથી વૈદિક જ્ઞાન અને ધ્યાનનું જ અભિધાન થાય છે, પ્રત્યાસત્તિથી (= શ્રુતિસ્થ સાંખ્ય અને યોગ શબ્દો સજાતીય શ્રુતિનો અર્થ ગ્રહણ કરે છે તેથી) એમ સમજવાનું છે. જે અંશથી સાંખ્ય અને યોગ સ્મૃતિ શ્રુતિથી વિરુદ્ધ ન હોય તે અંશે તેમનું સાવકાશત્વ ઇષ્ટ જ છે. તે આ પ્રમાણે – 'असङ्गो ह्ययं पुरुषः' (બૃહ.ઉપ. ૪-૩-૧૬) **'ખરેખર, એ આત્મા અસંગ છે'** ઇત્યાદિ શ્રુતિઓમાં પ્રસિદ્ધ જ આત્માનું વિશુદ્ધત્વ નિર્ગુણ આત્માના નિરૂપણથી સાંખ્યો સ્વીકારે છે. તેમજ યોગદર્શનવાળાઓ પણ 'अथ परिव्राड्विवर्णवासा मुण्डोऽपरिग्रहः' (જાબા૦ ૫) **'હવે પારિવ્રાજક, વર્ણરહિત વસ્ત્રવાળો, મુંડન કરાવેલો, પરિગ્રહરહિત'** ઇત્યાદિ શ્રુતિપ્રસિદ્ધ નિવૃત્તિમાં જ રહેવાપણાને પ્રવ્રજ્યા (=સંસારનો પરિત્યાગ) આદિના ઉપદેશથી અનુસરે છે. આથી સર્વ તર્કસ્મૃતિનું નિરાકરણ કરવું. એ પણ તર્ક અને યુક્તિથી ('તર્ક'= અનુમાન. તે અનુમાનની અનુગ્રાહક ઉપપત્તિ તે 'યુક્તિ') તત્ત્વજ્ઞાનમાં ઉપકારક થાય છે એમ કહેશો તો ભલે ઉપકારક થાય. તત્ત્વજ્ઞાન તો 'नावेदविन्मनुते तं बृहन्तम्' (તૈ૦ બ્રા૦ ૩-૧૨-૯-૭) **'વેદને ન જાણનાર તે બ્રહ્મનું મનન કરતો નથી'**, 'तं त्वौपनिषदं पुरुषं पृच्छामि' (બૃહ.ઉપ. ૩-૯-૨૬) **'તે ઉપનિષદ્‌થી ગમ્ય આત્મા વિષે પૂછું છું.'** ઇત્યાદિ શ્રુતિઓને કારણે વેદાન્તવાક્યોથી જ થાય છે ॥૩॥

૩. ન વિલક્ષણત્વ અધિકરણ

(બ્રહ્મ જગત્‌નું કારણ) નથી, એ વિલક્ષણ (જુદું) છે તેથી અને વિલક્ષણપણું શ્રુતિને આધારે (જણાય છે) ॥૪॥

બ્રહ્મ આ જગતનું નિમિત્તકારણ અને ઉપાદાનકારણ છે એ પક્ષના સ્મૃતિનિમિત્ત (સ્મૃતિ જેનું નિમિત્ત છે એવા) આક્ષેપનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



कुतः पुनरस्मिन्नवधारिते आगमार्थे तर्कनिमित्तस्याक्षेपस्यावकाशः ? ननु धर्म इव बह्मण्यप्यनपेक्ष आगमो भवितुमर्हति;— भवेदयमवष्टम्भो यदि प्रमाणान्तरानवगाह्य आगममात्रप्रमेयोऽयमर्थः स्यादनुष्ठेरूप इव धर्मः; परिनिष्पन्नरूपं तु ब्रह्मावगम्यते; परिनिष्पन्ने च वस्तुनि प्रमाणान्तराणामस्त्यवकाशो यथा पृथिव्यादिषु यथा च श्रुतीनां परस्परविरोधे सत्येकवशेनेतरा नीयन्ते, एवं प्रमाणान्तरविरोधेऽपि तद्वशेनैव श्रुतिर्नीयेत; दृष्टसाधर्म्येण चादृष्टमर्थं समर्पयन्ती युक्तिरनुभवस्य संनिकृष्यते, विप्रकृष्यते तु श्रुतिः, ऐतिह्यमात्रेण स्वार्थाभिधानात्; अनुभवावसानं च ब्रह्मविज्ञानमविद्याया निवर्तकं मोक्षसाधनं च दृष्टफलतयेष्यते; श्रुतिरपि– **'श्रोतव्यो मन्तव्यः'** (बृह.उप.२-४-५) इति श्रणव्यतिरेकेण मननं विदधती तर्कमप्यत्रादर्तव्यं दर्शयति; अतस्तर्कनिमित्तः पुनराक्षेपः क्रियते **'न विलक्षणत्वादस्य'** इति ॥

यदुक्तम् चेतनं ब्रह्म जगतः कारणं प्रकृतिः इति, तन्नोपपद्यते; कस्मात् ? विलक्षणत्वादस्य विकारस्य प्रकृत्याः ।— इदं हि ब्रह्मकार्यत्वेनाभिप्रेयमाणं जगद्ब्रह्मविलक्षणमचेतनमशुद्धं च दश्यते; ब्रह्म च जगद्विलक्षणं चेतनं शुद्धं च श्रूयते; न च विलक्षणत्वे प्रकृतिविकारभावो दृष्टः; न हि रुचकादयो विकारा मृत्प्रकृतिका भवन्ति, शरावादयो वा सुवर्णप्रकतिकाः : मृदैव तु मृदन्विता विकाराः क्रियन्ते, सुवर्णेन च सुवर्णान्विताः; तथेदमपि जगदचेतनं सुखदुःखमोहान्वितं सत् अचेतनस्यैव सुखदुःखमोहात्मकस्य कारणस्य कार्यं भवितुमर्हति, न विलक्षणस्य ब्रह्मणः । ब्रह्मविलक्षणत्वं चास्य जगतोऽशुद्ध्यचेतनत्वदर्शनादवगन्तव्यम्— अशुद्धं हीदं जगत् सुखदुःखमोहात्मकतया प्रतीयते, प्रीतिपरितापविषादादिहेतुत्वात्स्वर्गनरकाद्युच्चावचप्रपञ्चत्वाच्च; अचेतनं चेदं जगत् चेतनं प्रति कार्यकारणभावेनोपकरणभावोपगमात् । न हि साम्ये सत्युपकार्योपकारकभावो भवति; न, हि प्रदीपौ परस्परस्योपकुरुतः। ननु चेतनमपि कार्यकारणं स्वामिभृत्यन्यायेन भोक्तुरुपकरिष्यति; न स्वामिभृत्ययोरप्यचेतनांशस्यैव चेतनं प्रत्युपकारकत्वात्; यो

પરિહાર કર્યો. હવે તર્કનિમિત્ત આક્ષેપનો પરિહાર (નિરાકરણ) થાય છે. પણ આ અવધારણ કરેલા આગમના (શાસ્ત્રના) અર્થમાં તર્કનિમિત્ત આક્ષેપનો અવકાશ શાથી, કારણ કે ધર્મમાં છે તેમ બ્રહ્મમાં શાસ્ત્ર અપેક્ષારહિત થાય એ યુક્ત છે. અન્ય પ્રમાણથી જેમાં અવગાહન ન થઈ શકે એવો, આગમમાત્રથી પ્રમેય (જ્ઞેય, સત્ય, જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય) એ અર્થ હોય તો એ દૃષ્ટાન્ત થાય, પણ બ્રહ્મનું તો પરિનિષ્પન્નસ્વરૂપ (પૂર્ણ કે સિદ્ધ સ્વરૂપ) સમજાય છે અને પરિનિષ્પંન્ન વસ્તુમાં અન્ય પ્રમાણનો અવકાશ છે, જેમ પૃથિવી આદિને વિષે છે તેમ. વળી જેમ શ્રુતિના પરસ્પર વિરોધમાં એકના સામર્થ્યથી અન્યને ગૌણ કરાય છે તેમ અન્ય પ્રમાણ સાથે શ્રુતિનો વિરોધ થતાં તેના બળથી જ શ્રુતિને ગૌણ કરવી યુક્ત છે. દૃષ્ટ અર્થના સાદૃશ્યથી અદૃષ્ટ અર્થનો બોધ કરતી યુક્તિ અનુભવની સમીપ છે. શ્રુતિ તો ઐતિહ્યમાત્રથી (જેનો પ્રવક્તા અનિર્દિષ્ટ છે એવાં પરંપરાગત વાક્યથી) સ્વાર્થનું અભિધાન કરે છે તેથી અનુભવથી દૂર છે, અને અવિદ્યાને નિવૃત્ત કરનાર અને મોક્ષના સાધન એવા બ્રહ્મવિજ્ઞાનનું ફળ દૃષ્ટ છે તેથી તે અનુભવમાં અવસાન પામે છે એમ ઇચ્છાય છે. 'श्रोतव्यो मन्तव्यः' (બૃહ.ઉપ. ૨-૪-૫) (શ્રવણ અને મનન કરવા યોગ્ય છે) એમ શ્રવણથી જુદું મનનનું વિધાન કરતી શ્રુતિ તર્કનો પણ આદર કરવો યુક્ત છે એમ દર્શાવે છે માટે 'न विलक्षणत्वादस्य' [બ્રહ્મ જગત્નું કારણ) નથી. એ વિલક્ષણ છે = જુદું છે માટે] એમ પુનઃ તર્કનિમિત્ત આક્ષેપ કરાય છે. ચેતન બ્રહ્મ જગત્નું કારણ-પ્રકૃતિ છે એમ જે કહ્યું છે તે અયોગ્ય છે શાથી ? એ વિકાર પ્રકૃતિથી વિલક્ષણ છે તેથી, કેમકે બ્રહ્મના કાર્ય તરીકે ઉદ્દિશ્યમાન જગત્ તે બ્રહ્મથી વિલક્ષણ, અચેતન અને અશુદ્ધ દેખાય છે, અને બ્રહ્મ જગત્થી વિલક્ષણ, ચેતન અને શુદ્ધ છે એમ શ્રુતિ કહે છે, અને વિલક્ષણપણામાં (ભિન્નપણામાં) પ્રકૃતિવિકૃતિભાવ જોવામાં આવતો નથી. ખરેખર, રુચક વગેરે વિકારોની પ્રકૃતિ મૃત્તિકા નથી કે શરાવ આદિની પ્રકૃતિ સુવર્ણ નથી. મૃત્તિકાથી અન્વિત વિકારો મૃત્તિકાથી (જોડાયેલા) જ રચાય છે અને સુવર્ણથી અન્વિત વિકારો સુવર્ણથી જ રચાય છે. તેમજ આ જગત્ પણ અચેતન અને સુખદુઃખમોહથી અન્વિત થયેલું હોવાને લીધે અચેતન અને સુખદુઃખમોહાત્મક કારણનું જ કાર્ય થાય એ યુક્ત છે, વિલક્ષણ બ્રહ્મનું કાર્ય થાય એ યોગ્ય નથી, અને એ જગત્ બ્રહ્મથી જુદું છે એ તો એમાં અશુદ્ધિ, અચેતનત્વ આદિ જોવામાં આવે છે તેથી સમજવાનું છે. ખરેખર, જગત્ અશુદ્ધ છે, કેમકે સુખદુઃખમોહાત્મક છે, પ્રીતિ, પરિતાપ, વિષાદ (ભ્રમ) આદિનો હેતુ છે અને સ્વર્ગ, નરક આદિ અનેક પ્રકારના પ્રપંચવાળું છે. વળી જગત્ અચેતન છે, કેમકે ચેતન પ્રતિ કાર્યકારણભાવથી ઉપકરણભાવ પામે છે, કારણ કે સામ્ય (સરખાપણું) હોય તો ઉપકાર્યોપકારક ભાવ (એક ઉપકાર્ય હોય અને બીજું ઉપકારક હોય એવો ભાવ) હોતો નથી. ખરેખર, બે દીવાઓ એકબીજાને ઉપકારક થતા નથી. પણ ચેતન પણ કાર્યકારણ સ્વામિસેવકના ન્યાયથી ભોક્તાને ઉપકારક થશે. ના, કેમકે સ્વામિસેવકમાં પણ અચેતન અંશ જ ચેતન પ્રત્યે ઉપકારક થાય છે. ખરેખર, એક ચેતનનો પરિગ્રહ, બુદ્ધિ આદિ જે અચેતન ભાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ह्येकस्य चेतनस्य परिग्रहो बुद्ध्यादिरचेतनभागः स एवान्यस्य चेतनस्योपकरोति, न तु स्वयमेव चेतनश्चेतनान्तरस्योपकरोत्यपकरोति वा; निरतिशया ह्यकर्तारश्चेतना इति सांख्या मन्यन्ते; तस्मादचेतनं कार्यकारणम् । न च काष्ठलोष्टादीनां चेतनत्वे किंचित्प्रमाणमस्ति; प्रसिद्धश्चायं चेतनाचेतनविभागो लोके । तस्मादब्रह्मविलक्षणत्वान्नेदं जगत्तत्प्रकृतिम्, योऽपि कश्चिदाचक्षीत श्रुत्वा जगतश्चेतनप्रकृतिकतां तद्बलेनैव समस्तं जगच्चेतनमवगमिष्यामि, प्रकृतिरूपस्य विकारेऽन्वयदर्शनात्; अविभावनं तु चैतन्यस्य परिणाममविशेषाद्भविष्यति; यथा स्पष्टचैतन्यानामप्यात्मनां स्वापमूर्छाद्यवस्थासु चैतन्यं न विभाव्यते, एवं काष्ठलोष्टादीनामपि चैतन्यं न विभावयिष्यते; एतस्मादेव च विभाविताविभावितत्वकृताद्विशेषाद्रूपादिभावाभ्यां च कार्यकारणानामात्मनां च चेतनत्ववाविशेषेऽपि गुणप्रधानभावो न विरोत्स्यते; यथा च पार्थिवत्वाविशेषेऽपि मांससूपौदनादीनां प्रत्यात्मवर्तिनो विशेषात्परस्परोपकारित्वं भवति, एवमिहापि भविष्यति ; प्रविभागप्रसिद्धिरप्यत एव न विरोत्स्यत इति—तेनापि कथंचिच्चेतनत्वाचेतनत्वलक्षणं विलक्षणत्वं परिह्रियेत; शुद्ध्यशुद्धित्वलक्षणं तु विलक्षणत्वं नैव परिह्रितयते । न चेतरदपि विलक्षणत्वं परिहर्तुं शक्यत इत्याह—तथात्वं च शब्दादिति । अनवगम्यमानमेव हीदं लोके समस्तस्य वस्तुनश्चेतनत्वं चेतनप्रकृतिकत्वश्रवणाच्छब्दशरणतया केवलयोत्प्रेक्ष्यते; तच्च शब्देनैव विरुध्यते, यतः शब्दादपि तथात्वमवगम्यते; तथात्वमिति प्रकृतिविलक्षणत्वं कथयति; शब्द एव '**विज्ञानं चाविज्ञानं च**' (तैत्ति.उप.२-६) इति कस्यचिद्विभागस्याचेतनतां श्रावयंश्चेतनाद्ब्रह्मणो विलक्षणमचेतनं जगच्छ्रावयति ॥

ननु चेतनत्वमपि क्वचिदचेतनत्वाभिमतानां भूतेन्द्रियाणां श्रूयते— यथा '**मृदब्रवीत**' (श.ब्रा.६-१-३-२) '**आपोऽब्रुवन्**' (श.ब्रा. ६-१-३-४) इति '**तत्तेज ऐक्षत**' (छा.उप.६-२-३) '**ता आप ऐक्षन्त**' (छा.उप.६-२-४) इति चैवमाद्या भूतविषया चेतनत्वश्रुतिः; इन्द्रियविषया अपि— '**ते हेमे प्राणा अहंश्रेयसे विवदमाना ब्रह्म जग्मुः**' (बृह. उप.६-१-७) इति, 'ते ह

છે તે જ, અન્ય ચેતનનો ઉપકારક થાય છે, પણ ચેતન સ્વયં અન્ય ચેતનનો ઉપકારક કે અપકારક થતો નથી, કારણ કે ચેતન અતિશયરહિત અને અકર્તા છે એવું સાંખ્યો માને છે. માટે કાર્યકારણ અચેતન છે. વળી લાકડું, માટીનું ઢેફું આદિના ચેતનપણા વિષે કંઈ પ્રમાણ નથી, અને લોકમાં ચેતન અને અચેતનનો એ વિભાગ પ્રસિદ્ધ છે. માટે બ્રહ્મથી વિલક્ષણ હોવાથી આ જગત્‌ની પ્રકૃતિ બ્રહ્મ નથી. જે કોઈ એમ કહે કે જગત્‌ની પ્રકૃતિ ચેતન છે એવું શ્રુતિથી જાણી તેના બળથી જ સમસ્ત જગત્ ચેતન છે એમ સમજીશ, કેમકે પ્રકૃતિના રૂપનો વિકારમાં અન્વય જોવામાં આવે છે અને વિશેષ પરિણામને લીધે ચૈતન્ય અભિવ્યક્ત થતું નથી, જેમ જેમાં સ્પષ્ટ ચૈતન્ય છે એવા આત્માઓનું પણ ચૈતન્ય સ્વાપ, મૂર્ચ્છા વગેરે અવસ્થાઓમાં અભિવ્યક્ત થતું નથી તેમ લાકડું, માટીનું ઢેફું વગેરેનું પણ ચૈતન્ય અભિવ્યક્ત નહીં થાય, અને એ જ અભિવ્યક્તિ અને અનભિવ્યક્તિએ કરેલા વિશેષને લીધે અને રૂપાદિના ભાવ અને અભાવને લીધે કાર્યકારણ અને આત્માઓમાં ચેતનત્વનો વિશેષ નથી (=ચેતનત્વ સમાન છે) તો પણ ગુણ અને પ્રધાન ભાવમાં વિરોધ થશે નહીં, જેમ પાર્થિવત્વનો વિશેષ નથી તો પણ માંસ, સૂપ, ઓદન આદિના પ્રત્યાત્મામાં રહેલા વિશેથી પરસ્પર ઉપકારકત્વ થાય છે એમ અહીં પણ થશે અને પ્રસિદ્ધ વિભાગને પણ એથી જ વિરોધ આવશે નહીં – એમ જો કોઈ કહે તો તેથી પણ કોઈક પ્રકારે ચેતનત્વ અને અચેતનત્વથી લક્ષિત વિલક્ષણપણાનો પરિહાર થાય, પણ શુદ્ધિ અને અશુદ્ધિથી લક્ષિત થયેલા વિલક્ષણપણાનો પરિહાર તો ન જ થાય. તથા બીજા વિલક્ષણપણાનો પણ પરિહાર કરવો શક્ય નથી એમ કહે છે – 'तथात्वं च शब्दात्' [**અને વિલક્ષણપણું શ્રુતિથી (જણાય છે)**] લોકમાં સમસ્ત વસ્તુનું ચેતનપણું જે સમજાતું નથી જ તેની, પ્રકૃતિ ચેતન છે એમ શ્રુતિમાં છે તેથી કેવળ શ્રુતિને શરણે રહી ઉત્પ્રેક્ષા કરવામાં આવે તો તે શ્રુતિથી જ વિરુદ્ધ છે, કેમકે શ્રુતિથી પણ તેવું સ્વરૂપ સમજાય છે. 'તેવું સ્વરૂપ' એટલે પ્રકૃતિથી વિલક્ષણપણું કહે છે. 'विज्ञानं चाविज्ञानं च' (તૈત્તિ.ઉપ. ૨-૬) '**વિજ્ઞાન અને અવિજ્ઞાન**' એમ કોઈક વિભાગની અચેતનતા પ્રતિપાદન કરતી શ્રુતિ જ ચેતન બ્રહ્મથી જગત્ જુદું-અચેતન છે એમ પ્રતિપાદન કરે છે ॥૪॥

પણ અચેતન તરીકે મનાયેલાં ભૂત અને ઇન્દ્રિયોનું ચેતનત્વ પણ ક્યારેક શ્રુતિમાં જોવામાં આવે છે, 'मृदब्रवीत्' (શ૦પ૦બ્રા૦ ૬-૧-૩-૨) '**મૃત્તિકા બોલી**', 'आपोऽब्रुवन्' (શ.પ.બ્રા. ૬-૧-૩-૪) '**પાણી બોલ્યું**' એમ અને 'तत्तेज ऐक्षत' (છા૦ ૬-૨-૩) '**તે તેજે જોયું**', 'ता आप ऐक्षन्त' (છા.ઉપ. ૬-૨-૪) '**તે પાણીએ જોયું**' ઇત્યાદિ, ભૂતો વિષે ચેતનત્વશ્રુતિ છે. ઇન્દ્રિય વિષે પણ છે, જેમકે 'ते हेमे प्राणा अहंश्रेयस् विवदमाना ब्रह्म जग्मुः' (બૃહ.ઉપ. ૬-૧-૭) '**ખરેખર, તે એ પ્રાણો પોતાની શ્રેષ્ઠતા માટે વિવાદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वाचमूचुस्त्वं न उद्गायेति' (बृह.उप.१-३-२)इत्येवमाद्येन्द्रियविषयति । अत उत्तरं पठति—

अभिमानिव्यपदेशस्तु विशेषानुगतिभ्याम् ॥ ५ ॥

तु-शब्द आशङ्कामपनुदति । न खलु **'मृदब्रवीत्'** (श.ब्रा.६-१-३-२) इत्येवंजातीयकया श्रुत्या भूतेन्द्रियाणां चेतनत्वमाशङ्कनीयम्, यतोऽभिमानिव्यपदेश एषः; मृदाद्यभिमानिन्यो वागाद्यभिमानिन्यश्च चेतनादेवता वदनसंवदनादिषु चेतनोचितेषु व्यवहारेषु व्यपदिश्यन्ते, न भूतेन्द्रियमात्रम्; कस्मात् ? विशेषानुगतिभ्याम्— विशेषो हि भोक्तृणां भूतेन्द्रियाणां च चेतनाचेतनप्रविभागलक्षणः प्रागभिहितः; सर्वचेतनतायां चासौ नोपपद्येत; अपि च कौषीतकिनः प्राणसंवादे करणमात्राशङ्काविनिवृत्तयेऽधिष्ठातृचेतनपरिग्रहाय देवताशब्देन विशिषन्ति— **'एता ह वै देवता अहंश्रेयसे विवदमानाः'** इति, **'ता वा एताः सर्वा देवताः प्राणे निःश्रेयसं विदित्वा'** (कौ.उप.२-१४) इति च; अनुगताश्च सर्वत्राभिमानिन्यश्चेतना देवता मन्त्रार्थवादेतिहासपुराणादिभ्योऽवगम्यन्ते- **'अग्निर्वाग्भूत्वा मुखं प्राविशत्'** (ऐ.आ.२-४-२४) इत्वेमंवादिका च श्रुतिः करणेष्वनुग्राहिकां देवतामनुगतां दर्शयति । प्राणसंवादवाक्यशेषे च— **'ते ह प्राणाः प्रजापतिं पितरमेत्योचुः'** (छा.उप.५-१-७)इति श्रेष्ठत्वनिर्धारणाय प्रजापतिगमनम्, तद्वचनाच्चैकैकोत्क्रमणेनान्वयव्यतिरेकाभ्यां प्राणश्रैष्ठ्यप्रतिपत्तिः, **'तस्मै बलिहरणम्'** (बृह.उप. ६-१-१३) इति चैवंजातीयकोऽस्मदादिष्विव व्यवहारोऽनुगम्यमानोऽभिमानिव्यपदेशां द्रढयति; **'तत्तेज ऐक्षत'** (छा.उप.६-२-३)इत्यपि परस्या एव देवताया अधिष्ठाया स्वविकारेष्वनुगताया इयमीक्षा व्यपदिश्यत इति द्रष्टव्यम् । तस्माद्विलक्षणमेवेदं ब्रह्मणो जगत्; विलक्षणत्वाच्च न ब्रह्मप्रकृतिकमित्याक्षिप्ते, प्रतिविधत्ते ॥५॥

કરતા બ્રહ્મ પાસે ગયા', 'ते ह वाचमूचुस्त्वं च उद्गायति' (બૃહ.ઉપ. ૧-૩-૨) [તે દેવોએ આ પ્રમાણે (નિશ્ચય કરીને) વાણીની આભિમાનિની દેવતાને કહ્યું, તું અમારે માટે ઉદ્‌ગાતૃનું કાર્ય કર એમ] ઇત્યાદિ ઈન્દ્રિય વિષે ચેતનત્વશ્રુતિ છે. આથી પછીનું સૂત્ર કહેવામાં આવે છે –

પણ અભિમાનિની (અધિષ્ઠાત્રી) દેવતાઓનું અભિધાન છે, વિશેષ (=ભેદ) અને અનુમતિથી ॥૫॥

'तु' શબ્દ સંશયનું નિરાકરણ કરે છે. 'मृदब्रवीत्' (શ.બ્રા.૬-૧-૩-૨) **(મૃત્તિકા બોલી)** એવા પ્રકારની શ્રુતિથી ભૂત અને ઈન્દ્રિયો ચેતન છે. એમ, ખરેખર, શંકા કરવાની નથી, કેમકે એ અધિષ્ઠાત્રી દેવતાનું અભિધાન છે. મૃત્તિકા આદિની અને વાણી આદિની અધિષ્ઠાત્રી ચેતન દેવતાઓનું, વદન, સંવદન આદિ ચેતનના ઉચિત વ્યવહારને વિષે, અભિધાન છે, ભૂત અને ઈન્દ્રિયનું જ નથી. શાથી ? વિશેષ અને અનુગતિથી. ભોક્તા, ભૂતને ઈન્દ્રિયો વચ્ચે ચેતન અને અચેતન વિભાગથી લક્ષિત થયેલો ભેદ પૂર્વે કહ્યો છે, અને સર્વ ચેતન હોય તો એ ભેદ ઉપપન્ન થાય નહીં. વળી કૌષીતકિના પ્રાણવિષયક સંવાદમાં ઈન્દ્રિયમાત્રની આશંકા નિવૃત્ત કરવા માટે અને ચેતન અધિષ્ઠાતાનું પરિગ્રહણ કરવા માટે દેવતા શબ્દથી વિશિષ્ટ કરે છે – 'एता ह वै देवता अहंश्रेयस् विवदमानाः' **'ખરેખર, એ દેવતાઓ પોતાની શ્રેષ્ઠતા માટે વિવાદ કરતી'** એમ અને 'ता वा एताः सर्वा देवताः प्राणे निःश्रेयसं विदित्वा' (૨-૪) **'તે એ સર્વે દેવતાઓએ પ્રાણની શ્રેષ્ઠતા જાણીને'** એમ. સર્વત્ર અનુગત થયેલી અધિષ્ઠાત્રી ચેતન દેવતાઓ મન્ત્ર, અર્થવાદ, ઈતિહાસ, પુરાણ આદિથી સમજાય છે. 'अग्निर्वाग्भूत्वा मुखं प्राविशत्' (ઐ. બ્રા. ૨-૪-૨૪) **'અગ્નિ વાણી થઈને મુખમાં પ્રવેશ્યો'** ઈત્યાદિ. શ્રુતિ ઈન્દ્રિયોને વિષે અનુગ્રાહક દેવતાને અનુગત થયેલી દર્શાવે છે. વળી પ્રાણ વિષયક સંવાદના વાક્યશેષમાં 'ते ह प्राणाः प्रजापतिं पितरमेत्योचुः' (છાન્દો.ઉપ. ૫-૧-૭) **'ખરેખર, તે પ્રાણોએ પ્રજાપતિ પિતા પાસે જઈને કહ્યું'** એમ શ્રેષ્ઠત્વ નક્કી કરવા માટે પ્રજાપતિ પાસે જવું અને તેના વચનથી પ્રત્યેકના ઉત્ક્રમણથી અન્વયવ્યતિરેકથી પ્રાણની શ્રેષ્ઠત્વની પ્રતીતિ, અને 'तस्मै बलिहरणम्' (બૃહ.ઉપ. ૬-૧-૧૩) **'તેને માટે બલિ લઈ જવું'** એવા પ્રકારનો આપણો અને બીજાનો વ્યવહાર જે સમજાય છે તે અધિષ્ઠાતાનો વ્યપદેશ દૃઢ કરે છે. 'तत्तेज ऐक्षत' (છા.ઉપ. ૬-૨-૩) **'તે તેજે જોયું'** એ પણ પોતાના વિકારોને વિષે અનુગત થયેલી પર અધિષ્ઠાત્રી દેવીના જ એ ઈક્ષણનું અભિધાન છે એમ સમજવું. માટે એ જગત્ બ્રહ્મથી વિલક્ષણ જ છે અને વિલક્ષણ (ભિન્ન) હોવાથી જ બ્રહ્મ એની પ્રકૃતિ નથી. એમ આક્ષેપ થતાં પ્રતિવિધાન કરે છે. ॥૫॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दृश्यते तु ॥ ६ ॥

तु-शब्दः पक्षं व्यावर्तयति । यदुक्तम् विलक्षणत्वान्नेदं जगद्ब्रह्मप्रकृतिकम् इति, नायमेकान्तः ; दश्यते हि लोके— चेतनत्वेन प्रसिद्धेभ्यः पुरुषादिभ्यो विलक्षणानां केशनखादीनामुत्पत्तिः, अचेतनत्वेन च प्रसिद्धेभ्यो गोमयादिभ्यो वृश्चिकादीनाम् । नन्वचेतनान्येव पुरुषादिशरीराण्यचेतनानां केशनखादीनां कारणानि, अचेतनान्येव च वृश्चिकादिशरीराण्यचेतनानां गोमयादीनां कार्याणीति; उच्यते— एवमपि किंचिदचेतनं चेतनस्यायतनभावमुपगच्छति किंचिन्नेत्यस्त्येव वैलक्षण्यम् । महांश्चायं पारिणामिकः स्वभावविप्रकर्षः पुरुषादीनां केशनखादीनां च रुपादिभेदात्, तथा गोमयादीनां वृश्चिकादीनां च । अत्यन्तसारूप्ये च प्रकृतिविकारभाव एव प्रलीयेत । अथोच्येत— अस्ति कश्चित्पार्थिवत्वादिस्वभावः पुरुषादीनां केशनखादिष्वनुवर्तमानो गोमयादीनां च वृश्चिकादिष्विति; ब्रह्मणोऽपि तर्हि सत्तालक्षणः स्वभाव आकाशादिष्वनुवर्तमानो दृश्यते । विलक्षणत्वेन च कारणेन ब्रह्मप्रकृतित्वं जगतो दूषयता किमशेषस्य ब्रह्मस्वभावस्याननुवर्तनं विलक्षणत्वमभिप्रेयते, उत यस्य कस्यचित् ? अथ अथचैतन्यस्येति वक्तव्यम्— प्रथमे विकल्पे समस्तप्रकृतिविकारभावोच्छेदप्रसङ्गः; न ह्यसत्यतिशये प्रकृतिविकारभाव इति भवति । द्वितीये चासिद्धत्वम् ; दश्यते हि सत्तालक्षणो ब्रह्मस्वभाव आकाशादिष्वनुवर्तमान इत्युक्तम् । तृतीये तु दष्टान्ताभावः; किं हि यच्चैतन्येनानन्वितं तदब्रह्मप्रकृतिकं दृष्टमिति ब्रह्मकारणवादिनं प्रत्युदाह्रियेत, समस्तस्यास्य वस्तुजातस्य ब्रह्मप्रकृतिकत्वाभ्युपगमात् । आगमविरोधस्तु प्रसिद्ध एव, चेतनं ब्रह्म जगतः कारणं प्रकृतिश्चेत्यागमतात्पर्यस्य प्रसाधितत्वात् । यत्तूक्तं परिनिष्पन्नत्वादब्रह्मणि प्रमाणान्तराणि संभवेयुरिति, तदपि मनोरथमात्रम्; रूपाद्यभावाद्धि नायमर्थः प्रत्यक्षस्य गोचरः; लिङ्गाद्यभावाच्च नानुमानादीनाम्; आगममात्रसमधिगम्य एव त्वयमर्थो धर्मवत् ; तथा च श्रुतिः— **'नैषा तर्केण मतिरापनेया प्रोक्तान्येनैव सुज्ञानाय प्रेष्ठ'** (काठ.उप. १-२-९) इति; **'को अद्धा वेद क इह**

પરંતુ દેખાય છે ॥૬॥

'તુ' શબ્દ પૂર્વપક્ષની વ્યાવૃત્તિ (ભિન્નતા) કરે છે. વિલક્ષણપણાથી એ જગત્ બ્રહ્મ પ્રકૃતિવાળું નથી, એમ જે કહ્યું છે તે એકાન્ત (સાર્વત્રિક) નથી, કેમકે લોકમાં ચેતન તરીકે પ્રસિદ્ધ પુરુષાદિથી વિલક્ષણ કેશ, નખ આદિની ઉત્પત્તિ દેખાય છે અને અચેતન તરીકે પ્રસિદ્ધ ગોમય (છાણ) આદિથી વીંછી આદિની ઉત્પત્તિ દેખાય છે. પણ પુરુષાદિમાં અચેતન શરીરો જ અચેતન કેશ, નખ આદિનાં કારણ છે અને વીંછી આદિનાં અચેતન શરીર જ ગોમય આદિનાં કાર્ય છે. કહીએ છીએ - એમ પણ કંઈક અચેતન (જડ) ચેતનનો સ્થાનભાવ પામે છે અને કંઈક નથી પામતું એમ વિલક્ષણપણું છે જ. વળી પરિણામાત્મક સ્વભાવનો બહુ જ અન્તર છે, કારણ કે પુરુષ આદિ અને કેશ, નખ આદિના સ્વરૂપ આદિમાં ભેદ છે, તેમજ ગોમય વગેરે અને વીંછી વગેરેમાં સ્વરૂપ આદિમાં ભેદ છે. અત્યન્ત સમાન રૂપ હોય તો પ્રકૃતિ-વિકૃતિભાવ જ પ્રલય પામે. પણ પુરુષ વગેરેનો કંઈક પાર્થિવત્વ (પૃથ્વીનો વિકાર) આદિ સ્વભાવ કેશ, નખ આદિમાં અનુવર્તમાન છે અને ગોમય આદિનો પણ પાર્થિવત્વ વગેરે સ્વભાવ વીંછી આદિમાં અનુવર્તમાન છે એવું જો કેહવાય તો બ્રહ્મનો પણ સત્તાત્મક સ્વભાવ આકાશ આદિમાં અનુવર્તમાન જોવામાં આવે છે. વળી કારણ વિલક્ષણ હોવાથી જગત્ના બ્રહ્મ પ્રકૃતિત્વમાં દોષ જોનારે કહેવું જોઈએ કે અશેષ (સંપૂર્ણ) બ્રહ્મસ્વભાવની અનુગતિનો અભાવ વિલક્ષણપણા તરીકે અભિપ્રેત છે કે ગમે તે કોઈ સ્વભાવની અનુગતિનો અભાવ કે ચૈતન્યની અનુગતિનો અભાવ ? પ્રથમ પક્ષમાં સમસ્ત પ્રકૃતિવિકૃતિભાવના ઉચ્છેદનો પ્રસંગ આવે, અને દ્વિતીય પક્ષ અસિદ્ધ છે, (સિદ્ધ થઈ શકે તેમ નથી) કેમકે સત્તાત્મક બ્રહ્મસ્વભાવ આકાશ આદિમાં અનુવર્તન પામતો જોવામાં આવે છે એમ કહ્યું છે. તૃતીય પક્ષમાં તો ઉદાહરણનો અભાવ છે. ખરેખર, જે ચૈતન્યથી જોડાયેલું નથી તે બ્રહ્મપ્રકૃતિ જોવામાં આવતું નથી એમ કયું પ્રત્યુદાહરણ બ્રહ્મવાદી પ્રત્યે આપશો ? કારણ કે સમગ્ર વસ્તુસમૂહ બ્રહ્મપ્રકૃતિ છે એમ તે સ્વીકારે છે. શાસ્ત્રવિરોધ તો પ્રસિદ્ધ જ છે, કેમકે ચેતન બ્રહ્મ જગત્નું કારણ અને પ્રકૃતિ છે એ આગમ(શાસ્ત્ર)નું તાત્પર્ય છે એમ સિદ્ધ કર્યું છે. બ્રહ્મ પરિનિષ્પન્ન હોવાથી તેનામાં અન્ય પ્રમાણો સંભવે એમ જે કહ્યું છે તે પણ મનોરથમાત્ર છે, કેમકે રૂપ વગેરે અભાવ હોવાથી બ્રહ્મ એ વસ્તુ પ્રત્યક્ષ પ્રમાણનો વિષય નથી, અને લિંગ આદિના અભાવથી અનુમાન આદિનો વિષય નથી. એ અર્થ તો ધર્મની જેમ આગમમાત્રથી સમધિગમ્ય (અર્થાત્ પ્રાપ્ત કરી શકાય એવો) છે. તેમજ શ્રુતિ છે – 'नैषा तर्केण मतिरापनेया प्रोक्तान्येनैव सुज्ञानाय प्रेष्ठ' (કાઠ૦ ૧-૨-૯) **[હે પ્રિયતમ, એ મતિ તર્કથી પ્રાપ્ત કે દૂર કરી શકાય એવી નથી (કુતાર્કિકથી) અન્યે જ કહેલી મતિ સુજ્ઞાન માટે થાય છે]** એમ. 'को अद्धा वेद क इह प्रवोचत्' (ઋ૦સં૦ ૧-૩૦) **'કોણ સાક્ષાત્ જાણે છે અને અહીં કોણ (તે સૃષ્ટિ) સમજાવી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रवोचत्' (ऋ.सं. १-३०) '**इयं विसृष्टिर्यत आबभूव**' (ऋ.सं. १-६) इति चैते ऋचौ निजसिद्धानामपीश्वराणां दुर्बोधतां जगत्कारणस्य दर्शयतः : स्मृतिरपि भवति— '**अचिन्त्याः खलु ये भावा न ताँस्तर्केण योजयेत्**' इति, '**अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते**' (ऋ.सं. १-३०) इति च, '**न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः । अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः**' (भ.गी. १०-२) इति चैवंजातीयका । यदपि श्रवणव्यतिरेकेण मननं विदधच्छब्द एव तर्कमप्यादर्तव्यं दर्शयतीत्युक्तम्, नानेन मिषेण शुष्कतर्कस्यात्रात्मलाभः संभवति; श्रुत्यनुगृहीत एव ह्यत्र तर्कोऽनुभवाङ्गत्वेनाश्रीयते— स्वप्नान्तबुद्धान्तयोरुभयोरितरेतरव्यभिचारादात्मनोऽनन्वागतत्वम्, संप्रसादे च प्रपञ्चपरित्यागेन सदात्मना संपत्तेर्निष्प्रपञ्चसदात्मकत्वम्, प्रपञ्चस्य ब्रह्मप्रभवत्वात्कार्यकारणानन्यत्वन्यायेन ब्रह्माव्यतिरेकः— इत्येवंजातीयकः; तर्काप्रतिष्ठानादिति (ब्र.सू. २-१-११) च केवलस्य तर्कस्य विप्रलम्भकत्वं दर्शयिष्यति । योऽपि चेतनकारणश्रवणबलेनैव समस्तस्य जगतश्चेतनतामुत्प्रेक्षेत, तस्यापि '**विज्ञानं चाविज्ञानं च**' इति चेतनाचेतनविभागश्रवणं विभावनाविभावनाभ्यां चैतन्यस्य शक्यत एव योजयितुम् । परस्यैव त्विदमपि विभागश्रवणं न युज्यते, कथम् ? परमकारणस्य ह्यत्र समस्तजगदात्मना समवस्थानं श्राव्यते— '**विज्ञानं चाविज्ञानं चाभवत्**' इति । तत्र यथा चेतनस्याचेतनभावो नोपपद्यते विलक्षणत्वात्, एवमचेतनस्यापि चेतनभावो नोपपद्यते । प्रत्युक्तत्वात्तु विलक्षणत्वस्य यथा श्रुत्यैव चेतनं कारणं ग्रहीतव्यं भवति ॥६॥

असदिति चेन्न प्रतिषेधमात्रत्वात् ॥ ७ ॥

यदि चेतनं शुद्धं शब्दादिहीनं च ब्रह्म तद्विपरीतस्याचेतनस्याशुद्धस्य शब्दादिमतश्च कार्यस्य कारणमिष्येत, असत्तर्हि

છે' 'इयं विसृष्टिर्यत आबभूव' (ઋ૦સં૦ ૧-૬) '**આ વિવિધ સૃષ્ટિ જેનાથી ઉત્પન્ન થઈ**' એ બે ઋચાઓ જગત્‌નું કારણ સિદ્ધ ઈશ્વરોને પણ દુર્બોધ છે એમ દર્શાવે છે. સ્મૃતિ પણ છે – 'अचिन्त्याः खलु ये भावा न तांस्तर्केण योजयेत्' '**ખરેખર, જે પદાર્થો અચિન્ત્ય છે તેને તર્ક સાથે જોડવા યોગ્ય નથી**' અને 'अव्ययक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते' (ગી૦ ૨-૨૫) '**એ અવ્યક્ત છે, એ અચિન્ત્ય છે, અને એ અવિકાર્ય (વિકાર ન પામી શકે એવો) કહેવાય છે**' એમ, અને 'न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः । अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥' (ગી૦ ૧૦-૨) '**દેવગણો કે મહર્ષિઓ મારો જન્મ જાણતા નથી, ખરેખર, હું સર્વશઃ દેવોનો અને મહર્ષિઓનો આદિ છું**' એવા પ્રકારની. શ્રવણથી ભિન્ન મનનનું વિધાન કરતી શ્રુતિ જ તર્કનો પણ આદર કરવો એમ દર્શાવે છે એમ જે કહ્યું છે એ વિધાનના નિમિત્તથી અહીં શુષ્ક તર્કનો આત્મલાભ સંભવતો નથી. ખરેખર, શ્રુતિએ અનુગ્રહ કરેલો જ તર્કનો અહીં અનુભવના અંગ તરીકે આશ્રય કરવામાં આવે છે – સ્વપ્નાવસ્થા અને જાગ્રત્ અવસ્થા એ બંનેમાં પરસ્પર વ્યભિચાર હોવાને લીધે આત્મા એથી અસંસ્પૃષ્ટ છે, સુષુપ્તિમાં પ્રપંચનો પરિત્યાગ હોવાથી આત્મા સત્સ્વરૂપ આત્મા સાથે પૃથક્ થઈ નિષ્પ્રપંચબ્રહ્મસ્વરૂપ થાય છે, અને પ્રપંચ બ્રહ્મમાંથી જન્મ પામે છે તેથી કાર્યકારણ અનન્ય એટલે કે અભિન્ન છે એ ન્યાયે બ્રહ્મથી અવ્યતિરિક્ત (અભિન્ન) છે એવા પ્રકારના તર્કનો. 'तर्काप्रतिष्ठानात्' (બ્ર૦સૂ૦ ૨-૧-૧૧) એ સૂત્રમાં કેવલ તર્ક પ્રમાપક (પ્રમાણ કરાવનાર) નથી એમ દર્શાવવામાં આવશે. જે કોઈ ચેતન કારણની શ્રુતિના બળથી જ સમસ્ત જગત્ ચેતન છે એમ કલ્પના કરે તેને પણ 'विज्ञानं चाविज्ञानं च' '**વિજ્ઞાન અને અવિજ્ઞાન**' એમ ચેતન અને જડના વિભાગની શ્રુતિની ચૈતન્યની અભિવ્યક્તિ અને અનભિવ્યક્તિથી યોજના કરવી શક્ય છે જ. પણ પરને જ (સાંખ્યને જ) એ પણ વિભાગશ્રુતિ યુક્ત નથી. શી રીતે ? કેમકે અહીં પરમ કારણ સમસ્તજગત્સ્વરૂપે સમવસ્થિત છે એમ 'विज्ञानं चाविज्ञानं चाभवत्' '**વિજ્ઞાન અને અવિજ્ઞાન થયું**' એ શ્રુતિ દર્શાવે છે. તેમાં જેમ વિલક્ષણપણાથી ચેતનનો અચેતનભાવ યોગ્ય થતો નથી, એમ અચેતન (જડનો) પણ ચેતનભાવ યોગ્ય થતો નથી. પણ વિલક્ષણપણાનું નિરાકરણ કર્યું તેથી શ્રુતિને અનુસરીને જ ચેતનકારણ ગ્રહણ કરવું ઉચિત લાગે છે ॥૬॥

(ઉત્પત્તિની પહેલાં કાર્ય) ન હોતું એમ કહેશો તો (અમે કહીએ છીએ કે) ના, કારણ કે પ્રતિષેધમાત્ર છે ॥૭॥

જો ચેતન, શુદ્ધ, શબ્દાદિરહિત બ્રહ્મ તેથી વિપરીત, અચેતન, અશુદ્ધ, શબ્દાદિયુક્ત કાર્યનું કારણ ઇચ્છાય તો ઉત્પત્તિની પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कार्यं प्रागुत्पत्तेरिति प्रसज्येत; अनिष्टं चैतत्सत्कार्यवादिनस्तवेति चेत्— नैष दोषः, प्रतिषेधमात्रत्वात्; प्रतिषेधमात्रं हीदम् ; नास्य प्रतिषेधस्य प्रतिषेध्यमस्ति; न ह्ययं प्रतिषेधः प्रागुत्पत्तेः सत्त्वं कार्यस्य प्रतिषेद्धुं शक्नोति । कथम् ? यथैव हीदानीमपीदं कार्यं कारणात्मना सत् , एवं प्रागुत्पत्तेरपीति गम्यते; न हीदानीमपीदं कार्यं कारणात्मानमन्तरेण स्वतन्त्रमेवास्ति— **'सर्वं तं परादाद्योऽन्यत्रात्मनः सर्वं वेद'** (बृह.उप. २-४-६) इत्यादिश्रवणात् ; कारणात्मना तु सत्त्वं कार्यस्य प्रागुत्पत्तेरविशिष्टम् । ननु शब्दादिहीन ब्रह्म जगतः कारणम्— बाढम्— न तु शब्दादिमत्कार्यं कारणात्मना हीनं प्रागुत्पत्तेरिदानीं वा अस्ति ; तेन न शक्यते वक्तुं प्रागुत्पत्तेरसत्कार्यमिति। विस्तरेण चैतत्कार्यकारणानन्यत्ववादे वक्ष्यामः ॥७॥

अपीतौ तद्वत्प्रसङ्गादसमञ्जसम् ॥ ८ ॥

अत्राह — यदि स्थौल्यसावयवत्त्वाचेतनत्वपरिच्छिन्नत्वाशुद्ध्यादिधर्मकं कार्यं ब्रह्मकारणकमभ्युपगम्येत, तदापीतौ प्रलये प्रतिसंसृज्यमानं कार्यं कारणाविभागमापद्यमानं कारणमात्मीयेन धर्मेण दूषयेदिति— अपीतौ कारणस्यापि ब्रह्मणः कार्यस्येवाशुद्ध्यादिरूपताप्रसङ्गात् सर्वज्ञं ब्रह्म जगतः कारणमित्यसमञ्जसमिदमौपनिषदं दर्शनम् । अपि च समस्तस्य विभागस्याविभागप्राप्तेः पुनरुत्पत्तौ नियमकारणाभावाद्भोक्तृभोग्यादिविभागेनोत्पत्तिर्न प्राप्नोतीत्यसमञ्जसम् । अपि च भोक्तॄणां परेण ब्रह्मणा अविभागं गतानां कर्मादिनिमित्तप्रलयेऽपि पुनरुत्पत्तावभ्युपगम्यमानायां मुक्तानामपि पुनरुत्पत्तिप्रङ्गादसमञ्जसम् । अथेदं जगदपीतावपि विभक्तमेव परेण ब्रह्मणावतिष्ठेत, एवमप्यपीतिश्च न संभवति कारणाव्यतिरिक्तं च कार्यं न संभवतीत्यसमञ्जसमेवेति॥८॥

अत्रोच्यते—-

न तु दृष्टान्तभावात् ॥ ९ ॥

કાર્ય ન હોતું એમ પ્રસંગ આવે, અને સત્કાર્યવાદી (કાર્ય ઉત્પત્તિપૂર્વે કારણરૂપે છે એમ માનનાર) એવો જે તું તે તને એ અનિષ્ટ થશે એમ કહેશો તો (અમે કહીએ છીએ કે) એ દોષ નથી, કારણ કે પ્રતિષેધમાત્ર છે. ખરેખર એ પ્રતિષેધ માત્ર છે, એ પ્રતિષેધનું કંઈ પ્રતિષેધ્ય (જેનો પ્રતિષેધ કર્યો હોય તે) નથી. એ પ્રતિષેધ કંઈ ઉત્પત્તિપૂર્વે કાર્યના સત્ત્વનો પ્રતિષેધ કરવા શક્તિમાન્ નથી. કેવી રીતે ? કેમકે જેવી રીતે અત્યારે પણ એ કાર્ય કારણસ્વરૂપે વિદ્યમાન છે એવી રીતે ઉત્પત્તિની પૂર્વે પણ વિદ્યમાન છે એમ સમજાય છે. અત્યારે પણ કાર્ય કારણસ્વરૂપ વિનાનું સ્વતન્ત્ર નથી જ, કેમકે 'सर्वं तं परादाद्योऽन्यत्रात्मनः सर्वं वेद' (બૃહ.ઉપ. ૨-૪-૬) **'જે આત્માથી ભિન્ન સર્વને જાણે છે તેનું સર્વ પરાકરણ (=પુરુષાર્થ)થી ભ્રષ્ટ કરે છે'** એવી શ્રુતિ છે. ઉત્પત્તિપૂર્વે કાર્યના કારણસ્વરૂપે તો હોવામાં વિશેષ નથી. પણ શબ્દાદિરહિત બ્રહ્મ જગત્નું કારણ છે. હા, છે, પણ શબ્દાદિયુક્ત કાર્ય કારણસ્વરૂપથી રહિત ઉત્પત્તિની પૂર્વે કે હમણાં નથી, તેથી ઉત્પત્તિપૂર્વે કાર્ય અવિદ્યમાન છે એમ કહેવું શક્ય નથી. કાર્યકારણનું અનન્યત્વ કહીશું ત્યારે એ બાબતમાં વિગતે કહીશું ॥૭॥

પ્રલયમાં (કારણનો) તેની (કાર્યની) જેમ (અશુદ્ધિ આદિરૂપ)
પ્રસંગ આવવાથી (એ દર્શન અસમંજસ (અયુક્ત) છે ॥૮॥

અત્રે કહે છે - જો સ્થૂલતા, અવયવોથી યુક્તપણું, અચેતનત્વ, પરિચ્છિન્નત્વ (માપવાળું) અશુદ્ધિ વગેરે ધર્મવાળાં કાર્યનું કારણ બ્રહ્મ છે એમ સ્વીકારાય તો અપીતિમાં-પ્રલયમાં પ્રતિસંસર્ગ પામતું કાર્ય – કારણની સાથે અવિભાગ પામતું કાર્ય કારણને પોતાના ધર્મથી દૂષિત કરે, એમ પ્રલયમાં કારણબ્રહ્મને પણ કાર્યની જેમ અશુદ્ધિ આદિ રૂપનો પ્રસંગ આવવાથી સર્વજ્ઞ બ્રહ્મ જગત્નું કારણ છે એ ઉપનિષદ્નું દર્શન અયુક્ત છે. વળી સમસ્ત વિભાગનો અવિભાગ પ્રાપ્ત થતાં પુનરુત્પત્તિમાં નિયમકારણનો અભાવ હોવાથી ભોક્તૃ, ભોગ્ય આદિ વિભાગથી ઉત્પત્તિ પ્રાપ્ત થશે નહીં એમ અયુક્ત છે. વળી પર બ્રહ્મ સાથે અવિભાગ પામેલા ભોક્તાઓની કર્મ આદિ નિમિત્તનો પ્રલય થવાથી પણ પુનરુત્પત્તિ સ્વીકારાય તો મુક્તોને પણ પુનરુત્પત્તિનો પ્રસંગ આવવાથી અનુપપન્ન (અયોગ્ય) છે. જો આ જગત્ પ્રલયમાં પણ પર બ્રહ્મથી જુદું જ અવસ્થિત રહે તો એમ પણ પ્રલય સંભવતું નથી એમ અસંમજસ (અયોગ્ય) જ છે ॥૮॥

આ બાબતમાં કહીએ છીએ –

પણ (પ્રલયમાં કાર્ય કારણને દૂષિત કરતું) નથી, કારણ કે દૃષ્ટાન્ત છે ॥૯॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नैवास्मदीये दर्शने किंचिदसामञ्जस्यमस्ति। यत्तावदभिहितम्— कारणमपिगच्छत्कार्यं कारणमात्मीयेन धर्मेण दूषयेदिति, न तद्दूषणम्; कस्मात् दृष्टान्तभावात्— सन्ति हि दृष्टान्ताः, यथा कारणमपिगच्छत्कार्यं कारणमात्मीयेन धर्मेण न दूषयति; तद्यथा— शरावादयो मृत्प्रकृतिका विकारा विभागावस्थायामुच्चावचमध्यमप्रभेदाः सन्तः पुनः प्रकृतिमपिगच्छन्तो न तामात्मीयेन धर्मेण संसृजन्ति; रुचकादयश्च सुवर्णविकारा अपीतौ न पुनः सुवर्णमात्मीयेन धर्मेण संसृजन्ति; पृथिवीविकारश्चतुर्विधो भूतग्रामो न पृथिवीमपीतावात्मीयेन धर्मेण संसृजति; त्वत्पक्षस्य तु न कश्चिद्दृष्टान्तोऽस्ति; अपीतिरेव हि न संभवेत्, यदि कारणे कार्यं स्वधर्मेणैवावतिष्ठेत; अनन्यत्वेऽपि कार्यकारणयोः, कार्यस्य कारणात्मत्वम्, न तु कारणस्य कार्यात्मत्वम्— **'आरम्भणशब्दादिभ्यः'** (ब्र.सू. २-१-१४) इत्यत्र वक्ष्यामः । अत्यल्पं चेदमुच्यते— कार्यमपीतावात्मीयेन धर्मेण कारणं संसृजेदिति; स्थितावपि हि समानोऽयं प्रसङ्गः, कार्यकारणयोरनन्यत्वाभ्युपगमात्; **'इदं सर्वं यदयमात्मा'** (बृह.उप. २-४-६) **'आत्मैवेदं सर्वम्'** (छा.उप. ३-२५-२) **'ब्रह्मैवेदममृतं पुरस्तात्'** (मुं.उप. २-२-११) **'सर्वं खल्विदं ब्रह्म'** (छा.उप. ३-१४-१) इत्येवमाद्याभिर्हि श्रुतिभिरविशेषेण त्रिष्वपि कालेषु कार्यस्य कारणादनन्यत्वं श्राव्यते; तत्र यः परिहारः कार्यस्य तद्धर्माणां चाविद्याध्यारोपितत्वान्न तैः कारणं संसृज्यत इति, अपीतावपि स समानः । अस्ति चायमपरो दृष्टान्तः— यथा स्वयं प्रसारितया मायया मायावी त्रिष्वपि कालेषु न संस्पृश्यते— अवस्तुत्वात्, एवं परमात्मापि संसारमायया न संस्पृश्यत इति; यथा च स्वप्नदृगेकः स्वप्नदर्शनमायया न संस्पृश्यते, प्रबोधसंप्रसादयोरनन्वागतत्वात्, एवमवस्थात्रयसाक्ष्येकोऽव्यभिचार्यवस्थात्रयेण व्यभिचारिणा न संस्पृश्यते ; मायामात्रं ह्येतत्, यत्परमात्मनोऽवस्थात्रयात्मनावभासनम्, रज्ज्वा इव सर्पादिभावेनेति; अत्रोक्तं वेदान्तार्थसंप्रदायविद्भिराचार्यैः- **'अनादिमायया सुप्तो यदा जीवः प्रबुध्यते । अजमनिद्रमस्वप्नमद्वैतं बुध्यते तदा'** (गौडपा. कारि. १-१६) इति; तत्र यदुक्तमपीतौ कारणस्यापि कार्यस्येव स्थौल्यादिदोषप्रसङ्ग इति, एतदयुक्तम् । यत्पुनरेतदुक्तम्— समस्तस्य विभागस्याविभागप्राप्तेः पुनर्विभागेनोत्पत्तौ नियमकारणं

અમારા દર્શનમાં કંઈ પણ અયોગ્ય નથી જ. કારણમાં લીન થતું કાર્ય કારણને પોતાના ધર્મથી દૂષિત કરે એમ જે કહ્યું છે તે દૂષણ નથી. શાથી ? દૃષ્ટાન્ત છે તેથી. કારણમાં લીન થતું કાર્ય કારણને પોતાના ધર્મથી દૂષિત કરતું નથી એનાં ઉદાહરણો છે. જેમ શરાવ આદિ વિકારો, જેની પ્રકૃતિ મૃત્તિકા છે, તે વિભાગની અવસ્થામાં ઊંચા, નીચા અને મધ્ય પ્રકારના હોઈ પુનઃ પ્રકૃતિમાં લીન પામતાં તેને પોતાના ધર્મથી સંસૃષ્ટ (મિશ્રિત) કરતા નથી. વળી રુચક આદિ સુવર્ણકારો પ્રલયમાં સુવર્ણને પોતાના ધર્મથી સંસૃષ્ટ કરતા નથી. તેમજ ચાર જાતના પૃથ્વીના વિકારો, ભૂસમુદાય પૃથ્વીને પ્રલયમાં પોતાના ધર્મથી સંસૃષ્ટ કરતા નથી. તારા પક્ષનો તો કોઈ પણ દૃષ્ટાન્ત નથી. ખરેખર, જો કારણમાં કાર્ય પોતાના ધર્મથી જ અવસ્થિત રહે તો પ્રલય જ સંભવે નહીં, કાર્ય અને કારણ અનન્ય છે તો પણ કાર્ય કારણાત્મક છે, પણ કારણ કાર્યાત્મક નથી એમ 'आरम्भणशब्दादिभ्यः' (બ્ર.સૂ૦ ૨-૧-૧૪)માં કહીશું. વળી પ્રલયમાં કાર્ય પોતાના ધર્મથી કારણને સંસૃષ્ટ થાય એ ઘણું થોડું કહ્યું છે, સ્થિતિમાં પણ એ પ્રસંગ સમાન જ છે, કેમકે કાર્ય અને કારણ અભિન્ન છે એવો સ્વીકાર છે. 'इदं सर्वं यदयमात्मा' (બૃહ.ઉપ. ૨-૪-૬) **'એ સર્વ (આત્મા છેકે) જે એ આત્મા (શ્રવણ આદિ યોગ્ય છે'**, 'आत्मैवेदं सर्वम्' (છાન્દો.ઉપ. ૭-૨૫-૨) **'એ સર્વ આત્મા જ છે'**, 'ब्रह्मैवेदममृतं पुरस्तात्' (મુ.ઉપ. ૨-૨-૧૧) **'આ અગ્રે અમૃત બ્રહ્મ જ છે'**, 'सर्वं खल्विदं ब्रह्म' (છાન્દો.ઉપ. ૩-૧૪-૧) **'આ સર્વ ખરેખર બ્રહ્મ છે'** ઇત્યાદિ શ્રુતિઓ ત્રણે કાળમાં વિશેષ વગર-સમાન રીતે કાર્યનું કારણથી અનન્યત્વ (અભિન્નત્વ) પ્રતિપાદન કરે છે. તેમાં કાર્ય અને તેના ધર્મો અવિદ્યાથી અધ્યારોપિત હોવાથી તેમની સાથે કારણ સંસૃષ્ટ (મિશ્રિત) થતું નથી એમ જે પરિહાર છે તે પ્રલયમાં પણ સમાન છે. વળી આ બીજું ઉદાહરણ છે કે જેમ પોતે પ્રસારેલી માયાથી ત્રણે કાળમાં માયાવી સંસ્પૃષ્ટ થતો નથી, કેમકે માયા એ અવસ્તુ છે અને જેમ એક સ્વપ્ન જોનાર સ્વપ્નદર્શનની માયાથી સંસ્પૃષ્ટ થતો નથી, કેમકે પ્રબોધ (જાગ્રત અવસ્થામાં) અને સુષુપ્તિમાં તે માયાથી અનુગમ્યમાન નથી, એમ ત્રણે અવસ્થાનો સાક્ષી, એક જે અવ્યભિચારી છે તે ત્રણ વ્યભિચારી દશાથી સંસ્પૃષ્ટ થતો નથી, કેમકે પરમાત્માનો ત્રણ અવસ્થાના સ્વરૂપમાં અવભાસ માયામાત્ર છે, જેમ રજ્જુનો સર્પાદિરૂપમાં આભાસ છે તેમ. આ વિષે વેદાન્તના અર્થનો સંપ્રદાય જાણનારા આચાર્યોએ કહ્યું છે – 'अनादिमायया सुप्तो यदा जीवः प्रबुध्यते । अजमनिद्रमस्वप्नमद्वैतं बुध्यते तदा ॥' (ગૌડપા૦ કારિ૦ ૧-૧૬) **'જ્યારે અનાદિ માયાથી સૂતેલો જીવ જાગે છે ત્યારે જન્મ, નિદ્રા, સ્વપ્ન અને દ્વૈતથી રહિતને જાણે છે'** એમ. માટે પ્રલયમાં કાર્યની જેમ કારણને પણ સ્થૂલતા આદિ દોષોનો પ્રસંગ થશે એમ જે કહ્યું છે તે અયોગ્ય છે. તેમજ સમસ્ત વિભાગને અવિભાગ પ્રાપ્ત થતાં ફરીથી વિભાગથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नोपपद्यत इति, अयमप्यदोषः, दृष्टान्तभावादेव— यथा हि सुषुप्तिसमाध्यादावपि सत्यां स्वाभाविक्यामविभागप्राप्तौ मिथ्याज्ञानस्यानपोदितत्वात्पूर्ववत्पुनः प्रबोधे विभागो भवति, एवमिहापि भविष्यति; श्रुतिश्चात्र भवति— **'इमाः सर्वाः प्रजाः सति संपद्य न विदुः सति संपद्यामह इति, त इह व्याघ्रो वा सिंहो वा वृको वा वराहो वा कीटो वा पतङ्गो दंशोवा वा मशको वा यद्यद्भवन्ति तदा भवन्ति'** (छा.उप. ६-९-२,३) इति; यथा ह्यविभागेऽपि परमात्मनि मिथ्याज्ञानप्रतिबद्धो विभागव्यवहारः स्वप्नवदव्याहतः स्थितौ दृश्यते, एवमपीतावपि मिथ्याज्ञानप्रतिबद्धैव विभागशक्तिरनुमास्यते । एतेन मुक्तानां पुनरुत्पत्तिप्रसङ्गः प्रत्युक्तः, सम्यग्ज्ञानेन मिथ्याज्ञानस्यापोदितत्वात् । यः पुनरयमन्तेऽपरो विकल्प उत्प्रेक्षितः— अथेदं जगदपीतावपि विभक्तमेव परेण ब्रह्मणावतिष्ठेतेति, सोऽप्यनभ्युपगमादेव प्रतिषिद्धः । तस्मात्समञ्जसमिदमौपनिषदं दर्शनम् ॥९॥

स्वपक्षदोषाच्च ॥ १० ॥

स्वपक्षे चैते प्रतिवादिनः साधरणा दोषाः प्रादुष्युः; कथमित्युच्यते— यत्तावदभिहितम्, विलक्षणत्वान्नेदं जगद्ब्रह्मप्रकृतिकमिति, प्रधानप्रकृतिकतायामपि ,समानमेतत्, शब्दादिहीनात्प्रधानाच्छब्दादिमितो जगत उत्पतत्त्यभ्युपगमात्; अत एव च विलक्षणकार्योत्पत्त्यभ्युपगमात्समानः प्रागुत्पत्तेरसत्कार्यवादप्रसङ्गः; तथापीतौ कार्यस्य कारणाविभागाभ्युपगमात्तद्वत्प्रसङ्गोऽपि समानः; तथा मृदितसर्वविशेषेषु विकारेष्वपीतावविभागात्मतां गतेषु, इदमस्य पुरुषस्योपादानमिदमस्येति प्राक्प्रलयात्प्रतिपुरुषं ये नियता भेदाः, न ते तथैव पुनरुत्पत्तौ नियन्तुं शक्यन्ते, कारणाबावात्; विनैव च कारणेन नियमेऽभ्युपगम्यमाने कारणाभावसाम्यान्मुक्तानामपि पुनर्बन्धप्रसङ्गः; अथ केचिद्भेदा अपीतावविभागमापद्यन्ते केचिन्नेति चेत्— ये नापद्यन्ते, तेषां

ઉત્પત્તિમાં નિયમનું કારણ ઉત્પન્ન થતું નથી એમ પણ જે કહ્યું છે એ પણ દોષ નથી; કેમકે દૃષ્ટાન્ત છે જ. જેમ સુષુપ્તિ, સમાધિ આદિમાં પણ સ્વાભાવિક અવિભાગપ્રાપ્તિ છે તો પણ મિથ્યાજ્ઞાન દૂર થયું નથી તેથી પ્રબોધ થયા પૂર્વેની જેમ વિભાગ થાય છે જ એમ અહીં પણ થશે. એ વિષે શ્રુતિ પણ છે– ''इमाः सर्वाः प्रजाः सति संपद्य न विदुः सति संपद्यामह इति त इह व्याघ्रो वा सिंहो वा वृको वा वराहो वा कीटो वा पतङ्गो वा दंशो वा मशको वा यद्यद्भवन्ति तदा भवन्ति' (છાન્દો.ઉપ.૬-૯-૨,૩) **'આ બધી પ્રજાઓમાં એક થઈ અમે બ્રહ્મમાં એક થઈએ છીએ એમ જાણતી નથી. અહિં સુષુપ્તિની પૂર્વે પ્રબોધસમયે-વાઘ કે સિંહ, વરૂ કે ડુક્કર, કીડો કે પતંગિયુ, ડાંસ કે મચ્છર, જે જે હોય છે તે તે ત્યારે-સુષુપ્તિમાંથી ઉઠ્યા પછી-થાય છે'** એમ. જેમ પરમાત્મામાં અવિભાગ છે તો પણ સ્થિતિમાં મિથ્યાજ્ઞાનથી જોડાયેલો વિભાગનો વ્યવહાર સ્વપ્નની જેમ અવ્યાહત જોવામાં આવે છે, એમ પ્રલયમાં પણ મિથ્યાજ્ઞાનથી જોડાયેલી જ વિભાગશક્તિ અનુમિત થશે. એથી મુક્તોની પુનરુત્પત્તિના પ્રસંગનું પ્રત્યાખ્યાન— નિરાકરણ થયેલું સમજવું; કારણ કે સમ્યગ્જ્ઞાનથી મિથ્યાજ્ઞાનનો નાશ થયો છે. વળી છેવટે જે બીજા વિકલ્પની ઉત્પ્રેક્ષા કરી છે કે આ જગત્ પ્રલયમાં પણ વિભક્ત જ પર બ્રહ્મ સાથે અવસ્થિત રહેશે તેનો પણ અસ્વીકારથી જ પ્રતિષેધ (નિષેધ) થયો છે. માટે આ ઔપનિષદ (ઉપનિષદ્ગમ્ય) દર્શન સમંજસ (યોગ્ય, ઉચિત) છે. ॥ ૯ ॥

અને (સ્વ) પોતાના પક્ષમાં દોષ છે તેથી ॥ ૧૦ ॥

પ્રતિવાદીને પક્ષમાં એ દોષો સાધારણ પ્રાદુર્ભૂત થશે. કેવી રીતે તેને માટે કહીએ છીએ. વિલક્ષણપણાને લીધે, આ જગત્ બ્રહ્મપ્રકૃતિક બ્રહ્મ અર્થાત્ જેની પ્રકૃતિ-ઉપાદાનકારણ છે એવું તે બ્રહ્મપ્રકૃતિક નથી એમ જે કહ્યું છે તે એ, જગત્‌ને પ્રધાનપ્રકૃતિક (અર્થાત્ પ્રધાન જેની પ્રકૃતિ=ઉપાદાન કારણ) એવું લેવામાં સમાન છે; કેમકે તેમાં શબ્દાદિરહિત પ્રધાનથી શબ્દાદિયુક્ત જગત્‌ની ઉત્પત્તિ સ્વીકારેલી છે. એથી જ-વિલક્ષણ કાર્યની ઉત્પત્તિ સ્વીકારેલી છે તેથી જ - ઉત્પત્તિ પૂર્વે અસત્કાર્યવાદનો પ્રસંગ સમાન છે. તેમજ પ્રલયમાં કાર્યનો કારણ સાથે અવિભાગ સ્વીકાર્યો છે તેથી તેની જેમ પ્રસંગ પણ સમાન છે. તેમજ જેના સર્વ વિશેષ નષ્ટ થયા છે એવા વિકારો પ્રલયમાં અવિભાગસ્વરૂપ પ્રાપ્ત થયા એટલે આ આ પુરુષનું ઉપાદાન (સુખદુઃખનું કારણ), આ આનું એમ પ્રલયની પૂર્વે પ્રતિપુરુષમાં જે નિયમિત ભેદ છે તે પુનરુત્પત્તિમાં તે જ પ્રમાણે નિયમિત થવા શકાય નથી; કેમકે કારણ નથી. કારણ વિના નિયમ સ્વીકારીએ તો કારણનો અભાવ સરખો હોવાથી મુક્તોનો પણ પુનર્બન્ધન પ્રસંગ આવે. કેટલાક ભેદ પ્રલયમાં અવિભાગ પ્રાપ્ત કરે છે અને કેટલાક કરતા નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रधानकार्यत्वं न प्राप्नोति— इत्येवमेते दोषाः साधारणत्वान्नान्यतरस्मिन्पक्षे चोदयितव्या भवन्तीति—अदोषतामेवैषां द्रढयति— अवश्याश्रयितव्यत्वात् ॥१०॥

तर्काप्रतिष्ठानादप्यन्यथानुमेयमिति चेदेवमप्यविमोक्षप्रसङ्गः ॥ ११ ॥

इतश्च नागमगम्येऽर्थे केवलेन तर्केण प्रत्यवस्थातव्यम्; यस्मान्निरागमाः पुरुषोत्प्रेक्षामात्रनिबन्धनास्तर्का अप्रतिष्ठिता भवन्ति, उत्पेक्षाया निरङ्कुशत्वात्; तथा हि— कैश्चिदभियुक्तैर्यत्नेनोत्प्रेक्षितास्तर्का अभियुक्ततरैरन्यैराभास्यमाना दृश्यन्ते; तैरप्युत्प्रेक्षिताः सन्तस्ततोऽन्यैराभास्यन्त इति न प्रतिष्ठितत्वं तर्काणां शक्यमाश्रयितुम्, पुरुषमतिवैरूप्यात् । अथ कस्यचित्प्रसिद्धमाहात्म्यस्य कपिलस्य अन्यस्य वा संमतस्तर्कः प्रतिष्ठित इत्याश्रीयेत— एवमप्यप्रतिष्ठितत्वमेव, प्रसिद्धमाहात्म्याभिमतानामपि तीर्थकराणां कपिलकणभुक्प्रभृतीनां परस्परविप्रतिपत्तिदर्शनात् । अथोच्येत— अन्यथा वयमनुमास्यामहे, यथा नाप्रतिष्ठादोषो भविष्यति; न हि प्रतिष्ठितस्तर्क एव नास्तीति शक्यते वक्तुम्; एतदपि हि तर्काणामप्रतिष्ठितत्वं तर्केणैव प्रतिष्ठाप्यते, केषांचित्तर्काणामप्रतिष्ठितत्वदर्शनेनान्येषामपि तज्जातीयकानां तर्काणामप्रतिष्ठितत्वकल्पनात्; सर्वतर्काप्रतिष्ठायां च लोकव्यवहारोच्छेदप्रसङ्गः; अतीतवर्तमानाध्वसाम्येन ह्यनागतेऽप्यध्वनि सुखदुःखप्राप्तिपरिहाराय प्रवर्तमानो लोको दृश्यते; श्रुत्यर्थविप्रतिपत्तौ चार्थाभासनिराकरणेन सम्यगर्थनिर्धारणं तर्केणैव वाक्यवृत्तिनिरूपणरूपेण क्रियते ; मनुरपि चैवमेव मन्यते— **'प्रत्यक्षमनुमानं च शास्त्रं च विविधागमम्। त्रयं सुविदितं कार्यं धर्मशुद्धिमभीप्सता'** (मनु.१२-१०५) इति ।**'आर्षं धर्मोपदेशं च वेदशास्त्राविरोधिना । यस्तर्केणानुसंधत्ते स धर्मं वेद नेतरः'** (मनु.१२-१०६) इति च ब्रुवन्; अयमेव च तर्कस्यालंकारः— यदप्रतिष्ठितत्वं नाम; एवं हि सावद्यतर्कपरित्यागेन

એમ કહેશો તો જેઓ અવિભાગ પ્રાપ્ત કરતા નથી તે પ્રધાનના કાર્ય છે એમ પ્રાપ્ત થશે નહિ. આ પ્રમાણે એ દોષો સાધારણ હોવાથી એકે પક્ષમાં પ્રેરવા યુક્ત નથી એટલે એમનું અદોષસ્વરૂપ જ દઢ કરે છે; કેમકે તે અવશ્ય આશ્રય કરવા યુક્ત છે. ॥ ૧૦ ॥

તર્ક પ્રતિષ્ઠિત (સર્વે ગ્રહણ કરેલો) થતો નથી તેથી પણ, અન્યથા અનુમાન કરવું યુક્ત છે એમ કહેશો તો એ રીતે પણ અવિમોક્ષનો પ્રસંગ આવશે ॥૧૧॥

વળી આ કારણથી પણ આગમગમ્ય વસ્તુને વિષે કેવલ તર્કથી સામો ઉઠાવ કરવો યુક્ત નથી; કેમકે શાસ્ત્રના પ્રમાણરહિત, પુરુષની ઉત્પ્રેક્ષા માત્ર પર જેનો આધાર છે તેવો તર્ક અપ્રતિષ્ઠિત થાય છે. કારણ કે ઉત્પ્રેક્ષા નિરંકુશ છે. જેમ કે કેટલાક વિદ્વાનોએ યત્નથી ઉત્પ્રેક્ષા કરેલા તર્કો એમનાથી વિશેષ વિદ્વાન અન્ય પુરુષોને આભાસરૂપ દેખાય છે. તેમણે પણ ઉત્પ્રેક્ષા કરેલા તર્કો તેમનાથી પણ બીજા વિદ્વાનોને આભાસરૂપ દેખાય છે. આ કારણથી તર્ક પ્રતિષ્ઠિત છે એમ આશ્રય કરવો શક્ય નથી; કારણ વિરૂપ (વિચિત્ર) છે. જો કોઈક પ્રસિદ્ધ માહાત્મ્યવાળા કપિલ કે બીજાએ સમ્યક્ વિચારેલો તર્ક પ્રતિષ્ઠિત છે એમ આશ્રય કરાય તો એમ પણ તર્ક અપ્રતિષ્ઠિત જ છે; કેમકે જેમનું માહાત્મ્ય પ્રસિદ્ધ ગણાયેલું છે એવા તીર્થંકર નવીન શાસ્ત્રને સ્થાપનાર (કપિલ, કણાદ આદિમાં પણ પરસ્પર) વિપ્રતિપત્તિ જોવામાં આવે છે. જો એમ કહેવામાં આવે કે જેવી રીતે અપ્રતિષ્ઠાનો દોષ નહિ આવે એવું જુદી રીતે અમે અનુમાન કરીશું કેમકે પ્રતિષ્ઠિત તર્ક છે જ નહિ એમ કહેવું શક્ય નથી તો એ પણ તર્કનું અપ્રતિષ્ઠિતપણું તર્કથી જ સ્થપાય છે; કેમકે કેટલાક તર્કો અપ્રતિષ્ઠિત છે એમ દર્શાવી અન્ય પણ તેના જેવા પ્રકારના તર્કો અપ્રતિષ્ઠિત છે એમ કલ્પના કરવામાં આવે છે. વળી બધા તર્ક અપ્રતિષ્ઠિત થતાં લોકવ્યવહાર ઉચ્છિન્ન થવાનો પ્રસંગ આવશે. ખરેખર, ભૂત અને વર્તમાન વિષયના સાદશ્યથી ભવિષ્યત્ વિષયમાં પણ સુખ પ્રાપ્ત કરવા અને દુઃખનો પરિહાર કરવા પ્રવર્તતો લોક જોવામાં આવે છે. શ્રુતિના અર્થમાં વિપ્રતિપત્તિ હોય તો અર્થાભાસનું નિરાકરણ કરી સત્ય અર્થનો નિર્ણય વાક્યતાત્પર્ય નિરૂપણ કરનાર તર્ક વડે જ કરાય છે. 'प्रत्यक्षमनुमानं च शास्त्रं च विविधागमम्। त्रयं सुविदितं कार्यं धर्मशुद्धिमभीप्सता ॥' (મનુસ્મૃ.૧૨-૧૦૫) **'ધર્મશુદ્ધિ પ્રાપ્ત કરવા ઈચ્છતા પુરુષે પ્રત્યક્ષ, અનુમાન અને વિવિધ સંપ્રદાય સહિત શાસ્ત્ર એ ત્રણેય સારી રીતે જાણવાં જોઈએ'** અને 'आर्षं धर्मोपदेशं च वेदशास्त्राविरोधिना। यस्तर्केणानुसंधत्ते स धर्मं वेद नेतरः ॥' (મનુસ્મૃ. ૧૨-૧૦૬) **'ઋષિપ્રણીત વેદને અને ધર્મોપદેશ કરનાર સ્મૃતિને વેદશાસ્ત્રથી અવિરોધી તર્કથી જે વિચારે છે તે ધર્મ જાણે છે, બીજા નહિ'** એમ કહેતા મનુ પણ એમ માને છે. તર્કનું અપ્રતિષ્ઠિતપણું જ તેનું ભૂષણ છે; કેમકે એ પ્રમાણે અવદ્ય-નિન્દ્ય તર્કનો પરિત્યાગ કરી નિરવદ્ય તર્ક ગ્રહણ કરવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नोपपद्यत इति, अयमप्यदोषः, दृष्टान्तभावादेव— यथा हि सुषुप्तिसमाध्यादावपि सत्यां स्वाभाविक्यामविभागप्राप्तौ मिथ्याज्ञानस्यानपोदितत्वात्पूर्ववत्पुनः प्रबोधे विभागो भवति, एवमिहापि भविष्यति; श्रुतिश्चात्र भवति— **'इमाः सर्वाः प्रजाः सति संपद्य न विदुः सति संपद्यामह इति, त इह व्याघ्रो वा सिंहो वा वृको वा वराहो वा कीटो वा पतङ्गो दंशोवा वा मशको वा यद्यद्भवन्ति तदा भवन्ति'** (छा.उप. ६-९-२,३) इति; यथा ह्यविभागेऽपि परमात्मनि मिथ्याज्ञानप्रतिबद्धो विभागव्यवहारः स्वप्नवदव्याहतः स्थितौ दृश्यते, एवमपीतावपि मिथ्याज्ञानप्रतिबद्धैव विभागशक्तिरनुमास्यते । एतेन मुक्तानां पुनरुत्पत्तिप्रसङ्गः प्रत्युक्तः, सम्यग्ज्ञानेन मिथ्याज्ञानस्यापोदितत्वात् । यः पुनरयमन्तेऽपरो विकल्प उत्प्रेक्षितः— अथेदं जगदपीतावपि विभक्तमेव परेण ब्रह्मणावतिष्ठेतेति, सोऽप्यनभ्युपगमादेव प्रतिषिद्धः । तस्मात्समञ्जसमिदमौपनिषदं दर्शनम् ॥९॥

स्वपक्षदोषाच्च ॥ १० ॥

स्वपक्षे चैते प्रतिवादिनः साधरणा दोषाः प्रादुष्युः; कथमित्युच्यते— यत्तावदभिहितम्, विलक्षणत्वान्नेदं जगद्ब्रह्मप्रकृतिकमिति, प्रधानप्रकृतिकतायामपि ,समानमेतत्, शब्दादिहीनात्प्रधानाच्छब्दादिमितो जगत उत्पतत्त्यभ्युपगमात्; अत एव च विलक्षणकार्योत्पत्त्यभ्युपगमात्समानः प्रागुत्पत्तेरसत्कार्यवादप्रसङ्गः; तथापीतौ कार्यस्य कारणाविभागाभ्युपगमात्तद्वत्प्रसङ्गोऽपि समानः; तथा मृदितसर्वविशेषेषु विकारेष्वपीतावविभागात्मतां गतेषु, इदमस्य पुरुषस्योपादानमिदमस्येति प्राक्प्रलयात्प्रतिपुरुषं ये नियता भेदाः, न ते तथैव पुनरुत्पत्तौ नियन्तुं शक्यन्ते, कारणाबावात्; विनैव च कारणेन नियमेऽभ्युपगम्यमाने कारणाभावसाम्यान्मुक्तानामपि पुनर्बन्धप्रसङ्गः; अथ केचिद्भेदा अपीतावविभागमापद्यन्ते केचिन्नेति चेत्— ये नापद्यन्ते, तेषां

ઉત્પત્તિમાં નિયમનું કારણ ઉત્પન્ન થતું નથી એમ પણ જે કહ્યું છે એ પણ દોષ નથી; કેમકે દૃષ્ટાન્ત છે જ. જેમ સુષુપ્તિ, સમાધિ આદિમાં પણ સ્વાભાવિક અવિભાગપ્રાપ્તિ છે તો પણ મિથ્યાજ્ઞાન દૂર થયું નથી તેથી પ્રબોધ થયા પૂર્વેની જેમ વિભાગ થાય છે જ એમ અહીં પણ થશે. એ વિષે શ્રુતિ પણ છે– ''इमाः सर्वाः प्रजाः सति संपद्य न विदुः सति संपद्यामह इति त इह व्याघ्रो वा सिंहो वा वृको वा वराहो वा कीटो वा पतङ्गो वा दंशो वा मशको वा यद्यद्भवन्ति तदा भवन्ति' (છાન્દો.ઉપ.૬-૯-૨,૩) **'આ બધી પ્રજાઓમાં એક થઈ અમે બ્રહ્મમાં એક થઈએ છીએ એમ જાણતી નથી. અહિં સુષુપ્તિની પૂર્વે પ્રબોધસમયે-વાઘ કે સિંહ, વરૂ કે ડુક્કર, કીડો કે પતંગિયુ, ડાંસ કે મચ્છર, જે જે હોય છે તે તે ત્યારે-સુષુપ્તિમાંથી ઉઠ્યા પછી-થાય છે'** એમ. જેમ પરમાત્મામાં અવિભાગ છે તો પણ સ્થિતિમાં મિથ્યાજ્ઞાનથી જોડાયેલો વિભાગનો વ્યવહાર સ્વપ્નની જેમ અવ્યાહત જોવામાં આવે છે, એમ પ્રલયમાં પણ મિથ્યાજ્ઞાનથી જોડાયેલી જ વિભાગશક્તિ અનુમિત થશે. એથી મુક્તોની પુનરુત્પત્તિના પ્રસંગનું પ્રત્યાખ્યાન— નિરાકરણ થયેલું સમજવું; કારણ કે સમ્યગ્જ્ઞાનથી મિથ્યાજ્ઞાનનો નાશ થયો છે. વળી છેવટે જે બીજા વિકલ્પની ઉત્પ્રેક્ષા કરી છે કે આ જગત્ પ્રલયમાં પણ વિભક્ત જ પર બ્રહ્મ સાથે અવસ્થિત રહેશે તેનો પણ અસ્વીકારથી જ પ્રતિષેધ (નિષેધ) થયો છે. માટે આ ઔપનિષદ (ઉપનિષદ્ગમ્ય) દર્શન સમંજસ (યોગ્ય, ઉચિત) છે. ॥ ૯ ॥

અને (સ્વ) પોતાના પક્ષમાં દોષ છે તેથી ॥ ૧૦ ॥

પ્રતિવાદીને પક્ષમાં એ દોષો સાધારણ પ્રાદુર્ભૂત થશે. કેવી રીતે તેને માટે કહીએ છીએ. વિલક્ષણપણાને લીધે, આ જગત્ બ્રહ્મપ્રકૃતિક બ્રહ્મ અર્થાત્ જેની પ્રકૃતિ-ઉપાદાનકારણ છે એવું તે બ્રહ્મપ્રકૃતિક નથી એમ જે કહ્યું છે તે એ, જગત્‌ને પ્રધાનપ્રકૃતિક (અર્થાત્ પ્રધાન જેની પ્રકૃતિ=ઉપાદાન કારણ) એવું લેવામાં સમાન છે; કેમકે તેમાં શબ્દાદિરહિત પ્રધાનથી શબ્દાદિયુક્ત જગત્‌ની ઉત્પત્તિ સ્વીકારેલી છે. એથી જ-વિલક્ષણ કાર્યની ઉત્પત્તિ સ્વીકારેલી છે તેથી જ - ઉત્પત્તિ પૂર્વે અસત્કાર્યવાદનો પ્રસંગ સમાન છે. તેમજ પ્રલયમાં કાર્યનો કારણ સાથે અવિભાગ સ્વીકાર્યો છે તેથી તેની જેમ પ્રસંગ પણ સમાન છે. તેમજ જેના સર્વ વિશેષ નષ્ટ થયા છે એવા વિકારો પ્રલયમાં અવિભાગસ્વરૂપ પ્રાપ્ત થયા એટલે આ આ પુરુષનું ઉપાદાન (સુખદુઃખનું કારણ), આ આનું એમ પ્રલયની પૂર્વે પ્રતિપુરુષમાં જે નિયમિત ભેદ છે તે પુનરુત્પત્તિમાં તે જ પ્રમાણે નિયમિત થવા શકાય નથી; કેમકે કારણ નથી. કારણ વિના નિયમ સ્વીકારીએ તો કારણનો અભાવ સરખો હોવાથી મુક્તોનો પણ પુનર્બન્ધન પ્રસંગ આવે. કેટલાક ભેદ પ્રલયમાં અવિભાગ પ્રાપ્ત કરે છે અને કેટલાક કરતા નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रधानकार्यत्वं न प्राप्नोति— इत्येवमेते दोषाः साधारणत्वान्नान्यतरस्मिन्पक्षे चोदयितव्या भवन्तीति—अदोषतामेवैषां द्रढयति—अवश्याश्रयितव्यत्वात् ॥१०॥

तर्काप्रतिष्ठानादप्यन्यथानुमेयमिति चेदेवमप्यविमोक्षप्रसङ्गः ॥ ११ ॥

इतश्च नागमगम्येऽर्थे केवलेन तर्केण प्रत्यवस्थातव्यम्; यस्मान्निरागमाः पुरुषोत्प्रेक्षामात्रनिबन्धनास्तर्का अप्रतिष्ठिता भवन्ति, उत्प्रेक्षाया निरङ्कुशत्वात्; तथा हि— कैश्चिदभियुक्तैर्यत्नेनोत्प्रेक्षितास्तर्का अभियुक्ततरैरन्यैराभास्यमाना दृश्यन्ते; तैरप्युत्प्रेक्षिताः सन्तस्ततोऽन्यैराभास्यन्त इति न प्रतिष्ठितत्वं तर्काणां शक्यमाश्रयितुम्, पुरुषमतिवैरूप्यात् । अथ कस्यचित्प्रसिद्धमाहात्म्यस्य कपिलस्य अन्यस्य वा संमतस्तर्कः प्रतिष्ठित इत्याश्रीयेत— एवमप्यप्रतिष्ठितत्वमेव, प्रसिद्धमाहात्म्याभिमतानामपि तीर्थकराणां कपिलकणभुक्प्रभृतीनां परस्परविप्रतिपत्तिदर्शनात् । अथोच्येत— अन्यथा वयमनुमास्यामहे, यथा नाप्रतिष्ठादोषो भविष्यति; न हि प्रतिष्ठितस्तर्क एव नास्तीति शक्यते वक्तुम्; एतदपि हि तर्काणामप्रतिष्ठितत्वं तर्केणैव प्रतिष्ठाप्यते, केषांचित्तर्काणामप्रतिष्ठितत्वदर्शनेनान्येषामपि तज्जातीयकानां तर्काणामप्रतिष्ठितत्वकल्पनात्; सर्वतर्काप्रतिष्ठायां च लोकव्यवहारोच्छेदप्रसङ्गः; अतीतवर्तमानाध्वसाम्येन ह्यनागतेऽप्यध्वनि सुखदुःखप्राप्तिपरिहाराय प्रवर्तमानो लोको दृश्यते; श्रुत्यर्थविप्रतिपत्तौ चार्थाभासनिराकरणेन सम्यगर्थनिर्धारणं तर्केणैव वाक्यवृत्तिनिरूपणरूपेण क्रियते ; मनुरपि चैवमेव मन्यते— **'प्रत्यक्षमनुमानं च शास्त्रं च विविधागमम् । त्रयं सुविदितं कार्यं धर्मशुद्धिमभीप्सता'** (मनु.१२-१०५) इति । **'आर्षं धर्मोपदेशं च वेदशास्त्राविरोधिना । यस्तर्केणानुसंधत्ते स धर्मं वेद नेतरः'** (मनु.१२-१०६) इति च ब्रुवन्; अयमेव च तर्कस्यालंकारः— यदप्रतिष्ठितत्वं नाम; एवं हि सावद्यतर्कपरित्यागेन

એમ કહેશો તો જેઓ અવિભાગ પ્રાપ્ત કરતા નથી તે પ્રધાનના કાર્ય છે એમ પ્રાપ્ત થશે નહિ. આ પ્રમાણે એ દોષો સાધારણ હોવાથી એકે પક્ષમાં પ્રેરવા યુક્ત નથી એટલે એમનું અદોષસ્વરૂપ જ દૃઢ કરે છે; કેમકે તે અવશ્ય આશ્રય કરવા યુક્ત છે. ॥ ૧૦ ॥

તર્ક પ્રતિષ્ઠિત (સર્વે ગ્રહણ કરેલો) થતો નથી તેથી પણ, અન્યથા અનુમાન કરવું યુક્ત છે એમ કહેશો તો એ રીતે પણ અવિમોક્ષનો પ્રસંગ આવશે ॥૧૧॥

વળી આ કારણથી પણ આગમગમ્ય વસ્તુને વિષે કેવલ તર્કથી સામો ઉઠાવ કરવો યુક્ત નથી; કેમકે શાસ્ત્રના પ્રમાણરહિત, પુરુષની ઉત્પ્રેક્ષા માત્ર પર જેનો આધાર છે તેવો તર્ક અપ્રતિષ્ઠિત થાય છે. કારણ કે ઉત્પ્રેક્ષા નિરંકુશ છે. જેમ કે કેટલાક વિદ્વાનોએ યત્નથી ઉત્પ્રેક્ષા કરેલા તર્કો એમનાથી વિશેષ વિદ્વાન અન્ય પુરુષોને આભાસરૂપ દેખાય છે. તેમણે પણ ઉત્પ્રેક્ષા કરેલા તર્કો તેમનાથી પણ બીજા વિદ્વાનોને આભાસરૂપ દેખાય છે. આ કારણથી તર્ક પ્રતિષ્ઠિત છે એમ આશ્રય કરવો શક્ય નથી; કારણ વિરૂપ (વિચિત્ર) છે. જો કોઈક પ્રસિદ્ધ માહાત્મ્યવાળા કપિલ કે બીજાએ સમ્યક્ વિચારેલો તર્ક પ્રતિષ્ઠિત છે એમ આશ્રય કરાય તો એમ પણ તર્ક અપ્રતિષ્ઠિત જ છે; કેમકે જેમનું માહાત્મ્ય પ્રસિદ્ધ ગણાયેલું છે એવા તીર્થંકર નવીન શાસ્ત્રને સ્થાપનાર (કપિલ, કણાદ આદિમાં પણ પરસ્પર) વિપ્રતિપત્તિ જોવામાં આવે છે. જો એમ કહેવામાં આવે કે જેવી રીતે અપ્રતિષ્ઠાનો દોષ નહિ આવે એવું જુદી રીતે અમે અનુમાન કરીશું કેમકે પ્રતિષ્ઠિત તર્ક છે જ નહિ એમ કહેવું શક્ય નથી તો એ પણ તર્કનું અપ્રતિષ્ઠિતપણું તર્કથી જ સ્થપાય છે; કેમકે કેટલાક તર્કો અપ્રતિષ્ઠિત છે એમ દર્શાવી અન્ય પણ તેના જેવા પ્રકારના તર્કો અપ્રતિષ્ઠિત છે એમ કલ્પના કરવામાં આવે છે. વળી બધા તર્ક અપ્રતિષ્ઠિત થતાં લોકવ્યવહાર ઉચ્છિન્ન થવાનો પ્રસંગ આવશે. ખરેખર, ભૂત અને વર્તમાન વિષયના સાદૃશ્યથી ભવિષ્યત્ વિષયમાં પણ સુખ પ્રાપ્ત કરવા અને દુઃખનો પરિહાર કરવા પ્રવર્તતો લોક જોવામાં આવે છે. શ્રુતિનાં અર્થમાં વિપ્રતિપત્તિ હોય તો અર્થાભાસનું નિરાકરણ કરી સત્ય અર્થનો નિર્ણય વાક્યતાત્પર્ય નિરૂપણ કરનાર તર્ક વડે જ કરાય છે. 'प्रत्यक्षमनुमानं च शास्त्रं च विविधागमम् । त्रयं सुविदितं कार्यं धर्मशुद्धिमभीप्सता ॥' (મનુસ્મૃ.૧૨-૧૦૫) **'ધર્મશુદ્ધિ પ્રાપ્ત કરવા ઈચ્છતા પુરુષે પ્રત્યક્ષ, અનુમાન અને વિવિધ સંપ્રદાય સહિત શાસ્ત્ર એ ત્રણેય સારી રીતે જાણવાં જોઈએ'** અને 'आर्षं धर्मोपदेशं च वेदशास्त्राविरोधिना । यस्तर्केणानुसंधत्ते स धर्मं वेद नेतरः ॥' (મનુસ્મૃ. ૧૨-૧૦૬) **'ઋષિપ્રણીત વેદને અને ધર્મોપદેશ કરનાર સ્મૃતિને વેદશાસ્ત્રથી અવિરોધી તર્કથી જે વિચારે છે તે ધર્મ જાણે છે, બીજા નહિ'** એમ કહેતા મનુ પણ એમ માને છે. તર્કનું અપ્રતિષ્ઠિતપણું જ તેનું ભૂષણ છે; કેમકે એ પ્રમાણે અવદ્ય-નિન્દ્ય તર્કનો પરિત્યાગ કરી નિરવદ્ય તર્ક ગ્રહણ કરવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

निरवद्यस्तर्कः प्रतिपत्तव्यो भवति ; न हि पूर्वजो मूढ आसीदित्यात्मनापि मूढेन भवितव्यमिति किंचिदस्ति प्रमाणम्; तस्मान्न तर्काप्रतिष्ठानं दोष इति चेत्— एवमप्यविमोक्षप्रसङ्गः; यद्यपि क्वचिद्विषये तर्कस्य प्रतिष्ठितत्वमुपलक्ष्यते, तथापि प्रकृते तावद्विषये प्रसज्यत एवाप्रतिष्ठितत्वदोषादनिर्मोक्षस्तर्कस्य; न हीदमतिगम्भीरं भावयाथात्म्यं मुक्तिनिबन्धनमागममन्तरेणोत्प्रेक्षितुमपि शक्यम्; रूपाद्यभावाद्धि नायमर्थः प्रत्यक्षस्य गोचरः, लिङ्गाद्यभावाच्च नानुमानादीनामिति चावोचाम। अपि च सम्यग्ज्ञानान्मोक्ष इति सर्वेषां मोक्षवादिनामभ्युपगमः; तच्च सम्यग्ज्ञानमेकरूपम्, वस्तुतन्त्रत्वात्; एकरूपेण ह्यवस्थितो योऽर्थः स परमार्थः; लोके तद्विषयं ज्ञानं सम्यग्ज्ञानमित्युच्यते— यथाग्निरुष्ण इति; तत्रैवं सति सम्यग्ज्ञाने पुरुषाणां विप्रतिपत्तिरनुपपन्ना; तर्क ज्ञानानां त्वन्योन्यविरोधात्प्रसिद्धा विप्रपत्तिः; यद्धि केनचित्तार्किकेणेदमेव सम्यग्ज्ञानमिति प्रतिष्ठापितं ततोऽपरेण व्युत्थाप्यत इति च प्रसिद्धं लोके; कथमेकरूपानवस्थितविषयं तर्कप्रभवं सम्यग्ज्ञानं भवेत्; न च प्रधानवादी तर्कविदामुत्तम इति सर्वैस्तार्किकैः परिगृहीतः, येन तदीयं मतं सम्यग्ज्ञानमिति प्रतिद्येमहि; न च शक्यन्तेऽतीतानागतवर्तमानास्तार्किका एकस्मिन्देशे काले च समाहर्तुम्, येन तन्मतिरेकरूपैकार्थविषया सम्यङ्मतिरिति स्यात्; वेदस्य तु नित्यत्वे विज्ञानोत्पत्तिहेतुत्वे च सति व्यवस्थितार्थविषयत्वोपपत्तेः, तज्जनितस्य ज्ञानस्य सम्यक्त्वमतीतानागतवर्तमानैः सर्वैरपि तार्किकैरपह्नोतुमशक्यम्; अतः सिद्धमस्यैवौपनिषदस्य ज्ञानस्य सम्यग्ज्ञानत्वम्; अतोऽन्यत्र सम्यग्ज्ञानत्वानुपपत्तेः संसाराविमोक्ष एव प्रसज्येत। अत आगमवशेन आगमानुसारितर्कवशेन च चेतनं ब्रह्म जगतः कारणं प्रकृतिश्चेति स्थितम् ॥११॥

४. शिष्टापरिग्रहाधिकरणम् ।

एतेन शिष्टापरिग्रहा अपि व्याख्याताः ॥ १२ ॥

वैदिकस्य दर्शनस्य प्रत्यासन्नत्वाद्गुरुतरतर्कबलोपेतत्वाद्वेदानुसारिभिश्च कैश्चिच्छिष्टैः केनचिदंशेन

યોગ્ય થાય છે. પૂર્વજ મૂઢ હતો માટે પોતે પણ મૂઢ થવું જોઈએ એને માટે ખરેખર કંઈ પ્રમાણ નથી. માટે તર્કની અપ્રતિષ્ઠા એ કોઈ દોષ નથી એમ કહેશો તો એમ પણ અવિમોક્ષનો પ્રસંગ આવશે. જોકે કોઈક વિષયમાં તર્ક પ્રતિષ્ઠિત દેખાય છે તો પણ પ્રકૃત વિષયમાં તો અપ્રતિષ્ઠિતપણાના દોષમાંથી તર્કનો અનિર્મોક્ષ પ્રસક્ત (પ્રાપ્ત) થાય છે જ. ખરેખર, આ અતિગંભીર, કારણનું વાસ્તવિક સ્વરૂપ, જેના પર યુક્તિનો આધાર છે, તેની શાસ્ત્ર વગર ઉત્પ્રેક્ષા કરવી પણ શક્ય નથી; કેમકે રૂપ વગેરે ન હોવાથી એ અર્થ પ્રત્યક્ષ પ્રમાણનો વિષય નથી; અને લિંગ આદિના અભાવથી અનુમાન વગેરેનો વિષય નથી એમ પણ અમે કહ્યું છે જ. વળી સમ્યગ્જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે એમ બધા મોક્ષવાદીઓ સ્વીકારે છે; અને તે સમ્યક્ જ્ઞાન એકરૂપ છે; કેમકે તે વસ્તુને અધીન છે. એકરૂપે રહેલો અર્થ પરમાર્થ છે, અને તે જ્ઞાનને લોક સમ્યક્જ્ઞાન કહે છે, જેમ કે અગ્નિ ઉષ્ણ છે. ત્યારે એમ હોવાથી સમ્યગ્જ્ઞાનમાં પુરુષોની વિપ્રતિપત્તિ અયોગ્ય છે. તર્કજ્ઞાનોમાં તો અન્યોન્ય વિરોધ હોવાથી વિપ્રતિપત્તિ પ્રસિદ્ધ છે; કારણકે જે કોઈક તાર્કિકે એ જ સમ્યક્જ્ઞાન છે એમ પ્રતિપાદન કર્યું હોય છે તેને બીજો બાંધિત કરે છે, અને તેણે પણ જે પ્રતિષ્ઠાપિત કરેલું હોય છે તેને વળી બીજો બાધિત કરે છે એમ લોકમાં પ્રસિદ્ધ છે; માટે એકરૂપે જેનો વિષય અવસ્થિત રહેલો નથી એવું તર્કથી ઉત્પન્ન થયેલું જ્ઞાન કેવી રીતે સમ્યક્જ્ઞાન થાય ? પ્રધાનવાદી તર્કવેત્તાઓમાં ઉત્તમ છે એમ કંઈ બધા તાર્કિકોએ પરિગ્રહણ કર્યું નથી કે જેથી તેનો મત સમ્યગ્જ્ઞાન છે એમ અમે સ્વીકારી શકીએ. તેમજ અતીત, અનાગત અને વર્તમાન તાર્કિકોને એક દેશમાં અને કાળમાં ભેગા કરવા શક્ય નથી કે જેથી એક અર્થમાં તેમની મતિ એકરૂપ સમ્યગ્મતિ થાય. વેદ તો નિત્ય અને વિજ્ઞાનની ઉત્પત્તિનો હેતુ હોવાથી વ્યવસ્થિત અર્થનો વિષય છે એ યોગ્ય છે. તેથી ઉત્પન્ન થયેલા જ્ઞાનની યથાર્થતાનો અતીત, અનાગત અને વર્તમાન કોઈ પણ તાર્કિકોથી નિષેધ કરવો શક્ય નથી. આથી એ ઉપનિષદ્‌ગમ્ય જ્ઞાન જ સમ્યક્જ્ઞાન છે એ સિદ્ધ થયું. આથી અન્યત્ર સમ્યક્જ્ઞાન ઉપપન્ન થતું નથી તેથી સંસારથી અવિમોક્ષ જ પ્રસક્ત (પ્રાપ્ત) થાય. આથી આગમના બળથી અને આગમને અનુસરતા તર્કના બળથી ચેતન બ્રહ્મ જગત્‌નું કારણ અને પ્રકૃતિ છે એમ થયું. ॥૧૧॥

૪. શિષ્ટાપરિગ્રહ અધિકરણ

આથી શિષ્ટોથી અપરિગ્રહણ કરાયેલાનું પણ વ્યાખ્યાન થયું સમજવું ॥૧૨॥

વૈદિક દર્શનની સમીપ હોવાથી, ગુરુતર તર્કબળથી યુક્ત હોવાથી, અને વેદને અનુસરતા કેટલાક શિષ્ટોથી કંઈક અંશે પરિગ્રહણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परिगृहीतत्वात्प्रधानकारणवादं तावद्व्यपाश्रित्य यस्तर्कनिमित्त आक्षेपो वेदान्तवाक्येषूद्भावितः, स परिहृतः ; इदानीमण्वादिवादव्यपाश्रयेणापि कैश्चिन्मन्दमतिभिर्वेदान्तवाक्येषु पुनस्तर्कनिमित्त आक्षेप आशङ्क्यत इत्यतः प्रधानमल्लनिबर्हणन्यायेनातिदिशति—परिगृह्यन्त इति परिग्रहाः ; न परिग्रहाः अपरिग्रहाः; शिष्टानामपरिग्रहाः शिष्टापरिग्रहाः ; एतेन प्रकृतेन प्रधानकारणवादनिराकरणकारणेन; शिष्टैर्मनुव्यासप्रभृतिभिः केनचिदप्यंशेनापरिगृहिता येऽण्वादिकारणवादाः, तेऽपि प्रतिषिद्धतया व्याख्याता निराकृता द्रष्टव्याः ; तुल्यत्वान्निराकरणकारणस्य नात्र पुनराशङ्कितव्यं किंचिदस्ति ; तुल्यमत्रापि परमगम्भीरस्य जगत्कारणस्य तर्कानवगाह्यत्वम्, तर्कस्य चाप्रतिष्ठितत्वम्, अन्यथानुमानेऽप्यविमोक्षः ; आगमविरोधश्च— इत्येवंजातीयं निराकरणकारणम् ।

५. भोक्त्रापत्त्यधिकरणम् ।

भोक्त्रापत्तेरविभागश्चेत्स्याल्लोकवत् ॥ १३ ॥

अन्यथा पुनर्ब्रह्मकारणवादस्तर्कबलेनैवाक्षिप्यते । यद्यपि श्रुतिः प्रमाणं स्वविषये भवति, तथापि प्रमाणान्तरेण विषयापहारेऽन्यपरा भवितुमर्हति, यथा मन्त्रार्थवादौ; तर्कोऽपि स्वविषयादन्यत्राप्रतिष्ठितः स्यात्, यथा धर्माधर्मयोः ; किमतः, यद्येवम्? अत इदमयुक्तम्, यत्प्रमाणान्तरप्रसिद्धार्थबाधनं श्रुतेः; कथं पुनः प्रमाणान्तरप्रसिद्धोर्थः श्रुत्या बाध्यत इति, अत्रोच्यते प्रसिद्धो ह्ययं भोक्तृभोग्यविभागो लोके— भोक्ता चेतनः शारीरः, भोग्याः शब्दादयो विषया इति; यथा भोक्ता देवदत्तः, भोग्य ओदन इति; तस्य च विभागस्याभावः प्रसज्येत, यदि भोक्ता भोग्यभावमापद्येत भोग्यं वा भोक्तृभावमापद्येत; तयोश्चेतरेतरभावापत्तिः परमकारणाद्ब्रह्मणोऽनन्यत्वात्प्रसज्येत; न चास्य प्रसिद्धस्य विभागस्य बाधनं युक्तम्; यथा त्वद्यते भोक्तृभोग्ययोर्विभागो दृष्टः, तथातीतानागयतयोरपि कल्पयितव्यः, तस्मात्प्रसिद्धस्यास्य भोक्तृभोग्यविभागस्याभावप्रसङ्गादयुक्तमिदं ब्रह्मकारणतावधारणमिति चेत्कश्चिच्चोदयेत्, तं प्रति ब्रूयात्— स्याल्लोकवदिति । उपपद्यत एवायमस्मत्पक्षेऽपि विभागः, एवं लोके दृष्टत्वात् । तथा हि—

કરાયેલો હોવાથી પ્રધાનકારણવાદને આધારે જે તર્કનિમિત્ત આક્ષેપ વેદાન્તવાક્યોને વિષે ઉપજાવ્યો તેનો પરિહાર કર્યો. હવે અણુવાદ આદિને આધારે પણ કેટલાક મન્દમતિઓ વળી વેદાન્તવાક્યોને વિષે આક્ષેપની આશંકા કરે છે, માટે પ્રધાનમલ્લનિબર્હણન્યાયથી અતિદેશ કરે છે. પરિગ્રહણ કરાય તે परिग्रहः પરિગ્રહ નહિ તે अपरिग्रहः શિષ્ટોના અપરિગ્રહ તે शिष्टापरिग्रहः एतेन-આથી એટલે પ્રકૃત પ્રધાનકારણવાદનિરાકરણથી. શિષ્ટ એટલે મનુ, વ્યાસ આદિઓથી કંઈક અંશે પણ પરિગ્રહણ ન કરાયેલા જે અણુઆદિકારણવાદો છે તે પણ પ્રતિષિદ્ધ તરીકે વ્યાખ્યાન કરાયેલા-નિરાકરણ કરાયેલા સમજવા. નિરાકરણ કારણતુલ્ય હોવાથી અહીં કંઈ ફરી આશંકા કરવી યોગ્ય નથી. અહિં પણ પરમગંભીર જગત્કારણ સમાન જ રીતે તર્કથી અનવગાહ્ય = પ્રવેશ ન કરી શકાય એવું છે, અને તર્કનું અપ્રતિષ્ઠિતપણું, અન્યથા અનુમાન કરવામાં અવિમોક્ષ અને આગમનો વિરોધ એવા પ્રકારનું નિરાકરણકારણ સમાન છે. ॥૧૨॥

૫. ભોક્ત્રાપત્તિ અધિકરણ

(ભોગ્ય) ભોક્તા થવાનો પ્રસંગ આવવાથી અવિભાગ થાય (એમ કહેશો) તો (અમે કહીએ છીએ કે વિભાગ) થશે, લોકની જેમ ॥૧૩॥

પુનઃ અન્ય પ્રકારે બ્રહ્મકારણવાદનો તર્કબળથી જ આક્ષેપ કરાય છે. જોકે શ્રુતિ સ્વવિષયમાં પ્રમાણ થાય છે તો પણ અન્ય પ્રમાણથી તેનો વિષય લઈ લેવાય ત્યારે શ્રુતિ અન્યપર(ગૌણાર્થક) થાય એ યુક્ત છે, જેમ મન્ત્ર અને અર્થવાદ અન્યપર થાય છે તેમ. તર્ક પણ સ્વવિષયથી અન્યત્ર અપ્રતિષ્ઠિત થાય, જેમ ધર્મ અને અધર્મમાં. જો એમ થાય તો એથી શું ? એથી એ અયુક્ત છે કે અન્ય પ્રમાણથી પ્રસિદ્ધ અર્થનો શ્રુતિ બાધ કરે. પણ અન્ય પ્રમાણથી પ્રસિદ્ધ અર્થનો શ્રુતિ બાધ કેવી રીતે કરે ? એને વિષે કહીએ છીએ- લોકમાં આ ભોક્તૃભોગ્યવિભાગ પ્રસિદ્ધ છે, ભોક્તા ચેતન શરીર છે અને ભોગ્ય શબ્દાદિ વિષયો છે એમ; જેમ કે દેવદત્ત ભોક્તા અને ઓદન ભોજ્ય છે. જો ભોક્તા ભોગ્યભાવ પામે અને ભોગ્ય ભોક્તૃભાવ પામે તો તે વિભાગનો અભાવ પ્રાપ્ત થાય. વળી એ બે, પરમકારણ બ્રહ્મથી અભિન્ન હોવાથી એ બેનો પરસ્પરભાવ પ્રાપ્ત થશે. એ પ્રસિદ્ધ વિભાગ બાધિત થાય એ યુક્ત નથી. જેવી રીતે આજે ભોક્તૃ અને ભોગ્યનો વિભાગ દેખાય છે તેવી રીતે અતીત અને અનાગત કાળમાં પણ કલ્પવો યુક્ત છે. માટે એ પ્રસિદ્ધ ભોક્તૃભોગ્યભાવનો અભાવ પ્રસક્ત થવાથી જગતનું કારણ બ્રહ્મ છે એ નિર્ણય અયોગ્ય એમ જો કોઈ શંકા કરે તો તેના પ્રત્યે કહેવું કે- 'स्याल्लोकवत्' (લોકની જેમ વિભાગ થશે). અમારા પક્ષમાં વિભાગ ઉપપન્ન થાય છે જ; કેમકે લોકમાં એમ જોવામાં આવેલું છે. જેમ કે ઉદકસ્વરૂપ સમુદ્રથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

समुद्रादुदकात्मनोऽनन्यत्वेऽपि तद्विकाराणां फेनवीचीतरङ्गबुद्बुदादीनामितरेतरविभाग इतरेतरासंश्लेषादिलक्षणश्च व्यवहार उपलभ्यते; न च समुद्रादुदकात्मनोऽनन्यत्वेऽपि तद्विकाराणां फेनतरङ्गादिनामितरेतरभावापत्तिर्भवति; एवमिहापि— न च भोक्तृभोग्ययोरितरेतरभावापत्तिः, न च परस्माद्ब्रह्मणोऽन्यत्वं भविष्यति। यद्यपि भोक्ता न ब्रह्मणो विकारः **'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्'** (तैत्ति.उप. २-६) इति स्रष्टुरेवाविकृतस्य कार्यानुप्रवेशेन भोक्तृत्वश्रवणात्, तथापि कार्यमनुप्रविष्टस्यास्त्युपाधिनिमित्तो विभाग आकाशस्येव घटाद्युपाधिनिमित्तः—इत्यतः, परमकारणाद्ब्रह्मणोऽनन्यत्वेऽप्युपपद्यते भोक्तृभोग्यलक्षणो विभागः समुद्रतरङ्गादिन्यायेनेत्युक्तम् ॥१३॥

६. आरम्भणाधिकरणम् ।

तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः ॥ १४ ॥

अभ्युपगम्य चेमं व्यावहारिकं भोक्तृभोग्यलक्षणं विभागम् **'स्याल्लोकवत्'** इति परिहारोऽभिहितः; न त्वयं विभागः परमार्थतोऽस्ति, यस्मात्तयोः कार्यकारणयोरनन्यत्वमवगम्यते । कार्यमाकाशादिकं बहुप्रपञ्चं जगत्; कारणं परं ब्रह्म; तस्मात्कारणात्परमार्थतोऽनन्यत्वं व्यतिरेकेणाभावः कार्यस्यावगम्यते; कुतः? आरम्भणशब्दादिभ्यः। आरम्भणशब्दस्तावदेकविज्ञानेन सर्वविज्ञानं प्रतिज्ञाय दृष्टान्तापेक्षायामुच्यते— **'यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्'** (छा.उप. ६-१-४) इति; एतदुक्तं भवति—एकेन मृत्पण्डेन परमार्थतो मृदात्मना विज्ञातेन सर्वं मृन्मयं घटशरावोदञ्चनादिकं मृदात्मकत्वाविशेषाद्विज्ञातं भवेत्; यतो वाचारम्भणं विकारो नामधेयम् — वाचैव केवलमस्तीत्यारभ्यते— विकारः घटः शराव उदञ्चनं चेति; न तु वस्तुवृत्तेन विकारो नाम कश्चिदस्ति; नामधेयमात्रं ह्येतदनृतम्; मृत्तिकेत्येव सत्यम्— इति एष ब्रह्मणो दृष्टान्त आम्नातः; तत्र श्रुताद्वाचारम्भणशब्दाद्दार्ष्टान्तिकेऽपि ब्रह्मव्यतिरेकेण कार्यजातस्याभाव इति गम्यते । पुनश्च

ફીણ, વીચી, તરંગ, બુદ્‌બુદ આદિ વિકારો અનન્ય છે તો પણ તેમનો અન્યોન્યવિભાગ અને અન્યોન્યસંશ્લેષ આદિસ્વરૂપ વ્યવહાર ઉપલબ્ધ થાય છે. ઉદકસ્વરૂપ સમુદ્રથી ફીણ, તરંગ આદિ તેના વિકારો અનન્ય છે તો પણ તેમનો અન્યોન્યભાવ થવાનો પ્રસંગ થતો નથી; તેમજ તેઓ અન્યોંન્યભાવ અપ્રાપ્ત કરે છે તો પણ વિકારો સમુદ્રસ્વરૂપથી અન્ય થતા નથી. એ રીતે અહીં પણ ભોક્તા અને ભોગ્ય અન્યોન્યભાવ પામતાં નથી તેમજ પરબ્રહ્મથી અન્ય થશે નહિં. જો કે ભોક્તા બ્રહ્મનો વિકાર નથી, કારણ 'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्' (तैत्ति.ઉપ.૨-૬) **'તેને સર્જી તેની જ અંદર અનુપ્રવેશ કર્યો'** એમ વિકાર ન પામેલા સૃષ્ટાનું જ કાર્યની અંદર અનુપ્રવેશથી ભોક્તૃત્વ શ્રુતિ કહે છે, તો પણ કાર્યમાં અનુપ્રવેશ જેણે કર્યો છે તેનો ઉપાધિકૃત વિભાગ છે, જેમ ઘટ આદિ ઉપાધિકૃત વિભાગ આકાશના છે તેમ. આથી પરમ કારણ બ્રહ્મથી અભિન્ન છે તો પણ ભોક્તૃભોગ્યલક્ષણ વિભાગ સમુદ્રતરંગન્યાયથી ઉપપન્ન થાય છે એમ કહ્યું છે.॥૧૩॥

૬. આરંભણ અધિકરણ

તેઓનું (કાર્ય અને કારણનું) અનન્યત્વ છે, आरम्भण શબ્દ આદિથી ॥૧૪॥

આ વ્યાવહારિક ભોક્તૃભોગ્યલક્ષણ વિભાગ સ્વીકારી 'स्याल्लोकवत्' એમ પરિહાર કહ્યો. પણ એ વિભાગ પરમાર્થતઃ વાસ્તવિક રીતે નથી; કેમકે તે કાર્ય અને કારણ છે એમ સમજાય છે. કાર્ય આકાશ આદિ બહુ પ્રપંચવાળું જગત્ અને કારણ પર બ્રહ્મ. આ કારણથી પરમાર્થતઃ કાર્યનું અનન્યત્વ-વ્યતિરેકે અભાવ-સમજાય છે. શાથી ? आरम्भण શબ્દ એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા કરી દૃષ્ટાન્તની અપેક્ષાએ કહ્યો છે-'यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्' (છાન્દો.ઉપ.૬-૧-૪) **'હે સોમ્ય, જેમ એક પિંડથી સર્વ મૃત્તિકાવિકાર વિજ્ઞાત થાય છે; કેમકે વિકાર વાણીનેજ અવલંબીને છે અને નામમાત્ર છે, માટી એ જ સત્ય છે'** એમ. તાત્પર્ય એ છે કે એક માટીનું જે વાસ્તવિક રીતે માટીનું સ્વરૂપ છે તે વિજ્ઞાત થતાં સર્વ મૃત્તિકાવિકાર, ઘટ, શરાવ, ઉદદંચન=પાત્રવિશેષ-કૂવામાંથી પાણી કાઢવાનું ડોલ જેવું પાત્ર આદિ મૃત્તિકાસ્વરૂપથી અવિશિષ્ટ હોવાથી વિજ્ઞાત થાય છે; કેમકે વિકાર વાચારંભણ, નામધેય છે, વાચા વડે જ કેવલ છે એમ આરંભાય છે. વિકાર ઘટ, શરાવ અને ઉદંચન એ. વાસ્તવિક રીતે વિકાર કંઈ નામ નથી. એ નામધેયમાત્ર, અસત્ય છે, મૃત્તિકા એ જ સત્ય છે. એ બ્રહ્મનું ઉદાહરણ શ્રુતિમાં કહ્યું છે. તેમાં કહેલા वाचारम्भण શબ્દથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तेजोबन्नानां ब्रह्मकार्यतामुक्त्वा तेजोबन्नकार्याणां तेजोबन्नव्यतिरेकेणाभावं ब्रवीति— '**अपागादग्नेरग्नित्वं वाचारम्भणं विकारो नाममधेयं त्रीणि रूपाणीत्येव सत्यम्**' इत्याना । आरम्भणशब्दादिभ्य इत्यादिशब्दात् '**ऐतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि**' (छा.उप.६-८-९) '**इदं सर्वं यदयमात्मा**' (बृह.उप. २-४-६) '**ब्रह्मैवेदं सर्वम्**' (मुं.उप. २-२-११) '**आत्मैवेदं सर्वम्**'(छा.उप. ७-२५-२) '**नेह नानास्ति किंचन**' (बृह.उप. ४-४-१९) इत्येवमाद्यप्यात्मैत्वप्रतिपादनपरं वचनजातमुदाहर्तव्यम्; न चान्यथा एकविज्ञानेन सर्वविज्ञानं संपद्यते । तस्माद्यथा घटकरकाद्याकाशानां महाकाशादनन्यत्वम्, यथा च मृगतृष्णिकोदकादीनामूषरादिभ्योऽनन्यत्वम्, दृष्टनष्टस्वरूपत्वात् सैवरूपेण त्वनुपाख्यत्वात् ; एवमस्य भोग्यभोक्त्रादिप्रपञ्चजातस्य ब्रह्मव्यतिरेकेणाभाव इति द्रष्टव्यम् ॥

नन्वनेकात्मकं ब्रह्म ; यथा वृक्षोऽनेकशाखः, एवमनेकशक्तिप्रवृत्तियुक्तं ब्रह्म; अत एकत्वं नानात्वं चोभयमपि सत्यमेव— यथा वृक्ष इत्येकत्वं शाखा इति च नानात्वम्; यथा च समुद्रात्मनैकत्वं फेनतरङ्गाद्यात्मना नानात्वम्; यथा च मृदात्मनैकत्वं घटशरावाध्यात्मना नानात्वम्; तत्रैकत्वांशेन ज्ञानान्मोक्षव्यवहारः सेत्स्यति ; नानात्वांशेन तु कर्मकाण्डाश्रयौ लौकिकवैदिकव्यवहारौ संपत्स्यते इति ; एवं च मृदादिदृष्टान्ता अनुरूपा भविष्यन्तीति । नैवं स्यात्-'**मृत्तिकेत्येव सत्यम्**' इति प्रकृतिमात्रस्य दृष्टान्ते सत्यत्वावधारणात्, वाचारम्भणशब्देन च विकारजातस्यानृतत्वाभिधानात्, दार्ष्टान्तिकेऽपि '**ऐतदात्म्यमिदं सर्वं तत्सत्यम्**' इति च परमकारणस्यैवैकस्य सत्यत्वावधारणात्, स '**आत्मा तत्त्वमसि श्वेतकेतो**' इति च शारीरस्य ब्रह्मभावोपदेशात्; स्वयं पसिद्धं ह्येतच्छारीरस्य ब्रह्मात्मत्वमुपदिश्यते, न यत्नान्तरप्रसाध्यम्; अतश्चेदं शास्त्रीयं ब्रह्मात्मत्वमभ्युपगम्यमानं स्वाभाविकस्य शारीरात्मत्वस्य बाधकं संपद्यते, रज्ज्वादिबुद्धय इव सर्पादिबुद्धीनाम् ; बाधिते च शारीरात्मत्वे तदाश्रयः समस्तः स्वाभाविको व्यवहारो बाधितो

દાર્ષ્ટાન્તિકમાં પણ બ્રહ્મથી જુદા કાર્યસમૂહનો અભાવ છે એમ સમજાય છે. વળી શ્રુતિ તેજ, જળ અને અન્ન બ્રહ્મનાં કાર્ય છે એમ કહી તેજ, જળ અને અન્નનાં કાર્યોનો તેજ, જળ અને અન્નથી ભિન્ન અભાવ કહે છે-'अपागादग्नेग्नित्वं वाचारम्भणं विकारो नामधेयं त्रीणि रूपाणीत्येव सत्यम्' (છાન્દો.ઉપ.૬-૪-૧) '**અગ્નિમાંથી અગ્નિત્વ ગયું; કેમકે તે વાણીથી જ આરંભાય છે, વિકાર, નામમાત્ર છે, ત્રણ રૂપો એ જ સત્ય છે**' ઇત્યાદિથી 'आरम्भणशब्दादिभ्यः' એમાં આદિ શબ્દથી 'ऐतदात्म्यमिदं सर्वं तत् सत्यं स आत्मा तत्त्वमसि' (છાન્દો.ઉપ.૬-૮-૭) '**એ સર્વ એ આત્મસ્વરૂપ છે, તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે**', 'इदं सर्वं यदयमात्मा' (બૃહ.ઉપ.૨-૪-૬) [**એ સર્વ (આત્મા છે) કે જે આત્મા (શ્રવણ આદિ યોગ્ય છે)**], 'ब्रह्मैवेदं सर्वम्' (મુ.ઉપ.૨-૨-૧૧) '**એ સર્વ બ્રહ્મ જ છે**', 'आत्मैवेदं सर्वम्' (છાન્દો.ઉપ. ૭-૨૫-૨) '**એ સર્વ આત્મા જ છે**', 'नेह नानास्ति किञ्चन' (બૃહ.ઉપ. ૪/૪/૧૯) '**અહિં કંઈ ભિન્ન નથી**', ઇત્યાદિ આત્મૈકત્વ પ્રતિપાદન કરનાર વચનસમૂહ પણ ઉદાહરણ તરીકે આપવું. નહિ તો એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાન સંપન્ન થશે નહિં. માટે જેમ ઘટાકાશ, કમંડળાકાશ આદિ આકાશો મહાકાશથી જુદાં નથી, જેમ ઝાંઝવાના જળ આદિ ઊષરથી (=ખારવાળી જમીન), કેમકે તેમનું સ્વરૂપ દૃષ્ટનષ્ટ છે, અને તેઓ સત્તાસ્ફુરણરહિત છે; તેવી રીતે આ ભોક્તૃભોગ્ય આદિ પ્રપંચસમૂહનો બ્રહ્મથી ભિન્ન અભાવ છે એમ સમજવું.

પણ બ્રહ્મ અનેકસ્વરૂપ છે, જેમ વૃક્ષ અનેક શાખાયુક્ત છે તેમ બ્રહ્મ અનેક શક્તિપ્રવૃત્તિયુક્ત છે. આથી એકત્વ અને અનેકત્વ બંને સત્ય જ છે. જેમ વૃક્ષસ્વરૂપે વૃક્ષ એક છે અને શાખાસ્વરૂપે અનેક છે, જેમ સમુદ્ર સમુદ્રસ્વરૂપે એક અંને તરંગાદિસ્વરૂપે અનેક છે, જેમ મૃત્તિકા મૃત્તિકાસ્વરૂપે એક અને ઘટ, શરાવ આદિ સ્વરૂપે અનેક છે; તેમાં એકત્વ અંશે જ્ઞાનથી મોક્ષવ્યવહાર સિદ્ધ થશે અને અનેકત્વ અંશે જ્ઞાનથી કર્મકાણ્ડને આશ્રયે રહેલા લૌકિક અને વૈદિક વ્યવહાર સિદ્ધ થશે; એવી રીતે વળી મૃત્તિકા આદિ ઉદાહરણો અનુકૂળ થશે. એમ નહિ થાય 'मृत्तिकेत्येव सत्यम्' '**મૃત્તિકા જ સત્ય છે**' એમ પ્રકૃતિમાત્રને દૃષ્ટાન્તમાં સત્ય તરીકે નક્કી કર્યું છે; અને વાચારમ્ભણ એ શબ્દથી વિકારસમૂહને અસત્ય કહ્યો છે. દાર્ષ્ટાન્તિકમાં પણ 'ऐतदात्म्यमिदं सर्वं तत् सत्यम्' '**એ સર્વ એ આત્મસ્વરૂપ છે, તે સત્ય છે**' એમ એક પરમ કારણને જ સત્ય તરીકે નક્કી કર્યું છે. 'स आत्मा तत्त्वमसि श्वेतकेतो' '**તે આત્મા છે, તે તું છે, હે શ્વેતકેતુ**' એમ શારીર બ્રહ્મ થાય છે એવો ઉપદેશ છે. સ્વતઃ પ્રસિદ્ધ આ શારીરના બ્રહ્માત્મત્વ બ્રહ્મસ્વરૂપનો ઉપદેશ કરાય છે, અન્ય યત્નથી સાધ્ય બ્રહ્મસ્વરૂપનો નહિ. આથી એ જે શાસ્ત્રીય બ્રહ્માત્મત્વની અવગતિ થાય છે તે સ્વાભાવિક શારીરાત્મત્વની બ્રહ્મથી ભિન્ન જીવસ્વરૂપની બાધક થાય છે, જેમ રજ્જુ આદિ બુદ્ધિ સર્પ આદિ બુદ્ધિની બાધક થાય છે તેમ. શારીરાત્મત્વનો બાધ થયો એટલે તેને આશ્રયે રહેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

भवति, यत्प्रसिद्धये नानात्वांशोऽपरो ब्रह्मणः कल्प्येत ; दर्शयति च '**यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्**' (बृह.उप. ४-५-१५) इत्यादिना ब्रह्मात्मत्वदर्शिनं प्रति समस्तस्य क्रियाकारकफललक्षणस्य व्यवहारस्याभावम् ; न चायं व्यवहाराभावोऽवस्थाविशेषनिबद्धोऽभिधीयते इति युक्तं वक्तुम्, '**तत्त्वमसि**' इति ब्रह्मात्मभावस्यानवस्थाविशेषनिबन्धनत्वात् ; तस्करदृष्टान्तेन चानृताभिसंधस्य बन्धनं सत्याभिसंर्धस्य च मोक्षं दर्शयन् एकत्वमेवैकं पारमार्थिकं दर्शयति, मिथ्याज्ञानविजृम्भितं च नानात्वम् ; उभयसत्यतायां हि कथं व्यवहारगोचरोऽपि जन्तुरनृताभिसंध इत्युच्यते? '**मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति**' (बृह.उप. ४-४-१९) इति च भेददृष्टिमपवदन्नेतदेव दर्शयति; न चास्मिन्दर्शने ज्ञानान्मोक्ष इत्युपपद्यते, सम्यग्ज्ञानापनोद्यस्य कस्यचिन्मिथ्याज्ञानस्य संसारकारणत्वेनानभ्युपगमात् ; उभयसत्यतायां हि कथमेकत्वज्ञानेन नानात्वज्ञानमपनुद्यत इत्युच्यते । नन्वेकत्वैकान्ताभ्युपगमे नानात्वाभावात्प्रत्यक्षादीनि लौकिकानि प्रमाणानि व्याहन्येरन्, निर्विषयत्वात्, स्थाण्वादिष्विव पुरुषादिज्ञानानि; तथा विधिप्रतिषेधशास्त्रमपि भेदापेक्षत्वात्तदभावे व्याहन्येत ; मोक्षशास्त्रस्यापि शिष्यशासित्रादि भेदापेक्षत्वात्तदभावे व्याघातः स्यात्; कथं चानृतेन मोक्षशास्त्रेण प्रतिपादितस्यात्मैकत्वस्य सत्यत्वमुपपद्येतेति । अत्रोच्यते— नैष दोषः, सर्वव्यवहाराणामेव प्राग्ब्रह्मात्मताविज्ञानात्सत्यत्वोपपत्तेः स्वप्नव्यवहारस्येव प्राग्बोधात् ; यावद्धि न सत्यात्मैकत्वप्रतिपत्तिस्तावत्प्रमाणप्रमेयफललक्षणेषु विकारेष्वनृतत्वबुद्धिर्न कस्यचिदुत्पद्यते ; विकारानेव तु '**अहम्**' '**मम**' इत्यविद्यया आत्मात्मीयेन भावेन सर्वो जन्तुं प्रतिपद्यते स्वाभाविकीं ब्रह्मात्मतां हित्वा ; तस्मात्प्राग्ब्रह्मात्मताप्रबोधादुपपन्नः सर्वो लौकिको वैदिकश्च व्यवहारः- यथा सुप्तस्य प्राकृतस्य जनस्य स्वप्ने उच्चावचान्भावान्पश्यतो निश्चितमेव प्रत्यक्षाभिमतं विज्ञानं भवति प्राक्प्रबोधात्, न च प्रत्यक्षाभासाभिप्रायस्तत्काले भवति, तद्वत् । कथं त्वसत्येन वेदान्तवाक्येन सत्यस्य ब्रह्मात्मत्वस्य प्रतिपत्तिरुपपद्येत? न हि रज्जुसर्पेण दष्टो म्रियते; नापि

સમસ્ત સ્વાભાવિક વ્યવહાર બાધિત થાય છે; કે જેની પ્રસિદ્ધિ માટે નાનાત્વ અંશે રહેલા અપર બ્રહ્મની કલ્પના કરાય. 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत् केन कं पश्येत्' (બૃહ.ઉપ.૪-૫-૧૫) **'પણ જ્યાં એને સર્વ આત્મા જ થાય છે ત્યાં શેના વડે શું જુએ'** ઇત્યાદિ બ્રહ્મને જ આત્મા સમજનાર પ્રત્યેક શ્રુતિ ક્રિયા, કારક અને ફળસ્વરૂપ સમસ્ત વ્યવહારનો અભાવ દર્શાવે છે. વિશિષ્ટ અવસ્થાને આધારે રહેલો આ વ્યવહારનો અભાવ કહેલો છે એમ કહેવું ઉચિત નથી; કેમકે 'तत्त्वमसि' **'તે તું છે'** એમ જે શારીરનું બ્રહ્મસ્વરૂપ કહ્યું છે તે વિશિષ્ટ અવસ્થાને આધારે કહ્યું નથી. વળી ચોરના દષ્ટાન્તથી અસત્ય વિચારવાળાનું બંધન અને સત્ય વિચારવાળાનો મોક્ષ દર્શાવતી શ્રુતિ એકત્વ જ એક પારમાર્થિક છે અને અનેક મિથ્યાજ્ઞાનથી પ્રકાશિત થયેલું છે એમ દર્શાવે છે (છાન્દો.ઉપ.૬-૧૬). ખરેખર, બંને સત્ય હોય તો વ્યવહારગોચર જન્તુ પણ અસત્ય વિચારવાળો છે એમ કેવી રીતે કહી શકાય ? 'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति' (બૃહ.ઉપ.૪-૪-૧૯) (જે અહીં ભેદની જેમ સમજે છે તે મૃત્યુથી મૃત્યુ પ્રાપ્ત કરે છે) એમ ભેદદષ્ટિનો નિષેધ કરીને જ એ દર્શાવે છે. વળી એ દર્શનમાં જ્ઞાનથી મોક્ષ છે એમ સિદ્ધ થતું નથી; કેમકે સમ્યગ્જ્ઞાનથી નિષેધ્ય જે કંઈક મિથ્યાજ્ઞાન તેને સંસારનું કારણ સ્વીકાર્યું નથી, કેમકે બંને સત્ય હોય તો એકત્વના જ્ઞાનથી ભેદનું જ્ઞાન દૂર થાય છે એમ કેવી રીતે કહેવાય ? પણ ઐકાન્તિક એકત્વ સ્વીકારીએ તો ભેદના અભાવથી પ્રત્યક્ષ આદિ લૌકિક પ્રમાણો વિષય ન હોવાથી અપ્રમાણ થાય, જેમ સ્થાણુ આદિનું પુરુષ આદિ જ્ઞાન થાય છે તેમ. તેમજ વિધિશાસ્ત્ર અને પ્રતિષેધશાસ્ત્ર પણ ભેદના અપેક્ષિત હોવાથી તેને અભાવે અપ્રમાણ થાય. મોક્ષશાસ્ત્રને પણ શિષ્ય, ઉપદેશ કરનાર વગેરે ભેદની અપેક્ષા હોવાથી તેને અભાવે એ શાસ્ત્રનો પણ વ્યાઘાત થાય. વળી અસત્ય મોક્ષશાસ્ત્રથી પ્રતિપાદિત થયેલું આત્મૈકત્વ (=આત્મા જ એકલો છે એવું અદ્વૈત) સત્ય છે એમ કેવી રીતે યુક્ત થાય ? આને વિષે કહીએ છીએ. એ દોષ નથી. બધા વ્યવહારો બ્રહ્માત્મતા વિજ્ઞાનની પૂર્વે જ સત્ય છે એ યોગ્ય છે; જેમ પ્રબોધની પૂર્વે (જાગ્યા પહેલાં) સ્વપ્નવ્યવહાર સત્ય છે તેમ. ખરેખર, જ્યાં સુધી સત્ય આત્મૈકત્વ પ્રતીતિ થઈ નથી, ત્યાં સુધી પ્રમાણ, પ્રમેય અને ફળલક્ષણ વિકારો અસત્ય છે એવી બુદ્ધિ કોઈને પણ ઉત્પન્ન થશે નહિ. સ્વાભાવિક બ્રહ્માત્મતાનો ત્યાગ કરી સર્વ જન્તુ વિકારોને જ હું, મારું એમ અવિદ્યાથી આત્મભાવ અને આત્મીયભાવથી સમજે છે, માટે બ્રહ્માત્મતાના જ્ઞાનની પૂર્વે બધા લૌકિક અને વૈદિક વ્યવહાર યુક્ત છે. જેમ સૂતેલો સાધારણ માણસ જે સ્વપ્નમાં જુદા જુદા પ્રકારના પદાર્થો જુએ છે તેને જાગતા પહેલાં નિશ્ચિત જ, પ્રત્યક્ષ પ્રમાણથી અભિમત થયેલું વિજ્ઞાન થાય છે અને તે સમયે પ્રત્યક્ષ પ્રમાણના આભાસનો અભિપ્રાય થતો નથી તે પ્રમાણે. પણ અસત્ય વેદાન્તવાક્યથી સત્ય બ્રહ્માત્મત્વજ્ઞાન કેવી રીતે યુક્ત થાય, કેમકે રજ્જુસર્પથી દંશેલો માણસ મરતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मृगतृष्णिकाम्भसा पानावगाहनादिप्रयोजनं क्रियत इति। नैष दोषः, शङ्काविषादिनिमित्तमरणादिकार्योपलब्धेः, स्वप्नदर्शनावस्थस्य च सर्पदंशनोदकस्नानादिकार्यदर्शनात् ; तत्कार्यमप्यनृतमेवेति चेद्ब्रूयात्, तत्र ब्रूमः- यद्यपि स्वप्नदर्शनावस्थस्य सर्पदंशनोदकस्नानादिकार्यमनृतम्, तथापि तदवगतिः सत्यमेव फलम्, प्रतिबुद्धस्याप्यबाध्यमानत्वात् ; न हि स्वप्नादुत्थितः स्वप्नदृष्टं सर्पदंशनोदकस्नानादिकार्यं मिथ्येति मन्यमानस्तदवगतिमपि मिथ्येति मन्यते कश्चित्। एतेन स्वप्नदृशोऽवगत्यबाधनेन देहमात्रात्मवादो दूषितो वेदितव्यः। तथा च श्रुतिः- **'यदा कर्मसु काम्येषु स्त्रियं स्वप्नेषु पश्यति। समृद्धिं तत्र जानीयात्तस्मिन्स्वप्ननिदर्शने'** (छा.उप. ५-२-९) इत्यसत्येन स्वप्नदर्शनेन सत्यायाः फलसमृद्धेः प्राप्तिं दर्शयति, तथा प्रत्यक्षदर्शनेषु केषुचिदरिष्टेषु जातेषु **'न चिरमिव जीविष्यतीति विद्यात्'** इत्युक्त्वा **'अथ यः स्वप्ने पुरुषं कृष्णं कृष्णदन्तं पश्यति स एनं हन्ति'** इत्यादिना तेनासत्येनैव स्वप्नदर्शनेन सत्यमरणं सूच्यत इति दर्शयति ; प्रसिद्धं चेदं लोकेऽन्वयव्यतिरेककुशलानामीदृशेन स्वप्नदर्शनेन साध्वागमः सूच्यते, ईदृशेनासाध्वागम इति ; तथा अकारादिसत्याक्षरप्रतिपत्तिर्दृष्टा रेखानृताक्षरप्रतिपत्तेः। अपि चान्त्यमिदं प्रमाणमात्मैकत्वस्य प्रतिपादकम्-नातःपरं किंचिदाकाङ्क्ष्यमस्ति ; यथा हि लोके यजेतेत्युक्ते, किम्? केन? कथम्? इत्याकाङ्क्ष्यते ; नैवं **'तत्त्वमसि' 'अहं ब्रह्मास्मि'** इत्युक्ते, किंचिदन्यदाकाङ्क्ष्यमस्ति— सर्वात्मैकत्वविषयत्वादवगतेः ; सति ह्यन्यस्मिन्नवशिष्यमाणेऽर्थे आकाङ्क्षा स्यात् ; न त्वात्मैकत्वव्यतिरेकेणावशिष्यमाणोऽन्योऽर्थोऽस्ति, य आकाङ्क्ष्येत। न चेयमवगतिर्नोत्पद्यत इति शक्यं वक्तुम्, **'तद्धास्य विजज्ञौ'** (छा.उप. ६-१६-३) इत्यादिश्रुतिभ्यः, अवगतिसाधनानां च श्रवणादीनां वेदानुवचनादीनां च विधीयमानत्वात्। न चेयमवगतिरनर्थिका भ्रान्तिर्वेति शक्यं वक्तुम् ; अविद्यानिवृत्तिफलदर्शनात्,

---

નથી, તેમજ ઝાંઝવાના જળથી પાન, સ્નાન આદિ પ્રયોજન કરાતું નથી. એ દોષ નથી; કેમકે શંકાભૂત વિષ આદિથી થયેલું મરણ આદિ કાર્ય ઉપલબ્ધ થાય છે; અને જે સ્વપ્નદર્શનની અવસ્થામાં હોય છે તેને સર્પદંશ, ઉદકસ્નાન આદિ કાર્યો જોવામાં આવે છે. તે કાર્ય પણ ખોટાં જ છે એમ કહેશે તો તેને વિષે કહીએ છીએ - જોકે સ્વપ્નદર્શનની અવસ્થામાં આવેલા પુરુષને સર્પદંશ, ઉદકસ્નાન વગેરે કાર્ય અસત્ય છે તોપણ તેનું જ્ઞાન એ સત્યજ ફળ છે; કેમકે પ્રતિબુદ્ધ— જાગૃત થયા પછી પણ તેનો બાધ થતો નથી. ખરેખર, સ્વપ્નથી ઊઠેલો, જે સર્પદંશન, ઉદકસ્નાન આદિ કાર્યને અસત્ય છે એમ માને છે, તે કોઈ તેની અવગતિ પણ ખોટી છે એમ માનતું નથી. આથી એટલે સ્વપ્ન જોનારની અવગતિનો બાધ થતો નથી તેથી, દેહમાત્ર આત્મા છે એ મત દૂષિત થયેલો સમજવો. તથા શ્રુતિ 'यदा कर्मसु काम्येषु स्त्रियं स्वप्नेषु पश्यति। समृद्धिं तत्र जानीयात्तस्मिन् स्वप्ननिदर्शने' (છાન્દો. ઉપ.૫-૨-૯) **'જ્યારે કામના માટે કરેલાં કર્મોમાં કોઈ સ્વપ્નોમાં સ્ત્રીને જુએ છે ત્યારે તે સ્વપ્નદર્શન થતાં તેમાં સમૃદ્ધિ જાણવી'** અસત્ય સ્વપ્નદર્શનથી સત્યસમૃદ્ધિની પ્રાપ્તિ દર્શાવે છે. તેમજ કેટલાક અરિષ્ટ પદાર્થોનું પ્રત્યક્ષદર્શન થતાં ચિરકાળ જીવશે નહીં એમ કહી શ્રુતિ 'अथ यः स्वप्ने पुरुषं कृष्णं कृष्णदन्तं पश्यति स एनं हन्ति' **'જો સ્વપ્નમાં કોઈ કાળા દાંતવાળા પુરુષને જુએ છે તો તે એને હણે છે'** ઇત્યાદિથી તે તે અસત્ય જ સ્વપ્નદર્શન દ્વારા સત્ય મૃત્યુ સૂચવાય છે એમ દર્શાવે છે. આ સ્વપ્નદર્શનથી સારી પ્રાપ્તિ સૂચવાય છે, આથી નઠારી વસ્તુની પ્રાપ્તિ સૂચવાય છે એમ અન્વયવ્યતિરેકમાં કુશળ પુરુષોને એ લોકમાં પ્રસિદ્ધ છે. તેમજ રેખાને વિષે અસત્ય અક્ષરના જ્ઞાનથી અકાર આદિ સત્ય અક્ષરની પ્રતિપત્તિ (બોધ) જોવામાં આવે છે. વળી આત્મા એક જ છે એમ પ્રતિપાદન કરનાર એ પ્રમાણ અન્ત્ય છે; એથી પર કંઈ આકાંક્ષા યોગ્ય નથી. જેમ લોકમાં યજેત એમ કહ્યું એટલે શું, શેના વડે અને કેવી રીતે એમ આકાંક્ષા થાય છે, એમ 'तत्त्वमसि' **'તે તું છે'**, 'अहं ब्रह्मास्मि' **'હું બ્રહ્મ છું'** એમ કહ્યું એટલે કંઈ બીજું આકાંક્ષાયોગ્ય નથી, કેમકે સર્વાત્મા એક જ છે એ અવગતિનો વિષય છે. ખરેખર, અન્ય બાકી રહેતો પદાર્થ હોય તો આકાંક્ષા થાય પણ આત્મૈકત્વથી જુદો બાકી રહેતો અન્ય પદાર્થ નથી કે જેની આકાંક્ષા કરાય. તેમજ એ અવગતિ ઉત્પન્ન થતી નથી એમ કહેવું શક્ય નથી; કેમકે 'तद्धास्य विजज्ञौ' (છાન્દો. ઉપ. ૬-૧૬-૩) **[ખરેખર એનું-પિતાનું તે (કહેલું સદેવાહમસ્મિ - હું બ્રહ્મ જ છું એ) તેણે જાણ્યું]** ઇત્યાદિ શ્રુતિઓ છે, અને શ્રવણ આદિ અવગતિનાં સાધનો અને વેદનું અનુવચન અર્થાત્ પઠન આદિનું વિધાન છે. વળી એ અવગતિ પ્રયોજનરહિત છે કે ભ્રાન્તિ છે એમ કહેવું શક્ય નથી; કેમકે અવિદ્યા નિવૃત્ત કરવાનું તેનું ફળ જોવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बाधकज्ञानान्तराभावाच्च । प्राक्चात्मैकत्वावगतेरव्याहतः सर्वः सत्यानृतव्यवहारो लौकिको वैदिकश्चेत्यवोचाम । तस्मादन्त्येन प्रमाणेन प्रतिपादिते आत्मैकत्वे समस्तस्य प्राचीनस्य भेदव्यवहारस्य बाधितत्वात् न अनेकात्मकब्रह्मकल्पनावकाशोऽस्ति । ननु मृदादिदृष्टान्तप्रणयनात्परिणामवद्ब्रह्म शास्त्रस्याभिमतमिति गम्यते; परिणामिनो हि मृदादयोऽर्था लोके समधिगता इति । नेत्युच्यते— **'स वा एष महानज आत्माजरोऽमरोऽमृतोऽभयो ब्रह्म'** (बृह.उप. ४-४-२५) **'स एष नेति नेत्यात्मा'** (बृह.उप. ३-९-२६) **'अस्थूलमनणु'** (बृह.उप.३-८-८) इत्याद्याभ्यः सर्वविक्रियाप्रतिषेधश्रुतिभ्यः ब्रह्मणः कूटस्थत्वावगमात्; न ह्येकस्य ब्रह्मणः परिणामधर्मत्वं तद्रहितत्वं च शक्यं प्रतिपत्तुम्; स्थितिगतिवत्स्यादिति चेत्, न; कूटस्थस्येति विशेषणात्; न हि कूटस्थस्य ब्रह्मणः स्थितिगतिवदनेकधर्माश्रयत्वं संभवति; कूटस्थं च नित्यं ब्रह्म सर्वविक्रियाप्रतिषेधादित्यवोचाम; न च, यथा ब्रह्मण आत्मैकत्वदर्शनं मोक्षसाधनम्, एवं जगदाकारणपरिणामित्वदर्शनमपि स्वतन्त्रमेव कस्मैचित्फलायाभिप्रेयते, प्रमाणाभावात्; कूटस्थब्रह्मात्मैकत्वविज्ञानादेव हि फलं दर्शयति शास्त्रम्—**'स एष नेति नेत्यात्मा'** इत्युपक्रम्य **'अभयं वै जनक प्राप्तोऽसि'** (बृह.उप. ४-२-४) इत्येवंजातीयकम् तत्रैतत्सिद्धं भवति—ब्रह्मप्रकरणे सर्वधर्मविशेषरहितब्रह्मदर्शनादेव फलसिद्धौ सत्याम्, यत्तत्राफलं श्रूयते ब्रह्मणो जगदाकारपरिणामित्वादि, तद्ब्रह्मदर्शनोपायत्वेनैव विनियुज्यते, फलवत्संनिधावफलं तदङ्गमितिवत् : न तु स्वतन्त्रं फलाय कल्प्यत इति । न हि परिणामवत्त्वविज्ञानात्परिणामवत्त्वमात्मनः फलं स्यादिति वक्तुं युक्तम्, कूटस्थनित्यत्वान्मोक्षस्य । ननु कूटस्थब्रह्मात्मवादिन एकत्वैकान्त्यात् ईशित्रीशितव्याभावे ईश्वरकारणप्रतिज्ञाविरोध इति चेत्, न; अविद्यात्मकनामरूपबीजव्याकरणपेक्षत्वात्सर्वज्ञत्वस्य । **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'** (तैत्ति.आ. ३-१२-७) इत्यादिवाक्येभ्यः नित्यशुद्धबुद्धमुक्तस्वरूपा-

---

આવે છે અને અન્ય બાધક જ્ઞાનનો અભાવ છે. આત્મૈકત્વ અવગતિની પહેલાં સર્વ સત્ય અને અનૃત, લૌકિક અને વૈદિક વ્યવહાર અવ્યાહત (અપ્રતિહત) છે એમ અમે કહ્યું છે. તે માટે અન્ત્ય પ્રમાણથી આત્મૈકત્વ પ્રતિપાદિત થતાં પૂર્વેનો સમસ્ત ભેદવ્યવહાર બાધિત થવાથી અનેક સ્વરૂપના બ્રહ્મની કલ્પના માટે અવકાશ નથી. પણ માટી આદિ ઉદાહરણ આપ્યું છે તેથી પરિણામયુક્ત બ્રહ્મ શાસ્ત્રનું અભિમત છે એમ સમજાય છે; કેમકે લોકમાં માટી આદિ પદાર્થો પરિણામયુક્ત ઉપલબ્ધ થાય છે. ના એમ કહીએ છીએ; કેમકે 'स वा एष महानज आत्माऽजरोऽमरोऽमृतोऽभयो ब्रह्म' (બૃહ.ઉપ.૪-૪-૨૫) **'તે એ આત્મા મહાન્, અજ, જરારહિત, અમર, અમૃત, અભય બ્રહ્મ છે'**, 'स एष नेति नेत्यात्मा' (બૃહ.ઉપ.૩-૯-૨૬) **[(નથી, નથી એમ જે (મધુકાણ્ડમાં નિર્દિષ્ટ છે) તે એ આત્મા છે)]**, 'अस्थूलमनणु' (બૃહ.ઉપ.૩-૮-૮) **'સ્થૂલ નહીં, અણુ નહીં'** ઇત્યાદિ બધી વિક્રિયાનો પ્રતિષેધ કરનારી શ્રુતિઓથી બ્રહ્મ કૂટસ્થ (સ્થિર) છે એમ સમજાય છે. ખરેખર, એક બ્રહ્મને પરિણામધર્મવાળું અને તેથી રહિત સમજવું શક્ય નથી. સ્થિતિ અને ગતિની જેમ થશે એમ કહેશો તો ના; કેમકે कूटस्थस्य **'કૂટસ્થનું'** એવું વિશેષણ છે. ખરેખર, કૂટસ્થ બ્રહ્મ સ્થિતિ અને ગતિની જેમ અનેક ધર્મનું આશ્રય થાય એ સંભવતું નથી. બ્રહ્મ કૂટસ્થ અને નિત્ય છે; કેમકે સર્વ વિક્રિયાનો પ્રતિષેધ છે એમ અમે કહ્યું છે. વળી જેમ બ્રહ્મ આત્માથી અભિન્ન છે એ જ્ઞાન મોક્ષનું સાધન છે એમ બ્રહ્મ જગદાકારમાં પરિણામ પામે છે એ જ્ઞાન સ્વતન્ત્ર જ કોઈ પણ ફળને માટે અભિપ્રેત (ઇચ્છિત) નથી; કેમકે પ્રમાણનો અભાવ છે. કૂટસ્થ બ્રહ્મ આત્મા છે એ વિજ્ઞાનથીજ 'स एष नेति नेत्यात्मा' **[નથી, નથી એમ જે (ચતુર્થ મધુકાણ્ડમાં નિર્દિષ્ટ છે) તે આત્મા છે]** એમ ઉપક્રમ કરીને 'अभयं वै जनक प्राप्तोऽसि' (બૃહ.ઉપ.૪-૨-૪) **'હે જનક, તું અભય બન્યો છે'** એવા પ્રકારનું શાસ્ત્રોક્ત ફળ દર્શાવે છે. તેમાં એ સિદ્ધ છે-બ્રહ્મપ્રકરણમાં સર્વધર્મવિશેષરહિત બ્રહ્મના જ્ઞાનથી જ ફળસિદ્ધિ છે તેથી તેમાં બ્રહ્મ જગદાકારમાં પરિણામ પામે છે ઇત્યાદિ જે અફળ તરીકે શ્રુતિપ્રતિપાદિત છે તેનો બ્રહ્મદર્શનના ઉપાય તરીકે જ વિનિયોગ છે; જેમ ફળવત્‌ની સંનિધિમાં અફળ તેનું અંગ થાય છે તેમ; પણ સ્વતન્ત્ર ફળને માટે કલ્પાતું નથી. ખરેખર, બ્રહ્મ પરિણામવાળું છે એ વિજ્ઞાનથી આત્મા પરિણામવાળો છે એ ફળ થશે એમ કહેવું યુક્ત નથી; કેમકે મોક્ષ કૂટસ્થ નિત્ય છે. કૂટસ્થ બ્રહ્મ આત્મા છે એમ જે માનવું છે તેને ઐકાન્તિક એકત્વ હોવાથી ઇશિત અને ઈશિતવ્યનો = અમલ કરનાર = જેના પર અમલ થાય તેનો અભાવ ઈશ્વર એ જગત્ કારણ છે એ પ્રતિજ્ઞાથી વિરુદ્ધ થશે એમ કહેશો તો ના, કેમકે સર્વજ્ઞત્વને અવિદ્યાત્મક નામરૂપબીજનો વ્યાકાર કરવાની (સ્પષ્ટીકરણ કે સૃષ્ટિની) અપેક્ષા છે. 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः' (તૈત્તિ.ઉપ.૨-૧) **'તે એ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું'** ઇત્યાદિ વાક્યોથી નિત્ય, શુદ્ધ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

-त्सर्वज्ञात्सर्वशक्तेरीश्वराज्जगज्जनिस्थितिप्रलयाः, नाचेतनात्प्रधानादन्यस्माद्वा— इत्येषोऽर्थः प्रतिज्ञातः— **'जन्माद्यस्य यतः'** (ब्र.सू.१-१-२) इति ; सा प्रतिज्ञा तदवस्थैव, न तद्विरुद्धोऽर्थः पुनरिहोच्यते । कथं नोच्यते, अत्यन्तमात्मन एकत्वमद्वितीयत्वं च ब्रुवता ? शृण यथा नोच्यते— सर्वज्ञस्येश्वरस्यात्मभूते इवाविद्याकल्पिते नामरूपे तत्त्वान्यत्वाभ्यामनिर्वचनीये संसारप्रपञ्चबीजभूते सर्वज्ञस्येश्वरस्य मायाशक्तिः प्रकृतिरिति च श्रुतिस्मृत्योरभिलप्येते; ताभ्यामन्यः सर्वज्ञ ईश्वरः, **'आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म'** (छा.उप. ८-१४-१) इति श्रुतेः, **'नामरूपे व्याकरवाणि'** (छा.उप. ६-३-२) **'सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाभिवदन्यदास्ते'** (तैत्ति.आ. ३-१२-७) **'एकं बीजं बहुधा यः करोति'** (श्वे.उप. ६-१२) इत्यादिश्रुतिभ्यश्च; एवमविद्याकृतनामरूपोपाध्यनुरोधीश्वरो भवति, व्योमेव घटकरकाद्युपाध्यनुरोधि; स च स्वात्मभूतानेव घटाकाशस्थानीयानविद्याप्रत्युपस्थापितनामरूपकृतकार्यकरणसंघातानुरोधिनो जीवाख्यान्विज्ञानात्मनः प्रतीष्टे व्यवहारविषये; तदेवमविद्यात्मकोपाधिपरिच्छेदापेक्षमेवेश्वरस्येश्वरत्वं सर्वज्ञत्वं सर्वशक्तित्वं च, न परमार्थतो विद्यया अपास्तसर्वोपाधिस्वरूपे आत्मनि ईशित्रीशितव्यसर्वज्ञत्वादिव्यवहार उपपद्यते ; तथा चोक्तम्— **'यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा'** (छा.उप. ७-२४-१) इतिः **'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्'** (बृह.उप. ४-४-२२) इत्यादिना च; एवं परमार्थावस्थायां सर्वव्यवहाराभावं वदन्ति वेदान्ताः सर्वे; तथेश्वरगीतास्वपि— **'न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः । न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते' 'नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः । अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः'** (भ.गी.१४-१५)

બુદ્ધ, મુક્તસ્વરૂપ, સર્વજ્ઞ, સર્વશક્તિયુક્ત, ઈશ્વરથી જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય છે, અચેતન પ્રધાનથી કે અન્યથી નથી એ અર્થની 'जन्माद्ययस्य यतः' (બ્રહ્મ.સૂ. ૧-૧-૨) [જન્માદિ આનું (જગત્‌નું) જેથી (તે બ્રહ્મ)] એમાં પ્રતિજ્ઞા કરી છે. તે પ્રતિજ્ઞા તે અવસ્થામાં જ છે, તેથી વિરુદ્ધ અર્થ કંઈ અત્રે કહેવામાં આવતો નથી. આત્મા અત્યન્ત એક, અદ્વિતીય છે એમ પ્રતિપાદન કરો છો, તો પણ એ (વિરુદ્ધ અર્થ) કેમ નથી કહેવામાં આવતો ? જેવી રીતે નથી કહેવામાં આવતો તે સાંભળ. સર્વજ્ઞ ઈશ્વરનાં આત્મભૂત હોય એવાં અવિદ્યાકલ્પિત નામરૂપ, તત્ત્વ કે અન્યત્વથી અનિર્વચનીય, સંસારપ્રપંચના બીજભૂત, સર્વજ્ઞ ઈશ્વરની માયાશક્તિ અને પ્રકૃતિ તરીકે શ્રુતિ અને સ્મૃતિમાં કહેવાયેલાં છે. તે બેથી જુદો સર્વજ્ઞ ઈશ્વર છે; કેમકે 'आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद्ब्रह्म' (છાન્દો.ઉપ. ૮-૧૪-૧) **'ખરેખર, આકાશ શ્રુતિઓને વિષે પ્રસિદ્ધ આત્મા છે. તે નામ અને રૂપનું વ્યાકરણ-સ્પષ્ટીકરણ કરનાર છે, એ બે જેની અંદર છે તે બ્રહ્મ છે'** એમ શ્રુતિ છે, અને 'नामरूपे व्याकरवाणि' (છાન્દો.ઉપ.૬-૩-૨) **'હું નામ અને રૂપનો વ્યાકાર કરું'**, 'सर्वाणि रूपाणि विचिन्त्य धीरो नामानि कृत्वाऽभिवदन् यदास्ते' (તૈત્તિ..આ.૩-૧૨-૭) **'ધીર-પરમાત્મા જ સર્વ રૂપોનું ચિન્તન કરીને-સર્જીને, નામ પાડીને અભિવદન કરતો જે વર્તે છે'**, 'एकं बीजं बहुधा यः करोति' (શ્વે.ઉપ.૬-૧૨) **'એક બીજને જે બહુધા કરે છે'** ઈત્યાદિ શ્રુતિઓ છે. આ પ્રમાણે અવિદ્યાએ કરેલાં નામ રૂપ ઉપાધિનો અનુરોધી ઈશ્વર થાય છે, જેમ ઘટ, કરક આદિ ઉપાધિનું અનુરોધી આકાશ થાય છે તેમ; અને તે ઘટાકાશના જેવા, અવિદ્યાએ ઊભાં કરેલાં નામ અને રૂપે કરેલા કાર્યકરણસંઘાતના અનુરોધી સ્વાત્મભૂત જીવસંજ્ઞક વિજ્ઞાનાત્મા ઉપર જ વ્યવહારવિષયે શાસન કરે છે. માટે આ રીતે અવિદ્યારૂપ ઉપાધિના પરિચ્છેદની અપેક્ષાએ જ ઈશ્વરનું ઈશ્વરત્વ, સર્વજ્ઞત્વ અને સર્વશક્તિત્વ છે; પરમાર્થતઃ વિદ્યા દ્વારા જેમાંથી સર્વ ઉપાધિસ્વરૂપ દૂર થયું છે એવા આત્મા માટે ઈશિતૃ, ઈશિતવ્ય, સર્વજ્ઞત્વ આદિ વ્યવહાર ઉપપન્ન (યોગ્ય) થતો નથી. તેવી જ રીતે કહ્યું છે - 'यत्र नान्यत् पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा' (છાન્દો.ઉપ. ૭-૨૪-૧) **'જેમાં કંઈ બીજું જોતો નથી, કંઈ બીજું સાંભળતો નથી, કંઈ બીજું જાણતો નથી તે ભૂમા છે'** એમ અને 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत् केन कं पश्येत्' (બૃહ.ઉપ.૪-૫-૧૫) **'જે જ્ઞાનકાળે એને સર્વ આત્મા જ થાય છે તે કાળે શેના વડે શું જુએ'** ઈત્યાદિથી. એ પ્રમાણે પારમાર્થિક અવસ્થામાં સર્વ વેદાન્તવાક્યો સર્વ વ્યવહારનો અભાવ કહે છે. તેમજ ઈશ્વરગીતામાં પણ 'न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः। न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ नादत्ते कस्यचित् पापं न चैव सुकृतं विभुः । अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः॥' (ગી.૫-૧૪-૧૫) **'પ્રભુ લોકોનું કર્તૃત્વ કે કર્મ કે કર્મફળનો સંયોગ સર્જતો નથી; પણ સ્વભાવે પ્રવર્તે છે. વિભુ કોઈનું પાપ કે સુકૃત લેતો નથી;**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति परमार्थावस्थायामीशित्रीशितव्यादिव्यवहाराभावः प्रदर्श्यते; व्यवहारावस्थायां तूक्त; श्रुतावपीश्वरादिव्यवहारः— **'एष सर्वेश्वर एष भूताधिपतिरेष भूतपाल एष सेतुर्विधरण एषां लोकानामसंभेदाय'** (बृह.उप. ४-४-२२) इतिः तथा चेश्वरगीतास्वपि— **'ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति । भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया'** (भ.गी.१८-६१) इतिः सूत्रकारोऽपि परमार्थाभिप्रायेण **'तदनन्यत्वम्'** (ब्र.सू. २-१-१४) इत्याह; व्यवहाराभिप्रायेण तु **'स्याल्लोकवत्'** (ब्र.सू. २-१-१३) इति महासमुद्रादिस्थानीयतां ब्रह्मणः कथयति, अप्रत्याख्यायैव कार्यप्रपञ्चं परिणामप्रक्रियां चाश्रयति— सगुणेषूपासनेषूपयोक्ष्यत इति ॥

भावे चोपलब्धेः ॥ १५ ॥

इतश्च कारणादनन्यत्वं कार्यस्य, यत्कारणं भाव एव कारणस्य कार्यमुपलभ्यते, नाभावेः तद्यथा— सत्यां मृदि घट उपलभ्यते, सत्सु च तन्तुषु पटः ; न च नियमेनान्यभावेऽन्यस्योपलब्धिर्दष्टा; न ह्यश्वो गोरन्यः सन्गोर्भाव एवोपलभ्यते; न च कुलालभाव एव घट उपलभ्यते, सत्यपि निमित्तनैमित्तिकभावेऽन्यत्वात्। नन्वन्यस्य भावेऽप्यन्यस्योपलब्धिर्नियता दश्यते, यथाग्निभावे धूमस्येति; नेत्युच्यते— उद्धापितेऽप्यग्नौ गोपालघुटिकादिधारितस्य धूमस्य दृश्यमानत्वात्। अथ धूमं कयाचिदवस्थया विशिंष्यात्— ईदृशो धूमो नासत्यग्नौ भवतीति, नैवमपि कश्चिद्दोषः ; तद्भावानुरक्तां हि बुद्धिं कार्यकारणयोरनन्यत्वे हेतुं वयं वदामः ; न चासावग्निधूमयोर्विद्यते। भावाच्चोपलब्धेः— इति वा सूत्रम्। न केवलं शब्दादेव कार्यकारणयोरनन्यत्वम्, प्रत्यक्षोपलब्धिभावाच्च तयोरनन्यत्वमित्यर्थः; भवति हि प्रत्यक्षोपलब्धिः कार्यकारणयोरनन्यत्वे ; तद्यथा— तन्तुसंस्थाने पटे तन्तुव्यतिरेकेण पटो नाम कार्यं नैवोपलभ्यते, केवलास्तु तन्तव आतानवितानवन्तः प्रत्यक्षमुपलभ्यन्ते, तथा तन्तुष्वंशवः, अंशुषु तदवयवाः। अनया प्रत्यक्षोपलब्ध्या

અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયેલું છે, તેથી જન્તુઓ મોહ પામે છે' એમ પારમાર્થિક અવસ્થામાં ઈશિતૃ, ઈશિતવ્ય આદિ વ્યવહારનો અભાવ પ્રદર્શિત થયો છે. વ્યવહાર અવસ્થામાં તો શ્રુતિમાં પણ ઈશ્વર આદિ વ્યવહાર કહ્યો છે - 'एष सर्वेश्वर एष भूताधिपतिरेष भूतपाल एष सेतुर्विधरण एषां लोकानामसंभेदाय' (બૃહ.ઉપ.૪-૪-૨૨) **'એ સર્વનો ઈશ્વર છે, એ ભૂતોનો અધિપતિ છે, એ ભૂતોનો પાલક છે, લોકોની મર્યાદા અસંભિન્ન (એકઠી) ન થાય માટે એ વ્યવસ્થા ધારણ કરનાર સેતુરૂપ છે'** એમ. તેમજ ઈશ્વરગીતામાં પણ 'ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति । भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ (ગી.૧૮-૬૧) **'હે અર્જુન, સર્વ પ્રાણીને જાણે યન્ત્રારૂઢ હોય તેમ માયા વડે ભમાવીને ઈશ્વર સર્વ ભૂતોનાં હૃદયસ્થાનમાં રહે છે'** એમ. સૂત્રકાર પણ પરમાર્થના અભિપ્રાયથી 'तदनन्यत्वम्' (બ્ર.સૂ.-૨-૧-૧૪) **'કાર્યકારણનું અનન્યત્વ, અભેદ'** એમ સૂત્રમાં કહે છે. વ્યવહારના અભિપ્રાયથી તો 'स्याल्लोकवत्' (બ્ર.સૂ.-૨-૧-૧૩) **'વિભાગ થશે, લોકની જેમ'** એમ બ્રહ્મને મહાસમુદ્રના જેવો કહે છે. વળી કાર્યપ્રપંચ અને પરિણામપ્રક્રિયાનું પ્રત્યાખ્યાન કર્યા વગર સગુણ ઉપાસનામાં ઉપયોગી થઈ પડશે એમ ધારી આશ્રય કરે છે. ॥૧૪॥

અને (કારણને) ભાવે (કાર્યની) ઉપલબ્ધિથી (કાર્યકારણનું અનન્યત્વ છે) ॥૧૫॥

વળી આને લીધે પણ કારણથી કાર્યનું અનન્યત્વ છે; કેમકે કારણને ભાવે જ કાર્ય ઉપલબ્ધ છાય છે, અભાવે નહીં. તે એ રીતે કે - મૃત્તિકા હોય તો ઘટ ઉપલબ્ધ થાય છે અને તન્તુઓ હોય તો પટ ઉપલબ્ધ થાય છે. અન્યત્વ હોય તો અન્યની ઉપલબ્ધિ નિયમે જોવામાં આવતી નથી. ખરેખર, અશ્વ ગોથી અન્ય હોવાથી ગો હોય ત્યારે જ ઉપલબ્ધ થતો નથી; તેમજ કુંભાર હોય ત્યારે જ ઘટ ઉપલબ્ધ થતો નથી; કેમકે નિમિત્તનૈમિત્તિકભાવ (=જેનું નિમિત્તકારણ હોય તે નૈમિત્તિક. ઘટ એ નૈમિત્તિક છે ને કુંભાર નિમિત્ત છે) તે પણ અન્યત્વ છે. પણ અન્યત્વ હોય તો પણ અન્યની ઉપલબ્ધિ નિયમે દેખાય છે, જેમકે અગ્નિ હોય ત્યારે ધૂમની. ના અમે કહીએ છીએ; કેમકે અગ્નિ છાંટ્યા પછી પણ ગોવાળિયાની ઘટિકા (હોકા) આદિમાં ધારણ કરેલો ધૂમાડો જોવામાં આવે છે. જો ધૂમાડાને કોઈક અવસ્થાથી વિશિષ્ટ કરવો કે આવો ધૂમાડો અગ્નિ ન હોય તો થતો નથી એમ કહેશો તો એમ પણ કંઈ દોષ નથી; કેમકે તદ્‌ભાવથી અનુરક્ત થયેલી બુદ્ધિને અમે કાર્યકારણના અનન્યત્વનો હેતુ કહીએ છીએ, અને એવી બુદ્ધિ અગ્નિ અને ધૂમાડાને વિષે નથી. અથવા 'भावाच्चोपलब्धेः' એવું સૂત્ર છે. માત્ર શબ્દથી જ કાર્યકારણનું અનન્યત્વ છે એમ નહીં, પણ પ્રત્યક્ષની ઉપલબ્ધિ થાય છે તેથી પણ અનન્યત્વ છે એવો અર્થ છે; કારણ કે કાર્યકારણના અનન્યત્વમાં પ્રત્યક્ષની ઉપલબ્ધિ થાય છે. તે આ પ્રમાણે તન્તુસંસ્થાન પટમાં તન્તુથી વ્યતિરિક્ત પટ નામનું કાર્ય ઉપલબ્ધ થતું નથી જ; માત્ર આતાંન અને વિતાનવાળા તન્તુઓ જ ઉપલબ્ધ થાય છે, તેમજ તન્તુઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लोहितशुक्लकृष्णानि त्रीणि रूपाणि, ततो वायुमात्रमाकाशमात्रं चेत्यनुमेयम्, ततः परं ब्रह्मैकमेवाद्वितीयम्; तत्र सर्वप्रमाणानां निष्ठामवोचाम ॥१५॥

सत्त्वाच्चावरस्य ॥ १६ ॥

इतश्च कारणात्कार्यस्यानन्यत्वम्, यत्कारणं प्रागुत्पत्तेः कारणात्मनैव कारणे सत्त्वमवरकालीनस्य कार्यस्य श्रूयते— **'सदेव सोम्येदमग्र आसीत्'** (छा.उप.६-२-१) **'आत्मा वा इदमेक एवाग्र आसीत्'** (ऐ.आ. २-४-१-१) इत्यादाविदंशब्दगृहीतस्य कार्यस्य कारणेन सामानाधिकरण्यात् ; यच्च यदात्मना यत्र न वर्तते, न तत्तत उत्पद्यते, यथा सिकताभ्यस्तैलम् ; तस्मात्प्रागुत्पत्तेरनन्यत्वादुत्पन्नमप्यनन्यदेव कारणात्कार्यमित्यवगम्यते। यथा च कारणं ब्रह्म त्रिषु कालेषु सत्त्वं न व्यभिचरति ; एवं कार्यमपि जगत्त्रिषु कालेषु सत्त्वं न व्यभिचरति ; एकं च पुनः सत्त्वम् ; अतोऽप्यनन्यत्वं कारणात्कार्यस्य ॥१६॥

असव्द्यपदेशान्नेति चेन्न धर्मान्तरेण वाक्यशेषात् ॥ १७ ॥

ननु क्वचिदसत्त्वमपि प्रागुत्पत्तेः कार्यस्य व्यपदिशति श्रुतिः- **'असदेवेदमग्र आसीत्'** (छा.उप. ३-१९-१) इति, **'असद्वा इदमग्र आसीत्'** (तैत्ति.उप. २-७-१) इति च, तस्मादसद्व्यपदेशान्न प्रागुत्पत्तेः कार्यस्य सत्त्वमिति चेत्— नेति ब्रूमः; न ह्ययमत्यन्तासत्त्वाभिप्रायेण प्रागुत्पत्तेः कार्यस्यासव्द्यपदेशः; किं तर्हि, व्याकृतनामरूपत्वाद्धर्माद्व्याकृतनामरूपत्वं धर्मान्तरम्, तेन धर्मान्तरेणायमसद्व्यपदेशः प्रगुत्पत्तेः सत एव कार्यस्य कारणरूपेणानन्यस्य ; कथमेतदवगम्यते ? वाक्यशेषात्। यदुपक्रमे संदिग्धार्थं वाक्यं तच्छेषान्निश्चीयते ; इह च तावत् **'असदेवेदमग्र आसीत्'** इत्यसच्छब्देनोपक्रमे निर्दिष्टं यत्, तदेव पुनस्तच्छब्देन परामृश्य,

---

અંશુ અને અંશુઓમાં તેના અવયવો. આ પ્રત્યક્ષની ઉપલબ્ધિથી લોહિત, શુક્લ અને કૃષ્ણ એ ત્રણ રૂપો છે, પછી વાયુમાત્ર અને આકાશમાત્ર છે એમ અનુમેય છે (છાન્દો.ઉપ.૬/૪). તેથી પર બ્રહ્મ એકલું જ અદ્વિતીય છે અને તેમાં સર્વ પ્રમાણોની પરિસમાપ્તિ અમે કહી છે. ॥૧૫॥

અવરકાલીનનું (અર્થાત્ પછીના વખતમાં થનાર, કાર્યનું કારણને વિષે) સત્ત્વ છે તેથી (કાર્યકારણનું અનન્યત્વ છે) ॥૧૬॥

વળી આ કારણથી કાર્યનો અભેદ છે; કેમકે ઉત્પત્તિની પૂર્વે કારણસ્વરૂપ વડે જ અવરકાલીન કાર્યનું સત્ત્વ સંભળાય છે; 'सदेव सोम्येदमग्र आसीत्' (છાન્દો.ઉપ.૬-૨-૧) **'હે સોમ્ય, અગ્રે એ સત્સ્વરૂપજ હતું'**, 'आत्मा वा इदमेक एवाग्र आसीत्' (ઐ.આ.૨-૪-૧-૧) **'અગ્રે આ એક આત્માજ હતો'** ઇત્યાદિમાં इदम् શબ્દથી ગ્રહણ કરાયેલું કાર્ય કારણની સાથે સમાનાધિકરણ છે. જે જે સ્વરૂપથી જેને વિષે હોતું નથી તે તેથી ઉત્પન્ન થતું નથી, જેમ રેતીમાંથી તેલ. માટે ઉત્પત્તિની પૂર્વે કાર્ય કારણથી અભિન્ન હોવાથી ઉત્પન્ન કારણથી પણ અનન્ય જ છે એમ સમજાય છે. જેમ બ્રહ્મ કારણ ત્રણે કાળોમાં સત્ત્વનો વ્યભિચાર કરતું નથી એમ જગત્ કાર્ય પણ ત્રણે કાળોમાં સત્ત્વનો વ્યભિચાર કરતું નથી. સત્ત્વ તો એક છે, તેથી કાર્ય કારણથી અનન્ય છે. ॥૧૬॥

અસત્‌ના નિર્દેશથી (ઉત્પત્તિની પૂર્વે કાર્યનું સત્ત્વ) નથી એમ (કહેશો) તો, ના અન્ય ધર્મથી (એ વ્યપદેશ છે); કારણ કે વાક્યશેષ છે. ॥૧૭॥

પણ ઉત્પત્તિપૂર્વે કાર્યનું અસત્ત્વ પણ ક્વચિત્ શ્રુતિ કહે છે, જેમકે 'असदेवेदमग्र आसीत्' (છાન્દો.ઉપ.૩-૧૯-૧) **'અગ્રે એ કેવળ અસત્ હતું'**, 'असद्वा इदमग्र आसीत्' (તૈત્તિ.ઉપ.૨-૭-૧) માટે અસત્‌નું અભિધાન છે તેથી ઉત્પત્તિની પૂર્વે કાર્યનું સત્ત્વ નથી એમ કહેશો તો, અમે કહીએ છીએ કે ના; કારણ કે ઉત્પત્તિની પૂર્વે કાર્યનું એ જે આસત્ તરીકે અભિધાન છે તે અત્યન્ત અસત્ત્વના અભિપ્રાયથી નથી. ત્યારે શાથી છે ? વ્યાકાર પામેલાં નામરૂપ એ જે ધર્મ તેથી અન્ય ધર્મ, વ્યાકાર નહિ પામેલાં નામરૂપ, તે અન્ય ધર્મથી, ઉત્પત્તિની પૂર્વે વિદ્યમાન જ જે કાર્ય કારણરૂપથી અનન્ય છે તેનો એ અસત્ તરીકે વ્યપદેશ છે. એ શી રીતે સમજાય છે ? વાક્યશેષથી. ઉપક્રમમાં વાક્યનો અર્થ સંદિગ્ધ હોય તેનો વાક્યશેષથી નિશ્ચય કરાય છે. અહિં 'असदेवेदमग्र आसीत्' **'અગ્રે એ માત્ર અસત્ જ હતું'** એમાં ઉપક્રમમાં અસત્ શબ્દથી જે નિર્દિષ્ટ છે તેનો જ પછી તત્ શબ્દથી પરામર્શ કરીને સત્ એમ તેનું વિશેષણ આપે છે- 'तत्सदासीत्'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सदिति विशिनष्टि— '**तत्सदासीत्**' इति— असतश्च पूर्वापरकालासंबन्धात् आसीच्छब्दानुपपत्तेश्च ; '**असद्वा इदमग्र आसीत्**' इत्यत्रापि '**तदात्मानं स्वयमकुरुत**' इति वाक्यशेषे विशेषणान्नात्यन्तासत्त्वम् ; तस्माद्धर्मान्तरेणैवायमसद्व्यपदेशः प्रागुत्पत्तेः कार्यस्य; नामरूपव्याकृतं हि वस्तु सच्छब्दार्हं लोके प्रसिद्धम् ; अतः प्राङ्नामरूपव्याकरणादसदिवासीदित्युपचर्यते ॥

युक्तेः शब्दान्तराच्च ॥ १८ ॥

युक्तेश्च प्रागुत्पत्तेः कार्यस्य सत्त्वमनन्यत्वं कारणादवगम्यते, शब्दान्तराच्च ॥ युक्तिस्तावद्वर्ण्यते— दधिघटरुचकाद्यर्थिभिः प्रतिनियतानि कारणानि क्षीरमृत्तिकासुवर्णादीन्युपादीयमानानि लोके दृश्यते ; न हि दध्यर्थिभिर्मृत्तिकोपादीयते, न घटार्थिभिः क्षीरम्; तदसत्कार्यवादे नोपपपद्येत ; अविशिष्टे हि प्रागुत्पत्तेः सर्वस्य सर्वत्रासत्त्वे कस्मात्क्षीरादेव दध्युत्पद्यते, न मृत्तिकायाः ? मृत्तिकाया एव च घट उत्पद्यते, न क्षीरात् ? अथाविशिष्टेऽपि प्रागसत्त्वे क्षीर एव दध्नः कश्चिदतिशयो न मृत्तिकायाम्, मृत्तिकायामेव च घटस्य कश्चिदतिशयो न क्षीरे— इत्युच्येत— अतस्तर्ह्यतिशयवत्त्वात्प्रागवस्थाया असत्कार्यवादहानिः, सत्कार्यवादसिद्धिश्च ; शक्तिश्च कारणस्य कार्यनियमार्था कल्प्यमाना नान्या असती वा कार्यं नियच्छेत्, असत्त्वाविशेषादन्यत्वाविशेषाच्च ; तस्मात्कारणस्यात्मभूता शक्तिः, शक्तेश्चात्मभूतं कार्यम् । अपि च कार्यकारणयोर्द्रव्यगुणादीनां चाश्वमहिषवद्भेदबुद्ध्यभावात्तादात्म्यमभ्युपगन्तव्यम् ; समवायकल्पनायामपि, समवायस्य समवायिभिः संबन्धेऽभ्युपगम्यमाने, तस्य तस्यान्योन्यः संबन्धः कल्पयितव्य इत्यनवस्थाप्रसङ्गः, अनुभ्युपगम्यमाने च विच्छेदप्रससङ्गः; अथ समवायः स्वयं संबन्धरूपत्वादनपेक्ष्यैवापरं संबन्धं संबध्येत, संयोगोऽपि तर्हि स्वयं संबन्धरूपत्वादनपेक्ष्यैवापरं समवायं संबध्येत; तादात्म्यप्रतीतेश्च द्रव्यगुणादीनां समवायकल्पनानर्थक्यम् । कथं च कार्यमवयविद्रव्यं

'તે સત્ હતું' એમ. असत् નો પૂર્વ અને ઉત્તર કાલ સાથે સંબંધ ન હોય તો आसीत् (હતું) એ શબ્દ અનુપપન્ન થાય, તેથી 'असद्वा इदमग्र आसीत्' **'અથવા, અગ્રે એ અસત્ હતું'** એમાં પણ 'तदात्मानं स्वयमकुरुत' **'તેણે આત્માને પોતે કર્યો'** એમ વાક્યશેષમાં વિશેષણ છે તેથી અત્યન્ત અસત્ત્વ નથી. માટે કાર્યની ઉત્પત્તિંની પૂર્વે અન્ય ધર્મથી જ એ અસત્‌નો નિર્દેશ છે. ખરેખર, નામ અને રૂપથી વ્યાકાર પામેલી વસ્તુ સત્ એ શબ્દને યોગ્ય છે એમ લોકમાં પ્રસિદ્ધ છે. એથી નામ અને રૂપથી વ્યાકાર પામતાં પહેલાં અસત્ જેવી હતી એમ ઉપચાર કરાય છે. ॥૧૭॥

યુક્તિથી અને અન્ય શબ્દથી (ઉત્પત્તિની પૂર્વે કાર્યનું સત્ત્વ અને કારણથી અભિન્નત્વ સમજાય છે) ॥૧૮॥

વળી યુક્તિથી અને અન્ય શ્રુતિથી ઉત્પત્તિની પૂર્વે કાર્યનું સત્ત્વ અને કારણથી અનન્યત્વ સમજાય છે. પ્રથમ યુક્તિ વર્ણવાય છે.- દહીં, ઘટ, રુચક આદિની ઈચ્છાવાળાઓ ક્ષીર, મૃત્તિકા, સુવર્ણ આદિ પ્રતિનિયત કારણો ગ્રહણ કરતા લોકમાં દેખાય છે. ખરેખર, દહીંના ઇચ્છનારાઓ મૃત્તિકાનું ગ્રહણ કરતા નથી અને ઘટના ઈચ્છનારાઓ ક્ષીરનું ગ્રહણ કરતા નથી, તે અસત્કાર્યવાદમાં ઉપપન્ન થશે નહીં; કારણ કે ઉત્પત્તિપૂર્વે સર્વનું સર્વત્ર અસત્ત્વ અવિશિષ્ટ (સમાન) હોવાથી ક્ષીરથીજ દહીં ઉત્પન્ન થાય છે ને મૃત્તિકાથી થતું નથી; તેમજ મૃત્તિકાથી જ ઘટ કેવી રીતે ઉત્પન્ન થાય છે ને ક્ષીરથી થતો નથી. પૂર્વે અસત્ત્વ અવિશિષ્ટ છે તો પણ ક્ષીરમાં જ દહીંનો કંઈક અતિશય છે, મૃત્તિકામાં નથી, અને મૃત્તિકામાંજ ઘટનો કંઈ અતિશય છે, ક્ષીરમાં નથી એમ જો કહેશો તો એથી પૂર્વ અવસ્થા અતિશયવાળી હોવાથી અસત્કાર્યવાદની હાનિ અને સત્કાર્યવાદની સિદ્ધિ થશે. વળી કાર્યના નિયમ માટે કારણની શક્તિ કલ્પાશે તો તે અન્ય કે અસત્ હોઈ કાર્યનું નિયમન કરી શકશે નહીં; કારણ કે અસત્ત્વથી અવિશેષ છે અને અન્યત્વથી અવિશેષ છે. માટે કારણની આત્મભૂત શક્તિ છે અને શક્તિનું આત્મભૂત કાર્ય છે. વળી કાર્ય અને કારણ તથા દ્રવ્ય અને ગુણ વગેરેની અશ્વ અને મહિષની જેમ ભેદબુદ્ધિ નથી તેથી તેઓ વચ્ચે તાદાત્મ્ય સ્વીકારવું જોઈએ. સમવાયની (નિત્યસંબંધની) કલ્પનામાં પણ સમયવાયનો સમવાયીઓ(જે બેની વચ્ચે સમવાય સંબંધ છે તે સમવાયીઓ) સાથે સંબન્ધ સ્વીકારવામાં તેનો તેનો અન્યોન્ય સંબન્ધ કલ્પવો પડશે એમ અનવસ્થાનો પ્રસંગ આવશે; અને ન સ્વીકારવામાં વિચ્છેદનો પ્રસંગ આવશે. સમવાય જાતે સંબન્ધરૂપ હોવાથી બીજા સંબન્ધની અપેક્ષા વિનાજ સંબન્ધમાં આવશે એમ જો કહેશો તો સંયોગ પણ જાતે સંબન્ધરૂપ હોવાથી સમવાયની અપેક્ષા વગર જ સંબન્ધમાં આવશે, અને તાદાત્મ્યની પ્રતીતિથી દ્રવ્ય, ગુણ આદિ વચ્ચે સમવાયકલ્પના અનર્થક છે. વળી કાર્ય જે અવયવી દ્રવ્ય, તે કારણ જે અવયવદ્રવ્યો તેને વિષે રહેલું છે તે કેવી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कारणेष्ववयवद्रव्येषु वर्तमानं वर्तते ? किं समस्तेष्ववयवेषु वर्तेत, उत प्रत्यवयवम् ? यदि तावत्समस्तेषु वर्तेत, ततोऽवयव्यनुपलब्धिः प्रसज्येत, समस्तावयवसंनिकर्षस्याशक्यत्वात् ; न हि बहुत्वं समस्तेष्वाश्रयेषु वर्तमानं व्यस्ताश्रयग्रहणेन गृह्यते ; अथावयवशः समस्तेषु वर्तेत, तदाप्यारम्भकावयवव्यतिरेणावयविनोऽवयवाः कल्प्येरन्, यैरारम्भकेष्ववयवेष्ववयवशोऽवयवी वर्तेत ; कोशावयवव्यतिरिक्तैर्ह्यवयवैरसिः कोशं व्याप्नोति ; अनवस्था चैवं प्रज्येत, तेषु तेष्ववयवेषु वर्तयितुमन्येषामन्येषामवयवानां कल्पनीयत्वात् ; अथ प्रत्यवयवं वर्तेत, तदैकत्र व्यापारेऽन्यत्राव्यापारः स्यात् ; न हि देवदत्तः स्रुघ्ने संनिधीयमानस्तदहरेव पाटलिपुत्रेऽपि संनीधीयते ; युगपदनेकत्र वृत्तावनेकत्वप्रसङ्गः स्यात्, देवदत्तयज्ञदत्तयोरिव स्रुघ्नपाटलिपुत्रनिवासिनोः; गोत्वादिवत्प्रत्येकं परिसमाप्तेर्न दोष इति चेत्, न ; तथा प्रतीत्यभावात् ; यदि गोत्वादिवत्प्रत्येकं परिसमाप्तोऽवयवी स्यात्, यथा गोत्वं प्रतिव्यक्तिप्रत्यक्षं गृह्यते, एवमवयव्यपि प्रत्यवयवं प्रत्यक्षं गृह्येत ; न चैवं नियतं गृह्यते ; प्रत्येकपरिसमाप्तौ चावयविनः कार्येणाधिकारात्, तस्य चैकत्वात्, शृङ्गेणापि स्तनकार्यं कुर्यात्, उरसा च पृष्ठकार्यम् ; न चैवं दृश्यते । प्रागुत्पत्तेश्च कार्यस्यासत्त्वे, उत्पत्तिरकर्तृका निरात्मिका च स्यात्; उत्पत्तिश्च नाम क्रिया, सा सकर्तृकैव भविनुमर्हति, गत्यादिवत्; क्रिया च नाम स्यात्, अकर्तृका च— इति विप्रतिषिध्येत ; घटस्य चोत्पत्तिरुच्यमाना न घटकर्तृका, किं तर्ह्यन्यकर्तृका —इति कल्प्या स्यात् ; तथा कपालादीनामप्युत्पत्तिरुच्यमानान्यकर्तृकैव कल्प्येत ; तथा च सति 'घट उत्पद्यते' इत्युक्ते, 'कुलालादीनि कारणान्युत्पद्यन्ते' इत्युक्तं स्यात् ; न च लोके घटोत्पत्तिरित्युक्ते कुलालादीनामप्युत्पद्यमानता प्रतीयते, उत्पन्नताप्रतीतेः ; अथ स्वकारणसत्तासंबन्ध एवोत्पत्तिरात्मलाभश्च कार्यस्येति चेत्— कथमलब्धात्मकं संबध्येतेति वक्तव्यम् ; सतोर्हि द्वयोः संबन्धः संभवति, न सदसतोरसतोर्वा ; अभावस्य च निरुपाख्यत्वात्प्रागुत्पत्तेरिति मर्यादाकरणमनुपपन्नम् ; सतां हि लोके क्षेत्रगृहादीनां मर्यादा दृष्टा नाभावस्य ; न हि, वन्ध्यापुत्रो राजा बभूव

રહે છે; શું સમસ્ત અવયવોને વિષે રહે છે કે પ્રત્યેક અવયવને વિષે ? જો સમસ્ત અવયવોને વિષે રહે તો અવયવીની અનુપલબ્ધિ થવાનો પ્રસંગ આવે; કારણ કે સમગ્ર અવયવનો સંનિકર્ષ અશક્ય છે; કેમકે બહુત્વ જે સમસ્ત આશ્રયને વિષે છે તેનું વ્યસ્ત આશ્રયના ગ્રહણ થવાથી ગ્રહણ થતું નથી. જો સમસ્ત અવયવોને વિષે અવયવાવચ્છેદે વર્તે તો પણ આરંભક અવયવથી ભિન્ન અવયવો અવયવીના કલ્પવા જોઈએ કે જેઓ વડે આરંભક અવયવો વિષે અવયવી અવયવાવચ્છેદે વર્તે. ખરેખર, કોશના અવયવથી વ્યતિરિક્ત અવયવોથી તલવાર કોશને વ્યાપે છે. વળી એમાં અનવસ્થાનો પ્રસંગ આવે; કેમકે તે તે અવયવોમાં રહેવા માટે અન્ય અન્ય અવયવો કલ્પવા પડશે. જો પ્રત્યવયવમાં વર્તે તો એકત્ર વ્યાપાર હોય ત્યારે બીજે અવ્યાપાર થાય. ખરેખર, દેવદત્ત સ્રુઘ્નમાં વર્તમાન હોય તો તે જ દિવસે પાટલિપુત્રમાં પણ હોતો નથી. એક જ સમયે અનેકત્ર રહેતો હોય તો અનેકત્વનો પ્રસંગ આવે, જેમ સ્રુઘ્ન અને પાટલિપુત્રમાં વસતા દેવદત્ત અને યજ્ઞદત્તનો. ગોત્વ આદિની જેમ પ્રત્યેકમાં પરિસમાપ્તિ હોવાથી દોષ નહીં થાય એમ કહેશો તો, નહીં; કેમકે તેમ પ્રતીતિ થતી નથી. જો ગોત્વ આદિની જેમ અવયવી પ્રત્યેકમાં પરિસમાપ્ત હોય તો જેમ ગોત્વનું પ્રત્યેક વ્યક્તિમાં પ્રત્યક્ષ ગ્રહણ થાય છે તેમ અવયવીનું પણ પ્રત્યેક અવયવમાં પ્રત્યક્ષ ગ્રહણ થાય. પણ એવા નિયમનું ગ્રહણ થતું નથી. પ્રત્યેકમાં પરિસમાપ્તિ હોય તો અવયવીને કાર્યની સાથે અધિકાર હોવાથી અને તે એક હોવાથી તે શીંગડાથી પણ સ્તનકાર્ય કરે અને પેટથી પીઠનું કામ કરે; પણ એમ દેખાતું નથી. વળી ઉત્પત્તિની પૂર્વે કાર્ય અવિદ્યમાન હોય તો ઉત્પત્તિ કર્તૃરહિત અને નિરાત્મક થાય. ખરેખર, ઉત્પત્તિ એ ક્રિયા, તે ગતિ આદિની જેમ સકર્તૃક જ થાય એ યુક્ત છે. ક્રિયા થાય અને તે અકર્તૃક થાય એ વિરુદ્ધ છે; અને ઘટની ઉત્પત્તિ ઉચ્યમાન હોય તો તે ઘટકર્તૃક છે એમ ન કલ્પાય. તો કેવી કલ્પાય ? અન્યકર્તૃક છે એવી. તેમજ કપાલ આદિની પણ ઉત્પત્તિ ઉચ્યમાન હોય તો અન્યકર્તૃક જ કલ્પાણ; અને એમ થતાં 'ઘટ ઉત્પન્ન કરાય છે' એમ કહ્યું એટલે કુલાલ આદિ કારણો ઉત્પન્ન કરાય છે એમ કહેલું થાય. પણ લોકમાં ઘટની ઉત્પત્તિ એમ કહ્યું એટલે કુલાલાદિનું પણ ઉત્પન્ન થવું પ્રતીત થતું નથી; કેમકે ઉત્પન્નતા પ્રતીત થાય છે. જો ઉત્પત્તિનો અર્થ પોતાના કારણ અથવા સત્તાની સાથે સંબન્ધ અને કાર્યનો આત્મલાભ હોય તો જેણે સત્તા પ્રાપ્ત કરી નથી એવું કેવી રીતે સંબન્ધમાં આવે તે કહેવું જોઈએ; કારણ કે બે વિદ્યમાન પદાર્થો વચ્ચે સંબન્ધ સંભવે છે; વિદ્યમાનને અવિદ્યમાન કે બે અવિદ્યમાન વચ્ચે નહીં. વળી અભાવ નિરુપાખ્ય (કહી ન શકાય એવો) હોવાથી ઉત્પત્તિપૂર્વે એમ મર્યાદા કરવી યોગ્ય નથી; કારણ કે લોકમાં વિદ્યમાન ક્ષેત્ર, ગૃહ આદિની મર્યાદા દેખાય છે, અભાવની નહીં. પૂર્ણવર્મનના અભિષેક પહેલાં વન્ધ્યાપુત્ર તે રાજા થયો, છે કે થશે એમ વિશિષ્ટ થતું નથી. જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्राक्पूर्णवर्मणोऽभिषेकादित्येवंजातीयकेन मर्यादाकरणेन निरुपाख्यो वन्ध्यापुत्रः-राजा बभूव भविष्यतीति वा विशेष्यते ; यदि च वन्ध्यापुत्रोऽपि कारकव्यापारादूर्ध्वमभविष्यत्, तत इदमप्युपापत्स्यत— कार्यभावोऽपि कारकव्यापारादूर्ध्वं भविष्यतीति ; वयं तु पश्यामः— वन्ध्यापुत्रस्य कार्याभावस्य चाभावत्वाविशेषात्, यथा वन्ध्यापुत्रः कारकव्यापारादूर्ध्वं न भविष्यतीति। एवं कार्याभावोऽपि कारकाव्यापारादूर्ध्वं न भविष्यतीति। नन्वेनं सति कारकव्यापारोऽनर्थकः प्रसज्येत ; यथैव हि प्राक्सिद्धत्वात्कारणस्वरूपसिद्धये न कश्चिद्व्याप्रियते, एवं प्राक्सिद्धत्वात्तदनन्यत्वाच्च कार्यस्य स्वरूपसिद्धयेऽपि न कश्चिद्व्याप्रियेत ; व्याप्रियते च, अतः कारकव्यापारार्थवत्त्वाय, मन्यामहे, प्रागुत्पत्तेरभावः कार्यस्येति चेत्, नैष दोषः ; यतः कार्याकारेण कारणं व्यवस्थापयतः कारकव्यापारस्यार्थवत्त्वमुपपद्यते ; कार्याकारोऽपि कारणस्यात्मभूत एव, अनात्मभूतस्यानारभ्यत्वात्—इत्यभाणि ; न च विशेषदर्शनमात्रेण वस्त्वन्यत्वं भवति ; न हि देवदत्तः संकुचितहस्तपादः प्रसारितहस्तपादश्च विशेषेण दृश्यमानोऽपि वस्त्वन्यत्वं गच्छति, स एवेति प्रत्यभिज्ञानात् ; तथा प्रतिदिनमनेकसंस्थानानामपि पित्रादीनां न वस्त्वन्यत्वं भवति, मम पिता मम भ्राता मम पुत्र इति प्रत्यभिज्ञानात् ; जन्मोच्छेदानन्तरितंत्वात्तत्र युक्तम्, नान्यत्रेति चेत्, न ; क्षीरादीनामपि दध्याद्याकारसंस्थानस्य प्रत्यक्षत्वात् ; अदृश्यमानानामपि वटधानादीनां समानजातीयावयवान्तरोपचितानामङ्कुरादिभावेन दर्शनगोचरतापत्तौ जन्मसंज्ञा ; तेषामेवावयवानामपचयवशाददर्शनापत्तावुच्छेदसंज्ञा; तत्रद्‌ग्जन्मोच्छेदान्तरितत्वाच्चेदसतः सत्त्वापत्तिः, सतश्चासत्त्वापत्तिः, तथा सति गर्भवासिन उत्तानशायिनश्च भेदप्रसङ्गः ; तथा च बाल्ययौवनस्थाविरेष्वपि भेदप्रसङ्गः ; पित्रादिव्यवहारलोपप्रसङ्गश्च। एतेन क्षणभङ्गवादः प्रतिवदितव्यः । यस्य तु पुनः प्रागुत्पत्तेरसत्कार्यम्, तस्य निर्विषयः कारकव्यापारः स्यात्, अभावस्य विषयत्वानुपपत्तेः— आकाशहननप्रयोजनखड्गाद्यनेकायुधप्रयुक्तिवत् ; समवायिकारणविषयः कारकव्यापारः स्यादिति चेत्, न; अन्यविषयेण कारकव्यापारेणान्यनिष्पत्तेरतिप्रसङ्गात् ; समवायिकारणस्यैवात्मातिशयः कार्यमिति चेत्, न ; सत्कार्यतापत्तेः । तस्मात्क्षीरादीन्येव

વન્ધ્યાપુત્ર પણ કારકના વ્યાપાર પછી વિદ્યમાન થાય તો કાર્યનો અભાવ પણ કારકના વ્યાપારની પછી થશે એ પણ ઉપપન્ન થાય. અમે તો જોઈએ છીએ કે વન્ધ્યાપુત્ર અને કાર્યાભાવ બંને અભાવ તરીકે અવિશિષ્ટ છે; તેથી જેમ કારકના વ્યાપાર પછી વન્ધ્યાપુત્ર થશે નહીં તેમ કાર્યનો અભાવ પણ કારકના વ્યાપાર પછી થશે નહીં. પણ એમ થાય તો કારકનો વ્યાપાર અનર્થક થવાનો પ્રસંગ આવે. જેમ પૂર્વે સિદ્ધ હોવાથી કારણસ્વરૂપની સિદ્ધિને માટે કોઈ વ્યાપાર કરતું નથી, એમ કાર્ય પણ પૂર્વે સિદ્ધ હોવાથી અને તેથી અનન્ય હોવાથી તેના સ્વરૂપની સિદ્ધિને માટે કોઈ વ્યાપાર કરે નહિ. પણ વ્યાપાર તો કરે છે આથી કારણનો વ્યાપાર સપ્રયોજન થાય માટે ઉત્પત્તિની પૂર્વે કાર્યનો અભાવ છે એમ અમે માનીએ છીએ. એ દોષ નથી; કારણ કે કાર્યસ્વરૂપે કારણની વ્યવસ્થા કરનારને કારકવ્યાપાર સપ્રયોજન છે એમ ઉપપત્તિ થશે. કાર્યસ્વરૂપ પણ કારણનું આત્મભૂત જ છે; કારણ કે જે અનાત્મભૂત છે તે અનારભ્ય છે એમ કહ્યું છે. વળી વસ્તુ વિશેષદર્શનમાત્રથી જુદી થતી નથી. ખરેખર, જેણે પોતાના હાથપગ સંકોચેલા છે એવો દેવદત્ત અને જેણે પોતાના હાથપગ પ્રસારેલા છે એવો દેવદત્ત વિશેષસ્વરૂપે દેખાય છે છતાં પણ અન્ય વસ્તુ થતો નથી; કેમકે તે જ છે એવું પ્રત્યભિજ્ઞાન છે. તથા રોજેરોજ એ સંસ્થિતિમાં હોય છે તો પણ પિતા વગેરે અન્ય થતા નથી; કારણ કે મારા પિતા, મારો ભ્રાતા, મારો પુત્ર એમ પ્રત્યભિજ્ઞાન થાય છે. જન્મ અને ઉચ્છેદનું વ્યવધાન નથી તેથી ત્યાં એ યુક્ત છે અન્યત્ર નથી એમ કહેશો તો, ના; કારણ કે ક્ષીરાદિ દહીં વગેરેના આકારમાં છે એમ પ્રત્યક્ષ છે. વડનાં બીજ આદિ જે અદશ્યમાન છે તે પણ અન્ય, સમાનજાતીય અવયવથી વૃદ્ધિ પામી અંકુરાદિ ભાવે દર્શનગોચરતત્વ પ્રાપ્ત કરે છે ત્યારે તેમને જન્મસંજ્ઞા અને તે જ અવયવો ક્ષયને લીધે અદર્શનતા પ્રાપ્ત કરે છે ત્યારે તેમને ઉચ્છેદસંજ્ઞા લાગે છે. તેમાં આવા જન્મ અને ઉચ્છેદનું વ્યવધાન હોવાથી અસત્ સત્ થાય અને સત્ અસત્ થાય તો તેમ થતાં ગર્ભમાં વસનાર અને સીધું સૂનાર એ બે વચ્ચે ભેદનો પ્રસંગ આવે; તેમજ બાલ્ય, યૌવન અને વૃદ્ધ વચ્ચે ભેદનો પ્રસંગ થાય. તેમજ પિતૃ વગેરે વ્યવહાર લોપ થવાનો પ્રસંગ આવે. આથી ક્ષણભંગવાદ પ્રત્યાખ્યાત થયો સમજવો. પણ જેને ઉત્પત્તિપૂર્વે કાર્ય અવિદ્યમાન છે તેને કારકવ્યાપાર નિર્વિષય થશે; કેમકે અભાવ વિષય થાય એ ઉપપન્ન નથી, આકાશ હણવાને અર્થે ખડ્‌ગ વગેરે અનેક આયુધોના પ્રયોગની જેમ, કારકવ્યાપારનો વિષય સમવાયી કારણ થશે એમ કહેશો તો, ના; કેમકે એક વિષયને લગતો કારકવ્યાપાર હોય અને અન્યની નિષ્પત્તિ થાય એવો અતિપ્રસંગ આવે. કાર્ય સમવાયી કારણનો જ પોતાનો અતિશય છે એમ કહેશો તો, ના; કેમકે સત્કાર્યવાદનો પ્રસંગ આવશે. માટે ક્ષીરાદિ

F/14

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

द्रव्याणि दध्यादिभावेनावतिष्ठमानानि कार्याख्यां लभन्त इति न कारणादन्यत्कार्यं वर्षशतेनापि शक्यं कल्पयितुम्। तथा मूलकारणमेव आ अन्त्यात्कार्यात् तेन तेन कार्याकारेण नटवत्सर्वव्यवहारास्पदत्वं प्रतिपद्यते। एवं युक्तेः, कार्यस्य प्रागुत्पत्तेः सत्त्वम्, अनन्यत्वं च कारणात्, अवगम्यते ॥

शब्दान्तराच्चैतदवगम्यते— पूर्वसूत्रेऽसद्व्यपदेशिनः शब्दस्योदाहृतत्वात्ततोऽन्यः सद्व्यपदेशी शब्दः शब्दान्तरम्— **'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्'** इत्यादि। **'तद्धैक आहुरसदेवेदमग्र आसीत्'** इति चासत्पक्षमुपक्षिप्य, **'कथमसतः सज्जायेत'** इत्याक्षिप्य, **'सदेव सोम्येदमग्र आसीत्'** (छा.उप. ६-२-१) इत्यवधारयति ; तत्रेदंशब्दवाच्यस्य कार्यस्य प्रागुत्पत्तेः सच्छब्दवाच्येन कारणेन सामानाधिकरण्यस्य श्रूयमाणत्वात्, सत्त्वानन्यत्वे प्रसिध्यतः। यदि तु प्रागुत्पत्तेरसत्कार्यं स्यात्, पश्चाच्चोत्पद्यमानं कारणे समवेयात्, तदन्यकारणात्स्यात्, तत्र **'येनाश्रुतं श्रुतं भवति'** (छा.उप. ६-१-३) इतीयं प्रतिज्ञा पीड्येत ; सत्त्वानन्यत्वावगतेस्त्वियं प्रतिज्ञा समर्थ्यते ॥१८॥

पटवच्च ॥ १९ ॥

यथा च संवेष्टितः पटो न व्यक्तं गृह्यते—किमयं पटः, किं वान्यद्रव्यमिति ; स एव प्रसारितः, यत्संवेष्टितं द्रव्यं तत्पट एवेति प्रसारणेनाभिव्यक्तो गृह्यते। यथा च संवेष्टनसमये पट इति गृह्यमाणोऽपि न विशिष्टायामविस्तारो गृह्यते ; स एव प्रसारणसमये विशिष्टायामविस्तारो गृह्यते— न संवेष्टितरूपादन्योऽयं भिन्नः पट इति, एवं तन्त्वादिकारणावस्थं पटादिकार्यमस्पष्टं सत्, तुरीवेमकुविन्दादिकारकव्यापाराभिव्यक्तं स्पष्टं गृह्यते। अतः संवेष्टितप्रसारितपटन्यायेनैवानन्यत्कारणात्कार्यमित्यर्थः ॥१९॥

यथा च प्राणादि ॥ २० ॥

દ્રવ્યો જ દહીં આદિને સ્વરૂપે રહેતાં કાર્ય એવી સંજ્ઞા પ્રાપ્ત કરે છે; તેથી કારણથી કાર્યને સો વર્ષે પણ જુદું નિશ્ચિત કરવું શક્ય નથી. તેમજ મૂલકારણ જ અન્ત્યકાર્ય સુધી તે તે કાર્યને આકારે નટની જેમ સર્વ વ્યવહારનું સ્થાન થાય છે. એમ ઉત્પત્તિપૂર્વે કાર્યનું સત્ત્વ અને કારણથી અનન્યત્વ યુક્તિથી સમજાય છે. અન્ય શબ્દથી પણ એ સમજાય છે. પૂર્વસૂત્રમાં અસત્ તરીકે જેમાં નિર્દેશ કર્યો છે એવી શ્રુતિનું ઉદાહરણ આપ્યું છે તેથી અન્ય, એટલે જેમાં સત્નો વ્યપદેશ છે તે અન્ય શબ્દ– 'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' (હે સોમ્ય, અગ્રે એ સત્સ્વરૂપજ હતું, એક જ, અદ્વિતીય) ઇત્યાદિ. 'तद्धैक आहुरसदेवेदमग्र आसीत्' (તેને કેટલાક કહે છે કે અગ્રે એ અસત્સ્વરૂપ જ હતું) એમ અસત્પક્ષનો ઉપક્ષેપ કરીને 'कथमसतः सज्जायेत' (અસત્માંથી સત્ કેવી રીતે જન્મે) એમ ઉપક્ષેપ કરીને 'सदेव सोम्येदमग्र आसीत्' (છાન્દો.ઉપ.૬-૨-૧) (હે સોમ્ય, અગ્રે એ સત્સ્વરૂપજ હતું) એમ અવધારણ કરે છે. તેમાં इदम् શબ્દથી વાચ્ય જે કાર્ય તેનું ઉત્પત્તિપૂર્વે સત્ શબ્દ વાચ્ય કારણ સાથે સામાનાધિકરણ્ય શ્રૂયમાણ છે તેથી સત્ત્વ અને અનન્યત્વ યોગ્ય રીતે સિદ્ધ થાય છે. જો ઉત્પત્તિપૂર્વે કાર્ય અસત્ હોય અને પાછળથી ઉત્પન્ન થતું કારણને વિષે સમવેત સમવાય સંબન્ધે જોડાયેલું હોય તો કારણથી જુદું થાય. તેમ થતાં 'येनाश्रुतं श्रुतं भवति' (છાન્દો.ઉપ.૬-૧-૩) (જે વડે નહીં સાંભળેલું સાંભળેલું થાય છે) એ પ્રતિજ્ઞાને બાધ આવે. સત્ત્વ અને અનન્યત્વની અવગતિથી તો એ પ્રતિજ્ઞાનું સમર્થન થાય છે. ॥૧૮॥

અને પટની જેમ (કાર્ય કારણથી અનન્ય (અભિન્ન) છે ॥૧૯॥

જેમ સંવેષ્ટિત (ભેગું કરેલાં) પટનું સ્પષ્ટ ગ્રહણ થતું નથી કે એ પટ છે કે અન્ય દ્રવ્ય છે. તેનું જ જ્યારે પ્રસારણ કરે છે ત્યારે જે સંવેષ્ટિત દ્રવ્ય છે તે પટ જ છે એમ પ્રસારણથી સ્પષ્ટ ગ્રહણ થાય છે. વળી જેવી રીતે સંવેષ્ટનસમયે પટ એમ ઉપલબ્ધ થાય તો પણ વિશિષ્ટ લંબાઈ અને પહોળાઈ સાથે તેની ઉપલબ્ધિ થતી નથી, તે જ પટની પ્રસારણ સમયે, વિશિષ્ટ લંબાઈ અને પહોળાઈ સાથે ઉપલબ્ધિ થાય છે અને સંવેષ્ટિતસ્વરૂપ પટથી અન્ય કે ભિન્ન એ પટ નથી એમ પણ ઉપલબ્ધિ થાય છે, એવી રીતે તન્તુ આદિ કારણાવસ્થામાં રહેલું પટ વગેરે કાર્ય અસ્પષ્ટ હોઈ, તુરી, વેમ (શાલ), કુવિન્દ (વણકર) આદિ કારકવ્યાપાર આદિથી વ્યક્ત થઈ સ્પષ્ટ ગ્રહણ કરાય છે. એથી સંવેષ્ટિત અને પ્રસારિત પટન્યાયથી જ કારણ કાર્યથી અનન્ય (અભિન્ન) છે એવો અર્થ છે. ॥૧૯॥

અને જેમ પ્રાણાદિ છે (તેમ કાર્ય કારણથી અનન્ય (અભિન્ન) છે) ॥૨૦॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यथा च लोके प्राणापानादिपु प्राणभेदेषु प्राणायामेन निरुद्धेषु कारणमात्रेण रूपेण वर्तमानेषु जीवनमात्रं कार्यं निर्वर्त्यते, नाकुञ्चनप्रसारणादिकं कार्यान्तरम् ; तेष्वेव प्राणभेदेषु पुनः प्रवृत्तेषु जीवनादधिकमाकुञ्चनप्रसारणादिकमपि कार्यान्तरं निर्वर्त्यते ; न च प्राणभेदानां प्रभेदवतः प्राणादन्यत्वम्, समीरणस्वभावाविशेषात्— एवं कार्यस्य कारणादनन्यत्वम् । अतश्च कृत्स्नस्य जगतो ब्रह्मकार्यत्वात्तदनन्यत्वाच्च सिद्धैषा श्रौती प्रतिज्ञा— **'येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्'** इति ॥२०॥

७. इतरव्यपदेशाधिकरणम् ।

इतरव्यपदेशाद्धिताकरणादिदोषप्रसक्तिः ॥ २१ ॥

अन्यथा पुनश्चेतनकारणवाद आक्षिप्यते— चेतनाद्धि जगत्प्रक्रियामाश्रीयमाणायां हिताकरणादयो दोषाः प्रसज्यन्ते ; कुतः ? इतरव्यपदेशात् । इतरस्य शारीरस्य ब्रह्मात्मत्वं व्यपदिशति श्रुतिः- **'स आत्मा तत्त्वमसि श्वेतकेतो'** (छा.उप. ६-८-७) इति प्रबोधनात् ; यद्वा— इतरस्य च ब्रह्मणः शारीरात्मत्वं व्यपदिशति— **'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्'** (तैत्ति.उप. २-६) इति स्रष्टुरेवाविकृतस्य ब्रह्मणः कार्यानुप्रवेशेन शारीरात्मत्वदर्शनात् ; **'अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि'** (छा.उप. ६-३-२) इति च परा देवता जीवमात्मशब्देन व्यपदिशन्ती, न ब्रह्मणो भिन्नः शारीर इति दर्शयति ; तस्माद्यद्ब्रह्मणः स्रष्टृत्वं तच्छारीरस्यैवेति । अतश्च स्वतन्त्रः कर्ता सन् हितमेवात्मनः सौमनस्यकरं कुर्यात्, नाहितं जन्ममरणजरारोगाद्यनेकानर्थजालम् ; न हि कश्चिदपरतन्त्रो बन्धनागारमात्मनः कृत्वानुप्रविशति ; न च स्वयमत्यन्तनिर्मलः सन् अत्यन्तमलिनं देहमात्मत्वेनोपेयात् ; कृतमपि कथंचिद्यद्दुःखकरं तदिच्छया जह्यात् ; सुखकरं चोपाददीत ; स्मरेच्च—मयेदं जगद्बिम्बं विचित्रं विरचितमिति ; सर्वो हि लोकः स्पष्टं

વળી જેમ લોકમાં પ્રાણ, અપાન આદિ પ્રાણભેદો પ્રાણાયામથી નિરુદ્ધ થાય છે અને કારણમાત્રરૂપે હોય છે ત્યારે જીવનમાત્ર કાર્ય થાય છે, આકુંચન, પ્રસારણ આદિ અન્ય કાર્ય થતું નથી. પણ તે જ પ્રાણભેદો ફરીથી પ્રવૃત્ત થાય છે એટલે જીવનથી અધિક, આકુંચન, પ્રસારણ આદિ અન્ય કાર્ય થાય છે. વળી પ્રાણભેદો પ્રભેદવાળા પ્રાણથી અન્ય નથી; કેમકે પવન સ્વભાવ બંનેમાં તુલ્ય છે. એ જ પ્રમાણે કાર્યકારણથી અનન્ય છે. એથી આખું જગત્ બ્રહ્મનું કાર્ય હોવાથી અને તેથી (બ્રહ્મથી) અનન્ય હોવાથી 'येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्' **'જે વડે શ્રવણ ન કરાયેલાનું શ્રવણ થાય છે, મનન ન કરાયેલાનું મનન થાય છે અને વિજ્ઞાન ન કરાયેલાનું વિજ્ઞાન થાય છે'** એ શ્રુતિપ્રતિજ્ઞા સિદ્ધ થાય છે. ॥૨૦॥

૭. ઈતરવ્યપદેશ અધિકરણ

ઈતર (શારીર)નો (બ્રહ્મ) તરીકે) વ્યપદેશ (નિર્દેશ) છે તેથી હિત ન કરવું આદિ દોષનો (બ્રહ્મને) પ્રસંગ આવશે ॥૨૧॥

ચેતનકારણવાદ (=ચેતન બ્રહ્મ જગત્નું કારણ છે એ મત)નો વળી અન્યથા આક્ષેપ કરવામાં આવે છે. ખરેખર, ચેતન વડે સૃષ્ટિ થઈ છે એવો આશ્રય કરવાથી હિતનું ન કરવું આદિ દોષો પ્રસક્ત (=પ્રાપ્ત) થાય છે. કેવી રીતે ? ઈતરવ્યપદેશથી. ઈતર એટલે શારીરનો બ્રહ્માત્મા તરીકે શ્રુતિ વ્યપદેશ કરે છે; કેમ કે 'स आत्मा तत्त्वमसि श्वेतकेतो' (છાન્દો.ઉપ.૬-૮-૭) **'તે આત્મા છે; તે તું છે, હે શ્વેતકેતો'** એમ શ્રુતિ બોધ કરે છે. અથવા ઈતર એટલે બ્રહ્મનો શારીરાત્મા તરીકે વ્યપદેશ કરે છે; કેમકે 'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्' (તૈત્તિ.ઉપ.૨-૬) **'તે સર્જી તેની જ અંદર અનુપ્રવેશ કર્યો'** એમ સૃષ્ટા એટલે અવિકૃત બ્રહ્મ જ કાર્યની અંદર અનુપ્રવેશથી શારીરસ્વરૂપ છે એમ દર્શાવ્યું છે. 'अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि' (છાન્દો.ઉપ.૬-૩-૨) **'આ જીવરૂપ આત્માથી અનુપ્રવેશ કરી નામ અને રૂપનો વ્યાકાર કરું'** એમ પર દેવતા જીવનો આત્મશબ્દથી વ્યપદેશ કરતી શ્રુતિ બ્રહ્મથી શારીર ભિન્ન નથી એમ દર્શાવે છે. તેટલા માટે બ્રહ્મનું જે સ્રષ્ટૃત્વ છે તે શારીરનું જ છે. એટલા માટે (જીવ)સ્વતન્ત્ર કર્તા થઈ સૌમનસ્ય ઉત્પન્ન કરે એવું પોતાનું હિત જ કરે. પણ જન્મ, મરણ, જરા, રોગ વગેરે અનેક અનર્થ જાળ એવું જે અહિત તે ન કરે; કારણ કે પરતન્ત્ર ન હોય એવો કોઈ પણ પોતાને માટે બંધનગૃહ કરીને તેમાં અનુપ્રવેશ કરે એમ બને નહીં. તેમજ પોતે અત્યન્ત નિર્મળ થઈ અત્યન્ત મલિન એવા દેહને પોતાના તરીકે પ્રાપ્ત કરે નહીં. કોઈપણ કારણથી દેહને પોતાના તરીકે કીધો હોય તો પણ જે દુઃખકારક છે તેનો ઇચ્છાનુસાર ત્યાગ કરે અને જે સુખકારક છે તેનું ગ્રહણ કરે. વળી મેં આ વિચિત્ર જગદ્બિમ્બ વિરચેલું છે એમ સ્મરણ પણ કરે; કેમકે સર્વ લોક સ્પષ્ટ એવું કાર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कार्यं कृत्वा स्मरति— मयेदं कृतमिति; यथा च मायावी स्वयं प्रसारितां मायामिच्छया अनायासेनैवोपसंहरति, एवं शारीरोऽपीमां सृष्टिमुपसंहरेत्; स्वकीयमपि तावच्छरीरं शारीरो न शक्नोत्यनायासेनोपसंहर्तुम्; एवं हितक्रियाद्यदर्शनादन्याय्या चेतनाज्जगत्प्रक्रियेति गम्यते ॥२१॥

अधिकं तु भेदनिर्देशात् ॥ २२ ॥

तु-शब्दः पक्षं व्यावर्तयति । यत्सर्वज्ञं सर्वशक्ति ब्रह्म नित्यशुद्धबुद्धमुक्तभावं शारीराधिकमन्यत्, तत् वयं जगतः स्रष्टृ ब्रूमः; न तस्मिन्हिताकरणादयो दोषाः प्रसज्यते; न हि तस्य हितं किंचित्कर्तव्यमस्ति, अहितं वा परिहर्तव्यम्, नित्यमुक्तस्वभावत्वात्; न च तस्य ज्ञानप्रतिबन्धः शक्तिप्रतिबन्धो वा क्वचिदप्यस्ति, सर्वज्ञत्वात्सर्वशक्तित्वाच्च; शारीरस्त्वनेवंविधः; तस्मिन्प्रसज्यन्ते हिताकरणादयो दोषाः; न तु तं वयं जगतः स्रष्टारं ब्रूमः; कुत एतत्? भेदनिर्देशात्— **'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः'** (बृह.उप. २-४-५) **'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः'** (छा.उप. ८-७-१) **'सता सोम्य तथा संपन्नो भवति'** (छा.उप. ६-८-१) **'शारीर आत्मा प्राज्ञेनात्मनान्वारूढः'** (बृह.उप. ४-३-३५) इत्येवंजातीयकः कर्तृकर्मादिभेदनिर्देशो जीवादधिकं ब्रह्म दर्शयति । नन्वभेदनिर्देशोऽपि दर्शितः— **'तत्त्वमसि'** इत्येवंजातीयकः; कथं भेदाभेदौ विरुद्धौ संभव्यातम्? नैष दोषः, महाकाशघटाकाशन्यायेनोभयसंभवस्य तत्र तत्र प्रतिष्ठापितत्वात् । अपि च यदा **'तत्त्वमसि'** इत्येवंजातीयकेनाभेदनिर्देशेनाभेदः प्रतिबोधितो भवति, अपगतं भवति तदा जीवस्य संसारित्वं ब्रह्मणश्च स्रष्टृत्वम्, समस्तस्य मिथ्याज्ञानविजृम्भितस्य भेदव्यवहारस्य सम्यग्ज्ञानेन बाधितत्वात्; तत्र कुत एव सृष्टिः ? कुतो वा हिताकरणादयो दोषाः? अविद्याप्रत्युपस्थापितनामरूपकृतकार्यकरणसंधातोपाध्यविवेककृता हि भ्रान्तिर्हिताकरणादिलक्षणः संसारः, न तु परमार्थतोऽस्तीत्यसकृदवोचाम— जन्ममरणच्छेदनभेदनाद्यभिमानवत्; अबाधिते तु भेदव्यवहारे **'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः'** इत्येवंजातीयकेन

में कर्युं छे एम याद करे छे. वळी जेम मायावी पोते प्रसारेली मायानो ईच्छानुसारे मुश्केलाई वगर उपसंहार करे छे, ए प्रमाणे शारीर पण ए सृष्टिनो उपसंहार करे. पण शारीर पोताना पण शरीरनो अनायासे उपसंहार करवा शक्तिमान् नथी. आ रीते हितक्रिया वगेरे जोवामां आवतुं नथी तेथी चेतनथी जगत्‌नी प्रक्रिया अन्याय्य छे एम समजाय छे. ॥२१॥

પણ (શારીરથી) અધિક (સ્રષ્ટા છે), કારણ કે ભેદનો નિર્દેશ છે ॥૨૨॥

તુ શબ્દ પક્ષની વ્યાવૃત્તિ કરે છે. (ભેદ પાડે છે). જે સર્વજ્ઞ, સર્વશક્તિ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવ બ્રહ્મ શારીરથી અધિક, અન્ય છે તેને અમે જગત્‌નું પેદા કરનાર કહીએ છીએ. તેને વિષે હિત ન કરવું આદિ દોષો પ્રસક્ત (=પ્રાપ્ત) નહીં થાય; કેમકે તેનું કંઈ પણ હિત કરવા લાયક કે અહિત પરિહરવા લાયક નથી; કેમકે તે નિત્ય, મુક્તસ્વભાવ છે. વળી તેના જ્ઞાનને કે શક્તિને કોઈ પણ પ્રતિબંધ નથી; કારણકે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ છે. શારીર તો એવા પ્રકારનો નથી તેથી તેને વિષે હિત ન કરવું વગેરે દોષો પ્રસક્ત થાય છે. પણ તેને અમે જગત્‌નો સર્જનાર કહેતા નથી. એવું કેમ ? ભેદનો નિર્દેશ છે તેથી. 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' (બૃહ.ઉપ.૨-૪,૫) **'અરે આત્મા દર્શન, શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવા યોગ્ય છે'**, 'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः' (છાન્દો.ઉપ.૮-૭-૧) **'તે અન્વેષણ કરવા યોગ્ય છે, તે વિજિજ્ઞાસા કરવા યોગ્ય છે'**, 'सता सोम्य तदा संपन्नो भवति' (છાન્દો.ઉપ. ૬-૮-૧) **'હે સોમ્ય, સત્ સાથે ત્યારે સંપન્ન-એક થાય છે'** 'शारीर आत्मा प्राज्ञेनात्मनान्वारूढः' (બૃહ.ઉપ.૪-૩-૩૫) **'શારીર આત્મા પ્રાજ્ઞ આત્માથી અન્વારૂઢ થયેલો'** આ પ્રકારનો કર્તા, કર્મ વગેરેના ભેદનો નિર્દેશ જીવથી બ્રહ્મને અધિક દર્શાવે છે. तत्त्वमसि **'તે તું છે'** એ રીતનો અભેદનો નિર્દેશ દર્શાવ્યો છે પછી ભેદ અને અભેદ જે વિરુદ્ધ છે તે બે કેવી રીતે સંભવે ? એ દોષ નથી; કેમકે આકાશ, ઘટાકાશ ન્યાયથી બંનેનો સંભવ ત્યાં ત્યાં પ્રતિષ્ઠાપન કરેલો છે. વળી જ્યારે 'तत्त्वमसि' **'તે તું છે'** એવા પ્રકારના અભેદનિર્દેશથી અભેદ પ્રતિબોધિત થાય છે ત્યારે જીવનું સંસારીપણું અને બ્રહ્મનું સ્રષ્ટૃત્વ જતું રહે છે; કારણ કે મિથ્યાજ્ઞાનથી પ્રકાશિત થયેલો સમસ્ત ભેદવ્યવહાર સમ્યગ્જ્ઞાનથી બાધિત થાય છે. ત્યારે સૃષ્ટિ ક્યાંથી કે હિત ન કરવું વગેરે દોષો ક્યાંથી ? હિત ન કરવું આદિથી લક્ષિત થયેલો સંસાર અવિદ્યાએ ઊભા કરેલાં નામરૂપથી ઉત્પન્ન થયેલા કાર્યકરણસંઘાતરૂપ ઉપાધિના અવિવેકને લીધે થયેલી ભ્રાન્તિ છે, પારમાર્થિક નથી એમ અનેકવાર અમે કહ્યું છે, જન્મ, મરણ, છેદન, ભેદન આદિના અભિમાનની જેમ. પણ ભેદવ્યવહાર બાધિત ન હોય તો 'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

भेदनिर्देशेनावगम्यमानं ब्रह्मणोऽधिकत्वं हिताकरणादिदोषप्रसक्तिं निरुणद्धि ॥२२॥

अश्मादिवच्च तदनुपपत्ति ॥ २३ ॥

यथा च लोके पृथिवीत्वसामान्यान्वितानामप्यश्मनां केचिन्महार्हा मणयो वज्रवैडूर्यादयः, अन्ये मध्यमवीर्याः सूर्यकान्तादयः, अन्ये प्रहीणाः श्ववायसप्रक्षेपणार्हाः पाषाणाः- इत्यनेकविधं वैचित्र्यं दृश्यते ; यथा चैकपृथिवीव्यपाश्रयाणामपि बीजानां बहुविधं पत्रपुष्पफलगन्धरसादिवैचित्र्यं चन्दनकिंपाकचम्पकादिषूपलक्ष्यते ; यथा चैकस्याप्यन्नरसस्य लोहितादीनि केशलोमादीनि च विचित्राणि कार्याणि भवन्ति— एवमेकस्यापि ब्रह्मणो जीवप्राज्ञपृथक्त्वं कार्यवैचित्र्यं चोपपद्यत इत्यतः तदनुपपत्तिः, परपरिकल्पितदोषानुपपत्तिरित्यर्थः । श्रुतेश्च प्रामाण्यात्, विकारस्य च वाचारम्भणमात्रत्वात् स्वप्नदृश्यभाववैचित्र्यवच्च- इत्यभ्युच्चयः॥

८.उपसंहारदर्शनाधिकरणम् ।

उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि ॥ २४ ॥

चेतनं ब्रह्मैकमद्वितीयं जगतः कारणमिति यदुक्तम्, तन्नोपपद्यते ; कस्मात् ? उपसंहारदर्शनात् । इह हि लोके कुलालादयो घटपटादीनां कर्तारो मृद्दण्डचक्रसूत्रसलिलाद्यनेककारकोपसंहारेण संगृहीतसाधनाः सन्तस्तत्तत्कार्यं कुर्वाणा दृश्यन्ते ; ब्रह्म चासहायं तवाभिप्रेतम् ; तस्य साधनान्तरानुपसंग्रहे सति कथं स्रष्टृत्वमुपपद्येत ? तस्मान्न ब्रह्म जगत्कारणमिति चेत्, नैष दोषः; यतः क्षीरवद्द्रव्यस्वभावविशेषादुपपद्यते — यथा हि लोके क्षीरं जले वा स्वयमेव दधिहिमकरकादिभावेन परिणमतेऽनपेक्ष्य बाह्यं साधनम्, तथेहापि भविष्यति । ननु क्षीराद्यपि दध्यादिभावेन परिणममानमपेक्षत एव बाह्यं साधनमौष्ण्यादिकम् ; कथमुच्यते **'क्षीरवद्धि'** इति ? नैष दोषः ; स्वयमपि हि क्षीरं यां च यावतीं च परिणाममात्रामनुभवति, तावत्येव त्वार्यते त्वौष्ण्यादिना

'તે અન્વેષણ કરવા યોગ્ય છે, તે વિજિજ્ઞાસા કરવા યોગ્ય છે' એવા પ્રકારના ભેદનિર્દેશથી સમજાતું બ્રહ્મનું અધિકત્વ હિત ન કરવું વગેરે દોષના પ્રસંગને અટકાવે છે. ॥૨૨॥

અને અશ્મ (પથ્થર) આદિની જેમ તેની અનુપપત્તિ છે ॥૨૩॥

વળી જેમ લોકમાં પૃથ્વીત્વ જાતિથી અન્વિત થયેલા પણ પથ્થરોમાં કેટલાક, વજ્ર, વૈડૂર્ય આદિ મહામૂલ્યવાન પથ્થરો છે, બીજા, સૂર્યકાન્ત આદિ મધ્યમ તેજવાળા છે, બીજા કનિષ્ઠ (ઉતરતા), કૂતરા, અને કાગડા તરફ ફેંકવાનો યોગ્ય પથ્થરો છે એમ અનેક પ્રકારનું વૈચિત્ર્ય દેખાય છે, અને જેમ એક પૃથ્વી જેનો આશ્રય છે એવા બીજોમાં બહુ પ્રકારનું, પત્ર, પુષ્પ, ફળ, ગન્ધ, રસ આદિ વૈચિત્ર્ય, ચન્દન, કિંપાક (મહાતાલફળ) આદિને વિષે જણાય છે, તેમજ જેમ એક પણ અન્નરસનાં રુધિરાદિ અને કેશ, લોમ (રુંવાટી) વગેરે વિચિત્ર કાર્યો થાય છે, એ પ્રમાણે એક પણ બ્રહ્મનું જીવ અને પ્રાજ્ઞ તરીકે પૃથક્ત્વ અને કાર્યવૈચિત્ર્ય ઉપપન્ન થાય છે એથી તે અનુપપન્ન છે એવો અર્થ છે. શ્રુતિ પ્રમાણભૂત હોવાથી અને વિકાર વાણીમાં જેનો આરંભ છે એવો હોવાથી સ્વપ્નમાં જોવા લાયક પદાર્થના વૈચિત્ર્યની જેમ એમ અભ્યુચ્ચય છે. ॥૨૩॥

૮. ઉપસંહારદર્શન અધિકરણ

ઉપસંહાર (સહાયતા કરનાર સમૂહ) જોવામાં આવે છે તેથી (બ્રહ્મ જગત્‌નું કારણ) નથી એમ કહેશો તો ના; કેમ કે ક્ષીરની જેમ (ઉપપન્ન થશે) ॥૨૪॥

ચેતન બ્રહ્મ, એક, અદ્વિતીય, જગત્‌નું કારણ છે એમ જે કહ્યું છે તે ઉપપન્ન થતું નથી. શાથી ? ઉપસંહાર જોવામાં આવે છે તેથી. ખરેખર અહીં લોકમાં ઘટ, પટ વગેરેના કર્તા, કુંભાર આદિ, મૃત્તિકા, દંડ, ચક્ર, સૂત્ર આદિ અનેક કારકના ઉપસંહારથી સાધનો ગ્રહણ કરી તે તે કાર્ય કરતા જોવામાં આવે છે. બ્રહ્મ તો અસહાય છે એમ તમારો અભિપ્રાય છે, તે અન્ય સાધનના ઉપસંગ્રહ વગર, સ્રષ્ટા થાય એ કેવી રીતે ઉપપન્ન બને ? માટે બ્રહ્મ જગત્‌નું કારણ નથી એમ કહેશો તો એ દોષ નથી; કેમકે ક્ષીરની જેમ ખાસ દ્રવ્યસ્વભાવથી ઉપપન્ન થશે. ખરેખર, જેમ લોકમાં ક્ષીર (દૂધ) કે જળ સ્વયં બાહ્ય સાધનની અપેક્ષા વગર દહીંભાવ કે હિમભાવમાં પરિણામ પામે છે, તેમ અહીં પણ થશે. પણ ક્ષીરાદિ પણ દધ્યાદિ ભાવમાં પરિણામ પામતું ઉષ્ણતા આદિ બાહ્ય સાધનની અપેક્ષા રાખે છે જ. માટે 'કેમકે ક્ષીરની જેમ' એમ શા માટે કહ્યું છે ? એ દોષ નથી. ક્ષીર જાતે પણ જે અને જેટલી પરિણામમાત્રાનો અનુભવ કરે છે તેટલીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दधिभावाय ; यदि च स्वयं दधिभावशीलता न स्यात्, नैवौष्ण्यादिनापि बलाद्दधिभावमापद्यते ; न हि वायुराकाशो वा औष्ण्यादिना बलाद्दधिभावमापद्यते ; साधनसामग्र्या च तस्य पूर्णता संपाद्यते; परिपूर्णशक्तिकं तु ब्रह्म ; न तस्यान्येन केनचित्पूर्णता संपादयितव्या; श्रुतिश्च भवति — **'न तस्य कार्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते । परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च'** (श्वे.उप. ६-८) इति । तस्मादेकस्यापि ब्रह्मणो विचित्रशक्तियोगात् क्षीरादिवद्विचित्रपरिणाम उपपद्यते ॥२४॥

देवादिवदपि लोके ॥ २५ ॥

स्यादेतत्— उपपद्यते क्षीरादीनामचेतनानामनपेक्ष्यापि बाह्यं साधनं दध्यादिभावः, दृष्टत्वात् ; चेतनाः पुनः कुलालादयः साधनसामग्रीमपेक्ष्यैव तस्मै तस्मै कार्याय प्रवर्तमाना दृश्यन्ते ; कथं ब्रह्म चेतनं सत् असहायं प्रवर्तेतेति— देवादिवदिति ब्रूमः- यथा लोके देवाः पितर ऋषय इत्येवमादयो महाप्रभावाश्चेतना अपि सन्तोऽनपेक्ष्यैव किंचिद्बाह्यं साधनमैश्वर्यविशेषयोगादभिध्यानमात्रेण स्वत एव बहूनि नानासंस्थानानि शरीराणि प्रासादादीनि रथादीनि च निर्मिमाणा उपलभ्यन्ते, मन्त्रार्थवादेतिहासपुराणप्रामाण्यात् ; तन्तुनाभश्च स्वत एव तन्तून्सृजति ; बलाका चान्तरेणैव शुक्रं गर्भं धत्ते ; पद्मिनी चानपेक्ष्य किंचित्प्रस्थानसाधनं सरोन्तरात्सरोन्तरं प्रतिष्ठते— एवं चेतनमपि ब्रह्म अनपेक्ष्यैव बाह्यं साधनं स्वत एव जगत्स्रक्ष्यति । स यदि ब्रूयात्— य एते देवादयो ब्रह्मणो दृष्टान्ता उपात्तास्ते दार्ष्टान्तिकेन ब्रह्मणा न समाना भवन्ति ; शरीरमेव ह्यचेतनं देवादीनां शरीरान्तरादीविभूत्युत्पादने उपादानम्, न तु चेतन आत्मा; तन्तुनाभस्य च क्षुद्रतरजन्तुभक्षणाल्लाला कठिनतामापद्यमाना तन्तुर्भवति ; बलाका च स्तनयित्नुरवश्रवणाद्गर्भं धत्ते ; पद्मिनी च चेतनप्रयुक्ता सती अचेतनेनैव शरीरेण सरोन्तरात्सरोन्तरमुपसर्पति, वल्लीव वृक्षम्, न तु स्वयमेवाचेतना सरोन्तरोपसर्पणे व्याप्रियते; तस्मान्नैते ब्रह्मणो दृष्टान्ता इति — तं प्रति ब्रूयात्— नायं दोषः कुलालादिदृष्टान्तवैलक्षण्यमात्रस्य विवक्षितत्वादिति— यथा हि

જ ઉષ્ણતા વગેરે તેને દધિભાવ માટે ત્વરિત કરે છે. જો જાતે દધિભાવનો સ્વભાવ ન હોય તો ઉષ્ણતા આદિ બલાત્કારે દધિભાવ ન લાવે; કેમકે વાયુ કે આકાશને ઉષ્ણતા વગેરે બલાત્કારે દધિભાવમાં લાવતી નથી. સાધનસામગ્રીથી તેની પૂર્ણતા થાય છે. પણ બ્રહ્મ તો પરિપૂર્ણ શક્તિવાળું છે. અન્ય કોઈએ તેની પૂર્ણતા સંપાદન કરવાની નથી. શ્રુતિ પણ છે—'न तस्य कार्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते । परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥ (શ્વેતા.ઉપ.૬-૮) **'તેને કાર્ય-શરીર કે કરણ-નેત્રાદિ ઇન્દ્રિયસમૂહ તેનું, -તુલ્ય-સજાતીય કે તેથી અધિક વિજાતીય કંઈ દેખાતું નથી; એની શક્તિ—મૂલકારણ માયા—મહાન એ વિવિધ જ સંભળાય છે, અને જ્ઞાનક્રિયા અને બળક્રિયા સ્વાભાવિક છે'**. માટે એક પણ બ્રહ્મનો વિચિત્ર શક્તિના યોગથી ક્ષીરાદિની જેમ વિચિત્ર પરિણામ ઉપપન્ન થાય છે. ॥૨૪॥

લોકમાં દેવ વગેરેની જેમ પણ (બ્રહ્મ બાહ્ય સાધનની) અપેક્ષા કરતું નથી ॥૨૫॥

ઠીક, ક્ષીરાદિ અચેતન પદાર્થોનો બાહ્ય સાધનની અપેક્ષા વગર પણ દધ્યાદિભાવ ઉપપન્ન થાય છે; કારણ કે તે જોવામાં આવેલું છે. પણ ચેતન કુંભાર સાધનસામગ્રીની અપેક્ષાથી જ તે તે કાર્યને માટે પ્રવર્ત્તમાન જોવામાં આવે છે; તો બ્રહ્મ ચેતન થઈ અસહાય શી રીતે પ્રવર્તે ? અમે કહીએ છીએ કે દેવાદિની જેમ. જેમ લોકમાં દેવ, પિતૃ, ઋષિઓ અને એવા બીજા મહાપ્રભાવો ચેતનો હોય છે તો પણ કંઈ પણ બાહ્ય સાધનની અપેક્ષા કર્યા વિનાની, ઐશ્વર્યવિશેષના યોગથી અભિધ્યાનમાત્રથી પોતાની મેળે જ બહુ, ભિન્ન આકારવાળાં શરીરો, પ્રાસાદાદિ અને રથાદિઓ નિર્માણ કરતા ઉપલબ્ધ થાય છે, કારણ કે મન્ત્ર, અર્થવાદ, ઇતિહાસ અને પુરાણનું પ્રામાણ્ય છે, અને કરોળિયો સ્વયં જ તન્તુઓ સર્જે છે, બગલી પણ શુક્ર વગર જ ગર્ભ ધારણ કરે છે; પદ્મિની પણ કંઈ પ્રસ્થાન સાધનની અપેક્ષા વગર એક તળાવમાંથી બીજા તળાવમાં પ્રસ્થાન કરે છે; એ પ્રમાણે ચેતન પણ બાહ્ય સાધનની અપેક્ષા વિના જ જગત્‌ને સર્જશે. તે જો એમ કહે કે બ્રહ્મનાં જે આ દેવાદિ ઉદાહરણો આપ્યાં છે તે દાર્ષ્ટાન્તિક બ્રહ્મ સાથે સમાન નથી; કેમકે દેવાદિનું અચેતન શરીર જ અન્ય શરીર વગેરે વિભૂતિ ઉત્પન્ન કરવામાં ઉપાદાન છે, ચેતન આત્મા ઉપાદાન નથી, કરોળિયો ક્ષુદ્રતર જન્તુનું ભક્ષણ કરે છે તેથી તેની લાળ કઠિનતા પ્રાપ્ત કરી તન્તુ થાય છે, બગલી મેઘગર્જના સાંભળી ગર્ભ ધારણ કરે છે, પદ્મિની પણ ચેતનથી પ્રયુક્ત થઈ અચેતન શરીર વડે જ એક તળાવમાંથી બીજા તળાવમાં જાય છે, વેલો એક વૃક્ષથી બીજા વૃક્ષ ઉપર જાય છે તેમ, પણ જાતે અચેતન જ અન્ય તળાવમાં જવા માટે વ્યવહાર કરતી નથી, માટે એ બ્રહ્મના દૃષ્ટાન્તનું વૈલક્ષણ્યમાત્ર વિવક્ષિત છે. જેમ કુંભાર અને દેવાદિ ચેતનત્વમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कुलालादीनां देवादीनां च समाने चेतनत्वे कुलालादयः कार्यारम्भे बाह्यं साधनमपेक्षन्ते, न देवादयः ; तथा ब्रह्म चेतनमपि न बाह्यं साधनमपेक्षिष्यत इत्येतावद्वयं देवाद्युदाहरणेन विवक्षामः । तस्माद्यथैकस्य सामर्थ्यं दृष्टं तथा सर्वेषामेव भवितुमर्हतीति नास्त्येकान्त इत्यभिप्रायः ॥२५॥

९. कृत्स्नप्रसक्त्यधिकरणम् ।

कृत्स्नप्रसक्तिर्निरवयवत्वशब्दकोपो वा ॥ २६ ॥

चेतनमेकमद्वितीयं ब्रह्म क्षीरादिवद्देवादिवच्चानपेक्ष्य बाह्यं साधनं स्वयं परिणममानं जगतः कारणमिति स्थितम् ; शास्त्रार्थपरिशुद्धये तु पुनराक्षिपति । कृत्स्नप्रसक्तिं कृत्स्नस्य ब्रह्मणः कार्यरूपेण परिणामः प्राप्नोति, निरवयवत्वात् — यदि ब्रह्म पृथिव्यादिवत्सावयवमभविष्यत्, ततोऽस्यैकदेशः पर्यणंस्यत्, एकदेशश्चावस्थास्यत ; निरवयवं तु ब्रह्म श्रुतिभ्योऽवगम्यते—**'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्'** (श्वेता.उप. ६-१९) **'दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः'** (मुं.उप. २-१-२) **'इदं महद्भूतमनन्तमपारं विज्ञाननघन एव'** (बृह.उप. २-४-१२) **'स एष नेति नेत्यात्मा'** (बृह.उप.३-९-२६) **'अस्थूलमनणु'** (बृह.उप. ३-८-८) इत्याद्याभ्यः सर्वविशेषप्रतिषेधिनीभ्य; ततश्चैकदेशपरिणामासंभवात्कृत्स्नपरिणामप्रसक्तौ सत्यां मूलोच्छेदः प्रसज्येत; **द्रष्टव्यतोपदेशानर्थक्यं च आपद्येत, अयत्नदृष्टत्वात्कार्यस्य, तव्द्यतिरिक्तस्य च ब्रह्मणोऽसंभवात् ; अजत्वादिशब्दव्याकोपश्च । अथैतद्दोषपरिजिहीर्षया सावयवमेव ब्रह्माभ्युपगम्येत, तथापि ये निरवयवत्वस्य प्रतिपादकाः शब्दा उदाहृतास्ते प्रकुप्येयुः ; सावयवत्वे चानित्यत्वप्रसङ्ग इति— सर्वथायं पक्षो न घटयितुं शक्यत इत्याक्षिपति ॥२६॥**

સમાન છે તો પણ કુંભારાદિ કાર્ય આરંભવામાં બાહ્ય સાધનની અપેક્ષા રાખે છે, દેવાદિઓ રાખતા નથી, તેમ બ્રહ્મ ચેતન છે તો પણ **બાહ્ય સાધનની અપેક્ષા** નહીં રાખે એટલું દેવાદિ ઉદાહરણથી અમે કહેવા ઈચ્છીએ છીએ. માટે જેમ એકનું સામર્થ્ય દેખાયેલું છે તેવું **સર્વનું થવું યુક્ત છે** એવો એકાન્ત (નિયમ) નથી એવો અભિપ્રાય છે. ॥૨૫॥

૯. કૃષ્ણપ્રસક્તિ અધિકરણ

કૃત્સ્ન (સમગ્ર) (બ્રહ્મનો કાર્યરૂપે પરિણામ થવાનો) પ્રસંગ (આવશે) અથવા નિરવયવત્વશબ્દનો બાધ (થશે) ॥૨૬॥

ચેતન, એક, અદ્વિતીય બ્રહ્મ ક્ષીરાદિની જેમ અને દેવાદિની જેમ બાહ્ય સાધનની અપેક્ષા વિના સ્વયં પરિણામ પામતું જગત્નું કારણ છે એવી સ્થિતિ છે. પણ શાસ્ત્રાર્થની પરિશુદ્ધિને માટે પુનઃ આક્ષેપ કરે છે. કૃત્સ્નપ્રસક્તિ, એટલે કૃત્સ્ન (સંપૂર્ણ) બ્રહ્મનો કાર્યરૂપે પરિણામ પામે છે; કેમકે બ્રહ્મ નિરવયવ છે. પૃથિવી આદિની જેમ જો બ્રહ્મ અવયવવાળું હોત તો એનો એકદેશ પરિણામ પામત અને એકદેશ અમનો એમ રહેત. પણ બ્રહ્મ તો નિરવયવ છે એમ શ્રુતિઓથી સમજાય છે-'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्' (શ્વેતા.ઉપ.૬-૧૯) **'અવયવરહિત, ક્રિયાશૂન્ય, શાન્ત, દોષરહિત, નિરંજન'**, 'दिव्यो ह्यमूर्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः' (મુણ્ડ.ઉપ.૨-૧-૨) **'દિવ્ય છે તેથી સર્વમૂર્તિવર્જિત છે, પુરુષ, બાહ્ય અને અભ્યન્તર સાથે રહેનાર અને અજ છે)**, 'इदं महद्भूतमनन्तमपारं विज्ञानघन एव' (બૃહ.ઉપ.૨-૪-૧૨) **'એ મહાન્ છે, પરિનિષ્પન્ન છે, અનન્ત છે, અપાર છે, વિજ્ઞાનઘન જ છે'**, 'स एष नेति नेत्यात्मा'(બૃહ.ઉપ.૩-૯-૨૬) **'જે, નથી નથી એમ નિષેધ દ્વારા મધુકાંડમાં નિર્દિષ્ટ છે, તે એ આત્મા છે'**, 'अस्थूलमनणु' (બૃહ.ઉપ.૩-૮-૮) **'અસ્થૂલ, અનણુ'** ઈત્યાદિ, સર્વ વિશેષનો નિષેધ કરનારી શ્રુતિઓથી (સમજાય છે). તેથી એકદેશના પરિણામનો અસંભવ હોવાથી કૃત્સ્ન બ્રહ્મનો પરિણામ આવી પડતાં મૂલોચ્છેદનો પ્રસંગ આવશે, અને દ્રષ્ટવ્ય તરીકે જે બ્રહ્મનો ઉપદેશ છે તે અનર્થક થવાનો પ્રસંગ આવશે, કેમકે કાર્ય યત્ન વગર દેખાય છે અને તેથી અન્ય બ્રહ્મનો આ સંભવ છે. તેમજ અજત્વ આદિ શબ્દનો બાધ આવશે. જો એ દોષનો પરિહાર કરવાની ઈચ્છાથી સાવયવ જ બ્રહ્મ સ્વીકારશો તો પણ જે નિરવયવત્વના પ્રતિપાદક શબ્દોનું ઉદાહરણ આપ્યું છે તે શબ્દોને બાધ આવશે. વળી સાવયવત્વ લેવાથી અનિત્યત્વનો પ્રસંગ આવશે. સર્વથા એ પક્ષ ઘટાવવો શક્ય નથી એમ આક્ષેપ કરે છે. ॥૨૬॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रुतेस्तु शब्दमूलत्वात् ॥ २७ ॥

तु-शब्देनाक्षेपं परिहरति । न खल्वस्मत्पक्षे कश्चिदपि दोषोऽस्ति । ना तावत्कृत्स्नप्रसक्तिरस्ति : कुतः ? श्रुतेः— यथैव हि ब्रह्मणो जगदुत्पत्तिः श्रूयते, एवं विकारव्यतिरेकेणापि ब्रह्मणोऽवस्थानं श्रूयते— प्रकृतिविकारयोर्भेदेन व्यपदेशात् **'सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि'** (छा.उप. ६-३-२) इति, **'तावानस्य महिमा ततो ज्यायाँश्च पूरु षः । पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि'** (छा.उप. ३-१२-६) इति चैवंजातीयकात्; तथा हृदयायतनत्ववचनात्: सत्संपत्तिवचनाच्च- यदि च कृत्स्नं ब्रह्म कार्यभावेनोपयुक्तं स्यात्, **'सता सोम्य तदा संपन्नो भवति'** (छा.उप.६-८-१) इति सुषुप्तिगतं विशेषणमनुपपन्नं स्यात्, विकृतेन ब्रह्मणा नित्यसंपन्नत्वादविकृतस्य ब्रह्मणोऽभावात्; तथेन्द्रियगोचरत्वप्रतिषेधात्— ब्रह्मणो विकारस्य चेन्द्रियगोचरत्वोपपत्तेः ; तस्मादस्त्यविकृतं ब्रह्म । न च निरवयवत्वशब्दव्याकोपोऽस्ति, श्रूयमाणत्वादेव निरवयवत्वस्याप्यभ्युपगम्यमानत्वात्; शब्दमूलं च ब्रह्म शब्दप्रमाणकम्, नेन्द्रियादिप्रमाणकम्; तद्यथाशब्दमभ्युपगन्तव्यम्। शब्दश्चोभयमपि ब्रह्मणः प्रतिपादयति-अकृत्स्नप्रसक्तिं निरवयवत्वं च; लौकिकानामपि मणिमन्त्रौषधिप्रभृतीनां देशकालनिमित्तवैचित्र्यवशाच्छक्तयो विरुद्धानेककार्यविषयता दश्यन्ते ; ता अपि तावन्नोपदेशमन्तरेण केवलेन तर्केणावगन्तुं शक्यन्ते— अस्य वस्तुन एतावत्य एतत्सहाया एतद्विषया एतत्प्रयोजनाश्च शक्तय इति ; किमुताचिन्त्यस्वभावस्य ब्रह्मणो रूपं विना शब्देन न निरुप्येत ; तथा चाहु : पौराणिकाः— **'अचिन्त्याः खलु ये भावा न तांस्तर्केण योजयेत् । प्रकृतिभ्यः परं यच्च तदचिन्त्यस्य लक्षणम्'** इति । तस्माच्छब्दमूल एवातीन्द्रियार्थयाथात्म्याधिगम् । ननु शब्देनापि न शक्यते विरुद्धोऽर्थः प्रत्यायितुम्— निरवयवं च

પણ (એ દોષ નહીં થાય) શ્રુતિથી, શબ્દમૂળ છે તેથી ॥૨૭॥

તુ શબ્દથી (સૂત્રકાર) આક્ષેપનો પરિહાર (ખંડન) કરે છે. ખરેખર, અમારા પક્ષમાં કોઈપણ દોષ નથી. કૃત્સ્નપ્રસક્તિ-કૃત્સ્નબ્રહ્મનો કાર્યરૂપ પરિણામ થવાનો પ્રસંગ આવશે નહીં. શાથી ? શ્રુતિથી. જેમ બ્રહ્મથી જગત્‌ની ઉત્પત્તિ શ્રુતિમાં છે; તેમ વિકારથી ભિન્ન પણ બ્રહ્મની અવસ્થિતિ શ્રુતિમાં છે; કેમકે પ્રકૃતિ અને વિકારનો ભેદથી વ્યપદેશ કર્યો છે 'सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि' (છાન્દો.ઉપ. ૬-૩-૨) **'તે એ દેવતાએ વિચાર્યું, હું એ ત્રણ દેવતાઓમાં આ જીવાત્મા વડે અનુપ્રવેશ કરી નામ અને રૂપનો વ્યાકાર કરું'** અને 'तावानस्य महिमा ततो ज्यायांश्च पूरुषः । पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि' (છાન્દો.ઉપ.૩-૧૨-૬) **'એ (ગાયત્રીસંજ્ઞકબ્રહ્મ)નો તેટલો મહિમા છે. પુરુષ એનાથી મોટો છે. સર્વ ભૂતો એનો પાદ છે અને જેના ત્રણ પાદ છે એવું અમૃત-પુરુષાખ્ય-સમસ્ત ગાયત્રીસંજ્ઞક પ્રપંચાત્મકના પ્રકાશમય સ્વાત્માને વિષે રહેલું છે'** એવા પ્રકારનો વ્યપદેશ (નિર્દેશ) છે. તેમજ હૃદયને બ્રહ્મનું સ્થાન કહ્યું છે અને સત્ સાથે બ્રહ્મની સંપત્તિ (બ્રહ્મની એકતા) કહી છે. **જો કૃત્સ્ન બ્રહ્મ** કાર્યભાવે ઉપયુક્ત થાય તો 'सता सोम्य तदा संपन्न भवति' (છાન્દો.ઉપ.૬-૮-૧) **'હે સોમ્ય, સત્ સાથે ત્યારે એકીભૂત થાય છે'** એમ સુષુપ્તિસંબંધી વિશેષણ અનુપપન્ન થાય; કેમકે વિકૃત બ્રહ્મ નિત્ય સંપન્ન અને અવિકૃત બ્રહ્મનો અભાવ છે. તેમજ બ્રહ્મનું ઇન્દ્રિયગોચરત્વ પ્રતિષિદ્ધ છે અને વિકાર ઇન્દ્રિયગોચર હોય એ યોગ્ય છે. માટે બ્રહ્મ અવિકૃત છે. વળી નિરવયવત્વ શબ્દને બાધ નથી; કેમકે શ્રૂયમાણ છે તેથી જ નિરવયવત્વ સ્વીકારાય છે. વળી શબ્દમૂળ બ્રહ્મનું શબ્દ પ્રમાણ છે, ઇન્દ્રિય આદિ પ્રમાણ નથી, તેનો શબ્દને અનુસારે સ્વીકાર કરવો જોઈએ. શબ્દ તો બ્રહ્મની કૃત્સ્ન પ્રસક્તિ અને નિરવયવત્વ, બંને પ્રતિપાદન કરે છે. લૌકિક પણ મણિ, મન્ત્ર, ઔષધિ વગેરેની શક્તિઓ દેશ, કાલ અને નિમિત્તના વિચિત્રપણાને લીધે વિરુદ્ધ અનેક કાર્યને લાગુ પડતી જોવામાં આવે છે. તે પણ ઉપદેશ સિવાય, માત્ર તર્કથી સમજી શકાતી નથી કે આ વસ્તુની આટલી શક્તિઓ છે, તેનું આ સહાયભૂત છે, તેનો આ વિષય છે અને તેનું આ પ્રયોજન છે. તો જેનો સ્વભાવ અચિન્ત્ય છે એવા બ્રહ્મના રૂપનું શબ્દ વગર નિરૂપણ ન થાય એમાં કહેવું જ શું ? પૌરાણિકો એમ જ કહે છે- 'अचिन्त्याः खलु ये भावा न तांस्तर्केण योजयेत् । प्रकृतिभ्यः परं यच्च तदचिन्त्यस्य लक्षणम्॥' **'ખરેખર, જે પદાર્થો અચિન્ત્ય છે તેનો તર્ક સાથે યોગ ન કરવો. જે પ્રકૃતિથી પર છે તે અચિન્ત્યનું લક્ષણ છે'** એમ. માટે અતીન્દ્રિય અર્થના ખરા સ્વરૂપની પ્રતીતિ શબ્દમૂલ જ છે. પણ નિરવયવ બ્રહ્મ પરિણામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ब्रह्म परिणमते न च कृत्स्नमिति ; यदि निरवयवं ब्रह्म स्यात् , नैव परिणमेत, कृत्स्नमेव वा परिणमेत ; अथ केनचिद्रूपेण परिणमते केनचिच्चावतिष्ठेतेति, रूपभेदकल्पनात्सावयवमेव प्रसज्येत ; क्रियाविषये हि **'अतिरात्रे षोडशिनं गृह्णाति' 'नातिरात्रे षोडशिनं गृह्णाति'** इत्येवंजातीयकायां विरोधप्रतीतावपि विकल्पाश्रयणं विरोधापरिहारकारणं भवति, पुरुषतन्त्रत्वाच्चानुष्ठानस्य; इह तु विकल्पाश्रयणेनापि न विरोधपरिहारः संभवति, अपुरुषतन्त्रत्वाद्वस्तुनः । तस्माद्दुर्घटमेतदिति— नैष दोषः, अविद्याकल्पितरूपभेदाभ्युपगमात् । न ह्यविद्याकल्पितेन रूपभेदेन सावयवं वस्तु संपद्यते । न हि तिमिरोपहतनयनेनानेक इव चन्द्रमा दृश्यमानोऽनेक एव भवति; अविद्याकल्पितेन च नामरूपलक्षणेन रूपभेदेन व्याकृताव्याकृतात्मकेन तत्त्वान्यत्वाभ्यामनिर्वचनीयेन ब्रह्म परिणामादिसर्वव्यवहारास्पदत्वं प्रतिपद्यते ; पारमार्थिकेन च रूपेण सर्वव्यवहारातीतमपरिणतमवतिष्ठते, वाचारम्भणमात्रत्वाच्चविद्याकल्पितस्य नामरूपभेदस्य— इति न निरवयवत्वं ब्रह्मणः कुप्यति । न चेयं परिणामश्रुतिः परिणामप्रतिपादनार्था, तत्प्रतिपत्तौ फलानवगमात्: सर्वव्यवहारहीनब्रह्मात्मभावप्रतिपादनार्था त्वेषा, तत्प्रतिपत्तौ फलावगमात्; **'स एष नेति नेत्यात्मा'** इत्युपक्रम्याह— **'अभयं वै जनक प्राप्तोऽसि'** (बृह.उप. ४-२-८) इति । तस्मादस्मत्पक्षे न कश्चिदपि दोषप्रसङ्गोऽस्ति ॥२७॥

आत्मनि चैवं विचित्राश्च हि ॥ २८ ॥

अपि च नैवात्र विवदितव्यम्-कथमेकस्मिन्ब्रह्मणि स्वरूपानुपमर्देनैवानेकाकारा सृष्टिः स्यादिति । यत आत्मन्यप्येकस्मिन्स्वप्नदृशि स्वरूपानुपमर्देनैवानेकाकारा सृष्टिः पठ्यते **'न तत्र रथा न रथयोगा न पन्थानो भवन्त्यथ रथान्रथयोगान्पथः सृजते'** (बृह.उप. ४-३-१०) इत्यादिना; लोकेऽपि देवादिषु मायाव्यादिषु च स्वरूपानुपमर्देनैव विचित्रा

પામે છે, કૃત્સ્ન બ્રહ્મ પામતું નથી એવા વિરુદ્ધ અર્થની શબ્દ પણ પ્રતીતિ કરાવી શકે નહીં. જો બ્રહ્મ નિરવયવ હોય તો પરિણામ ન જ પામે અથવા કૃત્સ્ન જ પરિણામ પામે. જો કેટલાક રૂપ વડે પરિણામ પામે અને કેટલાક વડે અવસ્થિત રહે તો રૂપભેદની કલ્પનાથી બ્રહ્મ સાવયવ છે એમ જ પ્રસક્ત થશે. ખરેખર, ક્રિયાની બાબતમાં 'अतिरात्रे षोडशिनं गृह्णाति' **'અતિરાત્રમાં ષોડશીનું ગ્રહણ કરે છે'**, 'नातिरात्रे षोडशिनं गृह्णाति' **'અતિરાત્રમાં ષોડશીનું ગ્રહણ કરતો નથી'** એવી જાતની વિરોધપ્રતીતિમાં પણ વિકલ્પનો આશ્રય વિરોધપરિહારનું કારણ છે અને અનુષ્ઠાન પુરુષને અધીન છે એ પણ કારણ છે. અહીં તો વિકલ્પના આશ્રયથી પણ વિરોધનો પરિહાર સંભવતો નથી; કેમકે વસ્તુ પુરુષને અધીન નથી. માટે એ દુર્ઘટ છે. ના, એ દોષ નથી; કેમકે અવિદ્યાકલ્પિત રૂપભેદનો સ્વીકાર કર્યો છે. ખરેખર, અવિદ્યાકલ્પિત રૂપભેદથી વસ્તુ સાવયવ થતી નથી. તિમિરથી જેનો નેત્રપ્રકાશ નષ્ટ થયો છે એવા પુરુષથી જાણે અનેક હોય એવો દેખાતો ચન્દ્ર અનેક જ થતો નથી. વળી અવિદ્યાકલ્પિત નામરૂપલક્ષણ રૂપભેદ, જેનું વ્યાકાર પામેલો અને વ્યાકાર ન પામેલો, એવું સ્વરૂપ છે, અને જે તત્ત્વ અન્યત્વથી અનિર્વચનીય છે, તે રૂપભેદ વડે બ્રહ્મ પરિણામાદિ સર્વ વ્યવહારનું સ્થાન થાય છે. પણ પારમાર્થિક રૂપે બ્રહ્મ સર્વ વ્યવહારથી અતીત અને પરિણામ ન પામેલું જ અવસ્થિત છે. વળી અવિદ્યાથી કલ્પિત નામરૂપભેદ વાચારંભણમાત્ર-જેનો વાણીમાંજ આરંભ છે એવો-હોવાથી બ્રહ્મના નિરવયવત્વને બાધ આવતો નથી. વળી એ પરિણામશ્રુતિનું પ્રયોજન પરિણામ પ્રતિપાદન કરવાનું નથી; કારણ કે તેની પ્રતિપત્તિમાં ફળપ્રાપ્તિ નથી. એનું પ્રયોજન તો સર્વવ્યવહારથી રહિત બ્રહ્મ જ આત્મા છે એ પ્રતિપાદન કરવાનું છે, તેની પ્રતિપત્તિમાં ગ્રહણ કરવામાં ફળપ્રાપ્તિ છે. 'स एष नेति नेत्यात्मा' **'જે નથી નથી એમ નિષેધમુખે મધુકાંડમાં નિર્દિષ્ટ છે તે એ આત્મા છે'** એમ ઉપક્રમ કરી કહે છે-'अभयं वै जनक प्राप्तोऽसि' (બૃહ.ઉપ.૪-૨-૮) **'હે જનક, તું, ખરેખર, ભયરહિત બ્રહ્મ પ્રાપ્ત થયો છે'** એમ. માટે અમારા પક્ષમાં કોઈ પણ દોષપ્રસંગ નથી. ॥૨૭॥

અને આત્મામાં આ પ્રમાણે (અનેક આકારવાળી સૃષ્ટિ દેખાય છે), ખરેખર, (દેવાદિ અને માયાવી આદિમાં) વિચિત્ર (સૃષ્ટિ દેખાય છે) ॥૨૮॥

વળી એક બ્રહ્મમાં પોતાના રૂપનું ઉપમર્દન થયા વગર અનેક આકારવાળી સૃષ્ટિ શી રીતે થાય એમ એ વિષયમાં વિવાદ કરવો ઉચિત નથી; કેમકે એક, સ્વપ્નદ્રષ્ટા આત્મામાં પણ સ્વરૂપનું ઉપમર્દન થયા વિના જ અનેક આકારવાળી સૃષ્ટિ દેખાય છે. -'न तत्र रथा न रथयोगा न पन्थानो भवन्त्यथ रथान् रथयोगान् पथः सृजते' (બૃહ.ઉપ.૪-૩-૧૦) **'ત્યાં રથો નથી, અશ્વો નથી, માર્ગો નથી, પણ રથોને,**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हस्त्यश्वादिसृष्टयो दृश्यन्ते । तथैकस्मिन्नपि ब्रह्मणि स्वरूपानुपमर्देनैवानेकाकारा सृष्टिर्भविष्यतीति ॥२८॥

स्वपक्षदोषाच्च ॥२९॥

परेषामप्येष समानः स्वपक्षदोषः— प्रधानवादिनोऽपि हि निरवयवमपरिच्छिन्नं शब्दादिहीनं प्रधानं सावयवस्य परिच्छिन्नस्य शब्दादिमतः कार्यस्य कारणमिति स्वपक्ष; तत्रापि कृत्स्नप्रसक्तिर्निरवयवत्वात्प्रधानस्य प्राप्नोति, निरवयवत्वाभ्युपगमकोपो वा। ननु नैव तैर्निरवयं प्रधानमभ्युपगम्यते ; सत्त्वरजस्तमांसि हि त्रयो गुणाः ; तेषां साम्यावस्था प्रधानम्; तैरेवावयवैस्तत्सावयवमिति— नैवंजातीयकेन सावयवत्वेन प्रकृतो दोषः परिहर्तुं पार्यते, यतः सत्त्वरजस्तमसामप्येकैकस्य समानं निरवयवत्वम् एकैकमेव चेतरद्वयानुगृहीतं सजातीयस्य प्रपञ्चस्योपादानमिति— समानत्वात्स्वपक्षदोषप्रसङ्गस्य । तर्काप्रतिष्ठानात्सावयवत्वमेवेति चेत्— एवमप्यनित्यत्वादिदोषप्रसङ्गः । अथ शक्तय एव कार्यवैचित्र्यसूचिता अवयवा इत्यभिप्रायः, तास्तु ब्रह्मवादिनोऽप्यविशिष्टाः । तथा अणुवादिनोऽप्यणुरण्वन्तरेण संयुज्यमानो निरवयवत्वाद्यदि कार्त्स्न्येन संयुज्येत, ततः प्रथिमानुपपत्तेरणुमात्रत्वप्रसङ्गः; अथैकदेशेन संयुज्येत, तथापि निरवयवत्वाभ्युपगमकोप इति— स्वपक्षेऽपि समान एष दोषः । समानत्वाच्च नान्यतरस्मिन्नेव पक्षे उपक्षेप्तव्यो भवति । परिहृतस्तु ब्रह्मवादिना स्वपक्षे दोषः ॥२९॥

१०. सर्वोपेताधिकरण् ।

सर्वोपेता च तद्दर्शनात् ॥ ३० ॥

एकस्यापि ब्रह्मणो विचित्रशक्तियोगादुपपद्यते विचित्रो विकारप्रपञ्च इत्युक्तम्ः तत्पुनः कथमवगम्यते- विचित्रशक्ति-युक्तं परं ब्रह्मेति ; तदुच्यते— सर्वोपेता च तद्दर्शनात् । सर्वशक्तियुक्ता च परा देवतेत्यभ्युपगन्तव्यम् ; कुतः ? तद्दर्शनात् । तथा हि

અશ્વો અને માર્ગોને સર્જે છે' ઇત્યાદિથી. લોકમાં પણ દેવાદિને વિષે અને માયાવી આદિને વિષે સ્વરૂપનું ઉપમર્દન થયા વગર હાથી, ઘોડા વિચિત્ર સૃષ્ટિઓ દેખાય છે. એ જ રીતે એક પણ બ્રહ્મને વિષે સ્વરૂપનું ઉપમર્દન થયા વગર જ અનેક આકારવાળી સૃષ્ટિ થશે. ॥૨૮॥

અને (સ્વ) પોતાના પક્ષમાં દોષ છે તેથી (એક જ પક્ષમાં દોષ જોવો ઉચિત નથી) ॥૨૯॥

પર (પક્ષ)ને પણ સ્વપક્ષમાં એ દોષ સમાન છે; કારણ કે પ્રધાનવાદીનો પણ નિરવયવ, અપરિચ્છિન્ન, શબ્દાદિરહિત પ્રધાન સાવયવ, પરિચ્છિન્ન અને શબ્દાદિયુક્ત કાર્યનું કારણ છે એ સ્વપક્ષ છે. તેમાં પણ પ્રધાન નિરવયવ હોવાથી કૃત્સ્નપ્રસક્તિ પ્રાપ્ત થાય છે અથવા નિરવયવત્વના સ્વીકારને બાધ આવે છે. પણ તેઓ નિરવયવ પ્રધાન સ્વીકારતા નથી; સત્ત્વ, રજસ્ અને તમસ એ ત્રણ ગુણો છે, તેની સામ્યાવસ્થા પ્રધાન છે, તેજ અવયવોથી સાવયવ છે એમ સ્વીકારે છે, એવી જાતના સાવયવત્વથી પ્રકૃત દોષોનો પરિહાર કરવો શક્ય નથી; કેમકે સત્ત્વ, રજસ્ અને તમસ્માં પણ પ્રત્યેકનું નિરવયવત્વ સમાન છે. પ્રત્યેક બીજા બેથી અનુગૃહિત થયેલું સજાતીય પ્રપંચનું ઉપાદન છે એમ સ્વપક્ષમાં દોષનો પ્રસંગ સમાન છે. તર્ક પ્રતિષ્ઠિત થતો નથી તેથી સાવયવત્વ જ છે એમ કહેશો તો એમ પણ અનિત્યતા વગેરેથી દોષનો પ્રસંગ આવશે. જો કાર્યવૈચિત્ર્યથી સૂચવાયેલી શક્તિ જ અવયવ છે એમ અભિપ્રાય હોય તો તે તો બ્રહ્મવાદીને પણ અવિશિષ્ટ છે. તેમજ અણુવાદીને પણ એક અણુ બીજા અણુ સાથે સંયોગ પામતો નિરવયવ હોવાથી જો કૃત્સ્નતાથી સંયોગ પામે તો પ્રથિમા (અધિક પરિમાણ) અનુપપન્ન થવાથી અણુમાત્ર હોવાનો પ્રસંગ આવશે અને જો એકદેશે સંયોગ પામે તો પણ નિરવયત્વના સ્વીકારનો બાધ આવશે એટલે પોતાના પક્ષમાં પણ એ દોષ સમાન છે. સમાન હોવાથી બેમાંથી એક પક્ષમાં જ દોષ જોવો યોગ્ય નથી. બ્રહ્મવાદીએ તો સ્વ પક્ષમાં દોષનો પરિહાર કર્યો છે. ॥૨૯॥

૧૦. સર્વોપેત અધિકરણ

(પર દેવતા) સર્વ શક્તિથી યુક્ત છે, તેનું દર્શન (શ્રુતિમાં) છે માટે ॥૩૦॥

એક પણ બ્રહ્મની વિચિત્ર શક્તિના યોગથી વિચિત્ર વિકારપ્રપંચ ઉપપન્ન થાય છે એમ કહ્યું છે. પણ પરબ્રહ્મ વિચિત્રશક્તિયુક્ત છે એમ કેવી રીતે સમજાય છે ? તે કહીએ છીએ -સર્વોપેતા ચ તદ્દર્શનાત્. પર દેવતા સર્વશક્તિયુક્ત છે એમ સ્વીકારવું યુક્ત છે. શાથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दर्शयति श्रुतिः सर्वशक्तियोगं परस्या देवतायाः— **'सर्वकर्मा सर्वकामः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादरः'** (छा.उप. ३-१४-४) **'सत्यकामः सत्यसंकल्पः'** (छा.उप. ८-७-१) **'यः सर्वज्ञः सर्ववित्'** (मुं.उप. १-१-९) **'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः'** (बृह.उप. ३-८-९) इत्येवंजातीयका ॥३०॥

विकरणत्वान्नेति चेत्तदुक्तम् ॥ ३१ ॥

स्यादेतत्— विकरणां परां देवतां शास्ति शास्त्रम्— **'अचक्षुष्कमश्रोत्रमवागमनाः'** (बृह.उप. ३-८-८) इत्येवंजातीयकम्; कथं सा सर्वशक्तियुक्तापि सती कार्याय प्रभवेत् ? देवादयो हि चेतनाः सर्वशक्तियुक्ता अपि सन्त आध्यात्मिककार्यकरणसंपन्ना एव तस्मै तस्मै कार्याय प्रभवन्तो विज्ञायन्ते; कथं च **'नेति नेति'** (बृह.उप. ३-९-२६) इति प्रतिषिद्धसर्वविशेषाया देवतायाः सर्वशक्तियोगः संभवेत्, इति चेत्— यदत्र वक्तव्यं तत्पुरस्तादेवोक्तम्; श्रुत्यवगाह्यमेवेदमतिगम्भीरं ब्रह्म न तर्कावगाह्यम्; न च यथैकस्य सामर्थ्यं दृष्टं तथान्यस्यापि सामर्थ्येन भवितव्यमिति नियमोऽस्तीति। प्रतिषिद्धसर्वविशेषस्यापि ब्रह्मणः सर्वशक्तियोगः संभवतीत्येतदप्यविद्याकल्पितरूपभेदोपन्यासेनोक्तमेव। तथा च शास्त्रम्— **'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः'** (श्वेता. ३-१९) इत्यकरणस्यपि ब्रह्मणः सर्वसामर्थ्ययोगं दर्शयति ॥३१॥

११. प्रयोजनवत्त्वाधिकरणम्।

न प्रयोजनवत्त्वात् ॥ ३२ ॥

તેના દર્શનથી; કેમકે શ્રુતિ પર દેવતાનો સર્વશક્તિયોગ દર્શાવે છે- 'सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादरः' (છાન્દો.ઉપ.૩-૧૪-૪) **'સર્વ-વિશ્વ જેનું કર્મ છે, જેના સર્વ મનોરથ દોષ વિનાના છે, સર્વ ગન્ધ જેની સુખકર છે, જેના સર્વ રસ સુખકર છે, જે આ સર્વ જગત્‌ને અભિવ્યાપ્ત છે, વાગિન્દ્રિ વિનાનો અને નિષ્કામ'**, 'सत्यकामः सत्यसंकल्पः' (છાન્દો.ઉપ.૮-૭-૧) **'સત્ય કામનાવાળો, સત્ય સંકલ્પવાળો'**, 'यः सर्वज्ञः सर्ववित्' (મુણ્ડ.ઉપ. ૧-૧-૯) **'જે સર્વજ્ઞ અને સર્વવેત્તા છે'**, 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः' (બૃહ.ઉપ.૩-૮-૯) **'એ જ નાશરહિત બ્રહ્મની આજ્ઞામાં હે ગાર્ગિ, સૂર્ય અને ચન્દ્ર ધારણ કરાયેલા રહે છે'** એવા પ્રકારની (શ્રુતિ છે.) ॥૩૦॥

કરણ (ઇન્દ્રિય) રહિત હોવાથી (બ્રહ્મ શક્તિરહિત છે)
એમ (કહેશો) તો તે કહી ગયા છીએ ॥૩૧॥

ઠીક. પણ પર દેવતા કરણરહિત છે એમ શાસ્ત્ર અનુશાસન કરે છે- 'अचक्षुष्कमश्रोत्रमवागमनाः' (બૃહ.ઉપ.૩-૮-૮) **'નેત્રરહિત, કર્ણરહિત, વાણીરહિત, મનરહિત'** એવી જાતનું (શાસ્ત્ર). તે દેવતા સર્વશક્તિવાળી હોય તો પણ કાર્ય માટે કેવી રીતે સમર્થ થાય ? કારણ કે દેવાદિ ચેતનો, સર્વશક્તિયુક્ત તો પણ આધ્યાત્મિક કાર્યકરણથી સંપન્ન હોય તો જ તે તે કાર્ય કરવાની શક્તિવાળા જાણવામાં આવ્યા છે; તો **'नेति नेति'** (બૃહ.ઉપ.૩-૯-૨૬) **'આવું નથી, આવું નથી'** એમ જેના સર્વ વિશેષનો નિષેધ કર્યો છે એવી દેવતામાં **સર્વ શક્તિનો** યોગ કેવી રીતે સંભવે એમ જો કહેશો તો એ જે વિષયમાં કહેવાનું છે તે પૂર્વે જ કહ્યું છે. આ અતિગંભીર બ્રહ્મ શ્રુતિથી જ અવગાહ્ય છે, તર્કથી અવગાહ્ય નથી. વળી જેવું સામર્થ્ય એકનું જોવામાં આવેલું છે તેવું બીજાનું સામર્થ્ય હોવું જોઈએ એવો નિયમ નથી. જેના સર્વ વિશેષનો નિષેધ થયો છે એવા બ્રહ્મને પણ સર્વશક્તિનો યોગ સંભવે છે એ પણ અવિદ્યાએ કલ્પિત રૂપભેદના ઉપન્યાસથી કહ્યું છે જ. તેમજ 'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुं स शृणोत्यकर्णः' (શ્વેતા.૩-૧૯) **'તેને હાથ નથી છતાં પણ તે સર્વગ્રાહી છે અને પગ નથી છતાં પણ તે દૂરગામી છે, નેત્ર નથી છતાં પણ તે જુએ છે ને કાન નથી તો પણ તે સાંભળે છે'** એ શાસ્ત્ર કરણરહિત પણ બ્રહ્મનો સર્વસામર્થ્યયોગ દર્શાવે છે. ॥૩૧॥

૧૧. પ્રયોજનવત્વ અધિકરણ

(ચેતન બ્રહ્મ જગતનો કર્તા) નથી; કારણ કે (પ્રવૃત્તિઓ) પ્રયોજનવાળી હોય છે ॥૩૨॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अन्यथा पुनश्चेतनकर्तृत्वं जगत आक्षिपति— न खलु चेतनः परमात्मेदं जगद्बिम्बं विरचयितुमर्हति; कुतः ? प्रयोजनवत्त्वात्प्रवृत्तीनाम् । चेतनो हि लोके बुद्धिपूर्वकारी पुरुषः प्रवर्तमानो न मन्दोपक्रमामपि तावत्प्रवृत्तिमात्मप्रयोजनानुपयोगिनीमारभमाणो दृष्टः, किमुत गुरुतरसंरम्भाम्; भवति च लोकप्रसिद्ध्यनुवादिनी श्रुतिः— **'न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवति'** (बृह.उप. २-४-५) इति ; गुरुतरसंरम्भा चेयं प्रवृत्तिः— यदुच्चावचप्रपञ्चं जगद्बिम्बं विरचयितव्यम्; यदीयमपि प्रवृत्तिश्चेतनस्य परमात्मन आत्मप्रयोजनोपयोगिनी परिकल्प्येत, परितृप्तत्वं परमात्मनः श्रूयमाणं बाध्येत ; प्रयोजनाभावे वा प्रवृत्त्यभावोऽपि स्यात्; अथ चेतनोऽपि सन् उन्मत्तो बुद्ध्यपराधादन्तरेणैवात्मप्रयोजनं प्रवर्तमानो दृष्टः, तथा परमात्मापि प्रवर्तिष्यते इत्युच्येत— तथा सति सर्वज्ञत्वं परमात्मनः श्रूयमाणं बाध्येत; तस्मादश्लिष्टा चेतनात्सृष्टिरिति ॥३२॥

लोकवत्तु लीलाकैवल्यम् ॥ ३३ ॥

तु-शब्देनाक्षेपं परिहरति; यथा लोके कस्यचिदाप्तैषणस्य राज्ञो राजामात्यस्य वा व्यतिरिक्तं किंचित्प्रयोजनमनभिसंधाय केवलं लीलारूपाः प्रवृत्तयः क्रीडाविहारेषु भवन्ति ; यथा चोच्छ्वासप्रश्वासादयोऽनभिसंधाय बाह्यं किंचित्प्रयोजनं स्वभावादेव संभवन्ति; एवमीश्वरस्याप्यनपेक्ष्य किंचित्प्रयोजनान्तरं स्वभावादेव केवलं लीलारूपा प्रवृत्तिर्भविष्यति; न हीश्वरस्य प्रयोजनान्तरं निरूप्यमाणं न्यायतः श्रुतितो वा संभवति; न च स्वभावः पर्यनुयोक्तुं शक्यते। यद्यप्यस्माकमियं जगद्बिम्बविरचना गुरुतरसंरम्भेवाभाति, तथापि परमेश्वरस्य लीलैव केवलेयम्, अपरिमितशक्तित्वात्। यदि नाम लोके लीलास्वपि किंचित्सूक्ष्मं प्रयोजनमुत्प्रेक्ष्येत, तथापि नैवात्र किंचित्प्रयोजनमुत्प्रेक्षितुं शक्यते, आप्तकामश्रुतेः। नाप्यप्रवृत्तिरून्मत्तप्रवृत्तिर्वा सृष्टिश्रुतेः, सर्वज्ञश्रुतेश्च। न चेयं परमार्थविषया

વળી ચેતન જગત્‌નો કર્તા છે તેનો બીજી રીતે આક્ષેપ કરે છે. ખરેખર, ચેતન પરમાત્મા આ જગદ્બિંબ રચે એ યોગ્ય નથી. શાથી ? પ્રવૃત્તિઓ પ્રયોજનવાળી હોય છે તેથી. ખરેખર, લોકમાં બુદ્ધિપૂર્વક કામ કરનાર ચેતન પુરુષ પ્રવર્તમાન થતો, જેનો ઉપક્રમ મન્દ છે એવી પણ પ્રવૃત્તિ, જો પોતાના પ્રયોજનને ઉપયોગી ન હોય તો તેવી આરંભતો જોવામાં આવતો નથી; તો જેનો સંરંભ ગુરુતર હોય એવી પ્રવૃત્તિનો આરંભ ન કરે એમાં તો કહેવું જ શું ? લોકપ્રસિદ્ધિને અનુસરતી શ્રુતિ પણ છે - 'न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवति' (બૃહ.ઉપ.૨-૪-૫) **'અરે, એ પ્રસિદ્ધ છે કે સર્વના પ્રયોજન માટે સર્વ પ્રિય થતું નથી, પણ આત્માના પ્રયોજનને માટે સર્વ પ્રિય થાય છે'** એમ. અનેક પ્રકારના પ્રપંચવાળું જગત્ રચવાનું છે તે ગુરુતર સંરંભવાળી પ્રવૃત્તિ છે. જો એ પણ પ્રવૃત્તિ ચેતન પરમાત્માના પોતાના પ્રયોજનને ઉપયોગી છે એમ કલ્પાય તો પરમાત્મા પરિતૃપ્ત છે એવું જે શ્રુતિમાં છે તેનો બાધ આવે; અને પ્રયોજનને અભાવે પ્રવૃત્તિનો અભાવ પણ થાય. જો ચેતન પણ હોઈ ઉન્મત્ત થયેલો બુદ્ધિના અપરાધથી પોતાના પ્રયોજન વિના પણ પ્રવર્તમાન થતો જોવામાં આવે છે તથા પરમાત્મા પણ પ્રવર્તશે એમ કહેશો તો તેમ થવાથી પરમાત્મા સર્વજ્ઞ છે એમ શ્રુતિમાં છે તેનો બાધ આવશે. માટે ચેતનથી સૃષ્ટિ સર્જાતી નથી. ॥૩૨॥

પણ લોકની જેમ કેવલ લીલારૂપ (પ્રવૃત્તિ થશે) ॥૩૩॥

તુ શબ્દથી આક્ષેપનો પરિહાર કરે છે. જેમ લોકમાં કોઈ રાજા કે રાજામાત્ય જેની સર્વ કામના તૃપ્ત થઈ છે તેની, ક્રીડારૂપ વિહાર કરવાના પ્રદેશમાં પ્રવૃત્તિઓ કંઈ અન્ય પ્રયોજનની અભિસંધિ વિના માત્ર લીલારૂપ હોય છે અને જેમ ઉચ્છ્‌વાસ, પ્રશ્વાસ આદિ કંઈ બાહ્ય પ્રયોજનની અભિસંધિ વગર સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે; એ પ્રમાણે ઈશ્વરની પણ પ્રવૃત્તિ કંઈ અન્ય પ્રયોજનની અપેક્ષા વગર સ્વભાવથી જ માત્ર લીલારૂપ થશે; કેમકે ઈશ્વરનું અન્ય પ્રયોજન નિરૂપ્યમાણ થતું ન્યાય કે શ્રુતિથી સંભવતું નથી. વળી સ્વભાવનો પર્યનુયોગ (=દૂષણને માટે તપાસ કરવી તે) કરવો શક્ય નથી. જો કે જગદ્બિંબની વિરચના આપણને ગુરુતર સંરમ્ભવાળી હોય એવી લાગે છે, તો પણ પરમેશ્વરની એ કેવળ લીલા જ છે; કેમકે એની શક્તિ અપરિમિત છે. જો કે લોકમાં લીલાની પણ કંઈક સૂક્ષ્મ પ્રયોજનની ઉત્પ્રેક્ષા કરી શકાય તો પણ અહીં કંઈ પણ પ્રયોજનની ઉત્પ્રેક્ષા કરવી શક્ય નથી; કેમકે પરમેશ્વર આપ્તકામ છે (જેણે બધી કામનાઓ પ્રાપ્ત કરી છે, જેને કોઈ પણ કામના પ્રાપ્ત કરવાની નથી એવો) એવી શ્રુતિ છે. તેમજ અપ્રવૃત્તિ કે ઉન્મત્તના જેવી પ્રવૃત્તિ પણ નથી; કેમકે શ્રુતિ સૃષ્ટિ પ્રતિપાદન કરે છે અને સર્વજ્ઞત્વ પણ પ્રતિપાદન કરે છે. તથા એ સૃષ્ટિશ્રુતિ પરમાર્થને લગતી પણ નથી; કેમકે અવિદ્યાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सृष्टिश्रुतिः; अविद्याकल्पितनामरूपव्यवहारगोचरत्वात्, ब्रह्मात्मभावप्रतिपादनपरत्वाच्च— इत्येतदपि नैव विस्मर्तव्यम् ॥३३॥

१२. वैषम्यनैर्घृण्याधिकरणम् ।

वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात्तथाहि दर्शयति ॥ ३४ ॥

पुनश्च जगज्जन्मादिहेतुत्वमीश्वरस्याक्षिप्यते, स्थूणानिखनन्न्यायेन प्रतिज्ञातस्यार्थस्य दृढीकरणाय । नेश्वरो जगतः कारणमुपपद्यते ; कुतः ? वैषम्यनैर्घृण्यप्रसङ्गात्— कांश्चिदत्यन्तसुखभाजः करोति देवादीन्, कांश्चिदत्यन्तदुःखभाजः पश्वादीन्, कांश्चिन्मध्यमभोगभाजो मनुष्यादीन्-इत्येवं विषमां सृष्टिं निर्मिमानस्येश्वरस्य पृथग्जनस्येव रागद्वेषोपपत्तेः, श्रुतिस्मृत्यवधारितस्वच्छत्वादीश्वरस्वभावविलोपः प्रसज्येत; तथा खलजनैरपि जुगुप्सितं निर्घृणत्वमतिक्रूरत्वं दुःखयोगविधानात्सर्वप्रजोपसंहाराच्च प्रसज्येत; तस्माद्वैषम्यनैर्घृण्यप्रसङ्गान्नेश्वरः कारणमित्येवं प्राप्ते—

ब्रूमः- वैषम्यनैर्घृण्ये नेश्वरस्य प्रसज्येते; कस्मात् ? सापेक्षत्वात् । यदि हि निरपेक्षः केवल ईश्वरो विषमां सृष्टिं निर्मिमीते, स्यातामेतौ दोषौ—वैषम्यं नैर्घृण्यं च; न तु निरपेक्षस्य निर्मातृत्वमस्ति ; सापेक्षो हीश्वरो विषमां सृष्टिं निर्मितीते; किमपेक्षत इति चेत्— धर्माधर्मावपेक्षत इति वदामः ; अतः सृज्यमानप्राणिधर्माधर्मापेक्षा विषमा सृष्टिरिति नायमीश्वरस्यापराधः ; ईश्वरस्तु पर्जन्यवद्द्रष्टव्यः— यथा हि पर्जन्यो व्रीहियवादिसृष्टौ साधारणं कारणं भवति, व्रीहियवादिवैषम्ये तु तत्तद्बीजगतान्येवासाधारणानि सामर्थ्यानि कारणानि भवन्ति, एवमीश्वरो देवमनुष्यादिसृष्टौ साधारणं कारणं भवति, देवमनुष्यादिवैषम्ये तु तत्तज्जीवगतान्येवासाधारणानि कर्माणि कारणानि भवन्ति; एवमीश्वरः सापेक्षत्वान्न वैषम्यनैर्घृण्याभ्यां दुष्यति । कथं पुनरवगम्यते सापेक्ष ईश्वरो नीचमध्यमोत्तमं संसारं निर्मिमीत इति ? तथा हि दर्शयति श्रुतिः— **'एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषत एष उ**

કલ્પેલાં નામરૂપના વ્યવહારને લગતી છે અને બ્રહ્માત્મભાવ પ્રતિપાદન કરવા માટે છે એ પણ ભૂલવાનું નથી. ॥૩૩॥

(ઈશ્વરને) વૈષમ્ય (વિષમતા) અને નૈર્ઘૃણ્ય (નિર્દયતા) નહીં (પ્રસક્ત થાય) કેમકે તે સાપેક્ષ (ઈશ્વરને સૃષ્ટિ રચવાની અપેક્ષા છે) એવી જ રીતે (શ્રુતિ) દર્શાવે છે ॥૩૪॥

ઈશ્વર જગત્‌ના જન્માદિનો હેતુ છે એ બાબતે સ્થૂણાનિખનનન્યાયથી (સ્થૂણા=થાંભલો; નિખનન=દાટવો તે; જ્યારે થાંભલો દાટવો હોય છે ત્યારે વારે વારે હલાવી જોવો પડે છે કે બરોબર દટાયો છે કે નહીં, તેમ પોતાનો પક્ષ સુસ્થાપિત કરવા જુદી જુદી યુક્તિ તથા દૃષ્ટાન્તો આપવા કે જેથી પોતાનો પક્ષ દૃઢ હોય તે વધારે દૃઢ થાય) પ્રતિજ્ઞાત અર્થને દૃઢ કરવા માટે પુનઃ આક્ષેપ કરવામાં આવે છે. ઈશ્વર જગત્‌નું કારણ છે એ ઉપપન્ન થતું નથી. શાથી ? વૈષમ્ય અને નૈર્ઘૃણ્યના પ્રસંગથી. કેટલાક, દેવાદિઓને, તે અત્યન્ત સુખી કરે છે, કેટલાક, પશુ આદિઓને, તે અત્યન્ત દુઃખી કરે છે, અને કેટલાક, મનુષ્ય આદિઓને, મધ્યમ ભોગ ભોગવનારા કરે છે, એ પ્રમાણે વિષમ સૃષ્ટિના નિર્માણ કરનાર ઈશ્વરને જેમ રાગ અને દ્વેષ ઉપપન્ન થાય છે તેથી શ્રુતિ અને સ્મૃતિમાં નિશ્ચિત કરેલા સ્વચ્છતાદિ ઈશ્વરસ્વભાવનો વિલોપ પ્રસક્ત થાય, તેમજ તેણે દુઃખનો યોગ કર્યો છે અને સર્વ પ્રજાનો ઉપસંહાર કરે છે તેથી ખલ પુરુષો પણ જેની નિન્દા કરે છે એવું નિર્ઘૃણત્વ-અતિક્રૂરત્વ આવી પડે. માટે વૈષમ્ય અને નૈર્ઘૃણ્યના પ્રસંગથી ઈશ્વર કારણ નથી એમ પ્રાપ્ત થતાં

કહીએ છીએ વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય ઈશ્વરને પ્રસક્ત થતાં નથી. શાથી ? સાપેક્ષ છે તેથી. જો કેવલ નિરપેક્ષ ઈશ્વર વિષમ સૃષ્ટિનું નિર્માણ કરતો હોય તો વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય એ બે દોષો થાય. પણ નિરપેક્ષ નિર્માતા થતો નથી; કેમકે ઈશ્વર સાપેક્ષ હોઈ વિષમ સૃષ્ટિનું નિર્માણ કરે છે. શેની અપેક્ષા રાખે છે એમ કહેશો તો ધર્મ અને અધર્મની અપેક્ષા રાખે છે એવું અમે કહીએ છીએ. આથી સર્જાતાં પ્રાણીના ધર્મ અને અધર્મની અપેક્ષા હોવાથી સૃષ્ટિ વિષમ છે એ કંઈ ઈશ્વરનો અપરાધ નથી, ઈશ્વરને તો પર્જન્યની જેમ સમજવો. જેમ વ્રીહિ, યવ, આદિની સૃષ્ટિમાં ઈશ્વર સાધારણ કારણ છે; પણ વ્રીહિ, યવ વગેરેના વિષમપણામાં તો તે બીજમાં રહેલું અસાધારણ સામર્થ્ય કારણ છે; તેમ દેવ, મનુષ્ય, આદિની સૃષ્ટિનું ઈશ્વર સાધારણ કારણ છે; પણ દેવ, મનુષ્ય, આદિના વિષમપણામાં તો તે તે જીવમાં રહેલાં અસાધારણ કર્મો કારણ થાય છે. આ રીતે ઈશ્વર સાપેક્ષ હોવાથી વૈષમ્ય અને નૈર્ઘૃણ્યથી દૂષિત થતો નથી. પણ સાપેક્ષ ઈશ્વર નીચ, મધ્યમ અને ઉત્તમ સંસારનું નિર્માણ કરે છે એમ કેવી રીતે સમજાય છે ? કેમકે શ્રુતિ તેવી રીતે દર્શાવે છે - 'एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषत एष उ एवासाधु कर्म कारयति तं यमधो निनीषते' (કૌશી. બ્રા. ૩-૮) 'જેને આ લોકોમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एवासाधु कर्म कारयति तं यमधो निनीषते' (कौशी. ब्रा. ३-८) इति, 'पुण्यो वै पुण्येन कर्मणा भवति पापः पापेन' (बृह.उप. ३-२-१३) इति स्मृतिरपि प्राणिकर्मविशेषापेक्षमेवेश्वरस्यानुग्रहीतृत्वं निग्रहीतृत्वं च दर्शयति— 'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्' (भ.गी. ४-११) इत्येवंजातीयका ॥३४॥

न कर्माविभागादिति चेन्नानादित्वात् ॥ ३५ ॥

'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' (छा.उप. ६-२-१) इति प्राक्सृष्टेरविभागावधारणान्नास्ति कर्म, यदपेक्ष्य विषमा सृष्टिः स्यात्; सृष्ट्युत्तरकालं हि शरीरादिविभागापेक्षं कर्म, कर्मापेक्षश्च शरीरादिविभागः— इतीतरेतराश्रयत्वं प्रसज्येत ; अतो विभागादूर्ध्वं कर्मापेक्ष ईश्वरः प्रवर्ततां नाम; प्राग्विभागाद्वैचित्र्यनिमित्तस्य कर्मणोऽभावात्तुल्यैवाद्या सृष्टिः प्राप्नोतीति चेत्, नैष दोषः; अनादित्वात्संसारस्य; भवेदेष दोषः, यद्यादिमानयं संसारः स्यात्; अनादौ तु संसारे बीजाङ्कुरवद्धेतुहेतुमद्भावेन कर्मणः सर्गवैषम्यस्य च प्रवृत्तिर्न विरुध्यते ॥३५॥

कथं पुनरवगम्यते— अनादिरेष संसार इति ? अत उत्तरं पठति—

उपपद्यते चाप्युपलभ्यते च ॥ ३६ ॥

उपपद्यते च संसारस्यानादित्वम्— आदिमत्त्वे हि संसारस्याकस्मादुद्भूतेर्मुक्तानामपि पुनः संसारोद्भूतिप्रसङ्गः, अकृताभ्यागमकृतविप्रणाशप्रसङ्गश्च, सुखदुःखादिवैषम्यस्य निर्निमित्तत्वात्; न चेश्वरो वैषम्यहेतुरित्युक्तम् ; न चाविद्या केवला वैषम्यस्य कारणम्, एकरूपत्वात् ; रागादिक्लेशवासनाक्षिप्तकर्मापेक्षा त्वविद्या वैषम्यकरी स्यात् ; न च कर्म अन्तरेण शरीरं संभवति, न च शरीरमन्तरेण कर्म संभवति— इतीतरेतराश्रयत्वप्रसङ्गः; अनादित्वे तु बीजाङ्कुरन्यायेनोपपत्तेर्न कश्चिद्दोषो भवति ।

ઊંચે લઈ જવા ઇચ્છે છે તેની પાસે સાધુ કર્મ એ જ કરાવે છે; અને જેને નીચે લાવવા ઇચ્છે છે તેની પાસે એ જ અસાધુ કર્મ કરાવે છે', અને 'पुण्यो वै पुण्येन कर्मणा भवति पापः पापेन' (બૃહ.ઉપ.૩-૨-૧૩) 'પુણ્ય કર્મથી પુણ્યશાળી અને પાપ કર્મથી પાપી થાય છે' એ. સ્મૃતિ પણ પ્રાણીઓનાં કર્મવિશેષની અપેક્ષાથી જ ઈશ્વર અનુગ્રહ અને નિગ્રહ કરનાર છે એમ દર્શાવે છે - 'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्' (ભગ.ગી.૪-૧૧) 'જેઓ જે રીતે મને પ્રાપ્ત કરે છે તેમને તે રીતે હું ભજું છું' એવા પ્રકારની (સ્મૃતિ) છે. ॥૩૪॥

કર્મ નથી, અવિભાગથી એમ કહેશો તો ના, અનાદિત્વ હોવાથી ॥૩૫॥

'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' (છાન્દો.ઉપ.૬-૨-૧) 'હે સોમ્ય, અગ્રે આ સત્સ્વરૂપ જ હતું, એક જ, અદ્વિતીય' એમ સૃષ્ટિની પહેલાં અવિભાગ નિશ્ચિત કર્યો છે તેથી કર્મ નથી કે જેની અપેક્ષાએ વિષમ સૃષ્ટિ થાય. શરીરાદિ વિભાગની અપેક્ષા રાખનારું કર્મ સૃષ્ટિને ઉત્તર કાલે થાય છે અને શરીરાદિ વિભાગને કર્મની અપેક્ષા છે એમ ઇતરેતરાશ્રયત્વ પ્રાપ્ત થશે. એ કારણથી વિભાગની પછી કર્મની અપેક્ષાથી ઈશ્વર પ્રવૃત્તિમાન્ ભલે થાય; પરંતુ વિભાગની પૂર્વે વૈચિત્ર્યનું નિમિત્ત જે કર્મ છે તેના અભાવથી આદ્ય સૃષ્ટિ તો તુલ્ય જ પ્રાપ્ત થાય છે એમ કહેશો તો તે દોષ નથી; કેમકે સંસાર અનાદિ છે, જો સંસાર આદિમાન્ (જેનો આદિ અને આરંભ છે તેવો) હોય તો એ દોષ થાય. પણ સંસાર અનાદિ હોવાથી બીજ અને અંકુરની હેતુહેતુમદ્ભાવથી કર્મ અને વિષમ સૃષ્ટિની પ્રવૃત્તિને વિરોધ નથી. ॥૩૫॥

પણ સંસાર અનાદિ છે એ કેવી રીતે સમજાય છે તેનો જવાબ હવેના આ સૂત્રમાં આપ્યો છે—

(સંસારનું અનાદિત્વ) ઉપપન્ન છે અને ઉપલબ્ધ પણ છે ॥૩૬॥

સંસાર અનાદિ છે એ ઉપપન્ન (યોગ્ય) છે. જો સંસાર આદિ હોય તો અકસ્માત્ ઉત્પન્ન થવાથી મુક્ત પુરુષોને પણ પુનઃ સંસારમાં ઉદ્ભવ પામવાનો પ્રસંગ આવે. વળી સુખદુઃખાદિ વૈષમ્યને માટે નિમિત્ત ન હોવાથી અકૃતની પ્રાપ્તિનો પ્રસંગ આવે. ઈશ્વર વૈષમ્યનો હેતુ નથી એ કહ્યું છે. તથા માત્ર અવિદ્યા પણ વૈષમ્યનું કારણ નથી; કેમકે તે એકરૂપ છે, રાગાદિકલેશવાસનાથી આક્ષિપ્ત થયેલાં કર્મની અપેક્ષાએ તો અવિદ્યા વૈષમ્ય ઉત્પન્ન કરનારી થાય. કર્મ વિના શરીર સંભવતું નથી અને શરીર વિના કર્મ સંભવતું નથી એમ અન્યોન્યાશ્રયનો પ્રસંગ આવે. પણ સંસાર અનાદિ માનીએ તો બીજાંકુરન્યાયે ઉપપત્તિ થવાથી કંઈ પણ દોષ થશે નહીં. સંસાર અનાદિ છે એમ શ્રુતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उपलभ्यते च संसारस्यानादित्वं श्रुतिस्मृत्योः। श्रुतौ तावत्— 'अनेन जीवेनात्मना' (छा.उप. ६-३-२) इति सर्गप्रमुखे शारीरमात्मानं जीवशब्देन प्राणधारणनिमित्तेनाभिलपन्ननादिः संसार इति दर्शयति ; आदिमत्त्वे तु प्रागनवधारितप्राणः सन् कथं प्राणधारणनिमित्तेन जीवशब्देन सर्गप्रमुखेऽभिलप्येत ? न च धारयिष्यतीत्यतोऽभिलप्येत— अनागताद्धि संबन्धादतीतः संबन्धो बलीयान्भवति, अभिनिष्पन्नत्वात्; **'सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत्'** (ऋ.सं. १०-१९०-३) इति च मन्त्रवर्णः पूर्वकल्पसद्भावं दर्शयति। स्मृतावप्यनादित्वं संसारस्योपलभ्यते— **'न रूपमस्येह तथोपलभ्यते नान्तो न चादिर्न च संप्रतिष्ठा'** (भ.गी. १५-३) इति ; पुराणे चातीतानागतानां च कल्पानां न परिमाणमस्तीति स्थापितम् ॥३६॥

१३. सर्वधर्मोपपत्त्यधिकरणम् ।

सर्वधर्मोपपत्तेश्च ॥ ३७ ॥

चेतनं ब्रह्म जगतः कारणं प्रकृतिश्चेत्यस्मिन्नवधारिते वेदार्थे परैरुपक्षिप्तान्विलक्षणत्वादीन्दोषान्पर्यहार्षीदाचार्यः ; इदानीं परपक्षप्रतिषेधप्रधानं प्रकरणं प्रारिप्समाणः स्वपक्षपरिग्रहप्रधानं प्रकरणमुपसंहरति। यस्मादस्मिन्ब्रह्मणि कारणे परिगृह्यमाणे प्रदर्शितेन प्रकारेण सर्वे कारणधर्मा उपपद्यन्ते **'सर्वज्ञं सर्वशक्ति महामायं च ब्रह्म'** इति, तस्मादनतिशङ्कनीयमिदमौपनिषदं दर्शनमिति ॥३७॥

इति द्वितीयाध्यायस्य प्रथमः पादः ॥

★★★

અને સ્મૃતિમાં ઉપલબ્ધ થાય છે. પ્રથમ શ્રુતિમાં 'अनेन जीवेनात्मना' (છાન્દો.ઉપ. ૬-૩-૨) **'આ જીવરૂપ આત્મા વડે'** એમ સૃષ્ટિના આરંભમાં શારીર આત્માને પ્રાણાધારણનિમિત્ત જીવ માની સંસાર અનાદિ છે એમ દર્શાવે છે. પણ સંસાર આદિમાન્ હોય તો પૂર્વે પ્રાણ ધારણ નથી કર્યો તો પ્રાણધારણનિમિત્ત જીવ શબ્દ વડે સૃષ્ટિના આરંભમાં તેનો કેવી રીતે નિર્દેશ થાય ? धारयिष्यति (ધારણ કરશે) એથી એમ નિર્દેશ થાય એમ કહેવાય નહીં; કારણ કે અનાગત સંબંધથી અતીત સંબંધ સિદ્ધ થઈ ચૂકેલા હોવાથી બળવાન્ છે. 'सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत्' (ઋ.સં.૧૦-૧૯૦-૩) **'સૂર્ય અને ચન્દ્રને ધાતાએ પૂર્વને અનુસરી કલ્પ્યા'** એ મન્ત્રવર્ણ પૂર્વકલ્પનો સદ્ભાવ દર્શાવે છે. સ્મૃતિમાં પણ સંસાર અનાદિ છે એમ ઉપલબ્ધ થાય છે. 'न रूपमस्येह तथोपलभ्यते नान्तो न चादिर्न च संप्रतिष्ठा' (ગી.૧૫-૩) **'અહીં એનું રૂપ વર્ણવ્યું તેવું ઉપલબ્ધ થતું નથી, એનો અન્ત, આદિ અને મધ્ય ઉપલબ્ધ થતાં નથી'** એમ, વળી પુરાણમાં અતીત અને અનાગત કલ્પોનું પરિમાણ નથી એમ સ્થાપિત છે. ॥૩૬॥

૧૩. સર્વધર્મોપપત્તિ અધિકરણ

અને બધા કારણધર્મો (બ્રહ્મમાં) ઉપપન્ન છે તેથી આ દર્શન પર અતિશંકા કરવી ઉચિત (યુક્ત) નથી ॥૩૭॥

ચેતન બ્રહ્મ જગત્નું કારણ અને પ્રકૃતિ છે એ નિશ્ચિત વેદના અર્થમાં પ્રતિપક્ષીઓએ નાંખેલા વિલક્ષણત્વ આદિ દોષોનો આચાર્યે પરિહાર કર્યો. હવે જેમાં પરપક્ષનો પ્રતિષેધ પ્રધાન છે એવું પ્રકરણ પ્રારંભ કરવા ઇચ્છતા (આચાર્ય) જે પ્રકરણમાં સ્વપક્ષનો પરિગ્રહ પ્રધાન છે તેનો ઉપસંહાર કરે છે. આ બ્રહ્મનો કારણ તરીકે પરિગ્રહ કરવાથી પ્રદર્શિત પ્રકારે 'सर्वज्ञं सर्वशक्ति महामायं च ब्रह्म' **'સર્વજ્ઞ, સર્વશક્તિમાન્, મહામાયાયુક્ત બ્રહ્મ'** એમ બધાં કારણધર્મો ઉપપન્ન થાય છે, માટે એ ઉપનિષદ્ના દર્શન પર અતિશંકા કરવી યુક્ત (યોગ્ય) નથી. ॥૩૭॥

દ્વિતીય અધ્યાયનો પ્રથમ પાદ સંપૂર્ણ

★★★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ द्वितीयाध्याये द्वितीयः पादः ॥

यद्यपीदं वेदान्तवाक्यानामैदंपर्यं निरूपयितुं शास्त्रं प्रवृत्तम्, न तर्कशास्त्रवत्केवलाभिर्युक्तिभिः कंचित्सिद्धान्तं साधयितुं दूषयितुं वा प्रवृत्तम्, तथापि वेदान्तवाक्यानि व्याचक्षाणैः सम्यग्दर्शनप्रतिपक्षभूतानि सांख्यादिदर्शनानि निराकरणीयानीति तदर्थः परः पादः प्रवर्तते । वेदान्तार्थनिर्णयस्य च सम्यग्दर्शनार्थत्वात्तन्निर्णयेन स्वपक्षस्थापनं प्रथमं कृतम् – तद्ध्यभ्यर्हितं परपक्षप्रत्याख्यानादिति । ननु मुमुक्षूणां मोक्षसाधनत्वेन सम्यग्दर्शननिरूपणाय स्वपक्षस्थापनमेव केवलं कर्तुं युक्तम्, किं परपक्षनिराकरणेन परविद्वेषकारणेन ? बाढमेवम्, तथापि महाजनपरिगृहीतानि महान्ति सांख्यादितन्त्राणि सम्यग्दर्शनापदेशेन प्रवृत्तान्युपलभ्य भवेत्केषांचिन्मन्दमतीनाम् – एतान्यपि सम्यग्दर्शनायोपादेयानि – इत्यपेक्षा, तथा युक्तिगाढत्वसंभवेन सर्वज्ञभाषितत्वाच्च श्रद्धा च तेषु – इत्यतस्तदसारतोपपादनाय प्रयत्यते । ननु **'ईक्षतेर्नाशब्दम्'** (ब्र.सू.१।१।५) **'कामाच्च नानुमानापेक्षा'** (ब्र.सू.१।१।१८) **'एतेन सर्वे व्याख्याता व्याख्याताः'** (ब्र.सू.१।४।२८) इति च पूर्वत्रापि सांख्यादिपक्षप्रतिक्षेपः कृतः, किं पुनः कृतकरणेनेति । तदुच्यते – सांख्यादयः स्वपक्षस्थापनाय वेदान्तवाक्यान्यप्युदाहृत्य स्वपक्षानुगुण्येनैव योजयन्तो व्याचक्षते, तेषां यद्व्याख्यानं तद्व्याख्यानाभासम्, न सम्यग्व्याख्यानम् – इत्येतावत्पूर्वं कृतम्, इह तु वाक्यनिरपेक्षः स्वतन्त्रस्तद्युक्तिप्रतिषेधः क्रियत इत्येष विशेषः ॥

१. रचनानुपपत्त्यधिकरणम् ।

रचनानुपपत्तेश्च नानुमानम् ॥१॥

तत्र सांख्या मन्यन्ते – यथा घटशरावादयो भेदा मृदात्मतयान्वीयमाना मृदात्मकसामान्यपूर्वका लोके दृष्टाः, तथा

દ્વિતીય અધ્યાયનો દ્વિતીય પાદ

જોકે વેદાન્તવાક્યોના તાત્પર્યનું નિરૂપણ કરવા માટે આ શાસ્ત્ર પ્રવૃત્ત થયું છે, તર્કશાસ્ત્રની જેમ માત્ર યુક્તિઓથી કોઈ સિદ્ધાન્ત સાધવા કે દૂષિત કરવા પ્રવૃત્ત થયું નથી, છતાં પણ વેદાન્તવાક્યોનું વ્યાખ્યાન કરનારાઓએ સમ્યગ્દર્શનનાં (તત્ત્વજ્ઞાનના) પ્રતિપક્ષભૂત સાંખ્યાદિ દર્શનોનું નિરાકરણ કરવું જોઈએ માટે તે પછીનો (આ) પાદ પ્રવૃત્ત થયો છે. વેદાન્તના અર્થનો નિર્ણય કરવાનું પ્રયોજન સમ્યગ્દર્શન હોવાથી તેના નિર્ણય દ્વારા પહેલાં સ્વપક્ષનું સ્થાપન કર્યું; કેમકે પર પક્ષનું નિરાકરણ કરવું તેના કરતાં સ્વમતની સ્થાપના વધારે મહત્ત્વનું કાર્ય છે. પણ મુમુક્ષુઓના મોક્ષસાધન તરીકે સમ્યગ્દર્શનનું નિરૂપણ કરવા માટે કેવલ સ્વપક્ષનું સ્થાપન કરવું જ યોગ્ય છે; પરપક્ષનું નિરાકરણ કરવાનું બીજાનો વિદ્વેષ કરવાનું શું પ્રયોજન છે ? સત્ય, એમ જ છે; તો પણ સાંખ્યાદિ શાસ્ત્રો મહાજનથી પરિગ્રહણ કરાયેલાં, મોટાં છે, અને સમ્યગ્દર્શનના બહાને પ્રવૃત્ત થયાં છે. તેને પ્રાપ્ત કરી કેટલાક મન્દ બુદ્ધિવાળાઓની અપેક્ષા થાય કે એ પણ સમ્યગ્દર્શન માટે ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) છે; તેમજ યુક્તિથી ગાઢ હોવાના સંભવથી અને સર્વજ્ઞથી ભાષિત થયેલાં હોવાથી તેમને તેમની શ્રદ્ધા થાય માટે તે શાસ્ત્રો અસાર (સાર રહિત) છે એમ ઉપપાદન કરવા માટે પ્રયત્ન કરાય છે. પણ 'ईक्षतेर्नाशब्दम्' (બ્રહ્મ સૂ. ૧-૧-૫) [(પ્રધાન જગત્‌નું કારણ) નથી; (કેમકે તે) અશબ્દ (શ્રુતિમાં જેનું પ્રતિપાદન થયું નથી એવું) (છે) ઈક્ષતિથી)], 'कामाच्च नानुमानापेक्षा' (બ્ર.સૂ. ૧-૧-૧૮) [(આનન્દમયને વિષે કામનાથી (કામનાનો નિર્દેશ કર્યો છે તેથી) આનુમાનિકની અપેક્ષા નથી)], 'एतेन सर्वे व्याख्याता व्याख्याताः' (બ્ર. સૂ. ૧-૪-૨૮) [આથી (પ્રધાનકારણવાદના નિષેધથી) સર્વ (અણુ આદિ કારણવાદો) વ્યાખ્યાત થયા, વ્યાખ્યાત થયા)] એમ પૂર્વે પણ સાંખ્યાદિ પક્ષનું નિરાકરણ કર્યું છે, તો કરેલું ફરી કરવાનું શું પ્રયોજન છે ? તે કહીએ છીએ. સાંખ્યાદિઓ સ્વપક્ષનું સ્થાપન કરવા માટે વેદાન્તવાક્યોનું પણ દૃષ્ટાંત આપી સ્વપક્ષને અનુકૂળ એવો અર્થ કરે છે. તેમનું જે વ્યાખ્યાન (અર્થ) છે તે વ્યાખ્યાનનો આભાસ છે, સમ્યગ્વ્યાખ્યાન નથી એટલું પૂર્વે પ્રતિપાદન કર્યું છે. અત્રે તો વાક્યોથી નિરપેક્ષ, સ્વતન્ત્ર, તેમની યુક્તિનો પ્રતિષેધ કરાય છે એટલે એ વિશેષ છે.

રચના લાગુ પડતી નથી તેથી (અચેતન જગત્કારણ છે એવું) અનુમાન કરવું યુક્ત નથી ॥૧॥

તેમાં સાંખ્યો માને છે કે જેમ ઘટ, શરાવ (કોડિયાં) આદિ વિકારો મૃદાત્મતાથી જોડાયેલા થયેલા હોવાથી જેનું મૃદાત્મક સામાન્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सर्व एव बाह्याध्यात्मिका भेदाः सुखदुःखमोहात्मतयान्वीयमानाः सुखदुःखमोहात्मकसामान्यपूर्वका भवितुमर्हन्ति, यत्सुखदुःखमोहात्मकं सामान्यं तत्त्रिगुणं प्रधानं मृद्वदचेतनं चेतनस्य पुरुस्यार्थं साधयितुं स्वभावेनैव विचित्रेण विकारात्मना प्रवर्तत इति । तथा परिमाणादिभिरपि लिङ्गैस्तदेव प्रधानमनुमिमते ॥

तत्र वदामः — यदि दृष्टान्तबलेनैवैतन्निरूप्येत, नाचेतनं लोके चेतनानधिष्ठितं स्वतन्त्रं किंचिद्विशिष्टपुरुषार्थ-निर्वर्तनसमर्थान्विकारन्विरचयद्दृष्टम्, गेहप्रासादशयनासनविहारभूम्यादयो हि लोके प्रज्ञावद्भिः शिल्पिभिर्यथाकालं सुखदुःखप्राप्तिपरिहारयोग्या रचिता दृश्यन्ते, तथेदं जगदखिलं पृथिव्यादि नानाकर्मफलोपभोगयोग्यं बाह्यमाध्यात्मिकं च शरीरादि नानाजात्यन्वितं प्रतिनियतावयवविन्यासमनेककर्मफलानुभवाधिष्ठानं दृश्यमानं प्रज्ञावद्भिः संभावितमैः शिल्पिभिर्मनसाप्यालोचयितुमशक्यं सत् कथमचेतनं प्रधानं रचयेत् ? लोष्टपाषाणादिष्वदृष्टत्वात्, मृदादिष्वपि कुम्भकाराद्यधिष्ठितेषु विशिष्टाकारा रचना दृश्यते — तद्वत्प्रधानस्यापि चेतनान्तराधिष्ठितत्वप्रसङ्गः । न च मृदाद्युपादानस्वरूपव्यपाश्रयेणैव धर्मेण मूलकारणमवधारणीयम्, न बाह्यकुम्भकारादिव्यपाश्रयेण — इति किंचिन्नियामकमस्ति । न चैवं सति किंचिद्विरुध्यते, प्रत्युत श्रुतिरनुगृह्यते, चेतनकारणसमर्पणात् । अतो रचनानुपपत्तेश्च हेतोर्नाचेतनं जगत्कारणमनुमातव्यं भवति । अन्वयाद्यनुपपत्तेश्चेति च-शब्देन हेतोरसिद्धिं समुच्चिनोति । न हि बाह्याध्यात्मिकानां भेदानां सुखदुःखमोहात्मकतयान्वय उपपद्यते, सुखादीनां चान्तरत्वप्रतीतेः, शब्दादीनां चातद्रूपत्वप्रतीतेः, तन्निमित्तत्व प्रतीतेश्च, शब्दाद्यविशेषेऽपि च भावनाविशेषात्सुखादिविशेषोपलब्धेः । तथा परिमितानां भेदानां मूलाङ्कुरादीनां संसर्गपूर्वकत्वं दृष्ट्वा बाह्याध्यात्मिकानां भेदानां परिमितत्वात्संसर्गपूर्वकत्वमनुमिमानस्य सत्त्वरजस्तमसामपि

કારણ છે એવા જોવામાં આવે છે તેમ સર્વ બાહ્ય અને આધ્યાત્મિક વિકારો સુખદુઃખમોહાત્મતાથી જોડાયેલા હોવાથી જેનું સુખદુઃખમોહાત્મક સામાન્ય કારણ છે એવા થાય એ યોગ્ય છે. જે તે સુખદુઃખમોહાત્મક સામાન્ય કારણ છે એવા થાય એ યુક્ત છે. જે તે સુખદુઃખમોહાત્મક સામાન્ય છે તે ત્રિગુણ પ્રધાન છે, મૃત્તિકાની જેમ તે અચેતન (જડ) છે અને ચેતન પુરુષનો અર્થ સિદ્ધ કરવા સ્વભાવથી જ વિચિત્ર કાર્યના-વિકારના રૂપે પ્રવૃત્ત (પરિણામ પામે છે) થાય છે. તેમજ પરિમાણાદિ લિંગોથી (હેતુ ઉપરથી) તે જ પ્રધાનનું તેઓ અનુમાન કરે છે.

તેને વિષે કહીએ છીએ. જો દૃષ્ટાન્તબળથી જ આનું નિરૂપણ કરાય તો લોકમાં સ્વતન્ત્ર-ચેતનથી અધિષ્ઠિત ન થયેલું-અચેતન, વિશિષ્ટ પુરુષાર્થ સાધવા સમર્થ એવા વિકારો વિરચતું જોવામાં આવતું નથી. ખરેખર, ઘર, મહેલ, શયન, આસન, વિહારભૂમિ આદિ, કાલને અનુસરી સુખની પ્રાપ્તિ અને દુઃખનો પરિહાર કરવા યોગ્ય પદાર્થો પ્રજ્ઞાવાળા શિલ્પીઓએ રચેલા દેખાય છે તેમ જુદા જુદા કર્મફળના ઉપભોગને યોગ્ય પૃથ્વી આદિ બાહ્ય જગત્ અને ભિન્ન ભિન્ન જાતિથી યુક્ત, પ્રતિનિયત અવયવરચનાવાળું, અનેક કર્મફળના અનુભવનું અધિષ્ઠાન દેખાય છે તે શરીર વગેરે આધ્યાત્મિક જગત્, એવું અખિલ જગત્ જેનું અતિશય સંભાવિત પ્રજ્ઞાવાળા શિલ્પીઓએ મનથી પણ આલોચન કરવું અશક્ય છે તેને અચેતન પ્રધાન કેવી રીતે રચી શકે ? લોષ્ટ, પાષાણ આદિમાં એવું જોવામાં આવતું નથી. મૃત્તિકા આદિમાં પણ કુંભકાર વગેરેથી અધિષ્ઠિત થયાં હોય ત્યારે વિશિષ્ટ આકારવાળી રચના જોવામાં આવે છે. તે રીતે પ્રધાનને પણ અન્ય ચેતનથી અધિષ્ઠિત થવાનો પ્રસંગ આવશે. મૃત્તિકા આદિ ઉપાદાનના સ્વરૂપમાં આશ્રિત થયેલા ધર્મથી જ મૂળ કારણનું અવધારણ કરવું અને બાહ્ય કુંભકારાદિમાં આશ્રિત રહેલા ધર્મ વડે નહીં એને માટે કંઈ નિયામક નથી. વળી એમ થવાથી કંઈ વિરોધ પણ આવવાનો નથી; ઉલટું શ્રુતિ અનુગૃહીત થશે; કારણ કે તે ચેતન કારણનો બોધ કરે છે. માટે રચનાની અનુપપત્તિરૂપ હેતુથી અચેતન જગત્કારણ તરીકે અનુમેય નથી.(સૂત્રમાંના) 'च' શબ્દથી અન્વય આદિની અનુપપત્તિ એમ હેતુની અસિદ્ધિનો સમુચ્ચય કરે છે; કેમકે બાહ્ય અને આધ્યાત્મિક વિકારોનો સુખદુઃખમોહાત્મક સાથે અન્વય ઉપપન્ન થતો નથી; કારણ કે સુખાદિ આન્તર છે એમ પ્રતીત થાય છે, અને શબ્દાદિ અતદ્રૂપ (બાહ્ય) પ્રતીત થાય છે, તેમજ તેનાં નિમિત્ત તરીકે પ્રતીત થાય છે; વળી શબ્દાદિનો વિશેષ ન હોય તો પણ ભાવનાવિશેષથી સુખાદિવિશેષ પ્રાપ્ત થાય છે. તેમજ મૂલાંકુરાદિ પરિમિત વિકારો સંસર્ગપૂર્વક છે એમ જોઈ બાહ્ય અને આધ્યાત્મિક વિકારો પરિમિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

संसर्गपूर्वकत्वप्रसङ्गः, परिमितत्वाविशेषात् । कार्यकारणभावस्तु प्रेक्षापूर्वकनिर्मितानां शयनासनादीनां दृष्ट इति न कार्यकारणभावाद्बाह्याध्यात्मिकानां भेदानामचेतनपूर्वकत्वं शक्यं कल्पयितुम् ॥१॥

प्रवृत्तेश्च ॥२॥

आस्तां तावदियं रचना, तत्सिद्ध्यर्था या प्रवृत्तिः – साम्यावस्थानात्प्रच्युतिः, सत्त्वरजस्तमसामङ्गाङ्गिभावरूपापत्तिः, विशिष्टकार्याभिमुखप्रवृत्तिता – सापि नाचेतनस्य प्रधानस्य स्वतन्त्रस्योपपद्यते, मृदादिष्वदर्शनाद्रथादिषु च । न हि मृदादयो रथादयो वा स्वयमचेतनाः सन्तश्चेतनैः कुलालादिभिरश्वादिभिर्वानधिष्ठिता विशिष्टकार्याभिमुखप्रवृत्तयो दृश्यन्ते, दृष्टाच्चादृष्टसिद्धिः, अतः प्रवृत्त्यनुपपत्तेरपि हेतोर्नाचेतनं जगत्कारणमनुमातव्यं भवति । ननु चेतनस्यापि प्रवृत्तिः केवलस्य न दृष्टा – सत्यमेतत् – तथापि चेतनसंयुक्तस्य रथादेरचेतनस्य प्रवृत्तिर्दृष्टा, न त्वचेतनसंयुक्तस्य चेतनस्य प्रवृत्तिर्दृष्टा, किं पुनरत्र युक्तम् – यस्मिन्प्रवृत्तिर्दृष्टा तस्य सा, उत यत्संप्रयुक्तस्य दृष्टा तस्यैव सेति ? ननु यस्मिन्दृश्यते प्रवृत्तिस्तस्यैव सेति युक्तम्, उभयोः प्रत्यक्षत्वात्, न तु प्रवृत्त्याश्रयत्वेन केवलश्चेतनो रथादिवत्प्रत्यक्षः, प्रवृत्त्याश्रयदेहादिसंयुक्तस्यैव तु चेतनस्य सद्भावसिद्धिः – केवलाचेतनरथादिवैलक्षण्यं जीवद्देहस्य दृष्टमिति, अत एव च प्रत्यक्षे देहे सति चैतनस्य दर्शनादसति चादर्शनाद्देहस्यैव चैतन्यमपीति लोकायतिकाः प्रतिपन्नाः, तस्मादचेतनस्यैव प्रवृत्तिरिति । तदभिधीयते – न ब्रूमः, यस्मिन्नचेतने प्रवृत्तिर्दृश्यते न तस्य सेति, भवतु तस्यैव सा, सा तु चेतनाद्भवतीति ब्रूमः, तद्भावे भावात्तदभावे चाभावात् – यथा काष्ठादिव्यपाश्रयापि दाहप्रकाशादिलक्षणा विक्रिया, अनुपलभ्यमानापि च केवले ज्वलने, ज्वलनादेव भवति, तत्संयोगे दर्शनात्तद्वियोगे चादर्शनात् – तद्वत्, लोकायतिकानामपि चेतन एव देहोऽचेतनानां रथादीनां प्रवर्तको दृष्ट

હોવાથી સંસર્ગપૂર્વક છે એમ અનુમાન કરનારને સત્ત્વ, રજસ, તથા તમસ્ પણ સંસર્ગપૂર્વક છે એવો પ્રસંગ આવશે; કારણ કે તેમાં પણ પરિમિતત્વ સમાન છે. પ્રેક્ષાપૂર્વક નિર્માણ કરેલાં શયન, આસન આદિનો કાર્યકારણભાવ જોવામાં આવે છે તેથી કાર્યકારણભાવથી બાહ્ય અને આધ્યાત્મિક કાર્યો અચેતનથી ઉત્પન્ન થાય છે એમ કલ્પના (અનુમાન) કરવી શક્ય નથી. ॥૧॥

અને પ્રવૃત્તિની (અનુપપત્તિથી પ્રધાન જગતનું કારણ છે એમ અનુમાન કરવું યોગ્ય નથી) ॥૨॥

પ્રથમ એ રચના વિષયક વાત તો રહેવા દો. પરંતુ તેની સિદ્ધિને માટે જે પ્રવૃત્તિ-સત્ત્વ, રજસ્ અને તમસ્‌ની સામ્યાવસ્થામાંથી પ્રચ્યુતિ-અર્થાત્, અઙ્ગાઙ્ગિભાવ પ્રાપ્ત થવો એવી વિશિષ્ટ કાર્યને અભિમુખ પ્રવૃત્તિ પણ સ્વતન્ત્ર, અચેતન પ્રધાનને યોગ્ય નથી; કારણ કે મૃત્તિકા આદિમાં અને રથ આદિમાં તે જોવામાં આવતી નથી. ખરેખર, મૃત્તિકા આદિ કે રથ આદિ, અચેતન પદાર્થો હોઈ, ચેતન કુંભાર આદિ કે અશ્વ આદિથી અધિષ્ઠિત થયા વિના વિશિષ્ટ કાર્યને અભિમુખ પ્રવૃત્તિવાળાં જોવામાં આવતાં નથી; અને દૃષ્ટ હેતુથી જ અદૃષ્ટ સાધ્યની સિદ્ધિ થાય છે. એથી પ્રવૃત્તિની અનુપપત્તિરૂપ હેતુથી પણ અચેતન જગત્કારણ છે એમ અનુમાન કરવું યોગ્ય નથી. પણ માત્ર ચેતનની પણ પ્રવૃત્તિ જોવામાં આવતી નથી. એ સત્ય છે; તો પણ ચેતનથી સંયુક્ત, રથાદિ અચેતનની પ્રવૃત્તિ જોવામાં આવે છે. પણ અચેતનથી સંયુક્ત, ચેતનની પ્રવૃત્તિ જોવામાં આવતી નથી. પણ અહીં શું યોગ્ય છે, જેની પ્રવૃત્તિ જોવામાં આવે છે તેની એ યોગ્ય છે કે જેની સાથે સંપ્રયુક્ત (જોડાયેલા) થયેલાની પ્રવૃત્તિ જોવામાં આવે છે તેની એ યોગ્ય છે ? ખરેખર, જેનામાં પ્રવૃત્તિ દેખાય છે તેની જ એ છે એમ યોગ્ય છે; કેમકે બંને પ્રત્યક્ષ છે,પણ પ્રવૃત્તિના આશ્રય તરીકે રથાદિની જેમ કેવલ ચેતન પ્રત્યક્ષ નથી, પરંતુ પ્રવૃત્તિનો આશ્રય જે દેહાદિ તેથી સંયુક્ત જ જે ચેતન તેની સદ્ભાવસિદ્ધિ છે; કેમકે કેવલ અચેતન રથાદિથી વિલક્ષણતા જીવતા દેહમાં જોવામાં આવે છે. એથી જ દેહ, પ્રત્યક્ષ હોય છે ત્યારે ચૈતન્ય દેખાય છે અને અપ્રત્યક્ષ હોય છે ત્યારે દેખાતું નથી તેથી, દેહમાં જ ચૈતન્ય છે એમ ચાર્વાકો સંમત છે. માટે અચેતનની જ પ્રવૃત્તિ છે એમ (સાંખ્ય કહે છે). તેને વિષે કહીએ છીએ-જે અચેતન પ્રવૃત્તિ દેખાય છે તેની તે નથી એમ અમે કહેતા નથી. તેની જ તે થાઓ; પણ તે ચેતનથી થાય છે એમ અમે કહીએ છીએ; કેમકે તેના ભાવે તેનો ભાવ છે અને અભાવે અભાવ છે; (તેનું અસ્તિત્વ હોય તો હોય, તેનું અસ્તિત્વ ન હોય તો ન હોય) જેમ કાષ્ઠાદિમાં રહેલી પણ દાહપ્રકાશરૂપ વિક્રિયા, કેવલ અગ્નિમાં જોવામાં આવતી નથી તોપણ અગ્નિથી જ થાય છે, કેમકે તેના સંયોગે દેખાય છે અને વિયોગે દેખાતી નથી તે પ્રમાણે. ચાર્વાકોના મતમાં પણ ચેતન જ દેહ અચેતન રથાદિનો પ્રવર્તક જોવામાં આવે છે એટલે ચેતન પ્રવર્તક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



इत्यविप्रतिषिद्धं चेतनस्य प्रवर्तकत्वम् । ननु तव देहादिसंयुक्तस्याप्यात्मनो विज्ञानस्वरूपमात्रव्यतिरेकेण प्रवृत्त्यनुपपत्तेरनुपपन्नं प्रवर्तकत्वमिति चेत्, न, अयस्कान्तवद्रूपादिवच्च प्रवृत्तिरहित स्यापि प्रवर्तकत्वोपपत्तेः । यथायस्कान्तो मणिः स्वयं प्रवृत्तिरहितोऽप्ययसः प्रवर्तको भवति, यथा च रूपादयो विषयाः स्वयं प्रवृत्तिरहिता अपि चक्षुरादिनां प्रवर्तका भवन्ति, एवं प्रवृत्तिरहितोऽपीश्वरः सर्वगतः सर्वात्मा सर्वज्ञः सर्वशक्तिश्च सन् सर्वं प्रवर्तयेदित्युपपन्नम् । एकत्वात्प्रवर्त्याभावे प्रवर्तकत्वानुपपत्तिरिति चेत्, न, अविद्याप्रत्युपस्थापितनामरूपमायावेशवशेनासकृत्प्रत्युक्तत्वात् । तस्मात्संभवति प्रवृत्तिः सर्वज्ञकारणत्वे, न त्वचेतनकारणत्वे ॥२॥

पयोम्बुवच्चेत्तत्रापि ॥३॥

स्यादेतत् –यथा क्षीरमचेतनं स्वभावेनैव वत्सविवृद्ध्यर्थं प्रवर्तते, यथा च जलमचेतनं स्वभावेनैव लोकोपकाराय स्यन्दते, एवं प्रधानमप्यचेतनं स्वभावेनैव पुरुषार्थसिद्धये प्रवर्तिष्यत इति । नैतत्साधूच्यते, यतस्तत्रापि पयोम्बुनोश्चेतनाधिष्ठितयोरेव प्रवृत्तिरित्यनुमिमीमहे, उभयवादिप्रसिद्धे रथादावचेतने केवले प्रवृत्त्यदर्शनात्, शास्त्रं च – **'योऽप्सु तिष्ठन्' 'योऽपोऽन्तरो यमयति'** (बृ.उप.३।७।४) **'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि प्राच्योऽन्या नद्यः स्यन्दन्ते'** (बृ.उप.३।८।९) इत्येवंजातीयकं समस्तस्य लोकपरिस्पन्दितस्येश्वराधिष्ठिततां श्रावयति, तस्मात्साध्यपक्षनिक्षिप्तत्वात्पयोम्बुवदित्यनुपन्यासः – चेतनायाश्च धेन्वाः स्नेहेच्छया पयसः प्रवर्तकत्वोपपत्तेः, वत्सचोषणेन च पयस आकृष्यमाणत्वात्, न चाम्बनोऽप्यत्यन्तमनपेक्षा, निम्नभूम्याद्यपेक्षत्वात्स्यन्दनस्य, चेतनापेक्षत्वं तु सर्वत्रोपदर्शितम्। **'उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि'** (ब्र.सू.२।१।२४) इत्यत्र तु बाह्यनिमित्तनिरपेक्षमपि स्वाश्रयं कार्य

છે એમાં વિરોધ નથી. પણ તારો, દેહાદિથી જોડાયેલા, એવો જે આત્મા તેની વિજ્ઞાનસ્વરૂપમાત્રથી ભિન્ન પ્રવૃત્તિ અનુપપન્ન હોવાથી પ્રવર્તકત્વ પણ અનુપપન્ન છે એમ કહેશો તો, ના; કેમકે લોહચુંબકની જેમ અને રૂપાદિની જેમ પ્રવૃત્તિરહિતમાં પણ પ્રવર્તકત્વ ઉપપન્ન છે. જેમ લોહચુંબક સ્વયં પ્રવૃત્તિરહિત છે તો પણ લોખંડનું પ્રવર્તક થાય છે, અથવા જેમ રૂપાદિ વિષયો સ્વયં પ્રવૃત્તિરહિત છે તો પણ નેત્રાદિના પ્રવર્તક થાય છે, એ પ્રમાણે પ્રવૃત્તિરહિત પણ ઈશ્વર, સર્વવ્યાપક, સર્વાત્મા, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ હોઈ સર્વને પ્રવર્તાવે એ યોગ્ય છે. એકત્વને લીધે પ્રવર્ત્યનો (પ્રવૃત્તિ યોગ્ય પદાર્થનો) અભાવ હોવાથી પ્રવર્તકત્વ અનુપપન્ન છે એમ કહેશો તો, ના; કેમકે અવિદ્યાએ પ્રકટ કરેલાં જે નામરૂપ છે, તેને (ઈશ્વરની સાથે) કલ્પિત સંબંધ હોવાથી એમાં કલ્પિત ભેદાદિ સિદ્ધ થાય છે, માટે સર્વજ્ઞને કારણ તરીકે લેવામાં પ્રવૃત્તિ સંભવે છે, પણ અચેતનને કારણ લેવામાં (પ્રવૃત્તિ) સંભવતી નથી. ॥૨॥

દૂધ અને પાણીની જેમ (પ્રધાનની પ્રવૃત્તિ છે એમ કહેશો) તો ત્યાં પણ (ચેતનથી અધિષ્ઠિત થયેલાની જ પ્રવૃત્તિ છે) ॥૩॥

જેમ અચેતન દૂધ સ્વભાવથી જ વાછરડાં વિવૃદ્ધિને માટે પ્રવર્તે છે અને જેમ અચેતન જળ સ્વભાવથી જ લોકોના ઉપકારને માટે વહે છે તેમ અચેતન પ્રધાન સ્વભાવથી જ પુરુષાર્થની સિદ્ધિને માટે પ્રવર્તશે એમ થાય. ના, એ વચન બરાબર નથી; કેમકે તેમાં પણ દૂધ અને પાણીમાં, ચેતનથી અધિષ્ઠિત થયેલાનીજ પ્રવૃત્તિ છે એમ અમે અનુમાન કરીએ છીએ; કારણ કે બંને પક્ષવાળાઓમાં પ્રસિદ્ધ રથાદિ અચેતનમાં કેવલ(ચેતનથી અનધિષ્ઠિત)માં પ્રવૃત્તિ દેખાતી નથી. 'योऽप्सु तिष्ठन्', 'योऽपोऽन्तरो यमयति' (બૃહ.ઉપ.૩-૭-૪) **'જે પાણીમાં રહેતું, જે પાણીને અંદરથી નિયમમાં રાખે છે'**, 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि प्राच्योऽन्या नद्यः स्यन्दन्ते', (બૃહ.ઉપ./૩-૮-૯) **'હે ગાર્ગી, એ અવિનાશીના પ્રશાસનમાં પૂર્વ દિશા તરફની અન્ય નદીઓ વહે છે'** એ પ્રકારનું શાસ્ત્ર સમસ્ત જગતની ક્રિયાઓનો ઈશ્વર અધિષ્ઠાતા છે એમ શ્રવણ કરાવે છે. માટે સાધ્યવાન્ પક્ષમાં પ્રવિષ્ટ થવાથી 'पयोम्बुवत्' (દૂધ અને પાણીની જેમ) એ વ્યભિચારસ્થળ નથી; અને ચેતન ગાયની સ્નેહજન્ય ઈચ્છાથી દૂધ પ્રવર્તક છે એમ ઉપપન્ન થાય છે અને વાછડાના ચૂસવાથી દૂધ આકૃષ્યમાણ થાય છે. વળી પાણીને પણ અત્યન્ત અનપેક્ષા નથી; કેમકે વહેવાની નીચી જમીન વગેરેની અપેક્ષા છે. ચેતનની અપેક્ષા તો સર્વત્ર દર્શાવી છે. 'उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि' (બ્ર.સૂ.૨-૧-૨૪) **'ઉપસંહાર જોવામાં આવે છે તેથી (બ્રહ્મ જગતનું કારણ) નથી એમ કહેશો**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भवतीत्येतल्लोकदृष्ट्या निदर्शितम्, शास्त्रदृष्ट्या पुनः सर्वत्रैवेश्वरापेक्षत्वमापद्यमानं न पराणुद्यते ॥३॥

व्यतिरेकानवस्थितेश्चानपेक्षत्वात् ॥४॥

सांख्यानां त्रयो गुणाः साम्येनावतिष्ठमानाः प्रधानम्, न तु तद्व्यतिरेकेण प्रधानस्य प्रवर्तकं निवर्तकं वा किंचिद्बाह्यमपेक्ष्यमवस्थितमस्ति, पुरुषस्तूदासीनो न प्रवर्तको न निवर्तकः—इत्यतोऽनपेक्षं प्रधानम्, अनपेक्षत्वाच्च कदाचित्प्रधानं महदाद्याकारेण परिणमते, कदाचिन्न, परिणमते, इत्येतदयुक्तम्, ईश्वरस्य तु सर्वज्ञत्वात्सर्वशक्तित्वान्महामायत्वाच्च प्रवृत्त्यप्रवृत्ती न विरुध्येते ॥४॥

अन्यत्राभावाच्च न तृणादिवत् ॥५॥

स्यादेतत् – यथा तृणपल्लवोदकादि निमित्तान्तरनिरपेक्षं स्वभावादेव क्षीराद्याकारेण परिणमते, एवं प्रधानमपि महदाद्याकारेण परिणंस्यत इति, कथं च निमित्तान्तरनिरपेक्षं तृणादीति गम्यते ? निमित्तान्तरानुपलम्भात् । यदि हि किंचिन्निमित्तान्तरमुपलभेमहि, ततो यथाकामं तेन तेन निमित्तेन तृणाद्युपादाय क्षीरं संपादयेमहि, न तु संपादयामहे, तस्मात्स्वाभाविकस्तृणादेः परिणामः, तथा प्रधानस्यापि स्यादिति । अत्रोच्यते – भवेतृणादिवत्स्वाभाविकः प्रधानस्यापि परिणामः, यदि तृणादेरपि स्वाभाविकः परिणामोऽभ्युपगम्येत, न त्वभ्युपगम्यते, निमित्तान्तरोपलब्धेः । कथं निमित्तान्तरोपलब्धिः ? अन्यत्राभावात् । धेन्वैव ह्युपभुक्तं तृणादि क्षीरीभवति, न प्रहीणम् अनडुहाद्युपभुक्तं वा, यदि हि निर्निमित्तमेतत्स्यात्, धेनुशरीरसंबन्धादन्यत्रापि तृणादि क्षीरीभवेत्, न च यथाकामं मानुषैर्न शक्यं संपादयितुमित्येतावता निर्निमित्तं भवति, भवति हि किंचित्कार्यं मानुषसंपाद्यम्; किंचिद्दैवसंपाद्यम्, मनुष्या अपि शक्नुवन्त्येव स्वोचितेनोपायेन

તો ના; કેમકે દૂધની જેમ (ઉપપન્ન થશે)' એમાં તો બાહ્ય નિમિત્તની અપેક્ષા વગરનું પણ સ્વાશ્રયથી કાર્ય થાય છે એમ લોકદષ્ટિથી દર્શાવ્યું છે. શાસ્ત્રદષ્ટિએ તો સર્વત્ર ઈશ્વરની અપેક્ષા પ્રાપ્ત થાય છે જ તે બાબતનો વિરોધ નથી આવતો. ।।૩।।

(પ્રધાનથી) જુદી (કર્મની) અવસ્થિતિ નથી તેથી (પ્રધાન) અપેક્ષારહિત હોવાથી (પ્રધાનની પ્રવૃત્તિનિવૃત્તિ શક્ય બનતી નથી.) ।।૪।।

સાંખ્યવાદીઓના મતમાં સામ્યાવસ્થામાં રહેતા ત્રણ ગુણો પ્રધાન છે; પણ તેથી ભિન્ન, પ્રધાનનું પ્રવર્તક કે નિવર્તક કંઈ બાહ્ય અપેક્ષ્ય રહેલું નથી. (સર્વત્ર અનપેક્ષ છે.) પુરુષ તો ઉદાસીન છે, પ્રવર્તક કે નિવર્તક નથી; તેથી પ્રધાન અપેક્ષારહિત છે, અને અપેક્ષારહિત હોવાથી કોઈકવાર પ્રધાન મહદાદિ આકારમાં પરિણામ પામે અને કદાચિત પરિણામ ન પામે એ અયુક્ત છે. ઈશ્વર તો સર્વજ્ઞ, સર્વશક્તિમાન્, અને મહામાયાવાળા હોવાથી તેની પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં વિરોધ થતો નથી. ।।૪।।

(ગાય આદિથી) અન્યત્ર અભાવ છે તેથી તૃણ આદિની જેમ (પ્રધાન પરિણામ પામતું નથી) ।।૫।।

જેમ ઘાસ, પાંદડા, પાણી વગેરે અન્ય નિમિત્તની અપેક્ષા વિના સ્વભાવથી જ દૂધ આદિ આકારે પરિણામ પામે છે, એમ પ્રધાન પણ મહદાદિ આકારમાં પરિણામ પામશે એમ થાય. ઘાસ આદિ અન્ય નિમિત્તની અપેક્ષારહિત છે એમ શી રીતે સમજાય છે ? કેમકે અન્ય નિમિત્ત નથી. જો આપણે અન્ય નિમિત્ત પ્રાપ્ત કરીએ તો તે વડે ઈચ્છા પ્રમાણે ઘાસ વગેરે લઈ દૂધ વગેરે સંપાદન કરી શકીએ. પણ (તેમ) સંપાદન કરી શકતા નથી. તેટલા માટે ઘાસ વગેરે સ્વાભાવિક પરિણામ પામે છે તેમ પ્રધાન પણ સ્વાભાવિક જ પરિણામ પામશે. એમ (શંકા છે). એને વિષે કહીએ છીએ - જો તૃણાદિનું પણ સ્વાભાવિક પરિણામ સ્વીકારાય તો તૃણાદિની જેમ પ્રધાનનું પણ સ્વાભાવિક પરિણામ થાય. પણ એ સ્વીકારાતું નથી; કેમકે અન્ય નિમિત્ત ઉપલબ્ધ છે. અન્ય નિમિત્ત કેવી રીતે ઉપલબ્ધ છે ? કેમકે અન્યત્ર અભાવ છે; કારણ કે ગાયથી જ ઉપભુક્ત તૃણાદિ દૂધ થાય, નષ્ટ થયેલું કે બળદ વગેરેથી ઉપયુક્ત થયેલું નહીં. ખરેખર, જો એ નિમિત્તરહિત હોય તો ધેનુના શરીરસંબંધથી અન્યત્ર પણ તૃણાદિ દૂધ થાય. વળી માણસો ઈચ્છા પ્રમાણે એને બનાવી શકતા નથી તેથી કંઈ નિમિત્તરહિત થતું નથી; કેમકે કેટલુંક કાર્ય મનુષ્યથી સંપાદન કરી શકાય છે અને કેટલુંક દૈવથી. માણસો પણ ઉચિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तृणाद्युपादाय क्षीरं संपादयितुम्, प्रभूतं हि क्षीरं कामयमानाः प्रभूतं घासं धेनुं चारयन्ति, ततश्च प्रभूतं क्षीरं लभन्ते, तस्मान्न तृणादिवत्स्वाभाविकः प्रधानस्य परिणामः ॥५॥

अभ्युपगमेऽप्यर्थाभावात् ॥६॥

स्वाभाविकी प्रधानस्य प्रवृत्तिर्न भवतीति स्थापितम्, अथापि नाम भवतः श्रद्धामनुरुध्यमानाः स्वाभाविकीमेव प्रधानस्य प्रवृत्तिमभ्युपगच्छेम, तथापि दोषोऽनुषज्येतैव, कुतः ? अर्थाभावात् । यदि तावत्स्वाभाविकी प्रधानस्य प्रवृत्तिर्न किंचिदन्यदिहापेक्षत इत्युच्येत, ततो यथैव सहकारि किंचिन्नापेक्षते एवं प्रयोजनमपि किंचिन्नापेक्षिष्यते – इत्यतः प्रधानं पुरुषस्यार्थं साधयितुं प्रवर्तत इतीयं प्रतिज्ञा हीयेत । स यदि ब्रूयात् – सहकार्येव केवलं नापेक्षते, न प्रयोजनमपीति, तथापि प्रधानप्रवृत्तेः प्रयोजनं विवेक्तव्यम् – भोगो वा स्यात्, अपवर्गो वा, उभयं वेति । भोगश्चेत् –कीदृशोऽनाधेयातिशयस्य पुरुषस्य भोगो भवेत् ? अनिर्मोक्षप्रसङ्गश्च, अपवर्गश्चेत् – प्रागपि प्रवृत्तेरपवर्गस्य सिद्धत्वात्प्रवृत्तिरनर्थिका स्यात्, शब्दाद्यनुपलब्धिप्रसङ्गश्च, उभयार्थताभ्युपगमेऽपि भोक्तव्यानां प्रधानमात्राणामानन्त्यादनिर्मोक्षप्रसङ्ग एव, न चौत्सुक्यनिवृत्त्यर्था प्रवृत्तिः, न हि प्रधानस्याचेतनस्यौत्सुक्यं संभवति, न च पुरुषस्य निर्मलस्य, दृक्शक्तिसर्गशक्तिवैयर्थ्यभयाच्चेत्प्रवृत्तिः, तर्हि दृक्शक्त्यनुच्छेदवत्सर्गशक्त्यनुच्छेदात्संसारानुच्छेदादनिर्मोक्षप्रसङ्ग एव । तस्मात्प्रधानस्य पुरुषार्था प्रवृत्तिरित्येतदयुक्तम् ॥६॥

पुरुषाश्मवदिति चेत्तथापि ॥७॥

स्यादेतत् – यथा कश्चित्पुरुषो दृक्शक्तिसंपन्नः प्रवृत्तिशक्तिविहीनः पङ्गुः अपरं पुरुषं प्रवृत्तिशक्तिसंपन्नं

ઉપાયથી તૃણાદિનું ગ્રહણ કરી ક્ષીર સંપાદન કરવા શક્તિમાન થાય છે જ; કેમકે પુષ્કળ ક્ષીરની કામનાવાળાઓ ધેનુને પુષ્કળ ઘાસ ચરાવે છે; અને તેથી પુષ્કળ ક્ષીર મેળવે છે. માટે તૃણાદિની જેમ પ્રધાનનું પરિણામ સ્વાભાવિક નથી (પ્રધાન સ્વતઃ કાર્ય કરતું નથી).॥૫॥

(પ્રધાનની પ્રવૃત્તિ સ્વાભાવિક છે એમ) સ્વીકાર કરવામાં પણ (દોષ છે) કારણ કે અર્થનો અભાવ છે ॥૬॥

પ્રધાનની સ્વાભાવિક પ્રવૃત્તિ થતી નથી એમ સ્થાપન કર્યું. પણ આપની શ્રદ્ધાને અનુસરતા અમે પ્રધાનની સ્વાભાવિક જ પ્રવૃત્તિ સ્વીકારીએ તો પણ દોષ અનુષક્ત થાય જ (જોડાયેલો રહે છે જ). શાથી ? અર્થનો અભાવ છે માટે. જો પ્રધાનની પ્રવૃત્તિ સ્વાભાવિક છે અને એમાં (એ પ્રવૃત્તિમાં) બીજા કોઈની અપેક્ષા નથી એમ કહેશો તો જેવી રીતે કોઈ સહકારીની અપેક્ષા નથી એમ કોઈ પ્રયોજનની પણ અપેક્ષા નહીં રહે તેથી પ્રધાન પુરુષનો અર્થ સાધવા પ્રવર્તે છે એ પ્રતિજ્ઞાની હાનિ થાય. જો તે એમ કહે કે કેવલ સહકારીની જ અપેક્ષા નથી, પ્રયોજનની પણ નથી એમ નહીં, તો પણ પ્રધાનની પ્રવૃત્તિના પ્રયોજનનું વિવેચન કરવું જોઈએ કે (તે પ્રયોજન) ભોગ છે, કે અપવર્ગ (મોક્ષ) છે કે બંને છે. જો ભોગ હોય તો જેમાં (સુખાદિનો) અતિશય મૂકી શકાતો નથી એવા પુરુષનો ભોગ કેવા પ્રકારનો થાય ? તેથી મોક્ષના અભાવનો પ્રસંગ આવે. જો અપવર્ગ (મોક્ષ) હોય તો પ્રવૃત્તિની પૂર્વે પણ અપવર્ગ સિદ્ધ હોવાથી પ્રવૃત્તિ અર્થ વિનાની થાય, અને શબ્દાદિની અનુપલબ્ધિ (અપ્રાપ્તિ)નો પ્રસંગ આવે. (પ્રવૃત્તિ) ઉભયાર્થક છે એમ સ્વીકારીએ તો પણ ભોક્તવ્ય પ્રધાન(ના ભોગ્ય પદાર્થો) અનન્ત હોવાથી મોક્ષના અભાવનો પ્રસંગ જ આવે. ઔત્સુક્ય નિવૃત્ત કરવાને માટે પ્રવૃત્તિ છે એમ કહેવાશે નહીં; કારણ કે અચેતન પ્રધાનને ઔત્સુક્ય સંભવતું નથી, તેમજ નિર્મલ અને નિષ્કલ પુરુષને પણ ઔત્સુક્ય નથી. સર્ગશક્તિ (સૃષ્ટિરૂપ શક્તિ) અને દૃક્શક્તિ (દર્શનરૂપ શક્તિ) વ્યર્થ થાય એવા ભયથી જો પ્રવૃત્તિ કહેશો તો દૃક્શક્તિના અનુચ્છેદની જેમ સર્ગશક્તિના અનુચ્છેદથી સંસારનો અનુચ્છેદ થવાથી મોક્ષના અભાવનો પ્રસંગ જ આવી પડશે. માટે પ્રધાનની પ્રવૃત્તિ પુરુષને માટે છે એ યોગ્ય નથી.॥૬॥

પુરુષ અને પથ્થરની જેમ એમ (કહેશો) તો તે રીતે પણ (દોષથી મુક્તિ નથી) ॥૭॥

જેમ દૃક્શક્તિસંપન્ન અને પ્રવૃત્તિશક્તિવિહીન કોઈક લંગડો પુરુષ પ્રવૃત્તિશક્તિસંપન્ન અને દૃક્શક્તિવિહીન અન્ય અન્ધ પુરુષને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दृक्शक्तिविहीनमन्धमधिष्ठाय प्रवर्तयति, यथा वा अयस्कान्तोऽश्मा स्वयमप्रवर्तमानोऽप्ययः प्रवर्तयति, एवं पुरुषः प्रधानं प्रवर्तयिष्यति – इति दृष्टान्तप्रत्येयन पुनः प्रत्यवस्थानम् । अत्रोच्यते – तथापि नैव दोषान्निर्मोक्षोऽस्ति, अभ्युपेतहानं तावद्दोष आपतति, प्रधानस्य स्वतन्त्रस्य प्रवृत्त्यभ्युपगमात्, पुरुषस्य च प्रवर्तकत्वानभ्युपगमात्, कथं चोदासीनः पुरुषः प्रधानं प्रवर्तयेत् ? पङ्गुरपि ह्यन्धं पुरुषं वागादिभिः प्रवर्तयति, नैवं पुरुषस्य कश्चिदपि प्रवर्तनव्यापारोऽस्ति, निष्क्रियत्वान्निर्गुणत्वाच्च, नाप्ययस्कान्तवत्संनिधिमात्रेण प्रवर्तयेत्, संनिधिनित्यत्वेन प्रवृत्तिनित्यत्वप्रसङ्गात्, अयस्कान्तस्य त्वनित्यसंनिधेरस्ति स्वव्यापारः संनिधिः, परिमार्जनाद्यपेक्षा चास्यास्ति – इत्यनुपन्यासः पुरुषाश्मवदिति । तथा प्रधानस्याचैतन्यात्पुरुषस्य चौदासीन्यात्तृतीयस्य च तयोः संबन्धयितुरभावात्संबन्धानुपपत्तिः, योग्यतानिमित्ते च संबन्धे योग्यतानुच्छेदादनिर्मोक्षप्रसङ्गः, पूर्ववच्चेहाप्यर्थाभावो विकल्पयितव्यः, परमात्मनस्तु स्वरूपव्यपाश्रयमौदासीन्यम्, मायाव्यपाश्रयं च प्रवर्तकत्वम् – इत्यस्त्यतिशयः ॥७॥

अङ्गित्वानुपपत्तेश्च ॥८॥

इतश्च न प्रधानस्य प्रवृत्तिरवकल्पते – यद्धि सत्त्वरजस्तमसामन्योन्यगुणप्रधानभावमुत्सृज्य साम्येन स्वरूपमात्रेणावस्थानम्, सा प्रधानावस्था, तस्यामवस्थायामनपेक्षस्वरूपाणां स्वरूपप्रणाशभयात्परस्परं प्रत्यङ्गाङ्गिभावानुपपत्तेः; बाह्यस्य च कस्यचित्क्षोभयितुरभावात्, गुणवैषम्यनिमित्तो महदाद्युत्पादो न स्यात् ॥८॥

अन्यथानुमितौ च ज्ञशक्तिवियोगात् ॥९॥

अथापि स्यात् – अन्यथा वयमनुमिमीमहे – यथा नायमनन्तरो दोषः प्रसज्येत, न ह्यनपेक्षस्वभावाः

આધારે પ્રવૃત્ત થાય છે, અથવા જેમ લોહચુમ્બક પથ્થર સ્વયં પ્રવૃત્તિમાં નથી તો પણ લોખંડને પ્રવર્તાવે છે; તેમ પુરુષ પ્રધાનને પ્રવર્તાવશે એમ દષ્ટાન્તજ્ઞાનથી પુનઃ (સાંખ્ય) ઉપસ્થિત થાય છે. આ વિષે કહીએ છીએ- તો પણ દોષથી નિર્મોક્ષ નથી જ. પ્રથમ તો સ્વીકારેલાની હાનિરૂપ દોષ આવે છે; કારણ કે સ્વતન્ત્ર પ્રધાનની પ્રવૃત્તિ સ્વીકારી છે અને પુરુષનું પ્રવર્તકત્વ સ્વીકાર્યું નથી. વળી ઉદાસીન પુરુષ પ્રધાનને કેવી રીતે પ્રવર્તાવશે ? કેમકે લંગડો પણ અન્ધ પુરુષને વાણી આદિથી પ્રવર્તાવે છે. એવી રીતે પુરુષને કોઈ પણ ક્રિયા નથી; કેમકે તે નિષ્ક્રિય અને નિર્ગુણ છે. તેમજ લોહચુમ્બકની જેમ સંનિધિમાત્રથી (પ્રધાનને) પ્રવર્તાવી શકશે નહીં; કેમકે સાંનિધ્ય નિત્ય હોવાથી પ્રવૃત્તિ નિત્ય થવાનો પ્રસંગ આવશે. લોહચુમ્બકનું તો સાંનિધ્ય અનિત્ય છે તેથી તેની સંનિધિ તેની ક્રિયા થાય છે અને તેને પરિમાર્જન આદિની અપેક્ષા છે, તેથી પુરુષાશ્મવત્ **'પુરુષ અને અશ્મની જેમ'** એ દષ્ટાન્ત પણ બરાબર નથી. તેમજ પ્રધાન અચેતન છે અને પુરુષ ઉદાસીન છે, અને તે બંનેનો સંબંધ કરાવનાર કોઈ ત્રીજો નથી તેથી (પુરુષ અને પ્રધાનમાં) સંબન્ધ અનુપપન્ન થશે. તેમજ યોગ્યતાને સંબન્ધનું નિમિત્ત લેવાથી યોગ્યતાના અનુચ્છેદથી અનિર્મોક્ષનો પ્રસંગ આવશે. વળી પૂર્વની જેમ અહીં પણ પ્રયોજનના અભાવના વિકલ્પો વિચારાવા જોઈએ. પરમાત્મા તો સ્વરૂપને આશ્રયે ઉદાસીન છે અને માયાને આશ્રયે પ્રવર્તક છે એમ અતિશય (ચડિયાતાપણું) છે.॥૭॥

વળી આઙ્ગિત્વની (= પ્રધાનભાવની) અનુપપત્તિથી (લાગુ પડતો ન હોવાથી)
(પ્રધાનની પ્રવૃત્તિ સંભવતી નથી) ॥૮॥

વળી આ કારણથી પ્રધાનની પ્રવૃત્તિ સંભવતી નથી; કારણ કે પરસ્પર ગુણપ્રધાનભાવનો ત્યાગ કરી સામ્યાવસ્થામાં સ્વરૂપમાત્રમાં સત્ત્વ, રજસ્, અને તમસ્નું જે અવસ્થાન છે તે પ્રધાનાવસ્થા છે. તે (નિર્વિકાર) અવસ્થામાં પરસ્પર અપેક્ષારહિત ગુણોનો સ્વરૂપનાશના ભયથી પરસ્પર પ્રત્યે અઙ્ગાઙ્ગિભાવ અનુપપન્ન થાય, અને બાહ્ય કોઈ પણ ક્ષોભક હેતુના અભાવથી ગુણવૈષમ્યથી થતી મહદ્ વગેરેની ઉત્પત્તિ નહીં થાય.॥૮॥

અન્યથા (બીજી રીતે) અનુમાન કરો તો પણ (પૂર્વોક્ત દોષ આવે જ છે);
કારણ કે જ્ઞાનશક્તિનો વિયોગ છે (જ્ઞાન શક્તિ નહીં હોવાથી) ॥૯॥

અમે અન્યથા (જુદી રીતે) અનુમાન કરીએ છીએ કે જેથી આ પાછલો દોષ પ્રાપ્ત ન થાય; કેમકે પરસ્પર અપેક્ષારહિત સ્વભાવવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

कूटस्थाश्चास्माभिर्गुणा अभ्युपगम्यन्ते, प्रमाणाभावात्, कार्यवशेन तु गुणानां स्वभावोऽभ्युपगम्यते । यथा यथा कार्योत्पाद उपपद्यते, तथा तथैतेषां स्वभावोऽभ्युपगन्तव्यः, चलं गुणवृत्तमिति चास्त्यभ्युपगमः, तस्मात्साम्यावस्थायामपि वैषम्योपगमयोग्या एवं गुणा अवतिष्ठन्त इति । एवमपि प्रधानस्य ज्ञशक्तिवियोगाद्रचनानुपपत्त्यादयः पूर्वोक्ता दोषास्तदवस्था एव, ज्ञशक्तिमपि त्वनुमिमानः प्रतिवादित्वान्निवर्तेत, चेतनमेकमनेकप्रपञ्चस्य जगत उपादानमिति ब्रह्मवादप्रसङ्गात्, वैषम्योपगमयोग्या अपि गुणाः साम्यावस्थायां निमित्ताभावान्नैव वैषम्यं भजेरन्, भजमाना वा निमित्ताभावाविशेषात्सर्वदैव वैषम्यं भजेरन् – इति प्रसज्यत एवायमनन्तरोऽपि दोषः ॥९॥

विप्रतिषेधाच्चासमञ्जसम् ॥१०॥

परस्परविरुद्धश्चायं सांख्यानमभ्युपगमः – क्वचित्सप्तेन्द्रियाण्यनुक्रामन्ति, क्वचिदेकादशः, तथा क्वचिन्महतस्तन्मात्रसर्गमुपदिशन्ति, क्वचिदहंकारात्, तथा क्वचित्त्रीण्यन्तःकरणानि वर्णयन्ति, क्वचिदेकमिति, प्रसिद्ध एव तु श्रुत्येश्वरकारणवादिन्या विरोधस्तदनुवर्तिन्या च स्मृत्या, तस्मादप्यसमञ्जसं सांख्यानां दर्शनमिति ॥

अत्राह –नन्वौपनिषदानामप्यसमञ्जसमेव दर्शनम्, तप्यतापकयोर्जात्यन्तरभावानभ्युपगमात्, एकं हि ब्रह्म सर्वात्मकं सर्वस्य प्रपञ्चस्य कारणमभ्युपगच्छताम् – एकस्यैवात्मनो विशेषौ तप्यतापकौ, न जात्यन्तरभूतौ –इत्यभ्युपगन्तव्यं स्यात्, यदि चैतौ तप्यतापकावेकस्यात्मनो विशेषौ स्याताम्, स ताभ्यां तप्यतापकाभ्यां न निर्मुच्येत –इति तापोपशान्तये सम्यग्दर्शनमुपदिशच्छास्त्रमनर्थकं स्यात्, न ह्यौष्ण्यप्रकाशधर्मकस्य प्रदीपस्य तदवस्थस्यैव ताभ्यां निर्मोक्ष उपपद्यते, योऽपि जलतरङ्गवीचीफेनाद्युपन्यासः, तत्रापि जलात्मन एकस्य वीच्यादयो विशेषा आविर्भावतिरोभावरूपेण नित्या एव – इति समानो जलात्मनो वीच्यादिभिरनिर्मोक्षः । प्रसिद्धश्चायं तप्यतापकयोर्जात्यन्तरभावो लोके, तथा हि – अर्थी चार्थश्चान्योन्यभिन्नौ

કૂટસ્થ ગુણો અમે સ્વીકારતા નથી; કારણ કે પ્રમાણનો અભાવ છે; પણ કાર્યને અનુસરીને ગુણોનો સ્વભાવ સ્વીકારીએ છીએ; ગુણોનો સ્વભાવ ચંચળ છે એવું પણ મનાય છે; માટે સામ્યાવસ્થામાં પણ વૈષમ્યપ્રાપ્તિને યોગ્ય જ ગુણો રહે છે એમ વળી શંકા થાય. એમ પણ પ્રધાનને જ્ઞાનશક્તિનો વિયોગ છે તેથી રચનાની અનુપપત્તિ વગેરે પૂર્વે કહેલા દોષો આવે જ છે. જ્ઞાનશક્તિનું પણ અનુમાન કરતો (સાંખ્ય) પ્રતિવાદિત્વથી રહિત થઈ જશે; કેમકે એક ચેતન અનેક પ્રપંચવાળા જગત્‌નું ઉપાદાન છે એવા બ્રહ્મવાદનો પ્રસંગ આવે. વૈષમ્યપ્રાપ્તિને યોગ્ય એવા ગુણો પણ સામ્યાવસ્થામાં નિમિત્તના અભાવથી વૈષમ્ય પ્રાપ્ત ન જ કરે; અથવા પ્રાપ્ત કરે તો નિમિત્તનો અભાવ સમાન જ હોવાથી હંમેશા વૈષમ્ય પ્રાપ્ત કરે એમ એ ઉક્ત દોષ પણ પ્રાપ્ત થાય છે જ. ॥૯॥

વળી વિરોધ હોવાને લીધે (સાંખ્યદર્શન) અયુક્ત (અયોગ્ય) છે ॥૧૦॥

વળી સાંખ્યોનો આ મતનો સ્વીકાર પરસ્પર વિરુદ્ધ છે - જેમ કોઈક સ્થળે સાત ઈન્દ્રિયોને માને છે અને કોઈકવાર અગિયાર તેમ કોઈકવાર મહત્‌થી તન્માત્રની સૃષ્ટિ ઉપદેશ કરે છે અને ક્યારેક અહંકારથી; તેમ ક્યારેક ત્રણ અન્તઃકરણો વર્ણવે છે અને કોઈકવાર એક એમ. ઈશ્વરને કારણ કહેનારી શ્રુતિ સાથે અને તેને અનુસરનારી સ્મૃતિ સાથે તો વિરોધ પ્રસિદ્ધ છે જ. માટે પણ સાંખ્યોનું દર્શન અયોગ્ય છે એમ

અહીં કહે છે - પણ ઔપનિષદોનું (વેદાંતીઓનું) પણ દર્શન અઘટિત જ છે; કેમકે તપ્ય અને તાપક એ બેનું અન્યજાતિત્વ સ્વીકાર્યું નથી; કારણ કે એક જ બ્રહ્મ સર્વાત્મક છે અને સર્વ પ્રપંચનું કારણ છે એમ સ્વીકારનારાઓને તપ્ય અને તાપક એક જ આત્માના વિશેષ છે, અન્યજાતિભૂત નથી એમ સ્વીકારવાનું થશે; અને જો એ તપ્ય અને તાપક એક જ આત્માના વિશેષ થાય તો તે (આત્મા) તે તપ્ય અને તાપકથી નિર્મુક્ત નહીં થાય તેથી તાપની ઉપશાન્તિ માટે સમ્યગ્દર્શનનો ઉપદેશ કરતું શાસ્ત્ર પ્રયોજન વિનાનું થઈ જશે. ખરેખર, ઉષ્ણતા અને પ્રકાશ એ બે ધર્મવાળા પ્રદીપનો તે અવસ્થામાં જ એ બે ધર્મમાંથી મોક્ષ ઉત્પન્ન થશે નહીં. જળ અને તરંગ, મોજું, ફીણ વગેરેનો ઉદાહરણ તરીકે જે ઉપન્યાસ છે તેમાં પણ જલાત્મક એક પદાર્થના મોજાં આદિ વિશેષો આવિર્ભાવ અને તિરોભાવસ્વરૂપે નિત્ય જ છે એટલે જલાત્મક પદાર્થનો વીચિ વગેરેથી અનિર્મોક્ષ સમાન જ છે. વળી તપ્ય અને તાપકનો અન્યજાતિભાવ લોકમાં પ્રસિદ્ધ છે; અર્થી અને અર્થ અન્યોન્યભિન્ન દેખાય છે. જો અર્થીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लक्ष्येते, यद्यर्थिनः स्वतोऽन्योऽर्थो न स्यात्, यस्यार्थिनो यद्विषयमर्थित्वं स तस्यार्थो नित्यसिद्ध एवेति, न तस्य तद्विषयमर्थित्वं स्यात् – यथा प्रकाशात्मनः प्रदीपस्य प्रकाशख्योऽर्थो नित्यसिद्ध एवेति, न तस्य तद्विषयमर्थित्वं भवति – अप्राप्ते ह्यर्थेऽर्थिनोऽर्थित्वं स्यादिति, तथार्थस्याप्यर्थत्वं न स्यात्, यदि स्यात् स्वार्थत्वमेव स्यात्, न चैतदस्ति, संबन्धिशब्दौ ह्येतावर्थी चार्थश्चेति, द्वयोश्च संबन्धिनोः संबन्धः स्यात्, नैकस्यैव, तस्माद्भिन्नावेतावर्थार्थिनौ । तथानर्थानर्थिनावपि, अर्थिनोऽनुकूलः अर्थः, प्रतिकूलः अनर्थः, ताभ्यामेकः पर्यायेणोभाभ्यां संबध्यते । तत्रार्थस्याल्पीयस्त्वात्, भूयस्त्वाच्चानर्थस्य उभावप्यर्थानर्थौ अनर्थ एवेति – तापकः स उच्यते, तप्यस्तु पुरुषः – य एकः पर्यायेणोभाभ्यां संबध्यते – इति तयोस्तप्यतापकयोरेकात्मतायां मोक्षानुपपत्तिः, जात्यन्तरभावे तु तत्संयोगहेतुपरिहारात्स्यादपि कदाचिन्मोक्षोपपत्तिरिति ॥

अत्रोच्यते – न, एकत्वादेव तप्यतापकभावानुपपत्तेः – भवेदेष दोषः, यद्येकात्मतायां तप्यतापकावन्योन्यस्य विषयविषयिभावं प्रतिपद्येयाताम्, न त्वेतदस्ति, एकत्वादेव, न ह्यग्निरेकः सन्स्वमात्मानं दहति, प्रकाशयति, वा सत्यप्यौष्ण्यप्रकाशादिधर्मभेदे परिणामित्वे च, किमु कूटस्थे ब्रह्मण्येकस्मिंस्तप्यतापकभावः संभवेत् ? क्व पुनरयं तप्यतापकभावः स्यादिति, उच्यते – किं न पश्यसि – कर्मभूतो जीवद्देहस्तप्यः, तापकः सवितेति ? ननु तप्तिर्नाम दुःखम्, सा चेतयितुः, नाचेतनस्य देहस्य, यदि हि देहस्यैव तप्तिः स्यात्, सा देहनाशे स्वयमेव नश्यतीति तन्नाशाय साधनं नैषितव्यं स्यादिति, उच्यते – देहाभावेऽपि केवलस्य चेतनस्य तप्तिर्न दृष्टा, न च त्वयापि तप्तिर्नाम विक्रिया चेतयितुः केवलस्येष्यते, नापि देहचेतनयोः संहतत्त्वम्, अशुद्ध्यादिदोषप्रसङ्गात्, न च तप्तेरेव तप्तिमभ्युपगच्छसि, कथं तवापि तप्यतापकभावः ? सत्त्वं तप्यम्, तापकं रजः – इति चेत्, न, ताभ्यां चेतनस्य संहतत्वानुपपत्तेः, सत्त्वानुरोधित्वाच्चेतनोऽपि तप्यत इवेति

પોતાથી જુદો અર્થ ન હોય તો જે અર્થીને જેને વિષે અર્થિત્વ છે તે તેનો અર્થ નિત્યસિદ્ધ જ છે તેથી તેનું તેને અર્થિત્વ નહીં થાય. જેમ પ્રકાશાત્મક પ્રદીપનો પ્રકાશસંજ્ઞક અર્થ નિત્યસિદ્ધ જ છે તેથી તેનું તે અર્થિત્વ નથી; કેમકે પ્રાપ્ત ન કરેલ અર્થને અર્થીનું અર્થિત્વ થાય છે. તેમજ અર્થને પણ અર્થત્વ નહીં થાય. જો થાય તો સ્વાર્થત્વ જ થાય; પણ એમ નથી. ખરેખર અર્થી અને અર્થ એ બે, સંબંધી છે, અને બે સંબંધીઓનો સંબંધ થાય, એકને જ નહીં. માટે એ અર્થ અને અર્થી ભિન્ન છે, તેમજ અનર્થ અને અનર્થી પણ ભિન્ન છે. અર્થીને જે અનુકૂળ હોય તે અર્થ છે અને પ્રતિકૂળ હોય તે અનર્થ છે અને તે બે સાથે એક ક્રમે સંબદ્ધ થાય છે. તેમાં અર્થ અલ્પતર અને અનર્થ બહુતર હોવાથી બંને, અર્થ અને અનર્થ, અનર્થ જ છે એટલે તે તાપક કહેવાય છે. તપ્ય તો પુરુષ છે કે જે એક ક્રમે બંને સાથે જોડાયેલો રહે છે. માટે તે બે તપ્ય અને તાપક એકાત્મક થવાથી મોક્ષ અનુપપન્ન થશે; પણ તે બે અન્ય જાતિ હોય ત્યારે તો તેના સંયોગના હેતુના પરિહારથી કોઈકવાર મોક્ષ ઉપપપન્ન થાય પણ ખરો એમ (સાંખ્ય કહે છે).

એને વિષે કહીએ છીએ - ના. એકત્વથી જ તપ્યભાવ અને તાપકભાવ અનુપપન્ન છે. જો એકાત્મતામાં તપ્ય અને તાપક એકબીજાના વિષયવિષયિભાવ પ્રાપ્ત કરે તો એ દોષ થાય; પણ એમ નથી, એકત્વથીજ; કેમકે અગ્નિ એક હોવાથી પોતાના આત્માને બાળતો નથી કે પ્રકાશ આપતો નથી જો કે ઉષ્ણત્વ, પ્રકાશ આદિ ધર્મભેદ છે અને પરિણામી છે તો પણ. તો કૂટસ્થ બ્રહ્મ એક છે તેનામાં તપ્યતાપકભાવ કેવી રીતે સંભવે ? પણ એ તપ્યતાપકભાવ ક્યાં થાય? કહીએ છીએ - તું શું નથી જોતો કે કર્મભૂત જીવતો દેહ તપ્ય છે અને સવિતા તાપક છે ? પણ તપ્તિ એટલે ખરેખર દુઃખ છે, તે ચેતનાવાળને થાય છે, અચેતન શરીરને થતું નથી. ખરેખર, જો તપ્તિ દેહને જ થાય તો તે દેહનો નાશ થતાં સ્વયં નાશ પામે માટે તેના નાશને માટે સાધન શોધવા યોગ્ય ન થાય. કહીએ છીએ - દેહના અભાવમાં પણ કેવલ ચેતનને તપ્તિ જોવામાં આવતી નથી; અને તું પણ તપ્તિ નામની વિક્રિયા માત્ર ચેતનને છે એમ ઇચ્છતો નથી; તથા દેહ અને જોડાવવું યુક્ત થતું નથી. કેમકે અશુદ્ધિ આદિ દોષનો પ્રસંગ આવે. વળી તું તપ્તિની જ તપ્તિ સ્વીકારતો નથી. તો તારે પણ તપ્યતાપકભાવ શી રીતે ? સત્ત્વ તપ્ય છે અને રજસ્ તાપક છે એમ કહેશો તો, ના કેમકે તે બેની સાથે ચેતનના સંઘાતની ઉપપત્તિ થતી નથી. સત્ત્વનો અનુરોધી હોવાથી ચેતન પણ જાણે તપે છે એવો છે એમ કહેશે તો પરમાર્થ રીતે ત્યારે નથી તપતો એમ આપત્તિ થાય છે, કેમકે इव (જાણે) શબ્દનો પ્રયોગ છે. જો તપતો નથી તો इव શબ્દ દોષજનક થતો નથી. ખરેખર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चेत् – परमार्थतस्तर्हि नैव तप्यत इत्यापतति इवशब्दप्रयोगात्, न चेत्तप्यते नेवशब्दो दोषाय, न हि – डुण्डुभः सर्प इव – इत्येतावता सविषो भवति, सर्पो वा डुण्डुभ इव – इत्येतावता निर्विषो भवति, अतश्चाविद्याकृतोऽयं तप्यतापकभावः, न पारमार्थिकः – इत्यभ्युपगन्तव्यमिति – नैवं सति ममापि किंचिद्दुष्यति । अथ पारमार्थिकमेव चेतनस्य तप्यत्वमभ्युपगच्छसि, तवैव सुतरामनिर्मोक्षः प्रसज्येत, नित्यत्वाभ्युपगमाच्च तापकस्य । तप्यतापकशक्त्योर्नित्यत्वेऽपि, सनिमित्तसंयोगापेक्षत्वात्तप्तेः, संयोगनिमित्तादर्शननिवृत्तौ, आत्यन्तिकः संयोगोपरमः, ततश्चात्यन्तिको मोक्ष उपपन्नः – इति चेत्, न, अदर्शनस्य तमसो नित्यत्वाभ्युपगमात्, गुणानां चोद्भवाभिभवयोरनियतत्वादनियतः संयोगनिमित्तोपरम इति वियोगस्याप्यनियतत्वात्सांख्यस्यैवानिर्मोक्षोऽपरिहार्यः स्यात् । औपनिषदस्य तु आत्मैकत्वाभ्युपगमात्, एकस्य च विषयविषयिभावानुपपत्तेः, विकारभेदस्य च वाचारम्भणमात्रत्वश्रवणात्, अनिर्मोक्षशङ्का स्वप्नेऽपि नोपजायते, व्यवहारे तु –यत्र यथा दृष्टस्तप्यतापकभावस्तत्र तथैव सः – इति न चोदयितव्यः परिहर्तव्यो वा भवति ॥१०॥

प्रधानकारणवादो निराकृतः, परमाणुकारणवाद इदानीं निराकर्तव्यः, तत्रादौ तावत् – योऽणुवादिना ब्रह्मवादिनि दोष उत्प्रेक्ष्यते, स प्रतिसमाधीयते । तत्रायं वैशेषिकाणामभ्युपगमः – कारणद्रव्यसमवायिनो गुणाः कार्यद्रव्ये समानजातीयं गुणान्तरमारभन्ते, शुक्लेभ्यस्तन्तुभ्यः शुक्लस्य पटस्य प्रसवदर्शनात्, तद्विपर्ययादर्शनाच्च, तस्माच्चेतनस्य ब्रह्मणो जगत्कारणत्वेऽभ्युपगम्यमाने, कार्येऽपि जगति चैतन्यं समवेयात्, तददर्शनात्तु न चेतनं ब्रह्म जगत्कारणं, भवितुमर्हतीति। इममभ्युपगमं तदीययैव प्रक्रियया व्यभिचारयित –

२. महद्दीर्घाधिकरणम् ।

महद्दीर्घवद्वा ह्रस्वपरिमण्डलाभ्याम् ॥११॥

વિષરહિત સર્પના જેવો છે એમ કહેવાથી વિષયુક્ત થતો નથી; કે સર્પ ડુણ્ડુભ વિષવિનાના જેવો છે. એટલાથી નિર્વિષ થતો નથી. એથી એ તપ્યતાપકભાવ અવિદ્યાજનિત છે, પારમાર્થિક નથી એમ સ્વીકારવું ઉચિત છે. એમ થશે એટલે મારે પણ કંઈ દોષ આવશે નહીં. જો ચેતનનો વાસ્તવિક જ તપ્યભાવ સ્વીકાર કરશો તો તને જ અત્યન્ત અનિર્મોક્ષ પ્રાપ્ત થશે; કેમકે તાપક નિત્ય છે એમ સ્વીકાર્યું છે. તપ્યશક્તિ અને તાપકશક્તિ નિત્ય છે તો પણ તપ્તિને નિમિત્તયુક્ત સંયોગની અપેક્ષા હોવાથી જ્યારે સંયોગનું નિમિત્ત અદર્શન નિવૃત્ત થાય છે ત્યારે સંયોગનો આત્યન્તિક ઉપરમ થાય છે અને તેથી આત્યન્તિક મોક્ષ ઉપપન્ન છે એમ જો કહેશો તો, ના કારણ કે તમોગુણરૂપ અદર્શન નિત્ય છે એમ સ્વીકાર્યું છે. વળી ગુણોના ઉદ્ભવ અને અભિભવ અનિયત અનિશ્ચિત હોવાથી સંયોગના નિમિત્તનો ઉપરમ અનિયત છે તેથી વિયોગ પણ અનિયત હોવાથી સાંખ્યને જ અનિર્મોક્ષ અપરિહાર્ય (જેનો પરિહાર ન થાય એવું) થશે. ઔપનિષદને વેદાન્તીઓને મતે તો આત્મા એક છે એમ સ્વીકાર છે તેથી અને એકને વિષયવિષયિભાવ ઉપપન્ન નથી તેથી, તેમજ વિકારભેદ વાચારંભણમાત્ર છે એમ શ્રુતિપ્રતિપાદિત છે તેથી અનિર્મોક્ષની શંકા સ્વપ્નમાં પણ ઉત્પન્ન થતી નથી. વ્યવહારમાં તો જ્યાં જેવો તપ્યતાપકભાવ જોવામાં આવે છે ત્યાં તેવો જ તે છે જ આથી તેની શંકા કરવી કે શંકાનો પરિહાર કરવો ઉચિત નથી ॥૧૦॥

પ્રધાનકારણવાદનું નિરાકરણ કર્યું. હવે પરમાણુકારણવાદનું નિરાકરણ કરવું યોગ્ય છે. તેમાં આરંભમાં અણુવાદી બ્રહ્મવાદીને વિષે જે દોષની ઉત્પ્રેક્ષા- કલ્પના- આક્ષેપ કરે છે તેનું સમાધાન કરાય છે. તેમાં વૈશેષિકોનો સ્વીકાર છે - કારણદ્રવ્યના સમવાયી ગુણો કાર્યદ્રવ્યમાં સમાનજાતીય અન્ય ગુણ આરંભે છે; કારણ કે સફેદ તન્તુઓથી સફેદ પટની ઉત્પત્તિ દેખાય છે અને તેથી વિપરીત દેખાતું નથી. માટે ચેતન બ્રહ્મ જગતનું કારણ છે એમ સ્વીકારવાથી કાર્ય જગત્‌માં પણ ચૈતન્ય સમવેત થાય. (સમવાય સંબંધથી હોવું જોઈએ.) પણ તે જોવામાં આવતું નથી તેથી ચેતન બ્રહ્મ જગતનું કારણ થાય એ યુક્ત નથી એમ (વૈશેષિકો સ્વીકારે) એ અભ્યુપગમમાં તેની જ પ્રક્રિયાથી વ્યભિચાર દર્શાવે છે -

૨. મહદ્દીર્ઘ અધિકરણ

હ્રસ્વ અને પરિમંડલમાંથી મહત્ અને દીર્ઘની જેમ (ચેતન બ્રહ્મમાંથી અચેતન-જડ જગત્ ઉત્પન્ન થાય છે) ॥૧૧॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एषा तेषां प्रक्रिया – परमाणवः किल कंचित्कालमनारब्धकार्या यथायोगं रूपादिमन्तः पारिमाण्डल्यपरिमाणाश्च तिष्ठन्ति, ते च पश्चाददृष्टादिपुरःसराः संयोगसचिवाश्च सन्तो व्द्यणुकादिक्रमेण कृत्स्नं कार्यजातमारभन्ते, कारणगुणाश्च कार्ये गुणान्तरम्, यदा द्वौ परमाणू व्द्यणुकमारभेते, तदा परमाणुगता रूपादिगुणविशेषाः शुक्लादयो व्द्यणुके शुक्लादीनपरानारभन्ते, परमाणुगुणविशेषस्तु पारिमाण्डल्यं न व्द्यणुके पारिमाण्डल्यमपरमारभते, व्द्यणुकस्य परिमाणान्तरयोगाभ्युपगमात्, अणुत्वह्रस्वत्वे हि व्द्यणुकवर्तिनी परिमाणे वर्णयन्ति। यदापि द्वे व्द्यणुके चतुरणुकमारभेते, तदापि समानं व्द्यणुकसमवायिनां शुक्लादीनामारम्भकत्वम्, अणुत्वह्रस्वत्वे तु व्द्यणुकसमवायिनी अपि नैवारभेते, चतुरणुकस्य महत्त्वदीर्घत्वपरिमाणयोगाभ्युपगमात् । यदापि बहवः परमाणवः, बहूनि वा व्द्यणुकानि, व्द्यणुकसहितो वा परमाणुः कार्यमारभते, तदापि समानैषा योजना । तदेवं यथा परमाणोः परिमण्डलात्सतोऽणु ह्रस्वं च व्द्यणुकं जायते, महद्दीर्घं च त्र्यणुकादि, न परिमण्डलम्, यथा वा व्द्यणुकादणोर्ह्रस्वाच्च सतो महद्दीर्घं च त्र्यणुकं जायते, नाणु, नो ह्रस्वम्, एवं चेतनाद्ब्रह्मोऽचेतनं जगज्जनिष्यते – इत्यभ्युपगमे किं तव च्छिन्नम् ॥

अथ मन्यसे –विरोधिना परिमाणान्तरेणाक्रान्तं कार्यद्रव्यं व्द्यणुकादि – इत्यतो नारम्भकाणि कारणगतानि पारिमाण्डल्यादीनि – इत्यभ्युपगच्छामि, न तु चेतनाविरोधिना गुणान्तरेण जगत आक्रान्तत्वमस्ति, येन कारणगता चेतना कार्ये चेतनान्तरं नारभेत, न ह्यचेतना नाम चेतनाविरोधी कश्चिद्गुणोऽस्ति, चेतनाप्रतिषेधमात्रत्वात्, तस्मात्परिमाण्डल्यादिवैषम्यात्प्राप्नोति चेतनाया आरम्भकत्वमिति । मैवं मंस्था – यथा कारणे विद्यमानानामपि पारिमाण्डल्यादीनामनारम्भकत्वम्, एवं चैतन्यस्यापि – इत्यस्यांशस्य समानत्वात्, न च परिमाणान्तरक्रान्तत्वं पारिमाण्डल्यादीनामनारम्भकत्वे कारणम्, प्राक्परिमाणान्तरारम्भात्पारिमाण्डल्यादीनामारम्भकत्वोपपत्तेः, आरब्धमपि कार्यद्रव्यं प्राग्गुणारम्भात्क्षणमात्रमगुणं तिष्ठतीत्यभ्युपगमात्, न च परिमाणान्तरारम्भे व्यग्राणि परिमाण्डल्यादीनीत्यतः

આ તેઓની પ્રક્રિયા છે - ખરેખર; પરમાણુઓ યથાયોગ્ય રૂપાદિયુક્ત, પારિમાણ્ડલ્ય પરિમાણવાળા કેટલોક સમય કાર્ય આરંભ્યા વગર રહે છે. પછી તે અદૃષ્ટ વગેરેને સાથે લઈ સંયોગ આદિની સહાય લઈને દ્વયણુકાદિક્રમે સમગ્ર કાર્યસમૂહને ઉત્પન્ન કરે છે; અને કારણના ગુણો કાર્યમાં અન્ય ગુણ પેદા કરે છે. જ્યારે બે પરમાણુ દ્વયણુકને ઉત્પન્ન કરે છે, ત્યારે પરમાણુમાં રહેલા રૂપાદિગુણવિશેષ શુક્લાદિઓ દ્વયણુકમાં અન્ય શુક્લાદિઓને ઉત્પન્ન કરે છે. પણ પરમાણુગુણવિશેષ પારિમાણ્ડલ્ય, દ્વયણુકમાં બીજું પારિમાણ્ડલ્ય ઉત્પન્ન થતું નથી; કેમકે દ્વયણુકનું અન્ય પરિમાણ સ્વીકાર્યું છે; કારણ કે દ્વયણુકમાં રહેનારાં પરિમાણોને તેઓ અણુત્વ અને હ્રસ્વત્વ એ રીતે વર્ણવે છે. જ્યારે પણ બે દ્વયણુક ચતરણુક ઉત્પન્ન કરે છે, ત્યારે પણ દ્વયણુકમાં સમવેત રહેલા શુક્લાદિઓનું આરંભકત્વ સમાન છે. પણ અણુત્વ અને હ્રસ્વત્વ દ્વયણુકમાં સમવાયી છે તો પણ કાર્યજનક (ઉત્પન્ન કરનારું) નથી; કેમકે ચતુરણુકનો મહત્ત્વ અને દીર્ઘત્વ પરિમાણનો યોગ સ્વીકાર્યો છે. જ્યારે પણ અનેક પરમાણુઓ કે અનેક બહુ દ્વયણુકો કે દ્વયણુકસહિત પરમાણુ કાર્ય આરંભે છે ત્યારે પણ એ યોજના સમાન છે. તો આ પ્રમાણે જેવી રીતે પરમાણુ પરિમંડલ છે તો પણ તેમાંથી અણુ અને હ્રસ્વ દ્વયણુક ઉત્પન્ન થાય છે, અને મહત્ અને દીર્ઘ ત્ર્યણુકાદિ ઉત્પન્ન થાય છે, પરિમણ્ડલ ઉત્પન્ન થતું નથી; અથવા જેવી રીતે દ્વયણુક અણુ અને હ્રસ્વ છે તો પણ તેમાંથી મહત્ અને દીર્ઘ ત્ર્યણુક ઉત્પન્ન થાય છે, અણુ ઉત્પન્ન થતું નથી કે હ્રસ્વ ઉત્પન્ન થતું નથી; એવી રીતે ચેતન બ્રહ્મથી જડ જગત્ ઉત્પન્ન થશે એ સ્વીકારમાં તારું શું છિન્ન થયું ? (તમને શો વાંધો આવે છે.)

જો તું એમ માનશે કે કાર્યદ્રવ્ય દ્વયણુકાદિ વિરોધી, અન્ય પરિમાણથી યુક્ત છે તેથી કારણગત પારિમાણ્ડલ્યાદિ આરંભક થતાં નથી એમ હું સ્વીકારું છું, પણ ચૈતન્યથી વિરોધી અન્ય ગુણથી જગત્ યુક્ત નથી કે જેથી કારણગત ચૈતન્યનો વિરોધી કોઈ ગુણ નથી, કારણ કે તે ચૈતન્ય પ્રતિષેધ માત્ર છે. માટે પારિમાણ્ડલ્ય આદિથી વૈષમ્યને લીધે ચૈતન્યને આરંભકત્વ પ્રાપ્ત થાય છે એમ (જો તું માનશે) તો એમ માનીશ નહીં; કેમકે જેમ કારણમાં વિદ્યમાન પણ પારિમાણ્ડલ્યાદિ અનારંભક છે એમ ચૈતન્ય પણ એટલો અંશ સમાન છે. વળી પારિમાણ્ડલ્યાદિ અનારંભક છે તેનું કારણ (દ્વયણુકાદિ) બીજા પરિમાણથી યુક્ત છે તે નથી; કેમકે બીજા પરિમાણના આરંભ પૂર્વે પારિમાણ્ડલ્યાદિનું આરંભકત્વ ઉપપન્ન થાય છે; કારણ કે આરંભાયેલું કાર્યદ્રવ્ય પણ ગુણના આરંભ પહેલાં ક્ષણમાત્ર નિર્ગુણ રહે છે એમ તમે સ્વીકારો છો. તેમજ પારિમાણ્ડલ્યાદિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स्वसमानजातीयं परिमाणान्तरं नारभन्ते, परिमाणान्तरस्यान्यहेतुत्वाभ्युपगमात्, **'कारणबहुत्वात्कारण-महत्त्वात्प्रचयविशेषाच्च महत्'** (वै.सू.७।१।९) **'तद्विपरीतमणु'** (वै.सू.७।१।१०) **'एतेन दीर्घत्वह्रस्वत्वे व्याख्याते'** (वै.सू.७।१।१७) इति हि काणभुजानि सूत्राणि, न च –संनिधानविशेषात्कुतश्चित्कारणबहुत्वादीन्येवारभन्ते, न पारिमाण्डल्यादीनीति – उच्येत, द्रव्यान्तरे गुणान्तरे वा आरभ्यमाणे सर्वेषामेव कारणगुणानां स्वाश्रयसमवायाविशेषात्, तस्मात्स्वभावादेव पारिमाण्डल्यादीनामनारम्भकत्वम्, तथा चेतनाया अपीति द्रष्टव्यम् ॥

संयोगाच्च द्रव्यादीनां विलक्षणानामुत्पत्तिदर्शनात्समानजातीयोत्पत्तिव्यभिचारः । द्रव्ये प्रकृते गुणोदाहरणमयुक्तमिति चेत्, न, दृष्टान्तेन विलक्षणारम्भमात्रस्य विवक्षितत्वात्, न च द्रव्यस्य द्रव्यमेवोदाहर्तव्यम्, गुणस्य वा गुण एवेति कश्चिन्नियमे हेतुरस्ति, सूत्रकारोऽपि भवतां द्रव्यस्य गुणमुदाजहार – **'प्रत्यक्षाप्रत्यक्षाणामप्रत्यक्षत्वात्संयोगस्य पञ्चात्मकं न विद्यते'** (वै.सू. ४-२-२) इति – यथा प्रत्यक्षाप्रत्यक्षयोर्भूम्याकाशयोः समवयन्संयोगोऽप्रत्यक्षः, एवं प्रत्यक्षाप्रत्यक्षेषु पञ्चसु भूतेषु समवयच्छरीरमप्रत्यक्षं स्यात्, प्रत्यक्षं हि शरीरम्, तस्मान्न पाञ्चभौतिकमिति –एतदुक्तं भवति – गुणश्च संयोगो द्रव्यं शरीरम्। **'दृश्यते तु'** (ब्र.सू. २-१-६) इति चात्रापि विलक्षणोत्पत्तिः प्रपञ्चिता । नन्वेवं सति तेनैवैतद्गतम्, नेति ब्रूमः – तत्सांख्यं प्रत्युक्तमेतत्तु वैशेषिकं प्रति । नन्वतिदेशोऽपि समानन्यायतया कृतः – **'एतेन शिष्टापरिग्रहा अपि व्याख्याताः'** (ब्र.सू. २-१-१२) इति, सत्यमेतत्, तस्यैव त्वयं वैशेषिकपरीक्षारम्भे तत्प्रक्रियानुगतेन निदर्शनेन प्रपञ्चः कृतः ॥११॥

३. परमाणुजगदकारणत्वाधिकरणम् ।

उभयथापि न कर्मातस्तदभावः ॥१२॥

इदानीं परमाणुकारणवादं निराकरोति । स च वाद इत्थं समुत्तिष्ठति – पटादीनि हि लोके सावयवानि द्रव्याणि

અન્ય પરિમાણને આરંભવામાં વ્યગ્ર છે તેથી પોતાની સમાન જાતનું અન્ય પરિમાણ આરંભતાં નથી એમ પણ કહેવું યુક્ત નથીઃ કેમકે બીજા હેતુ સ્વીકાર્યો છે; કારણ કે 'कारणबहुत्वात् कारणमहत्त्वात् प्रचयविशेषाच्च महत्' [વૈ.સૂ.૭-૧-૯] **'કારણના બહુત્વથી, કારણના મહત્ત્વથી અને પ્રચયવિશેષથી મહત્ ઉત્પન્ન થાય છે'**, तद्विपरीतमणु [વૈ.સૂ.૭-૧-૧૦] (**'તેથી વિપરીત અણુ છે'**), एतेन दीर्घत्वह्रस्वत्वे व्याख्याते [વૈ.સૂ.૭-૧-૧૭] **'આથી દીર્ઘત્વ અને હ્રસ્વત્વ વ્યાખ્યાત થયા'** એ કણાદનાં સૂત્રો છે. વળી કોઈક સંનિધાનવિશેષથી કારણબહુત્વ આદિ જ આરંભક થાય છે, પારિમાણ્ડલ્યાદિ આરંભક થતાં નથી એમ કહી શકાશે નહીં; કારણ અન્ય દ્રવ્ય કે અન્ય ગુણ આરંભવામાં બધા કારણગુણોનો સ્વાશ્રયમાં સમવાય સમાન છે. માટે સ્વભાવથી જ પારિમાણ્ડલ્યાદિ અનારંભક છે તેમ ચૈતન્ય પણ અનારંભક છે એમ સમજવું.

તેમજ સંયોગથી વિલક્ષણ દ્રવ્યાદિની ઉત્પત્તિ જોવામાં આવે છે તેથી સમાન જાતિવાળાની ઉત્પત્તિમાં વ્યભિચાર છે. દ્રવ્ય પ્રકૃત છે તેમાં ગુણનું ઉદાહરણ અયોગ્ય છે એમ કહેશો તો, ના કારણ દૃષ્ટાન્તથી વિલક્ષણ આરંભમાત્ર વિવક્ષિત છે; અને દ્રવ્યનું દ્રવ્ય જ દૃષ્ટાન્ત આપવું યોગ્ય છે ને ગુણનું ગુણ જ એમ નિયમમાં કોઈ હેતુ નથી. તમારા સૂત્રકારે પણ દ્રવ્યમાં ગુણનું ઉદાહરણ આપ્યું છે - 'प्रत्यक्षाप्रत्यक्षाणामप्रत्यक्षत्वात् संयोगस्य पञ्चात्मकं न विद्यते' [વૈ.સૂ.૪-૨-૨] **'પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષનો સંયોગ અપ્રત્યક્ષ હોવાથી શરીર પંચભૂતાત્મક નથી'** એમ. જેમ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ભૂમિ અને આકાશમાં સમવાયી સંયોગ અપ્રત્યક્ષ છે, એમ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ પાંચભૂતોમાં સમવાયી શરીર અપ્રત્યક્ષ થાય. શરીર તો પ્રત્યક્ષ છે; માટે પાંચભૌતિક નથી. તાત્પર્ય આ છે - સંયોગ ગુણ છે અને શરીર દ્રવ્ય છે. 'दृश्यते तु' [બ્ર.સૂ. ૨-૧-૬] **'પણ દેખાય છે'** એ સૂત્રમાં પણ પ્રતિપાદન કરેલું છે. પણ એમ હોય તો આ વિશેનો પૂર્વે નિકાલ થયો છે, તો પછી એ અહીં ફરીથી કેમ કહી છે. અહીં પુનઃ કહેવાનું કારણ એ છે કે તે તો સાંખ્ય પ્રત્યે કહ્યું છે, આ તો વૈશેષિક પ્રત્યે છે. પણ અતિદેશ પણ 'एतेन शिष्टापरिग्रहा अपि व्याख्याताः' [બ્ર.સૂ.૨-૧-૧૨] **'આથી શિષ્ટોથી અપરિગ્રહણ કરાયેલાનું પણ વ્યાખ્યાન થયું સમજવું'** એમ સમાન ન્યાયથી કર્યો છે. એ સત્ય છે; પણ તેનો જ આ વૈશેષિક મતની વિચારણા આરંભમાં તેનાં જ શાસ્ત્રના દૃષ્ટાન્તો લઈ આ પ્રપંચ (વિસ્તાર) કર્યો છે. ॥૧૧॥

૩. પરમાણુ જગદ્ અકારણત્વ અધિકરણ

બંને પ્રકારે પણ કર્મ સંભવતું નથી; એથી તેનો (સૃષ્ટિનો) અભાવ છે ॥ ૧૨ ॥

હવે પરમાણુકારણવાદનું **'પરમાણુ સૃષ્ટિનું કારણ છે એવા વૈશેષિકવાદનું'** નિરાકરણ કરે છે. તે વાદ આ રીતે ઉપસ્થિત થાય છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स्वानुगतैरेव संयोगसचिवैस्तन्त्वादिभिर्द्रव्यैरारभ्यमाणानि दृष्टानि, तत्सामान्येन यावत्किंचित्सावयवम्, तत्सर्वं स्वानुगतैरेव
संयोगसचिवैस्तैस्तैर्द्रव्यैरारब्धमिति गम्यते, स चायमवयवावयवविभागो यतो निवर्तते, सोऽपकर्षपर्यन्तगतः परमाणुः, सर्वं
चेदं गिरिसमुद्रादिकं जगत्सावयवम्, सावयत्वाच्चाद्यन्तवत्, न चाकारणेन कार्येण भवितव्यम् – इत्यतः परमाणवो जगतः
कारणम् – इति कणभुगभिप्रायः । तानीमानि चत्वारि भूतानि भूम्युदकतेजः पवनाख्यानि सावयवान्युपलभ्य चतुर्विधाः
परमाणवः परिकल्प्यन्ते, तेषां चापकर्षपर्यन्तगतत्वेन परतो विभागासंभवाद्विनश्यतां पृथिव्यादीनां परमाणुपर्यन्तो विभागो
भवति, स प्रलयकालः । ततः सर्गकाले च वायवीयेष्वणुष्वदृष्टापेक्षं कर्मोत्पद्यते, तत्कर्म स्वाश्रयमणुमण्वन्तरेण संयुनक्ति,
ततो व्द्यणुकादिक्रमेण वायुरुत्पद्यते, एवमग्निः, एवमापः, एवं पृथिवी, एवमेव शरीरं सेन्द्रियम् – इत्येवं सर्वमिदं जगत्
अणुभ्यः संभवति, अणुगतेभ्यश्च रूपादिभ्यो व्द्युणकादिगतानि रूपादीनि संभवन्ति, तन्तुपटन्यायेन – इति काणादा मन्यन्ते॥

तत्रेदमभिधीयते – विभागावस्थानां तावदणूनां संयोगः कर्मापेक्षोऽभ्युपगन्तव्यः, कर्मवतां तन्त्वादीनां संयोगदर्शनात्,
कर्मणश्च कार्यत्वान्निमित्तं किमप्यभ्युपगन्तव्यम्, अनभ्युपगमे निमित्ताभावान्नाणुष्वाद्यं यथा दृष्टं किमपि कर्मणो
निमित्तमभ्युपगम्येत, तस्यासंभवान्नैवाणुष्वाद्यं कर्म स्यात्, न हि तस्यामवस्थायामात्मगुणः प्रयत्नः संभवति, शरीराभावात्,
शरीरप्रतिष्ठे हि मनस्यात्मनः संयोगे सति आत्मगुणः प्रयत्नो जायते । एतेनाभिघाताद्यपि दृष्टं निमित्तं प्रत्याख्यातव्यम् ।
सर्गोत्तरकालं हि तत्सर्वं नाद्यस्य कर्मणो निमित्तं संभवति । अथादृष्टमाद्यस्य कर्मणो निमित्तमित्युच्येत – तत्पुनरात्मसमवायि
वा स्यात् ? अणुसमवायि वा ? उभयथापि नादृष्टनिमित्तमणुषु कर्मावकल्पेत, अदृष्टस्याचेतनत्वात्, न ह्यचेतनं
चेतनेनानधिष्ठितं स्वतन्त्रं प्रवर्तते प्रवर्तयति वेति सांख्यपरीक्षायामभिहितम्, आत्मनश्चानुत्पन्नचैतन्यस्य
तस्यामवस्थायामचेतनत्वात्, आत्मसमवायित्वाभ्युपगमाच्च नादृष्टमणुषु कर्मणो निमित्तं स्यात्, असंबन्धात्, अदृष्टवता

ખરેખર, લોકમાં પટાદિ સાવયવ દ્રવ્યો (અવયવયુક્ત) સ્વાનુગત (પોતાની અંદર અનુગત થયેલા) સંયોગસહિત તન્તુ વગેરે દ્રવ્યોથી ઉત્પન્ન કરાતાં દેખાય છે. તેના સાદૃશ્યથી જે કંઈ સાવયવ છે તે સર્વ સ્વાનુગત, સંયોગસહિત તે તે દ્રવ્યોથી ઉત્પન્ન થયેલું છે એમ સમજાય છે. તે અવયવ અને અવયવીનો વિભાગ જ્યાંથી નિવૃત્ત થાય છે તે અપકર્ષપર્યન્તમાં ન્યૂન પરિમાણની પરિસીમામાં રહેલો પરમાણુ છે; અને પર્વત, સમુદ્ર આદિ જેમાં છે એવું આ સર્વ જગત્ સાવયવ છે અને સાવયવ હોવાથી સાદ્યન્ત આદિ અને અન્તવાળું છે. વળી કાર્ય કારણરહિત હોવું ન જોઈએ; માટે પરમાણુઓ જગત્નું કારણ છે એમ કણાદનો અભિપ્રાય છે. ભૂમિ, જળ, તેજ અને પવન નામનાં તે ચાર સાવયવ ભૂતોને ઉપલબ્ધ કરી ચાર પ્રકારના પરમાણુઓ પરિકલ્પાય છે; અને તેઓ અપકર્ષપર્યન્ત ગયેલા હોવાથી અને ત્યાર પછી વિભાગનો અસંભવ હોવાથી વિનાશ પામતાં પૃથ્વી વગેરેનો પરમાણુપર્યન્ત વિભાગ થાય છે તે પ્રલયકાળ છે. પછી સૃષ્ટિકાળમાં વાયુના અણુઓમાં અદૃષ્ટની અપેક્ષા વડે કર્મ ઉત્પન્ન થાય છે; એવી રીતે અગ્નિ, એવી રીતે પૃથ્વી અને જળ રીતે પૃથ્વી; અને એ જ રીતે સેન્દ્રિય શરીર. આ પ્રમાણે આ સર્વ જગત્ અણુઓમાંથી જન્મે છે. વળી અણુમાં રહેલાં રૂપાદિથી દ્વયણુકાદિમાં રહેલાં રૂપાદિ તન્તુપટન્યાયથી સંભવે છે એમ કણાદના અનુયાયીઓ માને છે.

તેમાં આ કહીએ છીએ — વિભાગાવસ્થામાં રહેલા અણુઓનો સંયોગ કર્મની અપેક્ષાથી સ્વીકારવો જોઈએ; કારણ કર્મયુક્ત તન્તુ આદિમાં સંયોગ દેખાય છે; અને કર્મ કાર્ય હોવાથી તેનું કંઈક નિમિત્ત સ્વીકારવું જોઈએ. જો ન સ્વીકારીએ તો નિમિત્તના અભાવથી અણુઓમાં આદ્ય કર્મ થાય નહીં. જો સ્વીકારીએ તો પણ જો પ્રયત્ન કે અભિઘાત વગેરે યથાદૃષ્ટ કંઈક કર્મનું નિમિત્ત સ્વીકારાય તો તેનો અસંભવ હોવાથી અણુઓમાં આદ્ય કર્મ જ ન થાય; કારણ તે અવસ્થામાં આત્મગુણનો પ્રયત્ન સંભવતો નથી; કારણ કે શરીરનો અભાવ છે; કેમકે શરીરમાં પ્રતિષ્ઠિત મનને આત્માનો સંયોગ થતાં આત્મગુણનો પ્રયત્ન ઉત્પન્ન થાય છે. એથી અભિઘાત આદિ દૃષ્ટ નિમિત્તનું પણ નિરાકરણ કરવું; કેમકે સૃષ્ટિ પછીના સમયમાં તે સર્વ છે તે આદ્ય કર્મનું નિમિત્ત સંભવતું નથી. જો અદૃષ્ટ આદ્ય કર્મનું નિમિત્ત છે એમ કહેશો તો તે આત્મામાં સમવાય સંબંધથી રહેનાર છે કે અણુમાં ? બંને પ્રકારે પણ અદૃષ્ટનિમિત્ત કર્મ અણુમાં સંભવશે નહીં; કેમકે અદૃષ્ટ અચેતન છે. ખરેખર, અચેતન, ચેતનથી અધિષ્ઠિત ન થયેલું, સ્વતન્ત્ર પ્રવર્તતું નથી કે પ્રવર્તાવતું નથી એમ સાંખ્યપ્રક્રિયામાં કહ્યું છે; અને ચૈતન્ય ઉત્પન્ન થયું નથી એવો આત્મા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



पुरुषेणास्त्यणूनां संबन्ध इति चेत् – संबन्धसातत्यात्प्रवृत्तिसातत्यप्रसङ्गः, नियामकान्तराभावात् । तदेवं नियतस्य कस्यचित्कर्मनिमित्तस्याभावान्नाणुष्वाद्यं कर्म स्यात्, कर्माभावात्तन्निबन्धनः संयोगो न स्यात्, संयोगाभावाच्च तन्निबन्धनं व्द्यणुकादि कार्यजातं न स्यात् । संयोगश्चाणोरण्वन्तरेण सर्वात्मना वा स्यात् ? एकदेशेन वा ? सर्वात्मना चेत्, उपचयानुपपत्तेरणुमात्रत्वप्रसङ्गः, दृष्टविपर्ययप्रसङ्गश्च, प्रदेशवतो द्रव्यस्य प्रदेशवता द्रव्यान्तरेण संयोगस्य दृष्टत्वात्, एकदेशेन चेत्, सावयवत्वप्रसङ्गः, परमाणूनां कल्पिताः प्रदेशाः स्युरिति चेत्, कल्पितानामवस्तुत्वादवस्त्वेव संयोग इति वस्तुनः कार्यस्यासमवायिकारणं न स्यात्, असति चासमवायिकारणे व्द्यणुकादिकार्यद्रव्यं नोत्पद्येत । यथा चादिसर्गे निमित्ताभावात्संयोगोत्पत्त्यर्थं कर्म नाणूनां संभवति, एवं महाप्रलयेऽपि विभागोत्पत्त्यर्थं कर्म नैवाणूनां संभवेत्, न हि तत्रापि किंचिन्नियतं तन्निमित्तं दृष्टमस्ति, अदृष्टमपि भोगप्रसिद्ध्यर्थम्, न प्रलयप्रसिद्ध्यर्थम् – इत्यतो निमित्ताभावान्न स्यादणूनां संयोगोत्पत्त्यर्थं विभागोत्पत्त्यर्थं वा कर्म । अतश्च संयोगविभागाभावात्तदायत्तयोः सर्गप्रलययोरभावः प्रसज्येत । तस्मादनुपपन्नोऽयं परमाणुकारणवादः॥१२॥

समवायाभ्युपगमाच्च साम्यादनवस्थितेः ॥१३॥

समवायाभ्युपगमाच्च –तदभाव इति – प्रकृतेनाणुवादनिराकरणेन संबध्यते । द्वाभ्यां चाणुभ्यां व्द्यणुकमुत्पद्यमानमत्यन्तभिन्नमणुभ्यामण्वोः समवैतीत्यभ्युपगम्यते भवता, न चैवमभ्युपगच्छता शक्यतेऽणुकारणता समर्थयितुम्, कुतः ? साम्यादनवस्थितेः – यथैव ह्यणुभ्यामत्यन्तभिन्नं सत् व्द्यणुकं समवायलक्षणेन संबन्धेन ताभ्यां संबध्यते, एवं समवायोऽपि समवायिभ्योऽत्यन्तभिन्नः सन् समवायलक्षणेनान्येनैव संबन्धेन समवायिभिः संबध्येत,

---

તે અવસ્થામાં અચેતન છે. વળી અદષ્ટ આત્મામાં સમવાયી છે એવું સ્વીકાર્યું છે તેથી તે અણુઓમાં કર્મનું નિમિત્ત થશે નહીં; કેમકે સંબંધ નથી. અદષ્ટવાળા પુરુષ આત્મા સાથે અણુઓનો સંબંધ છે એમ કહેશો તો સંબંધ નિરંતર હોવાને લીધે પ્રવૃત્તિ નિરંતર થવાનો પ્રસંગ આવશે; કેમકે અન્ય નિયામક નથી. માટે એ રીતે કોઈપણ નિશ્ચિત કર્મ નિમિત્ત ન હોવાથી અણુઓમાં આદ્ય કર્મ થશે નહીં. કર્મના અભાવથી તેને આધારે થતો સંયોગ નહીં થાય; અને સંયોગના અભાવથી તેને આશ્રયે થતું દ્વયણુકાદિ કાર્યસમૂહ થશે નહીં. વળી એક અણુનો અન્ય અણુ સાથે સંયોગ સર્વાત્મક થશે કે એકદેશમાં થશે ? સર્વાત્મક થશે તો ઉપચયની (સ્થૂળતાની) અનુપપત્તિને લીધે અણુમાત્રત્વનો પ્રસંગ આવશે અને જે દેખાય છે. તેથી વિપરીતનો પ્રસંગ આવશે; કારણ કે પ્રદેશવાળા દ્રવ્યનો પ્રદેશવાળા અન્ય દ્રવ્ય સાથે સંયોગ દેખાય છે. એકદેશમાં થશે તો સાવયવત્વનો પ્રસંગ આવશે. પરમાણુઓના કલ્પિત પ્રદેશો (અવયવો) થશે એમ કહેશો તો કલ્પિતો અવસ્તુ હોવાને લીધે સંયોગ અવસ્તુ જ થશે, એટલે વસ્તુરૂપ કાર્યનું અસમવાયી કારણ નહીં થાય; અને અસમવાયી કારણ ન હોવાથી દ્વયણુકાદિ કાર્યદ્રવ્ય ઉત્પન્ન નહિ થાય. વળી જેમ આદિ સૃષ્ટિમાં નિમિત્તના અભાવથી સંયોગની ઉત્પત્તિને માટે અણુઓમાં કર્મ સંભવતું નથી, એમ મહાપ્રલયમાં પણ વિભાગની ઉત્પત્તિને અર્થે અણુઓમાં કર્મ સંભવશે નહીં; કારણ કે તેમાં પણ કંઈ તેનું નિશ્ચિત નિમિત્ત જોવામાં આવતું નથી. અદષ્ટ પણ ભોગની પ્રસિદ્ધિને માટે છે, પ્રલયની પ્રસિદ્ધિને માટે નથી, તેથી નિમિત્તના અભાવથી અણુઓમાં સંયોગની ઉત્પત્તિ માટે કે વિભાગની ઉત્પત્તિ માટે કર્મ નહીં થાય; અને માટે સંયોગ અને વિભાગના અભાવથી તેને આધારે રહેલાં સૃષ્ટિ અને પ્રલયનો અભાવ પ્રાપ્ત થાય. માટે આ પરમાણુકારણવાદ અનુપપન્ન (અસંગત) છે ॥૧૨॥

સમવાયના સ્વીકારથી પણ (અણુવાદનો અસંભવ છે),
સામ્યથી અનવસ્થિતિથી ॥૧૩॥

સમવાયના સ્વીકારથી પણ તેનો અભાવ છે એમ પ્રકૃત અણુવાદના નિરાકરણ સાથે જોડવાનું છે. બે અણુઓથી ઉત્પન્ન થતું દ્વયણુક અણુઓથી અત્યન્ત ભિન્ન છે અને અણુઓમાં સમવેત છે એમ તમે સ્વીકારો છો. પણ એમ સ્વીકારતા તમે અણુકારણતાનું સમર્થન કરી શકશો નહિ. શાથી ? સામ્યથી, અનવસ્થિતિથી, જેમ બે અણુઓથી અત્યન્ત ભિન્ન થઈ દ્વયણુક સમવાયલક્ષણ સંબંધથી તેઓની સાથે જોડાય છે; એમ સમવાય પણ સમવાયીઓથી અત્યન્ત ભિન્ન થઈ સમવાયલક્ષણ અન્ય જ સંબંધથી સમવાયીઓ સાથે જોડાય; કારણ કે બંનેમાં અત્યન્તભેદરૂપી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अत्यन्तभेदसाम्यात्, ततश्च तस्य तस्यान्योऽन्यः संबन्धः कल्पयितव्य इत्यनवस्थैव प्रसज्येत। ननु इह-प्रत्ययग्राह्यः समवायो नित्यसंबद्ध एव समवायिभिर्गृह्यते, नासंबद्धः, संबन्धान्तरापेक्षो वा, ततश्च न तस्यान्यः संबन्धः कल्पयितव्यः येनानवस्था प्रसज्येतेति। नेत्युच्यते, संयोगोऽप्येवं सति संयोगिभिर्नित्यसंबद्ध एवेति समवायवन्नान्यं संबन्धमपेक्षेत। अथार्थान्तरत्वात्संयोगः संबन्धान्तरमपेक्षेत, समवायोऽपि तर्ह्यर्थान्तरत्वात्संबन्धान्तरमपेक्षेत। न च – गुणत्वात्संयोगः संबन्धान्तरमपेक्षते, न समवायः अगुणत्वादिति – युज्यते वक्तुम्, अपेक्षाकारणस्य तुल्यत्वात्, गुणपरिभाषायाश्चातन्त्रत्वात्। तस्मादर्थान्तरं समवायमभ्युपगच्छतः प्रसज्येतैवानवस्था, प्रसज्यमानायां चानवस्थायामेकासिद्धौ सर्वासिद्धेर्द्वाभ्यामणुभ्यां व्द्यणुकं नैवोत्पद्येत, तस्मादप्यनुपपन्नः परमाणुकारणवादः ॥१३॥

नित्यमेव च भावात् ॥१४॥

अपि चाणवः प्रवृत्तिस्वभावा वा, निवृत्तिस्वभावा वा, अभयस्वाभावा वा, अनुभयस्वाभावा वा अभ्युपगम्यन्ते – गत्यन्तराभावात्, चतुर्धापि नोपपद्यते – प्रवृत्तिस्वभावत्वे नित्यमेव प्रवृत्तेर्भावात्प्रलयाभावप्रसङ्गः, निवृत्तिस्वभावत्वेऽपि नित्यमेव निवृत्तेर्भावात्सर्गाभावप्रसङ्गः, उभयस्वभावत्वं च विरोधादसमञ्जसम्, अनुभवयस्वभावत्वे तु निमित्तवशात्प्रवृत्तिनिवृत्त्योरभ्युपगम्यमानयोरदृष्टादेर्निमित्तस्य नित्यसंनिधानान्नित्यप्रवृत्तिप्रसङ्गः, अतन्त्रत्वेऽप्यदृष्टादेर्नित्याप्रवृत्तिप्रसङ्गः। तस्मादप्यनुपपन्नः परमाणुकारणवादः॥१४॥

रूपादिमत्त्वाच्च विपर्ययो दर्शनात् ॥१५॥

सावयवानां द्रव्याणामवयवशो विभज्यमानानां यतः परो विभागो न संभवति ते चतुर्विधा रूपादिमन्तः

સામ્ય છે : અને પછી તેનો અન્ય અન્ય સંબંધ કલ્પવો પડશે, એટલે અનવસ્થા જ પ્રાપ્ત થશે. પણ ઈહપ્રત્યયગ્રાહ્ય (અહીં એવા જ્ઞાનથી ગ્રહણ કરવા યોગ્ય) સમવાય સમવાયીઓ સાથે નિત્યસંબદ્ધ જ ગ્રહણ કરાય છે, અસંબદ્ધ નહીં કે અન્ય સંબંધની અપેક્ષાવાળો નહીં, તેથી તેના અન્ય સંબંધની કલ્પના કરવી યુક્ત નથી કે જેથી અનવસ્થા પ્રાપ્ત થાય એમ 'શંકા કરશો તો' અમે કહીએ છીએ કે ના; કેમકે એમ થતાં સંયોગ પણ સંયોગીઓ સાથે નિત્યસંબદ્ધ જ છે તેથી સમવાયની જેમ તેને અન્ય સંબંધની અપેક્ષા નહીં રહે. જો અન્ય અર્થ (પદાર્થ) હોવાથી સંયોગ અને સંબંધની અપેક્ષા રાખે તો સમવાય પણ અન્ય પદાર્થ હોવાથી અન્ય સંબંધની અપેક્ષા રાખે છે, પણ ગુણ વિનાનો હોવાથી સમવાય અપેક્ષા રાખતો નથી એમ કહેવું અયોગ્ય છે. કેમકે (બંનેમાં) અપેક્ષાનું કારણ સરખું છે, અને ગુણપરિભાષા અતન્ત્ર (અવિવક્ષિત) છે. માટે સમવાયને અન્ય અર્થ તરીકે સ્વીકારતા 'વૈશેષિક'ને અનવસ્થા પ્રાપ્ત થશે જ; અને અનવસ્થાં પ્રાપ્ત થશે માટે એકની અસિદ્ધિથી સર્વ અસિદ્ધ થતાં બે અણુઓથી દ્વયણુક નહીં જ ઉત્પન્ન થાય. આ કારણથી પણ પરમાણુકારણવાદ અનુપપન્ન છે. ॥૧૩॥

(પ્રવૃત્તિ કે નિવૃત્તિનો) નિત્ય જ ભાવ છે તેથી (પરમાણુવાદ અયોગ્ય છે) ॥૧૪॥

વળી, અણુઓ પ્રવૃત્તિસ્વભાવ (પ્રવૃત્તિ જેનો સ્વભાવ છે એવા) કે નિવૃત્તિસ્વભાવ (નિવૃત્તિ જેનો સ્વભાવ છે એવા) કે ઉભયસ્વભાવ કે અનુ-ઉભયસ્વભાવવાળા સ્વીકારાય છે, કારણ કે અન્ય ગતિ (સ્થિતિ)નો અભાવ છે. ચારે પ્રકારે પણ ઉપપત્તિ થતી નથી. જો પ્રવૃત્તિસ્વભાવ હોય તો નિત્ય જ પ્રવૃત્તિ થવાથી પ્રલયના અભાવનો પ્રસંગ આવે. નિવૃત્તિસ્વભાવ હોય તો હંમેશા નિવૃત્તિ થવાથી સૃષ્ટિના અભાવનો પ્રસંગ આવે. ઉભયસ્વભાવ હોવું એ તો વિરોધથી હોવાથી અયોગ્ય છે. અનુભયસ્વભાવ હોય ત્યારે તો તેમની પ્રવૃત્તિ અને નિવૃત્તિ નિમિત્તવશ સ્વીકારાય છે, એટલે અદૃષ્ટાદિ નિમિત્ત નિત્ય સંનિહિત હોવાથી નિત્ય પ્રવૃત્તિનો પ્રસંગ આવશે. અદૃષ્ટાદિ અતન્ત્ર (નિમિત્ત કારણ તરીકે અવિવક્ષિત) હોય તો પણ નિત્ય અપ્રવૃત્તિનો પ્રસંગ થશે. આ કારણથી પણ પરમાણુ- કારણવાદ અયોગ્ય છે ॥૧૪॥

પરમાણુઓ રૂપાદિમાન છે તેથી (વૈશેષિકન્યાયથી)
વિપરીત થશે; કેમકે (લોકમાં) દેખાય છે ॥૧૫॥

સાવયવ દ્રવ્યો અવયવે અવયવે વિભક્ત થતાં, (અવયવોથી) આગળ વિભાગ સંભવતો નથી. તે ચાર પ્રકારના રૂપાદિયુક્ત પરમાણુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

परमाणवश्चतुर्विधस्य रूपादिमतो भूतभौतिकस्यारम्भका नित्याश्चेति यद्वैशेषिका अभ्युपगच्छन्ति, स तेषामभ्युपगमो निरालम्बन एव, यतो रूपादिमत्त्वात्परमाणूनामणुत्वनित्यत्वविपर्ययः प्रसज्येत, परमकारणापेक्षया स्थूलत्वमनित्यत्वं च तेषामभिप्रेतविपरीतमापद्येतेत्यर्थः । कुतः ? एवं लोके दृष्टत्वात् — यद्धि लोके रूपादिमद्वस्तु तत् स्वकारणापेक्षया स्थूलमनित्यं च दृष्टम्, तद्यथा —पटस्तन्तूनपेक्ष्य स्थूलोऽनित्यश्च भवति, तन्तवश्चांशूनपेक्ष्य स्थूला अनित्याश्च भवन्ति — तथा चामी परमाणवो रूपादिमन्तस्तैरभ्युपगम्यन्ते, तस्मात्तेऽपि कारणवन्तस्तदपेक्षया स्थूला अनित्याश्च प्राप्नुवन्ति । यच्च नित्यत्वे कारणं तैरुक्तम् — **'सदकारणवन्नित्यम्'** (वै.सू.४।१।१) इति, तदप्येवं सति अणुषु न संभवति, उक्तेन प्रकारेणाणूनामपि कारणवत्त्वोपपत्तेः। यदपि नित्यत्वे द्वितीयं कारणमुक्तम् — **'अनित्यमिति च विशेषतः प्रतिषेधाभावः'** (वै.सू.४।१।४) इति, तदपि नावश्यं परमाणूनां नित्यत्वं साधयति, असति हि यस्मिन्कस्मिँश्चिन्नित्ये वस्तुनि नित्यशब्देन नञः समासो नोपपद्यते, न पुनः परमाणुनित्यत्वमेवापेक्ष्यते, तच्चास्त्येव नित्यं परमकारणं ब्रह्म, न च शब्दार्थव्यवहारमात्रेण कस्यचिदर्थस्य प्रसिद्धिर्भवति, प्रमाणान्तरसिद्धयोः शब्दार्थयोर्व्यवहारावतारात् । यदपि नित्यत्वे तृतीयं कारणमुक्तम् —**'अविद्या च'** (वै.सू.४।१।५) इति — तद्यद्येवं विव्रीयेत — सतां परिदृश्यमानकार्याणां कारणानां प्रत्यक्षेणाग्रहणमविद्येति, ततो व्द्यणुकनित्यताप्यापद्येत, अथाद्रव्यत्वे सतीति विशेष्येत, तथाप्यकारणवत्त्वमेव नित्यतानिमित्तमापद्येत, तस्य च प्रागेवोक्तत्वात्, **'अविद्या च'** (वै.सू.४।१।५) इति पुनरुक्तं स्यात्, अथापि कारणविभागात्कारणविनाशाच्चान्यस्य तृतीयस्य विनाशहेतोरसंभवोऽविद्या, सा परमाणूनां नित्यत्वं ख्यापयति — इति व्याख्यायेत — नावश्यं विनश्यद्वस्तु द्वाभ्यामेव हेतुभ्यां विनष्टुमर्हतीति नियमोऽस्ति, संयोगसचिवे ह्यनेकस्मिंश्च द्रव्ये द्रव्यान्तरस्यारम्भकेऽभ्युपगम्यमान एतदेवं स्यात्, यदा त्वपास्तविशेषं सामान्यात्मकं कारणं विशेषवदवस्थान्तरमापद्यमानमारम्भकमभ्युपगम्यते, तदा घृतकाठिन्यविलयनवन्मूर्त्यवस्थाविलयनेनापि विनाश उपपद्यते ।

ચાર પ્રકારના રૂપાદિયુક્ત ભૂતભૌતિકના (મહાભૂત અને તેના બનેલા પદાર્થોના) આરંભક છે અને નિત્ય છે એમ જે વૈશેષિકો સ્વીકારે છે તેમનો મત આધાર વિનાનો છે; કારણ કે રૂપાદિયુક્ત હોવાથી પરમાણુઓનો અણુત્વ અને નિત્યત્વથી વિપર્યય પ્રાપ્ત થશે. પરમ કારણની અપેક્ષાએ તેઓ સ્થૂલ અને અનિત્ય છે એમ તેમના અભિપ્રાયથી વિપરીત આપત્તિ થશે એવો અર્થ છે. શાથી ? કારણ લોકમાં આ પ્રમાણે દેખાય છે. ખરેખર, લોકમાં જે રૂપાદિમત્ વસ્તુ છે તે પોતાના કારણ કરતાં સ્થૂલ અને અનિત્ય દેખાય છે. આથી જેમ પટ તન્તુઓ કરતાં સ્થૂલ અને અનિત્ય છે અને તન્તુઓ અંશુઓ કરતાં સ્થૂલ અને અનિત્ય છે, તેમ આ પરમાણુઓ, રૂપાદિયુક્ત છે એમ તેઓ સ્વીકારે છે તેથી કારણવાળાં થઈ તે કારણ કરતાં સ્થૂલ અને અનિત્ય છે એમ પ્રાપ્ત થાય છે; અને નિત્યત્વ માટે તેઓએ જે કારણ આપ્યું છે - 'सदकारणवन्नित्यम्' [વૈ.સૂ. ૪-૧-૧] **'વિદ્યમાન વસ્તુ જેને કારણ નથી તે નિત્ય છે.'** તે પણ એમ હોવાથી અણુઓ વિષે સંભવતું નથી; કારણ કે ઉક્ત પ્રકારે અણુઓને પણ કારણ છે એમ સિદ્ધ થાય છે. વળી નિત્યત્વ માટે જે બીજું કારણ આપ્યું છે - 'अनित्यमिति च विशेषतः प्रतिषेधाभावः' [વૈ.સૂ.૪-૧-૪] **'(કાર્ય) અનિત્ય છે એમ વિશેષ રીતે પ્રતિષેધનો અભાવ (થાય)'** તે પણ અવશ્ય પરમાણુઓનું નિત્યત્વ સિદ્ધ થતું નથી; કારણ કે ગમે તે કોઈ નિત્ય વસ્તુ ન હોય તો નિત્ય શબ્દ સાથે 'નञ्' (અ)નો સમાસ ઉપપન્ન થાય નહીં; અને કંઈ પરમાણુના નિત્યત્વની જ અપેક્ષા નથી. તે તો નિત્ય પરમકારણ બ્રહ્મ છે જ. વળી શબ્દાર્થવ્યવહારમાત્રથી કોઈ અર્થ પ્રસિદ્ધ થતો નથી; કેમકે અન્ય પ્રમાણથી સિદ્ધ થયેલા શબ્દાર્થો વ્યવહારમાં પ્રયોજાય છે. તેમજ નિત્યત્વ માટે જે ત્રીજું કારણ કહ્યું છે - 'अविद्या च' [વૈ.સૂ.૪-૧-૫] **(અને અવિદ્યા)** - તેનું જો એવું વિવરણ કરીએ કે જેનાં કાર્ય પરિદૃશ્યમાન (સર્વતઃ દેખાતાં) છે એવાં વિદ્યમાન કારણોનું પ્રત્યક્ષ અગ્રહણ તે અવિદ્યા, તો દ્વયણુકની પણ નિત્યતા થવાનો પ્રસંગ આવે. જો 'अद्रव्ये सति' 'અદ્રવ્ય હોઈ' એટલું વિશેષણ ઉમેરીએ તો પણ અકારણવત્ત્વ જ નિત્યતાનું નિમિત્ત થવાનો પ્રસંગ આવે, અને તે પૂર્વે કહેલું હોવાથી 'अविद्या च' એ પુનરુક્ત થાય. તથા જો કારણવિભાગથી કે કારણવિનાશથી અન્ય ત્રીજા, વિનાશહેતુનો અસંભવ તે અવિદ્યા અને તે પરમાણુઓનું નિત્યત્વ સ્થાપે છે એમ વ્યાખ્યા કરો તો વિનાશ પામતી વસ્તુ અવશ્ય બે જ હેતુથી વિનાશ પામવી યોગ્ય છે એવો નિયમ નથી; કારણ કે સંયોગસહિત અનેક દ્રવ્યને અન્ય દ્રવ્યના આરંભક સ્વીકારીએ તો એ પ્રમાણે થાય. પણ જેમાંથી વિશેષ જતું રહ્યું છે એવું સામાન્યાત્મક કારણ વિશેષયુક્ત અન્ય અવસ્થાને પ્રાપ્ત કરતાં આરંભક તરીકે સ્વીકારાય તો ઘીના કઠણપણાના નાશની જેમ મૂર્ત અવસ્થાના વિલયથી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तस्माद्रूपादिमत्त्वात्स्यादभिप्रेतविपर्ययः परमाणूनाम् । तस्मादप्यनुपपन्नः परमाणुकारणवादः ॥१५॥

उभयथा च दोषात् ॥१६॥

गन्धरसरूपस्पर्शगुणा स्थूला पृथिवी, रूपरसस्पर्शगुणाः सूक्ष्मा आपः, रूपस्पर्शगुणं सूक्ष्मतरं तेजः, स्पर्शगुणः सूक्ष्मतमो वायुः – इत्येवमेतानि चत्वारि भूतान्युपचितापचितगुणानि स्थूलसूक्ष्मसूक्ष्मतरसूक्ष्मतमतारतम्योपेतानि च लोके लक्ष्यन्ते, तद्वत्परमाणवोऽप्युपचितापचितगुणाः कल्पेरन् न वा, उभयथापि च दोषानुषङ्गोऽपरिहार्य एव स्यात् । कल्प्यमाने तावदुपचितापचितगुणत्वे, उपचितगुणानां मूर्त्युपचयादपरमाणुत्वप्रसङ्गः, न चान्तरेणापि मूर्त्युपचयं गुणोपचयो भवतीत्युच्येत, कार्येषु भूतेषु गुणोपचये मूर्त्युपचयदर्शनात् । अकल्प्यमाने तूपचितापचितगुणत्वे – परमाणुत्वसाम्यप्रसिद्धये यदि तावत्सर्व एकैकगुणा एव कल्प्येरन्, ततस्तेजसि स्पर्शस्योपलब्धिर्न स्यात्, अप्सु रूपस्पर्शयोः, पृथिव्यां च रसरूपस्पर्शानाम्, कारणगुणपूर्वकत्वात्कार्यगुणानाम्, अथ सर्वे चतुर्गुणा एव कल्प्येरन्, ततोऽप्स्वपि गन्धस्योपलब्धिः स्यात्, तेजसि गन्धरसयोः, वायौ च गन्धरूपरसानाम् । न चैवं दृश्यते । तस्मादप्यनुपपन्नः परमाणुकारणवादः ॥१६॥

अपरिग्रहाच्चात्यन्तमनपेक्षा ॥१७॥

प्रधानकारणवादो वेदविद्भिरपि कैश्चिन्मन्वादिभिः सत्कार्यत्वाद्यंशोपजीवनाभिप्रायेणोपनिबद्धः, अयं तु परमाणुकारणवादो न कैश्चिदपि शिष्टैः केनचिदप्यंशेन परिगृहीत इत्यत्यन्तमेवानादरणीयो वेदवादिभिः । अपि च वैशेषिकास्तन्त्रार्थभूतान् षट्पदार्थान् द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायाख्यान् अत्यन्तभिन्नान् भिन्नलक्षणान् अभ्युपगच्छन्ति – यथा मनुष्योऽश्वः शश इति, तथात्वं चाभ्युपगम्य तद्विरुद्धं द्रव्याधीनत्वं शेषाणामभ्युपगच्छन्ति, तन्नोपपद्यते, कथम् ?

વિનાશ ઉપપન્ન થાય. માટે પરમાણુને રૂપ આદિ ગુણ હોવાથી, તેની સૂક્ષ્મતા અને નિત્યતા એ જે ધર્મો વૈશેષિકોને ઇષ્ટ છે, તેનાથી વિપરીત ધર્મ સિદ્ધ થશે; તેથી એ કારણે પણ પરમાણુકારણવાદ અયોગ્ય છે. ॥૧૫॥

અને બંને રીતે દોષ આવતો હોવાથી (પરમાણુકારણવાદ યુક્ત નથી) ॥૧૬॥

ગન્ધ, રસ, રૂપ અને સ્પર્શ ગુણવાળી પૃથિવી સ્થૂલ છે, રૂપ, રસ અને સ્પર્શ ગુણવાળું જળ સૂક્ષ્મ છે, રૂપ અને સ્પર્શ ગુણવાળું તેજ સૂક્ષ્મતર છે અને સ્પર્શ ગુણવાળો વાયુ સૂક્ષ્મતમ છે, એમ આ ચાર ભૂતો ઉપચિત (વૃદ્ધિ પામેલા) અને અપચિત (ક્ષય પામેલા) ગુણવાળા, સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ તારતમ્યથી યુક્ત લોકમાં દેખાય છે. તે પ્રમાણે પરમાણુઓ પણ જેના ગુણોમાં ઉપચય અને અપચય થાય છે એવા કલ્પવા છે કે નહીં. બંને પ્રકારે દોષનો અનુષઙ્ગ (સંબંધ) દૂર કરાય એમ નથી જ . ઉપચિત અને અપચિત ગુણવાળા પરમાણુઓની કલ્પના થાય તો ઉપચિત ગુણવાળા પરમાણુઓની મૂર્તિના ઉપચયથી અપરમાણુત્વ થવાનો પ્રસંગ આવે. મૂર્તિના ઉપચય વગર પણ ગુણનો ઉપચય થાય છે એમ કહેવાશે નહીં; કાર્ય ભૂતોમાં ગુણના ઉપચયમાં મૂર્તિનો ઉપચય દેખાય છે. પરંતુ ઉપચિત અને અપચિત ગુણવાળા પરમાણુઓ ન કલ્પાય તો પરમાણુત્વની સમતાની પ્રસિદ્ધિને માટે જો સર્વ એક-એક ગુણવાળા કલ્પાય તો તેજમાં સ્પર્શની પ્રાપ્તિ નહીં થાય, જળમાં રૂપ અને સ્પર્શની, અને પૃથ્વીમાં રસ, રૂપ અને સ્પર્શની, કારણ કે કાર્યના ગુણો કારણના ગુણોથી ઉત્પન્ન થાય છે. જો બધું ચાર ગુણવાળું કલ્પાય તો જળમાં પણ ગન્ધની ઉપલબ્ધિ થાય, તેજમાં ગન્ધ અને રસની અને વાયુમાં ગન્ધ, રૂપ અને રસની. પણ લોકમાં એવું દેખાતું નથી. આ કારણથી પણ પરમાણુકારણવાદ અનુપપન્ન (અયોગ્ય) છે ॥૧૬॥

**(પરમાણુકારણવાદનો શિષ્ટ લોકોએ) પરિગ્રહ (સ્વીકાર) કર્યો નથી
તેથી (તેનો) અત્યન્ત (સર્વથા) ત્યાગ કરવો જોઈએ.॥ ૧૭ ॥**

પ્રધાનકારણવાદ કેટલાક મનુ વગેરે વેદવેત્તાઓએ સત્યકાર્યવાદી આદિ અંશના ઉપર આધાર રાખતા અભિપ્રાયથી રચ્યો છે; પણ પરમાણુકારણવાદ તો કોઈ પણ શિષ્ટલોકો કોઈ પણ અંશે પરિગ્રહણ (સ્વીકાર) કર્યો નથી તેથી વેદવાદીઓથી અત્યન્ત જ અનાદરણીય છે. વળી વૈશેષિકો પોતાના તન્ત્રના (શાસ્ત્રના) અર્થભૂત, દ્રવ્ય, ગુણ, કર્મ સામાન્ય, વિશેષ, સમવાય નામના, મનુષ્ય, અશ્વ અને સસલાની જેમ અત્યન્ત ભિન્ન, ભિન્ન લક્ષણવાળા છ પદાર્થો સ્વીકારે છે અને આ પ્રમાણે સ્વીકારી શેષ પદાર્થો દ્રવ્યને અધીન છે એમ તેથી વિરુદ્ધ સ્વીકારે છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यथा हि लोके शशकुशपलाशप्रभृतीनामत्यन्तभिन्नानां सतां नेतरेतराधीनत्वं भवति, एवं द्रव्यादीनामप्यत्यन्तभिन्नत्वात्, नैव द्रव्याधीनत्वं गुणादीनां भवितुमर्हति, अथ भवति द्रव्याधीनत्वं गुणादीनाम्, ततो द्रव्यभावे भावाद्द्रव्याभावेऽभावाद्द्रव्यमेव संस्थानादिभेदादनेकशब्दप्रत्ययभाग्भवति – यथा देवदत्त एक एव सन् अवस्थान्तरयोगादनेकशब्दप्रत्ययभाग्भवति, तद्वत्, तथा सति सांख्यसिद्धान्तप्रसङ्गः स्वसिद्धान्तविरोधश्चापद्येयाताम् । नन्वग्नेरन्यस्यापि सतो धूमस्याग्न्यधीनत्वं दृश्यते, सत्यं दृश्यते, भेदप्रतीतेस्तु तत्राग्निधूमयोरन्यत्वं निश्चीयते, इह तु – शुक्लः कम्बलः, रोहिणी धेनुः, नीलमुत्पलम् – इति द्रव्यस्यैव तस्य तस्य तेन तेन विशेषणेन प्रतीयमानत्वात् नैव द्रव्यगुणयोरग्निधूमयोरिव भेदप्रतीतिरस्ति, तस्माद्द्रव्यात्मकता गुणस्य। एतेन कर्मसामान्यविशेषसमवायानां द्रव्यात्मकता व्याख्याता ॥

गुणानां द्रव्याधीमत्वं द्रव्यगुणयोरयुतसिद्धत्वादिति यद्युच्येत, तत्पुनरयुतसिद्धत्वमपृथग्देशत्वं वा स्यात्, अपृथक्कालत्वं वा, अपृथक्स्वभावत्वं वा, सर्वथापि नोपपद्यते – अपृथग्देशत्वे तावत्स्वाभ्युपगमो विरुध्येत, कथम् ? तन्त्वारब्धो हि पटस्तन्तुदेशोऽभ्युपगम्यते, न पटदेशः, पटस्य तु गुणाः शुक्लत्वादयः पटदेशा अभ्युपगम्यन्ते, न तन्तुदेशाः, तथा चाहुः – '**द्रव्याणि द्रव्यान्तरमारभन्ते गुणाश्च गुणान्तम्**' (वै.सू.१।१।१०) इति, तन्तवो हि कारणद्रव्याणि कार्यद्रव्यं पटमारभन्ते, तन्तुगताश्च गुणाः शुक्लादयः कार्यद्रव्ये पटे शुक्लादिगुणान्तरमारभन्ते – इति हि तेऽभ्युपगच्छन्ति, सोऽभ्युपगमो द्रव्यगुणयोरपृथग्देशत्वेऽभ्युपगम्यमाने बाध्येत । अथ अपृथक्कालत्वमयुतसिद्धत्वमुच्येत, स्व्यदक्षिणयोरपि गोविषाणयोरयुतसिद्धत्वं प्रसज्येत। तथा अपृथक्स्वभावत्वे त्वयुतसिद्धत्वे, न द्रव्यगुणयोरात्मभेदः संभवति, तस्य तादात्म्येनैव प्रतीयमानत्वात् ॥

ઉપપન્ન થતું નથી. કેવી રીતે ? કેમકે જેમ લોકમાં સસલું, કુશ, પલાશ વગેરે અત્યન્ત ભિન્ન હોઈ એકબીજાને અધીન થતાં નથી, એમ દ્રવ્યાદિ પણ અત્યન્ત ભિન્ન હોવાથી ગુણ વગેરે દ્રવ્યને અધીન થવાં યુક્ત નથી જ. પણ જો ગુણાદિઓ દ્રવ્યાધીન છે તો દ્રવ્યને ભાવે તેમનો ભાવ છે (તે હોય તો હોય) અને દ્રવ્યને અભાવે અભાવ (તે ન હોય તો ન હોય) તેથી દ્રવ્ય જ સંસ્થાનાદિ (આકૃતિ વગેરે) ભેદથી અનેક શબ્દ અને પ્રતીતિવાળું થાય છે. જેમ દેવદત્ત એક જ હોઈ અન્ય અવસ્થાના યોગથી અનેક શબ્દ અને પ્રતીતિવાળો થાય છે તેમ. આમ થવાથી સાંખ્ય સિદ્ધાન્તનો પ્રસંગ અને સ્વસિદ્ધાંતનો વિરોધ પ્રાપ્ત થાય છે. પણ અગ્નિથી જુદો છે તો પણ ધૂમાડો અગ્નિને અધીન દેખાય છે. સાચું છે, દેખાય છે; પણ ભેદપ્રતીતિથી તેમાં અગ્નિ અને ધૂમ જુદા છે એમ નિશ્ચય થાય છે. પણ અહીં શુક્લ કાંબળો, લાલ ગાય, નીલ ઉત્પલ, એમ તે તે દ્રવ્ય તે તે વિશેષણથી પ્રતીયમાન (જ્ઞાયમાન) થવાથી, અગ્નિ અને ધૂમની જેમ દ્રવ્ય અને ગુણની ભેદપ્રતીતિ નથી. માટે ગુણ દ્રવ્યાત્મક છે. આથી કર્મ, સામાન્ય, વિશેષ, અને સમવાય દ્રવ્યાત્મક છે એમ વ્યાખ્યાત થયું સમજવું.

ગુણ વગેરે દ્રવ્યને અધીન છે; કારણ કે દ્રવ્ય અને ગુણ અયુતસિદ્ધ છે એમ જો કહેવાય તો તે અયુતસિદ્ધત્વ (જે બેમાંથી એક અવિનાશ પામતું અન્યને આશ્રયીને જ રહે છે તે બે અયુતસિદ્ધ છે.) અપૃથક્દેશત્વ કે અપૃથંક્કાલત્વ કે અપૃથગ્સ્વભાવત્વ હોય; કોઈ પણ રીતે પણ ઉપપન્ન (સંગત) થતું નથી. જે પૃથગ્દેશમાં ન હોય તે અયુતસિદ્ધ એમ જો અયુતસિદ્ધત્વને અપૃથગ્દેશત્વ લઈએ તો પોતાનો સ્વીકાર વિરુદ્ધ થાય. પોતાના મતમાં જ વિરોધ આવે. કેવી રીતે ? કેમકે તન્તુમાં ઉત્પન્ન થયેલો પટ તન્તુદેશને વ્યાપ્ત કરે છે, પટદેશને વ્યાપ્ત કરે છે એવું તમે સ્વીકારતા નથી; પણ પટના શુક્લ આદિ ગુણો પટદેશ સ્વીકારાય છે, તન્તુદેશ સ્વીકારાતા નથી. જેમ કે કહે છે કે 'દ્રવ્યાણિ દ્રવ્યાન્તરમારભન્તે ગુણાશ્ચ ગુણાન્તરમ્' [વૈ.સૂ.૧-૧-૧૦] **'દ્રવ્યો અન્ય દ્રવ્ય ઉત્પન્ન કરે છે અને ગુણો અન્ય ગુણો'** કારણ કે કારણદ્રવ્ય તન્તુઓ કાર્યદ્રવ્ય પટ ઉત્પન્ન કરે છે અને તન્તુગત શુક્લાદિ ગુણો કાર્યદ્રવ્ય પટમાં શુક્લાદિ બીજા ગુણો ઉત્પન્ન કરે છે એમ તેઓ સ્વીકારે છે. તે સ્વીકારને (મતને) દ્રવ્ય અને ગુણને અપૃથગ્દેશ સ્વીકારવાથી બાધ આવે. જે પૃથક્ કાલે ન હોય તે અયુતસિદ્ધ એમ જો અયુતસિદ્ધત્વને અપૃથક્કાલ કહીએ તો ગાયના સવ્ય (ડાબા) અને દક્ષિણ (જમણા) શીંગડાં અયુતસિદ્ધ છે એમ પ્રાપ્ત થાય. તથા જેનો સ્વભાવ પૃથક્ ન હોય તે અયુતસિદ્ધ એમ જો અયુતસિદ્ધત્વને અપૃથક્ સ્વભાવત્વ ગણીએ તો દ્રવ્ય અને ગુણનો સ્વરૂપભેદ સંભવતો નથી; કારણ કે ગુણ દ્રવ્યના સ્વરૂપ તરીકે પ્રતીત થાય છે.

F/16

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

युतसिद्धयोः संबन्धः संयोगः, अयुतसिद्धयोस्तु समवायः –इत्ययमभ्युपगमो मृषैव तेषाम्, प्राक्सिद्धस्य कार्यात्कारणस्यायुतसिद्धत्वानुपपत्तेः । अथान्यतरापेक्ष एवायमभ्युपगमः स्यात् – अयुतसिद्धस्य कार्यस्य कारणेन संबन्धः समवाय इति, एवमपि प्रागसिद्धस्यालब्धात्मकस्य कार्यस्य कारणेन संबन्धो नोपपद्यते, द्वयायत्तत्वात्संबन्धस्य । सिद्धं भूत्वा संबध्यत इति चेत्, प्राक्कारणसंबन्धात्कार्यस्य सिद्धावभ्युपगम्यमानायामयुतसिद्ध्यभावात्, कार्यकारणयोः संयोगविभागौ न विद्येते इतीदमुक्तं दुरुक्तं स्यात् । यथा चोत्पन्नमात्रस्याक्रियस्य कार्यद्रव्यस्य विभुभिराकाशादिभिर्द्रव्यान्तरैः संबन्धः संयोग एवाभ्युपगम्यते, न समवायः, एवं कारणद्रव्येणापि संबन्धः संयोग एव स्यात्, न समवायः । नापि संयोगस्य समवायस्य वा संबन्धस्य संबन्धिव्यतिरेकेणास्तित्वे किंचित्प्रमाणमस्ति, संबन्धिशब्दप्रत्ययव्यतिरेकेण संयोगसमवायशब्द-प्रत्ययदर्शनात्तयोरस्तित्वमिति चेत्, न, एकत्वेऽपि स्वरूपबाह्यरूपापेक्षया अनेकशब्दप्रत्ययदर्शनात् । यथैकोऽपि सन् देवदत्तो लोके स्वरूपं संबन्धिरूपं चापेक्ष्य अनेकशब्दप्रत्ययभाग्भवति – मनुष्यो ब्राह्मणः श्रोत्रियो वदान्यो बालो युवा स्थविरः पिता पुत्रः पौत्रो भ्राता जामातेति, यथा चैकापि सती रेखा स्थानान्यत्वेन निविशमाना एकदशसतसहस्रादिशब्दप्रत्ययभेदमनुभवति, तथा संबन्धिनोरेव संबन्धिशब्दप्रत्ययव्यतिरेकेण संयोगसमवाय-शब्दप्रत्ययार्हत्वम्, न व्यतिरिक्तवस्त्वस्तित्वेन – इत्युपलब्धिलक्षणप्राप्तस्यानुपलब्धेः अभावः वस्त्वन्तरस्य, नापि संबन्धिविषयत्वे संबन्धशब्दप्रत्ययोः संततभावप्रसङ्गः, स्वरूपबाह्यरूपापेक्षयेति – उक्तोत्तरत्वात् । तथाण्वात्ममनसामप्रदेशत्वान्न संयोगः संभवति, प्रदेशवतो द्रव्यस्य प्रदेशत्वा द्रव्यान्तरेण संयोगदर्शनात्, कल्पिताः प्रदेशा अण्वात्ममनसां भविष्यन्तीति चेत्, न, अविद्यमानार्थकल्पनायां सर्वार्थसिद्धिप्रसङ्गात्, इयानेवाविद्यमानो विरुद्धोऽविरुद्धो वा अर्थः कल्पनीयः, नातोऽधिकः – इति नियमहेत्वभावात्, कल्पनायाश्च स्यावत्तत्वात्प्रभूतत्वसंभवाच्च – न च वैशेषिकैः कल्पितेभ्यः षड्भ्यः पदार्थेभ्योऽन्येऽधिकाः शतं सहस्रं वा अर्था न कल्पयितव्या इति निवारको हेतुरस्ति, तस्माद्यस्मै यस्मै

યુતસિદ્ધ પદાર્થોનો સંબંધ તે સંયોગ અને અયુતસિદ્ધ પદાર્થોનો સંબંધ તે સમવાય એવો તેમનો મત વ્યર્થ જ છે; કારણ કે કાર્યથી પૂર્વે સિદ્ધ થયેલું કારણ અયુતસિદ્ધ છે એ ઉપપન્ન થતું નથી. જો અયુતસિદ્ધ કાર્યનો કારણ જોડે સંબંધ તે સમવાય, એમ બેમાંથી એકની અપેક્ષાએ જ એ સ્વીકાર છે એમ કહેશો તો એ રીતે પણ પૂર્વે અસિદ્ધ, જેણે સ્વરૂપ પ્રાપ્ત કર્યું નથી એવા કાર્યનો કારણ સાથે સંબંધ યોગ્ય બનતો નથી; કારણ કે સંબંધ બંને અધીન છે. સિદ્ધ થઈને સંબંધ થાય છે એમ કહેશો તો કારણસંબંધની પહેલાં કાર્યની સિદ્ધિ સ્વીકારતાં અયુતસિદ્ધિનો અભાવ થાય છે તેથી કાર્યકારણના સંયોગ અને વિભાગ થતા નથી એમ કહેવું મુશ્કેલ બને છે. વળી જેમ ઉત્પન્નમાત્ર, ક્રિયારહિત કાર્યદ્રવ્યનો વિભુ, આકાશાદિ અન્ય દ્રવ્યો સાથે સંબંધ સંયોગ જ સ્વીકારાય છે, સમવાય નહીં, એમ કારણદ્રવ્ય સાથે પણ સંયોગ સંબંધ જ થાય, સમવાય નહીં; તથા સંયોગ કે સમવાય સંબંધ સંબંધીઓથી જુદા છે એ વિષે કોઈ પણ પ્રમાણ નથી. 'સંબંધી' એ શબ્દ અને પ્રતીતિથી વ્યતિરિક્ત સંયોગ અને સમવાય એ શબ્દ અને પ્રતીતિ દેખાય છે તેથી તેઓનું અસ્તિત્વ છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે એક હોય તો પણ સ્વરૂપ અને બાહ્ય રૂપની અપેક્ષાથી અનેક નામ અને પ્રતીતિ દેખાય છે. જેમકે એક છે તો પણ દેવદત્ત લોકમાં સ્વરૂપ અને સંબંધિરૂપની અપેક્ષાએ અનેક નામો અને પ્રતીતિવાળો થાય છે - મનુષ્ય, બ્રાહ્મણ, શ્રોત્રિય, ઉદાર, બાલ, યુવા, વૃદ્ધ, પિતા, પુત્ર, પૌત્ર, ભાઈ અને જમાઈ એમ. વળી જેમ એક છે તો પણ રેખા અન્ય સ્થાને મુકાતી, એક, દશ, સો, હજાર આદિ નામો અને પ્રતીતિવાળી થાય છે, તેમ સંબંધીઓથી (સંબંધી પદાર્થો) જ સંબંધી શબ્દ અને પ્રતીતિથી ભિન્ન, સંયોગ અને સમવાય એ નામ અને પ્રતીતિ(જ્ઞાન)ને યોગ્ય થાય છે. પરંતુ તે નામ અને જ્ઞાન ઉપરથી સંયોગ અને સમવાય જુદા પદાર્થો છે એમ સિદ્ધ થતું નથી. જો સંબંધી (પદાર્થ) જ સંબંધના નામ અને જ્ઞાનનો વિષય થાય અને તેના જ્ઞાનો પણ નિત્ય રહે, એમ નહીં કહેવાય. (કારણ કે) તે (પદાર્થો)નાં જે સ્વરૂપ અને બાહ્યરૂપની અપેક્ષાએ તેનાં અનેક નામ અને જ્ઞાન હોય છે એમ ઉપર અમે કહ્યું જ છે. તેમ અણુ, આત્મા અને મનનો સંયોગ સંભવતો નથી; કેમકે તેમને પ્રદેશ નથી, અને પ્રદેશવાળા દ્રવ્યનો પ્રદેશવાળા અન્ય દ્રવ્ય સાથે સંયોગ જોવામાં આવે છે. જો અણુ આત્મા અને મનના કલ્પિત પ્રદેશો થશે એમ કહેશો તો તે યુક્ત નથી; કારણ કે અવિદ્યમાન અર્થની કલ્પના કરવાથી સર્વ અર્થ સિદ્ધ થવાનો પ્રસંગ આવશે. આટલો જ વિદ્યમાન વિરુદ્ધ કે અવિરુદ્ધ અર્થ કલ્પનીય છે, અધિક નથી એવા નિયમને માટે હેતુ નથી, અને કલ્પના સ્વાધીન હોવાથી નિરવધિ થવાનો સંભવ છે. વળી વૈશેષિકોએ કલ્પેલા છ પદાર્થોથી અન્ય, અધિક, સો કે સહસ્ર પદાર્થોની કલ્પના કેમ ન કરવી

F/16

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यद्यद्रोचते तत्तत्सिध्येत्, कश्चित्कृपालुः प्राणिनां दुःखबहुलः संसार एव मा भूदिति कल्पयेत्, अन्यो वा व्यसनी मुक्तानामपि पुनरुत्पत्तिं कल्पयेत्, कस्तयोर्निवारकः स्यात् । किंचान्यत् – द्वाभ्यां परमाणुभ्यां निरवयवाभ्यां सावयवस्य व्द्यणुकस्याकाशेनेव संश्लेषानुपपत्तिः, न ह्याकाशस्य पृथिव्यादीनां च जतुकाष्ठवत्संश्लेषोऽस्ति, कार्यकारणद्रव्ययोराश्रिताश्रयभावोऽन्यथा नोपपद्यत इत्यवश्यं कल्प्यः समवाय इति चेत्, न, इतरेतराश्रयत्वात् – कार्यकारणयोर्हि भेदसिद्धावाश्रिताश्रयभावसिद्धिः, आश्रिताश्रयभावसिद्धौ च तयोर्भेदसिद्धिः – कुण्डबदरवत् – इतीतरेतराश्रयता ख्यात्, न हि कार्यकारणयोर्भेद आश्रिताश्रयभावो वा वेदान्तवादिभिरभ्युपगम्यते, कारणस्यैव संस्थानमात्रं कार्यमित्यभ्युपगमात् ॥

किंचान्यत् – परमाणूनां परिच्छिन्नत्वात्, यावत्यो दिशः – षट् अष्टौ दश वा - तावद्भिरवयवैः सावयवास्ते स्युः, सावयवत्वादनित्याश्च – इति नित्यत्वनिरवयवत्वाभ्युपगमो बाध्येत । यांस्त्वं दिग्भेदभेदिनोऽवयवान्कल्पयसि, त एव परमाणव इति चेत्, न, स्थूलसूक्ष्मतारतम्यक्रमेण आ परमकारणाद्विनाशोपपत्तेः – यथा पृथिवी व्द्यणुकाद्यपेक्षया स्थूलतमा वस्तुभूतापि विनश्यति, ततः सूक्ष्मं सूक्ष्मतरं च पृथिव्येकजातीयकं विनश्यति, ततो व्द्यणुकम्, तथा परमाणवोऽपि पृथिव्येकजातीयकत्वाद्विनश्येयुः । विनश्यन्तोऽप्यवयवविभागेनैव विनश्यन्तीति चेत्, नायं दोषः, यतो घृतकाठिन्यविलयनवदपि विनाशोपपत्तिमवोचाम – यथा हि घृतसुवर्णादीनामविभज्यमानावयवानामप्यग्निसंयोगात् द्रवभावापत्त्या काठिन्यविनाशो भवति, एवं परमाणूनामपि परमकारणभावापत्त्या मूर्त्यादिविनाशो भविष्यति । तथा कार्यारम्भोऽपि नावयवसंयोगेनैव केवलेन भवति, क्षीरजलादीनामन्तरेणाप्यवयवसंयोगान्तरं दधिहिमादिकार्यारम्भदर्शनात् ।

તદ્‌વિષયક કોઈ પ્રમાણ નથી. આથી જેને જેને, જે-જે ગમે તે પદાર્થ, તે કલ્પનાથી સિદ્ધ કરી શકાશે. કોઈ દયાળુ મનુષ્ય પ્રાણીને દુઃખ દેનાર આ સંસાર જ ન થાઓ, એવી કલ્પના કરશે, તથા અન્ય (વ્યસની) મનુષ્ય મુક્ત થયેલાં મનુષ્યો પણ પુનઃ ઉત્પન્ન થાય, એવી કલ્પના કરશે કારણ કે એ એવી કલ્પના કરે તો તેને રોકનાર કોણ ? બીજું દૂષણ એ છે કે જેમ નિરવયવ આકાશની સાથે દ્વયણુકનો સંશ્લેષ થતો નથી તેમ નિરવયવ એવા બે પરમાણુની સાથે પણ સાવયવ દ્વપણુકના સંશ્લેષની અનુપપત્તિ થશે કે જે સંશ્લેષથી દ્વયણુકના આકર્ષણથી પરમાણુનું આકર્ષણ થાય છે. કારણ કે નિરવયવ આકાશ અને સાવયવ પૃથ્વી વગેરેને લાખ અને લાકડાંની જેમ સંશ્લેષ સંભવતો નથી. હવે જો કાર્યકારણરૂપ દ્રવ્યનો આશ્રિત અને આશ્રયભાવ અન્યથા સંભવતો નથી, આથી અવશ્યપણે સમવાય માનવો જોઈએ એમ કહેવું યુક્ત નથી; કેમકે અન્યોન્યાશ્રય થાય છે; કારણ કે કાર્યકારણનો કુણ્ડ અને બદરની જેમ ભેદ સિદ્ધ થતાં આશ્રિતાશ્રયભાવ સિદ્ધ થાય છે અને કુણ્ડ અને બદરની જેમ આશ્રિતાશ્રયભાવ સિદ્ધ થતાં તેની જેમ ભેદ સિદ્ધ થાય છે, એમ અન્યોન્યાશ્રય થાય છે. ખરેખર, કાર્ય અને કારણનો ભેદ કે આશ્રિતાશ્રય ભાવ વેદાન્તીઓ સ્વીકારતા નથી; કેમકે કારણની જ આકૃતિવિશેષમાત્ર કાર્ય છે એમ સ્વીકારે છે.

વળી બીજું (દૂષણ) છે. પરમાણુ પરિચ્છિન્ન હોવાથી. જેટલી દિશાઓ, છ, આઠ કે દસ છે તેટલા અવયવોથી તેઓ સાવયવ થાય અને સાવયવ થવાથી અનિત્ય થાય એમ નિત્યત્વ અને નિરવયત્વના સ્વીકારને બાધ આવે. દિશાના ભેદથી ભેદવાળા જે અવયવો તું કલ્પે છે તે જ મારા પરમાણુઓ છે એમ કહેશે તો તે યુક્ત નથી; કારણ કે સ્થૂલ, સૂક્ષ્મના તારતમ્યક્રમથી પરમકારણ સુધી વિનાશ ઉત્પન્ન થાય છે. જેમ પૃથિવી, દ્વયણુકાદિથી સ્થૂલતમ વસ્તુભૂત પણ વિનાશ પામે છે, પછી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર, પૃથ્વીની સમાન જાતિવાળું વિનાશ પામે છે, અને ત્યાર પછી દ્વયણુક, તેમ પરમાણુઓ પણ પૃથ્વીની સમાન જાતિવાળા હોવાથી વિનાશ પામે વિનાશ પામતાં પણ અવયવવિભાગથી જ વિનાશ પામે એમ જો કહેશો તો એ દોષ નથી; કારણ કે ઘી ના કાઠિન્યના વિલયની જેમ વિનાશ ઉપપન્ન થાય છે એમ અમે કહ્યું છે. જેમ ઘી, સોનું આદિ, જેનાં અવયવો વિભાગ ન પામી શકે એવા છે તે પણ અગ્નિ સંયોગથી દ્રવભાવ (પ્રવાહીપણું) પામે છે તેથી તેના કાઠિન્યનો વિનાશ થાય છે; એ પ્રમાણે પરમાણુઓ પણ પરમકારણભાવ પ્રાપ્ત થાય છે તેથી તેમની મૂર્તિ વગેરેનો વિનાશ થશે. તેમ કાર્યની ઉત્પત્તિ પણ માત્ર અવયવસંયોગથી જ થતી નથી; કેમકે અન્ય અવયવસંયોગ વિના પણ દૂધ, જળ આદિનાં દહીં, બરફ આદિ કાર્યોની ઉત્પત્તિ દેખાય છે. માટે એ રીતે પરમાણુકારણવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तदेवमसारतरतर्कसंदृब्धत्वादीश्वरकारणश्रुतिविरुद्धत्वाच्छ्रुतिप्रवणैश्च शिष्टैर्मन्वादिभिरपरिगृहीतत्वादत्यन्तमेवानपेक्षा अस्मिन्परमाणुकारणवादे कार्या आर्यैः श्रेयोर्थिभिरिति वाक्यशेषः ॥१७॥

४. समुदायाधिकरणम् ।

समुदाय उबयहेतुकेऽपि तदप्राप्तिः ॥१८॥

वैशेषिकराद्धान्तो दुर्युक्तियोगाद्वेदविरोधाच्छिष्टापरिग्रहाच्च नापेक्षितव्य इत्युक्तम्, सोऽर्धवैनाशिक इति वैनाशिकत्वसाम्यात्सर्ववैनाशिकराद्धान्तो नतरामपेक्षितव्य इतीदमिदानीमुपपादयामः । स च बहुप्रकारः, प्रतिपत्तिभेदाद्विनेयभेदाद्वा, तत्रैते त्रयो वादिनो भवन्ति – केचित्सर्वास्तित्ववादिनः, केचिद्विज्ञानास्तित्वमात्रवादिनः, अन्ये पुनः सर्वशून्यत्ववादिन इति । तत्र ये सर्वास्तित्ववादिनो बाह्यमान्तरं च वस्त्वभ्युपगच्छन्ति, भूतं भौतिकं च, चित्तं चैत्तं च, तांस्तावत्प्रतिब्रूमः । तत्र भूतं पृथिवीधात्वादयः, भौतिकं रूपादयश्चक्षुरादयश्च, चतुष्टये च पृथिव्यादिपरमाणवः खरस्नेहोष्णेरणस्वभावाः, ते पृथिव्यादिभावेन संहन्यन्ते – इति मन्यन्ते, तथा रूपविज्ञानवेदनासंज्ञासंस्कारसंज्ञकाः पञ्चस्कन्धाः, तेऽप्याध्यात्मं सर्वव्यवहारास्पदभावेन संहन्यन्ते – इति मन्यन्ते ॥

तत्रेदमभिधीयते – योऽयमुभयहेतुक उभयप्रकारः समुदायः परेषामभिप्रेतः – अणुहेतुकश्च भूतभौतिकसंहतिरूपः, स्कन्धहेतुकश्च पञ्चस्कन्धीरूपः – तस्मिन्नुभयहेतुकेऽपि समुदायेऽभिप्रेयमाणे, तदप्राप्तिः स्यात् – समुदायाप्राप्तिः समुदायभावानुपपत्तिरित्यर्थः, कुतः ? समुदायिनामचेतनत्वात्, चित्ताभिज्वलनस्य च समुदायसिद्ध्यधीनत्वात्, अन्यस्य च कस्यचिच्चेतनस्य भोक्तुः प्रशासितुर्वा स्थिरस्य संहन्तुरनभ्युपगमात्, निरपेक्षप्रवृत्त्यभ्युपगमे च प्रवृत्त्यनुपरमप्रसङ्गात्, आशयस्याप्यन्यत्वानन्यत्वाभ्यामनिरूप्यत्वात्, क्षणिकत्वाभ्युपगमाच्च निर्व्यापारत्वात्प्रवृत्त्यनुपपत्तेः ।

અસારતર તર્કથી રચાયલો છે તેથી, ઈશ્વરને કારણ કહેતી શ્રુતિથી વિરુદ્ધ છે તેથી, અને શ્રુતિને અધીન, શિષ્ટ, મનુ વગેરેથી પરિગ્રહણ થયું નથી તેથી એ પરમાણુકારણવાદનું શ્રેય ઈચ્છનારાઓએ અત્યન્ત અનપેક્ષા કરવી એવો વાક્યશેષ છે ॥૧૭॥

૪. સમુદાય અધિકરણ

બંને હેતુ(કારણો)વાળા સમુદાયમાં પણ તેની (સમુદાયભાવની) અપ્રાપ્તિ છે ॥૧૮॥

દોષ ભરેલી યુક્તિઓના યોગથી, વેદના વિરોધથી અને શિષ્ટોએ પરિગ્રહણ કર્યું નથી તેથી વૈશેષિકસિદ્ધાન્ત અનાદરણીય છે એમ કહ્યું છે. તે અર્ધવૈનાશિક છે એટલે વૈનાશિકત્વરૂપના સાદશ્યથી સર્વવૈનાશિકનો સિદ્ધાન્ત અત્યન્ત અનપેક્ષાયોગ્ય છે તે હવે અમે ઉપપત્તિથી પ્રતિપાદન કરીએ છીએ. તે અનેક પ્રકારનો છે, પ્રતિપત્તિના (બુદ્ધિના) ભેદથી કે શિષ્યના ભેદથી. તેમાં આ ત્રણ વાદીઓ છે - કેટલાક સર્વાસ્તિત્વવાદી છે; કેટલાક વિજ્ઞાનાસ્તિત્વમાત્રવાદી છે, પણ અન્ય સર્વશૂન્યત્વવાદી છે. તેમાં જેઓ સર્વાસ્તિત્વવાદીઓ બાહ્ય અને આન્તર વસ્તુ ભૂત અને ભૌતિક, ચિત્ત અને ચૈત્ત સ્વીકારે છે તેઓનું પ્રથમ ખંડન કરીએ છીએ. તેમાં ભૂત પૃથ્વીધાતુ (પદાર્થ) આદિ છે. ભૌતિક રૂપાદિ અને નેત્રાદિ છે. પૃથ્વી આદિના ચાર પ્રકારના પરમાણુઓ કઠિન સ્વભાવવાળા, સ્નેહભાવવાળા, ઉષ્ણસ્વભાવવાળા અને ચલનસ્વભાવયુક્ત છે તે પૃથ્વી વગેરે ભાવમાં સંઘાત પામે છે એમ માને છે. તથા રૂપ, વિજ્ઞાન, વેદના, સંજ્ઞા અને સંસ્કાર નામના પાંચ સ્કન્ધો અર્થાત્ સમુદાય છે. તે આધ્યાત્મિક છે અને સર્વ વ્યવહારના વિષયભાવથી સંઘાત પામે છે એમ માને છે.

તે વિષે આ કહીએ છીએ - જે આ ઉભયહેતુક, ઉભય પ્રકારનો સમુદાય પરને (બુદ્ધને) અભિપ્રેત છે, અણુ જેનો હેતુ છે એવો ભૂતભૌતિકસંઘાતરૂપ અને સ્કન્ધ જેનો હેતુ છે એવો પાંચ સ્કન્ધ રૂપ. બંને હેતુઓને પણ ઈચ્છાતા સમુદાયમાં તેની અપ્રાપ્તિ છે — સમુદાયની અપ્રાપ્તિ છે, સમુદાયભાવની અનુપપત્તિ છે એવો અર્થ છે. શાથી ? કેમકે સમુદાયીઓ અચેતન છે; ચિત્તસંજ્ઞક વિજ્ઞાન સમુદાયસિદ્ધિને અધીન છે; ચિત્તસંજ્ઞક વિજ્ઞાન સમુદાયસિદ્ધિને અધીન છે; અને અન્ય કોઈ સ્થિર ચેતન ભોક્તા કે પ્રશાસિતાનો સંઘાત કરનાર તરીકે સ્વીકાર નથી; અપેક્ષારહિત પ્રવૃત્તિના સ્વીકારમાં તો પ્રવૃત્તિ બંધ ન પડવાનો પ્રસંગ આવે; આલયવિજ્ઞાન સંતાનનું પણ સંતાનીથી અન્ય કે અનન્ય તરીકે નિરૂપણ કરી શકાય એમ નથી; અને તેને ક્ષણિક સ્વીકારવાથી વ્યાપારરહિત થવાથી તેની પ્રવૃત્તિ ઉપપન્ન થતી નથી, માટે સમુદાયની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तम्मात्समुदायानुपपत्तिः, समुदायानुपपत्तौ च तदाश्रया लोकयात्रा लुप्येत ॥१८॥

इतरेतरप्रत्ययत्वादिति चेन्नोत्पत्ति मात्रनिमित्तत्वात् ॥१९॥

यद्यपि भोक्ता प्रशासिता वा कश्चिच्चेतनः संहन्ता स्थिरो नाभ्युपगम्यते, तथाप्यविद्यादीनामितरेतरकारणत्वादुपपद्यते लोकयात्रा, तस्यां चोपपद्यमानायां न किंचिदपरमपेक्षितव्यमस्ति, ते चाविद्यादयः – अविद्या संस्कारः विज्ञानं नाम रूपं षडायतनं स्पर्शः वेदना तृष्णा उपादानं भवः जातिः जरा मरणं शोकः परिदेवना दुःखं दुर्मनस्ता – इत्येवंजातीयका इतरेतरहेतुकाः सौगते समये क्वचित्संक्षिप्ता निर्दिष्टाः, क्वचित्प्रपञ्चिताः, सर्वेषामप्ययमविद्यादिकलापोऽप्रत्याख्येयः, तदेवमविद्यादिकलापे परस्परनिमित्तनैमित्तिकभावेन घटीयन्त्रवदनिशमावर्तमानेऽर्थाक्षिप्त उपपन्नः संघात इति चेत्, तन्न, कस्मात् ? उत्पत्तिमात्रनिमित्तत्वात् – भवेदुपपन्नः संघातः, यदि संघातस्य किंचिन्निमित्तमवगम्येत, न त्ववगम्यते, यत इतरेतरप्रत्ययत्वेऽप्यविद्यादीनां पूर्वपूर्वम् उत्तरोत्तरस्योत्पत्तिमात्रनिमित्तं भवत् भवेत्, न तु संघातोत्पत्तेः किंचिन्निमित्तं संभवति। नन्वविद्यादिभिरर्थादाक्षिप्यते संघात इत्युक्तम्, अत्रोच्यते – यदि तावदयमभिप्रायः – अविद्यादयः संघातमन्तरेणात्मानमलभमाना अपेक्षन्ते संघातमिति, ततस्तस्य संघातस्य किंचिन्निमित्तं वक्तव्यम्, तच्च नित्येष्वप्यणुष्वभ्युगम्यमानेष्वाश्रयाश्रयिभूतेषु च भोक्तृषु सत्सु न संभवतीत्युक्तं वैशेषिकपरीक्षायाम्, किमङ्ग पुनः क्षणिकेष्वप्यणुषु भोक्तृरहितेष्वाश्रयाश्रयिशून्येषु वाभ्युपगम्यमानेषु संभवेत् ? अथायमभिप्रायः – अविद्यादय एव संघातस्य निमित्तमिति, कथं तमेवाश्रित्यात्मानं लभमानास्तस्यैव निमित्तं स्युः ? अथ मन्यसे – संघाता एवानादौ संसारे संतत्यानुवर्तन्ते, तदाश्रयाश्चाविद्यादय इति, तदपि संघातात्संघातान्तरमुत्पद्यमानं नियमेन वा सदृशमेवोत्पद्येत, अनियमेन वा सदृशं विसदृशं वोत्पद्येत, नियमाभ्युपगमे मनुष्यपुद्गलस्य देवतिर्यग्योनिनारकप्राप्त्यभावः प्राप्नुयात्, अनियमाभ्युपगमेऽपि मनुष्यपुद्गलः

અનુપપત્તિ છે, અને સમુદાયની અનુપપત્તિ થવાથી તેને આધારે રહેલી લોકયાત્રા લુપ્ત થઈ જશે. ॥૧૮॥

(અવિદ્યા વગેરે) પરસ્પરનાં કારણો હોવાથી (સંઘાર = સંસાર ઉત્પન્ન થશે) એમ જો (કહેશો તો) ના, કેમકે (અવિદ્યા આદિ ઉત્તરોત્તર) ઉત્પત્તિમાત્રનાં નિમિત્ત છે ॥૧૯॥

જો કે ભોક્તા કે પ્રશાસિતા કોઈ ચેતન સંઘાતકર્તા સ્થિર સ્વીકારાતો નથી. તો પણ અવિદ્યા આદિ પરસ્પર કારણ હોવાથી લોકયાત્રા સંભવે છે. અને તે ઉપપન્ન થતી થશે એટલે કંઈ બીજું અપેક્ષાયોગ્ય રહેશે નહીં. અવિદ્યા, સંસ્કાર, વિજ્ઞાન, નામ, રૂપ, ષડાયતન = ઈન્દ્રિયો, વિજ્ઞાન, પૃથ્વી આદિ ચાર ભૂતો અને રૂપ જેનું સ્થાન છે તે સ્પર્શ, વેદના, તૃષ્ણા, ઉપાદાન(= પ્રવૃત્તિ), ભવ, જાતિ, જન્મ, જરા, મરણ, શોક, પરિદેવના =પ્રલાપ, દુઃખ અને દુર્મનસ્તા (=માનસી વ્યથા) એ પ્રકારનાં તે અવિદ્યા આદિ પરસ્પર કારણ રૂપ બૌદ્ધસિદ્ધાન્તમાં ક્યારેક સંક્ષેપમાં અને ક્યારેક વિસ્તારથી દર્શાવ્યાં છે; અને એ અવિદ્યા વગેરે સમુદાય સર્વ વાદીઓને અપ્રત્યાખ્યેય છે. માટે એ પ્રમાણે અવિદ્યા વગેરે સમુદાય એકબીજા સાથે નિમિત્તનૈમિત્તકભાવે ઘટીયન્ત્રની જેમ સર્વદા પ્રવર્તમાન થયો આથી સંઘાત અર્થાક્ષિપ્ત (ગમ્યમાન) છે અને તેથી ઉપપન્ન છે એમ કહેશો તો તે યુક્ત નથી. શાથી ? કારણ કે ઉત્પત્તિમાત્રનાં તે નિમિત્ત છે. જો સંઘાતનું કંઈ નિમિત્ત સમજાતું હોય તો સંઘાત ઉપપન્ન થાય; પણ તે સમજાતું નથી; કારણ કે અવિદ્યા વગેરે પરસ્પર કારણભૂત છે તો પણ પૂર્વ પૂર્વ પ્રત્યે ઉત્તરોત્તરની ઉત્પત્તિમાત્રનું નિમિત્ત થાય તો થાય છે; પણ સંઘાતની ઉત્પત્તિનું કોઈ નિમિત્ત સંભવતું નથી. પણ અવિદ્યા વગેરેથી સંઘાત અર્થાત્ ગમ્યમાન થાય છે એમ કહ્યું છે. એને વિષે કહીએ છીએ - અવિદ્યા વગેરે સંઘાત વગર પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરતા નથી તેથી સંઘાતની અપેક્ષા રાખે છે, એમ જો અભિપ્રાય હોય તો તે સંઘાતનું નિમિત્ત કહેવું જોઈએ. તે નિત્ય, અણુ અને આશ્રયાશ્રયીભૂત ભોક્તા સ્વીકારતાં પણ સંભવતું નથી એમ વૈશેષિક પરીક્ષામાં કહ્યું છે તો ક્ષણિક અણુઓ, જે ભોક્તૃરહિત અને આશ્રયાશ્રયિશૂન્ય છે એમ સ્વીકારેલા છે તેઓમાં તો ક્યાંથી જ સંભવે ? અવિદ્યા વગેરે સંઘાતનું નિમિત્ત છે એવો જો અભિપ્રાય હોય તો તેનો જ આશ્રય કરી અસ્તિત્વ મેળવતા તેઓ તેનું જ નિમિત્ત કેવી રીતે થાય? સંઘાતો જ અનાદિ સંસારમાં પ્રવાહરૂપે રહેલાં છે અને તેને આશ્રયે અવિદ્યા વગેરે છે એમ જો તું માનતો હોય તો પણ સંઘાતથી અન્ય સંઘાત ઉત્પન્ન થાય અથવા અનિયમે સરખો કે જુદો ઉત્પન્ન થાય. નિયમ સ્વીકારતાં મનુષ્યના પુદ્ગલને દેવત્વ, તિર્યગ્યોનિત્વ કે નારકત્વની પ્રાપ્તિનો અભાવ પ્રાપ્ત થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कदाचित्क्षणेन हस्ती भूत्वा देवो वा पुनर्मनुष्यो वा भवेदिति प्राप्नुयात्, उभयमप्यभ्युपगमविरुद्धम् । अपि च यद्भोगार्थः संघातः स्यात्, स जीवो नास्ति स्थिरो भोक्ता इति तवाभ्युपगमः, ततश्च भोगो भोगार्थ एव, स नान्येन भवितव्यम्, अन्येन चेत्प्रार्थ्येतोभयम्, भोगमोक्षकालावस्थायिना तेन भवितव्यम्, अवस्थायित्वे क्षणिकत्वाभ्युपगमविरोधः । तस्मादितरेतरोत्पत्तिमात्रनिमित्तत्वमविद्यादीनां यदि भवेत्, भवतु नाम, न तु संघातः सिध्येत्, भोक्त्रभावात् – इत्यभिप्रायः ॥१९॥

उत्तरोत्पादे च पूर्वनिरोधात् ॥२०॥

उक्तमेतत् – अविद्यादीनामुत्पत्तिमात्रनिमित्तत्वान्नसंघातसिद्धिरस्तीति, तदपि तु उत्पत्तिमात्रनिमित्तत्वं न संभवतीतीदमिदानीमुपपाद्यते । क्षणभङ्गवादिनोऽयमभ्युपगमः – उत्तरस्मिन्क्षणे उत्पद्यमाने पूर्वः क्षणो निरुध्यत इति, न चैवमभ्युपगच्छता पूर्वोत्तरयोः क्षणयोर्हेतुफलभावः शक्यते संपादयितुम्, निरुध्यमानस्य निरुद्धस्य वा पूर्वक्षणस्याभावग्रस्तत्वादुत्तरक्षणहेतुत्वानुपपत्तेः, अथ भावभूतः परिनिष्पन्नावस्थः पूर्वक्षण उत्तरक्षणस्य हेतुरित्यभिप्रायः, तथापि नोपपद्यते, भावभूतस्य पुनर्व्यापारकल्पनायां क्षणान्तरसंबन्धप्रसङ्गात्, अथ भाव एवास्य व्यापार इत्यभिप्रायः, तथापि नैवोपपद्यते, हेतुस्वभावानुपरक्तस्य फलस्योत्पत्त्यसंभवात्, स्वभावोपरागाभ्युपगमे च, हेतुस्वभावस्य फलकालावस्थायित्वे सति, क्षणभङ्गाभ्युपगमत्यागप्रसङ्गः, विनैव वा स्वभावोपरागेण हेतुफलभावमभ्युपगच्छतः सर्वत्र तत्प्राप्तेरतिप्रसङ्गः । अपि चोत्पादनिरोधौ नाम वस्तुनः स्वरूपमेव वा स्याताम्, अवस्थान्तरं वा, वस्त्वन्तरमेव वा – सर्वथापि नोपपद्यते, यदि तावद्वस्तुनः स्वरूपमेवोत्पादनिरोधौ स्याताम्, ततो वस्तुशब्द उत्पादनिरोधशब्दौ च पर्यायाः प्राप्नुयुः, अथास्ति कश्चिद्विशेष इति मन्येत – उत्पादनिरोधशब्दाभ्यां मध्यवर्तिनो वस्तुन आद्यन्ताख्ये अवस्थे अभिलप्येते इति,

જો અનિયમ સ્વીકારીએ તો પણ મનુષ્યનું પુદ્ગલ ક્યારેક ક્ષણમાં હસ્તી થઈ દેવ કે પાછું મનુષ્ય થાય એમ પ્રાપ્ત થાય; અને એ બંને પણ સ્વીકાર કરવા યોગ્ય નથી. વળી જેના ભોગને માટે સંઘાત થાય તે સ્થિર ભોક્તા તો વિદ્યમાન નથી એમ તમે સ્વીકારો છો તેથી ભોગ ભોગને જ માટે થશે, અન્યથી પ્રાર્થનીય થશે નહીં. તથા મોક્ષ મોક્ષને જ માટે થશે, એટલે અન્ય મુમુક્ષુ થવો યોગ્ય નથી. જો ભોગ અને મોક્ષ બંને અન્યથી પ્રાર્થિત થાય તો તે ભોગ અને મોક્ષને સમયે અવસ્થાયી (સ્થિતિવાળો) હોવો જોઈએ. પણ જો અવસ્થાયી હોય તો ક્ષણિકત્વના સ્વીકારનો વિરોધ આવે છે. માટે અવિદ્યા વગેરે માત્ર એકબીજાની ઉત્પત્તિનું જ નિમિત્ત થાય તો થવા દો, પણ સંઘાત સિદ્ધ થશે નહીં; કારણ કે ભોક્તાનો અભાવ છે એવો સૂત્રકારનો અભિપ્રાય છે ॥૧૯॥

અને પછીથી (ક્ષણિક કાર્ય) ઉત્પન્ન થશે એટલે પૂર્વનો (ક્ષણિક કાર્યનો)
નિરોધ (નાશ) વગેરે થાય છે તેથી (સંઘાત સિદ્ધ થતો નથી) ॥૨૦॥

અવિદ્યા વગેરે (પરસ્પર) ઉત્પત્તિમાત્રનાં નિમિત્ત છે તેથી સંઘાત સિદ્ધ થતો નથી એમ કહ્યું છે. પણ તે ઉત્પત્તિમાત્રનાં નિમિત્તો પણ સંભવતાં નથી એ હવે ઉપપત્તિથી પ્રતિપાદન કરે છે. ક્ષણભંગવાદીનો મત છે કે ઉત્તર (પછીની) ક્ષણ ઉત્પન્ન થાય છે એટલે પૂર્વ (પહેલી) ક્ષણ નાશ પામે છે. એમ સ્વીકાર કરનાર પૂર્વ અને ઉત્તર ક્ષણનો હેતુફળભાવ સંપાદન કરી શકશે નહીં; (કાર્યકારણભાવ ઘટાવી શકશે નહીં.) કેમકે નાશ પામતું કે નાશ પામેલું પૂર્વ ક્ષણિક કાર્ય અભાવગ્રસ્ત થવાથી ઉત્તર ક્ષણિક કાર્યનું કારણ ઉપપન્ન થઈ શકતું નથી. જો ભાવભૂત, સિદ્ધ અવસ્થાવાળું પહેલાનું ક્ષણિક કાર્ય પછીના ક્ષણિક કાર્યનો હેતુ છે એવો અભિપ્રાય હશે તો તેમ પણ ઉપપન્ન થશે નહીં; કેમકે ભાવભૂતને ફરી વ્યાપાર કલ્પવામાં અન્ય ક્ષણ સાથે સંબંધનો પ્રસંગ આવે છે. જો ભાવ જ એનો વ્યાપાર (ક્રિયા) છે એમ અભિપ્રાય છે તો તેમ પણ ઉપપન્ન થતું નથી જ; કેમકે હેતુસ્વભાવથી અનુપરક્ત થયેલા (જેમાં હેતુના સ્વભાવનો અનુગમ થયો નથી એવા) ફળની ઉત્પત્તિનો સંભવ નથી. સ્વભાવથી ઉપરોક્ત થાય છે એમ સ્વીકારીએ તો હેતુસ્વભાવ ફળકાળે અવસ્થાયી હોવાથી ક્ષણભંગના સ્વીકારના ત્યાગનો પ્રસંગ આવે છે. અથવા હેતુસ્વભાવથી ઉપરક્ત થયા વિના ફળ ઉત્પન્ન થાય છે એમ હેતુફળભાવ સ્વીકારીએ તો સર્વત્ર તે પ્રાપ્ત થવાથી અતિવ્યાપ્તિનો પ્રસંગ થશે. વળી ઉત્પત્તિ અને વિનાશ વસ્તુનાં જ સ્વરૂપ જ હોય કે અન્ય અવસ્થા હોય કે અન્ય વસ્તુ હોય. સર્વથા પણ ઉપપન્ન થતું નથી. જો ઉત્પત્તિ અને વિનાશ વસ્તુનાં સ્વરૂપ જ હોય તો વસ્તુશબ્દ અને ઉત્પત્તિ અને વિનાશ શબ્દો પર્યાય થશે. ઉત્પત્તિ અને વિનાશ શબ્દોથી મધ્યવર્તી વસ્તુની આદિ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एवमप्याद्यन्तमध्यक्षणत्रयसंबन्धित्वाद्वस्तुनः क्षणिकत्वाभ्युपगमहानिः । अथात्यन्तव्यतिरिक्तावेवोत्पादनिरोधौ वस्तुनः स्याताम् – अश्वमहिषवत्, ततो वस्तु उत्पादनिरोधाभ्यामसंस्पृष्टमिति वस्तुनः शाश्वतत्वप्रसङ्गः, यदि च दर्शनादर्शने वस्तुन उत्पादनिरोधौ स्याताम्, एवमपि द्रष्टृधर्मौ तौ न वस्तुधर्माविति वस्तुनः शाश्वतत्वप्रसङ्ग एव । तस्मादप्यसंगतं सौगतं मतम् ॥२०॥

असति प्रतिज्ञोपरोधो यौगपद्यमन्यथा ॥२१॥

क्षणभङ्गवादे पूर्वक्षणो निरोधग्रस्तत्वान्नोत्तरस्य क्षणस्य हेतुर्भवतीत्युक्तम्, अथासत्येव हेतौ फलोत्पत्तिं ब्रूयात्, ततः प्रतिज्ञोपरोधः स्यात् – चतुर्विधान्हेतून्प्रतीत्य चित्तचैत्ता उत्पद्यन्त इतीयं प्रतिज्ञा हीयेत, निर्हेतुकायां चोत्पत्तावप्रतिबन्धात्सर्वं सर्वत्रोत्पद्येत । अथोत्तरक्षणोत्पत्तिर्यावत्तावदवतिष्ठते पूर्वक्षण इति ब्रूयात्, ततो यौगपद्यं हेतुफलयोः स्यात्, तथापि प्रतिज्ञोपरोध एव स्यात् – क्षणिकाः सर्वे संस्कारा इतीयं प्रतिज्ञोपरुध्येत ॥२१॥

प्रतिसंख्याप्रतिसंख्यानिरोधाप्राप्तिरविच्छेदात् ॥२२॥

अपि च वैनाशिकाः कल्पयन्ति – बुद्धिबोध्यं त्रयादन्यत्संस्कृतं क्षणिकं चेति, तदपि च त्रयम् – प्रतिसंख्याप्रतिसंख्यानिरोधौ आकाशं चेत्याचक्षते, त्रयमपि चैतत् अवस्तु अभावमात्रं निरुपाख्यमिति मन्यन्ते, बुद्धिपूर्वकः किल विनाशो भावानां प्रतिसंख्यानिरोधो नाम भाष्यते, तद्विपरीतोऽप्रतिसंख्यानिरोधः, आवरणाभावमात्रमाकाशमिति । तेषामाकाशं परस्तात्प्रत्याख्यास्यति, निरोधद्वयमिदानीं प्रत्याचष्टे – प्रतिसंख्याप्रतिसंख्यानिरोधयोः अप्राप्तिरसंभव इत्यर्थः, कस्मात् ? अविच्छेदात् – एत हि प्रतिसंख्याप्रतिसंख्यानिरोधौ संतानगोचरौ संभवतः, सर्वेष्वपि संतानेषु संतानिनामविच्छिन्नेन

અન્ત નામની અવસ્થાઓ વાચ્ય થાય છે એમ જો કંઈક વિશેષ છે એમ મનાય, તો એમ પણ વસ્તુને (પદાર્થને) આદિ, અન્ત અને મધ્ય એમ ત્રણ ક્ષણ સાથે સંબંધ હોવાથી ક્ષણિકત્વના સ્વીકારની હાનિ થાય છે. જો અશ્વ અને મહિષની જેમ વસ્તુના ઉત્પાદ (ઉત્પત્તિ) અને નિરોધ (વિનાશ) અત્યન્ત વ્યતિરિક્ત થાય તો વસ્તુ ઉત્પાદન અને નિરોધથી સંસ્પૃષ્ટ ન થવાથી તે શાશ્વત થવાનો પ્રસંગ આવે. જો વસ્તુનું દર્શન અને અદર્શન તે ઉત્પાદ અને નિરોધ થાય તો એમ પણ તે દ્રષ્ટાના ધર્મ છે, વસ્તુના નથી, આથી વસ્તુ શાશ્વત થવાનો પ્રસંગ આવશે જ. આથી પણ સૌગત (બૌદ્ધ) મત અસંગત છે. ॥૨૦॥

(હેતુ) ન હોય તો પ્રતિજ્ઞાનો ઉપરોધ (બાધ) થાય, અન્યથા (કાર્યકારણનું) યૌગપદ્ય (સમાનકાલીનતા) થાય ॥૨૧॥

ક્ષણભંગવાદમાં પૂર્વક્ષણ નિરોધગ્રસ્ત હોવાથી ઉત્તરક્ષણનો હેતુ થતો નથી એમ કહ્યું છે. જો હેતુ ન હોવા છતાં ફળની ઉત્પત્તિ કહેશે તો પ્રતિજ્ઞાનો બાધ આવશે. ચાર પ્રકારના હેતુઓને પ્રાપ્ત કરી ચિત્ત અને ચૈત્ત ઉત્પન્ન થાય છે એ પ્રતિજ્ઞાની હાનિ થાય; અને ઉત્પત્તિ હેતુ વિનાની હોય તો પ્રતિબન્ધ ન હોવાથી સર્વ સર્વત્ર ઉત્પન્ન થઈ જશે. જ્યાં સુધી ઉત્તરક્ષણની ઉત્પત્તિ છે ત્યાં સુધી પૂર્વક્ષણ અવસ્થિત રહેશે એમ કહેશો તો હેતુ અને ફળ સમાનકાલીન થાય. છતાં પણ પ્રતિજ્ઞાનો બાધ જ આવે. સર્વ સંસ્કાર ક્ષણિક છે એ પ્રતિજ્ઞાનો બાધ આવે ॥૨૧॥

પ્રતિસંખ્યાનિરોધ (પદાર્થોનો બુદ્ધિપૂર્વક વિનાશ) અને અપ્રતિસંખ્યાનિરોધનો (પદાર્થોનો પોતાની મેળે થતાં વિનાશનો) અસંભવ છે, અવિચ્છેદથી (નાશ નહીં હોવાથી) ॥૨૨॥

વળી વૈનાશિકો એવી કલ્પના કરે છે કે જે બુદ્ધિબોધ્ય, ઉત્પાદ્ય અને ક્ષણિક છે તે ત્રણથી અન્ય છે; અને તે ત્રણ તે પ્રતિસંખ્યાનિરોધ, અપ્રતિસંખ્યાનિરોધ અને આકાશ એમ કહે છે. વળી એ ત્રણ અવસ્તુ, અભાવમાત્ર, નિરુપાખ્ય છે એમ માને છે. ભાવોનો બુદ્ધિપૂર્વક વિનાશ પ્રતિસંખ્યાનિરોધ છે અને તેનાથી વિપરીત તે અપ્રતિસંખ્યાનિરોધ અને આવરણનો અભાવમાત્ર તે આકાશ છે એમ તેમનું ભાષ્ય છે. તેઓમાંના આકાશનું આગળ પ્રત્યાખ્યાન કરશે. બંને નિરોધનું હમણાં પ્રત્યાખ્યાન (ખંડન) કરે છે. પ્રતિસંખ્યાનિરોધ અને અપ્રતિસંખ્યાનિરોધની પ્રાપ્તિ નથી. અસંભવ છે એવો અર્થ છે. શાથી ? અવિચ્છેદથી. ખરેખર, એ પ્રતિસંખ્યાનિરોધ અને અપ્રતિસંખ્યાનિરોધ સંતાન (પ્રવાહ) વિષે થાય કે ભાવ (પદાર્થ) વિષે થાય. સંતાન વિષે તો સંભવતા નથી; કેમકે સર્વ સંતાનોમાં સંતાનીઓમાં કાર્યકારણભાવ અવિચ્છિન્ન હોવાથી સંતાનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हेतुफलभावेन संतानविच्छेदस्यासंभवात्, नापि भावगोचरौ संभवतः – न हि भावानां निरन्वयो निरुपाख्यो विनाशः संभवति, सर्वास्वप्यवस्थासु प्रत्यभिज्ञानबलेनान्वय्यविच्छेददर्शनात्, अस्पष्टप्रत्यभिज्ञानास्वप्यवस्थासु क्वचिद्दृष्टेनान्वय्यविच्छेदेनान्यत्रापि तदनुमानात् । तस्मात्परपरिकल्पितस्य निरोधद्वयस्यानुपपत्तिः ॥२२॥

उभयथा च दोषात् ॥२३॥

योऽयमविद्यादिनिरोधः प्रतिसंख्यानिरोधान्तःपाती परपरिकल्पितः, स सम्यग्ज्ञानाद्वा सपरिकरात्स्यात्, स्वयमेव वा – पूर्वस्मिन्विकल्पे निर्हेतुकविनाशाभ्युपगमहानिप्रसङ्गः, उत्तरस्मिंस्तु मार्गोपदेशानर्थक्यप्रसङ्गः । एवमुभयथापि दोषप्रसङ्गादसमञ्जसमिदं दर्शनम् ॥२३॥

आकाशे चाविशेषात् ॥२४॥

यच्च तेषामेवाभिप्रेतं निरोधद्वयमाकाशं च निरुपाख्यमिति – तत्र निरोधद्वयस्य निरुपाख्यत्वं पुरस्तान्निराकृतम्, आकाशस्येदानीं निराक्रियते । आकाशे चायुक्तो निरुपाख्यत्वाभ्युपगमः, प्रतिसंख्याप्रतिसंख्यानिरोधयोरिव वस्तुत्वप्रतिपत्तेरविशेषात् । आगमप्रामाण्यात्तावत् **'आत्मन आकाशः संभूतः'** (तैत्ति.उप. २-१) इत्यादिश्रुतिभ्य आकाशस्य च वस्तुत्वप्रसिद्धिः । विप्रतिपन्नान्प्रति तु शब्दगुणानुमेयत्वं वक्तव्यम् – गन्धादीनां गुणानां पृथिव्यादिवस्त्वाश्रयत्वदर्शनात्। अपि च आवरणाभावमात्रमाकाशमिच्छताम्, एकस्मिन्सुपर्णे पतत्यावरणस्य विद्यमानत्वात्सुपर्णान्तरस्योत्पित्सतोऽनवकाशत्वप्रसङ्गः, यत्रावरणाभावस्तत्र पतिष्यतीति चेत् – येनावरणाभावो विशेष्यते, तत्तर्हि वस्तुभूतमेवाकाशं ख्यात्, न आवरणाभावमात्रम्, अपि च आवरणाभावमात्रमाकशं मन्यमानस्य सौगतख्य

વિચ્છેદ થવો અસંભવ છે. તેમજ એ નિરોધો ભાવ વિષે પણ સંભવતા નથી; કેમકે ભાવોનો નિરન્વય (જેમાં કારણનો અન્વય ન હોય એવો) નિઃસ્વરૂપ વિનાશ સંભવતો નથી; કારણ કે બધી અવસ્થાઓમાં પણ પ્રત્યભિજ્ઞાનબળથી અન્વયીનો (જેને અન્વય જોવામાં આવે છે તેનો) અવિચ્છેદ જોવામાં આવે છે. જેમાં પ્રત્યભિજ્ઞાન અસ્પષ્ટ છે એવી અવસ્થાઓમાં પણ ક્યારેક અન્વયીનો અવિચ્છેદ દેખાય છે તેથી અન્યત્ર પણ તેનું અનુમાન થાય છે. માટે બૌદ્ધે પરિકલ્પેલા બંને નિરોધો અનુપપન્ન (અસંગત) છે ॥૨૨॥

બંને રીતે દોષથી (આ બૌદ્ધ દર્શન અયુક્ત છે) ॥૨૩॥

પ્રતિસંખ્યાનિરોધની અન્તર્ગત થયેલો જે આ અવિદ્યાનો નિરોધ પરપરિકલ્પિત પ્રતિસ્પર્ધાથી કલ્પિત છે તે પરિકરયુક્ત (યમ, નિયમ આદિથી યુક્ત) સમ્યગ્જ્ઞાનથી છે કે જાતે જ છે. પ્રથમ વિકલ્પમાં નિર્હેતુક વિનાશના સ્વીકારને હાનિ થવાનો પ્રસંગ આવશે. બીજા વિકલ્પમાં માર્ગનો ઉપદેશ અનર્થક થવાનો પ્રસંગ આવે છે. એમ બંને રીતે દોષના પ્રસંગથી આ દર્શન અયુક્ત છે. ॥૨૩॥

અને આકાશ (નિરુપાખ્યત્વનો સ્વીકાર અયુક્ત છે); વિશેષ નથી તેથી ॥ ૨૪ ॥

બંને નિરોધ અને આકાશ નિરુપાખ્ય છે એવું જે તેઓ ઇચ્છે છે તેમાં બંને નિરોધ નિરુપાખ્ય છે એનું પહેલાં નિરાકરણ કર્યું. આકાશ નિરુપાખ્ય છે એનું હવે નિરાકરણ કરીએ છીએ. આકાશને વિષે તે નિરુપાખ્ય છે એવો સ્વીકાર અયોગ્ય છે, કેમકે તેનામાં પ્રતિસંખ્યાનિરોધ અને અપ્રતિસંખ્યાનિરોધમાં છે તેવી વસ્તુત્વની પ્રતિપત્તિ છે. પ્રથમ શાસ્ત્રના પ્રામાણ્યથી 'आत्मन आकाशः संभूतः' (તૈત્તિ.ઉપ. ૨-૧) **'આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું'** ઇત્યાદિ શ્રુતિઓથી આકાશ વસ્તુ છે એવી પ્રસિદ્ધિ છે. પણ જેઓ એ પ્રમાણ ન સ્વીકારે તેઓ માટે આકાશ શબ્દગુણથી અનુમેય છે એમ કહેવું યોગ્ય છે, કારણ કે ગન્ધાદિ ગુણોના આશ્રય તરીકે પૃથ્વી આદિ જોવામાં આવે છે. વળી જેઓ આકાશ એ આવરણનો અભાવમાત્ર છે એમ ઇચ્છે છે તેમને એક પક્ષી ઊડશે ત્યારે (તે પક્ષીનું) આવરણ હોવાને લીધે અન્ય પક્ષી જેને ઊડવું હશે તેને માટે તેનો અવકાશ નહીં રહે એવો પ્રસંગ આવશે. જ્યાં આવરણનો અભાવ છે ત્યાં ઊડશે એમ કહેશો તો જેના દ્વારા આવરણનો અભાવ વિશિષ્ટ થાય છે તે જ ત્યારે વસ્તુભૂત આકાશ છે, માત્ર આવરણનો અભાવ આકાશ નથી. વળી આવરણના અભાવમાત્રને આકાશ માનતા સૌગતને (બૌદ્ધને) પોતાના સ્વીકારથી વિરોધ પ્રાપ્ત થશે, કેમકે સૌગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वाभ्युपगमविरोधः प्रसज्येत, सौगते हि समये **'पृथिवी भगवः किंसंनिश्रया'** इत्यस्मिन्प्रश्नप्रतिवचनप्रवाहे पृथिव्यादीनामन्ते **'वायुः किंसंनिश्रयः'** इत्यस्य प्रश्नस्य प्रतिवचनं भवति – **'वायुराकाशसंनिश्रयः'** इति, तदाकाशस्यावस्तुत्वे न समञ्जसं स्यात्, तस्मादप्ययुक्तमाकाशस्यावस्तुत्वम् । अपि च निरोधद्वयमाकाशं च त्रयमप्येतन्निरुपाख्यमवस्तु नित्यं चेति विप्रतिषिद्धम्, न ह्यवस्तुनो नित्यत्वमनित्यत्वं वा संभवति, वस्त्वाश्रयत्वाद्धर्मधर्मिव्यवहारस्य, धर्मधर्मिभावे हि घटादिवद्वस्तुत्वमेव स्यात्, न निरुपाख्यत्वम् ॥२४॥

अनुस्मृतेश्च ॥२५॥

अपि च वैनाशिकः सर्वस्य वस्तुनः क्षणिकतामभ्युपयन् उपलब्धुरपि क्षणिकतामभ्युपेयात्, न चा संभवति, अनुस्मृतेः – अनुभवम् उपलब्धिमनुत्पद्यमानं स्मरणमेव अनुस्मृतिः, सा चोपलब्ध्येककर्तृका सती संभवति, पुरुषान्तरोपलब्धिविषये पुरुषान्तरस्य स्मृत्यदर्शनात्, कथं हि 'अहमदोऽद्राक्षम् – इदमिदानीं पश्यामि' इति च पूर्वोत्तरदर्शिन्येकस्मिन्नस्ति प्रत्ययः स्यात् । अपि च दर्शनस्मरणयोः कर्तर्येकस्मिन्प्रत्यक्षः सर्वस्य लोकस्य प्रसिद्धः – 'अहमदोऽद्राक्षम् – इदं पश्यामि' इति, यदि हि तयोर्भिन्नः कर्ता स्यात्, ततः 'अहं स्मरामि – अद्राक्षीदन्यः' इति प्रतीयात्, न त्वेवं प्रत्येति कश्चित्, यत्रैवं प्रत्ययस्तत्र दर्शनस्मरणयोर्भिन्नमेव कर्तारं सर्वलोकोऽवगच्छति – 'स्मराम्यहम् – असावदोऽद्राक्षीत्' इति, इह तु 'अहमदोऽद्राक्षम्' इति दर्शनस्मरणयोर्वैनाशिकोऽप्यात्मानमेवैकं कर्तारमवगच्छति, न 'नाहम्' इत्यात्मनो दर्शनं निर्वृत्तं निह्नुते– यथा अग्निरनुष्णोऽप्रकाश इति वा । तत्रैवं सत्येकस्य दर्शनस्मरणलक्षणक्षणद्वयसंबन्धे क्षणिकत्वाभ्युपगमहानिरपरिहार्या वैनाशिकस्य स्यात् । तथा अनन्तरामनन्तरामात्मन एव प्रतिपत्तिं प्रत्यभिजानन्नेककर्तृकाम् आ उत्तमादुच्छ्वासात्, अतीताश्च प्रतिपत्तीः आ जन्मन आत्मैककर्तृकाः, प्रतिसंदधानः, कथं क्षणभङ्गवादी वैनाशिको

(બૌદ્ધ) દર્શનમાં 'पृथिवी भगवः किंसंनिश्रया' **'હે ભગવન્, પૃથ્વી કોને આધારે છે'** એ પ્રશ્ન અને પ્રતિવચનનના પ્રવાહમાં પૃથિવી આદિને અન્તે 'वायुः किंसंनिश्रयः' **'વાયુ કોને આધારે છે'** એ પ્રશ્નનું પ્રતિવચન 'वायुराकाशसंनिश्रयः' **'વાયુ આકાશને આધારે છે'** એમ છે. તે પ્રતિવચન આકાશ અવસ્તુ હોય તો બંધ બેસે નહીં. તેથી પણ આકાશનું અવસ્તુત્વ અયોગ્ય છે. વળી બંને નિરોધ અને આકાશ એ ત્રણેય નિરુપાખ્ય છે, અવસ્તુ છે અને નિત્ય છે એ વિરુદ્ધ છે, કારણકે જે અવસ્તુ છે તેને નિત્યત્વ કે અનિત્યત્વ સંભવે નહીં, કારણ કે ધર્મ અને ધર્મીનો વ્યવહાર વસ્તુને આશ્રયે હોય છે અને ધર્મધર્મિભાવ થયો એટલે ઘટ વગેરેની જેમ વસ્તુત્વ જ થશે, નિરુપાખ્યત્વ (સ્વરૂપરહિતત્વ) નહીં ॥ ૨૪ ॥

વળી (આત્માને) અનુસ્મરણ હોવાથી (આત્મા સ્થાયી છે) ॥ ૨૫ ॥

વળી વૈનાશિક સર્વ વસ્તુની ક્ષણિકતા સ્વીકારે છે તેને ઉપલબ્ધા (જ્ઞાતા=આત્મા)ની પણ ક્ષણિકતા સ્વીકારવી પડશે. પણ તે સંભવતી નથી. અનુસ્મૃતિથી. અનુભવ એટલે ઉપલબ્ધિની પછી ઉત્પન્ન થતું સ્મરણ તે જ અનુસ્મૃતિ કહેવાય. તેનો અને ઉપલબ્ધિનો એક કર્તા હોય ત્યારે જ તે અનુસ્મૃતિ સંભવે છે, કારણ કે એક પુરુષની ઉપલબ્ધિને વિષે અન્ય પુરુષની સ્મૃતિ જોવામાં આવતી નથી. 'મેં તે જોયું', 'હું એ જોઉં છું' એવી પ્રતીતિ પૂર્વોત્તર દ્રષ્ટા એક ન હોય તો શી રીતે થાય? વળી દર્શન અને સ્મરણનો કર્તા એક હોય ત્યારે 'મેં તે જોયું, હું એ જોઉં છું' એમ પ્રત્યભિજ્ઞાની પ્રતીતિ પ્રત્યક્ષ સર્વ લોકને પ્રસિદ્ધ છે. જો તે કર્તા ભિન્ન હોય તો 'હું યાદ કરું છું, બીજાએ જોયું' એવી પ્રતીતિ થાય. પણ કોઈને પણ એવી પ્રતીતિ નથી થતી. જ્યાં એવી પ્રતીતિ થાય છે ત્યાં દર્શન અને સ્મરણનો કર્તા ભિન્ન જ સર્વ લોક સમજે છે - 'હું યાદ કરું છું, તેણે એ જોયું' એમ. અહીં તો 'મેં એ જોયું' એમ દર્શન અને સ્મરણના એક જ કર્તા તરીકે વૈનાશિક આત્માને પણ સમજે છે, પણ મેં જોયું નથી' એમ પૂર્વદર્શન જે થયું છે તેનો નિષેધ કરતો નથી, જેમ 'અગ્નિ અનુષ્ણ છે કે પ્રકાશરહિત છે' એમ અગ્નિના ઉષ્ણત્વ અને પ્રકાશનો નિષેધ કરતો નથી તેમ. ત્યારે એમ થવાથી એકને જ દર્શન અને સ્મરણ લક્ષણ બે ક્ષણ સાથે સંબન્ધ થતાં વૈનાશિક ક્ષણિકત્વનો જે સ્વીકાર કરે છે તેની હાનિ તેને અપરિહાર્ય (જેનો પરિહાર ન કરાય એવી) થશે. તેમજ છેલ્લા ઉચ્છ્વાસ સુધી એક એક પછી થતી આત્માની જ પ્રતિપત્તિને એક કર્તાએ કરેલી પ્રતિપત્તિ તરીકે ઓળખતો જન્મથી શરૂ કરી બની ગયેલી પ્રતિપત્તિઓને આત્મા જ જેનો એક કર્તા છે એમ પ્રતિસંધાન (વિચાર) કરતો ક્ષણભંગવાદી વૈનાશિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नापत्रपेत ? स यदि ब्रूयात् सादृश्यादेतत्संपत्स्यत इति, तं प्रतिब्रूयात् – तेनेदं सदृशमिति द्वयायत्तत्वात्सादृश्यस्य, क्षणभङ्गवादिनः सदृशयोर्द्वयोर्वस्तुनोर्ग्रहीतुरेकस्याभावात्, सादृश्यनिमित्तं प्रतिसंधनमिति मिथ्याप्रलाप एव स्यात्, स्याच्चेत्पूर्वोत्तरयोः क्षणयोः सादृश्यस्य ग्रहीतैकः, तथा सत्येकस्य क्षणद्वयावस्थानात्क्षणिकत्वप्रतिज्ञा पीड्येत, 'तेनेदं सदृशम्' इति प्रत्ययान्तरमेवेदम्, न पूर्वोत्तरक्षणद्वयग्रहणनिमित्तमिति चेत्, न, तेन इदम् इति भिन्नपदार्थोपादानात्, प्रत्ययान्तरमेव चेत्सादृश्यविषयं स्यात्, 'तेनेदं सदृशम्' इति वाक्यप्रयोगोऽनर्थकः स्यात्, सादृश्यम् इत्यव प्रयोगः प्राप्नुयात्। यदा हि लोके प्रसिद्धः पदार्थः परीक्षकैर्न परिगृह्यते तदा स्वपक्षसिद्धिः परपक्षदोषो वा उभयमप्युच्यमानं परीक्षकाणामात्मनश्च यथार्थत्वेन न बुद्धिसंतानमारोहति । एवमेवैषोऽर्थः इति निश्चितं यत्, तदेव वक्तव्यम्, ततोऽन्यदुच्यमानं बहुप्रलापित्वमात्मनः केवलं प्रख्यापयेत् । न चायं सादृश्यात्संव्यवहारो युक्तः, तद्भावावगमात्, तत्सदृशभावानवगमाच्च । भवेदपि कदाचिद्बाह्यवस्तुनि विप्रलम्भसंभवात् 'तदेवेदं स्यात्, तत्सदृशं वा' इति संदेहः, उपलब्धरि तु संदेहोऽपि न कदाचिद्भवति – 'स एवाहं स्यां तत्सदृशो वा' इति, य 'एवाहं पूर्वेद्युरद्राक्षं स एवाहमद्य स्मरामि' इति निश्चिततद्भावोपलम्भात् । तस्मादप्यनुपपन्नो वैनाशिकसमयः ॥२५॥

नासतोऽदृष्टत्वात् ॥२६॥

इतश्चानुपपन्नो वैनाशिकसमयः, यतः स्थिरमनुयायिकारणमनभ्युपगच्छताम् अभावाद्भावोत्पत्तिरित्येतदापद्येत, दर्शयन्ति चाभावाद्भावोत्पत्तिम् – **'नानुपमृद्य प्रादुर्भावात्'** इति, विनष्टाद्धि किल बीजादङ्कुर उत्पद्यते, तथा विनष्टात्क्षीराद्दधि, मृत्पिण्डाच्च घटः, कूटस्थाच्चेत्कारणात्कार्यमुत्पद्येत, अविशेषात्सर्वं सर्वत उत्पद्येत, तस्मादभावग्रस्तेभ्यो

કેમ શરમાતો નથી ? તે જો એમ કહે કે સાદશ્યથી એમ પ્રતિસંધાન (વિચાર) થાય છે તો એ માટે એમ કહેવું કે 'तेन इदं सदृशम्' (આ તેના જેવું છે) એમ સાદશ્ય બંનેને અધીન હોવાથી બે સદશ વસ્તુઓનો ગ્રહણ કરનાર ક્ષણભંગવાદીને મતે એક ન હોવાથી સાદશ્યને લીધે એ પ્રતિસંધાન છે એવો મિથ્યા પ્રલાપ જ થશે. જો પૂર્વ અને ઉત્તર ક્ષણના સાદશ્યનો એક ગ્રહણ કરનાર હોય તો એકના બે ક્ષણ સુધીના રહેવાથી ક્ષણિકત્વપ્રતિજ્ઞાનો બાધ આવે. 'तेन इदं सदृशम्' (આ તેના જેવું છે) એમ અન્ય પ્રતીતિ જ છે, પૂર્વ અને ઉત્તર એ બે ક્ષણને ગ્રહણ કરવાનું નિમિત્ત નથી એમ જો કહેશો તો તે બરાબર નથી, કેમકે तेन इदम् (તેની સાથે આ) એમ જુદા પદાર્થનું ગ્રહણ છે. જો અન્ય પ્રતીતિ જ સાદશ્ય વિષે થાય તો 'सदृशम्' (આ તેના જેવું છે) એવો વાક્યપ્રયોગ નિરર્થક થાય. सादृश्यम् (સાદશ્ય) એવો જ પ્રયોગ પ્રાપ્ત થાય. ખરેખર, જ્યારે લોકપ્રસિદ્ધ પદાર્થનું પરીક્ષકો પરિગ્રહણ ન કરે ત્યારે પોતાના પક્ષની સિદ્ધિ કે સામાના પક્ષનો દોષ, બંને કહેવાય તો પણ તે યથાર્થ તરીકે પરીક્ષકોના કે પોતાના બુદ્ધિસંતાનમાં આવશે નહીં. એ પદાર્થ આવો જ છે એમ જે નિશ્ચિત છે તે જ કહેવું જોઈએ. તેથી બીજું કહેવાય તો તે માત્ર પોતે ખૂબ પ્રલાપી છે એવું પ્રસિદ્ધ કરે. વળી સાદશ્યથી એ વ્યવહાર છે એ પણ બરાબર નથી, કેમકે તે હોવાપણાનું જ્ઞાન છે, તેના સદશ હોવાપણાનું જ્ઞાન નથી. બાહ્ય વસ્તુમાં વિપ્રલંભના (ભ્રમના) સંભવથી તે જ આ છે કે તેના જેવી છે એમ ક્યારેક સંશય થાય પણ ખરો, પણ ઉપલબ્ધાને (જ્ઞાતાને) તો તે જ હું છું કે તેના જેવો છું એવો સંશય પણ ક્યારેય થતો નથી, કારણકે જે મેં ગઈ કાલે જોયું તે જ હું આજે યાદ કરું છું એમ નિશ્ચિત તે જ હોવાપણાનું જ્ઞાન થાય છે. તેથી પણ વૈનાશિક દર્શન અનુપપન્ન (અયોગ્ય) છે ॥ ૨૫ ॥

અભાવ (અસત્)માંથી(ભાવ ઉત્પન્ન થતો) નથી, અદૃષ્ટ છે તેથી ॥ ૨૬ ॥

વળી આ કારણથી વૈનાશિકદર્શન અનુપપન્ન છે, કેમકે સ્થિર, અનુયાયી કારણ ન સ્વીકારનારાઓને અભાવથી ભાવની ઉત્પત્તિ થાય એવો પ્રસંગ આવશે, અને એ લોકો અભાવ(અસત્)થી ભાવની ઉત્પત્તિ દર્શાવે પણ છે - 'नानुपमृद्य प्रादुर्भावात्' **'નાશ થયા વિના નહિ-નાશ થઈને જ-પ્રાદુર્ભાવથી'** એમ. ખરેખર, નાશ પામેલા બીજથી અંકુર.ઉત્પન્ન થાય છે, તેમ વિનષ્ટ દહીંથી ક્ષીર ઉત્પન્ન થાય છે અને મૃત્તિકાના પિંડમાંથી ઘટ ઉત્પન્ન થાય છે (એમ એ લોકો કહે છે). કૂટસ્થ કારણથી જો કાર્ય ઉત્પન્ન થાય તો વિશેષ ન હોવાને લીધે બધું બધાંમાંથી ઉત્પન્ન થાય. માટે અભાવથી ગ્રસ્ત થયેલા બીજાદિઓમાંથી અંકુરાદિ ઉત્પન્ન થાય છે તેથી અભાવમાંથી ભાવની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

बीजादिभ्योऽङ्कुरादीनामुत्पद्यमानत्वादभावाद्भावोत्पत्तिः –इति मन्यन्ते । तत्रेदमुच्यते – **'नासतोऽदृष्टत्वात्'** इति । नाभावाद्भाव उत्पद्यते, यद्यभावाद्भाव उत्पद्येत, अभावत्वाविशेषात्कारणविशेषाभ्युपगमोऽनर्थकः स्यात्, न हि, बीजादीनामुपमृदितानां योऽभावस्तस्याभावस्य शशविषाणादीनां च, निःस्वभावत्वाविशेषादभावत्वे कश्चिद्विशेषोऽस्ति, येन, बीजादेवाङ्कुरो जायते क्षीरादेव दधि – इत्येवंजातीयकः कारणविशेषाभ्युपगमोऽर्थवान्स्यात्, निर्विशेषस्य त्वभावस्य कारणत्वाभ्युपगमे शशविषाणादिभ्योऽप्यङ्कुरादयो जायेरन्, न चैवं दृश्यते, यदि पुनरभावस्यापि विशेषोऽभ्युपगम्येत – उत्पलादीनामिव नीलत्वादिः, ततो विशेषवत्त्वादेवाभावस्य भावत्वमुत्पलादिवत्प्रसज्येत, नाप्यभावः कस्यचिदुत्पत्तिहेतुः स्यात्, अभावत्वादेव, शशविषाणादिवत्, अभावाच्च भावोत्पत्तावभावान्वितमेव सर्वं कार्यं स्यात्, न चैवं दृश्यते, सर्वस्य च वस्तुनः स्वेन स्वेन रूपेण भावात्मनैवोपलभ्यमानत्वात्, न च मृदन्विताः शरावादयो भावास्तन्त्वादिविकाराः केनचिदभ्युपगम्यन्ते, मृद्विकारानेव तु मृदन्वितान्भावान् लोकः प्रत्येति । यत्तूक्तम् – स्वरूपोपमर्दमन्तरेण कस्यचित्कूटस्थस्य वस्तुनः कारणत्वानुपपत्तेरभावाद्भावोत्पत्तिर्भवितुमर्हतीति, तद्दुरुक्तम्, स्थिरस्वभावानामेव सुवर्णादीनां प्रत्यभिज्ञायमानानां रुचकादिकारणभावदर्शनात्, येष्वपि बीजादिषु स्वरूपोपमर्दो लक्ष्यते, तेष्वपि नासावुपमृद्यमाना पूर्वावस्था उत्तरावस्थायाः कारणमभ्युपगम्यते, अनुपमृद्यमानानामेवानुयायिनां बीजाद्यवयवानामङ्कुरादिकारणभावाभ्युपगमात् । तस्मादसद्भ्यः शशविषाणादिभ्यः सदुत्पत्त्यदर्शनात्, सद्भ्यश्च सुवर्णादिभ्यः सदुत्पत्तिदर्शनात्, अनुपपन्नोऽयमभावाद्भावोत्पत्त्यभ्युपगमः । अपि च चतुर्भिश्चित्तचैत्ता उत्पद्यन्ते परमाणुभ्यश्च भूतभौतिकलक्षणः समुदाय उत्पद्यते – इत्यभ्युपगम्य, पुनरभावाद्भावोत्पत्तिं कल्पयद्भिरभ्युपगममपह्नुवानैर्वैनाशिकैः सर्वो लोक आकुलीक्रियते ॥२६॥

उदासीनानामपि चैवं सिद्धिः ॥२७॥

ઉત્પત્તિ છે એમ તેઓ માને છે. તેને વિષે આ કહીએ છીએ - 'नासतोऽदृष्टत्वात्' એમ. **અભાવથી ભાવ ઉત્પન્ન થઈ શકે નહીં.** જો અભાવથી ભાવ ઉત્પન્ન થાય તો અભાવત્વ સમાન હોવાને લીધે કારણ- વિશેષનો સ્વીકાર નિરર્થક થાય. ખરેખર, વિનષ્ટ થયેલાં બીજાદિઓનો જે અભાવ છે તે અભાવમાં અને શશશૃંગાદિના અભાવમાં, સ્વભાવ જતો રહેલો સમાન હોવાથી, કંઈ વિશેષ નથી, કે જેથી બીજથી જ અંકુર ઉત્પન્ન થાય છે અને દૂધમાંથી જ દહીં ઉત્પન્ન થાય છે એવી જાતના કારણવિશેષનો સ્વીકાર પ્રયોજનવાળો થાય. જેમાંથી વિશેષ જતો રહ્યો છે એવા અભાવને કારણ તરીકે સ્વીકારીએ તો શશવિષાણ આદિથી પણ અંકુરાદિ ઉત્પન્ન થાય. પણ એવું દેખાતું નથી. પણ જો જેમ નીલત્વ આદિ કમળનો વિશેષ છે તેમ અભાવનો પણ વિશેષ સ્વીકારાય તો વિશેષ હોવાથી જ કમળ આદિની જેમ અભાવને ભાવ થવાનો પ્રસંગ આવે. વળી અભાવ કોઈની ઉત્પત્તિનો હેતુ પણ થાય નહીં, અભાવ છે તેથી જ, શશવિષાણ આદિની જેમ. તેમજ અભાવથી ભાવની ઉત્પત્તિ હોય તો બધું કાર્ય અભાવથી અન્વિત જ થાય. પણ એમ દેખાતું નથી, કેમકે બધી વસ્તુઓ પોતપોતાના ભાવસ્વરૂપથી જ ઉપલબ્ધ થાય છે. મૃત્તિકાથી અન્વિત કોડિયા આદિ પદાર્થો તન્તુ આદિના વિકાર છે એમ કોઈ સ્વીકારતું નથી. લોકો મૃત્તિકાના વિકારોને જ મૃત્તિકાથી અન્વિત થયેલા ભાવ તરીકે સ્વીકારે છે. સ્વરૂપના નાશ વિના કોઈ કૂટસ્થ વસ્તુ કારણ થાય એ બરાબર નથી તેથી અભાવથી ભાવની ઉત્પત્તિ થાય એ યોગ્ય છે એમ જે કહ્યું છે તે સત્ય કહ્યું નથી, કેમકે સ્થિર સ્વભાવવાળાં સુવર્ણાદિ જેની પ્રત્યભિજ્ઞા થાય છે તે અને રુચકાદિ વચ્ચે કાર્યકારણ ભાવ દેખાય છે. વળી જે બીજાદિમાં સ્વરૂપનો નાશ દેખાય છે. તેઓમાં પણ એ નષ્ટ થતી પૂર્વ અવસ્થા પછીની અવસ્થાનું કારણ છે એમ સ્વીકારાતું નથી, કેમકે બીજાદિના વિનષ્ટ ન થતા જ, અનુયાયી અવયવો અંકુરાદિનાં કારણ છે એવો સ્વીકાર છે. તેટલા માટે અવિદ્યમાન શશવિષાણાદિથી વિદ્યમાનની ઉત્પત્તિ જોવામાં આવતી નથી તેથી અને વિદ્યમાન સુવર્ણાદિથી વિદ્યમાન (રુચકાદિ)ની ઉત્પત્તિ જણાય છે તેથી અભાવથી ભાવની ઉત્પત્તિ છે એ સ્વીકાર અનુપપન્ન (અસંગત) છે. વળી ચાર (સ્કન્ધ)થી ચિત્ત અને ચૈત્ત ઉત્પન્ન થાય છે અને પરમાણુઓથી ભૂતભૌતિક લક્ષણ સમુદાય ઉત્પન્ન થાય છે એમ સ્વીકાર કરીને વળી અભાવથી ભાવની ઉત્પત્તિ કલ્પનારા, સ્વીકારેલાનો નિષેધ કરનારા વૈનાશિકોથી બધા લોકો વ્યાકુળ થાય છે ॥ ૨૬ ॥

એ પ્રમાણે ઉદાસીનોની પણ સિદ્ધિ થાય ॥ ૨૭ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

यदि चाभावाद्भावोत्पत्तिरभ्युपगम्येत, एवं सत्युदासीनानामनीहमानानामपि जनानामभिमतसिद्धिः स्यात्, अभावस्य सुलभत्वात्, कृषीवलस्य क्षेत्रकर्मण्यप्रयतमानस्यापि सस्यनिष्पत्तिः स्यात्, कुलालस्य च मृत्संस्क्रियायामप्रयतमानस्यापि अमत्रोत्पत्तिः । तन्तुवायस्यापि तन्तूनतन्वानस्यापि तन्वानस्येव वस्त्रलाभः, स्वर्गापवर्गयोश्च न कश्चित्कथंचित्समीहेत । न चैतद्युज्यते अभ्युपगम्यते वा केनचित् । तस्मादनुपपन्नोऽयमभावाद्भावोत्पत्त्यभ्युपगमः ॥२७॥

५. नाभावाधिकरणम् ।

नाभाव उपलब्धेः ॥२८॥

एवं बाह्यार्थवादमाश्रित्य समुदायाप्राप्त्यादिषु दूषणेषूद्भावितेषु विज्ञानवादी बौद्ध इदानीं प्रत्यवतिष्ठते – केषांचित्किल विनेयानां बाह्ये वस्तुन्यभिनिवेशमालक्ष्य तदनुरोधेन बाह्यार्थवादप्रक्रियेयं विरचिता । नासौ सुगताभिप्रायः । तस्य तु विज्ञानैकस्कन्धवांद एवाभिप्रेतः । तस्मिंश्च विज्ञानवादे बुद्ध्यारूढेन रूपेणान्तस्थ एव प्रमाणप्रमेयफलव्यवहारः सर्व उपपद्यते, सत्यपि बाह्यार्थे बुद्ध्यारोहमन्तरेण प्रमाणादिव्यवहारानवतारात् । कथं पुनरवगम्यते –अन्तस्थ एवायं सर्वव्यवहारः, न विज्ञानव्यतिरिक्तो बाह्योऽर्थोऽस्तीति, तदसंभवादित्याह – स हि बाह्योऽर्थोऽभ्युपगम्यमानः परमाणवो वा स्युः, तत्समूहा वा स्तम्भादयः स्युः, तत्र न तावत्परमाणवः स्तम्भादिप्रत्ययपरिच्छेद्या भवितुमर्हन्ति, परमाण्वाभासज्ञानानुपपत्तेः, नापि तत्समूहाः स्तम्भादयः, तेषां परमाणुभ्योऽन्यत्वानन्यत्वाभ्यां निरूपयितुमशक्यत्वात् । एवं जात्यादीनपि प्रत्याचक्षीत । अपि च अनुभवमात्रेण साधारणात्मनो ज्ञानस्य जायमानस्य योऽयं प्रतिविषयं पक्षपातः – स्तम्भज्ञानं कुड्यज्ञानं घटज्ञानं पटज्ञानमिति, नासौ ज्ञानगतविशेषमन्तरेणोपपद्यत इत्यवश्यं विषयसारूप्यं ज्ञानस्याङ्गीकर्तव्यम्, अङ्गीकृते च

વળી જો અભાવથી ભાવની ઉત્પત્તિ સ્વીકારીએ તો ઉદાસીન-ચેષ્ટાશૂન્ય લોકોને પણ અભિમત (ઈષ્ટ) સિદ્ધ થાય, કેમકે અભાવ સુલભ છે. ખેડૂત ખેતરના કામમાં પ્રયત્ન ન કરે તો પણ તેને અનાજનો પાક થાય, અને કુંભાર માટીના સંસ્કારનો પ્રયત્ન ન કરે તો પણ ભાણ્ડ ઉત્પન્ન થાય. વળી વણકરને પણ તંતુઓ વણ્યા વગર જ વસ્ત્ર મળશે. વળી સ્વર્ગ અને અપવર્ગને માટે કોઈ પણ કોઈ પણ પ્રકારનો પ્રયત્ન નહીં થાય. એ કંઈ યોગ્ય નથી કે કોઈ એવું સ્વીકારતું પણ નથી. માટે અભાવથી ભાવની ઉત્પત્તિનો સિદ્ધાંત અનુપપન્ન છે ॥ ૨૭ ॥

૫. નાભાવ અધિકરણ

(બાહ્ય પદાર્થનો) અભાવ નથી, (તે) ઉપલબ્ધિ થાય છે માટે ॥ ૨૮ ॥

આ પ્રમાણે બાહ્યાર્થવાદનો આશ્રય કરીને સમુદાયની અપ્રાપ્તિ વગેરે દૂષણો પ્રકટ કર્યા એટલે હવે વિજ્ઞાનવાદી બૌદ્ધ ઉપસ્થિત થાય છે. કહે છે કે કેટલાક શિષ્યોનો બાહ્ય અર્થમાં અભિનિવેશ (અનુરાગ) જોઈને તેમના અનુરોધથી બાહ્યાર્થવાદની પ્રક્રિયા વિરચેલી છે, એ કંઈ સુગતનો અભિપ્રાય નથી. તેને તો એકલો વિજ્ઞાનસ્કન્ધવાદ જ ઇષ્ટ છે. તે વિજ્ઞાનવાદમાં બુદ્ધિમાં આરૂઢ થયેલા રૂપ દ્વારા પ્રમાણ, પ્રમેય, ફળ એવો અન્તઃસ્થ સર્વ વ્યવહાર ઉપપન્ન થાય છે, કેમકે બાહ્ય અર્થ હોય તો પણ બુદ્ધિમાં આરૂઢ થયા વિના પ્રમાણ વગેરે વ્યવહાર થઈ શકતા નથી. પણ એમ કેવી રીતે સમજાય છે કે સર્વ વ્યવહાર અન્તઃસ્થ જ છે અને વિજ્ઞાનથી ભિન્ન બાહ્ય અર્થ નથી ? તેનો અસંભવ છે તેથી એમ કહે છે, કારણ કે તે બાહ્ય અર્થ સ્વીકારાય તો પરમાણુઓ હોય કે તેના સમૂહો સ્તંભાદિ હોય. તેમાં પ્રથમ પરમાણુઓ સ્તંભાદિના જ્ઞાનથી પરિચ્છેદ્ય (માપીને જાણી શકાય એવા) થાય એ બરાબર નથી, કેમકે પરમાણુના આભાસનું જ્ઞાન અયુક્ત છે. તેમજ બાહ્ય અર્થ તેના (પરમાણુના) સમૂહો સ્તંભાદિ પણ નથી, કેમકે તેઓનું પરમાણુઓથી અન્ય તરીકે કે અનન્ય તરીકે નિરૂપણ કરવું અશક્ય છે. એ પ્રમાણે જાતિ આદિનું પ્રત્યાખ્યાન (ખંડન) કરી શકાય. વળી અનુભવમાત્રથી સાધારણ સ્વરૂપમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે છતાં સ્તમ્ભજ્ઞાન, કુડ્યજ્ઞાન (ભીંતનું જ્ઞાન), ઘટજ્ઞાન, પટજ્ઞાન એમ જે પ્રતિવિષય પક્ષપાત થાય છે તે જ્ઞાનગત વિશેષ વિના યોગ્ય થતો નથી, માટે જ્ઞાન વિષયસરૂપ છે એવો અવશ્ય સ્વીકાર કરવો જોઈએ, અને જ્ઞાનના એ વિષયસારૂપ્યનો સ્વીકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

तस्मिन्विषयाकारस्य ज्ञानेनैवावरुद्धत्वादपार्थिका बाह्यार्थसद्भावकल्पना । अपि च सहोपलम्भनियमादभेदो विषयविज्ञानयोरापतति, न ह्यनयोरेकस्यानुपलम्भेऽन्यस्योपलम्भोऽस्ति, न चैतत्स्वभावविवेके युक्तम्, प्रतिबन्धकारणाभावात्, तस्मादप्यर्थाभावः । स्वप्नादिवच्चेदं द्रष्टव्यम् – यथा हि स्वप्नमायामरीच्युदकगन्धर्वनगरादिप्रत्यया विनैव बाह्येनार्थेन ग्राह्यग्राहकाकारा भवन्ति, एवं जागरितगोचरा अपि स्तम्भादिप्रत्यया भवितुमर्हन्तीत्यवगम्यते, प्रत्ययत्वाविशेषात् । कथं पुनरसति बाह्यार्थे प्रत्ययवैचित्र्यमुपपद्यते ? वासनावैचित्र्यादित्याह – अनादौ हि संसारे बीजाङ्कुरवद्विज्ञानानां वासनानां चान्योन्यनिमित्तनैमित्तिकभावेन वैचित्र्यं न विप्रतिषिध्यते, अपि च अन्वयव्यतिरेकाभ्यां वासनानिमित्तमेव ज्ञानवैचित्र्यमित्यवगम्यते, स्वप्नादिष्वन्तरेणाप्यर्थं वासनानिमित्तस्य ज्ञानवैचित्र्यस्य उभाभ्यामप्यावाभ्यामभ्युपगम्यमानत्वात्, अन्तरेण तु वासनामर्थनिमित्तस्य ज्ञानवैचित्र्यस्य मया अनभ्युपगम्यमानत्वात्, तस्मादप्यभावो बाह्यार्थस्येति । एवं प्राप्ते –

ब्रूमः – नाभाव उपलब्धेरिति । न खल्वभावो बाह्यस्यार्थस्याध्यवसातुं शक्यते, कस्मात् ? उपलब्धेः –उपलभ्यते हि प्रतिप्रत्ययं बाह्योऽर्थः – स्तम्भः कुड्यं घटः पट इति, न चोपलभ्यमानस्यैवाभावो भवितुमर्हति, यथा हि कश्चिद्भुञ्जानो भुजिसाध्यायां तृप्तौ स्वयमनुभूयमानायामेवं ब्रूयात् – 'नाहं भुञ्जे न वा तृप्यामि' इति – तद्वदिन्द्रियसंनिकर्षेण स्वयमुपलभमान एव बाह्यमर्थम्, 'नाहमुपलभे न च सोऽस्ति' इति ब्रुवन्, कथमुपादेयवचनः स्यात् । ननु नाहमेवं ब्रवीमि– 'न कंचिदर्थमुपलभे' इति, किं तु 'उपलब्धिव्यतिरिक्तं नोपलभे' इति ब्रवीमि, बाढमेवं ब्रवीषि निरङ्कुशत्वात्ते तुण्डस्य, न तु युक्त्युपेतं ब्रवीषि, यत उपलब्धिव्यतिरेकोऽपि बलादर्थस्याभ्युपगन्तव्यः, उपलब्धेरेव, न हि कश्चिदुपलब्धिमेव स्तम्भः कुड्यं चेत्युपलभते, उपलब्धिविषयत्वेनैव तु स्तम्भकुड्यादीन्सर्वे लौकिका उपलभन्ते । अतश्च एवमेव सर्वे लौकिका

કરીએ એટલે વિષયનો આકાર જ્ઞાનથી જ અવરુદ્ધ (નિશ્ચિત) થવાથી બાહ્યાર્થનું અસ્તિત્વ છે એવી કલ્પના નિરર્થક છે. વળી વિષય અને વિજ્ઞાનના સાથે ઉપલંભ થવાના નિયમથી તેમનો અભેદ પ્રાપ્ત થાય છે, કારણકે એ બંનેમાંથી એક ઉપલબ્ધ ન હોય તો બીજું ઉપલબ્ધ થતું નથી, અને બંનેનો સ્વભાવ ભિન્ન હોય તો એ યોગ્ય નથી, કેમકે પ્રતિબન્ધકારણ (= અટકાવનાર કારણ) નથી. તેથી પણ અર્થનો અભાવ છે. વળી સ્વપ્નાદિની જેમ એ વિચારવું યોગ્ય છે, જેમ સ્વપ્ન, માયા, મૃગજળ, ગન્ધર્વનગર આદિ પ્રત્યયો (જ્ઞાન) બાહ્ય અર્થ વિના જ ગ્રાહ્ય અને ગ્રાહકના આકારમાં થાય છે, એ પ્રમાણે જાગ્રત અવસ્થામાં થયેલા સ્તંભાદિપ્રત્યયો પણ થાય એ યોગ્ય છે એમ સમજાય છે, કેમકે બંને સરખા પ્રત્યયો છે. પણ બાહ્ય અર્થ ન હોય તો પ્રત્યયની વિચિત્રતા કેવી રીતે ઉપપન્ન થાય છે ? વાસનાની વિચિત્રતાથી થાય છે એમ કહે છે, કેમકે અનાદિ સંસારમાં બીજ અને અંકુરની જેમ વિજ્ઞાનો અને વાસનાઓના પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી વિચિત્રતા અટકાવાતી નથી. વળી અન્વય અને વ્યતિરેકથી જ્ઞાનના વૈચિત્ર્યનું વાસના જ નિમિત્ત જણાય છે, કેમકે સ્વપ્નાદિમાં અર્થ વગર પણ જ્ઞાનવૈચિત્ર્યનું વાસના જ નિમિત્ત છે એમ આપણે બંને સ્વીકારીએં છીએ, અને વાસના વિના જ્ઞાનવૈચિત્ર્યનું અર્થ નિમિત્ત છે એમ તો હું સ્વીકારતો નથી. તેથી પણ બાહ્ય અર્થનો અભાવ છે. એમ પ્રાપ્ત થતાં

અમે કહીએ છીએ. - 'नाभाव उपलब्धेः' એમ ખરેખર, બાહ્ય અર્થનો અભાવ નિશ્ચિત કરવો અશક્ય છે. શાથી ? ઉપલબ્ધિથી. પ્રતિપ્રત્યયમાં સ્તંભ, ભીંત, ઘટ, પટ એમ બાહ્ય અર્થ ઉપલબ્ધ થાય છે, અને જે ઉપલભ્યમાન છે તેનો જ અભાવ હોય એ બરાબર નથી. જેમ કોઈ ભોજન કરતો ભોજનસાધ્ય તૃપ્તિ પોતે અનુભવતી વખત એમ કહે કે 'હું ભોજન કરતો નથી કે હું તૃપ્ત થતો નથી', તેમ ઇન્દ્રિયસંનિકર્ષથી પોતે બાહ્ય અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરતો 'હું જ્ઞાન મેળવતો જ નથી અને તે અર્થ નથી' એમ કહેતો પુરુષ આપ્ત-જેનું વચન ગ્રહણ કરવા યોગ્ય છે. એવો-ક્યાંથી થાય? પણ 'હું કોઈ અર્થ ઉપલબ્ધ કરતો નથી' એમ હું કહેતો નથી, પણ 'ઉપલબ્ધિથી જુદું ઉપલબ્ધ કરતો નથી' એમ કહું છું. ખરેખર, તું એમ કહે છે, કેમકે તારું તુંડ નિરંકુશ છે. પણ તું યુક્તિયુક્ત કહેતો નથી, કેમકે અર્થનો ઉપલબ્ધિથી ભેદ પણ બલાત્ સ્વીકારવો જ પડશે, ઉપલબ્ધિથી જ, કારણ કે કોઈ પણ ઉપલબ્ધિને જ સ્તંભ કે ભીંત તરીકે ઉપલબ્ધ કરતો નથી, પણ સ્તંભ, ભીંત આદિઓને ઉપલબ્ધિના વિષય તરીકે જ સર્વ લૌકિકો ઉપલબ્ધ કરે છે. વળી આથી પણ સર્વ લૌકિકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उपलभन्ते, यत् प्रत्याचक्षाणा अपि बाह्यमर्थम् एवमाचक्षते – 'यदन्तर्ज्ञेयरूपं तद्बहिर्वदवभासते' इति – तेऽपि हि सर्वलोकप्रसिद्धां बहिरवभासमानां संविदं प्रतिलभमानाः, प्रत्याख्यातुकामाश्च बाह्यमर्थम्, 'बहिर्वत्' इति वत्कारं कुर्वन्ति, इतरथा हि कस्मात् 'बहिर्वत्' इति ब्रूयुः, न हि 'विष्णुमित्रो वन्ध्यापुत्रवदवभासते'इति कश्चिदाचक्षीत, तस्मात् यथानुभवं तत्त्वम् अभ्युपगच्छद्भिः बहिरेवावभासते इति युक्तम् अभ्युपगन्तुम्, न तु बहिर्वत् अवभासत् इति। ननु बाह्यस्यार्थस्यासंभवात् बहिर्वदवभासते इत्यध्यवसितम्, नायं साधुरध्यवसायः, यतः प्रमाप्रवृत्त्यप्रवृत्तिपूर्वकौ संभवासंभवाववधार्येते, न पुनः संभवासंभवपूर्वके प्रमाणप्रवृत्त्यप्रवृत्ती, यद्धि प्रत्यक्षादीनामन्यतमेनापि प्रमाणेनोपलभ्यते, तत्संभवति, यत्तु न केनचिदपि प्रमाणेनोपलभ्यते, तन्न संभवति, इह तु यथास्वं सर्वैरेव प्रमाणैर्बाह्योऽर्थ उपलभ्यमानः कथं व्यतिरेकाव्यतिरेकादिविकल्पैर्न संभवतीत्युच्येत – उपलब्धेरेव ? न च ज्ञानस्य विषयासारूप्याद्विषयनाशो भवति, असति विषये विषयसारूप्यानुपपत्तेः, बहिरुपलब्धेश्च विषयस्य, अत एव सहोपलम्भनियमोऽपि प्रत्ययविषययोरुपायोपेयभावहेतुकः, न अभेदहेतुकः – इत्यभ्युपगन्तव्यम् । अपि च घटज्ञानं पटज्ञानमिति विशेषणयोरेव घटपटयोर्भेदः, न विशेष्यस्य ज्ञानस्य – यथा शुक्लो गौः कृष्णो गौरिति शौक्ल्यकार्ष्ण्ययोरेव भेदः, न गोत्वस्य, द्वाभ्यां च भेद एकस्य सिद्धो भवति, एकस्माच्च द्वयोः, तस्मादर्थज्ञानयोर्भेदः, तथा घटदर्शनं घटस्मरणित्यत्रापि प्रतिपत्तव्यम्, अत्रापि हि विशेष्ययोरेव दर्शनस्मरणयोर्भेदः, न विशेषणस्य घटस्य – यथा क्षीरगन्धः क्षीररस इति विशेष्ययोरेव गन्धरसयोर्भेदः, न विशेषणस्य क्षीरस्य, तद्वत्। अपि च द्वयोर्विज्ञानयोः पूर्वोत्तरकालयोः स्वसंवेदनेनैव उपक्षीणयोः इतरेतरग्राह्यग्राहकत्वानुपपत्तिः, ततश्च – विज्ञानभेदप्रतिज्ञा क्षणिकत्वादिधर्मप्रतिज्ञा स्वलक्षणसामान्यलक्षणवास्यवासकत्वाविद्योपप्लवसदसद्धर्मबन्धमोक्षादिप्रतिज्ञाश्च स्वशास्त्रगताः –

એ જ પ્રમાણે ઉપલબ્ધિ કરે છે, કેમકે બાહ્ય અર્થનું પ્રત્યાખ્યાન (ખંડન) કરતા પણ તેનું એમ વ્યાખ્યાન કરે છે કે જે અન્તઃ જ્ઞેયરૂપ છે તેનો બહિર્વત્ (બહારની જેમ) અવભાસ થાય છે. તેઓ પણ સર્વલોકપ્રસિદ્ધ બહાર અવભાસ થતી ઉપલબ્ધિ કરતા અને બાહ્ય અર્થનું પ્રત્યાખ્યાન કરવા ઇચ્છતા બહિર્વત્ એમ 'વત્' - પ્રત્યયનો પ્રયોગ કરે છે. નહીં તો બહિર્વત્ એમ તેઓ શા માટે કહે ? ખરેખર, વિષ્ણુ પુત્ર વન્ધ્યાપુત્રવત્ અવભાસે છે એમ કોઈ કહે નહીં. માટે અનુભવને અનુસરીને તત્ત્વ સ્વીકારનારાઓએ બહાર જ અવભાસ થાય છે એમ સ્વીકારવું ઉચિત છે, પણ બહિર્વત્ અવભાસે છે એમ સ્વીકારવું ઉચિત નથી. પણ બાહ્ય અર્થના અસંભવથી બહિર્વત્ અવભાસે છે એમ અધ્યવસાય (આરોપ) છે. એ અધ્યવસાય બરાબર નથી, કેમકે સંભવ અને અસંભવની પૂર્વે પ્રમાણની પ્રવૃત્તિ અને અપ્રવૃત્તિની છે એમ અવધારણ થાય છે, પણ પ્રમાણની પ્રવૃત્તિ અને અપ્રવૃત્તિની પહેલાં સંભવ અને અસંભવ નથી. ખરેખર, પ્રત્યક્ષાદિ પ્રમાણોમાંથી એક વડે જે ઉપલબ્ધ થાય છે તે સંભવે છે, પણ જે કોઈ પણ પ્રમાણથી ઉપલબ્ધ થતું નથી તે સંભવતું નથી. અહીં તો સ્વભાવને અનુસરી સર્વે પ્રમાણો દ્વારા બાહ્ય અર્થ ઉપલબ્ધ થાય છે તો વ્યતિરેક અને અવ્યતિરેક વગેરે વિકલ્પોથી તે સંભવતો નથી એમ શી રીતે કહી શકાય ? કેમકે ઉપલબ્ધ થાય છે જ. વળી જ્ઞાનવિષયસરૂપ છે તેથી કંઈ વિષયનો નાશ થતો નથી, કારણકે વિષય ન હોય તો વિષયસારૂપ્ય બંધબેસે નહીં અને વિષય, બહાર ઉપલબ્ધ થાય છે. આથી જ પ્રત્યય અને વિષય સાથે ઉપલબ્ધ થાય છે એ નિયમનો પણ ઉપાયોપેયભાવ (= એક ઉપાય છે અને બીજો તે વડે થાય છે - ઉપેય છે-એવો ભાવ, અર્થ ઉપાય છે અને જ્ઞાન ઉપેય છે, એવો અર્થ અને જ્ઞાન વચ્ચેનો સંબંધ, વિષયવિષયિભાવ.) હેતુ છે, અભેદ હેતુ નથી એમ સ્વીકારવું યોગ્ય છે. વળી ઘટજ્ઞાન, પટજ્ઞાન એમાં ઘટ અને પટ, વિશેષણોનો જ ભેદ છે. વિશેષ્ય જ્ઞાનનો ભેદ નથી. જેમ સફેદ ગાય, કાળી ગાય એમાં શુક્લત્વ અને કૃષ્ણત્વનો જ ભેદ છે, ગોત્વનો નથી. એકનો બીજાથી ભેદ સિદ્ધ થાય છે, અને એકથી બીજાનો. માટે અર્થ અને જ્ઞાનનો ભેદ છે. તેમ ઘટદર્શન અને ઘટસ્મરણ એમાં પણ સમજવું જોઈએ. અહીં પણ દર્શન અને સ્મરણ જે વિશેષ્ય છે તેનો જ ભેદ છે, વિશેષણ ઘટનો ભેદ નથી, જેમ ક્ષીરગન્ધ, ક્ષીરરસ એમાં વિશેષ્ય ગન્ધ અને રસનો જ ભેદ છે, વિશેષણ ક્ષીરનો નથી તે રીતે. વળી પૂર્વકાલીન અને ઉત્તરકાલીન એ બે વિજ્ઞાનો સ્વસંવેદનથી જ ઉપક્ષીણ થયેલાં હોવાથી પરસ્પર ગ્રાહ્યગ્રાહક થાય એ યુક્ત નથી. તેથી વિજ્ઞાનભેદની પ્રતિજ્ઞા, ક્ષણિકત્વ વગેરે ધર્મની પ્રતિજ્ઞા, સ્વલક્ષણ પ્રતિજ્ઞા, સામાન્યલક્ષણ પ્રતિજ્ઞા, વાસ્યવાસકત્વપ્રતિજ્ઞા, અવિદ્યાના સંસર્ગથી સદસદ્ધર્મપ્રતિજ્ઞા અને બન્ધમોક્ષાદિ પ્રતિજ્ઞા જે સ્વશાસ્ત્રમાં છે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ता हीयेरन्। किंचान्यत् – विज्ञानं विज्ञानमित्यभ्युपगच्छता, बाह्यार्थः स्तम्भः कुड्यमित्येवंजातीयकः कस्मान्नाभ्युपगम्यत इति वक्तव्यम् ? विज्ञानमनुभूयत इति चेत्, बाह्योऽप्यर्थोऽनुभूयत एवेति युक्तमभ्युपगन्तुम्, अथ विज्ञानं प्रकाशात्मकत्वात्प्रदीपवत्स्वयमेवानुभूयते, न तथा बाह्योऽप्यर्थ इति चेत् – अत्यन्तविरुद्धां स्वात्मनि क्रियामभ्युपगच्छसि – अग्निरात्मानं दहतीतिवत्, अविरुद्धं तु लोकप्रसिद्धम् – स्वात्मव्यतिरिक्तेन विज्ञानेन बाह्यार्थोऽनुभूयत इति नेच्छसि, अहो पाण्डित्यं महद्दर्शितम्, न चार्थव्यतिरिक्तमपि विज्ञानं स्वयमेवानुभूयते, स्वात्मनि क्रियाविरोधादेव। ननु विज्ञानस्य स्वरूपव्यतिरिक्तग्राह्यत्वे, तदप्यन्येन ग्राह्यं तदप्यन्येन – इत्यनवस्था प्राप्नोति, अपि च प्रदीपवदवभासात्मकत्वाज्ज्ञानस्य ज्ञानान्तरं कल्पयतः समत्वादवभास्यावभासकभावानुपपत्तेः कल्पनानर्थक्यमिति तदुभयमप्यसत्, विज्ञानग्रहणमात्र एव विज्ञानसाक्षिणो ग्रहणाकाङ्क्षानुत्पादादनवस्थाशङ्कानुपपत्तेः, साक्षिप्रत्यययोश्च स्वभाववैषम्यादुपलब्ध्युपलभ्यभावोपपत्तेः, स्वयंसिद्धस्य च साक्षिणोऽप्रत्याख्येयत्वात्। किंचान्यत् – प्रदीपवद्विज्ञानमवभासकान्तरनिरपेक्षं स्वयमेव प्रथते – इति ब्रुवता अप्रमाणगम्यं विज्ञानमनवगन्तृकमित्युक्तं स्यात् – शिलाघनमध्यस्थप्रदीपसहस्रप्रथनवत्, बाढमेवम् – अनुभवरूपत्वात्तु विज्ञानस्येष्टो नः पक्षस्त्वया अनुज्ञायत इति चेत्, न, अन्यस्यावगन्तुश्चक्षुःसाधनस्य प्रदीपादिप्रथनदर्शनात्, अतो विज्ञानस्याप्यवभास्यत्वाविशेषात्सत्येवान्यस्मिन्नवगन्तरि प्रथनं प्रदीपवदित्यवगम्यते। साक्षिणोऽवगन्तुः स्वयंसिद्धतामुपक्षिपता, स्वयं प्रथते विज्ञानम् इत्येष एव मम पक्षस्त्वया वाचोयुक्त्यन्तरेणाश्रित इति चेत्, न, विज्ञानस्योत्पत्तिप्रध्वंसानेकत्वादिविशेषवत्त्वाभ्युपगमात्, अतः प्रदीपवद्विज्ञानस्यापि व्यतिरिक्तावगम्यत्वमस्माभिः प्रसाधितम् ॥२८॥

બધીને હાનિ થાય. વળી બીજું કે વિજ્ઞાન, વિજ્ઞાન એવું સ્વીકારતો, (તું) સ્તંભ, ભીંત એવા પ્રકારનો બાહ્ય અર્થ શા માટે નથી સ્વીકારતો તે કહેવું જોઈએ. વિજ્ઞાનનો અનુભવ થાય છે એમ જો કહેશો તો બાહ્ય અર્થનો પણ અનુભવ થાય છે જ એમ સ્વીકારવું યોગ્ય છે. વિજ્ઞાન પ્રકાશાત્મક હોવાથી પ્રદીપની જેમ સ્વયં અનુભવાય છે તેવી રીતે બાહ્ય અર્થ પણ અનુભવાતો નથી એમ જો કહેશો તો સ્વાત્માને વિષે અત્યન્તવિરુદ્ધ ક્રિયા તું સ્વીકારે છે, અગ્નિ આત્માને બાળે છે એની જેમ. પણ વસ્તુથી વ્યતિરિક્ત જ્ઞાનથી બાહ્ય અર્થ અનુભવાય છે એમ અવિરુદ્ધ અને લોકપ્રસિદ્ધ વાત ઈચ્છતો નથી, અહો ! મહાન પાંડિત્ય દર્શાવ્યું ! અર્થવ્યતિરિક્ત પણ વિજ્ઞાન સ્વતઃ અનુભવાય એમ કહેવું યોગ્ય નથી, કેમકે પોતાની ક્રિયાનો વિરોધ છે જ. પણ વિજ્ઞાન પોતાનાથી વ્યતિરિક્તથી ગ્રાહ્ય હોય તો તે પણ અન્યથી ગ્રાહ્ય થાય અને તે પણ અન્યથી એમ અનવસ્થા પ્રાપ્ત થાય છે, વળી જ્ઞાન પ્રદીપની જેમ અવભાસાત્મક હોવાથી જ્ઞાનનું અન્ય જ્ઞાન કલ્પનારને બંને જ્ઞાન સમાન હોવાથી તે બે વચ્ચે અવભાસ્યભાવ અને અવભાસકભાવ ઉપપન્ન થશે નહીં અને કલ્પના અનર્થક થશે- એ બંને શંકા અસત્ છે, કેમકે વિજ્ઞાનગ્રહણમાત્રમાં વિજ્ઞાનસાક્ષીના ગ્રહણની આકાંક્ષા ઉત્પન્ન થતી નથી તેથી અનવસ્થાની શંકા યોગ્ય નથી, સાક્ષી અને પ્રત્યય એ સ્વભાવથી સમાન ન હોવાથી એ બંને વચ્ચે ઉપલબ્ધા અને ઉપલભ્યનો ભાવ યોગ્ય થાય છે, અને સ્વયંસિદ્ધ સાક્ષીનું પ્રત્યાખ્યાન (ખંડન) કરવું યોગ્ય નથી. વળી બીજું, પ્રદીપની જેમ વિજ્ઞાનને અન્ય અવભાસકની અપેક્ષા નથી, તે જાતે જ થાય છે એમ કહેવાથી વિજ્ઞાન અપ્રમાણગમ્ય છે અને એને જ્ઞાતા નથી એમ કહેલું ગણાય, શિલાઘનની મધ્યમાં રહેલા સહસ્ર પ્રદીપના પ્રકાશની જેમ. સારું એમ, પણ વિજ્ઞાન અનુભવરૂપ હોવાથી અમે ઈચ્છેલો પક્ષ તને સંમત છે એમ કહેશો તો તે બરાબર નથી, કારણકે ચક્ષુ જેનું સાધન છે એવા અન્ય જ્ઞાતાને પ્રદીપાદિનું જ્ઞાન થાય છે એવું જોવામાં આવે છે. માટે વિજ્ઞાન પણ સમાન રીતે અવભાસ્ય હોવાથી અન્ય જ્ઞાતા હોય તો જ તેનો પ્રકાશ પ્રદીપની જેમ થાય છે એમ સમજાય છે. સાક્ષી જ્ઞાતા સ્વયંસિદ્ધ છે એમ નિર્દેશ કરતા તેં વિજ્ઞાન સ્વયં પ્રકાશ પામે છે એ જ મારો પક્ષ વાચાની અન્ય યુક્તિથી આશ્રિત કર્યો એમ કહેવું યુક્ત નથી, કેમકે (તમે) વિજ્ઞાનના ઉત્પત્તિ, નાશ, અનેકત્વ ઈત્યાદિ વિશેષ (ભેદ) છે એમ માનો છો (પણ અમે માનતા નથી) માટે પ્રદીપની જેમ વિજ્ઞાન પણ (પોતાનાથી) ભિન્ન (પદાર્થથી) જ્ઞેય છે એમ અમે સિદ્ધ કર્યું ॥ ૨૮ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वैधर्म्याच्च न स्वप्नादिवत् ॥२९॥

यदुक्तं बाह्यार्थापलापिना — स्वप्नादिप्रत्ययवज्जागरितगोचरा अपि स्तम्भादिप्रत्यया विनैव बाह्येनार्थेन भवेयुः, प्रत्ययत्वाविशेषादिति, तत्प्रतिवक्तव्यम्, अत्रोच्यते — न स्वप्नादिप्रत्ययवज्जाग्रत्प्रत्यया भवितुमर्हन्ति, कस्मात् ? वैधर्म्यात् — वैधर्म्यं हि भवति स्वप्नजागरितयोः, किं पुनर्वैधर्म्यम् ? बाधाबाधाविति ब्रूमः — बाध्यते हि स्वप्नोपलब्धं वस्तु प्रतिबुद्धस्य — मिथ्या मयोपलब्धो महाजनसमागम इति, न ह्यस्ति मम महाजनसमागमः, निद्राग्लानं तु मे मनो बभूव, तेनैषा भ्रान्तिरुद्बभूवेति, एवं मायादिष्वपि भवति यथायथं बाधः, नैव जागरितोपलब्धं वस्तु स्तम्भादिकं कस्यांचिदप्यवस्थायां बाध्यते । अपि च स्मृतिरेषा, यत्स्वप्नदर्शनम्, उपलब्धिस्तु जागरितदर्शनम्, स्मृत्युपलब्ध्योश्च प्रत्यक्षमन्तरं स्वयमनुभूयते अर्थविप्रयोगसंप्रयोगात्मकम् — इष्टं पुत्रं स्मरामि, नोपलभे, उपलब्धुमिच्छामीति । तत्रैवं सति न शक्यते वक्तुम् — मिथ्या जागरितोपलब्धिः, उपलब्धित्वात्, स्वप्नोपलब्धिवदिति — उभयोरन्तरं स्वयमनुभवता, न च स्वानुभवापलापः प्राज्ञमानिभिर्युक्तः कर्तुम् । अपि च अनुभवविरोधप्रसङ्गाज्जागरितप्रत्ययानां स्वतो निरालम्बनतां वक्तुमशक्नुवता स्वप्नप्रत्ययसाधर्म्याद्वक्तुमिष्यते, न च, यो यस्य स्वतो धर्मो न संभवति सोऽन्यस्य साधर्म्यात्तस्य संभविष्यति, न ह्यग्निरुष्णोऽनुभूयमान उदकसाधर्म्याच्छीतो भविष्यति, दर्शितं तु वैधर्म्यं स्वप्नजागरितयोः ॥२९॥

न भावोऽनुपलब्धेः ॥३०॥

यदप्युक्तम् — विनाप्यर्थेन ज्ञानवैचित्र्यं वासनावैचित्र्यादेवावकल्पत इति, तत्प्रतिवक्तव्यम्, अत्रोच्यते — न भावो वासनानामुपपद्यते, त्वत्पक्षेऽनुपलब्धेर्बाह्यानामर्थानाम्, अर्थोपलब्धिनिमित्ता हि प्रत्यर्थं नानारूपा वासना भवन्ति,

---

અને વૈધર્મ્ય છે તેથી (જાગ્રત્ જ્ઞાન) સ્વપ્નાદિ(ના જ્ઞાનો) જેવા નથી ॥ ૨૯ ॥

સ્વપ્નાદિ અવસ્થાના જ્ઞાનની જેમ જાગ્રત અવસ્થામાં થયેલા સ્તંભાદિપ્રત્યયો પણ બાહ્ય અર્થ વગર જ થાય એ યુક્ત છે, કેમકે બંનેમાં પ્રત્યયત્વ સમાન છે એમ બાહ્યાર્થના નિષેધ કરનારે જે કહ્યું છે તેનું પ્રત્યાખ્યાન કરવું જોઈએ. એને વિષે કહીએ છીએ—સ્વપ્નાદિપ્રત્યયના જેવા જાગ્રદવસ્થાના જ્ઞાનો થાય એ બરાબર નથી. શાથી ? વૈધર્મ્ય છે તેથી, કેમકે સ્વપ્ન અને જાગ્રદવસ્થાના જ્ઞાનોમાં વૈધર્મ્ય છે, પણ શું વૈધર્મ્ય છે ? બાધ અને અબાધ એમ અમે કહીએ છીએ, કારણ કે સ્વપ્નમાં ઉપલબ્ધ કરેલી વસ્તુ જાગ્રત થયેલાને બાધિત થાય છે કે મહાજનનો સમાગમ મેં ઉપલબ્ધ કર્યો છે તે મિથ્યા છે એમ. ખરેખર, મને મહાજનનો સમાગમ થયો નથી, પણ મારું મન નિદ્રાથી ગ્લાનિમાં હતું તેથી આ ભ્રાન્તિ પેદા થઈ એમ એ પ્રમાણે માયાદિનો યથાયોગ્ય બાધ થાય છે. પણ જાગ્રત અવસ્થામાં ઉપલબ્ધ થયેલી સ્તંભાદિ વસ્તુ કોઈ પણ અવસ્થામાં એવી રીતે બાધિત થતી નથી. વળી જે સ્વપ્નદર્શન છે તે સ્મૃતિ છે, પણ ઉપલબ્ધિ તો જાગ્રદ્ અવસ્થાનું દર્શન છે, અને સ્મૃતિ અને ઉપલબ્ધિ વચ્ચે પ્રત્યક્ષ ભેદ સ્વયં અનુભવાય છે તે એ છે કે પ્રથમમાં અર્થનો વિપ્રયોગ છે અને બીજામાં સંપ્રયોગ છે, ઈષ્ટ પુત્રને યાદ કરું છું, ઉપલબ્ધ કરતો નથી, ઉપલબ્ધ કરવા ઇચ્છું છું એમ. તેમાં એમ હોવાથી બંને ઉપલબ્ધિનો ભેદ સ્વયં અનુભવે છે તેનાથી એમ કહી નહિ શકાય કે જાગ્રદવસ્થાની ઉપલબ્ધિ મિથ્યા છે, ઉપલબ્ધિ છે તેથી, સ્વપ્નની ઉપલબ્ધિની જેમ. જે પોતાને પ્રાજ્ઞ માને છે એવા પુરુષોએ પોતાના અનુભવનો નિષેધ કરવો ઉચિત નથી. વળી જાગ્રદવસ્થાના પ્રત્યયો સ્વયં નિરાધાર છે એમ કહેવું શક્ય નથી, કેમકે અનુભવના વિરોધનો પ્રસંગ આવે, તેથી સ્વપ્નપ્રત્યયના સમાન એ પ્રત્યયો છે એમ સાધર્મ્યથી જાગ્રદવસ્થાના પ્રત્યયો નિરાધાર છે એમ કહેવા ઇચ્છે છે. પણ જે જેનો સ્વતઃ ધર્મ સંભવતો નથી તે બીજાના સાધર્મ્યથી તેનો ધર્મ થતો નથી, કેમકે અગ્નિ ઉષ્ણ અનુભવાય છે તે ઉદકસાધર્મ્યથી ઠંડો થશે નહીં. સ્વપ્ન અને જાગ્રદવસ્થાનું વૈધર્મ્ય તો દર્શાવ્યું છે ॥ ૨૯ ॥

(વાસનાઓનો) ભાવ (અસ્તિત્વ) નથી; (બાહ્ય પદાર્થ) અનુપલબ્ધ છે તેથી ॥ ૩૦ ॥

અર્થ વિના પણ જ્ઞાનવૈચિત્ર્ય વાસનાવૈચિત્ર્યથી જ સંભવે છે એમ જે કહ્યું છે તેનું પ્રત્યાખ્યાન (ખંડન) કરવું જોઈએ-વાસનાઓનો ભાવ ઉપપન્ન થતો નથી, કેમકે તારા પક્ષમાં બાહ્ય અર્થોની અનુપલબ્ધિ છે. ખરેખર, અર્થની ઉપલબ્ધિને લીધે પ્રત્યર્થ ભિન્ન ભિન્ન રૂપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनुपलभ्यमानेषु त्वर्थेषु किंनिमित्ता विचित्रा वासना भवेयुः ? अनादित्वेऽप्यन्धपरंपरान्यायेनाप्रतिष्ठैवानवस्था व्यवहारलोपिनी स्यात्, नाभिप्रायसिद्धिः, यावप्यन्वयव्यतिरेकावर्थापलापिनोपन्यस्तौ — वासनानिमित्तमेवेदं ज्ञानजातं नार्थनिमित्तमिति, तावप्येवं सति प्रत्युक्तौ द्रष्टव्यौ, विना अर्थोपलब्ध्या वासनानुपपत्तेः । अपि च विनापि वासनाभिरर्थोपलब्ध्युपगमात्, विना त्वर्थोपलब्ध्या वासनोत्पत्त्यनभ्युपगमात् अर्थसद्भावमेवान्वयव्यतिरेकावपि प्रतिष्ठापयतः। अपि च वासना नाम संस्कारविशेषाः, संस्काराश्च नाश्रयमन्तरेणावकल्पन्ते, एवं लोके दृष्टत्वात्, न च तव वासनाश्रयः कश्चिदस्ति, प्रमाणतोऽनुपलब्धेः ॥३०॥

क्षणिकत्वाच्च ॥३१॥

यदप्यालयविज्ञानं नाम वासनाश्रयत्वेन परिकल्पितम्, तदपि क्षणिकत्वाभ्युपगमादनवस्थितस्वरूपं सत्, प्रवृत्तिविज्ञानवन्न वासनानामधिकरणं भवितुमर्हति, न हि कालत्रयसंबन्धिन्येकस्मिन्नन्वयिन्यसति कूटस्थे वा सर्वार्थदर्शिनि देशकालनिमित्तापेक्षवासनाधीनस्मृतिप्रतिसंधानादिव्यवहारः संभवति, स्थिरस्वरूपत्वे त्वालयविज्ञानस्य सिद्धान्तहानिः । अपि च विज्ञानवादेऽपि क्षणिकत्वाभ्युपगमस्य समानत्वात्, यानि बाह्यार्थवादे क्षणिकत्वनिबन्धनानि दूषणान्युद्भावितानि– **'उत्तरोत्पादे च पूर्वनिरोधात्'** (ब्र.सू.२।२।२०) इत्येवमादीनि, तानीहाप्यनुसंधातव्यानि । एवमेतौ द्वावपि वैनाशिकपक्षौ निराकृतौ — बाह्यार्थवादिपक्षो विज्ञानवादिपक्षश्च, शून्यवादिपक्षस्तु सर्वप्रमाणविप्रतिषिद्ध इति तन्निराकरणाय नादरः क्रियते। न ह्ययं सर्वप्रमाणसिद्धो लोकव्यवहारोऽन्य-तत्त्वमनधिगस्य शक्यतेऽपह्नोतुम्, अपवादाभावे उत्सर्गप्रसिद्धेः ॥३१॥

सर्वथानुपपत्तेश्च ॥३२॥

किं बहुना ? सर्वप्रकारेण — यथा यथायं वैनिशकसमय उपपत्तिमत्त्वाय परीक्ष्यते तथा तथा — सिकताकूपवद्विदीर्यत

વાસનાઓ થાય છે. પણ અર્થો અનુપલભ્યમાન હોય તો વિચિત્ર વાસનાઓ કોને લીધે થાય ? વાસના અનાદિ છે એમ લેવાથી પણ અંધપરંપરાન્યાયથી નિર્મૂલ અનવસ્થા વ્યવહારનો લોપ કરનારી થાય, અભિપ્રાય સિદ્ધ ન થાય. અર્થના નિષેધ કરનારે વાસનાનિમિત્તક જ આ જ્ઞાનસમૂહ છે, અર્થનિમિત્તક નથી એમ જે અન્વય અને વ્યતિરેકનો નિર્દેશ કર્યો છે તેનું પણ આમ હોવાથી નિરાકરણ થયેલું સમજવું, કેમકે અર્થની ઉપલબ્ધિ વગર વાસના ઉપપન્ન થતી નથી. વળી વાસનાઓ વગર પણ અર્થની ઉપલબ્ધિ પ્રાપ્ત થાય છે, અને અર્થોલબ્ધિ વગર વાસનાની ઉત્પત્તિનો સ્વીકાર નથી તેથી અન્વય વ્યતિરેકથી પણ અર્થનું અસ્તિત્વ જ પ્રતિષ્ઠાપન થાય છે. વળી વાસના એ ખરેખર સંસ્કારવિશેષ છે અને સંસ્કારો આશ્રય વગર સંભવતા નથી, કારણકે એવું લોકમાં દેખાય છે, અને તારે વાસનાનો કોઈ આશ્રય નથી, કેમકે તે પ્રમાણથી અનુપલબ્ધ છે ॥ ૩૦ ॥

અને ક્ષણિક હોવાથી (આલયવિજ્ઞાન) વાસનાનો આશ્રય લઈ શકતું નથી ॥ ૩૧ ॥

જે આલયવિજ્ઞાનને પણ વાસનાના આશ્રય તરીકે પરિકલ્પેલું છે તે પણ ક્ષણિકત્વના સ્વીકારથી અસ્થિર સ્વરૂપવાળું થઈ પ્રવૃત્તિવિજ્ઞાનની જેમ વાસનાઓનો આધાર થાય એ યોગ્ય નથી. ખરેખર, ત્રણેય કાળ સાથે સંબન્ધ રાખનાર, એક, અન્વયી, કે સર્વાર્થદર્શી કૂટસ્થ ન હોય તો દેશકાલનિમિત્તની અપેક્ષાથી જે વાસના થાય છે તેને અધીન સ્મૃતિપ્રતિસંધાનનો વ્યવહાર સંભવતો નથી. આલયવિજ્ઞાનને સ્થિરસ્વરૂપવાળો ગણો તો સિદ્ધાન્તની હાનિ થાય. વળી વિજ્ઞાનવાદમાં પણ ક્ષણિકત્વનો સ્વીકાર સમાન હોવાથી બાહ્યાર્થવાદમાં ક્ષણિકત્વને આધારે રહેલાં 'उत्तरोत्पादे च पूर्वनिरोधात्' (બ્રહ્મ. સૂ. ૨-૨-૨૦) વગેરે જે દૂષણો પ્રકાશિત કર્યા છે તેનું અહીં પણ અનુસંધાન કરવું યુક્ત છે. એ પ્રમાણે બાહ્યાર્થવાદિપક્ષ અને વિજ્ઞાનવાદિપક્ષ, એ બંને વૈનાશિક પક્ષોનું નિરાકરણ કર્યું. શૂન્યવાદીપક્ષ તો સર્વ પ્રમાણોથી વિરુદ્ધ છે એટલે તેનું નિરાકરણ કરવા માટે આદર કરવામાં આવ્યો નથી, કારણકે આ સર્વપ્રમાણસિદ્ધ લોકવ્યવહારનો અન્ય તત્ત્વને પ્રાપ્ત કર્યા વગર અપહ્નવ કરવો અશક્ય છે, કારણ કે અપવાદને અભાવ હોય ત્યારે ઉત્સર્ગ પ્રસિદ્ધ છે ॥ ૩૧ ॥

અને સર્વથા (દરીકે રીતે) અનુપપન્ન છે તેથી (વૈનાશિકદર્શન યોગ્ય નથી) ॥ ૩૨ ॥

વધુ કહેવાથી શું ? સર્વ પ્રકારે જેમ જેમ આ વૈનાશિકદર્શન ઉપપન્ન છે કે નહીં તેની પરીક્ષા કરીએ છીએ તેમ તેમ રેતીમાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एव, न कांचिदप्यत्रोपपत्तिं पश्यामः, अतश्चानुपपन्नो वैनाशिकतन्त्रव्यवहारः । अपि च बाह्यार्थविज्ञानशून्यवादत्रयमितरेतरविरुद्धमुपदिशता सुगतेन स्पष्टीकृतमात्मनोऽसंबद्धप्रलापित्वम्, प्रद्वेषो वा प्रजासु — विरुद्धार्थप्रतिपत्त्या विमुह्येयुरिमाः प्रजा इति । सर्वथाप्यनादरणीयोऽयं सुगतसमयः श्रेयस्कामैरित्यभिप्रायः ॥३२॥

६. एकस्मिन्नसंभवाधिकरणम् ।

नैकस्मिन्नसंभवात् ॥३३॥

निरस्तः सुगतसमयः, विवसनसमय इदानीं निरस्यते । सप्त चैषां पदार्थाः संमताः — जीवाजीवास्रवसंवर-निर्जरबन्धमोक्षा नाम, संक्षेपतस्तु द्वावेव पदार्थौ जीवाजीवाख्यौ, यथायोगं तयोरेवेतरान्तर्भावात् — इति मन्यन्ते। तयोरिममपरं प्रपञ्चमाचक्षते, पञ्चास्तिकाया नाम — जीवास्तिकायः पुद्गलास्तिकायो धर्मास्तिकायोऽधर्मास्तिकाय आकाशास्तिकायश्चेति। सर्वेषामप्येषामवान्तरभेदान्बहुविधान्स्वसमयपरिकल्पितान्वर्णयन्ति । सर्वत्र चेमं सप्तभङ्गीनयं नाम न्यायमवतारयन्ति — स्यादस्ति, स्यान्नास्ति, स्यादस्ति च नास्ति च, स्यादवक्तव्यः, स्यादस्ति चावक्तव्यश्च, स्यान्नास्ति चावक्तव्यश्च, स्यादस्ति च नास्ति चावक्तव्यश्चेति, एवमेवैकत्वनित्यत्वादिष्वपीमं सप्तभङ्गीनयं योजयन्ति ॥

अत्राचक्ष्महे — नायमभ्युपगमो युक्त इति, कुतः ? एकस्मिन्नसंभवात् । न ह्येकस्मिन्धर्मिणि युगपत्सदसत्त्वादिविरुद्धधर्मसमावेशः संभवति, शीतोष्णवत्, य एते सप्तपदार्था निर्धारिता एतावन्त एवंरूपाश्चेति, ते तथैव वा स्युः, नैव वा तथा स्युः, इतरथा हि, तथा वा स्युरतथा वेत्यनिर्धारितरूपं ज्ञानं संशयज्ञानवदप्रमाणमेव स्यात् ।

કૂવાની જેમ વિદીર્ણ જ થાય છે. એમાં અમે કંઈ પણ ઉપપત્તિ જોતા નથી. એથી વૈનાશિકશાસ્ત્રવ્યવહાર અનુપપન્ન છે. વળી બાહ્યાર્થવાદ, વિજ્ઞાનવાદ અને શૂન્યવાદ એમ ત્રણે ઇતરેતરવિરુદ્ધ વાદના ઉપદેશ કરતા સુગતે (બુદ્ધે) પોતાનું અસંબદ્ધ પ્રલાપીપણું પ્રકટ કર્યું છે કે વિરુદ્ધ અર્થના જ્ઞાનથી એ પ્રજાઓ વિમૂઢ થાય એમ પ્રજાઓ પ્રત્યે વિદ્વેષ પ્રકટ કર્યો છે. સર્વથા આ સુગતનો સિદ્ધાંત કલ્યાણ ઇચ્છનારાઓએ આદર કરવા યોગ્ય નથી એવો સૂત્રકારનો અભિપ્રાય છે ॥ ૩૨ ॥

૬. એકસ્મિન્નસંભવ અધિકરણ

એક(ધર્મી)ને વિષે અસંભવથી (એ સ્વીકાર યુક્ત નથી) ॥ ૩૩ ॥

સુગતના સિદ્ધાન્તનું ખંડન કર્યું. હવે દિગંબરના સિદ્ધાન્તનું નિરાકરણ કરીએ છીએ. એમને સપ્ત પદાર્થો સંમત છે-જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જર, બન્ધ અને મોક્ષ. સંક્ષેપમાં તો જીવ અને અજીવ એવા બે જ પદાર્થો છે, કેમકે બીજાઓનો એ બેમાંજ યથાયોગ્ય અન્તર્ભાવ થાય છે એમ તેઓ માને છે. જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એવા પાંચ અસ્તિકાય નામનો તે બેનો જ બીજો પ્રપંચ તેઓ કહે છે. એ સર્વના અનેક પ્રકારના અવાન્તર ભેદો પોતાના શાસ્ત્રમાં પરિકલ્પેલા તેઓ વર્ણવે છે. વળી સર્વત્ર આ સપ્તભઙ્ગીનય નામનો ન્યાય દર્શાવે છે- स्यादस्ति (કોઈક પ્રકારે છે), स्यान्नास्ति (કોઈક પ્રકારે નથી), स्यादस्ति च नास्ति च (કોઈક પ્રકારે છે અને નથી), स्यादवक्तव्यः (કોઈક પ્રકારે અવક્તવ્ય છે), स्यादस्ति चावक्तव्यश्च (કોઈક પ્રકારે છે અને તે અવક્તવ્ય છે), स्यान्नास्ति चावक्तव्यश्च (કોઈક વાર નથી અને અવક્તવ્ય છે), स्यादस्ति च नास्ति चावक्तव्यश्च (કોઈક વાર છે અને નથી અને અવક્તવ્ય છે). એ જ પ્રમાણે એકત્વ, નિત્યત્વ આદિમાં પણ એ સપ્તભઙ્ગીનયની યોજના કરે છે.

એને વિષે કહીએ છીએ કે એ સ્વીકાર કરવા યોગ્ય નથી. કેમ ? એકનો અસંભવ છે તેથી. ખરેખર, એક ધર્મીમાં એક જ વખતે સત્ત્વ, અસત્ત્વ આદિ વિરુદ્ધ ધર્મોનો સમાવેશ સંભવતો નથી, શીતોષ્ણની જેમ. જે આ સાત પદાર્થો આટલા અને આવા રૂપના એમ દર્શાવાયા છે તે તેવા જ પ્રકારના થાય કે ન થાય, કેમકે નહીં તો તેવા પ્રકારના થાય કે તેવા પ્રકારના નહીં એવા થાય એમ અનિર્ધારિતરૂપવાળું જ્ઞાન સંશયજ્ઞાનની જેમ અપ્રમાણ જ થાય. પણ વસ્તુ અનેકાત્મક છે એમ નિર્ધારિતરૂપ જ જ્ઞાન ઉત્પન્ન થાય છે તે સંશયજ્ઞાનની જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नन्वनेकात्मकं वस्त्विति निर्धारितरूपमेव ज्ञानमुत्पद्यमानं संशयज्ञानवन्नाप्रमाणं भवितुमर्हतीति, नेति ब्रूमः – निरङ्कुशं ह्यनेकान्तत्वं सर्ववस्तुषु प्रतिजानानस्य निर्धारणस्यापि वस्तुत्वाविशेषात्, 'स्यादस्ति स्यान्नास्ति' इत्यादि-विकल्पोपनिपातादनिर्धारणात्मकतैव स्यात्, एवं निर्धारयितुर्निर्धारणफलस्य च स्यात्पक्षेऽस्तिता, स्याच्च पक्षे नास्तितेति, एवं सति कथं प्रमाणभूतः सन् तीर्थकरः प्रमाणप्रमेयप्रमातृप्रमितिष्वनिर्धारितासु उपदेष्टुं शक्नुयात्? कथं वा तदभिप्रायानुसारिणस्तदुपदिष्टेऽर्थेऽनिर्धारितरूपे प्रवर्तेरन् ? ऐकान्तिकफलत्वनिर्धारणे हि सति तत्साधनानुष्ठानाय सर्वो लोकोऽनाकुलः प्रवर्तते, नान्यथा, अतश्चानिर्धारितार्थं शास्त्रं प्रणयन् मत्तोन्मत्तवदनुपादेयवचनः स्यात् । तथा पञ्चानामस्तिकायानां पञ्चत्वसंख्या 'अस्ति वा नास्ति वा' इति विकल्प्यमाना, स्यात्तावदेकस्मिन्पक्षे, पक्षान्तरे तु न स्यात् – इत्यतो न्यूनसंख्यात्वमधिकसंख्यात्वं वा प्राप्नुयात् । न चैषां पदार्थानामवक्तव्यत्वं संभवति, अवक्तव्याश्चेन्नोच्येरन्, उच्यन्ते चावक्तव्याश्चेति विप्रतिषिद्धम्, उच्यमानाश्च तथैवावधार्यन्ते नावधार्यन्त इति च । तथा तदवधारणफलं सम्यग्दर्शनमस्ति वा नास्ति वा – एवं तद्विपरीतमसम्यग्दर्शनमप्यस्ति वा नास्ति वा – इति प्रलपन् मत्तोन्मत्तपक्षस्यैव पक्षः स्यात्, न प्रत्ययितव्यपक्षस्य । स्वर्गापवर्गयोश्च पक्षे भावः पक्षे चाभावः, तथा पक्षे नित्यता पक्षे चानित्यता – इत्यनवधारणायां प्रवृत्त्यनुपपत्तिः । अनादिसिद्धजीवप्रभृतीनां च स्वशास्त्रावधृतस्वभावानामयथावधृतस्वभावत्वप्रसङ्गः । एवं जीवादिषु पदार्थेष्वेकस्मिन्धर्मिणी सत्त्वासत्त्वयोर्विरुद्धयोर्धर्मयोरसंभवात्, सत्त्वे चैकस्मिन्धर्मेऽसत्त्वस्य धर्मान्तरस्यासंभवात्, असत्त्वे चैवं सत्त्वस्यासंभवात्, असंगतमिदमार्हतं मतम् । एतेनैकानेकनित्यानित्यव्यतिरिक्ताव्यतिरिक्ताद्यनेकान्ताभ्युपगमा निराकृता मन्तव्याः । यत्तु पुद्गलसंज्ञकेभ्योऽणुभ्यः संघाताः संभवन्तीति कल्पयन्ति, तत्पूर्वेणैवाणुवादनिराकरणेन निराकृतं भवतीत्यतो न पृथक्तन्निराकरणाय प्रयत्यते ॥३३॥

અપ્રમાણ થાય એ યોગ્ય નથી. અમે કહીએ છીએ કે ના, કારણ કે સર્વ વસ્તુને વિષે નિરંકુશ અનિશ્ચયની પ્રતિજ્ઞા કરનારને નિર્ધારણમાં વસ્તુત્વ સમાન હોવાથી स्यादस्ति, स्यान्नास्ति (કોઈક પ્રકારે છે, કોઈક પ્રકારે નથી) એવા વિકલ્પમાં પડવાથી તે પણ અનિર્ધારણાત્મક જ થાય. એમ નિર્ધારણ કરનાર અને નિર્ધારણના ફળને પક્ષે પણ અસ્તિત્વ થાય અને પક્ષે નાસ્તિત્વ થાય. એમ થતાં કેવી રીતે પ્રમાણભૂત થતો તીર્થંકર પ્રમાણ, પ્રમેય, પ્રમાતા અને પ્રમિતિ અનિર્ધારિત હોવાથી ઉપદેશ કરવા શક્તિમાન થાય, કે તેના અભિપ્રાયને અનુસરનારાઓ તેણે ઉપદેશ કરેલો અર્થ જે અનિર્ધારિતરૂપ છે તેનાંમાં પ્રવૃત્ત થાય ? કારણકે નિશ્ચિતફલ છે એમ નિર્ધારણ થતાં તેના સાધનના અનુષ્ઠાન માટે સર્વ લોક અનાકુળ થઈ પ્રવર્તે છે, નહીં તો નહીં. માટે જેનો અર્થ અનિર્ધારિત છે એવું શાસ્ત્ર રચનારનું વચન મત્ત અને ઉન્મત્તની જેમ ગ્રહણ કરવા અયોગ્ય થાય. તેમ પાંચ અસ્તિકાયોની પંચત્વ સંખ્યા છે કે નથી એમ વિકલ્પ થતાં એક પક્ષમાં થાય અને અન્ય પક્ષમાં ન થાય તેથી ન્યૂનસંખ્યાત્વ કે અધિકસંખ્યાત્વ પ્રાપ્ત થાય. વળી એ પદાર્થો અવક્તવ્ય છે એવું સંભવતું નથી, કેમકે અવક્તવ્ય હોય તો તે કહેવાય નહીં, પરંતુ કહેવાય છે અને અવક્તવ્ય છે એ વિપ્રતિષિદ્ધ (વિરુદ્ધ) છે. વળી કહેવાતા એ પદાર્થો તે જ પ્રકારે અવધારિત (નિશ્ચિત) થાય છે અને અવધારિત થતા નથી તેમજ તેનું અવધારણફળ સમ્યગ્દર્શન છે કે નથી, એમ તેનાથી વિપરીત અસમ્યગ્દર્શન પણ છે કે નથી એમ પ્રલાપ કરતો (અર્હન્) મત્તોન્મત્ત પક્ષનો જ જાણે થાય, આપ્ત પક્ષનો નહીં. વળી સ્વર્ગ અને અપવર્ગનો પક્ષે ભાવ અને પક્ષે અભાવ, તેમજ પક્ષે નિત્યતા અને પક્ષે અનિત્યતા એમ અનિશ્ચય થવાથી તેની પ્રવૃત્તિ અનુપપન્ન થશે. તથા અનાદિસિદ્ધ, જીવ આદિ જેનો સ્વભાવ પોતાના શાસ્ત્રમાં નિશ્ચિત કર્યો છે તે, તે પ્રકારે નિશ્ચિત સ્વભાવવાળા નથી એમ થવાનો પ્રસંગ આવશે. એ પ્રમાણે જીવાદિ પદાર્થોને વિષે એક ધર્મીમાં સત્ત્વ અને અસત્ત્વ એ વિરુદ્ધ ધર્મોનો અસંભવ હોવાને લીધે, સત્ત્વરૂપ એક ધર્મમાં અન્ય ધર્મ અસત્ત્વનો અસંભવ હોવાથી અને એ પ્રમાણે અસત્ત્વમાં સત્ત્વનો અસંભવ હોવાથી આ આર્હત મત અસંગત (અયુક્ત) છે. એથી, એક, અનેક, નિત્ય, અનિત્ય, વ્યતિરિક્ત, અવ્યતિરિક્ત આદિ અનિશ્ચયના સ્વીકારોનું નિરસન થયું સમજવું. પુદ્ગલસંજ્ઞક અણુઓથી સંઘાત સંભવે છે એમ જે તેઓ માને છે તેનું તો પૂર્વ અણુવાદના નિરાકરણથી જ નિરસન થાય છે એટલે તેના નિરાકરણ માટે જુદો પ્રયાસ કર્યો નથી ॥ ૩૩ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

एवं चात्माकात्स्न्र्यम् ॥३४॥

यथैकस्मिन्धर्मिणि विरुद्धधर्मासंभवो दोषः स्याद्वादे प्रसक्तः, एवमात्मनोऽपि जीवस्य अकात्स्न्र्यमपरो दोषः प्रसज्येत, कथम् ? शरीरपरिणामो हि जीव इत्यार्हता मन्यन्ते, शरीरपरिमाणतायां च सत्याम्, अकृत्स्नोऽसर्वगतः परिच्छिन्न आत्मेत्यतो घटादिवदनित्यत्वमात्मनः प्रसज्येत, शरीराणां चानवस्थितपरिमाणत्वात् मनुष्यजीवो मनुष्यशरीरपरिमाणो भूत्वा पुनः केनचित्कर्मविपाकेन हस्तिजन्म प्राप्नुवन् न कृत्स्नं हस्तिशरीरं व्याप्नुयात्, पुत्तिकाजन्म च प्राप्नुवन् न कृत्स्नः पुत्तिकाशरीरे संमीयेत्, समान एष एकस्मिन्नपि जन्मनि कौमारयौवनस्थाविरेषु दोषः । स्यादेतत् - अनन्तावयवो जीवः, तस्य त एवावयवा अल्पे शरीरे संकुचेयुः, महति च विकसेयुरिति। तेषां पुनरनन्तानां जीवावयवानां समानदेशत्वं प्रतिविहन्यते वा, न वेति वक्तव्यम्, प्रतिघाते तावत् नानन्तावयवाः परिच्छिन्ने देशे संमीयेरन्, अप्रतिघातेऽप्येकावयवदेशत्वोपपत्तेः सर्वेषामवयवानां प्रथिमानुपपत्तेर्जीवस्याणुमात्रत्वप्रसङ्गः स्यात्, अपि च शरीरमात्रपरिच्छिन्नानां जीवावयवानामानन्त्यं नोत्प्रेक्षितुमपि शक्यम् ॥

अथ पर्यायेण बृहच्छरीरप्रतिपत्तौ केचिज्जीवावयवा उपगच्छन्ति, तनुशरीरप्रतिपत्तौ च केचिदपगच्छ-न्तीत्युच्येत, तत्राप्युच्यते –

न च पर्यायादप्यविरोधो विकारादिभ्यः ॥३५॥

न च पर्यायेणाप्यवयवोपगमापगमाभ्यामेतद्देहपरिमाणत्वं जीवस्याविरोधेनोपपादयितुं शक्यते, कुतः ? विकारादिदोषप्रसङ्गात् – अवयवोपगमापगमाभ्यां ह्यनिशमापूर्यमाणस्यापक्षीयमाणस्य च जीवस्य विक्रियावत्त्वं तावदपरिहार्यम्, विक्रियावत्त्वे च चर्मादिवदनित्यत्वं प्रसज्येत, ततश्च बन्धमोक्षाभ्युपगमो बाध्येत –कर्माष्टकपरिवेष्टितस्य

અને એમ આત્માનું પરિચ્છિન્નત્વ થાય ॥ ૩૪ ॥

જેમ એક ધર્મીને વિષે વિરુદ્ધ ધર્મનો અસંભવ છે એ દોષ સ્યાદ્વાદમાં પ્રાપ્ત થાય છે એમ આત્માનું-જીવનું પણ અકાત્સ્ન્ર્ય-પરિચ્છિન્નત્વ એ બીજો દોષ પ્રાપ્ત થાય છે. કેવી રીતે ? કેમકે જીવ શરીરના પરિમાણવાળો છે એમ આર્હતો માને છે, અને તે શરીરપરિમાણ છે એમ થતાં અકૃત્સ્ત્ર-અસર્વગત-પરિચ્છિન્ન આત્મા છે એમ થતાં ઘટાદિની જેમ આત્મા પણ અનિત્ય છે એમ પ્રાપ્ત થશે. વળી શરીરોનું પરિમાણ અનિશ્ચિત હોવાથી મનુષ્યજીવ મનુષ્યશરીરના પરિમાણવાળો થઈ, પછી કંઈક કર્મવિપાકથી હસ્તિજન્મ પ્રાપ્ત કરે તો આખા હસ્તિશરીરમાં વ્યાપ્ત ન થાય, અને કીડીનો જન્મ પ્રાપ્ત કરે તો આખો કીડીના શરીરમાં સમાય નહિ. એક જન્મમાં પણ બાલ્ય, તારુણ્ય અને વૃદ્ધત્વમાં એ દોષ સમાન છે. પણ જીવ અનન્ત અવયવવાળો છે તેના તે જ અવયવો અલ્પ શરીરમાં સંકુચિત થાય અને મોટા શરીરમાં વિકાસ પામે એમ થાય. જીવના તે અનન્ત અવયવોના એકદેશત્વનો પ્રતિઘાત થાય છે કે નથી થતો તે કહેવું જોઈએ. જો પ્રતિઘાત થતો હોય તો અનન્ત અવયવો પરિચ્છિન્ન દેશમાં સમાશે નહિ. જો પ્રતિઘાત ન થતો હોય તો પણ સર્વ અવયવોનો પ્રદેશ એક અવયવના પ્રદેશ જેટલો યુક્ત થવાથી વિસ્તાર આદિ અનુપપન્ન થશે અને જીવને અણુમાત્ર થવાનો પ્રસંગ આવશે. વળી શરીરમાત્ર પરિચ્છિન્ન જીવાવયવોની અનન્તતાની કલ્પના કરવી પણ શક્ય નથી ॥ ૩૪ ॥

અનુક્રમે મોટું શરીર પ્રાપ્ત કરવું હોય તો કેટલાક જીવના અવયવો પાસે આવે છે અને નાનું શરીર પ્રાપ્ત કરવું હોય તો કેટલાક દૂર જતા રહે છે એમ જો કહેશો તો તેને વિષે કહીએ છીએ —

ક્રમથી પણ (અવયવોના ઉપગમ અને અપગમથી) અવિરોધ નથી, વિકારાદિ હોવાથી ॥ ૩૫ ॥

અનુક્રમે અવયવોના ઉપગમ અને અપગમથી જીવ આ દેહના પરિમાણવાળો છે એમ અવિરોધ ઉપપાદન કરવો શક્ય નથી. શાથી ? વિકારાદિ દોષ પ્રાપ્ત થાય છે તેથી, કારણ કે અવયવોના ઉપગમ અને અપગમથી હંમેશ પુરાતો અને ક્ષીણ થતો જીવ વિકારવાળો છે એ અપરિહાર્ય થશે, અને વિકારવાળો થતાં ચર્માદિની જેમ અનિત્ય થવાનો પ્રસંગ આવશે. તેથી આઠ કર્મથી વિંટાયેલો જીવ સંસારસાગરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जीवस्य अलाबूवत्संसारसागरे निमग्नस्य बन्धनोच्छेदादूर्ध्वगामित्वं भवतीति । किंचान्यत् – आगच्छतामपगच्छतां च अवयवानामागमापायधर्मवत्त्वादेव अनात्मत्वं शरीरादिवत्, ततश्चावस्थितः कश्चिदवयव आत्मेति स्यात्, न च स निरूपयितुं शक्यते – अयमसाविति । किंचान्यत् – आगच्छन्तश्चैते जीवावयवाः कुतः प्रादुर्भवन्ति, अपगच्छन्तश्च क्व वा लीयन्त इति वक्तव्यम्, न हि भूतेभ्यः प्रादुर्भवेयुः, भूतेषु च निलीयेरन्, अभौतिकत्वाज्जीवस्य, नापि कश्चिदन्यः साधारणोऽसाधारणो वा जीवानामवयवाधारो निरूप्यते, प्रमाणाभावात् । किंचान्यत् – अनवधृतस्वरूपश्चैवं सति आत्मा स्यात्, आगच्छतामपगच्छतां च अवयवानामनियतपरिमाणत्वात्, अत एवमादिदोषप्रसङ्गात् न पर्यायेणाप्यवयवोपगमापगमावात्मन आश्रयितुं शक्येते । अथवा पूर्वेण सूत्रेण शरीरपरिमाणस्यात्मन उपचितापचितशरीरान्तरप्रतिपत्तावकात्स्न्र्यप्रसञ्जनद्वारेणानित्यतायां चोदितायाम्, पुनः पर्यायेण परिमाणानवस्थानेऽपि स्रोतःसंताननित्यतान्यायेन आत्मनो नित्यता स्यात् – यथा रक्तपटानां विज्ञानानवस्थानेऽपि तत्संताननित्यता, तद्वद्विसिचामपि – इत्याशङ्क्य, अनेन सूत्रेणोत्तरमुच्यते – संतानस्य तावदवस्तुत्वे नैरात्म्यवादप्रसङ्गः, वस्तुत्वेऽप्यात्मनो विकारादिदोषप्रसङ्गादस्य पक्षस्यानुपपत्तिरिति ॥३५॥

अन्त्यावस्थितेश्चोभयनित्यत्वादविशेषः ॥३६॥

अपि च अन्त्यस्य मोक्षावस्थाभाविनो जीवपरिमाणस्य नित्यत्वमिष्यते जैनैः, तद्वत्पूर्वयोरप्याद्यमध्ययोर्जीवपरिमाणयोर्नित्यत्वप्रसङ्गादविशेषप्रसङ्गः स्यात्, एकशरीरपरिमाणतैव स्यात्, न उपचितापचितशरीरान्तरप्राप्तिः । अथवा अन्त्यस्य जीवपरिमाणस्य अवस्थितत्वात् पूर्वयोरप्यवस्थयोरवस्थितपरिमाण एव जीवः स्यात्, ततश्चाविशेषेण सर्वदैव अणुर्महान्वा जीवोऽभ्युपगन्तव्यः, न शरीरपरिमाणः । अतश्च सौगतवदार्हतमपि मतमसंगतमित्युपेक्षितव्यम् ॥३६॥

નિમગ્ન થયો છે તે તુમડી જેમ બન્ધન તૂટ્યા પછી ઊર્ધ્વગામી થાય છે એમ બન્ધ અને મોક્ષના સ્વીકારનો બાધ આવશે. વળી બીજું. આવતા અને જતા અવયવોમાં આગમ અને અપગમ ધર્મ હોવાથી જ શરીરાદિની જેમ તેઓ અનાત્મા થશે. તેથી અવસ્થિત રહેલો કોઈક અવયવ આત્મા એમ થશે અને તે આ જ એમ તેનું નિરૂપણ કરી શકાશે નહીં. વળી બીજું. એ આવતા જીવના અવયવો ક્યાંથી પ્રાદુર્ભવ પામે છે અને જતા અવયવો ક્યાં લઈ જવાય છે તે કહેવું જોઈએ. ખરેખર, ભૂતોથી પ્રાદુર્ભવ પામે અને ભૂતોમાં વિલીન થાય એમ ન થાય, કારણ કે જીવ અભૌતિક છે. તેમજ કોઈ બીજો, સાધારણ કે અસાધારણ જીવોના અવયવોનો આધાર નિરૂપાતો નથી, કારણ કે પ્રમાણ નથી. વળી બીજું. એમ થતાં જેનું સ્વરૂપ નિશ્ચિત નથી એવો આત્મા થશે, કેમકે આવતા અને જતા અવયવો અનિશ્ચિત પરિમાણવાળા છે. માટે એવા દોષોના પ્રસંગથી આત્માના અવયવોનો અનુક્રમે ઉપગમ અને અપગમ સ્વીકારી શકાશે નહીં. અથવા પૂર્વ સૂત્ર દ્વારા આત્મા શરીરપરિમાણ હોય તો ઉપચિત અને અપચિત અન્ય શરીરમાં પ્રાપ્ત થતાં તેને અકૃત્સ્ન થવાનો પ્રસંગ આવે એમ પ્રસંગ દ્વારા અનિત્યતાની શંકા થાય એટલે અનુક્રમે પરિમાણ અનવસ્થિત થાય છે તો પણ જેમ પ્રવાહનું સંતાન નિત્ય છે તેમ આત્મા નિત્ય થશે, અથવા જેમ લાલ પટ આદિનું વિજ્ઞાન અનવસ્થિત છે તો પણ તેનું સંતાન નિત્ય છે તેની જેમ એમ ફરી દિગંબરની શંકા થતાં આ સૂત્રથી ઉત્તર કહે છે. સન્તાન અવસ્તુ થતાં નૈરાત્મ્યવાદ (શૂન્યવાદ) પ્રાપ્ત થશે, વસ્તુ થતાં પણ આત્માને વિકારાદિ દોષોનો પ્રસંગ થવાથી એ પક્ષ અનુપપન્ન છે એમ ॥ ૩૫ ॥

અન્ત્ય (શરીરપરિમાણની) અવસ્થિતિ (નિત્ય દર્શાવી છે તેથી) બંને અવસ્થિતિ નિત્ય થવાથી (પરિમાણમાં) અવિશેષ (થશે) ॥ ૩૬ ॥

વળી અન્ત્ય એટલે મોક્ષની અવસ્થામાં થનારું જીવપરિમાણ નિત્ય છે એમ જૈનો ઇચ્છે છે. તે પ્રમાણે પૂર્વના પણ આદિ અને મધ્યમ પરિમાણો નિત્ય થવાનો પ્રસંગ આવવાથી અવિશેષનો (ત્રણેય પરિમાણ સરખા થવાનો) પ્રસંગ આવશે. એક શરીરના પરિમાણવાળો જ આત્મા થશે, ઉપચિત અને અપચિત અન્ય શરીર પ્રાપ્ત નહીં કરી શકે. અથવા અન્ત્ય જીવપરિમાણ અવસ્થિત હોવાથી, બે પૂર્વ અવસ્થાઓમાં પણ જીવ અવસ્થિત પરિમાણવાળો જ થશે. તેથી સમાન રીતે હંમેશા જીવ અણુ કે મહાન્ સ્વીકારવો પડશે, જીવપરિમાણ નહિ. માટે સૌગત (બૌદ્ધ) મતની જેમ આર્હત (જૈન) મત પણ અસંગત છે તેથી ઉપેક્ષા કરવા યોગ્ય છે ॥ ૩૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

७. पत्यधिकरणम् ।

पत्युरसामञ्जस्यात् ॥३७॥

इदानीं केवलाधिष्ठात्रीश्वरकारणवादः प्रतिषिध्यते । तत्कथमवगम्यते ? **'प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात्'** (ब्र.सू.१।४।२३) **'अभिध्योपदेशाच्च'** (ब्र.सू.१।४।२४) इत्यत्र प्रकृतिभावेन अधिष्ठातृभावेन च उभयस्वभावस्येश्वरस्य स्वयमेव आचार्येण प्रतिष्ठापितत्वात्, यदि पुनरविशेषेणेश्वरकारणवादमात्रमिह प्रतिषिध्येत, पूर्वोत्तरविरोधाद्व्याहताभिव्याहारः सूत्रकार इत्येतदापद्येत, तस्मादप्रकृतिरधिष्ठाता केवलं निमित्तकारणमीश्वरः – इत्येष पक्षो वेदांतविहितब्रह्मैकत्वप्रतिपक्षत्वात् यत्नेनात्र प्रतिषिध्यते । सा चेयं वेदबाह्येश्वरकल्पना अनेकप्रकारा – केचित्तावत्सांख्ययोगव्यपाश्रयाः कल्पयन्ति – प्रधानपुरुषयोरधिष्ठाता केवलं निमित्तकारणमीश्वरः, इतरेतरविलक्षणाः प्रधानपुरुषेश्वरा इति, माहेश्वरास्तु मन्यन्ते – कार्यकारणयोगविधिदुःखान्ताः पञ्च पदार्थाः पशुपतिनेश्वरेण पशुपाशविमोक्षणायोपदिष्टाः, पशुपतिरीश्वरो निमित्तकारणमिति, तथा वैशेषिकादयोऽपि केचित्कथंचित्स्वप्रक्रियानुसारेण निमित्तकारणमीश्वरम् – इति ॥

अत उत्तरमुच्यते – पत्युरसमञ्जस्यादिति, पत्युरीश्वरस्य प्रधानपुरुषयोरधिष्ठातृत्वेन जगत्कारणत्वं नोपपद्यते, कस्मात्? असामञ्जस्यात्, किं पुनरसामञ्जस्यम् ? हीनमध्यमोत्तमभावेन हि प्राणिभेदान्विदधत ईश्वरस्य रागद्वेषादिदोषप्रसक्तेः अस्मदादिवनीश्वरत्वं प्रसज्येत । प्राणिकर्मापेक्षितत्वाददोष इति चेत्, न, कर्मेश्वरयोः, प्रवर्त्यप्रवर्तयितृत्वे इतरेतराश्रयदोषप्रसङ्गात् । न, अनादित्वात्, इति चेत्, न, वर्तमानकालवदतीतेष्वपि कालेष्वितरेतराश्रयदोषाविशेषादन्धपरंपरान्यायापत्तेः । अपि च **'प्रवर्तनालक्षणा दोषाः'** (न्या.सू.१।१।१८) इति न्यायवित्समयः, न हि

---

૭. પતિ અધિકરણ

ઈશ્વરનું (પ્રધાન અને પુરુષના અધિષ્ઠાતા તરીકે જગત્કારણત્વ ઉપપન્ન થતું નથી), અયુક્ત છે (અસંગત) તેથી ॥ ૩૭ ॥

હવે કેવલ અધિષ્ઠાતા ઈશ્વર જગતનું કારણ જે વાદમાં છે તેનો નિષેધ કરાય છે. તે શી રીતે સમજાય છે? 'प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात्' (બ્ર. સૂ. ૧-૪-૨૩) **'બ્રહ્મ ઉપાદાનકારણ અને નિમિત્તકારણ છે, પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તને ઉપરોધ ન થાય તેથી'**, અને 'अभिध्योपदेशाच्च' (બ્ર. સૂ. ૧-૪-૨૪) **'અને સૃષ્ટિ સંકલ્પના ઉપદેશથી બ્રહ્મ પ્રકૃતિ અને કર્તા છે'** એમાં ઈશ્વર ઉભયસ્વભાવ છે, પ્રકૃતિ અને નિમિત્ત એમ આચાર્યે સ્વયં પ્રતિષ્ઠાપિત કર્યું છે તેથી જો અહીં અવિશેષે ઈશ્વર જગતનું કારણ છે એ વાદનો જ પ્રતિષેધ કરવામાં આવે તો પૂર્વ અને પછી વિરોધથી સૂત્રકાર કહેલાનું ખંડન કરનાર છે એમ પ્રાપ્ત થાય. માટે ઈશ્વર પ્રકૃતિ નથી, કેવલ અધિષ્ઠાતા, નિમિત્તકારણ છે એ પક્ષનો યત્નથી અહીં પ્રતિષેધ કરવામાં આવે છે, કારણ કે તે વેદાન્તમાં કહેલા બ્રહ્મૈકત્વનો પ્રતિપક્ષ છે. એ વેદબાહ્ય ઈશ્વરકલ્પના અનેક પ્રકારની છે, કેટલાક સાંખ્ય અને યોગનો આધાર લઈ ઈશ્વર પ્રધાન અને પુરુષનો કેવલ અધિષ્ઠાતા, નિમિત્તકારણ છે અને પ્રધાન, પુરુષ અને ઈશ્વર એ પરસ્પર વિલક્ષણ છે એમ કહે છે. માહેશ્વરો એમ માને છે કે કાર્ય, કારણ, યોગ, વિધિ, અને દુઃખાન્ત એ પાંચ પદાર્થો પશુપતિ ઈશ્વરે પશુપાશના વિમોક્ષ માટે ઉપદિષ્ટ કર્યા છે, અને પશુપતિ ઈશ્વર નિમિત્ત કારણ છે એમ વર્ણવે છે. તેમજ વૈશેષિક વગેરે પણ કેટલાક કોઈકવાર પોતાની પ્રક્રિયાને અનુસારે ઈશ્વર નિમિત્તકારણ છે એમ વર્ણવે છે.

એથી ઉત્તર કહે છે - 'पत्युरसामञ्जस्यात्' એમ. પતિનું-ઈશ્વરનું પ્રધાન અને પુરુષના અધિષ્ઠાતા તરીકે જગત્કારણત્વ ઉપપન્ન થતું નથી. શાથી ? અસામંજસ્યથી. પણ એ અસામંજસ્ય શું છે ? કારણ કે હીન, મધ્યમ અને ઉત્તમ ભાવે પ્રાણીભેદો સર્જનાર ઈશ્વરમાં રાગ, દ્વેષ વગેરે દોષો પ્રાપ્ત થવાથી, આપણી અને આપણા જેવા બીજાની જેમ અનીશ્વરત્વ પ્રાપ્ત થાય. પ્રાણીના કર્મની અપેક્ષા હોવાથી દોષ નથી એમ કહેશો તો તે બરાબર નથી, કેમકે કર્મ અને ઈશ્વર પ્રવર્ત્ય અને પ્રવર્તયિતા હોય તો અન્યોન્યાશ્રય દોષનો પ્રસંગ આવે. અનાદિ છે તેથી એમ નહીં થાય એમ કહેશો તો તે પણ યુક્ત નથી, કેમકે વર્તમાન કાળની જેમ ભૂતકાળોમાં પણ અન્યોન્યાશ્રય દોષ સમાન હોવાથી અન્ધપરંપરાન્યાય પ્રાપ્ત થશે. વળી 'प्रवर्तनालक्षणा दोषाः' (ન્યાય સૂ. ૧-૧-૧૮) **'પ્રવર્તકત્વ જેનું લક્ષણ છે એ દોષ છે'** એમ નૈયાયિકોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कश्चिददोषप्रयुक्तः स्वार्थे परार्थे वा प्रवर्तमानो दृश्यते, स्वार्थप्रयुक्त एव च सर्वो जनः परार्थेऽपि प्रवर्तत इत्येवमप्यसामञ्जस्यम्, स्वार्थवत्त्वादीश्वरस्यानीश्वरत्वप्रसङ्गात् । पुरुषविशेषत्वाभ्युपगमाच्चेश्वरस्य, पुरुषस्य चौदासीन्याभ्युपगमादसामञ्जस्यम् ॥३७॥

संबन्धानुपपत्तेश्च ॥३८॥

पुनरप्यसामञ्जस्यमेव – न हि प्रधानपुरुषव्यतिरिक्त ईश्वरोऽन्तरेण संबन्धं प्रधानपुरुषयोरीशिता, न तावत्संयोगलक्षणः संबन्धः संभवति, प्रधानपुरुषेश्वराणां सर्वगतत्वान्निरवयवत्वाच्च, नापि समवायलक्षणः संबन्धः, आश्रयाश्रयिभावानिरूपणात्, नाप्यन्यः कश्चित्कार्यगम्यः संबन्धः शक्यते कल्पयितुम्, कार्यकारणभावस्यैवाद्याप्यसिद्धत्वात् । ब्रह्मवादिनः कथमिति चेत्, न, तस्य तादात्म्यलक्षणसंबन्धोपपत्तेः, अपि च आगमबलेन ब्रह्मवादी कारणादिस्वरूपं निरूपयतः यथादृष्टमेव सर्वमभ्युपगन्तव्यमित्ययमस्त्यतिशयः । परस्यापि सर्वज्ञप्रणीतागमसद्भावात् समानमागमबलमिति चेत्, न, इतरेतराश्रयप्रसङ्गात् – आगमप्रत्ययात्सर्वज्ञत्वसिद्धिः सर्वज्ञत्वप्रत्ययाच्चागमसिद्धिरिति । तस्मादनुपपन्ना सांख्ययोगवादिनामीश्वरकल्पना । एवमन्यास्वपि वेदबाह्यास्वीश्वरकल्पनासु यथासंभवमसामञ्जस्यं योजयितव्यम् ॥३८॥

अधिष्ठानानुपपत्तेश्च ॥३९॥

इतश्चानुपपत्तिस्तार्किकपरिकल्पितस्येश्वरस्य – स हि परिकल्प्यमानः, कुम्भकार इव मृदादीनि, प्रधानादीन्यधिष्ठाय प्रवर्तयेत्, न चैवमुपपद्यते, न ह्यप्रत्यक्षं रूपादिहीनं च प्रधानमीश्वरस्याधिष्ठेयं संभवति, मृदादिवैलक्षण्यात् ॥३९॥

સિદ્ધાન્ત છે. ખરેખર દોષથી પ્રયુક્ત ન થયેલો માણસ સ્વાર્થમાં કે પરાર્થમાં પ્રવર્તતો દેખાતો નથી. સ્વાર્થમાં પ્રયુક્ત થયેલા જ સર્વ લોકો પરાર્થમાં પણ પ્રવર્તે છે એમ પણ અયુક્તતા છે, કેમકે સ્વાર્થવત્ત્વ હોવાથી ઈશ્વરમાં અનીશ્વરત્વ પ્રાપ્ત થશે. ઈશ્વર પુરુષવિશેષ છે એવો મત છે અને પુરુષ ઉદાસીન છે એવો સિદ્ધાંત છે તેથી અયુક્તતા છે ॥ ૩૭ ॥

સંબન્ધની અનુપપત્તિથી પણ (અસામંજસ્ય છે) ॥ ૩૮॥

વળી અસામંજસ્ય જ છે, કેમકે પ્રધાન અને પુરુષથી જુદો ઈશ્વર સંબન્ધ વગર પ્રધાન અને પુરુષનો અધિષ્ઠાતા થઈ શકે નહીં. પ્રથમ તો સંયોગલક્ષણ સંબન્ધ સંભવતો નથી, કેમકે પ્રધાન, પુરુષ અને ઈશ્વર સર્વગત અને નિરવયવ છે. તેમજ સમવાયલક્ષણ સંબન્ધ પણ નથી, કેમકે આશ્રયાશ્રયિભાવનું નિરૂપણ નથી. તેમ અન્ય કોઈ કાર્યગમ્ય સંબન્ધ કલ્પી શકાતો નથી. કારણ કે કાર્યકારણભાવ જ આજે પણ દૃષ્ટ(અનુભવ)ને અસિદ્ધ છે. બ્રહ્મવાદીને શી રીતે થાય છે. એવી દલીલ કરવી યોગ્ય નથી, કેમકે તેને તાદાત્મ્યલક્ષણ સંબન્ધ ઉપપન્ન છે. વળી બ્રહ્મવાદી તો આગમના બળથી કારણાદિ સ્વરૂપનું નિરૂપણ કરે છે એટલે દૃષ્ટાનુસારીને સર્વ તેણે સ્વીકારવું એવો નિયમ નથી. પ્રતિપક્ષી તો દૃષ્ટાન્તબળથી કારણ વગેરેના સ્વરૂપનું નિરૂપણ કરે છે તેથી તેણે દૃષ્ટાનુસારી જ સર્વ સ્વીકારવું જોઈએ એ અતિશય છે. પ્રતિપક્ષીને પણ સર્વજ્ઞપ્રણીત આગમના સદ્‌ભાવથી આગમબળ સમાન છે એમ કહેશો તો તે બરાબર નથી, કેમકે આગમના જ્ઞાનથી સર્વજ્ઞત્વ સિદ્ધ થાય છે અને સર્વજ્ઞત્વના જ્ઞાનથી આગમ સિદ્ધ થાય છે એમ અન્યોન્યાશ્રનો દોષ આવે છે. માટે સાંખ્યવાદી અને યોગવાદીઓની ઈશ્વરકલ્પના અયુક્ત છે. એ પ્રમાણે અન્ય પણ વેદબાહ્ય ઈશ્વરકલ્પનાઓમાં સંભવ પ્રમાણે અસામંજસ્યની યોજના કરવી જોઈએ. ॥ ૩૮॥

અધિષ્ઠાનની અનુપપત્તિથી પણ (અસામંજસ્ય છે) ॥ ૩૯ ॥

વળી આથી પણ તાર્કિકપરિકલ્પિત ઈશ્વરની અનુપપત્તિ છે, કારણ કે પરિકલ્પાતો તે, જેમ કુંભાર મૃત્તિકા આદિનું અધિષ્ઠાન કરે છે તેમ, અધિષ્ઠાન કરીને પ્રવર્તે. પણ એ સિદ્ધ થતું નથી, કારણ કે અપ્રત્યક્ષ અને રૂપાદિહીન પ્રધાન ઈશ્વરનું અધિષ્ઠેય થાય એમ બનતું નથી, કેમકે તે મૃત્તિકા આદિથી જુદું છે ॥ ૩૯ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

करणवच्चेन्न भोगादिभ्यः ॥४०॥

स्यादेतत् – यथा करणग्रामं चक्षुरादिकमप्रत्यक्षं रूपादिहीनं च पुरुषोऽधितिष्ठति, एवं प्रधानमीश्वरोऽधिष्ठास्यतीति, तथापि नोपपद्यते, भोगादिदर्शनाद्धि करणग्रामस्य अधिष्ठितत्वं गम्यते, न चात्र भोगादयो दृश्यन्ते, करणग्रामसाम्ये च अभ्युपगम्यमाने संसारिणामिव ईश्वरस्यापि भोगादयः प्रसज्येरन् ॥

अन्यथा वा सूत्रद्वयं व्याख्यायते – **'अधिष्ठानानुपपत्तेश्च'** – इतश्चानुपपत्तिस्तार्किकपरिकल्पितस्येश्वरस्य, साधिष्ठानो हि लोके सशरीरो राजा राष्ट्रस्येश्वरो दृश्यते, न निरधिष्ठानः, अतश्च दृष्टान्तवशेनादृष्टमीश्वरं कल्पयितुमिच्छतः ईश्वरस्यापि किंचिच्छरीरं करणायतनं वर्णयितव्यं स्यात्, न च तद्वर्णयितुं शक्यते, सृष्ट्युत्तरकालभावित्वाच्छरीरस्य, प्राक्सृष्टेस्तदनुपपत्तेः, निरधिष्ठानत्वे चेश्वरस्य प्रवर्तकत्वानुपपत्तिः, एवं लोके दृष्टत्वात्। **'करणवच्चेन्न भोगादिभ्यः'** – अथ लोक दर्शनानुसारेण ईश्वरस्यापि किंचित्करणानामायतनं शरीरं कामेन कल्प्येत – एवमपि नोपपद्यते, सशरीरत्वे हि सति संसारिवद्भोगादिप्रसङ्गात् ईश्वरस्याप्यनीश्वरत्वं प्रसज्येत ॥४०॥

अन्तवत्त्वमसर्वज्ञता वा ॥४१॥

इतश्चानुपपत्तिस्तार्किकपरिकल्पितस्येश्वरस्य – स हि सर्वज्ञस्तैरभ्युपगम्यतेऽनन्तश्च, अन्तं च प्रधानम्, अनन्ताश्च पुरुषा मिथो भिन्ना अभ्युपगम्यन्ते, तत्र सर्वज्ञेनेश्वरेण प्रधानस्य पुरुषाणामात्मनश्चेयत्ता परिच्छिद्येत वा, न वा परिच्छिद्येत, उभयथापि दोषोऽनुषक्त एव, कथम् ? पूर्वस्मिंस्तावद्विकल्पे, इयत्तापरिच्छिन्नत्वात्प्रधानपुरुषेश्वराणामन्तवत्त्वमवश्यंभावि, एवं लोके दृष्टत्वात्, यद्धि लोके इयत्तापरिच्छिन्नं वस्तु घटादि, तदन्तवद्दृष्टम् – तथा प्रधानपुरुषेश्वरत्रयमपीयत्तापरिच्छिन्नत्वादन्तवत्स्यात्,

---

ઇન્દ્રિયોની જેમ (ઈશ્વરપ્રધાનનું અધિષ્ઠાન કરશે એમ)
જો (કહેશો તો તે યુક્ત) નથી, ભોગાદિથી ॥ ૪૦ ॥

જેમ નેત્રાદિક ઇન્દ્રિયસમુદાય અપ્રત્યક્ષ અને રૂપાદિહીન છે તેનું પુરુષ અધિષ્ઠાન કરે છે તેમ પ્રધાનનું પણ ઈશ્વર અધિષ્ઠાન કરશે એમ થાય. તો પણ અર્થ સંગત થશે નહીં, કેમકે ઇન્દ્રિય સમુદાયમાં ભોગાદિ દેખાય છે તેથી તે અધિષ્ઠિત છે એમ સમજાય છે. ઈશ્વરને પણ ભોગાદિ દેખાતા નથી, પણ ઇન્દ્રિયના સમુદાયની સાથે (પ્રધાનાદિકનું) સામ્ય સ્વીકારાય તો સંસારીની જેમ ઈશ્વરને પણ ભોગાદિ પ્રાપ્ત થાય.

અથવા એ બે સૂત્રોનું વ્યાખ્યાન અન્ય રીતે કરાય. 'अधिष्ठानानुपपत्तेश्च' - આથી તાર્કિક પરિકલ્પિત ઈશ્વરની અનુપપત્તિ છે, કેમકે લોકમાં અધિષ્ઠાનસહિત, સશરીર રાજા ઈશ્વર દેખાય છે, અધિષ્ઠાનરહિત દેખાતો નથી. એથી તે દૃષ્ટાન્તના બળથી અદૃષ્ટ ઈશ્વરને કલ્પવા ઈચ્છનારને ઈશ્વરનું પણ કંઈક ઇન્દ્રિયોનું સ્થાન વર્ણવવું પડશે, પણ તે વર્ણવવું અશક્ય છે, કેમકે શરીર ઉત્તર કાળમાં થાય છે તેથી સૃષ્ટિની પૂર્વે તે અનુપપન્ન છે. વળી ઈશ્વરને અધિષ્ઠાન ન હોવાથી તે પ્રવર્તક થાય એ યોગ્ય નથી, કેમકે લોકમાં એમ દેખાય છે. करणवच्चेन्न भोगादिभ्यः - જો લોકદર્શનને આધારે ઈશ્વરનું પણ કંઈક, ઇન્દ્રિયોનું આયતન(આશ્રય) શરીર ઈચ્છાથી કલ્પાય તો એમ પણ ઉપપન્ન થતું નથી, કેમકે શરીરયુક્ત થવાથી સંસારીની જેમ ભોગાદિ વગેરેના પ્રસંગથી ઈશ્વરને પણ અનીશ્વરત્વ પ્રાપ્ત થાય ॥ ૪૦ ॥

અન્તવત્ત્વ કે અસર્વજ્ઞતા (ઈશ્વરને વિષે પ્રાપ્ત થશે તેથી પણ
તાર્કિકકલ્પિત ઈશ્વર અનુપપન્ન છે) ॥ ૪૧ ॥

વળી તાર્કિકપરિકલ્પિત ઈશ્વર આથી પણ અનુપપન્ન છે, કારણ કે તેઓ તે સર્વજ્ઞ અને અનન્ત છે એમ સ્વીકારે છે. વળી પ્રધાન અનન્ત છે અને પુરુષો અનન્ત અને પરસ્પર ભિન્ન છે એમ સ્વીકારે છે. તેમાં સર્વજ્ઞ ઈશ્વરથી પ્રધાન, પુરુષ અને પોતાની ઇયત્તા પરિચ્છિન્ન છે કે નથી થતી ? બંને રીતે પણ દોષ અનુષક્ત (જોડાયેલો) છે જ. શી રીતે ? પૂર્વ વિકલ્પ માનો તો પ્રધાન, પુરુષ અને ઈશ્વર ઇયત્તાથી પરિચ્છિન્ન હોવાથી તેઓ અવશ્ય અંત પામશે કેમકે લોકમાં એમ દેખાય છે. ખરેખર, લોકમાં જે ઇયત્તા પરિચ્છિન્ન ઘટ જેવું કે પટાદિ, તે અન્તવાળો દેખાય છે તેવી રીતે પ્રધાન, પુરુષ અને ઈશ્વર ત્રણે ઇયત્તા પરિચ્છિન્ન હોવાથી અન્તવાળો થશે. સંખ્યા પરિમાણ પ્રધાન,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



संख्यापरिमाणं तावत्प्रधानपुरुषेश्वरत्रयरूपेण परिच्छिन्नम्, स्वरूपपरिमाणमपि तद्गतमीश्वरेण परिच्छिद्येत, पुरुषगता च महासंख्या । ततश्चेयत्तापरिच्छिन्नानां मध्ये ये संसारान्मुच्यन्ते, तेषां संसारोऽन्तवान्, संसारित्वं च तेषामन्तवत्, एवमितरेष्वपि क्रमेण मुच्यमानेषु संसारस्य संसारिणां च अन्तवत्त्वं स्यात्, प्रधानं च सविकारं पुरुषार्थमीश्वरस्य अधिष्ठेयं संसारत्वेनाभिमतम्, तच्छून्यतायाम् ईश्वरः किमधितिष्ठेत् ? किंविषये वा सर्वज्ञतेश्वरते स्याताम् ? प्रधानपुरुषेश्वराणाम् चैवमन्तवत्त्वे सति आदिमत्त्वप्रसङ्गः, आद्यन्तवत्त्वे च शून्यवादप्रसङ्गः । अथ मा भूदेष दोष इत्युत्तरो विकल्पोऽभ्युपगम्येत – न प्रधानस्य पुरुषाणामात्मनश्च इयत्ता ईश्वरेण परिच्छिद्यत इति, तत ईश्वरस्य सर्वज्ञत्वाभ्युपगमहानिरपरो दोषः प्रसज्येत । तस्मादप्यसंगतस्तार्किकपरिगृहीत ईश्वरकारणवादः ॥

८. उत्पत्त्यसंभवाधिकरणम् ।

उत्पत्त्यसंभवात् ॥४२॥

येषामप्रकृतिरधिष्ठाता केवलनिमित्तकारणमीश्वरोऽभिमतः, तेषां पक्षः प्रत्याख्यातः । येषां पुनः प्रकृतिश्चाधिष्ठाता च उभयात्मकं कारणमीश्वरोऽभिमतः, तेषां पक्षः प्रत्याख्यायते । ननु श्रुतिसमाश्रयणेनाप्येवंरूप एवेश्वरः प्राङ्‌निर्धारितः – प्रकृतिश्चाधिष्ठाता चेति, श्रुत्यनुसारिणी च स्मृतिः प्रामाणमिति स्थितिः । तत्कस्य हेतोरेष पक्षः प्रत्याचिख्यासित इति – उच्यते – यद्यप्येवंजातीयकोंऽशः समानत्वान्न विसंवादगोचरो भवति, अस्ति त्वंशान्तरं विसंवादस्थानमित्यतस्तत्प्रत्याख्यानायारम्भः ॥ तत्र भागवता मन्यते – भगवानेवैको वासुदेवो निरञ्जनज्ञानस्वरूपः परमार्थतत्त्वम्, स चतुर्धात्मानं प्रविभज्य प्रतिष्ठितः – वासुदेवव्यूहरूपेण, संकर्षणव्यूहरूपेण, प्रद्युम्नव्यूहरूपेण अनिरुद्धव्यूहरूपेण च, वासुदेवो नाम परमात्मा उच्यते, संकर्षणो नाम जीवः, प्रद्युम्नो नाम मनः, अनिरुद्धो नाम अहंकारः, तेषां वासुदेवः परा प्रकृतिः, इतरे संकर्षणादयः कार्यम्, तमित्थंभूतं परमेश्वरं भगवन्तमभिगमनोपादानेज्या-

---

પુરુષ અને ઈશ્વર એ ત્રણના રૂપથી પરિચ્છિન્ન છે. સ્વરૂપપરિમાણ પણ તેમાં રહેલું ઈશ્વરથી પરિચ્છિન્ન થાય, અને પુરુષગત મહાસંખ્યા છે. તેથી ઈયત્તાપરિચ્છિન્નોની મધ્યે જેઓ સંસારથી મુક્ત થાય છે તેમનો સંસાર અન્તવાન્ અને સંસારિત્વ પણ અન્તવાન્ થાય છે. એમ બીજા પણ ક્રમે મુક્ત થાય એટલે સંસાર અને સંસારી અન્તવાન્ થાય. સવિકાર પ્રધાન પુરુષને અર્થે ઈશ્વરનું અધિષ્ઠેય સંસારી તરીકે અભિમત છે તે શૂન્ય પ્રાપ્ત કરતાં ઈશ્વર કોનું અધિષ્ઠાન કરે, કે કયા વિષયમાં સર્વજ્ઞતા અને ઈશ્વરતા થાય ? આ રીતે પ્રધાન, પુરુષ અને ઈશ્વર એ પ્રમાણે અન્તવાન્ થાય એટલે આદિમાનની પ્રાપ્તિનો પ્રસંગ આવશે, અને આદિમાન્ અને અન્તવાન્ થતાં શૂન્યવાદનો પ્રસંગ આવશે. એ દોષ ન થાય તેથી જો પ્રધાન, પુરુષો અને પોતાની ઈયત્તા ઈશ્વરથી પરિચ્છિન્ન થતી નથી એ ઉત્તર વિકલ્પ સ્વીકારાય તો ઈશ્વર સર્વજ્ઞ છે એ સ્વીકારત્યાગરૂપ બીજો દોષ પ્રાપ્ત થશે. તેથી પણ તાર્કિકોએ સ્વીકારેલો ઈશ્વરકારણવાદ અસંગત છે ॥ ૪૧ ॥

૮. ઉત્પત્તિ અસંભવ અધિકરણ

ઉત્પત્તિના અસંભવથી (ભાગવત મત અસંગત છે) ॥ ૪૨ ॥

જેમને ઈશ્વર અપ્રકૃતિ, અધિષ્ઠાતા, કેવલનિમિત્તકારણ તરીકે અભિમત છે તેમના પક્ષનું નિરસન કર્યું. હવે જેમને પ્રકૃતિ અને અધિષ્ઠાતા, બંને પ્રકારના કારણ તરીકે ઈશ્વર અભિમત છે તેમના પક્ષનું નિરાકરણ કરીએ છીએ. પણ શ્રુતિના સમાશ્રયથી (સમ્યક્ આશ્રય) પણ એવા પ્રકારનો જ ઈશ્વર-પ્રકૃતિ અને અધિષ્ઠાતા-પૂર્વે નિર્ધાર્યો છે, અને શ્રુતિને અનુસરતી સ્મૃતિ પ્રમાણ છે એવી સ્થિતિ છે, તો કયા હેતુથી આ પક્ષનું નિરાકરણ કરવાની ઇચ્છા થઈ છે ? કહીએ છીએ - જોકે એવા પ્રકારનો અંશ સમાન હોવાથી વિસંવાદવિષય થતો નથી, તો પણ બીજો અંશ વિસંવાદનું સ્થાન છે તેથી તેના નિરાકરણને માંટેનો આરંભ કરાય છે. તેમાં તો ભાગવતો માને છે. એકલો ભગવાન જ વાસુદેવ, નિરંજન, જ્ઞાનસ્વરૂપ, પરમાર્થતત્ત્વ છે. તે પોતાના ચાર વિભાગ કરીને, વાસુદેવ મૂર્તિરૂપે છે. સંકર્ષણ વ્યૂહરૂપે, પ્રદ્યુમ્નવ્યૂહરૂપે અને અનિરુદ્ધવ્યૂહરૂપે પ્રતિષ્ઠિત છે. વાસુદેવે નામ પરમાત્મા કહેવાયા છે. સંકર્ષણ નામ જીવ, પ્રદ્યુમ્ન નામ મન અને અનિરુદ્ધ નામ અહંકાર છે. તેમનામાં વાસુદેવ પર પ્રકૃતિ છે અને બીજા, સંકર્ષણાદિ કાર્ય છે. તે એવા પ્રકારના ભગવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्वाध्याययोगैर्वर्षशतमिष्ट्वा क्षीणक्लेशो भगवन्तमेव प्रतिपद्यत इति । तत्र यत्तावदुच्यते – योऽसौ नारायणः परोऽव्यक्तात्प्रसिद्धः परमात्मा सर्वात्मा, स आत्मनात्मानमनेकधा व्यूह्यावस्थित इति – तत्र निराक्रियते, **'स एकधा भवति त्रिधा भवति'** (छा.उप.७।२६।२) इत्यादिश्रुतिभ्यः परमात्मनोऽनेकधाभावस्याधिगतत्वात्, यदपि तस्य भगवतोऽभिगमनादिलक्षणमाराधनमजस्रमनन्यचित्ततयाभिप्रेयते, तदपि न प्रतिषिध्यते, श्रुतिस्मृत्योरीश्वरप्रणिधानस्य प्रसिद्धत्वात् । यत्पुनरिदमुच्यते – वासुदेवात्संकर्षण उत्पद्यते, संकर्षणाच्च प्रद्युम्नः, प्रद्युम्नाच्चानिरुद्ध इति, अत्र ब्रूमः – न वासुदेवसंज्ञकात्परमात्मनः संकर्षणसंज्ञकस्य जीवस्योत्पत्तिः संभवति, अनित्यत्वादिदोषप्रसङ्गात्, उत्पत्तिमत्त्वे हि जीवस्य अनित्यत्वादयो दोषाः प्रसज्येरन्, ततश्च नैवास्य भगवत्प्राप्तिर्मोक्षः स्यात्, कारणप्राप्तौ कार्यस्य प्रवलियप्रसङ्गात्, प्रतिषेधिष्यति च आचार्यो जीवस्योत्पत्तिम् – **'नात्माश्रुतेर्नित्यत्वाच्च ताभ्यः'** (ब्र.सू.२।३।१७) इति । तस्मादसंगतैषा कल्पना ।।४२।।

न च कर्तुः करणम् ।।४३।।

इतश्चासंगतैषा कल्पना – यस्मान्न हि लोके कर्तुर्देवदत्तादेः करणं परश्वाद्युत्पद्यमानं दृश्यते, वर्णयन्ति च भागवताः कर्तुर्जीवात्संकर्षणसंज्ञकात्करणं मनः प्रद्युम्नसंज्ञकमुत्पद्यते, कर्तृजाच्च तस्मादनिरुद्धसंज्ञकोऽहंकार उत्पद्यत इति, न चैतदृष्टान्तमन्तरेणाध्यवसातुं शक्नुमः, न चैवंभूतां श्रुतिमुपलभामहे ।।४३।।

विज्ञानादिभावे वा तदप्रतिषेधः ।।४४।।

अथापि स्यात् – न चैते संकर्षणादयो जीवादिभावेनाभिप्रेयन्ते, किं तर्हि, ईश्वरा एवैते सर्वे

પરમેશ્વરને અભિગમન, ઉપાદાન, ઈજ્યા, સ્વાધ્યાય અને યોગ વડે સો વર્ષ પૂજીને ક્ષીણકલેશ થઈ ભગવાનને જ પ્રાપ્ત કરે છે એમ. તેમાં જે એમ કહે છે કે એ જે નારાયણ અવ્યક્તથી પર, પ્રસિદ્ધ પરમાત્મા, સર્વાત્મા છે તે આત્માનો આત્મા વડે અનેક પ્રકારે વ્યૂહ કરી અવસ્થિત છે તેનું નિરાકરણ કરવામાં આવતું નથી, કેમ 'स एकधा भवति त्रिधा अवति' (છાન્દો. ઉપ. ૭-૨૬-૨) (તે એકધા થાય છે. ત્રિધા થાય છે) ઇત્યાદિ શ્રુતિવાક્યોથી પરમાત્માના અનેક પ્રકારનો ભાવ પ્રાપ્ત થાય છે વળી તે ભગવાનને અનન્ય ચિત્તરૂપે સદા અભિગમનાદિરૂપ આરાધન અભિપ્રેત છે તેનો પણ પ્રતિષેધ કરવામાં આવતો નથી, કેમકે શ્રુતિ અને સ્મૃતિમાં ઈશ્વરપ્રણિધાનની પ્રસિદ્ધિ છે. પણ વાસુદેવથી સંકર્ષણ ઉત્પન્ન થાય છે,સંકર્ષણથી પ્રદ્યુમ્ન અને પ્રદ્યુમ્નથી અનિરુદ્ધ એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ- વાસુદેવસંજ્ઞક પરમાત્માથી સંકર્ષણસંજ્ઞક જીવની ઉત્પત્તિ સંભવતી નથી, કેમકે અનિત્યત્વ આદિ દોષ પ્રાપ્ત થાય, તેથી એને ભગવત્પ્રાપ્તિરૂપ મોક્ષ ન જ મળે, કેમકે કારણની પ્રાપ્તિને વિષે કાર્યનો પ્રવિલય પ્રાપ્ત થાય. વળી આચાર્ય જીવની ઉત્પત્તિનો પ્રતિષેધ કરશે - 'नात्माऽश्रुतेर्नित्यत्वाच्च ताभ्यः' (બ્ર. સૂ. ૨-૩-૧૭) એમાં. માટે એ કલ્પના અસંગત છે ॥ ૪૨ ॥

કર્તાથી કરણ (ઉત્પન્ન થતું દેખાતું) નથી (તેથી ભાગવતમત અસંગત છે) ॥ ૪૩ ॥

વળી, આ કારણથી પણ કલ્પના અસંગત છે. કેમકે ખરેખર લોકમાં કર્તા દેવદત્તાદિથી કરણ, પરશુ આદિ ઉત્પન્ન થતાં દેખાતા નથી. ભાગવતો વર્ણવે છે કે કર્તા, સંકર્ષણસંજ્ઞક જીવથી પ્રદ્યુમ્નસંજ્ઞક મન ઉત્પન્ન થાય છે અને કર્તાથી ઉત્પન્ન થયેલા તેમાંથી અનિરુદ્ધસંજ્ઞક અહંકાર ઉત્પન્ન થાય છે એમ. પણ એ, ઉદાહરણ વગર નિશ્ચિત કરવા અમે શક્તિમાન્ નથી, અને આવા પ્રકારની શ્રુતિ પણ અમે ઉપલબ્ધ કરતા નથી ॥ ૪૩ ॥

અથવા વિજ્ઞાનાદિભાવમાં (સર્વ ઈશ્વર છે એમ પણ)
તેનો (ઉત્પત્તિના અસંભવનો) અપ્રતિષેધ છે ॥ ૪૪ ॥

પણ એ સંકર્ષણાદિ જીવાદિભાવે અભિપ્રેત નથી. ત્યારે કેમ અભિપ્રેત છે ? એ સર્વે, જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બલ, વીર્ય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ज्ञानैश्वर्यशक्तिबलवीर्यतेजोभिरैश्वर्यधर्मैरन्विता अभ्युपगम्यन्ते – वासुदेवा एवैते सर्वे निर्दोषा निरधिष्ठाना निरवद्याश्चेति, तस्मान्नायं यथावर्णित उत्पत्त्यसंभवो दोषः प्राप्नोतीति । अत्रोच्यते – एवमपि, तदप्रतिषेधः उत्पत्त्यसंभवस्याप्रतिषेधः, प्राप्नोत्येवायमुत्पत्त्यसंभवो दोषः प्रकारान्तरेणेत्यभिप्रायः, कथम् ? यदि तावदयमभिप्रायः – परस्परभिन्ना एवैते वासुदेवादयश्चत्वार ईश्वरास्तुल्यधर्माणः, नैषामेकात्मकत्वमस्तीति – ततोऽनेकेश्वरकल्पनानर्थक्यम्, एकेनैवेश्वरेणेश्वरकार्यसिद्धेः, सिद्धान्तहानिश्च, भगवानेवैको वासुदेवः परमार्थतत्त्वमित्यभ्युपगमात् । अथायमभिप्रायः – एकस्यैव भगवत एते चत्वारो व्यूहास्तुल्यधर्माण इति, तथापि तदवस्थ एवोत्पत्त्यसंभवः, न हि वासुदेवात्संकर्षणस्योत्पत्तिः संभवति, संकर्षणाच्च प्रद्युम्नस्य, प्रद्युम्नाच्चानिरुद्धस्य, अतिशयाभावात्, भवितव्यं हि कार्यकारणयोरतिशयेन, यथा मृद्घटयोः, न ह्यसत्यतिशये, कार्यं कारणमित्यवकल्पते । न च पञ्चरात्रसिद्धान्तिभिर्वासुदेवादिषु एकस्मिन्सर्वेषु वा ज्ञानैश्वर्यादितारतम्यकृतः कश्चिद्भेदोऽभ्युपगम्यते, वासुदेवा एव हि सर्वे व्यूहा निर्विशेषा इष्यन्ते । न चैते भगवद्व्यूहाश्चतुःसंख्यायामेवावतिष्ठेरन् ब्रह्मादिस्तम्बपर्यन्तस्य समस्तस्यैव जगतो भगवद्व्यूहत्वावगमात् ॥४४॥

विप्रतिषेधाच्च ॥४५॥

विप्रतिषेधश्च अस्मिन् शास्त्रे बहुविध उपलभ्यते – गुणगुणित्वकल्पनादिलक्षणः, ज्ञानैश्वर्यशक्तिबलवीर्यतेजांसि गुणाः, आत्मान एवैते भगवन्तो वासुदेवा इत्यादिदर्शनात् । वेदविप्रतिषेधश्च भवति – चतुर्षु वेदेषु परं श्रेयोऽलब्ध्वा शाण्डिल्य इदं शास्त्रमधिगतवानित्यादिवेदनिन्दादर्शनात् । तस्मात् असंगतैषा कल्पनेति सिद्धम् ॥४५॥

इति द्वितीयाध्यायस्य द्वितीयः पादः ॥

★★★

તેજરૂપ ઐશ્વર્યધર્મોથી યુક્ત થયેલા ઈશ્વર જ સ્વીકારાય છે, એ સર્વે વાસુદેવ જ, નિર્દોષ, નિરધિષ્ઠાન અને નિરવદ્ય છે એમ, તેટલા માટે વર્ણવ્યા પ્રમાણે એ ઉત્પત્તિનો અસંભવ દોષ પ્રાપ્ત થતો નથી એમ શંકા થાય. એને વિષે કહીએ છીએ-એમ પણ આ દોષના અપ્રતિષેધ છે. ઉત્પત્તિના અસંભવનો અપ્રતિષેધ છે, અર્થાત્, એ ઉત્પત્તિનો અસંભવ હવે અન્ય પ્રકારે પ્રાપ્ત થાય છે જ એવો અભિપ્રાય છે શાથી? જો તમારો અભિપ્રાય હોય કે પરસ્પરભિન્ન જ એ વાસુદેવાદિ ભિન્ન એવા સરખા ધર્મના ચાર ઈશ્વરો છે. તેઓ એકાત્મક નથી તો અનેક ઈશ્વરની કલ્પનામાં અનર્થકતા છે કેમ કે એક જ ઈશ્વરથી ઈશ્વરનું કાર્ય સિદ્ધ થશે. વળી સિદ્ધાન્તની પણ હાનિ થશે. કેમકે ભગવાન જ એકલા વાસુદેવ પરમાર્થતત્ત્વ છે એમ સ્વીકારે છે. જો આવો અભિપ્રાય હોય કે એક જ ભગવાન્‌ના એ ચાર સ્વરૂપ તુલ્ય ધર્મના વ્યૂહ છે તો પણ ઉત્પત્તિનો અસંભવ તેવો જ છે, કારણ કે વાસુદેવથી સંકર્ષણની ઉત્પત્તિ સંભવતી નથી, સંકર્ષણથી પ્રદ્યુમ્નની અને પ્રદ્યુમ્નથી અનિરુદ્ધની, કેમકે અતિશયનો અભાવ છે. ખરેખર, કાર્ય અને કારણમાં અતિશય હોવો જોઈએ, જેમ મૃત્તિકા અને ઘટમાં છે તેમ, કેમકે અતિશય ન હોય તો કાર્ય કારણ એમ ઘટે નહીં, અને પંચરાત્રસિદ્ધાન્તીઓ વાસુદેવાદિઓમાં એકમાં કે સર્વમાં જ્ઞાન, ઐશ્વર્ય આદિ તારતમ્યથી થયેલો કંઈ ભેદ સ્વીકારતા નથી. વાસુદેવ જ સર્વ વ્યૂહ નિર્વિશેષ છે એમ તેઓ ઈચ્છાય છે. વળી ભગવાન્‌ના એ વ્યૂહો ચારની સંખ્યામાં જ અવસ્થિત થાય નહીં, કેમકે બ્રહ્માદિથી તણખલાં સુધી સમસ્ત જગત જ ભગવાન્‌નો વ્યૂહ છે એમ સમજાય છે. ॥ ૪૪ ॥

અને વિરોધથી (ભાગવતમત અસંગત છે) ॥ ૪૫ ॥

વળી એ શાસ્ત્રમાં અનેક પ્રકારનો વિરોધ ઉપલબ્ધ થાય છે, જેવો કે ગુણગુણિત્વકલ્પનારૂપ વગેરે, કારણ કે જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બળ, વીર્ય અને તેજ એ ગુણો આત્મા જ, ભગવાન વાસુદેવ છે એમ દર્શન છે. તેમજ વેદવિરોધ પણ છે કેમકે ચાર વેદોમાંથી પરમ શ્રેય પ્રાપ્ત ન કરી શાણ્ડિલ્યે આ શાસ્ત્ર પ્રાપ્ત કર્યું ઇત્યાદિ વેદવિષયક નિંદા હોવાથી વેદનો વિરોધ સિદ્ધ થાય છે તેથી આ કલ્પના અસંગત છે એમ સિદ્ધ થયું ॥ ૪૫ ॥

દ્વિતીય અધ્યાયનો દ્વિતીય પાદ સંપૂર્ણ

★★★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ द्वितीयाध्याये तृतीयः पादः ॥

वेदान्तेषु तत्र तत्र भिन्नप्रस्थाना उत्पत्तिश्रुतय उपलभ्यन्ते, केचिदाकाशस्योत्पत्तिमामनन्ति, केचिन्न, तथा केचिद्वायोरुत्पत्तिमामनन्ति, केचिन्न, एवं जीवस्य प्राणानां च, एवमेव क्रमादिद्वारकोऽपि विप्रतिषेधः श्रुत्यन्तरेषूपलक्ष्यते, विप्रतिषेधाच्च परपक्षाणामनपेक्षितत्वं स्थापितम्, तद्वत्स्वपक्षस्यापि विप्रतिषेधादेवानपेक्षितत्वमाशङ्क्येत — इत्यतः सर्ववेदान्तगतसृष्टिश्रुत्यर्थनिर्मलत्वाय परः प्रपञ्च आरभ्यते, तदर्थनिर्मलत्वे च फलं यथोक्ताशङ्कानिवृत्तिरेव । तत्र प्रथमं तावदाकाशमाश्रित्य चिन्त्यते —

१. वियदधिकरणम् ।

न वियदश्रुतेः ॥१॥

किमस्याकाशस्योत्पत्तिरस्ति, उत नास्तीति । तत्र तावत्प्रतिपद्यते — न वियदश्रुतेरिति, न खल्वाकाशमुत्पद्यते, कस्मात्? अश्रुतेः — न ह्यस्योत्पत्तिप्रकरणे श्रवणमस्ति, छान्दोग्ये हि **'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१)इति सच्छब्दवाच्यं ब्रह्म प्रकृत्य, **'तदैक्षत' 'तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-३) इति च पञ्चानां महाभूतानां मध्यमं तेज आदि कृत्वा त्रयाणां तेजोबन्नानामुत्पत्तिः श्राव्यते, श्रुतिश्च नः प्रमाणमतीन्द्रियार्थविज्ञानोत्पत्तौः, न च अत्र श्रुतिरस्त्याकाशस्योत्पत्तिप्रतिपादिनी, तस्मान्नाकाशस्योत्पत्तिरिति ॥१॥

अस्ति तु ॥२॥

तु-शब्दः पक्षान्तरपरिग्रहे, मा नामाकाशस्य छान्दोग्ये भूदुत्पत्तिः, श्रुत्यन्तरे त्वस्ति, तैत्तिरीयका हि समामनन्ति —

द्वितीयाध्याय-तृतीयपाद

વેદાન્તો(ઉપનિષદો)માં સ્થળે સ્થળે ભિન્ન પ્રસ્થાનવાળી ઉત્પત્તિ વિષયક શ્રુતિઓ ઉપલબ્ધ થાય છે. કેટલીક (શ્રુતિઓ) આકાશની ઉત્પત્તિનું પ્રતિપાદન કરે છે, અને કેટલીક એ પ્રમાણે કરતી નથી. કેટલીક શ્રુતિઓ વાયુની ઉત્પત્તિ શ્રવણ કરાવે છે અને કેટલીક કરાવતી નથી. તે પ્રમાણે જીવની અને પ્રાણોની. એ જ પ્રમાણે ક્રમાદિ દ્વારા પણ વિરોધ અન્ય શ્રુતિઓમાં દેખાય છે; અને વિરોધથી પર પક્ષો અનપેક્ષિત છે એમ સ્થાપન કર્યું છે, એ જ પ્રમાણે સ્વપક્ષ પણ વિરોધથી જ અનપેક્ષિત છે એમ આશંકા થાય, માટે સર્વવેદાન્તગત સૃષ્ટિ વિષયક શ્રુતિના અર્થના નિર્મલત્વ માટે હવે પછીનો પ્રપંચ (ત્રીજો અને ચોથા પાદ) આરંભાય છે. તેના અર્થનિર્મલત્વને વિષે ફળ કહ્યા પ્રમાણે શંકાની નિવૃત્તિ જ છે. તેમાં પ્રથમ તો આકાશને આશ્રયે વિચારાય છે કે

१. વિયદધિકરણ

આકાશ (ઉત્પન્ન થતું) નથી, એવી શ્રુતિ નથી માટે ॥ ૧ ॥

શું આ આકાશની ઉત્પત્તિ છે કે નથી. તેમાં પ્રથમ न वियदश्रुतेः એમ પ્રતિપન્ન થાય છે. ખરેખર, આકાશ ઉત્પન્ન થતું નથી. શાથી? આવી શ્રુતિ નથી માટે. ખરેખર, ઉત્પત્તિ પ્રકરણને વિષે એની શ્રુતિ નથી; કેમકે છાન્દોગ્યમાં 'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' (છાન્દો.ઉપ. ૬।૨।૧) **'હે સોમ્ય, આ અગ્રે સત્ જ હતું, એક જ, અદ્વિતીય'**, એમ સચ્છબ્દથી વાચ્ય બ્રહ્મ પ્રકૃત કરી 'तदैक्षत', 'तत्तेजोऽसृजत' (છાન્દો.ઉપ. ૬।૨।૩) **'તેણે વિચાર્યું, તેણે તે જ સર્જ્યું'** એમ પાંચ મહાભૂતોમાં મધ્યમ તેજને આરંભી તેજ, જળ અને અન્ન એમ ત્રણની ઉત્પત્તિનું શ્રવણ કરાવાય છે; અને અતીન્દ્રિય અર્થના વિજ્ઞાનની ઉત્પત્તિમાં શ્રુતિ અમને પ્રમાણ છે; અને આકાશની ઉત્પત્તિ પ્રતિપાદન કરનારી શ્રુતિ નથી. માટે આકાશની ઉત્પત્તિ નથી એમ. ॥ ૧ ॥

પણ (અન્ય શ્રુતિમાં આકાશની ઉત્પત્તિ) છે ॥ ૨ ॥

'तु' શબ્દ અન્ય પક્ષ ગ્રહણ કરવાના અર્થમાં છે. આકાશની ઉત્પત્તિ છાન્દોગ્યમાં ભલે ન હોય, પણ અન્ય શ્રુતિમાં છે, ખરેખર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' इति प्रकृत्य, **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'** (तैत्ति.उप. २-१) इति । ततश्च श्रुत्योर्विप्रतिषेधः – क्वचित्तेजःप्रमुखा सृष्टिः, क्वचिदाकाशप्रमुखेति । नन्वेकवाक्यता अनयोः श्रुत्योर्युक्ता, सत्यं सा युक्ता, न तु सा अवगन्तुं शक्यते, कुतः ? **'तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-३) इति सकृतच्छ्रुतस्य स्रष्टुः स्रष्टव्यद्वयेन संबन्धानुपपत्तेः – **'तत्तेजोऽसृजत' 'तदाकाशमसृजत'** इति । ननु सकृच्छ्रुतस्यापि कर्तुः कर्तव्यद्वयेन संबन्धो दृश्यते – यथा सः सूपं पक्त्वा ओदनं पचतीति, एवं तदाकाशं सृष्ट्वा तत्तेजोऽसृजत इति योजयिष्यामि, नैवं युज्यते, प्रथमजत्वं हि छान्दोग्ये तैजसोऽवगम्यते, तैत्तिरीयके च आकाशस्य, न च उभयोः प्रथमजत्वं संभवति, एतेन इतरश्रुत्यक्षरविरोधोऽपि व्याख्यातः – **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'** (तैत्ति.उप.२-१) इत्यत्रापि – तस्मादाकाशः संभूतः, तस्मात्तेजः संभूतम् – इति सकृच्छ्रुतस्यापादानस्य संभवनस्य च वियत्तेजोभ्यां युगपत्संबन्धानुपपत्तेः, **'वायोरग्निः'** (तैत्ति.उप. २-१) इति च पृथगाम्नानात् ॥२॥

अस्मिन्विप्रतिषेधे कश्चिदाह –

गौण्यसंभवात् ॥३॥

नास्ति वियत उत्पत्तिः, अश्रुतेरेव । या त्वितरा वियदुत्पत्तिवादिनी श्रुतिरुदाहृता, सा गौणी भवितुमर्हति, कस्मात्? असंभवात् । न ह्याकाशस्योत्पत्तिः संभावयितुं शक्या, श्रीमत्कणभुगभिप्रायानुसारिषु जीवत्सु, ते हि कारणसामग्र्यसंभवादाकाशस्योत्पत्तिं वारयन्ति, समवाय्यसमवायिनिमित्तकारणेभ्यो हि किल सर्वमुत्पद्यमानं समुत्पद्यते, द्रव्यस्य चैकजातीयकमनेकं च द्रव्यं समवायिकारणं भवति, न चाकाशस्यैकजातीयकमनेकं च द्रव्यमारम्भकमस्ति, यस्मिन्समवायिकारणे सति, असमवायिकारणे च तत्संयोगे, आकाश उत्पद्येत, तदभावात्तु तदनुग्रहप्रवृत्तं निमित्तकारणं

तैत्तिरीयको 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' **'સત્ય, જ્ઞાન, અનન્ત, બ્રહ્મ છે'** એમ પ્રકૃત કરી 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः' (તૈત્તિ.ઉપ.૨।૧) **'તે એમાંથી આકાશ ઉત્પન્ન થયું'** એમ શ્રુતિમાં પ્રતિપાદન કરે છે. માટે ક્વચિત્ તેજઃ પ્રમુખા (તેજ જેના આરમ્ભમાં છે એવી) સૃષ્ટિ છે અને ક્વચિત્ આકાશપ્રમુખા (આકાશ જેના આરંભમાં છે એવી) સૃષ્ટિ છે એમ બે શ્રુતિઓમાં વિરોધ છે. પણ એ બે શ્રુતિઓની એક વાક્યતા યોગ્ય છે. સત્ય છે, તે યોગ્ય છે, પણ તે સમજવી શક્ય નથી. શાથી ? 'तत्तेजोऽसृजत' (છા.૬।૨।૩) **'તેણે તેજ સર્જ્યું'** એમ એક વાર શ્રુતિ પ્રતિપાદિત સ્રષ્ટાનો 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું), 'तदाकाशमसृजत' **'તેણે આકાશ સર્જ્યું'** એમ બે સ્રષ્ટવ્ય સર્જવા યોગ્ય સાથે સંબન્ધ યોગ્ય નથી. પણ એક વાર શ્રવણ કરાયેલા પણ કર્તાનો બે કર્તવ્ય સાથે સંબન્ધ દેખાય છે, જેમકે 'सूपं पक्त्वौदनं पचति' **'સૂપ રાંધીને તે ઓદન રાંધે છે'** એમ. એ પ્રમાણે તેણે આકાશ સર્જીને તેણે તેજ સર્જ્યું એમ યોજના કરીશ. એ રીતે બરાબર નથી; કારણ છાન્દોગ્યમાં તેજની પ્રથમ ઉત્પત્તિ સમજાય છે અને તૈત્તિરીયકમાં આકાશની; અને બંનેની પ્રથમ ઉત્પત્તિ સંભવતી નથી. આથી બીજા શ્રુતિના અક્ષરો સાથેનો વિરોધ પણ વ્યાખ્યાત થયો - 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः' (તૈત્તિ.ઉપ.૨।૧) **'તે એ આત્માથી આકાશ ઉત્પન્ન થયું'** એમાં પણ તેમાંથી આકાશ ઉત્પન્ન થયું, 'તેમાંથી તેજ ઉત્પન્ન થયું' એમ એક વાર શ્રવણ કરાયેલા અપાદાન અને સંભવનનો આકાશ અને તેજની સાથે એક જ સમયે સંબન્ધ યોગ્ય નથી. વળી 'वायोरग्निः' (તૈત્તિ.ઉપ. ૨।૧) **'વાયુમાંથી અગ્નિ'** એમ જુદી શ્રુતિ છે ॥ ૨ ॥

(આકાશની ઉત્પત્તિ કહેનારી શ્રુતિ) ગૌણી (થવી ઉચિત છે), અસંભવ હોવાથી. ॥ ૩ ॥

આકાશની ઉત્પત્તિ નથી, અશ્રુતિથી (શ્રુતિ નથી તેથી જ) જ. પણ જે બીજી આકાશની ઉત્પત્તિ કહેનારી શ્રુતિ કહી છે તે ગૌણી થવી યોગ્ય છે. શાથી ? અસંભવથી; કેમકે શ્રીમત્ કણાદના અભિપ્રાયના અનુયાયીઓ જીવતાં હોવાને કારણે આકાશની ઉત્પત્તિની સંભાવના શક્ય નથી; કારણ કે તેઓ કારણ સામગ્રીના અસંભવથી આકાશની ઉત્પત્તિનો નિષેધ કરે છે, ખરેખર, સર્વ ઉત્પન્ન થતું, સમવાયી, અસમવાયી અને નિમિત્ત કારણોથી સમુત્પન્ન થાય છે એમ તેઓ કહે છે અને એક જાતનાં અને અનેક દ્રવ્ય દ્રવ્યનું સમવાયી કારણ થાય છે. પણ એક જાતનાં અને અનેક દ્રવ્ય આકાશના આરંભક નથી કે જે સમવાયી કારણ થતાં અને તેનો સંયોગ અસમવાયી કારણ થતાં આકાશ ઉત્પન્ન થાય. તેના (તે કારણોના) અભાવથી તો તેના અનુગ્રહથી પ્રવૃત્ત થતું આકાશનું નિમિત્ત કારણ દૂરાપેત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

दूरापेतमेव आकाशस्य भवति । उत्पत्तिमतां च तेजःप्रभृतीनां पूर्वोत्तरकालयोर्विशेषः संभाव्यते – प्रागुत्पत्तेः प्रकाशादिकार्यं न बभूव, पश्चाच्च भवंतीति, आकाशस्य पुनर्न पूर्वोत्तरकालयोर्विशेषः संभावयितुं शक्यते, किं हि प्रागुत्पत्तेरनवकाशम-सुषिरमच्छिद्रं बभूवेति शक्यतेऽध्यवसातुम् ? पृथिव्यादिवैधर्म्याच्च विभुत्वादिलक्षणात् आकाशस्य अजत्वसिद्धिः। तस्माद्यथा लोके –आकाशं कुरु, आकाशो जातः – इत्येवंजातीयको गौणः प्रयोगो भवति, यथा च – घटाकाशः, करकाकाशः गृहाकाशः – इत्येकस्याप्याकाशस्य एवंजातीयको भेदव्यपदेशो गौणो भवति – वेदेऽपि **'आरण्यानाकाशेष्वालभेरन्'** इति, एवमुत्पत्तिश्रुतिरपि गौणी द्रष्टव्या ॥३॥

शब्दाच्च ॥४॥

शब्दः खल्वप्याकाशस्य अजत्वं ख्यापयति, यत आह – **'वायुश्चान्तरिक्षं चैतदमृतम्'** (बृह.उप. २-३-३) इति, न ह्यमृतस्योत्पत्तिरुपपद्यते, **'आकाशवत्सर्वगतश्च नित्यः'** (छा.उप. ३-१४-३) इति च आकाशेन ब्रह्म सर्वगतत्वनित्यत्वाभ्यां धर्माभ्यामुपमिमानः आकाशस्यापि तौ धर्मौ सूचयति, न च तादृश्योत्पत्तिरुपपद्यते । **'स यथानन्तोऽयमाकाश एवमनन्त आत्मा वेदितव्यः'** इति च उदाहरणम् – **'आकाशशरीरं ब्रह्म'** (तैत्ति.उप. १-६-२) **'आकाश आत्मा'** (तैत्ति.उप. १-७-१) इति च । न ह्याकाशस्योत्पत्तिमत्त्वे ब्रह्मणस्तेन विशेषणं संभवति – नीलेनेवोत्पलस्य । तस्मान्नित्यमेवाकाशेन साधारणं ब्रह्मेति गम्यते ॥४॥

स्याच्चैकस्य ब्रह्मशब्दवत् ॥५॥

इदं पदोत्तरं सूत्रम् । स्यादेतत् । कथं पुनरेकस्य संभूतशब्दस्य **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'** (तैत्ति.उप. २-१) इत्यस्मिन्नधिकारे परेषु तेजःप्रभृतिष्वनुवर्तमानस्य मुख्यत्वं संभवति, आकाशे च गौणत्वमिति । अत उत्तरमुच्यते

જ (દૂર જ ગયેલું છે) છે. વળી ઉત્પત્તિની પૂર્વે પ્રકાશ વગેરે કાર્ય નહોતું અને ઉત્પત્તિ પછી થાય છે એમ ઉત્પત્તિવાળાં તેજ આદિનો પૂર્વે અને ઉત્તર કાળમાં વિશેષ સંભાવાય છે, પણ પૂર્વ અને ઉત્તર કાળમાં આકાશનો વિશેષ સંભાવવો શક્ય નથી; કારણ ઉત્પત્તિની પૂર્વે અવકાશ રહિત, સુષિરરહિત છિદ્રથી મોટું કાણું અને છિદ્ર વિનાનું શું હતું એમ નિશ્ચિંત કરવું શક્ય છે ? વળી પૃથિવી વગેરે સાથે વૈધર્મ્યથી એટલે કે વિરુદ્ધ ધર્મથી અને વિભુત્વ આદિ લક્ષણથી આકાશ જન્મરહિત છે એમ સિદ્ધ થાય છે. માટે જેમ લોકમાં આકાશ કરો, આકાશ ઉત્પન્ન થયું એવી જાતનો ગૌણ પ્રયોગ થાય છે અને જેમ ઘટાકાશ, કરકાકાશ, ગૃહાકાશ એમ એક પણ આકાશનો એવી જાતનો ભેદ વ્યપદેશ ગૌણ થાય છે, અને વેદમાં પણ 'आरण्यानाकाशेष्वालभेरन्' **'અરણ્યવાસીઓને તેમણે આકાશમાં મૂકવા'** એમ (ગૌણ પ્રયોગ થાય છે), એ પ્રમાણે ઉત્પત્તિ વિષયક શ્રુતિ પણ ગૌણી સમજવી. ॥ ૩ ॥

અને શ્રુતિથી (આકાશની અનુત્પત્તિ છે) ॥ ૪ ॥

ખરેખર, આકાશ ઉત્પત્તિ રહિત છે એમ શ્રુતિ કહે છે; કારણ કહે છે કે 'वायुश्चान्तरिक्षं चैतदमृतम्' (બૃહ.ઉપ. ૨।૩।૩) **'વાયુ અને અન્તરિક્ષ એ અમૃત છે'** એમ ખરેખર, અમૃતની ઉત્પત્તિ સંગત થતી નથી. 'आकाशवत् सर्वगतश्च नित्यः' (છા.ઉપ. ૩।૧૩।૩) **'આકાશની જેમ સર્વગત અને નિત્ય છે'** એમાં પણ આકાશની સાથે સર્વગતત્વ અને નિત્યત્વ ધર્મથી બ્રહ્મને સરખાવતો આકાશના પણ તે તે ધર્મો સૂચવે છે; અને તેવાની ઉત્પત્તિ ઉચિત બનતી નથી. 'स यथाऽनन्तोऽयमाकाश एवमनन्त आत्मा वेदितव्यः' **'જેમ તે એ આકાશ અનન્ત છે એમ આત્મા અનન્ત જાણવો જોઈએ'** એ દષ્ટાંત છે; અને 'आकाशशरीरं ब्रह्म' (તૈત્તિ.ઉપ. ૧।૬।૨) **'બ્રહ્મ આકાશ શરીર છે'** ને 'आकाशं आत्मा' (તૈત્તિ.ઉપ. ૧।૭।૧) **'આકાશ આત્મા છે'** એ. ખરેખર, આકાશ ઉત્પત્તિવાળું હોય તો બ્રહ્મનું તે વિશેષણ સંભવતું નથી, જેમ નીલ ઉત્પલનું સંભવે છે તેમ. માટે નિત્ય જ, આકાશની સાથે સાધારણ બ્રહ્મ છે એમ સમજાય છે ॥ ૪ ॥

એકનો (સંભૂત શબ્દનો ગૌણ અને મુખ્ય પ્રયોગ) થાય, 'બ્રહ્મ' શબ્દની જેમ ॥ ૫ ॥

આ સૂત્ર શંકાપદનું ઉત્તરરૂપ છે. 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः' (તૈત્તિ.ઉપ.૨।૧) **'તે એ આત્માથી આકાશ ઉત્પન્ન થયું'** એ અધિકારમાં પર તેજ વગેરેને વિષે અનુવર્ત્તમાન એક જ સંભૂત શબ્દ કેવી રીતે મુખ્ય અર્થમાં સંભવે અને આકાશને વિષે ગૌણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

– स्याच्चैकस्यापि संभूतशब्दस्य विषयविशेषवशाद्गौणो मुख्यश्च प्रयोगः – ब्रह्मशब्दवत्, यथैकस्यापि ब्रह्मशब्दस्य '**तपसा ब्रह्मविजिज्ञासस्व तपो ब्रह्म**' (तैत्ति.उप. ३-२) इत्यस्मिन्नधिकारेऽन्नादिषु गौणः प्रयोगः, आनन्दे च मुख्यः, यथा च तपसि ब्रह्मविज्ञानसाधने ब्रह्मशब्दो भक्त्या प्रयुज्यते, अञ्जसा तु विज्ञेये ब्रह्मणि – तद्वत् । कथं पुनरनुत्पत्तौ नभसः '**एकमेवाद्वितीयम्**' (छा.उप. ६-२-१) इतीयं प्रतिज्ञा समर्थ्यते ? ननु नभसा द्वितीयेन सद्वितीयं ब्रह्म प्राप्नोति, कथं च ब्रह्मणि विदिते सर्वं विदितं स्यादिति, तदुच्यते – '**एकमेव**' इति तावत्स्वकार्यापेक्षयोपपद्यते, यथा लोके कश्चित्कुम्भकारकुले पूर्वेद्युर्मृद्दण्डचक्रादीनि च उपलभ्य अपरेद्युश्च नानाविधान्यमत्राणि प्रसारितान्युपलभ्य ब्रूयात् – 'मृदेवैकाकिनी पूर्वेद्युरासीत्' इति, स च तयावधारणया मृत्कार्यजातमेव पूर्वेद्युर्नासीदित्यभिप्रेयात्, न दण्डचक्रादि – तद्वदद्वितीयश्रुतिरधिष्ठात्रन्तरं वारयति – यथा मृदोऽमत्रप्रकृतेः कुम्भकारोऽधिष्ठाता दृश्यते, नैवं ब्रह्मणो जगत्प्रकृतेरन्योऽधिष्ठाता अस्तीति । न च नभसापि द्वितीयेन सद्वितीयं ब्रह्म प्रसज्यते, लक्षणान्यत्वनिमित्तं हि नानात्वम्, न च प्रागुत्पत्तेर्ब्रह्मनभसोर्लक्षणान्यत्वमस्ति – क्षीरोदकयोरिव संसृष्टयोः – व्यापित्वामूर्तत्वादिधर्मसामान्यात्, सर्गकाले तु ब्रह्म जगदुत्पादयितुं यतते, स्तिमितमितरत्तिष्ठति, तेनान्यत्वमवसीयते, तथा च '**आकाशशरीरं ब्रह्म**' (तैत्ति.उप. १-६-२) इत्यादिश्रुतिभ्योऽपि ब्रह्माकाशयोरभेदोपचारसिद्धिः, अत एव च ब्रह्मविज्ञानेन सर्वविज्ञानसिद्धिः, अपि च सर्वं कार्यमुत्पद्यमानमाकाशेनाव्यतिरिक्तदेशकालमेवोत्पद्यते, ब्रह्मणा च अव्यतिरिक्त-देशकालमेवाकाशं भवतीति – अतो ब्रह्मणा तत्कार्येण च विज्ञातेन सहविज्ञातमेवाकाशं भवति – यथा क्षीरपूर्णे घटे कतिचिदब्बिन्दवः प्रक्षिप्ताः सन्तः क्षीरग्रहणेनैव गृहीता भवन्ति, न हि क्षीरग्रहणादब्बिन्दुग्रहणं परिशिष्यते, एवं ब्रह्मणा तत्कार्यैश्चाव्यतिरिक्तदेशकालत्वात् गृहीतमेव ब्रह्मग्रहणेन नभो भवति । तस्माद्भाक्तं नभसः संभवश्रवणमिति ॥५॥

અર્થમાં સંભવે એવી શંકા છે. એથી ઉત્તર કહે છે— એક પણ સંભૂત શબ્દનો વિષયવિશેષને-ખાસ વિષયને લીધે ब्रह्म શબ્દની જેમ ગૌણ અને મુખ્ય પ્રયોગ થાય; જેમ એક પણ ब्रह्म શબ્દનો 'तपसा ब्रह्म विजिज्ञासस्व तपो ब्रह्म' (તૈત્તિ.ઉપ.૩।૨) '**તપ વડે બ્રહ્મ જાણવાની ઈચ્છા કર, તપ બ્રહ્મ છે**' એ અધિકારમાં અન્ન આદિને વિષે ગૌણ પ્રયોગ છે અને આનન્દને વિષે મુખ્ય છે; અને જેમ બ્રહ્મવિજ્ઞાનસાધન તપને વિષે ब्रह्म શબ્દ અભેદોપચારથી (તાદાત્મ્યલક્ષણાથી) પ્રયોજાય છે, પણ સાક્ષાત્ તો વિજ્ઞેય બ્રહ્મને વિષે પ્રયોજાય છે તેમ. પણ આકાશની અનુત્પત્તિના પક્ષમાં 'एकमेवाद्वितीयम्' (છાન્દો.ઉપ.૬।૨।૧) '**એક જ, અદ્વિતીય**' એ પ્રતિજ્ઞાનું કેવી રીતે સમર્થન થાય ? ખરેખર, આકાશરૂપ દ્વિતીયથી બ્રહ્મ સદ્વિતીય છે એમ પ્રાપ્ત થાય છે; અને બ્રહ્મ વિદિત થતાં સર્વ કેવી રીતે વિદિત થાય ? તેને વિષે કહીએ છીએ— एकमेव '**એકજ**' એમ સ્વકાર્યની અપેક્ષાથી ઉત્પન્ન થાય છે. જેમ લોકમાં કુંભારને ઘરે આગલે દિવસે મૃત્તિકા, દંડ, ચક્ર, વગેરે જોઈ અને બીજે દિવસે નાના પ્રકારનાં ઘટાદિ પાત્રો પ્રસારેલાં જોઈ કોઈક કહે કે આગલે દિવસે મૃત્તિકા જ એકલી હતી અને તે નિશ્ચયથી મૃત્તિકાનો કાર્ય સમૂહ જ આગલે દિવસે નહોતો એવો તેનો અભિપ્રાય થાય, પણ દંડ, ચક્ર આદિ નહોતાં એવો નહિ, તેમ અદ્વિતીય શ્રુતિ અન્ય અધિષ્ઠાતાનો નિષેધ કરે છે. જેમ ઘટાદિ પાત્રની પ્રકૃતિ મૃત્તિકાનો કુંભકાર અધિષ્ઠાતા દેખાય છે, તેમ જગત્‌ની પ્રકૃતિ બ્રહ્મનો અન્ય અધિષ્ઠાતા નથી. પરંતુ આકાશરૂપ પણ દ્વિતીયથી બ્રહ્મ સદ્વિતીય છે એમ પ્રાપ્ત થતું નથી. ખરેખર, ભિન્ન લક્ષણથી નાનાત્વ થાય છે, પણ ઉત્પત્તિ પૂર્વે બ્રહ્મ અને આકાશ જુદાં લક્ષણવાળાં નથી, પણ ક્ષીર અને ઉદકની જેમ સંસૃષ્ટ છે અને વ્યાપિત્વ, મૂર્ત્તત્વ વગેરે તેમાં સમાન ધર્મો છે. પણ સંસૃષ્ટિકાળમાં તો બ્રહ્મ જગત્ ઉત્પન્ન કરવા યત્ન કરે છે અને બીજું, એટલે આકાશ, નિશ્ચલ રહે છે, તેથી ભેદ નિશ્ચિત થાય છે. તથા 'आकाशशरीरं ब्रह्म' (તૈત્તિ.ઉપ.૧।૬।૨) '**આકાશ શરીર બ્રહ્મ**' વગેરે શ્રુતિઓથી પણ બ્રહ્મ અને આકાશનો અભેદોપચાર સિદ્ધ થાય છે. એથી જ બ્રહ્મવિજ્ઞાનથી સર્વ વિજ્ઞાન સિદ્ધ થાય છે. વળી સર્વ કાર્ય ઉત્પન્ન થાય છે તે આકાશથી અવ્યતિરિક્ત દેશકાળમાં જ ઉત્પન્ન થાય છે અને બ્રહ્મથી અવ્યતિરિક્ત દેશકાળમાં જ આકાશ થાય છે, આથી બ્રહ્મ અને તેનું કાર્ય વિદિત થાય તેની સાથે જ આકાશ વિદિત થાય છે. જેમ દૂધથી ભરેલા ઘડામાં કેટલાંક જળબિન્દુઓ નાંખેલાં હોય તે દૂધનું ગ્રહણ કરવાથી ગ્રહણ કરાયેલાં જ થાય છે, કારણ દૂધ ગ્રહણ કરવાથી જળબિંદુનું ગ્રહણ બાકી રહેતું નથી, એ પ્રમાણે બ્રહ્મ અને તેનાં કાર્યો આકાશથી અવ્યતિરિક્ત દેશકાળમાં હોવાથી બ્રહ્મના ગ્રહણથી આકાશનું ગ્રહણ થાય છે જ. માટે આકાશની સંભવશ્રુતિ (આકાશ ઉત્પન્ન થાય છે એવી શ્રુતિ) ગૌણ છે. ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एवं प्राप्ते, इदमाह –

प्रतिज्ञाहानिरव्यतिरेकाच्छब्देभ्यः ॥६॥

'येनाश्रुतँ श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्' (छा.उप. ६-१-१) इति, **'आत्मनि खल्वरे दृष्टे श्रुते मते विज्ञाते इदं सर्वं विदितम्'** (बृह.उप. ४-५-६) इति, **'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति'** (मुण्ड.उप. १-१-३) इति, **'न काचन मद्बहिर्धा विद्यास्ति'** इति चैवंरूपा प्रतिवेदान्तं प्रतिज्ञा विज्ञायते, तस्याः प्रतिज्ञाया एव महानिरनुपरोधः स्यात्, यद्यव्यतिरेकः कृत्स्नस्य वस्तुजातस्य विज्ञेयाद्ब्रह्मणः स्यात्, व्यतिरेके हि सति एकविज्ञानेन सर्वं विज्ञायत इतीयं प्रतिज्ञा हीयेत । स चाव्यतिरेक एवमुपपद्यते, यदि कृत्स्नं वस्तुजातमेकस्माद्ब्रह्मण उत्पद्येत । शब्देभ्यश्च प्रकृतिविकारा-व्यतिरेकन्यायेनैव प्रतिज्ञासिद्धिरवगम्यते, तथा हि – **'येनाश्रुत श्रुतं भवति'** इति प्रतिज्ञाय, मृदादिदृष्टान्तैः कार्यकारणाभेदप्रतिपादनपरैः प्रतिज्ञैषा समर्थ्यते, तत्साधनायैव चोत्तरे शब्दाः – **'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्'** (छा.उप. ६-२-१) **'तदैक्षत' 'तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-३) इत्येवं कार्यजातं ब्रह्मणः प्रदर्श्य, अव्यतिरेकं प्रदर्शयन्ति – **'एतदात्म्यमिद सर्वम्'** (छा.उप. ६-८-७) इत्यारभ्य आ प्रपाठकपरिसमाप्तेः, तद्यद्याकाशं न ब्रह्मकार्यं स्यात्, न ब्रह्मणि विज्ञाते आकाशं विज्ञायेत, ततश्च प्रतिज्ञाहानिः स्यात्, न च प्रतिज्ञाहान्या वेदस्याप्रामाण्यं युक्तं कर्तुम् । तथा हि प्रतिवेदान्तं ते ते शब्दास्तेन तेन दृष्टान्तेन तामेव प्रतिज्ञां ज्ञापयन्ति – **'इदं सर्वं यदयमात्मा'** (बृह.उप. २-४-६) **'ब्रह्मैवेदममृतं पुरस्तात्'** (मुण्ड.उप. २-२-११) इत्येवमादयः, तस्माज्जवलनादिवदेव गगनमप्युत्पद्यते ॥

यदुक्तम् – अश्रुतेर्न वियदुत्पद्यत इति, तदयुक्तम्, वियदुत्पत्तिविषयश्रुत्यन्तरस्य दर्शितत्वात् – **'तस्माद्वा**

એવું પ્રાપ્ત થતાં આમ કહે છે—

પ્રતિજ્ઞાની અહાનિ (સર્વ વસ્તુસમૂહના બ્રહ્મથી) અવ્યતિરેકથી (થાય છે), શબ્દોથી ॥ ૬ ॥

'येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातमिति' (છાન્દો.ઉપ.૬।૧।૧) **'જેથી અશ્રુત (ન સાંભળેલું) શ્રુત થાય છે. અમત (ન વિચારેલ) મત થાય છે, અને અવિજ્ઞાત વિજ્ઞાત થાય છે એમ'**, 'आत्मनि खल्वरे दृष्टे श्रुते मते विज्ञात इदं सर्व विदितम्' (બૃહ.ઉપ.૪।૫।૬) **'ખરેખર, આત્માનું દર્શન,શ્રવણ, મનન અને વિજ્ઞાન થયું એટલે એ સર્વ જણાઈ જાય છે'** એ, 'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति' (મુણ્ડ.ઉપ.૧।૧।૩) **'હે ભગવન્, શેનું જણાઈ જાય આ સર્વ વિજ્ઞાત થાય છે'** એ, અને 'न काचन मद्बहिर्धा विद्यास्ति' **'મારાથી બહાર કોઈપણ વિદ્યા નથી'** એવા સ્વરૂપની પ્રતિજ્ઞા દરેક વેદાન્તમાં (ઉપનિષદમાં) જણાય છે. જો સમગ્ર વસ્તુસમૂહ વિજ્ઞેય બ્રહ્મથી અવ્યતિરિક્ત હોય તો તે પ્રતિજ્ઞાની એ રીતે અહાનિ—અબોધ થાય. જો વ્યતિરિક્ત (ભિન્ન) હોય તો એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાન થાય છે એ પ્રતિજ્ઞાને હાનિ થાય. તે અવ્યતિરેક (અભિન્ન) આ રીતે ઉપપન્ન (યોગ્ય) થાય છે. જો વસ્તુસમૂહ બ્રહ્મથી ઉત્પન્ન થાય; અને શબ્દોથી પ્રકૃતિ અને વિકાર અવ્યતિરિક્ત જ છે એ ન્યાયથી જ પ્રતિજ્ઞાની સિદ્ધિ સમજાય છે; કેમકે 'येनाश्रुतं श्रुतं भवति' **'જેથી ન શ્રવણ કરાયેલું શ્રવણ કરાયેલું થાય છે'** એમ પ્રતિજ્ઞા કરીને, કાર્ય અને કારણ વચ્ચે અભેદ પ્રતિપાદન કરનાર માટી વગેરે દૃષ્ટાન્તો વડે એ પ્રતિજ્ઞાનું સમર્થ કરાય છે; અને તે સિદ્ધ કરવા માટે જ ઉત્તર શબ્દો—'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' (છાન્દો. ૬/૨/૧) **'હે સોમ્ય, માત્ર એ સત્ હતું, એક જ અદ્વિતીય'**, 'तदैक्षत' **'તેણે વિચાર કર્યો'**, 'तत्तेजोऽसृजत' (છાન્દો ઉપ. ૬/૨/૩) **'તેણે તેજ સર્જ્યું'** એ પ્રમાણે બ્રહ્મનો કાર્યસમૂહ દર્શાવી 'ऐतदात्म्यमिदं सर्वम्' (છા. ૬/૮/૭) **'એ આત્મસ્વરૂપ એ સર્વ છે'** એમ આરંભી પ્રપાઠકની પરિસમાપ્તિ સુધી અવ્યતિરેક દર્શાવે છે. માટે જો આકાશ બ્રહ્મનું કાર્ય ન થાય તો બ્રહ્મનું વિજ્ઞાન થતા આકાશનું વિજ્ઞાન ન થાય અને તેથી પ્રતિજ્ઞાની હાનિ થાય; અને પ્રતિજ્ઞાની હાનિથી વેદનું અપ્રામાણ્ય કરવું યોગ્ય નથી; કેમકે પ્રતિ વેદાન્તમાં 'इदं सर्वं यदयमात्मा' (બૃહ ઉપ. ૨/૪/૬) **'આ સર્વ, જે એ આત્મા છે'**, 'ब्रह्मैवेदममृतं पुरस्तात्' (મુણ્ડ ઉપ. ૨/૨/૧૧) **'આગળ જ છે તે અમૃત બ્રહ્મ જ છે'** એવા તે તે શબ્દો તે તે ઉદાહરણથી તે જ પ્રતિજ્ઞા સ્થાપે છે. માટે અગ્નિ આદિની જેમ જ આકાશ પણ ઉત્પન્ન થાય છે.

આકાશ ઉત્પન્ન થતું નથી, અશ્રુતિથી એમ જે કહ્યું છે તે અયુક્ત છે; કારણ કે આકાશની ઉત્પત્તિ વિષે બીજી શ્રુતિ દર્શાવી છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

एतस्मादात्मन आकाशः संभूतः' (तैत्ति.उप. २-१) इति। सत्यं दर्शितम्, विरुद्धं तु '**तत्तेजोऽसृजत**' इत्यनेन श्रुत्यन्तरेण, न, एकवाक्यत्वात्सर्वश्रुतीनाम्। भवत्वेकवाक्यत्वमविरुद्धानाम्, इह तु विरोध उक्तः – सकृच्छ्रुतस्य स्रष्टुः स्रष्टव्यद्वयसंबन्धासंभवाद्वयोश्च प्रथमजत्वासंभवाद्विकल्पासंभवाच्चेति – नैष दोषः, तेजःसर्गस्य तैत्तिरीयके तृतीयत्वश्रवणात् – '**तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः, आकाशाद्वायुः, वायोरग्निः**' (तैत्ति.उप. २-१) इति, अशक्या हीयं श्रुतिरन्यथा परिणेतुम्, शक्या तु परिणेतुं छान्दोग्यश्रुतिः – तदाकाशं वायुं च सृष्ट्वा '**तत्तेजोऽसृजत**' इति, न हीयं श्रुतिस्तेजोजनिप्रधाना सती श्रुत्यन्तरप्रसिद्धामाकाशस्योत्पत्तिं वारयितुं शक्नोति, एकस्य वाक्यस्य व्यापारद्वयासंभवात्, स्रष्टा त्वेकोऽपि क्रमेणानेकं स्रष्टव्यं सृजेत् – इत्येकवाक्यत्वकल्पनायां संभवन्त्यां न विरुद्धार्थत्वेन श्रुतिर्हातव्या, न चास्माभिः सकृच्छ्रुतस्य स्रष्टुः स्रष्टव्यद्वयसंबन्धोऽभिप्रेयते, श्रुत्यन्तरवशेन स्रष्टव्यान्तरोपसंग्रहात्, यथा च '**सर्वं खल्विदं ब्रह्म तज्जलान्**' (छा.उप. ३-१४-१) इत्यत्र साक्षादेव सर्वस्य वस्तुजातस्य ब्रह्मजत्वं श्रूयमाणं न प्रदेशान्तरविहितं तेजःप्रमुखमुत्पत्तिक्रमं वारयति, एवं तेजसोऽपि ब्रह्मजत्वं श्रूयमाणं न श्रुत्यन्तरविहितं नभःप्रमुखमुत्पत्तिक्रमं वारयितुमर्हति। ननु शमविधानार्थमेतद्वाक्यम् – '**तज्जलानिति शान्त उपासीत**' इति श्रुतेः, नैतत्सृष्टिवाक्यम्, तस्मादेतन्न प्रदेशान्तरप्रसिद्धं क्रममनुरोद्धुमर्हतीति, '**तत्तेजोऽसृजत**' इत्येतत्सृष्टिवाक्यम्, तस्मादत्र यथाश्रुति क्रमो ग्रहीतव्य इति। नेत्युच्यते, न हि तेजःप्राथम्यानुरोधेन श्रुत्यन्तरप्रसिद्धो वियत्पदार्थः परित्यक्तव्यो भवति, पदार्थधर्मत्वात्क्रमस्य, अपि च '**तत्तेजोऽसृजत**' इति नात्र क्रमस्य वाचकः कश्चिच्छब्दोऽस्ति, अर्थात्तु क्रमो गम्यते, स च '**वायोरग्निः**' इत्यनेन श्रुत्यन्तरप्रसिद्धेन क्रमेण निवार्यते, विकल्पसमुच्चयौ तु वियत्तेजसोः प्रथमजत्वविषयावसंभवानभ्युपगमाभ्यां निवारितौ, तस्मान्नास्ति श्रुत्योर्विप्रतिषेधः।

'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः' (તૈત્તિ ઉપ. ૨/૧) **'તે એ આત્માથી આકાશ ઉત્પન્ન થયું'** એ. દર્શાવી છે એ સત્ય છે, પણ 'तत्तेजोऽसृजत' **'તેણે તેજ સર્જ્યું'** એ અન્ય શ્રુતિ સાથે વિરુદ્ધ છે. ના; કારણ કે સર્વ શ્રુતિઓની એકવાક્યતા છે. (વાક્યો)ની એકવાક્યતા અવિરુદ્ધ થાઓ, અહીં તો વિરોધ કહ્યો છે, કેમકે એક વાર શ્રવણ કરાયેલા સ્રષ્ટાનો બે સ્રષ્ટવ્ય (સર્જવા યોગ્ય) સાથે સંબન્ધ અસંભવિત છે, બંને પ્રથમ ઉત્પન્ન થાય એ સંભવિત નથી અને વિકલ્પનો અસંભવ છે. એ દોષ નથી; કેમકે તૈત્તિરીયકમાં તેજની સૃષ્ટિ તૃતીય છે એમ શ્રવણ છે—'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः। आकाशाद्वायुः। वायोरग्निः' (તૈત્તિ ઉપ. ૨/૧) **'તે એ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું, આકાશમાંથી વાયુ અને વાયુમાંથી અગ્નિ'** એમ. ખરેખર, એ શ્રુતિનું અન્યથા પરિણામ કરવું અશક્ય છે. પણ છાન્દોગ્ય શ્રુતિનું પરિણામ કરવું શક્ય છે—તેણે આકાશ અને વાયુ સર્જીને 'तत्तेतोऽसृजत' **'તેણે તેજ સર્જ્યું'** એમ. ખરેખર, એ શ્રુતિ તેજની ઉત્પત્તિપરક હોઈ અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ એવી આકાશની ઉત્પત્તિ વારવાને શક્તિમાન નથી; કેમકે એક વાક્યાં બે વ્યાપાર શક્ય નથી. સૃષ્ટા તો એક છે તો પણ ક્રમે અનેક સ્રષ્ટવ્યને સર્જે એમ એકવાક્યતાની કલ્પના સંભવતી હોવા છતાં વિરુદ્ધ અર્થથી શ્રુતિની હાનિ કરવી યોગ્ય નથી. વળી એક વાર શ્રવણ કરાયેલા સૃષ્ટાનો બે સ્રષ્ટવ્ય સાથે સંબંધ અમને ઈષ્ટ નથી; કારણ કે અન્ય શ્રુતિના બળથી અન્ય સ્રષ્ટવ્યનો ઉપસંગ્રહ થાય છે. જેમ 'सर्वं खल्विदं ब्रह्म तज्जलान्' (છાન્દો ઉપ. ૩/૧૪/૧) **'ખરેખર, એ સર્વ બ્રહ્મ છે, તેમાંથી ઉત્પન્ન થાય છે, તેને વિષે લય પામે છે અને તેને વિષે ચેષ્ટા કરે છે'** એમાં સર્વ વસ્તુસમૂહની બ્રહ્મમાંથી ઉત્પત્તિ સાક્ષાત્ જ સંભળાય છે, તે અન્ય પ્રદેશમાં કહેલા, તેજ જેમાં પ્રથમ છે એવા ઉત્પત્તિક્રમને વારતી નથી; એવી રીતે તેજની પણ બ્રહ્મથી ઉત્પત્તિ, જે સંભળાય છે, તે અન્ય શ્રુતિમાં કહેલા, આકાશ જેમાં પ્રથમ છે એવા ઉત્પત્તિક્રમને વારવાને યોગ્ય નથી. પણ એ વાક્ય શમવિધાનને માટે છે; કેમકે 'तज्जलानिति शान्त उपासीत' **'તેમાંથી જન્મ પામે છે, તેને વિષે લય પામે છે અને તેને વિષે ચેષ્ટા કરે છે તેથી શાન્ત થઈ ઉપાસના કરવી જોઈએ)** એમ શ્રુતિ છે; એ સૃષ્ટિવાક્ય નથી; તેથી અન્ય પ્રદેશમાં પ્રસિદ્ધ ક્રમનો અનુરોધ કરવા યોગ્ય નથી. 'तत्तेजोऽसृजत' (તેણે તેજ સર્જ્યું) એ સૃષ્ટિ વાક્ય છે, માટે એમાં શ્રુતિપ્રમાણે ક્રમ ગ્રહણ કરવો યોગ્ય છે. ના, એમ કહીએ છીએ; કેમકે તેજની પ્રથમતાના અનુરોધથી અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ આકાશ પદાર્થનો પરિત્યાગ કરવો ઉચિત નથી; કેમકે ક્રમ એ પદાર્થનો ધર્મ છે. વળી 'तत्तेजोऽसृजत' **'તેણે તેજ સર્જ્યું'** એમાં ક્રમનો વાચક કોઈ શબ્દ નથી; પણ અર્થથી ક્રમ સમજાય છે, અને તે 'वायोरग्निः' **'વાયુથી અગ્નિ'** એ અન્ય શ્રુતિના પ્રસિદ્ધ ક્રમથી અટકાવાય છે. આકાશ અને તેજ પ્રથમ ઉત્પન્ન છે એને વિષે વિકલ્પ અને સમુચ્ચય તો અસંભવ અને અસ્વીકારથી

F/18

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अपि च छान्दोग्ये **'येनाश्रुतं श्रुतं भवति'** इत्येतां प्रतिज्ञां वाक्योपक्रमे श्रुतां समर्थयितुमसमाम्नातमपि वियत् उत्पत्तावुपसंख्यातव्यम्, किमङ्ग पुनस्तैत्तिरीयके समाम्नातं नभो न संगृह्यते । यच्चोक्तम् – आकाशस्य सर्वेणानन्यदेशकालत्वाद्ब्रह्मणा तत्कार्यैश्च सह विदितमेव तद्भवति, अतो न प्रतिज्ञा हीयते, न च **'एकमेवाद्वितीयम्'** इति श्रुतिकोपो भवति, क्षीरोदकवद्ब्रह्मनभसोरव्यतिरेकोपपत्तेरिति । अत्रोच्यते – न क्षीरोदकन्यायेनेदमेकविज्ञानेन सर्वविज्ञानं नेतव्यम्, मृदादिदृष्टान्तप्रणयनाद्धि प्रकृतिविकारन्यायेनैवेदं सर्वविज्ञानं नेतव्यमिति गम्यते, क्षीरोदकन्यायेन च सर्वविज्ञानं कल्प्यमानं न सम्यग्विज्ञानं स्यात्, न हि क्षीरज्ञानगृहीतस्योदकस्य सम्यग्विज्ञानगृहीतत्वमस्ति, न च वेदस्य पुरुषाणामिव मायालीकवञ्चनादिभिरर्थावधारणमुपपद्यते, सावधारणा चेयम् **'एकमेवाद्वितीयम्'** इति श्रुतिः क्षीरोदकन्यायेन नीयमाना पीड्येत । न च स्वकार्यापेक्षयेदं वस्त्वेकदेशविषयं सर्वविज्ञानमेवाद्वितीयतावधारणं चेति न्याय्यम्, मृदादिष्वपि हि तत्संभवात् – न तदपूर्ववदुपन्यसितव्यं भवति – **'श्वेतकेतो यन्नु सोम्येदं महामना अनूचानमानी स्तब्धोऽस्युत तमादेशमप्राक्ष्यः येनाश्रुतं श्रुतं भवति'** (छा.उप. ६-१-१) इत्यादिना । तस्मादशेषवस्तुविषयमेवेदं सर्वविज्ञानं सर्वस्य ब्रह्मकार्यतापेक्षयोपन्यस्यत इति द्रष्टव्यम् ॥६॥

यत्पुनरेतदुक्तम् – असंभवाद्गौणी गगनस्योत्पत्तिश्रुतिरिति, अत्र ब्रूमः –

यावद्विकारं तु विभागो लोकवत् ॥७॥

तु-शब्दोऽसंभवाशङ्काव्यावृत्त्यर्थः । न खल्वाकाशोत्पत्तावसंभवाशङ्का कर्तव्या, यतो यावत्किंचिद्विकारजातं दृश्यते – घटघटिकोदञ्चनादि वा, कटककेयूरकुण्डलादि वा, सूचीनाराचनिस्त्रिंशादि वा – तावानेव विभागो लोके लक्ष्यते, न

નિષિદ્ધ છે. માટે બે શ્રુતિઓ વચ્ચે અવિરોધ છે-વિરોધ નથી. વળી છાન્દોગ્યમાં 'येनाश्रुतं श्रुतं भवति' **'જે વડે અશ્રુત શ્રુત થાય છે'** એ પ્રતિજ્ઞા જેનું વાક્યના ઉપક્રમમાં શ્રવણ છે તેનું સમર્થન કરવા માટે અશ્રુત આકાશનું પણ ઉત્પત્તિ વિષે ઉપસંખ્યાન કરવું-ગણના કરવી યોગ્ય છે તો તૈત્તિરીયકમાં શ્રુત એવા આકાશનો સંગ્રહ કેમ ન થાય !! વળી જે એમ કહ્યું છે કે આકાશના દેશકાળ સર્વ સાથે અનન્ય હોવાથી બ્રહ્મ અને તેનાં કાર્યો સાથે તે વિદિત જ થાય છે એથી પ્રતિજ્ઞાની હાનિ થતી નથી અને 'एकमेवाद्वितीयम्' **'એકજ, અદ્વિતીય'** એ શ્રુતિનો બાધ થતો નથી; કેમકે ક્ષીર અને ઉદકની જેમ બ્રહ્મ અને આકાશનો અભેદ ઉપપન્ન (સંગત) થાય છે—એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ. ક્ષીરોદકન્યાયથી આ એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાન ગ્રહણ કરવું યોગ્ય નથી; કારણ કે મૃત્તિકા વગેરે દૃષ્ટાન્તોનો નિર્દેશ છે તેથી પ્રકૃતિવિકારન્યાયથી જ એ સર્વવિજ્ઞાન ગ્રહણ કરવાનું છે એમ સમજાય છે. ક્ષીરોદકન્યાયથી સર્વવિજ્ઞાન કલ્પાય તો તે સમ્યગ્વિજ્ઞાન ન થાય; કેમકે ક્ષીરજ્ઞાનથી ગ્રહણ કરેલા ઉદકનું સમ્યગ્વિજ્ઞાનથી ગ્રહણ નથી, અને પુરુષોની જેમ વેદનો અર્થનિશ્ચય માયાથી, મિથ્યાભાષણથી, અને વંચના વગેરેથી ઉપપન્ન થતો નથી. 'एकमेवाद्वितीयम्' 'એક જ અદ્વિતીય' એ અવધારણશ્રુતિ ક્ષીરોદકન્યાયથી ગૌણ થાય તો તેને બાધ આવે. વળી, સર્વવિજ્ઞાન અને એક જ અદ્વિતીય એવો નિશ્ચય એ સ્વકાર્યની અપેક્ષાએ વસ્તુના એકદેશને વિષય કરે છે એમ કહેવું ન્યાય્ય નથી; કેમકે માટી આદિને વિષે પણ ખરેખર તેનો સંભવ છે; અને 'श्वेतकेतो यन्नु सोम्येदं महामना अनूचानमानी स्तब्धोऽस्युत तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवति' [છાન્દો ઉપ. ૬/૧/૧] **'હે શ્વેતકેતુ, તું મહામન, આત્માને અનૂચાન માનનાર-વેદ, વેદાંગ પઠન, પાઠન, અધ્યાપન કરાવવા સમર્થ અને સ્તબ્ધ છે, જે આદેશથી અશ્રુત શ્રુત થાય છે એ આદેશ તે આચાર્યને પૂછ્યો છે ?'** ઇત્યાદિથી તેનો અપૂર્વવત્ ઉપન્યાસ યોગ્ય નથી. માટે એ સર્વવિજ્ઞાન અશેષ વસ્તુને વિષે જ છે અને સર્વ બ્રહ્મકાર્ય છે એ અપેક્ષાએ એનો ઉપન્યાસ છે એમ સમજવું ॥ ૬ ॥

વળી જે એમ કહ્યું છે કે અસંભવને લીધે ગગનની ઉત્પત્તિશ્રુતિ ગૌણી છે તેને વિષે અમે કહીએ છીએ—

પણ જેટલા વિકાર છે તેટલા વિભાગ છે લોકની જેમ ॥ ૭ ॥

'तु' શબ્દ અસંભવની આશંકા દૂર કરવા માટે છે. ખરેખર, આકાશની ઉત્પત્તિને વિષે અસંભવની આશંકા દૂર કરવી ઉચિત નથી; કેમકે ઘટ, ઘટિકા, ઉદંચન - કૂવામાંથી પાણી ઊંચે કાઢવાની ડોલ આદિ, કે કેયૂર, કુણ્ડલ આદિ, કે સોય, બાણ, ખડ્ગ આદિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

त्वविकृतं किंचित्कुतश्चिद्विभक्तमुपलभ्यते, विभागश्चाकाशस्य पृथिव्यादिभ्योऽवगम्यते, तस्मात्सोऽपि विकारो भवितुमर्हति। एतेन दिक्कालमनःपरमाण्वादीनां कार्यत्वं व्याख्यातम् । नन्वात्माप्याकाशादिभ्यो विभक्त इति तस्यापि कार्यत्वं घटादिवत्प्राप्नोति, न, **'आत्मन आकाशः संभूतः'** (तैत्ति.उप. २-१) इति श्रुतेः, यदि ह्यात्मापि विकारः स्यात्, तस्मात्परमन्यत्र श्रुतमित्याकाशादि सर्वं कार्यं निरात्मकमात्मनः कार्यत्वे स्यात्, तथा च शून्यवादः प्रसज्येत, आत्मत्वाच्चात्मनो निराकरणशङ्कानुपपत्तिः न ह्यात्मागन्तुकः कस्यचित्, स्वयंसिद्धत्वात्, न ह्यात्मा आत्मनः प्रमाणमपेक्ष्य सिध्यति, तस्य हि प्रत्यक्षादीनि प्रमाणान्यसिद्धप्रमेयसिद्धये उपादीयन्ते, न ह्याकाशादयः पदार्थाः प्रमाणनिरपेक्षाः स्वयं सिद्धाः केनचिदभ्युपगम्यन्ते, आत्मा तु प्रमाणादिव्यवहाराश्रयत्वात्प्रागेव प्रमाणादिव्यवहारात्सिध्यति, न चेदृशस्य निराकरणं संभवति, आगन्तुकं हि वस्तु निराक्रियते, न स्वरूपम्, य एव हि निराकर्ता तदेव तस्य स्वरूपम्, न ह्यग्नेरौष्ण्यमग्निना निराक्रियते, तथा अहमेवेदानीं जानामि वर्तमानं वस्तु, अहमेवातीतमतीततरं चाज्ञासिषम्, अहमेवानागतमनागततरं च ज्ञास्यामि, इत्यतीतानागतवर्तमानभावेनान्यथाभवत्यपि ज्ञातव्ये न ज्ञातुरन्यथाभावोऽस्ति, सर्वदा वर्तमानस्वभावत्वात्, तथा भस्मीभवत्यपि देहे नात्मन उच्छेदः, वर्तमानस्वभावादन्यस्वभावत्वं वा न संभावयितुं शक्यम्, एवमप्रत्याख्येयस्वभावत्वादकार्यत्वमात्मानः, कार्यत्वं च आकाशस्य ॥

यत्तूक्तं समानजातीयमनेकं कारणद्रव्यं व्योम्नो नास्तीति, तत्प्रत्युच्यते – न तावत्समानजातीयमेवारभते, न भिन्नजातीयमिति नियमोऽस्ति, न हि तन्तूनां तत्संयोगानां च समानजातीयत्वमस्ति, द्रव्यगुणत्वाभ्युपगमात्, न च निमित्तकारणानामपि तुरीवेमादीनां समानजातीयत्वनियमोऽस्ति । स्यादेतत् – समवायिकारणविषय एव

જેટલો કોઈ વિકારણસમૂહ દેખાય છે તેટલો જ લોકમાં વિભાગ દેખાય છે. પણ અવિકાર પામેલું કંઈ કંઈથી વિભક્ત ઉપલબ્ધ થતું નથી; અને પૃથ્વી આદિથી આકાશનો વિભાગ સમજાય છે. માટે તે પણ વિકાર થવો ઉચિત છે. આથી દિશા, કાલ, મન, પરમાણુ વગેરે કાર્ય છે એમ વ્યાખ્યાન થયું સમજવું. પણ આત્મા પણ આકાશ આદિથી વિભક્ત છે તેથી ઘટાદિની જેમ તેને પણ કાર્યત્વ પ્રાપ્ત થાય છે. ના; કારણ કે 'आत्मन आकाशः संभूतः' [तैत्ति ઉપ. २/१] **'આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું'** એવી શ્રુતિ છે. ખરેખર, જો આત્મા પણ વિકાર થાય તો તેથી પર કંઈ પણ શ્રુતિમાં કહ્યું નથી તેથી આત્મા કાર્ય થતાં આકાશ આદિ સર્વ કાર્ય નિરાત્મક અર્થાત્ ઉપાદાનરહિત, સમવાયિકારણરહિત થાય; અને તેથી શૂન્યવાદનો પ્રસંગ આવે. વળી આત્મા હોવાથી આત્માની નિરાકરણશંકા અનુપપન્ન છે- અનુચિત છે કેમકે આત્મા કોઈનો પણ આગન્તુક (કાર્ય) નથી; કારણ કે તે સ્વયંસિદ્ધ છે. ખરેખર, આત્મા પોતાના પ્રમાણની અપેક્ષા રાખી સિદ્ધ થતો નથી. તેનાં પ્રત્યક્ષાદિ પ્રમાણો અસિદ્ધ પ્રમેયની સિદ્ધિને માટે લેવાય છે; કારણ કે આકાશાદિ પદાર્થો પ્રમાણની અપેક્ષારહિત, સ્વયંસિદ્ધ છે એમ કોઈથી પણ સ્વીકારાતા નથી. આત્મા તો પ્રમાણાદિ વ્યવહારનો આશ્રય હોવાથી પ્રમાણાદિ વ્યવહારથી પૂર્વે જ સિદ્ધ છે; અને એવાનું નિરાકરણ સંભવતું નથી. ખરેખર, આગન્તુક વસ્તુનું નિરાકરણ થાય છે, સ્વરૂપનું નહિ; કારણ કે જે નિરાકર્તા છે તે જ તેનું સ્વરૂપ છે. અગ્નિની ઉષ્ણતા કંઈ અગ્નિથી નિરાકરણ કરાતી નથી. તે રીતે હું જ હમણા વર્તમાન વસ્તુ જાણું છું, મેં જ ભૂત અને તેની પૂર્વે થઈ ગયેલી ભૂત વસ્તુ જાણી, અને હું જ ભવિષ્યની અને તેથી દૂરના ભવિષ્યની વસ્તુ જાણીશ, એમ જ્ઞાતવ્ય વસ્તુ વર્તમાન, ભૂત અને ભવિષ્યરૂપે અન્યથા થાય છે તો પણ જ્ઞાતા અન્યથા થતો નથી; કેમકે તે સર્વદા વર્તમાન સ્વભાવવાળો છે. તેમજ દેહ ભસ્મરૂપ થાય છે તોપણ આત્માનો ઉચ્છેદ થતો નથી; કેમકે તે વર્તમાન સ્વભાવવાળો છે. એ અન્ય સ્વભાવનો છે એવી સંભાવના કરવી પણ શક્ય નથી. એ પ્રમાણે જેનું પ્રત્યાખ્યાન ન થાય એવા સ્વભાવવાળો હોવાથી આત્મા અકાર્ય છે અને આકાશ કાર્ય છે.

સમાનજાતીય અનેક કારણદ્રવ્ય આકાશને નથી એમ જે કહ્યું છે તેનું નિરાકરણ કરાય છે—સમાનજાતીય જ આરંભક (ઉત્પાદક) થાય છે, ભિન્ન જાતીય થતું નથી એવો નિયમ નથી; કારણ કે તન્તુઓ અને તેના સંયોગો સમાનજાતીય નથી, તેમનો દ્રવ્ય અને ગુણ તરીકે સ્વીકાર કર્યો છે તેથી. વળી તુરી, વેમ આદિ નિમિત્તકારણો પણ સમાનજાતીય છે એવો નિયમ નથી. પણ અત્રે શંકા છે કે સમાનજાતીયત્વનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

समानजातीयत्वाभ्युपगमः, न कारणान्तरविषय इति, तदप्यनैकान्तिकम्, सूत्रगोवालैर्ह्यनेकजातीयैरेका रज्जुः सृज्यमाना दृश्यते, तथा सूत्रैरूर्णादिभिश्च विचित्रान्कम्बलान्वितन्वते, सत्त्वद्रव्यत्वाद्यपेक्षया वा समानजातीयत्वे कल्प्यमाने नियमानर्थक्यम्, सर्वस्य सर्वेण समानजातीयकत्वात् । नाप्यनेकमेवारभते, नैकम् – इति नियमोऽस्ति, अणुमनसोराद्यकर्मारम्भाभ्युपगमात् । एकैको हि परमाणुर्मनश्चाद्यं कर्मारभते, न द्रव्यान्तरैः संहत्य – इत्यभ्युपगम्यते । द्रव्यारम्भ एवानेकारम्भकत्वनियम इति चेत्, न, परिणामाभ्युपगमात् । भवेदेष नियमः – यदि संयोगसचिवं द्रव्यं द्रव्यान्तरस्यारम्भकमभ्युपगम्येत, तदेव तु द्रव्यं विशेषवदवस्थान्तरमापद्यमानं कार्यं नामाभ्युपगम्यते, तच्च क्वचिदनेकं परिणमते मृद्बीजादि, अङ्कुरादिभावेन, क्वचिदेकं परिणमते क्षीरादि, दध्यादिभावेन, नेश्वरशासनमस्ति – अनेकमेव कारणं कार्यं जनयतीति । अतः श्रुतिप्रामाण्यादेकस्माद्ब्रह्मण आकाशादिमहाभूतोत्पत्तिक्रमेण जगज्जातमिति निश्चीयते, तथा चोक्तम् – **'उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि'** (ब्र.सू. २-१-२४) इति ॥

यच्चोक्तम् आकाशस्योत्पत्तौ न पूर्वोत्तरकालयोर्विशेषः संभावयितुं शक्यत इति, तदयुक्तम्, येनैव विशेषेण पृथिव्यादिभ्यो व्यतिरिच्यमानं नभः स्वरूपवदिदानीमध्यवसीयते, स एव विशेषः प्रागुत्पत्तेर्नासीदिति गम्यते, यथा च ब्रह्म न स्थूलादिभिः पृथिव्यादिस्वभावैः स्वभाववत् – **'अस्थूलमनणु'** (बृह.उप. ३-८-८) इत्यादिश्रुतिभ्यः, एवमाकाशस्वभावेनापि न स्वभाववद**नाकाशमिति** (बृह.उप. ३-८-८) श्रुतेरवगम्यते, तस्मात्प्रागुत्पत्तेरनाकाशमिति स्थितम् । यदप्युक्तं पृथिव्यादिवैधर्म्यादाकाशस्याजत्वमिति, तदप्यसत्, श्रुतिविरोधे सत्युत्पत्त्यसंभवानुमानस्याभासत्वोपपत्तेः, उत्पत्त्यनुमानस्य च दर्शितत्वात्, अनित्यमाकाशम्, अनित्यगुणाश्रयत्वात्, घटादिवदित्यादिप्रयोगसंभवाच्च, आत्मन्यनैकान्तिकमिति चेत्, न,

---

સ્વીકાર સમવાયિકારણને વિષે જ છે, અન્ય કારણોને વિષે નથી. તે પણ અનૈકાન્તિક છે; કેમકે અનેક જાતનાં સૂત્ર અને ગોકેશથી એક રજ્જુ ઉત્પન્ન થતી દેખાય છે. તેમ સૂત્રો અને ઊન આદિથી વિચિત્ર કાંબળાઓ (લોકો) વિસ્તારે છે. સત્ત્વ, દ્રવ્યત્વ આદિની અપેક્ષાએ જો સમાનજાતીયત્વની કલ્પના કરાય તો નિયમ અનર્થક થાય છે; કારણ કે સર્વ સર્વની સાથે સમાનજાતીય છે. તેમજ અનેક આરંભક જ થાય છે, એક નહિ એવો નિયમ નથી; કેમકે અણુ અને મન આદ્ય કર્મને આરંભે છે (ઉત્પન્ન કરે છે) એવો સ્વીકાર છે; કારણ કે પ્રત્યેક પરમાણુ અને મન આદ્ય કર્મને આરંભે છે, અન્ય દ્રવ્ય સાથે એકઠા થઈને નહિ એમ સ્વીકારેલું છે. દ્રવ્યના આરંભમાંની ઉત્પત્તિમાં જ અનેક આરંભકત્વનો નિયમ છે એમ જો કહેશો તો તે પણ ઉચિત નથી; કેમકે પરિણામનો સ્વીકાર છે. જો સંયોગસહિત દ્રવ્ય અન્ય દ્રવ્યનું આરંભક સ્વીકારાય તો એ નિયમ થાય; પણ તે જ દ્રવ્ય વિશેષવાળી અન્ય અવસ્થામાં જતું કાર્યનામે સ્વીકારાય છે; અને તે ક્યારેક મૃત્તિકા, બીજ આદિ અનેક અંકુરાદિસ્વરૂપે પરિણામ પામે છે અને ક્યારેક ક્ષીરાદિ એક દધિ આદિ ભાવે પરિણામ પામે છે. એક જ કારણ કાર્ય ઉત્પન્ન કરે એવું ઈશ્વરશાસન નથી. માટે શ્રુતિના પ્રામાણ્યથી એક બ્રહ્મથી આકાશાદિ મહાભૂતોની ઉત્પત્તિના ક્રમે જગત ઉત્પન્ન થયું છે એમ નિશ્ચય કરાય છે; અને તેમ 'उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि' [બ્ર.સૂ. ૨/૧/૨૪] **'ઉપસંહાર જોવામાં આવે છે તેથી બ્રહ્મ જગતનું કારણ નથી એમ કહેશો તો નહિ; કારણ કે ક્ષીરની જેમ ઉપપન્ન થશે)** એમાં કહ્યું છે.

વળી જે કહ્યું છે કે આકાશની ઉત્પત્તિને વિષે પૂર્વ અને ઉત્તર કાળમાં વિશેષની ભિન્નતાની સંભાવના કરવી શક્ય નથી તે યોગ્ય નથી; કારણ કે જે વિશેષથી જ પૃથિવી આદિથી વ્યતિરિક્ત થતું આકાશ સ્વરૂપની જેમ હાલ નિશ્ચિત થાય છે તે જ વિશેષ (ભિન્નતા) ઉત્પત્તિની પૂર્વે નહોતું એમ સમજાય છે ; અને જેમ સ્થૂલાદિ પૃથિવી વગેરેના સ્વભાવોથી બ્રહ્મ સ્વભાવવાળું નથી; કારણ કે 'अस्थूलमनणु' [બૃહ. ઉપ. ૩/૮/૮] **'સ્થૂલ નહિ એવું, અણુ નહિ એવું'** ઇત્યાદિ શ્રુતિઓ છે; એ પ્રમાણે આકાશસ્વભાવથી પણ બ્રહ્મ સ્વભાવવાળું નથી એમ 'अनाकाशम्' [બૃહ. ઉપ. ૩/૮/૮] **'આકાશરહિત'** એ શ્રુતિથી સમજાય છે. માટે આકાશની ઉત્પત્તિ પૂર્વે બ્રહ્મ અનાકાશ હતું એવી સ્થિતિ છે. વળી પૃથિવી આદિથી આકાશને વૈધર્મ્ય હોવાથી તે ઉત્પત્તિ વિનાનું છે એમ જે કહ્યું છે તે પણ અસત્ય છે; કેમકે શ્રુતિથી વિરુદ્ધ હોઈ ઉત્પત્તિના અસંભવનું અનુમાન આભાસ છે એમ ઉપપન્ન થાય છે. ઉત્પત્તિનું અનુમાન તો દર્શાવ્યું છે; આકાશ અનિત્ય છે, અનિત્ય ગુણનો આશ્રય છે તેથી, ઘટાદિની જેમ વગેરે પ્રયોગનો સંભવ છે. આત્માને વિષે (હેતુ) અનૈકાન્તિક છે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



तस्यौपनिषदं प्रत्यनित्यगुणाश्रयत्वासिद्धेः, विभुत्वादीनां च आकाशस्योत्पत्तिवादिनं प्रत्यसिद्धत्वात् । यच्चोक्तमेतत् – **शब्दाच्चेति** (ब्र.सू. २-३-४) – तत्रामृतत्वश्रुतिस्तावद्वियति 'अमृता दिवौकसः' इतिवद्द्रष्टव्या, उत्पत्तिप्रलययोरुपपादितत्वात्, **'आकाशवत्सर्वगतश्च नित्यः'** इत्यपि प्रसिद्धमहतत्वेनाकाशोपमानं क्रियते निरतिशयमहत्त्वाय, न आकाशसमत्वाय – यथा 'इषुरिव सविता धावति' इति क्षिप्रगतित्वायोच्यते, न इषुतुल्यगतित्वाय – तद्वत्, एतेनानन्तत्वोपमानश्रुतिर्व्याख्याता, **'ज्यायानाकाशात्'** इत्यादिश्रुतिभ्यश्च ब्रह्मणः सकाशादाकाशस्योनपरिमाणत्वसिद्धिः **'न तस्य प्रतिमास्ति'** (श्वेता.उप. ४-१९) इति च ब्रह्मणोऽनुपमानत्वं दर्शयति, **'अतोऽन्यदार्तम्'** (बृह.उप. ३-४-२) इति च ब्रह्मणोऽन्येषामाकाशादीनामार्तत्वं दर्शयति, तपसि ब्रह्मशब्दवदाकाशस्य जन्मश्रुतेगौंणत्वमित्येतदाकाशसंभवश्रुत्यनुमानाभ्यां परिहृतम् । तस्माद्ब्रह्मकार्यं वियदिति सिद्धम् ॥७॥

२. मातरिश्वाधिकरणम् ।

एतेन मातरिश्वा व्याख्यातः ॥८॥

अतिदेशोऽयम् । एतेन वियव्द्याख्यानेन मातरिश्वापि वियदाश्रयो वायुर्व्याख्यातः । तत्राप्येते यथायोगं पक्षा रचयितव्याः – न वायुरुत्पद्यते, छन्दोगानामुत्पत्तिप्रकरणेऽनाम्नानादित्येकः पक्षः, अस्ति तु तैत्तिरीयाणामुत्पत्तिप्रकरणे आम्नातम् **'आकाशाद्वायुः'** (तैत्ति.उप. २-१) – इति पक्षान्तरम्, ततश्च श्रुत्योर्विप्रतिषेधे सति गौणी वायोरुत्पत्तिश्रुतिः, असंभवात् इत्यपरोऽभिप्रायः, असंभवश्च **'सैषानस्तभिता देवता यद्वायुः'** (बृह.उप. १-५-२२) इत्यस्तमयप्रतिषेधादमृतत्वादिश्रवणाच्च । प्रतिज्ञानुपरोधाद्यावद्विकारं च विभागाभ्युपगमादुपत्पद्यते वायुरिति सिद्धान्तः । अस्तमयप्रतिषेधोऽपरविद्याविषय आपेक्षिकः, अग्न्यादीनामिव वायोरस्तमयाभावात् । कृतप्रतिविधानं च अमृतत्त्वादिश्रवणम्।

કહેશો તો તે યોગ્ય નથી; કેમકે ઔપનિષદ - ઉપનિષદ્‌ને પ્રમાણ માનનાર પ્રત્યે તે અનિત્ય ગુણનો આશ્રય છે એ અસિદ્ધ છે; અને વિભુત્વ વગેરે ગુણો આકાશના ઉત્પત્તિવાદી પ્રતિ અસિદ્ધ છે. 'शब्दाच्च' [બ્ર. સૂ. ૨/૩/૪] **'શબ્દથી પણ'** એમ જે કહ્યું છે તેમાં અમૃતત્વને લગતી શ્રુતિ તો આકાશને વિષે દેવો અમૃત છે એની જેમ સમજવી; કારણકે ઉત્પત્તિ અને પ્રલય ઉપપન્ન કર્યા છે. 'आकाशवत् सर्वगतश्च नित्यः' **'આકાશની જેમ સર્વગત અને નિત્ય છે'** એ પણ પ્રસિદ્ધ મહત્ત્વને લીધે નિરતિશય મહત્ત્વ દર્શાવવા માટે આકાશને ઉપમાન કર્યું છે, આકાશની સાથે સમત્વ કરવા માટે નહિ; જેમ **'બાણની જેમ સૂર્ય દોડે છે'** એ ક્ષિપ્ર ગતિ માટે કહેવાય છે, બાણ સમાન ગતિ માટે નહિ, તેમ. આથી અનન્તત્વને વિષે જેમાં ઉપમાન છે એ શ્રુતિ વ્યાખ્યાત થઈ. 'ज्यायानाकाशात्' **'આકાશથી મોટું'** વગેરે શ્રુતિઓથી બ્રહ્મથી આકાશ ઓછા પરિમાણવાળું છે એમ સિદ્ધ થાય છે. 'न तस्य प्रतिमास्ति' [શ્વેતા. ઉપ. ૪/૧૯/] **'તેની પ્રતિમા નથી'** એ બ્રહ્મને ઉપમાન નથી એમ દર્શાવે છે. 'अतोऽन्यदार्तम्' [બૃહ. ઉપ. ૩/૪/૨]**'એથી અન્ય અનિત્ય છે'** એ બ્રહ્મથી અન્ય આકાશાદિ અનિત્ય છે એમ દર્શાવે છે. તપને વિષે બ્રહ્મ શબ્દની જેમ આકાશની ઉત્પત્તિ વિષયક શ્રુતિ ગૌણ છે એનો આકાશની ઉત્પત્તિનો શ્રુતિ અને અનુમાનથી પરિહાર કર્યો છે. માટે આકાશ બ્રહ્મનું કાર્ય છે એ સિદ્ધ થયું ॥ ૭ ॥

૮. માતરિશ્વાધિકરણ

આનાથી વાયુ વ્યાખ્યાત થયો ॥ ૮ ॥

એ અતિદેશ છે. આનાથી એટલે આકાશના વ્યાખ્યાનથી માતરિશ્વા પણ—આકાશ જેનું આશ્રયસ્થાન છે એવો વાયુ—વ્યાખ્યાત થયો. તેમાં પણ યથાયોગ આ પક્ષો રચવા. વાયુ ઉત્પન્ન થતો નથી; કારણકે છાન્દોગોના ઉત્પત્તિના પ્રકરણમાં એની શ્રુતિ નથી—એ એક પક્ષ છે. પણ તૈત્તિરીયોના ઉત્પત્તિ પ્રકરણમાં 'आकाशाद्वायुः' [તૈત્તિ. ઉપ. ૨/૧] **'આકાશથી વાયુ'** એમ શ્રવણ છે એવો બીજો પક્ષ છે તેથી બે શ્રુતિઓનો વિરોધ થતાં વાયુની ઉત્પત્તિ વિષયક શ્રુતિ ગૌણી છે, અસંભવથી એવો અન્ય અભિપ્રાય છે. અસંભવ તો 'सैषाऽनस्तमिता देवता यद्वायुः' [બૃહ. ઉપ. ૧/૫/૨૨] **'જે એ વાયુ છે તે અસ્ત ન પામતો દેવ છે'** એમ અસ્ત પામવાનો પ્રતિષેધ છે અને અમૃતત્વ આદિની શ્રુતિ છે. પ્રતિજ્ઞાને ઉપરોધ ન થાય તેથી અને જેટલા વિકાર છે તેટલા વિભાગ છે એવો સ્વીકાર છે તેથી વાયુ ઉત્પન્ન થાય છે એવો સિદ્ધાન્ત છે. અસ્ત પામવાનો પ્રતિષેધ અપર વિદ્યા વિષે છે અને આપેક્ષિક છે; કારણકે અગ્નિ આદિઓની જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ननु वायोराकाशस्य च तुल्ययोरुत्पत्तिप्रकरणे श्रवणाश्रवणयोरेकमेवाधिकरणमुभयविषयमस्तु किमतिदेशेनासति विशेष इति, उच्यते – सत्यमेवमेतत्, तथापि मन्दधियां शब्दमात्रकृताशङ्कानिवृत्त्यर्थोऽयमतिदेशः क्रियते – संवर्गविद्यादिषु ह्युपास्यतया वायोर्महाभागत्वश्रवणात् अस्तमयप्रतिषेधादिभ्यश्च भवति नित्यत्वाशङ्का कस्यचिदिति ॥८॥

३. असंभवाधिकरणम् ।

असंभवस्तु सतोऽनुपपत्तेः ॥९॥

वियत्पवनयोरसंभाव्यमानजन्मनोरप्युत्पत्तिमुपश्रुत्य, ब्रह्मणोऽपि भवेत्कुतश्चिदुत्पत्तिरिति स्यात्कस्यचिन्मतिः, तथा विकारेभ्य एवाकाशादिभ्य उत्तरेषां विकाराणामुत्पत्तिमुपश्रुत्य, आकाशस्यापि विकारादेव ब्रह्मण उत्पत्तिरिति कश्चिन्मन्येत, तामाशङ्कामपनेतुमिदं सूत्रम् – असंभवस्त्विति । न खलु ब्रह्मणः सदात्मकस्य कुतश्चिदन्यतः संभव उत्पत्तिराशङ्कितव्या, कस्मात् ? अनुपपत्तेः । सन्मात्रं हि ब्रह्म, न तस्य सन्मात्रादेवोत्पत्तिः संभवति, असत्यतिशये प्रकृतिविकारभावानुपपत्तेः, नापि सद्विशेषात् दृष्टविपर्ययात् – सामान्याद्विशेषा उत्पद्यमाना दृश्यन्ते, मृदादेर्घटादयः, न तु विशेषेभ्यः सामान्यम्, नाप्यसतः निरात्मकत्वात्, **'कथमसतः सज्जायेत'** (छा.उप. ८-७-१) इति च आक्षेपश्रवणात् । **'स कारणं करणाधिपाधिपो न चास्य कश्चिज्जनिता न चाधिपः'** (श्वेता.उप. ६-९) इति च ब्रह्मणो जनयितारं वारयति । वियत्पवनयोः पुनरुत्पत्तिः प्रदर्शिता, न तु ब्रह्मणः सा अस्तीति वैषम्यम् । न च विकारेभ्यो विकारान्तरोत्पत्तिदर्शनाद्ब्रह्मणोऽपि विकारत्वं भवितुमर्हति, मूलप्रकृत्यनभ्युपगमेऽनवस्थाप्रसङ्गात्, या मूलप्रकृतिरभ्युपगम्यते, तदेव च नो ब्रह्मेत्यविरोधः ॥९॥

વાયુને અસ્તમયનો અભાવ છે. અમૃતત્વ આદિ શ્રુતિનું પ્રતિવિધાન (નિરાકરણ, સમાધાન) કર્યું છે. પણ ઉત્પત્તિ પ્રકરણને વિષે વાયુ અને આકાશ બંનેનું શ્રવણ અને અશ્રવણ તુલ્ય છે તો બંને વિષે એક જ અધિકરણ થાઓ, વિશેષ (= ભેદ) નથી તો અતિદેશનું શું પ્રયોજન છે ? કહીએ છીએ—એ સત્ય જ છે; તો પણ મન્દ બુદ્ધિવાળા પુરુષોને શબ્દમાત્રથી આશંકા થાય તેની નિવૃત્તિને માટે એ અતિદેશ કર્યો છે; કેમકે સંવર્ગવિદ્યા આદિમાં ઉપાસ્ય તરીકે વાયુ મહાપ્રભાવવાળો છે એવી શ્રુતિ છે અને અસ્તમયના પ્રતિષેધ વગેરેથી તે નિત્ય છે એવી આશંકા કોઈને ન થાય એમ. ॥ ૮ ॥

૩. અસંભવાધિકરણ

પણ સદાત્મક (બ્રહ્મનો) અસંભવ છે, અનુપપત્તિ હોવાથી ॥ ૯ ॥

આકાશ અને પવન, જેમની ઉત્પત્તિ અસંભાવ્યમાન છે, તેની પણ ઉત્પત્તિ શ્રવણ કરી બ્રહ્મની પણ ક્યાંથી ઉત્પત્તિ થાય એમ કોઈકની મતિ થાય. તથા આકાશાદિ વિકારોથી જ ઉત્તર વિકારોની ઉત્પત્તિ શ્રવણ કરી આકાશની પણ વિકાર જ બ્રહ્મમાંથી ઉત્પત્તિ છે એમ કોઈક માને. તે આશંકા દૂર કરવા 'असंभवस्तु सतोऽनुपपत्तेः' એ સૂત્ર છે. ખરેખર, બ્રહ્મ સદાત્મક છે, તેનો કોઈ અન્યથી સંભવ—ઉત્પત્તિ છે એમ આશંકા કરવી યોગ્ય નથી. શાથી ? અનુપપત્તિ હોવાથી; કારણકે બ્રહ્મ સત્‌માત્ર છે. તેની સત્‌માત્રથી જ ઉત્પત્તિ સંભવતી નથી; કારણકે અતિશય ન હોવાથી પ્રકૃતિવિકારભાવ અનુપપન્ન છે; તેમજ સદ્વિશેષથી પણ ઉત્પત્તિ સંભવતી નથી; કારણકે જે જોવામાં આવે છે તેથી તે વિપરીત થાય; કારણ કે સામાન્યથી વિશેષો (ભેદો) ઉત્પન્ન થતાં દેખાય છે, જેમકે માટી આદિથી ઘટાદિઓ, પણ વિશેષોથી સામાન્ય ઉત્પન્ન થતું દેખાતું નથી. તેમજ અસત્‌થી પણ ઉત્પત્તિ સંભવતી નથી; કેમકે તે નિરાત્મક છે, અને 'कथमसतः सज्जायेत' [છાન્દો. ઉપ. ૮/૭/૧] **'અસત્‌થી સત્ શી રીતે ઉત્પન્ન થાય'** એવા આક્ષેપનું શ્રવણ છે. વળી 'स कारणं करणाधिपाधिपो न चास्य कश्चिज्जनिता न चाधिपः' [શ્વેતા. ઉપ. ૬/૯] **'તે કારણ છે, ઇન્દ્રિયોના સ્વામીનો, (એટલે જીવોનો) સ્વામી છે, અને એનો કોઈ જનિતા કે સ્વામી નથી'** એ શ્રુતિ બ્રહ્મના ઉત્પન્ન કરનારનો નિષેધ કરે છે. પણ આકાશ અને પવનની ઉત્પત્તિ તો દર્શાવેલી છે, પણ તે બ્રહ્મની નથી એમ વૈષમ્ય છે. વળી વિકારોથી અન્ય વિકારની ઉત્પત્તિ દેખાય છે તેથી બ્રહ્મ પણ વિકાર થાય એ યોગ્ય નથી, એમ મૂલ પ્રકૃતિ ન સ્વીકારવાથી અનવસ્થાનો પ્રસંગ આવે તેથી. જે મૂલ પ્રકૃતિ સ્વીકારાય છે તે જ અમારું બ્રહ્મ છે એમ અવિરોધ છે ॥ ૯ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

४. तेजोऽधिकरणम् ।

तेजोऽतस्तथा ह्याह ॥१०॥

छान्दोग्ये सन्मूलत्वं तेजसः श्रावितम्, तैत्तिरीयके तु वायुमूलत्वम्, तत्र तेजोयोनिं प्रति श्रुतिविप्रतिपत्तौ सत्याम्, प्राप्तं तावद्ब्रह्मयोनिकं तेज इति । कुतः ? **'सदेव'** इत्युपक्रम्य **'तत्तेजोऽसृजत'** इत्युपदेशात्, सर्वविज्ञानप्रतिज्ञायाश्च, ब्रह्मप्रभवत्वे सर्वस्य, संभवात्, **'तज्जलान्'** इति च अविशेषश्रुतेः, **'एतस्माज्जायते प्राणः'** (मुण्ड.उप. २-१-३) इति च उपक्रम्य श्रुत्यन्तरे सर्वस्याविशेषेण ब्रह्मजत्वोपदेशात्, तैत्तिरीयके च **'स तपस्तप्त्वा । इदं सर्वमसृजत । यदिदं किंच'** (तैत्ति.उप. ३-६-१) इत्यविशेषश्रवणात्, तस्मात् – **'वायोरग्निः'** इति क्रमोपदेशो द्रष्टव्यः – वायोरनन्तरमग्निः संभूत इति –

एवं प्राप्ते, उच्यते– तेजः अतः मातरिश्वनः जायत इति, कस्मात् ? तथा ह्याह – **'वायोरग्निः'** इति। अव्यवहिते हि तेजसो ब्रह्मजत्वे सति, असति वायुजत्वे **'वायोरग्निः'** इतीयं श्रुतिः कदर्थिता स्यात् । ननु क्रमार्थैषा भविष्यतीत्युक्तम्, नेति ब्रूमः – **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'** इति पुरस्तात् संभवत्यपादानस्य आत्मनः पञ्चमीनिर्देशात्, तस्यैव च संभवतेरिहाधिकारात्, परस्तादपि तदधिकारे **'पृथिव्या ओषधयः'** (तैत्ति.उप. २-१-१) इत्यपादानपञ्चमीदर्शनात्, **'वायोरग्निः'** इत्यपादानपञ्चम्येवैषेति गम्यते, अपि च, वायोरूर्ध्वमग्निः संभूतः – इति कल्प्यः उपपदार्थयोगः, क्लृप्तस्तु कारकार्थयोगः – वायोरग्निः संभूतः इति, तस्मादेषा श्रुतिर्वायुयोनित्वं तेजसोऽवगमयति । नन्वितरापि श्रुतिर्ब्रह्मयोनित्वं तेजसोऽवगमयित – **'तत्तेजोऽसृजत'** इति, न, तस्याः पारंपर्यजत्वेऽप्यविरोधात्, यदापि ह्याकाशं वायुं च सृष्ट्वा वायुभावापन्नं ब्रह्म तेजोऽसृजतेति कल्प्यते, तदापि ब्रह्मजत्वं तेजसो न विरुध्यते, यथा – तस्याः शृतम्, तस्या दधि,

---

૪. તેજોધિકરણ

તેજ એનાથી (પવનથી ઉત્પન્ન થયું છે); કારણ કે (શ્રુતિ) કહે છે ॥૧૦॥

છાન્દોગ્યમાં તેજનું મૂળ સત્ છે એમ શ્રવણ કરાવ્યું છે અને તૈત્તિરીયકમાં તો વાયુ છે એમ શ્રવણ કરાવ્યું છે. તેમાં તેજના ઉત્પત્તિસ્થાન પ્રત્યે શ્રુતિમાં વિપ્રતિપત્તિ (વિરોધ) થતાં બ્રહ્મ તેજનું ઉત્પત્તિસ્થાન છે એમ પ્રાપ્ત થાય છે. શાથી ? કેમકે 'सदेव' **'સત્ માત્ર'** એમ ઉપક્રમ કરી 'तत्तेजोऽसृजत' **'તેણે તેજ સર્જ્યું'** એમ ઉપદેશ છે, સર્વનું ઉત્પત્તિસ્થાન બ્રહ્મ હોય તો જ સર્વવિજ્ઞાન પ્રતિજ્ઞાનો સંભવ છે, 'तज्जलान्' **'તેમાંથી જન્મે છે, તેનામાં લીન થાય છે અને તેને વિષે ચેષ્ટા કરે છે'** એમ અવિશેષ (સર્વને લાગુ પડે એવી) શ્રુતિ છે, 'एतस्माज्जायते प्राणः' (મુણ્ડ.ઉપ. ૨-૧-૩) **'એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે'** એમ ઉપક્રમ કરી અન્ય શ્રુતિમાં સર્વ અવિશેષે (સમાન રીતે) બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એવો ઉપદેશ છે, અને તૈત્તિરીયકમાં 'स तपस्तप्त्वा इदं सर्वमसृजत यदिदं किं च' (તૈત્તિ.ઉપ. ૩-૬-૧) **'તેણે તપ તપી એ સર્વ સર્જ્યું, જે એ કંઈ છે તે'** એમ વિશેષરહિતની શ્રુતિ છે. માટે 'वायोरग्निः' એ ક્રમોપદેશ સમજવો, વાયુની પછી અગ્નિ ઉત્પન્ન થયો એમ.

એમ પ્રાપ્ત થતાં કહીએ છીએ—તેજ એથી-વાયુથી ઉત્પન્ન થાય છે એમ. શાથી ? કેમકે वायोरग्निः એમ કહે છે તેથી; કારણ કે તેજની બ્રહ્મમાંથી વ્યવધાન વિનાની ઉત્પત્તિ હોય અને વાયુથી ઉત્પત્તિ ન હોય તો वायोरग्निः (વાયુથી અગ્નિ) એ શ્રુતિ બાધિત થાય. પણ એ ક્રમવાચક થશે એમ કહ્યું છે. અમે કહીએ છીએ કે ના; કેમકે 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः' **'તે એ આત્માથી આકાશ ઉત્પન્ન થયું'** એમ પૂર્વે સંભવક્રિયાના અપાદાન आत्मन् નો પંચમીથી નિર્દેશ છે, એ જ સંભવક્રિયાનો અહીં અધિકાર છે અને પછી પણ તેના અધિકારમાં 'पृथिव्या औषधयः' (તૈત્તિ.ઉપ. ૨-૧-૧) **'પૃથિવીથી ઔષધિઓ'** એમાં અપાદાનપંચમીનો નિર્દેશ છે, તેથી 'वायोरग्निः' એ અપાદાન પંચમી જ છે એમ સમજાય છે. વળી 'वायोरूर्ध्वमग्निः संभूतः' **'વાયુની પછી અગ્નિ ઉત્પન્ન થયો'** એમ ઉપપદના અર્થનો યોગ કલ્પવો પડે છે, પણ 'वायोरग्निः संभूतः' **'વાયુથી અગ્નિ ઉત્પન્ન થયો'** એમાં કારકના અર્થનો યોગ કલ્પેલો છે. માટે એ શ્રુતિ તેજની વાયુથી ઉત્પત્તિનું અવગમન (જ્ઞાન) કરાવે છે. પણ 'तत्तेजोऽसृजत' **'તેણે તેજ સર્જ્યું'** એ બીજી પણ શ્રુતિ તેજ બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એમ અવગમન કરાવે છે. ના. એ શ્રુતિનો પારમ્પર્યથી (= પરમ્પરાસંબન્ધ) ઉત્પન્ન થાય છે એમ અર્થ લેવાથી પણ વિરોધ નથી; કેમકે જો કે આકાશ અને વાયુને સર્જીને વાયુભાવ પ્રાપ્ત થયેલા બ્રહ્મે તેજને સર્જ્યું એમ કલ્પાય તો પણ તેજ બ્રહ્મથી ઉત્પન્ન થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

तस्या आमिक्षेत्यादि, दर्शयति च ब्रह्मणो विकारात्मनावस्थानम् – **'तदात्मानँ् स्वयमुकुरत'** (तैत्ति.उप. २-७-१) इति, तथा च ईश्वरस्मरणं भवति – **'बुद्धिर्ज्ञानमसंमोहः'** (भ.गी. १०-४) इत्याद्यनुक्रम्य **'भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः'** (भ.गी. १०-५) इति । यद्यपि बुद्ध्यादयः स्वकारणेभ्यः प्रत्यक्षं भवन्तो दृश्यन्ते, तथापि सर्वस्य भावजातस्य साक्षात्प्रणाड्या वा ईश्वरवंश्यत्वात्, एतेनाक्रमसृष्टिवादिन्यः श्रुतयो व्याख्याताः, तासां सर्वथोपपत्तेः, क्रमवत्सृष्टिवादिनीनां त्वन्यथानुपपत्तेः । प्रतिज्ञापि सद्वंश्यत्वमात्रमपेक्षते, न अव्यवहितजन्यत्वम् – इत्यविरोधः ॥१०॥

५. अबधिकरणम् ।

आपः ॥ ११॥

'अतस्तथा ह्याह' इत्यनुवर्तते, आपः, अतः तेजसः, जायन्ते, कस्मात् ? तथा ह्याह – **'तदपोऽसृजत'** इति, **'अग्नेरापः'** इति च, सति वचने नास्ति संशयः । तेजसस्तु सृष्टिं व्याख्याय पृथिव्या व्याख्यास्यन्, अपोऽन्तरियामिति **'आपः'** इति सूत्रयांबभूव ॥११॥

६. पृथिव्यधिकाराधिकरणम् ।

पृथिव्यधिकाररूपशब्दान्तरेभ्यः ॥ १२॥

'ता आप ऐक्षन्त बह्व्यः स्याम प्रजायेमहीति ता अन्नमसृजन्त' (छा.उप. ६-२-४) इति श्रूयते, तत्र संशयः – किमनेनान्नशब्देन व्रीहियवाद्यभ्यवहार्यं वा ओदनाद्युच्यते, किं वा पृथिवीति, तत्र प्राप्तं तावत् – व्रीहियवादि ओदनादि वा परिग्रहीतव्यमिति, तत्र ह्यन्नशब्दः प्रसिद्धो लोके, वाक्यशेषोऽप्येतमर्थमुपोद्बलयति – **'तस्माद्यत्र क्वचन वर्षति तदेव**

છે એને વિરોધ આવતો નથી, જેમ તેનું-ગાયનું ઉકાળેલું દૂધ, તેનું દહીં અને તેની આમિક્ષા (વિકાર). વળી 'तदात्मानं स्वयमकुरुत' [તૈત્તિ. ઉપ. ૨/૭/૧] **'તેણે આત્માને જાતે કર્યો'** એમ શ્રુતિ બ્રહ્મની વિકારાત્માએ અવસ્થિતિ દર્શાવે છે. તેમજ ઈશ્વરસ્મૃતિ પણ છે—'बुद्धिर्ज्ञानमसंमोहः' [ભ. ગી. ૧૦/૪] **'બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ'** ઇત્યાદિથી અનુક્રમ કરી 'भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः' [ભ. ગી. ૧૦/૫] **'મારામાંથી જ ભૂતોના જુદાં પ્રકાર ભાવો થાય છે'** એમ. જો કે બુદ્ધિ આદિ સ્વકારણોથી પ્રત્યક્ષ થતાં દેખાય છે, તો પણ સર્વ ભાવસમૂહ સાક્ષાત્ કે પરંપરાથી ઈશ્વર વડે ઉત્પન્ન થાય છે. આ અક્રમે સૃષ્ટિ કહેનારી શ્રુતિઓ વ્યાખ્યાત થઈ; કારણ કે તેઓની સર્વ પ્રકારે ઉપપત્તિ છે; પણ ક્રમવત્ સૃષ્ટિ કહેનારી શ્રુતિઓ તો અન્યથા અનુપપન્ન છે. પ્રતિજ્ઞા પણ સત્‌થી ઉત્પત્તિમાત્રની અપેક્ષા રાખે છે, અવ્યવહિત ઉત્પત્તિની નહિ એમ અવિરોધ છે. ॥ ૧૦ ॥

૫. અબધિકરણ

પાણી (આથી-તેજથી ઉત્પન્ન થયું છે, કેમકે શ્રુતિ કહે છે)॥ ૧૧ ॥

'अतस्तथा ह्याह' **'આ; કેમકે શ્રુતિ કહે છે'** એની અનુવૃત્તિ છે. પાણી આથી-તેજથી ઉત્પન્ન થયું છે. શાથી ? કેમકે શ્રુતિ કહે છે—'तदपोऽसृजत' **'તેણે પાણી સર્જ્યું'** એમ અને 'अग्नेरोपः' **'અગ્નિથી પાણી'** એમ વચન હોવાથી સંશય નથી. તેજની સૃષ્ટિનું વ્યાખ્યાન કરી અને પૃથિવીની સૃષ્ટિનું વ્યાખ્યાન કરતા પહેલાં પાણીની સૃષ્ટિ વચ્ચે લઉં તેથી 'आपः' એમ સૂત્ર કર્યું છે. ॥ ૧૧ ॥

૬. પૃથ્વી-અધિકાર-અધિકરણ

પૃથ્વી (અન્ન શબ્દથી વિવક્ષિત છે), અધિકાર (પ્રકરણ)થી, રૂપથી અને અન્ય શબ્દોથી ॥ ૧૨ ॥

'ता आप ऐक्षन्त बह्वयः स्याम प्रजायेमहीति ता अन्नमसृजन्त' [છાન્દો. ઉપ. ૬/૨/૪] **'તે પાણીએ વિચાર્યું, અમે બહુ થઈએ, પ્રકૃષ્ટ જન્મ પ્રાપ્ત કરીએ એમ, તેણે અન્ન સર્જ્યું'** એવી શ્રુતિ છે તેમાં સંશય છે કે શું એ अन्न શબ્દ વડે વ્રીહિ, યવ આદિ ભક્ષ્ય કહેવાય છે કે ઓદન વગેરે કે પૃથિવી. તેમાં વ્રીહિયવાદિ કે ઓદનાદિ પરિગ્રહણ કરવા યોગ્ય છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે; કેમકે લોક વ્યવહારમાં अन्न - શબ્દ તે અર્થમાં પ્રસિદ્ધ છે, અને 'तस्माद्यत्र कवचन वर्षति तदेव भूयिष्ठमन्नं भवति' **'તેટલા માટે જ્યાં કંઈ વર્ષે છે ત્યાં જ પુષ્કળ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भूयिष्ठमन्नं भवति' इति – व्रीहियवाद्येव हि सति वर्षणे बहु भवति, न पृथिवीति ॥

एवं प्राप्ते, ब्रूमः – पृथिव्येवेयमन्नशब्देनाद्भ्यो जायमाना विवक्ष्यत इति, कस्मात् ? अधिकारात्, रूपात्, शब्दान्तराच्च। अधिकारस्तावत् – '**तत्तेजोऽसृजत**' '**तदपोऽसृजत**' इति महाभूतविषयो वर्तते, तत्र क्रमप्राप्तां पृथिवीं महाभूतं विलङ्घ्य नाकस्माद्व्रीह्यादिपरिग्रहो न्याय्यः । तथा रूपमपि वाक्यशेषे पृथिव्यनुगुणं दृश्यते – '**यत्कृष्णं तदन्नस्य**' इति, न ह्योदनादेरभ्यवहार्यस्य कृष्णत्वनियमोऽस्ति, नापि व्रीह्यादीनाम् । ननु पृथिव्या अपि नैव कृष्णत्वनियमोऽस्ति, पयःपाण्डुरस्याङ्गाररोहितस्य च क्षेत्रस्य दर्शनात्, नायं दोषः – बाहुल्यापेक्षत्वात्, भूयिष्ठं हि पृथिव्याः कृष्णं रूपम्, न तथा श्वेतरोहिते, पौराणिका अपि पृथिवीछायां शर्वरीमुपदिशन्ति, सा च कृष्णाभासा – इत्यतः कृष्णं रूपं पृथिव्या इति श्लिष्यते । श्रुत्यन्तरमपि समानाधिकारम् – '**अद्भ्यः पृथिवी**' इति भवति, '**तद्यदपां शर आसीत्तत्समहन्यत सा पृथिव्यभवत्**' (बृह.उप. १-२-२) इति च, पृथिव्यास्तु व्रीह्यादेरुत्पत्तिं दर्शयति – '**पृथिव्या ओषधय ओषधीभ्योऽन्नम्**' इति च । एवमधिकारादिषु पृथिव्याः प्रतिपादकेषु सत्सु कुतो व्रीह्यादिप्रतिपत्तिः ? प्रसिद्धिरप्यधिकारादिभिरेव बाध्यते, वाक्यशेषोऽपि पार्थिवत्वादन्नाद्यस्य तद्द्वारेण पृथिव्या एवाद्भ्यः प्रभवत्वं सूचयतीति द्रष्टव्यम् । तस्मात्पृथिवीयमन्नशब्देति ॥१२॥

७. तदभिध्यानाधिकरणम् ।

तदभिध्यानादेव तु तल्लिङ्गात्सः ॥१३॥

किमिमानि वियदादीनि भूतानि स्वयमेव स्वविकारान्सृजन्ति, आहोस्वित्परमेश्वर एव तेन तेन

अन्न થાય છે' એ વાક્યશેષ પણ એ જ અર્થ પુષ્ટ કરે છે; કારણ કે વૃષ્ટિ થતાં વ્રીહિયવાદિ જ બહુ થાય છે, પૃથિવી બહુ થતી નથી એમ.

એમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ કે અન્નશબ્દથી પાણીથી ઉત્પન્ન થતી એ પૃથિવી જ વિવક્ષિત છે. શાથી ? અધિકારથી, રૂપથી અને અન્ય શબ્દોથી. પ્રથમ અધિકાર 'तत्तेजोऽसृजत' '**તેણે તેજ સર્જ્યું**'; 'तदपोऽसृजत' '**તેણે પાણી સર્જ્યું**' એમ મહાભૂતો વિષે છે. તેમાં ક્રમપ્રાપ્ત પૃથિવીરૂપ મહાભૂતનો ત્યાગ કરી અકસ્માત્ વ્રીહિ આદિનો પરિગ્રહ યોગ્ય નથી. તેમજ 'यत् कृष्णं तदन्नस्य' '**જે કૃષ્ણ રૂપ છે તે અન્નનું છે**' એ વાક્યશેષમાં રૂપ પણ પૃથિવીને અનુકૂળ દેખાય છે; કેમકે ઓદનાદિ ભક્ષ્યનું રૂપ કૃષ્ણ છે એવો નિયમ નથી, અને વ્રીહિ આદિનું પણ કૃષ્ણ છે એવો નિયમ નથી. પણ પૃથિવીનું પણ રૂપ કૃષ્ણ છે એવો નિયમ નથી જ; કેમકે દૂધ જેવું પાંડુર અને અંગારા જેવું લાલ ક્ષેત્ર જોવામાં આવે છે. એ દોષ નથી; કેમકે બાહુલ્યની અપેક્ષા છે; કારણ કે પૃથિવીનું મોટા ભાગે રૂપ કૃષ્ણ છે, શ્વેત કે રક્ત નથી. પૌરાણિકો પણ પૃથિવીની છાયાનો શર્વરી તરીકે ઉપદેશ કરે છે, અને તે કૃષ્ણ આભાસવાળી છે તેથી પૃથિવીનું રૂપ કૃષ્ણ છે એમ સમજાય છે. વળી એ જ અધિકારમાં અન્ય શ્રુતિ પણ 'अद्भ्यः पृथिवी' '**પાણીથી પૃથિવી**' એમ છે; અને 'तद्यदपां शर आसीत् तत् समहन्यत सा पृथिव्यभवत्' [બૃહ. ઉપ. ૧/૨/૨] '**તે સૃષ્ટિકાળમાં પાણીનું જે ફીણ હતું તે જ કઠિન સમૂહ થયો અને તે પૃથિવી થઈ**' એવી પણ શ્રુતિ છે. પણ 'पृथिव्या ओषधय ओषधीभ्योऽन्नम्' '**પૃથિવીથી ઔષધિઓ અને ઔષધિથી અન્ન**' એમ શ્રુતિ પૃથિવીથી વ્રીહિ આદિની ઉત્પત્તિ દર્શાવે છે. એ પ્રમાણે અધિકાર વગેરે પૃથિવી એ અર્થના પ્રતિપાદક છે ત્યારે વ્રીહિ આદિની પ્રતિપત્તિ શી રીતે થાય ? પ્રસિદ્ધિનો પણ અધિકાર આદિથી જ બાધ થાય છે. વાક્યશેષ પણ અન્નાદિ પાર્થિવ હોવાથી તે દ્વારા પૃથિવીનું જ પાણીથી ઉત્પન્ન થવું સૂચવે છે એમ સમજવું. માટે अन्न શબ્દ એ પૃથિવીવાચક છે એમ ॥ ૧૨ ॥

૭. તદભિધ્યાનાધિકરણ

તેના (ઈશ્વરના) અભિધ્યાનથી જ (ભૂતોને વિષે શ્રુતિપ્રતિપાદિત ઈક્ષણ ઉપપન્ન થાય છે). તે (ઈશ્વર સાક્ષાત્ સર્વકર્ત્તા છે), તેના (અન્તર્યામિત્વરૂપી) લિંગથી ॥ ૧૩ ॥

શું એ આકાશાદિ ભૂતો સ્વયં પોતાના વિકારોને સર્જે છે કે પરમેશ્વર જ તે તે આત્મા દ્વારા અભિધ્યાન કરતો તે તે વિકારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आत्मनावतिष्ठमानोऽभिध्यायन् तं तं विकारं सृजतीति संदेहे सति, प्राप्तं तावत् – स्वयमेव सृजन्तीति, कुतः? **'आकाशाद्वायुर्वायोरग्निः'** इत्यादिस्वातन्त्र्यश्रवणात् । ननु अचेतनानां स्वतन्त्राणां प्रवृत्तिः प्रतिषिद्धा, नैष दोषः – **'तत्तेज ऐक्षत ता आप ऐक्षन्त'** (छा.उप. ६-२-४) इति च भूतानामपि चेतनत्वश्रवणादिति ॥

एवं प्राप्ते, अभिधीयते – स एव परमेश्वरस्तेन तेन आत्मना अवतिष्ठमानोऽभिध्यायन् तं तं विकारं सृजतीति, कुतः? तल्लिङ्गात् । तथा हि शास्त्रम् – **'यः पृथिव्यां तिष्ठन्यः पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति'** (बृह.उप. ३-७-३) इत्येवंजातीयकम् – साध्यक्षाणामेव भूतानां प्रवृत्तिं दर्शयति, तथा **'सोऽकामयत बहु स्यां प्रजायेयेति'** इति प्रस्तुत्य, **'सच्च त्यच्चाभवत्', तदात्मानं स्वयमकुरुत'** (तैत्ति.उप. २-६-१,२-७-१) इति च तस्यैव च सर्वात्मभावं दर्शयति । यत्तु ईक्षणश्रवणमप्तेजसोः, तत्परमेश्वरावेशवशादेव द्रष्टव्यम् – **'नान्योऽतोऽस्ति द्रष्टा'** (बृह.उप. ३-७-२३) इतीक्षित्रन्तरप्रतिषेधात्, प्रकृतत्वाच्च सत ईक्षितुः **'तदैक्षत बहु स्यां प्रजायेयेति'** (छा.उप. ६-२-३) इत्यत्र ॥१३॥

विपर्ययेण तु क्रमोऽत उपपद्यते च ॥१४॥

भूतानामुत्पत्तिक्रमश्चिन्तितः, अथेदानीम् अप्ययक्रमश्चिन्त्यते – किमनियतेन क्रमेणाप्ययः, उत उत्पत्तिक्रमेण, अथवा तद्विपरीतेनेति । त्रयोऽपि च उत्पत्तिस्थितिप्रलया भूतानां ब्रह्मायत्ताः श्रूयन्ते – **'यतो वा इमानि भूतानि जायन्ते । येन जातानि जीवन्ति । यत्प्रयन्त्यभिसंविशन्ति'** (तैत्ति.उप. ३-१-१) इति । तत्रानियमोऽविशेषादिति प्राप्तम्, अथवा उत्पत्तेः क्रमस्य श्रुतत्वात्प्रलयस्यापि क्रमाकाङ्क्षिणः स एव क्रमः स्यादिति ॥

સર્જે છે એમ સંદેહ થતાં એ ભૂતો સ્વયં જ સર્જે છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે. શાથી ? કેમકે 'आकाशाद्वायुर्वायोरग्निः' **'આકાશથી વાયુ, વાયુથી અગ્નિ'** ઇત્યાદિ સ્વાતન્ત્ર્યનું શ્રવણ છે. પણ સ્વતન્ત્ર અચેતનોની પ્રવૃત્તિનો પ્રતિષેધ કર્યો છે. એ દોષ નથી; કેમકે 'तत्तेज ऐक्षत ता आप ऐक्षन्त' [છાન્દો. ઉપ. ૬/૨/૪] **'તે તેજે વિચાર કર્યો; તે પાણીએ વિચાર કર્યો'** એમ ભૂતોની પણ ચેતનત્વસૂચક શ્રુતિ છે.

એમ પ્રાપ્ત થતાં કહીએ છીએ—તે જ પરમેશ્વર તે તે આત્માએ અવસ્થિત થતો અભિધ્યાન કરતો તે તે વિકારને સર્જે છે એમ. શાથી ? તેના લિંગથી; કેમકે—'यः पृथिव्यां तिष्ठन् यः पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति' [બૃહ. ઉપ. ૩/૭/૩] **'જે પૃથિવીમાં રહેતો, જે પૃથિવીનો અભ્યન્તર છે, જેને પૃથિવી જાણતી નથી, જેનું શરીર પૃથિવી છે, જે અભ્યન્તરમાં રહી પૃથિવીને નિયમમાં મૂકે છે (તે તારો આત્મા, અન્તર્યામી, અમૃત છે'** એ પ્રકારનું શાસ્ત્ર અધ્યક્ષ સહિત જ ભૂતોની પ્રવૃત્તિ દર્શાવે છે. તેમજ 'सोऽकामयत बहु स्यां प्रजायेय' **'તેણે ઈચ્છ્યું હું બહુ થાઉં, પ્રકૃષ્ટ જન્મ પામું'** એમ પ્રસ્તવી 'सच्च त्यच्चाभवत् ।' 'तदात्मानं स्वयमकुरुत' [તૈત્તિ. ઉપ. ૨/૬/૧,૨/૭/૧] **'તે સત્-મૂર્ત અને ત્યત્-અમૂર્ત થયું. તેણે —સચ્છબ્દવાચ્યે સ્વયં આત્માને કર્યો'** એમ તેનો જ સર્વાત્મભાવ દર્શાવે છે. જળ અને તેજની જે ઈક્ષણશ્રુતિ છે **'- જળે અને તેજે ઈક્ષા કરી-વિચાર્યું-એવી શ્રુતિ છે તે.'** તે પરમેશ્વરના આવેશને અધીન જ સમજવી; કારણ કે, 'नान्योऽतोऽस्ति द्रष्टा' [બૃહ. ઉપ. ૩/૭/૨૩] **'એનાથી અન્ય દ્રષ્ટા નથી'** એમ અન્ય ઈક્ષિતનો પ્રતિષેધ છે; અને 'तदैक्षत बहु स्यां प्रजायेय' (છા.ઉપ.૬-૨-૩) **'તેણે વિચાર્યું કે હું બહુ થાઉં, પ્રકૃષ્ટ જન્મ પામું'** એમ સત્ ઈક્ષિતા પ્રકૃત છે ॥૧૩॥

પણ આ(ઉત્પત્તિક્રમ)થી (પ્રલયનો) ક્રમ વિપરીત
રીતે (થવો યોગ્ય છે) અને ઉપપન્ન થાય છે. ॥ ૧૪ ॥

ભૂતોની ઉત્પત્તિનો ક્રમ વિચાર્યો. પછી હવે પ્રલયનો ક્રમ વિચારાય છે. શું અનિયતક્રમથી પ્રલય છે કે ઉત્પત્તિક્રમથી કે તેથી વિપરીત ક્રમથી એમ. ભૂતોનાં ત્રણે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયો પણ, શ્રુતિમાં બ્રહ્મને અધીન કહ્યાં છે— 'यतो वा इमानि भूतानि जायन्ते। येन जातानि जीवन्ति । यत्प्रयन्त्यभिसंविशन्ति' [તૈત્તિ. ઉપ. ૩/૧/૧] **'જેમાંથી એ ભૂતો ઉત્પન્ન થાય છે, જેના વડે ઉત્પન્ન થયેલાં જીવે છે, જેમાં પ્રયાણ કરે છે અને પ્રવેશ પામે છે'** એમ. તેમાં અનિયમ છે, વિશેષ નથી એમ પ્રાપ્ત થાય છે. અથવા ઉત્પત્તિનો ક્રમ શ્રુતિમાં કહ્યો છે તેથી ક્રમની આકાંક્ષા રાખનાર પ્રલયનો પણ એ જ ક્રમ થાય એમ પ્રાપ્ત થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



एवं प्राप्तं ततो ब्रूमः – विपर्ययेण तु प्रलयक्रमः, अतः उत्पत्तिक्रमात्, भवितुमर्हति, तथा हि लोके दृश्यते – येन क्रमेण सोपानमारूढः, ततो विपरीतेन क्रमेणावरोहतीति, अपि च दृश्यते – मृदो जातं घटशरावादि अप्ययकाले मृद्भावमप्येति, अद्भ्यश्च जातं हिमकरकादि अब्भावमप्येतीति । अतश्चोपपद्यत एतत् – यत्पृथिवी अद्भ्यो जाता सती स्थितिकालव्यतिक्रान्तौ अपः अपीयात्, आपश्च तेजसो जाताः सत्यः तेजः अपीयुः, एवं क्रमेण सूक्ष्मं सूक्ष्मतरं च अनन्तरमनन्तरतरं कारणमपीत्य सर्वं कार्यजातं परमकारणं परमसूक्ष्मं च ब्रह्माप्येतीति वेदितव्यम्, न हि स्वकारणव्यतिक्रमेण कारणकारणे कार्याप्ययो न्याय्यः । स्मृतावप्युत्पत्तिक्रमविपर्ययेणैवाप्ययक्रमस्तत्र तत्र दर्शितः – **'जगत्प्रतिष्ठा देवर्षे पृथिव्यप्सु प्रलीयते । ज्योतिष्यापः प्रलीयन्ते ज्योतिर्वायौ प्रलीयते'** इत्येवमादौ । उत्पत्तिक्रमस्तु उत्पत्तावेव श्रुतत्वान्नाप्यये भवितुमर्हति, न च असौ अयोग्यत्वादप्ययेनाकाङ्क्ष्यते, न हि कार्ये ध्रियमाणे कारणस्याप्ययो युक्तः, कारणाप्यये कार्यस्यावस्थानानुपपत्तेः, कार्याप्यये तु कारणस्यावस्थानं युक्तम् – मृदादिष्वेवं दृष्टत्वात् ॥१४॥

९. अन्तराविज्ञानाधिकरणम् ।

अन्तरा विज्ञानमनसी क्रमेण तल्लिङ्गादिति चेन्नाविशेषात् ॥१५॥

भूतानामुत्पत्तिप्रलयावनुलोमप्रतिलोमक्रमाभ्यां भवत इत्युक्तम्, आत्मादिरुत्पत्तिः प्रलयश्चात्मान्तः – इत्यप्युक्तम् । सेन्द्रियस्य तु मनसो बुद्धेश्च सद्भावः प्रसिद्धः श्रुतिस्मृत्योः – **'बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च । इन्द्रियाणि हयानाहुः'** (कठ.उप. ३-३) इत्यादिलिङ्गेभ्यः, तयोरपि कस्मिंश्चिदन्तराले क्रमेणोत्पत्तिप्रलयावुपसंग्राह्यौ, सर्वस्य

એમ પ્રાપ્ત થયું તેથી અમે કહીએ છીએ—પણ એથી એટલે ઉત્પત્તિક્રમથી પ્રલયક્રમ વિપરીત થવો યુક્ત છે; કેમકે લોકમાં જે ક્રમે પગથિયાં ચઢે છે તેથી વિપરીત ક્રમથી ઉતરે છે એમ દેખાય છે. વળી માટીથી ઉત્પન્ન થયેલું ઘટ, શરાવ આદિ પ્રલયકાળમાં મૃત્તિકાભાવમાં પ્રલીન થાય છે અને પાણીમાંથી ઉત્પન્ન થયેલું હિમ, કરા આદિ જળભાવમાં પ્રલીન થાય છે એમ દેખાય છે. વળી આથી એ ઉપપન્ન થાય છે; કેમકે પૃથિવી જળથી ઉત્પન્ન થઈ હોવાથી સ્થિતિકાળ વ્યતિક્રાન્ત થતાં જળમાં પ્રલય પામે અને જળ તેજથી ઉત્પન્ન થયેલું હોવાથી તેજમાં પ્રલય પામે. એ ક્રમ પ્રમાણે અનન્તર, અનન્તર સૂક્ષ્મ, સૂક્ષ્મતર કારણમાં પ્રલય પામી સર્વ કાર્યસમૂહ પરમકારણ પરમસૂક્ષ્મ બ્રહ્મમાં પ્રલય પામે છે એમ સમજવું; કેમકે પોતાના કારણનો વ્યતિક્રમ કરી કારણના કારણને વિષે કાર્યનો પ્રલય યોગ્ય નથી. સ્મૃતિમાં પણ ઉત્પત્તિક્રમથી વિપરીત રીતે જ પ્રલયક્રમ ત્યાં ત્યાં દર્શાવ્યો છે—'जगत्प्रतिष्ठा देवर्षे पृथिव्यप्सु प्रलीयते । ज्योतिष्यापः प्रलीयन्ते ज्योतिर्वायौ प्रलीयते' **'હે દેવર્ષિ, જગતની પ્રતિષ્ઠા, પૃથિવી જળમાં પ્રલીન થાય છે, જળ તેજમાં પ્રલય પામે છે, તેજ વાયુમાં પ્રલય પામે છે'** ઈત્યાદિને વિષે. ઉત્પત્તિક્રમ તો ઉત્પત્તિને વિષે શ્રુતિમાં કહ્યો છે તેથી પ્રલયમાં થાય એ યુક્ત નથી; અને એ અયોગ્ય હોવાથી પ્રલયને એની આકાંક્ષા નથી; કારણ કે કાર્ય અવસ્થિત હોય ત્યારે કારણનો પ્રલય યોગ્ય નથી; કારણ કે કારણનો પ્રલય થતાં કાર્યની અવસ્થિતિ અનુપપન્ન છે, કાર્યનો પ્રલય થતાં તો કારણની અવસ્થિતિ યોગ્ય છે; કેમકે મૃત્તિકા વગેરેમાં એ પ્રમાણે જોવામાં આવે છે ॥ ૧૪ ॥

૯. અન્તરાવિજ્ઞાનાધિકરણ

(બ્રહ્મ અને ભૂતોની) વચ્ચે વિજ્ઞાન અને મન (શ્રુતિમાં કહ્યાં છે, તેથી તેમનાં ઉત્પત્તિ અને પ્રલય કોઈક અન્તરાલ પ્રદેશમાં) ક્રમે (ગ્રહણ કરવાં), તેમનાં લિંગ છે તેથી એમ કહેશો તો નહિ, કારણ કે (ભૂત અને કરણ વચ્ચે) વિશેષ નથી ॥ ૧૫ ॥

ભૂતોના ઉત્પત્તિ અને પ્રલય ઉલટસુલટ ક્રમે થાય છે એમ કહ્યું. ઉત્પત્તિ આત્મામાંથી થાય છે અને પ્રલય આત્માને વિષે થાય છે એમ પણ કહ્યું છે પણ ઇન્દ્રિયસહિત મનનો અને બુદ્ધિનો સદ્ભાવ શ્રુતિ અને સ્મૃતિમાં પ્રસિદ્ધ છે; કેમકે 'बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च । इन्द्रियाणि हयानाहुः' [કઠ. ઉપ. ૩/૩] **'બુદ્ધિને તો સારથિ જાણ અને મનને રશ્મિ-લગામ જ જાણ. ઇન્દ્રિયોને તેઓ અશ્વ કહે છે'** ઈત્યાદિ લિંગો છે. તે બેના (= વિજ્ઞાન—સેન્દ્રિયબુદ્ધિ—અને મનનાં) પણ ઉત્પત્તિ અને પ્રલય કોઈક અન્તરાલમાં-મધ્યપ્રદેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वस्तुजातस्य ब्रह्मजत्वाभ्युपगमात् । अपि च आथर्वणे उत्पत्तिप्रकरणे भूतानामात्मनश्चान्तराले करणान्यनुक्रम्यन्ते – **'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी'** (मुण्ड.उप. २-१-३) इति । तस्मात्पूर्वोक्तोत्पत्तिप्रलयक्रमभङ्गप्रसङ्गो भूतानामिति चेत्, न, अविशेषात् –यदि तावद्भौतिकानि करणानि, ततो भूतोत्पत्तिप्रलयाभ्यामेवैषामुत्पत्तिप्रलयौ भवत इति नैतयोः क्रमान्तरं मृग्यम्, भवति च भौतिकत्वे लिङ्गं करणानाम् – **'अन्नमयं हि सोम्य मन आपोमयः प्राणस्तेजोमयी वाक्'** (छा.उप. ६-५-४) इत्येवंजातीयकम्, व्यपदेशोऽपि क्वचिद्भूतानां करणानां च ब्राह्मणपरिव्राजकन्यायेन नेतव्यः । अथ त्वभौतिकानि करणानि, तथापि भूतोत्पत्तिक्रमो न करणैर्विशिष्यते – प्रथमं करणान्युत्पद्यन्ते चरमं भूतानि, प्रथमं वा भूतान्युत्पद्यन्ते चरमं करणानीति, आथर्वणे तु समाम्नायक्रममात्रं करणानां भूतानां च, न तत्रोत्पत्तिक्रम उच्यते, तथा अन्यत्रापि पृथगेव भूतक्रमात्करणक्रम आम्नायते – **'प्रजापतिर्वा इदमग्र आसीत्स आत्मानमैक्षत स मनोऽसृजत तन्मन एवासीत्तदात्मानमैक्षत तद्वाचमसृजत'** इत्यादिना। तस्मान्नास्ति भूतोत्पत्तिक्रमस्य भङ्गः ॥१५॥

१०. चराचरव्यपाश्रयाधिकरणम् ।

चराचरव्यपाश्रयस्तु स्यात्तद्व्यपदेशो भाक्तस्तद्भावभावित्वात् ॥ १६ ॥

स्तो जीवस्याप्युत्पत्तिप्रलयौ, जातो देवदत्तो मृतो देवदत्त इत्येवंजातीयकाल्लौकिकव्यपदेशात् जातकर्मादिसंस्कारविधानाच्च – इति स्यात्कस्यचिद्भ्रान्तिः, तामपनुदामः । न जीवस्योत्पत्तिप्रलयौ स्तः, शास्त्रफलसंबन्धोपपत्तेः, शरीरानुविनाशिनि हि जीवे शरीरान्तरगतेष्टानिष्टप्राप्तिपरिहारार्थौ विधिप्रतिषेधावनर्थकौ स्याताम्,

---

ક્રમે ઉપસંગ્રહ કરવા યોગ્ય છે; કેમકે સર્વ વસ્તુસમૂહ બ્રહ્મથી ઉત્પન્ન થાય છે એવો સ્વીકાર છે. વળી અથર્વણમાં ઉત્પત્તિના પ્રકરણમાં ભૂતો અને આત્માની વચ્ચે ઈન્દ્રિયોનો અનુક્રમ છે—'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी' [મુણ્ડ. ઉપ. ૨/૧/૩] **'એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે, મન અને સર્વ ઈન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, જળ અને વિશ્વને ધારણ કરનારી પૃથિવી'** એમ. માટે પૂર્વે કહેલા, ભૂતોનાં ઉત્પત્તિ અને પ્રલયના ક્રમનો ભંગ પ્રાપ્ત થાય એમ કહેશો તો, નહિ, વિશેષ નથી તેથી. જો ઈન્દ્રિયો ભૌતિક (ભૂતોની બનેલી) છે તો એમનાં ઉત્પત્તિ અને પ્રલય ભૂતોનાં ઉત્પત્તિ અને પ્રલયથી જ થાય છે તેથી એ બેનો અન્ય ક્રમ શોધવા લાયક નથી; અને 'अन्नमयं हि सोम्य मन आपोमयः प्राणस्तेजोमयी वाक्' [છાન્દો. ઉપ. ૬/૫/૪] **'હે સોમ્ય, ખરેખર, મન અન્નમય છે, પ્રાણ જલમય છે અને વાણી તેજોમયી છે'** એ પ્રકારનું ઈન્દ્રિયોના ભૌતિકત્વને વિષે લિંગ છે. ક્યારેક ભૂતો અને ઈન્દ્રિયોનો વ્યપદેશ પણ બ્રાહ્મણપરિવ્રાજકન્યાય પ્રમાણે ગૌણ કરવો. પણ જો ઈન્દ્રિયો અભૌતિક હોય, તો પણ ભૂતોનો ઉત્પત્તિક્રમ ઈન્દ્રિયોથી વિશિષ્ટ (ભિન્ન) થતો નથી—પ્રથમ ઈન્દ્રિયો ઉત્પન્ન થાય છે, પછી ભૂતો, કે પ્રથમ ભૂતો ઉત્પન્ન થાય છે અને પછી ઈન્દ્રિયો. આથર્વણમાં તો ઈન્દ્રિયો અને ભૂતોનો માત્ર સમામ્નાયક્રમ છે. તેમાં ઉત્પત્તિક્રમ કહ્યો નથી. તેમજ અન્યત્ર પણ 'प्रजापतिर्वा इदमग्र आसीत् स आत्मानमैक्षत स मनोऽसृजत तन्मन एवासीत् तदात्मानमैक्षत तद्वाचमसृजत' **'આ સ્થૂલ અગ્રે પ્રજાપતિસ્વરૂપમાં હતું. તેણે આત્માને વિચાર્યો, તેણે મન સર્જ્યું. તે મન જ હતું. તેણે આત્માને વિચાર્યો, તેણે વાણી સર્જી.'** ઇત્યાદિથી ભૂતક્રમથી ઈન્દ્રિયક્રમ ભિન્ન કહ્યો છે. માટે ભૂતોના ઉત્પત્તિક્રમનો ભંગ નથી. ॥ ૧૫ ॥

૧૦. ચરાચરવ્યપાશ્રયાધિકરણ

તેનો (જન્મમરણનો) વ્યપદેશ (= નિર્દેશ) જે ચરાચરવિષયક છે તે (મનને વિષે) ગૌણ છે; કેમકે તે(શરીર)ના ભાવે તે(જન્મમરણ શબ્દ)નો ભાવ છે ॥ ૧૬ ॥

જીવને પણ ઉત્પત્તિ અને પ્રલય છે; દેવદત્ત જન્મ્યો, દેવદત્ત મૃત્યુ પામ્યો એ પ્રકારનો લૌકિક વ્યપદેશ છે તેથી અને જાતકર્મ આદિ સંસ્કારનું વિધાન છે તેથી એમ કોઈકને ભ્રાન્તિ થાય; તેને અમે દૂર કરીએ છીએ. જીવને ઉત્પત્તિ અને પ્રલય નથી; શાસ્ત્રફળનો સંબન્ધ ઉપપન્ન થાય તેથી; કેમકે જો શરીરની પાછળ જીવ વિનાશ પામતો હોય તો અન્યશરીરગત ઈષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટના પરિહારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रूयते च – **'जीवापेतं वाव किलेदं म्रियते न जीवो म्रियते'** (छा.उप. ६-११-३) इति । ननु लौकिको जन्ममरणव्यपदेशो जीवस्य दर्शितः, सत्यं दर्शितः, भाक्तस्त्वेष जीवस्य जन्ममरणव्यपदेशः । किमाश्रयः पुनरयं मुख्यः, यदपेक्षया भाक्त इति? उच्यते – चराचरव्यपाश्रयः, स्थावरजङ्गमशरीरविषयौ जन्ममरणशब्दौ, स्थावरजङ्गमानि हि भूतानि जायन्ते च म्रियन्ते च, अतस्तद्विषयौ जन्ममरणशब्दौ मुख्यौ सन्तौ तत्स्थे जीवात्मन्युपचर्येते, तद्भावभावित्वात् – शरीरप्रादुर्भावतिरोभावयोर्हि सतोर्जन्ममरणशब्दौ भवतः, नासतोः, न हि शरीरसंबन्धादन्यत्र जीवो जातो मृतो वा केनचिल्लक्ष्यते, **'स वा अयं पुरुषो जायमानः शरीरमभिसंपद्यमानः स उत्क्रामन् म्रियमाणः'** (बृह.उप. ४-३-८) इति च शरीरसंयोगवियोगनिमित्तावेव जन्ममरणशब्दौ दर्शयति । जातकर्मादिविधानमपि देहप्रादुर्भावपेक्षमेव द्रष्टव्यम्, अभावाज्जीवप्रादुर्भावस्य । जीवस्य परस्मादात्मन उत्पत्तिर्वियदादीनामिवास्ति नास्ति वेत्येतदुत्तरेण सूत्रेण वक्ष्यति, देहाश्रयौ तावज्जीवस्य स्थूलावुत्पत्तिप्रलयौ न स्तः इत्येतदनेन सूत्रेणावोचत् ॥१६॥

११. आत्माधिकरणम्

नात्माश्रुतेर्नित्यत्वाच्च ताभ्यः ॥१७॥

अस्त्यात्मा जीवाख्यः शरीरेन्द्रियपञ्जराध्यक्षः कर्मफलसंबन्धी, स किं व्योमादिवदुत्पद्यते ब्रह्मणः, आहोस्विद्ब्रह्मवदेव नोत्पद्यते, इति श्रुतिविप्रतिपत्तेर्विशयः, कासुचिच्छुतिषु अग्निविस्फुलिङ्गादिनिदर्शनैः र्जीवात्मनः परस्माद्ब्रह्मण उत्पत्तिराम्नायतेः, कासुचित्तु अविकृतस्यैव परस्य ब्रह्मणः कार्यप्रवेशेन जीवभावो विज्ञायते, न च उत्पत्तिराम्नायत इति। तत्र प्राप्तं तावत् – उत्पद्यते जीव इति, कुतः ? प्रतिज्ञानुपरोधादेव । **'एकस्मिन्विदिते सर्वमिदं विदितम्'** इतीयं प्रतिज्ञा

માટે વિધિ અને પ્રતિષેધ અર્થ વિનાના(નિરર્થક) થાય. વળી 'जीवापेतं वाव किलेदं म्रियते न जीवो म्रियते' [છાન્દો. ઉપ. ૬/૧૧/૩] **'જીવથી ત્યક્ત થયેલું એ (શરીર) ખરેખર મરે છે, જીવ મરતો નથી જ'** એવી શ્રુતિ છે. પણ જીવનો લૌકિક જન્મમરણ વ્યપદેશ (= જન્મે છે અને મરે છે એવો વ્યપદેશ—એમ કહેવું તે.) દર્શાવ્યો છે. સાચી વાત છે, દર્શાવ્યો છે. પણ જીવનો એ જન્મમરણ વ્યપદેશ ગૌણ છે તો પછી કોને વિષે એ વ્યપદેશ મુખ્ય છે કે જેની અપેક્ષાએ એ ગૌણ છે ? કહીએ છીએ- ચર અને અચરને વિષે. જન્મ અને મરણ શબ્દ સ્થાવર શરીર અને જંગમ શરીર વિષે; કારણ કે સ્થાવર અને જંગમ ભૂતો જન્મે છે અને મરણ પામે છે. માટે જન્મ શબ્દ અને મરણ શબ્દ તેને વિષે મુખ્ય થઈ, તેને વિશે રહેલા જીવાત્માને વિષે ગૌણ થાય છે; કેમકે તદ્ભાવભાવી છે; કારણ કે શરીરનો પ્રાદુર્ભાવ અને તિરોભાવ થતાં જન્મ શબ્દ અને મરણ શબ્દ થાય છે, ન થતાં નથી થતા; કેમકે શરીરસંબન્ધથી અન્યત્ર જીવ જન્મેલો કે મરેલો કોઈથી દેખાતો નથી. 'स वा अयं पुरुषो जायमानः शरीरमभिसंपद्यमानः स उत्क्रामन् म्रियमाणः' [બૃહ. ઉપ. ૪/૩/૮] **'તે એ પુરુષ શરીરમાં આત્મભાવ પામતો જન્મતો કહેવાય છે અને શરીરથી ઊંચે જતો—અન્ય શરીરમાં જતો મરતો કહેવાય છે'** એ શ્રુતિ જન્મ શબ્દ અને મરણ શબ્દ શરીરસંયોગ અને શરીરવિયોગને લીધે છે એમ દર્શાવે છે. જાતકર્મ વગેરે વિધાન પણ દેહના પ્રાદુર્ભાવની અપેક્ષાએ જ છે એમ સમજવું; કેમકે જીવપ્રાદુર્ભાવનો અભાવ છે. આકાશાદિની જેમ પર આત્મામાંથી જીવની ઉત્પત્તિ છે કે નથી તે ઉત્તર સૂત્રથી કહેશે. પણ સ્થૂલ ઉત્પત્તિ અને પ્રલય દેહનો છે, જીવનાં નથી એ આ સૂત્રથી કહ્યું છે. ॥ ૧૬ ॥

૧૧. આત્માધિકરણ

આત્મા (ઉત્પન્ન થતો) નથી, શ્રુતિ નથી તેથી અને નિત્ય છે તેથી, તેઓને (શ્રુતિઓને) લીધે ॥ ૧૭ ॥

શરીર અને ઇન્દ્રિયોના પાંજરાનો અધ્યક્ષ અને કર્મફળના સંબન્ધવાળો જીવસંજ્ઞક આત્મા છે. તે શું આકાશાદિની જેમ બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે કે બ્રહ્મની જેમ જ ઉત્પન્ન થતો નથી એમ શ્રુતિઓના વિરોધને લીધે સંશય છે. કેટલીક શ્રુતિઓને વિષે અગ્નિવિસ્ફુલિંગ આદિ દૃષ્ટાન્તોથી જીવાત્માની પરબ્રહ્મથી ઉત્પત્તિ શ્રવણ કરાય છે; અને કેટલીકમાં અવિકૃત જ પર બ્રહ્મ કાર્યમાં પ્રવેશ કરી જીવ થાય છે એમ સમજાય છે; પણ ઉત્પત્તિ શ્રવણ કરાતી નથી એમ. તેમાં જીવ ઉત્પન્ન થાય છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે. શાથી ? પ્રતિજ્ઞાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

सर्वस्य वस्तुजातस्य ब्रह्मप्रभवत्वे सति नोपरुध्येत, तत्त्वान्तरत्वे तु जीवस्य प्रतिज्ञेयमुपरुध्येत । न च अविकृतः परमात्मैव जीव इति शक्यते विज्ञातुम्, लक्षणभेदात् – अपहतपाप्मत्वादिधर्मको हि परमात्मा, तद्विपरीतो हि जीवः । विभागाच्चास्य विकारत्वसिद्धिः – यावान् हि आकाशादिः प्रविभक्तः, स सर्वो विकारः, तस्य च आकाशादेरुत्पत्तिः समधिगता, जीवात्मापि पुण्यापुण्यकर्मा सुखदुःखयुक् प्रतिशरीरं प्रविभक्त इति, तस्यापि प्रपञ्चोत्पत्त्यवसरे उत्पत्तिर्भवितुमर्हति । अपि च **'यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे प्राणाः'** (बृह.उप. २-१-२०)इति प्राणादेर्भोग्यजातस्य सृष्टिं शिष्ट्वा **'सर्व एत आत्मानो व्युच्चरन्ति'** इति भोक्तृणामात्मनां पृथक्सृष्टिं शास्ति । **'यथा सुदीप्तात्पावकाद्विस्फुलिङ्गाः सहस्रशः प्रभवन्ते सरूपाः । तथाक्षराद्विविधाः सोम्य भावाः प्रजायन्ते तत्र चैवापियन्ति'** (मुण्ड.उप. २-१-१) इति च जीवात्मनामुत्पत्तिप्रलयावुच्येते, सरूपवचनात् – जीवात्मानो हि परमात्मना सरूपा भवन्ति, चैतन्ययोगात्, न च क्वचिदश्रवणमन्यत्र श्रुतं वारयितुमर्हति, श्रुत्यन्तरगतस्याप्यविरुद्धस्याधिकस्यार्थस्य सर्वत्रोपसंहर्तव्यत्वात् । प्रवेशश्रुतिरप्येवं सति विकारभावापत्त्यैव व्याख्यातव्या – **'तदात्मानं स्वयमकुरुत'** इत्यादिवत् । तस्मादुत्पद्यते जीव इति ॥

एवं प्राप्ते, ब्रूमः – नात्मा जीव उत्पद्यत इति, कस्मात् ? अश्रुतेः, न ह्यस्योत्पत्तिप्रकरणे श्रवणमस्ति भूयःसु प्रदेशेषु । ननु क्वचिदश्रवणमन्यत्र श्रुतं न वारयतीत्युक्तम्, सत्यमुक्तम्, उत्पत्तिरेव त्वस्य न संभवतीति वदामः, कस्मात् ? नित्यत्वाच्च ताभ्यः – च-शब्दादजत्वादिभ्यश्च – नित्यत्वं ह्यस्य श्रुतिभ्योऽवगम्यते, तथा अजत्वम् अविकारित्वम् अविकृतस्यैव ब्रह्मणो जीवात्मनावस्थानं ब्रह्मात्मना चेति, न चैवंरूपस्योत्पत्तिरुपपद्यते । ताः काः श्रुतयः ? – **'न**

બાધ ન આવે તેથી જ. 'एकस्मिन् विदिते सर्वमिदं विदितम्' **'એકનું જ્ઞાન થતાં એ સર્વનું જ્ઞાન થાય છે'** એ પ્રતિજ્ઞાને સર્વ વસ્તુસમૂહ બ્રહ્મથી ઉત્પન્ન થતાં બાધ ન આવે. પણ જો જીવ અન્ય તત્ત્વ હોય તો એ પ્રતિજ્ઞાનો બાધ આવે; અને અવિકૃત પરમાત્મા જ જીવ છે એવું વિજ્ઞાન શક્ય નથી; કેમકે લક્ષણમાં ભેદ છે; કારણ કે જેનાં પાપ નષ્ટ થયાં છે એ અને એવા ધર્મવાળો પરમાત્મા છે અને તેથી વિપરીત જીવ છે. વળી વિભાગથી એ વિકાર છે એમ સિદ્ધ થાય છે. આકાશાદિ જેટલાં પ્રવિભક્ત છે તે સર્વ વિકાર છે અને તે આકાશાદિની ઉત્પત્તિ સમજાઈ છે. જીવાત્મા પણ પુણ્ય અને અપુણ્ય કર્મવાળો અને સુખ અને દુઃખથી જોડાયલો પ્રતિશરીર પ્રવિભક્ત છે; તેથી પ્રપંચની ઉત્પત્તિના અવસરમાં તેની પણ ઉત્પત્તિ થવી યોગ્ય છે. વળી 'यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः सर्वे प्राणाः' [બૃહ. ઉપ. ૨/૧/૨૦] **'જેમ અગ્નિમાંથી નાના તણખાઓ ઊંચે ચડે છે, એ જ પ્રમાણે આ આત્મામાંથી સર્વ પ્રાણો નીકળે છે'** એ પ્રમાણે પ્રાણાદિ ભોગ્યસમૂહની સૃષ્ટિનો ઉપદેશ કરી 'सर्व एते आत्मानो व्युच्चरन्ति' **'એ સર્વ આત્માઓ નીકળે છે'** એમ ભોક્તા આત્માઓની પૃથક્ સૃષ્ટિનો ઉપદેશ કરે છે. 'यथा सुदीप्तात् पावकाद्विस्फुलिङ्गाः सहस्रशः प्रभवन्ते सरूपाः । तथाऽक्षराद्विविधाः सोम्य भावाः संजायन्ते तत्र चैवापियन्ति' [મુ. ઉપ. ૨/૧/૧] **'જેમ સુદીપ્ત અગ્નિમાંથી હજારો સરખા (અગ્નિના જેવા) તણખાઓ ઉત્પન્ન થાય છે, તેમ હે સૌમ્ય, અવિનાશીમાંથી વિવિધ ભાવો (જીવો) સારી રીતે જન્મ પામે છે અને તેને જ વિષે લય પામે છે'** એમાં પણ જીવાત્માનાં ઉત્પત્તિ અને પ્રલય કહ્યાં છે, સરૂપ (સરખા) કહ્યા છે તેથી; કારણ કે જીવાત્માઓ પરમાત્માના સરખા છે, ચૈતન્યનો યોગ છે તેથી વળી ક્યારેક અશ્રવણ અન્યત્ર જેનું શ્રવણ છે તેને અટકાવે એ ઉચિત નથી; કારણ કે અન્ય શ્રુતિમાં રહેલો પણ જે અવિરુદ્ધ અધિક અર્થ તે સર્વત્ર ઉપસંહાર તરીકે લેવો ઉચિત છે. એમ થતાં પ્રવેશશ્રુતિ પણ પર આત્મા વિકારભાવ પ્રાપ્ત કરે છે એ જ રીતે સમજાવવી; 'तदात्मानं स्वयमकुरुत' **'તેણે આત્માને પોતે સર્જ્યો.'** ઇત્યાદિની જેમ. તેટલા માટે જીવ ઉત્પન્ન થાય છે.

એમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ કે આત્મા-જીવ ઉત્પન્ન થતો નથી. શાથી ? શ્રુતિ નથી તેથી; કારણ કે ઘણા પ્રદેશોમાં ઉત્પત્તિપ્રકરણમાં એની શ્રુતિ નથી. પણ ક્યારેક અશ્રવણ, અન્યત્ર જેનું શ્રવણ છે તેને અટકાવે એ બરાબર નથી એમ કહ્યું છે. સાચી વાત છે, કહ્યું છે. પણ એની ઉત્પત્તિ જ સંભવતી નથી એમ અમે કહીએ છીએ. શાથી ? અને નિત્ય છે તેથી, તેઓને (શ્રુતિઓને) લીધે. च (અને) શબ્દ છે તેથી અજત્વ આદિ ધર્મોથી એમ સમજવું; કેમકે એનું નિત્યત્વ તેમજ અજત્વ, અવિકારિત્વ અને અવિકૃત બ્રહ્મનું જ જીવાત્માએ અને બ્રહ્માત્માએ અવસ્થાન એ બધું શ્રુતિઓથી સમજાય છે; અને એવું જેનું રૂપ છે તેની ઉત્પત્તિ ઉપપન્ન થતી નથી. તે કઈ શ્રુતિઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जीवोम्रियते' (छा.उप.६-११-३) **'स वा एष महानज आत्माजरोऽमरोऽमृतोऽभयो ब्रह्म'** (बृह.उप. ४-४-२५) **'न जायते म्रियते वा विपश्चित्'** (कठ.उप. २-१८) **'अजो नित्यः शाश्वतोऽयं पुराणः'** (कठ.उप. २-१८) **'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्'** (तैत्ति.उप. २-६-१) **'अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि'** (छा.उप. ६-३-२) **'स एष इह प्रविष्ट आ नखाग्रेभ्यः'** (बृह.उप. १-४-७) **'तत्त्वमसि'** (छा.उप. ६-८-७) **'अहं ब्रह्मास्मि'** (बृह.उप. १-४-१०) **'अयमात्मा ब्रह्म सर्वानुभूः'** (बृह.उप. २-५-१९) इत्येवमाद्या नित्यत्ववादिन्यः सत्यः जीवस्योत्पत्तिं प्रतिबध्नन्ति। ननु प्रविभक्तत्वाद्विकारः, विकारत्वाच्चोत्पद्यते – इत्युक्तम्, अत्रोच्यते – नास्य प्रविभागः स्वतोऽस्ति, **'एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा'** (श्वेता.उप. ६-११) इति श्रुतेः, बुद्ध्याद्युपाधिनिमित्तं तु अस्य प्रविभागप्रतिभानम्, आकाशस्येव घटादिसंबन्धनिमित्तम्, तथा च शास्त्रम् – **'स वा अयमात्मा ब्रह्म विज्ञानमयो मनोमयः प्राणमयश्चक्षुर्मयः श्रोत्रमयः'** (बृह.उप. ४-४-५) इत्येवमादि – ब्रह्मण एवाविकृतस्य सतोऽस्यैकस्यानेकबुद्ध्यादिमयत्वं दर्शयति, तन्मयत्वं च अस्य तद्विविक्तस्वरूपानभिव्यक्त्या तदुपरक्तस्वरूपत्वम् - स्त्रीमयो जाल्म इत्यादिवत् – द्रष्टव्यम् । यदपि क्वचिदस्योत्पत्तिप्रलयश्रवणम्, तदप्यत एवोपाधिसंबान्नेतव्यम् – उपाध्युत्पत्त्या अस्योत्पत्तिः, तत्प्रलयेन च प्रलय इति, तथा च दर्शयति – **'प्रज्ञानधन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानु विनश्यति न प्रेत्य संज्ञास्ति'** (बृह.उप. ४-५-१३) इति, तथोपाधिप्रलय एवायम्, नात्मविलयः–इत्येतदपि – **'अत्रैव मा भगवान्मोहान्तमापीपदन्न वा अहमिमं विजानामि – न प्रेत्य संज्ञास्ति'** – इति प्रश्नपूर्वकं प्रतिपादयति – **'न वा अरेऽहं मोहं ब्रवीम्यविनाशी वा**

છે? 'न जीवो म्रियते' [છાન્દો. ઉપ. ૬/૧૧/૩] **'જીવ મરણ પામતો નથી'**, 'स वा एष महानज आत्माऽजरोऽभरोऽमृतोऽभयो ब्रह्म' [બૃહ. ઉપ. ૪/૪/૨૫] **'તે એ મોટો અજ, આત્મા છે, પરિણામરહિત, અવિનાશી અમૃત અને અભય બ્રહ્મ છે'**, 'न जायते म्रियते वा विपश्चित्' [કઠ. ઉપ. ૨/૧૮] **'વિદ્વાન આત્મા જન્મ પામતો નથી કે મરણ પામતો નથી'**, 'अजो नित्यः शाश्वतोऽयं पुराणः' [કઠ. ઉપ. ૨/૧૮] **'એ અજ, નિત્ય શાશ્વત અને પુરાણ છે'**, 'तत् सृष्ट्वा तदेवानुप्राविशत्'' [તૈત્તિ. ઉપ. ૨/૬/૧] **'તેને સર્જી તેમાં અનુપ્રવેશ કર્યો'**, 'अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि' [છાન્દો. ઉપ. ૬/૩/૨] **'આ જીવરૂપ આત્મા વડે અનુપ્રવેશ કરી નામરૂપનો વ્યાકાર કરૂં'**, 'स एष इह प्रविष्ट आ नखाग्रेभ्यः' [બૃહ. ઉપ. ૧/૪/૭] **'તે, એ અહિં નખાગ્રપર્યન્ત પ્રવિષ્ટ છે'**, 'तत्त्वमसि' [છાન્દો. ઉપ. ૬/૮/૭] **'તે તું છે'**, 'अहं ब्रह्मास्मि' [બૃહ. ઉપ. ૧/૪/૧૦] **'હું બ્રહ્મ છું'**, 'अयमात्मा ब्रह्म सर्वानुभूः' [બૃહ. ઉપ. ૨/૫/૧૯] **'એ આત્મા, બ્રહ્મ, સર્વાત્માઓ સર્વનો અનુભવ કરનાર'** એ અને એવી બીજી શ્રુતિઓ જીવનું નિત્યત્વ કહી તેની ઉત્પત્તિનો પ્રતિબન્ધ કરે છે. પણ જીવ પ્રવિભક્ત હોવાથી વિકાર છે અને વિકાર હોવાથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. એને વિષે કહીએ છીએ—એનો પ્રવિભાગ પોતાની જાતે નથી; કારણ કે 'एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा' [શ્વેતા. ઉપ. ૬/૧૧] **'એક દેવ, સર્વ ભૂતોને વિષે ગૂઢ, સર્વવ્યાપી, સર્વભૂતોનો અન્તરાત્મા'** એવી શ્રુતિ છે. પણ બુદ્ધિ વગેરે ઉપાધિને લીધે એ પ્રવિભક્ત દેખાય છે, જેમ ઘટાદિસંબન્ધને લીધે આકાશ દેખાય છે તેમ; કેમકે 'स वा अयमात्मा ब्रह्म विज्ञानमयो मनोमयः प्राणमयश्चक्षुर्मयः श्रोत्रमयः' [બૃહ. ઉપ. ૪/૪/૫] **'તે એ આત્મા બ્રહ્મ છે, વિજ્ઞાનમય છે, મનોમય છે, પ્રાણમય, ચક્ષુમય અને શ્રોત્રમય છે'** એ વગેરે શાસ્ત્ર બ્રહ્મ જ જે અવિકૃત હોઈ એ એક છે તે અનેક બુદ્ધ્યાદિમય છે એમ દર્શાવે છે. એ તન્મય છે એટલે વિવિક્ત (ભિન્ન) સ્વરૂપ અભિવ્યક્ત કરતું નથી, પણ તેથી એનું સ્વરૂપ ઉપરક્ત છે એમ સમજવું, જેમ સ્ત્રીમય (સ્ત્રીપરતન્ત્ર) જાલ્મ (= જડાત્મા, પ્રાકૃત પુરુષ.) સમજાય છે તેમ. ક્યારેક એનાં ઉત્પત્તિ અને પ્રલયની જે પણ શ્રુતિ છે તે પણ એ જ ઉપાધિસંબન્ધથી ગૌણ અર્થમાં સમજવી; ઉપાધિની ઉત્પત્તિથી એની ઉત્પત્તિ છે અને તેના પ્રલયથી પ્રલય છે એમ; કેમકે 'प्रज्ञानधन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानु विनश्यति न प्रेत्य संज्ञास्ति' [બૃહ. ઉપ. ૪/૫/૧૩] **'વિજ્ઞાનૈકરસ જ એ ભૂતોમાંથી સમુત્થાન કરી એની જ પાછળ વિનાશ પામે છે, મરણ પછી જ્ઞાન નથી'** એ શ્રુતિ દર્શાવે છે. તેમજ એ ઉપાધિનો જ પ્રલય છે, આત્માનો વિલય નથી એ પણ અહીં જ 'मा भगवान् मोहान्तमापीपदन्न वा अहमिमं विजानामि न प्रेत्य संज्ञास्ति' **'ભગવાને મને મોહમધ્યે મૂકેલ છે, આનું મને વિજ્ઞાન નથી કે મરણ પછી સંજ્ઞા નથી'** એમ પ્રશ્નપૂર્વક શ્રુતિ પ્રતિપાદન કરે છે—'न वा अरेऽहं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अरेऽयमात्मानुच्छित्तिधर्मा मात्रासंसर्गस्त्वस्य भवति' (बृह.उप. ४-५-१४) – इति । प्रतिज्ञानुपरोधोऽप्यविकृतस्यैव ब्रह्मणो जीवभावाभ्युपगमात्, लक्षणभेदोऽप्यनयोरुपाधिनिमित्त एव, **'अत ऊर्ध्वं विमोक्षायैव ब्रूहि'** (बृह.उप. ४-३-१५) इति च प्रकृतस्यैव विज्ञानमयस्यात्मनः सर्वसंसारधर्मप्रत्याख्यानेन परमात्मभावप्रतिपादनात् । तस्मात् नैवात्मोत्पद्यते प्रविलीयते चेति ॥१७॥

१२. ज्ञाधिकरणम्

ज्ञोऽत एव ॥१८॥

स किं काणभुजानामिवागन्तुकचैतन्यः, स्वतोऽचेतनः, आहोस्वित्सांख्यानामिव नित्यचैतन्यस्वरूप एव, इति वादिविप्रतिपत्तेः संशयः । किं तावत्प्राप्तम् ? आगन्तुकमात्मनश्चैतन्यमात्ममनः-संयोगजम्, अग्निघटसंयोग-जरोहितादिगुणवदिति प्राप्तम्, नित्यचैतन्यत्वे हि सुप्तमूर्छितग्रहाविष्टानामपि चैतन्यं स्यात्, ते पृष्टाः सन्तः **'न किंचिद्वयं चेतयेमहि'** इति जल्पन्ति, स्वस्थाश्च चेतयमाना दृश्यन्ते, अतः कादाचित्कचैतन्यत्वादागन्तुकचैतन्य आत्मेति ॥

एवं प्राप्ते, अभिधीयते – ज्ञः नित्यचैतन्योऽयमात्मा–अत एव – यस्मादेव नोत्पद्यते, परमेव ब्रह्म अविकृतमुपाधिसंपर्काज्जीवभावेनावतिष्ठते, परस्य हि ब्रह्मणश्चैतन्यस्वरूपत्वमाम्नातम् – **'विज्ञानमानन्दं ब्रह्म'** (बृह.उप. ३-९-२८) **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** (तैत्ति.उप. २-१-१) **'अनन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव'** (बृह.उप. ४-५-१३) इत्यादिषु श्रुतिषु, तदेव चेत्परं ब्रह्म जीवः, तस्माज्जीवस्यापि नित्यचैतन्यस्वरूपत्वमग्न्यौष्ण्यप्रकाशवदिति गम्यते । विज्ञानमयप्रक्रियायां च श्रुतयो भवन्ति – **'असुप्तः सुप्तानभिचाकशीति'** (बृह.उप. ४-३-११) **'अत्रायं पुरुषः**

मोहं ब्रवीम्यविनाशी वा अरेऽमात्माऽनुच्छित्तिधर्मा मात्राऽसंसर्गस्त्वस्य भवति' [બૃહ. ઉપ. ૪/૫/૧૪] **'અરે, હું મોહથી વાક્ય કહેતો નથી, અરે, એ આત્મા અવિનાશી છે, અપરિણામી છે, પણ વિષયો સાથે એનો સંસર્ગ નથી'** એમ પ્રતિજ્ઞાનો અનુપરોધ (અબાધ) પણ અવિકૃત બ્રહ્મ જ જીવભાવ પામે છે તેથી છે. એ બેનો લક્ષણભેદ પણ ઉપાધિને લીધે જ છે. 'अत ऊर्ध्वं विमोक्षायैव ब्रूहि' [બૃહ. ઉપ. ૪/૩/૧૫] 'એની પછી વિમોક્ષને જ માટે કહો' એ પણ પ્રકૃત જ વિજ્ઞાનમય આત્મા સર્વ સંસારધર્મના નિરાકરણથી પરમાત્મભાવ પ્રતિપાદન કરે છે તેથી છે. તે માટે આત્મા ઉત્પન્ન થતો નથી જ અને પ્રવિલય પામતો નથી જ ॥ ૧૭ ॥

૧૨. જ્ઞાધિકરણ

(એ આત્મા) ચૈતન્ય છે, માટે જ ॥ ૧૮ ॥

તે (આત્મા) શું કાણભુજોના (= કણાદના-વૈશેષિકદર્શનના કર્તાના—અનુયાયીઓ) આત્માની જેમ આગન્તુક ચૈતન્યવાળો, સ્વતઃ અચેતન છે, કે સાંખ્યોના આત્માની જેમ નિત્ય ચૈતન્ય સ્વરૂપ જ છે એમ વાદીઓમાં વિપ્રતિપત્તિ (= ઐકમત્યનો અભાવ, વિરોધ) હોવાથી સંશય થાય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે ? આત્માનું ચૈતન્ય આગન્તુક છે, આત્મા અને મનના સંયોગથી ઉત્પન્ન થાય છે, અગ્નિ અને ઘટના સંયોગથી ઉત્પન્ન થતા રોહિત આદિ ગુણની જેમ - એમ પ્રાપ્ત થાય છે; કેમકે નિત્યચૈતન્ય હોય તો સુપ્ત મૂર્ચ્છિત અને ગ્રહથી આવિષ્ટ થયેલાઓને ચૈતન્ય હોય, પણ તેમને પૂછે છે ત્યારે અમે કંઈ જાણ્યું નથી એમ બોલે છે. અને સ્વસ્થ હોય છે ત્યારે જાણતા દેખાય છે. માટે ક્યારેક ચૈતન્ય દેખાય છે તેથી આત્મા આગન્તુક ચૈતન્યવાળો છે.

એમ પ્રાપ્ત થતાં કહે છે—એ આત્મા ज्ञ - જ્ઞાનવાળો નિત્ય ચૈતન્ય છે; માટે જ —કારણ કે તે ઉત્પન્ન થતો નથી તેથી. પર અવિકૃત બ્રહ્મ જ ઉપાધિના સંબન્ધથી જીવભાવે રહે છે; કેમકે પર બ્રહ્મનું ચૈતન્યસ્વરૂપ 'विज्ञानमानन्दं ब्रह्म' [બૃહ. ઉપ. ૩/૯/૨૮] **'બ્રહ્મ વિજ્ઞાન, આનન્દસ્વરૂપ છે'**, 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' [તૈત્તિ. ઉપ. ૨/૧/૧] **'બ્રહ્મ સત્ય અને અનન્ત છે'**, 'अनन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव' [બૃહ. ઉપ. ૪/૫/૧૩] **'અનન્તર અને અબાહ્ય, કૃત્સ્ન, વિજ્ઞાનૈકરસ જ છે'** વગેરે શ્રુતિઓમાં પ્રતિપાદન કરેલું છે. તે જ પર બ્રહ્મ જીવ છે, તેથી જીવનું પણ નિત્યચૈતન્યસ્વરૂપ, અગ્નિનાં ઉષ્ણતા અને પ્રકાશની જેમ સમજાય છે. વળી વિજ્ઞાનમય પ્રકરણમાં 'असुप्तः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

स्वयंज्योतिर्भवति' (बृह.उप. ४-३-९) इति, **'न हि विज्ञातुर्विज्ञातेर्विपरिलोपो विद्यते'** (बृह.उप. ४-३-३०) इत्येवंरूपाः । **'अथ यो वेदेदं जिघ्राणीति स आत्मा'** (छा.उप. ८-१२-४) इति च – सर्वैः करणद्वारैः **'इदं वेद, इदं वेद'** इति विज्ञानेनानुसंधानात् तद्रूपत्वसिद्धिः । नित्यचैतन्यस्वरूपत्वे घ्राणाद्यानर्थक्यमिति चेत्, न, गन्धादिविषयविशेषपरिच्छेदार्थत्वात्, तथा हि दर्शयति – **'गन्धाय घ्राणम्'** इत्यादि । यत्तु सुप्तादयो न चेतयन्त इति, तस्य श्रुत्यैव परिहारोऽभिहितः सुषुप्तं प्रकृत्य – **'यद्वै तन्न पश्यति पश्यन्वै तन्न पश्यति, न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यतेऽविनाशित्वात्, न तु तद्द्वितीयमस्ति ततोऽन्यद्विभक्तं यत्पश्येत्'** (बृह.उप. ४-३-२३) इत्यादिना, एतदुक्तं भवति – यथा वियदाश्रयस्य प्रकाशस्य प्रकाश्याभावादनभिव्यक्तिः, न स्वरूपाभावात् – तद्वत् । वैशेषिकादितर्कश्च श्रुतिविरोध आभासीभवति । तस्मान्नित्यचैतन्यस्वरूप एव आत्मेति निश्चिनुमः ॥१८॥

१३. उत्क्रान्तिगत्यधिकरणम् ।

उत्क्रान्तिगत्यागतीनाम् ॥१९॥

इदानीं तु किंपरिमाणो जीव इति चिन्त्यते – किमणुपरिमाणः, उत मध्यमपरिमाणः, आहोस्वित् महापरिमाण इति। ननु च नात्मोत्पद्यते नित्यचैतन्यश्चायमित्युक्तम्, अतश्च पर एव आत्मा जीव इत्यापतति, परस्य च आत्मनोऽनन्तत्वमाम्नातम्, तत्र कुतो जीवस्य परिमाणचिन्तावतार इति, उच्यते – सत्यमेतत्, उत्क्रान्तिगत्यागतिश्रवणानि तु जीवस्य परिच्छेदं प्रापयन्ति, स्वशब्देन च अस्य क्वचिदणुपरिमाणत्वमाम्नायते, तस्य सर्वस्यानाकुलत्वोपपदानायायमारम्भः । तत्र प्राप्तं तावत् –

सुप्तानभिचाकशीति' [બૃહ. ઉપ. ૪/૩/૧૧] **'અસુપ્ત સુપ્ત ભાવોને જુએ છે'**, 'अत्रायं पुरुषः स्वयंज्योतिर्भवति' [બૃહ. ઉપ. ૪/૩/૯] **'અહીં એ આત્મા સ્વયમેવ જ્યોતિઃસ્વરૂપ થાય છે'**, 'न हि विज्ञातुर्विज्ञातेर्विपरिलोपो विद्यते' [બૃહ. ઉપ. ૪/૩/૩૦] **'ખરેખર, વિજ્ઞાતાના વિજ્ઞાનનો વિનાશ નથી'** એવા પ્રકારની શ્રુતિઓ છે. 'अथ यो वेदेदं जिघ्राणीति स आत्मा' [છાન્દો. ઉપ. ૮/૧૨/૪] **'વળી જે આ {સુગન્ધિ કે દુર્ગન્ધિ કેવી રીતે} સુંઘું તે જાણે છે તે આત્મા છે'** એમ સર્વ ઇન્દ્રિયો દ્વારા આ જાણે છે, આ જાણે છે એમ વિજ્ઞાનની સાથે અનુસંધાન છે તેથી તદ્રૂપત્વ સિદ્ધ થાય છે, નિત્યસ્વરૂપચૈતન્ય હોય તો ઘ્રાણ આદિ અનર્થક થાય એમ કહેશો તો, નહિ; કેમ કે ગન્ધાદિ વિષય વિશેષના પરિચ્છેદને અર્થે છે; કારણ કે 'गन्धाय घ्राणम्' **'ગન્ધને માટે ઘ્રાણ'** વગેરે દર્શાવે છે. સુપ્ત વગેરે જાણતા નથી એમ જે કહ્યું છે તેનો સુષુપ્તને પ્રકૃત કરીને 'यद्वै तन्न पश्यति पश्यन्वै तन्न पश्यति न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यतेऽविनाशित्वान्न तु तद् द्वितीयमस्ति ततोऽन्यद्विभक्तं यत् पश्येत्' [બૃહ. ઉપ. ૪/૩/૨૩] **'સુષુપ્ત હોય છે ત્યારે જે તે જોતો નથી તે જોતો જ જોતો નથી; કારણ કે દ્રષ્ટાની દૃષ્ટિનો વિપરિલોપ નથી, (વિનાશ નથી) અવિનાશી છે તેથી, કેમકે તે બીજું વિષયભૂત નથી કે જેને તેથી દ્રષ્ટાથી અન્ય, વિભક્ત જુએ'** વગેરે શ્રુતિએ જ પરિહાર કહ્યો છે. તાત્પર્ય એ છે કે વિષયનો અભાવ હોવાથી એ ચેતના હોવાનો અભાવ છે, ચૈતન્યના અભાવથી નહિ; જેમ આકાશમાં રહેલા પ્રકાશની પ્રકાશ્યના અભાવથી અનભિવ્યક્તિ છે; સ્વરૂપના અભાવથી નહિ તેમ. વૈશેષિકાદિ તર્ક તો શ્રુતિને વિરોધે આભાસ થાય છે. માટે નિત્ય ચૈતન્ય સ્વરૂપ જ આત્મા છે એમ અમે નિશ્ચય કરીએ છીએ ॥ ૧૮ ॥

૧૩. ઉત્ક્રાન્તિ-ગતિ-અધિકરણ

(જીવના) ઉત્ક્રમણ (શરીરમાંથી નીકળવું તે), ગમન અને આગમનનું (શ્રવણ છે તેથી જીવ પરિચ્છિન્ન અમુક પરિમાણવાળો છે) ॥ ૧૯ ॥

હવે જીવ કેવા પરિમાણવાળો છે કે મધ્યમ પરિમાણવાળો છે કે વિભુ પરિમાણવાળો છે. પણ આત્મા ઉત્પન્ન થતો નથી અને નિત્ય ચૈતન્ય છે એમ કહ્યું છે; એથી જીવ પરમાત્મા જ છે એમ પ્રાપ્ત થાય છે, અને પરમાત્મા અનન્ત છે એમ શ્રુતિપ્રતિપાદિત છે; તો જીવપરિમાણના વિચારનું અવતરણ ક્યાંથી ? કહીએ છીએ—એ સત્ય છે; પણ જીવની ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિની શ્રુતિ જીવના પરિચ્છેદ(નિશ્ચિત પરિમાણ)નું અવગમન કરાવે છે. વળી એ (જીવ) અણુ પરિમાણવાળો છે એમ ક્યારેક શ્રુતિ સ્વ શબ્દે કહે છે. તે

F/19

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

उत्क्रान्तिगत्यागतीनां श्रवणात्परिच्छिन्नोऽणुपरिमाणो जीव इति, उत्क्रान्तिस्तावत् – **'स यदास्माच्छरीरादुत्क्रामति सहैवैतैः सर्वैरुत्क्रामति'** (कौषी.उप. ३-३) इति, गतिरपि – **'ये वै के चास्माल्लोकात्प्रयन्ति चन्द्रमसमेव ते सर्वे गच्छन्ति'** (कौषी.उप. १-२) इति, आगतिरपि – **'तस्माल्लोकात्पुनरैत्यस्मै लोकाय कर्मणे'** (बृह.उप. ४-४-६) इति, आसामुत्क्रान्तिगत्यागतीनां श्रवणात्परिच्छिन्नस्तावज्जीव इति प्राप्नोति – न हि विभोश्चलनमवकल्पत इति, सति परिच्छेदे, शरीरपरिमाणत्वस्यार्हतपरीक्षायां निरस्तत्वात् अणुरात्मेति गम्यते ॥१९॥

स्वात्मना चोत्तरयोः ॥२०॥

उत्क्रान्तिः कदाचिदचलतोऽपि ग्रामस्वाम्यनिवृत्तिवद्देहस्वाम्यनिवृत्त्या कर्मक्षयेणावकल्पेत, उत्तरे तु गत्यागती नाचलतः संभवतः, स्वात्मना हि तयोः संबन्धो भवति, गमेः कर्तृस्थक्रियात्वात्, अमध्यमपरिमाणस्य च गत्यागती अणुत्वे एव संभवतः, सत्योश्च गत्यागत्योरुत्क्रान्तिरप्यपसृप्तिरेव देहादिति प्रतीयते, न हि अनपसृप्तस्य देहाद्गत्यागती स्याताम् – देहप्रदेशानां च उत्क्रान्तावपादानत्ववचनात् – **'चक्षुष्टो वा मूर्ध्नो वान्येभ्यो वा शरीरदेशेभ्यः'** (बृह.उप. ४-४-२) इति, **'स एतास्तेजोमात्रां समभ्याददानो हृदयमेवान्ववक्रामति'** (बृह.उप. ४-४-१) **'शुक्रमादाय पुनरैति स्थानम्'** (बृह.उप. ४-३-११) इति चान्तरेऽपि शरीरे शारीरस्य गत्यागती भवतः, तस्मादप्यस्याणुत्वसिद्धिः ॥२०॥

સર્વને અનાકૂલ-બાધરહિત કરવા માટે આ આરંભ છે. તેમાં પ્રથમ પ્રાપ્ત થાય છે કે ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિની શ્રુતિથી જીવ પરિચ્છિન્ન છે—અણુ પરિમાણવાળો છે (એમ પ્રાપ્ત થાય છે). પ્રથમ 'स यद्वास्माच्छरीरादुत्क्रामति सहैवैतैः सर्वैरुत्क्रामति' [કૌષીત. ઉપ. ૩/૩] **'તે જ્યારે આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે એ સર્વ {બુદ્ધિ આદિ} સાથે જ ઉત્ક્રમણ કરે છે'** એમ ઉત્ક્રાન્તિ છે. 'ये वै के चास्माल्लोकात् प्रयन्ति चन्द्रमसमेव ते सर्वे गच्छन्ति' [કૌષીત. ઉપ. ૧/૨] **'અને જે કોઈ આ લોકમાંથી પ્રયાણ કરે છે તે સર્વે ચન્દ્રમાં જ જાય છે'** એમ ગતિ પણ છે; અને 'तस्माल्लोकात् पुनरैत्यस्मै लोकाय कर्मणे' [બૃહ. ઉપ. ૪/૪/૬] **'તે લોકમાંથી ફરી આ લોકમાં કર્મ માટે આવે છે'** એમ આગતિ પણ છે. એ ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિની શ્રુતિથી જીવ પરિચ્છિન્ન છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે; કારણકે વિભુને ગતિ સંભવતી નથી. પરિચ્છેદ પ્રાપ્ત થતાં, શરીરના પરિમાણ જેટલો છે એનું તો આર્હત મતની પરીક્ષામાં નિરાકરણ કર્યું છે તેથી આત્મા અણુ છે એમ સમજાય છે. ॥ ૧૯ ॥

અને બે પાછલાં(ગતિ અને આગતિ)નો પોતાના આત્મા (કર્તા સાથે સંબંધથી જીવ અણુ છે) ॥૨૦॥

ઉત્ક્રાન્તિ તો ક્યારેક ચલનરહિત (= ગતિરહિત) આત્માને પણ ગ્રામસ્વામિત્વની નિવૃત્તિની જેમ દેહસ્વામિત્વની નિવૃત્તિથી કર્મનો ક્ષય થતાં સંભવે. પણ બે પાછલાં, એટલે ગતિ અને આગતિ, તો ચલનરહિત આત્માને સંભવતાં નથી; કારણકે તે બંનેનો સંબન્ધ પોતાના આત્મા (કર્તા) સાથે થાય છે; કારણ કે ગમ્ ધાતુ કર્તૃસ્થક્રિયાવાળો (= કર્તાને વિષે રહેલી ક્રિયા બતાવનાર, કર્તરિ, કર્તૃવાચ્ય) છે. વળી અમધ્યમ પરિમાણવાળાની ગતિ અને આગતિ અણુ પરિમાણ હોય તો જ સંભવે છે, અને ગતિ અને આગતિ થઈ એટલે ઉત્ક્રાન્તિ પણ દેહથી જ બહાર નીકળે છે એમ પ્રતીત થાય છે; કેમકે દેહથી અપસૃપ્ત ન થયેલાને-બહાર ન નીકળેલાને-ગતિ અને આગતિ થતાં નથી; અને વળી ઉત્ક્રાન્તિને વિષે દેહપ્રદેશોને અપાદાન તરીકે કહ્યા છે તેથી. 'चक्षुष्टो वा मूर्ध्नो वान्येभ्यो वा शरीरदेशेभ्यः' [બૃહ. ઉપ. ૪/૪/૨] **'નેત્રથી કે માથાથી કે શરીરના અન્ય પ્રદેશોથી'** એમ. વળી 'स एतास्तेजोमात्राः समभ्याददानो हृदयमेवान्ववक्रामति' [બૃહ. ઉપ. ૪/૪/૧] **'તે આત્મા એ તેજના અવયવોને ઈન્દ્રિયોને સમ્યક્ લઈને-સંહાર કરીને હૃદયમાંજ-પુંડરીક આકાશમાં જ જાય છે—હૃદયમાં અભિવ્યક્ત વિજ્ઞાનસ્વરૂપ થાય છે'**, 'शुक्रमादाय पुनरैति स्थानम्' [બૃહ. ઉપ. ૪/૩/૧૧] **'પ્રકાશક ઈન્દ્રિય સમૂહને લઈને આત્મા પાછો જાગૃત સ્થાનમાં આવે છે'** એમ શરીરમાં પણ શારીરની (એટલે કે જીવાત્માની) ગતિ અને આગતિ છે. તેથી પણ અણુ છે એમ સિદ્ધ છે. ॥ ૨૦ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नाणुरतच्छुतेरिति चेन्नेतराधिकारात् ॥२१॥

अथापि स्यात् – नाणुरयमात्मा, कस्मात् ? अतच्छ्रुतेः, अणुत्वविपरीतपरिमाणश्रवणादित्यर्थः; **'स वा एष महानज आत्मा, योऽयं विज्ञानमयः प्राणेषु'** (बृह.उप. ४-४-२२) **'आकाशवत्सर्वगतश्च नित्यः'** **'सत्यं ज्ञानमनन्तं ब्रह्म'** (तैत्ति.उप. २-१-१) इत्येवंजातीयका हि श्रुतिरात्मनोऽणुत्वे विप्रतिषिध्येतेति चेत्, नैष दोषः, कस्मात् ? इतराधिकारात् – परस्य हि आत्मनः प्रक्रियायामेषा परिमाणान्तरश्रुतिः, परस्यैवात्मनः प्राधान्येन वेदान्तेषु वेदितव्यत्वेन प्रकृतत्वात्, **'विरजः पर आकाशात्'** इत्येवंविधाच्च परस्यैवात्मनस्तत्र तत्र विशेषाधिकारात् । ननु **'योऽयं विज्ञानमयः प्राणेषु'** (बृह.उप. ४-४-२२) इति शारीर एव महत्त्वसंबन्धित्वेन प्रतिनिर्दिश्यते –शास्त्रदृष्ट्या तु एष निर्देशो वामेदववद्रष्टव्यः । तस्मात्प्राज्ञविषयत्वात्परिमाणान्तरश्रवणस्य न जीवस्याणुत्वं विरुध्यते ॥२१॥

स्वशब्दोन्मानाभ्यां च ॥२२॥

इतश्चाणुरात्मा, यतः साक्षादेवास्याणुत्ववाची शब्दः श्रूयते – **'एषोऽणुरात्मा चेतसा वेदितव्यो यस्मिन्प्राणः पञ्चधा संविवेश'** (मुण्ड.उप. ३-१-९) इति, प्राणसंबन्धाच्च जीव एवायमणुरभिहित इति गम्यते । तथोन्मानमपि जीवस्याणिमानं गमयति – **'वालाग्रशतभागस्य शतधा कल्पितस्य च । भागो जीवः स विज्ञेयः'** (श्वेता.उप. ५-९) इति, **'आराग्रमात्रो ह्यवरोऽपि दृष्टः'** (श्वेता.उप. ५-८) इति च उन्मानान्तरम् ॥२२॥

(જીવ) અણુ નથી, તેવો નથી એવી શ્રુતિ છે તેથી, એમ (કહેશો) તો (એ યોગ્ય) નથી, ઈતર અધિકાર છે તેથી ॥ ૨૧ ॥

એમ છે તો પણ શંકા છે-એ આત્મા અણુ નથી. શાથી ? તેવો નથી એવી શ્રુતિ છે તેથી; અર્થાત્, અણુત્વથી વિપરીત પરિમાણની શ્રુતિ છે તેથી. 'स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः प्राणेषु' [બૃહ. ઉપ. ૪/૪/૨૨] **'તે એ મહાન, અજ, આત્મા છે, જે એ વિજ્ઞાનમય છે, અને પ્રાણથી વ્યતિરિક્ત છે'** 'आकाशवत् सर्वगतश्च नित्यः' **'આકાશની જેમ સર્વગત અને નિત્ય છે'**, 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' [તૈત્તિ. ઉપ. ૨/૧/૧] **'સત્ય, જ્ઞાન, અનન્ત, બ્રહ્મ'**, એ પ્રકારની શ્રુતિ આત્માના અણુત્વને વિષે વિરુદ્ધ થાય એમ કહેશો તો તે દોષ નથી. કેવી રીતે ? ઈતર અધિકારથી; કારણ કે પરમાત્માના પ્રકરણમાં એ અન્ય પ્રમાણની શ્રુતિ છે; કેમકે પર જ આત્મા વેદાન્તોમાં પ્રધાનરૂપે વેદિતવ્ય તરીકે પ્રકૃત છે; અને રજોરહિત, આકાશથી પર, એવા પ્રકારનાં વચનથી પરમાત્માનો જ ત્યાં ત્યાં વિશેષ અધિકાર છે. પરંતુ 'योऽयं विज्ञानमयः प्राणेषु' [બૃહ. ઉપ. ૪/૪/૨૨] **'જે એ વિજ્ઞાનમય છે, પ્રાણોથી વ્યતિરિક્ત છે'** એમ શારીરનો જ મહત્ત્વના સંબન્ધી તરીકે પ્રતિનિર્દેશ છે. એ નિર્દેશ તો શાસ્ત્ર દષ્ટિથી વામદેવની જેમ સમજવો. માટે બીજા પ્રમાણની શ્રુતિ પ્રાજ્ઞવિષયક (પરમાત્મા વિષયક) છે તેથી જીવના અણુત્વનો વિરોધ નથી ॥ ૨૧ ॥

વળી સ્વશબ્દ અને ઉન્માનથી (અત્યંત અલ્પત્વ હોવાને કારણે જીવ અણુ છે) ॥ ૨૨ ॥

વળી આથી આત્મા અણુ છે; કેમકે સાક્ષાત્ જ એનું અણુત્વ કહેનાર શબ્દ શ્રુતિમાં છે—'एषोऽणुरात्मा चेतसा वेदितव्यो यस्मिन् प्राणः पंचधा संविवेश' [મુ. ઉપ. ૩/૧/૯] **'એ અણુ આત્મા કેવલ વિશુદ્ધ જ્ઞાન વડે વેદિતવ્ય છે, જે શરીરમાં વાયુ પાંચ પ્રકારે પ્રાણ, અપાન આદિ ભેદે સમ્યક્ પ્રવિષ્ટ છે એમ.** વળી પ્રાણના સંબન્ધથી એ જીવ જ અણુ કહ્યો છે એમ સમજાય છે. તથા ઉન્માન પણ જીવનું અણુત્વ સમજાવે છે—'वालाग्रशतभागस्य शतधा कल्पितस्य च । भागो जीवः स विज्ञेयः' [શ્વેતા. ઉપ. ૫/૯] **'વાળના અગ્રભાગના સોમા ભાગના સો ભાગના કલ્પેલાનો ભાગ જીવ છે તે વિજ્ઞેય છે'** એમ. 'आराग्रमात्रो ह्यवरोऽपि दृष्टः' [શ્વેતા. ઉપ. ૫/૮] **'આરાના અગ્ર ભાગ જેટલો જ, અપર પણ આત્મા જ્ઞાનાત્મા વડે સમજાય છે.'** એ અન્ય ઉન્માન છે. ॥ ૨૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नन्वणुत्वे सति एकदेशस्थस्य सकलदेहगतोपलब्धिर्विरुध्यते, दृश्यते च जाह्नवीह्रदनिमग्नानां सर्वाङ्गशैत्योपलब्धिः, निदाघसमये च सकलशरीरपरितापोलब्धिरिति – अत उत्तरं पठति –

अविरोधश्चन्दनवत् ॥२३॥

यथा हि हरिचन्दनबिन्दुः शरीरैकदेशसंबद्धोऽपि सन् सकलदेहव्यापिनमाह्लादं करोति, एवमात्मापि देहैकदेशस्थः सकलदेहव्यापिनीमुपलब्धिं करिष्यति, त्वक्संबन्धाच्चास्य सकलशरीरगता वेदना न विरुध्यते, त्वगात्मनोर्हि संबन्ध, कृत्स्नायां त्वचि वर्तते, त्वक्च कृत्स्नशरीरव्यापिनीति ॥२३॥

अवस्थितिवैशेष्यादिति चेन्नाभ्युपगमाद्धृदि हि ॥२४॥

अत्राह – यदुक्तमविरोधश्चन्दनवदिति, तदयुक्तम्, दृष्टान्तदार्ष्टान्तिकयोरतुल्यत्वात्, सिद्धे हि आत्मनो देहैकदेशस्थत्वे चन्दनदृष्टानतो भवति, प्रत्यक्षं तु चन्दनख्यावस्थितिवैशेष्यमेकदेशस्थत्वं सकलदेहाह्लादनं च, आत्मनः पुनः सकलदेहोपलब्धिमात्रं प्रत्यक्षम्, नैकदेशवर्तित्वम्, अनुमेयं तु तदिति यदप्युच्येत –न च अत्रानुमानं संभवति – किमात्मनः सकलशरीरगता वेदना त्वगिन्द्रियस्येव सकलदेहव्यापिनः सतः, किं वा विभोर्नभस इव, आहोस्विच्चन्दनबिन्दोरिवाणोरेकदेशस्थस्य इति संशयानतिवृत्तेरिति, अत्रोच्यते – नायं दोषः, कस्मात् ? अभ्युपगमात् । अभ्युपगम्यते हि आत्मनोऽपि चन्दनस्येव देहैकदेशवृत्तित्वमवस्थितिवैशेष्यम् । कथमिति, उच्यते – हृदि ह्येष आत्मा पठ्यते वेदान्तेषु, **'हृदि ह्येष आत्मा'** (प्रश्न.उप. ३-६) **'स वा एष आत्मा हृदि'** (छा.उप. ८-३-३) **'कतम आत्मेति योऽयं**

પણ જીવનું અણુત્વ થતાં એકદેશમાં રહેનાર જે જીવની સમગ્ર દેહમાં રહેલી ઉપલબ્ધિ વિરુદ્ધ થાય; પણ જાહ્નવી અને તળાવમાં નિમગ્ન થયેલાઓને સર્વાંગમાં શીતળતાની ઉપલબ્ધિ અને ઉષ્ણ કાલમાં સકલ શરીરને પરિતાપની ઉપલબ્ધિ દેખાય છે. એથી પછીના એનો જવાબ કહે છે —

ચન્દનની જેમ અવિરોધ છે ॥ ૨૩ ॥

જેમ હરિચન્દનબિન્દુ શરીરના એકદેશમાં સંબદ્ધ હોય છે તેમ છતાં સમગ્ર દેહમાં વ્યાપે એવો આહ્લાદ કરે છે, એમ આત્મા પણ દેહના એકદેશમાં રહીને સકલ દેહમાં વ્યાપનારી ઉપલબ્ધિ કરશે. વળી ત્વચાના સંબન્ધથી એનું સમગ્ર શરીરમાં રહેલું જ્ઞાન વિરુદ્ધ થતું નથી; કેમકે ત્વચા અને આત્માનો સંબન્ધ આખી ત્વચાને વિષે છે; અને ત્વચા સમગ્ર શરીરમાં વ્યાપેલી છે. ॥ ૨૩ ॥

(હરિચન્દનની) અવસ્થિતિવિશેષથી (દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે વૈષમ્ય છે) એમ કહેશો તો તે યુક્ત નથી, કેમકે આત્માની અવસ્થિતિવિશેષનો સ્વીકાર છે; કારણ કે હૃદયને વિષે (આત્માની સ્થિતિ વેદાન્તોમાં કહી છે) ॥ ૨૪ ॥

અહીં કહે છે—ચન્દનની જેમ અવિરોધ છે એમ જે કહ્યું છે તે યોગ્ય નથી; કારણ કે દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકને વિષે તુલ્યતા નથી; કેમકે દેહના એકદેશમાં આત્માની સ્થિતિ સિદ્ધ થતાં ચન્દનદૃષ્ટાન્ત થાય; અને ચન્દનનો અવસ્થિતિવિશેષ એકદેશમાં અવસ્થિતિ અને સમગ્ર દેહને આહ્લાદ પમાડવો એ પ્રત્યક્ષ છે; પણ આત્માની સકલ દેહને વિષે ઉપલબ્ધિ માત્ર પ્રત્યક્ષ છે, એકદેશને વિષે અવસ્થિતિ પ્રત્યક્ષ નથી. તે તો અનુમેય છે એમ જો કહે તો એમાં અનુમાન સંભવતું નથી; કારણ કે શું આત્માની સમગ્ર શરીરગત ઉપલબ્ધિ ત્વગિન્દ્રિયની જેમ આત્મા સકલ દેહવ્યાપી છે તેથી છે કે તે આકાશની જેમ વિભુ છે તેથી છે, કે ચન્દનબિન્દુની જેમ અણુ અને એકદેશસ્થ છે તેથી છે એમ સંશય નિવૃત્ત થતો નથી. એ બાબતમાં કહીએ છીએ—એ દોષ નથી. શાથી ? અભ્યુપગમથી. ચન્દનની જેમ આત્માનું પણ દેહના એકદેશમાં રહેવું એ જે અવસ્થિતિવિશેષ તેનો સ્વીકાર કર્યો છે. કેવી રીતે એમ કહેશો તો કહીએ છીએ. એ આત્મા હૃદયમાં અવસ્થિત છે એમ વેદાન્તોમાં (ઉપનિષદોમાં) 'हृदि ह्येष आत्मा' [પ્રશ્ન. ઉપ. ૩/૬] **'ખરેખર, એ આત્મા હૃદયમાં છે'**, 'स वा एष आत्मा हृदि' [છાન્દો. ઉપ. ૮/૩/૩] **'તે એ આત્મા હૃદયમાં છે'**, 'कतम आत्मेति योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः पुरुषः' [બૃહ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः पुरुषः' (बृह.उप. ४-३-७) इत्याद्युपदेशेभ्यः । तस्माद्दृष्टान्तदार्ष्टान्तिकयोरवैषम्यात् युक्तमेवैतत् – **'अविरोधश्चन्दनवत्'** इति ॥२४॥

गुणाद्वा लोकवत् ॥२५॥

चैतन्यगुणव्याप्तेर्वा अणोरपि सतो जीवस्य सकलदेहव्यापि कार्यं न विरुध्यते –यथा लोके मणिप्रदीपप्रभृतीनामपवरकैकदेशवर्तिनामपि प्रभा अपवरकव्यापिनी सती कृत्स्नेऽपवरके कार्यं करोति – तद्वत् । स्यात् कदाचिच्चन्दनस्य सावयवत्वात्सूक्ष्मावयवविसर्पणेनापि सकलदेह आह्लादयितृत्वम्, न त्वणोर्जीवस्यावयवाः सन्ति, यैरयं सकलदेहं विसर्पेत् – इत्याशङ्क्य **'गुणाद्वा लोकवत्'** इत्युक्तम् ॥२५॥

कथं पुनर्गुणो गुणिव्यतिरेकेणान्यत्र वर्तेत ? न हि पटस्य शुक्लो गुणः पटव्यतिरेकेणान्यत्र वर्तमानो दृश्यते । प्रदीपप्रभावद्भवेदिति चेत्, न, तस्या अपि द्रव्यत्वाभ्युपगमात् – निबिडावयवं हि तेजोद्रव्यं प्रदीपः, प्रविरलावयवं तु तेजोद्रव्यमेव प्रभा इति, अत उत्तरं पठति –

व्यतिरेको गन्धवत् ॥२६॥

यथा गुणस्यापि सतो गन्धस्य गन्धवद्द्रव्यव्यतिरेकेण वृत्तिर्भवति, अप्राप्तेष्वपि कुसुमादिषु गन्धवत्सु कुसुमगन्धोपलब्धेः, एवमणोरपि सतो जीवस्य चैतन्यगुणव्यतिरेको भविष्यति । अतश्चानैकान्तिकमेतत् – गुणत्वाद्रूपादिवदाश्रयविश्लेषानुपपत्तिरिति, गुणस्यैव सतो गन्धस्य आश्रयविश्लेषदर्शनात् । गन्धस्यापि सहैवाश्रयेण विश्लेष इति चेत्, न, यस्मान्मूलद्रव्याद्विश्लेषः तस्य क्षयप्रसङ्गात्, अक्षीयमाणमपि तत्पूर्वावस्थातो गम्यते, अन्यथा तत्पूर्वावस्थैर्गुरुत्वादिभिर्हीयेत । स्यादेतत् – गन्धाश्रयाणां विश्लिष्टानामवयवानामल्पत्वात् सन्नपि विश्लेषो नोपलक्ष्यते,

---

ઉપ. ૪/૩/૭] **'આત્મા કયો છે એમ પ્રશ્ન થતાં જે એ વિજ્ઞાનમય છે, પ્રાણોમાં , હૃદયમાં જ્યોતિઃસ્વરૂપ, પુરુષ છે'** ઇત્યાદિ ઉપદેશોથી દર્શાવાય છે. માટે દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે વૈષમ્ય ન હોવાથી ચન્દનની જેમ અવિરોધ છે એ યોગ્ય જ છે ॥૨૪॥

અથવા ગુણથી લોકની જેમ, (જીવનું કાર્ય વિરુદ્ધ નહિ થાય) ॥ ૨૫ ॥

અથવા ચૈતન્યગુણની વ્યાપ્તિથી અણુ એવો જે જીવ છે તેનું પણ સમગ્ર વ્યાપી કાર્ય વિરુદ્ધ થતું નથી. જેમ લોકમાં મણિ, પ્રદીપ આદિ, ઓરડાના એકદેશમાં હોય છે તોપણ તેમની પ્રભા ઓરડામાં વ્યાપી સમગ્ર ઓરડામાં કાર્ય કરે છે તેમ. ચન્દન અવયવયુક્ત હોવાથી ક્યારેક, તેના સૂક્ષ્મ અવયવના ફેલાવાથી પણ, સકલ દેહમાં તેનો આહ્લાદ કરવાનો વ્યાપાર થાય, પણ અણુ જીવના અવયવો નથી કે જે દ્વારા એ સકલ દેહમાં પ્રસરે એમ આશંકા કરી 'ગુણાદ્વા લોકવત્' એમ કહ્યું છે. ॥ ૨૫ ॥

પણ ગુણ ગુણીથી વ્યતિરિક્ત અન્યત્ર શી રીતે રહે ? ખરેખર, પટનો શુક્લ ગુણ પટથી વ્યતિરિક્ત અન્યત્ર વર્તમાન જોવામાં આવતો નથી. પ્રદીપની પ્રભાની જેમ થશે એમ કહેશો તો તે બરાબર નથી; કેમકે તેનો (પ્રદીપની પ્રભાનો) પણ દ્રવ્ય તરીકે સ્વીકાર છે; કારણ કે જેના અવયવ નિબિડ છે એવું તેજોદ્રવ્ય પ્રદીપ છે અને જેના અવયવ પ્રવિરલ છે એવું તેજોદ્રવ્યજ પ્રભા છે. આથી ઉત્તર સૂત્રમાં કહે છે :

(અણુ પણ જીવનો સચૈતન્ય ગુણથી) વ્યતિરેક ગન્ધની જેમ થશે ॥ ૨૬ ॥

જેમ ગન્ધ ગુણ છે તો પણ ગન્ધવત્ દ્રવ્યથી વ્યતિરિક્ત તેની વૃત્તિ છે; કારણકે કુસુમ વગેરે ગન્ધવત્ પદાર્થો અપ્રાપ્ત હોય તો પણ કુસુમગન્ધ ઉપલબ્ધ થાય છે; એ પ્રમાણે જીવ અણુ છે, તો પણ ચૈતન્યગુણનો વ્યતિરેક થશે. તેટલા માટે ગુણ હોવાથી રૂપાદિની જેમ આશ્રયથી તેનો વિશ્લેષ (છૂટાં પડવું) અનુપપન્ન છે એ અનૈકાન્તિક (= અનિશ્ચિત) છે; કેમકે ગન્ધ ગુણ છે તોપણ આશ્રયથી તેનો વિશ્લેષ દેખાય છે. પણ ગન્ધનો પણ આશ્રયની સાથે જ વિશ્લેષ છે એમ કહેશો તો તે બરાબર નથી; કારણ કે જેનો મૂલ દ્રવ્યથી વિશ્લેષ થાય છે તેનો ક્ષય થવાનો પ્રસંગ આવે. પણ તે પૂર્વ અવસ્થાથી ક્ષીણ ન થતું જ અનુમિત થાય છે; નહિ તો તે પૂર્વ અવસ્થાના ગુરુત્વ આદિ ધર્મોથી હીન થાય. પણ કોઈ શંકા કરે કે વિશ્લિષ્ટ અવયવો અલ્પ હોવાથી ગન્ધાશ્રયોનો વિશેષ છે તો પણ તે દેખાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सूक्ष्मा हि गन्धपरमाणवः सर्वतो विप्रसृता गन्धबुद्धिमुत्पादयन्ति नासिकापुटमनुप्रविशन्त इति चेत्, न, अतीन्द्रियत्वात्परमाणूनाम्, स्फुटगन्धोपलब्धेश्च नागकेसरादिषु, न च लोके प्रतीतिः – गन्धवद्द्रव्यमाघ्रातमिति, गन्ध एव आघ्रात इति तु लौकिकाः प्रतियन्ति । रूपादिष्वाश्रयव्यतिरेकानुपलब्धेर्गन्धस्याप्ययुक्त आश्रयव्यतिरेक इति चेत्, न, प्रत्यक्षत्वादनुमानाप्रवृत्तेः, तस्मात् यत् यथा लोके दृष्टम्, तत् तथैव अनुमन्तव्यं निरूपकैः, नान्यथा, न हि रसो गुणो जिह्वयोपलभ्यत इत्यतो रूपादयोऽपि गुणा जिह्वयैवोपलभ्येरन्निति नियन्तुं शक्यते ॥२६॥

तथा च दर्शयति ॥२७॥

हृदयायतनत्वमणुपरिमाणत्वं च आत्मनः अभिधाय तस्यैव **'आ लोमभ्य आ नखाग्रेभ्यः'** (छा.उप. ८-८-१) इति चैतन्येन गुणेन समस्तशरीरव्यापित्वं दर्शयति ॥२७॥

पृथगुपदेशात् ॥२८॥

'प्रज्ञया शरीरं समारुह्य' (कौषी.उप. ३-६) इति च आत्मप्रज्ञयोः कर्तृकरणभावेन पृथगुपदेशात् चैतन्यगुणेनैव अस्य शरीरव्यापिता गम्यते । **'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय'** (बृह.उप. २-१-१७) इति च कर्तुः शारीरात्पृथग्विज्ञानस्योपदेशः एतमेवाभिप्रायमुपोद्बलयति । तस्मादणुरात्मेति ॥२८॥

एवं प्राप्ते, ब्रूमः –

तद्गुणसारत्वात्तु तद्व्यपदेशः प्राज्ञवत् ॥२९॥

तु-शब्दः पक्षं व्यावर्तयति । नैतदस्ति – अणुरात्मेति, उत्पत्त्यश्रवणात् परस्यैव तु ब्रह्मणः प्रवेशश्रवणात्

નથી; કેમકે સૂક્ષ્મ ગન્ધપરમાણુઓ સર્વ દિશા તરફ ફેલાયેલા થઈ ગન્ધબુદ્ધિ ઉત્પન્ન કરે છે અને નાસિકાપુટમાં અનુપ્રવેશ કરે છે— આવી જો કોઈ શંકા કરે તો એ શંકા યોગ્ય નથી; કેમકે પરમાણુઓ અતીન્દ્રિય છે અને નાગકેસર વગેરેમાં સ્ફુટ ગન્ધ ઉપલબ્ધ થાય છે. વળી ગન્ધવત્ દ્રવ્ય સુંઘ્યું એવી લોકમાં પ્રતીતિ થતી નથી; પણ ગન્ધ જ સુંઘ્યો એમ લૌકિકોની પ્રતીતિ છે. રૂપાદિને વિષે આશ્રયનો વ્યતિરેક પ્રાપ્ત થતો નથી તેથી ગન્ધના પણ આશ્રયનો વ્યતિરેક અયોગ્ય છે એમ કહેશો તો તે યોગ્ય નથી; કેમકે પ્રત્યક્ષ હોવાથી અનુમાન પ્રવૃત્ત થતું નથી. માટે જે જેવું લોકમાં દેખાય તેનું તેવું જ અનુમાન નિરૂપકોએ કરવું, અન્ય પ્રકારે નહિ. રસગુણ જિહ્વાથી ઉપલબ્ધ થાય છે તેથી રૂપાદિ ગુણો પણ જીહ્વાથી જ ઉપલબ્ધ થાય એવો નિયમ કરવો શક્ય નથી. ॥ ૨૬ ॥

અને તેમ (શરીરમાં આત્મા વ્યાપવાથી) (શ્રુતિ પણ) દર્શાવે છે ॥ ૨૭ ॥

આત્માનું હૃદયમાં સ્થાન અને અણુ પરિમાણ કહીને તેનું જ 'आ लोमभ्यः आ नखाग्रेभ्यः' [છાન્દો. ઉપ. ૮/૮/૧] **'લોમપર્યન્ત, નખાગ્રપર્યન્ત'** એમ ચૈતન્ય ગુણ વડે સમસ્ત શરીરમાં વ્યાપવું શ્રુતિ દર્શાવે છે. ॥ ૨૭ ॥

પૃથક્ ઉપદેશથી (આત્મા ચૈતન્ય દ્વારા
શરીરમાં વ્યાપી છે એમ સમજાય છે) ॥ ૨૮ ॥

'प्रज्ञया शरीरं समारुह्य' [કૌષી. ઉપ. ૩/૬] **'પ્રજ્ઞા દ્વારા શરીરનું સમ્યક્ આરોહણ કરીને'** એમ આત્મા અને પ્રજ્ઞાનો કર્તા અને કરમ તરીકે પૃથક્ ઉપદેશ છે તેથી ચૈતન્યગુણ વડે જ એ શરીરમાં વ્યાપીને રહે છે એમ સમજાય છે. **'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय'** [બૃહ. ઉપ. ૨/૧/૧૭] **'ત્યારે એ (વિજ્ઞાનમય પુરુષ) ઇન્દ્રિયોની શક્તિને વિજ્ઞાન વડે—ચૈતન્ય ગુણ વડે લઈને (સૂવે છે)'** એમ કર્તા શારીરથી પૃથક્ વિજ્ઞાનનો ઉપદેશ છે તે એ જ અભિપ્રાયને પુષ્ટ કરે છે; માટે આત્મા અણુ છે ॥ ૨૮ ॥

પણ તેના (બુદ્ધિના) ગુણ જેનો સાર છે એવો હોવાથી,
તેનો (બુદ્ધિના જેવો) વ્યપદેશ છે, પ્રાજ્ઞની જેમ ॥ ૨૯ ॥

તુ શબ્દ ('પણ' શબ્દ) પક્ષની વ્યાવૃત્તિ કરે છે. આત્મા અણુ છે એમ નથી; કેમકે આત્માની ઉત્પત્તિની શ્રુતિ નથી, અને પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तादात्म्योपदेशाच्च परमेव ब्रह्म जीव इत्युक्तम्, परमेव चेद्ब्रह्म जीवः, तस्माद्यावत्परं ब्रह्म तावानेव जीवो भवितुमर्हति, परस्य च ब्रह्मणो विभुत्वमाम्नातम्, तस्माद्विभुर्जीवः, तथा च '**स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः प्राणेषु**' (बृह.उप. ४-४-२२) इत्येवंजातीयका जीवविषया विभुत्ववादाः श्रौताः स्मार्ताश्च समर्थिता भवन्ति । न च अणोर्जीवस्य सकलशरीरगता वेदनोपपद्यते, त्वक्संबन्धात्स्यादिति चेत्, न, कण्टकतोदनेऽपि सकलशरीरगतैव वेदना प्रसज्येत — त्वक्कण्टकयोर्हि संयोगः कृत्स्नायां त्वचि वर्तते — त्वक्च कृत्स्नशरीरव्यापिनीति, पादतल एव तु कण्टकनुन्नो वेदनां प्रतिलभते। न च अणोर्गुणव्याप्तिरुपपद्यते, गुणस्य गुणिदेशत्वात्, गुणत्वमेव हि गुणिनमनाश्रित्य गुणस्य हीयेत, प्रदीपप्रभायाश्च द्रव्यान्तरत्वं व्याख्यातम् । गन्धोऽपि गुणत्वाभ्युपगमात्साश्रय एव संचरितुमर्हति, अन्यथा गुणत्वहानिप्रसङ्गात्, तथा चोक्तं भगवता द्वैपायनेन — '**उपलभ्याप्सु चैद्गन्धं केचिद्ब्रूयुरनैपुणाः । पृथिव्यामेव तं विद्यादपो वायुं च संश्रितम्**' इति। यदि च चैतन्यं जीवस्य समस्तशरीरं व्याप्नुयात्, नाणुर्जीवः स्यात्, चैतन्यमेव हि अस्य स्वरूपम्, अग्नेरिवौष्ण्यप्रकाशौ — नात्र गुणगुणिविभागो विद्यत इति । शरीरपरिमाणत्वं च प्रत्याख्यातम् । परिशेषाद्विभुर्जीवः ॥

कथं तर्हि अणुत्वादिव्यपदेश इत्यत आह — तद्गुणसारत्वात्तु तद्व्यपदेश इति । तस्या बुद्धेः गुणास्तद्गुणाः — इच्छा द्वेषः सुखं दुःखमित्येवमादयः — तद्गुणाः सारः प्रधानं यस्यात्मनः संसारित्वे संभवति, स तद्गुणसारः, तस्य भावस्तद्गुणसारत्वम्। न हि बुद्धेर्गुणैर्विना केवलस्य आत्मनः संसारित्वमस्ति, बुद्ध्युपाधिधर्माध्यासनिमित्तं हि कर्तृत्वभोक्तृत्वादिलक्षणं संसारित्वम् अकर्तुरभोक्तुश्चासंसारिणो नित्यमुक्तस्य सत आत्मनः, तस्मात्तद्गुणसारत्वाद्बुद्धिपरिमाणेनास्य परिणामव्यपदेश

બ્રહ્મના પ્રવેશની શ્રુતિ છે અને તાદાત્મ્યનો ઉપદેશ છે તેથી પર બ્રહ્મ જ જીવ છે એમ કહ્યું છે. જો જીવ પર બ્રહ્મ જ હોય તો જેટલું પર બ્રહ્મ હોય તેટલો જ જીવ થવો યોગ્ય છે; અને પર બ્રહ્મ વિભુ છે એ પ્રમાણે શ્રુતિમાં છે, માટે જીવ વિભુ છે. એ રીતે જ 'स वा एष महानज आत्मा योऽयं विज्ञानमयः प्राणेषु' [બૃહ. ઉપ. ૪/૪/૨૨] '**જે એ વિજ્ઞાનમય છે, પ્રાણથી જુદો છે તે એ મહાન, અજ આત્મા છે**' એ પ્રકારના શ્રુતિના અને સ્મૃતિના વિભુત્વવાદો સમર્થિત થાય છે. વળી અણુ જીવની સમગ્ર શરીરમાં રહેલી વેદના ઉપપન્ન થતી નથી. ત્વચાના સંબન્ધથી થશે એમ કહેશો તો તે બરાબર નથી; કારણકે ત્વચાને કાંટો પીડા કરે ત્યારે પણ સકલશરીરગત વેદના જ પ્રાપ્ત થાય; કારણ કે ત્વચા અને કાંટાનો સંયોગ આખી ત્વચાને વિષે છે, ત્વચા સમગ્ર શરીરને વ્યાપેલી છે તેથી. પણ કાંટાથી પીડાયેલાને પગના તળિયા વેદના થાય છે. તેમજ અણુની ગુણની સાથે વ્યાપ્તિ બરાબર નથી; કારણકે ગુણનો પ્રદેશ ગુણી છે; કારણકે ગુણીનો આશ્રય ન કરે તો ગુણનું ગુણત્વ જ હીન થાય. પ્રદીપ(દીવા)ની પ્રભા તો અન્ય દ્રવ્ય છે એમ વ્યાખ્યાન કર્યું છે. ગન્ધ પણ ગુણ છે એવો સ્વીકાર છે તેથી તે આશ્રયસહિત જ સંચાર કરે એ યુક્ત છે; નહિ તો ગુણત્વની હાનિનો પ્રસંગ આવે. તેવી જ રીતે ભગવાન્ દ્વૈપાયને કહ્યું છે—'उपलभ्याप्सु चेद्गन्धं केचिद् ब्रूयुरनैपुणाः । पृथिव्यामेव तं विद्यादपो वायुं च संश्रितम् ॥' '**પાણીમાં ગન્ધની ઉપલબ્ધિ કરી કેટલાક અનિપુણ પુરુષો તેમાં છે એમ કહે. પણ તે ગન્ધને પૃથ્વીમાં જ જાણવી અને પાણી અને વાયુમાં તેનો સંશ્રય છે**' એમ. જો જીવનું ચૈતન્ય સમગ્ર શરીરમાં વ્યાપે તો જીવ અણુ ન હોય; કેમકે ચૈતન્ય જ એનું સ્વરૂપ છે જેમ અગ્નિનું સ્વરૂપ ઉષ્ણતા અને પ્રકાશ છે, એમાં ગુણ અને ગુણીનો વિભાગ નથી. વળી જીવ શરીરના જેટલું પરિમાણ છે એનું તો નિરાકરણ કર્યું છે. પરિશેષથી જીવ વિભુ છે.

ત્યારે અણુત્વ વગેરે વ્યપદેશ કેવી રીતે છે તેને માટે કહે છે—'तद्गुणसारत्वात्तु तद्व्यपदेशः' એમ. તેના એટલા બુદ્ધિના ગુણો તે તદ્‌ગુણ, એટલે ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ ઇત્યાદિ. તદ્‌ગુણ છે સાર એટલે પ્રધાન જે આત્માના સંસારીપણામાં સંભવે છે તે તદ્‌ગુણસાર, તેનો ભાવ તે તદ્‌ગુણસારત્વ; કેમકે બુદ્ધિના ગુણો વગર માત્ર આત્માનું સંસારિત્વ નથી; કારણ કે અકર્તા, અભોક્તા, અસંસારી, નિત્યમુક્ત એવો જે આત્મા તેનું કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ જેનું લક્ષણ છે એવું સંસારિત્વ બુદ્ધિરૂપ ઉપાધિના ધર્મના અધ્યાસને કારણે જ છે. માટે આત્મા તદ્‌ગુણસાર હોવાથી બુદ્ધિના પરિમાણથી એના પરિમાણનો વ્યપદેશ થાય છે; પોતાની મેળે થતો નથી. વળી તેવી જ રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तदुत्क्रान्त्यादिभिश्च अस्योत्क्रान्त्यादिव्यपदेशः, न स्वतः । तथा च – **'वालाग्रशतभागस्य शतधा कल्पितस्य च । भागो जीवः स विज्ञेयः स चानन्त्याय कल्पते'** (श्वेता.उप. ५-९) इत्यणुत्वं जीवस्योक्त्वा तस्यैव पुनरानन्त्यमाह, तच्चैवमेव समञ्जसं स्यात् – यद्योपचारिकमणुत्वं जीवस्य भवेत्, पारमार्थिकं च आनन्त्यम्, न हि उभयं मुख्यमवकल्पेत, न च आनन्त्यमौपचारिकमिति शक्यं विज्ञातुम्, सर्वोपनिषत्सु ब्रह्मात्मभावस्य प्रतिपिपादयिषितत्वात् । तथेतरस्मिन्नप्युन्माने **'बुद्धेर्गुणेनात्मगुणेन चैव आराग्रमात्रो ह्यवरोऽपि दृष्टः'** (श्वेता.उप. ५-८) इति च बुद्धिगुणसंबन्धेनैव आराग्रमात्रतां शास्ति, न स्वेनैवात्मना । **'एषोऽणुरात्मा चेतसा वेदितव्यः'** (मुण्ड.उप. ३-१-९) इत्यत्रापि न जीवस्य अणुपरिमाणत्वं शिष्यते, परस्यैवात्मनश्चक्षुराद्यनवग्राह्यत्वेन ज्ञानप्रसादगम्यत्वेन च प्रकृतत्वात्, जीवस्यापि च मुख्याणुपरिमाणत्वानुपपत्तेः, तस्माद्दुर्ज्ञानत्वाभिप्रायमिदमणुत्ववचनम्, उपाध्यभिप्रायं वा द्रष्टव्यम् । तथा **'प्रज्ञया शरीरं समारुह्य'** (कौषी.उप. ३-६) इत्येवंजातीयकेष्वपि भेदोपदेशेषु – बुद्ध्यैवोपाधिभूतया जीवः शरीरं समारुह्य – इत्येवं योजयितव्यम्, व्यपदेशमात्रं वा – शिलापुत्रकस्य शरीरमित्यादिवत्, न ह्यत्र गुणगुणिविभागोऽपि विद्यत इत्युक्तम् । हृदयायतनत्ववचनमपि बुद्धेरेव तदायतनत्वात् । तथा उत्क्रान्त्यादीनामप्युपाध्यायत्ततां दर्शयति – **'कस्मिननु अहमुत्क्रान्त उत्क्रान्तो भविष्यामि कस्मिन्वा प्रतिष्ठिते प्रतिष्ठास्यामीति'** (प्रश्न.उप. ६-३) **'स प्राणमसृजत'** (प्रश्न.उप. ६-४) इति, उत्क्रान्त्यभावे हि गत्यागत्योरप्यभावो विज्ञायते, न हि अनपसृप्तस्य देहाद्गत्यागती स्याताम् । एवमुपाधिगुणसारत्वाज्जीवस्याणुत्वादिव्यपदेशः, प्राज्ञवत् । यथा प्राज्ञस्य परमात्मनः सगुणेषूपासनेषु उपाधिगुणसारत्वादणीयस्त्वादिव्यपदेशः – **'अणीयान्व्रीहेर्वा यवाद्वा'**

'वालाग्रशतभागस्य शतधा कल्पितस्य च । भागो जीवः स विज्ञेयः स चानन्त्याय कल्पते ॥' [શ્વેતા. ઉપ. ૫/૯] **'વાળના અગ્રભાગના સોમા ભાગના સો ભાગ કલ્પેલા એવો ભાગ તે જીવ જાણવો, અને તે અનન્તતા માટે સમર્થ છે'** એમ જીવનું અણુત્વ કહીને તેની જ પાછી અનન્તતા કહે છે; અને તે જો જીવનું અણુત્વ ઔપચારિક (ગૌણ) હોય અને અનન્તતા પારમાર્થિક હોય તો જ તે એ રીતે યુક્ત થાય; કેમકે બંને મુખ્ય થઈ શકે નહિ; તેમજ અનન્તતા ઔપચારિક છે (ગૌણ) એવું વિજ્ઞાન શક્ય નથી; કેમકે સમસ્ત ઉપનિષદોમાં બ્રહ્માત્મભાવ પ્રતિપાદન કરવા ઈચ્છ્યો છે. તેમજ બીજા પણ ઉન્માનમાં 'बुद्धेर्गुणेनाऽऽत्मगुणेन चैव आराग्रमात्रो ह्यवरोऽपि दृष्टः' [શ્વેતા. ઉપ. ૫//૮ **'બુદ્ધિના ગુણથી અને આત્માના ગુણથી જ આરના અગ્રના જેટલો બીજો પણ આત્મા જ્ઞાનાત્માથી સમજાય છે'** એમ બુદ્ધિગુણ સંબન્ધથી જ આરના અગ્ર જેટલો છે એમ શાસન કરે છે, પોતાના સ્વરૂપથી નહિ. 'एषोऽणुरात्मा चेतसा वेदितव्यः' [મુણ્ડ ઉપ. ૩/૧/૯] **'એ અણુ આત્મા વિશુદ્ધ જ્ઞાન વડે જાણવો'** એમાં પણ જીવના અણુ પરિમાણનો ઉપદેશ નથી; કારણકે પરમાત્મા જ ચક્ષુરાદિથી અનવગ્રાહ્ય (= જેનું ગ્રહણ ન થઈ શકે એવો) હોવાથી અને જ્ઞાનપ્રસાદગમ્ય (= જ્ઞાનરૂપી પ્રસાદથી ગમ્ય) હોવાથી પ્રકૃત છે; અને જીવને પણ મુખ્ય અણુ પરિમાણ ઉપપન્ન થતું નથી. માટે એ અણુત્વવચન જીવને દુર્જ્ઞાન છે એ અભિપ્રાયવાળું છે અથવા ઉપાધિના અભિપ્રાયવાળું છે એમ સમજવું. તે પ્રમાણે 'प्रज्ञया शरीरं समारुह्य' [કૌષી. ઉપ. ૩/૬] **'પ્રજ્ઞા વડે શરીરનું સમારોહણ કરીને'** એ પ્રકારના પણ ભેદના ઉપદેશોમાં ઉપાધિરૂપ બુદ્ધિથી જ જીવ શરીરનું સમારોહણ કરીને એમ યોજના કરવી યોગ્ય છે; અથવા અહીં પથ્થરની પૂતળીનું શરીર એની જેમ વ્યપદેશમાત્ર છે, કેમકે અહીં ગુણ અને ગુણીનો વિભાગ નથી એમ કહ્યું છે. જીવનું સ્થાન હૃદય છે એ વચન પણ બુદ્ધિનું જ સ્થાન હૃદય છે તેથી છે. તેમજ 'कस्मिन्नहमुत्क्रान्त उत्क्रान्तो भविष्यामि कस्मिन् वा प्रतिष्ठिते प्रतिष्ठास्यामीति' [પ્રશ્ન. ઉપ. ૬/૩] **'શું ઉત્ક્રાન્ત થતાં હું ઉત્ક્રાન્ત થાઉં અને શું પ્રતિષ્ઠિત થતાં હું પ્રતિષ્ઠા પામું'**, 'स प्राणमसृजत' [પ્રશ્ન. ઉપ. ૬/૪] **'તેણે પ્રાણ સર્જ્યો'** એમ ઉત્ક્રાન્તિ વગેરે પણ ઉપાધિને અધીન છે એમ દર્શાવે છે; કેમકે ઉત્ક્રાન્તિને અભાવે ગતિ અને આગતિનો પણ અભાવ સમજાય છે; કેમકે દેહમાંથી નીકળ્યું ન હોય તેની ગતિ અને આગતિ ન થાય. એ પ્રમાણે જેમાં ઉપાધિના ગુણ પ્રધાન છે એવો જીવ હોવાથી એનો અણુત્વ વગેરે નિર્દેશ પ્રાજ્ઞની જેમ છે. જેમ સગુણ ઉપાસનાઓમાં જેમાં ઉપાધિના ગુણ પ્રધાન છે એવો પ્રાજ્ઞ પરમાત્મા હોવાથી તેનો 'अणीयान् व्रीहेर्वा यवाद्वा' [છાન્દો. ઉપ. ૩/૧૪/૩] **'વ્રીહિથી કે યવથી વિશેષ અણુ'** 'मनोमयः प्राणशरीरः सर्वगन्धः सर्वरसः सत्यकामः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(छा.उप. ३-१४-३) **'मनोमयः प्राणमयः प्राणशरीरः सर्वगन्धः सर्वरसः सत्यकामः सत्यसंकल्पः'** (छा.उप. ३-१४-२) इत्येवंप्रकारः – तद्वत् ॥२९॥

स्यादेतत् – यदि बुद्धिगुणसारत्वादात्मनः संसारित्वं कल्प्येत, ततो बुद्ध्यात्मनोर्भिन्नयोः संयोगावसानमवश्यं भावीत्यतो बुद्धिवियोगे सति आत्मनो विभक्तस्यानालक्ष्यत्वादसत्त्वमसंसारित्वं वा प्रसज्येतेति – अत उत्तरं पठति–

यावदात्मभावित्वाच्च न दोषस्तद्दर्शनात् ॥३०॥

नेयमनन्तरनिर्दिष्टदोषप्राप्तिराशङ्कनीया, कस्मात् ? यावदात्मभावित्वाद्बुद्धिसंयोगस्य – यावदयमात्मा संसारी भवति, यावदस्य सम्यग्दर्शनेन संसारित्वं न निवर्तते, तावदस्य बुद्ध्या संयोगो न शाम्यति, यावदेव चायं बुद्ध्युपाधिसंबन्धः, तावदेवास्य जीवत्वं संसारित्वं च, परमार्थतस्तु न जीवो नाम बुद्ध्युपाधिपरिकल्पित-स्वरूपव्यतिरेकेणास्ति, न हि नित्यमुक्तस्वरूपात्सर्वज्ञादीश्वरादन्यश्चेतनो धातुर्द्वितीयो वेदान्तार्थनिरूपणायामुपलभ्यते – **'नान्योऽतोऽस्ति द्रष्टा श्रोता मन्ता विज्ञाता'** (बृह.उप. ३-७-२३) **'नान्यदतोऽस्ति द्रष्टृ श्रोतृ मन्तृ विज्ञातृ'** (छा.उप. ६-८-७) **'तत्त्वमसि'** (छा.उप. ६-१-६) **'अहं ब्रह्मास्मि'** (बृह.उप. १-४-७) इत्यादिश्रुतिशतेभ्यः । कथं पुनरवगम्यते यावदात्मभावी बुद्धिसंयोग इति ? तद्दर्शनादित्याह, तथा हि शास्त्रं दर्शयति – **'योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः पुरुषः स समानः सन्नुभौ लोकावनुसंचरति ध्यायतीव लेलायतीव'** (बृह.उप. ४-३-७) इत्यादि, तत्र विज्ञानमय इति बुद्धिमय इत्येतदुक्तं भवति, प्रदेशान्तरे **'विज्ञानमयो मनोमयः प्राणमयश्चक्षुर्मयः श्रोत्रमयः'** इति विज्ञानमयस्य मनआदिभिः सह पाठात्, बुद्धिमयत्वं

सत्यसंकल्पः' [છાન્દો. ઉપ. ૩/૧૪/૨] **'મનોમય, પ્રાણશરીર, સર્વગન્ધ, સર્વરસ, સત્યકામ અને સત્યસંકલ્પ'** એમ વિશેષ અણુ ઇત્યાદિ નિર્દેશ છે તે પ્રમાણે ॥ ૨૯ ॥

પણ જો બુદ્ધિના ગુણો જેમાં પ્રધાન છે એવો હોવાથી આત્મા સંસારી છે એમ કલ્પાય તો બુદ્ધિ અને આત્મા જે ભિન્ન છે તેમના સંયોગનો અવસાન અવશ્ય થશે તેથી બુદ્ધિનો વિયોગ થયે વિભક્ત થયેલો આત્મા અનાલક્ષ્ય હોવાથી તેનું અસત્ત્વ કે અસંસારિત્વ પ્રસક્ત થાય; માટે ઉત્તર સૂત્ર પઠે છે—

(બુદ્ધિસંયોગ) જ્યાં સુધી આત્મા સંસારી છે ત્યાં સુધી હોવાથી (એ) દોષ નથી; કારણકે તેનું શ્રુતિમાં દર્શન છે ॥ ૩૦ ॥

એ અનન્તર એટલે કે નિર્દિષ્ટ દોષ પ્રાપ્તિની શંકા કરવી યોગ્ય નથી. શાથી ? બુદ્ધિસંયોગ યાવદાત્મભાવી છે તેથી. જ્યાં સુધી એ આત્મા સંસારી છે, જ્યાં સુધી સમ્યગ્દર્શનથી એનું સંસારિત્વ નિવૃત્ત થતું નથી, ત્યાં સુધી બુદ્ધિ સાથે એનો સંયોગ શાન્ત થતો નથી. વળી જ્યાં સુધી બુદ્ધિરૂપ ઉપાધિ સાથે સંબન્ધ છે ત્યાં સુધી જીવનું જીવત્વ અને સંસારિત્વ છે. પરમાર્થ રીતે તો બુદ્ધિરૂપી ઉપાધિના સંબન્ધથી પરિકલ્પેલા સ્વરૂપથી જુદો જીવ છે જ નહિ; કેમકે નિત્ય, મુક્તસ્વરૂપ, સર્વજ્ઞ, ઈશ્વરથી અન્ય, બીજું ચેતનતત્ત્વ વેદાન્તના અર્થનું નિરૂપણ કરતાં ઉપલબ્ધ થતું નથી; કારણ કે 'नान्योऽतोऽस्ति द्रष्टा श्रोता मन्ता विज्ञाता' [બૃહ. ઉપ. ૩/૭/૨૩] **'એથી અન્ય દ્રષ્ટા, શ્રોતા, મનનકર્તા કે વિજ્ઞાતા નથી'**, 'नान्यतोऽस्ति द्रष्टृ श्रोतृ मन्तृ विज्ञातृ' [છાન્દો. ઉપ. ૬/૮/૭] **'એથી અન્ય દ્રષ્ટૃ, શ્રોતૃ, મનનકર્તૃ કે વિજ્ઞાતૃ નથી'**, 'तत्त्वमसि' [છાન્દો. ઉપ. ૬/૧/૬] **'તે તું છે'**, 'अहं ब्रह्मास्मि' [બૃહ. ઉપ. ૧/૪/૭] **'હું બ્રહ્મ છું'** ઇત્યાદિ ઘણી શ્રુતિ છે. પણ બુદ્ધિસંયોગ યાવદાત્મભાવી છે એમ શાથી સમજાય છે ? તેના દર્શનથી એમ કહે છે; કેમકે 'योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः पुरुषः स समानः सन्नुभौ लोकावनुसंचरति ध्यायतीव लेलायतीव' [બૃહ. ઉપ. ૪/૩/૭] **'જે એ વિજ્ઞાનમય છે, પ્રાણથી વ્યતિરિક્ત છે, બુદ્ધિને વિષે છે, જ્યોતિઃ સ્વરૂપ, પૂર્ણ છે, તે બુદ્ધિસમાન થઈ બન્ને લોકમાં સંચરે છે, જાણે ધ્યાનવ્યાપાર કરેં છે, જાણે અત્યર્થ ચલન કરે છે'** ઇત્યાદિ શાસ્ત્ર દર્શાવે છે. તેમાં विज्ञानमयः એ પદથી બુદ્ધિમય એ કહ્યું સમજવું; કારણકે અન્ય પ્રદેશમાં 'विज्ञानमयो मनोमयः प्राणमयश्चक्षुर्मयः श्रोत्रमयः' **'વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમય, ચક્ષુર્મય, શ્રોત્રમય'** એમાં વિજ્ઞાનમયનો મન આદિની સાથે પાઠ છે. બુદ્ધિમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

च तद्गुणसारत्वमेवाभिप्रेयते – यथा लोके स्त्रीमयो देवदत्त इति स्त्रीरागादिप्रधानोऽभिधीयते, तद्वत्, **'स समानः सन्नुभौ लोकावनुसंचरति'** इति च लोकान्तरगमनेऽप्यवियोगं बुद्ध्या दर्शयति, केन समानः ? तयैव बुद्ध्येति गम्यते, संनिधानात्, तच्च दर्शयति – **'ध्यायतीव लेलायतीव'** इति, एतदुक्तं भवति – नायं स्वतो ध्यायति, नापि चलति, ध्यायन्त्यां बुद्धौ ध्यायतीव, चलन्त्यां बुद्धौ चलतीवेति । अपि च मिथ्याज्ञानपुरःसरोऽयमात्मनो बुद्ध्युपाधिसंबन्धः, न च मिथ्याज्ञानस्य सम्यग्ज्ञानादन्यत्र निवृत्तिरस्तीत्यतो यावद्ब्रह्मात्मतानवबोधः, तावदयं बुद्ध्युपाधिसंबन्धो न शाम्यति, दर्शयति च – **'वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् । तमेव विदित्वाति मृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय'** (श्वेता.उप. ३-८) इति ॥३०॥

ननु सुषुप्तप्रलययोर्न शक्यते बुद्धिसंबन्ध आत्मनोऽभ्युपगन्तुम्, **'सता सोम्य तदा संपन्नो भवति स्वमपीतो भवति'** (छा.उप. ६-८-१) इति वचनात्, कृत्स्नविकारप्रलयाभ्युपगमाच्च, तत्कथं यावदात्मभावित्वं बुद्धिसंबन्धस्येति, अत्रोच्यते–

पुंस्त्वादिवत्त्वस्य सतोऽभिव्यक्तियोगात् ॥३१॥

यथा लोके पुंस्त्वादीनि बीजात्मना विद्यमानान्येव बाल्यादिष्वनुपलभ्यमानान्यविद्यमानवदभिप्रेयमाणानि यौवनादिष्वाविर्भवन्ति, न अविद्यमानान्युत्पद्यन्ते, षण्डादीनामपि तदुत्पत्तिप्रसङ्गात् – एवमयमपि बुद्धिसंबन्धः शक्त्यात्मना विद्यमान एव सुषुप्तप्रलययोः पुनः प्रबोधप्रसवयोराविर्भवति, एवं हि एतद्युज्यते, न हि आकस्मिकी कस्यचिदुत्पत्तिः संभवति, अतिप्रसङ्गात् । दर्शयति च सुषुप्तादुत्थानमविद्यात्मकबीजसद्भावकारितम् – **'सति संपद्य न विदुः सति संपद्यामह**

એટલે બુદ્ધિના ગુણ જેમાં પ્રધાન છે એવો એમ અભિપ્રાય છે. જેમ લોકમાં 'સ્ત્રીમય દેવદત્ત' એટલે સ્ત્રીરાગ આદિ જેમાં પ્રધાન છે એવો એમ અભિધાન થાય છે તે પ્રમાણે. 'स समानः सन्नुभौ लोकावनुसंचरति' **'તે બુદ્ધિસમાન થઈ બંને લોકમાં સંચરે છે'** એમ અન્ય લોકમાં ગમન કરવામાં પણ બુદ્ધિ સાથે અવિયોગ દર્શાવે છે. કોની સાથે સમાન, તે જ બુદ્ધિની સાથે એમ સમજાય છે, પાસે છે તેથી, અને તે 'ध्यायतीव लेलायतीव' **'જાણે ધ્યાનવ્યાપાર કરે છે, જાણે અત્યર્થ ચલન કરે છે'** એ દર્શાવે છે. તાત્પર્ય આ છે—એ (આત્મા) સ્વતઃ ધ્યાનવ્યાપાર કરતો નથી, તેમજ ચલન પણ કરતો નથી, બુદ્ધિ ધ્યાનવ્યાપાર કરે છે એટલે એ જાણે ધ્યાનવ્યાપાર કરે છે અને બુદ્ધિ ચલન કરે છે એટલે એ જાણે ચલન કરે છે. વળી આત્માનો બુદ્ધિરૂપ ઉપાધિ સાથે એ સંબન્ધ મિથ્યાજ્ઞાન જેમાં પુરઃસર છે એવો છે; અને મિથ્યાજ્ઞાનની સમ્યગ્જ્ઞાનથી અન્યત્ર નિવૃત્તિ નથી તેથી જ્યાં સુધી બ્રહ્માત્મતાનો અવબોધ નથી ત્યાં સુધી બુદ્ધિરૂપ ઉપાધિ સાથે એ સંબન્ધ શમતો નથી. વળી 'वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् । तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥' [શ્વેતા. ઉપ. ૩/૮] **'એ આત્મા જે મહાન પ્રકાશરૂપ અને અજ્ઞાનથી પર છે તેને હું જાણું છું. તેને જ જાણીને મૃત્યુ ઓળંગે છે; પરમપદપ્રાપ્તિ માટે બીજો માર્ગ નથી'** એ દર્શાવે છે ॥ ૩૦ ॥

પણ સુષુપ્તિ અને પ્રલયમાં આત્માનો બુદ્ધિ સાથે સંબન્ધ સ્વીકારવો શક્ય નથી; કેમકે 'सता सोम्य तदा संपन्नो भवति स्वमपीतो भवति' [છાન્દો. ઉપ. ૬/૮/૧] **'હે સૌમ્ય, {જ્યારે પુરુષ સ્વપિતિ - ઊંઘે છે એમ કહેવાય છે} ત્યારે સચ્છબ્દવાચ્ય દેવતા (= પરમાત્મા) સાથે એકીભૂત થાય છે; {મન આદિ સંસર્ગથી થયેલા જીવરૂપનો પરિત્યાગ કરીને} સ્વ એટલે સદ્રૂપ જે પરમાર્થ સત્ય છે તેમાં લીન થાય છે {તેટલા માટે એને સ્વપિતિ કહે છે}'** એવું વચન છે અને બધા વિકારના પ્રલયનો સ્વીકાર છે, તો યાવદાત્મભાવી બુદ્ધિસંબન્ધ કેવી રીતે શક્ય બને તેને વિષે કહે છે :

પણ પુંસ્ત્વ વગેરે જેમ વિદ્યમાન છે એની (એ આત્મ-બુદ્ધિસંયોગની) અભિવ્યક્તિ યુક્ત (બરાબર) છે ॥ ૩૧ ॥

જેમ લોકમાં પુંસ્ત્વ વગેરે, બીજસ્વરૂપે વિદ્યમાન જ, બાલ્ય વગેરેને વિષે અનુપલબ્ધ થતાં, અવિદ્યમાન જેવાં ઈચ્છાતાં, યૌવન આદિને વિષે આવિર્ભૂત (= પ્રકટ, પ્રકાશમાન) થાય છે,- અવિદ્યમાન ઉત્પન્ન થતાં નથી; કેમકે ષણ્ડ આદિને પણ તેની ઉત્પત્તિ પ્રાપ્ત થાય એવી રીતે આ બુદ્ધિસંબન્ધ પણ, સુષુપ્તિ અને પ્રલયમાં શક્તિસ્વરૂપે વિદ્યમાન જ, પુનઃ પ્રબોધ અને પ્રસવમાં આવિર્ભૂત થાય છે; કારણ કે એ રીતે યોગ્ય છે; કેમકે કોઈની પણ આકસ્મિક ઉત્પત્તિ સંભવતી નથી, અતિપ્રસંગ થાય તેથી. વળી 'सति संपद्य न विदुः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इति' 'त इह व्याघ्रो वा सिंहो वा' (छा.उप. ६-९-२,३) इत्यादिना । तस्मात्सिद्धमेतत् – यावदात्मभावी बुद्ध्याद्युपाधिसंबन्ध इति ॥३१॥

नित्योपलब्ध्यनुपलब्धिप्रसङ्गोऽन्यतरनियमो वान्यथा ॥३२॥

तच्चात्मन उपाधिभूतम् – अन्तःकरणं मनो बुद्धिर्विज्ञानं चित्तमिति च अनेकधा तत्र तत्राभिलप्यते, क्वचिच्च वृत्तिविभागेन – संशयादिवृत्तिकं मन इत्युच्यते, निश्चयादिवृत्तिकं बुद्धिरिति, तच्चैवं भूतमन्तःकरणमवश्यमस्तीत्यभ्युपगन्तव्यम्, अन्यथा ह्यनभ्युपगम्यमाने तस्मिन्नित्योपलब्ध्यनुपलब्धिप्रसङ्गः स्यात् – आत्मेन्द्रियविषयाणामुपलब्धिसाधनानां संनिधाने सति नित्यमेवोपलब्धिः प्रसज्येत, अथ सत्यपि हेतुसमवधाने फलाभावः, ततो नित्यमेवानुपलब्धिः प्रसज्येत, न चैवं दृश्यते । अथवा अन्यतरस्यात्मन इन्द्रियस्य वा शक्तिप्रतिबन्धोऽभ्युपगन्तव्यः, न च आत्मनः शक्तिप्रतिबन्धः संभवति, अविक्रियत्वात्, नापि इन्द्रियस्य, न हि तस्य पूर्वोत्तरयोः क्षणयोरप्रतिबद्धशक्तिकस्य सतोऽकस्माच्छक्तिः प्रतिबध्येत । तस्मात् यस्यावधानानवधानाभ्यामुपलब्ध्यनुपलब्धी भवतः, तन्मनः । तथा च श्रुतिः – **'अन्यत्रमना अभूवं नादर्शमन्यत्रमना अभूवं नाश्रौषम्'** (बृह.उप. १-५-३) इति, **'मनसा ह्येव पश्यति मनसा शृणोति'** (बृह.उप. १-५-३) इति च, कामादयश्चास्य वृत्तय इति दर्शयति – **'कामः संकल्पो विचिकित्सा श्रद्धाश्रद्धा धृतिरधृतिर्ह्रीर्धीर्भीरित्येतत्सर्वं मन एव'** (बृह.उप. १-५-३) इति । तस्माद्युक्तमेतत् – **तद्गुणसारत्वात्तद्व्यपदेश** (ब्र.सू. २-३-२९) इति ॥३२॥

सति संपद्यामह इति' 'त इह व्याघ्रो वा सिंहो वा' [છાન્દો. ઉપ. ૬/૯/૨-૩] **'આ સર્વ પ્રજા, હે સોમ્ય, દરરોજ સચ્છબ્દવાચ્ય દેવતા સાથે સુષુપ્તકાળમાં, મરણ અને પ્રલયમાં એકીભૂત થઈ અમે સત્ સાથે એકીભૂત થઈએ છીએ એમ જાણતી નથી; તેથી તેઓ આ લોકમાં વાઘ કે સિંહ જે પૂર્વે હોય છે તે થાય છે'** ઇત્યાદિ વડે સુષુપ્તિમાંથી ઊઠવું તે અવિદ્યાત્મક બીજ સદ્ભાવથી કરાયેલું દર્શાવે છે. માટે બુદ્ધિ વગેરે ઉપાધિ સાથે આત્માનો સંબન્ધ યાવદાત્મભાવી છે એમ સિદ્ધ થયું ॥ ૩૧ ॥

અન્યથા (બુદ્ધિ ન સ્વીકારીએ તો) નિત્ય ઉપલબ્ધિ કે
અનુપલબ્ધિનો પ્રસંગ થાય,અથવા બે(આત્મા અને બુદ્ધિમાંથી)
એકનો નિયમ (શક્તિનો પ્રતિબન્ધ) થાય ॥ ૩૨ ॥

આત્માનું ઉપાધિભૂત તે અન્તઃકરણ જુદાં જુદાં સ્થળે મન, બુદ્ધિ, વિજ્ઞાન, ચિત્ત એમ અનેક પ્રકારે કહેવાય છે. ક્યારેક વૃત્તિના વિભાગથી સંશયાદિ જેની વૃત્તિ છે તે મન, નિશ્ચયાદિ જેની વૃત્તિ છે તે બુદ્ધિ, એમ કહેવાય છે. તે એ પ્રકારનું અન્તઃકરણ અવશ્ય છે એમ સ્વીકારવું યોગ્ય છે; કારણકે અન્યથા-તે ન સ્વીકારાય તો-નિત્ય ઉપલબ્ધિ કે અનુપલબ્ધિનો પ્રસંગ થાય. આત્મા, ઇન્દ્રિય અને વિષય, જે ઉપલબ્ધિનાં સાધનો છે તે સંનિહિત (= પાસે) હોય તો નિત્ય ઉપલબ્ધિ, પ્રાપ્ત થાય. જો હેતુનું સમવધાન (= પાસે હોવાપણું) હોય તો પણ ફળનો અભાવ થાય તો પણ નિત્ય પ્રાપ્ત અનુપલબ્ધિ જ પ્રસક્ત થાય, પણ એમ દેખાતું નથી. અથવા, બેમાંથી એકનો, આત્માનો કે ઇન્દ્રિયનો શક્તિપ્રતિબન્ધ સ્વીકારવો. આત્માનો શક્તિપ્રતિબન્ધ સંભવતો નથી; કારણકે વિકારરહિત છે. તેમજ ઇન્દ્રિયનો પણ શક્તિપ્રતિબન્ધ સંભવતો નથી; કારણકે પૂર્વ અને ઉત્તર ક્ષણમાં જેની શક્તિ અપ્રતિબદ્ધ છે તેની શક્તિ અકસ્માત્ પ્રતિબદ્ધ થાય નહિ. માટે જેના અવધાન અને અનવધાનથી ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ થાય છે તે મન છે. તેવી જ શ્રુતિ છે : — 'अन्यत्रमना अभूवं नादर्शमन्यत्रमना अभूवं नाश्रौषम्' [બૃહ. ઉપ. ૧/૫/૩] **'અન્યત્ર જેનું મન છે એવો હું હતો તેથી મેં જોયું નહિ : જેનું મન અન્યત્ર છે એવો હું હતો, તેથી મેં સાંભળ્યું નહિ'**, 'मनसा ह्येव पश्यति मनसा शृणोति' [બૃહ. ઉપ. ૧/૫/૩] **'કેમકે મન વડે જ જુએ છે, મન વડે સાંભળે છે'**. વળી કામાદિ એની વૃત્તિઓ છે એમ 'कामः संकल्पो विचिकित्सा श्रद्धाऽश्रद्धा धृतिरधृतिर्ह्रीर्धीर्भीरित्येतत् सर्वे मन एव' [બૃહ. ઉપ. ૧/૫/૩] **'કામ, સંકલ્પ, સંશયજ્ઞાન, આસ્તિક્યબુદ્ધિ, અનાસ્તિક્યબુદ્ધિ, ધૈર્ય, અધૈર્ય, લજ્જા, પ્રજ્ઞા, ભય એ સર્વ મન જ છે'** અન્તઃકરણ જે મન તેનાં રૂપો છે એ શ્રુતિ દર્શાવે છે. માટે 'तद्गुणसारत्वात्तद्व्यपदेशः' [બ્ર.સૂ. ૨/૩/૨૯] એ યોગ્ય છે ॥ ૩૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

१४. कर्त्रधिकरणम्

कर्ता शास्त्रार्थवत्त्वात् ॥३३॥

तद्गुणसारत्वाधिकारेणैवापरोऽपि जीवधर्मः प्रपञ्च्यते । कर्ता च अयं जीवः स्यात्, कस्मात् ? शास्त्रार्थवत्त्वात् – एवं च **'यजेत' 'जुहुयात्' 'दद्यात्'** इत्येवंविधं विधिशास्त्रमर्थवद्भवति, अन्यथा तदनर्थकं स्यात्, तद्धि कर्तुः सतः कर्तव्यविशेषमुपदिशति, न च असति कर्तृत्वे तदुपपद्येत । तथेदमपि शास्त्रमर्थवद्भवति – **'एष हि द्रष्टा श्रोता मन्ता बोद्धा कर्ता विज्ञानात्मा पुरुषः'** (प्रश्न.उप. ४-९) इति ॥३३॥

विहारोपदेशात् ॥३४॥

इतश्च जीवस्य कर्तृत्वम्, यज्जीवप्रक्रियायां संध्ये स्थाने विहारमुपदिशति – **'स ईयतेऽमृतो यत्र कामम्'** (बृह.उप. ४-३-१२) इति, **'स्वे शरीरे यथाकामं परिवर्तते'** (बृह.उप. २-१-१८) इति च ॥३४॥

उपादानात् ॥३५॥

इतश्चास्य कर्तृत्वम्, यज्जीवप्रक्रियायामेव करणानामुपादानं संकीर्तयति – **'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय'** (बृह.उप. २-१-१७) इति, **'प्राणान्गृहीत्वा'** (बृह.उप. २-१-१८) इति च ॥३५॥

व्यपदेशाच्च क्रियायां न चेन्निर्देशविपर्ययः ॥३६॥

इतश्च जीवस्य कर्तृत्वम्, यदस्य लौकिकीषु वैदिकीषु च क्रियासु कर्तृत्वं व्यपदिशति शास्त्रम् – **'विज्ञानं यज्ञं**

---

१४. કર્તૃ-અધિકરણ

(જીવ) કર્તા છે, શાસ્ત્ર (આથી) પ્રયોજનવાળું છે તેથી ॥ ૩૩ ॥

તદ્‌ગુણસારત્વ (= તેના-બુદ્ધિના-ગુણ જેમાં પ્રધાન છે તે તદ્‌ગુણસાર, આત્મા. તેનો ભાવ તે તદ્‌ગુણસારત્વ) અધિકારથી જ અન્ય પણ જીવધર્મનો પ્રપંચ (= વિસ્તાર) કરાય છે. એ જીવ કર્તા થાય. શાથી ? શાસ્ત્ર પ્રયોજનવાળું છે તેથી. એ રીતે 'यजेत' **'તે યજ્ઞ કરે'**, 'जुहुयात्' **'તેણે હોમ કરવો'**, 'दद्यात्' **'તેણે દાન કરવું'** એ પ્રકારનું વિધિશાસ્ત્ર સાર્થક-પ્રયોજનવાળું થાય છે. નહિ તો તે અનર્થક થાય; કારણ કે તે શાસ્ત્ર વિદ્યમાન કર્તાના કર્તવ્યનો ઉપદેશ કરે છે; અને કર્તા ન હોય તો તે ઉપપન્ન થાય નહિ. તેમજ 'एष हि द्रष्टा श्रोता मन्ता बोद्धा कर्ता विज्ञानात्मा पुरुषः' [પ્રશ્ન ઉપ. ૪/૯] **'કેમકે એ દ્રષ્ટા, શ્રોતા, મનન કરનાર, બોધ કરનાર, કર્તા છે અને વિજ્ઞાનસ્વરૂપ પુરુષ છે'** એ શાસ્ત્ર પણ સાર્થક થાય છે ॥ ૩૩ ॥

વિહાર(= સંચાર, ક્રિયા)ના ઉપદેશથી (જીવ કર્તા છે) ॥ ૩૪ ॥

આથી પણ જીવ કર્તા છે, કે જીવના પ્રકરણમાં સ્વપ્નાવસ્થામાં (શ્રુતિ) વિહારનો ઉપદેશ કરે છે—'स ईयतेऽमृतो यत्र कामम्' [બૃહ. ઉપ. ૪/૩/૧૨] **'તે અમૃત જીવ જયાં ઈચ્છા થાય છે ત્યાં જાય છે'** અને 'स्वे शरीरं यथाकामं परिवर्तते' [બૃહ. ઉપ. ૨/૧/૧૮] **'પોતાના જ દેહમાં ઈચ્છા પ્રમાણે પરિવર્તન કરે છે—(પૂર્વે અનુભવેલી વસ્તુના જેવી વાસના અનુભવે છે)** એમ ॥ ૩૪ ॥

ઉપાદાન(= ગ્રહણ)થી (જીવ કર્તા છે) ॥ ૩૫ ॥

આથી પણ એ (આત્મા) કર્તા છે કે જીવના પ્રકરણમાં જ (શ્રુતિ) ઇન્દ્રિયોનું ઉપાદન (= ગ્રહણ) કહે છે—'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय' [બૃહ. ઉપ. ૨/૧/૧૭] **'ત્યારે સ્વપ્નાવસ્થામાં એ વાગાદિ પ્રાણોના વિજ્ઞાનથી-બુદ્ધિથી વિજ્ઞાનને લઈને'** અને 'प्राणान्गृहीत्वा' [બૃહ. ઉપ. ૨/૧/૧૮] **'પ્રાણોનું ગ્રહણ કરીને'** એમ ॥ ૩૫ ॥

અને ક્રિયાને વિષે વ્યપદેશ હોવાથી (જીવ કર્તા છે), નહિ તો નિર્દેશનો વિપર્યય થાય ॥ ૩૬ ॥

વળી આથી જીવ કર્તા છે કે લૌકિકી અને વૈદિકી ક્રિયાઓને વિષે શાસ્ત્ર એ કર્તા છે એવો નિર્દેશ કરે છે—'विज्ञानं यज्ञं तनुते

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तनुते कर्माणि तनुतेऽपि च' (तैत्ति.उप. २-५-१) इति । ननु विज्ञानशब्दो बुद्धौ समधिगतः, कथमनेन जीवस्य कर्तृत्वं सूच्यत इति, नेत्युच्यते – जीवस्यैवैष निर्देशः, न बुद्धेः, न चेज्जीवस्य स्यात्, निर्देशविपर्ययः स्यात् – विज्ञानेनेत्येवं निरदेक्ष्यत्, तथा हि अन्यत्र बुद्धिविवक्षायां विज्ञानशब्दस्य करणविभक्तिनिर्देशो दृश्यते – **'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय**' (बृह.उप. २-१-१७) इति, इह तु **'विज्ञानं यज्ञं तनुते'** (तैत्ति.उप. २-५-१) इति कर्तृसामानाधिकरण्यनिर्देशाद्बुद्धिव्यतिरिक्तस्यैवात्मनः कर्तृत्वं सूच्यत इत्यदोषः ॥३६॥

अत्राह – यदि बुद्धिव्यतिरिक्तो जीवः कर्ता स्यात्, स स्वतन्त्रः सन् प्रियं हितं चैव आत्मनो नियमेन संपादयेत्, न विपरीतम्, विपरीतमपि तु संपादयन्नुपलभ्यते, न च स्वतन्त्रस्यात्मनः ईदृशी प्रवृत्तिरनियमेनोपपद्यत इति, अत उत्तरं पठति–

उपलब्धिवदनियमः ॥३७॥

यथायमात्मोपलब्धिं प्रति स्वतन्त्रोऽपि अनियमेनेष्टमनिष्टं च उपलभते, एवमनियमेनैवेष्टमनिष्टं च संपादयिष्यति, उपलब्धावप्यस्वातन्त्र्यम्, उपलब्धिहेतूपादानोपलम्भादिति चेत्, न, विषयप्रकल्पनामात्रप्रयोजनत्वादुपलब्धिहेतूनाम्, उपलब्धौ तु अनन्यापेक्षत्वमात्मनः, चैतन्ययोगात् । अपि च अर्थक्रियायामपि नात्यन्तमात्मनः स्वातन्त्र्यमस्ति, देशकालनिमित्तविशेषापेक्षत्वात्, न च सहायापेक्षस्य कर्तुः कर्तृत्वं निवर्तते, भवति ह्येधोदकाद्यपेक्षस्यापि पक्तुः पक्तृत्वम्, सहकारिवैचित्र्याच्च इष्टानिष्टार्थक्रियायामनियमेन प्रवृत्तिरात्मनो न विरुध्यते ॥३७॥

शक्तिविपर्ययात् ॥३८॥

इतश्च विज्ञानव्यतिरिक्तो जीवः कर्ता भवितुमर्हति । यदि पुनर्विज्ञानशब्दवाच्या बुद्धिरेव कर्त्री स्यात्, ततः शक्तिविपर्ययः

कर्माणि तनुतेऽपि च' [तैत्ति. ઉપ. ૨/૫/૧] **'વિજ્ઞાન યજ્ઞ કરે છે અને કર્મો પણ કરે છે'** એમ. પણ વિજ્ઞાન શબ્દ બુદ્ધિને વિષે સમજાય છે, એથી જીવનું કર્તૃત્વ શી રીતે સૂચવાય છે ? ના એમ કહીએ છીએ. એ જીવનો જ નિર્દેશ છે, બુદ્ધિનો નથી. જો જીવનો નિર્દેશ ન હોય તો નિર્દેશનો વિપર્યય થાય. विज्ञानेन (વિજ્ઞાન વડે) એમ નિર્દેશ કરત. જેમકે અન્ય સ્થળે બુદ્ધિની વિવક્ષાને વિષે વિજ્ઞાનશબ્દ કરણવિભક્તિનો નિર્દેશ દેખાય છે—'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय' [બૃહ. ઉપ. ૨/૧/૧૭] **'ત્યારે એ પ્રાણોના વિજ્ઞાનથી વિજ્ઞાનને લઈને'** એમ. અહીં તો 'विज्ञानं यज्ञं तनुते' [તૈત્તિ. ઉપ. ૨/૫/૧] **'વિજ્ઞાન યજ્ઞ કરે છે'** એમ કર્તાના સામાનાધિકરણ્યનો નિર્દેશ છે તેથી બુદ્ધિથી જુદા જ આત્માનું કર્તૃત્વ સૂચવાય છે એટલે દોષ નથી ॥ ૩૬ ॥

અહીં કહે છે—જો બુદ્ધિથી અન્ય જીવ કર્તા હોય તો તે સ્વતન્ત્ર હોઈ પોતાનું જ પ્રિય અને હિત નિયમે સંપાદન કરે, વિપરીત નહિ; પણ વિપરીત સંપાદન કરતો પણ ઉપલબ્ધ થાય છે; અને સ્વતન્ત્ર આત્માની એવી પ્રવૃત્તિ અનિયમે ઉપપન્ન થતી નથી એમ. એથી ઉત્તર સૂત્ર કહે છે :

ઉપલબ્ધિની જેમ અનિયમ છે ॥ ૩૭ ॥

જેમ આ આત્મા ઉપલબ્ધિ પ્રતિ સ્વતન્ત્ર છે, તો પણ અનિયમે ઈષ્ટ અને અનિષ્ટ ઉપલબ્ધ કરે છે એમ અનિયમો જ ઈષ્ટ અને અનિષ્ટ સંપાદન કરશે. ઉપલબ્ધિને વિષે પણ આત્મા અસ્વતન્ત્ર છે, કારણકે ઉપલબ્ધિના હેતુનું ઉપાદાન પ્રાપ્ત કરવું પડે છે એમ જો કહેશો તો તે બરાબર નથી; કારણકે ઉપલબ્ધિના હેતુનું પ્રયોજન વિષય પ્રકલ્પના જ છે; ઉપલબ્ધિને વિષે તો આત્માને અન્યની અપેક્ષા નથી; કારણ કે ચૈતન્યનો યોગ છે. વળી અર્થક્રિયામાં પણ આત્મા અત્યન્ત સ્વતન્ત્ર નથી, કારણકે તેને દેશવિશેષ, કાલવિશેષ અને નિમિત્તવિશેષની અપેક્ષા છે. પણ જેને સહાયની અપેક્ષા છે એવા કર્તાનું કર્તૃત્વ નિવૃત્ત થતું નથી; કેમકે લાકડાં, પાણી આદિની અપેક્ષાવાળો પાકકર્તા પણ પાકકર્તા થાય છે. સહકારીના વિચિત્રપણાથી આત્માની અર્થક્રિયાને વિષે અનિયમે પ્રવૃત્તિ વિરુદ્ધ થતી નથી ॥ ૩૭ ॥

શક્તિના વિપર્યયથી (જીવ કર્તા છે) ॥ ૩૮ ॥

વળી આથી વિજ્ઞાનથી ભિન્ન જીવ કર્તા થવો યોગ્ય છે. જો વિજ્ઞાનશબ્દવાચ્ય બુદ્ધિ જ કર્ત્રી હોય તો શક્તિનો વિપર્યય થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्यात् — करणशक्तिर्बुद्धेर्हीयेत, कर्तृशक्तिश्चापद्येत, सत्यां च बुद्धेः कर्तृशक्तौ, तस्या एव अहंप्रत्ययविषयत्वमभ्युपगन्तव्यम्, अहंकारपूर्विकाया एव प्रवृत्तेः सर्वत्र दर्शनात् — **'अहं गच्छामि, अहमागच्छामि, अहं भुञ्जे, अहं पिबामि'** इति च, तस्याश्च कर्तृशक्तियुक्तायाः सर्वार्थकारि करणमन्यत्कल्पयितव्यम्, शक्तोऽपि हि सन् कर्ता करणमुपादाय क्रियासु प्रवर्तमानो दृश्यते, ततश्च संज्ञामात्रे विवादः स्यात्, न वस्तुभेदः कश्चित्, करणव्यतिरिक्तस्य कर्तृत्वाभ्युपगमात् ॥३८॥

समाध्यभावाच्च ॥३९॥

योऽप्ययमौपनिषदात्मप्रतिपत्तिप्रयोजनः समाधिरुपदिष्टो वेदान्तेषु — **'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः'** (बृह.उप. २-४-५) **'ओमित्येवं ध्यायथ आत्मानम्'** (मुण्ड.उप. २-२-६) इत्येवंलक्षणः, सोऽप्यसत्यात्मनः कर्तृत्वे नोपपद्येत । तस्मादप्यस्य कर्तृत्वसिद्धिः ॥३९॥

१५. तक्षाधिकरणम् ।

यथा च तक्षोभयथा ॥४०॥

एवं तावच्छास्त्रार्थवत्त्वादिभिर्हेतुभिः कर्तृत्वं शारीरस्य प्रदर्शितम्, तत्पुनः स्वाभाविकं वा स्यात्, उपाधिनिमित्तं वेति चिन्त्यते । तत्रैतैरेव शास्त्रार्थवत्त्वादिभिर्हेतुभिः स्वाभाविकं कर्तृत्वम्, अपवादहेत्वभावादिति । एवं प्राप्ते, ब्रूमः — न स्वाभाविकं कर्तृत्वमात्मनः संभवति, अनिर्मोक्षप्रसङ्गात्, कर्तृत्वस्वभावत्वे ह्यात्मनो न कर्तृत्वान्निर्मोक्षः संभवति — अग्नेरिवौष्ण्यात्, न च कर्तृत्वादनिर्मुक्तस्यास्ति पुरुषार्थसिद्धिः, कर्तृत्वस्य दुःखरूपत्वात् । ननु स्थितायामपि कर्तृत्वशक्तौ कर्तृत्वकार्यपरिहारात्पुरुषार्थः सेत्स्यति, तत्परिहारश्च निमित्तपरिहारात् —यथाग्नेर्दहनशक्तियुक्तस्यापि

બુદ્ધિની કરણશક્તિની હાનિ થાય અને કર્તૃશક્તિનો પ્રસંગ આવે. વળી બુદ્ધિની કર્તૃશક્તિ થતાં તે બુદ્ધિ જ અહં પ્રત્યયનો (= હું એવું જ્ઞાન) વિષય છે એવો સ્વીકાર કરવો પડે; કેમકે સર્વત્ર અહંકારપૂર્વક જ પ્રવૃત્તિ દેખાય છે—'હું જાઉં છું', 'હું આવું છું', 'હું ખાવું છું', 'હું પીવું છું', એમ. વળી બુદ્ધિ કર્તૃશક્તિયુક્ત થઈ એટલે તેનું સર્વ અર્થ કરનાર અન્ય કરણ કલ્પવું પડશે; કેમકે કર્તા શક્ત હોય તોપણ કરણનું ઉપાદાન (= ગ્રહણ) કરી ક્રિયાઓને વિષે પ્રવર્તતો દેખાય છે. તેથી સંજ્ઞામાત્રમાં વિવાદ થાય, કોઈપણ વસ્તુભેદ થાય નહિ; કેમકે કરણથી ભિન્ન કર્તા છે એવો સ્વીકાર છે. ॥ ૩૮ ॥

સમાધિના અભાવથી પણ (જીવ કર્તા છે) ॥ ૩૯ ॥

'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः' [બૃહ. ઉપ. ૨/૪/૫] **'(અરે મૈત્રેયી) આત્મા દર્શન કરવા યોગ્ય છે, શ્રવણ કરવા યોગ્ય છે, મનન કરવા યોગ્ય છે અને નિદિધ્યાસન કરવા યોગ્ય છે, તે અન્વેષણ કરવા યોગ્ય છે, વિજિજ્ઞાસા કરવા યોગ્ય છે'**, 'ओमित्येवं ध्यायथ आत्मानम्' [મુણ્ડ. ઉપ. ૨/૨/૬] **'ઓમ એવી રીતે તમે આત્માનું ધ્યાન ધરો છો'** એ પ્રમાણે ઉપનિષદ્‌ના કર્તાએ આત્માનું જ્ઞાન જેનું પ્રયોજન છે એવી સમાધિનો ઉપનિષદોમાં જે ઉપદેશ કર્યો છે તે એ સ્વરૂપનો ઉપદેશ પણ આત્મા કર્તા ન હોય તો ઉપપન્ન (સંગત) થતો નથી. તેથી પણ એ કર્તા છે એમ સિદ્ધ થાય છે ॥ ૩૯ ॥

૧૫. તક્ષાધિકરણ

પણ જેમ તક્ષા (સુથાર) બે પ્રકારે ॥ ૪૦ ॥

આ પ્રમાણે શાસ્ત્રાર્થવત્ત્વ આદિ હેતુઓથી શારીર એટલે આત્મા કર્તા છે એમ સમ્યક્ દર્શાવ્યું, પણ તે કર્તૃત્વ સ્વાભાવિક છે કે ઉપાધિનિમિત્ત છે તેનો વિચાર કરાય છે. તેમાં શાસ્ત્રાર્થવત્ત્વ વગેરે એ જ હેતુઓથી કર્તૃત્વ સ્વાભાવિક છે; કેમકે અપવાદનો હેતુ નથી. એમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ. આત્માનું સ્વાભાવિક કર્તૃત્વ સંભવતું નથી; કેમકે અનિર્મોક્ષનો પ્રસંગ આવે; કારણ કે આત્માનો કર્તૃત્વ એવો સ્વભાવ થતાં આત્માનો કર્તૃત્વથી નિર્મોક્ષ સંભવતો નથી, જેમ અગ્નિનો ઉષ્ણત્વથી નિર્મોક્ષ સંભવતો નથી તેમ; અને કર્તૃત્વમાંથી જે નિર્મુક્ત થતો નથી તેને પુરુષાર્થની સિદ્ધિ નથી; કેમકે કર્તૃત્વ દુઃખરૂપ છે. પણ કર્તૃત્વશક્તિ હોય તોપણ કર્તૃત્વના કાર્યના પરિહારથી પુરુષાર્થ સિદ્ધ થશે; અને તેનો પરિહાર નિમિત્તના પરિહારથી થશે. જેમ દહનશક્તિયુક્ત એવા પણ અગ્નિને કાષ્ઠના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

काष्ठवियोगाद्दहनकार्याभावः –तद्वत् – न, निमित्तानामपि शक्तिलक्षणेन संबन्धेन संबद्धानामत्यन्तपरिहारासंभावात् । ननु मोक्षसाधनविधानान्मोक्षः सेत्स्यति – न, साधनायत्तस्य अनित्यत्वात् । अपि च नित्यशुद्धमुक्तात्मप्रतिपादनात् मोक्षसिद्धिरभिमता, तादृगात्मप्रतिपादनं च न स्वाभाविके कर्तृत्वेऽवकल्पेत, तस्मात् उपाधिधर्माध्यासेनैवात्मनः कर्तृत्वम्, न स्वाभाविकम्, तथा च श्रुतिः – **'ध्यायतीव लेलायतीव'** (बृह.उप. ३-३-७) इति **'आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः'** (कठ.उप. ३-४) इति च – उपाधिसंपृक्तस्यैवात्मनो भोक्तृत्वादिविशेषलाभं दर्शयति । न हि विवेकिनां परस्मादन्यो जीवो नाम कर्ता भोक्ता वा विद्यते, **'नान्योऽतोऽस्ति द्रष्टा'** (बृह.उप. ४-३-२३) इत्यादिश्रवणात्। पर एव तर्हि संसारी कर्ता भोक्ता च प्रसज्येत, परस्मादन्यश्चेच्चितिमाञ्जीवः कर्ता, बुद्ध्यादिसंघातव्यतिरिक्तो न स्यात् – न, अविद्याप्रत्युपस्थापितत्वात्कर्तृत्वभोक्तृत्वयोः, तथा च शास्त्रम् – **'यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति'** (बृह.उप. २-४-१४) इत्यविद्यावस्थायां कर्तृत्वभोक्तृत्वे दर्शयित्वा, विद्यावस्थायां ते एव कर्तृत्वभोक्तृत्वे निवारयति – **'यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्'** (बृह.उप. २-४-१४) इति, तथा स्वप्नजागरितयोरात्मन उपाधिसंपर्ककृतं श्रमं श्येनस्येवाकाशे विपरिपततः श्रावयित्वा, तदभावं सुषुप्तौ प्राज्ञेनात्मना संपरिष्वक्तस्य श्रावयति – **'तद्वा अस्यैतदाप्तकाममात्मकाममकामं रूपं शोकान्तरम्'** (बृह.उप. ४-३-२१) इत्यारभ्य **'एषास्य परमा गतिरेषास्य परमा संपदेषोऽस्य परमो लोक एषोऽस्य परम आनन्दः'** (बृह.उप. ४-३-३२) इत्युपसंहारात् ॥

तदेतदाहाचार्यः – **'यथा च तक्षोभयथा'** इति । त्वर्थे च अयं चः पठितः । नैवं मन्तव्यम् – स्वाभाविकमेवात्मनः

વિયોગથી દહનકાર્યનો અભાવ થાય છે તેમ. ના. શક્તિલક્ષણસંબન્ધથી સંબદ્ધ થયેલા નિમિત્તોનો પણ અત્યન્ત પરિહાર સંભવતો નથી. પણ મોક્ષસાધનના વિધાનથી મોક્ષ સિદ્ધ થશે. ના. કારણ કે સાધનને અધીન છે તે અનિત્ય છે. વળી નિત્ય, શુદ્ધ, મુક્ત એવા આત્માના જ્ઞાનથી મોક્ષસિદ્ધિ માનેલી છે; અને તેવું આત્મજ્ઞાન કર્તૃત્વ સ્વાભાવિક હોય તો સંભવે નહિ. માટે ઉપાધિધર્મના અધ્યાસથી જ આત્માને કર્તૃત્વ છે. સ્વાભાવિક નથી. તે જ પ્રમાણે શ્રુતિ છે— 'ध्यायतीव लेलायतीव' [બૃહ. ઉપ. ૪/૩/૭] **'જાણે ધ્યાન કરે છે, જાણે અત્યન્ત ચલન કરે છે'** એમ. 'आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः' [કઠ. ઉપ. ૩/૪] **'શરીર, ઇન્દ્રિય અને મનથી યુક્ત આત્માને વિવેકીઓ ભોક્તા-સંસારી એમ કહે છે'** એમ ઉપાધિથી સંપૃક્ત થયેલા આત્માને જ ભોક્તૃત્વ આદિ વિશેષ લાભ દર્શાવે છે; કેમકે વિવેકીઓને પરથી જુદો જીવ નામનો કર્તા કે ભોક્તા વિદ્યમાન નથી; કારણ કે 'नान्योऽतोऽस्ति द्रष्टा' [બૃહ. ઉપ. ૪/૩/૨૩] **'એથી જુદો દ્રષ્ટા નથી'** ઇત્યાદિ શ્રુતિ છે. ત્યારે પર સંસારી જ કર્તા અને ભોક્તા છે એમ પ્રાપ્ત થાય. જો પરથી અન્ય ચૈતન્યયુક્ત જીવ કર્તા થાય તો બુદ્ધિ આદિ સંઘાતથી વ્યતિરિક્ત ન થાય. ના; કારણ કે કર્તૃત્વ અને ભોક્તૃત્વ એ અવિદ્યાથી ઊભાં થયેલાં છે. તેવી જ રીતે શાસ્ત્ર છે— 'यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति' [બૃહ. ઉપ. ૨/૪/૧૪] **'કેમકે જ્યાં દ્વૈત જેવું હોય છે ત્યાં અન્ય અન્યને જુએ છે'** એમ અવિદ્યાની સ્થિતિમાં કર્તૃત્વ અને ભોક્તૃત્વ દર્શાવીને 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत् केन पश्येत्' [બૃહ. ઉપ. ૨/૪/૧૪] **'પણ જ્યાં એને સર્વ આત્મા જ થાય છે ત્યાં શેના વડે શું જુએ'** એમ વિદ્યાની અવસ્થામાં તે જ કર્તૃત્વ અને ભોક્તૃત્વનું નિવારણ કરે છે. તે પ્રમાણે સ્વપ્ન અને જાગૃત સ્થિતિમાં આત્માનો ઉપાધીના સંબન્ધે કરેલો શ્રમ, આકાશમાં ઊડતા શ્યેનના શ્રમની જેમ, શ્રવણ કરાવીને સુષુપ્તિમાં પ્રાજ્ઞ આત્મા સાથે સમ્યક્ સંયુક્ત થયેલાનો શ્રમાભાવ શ્રવણ કરાવે છે—'तद्वा अस्यैतदाप्तकाममात्मकाममकामं रूपं शोकान्तरम्' [બૃહ. ઉપ. ૪/૩/૨૧] **'તે એ આત્માનું એ રૂપ છે, જેને વિષે કામો એટલે કે મનોરથો પ્રાપ્ત થયેલા છે, જેને વિષે આત્મા જ કામ છે, તેથી જ એ રૂપ અકામ-કામનારહિત છે, અને કામ્યવિષયના અભાવથી શોકવર્જિત છે'** એમ આરંભીને 'एषास्य परमा गतिरेषास्य परमा संपदेषोऽस्य परमो लोक एषोऽस्य परम आनन्दः' [બૃહ. ઉપ. ૪/૩/૩૨] **'એ એની પરમ ગતિ છે, એ એની પરમ સંપદ્ છે, એ એનો પરમ લોક છે, એ એનો પરમ આનન્દ છે'** એમ ઉપસંહાર છે.

તેથી આચાર્ય આમ કહે છે કે 'यथा च तक्षोभयथा' **'પણ જેમ સુથાર બે પ્રકારે'** એમ. એ ચ (અને) તુ (પણ) ના અર્થમાં કહેલો છે. જેમ અગ્નિની ઉષ્ણતા સ્વાભાવિક છે તેમ આત્માનું કર્તૃત્વ સ્વાભાવિક જ છે એમ ન માનવું. પણ જેમ સુથાર લોકમાં વાંસલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कर्तृत्वम्, अग्नेरिवौष्ण्यमिति, यथा तु तक्षा लोके वास्यादिकरणहस्तः कर्ता दुःखी भवति, स एव स्वगृहं प्राप्तो विमुक्तवास्यादिकरणः स्वस्थो निर्वृतो निर्व्यापारः सुखी भवति – एवमविद्याप्रत्युपस्थापितद्वैतसंपृक्त आत्मा स्वप्नजागरितावस्थयोः कर्ता दुःखी भवति, सः तच्छ्रमापनुत्तये स्वमात्मानं परं ब्रह्म प्रविश्य विमुक्तकार्यकरणसंघातोऽकर्ता सुखी भवति संप्रसादावस्थायाम् – तथा मुक्त्यवस्थायामप्यविद्याध्वान्तं विद्याप्रदीपेन विधूय आत्मैव केवलो निर्वृत्तः सुखी भवति । तक्षदृष्टान्तश्चैतावतांशेन द्रष्टव्यः – तक्षा हि विशिष्टेषु तक्षणादिव्यापारेष्वपेक्ष्यैव प्रतिनियतानि करणानि वास्यादीनि कर्ता भवति, स्वशरीरेण तु अकर्तैव, एवमयमात्मा सर्वव्यापारेष्वपेक्ष्यैव मनआदीनि करणानि कर्ता भवति, स्वात्मना तु कर्तैवेति । न तु आत्मनस्तक्ष्ण इवावयवाः सन्ति, यैः हस्तादिभिरिव वास्यादीनि तक्षा, मनआदीनि करणान्यात्मोपाददीत न्यस्येद्वा ॥

यत्तूक्तम्, शास्त्रार्थवत्त्वादिभिर्हेतुभिः स्वाभाविकमात्मनः कर्तृत्वमिति, तन्न – विधिशास्त्रं तावद्यथाप्राप्तं कर्तृत्वमुपादाय कर्तव्यविशेषमुपदिशति, न कर्तृत्वमात्मनः प्रतिपादयति, न च स्वाभाविकमस्य कर्तृत्वमस्ति, ब्रह्मात्मत्वोपदेशात् – इत्यवोचाम, तस्मादविद्याकृतं कर्तृत्वमुपादाय विधिशास्त्रं प्रवर्तिष्यते । **कर्ता विज्ञानात्मा पुरुषः** – (प्रश्न.उप. ४-९) इत्येवंजातीयकमपि शास्त्रमनुवादरूपत्वाद्यथाप्राप्तमेवाविद्याकृतं कर्तृत्वमनुवदिष्यति । एतेन विहारोपादाने परिहृते, तयोरप्यनुवादरूपत्वात् । ननु संध्ये स्थाने प्रसुप्तेषु करणेषु स्वे शरीरे यथाकामं परिवर्तते – इति विहार उपदिश्यमानः केवलस्यात्मनः कर्तृत्वमावहति, तथोपादानेऽपि **'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय'** (बृह.उप. २-१-१७) इति करणेषु कर्मकरणविभक्ती श्रूयमाणे केवलस्यात्मनः कर्तृत्वं गमयत इति, अत्रोच्यते – न तावत्संध्ये स्थानेऽत्यन्तमात्मनः करणविरमणमस्ति, **'सधीः स्वप्नो भूत्वेमं लोकमतिक्रामति'** (बृह.उप. ४-३-७) इति तत्रापि धीसंबन्धश्रवणात्, तथा

આદિ સાધન હાથમાં લઈ કર્તા દુઃખી થાય છે તે જ પોતાને ઘેર ગયેલો, વાંસલો આદિ કરણ જેણે છોડી દીધાં છે એવો, સ્વસ્થ, નિર્વૃત, નિર્વ્યાપાર, સુખી થાય છે, એવી રીતે અવિદ્યાએ ઊભા કરેલા દ્વૈતથી જોડાયેલો આત્મા સ્વપ્ન અને જાગૃત અવસ્થામાં કર્તા થઈ દુઃખી થાય છે તે આત્મા તે શ્રમ દૂર કરવા માટે પોતાના આત્મા પર બ્રહ્મમાં પ્રવેશ કરીને કાર્યકરણ સંઘાતમાંથી વિમુક્ત થયેલો સુષુપ્તિ અવસ્થામાં અકર્તા થઈ સુખી થાય છે. તેમજ મુક્તિની અવસ્થામાં પણ અવિદ્યારૂપી અન્ધકારને વિદ્યારૂપી પ્રદીપથી હાંકી કાઢીને આત્મા જ કેવલ નિર્વૃત, સુખી થાય છે. વળી તક્ષાનું દૃષ્ટાન્ત આટલે અંશે સમજવું; કારણ કે તક્ષાવિશિષ્ટ તક્ષણ આદિ વ્યાપારોમાં વાંસલો આદિ નિશ્ચિત કરણોની અપેક્ષા રાખીને જ કર્તા થાય છે; પોતાના શરીરથી તો અકર્તા જ છે. એ પ્રમાણે આ આત્મા સર્વ વ્યાપારોમાં મન આદિ કરણોની અપેક્ષા રાખીને જ કર્તા થાય છે; પોતાના સ્વરૂપે તો અકર્તા જ છે. પણ આત્માને તક્ષાના જેવા અવયવો નથી કે જે વડે જેમ હાથ આદિ વડે તક્ષા વાસિ આદિનું ગ્રહણ કરે છે કે ત્યાગ કરે છે તેમ મન આદિ કરણોને આત્મા લે કે તજે.

શાસ્ત્રાર્થવત્ત્વ આદિ હેતુઓથી આત્માનું કર્તૃત્વ સ્વાભાવિક છે એમ જે કહ્યું છે તે યોગ્ય નથી. પ્રથમ તો વિધિશાસ્ત્ર યથાપ્રાપ્ત કર્તૃત્વને લઈને કર્તવ્યવિશેષનો ઉપદેશ કરે છે, આત્માનું કર્તૃત્વ પ્રતિપાદન કરતું નથી; અને એને સ્વાભાવિક કર્તૃત્વ નથી, કેમકે બ્રાહ્માત્મત્વનો ઉપદેશ છે એમ અમે કહ્યું છે. માટે અવિદ્યાએ કરેલા કર્તૃત્વને લઈને વિધિશાસ્ત્ર પ્રવર્તશે. 'कर्ता विज्ञानात्मा पुरुषः' [પ્રશ્નો. ઉપ. ૪/૯] **'કર્તા, વિજ્ઞાતૃસ્વભાવ, પુરુષ'** એ પ્રકારનું પણ શાસ્ત્ર અનુવાદરૂપ હોવાથી યથાપ્રાપ્ત જ અવિદ્યાએ કરેલા કર્તૃત્વનો અનુવાદ કરશે. આથી વિહાર અને ઉપાદાનનો પરિહાર થયો; કેમકે તેઓ પણ અનુવાદરૂપ છે. પણ સ્વપ્નમાં ઈન્દ્રિયો પ્રસુપ્ત હોય છે ત્યારે પોતાના શરીરમાં યથાકામ પરિવર્તન કરે છે એમ ઉપદેશ કરાતો વિહાર કેવલ આત્માનું કર્તૃત્વ લાવે છે. તેમ ઉપાદાનમાં પણ 'तदेषां प्राणानां विज्ञानेन विज्ञानमादाय' (બૃહ.ઉપ.૨-૧-૧૭) **'તેથી એ ઈન્દ્રિયોની વિજ્ઞાનશક્તિથી વિજ્ઞાનનું ગ્રહણ કરીને'** એમ કરણોને વિષે કર્મવિભક્તિ અને કરણવિભક્તિ શ્રૂયમાણ છે તે કેવલ આત્માનું કર્તૃત્વ સૂચવે છે. એને વિષે કહીએ છીએ. સ્વપ્નમાં આત્માનાં કરણોનો અત્યન્ત વિરામ નથી; કેમકે 'सधीः स्वप्नो भूत्वेमं लोकमतिक्रामति' [બૃહ. ઉપ. ૪/૩/૭] **'બુદ્ધિસહિત, સ્વપ્ન થઈ આ લોકનું અતિક્રમણ કરે છે'** એમાં પણ બુદ્ધિ સાથેના સંબન્ધનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

च स्मरन्ति – **'इन्द्रियाणामुपरमे मनोऽनुपरतं यदि । सेवते विषयानेव तद्विद्यात्स्वप्नदर्शनम्'** इति, **'कामादयश्च मनसो वृत्तयः'** इति श्रुतिः, ताश्च स्वप्ने दृश्यन्ते, तस्मात्समना एव स्वप्ने विहरति, विहारोऽपि च तत्रत्यो वासनामय एव, न तु पारमार्थिकोऽस्ति, तथा च श्रुतिः इवकारानुबद्धमेव स्वप्नव्यापारं वर्णयति – **'उतेव स्त्रीभिः सह मोदमानो जक्षदुतेवापि भयानि पश्यन्'** (बृह.उप. ४-३-१३) इति, लौकिका अपि तथैव स्वप्नं कथयन्ति – आरुक्षमिव गिरिशृङ्गम्, अद्राक्षमिव वनराजिमिति, तथोपादानेऽपि यद्यपि करणेषु कर्मकरणविभक्तिनिर्देशः, तथापि तत्संपृक्तस्यैवात्मनः कर्तृत्वं द्रष्टव्यम्, केवले कर्तृत्वासंभवस्य दर्शितत्वात्, भवति च लोकेऽनेकप्रकारा विवक्षा – योधा युध्यन्ते, योधै राजा युध्यत इति । अपि च अस्मिन्नुपादाने करणव्यापारोपरममात्रं विवक्ष्यते, न स्वातन्त्र्यं कस्यचित्, अबुद्धिपूर्वकस्यापि स्वापे करणव्यापारोपरमस्य दृष्टत्वात् । यस्त्वयं व्यपदेशो दर्शितः, **'विज्ञानं यज्ञं तनुते'** इति, स बुद्धेरेव कर्तृत्वं प्रापयति – विज्ञानशब्दस्य तत्र प्रसिद्धत्वात्, मनोऽनन्तरं पाठाच्च, **'तस्य श्रद्धैव शिरः'** (तैत्ति.उप. २-४) इति च विज्ञानमयस्यात्मनः श्रद्धाद्यवयवत्वसंकीर्तनात् – श्रद्धादीनां च बुद्धिधर्मत्वप्रसिद्धेः, **'विज्ञानं देवाः सर्वे ब्रह्मज्येष्ठमुपासते'** (तैत्ति.उप. २-५-१) इति च वाक्यशेषात् – ज्येष्ठत्वस्य च प्रथमजत्वस्य बुद्धौ प्रसिद्धत्वात्, **'स एष वाचश्चित्तस्योत्तरोत्तरक्रमो यद्यज्ञः'** इति च श्रुत्यन्तरे यज्ञस्य वाग्बुद्धिसाध्यत्वावधारणात् । न च बुद्धेः शक्तिविपर्ययः करणानां कर्तृत्वाभ्युपगमे भवति, सर्वकारकाणामेव स्वस्वव्यापारेषु कर्तृत्वस्यावश्यंभावित्वात्, उपलब्ध्यपेक्षं त्वेषां करणानां करणत्वम्, सा चात्मनः, न च तस्यामप्यस्य कर्तृत्वमस्ति, नित्योपलब्धिस्वरूपत्वात् । अहंकारपूर्वकमपि कर्तृत्वं नोपलब्धुर्भवितुमर्हति,

---

શ્રવણ છે. તેમજ સ્મૃતિકારો કહે છે 'इन्द्रियाणामुपरमे मनोऽनुपरतं यदि । सेवते विषयानेव तद्विद्यात् स्वप्नदर्शनम्' **'ઈન્દ્રિયોના વિરામમાં મન જો વિરામ ન પામે અને વિષયોને જ સેવે તો તેને સ્વપ્રદર્શન સમજવું'** એમ. '[illegible]' **'કામાદિઓ મનની વૃત્તિઓ છે'** એવી શ્રુતિ છે; અને તે વૃત્તિઓ સ્વપ્રમાં દેખાય છે; માટે મનસહિત જ આત્મા સ્વપ્રમાં વિહાર કરે છે. વળી તે સ્થિતિનો વિહાર પણ વાસનામય જ છે, પરમાર્થિક નથી; કારણ કે શ્રુતિ શ્ર· (જાણે) આકારથી જોડાયેલો જ સ્વપ્રવ્યાપાર વર્ણવે છે — 'उतेव स्त्रीभिः सह मोदमानो जक्षदुतेवापि भयानि पश्यन्' [બૃહ. ઉપ. ૪/૩/૧૩] **(જાણે સ્ત્રીઓ સાથે આનન્દ પામતો, જાણે મમિત્રો સાથેૠ હસતો, જાણે મસિંહાદિૠ ભયહેતુઓને જોતો)** એમ. લૌકિકો પણ તેવી જ રીતે સ્વપ્રને વર્ણવે છે — 'જાણે મેં ગિરિના શિખર પર ચડવાને ઈચ્છ્યું, જાણે મેં વનપંક્તિ જોઈ' એમ. તેમજ ઉપાદાનમાં પણ જો કે કરણોને વિષે કર્મવિભક્તિ અને કરણવિભક્તિનો નિર્દેશ છે, તો પણ તેથી સંપૃક્ત આત્મા જ કર્તા છે એમ સમજવું; કેમકે માત્ર આત્માને વિષે કર્તૃત્વનો અસંભવ દર્શાવ્યો છે. વળી લોકમાં (= લૌકિક ભાષામાં) અનેક પ્રકારની વિવક્ષા થાય છે —યોદ્ધા લડે છે, યોદ્ધાઓ વડે રાજા લડે છે એમ. વળી એ ઉપાદાનમાં કરણના વ્યાપારના વિરામમાત્રની વિવક્ષા છે, કોઈના સ્વાતન્ત્ર્યની વિવક્ષા નથી; કેમકે અબુદ્ધિપૂર્વકને પણ સ્વપ્રમાં કરણવ્યાપારનો વિરામ જોવામાં આવે છે. 'विज्ञानं यज्ञं तनुते' **'વિજ્ઞાન યજ્ઞ કરે છે'** એ જે વ્યપદેશ દર્શાવ્યો છે તે બુદ્ધિને જ કર્તૃત્વ પ્રાપ્ત કરાવે છે; કેમકે વિજ્ઞાનશબ્દ તે અર્થમાં પ્રસિદ્ધ છે; અને મનની પછી પાઠ છે; 'तस्य श्रद्धैव शिरः' [તૈત્તિ. ઉપ. ૨/૪ **'તેનું શ્રદ્ધા જ શિર છે'** એમ. વિજ્ઞાનમય આત્માને શ્રદ્ધા આદિ અવયવો કહ્યા છે, અને શ્રદ્ધા આદિ બુદ્ધિના ધર્મ તરીકે પ્રસિદ્ધ છે; તેમજ 'विज्ञानं देवाः सर्वे ब्रह्म ज्येष्ठमुपासते' [તૈત્તિ.ઉપ.૨/૫/૧] **'સર્વ દેવો વિજ્ઞાનને બ્રહ્મ તરીકે, જયેષ્ઠ તરીકે ઉપાસે છે'** એવો વાક્યશેષ છે; અને જયેષ્ઠત્વ એટલે પ્રથમ ઉત્પન્ન થયેલાપણું બુદ્ધિને વિષે પ્રસિદ્ધ છે; વળી 'स एव वाचश्चित्तस्योत्तरोत्तरक्रमो यद्यज्ञः' **'જે યજ્ઞ છે તે એ વાણી અને ચિત્તનો ઉત્તરોત્તર ક્રમ છે'** એમ અન્ય શ્રુતિમાં વાણી અને બુદ્ધિથી યજ્ઞ સાધ્ય છેં એમ અવધારણ કર્યું છે. વળી કરણોને કર્તૃત્વરૂપે સ્વીકારવાથી બુદ્ધિની શક્તિનો વિપર્યય થતો નથી; કેમકે સર્વ કારકોને જ પોતપોતાના વ્યાપારોમાં કર્તૃત્વ અવશ્યભાવી છે. પણ એ કરણોનું કરણત્વ ઉપલબ્ધિની અપેક્ષાએ જ છે અને એ ઉપલબ્ધિ આત્માની છે. તેને વિષે પણ એનું કર્તૃત્વ છે એમ નથી; કેમકે એ નિત્ય ઉપલબ્ધિસ્વરૂપ છે. અહંકારપૂર્વક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अहंकारस्याप्युपलभ्यमानत्वात्, न चैवं सति करणान्तरकल्पनाप्रसङ्गः, बुद्धेः करणत्वाभ्युपगमात् । समाध्यभावस्तु शास्त्रार्थवत्त्वेनैव परिहृतः, यथाप्राप्तमेव कर्तृत्वमुपादाय समाधिविधानात् । तस्मात्कर्तृत्वमप्यात्मन उपाधिनिमित्तमेवेति स्थितम् ॥४०॥

१६. परायत्ताधिकरणम् ।

परात्तु तच्छ्रुतेः ॥४१॥

यदिदमविद्यावस्थायामुपाधिनिबन्धनं कर्तृत्वं जीवस्याभिहितम्, तत्किमनपेक्ष्येश्वरं भवति, आहोस्विदीश्वरापेक्षमिति भवति विचारणा । तत्र प्राप्तं तावत् – नेश्वरमपेक्षते जीवः कर्तृत्व इति, कस्मात् ? अपेक्षाप्रयोजनाभावात्, अयं हि जीवः स्वयमेव रागद्वेषादिदोषप्रयुक्तः कारकान्तरसामग्रीसंपन्नः कर्तृत्वमनुभवितुं शक्नोति, तस्य किमीश्वरः करिष्यति ? न च लोके प्रसिद्धिरस्ति – कृष्यादिकासु क्रियास्वनडुहादिवत् ईश्वरोऽपरोऽपेक्षितव्य इति । क्लेशात्मकेन च कर्तृत्वेन जन्तून्संसृजत ईश्वरस्य नैर्धृण्यं प्रसज्येत, विषमफलं च एषां कर्तृत्वं विदधतो वैषम्यम् । ननु **'वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात्'** (ब्र.सू. १-१-३४) इत्युक्तम् – सत्यमुक्तम्, सति तु ईश्वरस्य सापेक्षत्वसंभवे, सापेक्षत्वं च ईश्वरस्य संभवति सतोर्जन्तूनां धर्माधर्मयोः, तयोश्च सद्भावः सति जीवस्य कर्तृत्वे, तदेव चेत्कर्तृत्वमीश्वरापेक्षं स्यात्, किंविषयमीश्वरस्य सापेक्षत्वमुच्येत । अकृताभ्यागमश्चैवं जीवस्य प्रसज्येत । तस्मात्स्वत एवास्य कर्तृत्वमिति – एतां प्राप्तिं तु-शब्देन व्यावर्त्य प्रतिजानीते – परादिति, अविद्यावस्थायां कार्यकरणसंघाताविवेकदर्शिनो जीवस्याविद्यातिमिरान्धस्य सतः परस्मादात्मनः कर्माध्यक्षात्सर्वभूताधिवासात्साक्षिणश्चेतयितुरीश्वरात्तदनुज्ञया कर्तृत्वभोक्तृत्वलक्षणस्य संसारस्य सिद्धिः, तदनुग्रहहेतुकेनैव

પણ કર્તૃત્વ ઉપલબ્ધાનું થાય એ યોગ્ય નથી; કેમકે અહંકાર પણ ઉપલભ્યમાન છે. વળી એમ થતાં અન્ય કરણની કલ્પનાનો પ્રસંગ આવશે એમ પણ કહેવું બરાબર નથી; કેમકે બુદ્ધિને કરણ તરીકે સ્વીકારી છે. સમાધિના અભાવનો તો શાસ્ત્રાર્થવત્ત્વથી જ પરિહાર થયો; કેમકે યથાપ્રાપ્ત જ કર્તૃત્વ લઈને સમાધિનું વિધાન છે. માટે આત્માનું કર્તૃત્વ પણ ઉપાધિ નિમિત્ત જ છે એવી સ્થિતિ છે॥૪૦॥

૧૬. પરાયત્તાધિકરણ

પણ પર બ્રહ્મથી (સંસારની અને મોક્ષની સિદ્ધિ થાય એ બરાબર છે), તેની શ્રુતિ છે માટે ॥ ૪૧ ॥

જે એ અવિદ્યાની અવસ્થામાં જીવનું ઉપાધિને આધારે કર્તૃત્વ કહ્યું છે તે શું ઈશ્વરની અપેક્ષા વગર થાય છે કે ઈસ્વરની અપેક્ષાએ થાય છે તે વિષે વિચાર ચાલે છે. તેમાં કર્તૃત્વને વિષે જીવ ઈશ્વરની અપેક્ષા કરતો નથી એમ પ્રથમ પ્રાપ્ત થાય છે. શાથી ? કારણ કે અપેક્ષાનું પ્રયોજન નથી. ખરેખર, એ જીવ પોતે જ રાગ, દ્વેષ આદિ દોષથી પ્રયુક્ત થયેલો, અન્ય કારકની સામગ્રીથી સંપન્ન થયેલો કર્તૃત્વ અનુભવવા શક્તિમાન થાય છે. તેને ઈશ્વર શું કરશે ? ખરેખર, કૃષિ આદિ ક્રિયાઓને વિષે બળદ વગેરેની જેમ, અન્ય ઈશ્વરની અપેક્ષા કરવી એમ લોકમાં પ્રસિદ્ધિ નથી; અને ક્લેશયુક્ત કર્તા તરીકે જન્તુઓને સર્જતા ઈશ્વરને નિર્ઘૃણતા (નિર્દયત્વ) પ્રાપ્ત થાય અને જેમાં ફળ વિષમ છે એવું કર્તૃત્વ સર્જતા ઈશ્વરને વૈષમ્ય પ્રાપ્ત થાય. પણ 'वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात्' [બ્ર. સૂ. ૨/૧/૩૪] (**{ઈશ્વરને} વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય નહિ {પ્રસક્ત થાય} કેમકે તે સાપેક્ષ છે**) એમ કહ્યું છે. ખરેખર, કહ્યું છે, પણ તે ઈશ્વરના સાપેક્ષત્વનો સંભવ હોય તો; અને ઈશ્વરનું સાપેક્ષત્વ પ્રાણીઓને ધર્મ અને અધર્મ હોય ત્યારે સંભવે છે અને જન્તુઓના ધર્મ અને અધર્મનું અસ્તિત્વ જીવ કર્તા હોય તો સંભવે છે. તે જ (જીવનું) કર્તૃત્વ જો ઈશ્વરની અપેક્ષાએ થાય તો ઈશ્વરનું સાપેક્ષત્વ કયા વિષયને લગતું કહેવાય ? વળી એ પ્રમાણે જીવને ન કરેલાની પ્રાપ્તિ આવી પડે; તે માટે પોતાની રીતે જ જીવને કર્તૃત્વ છે એમ (પૂર્વપક્ષ છે). એ પ્રાપ્તિને તુ શબ્દથી ('પણ' શબ્દથી) દૂર કરી 'परात्' (પરબ્રહ્મથી) એમ (સૂત્રકાર) પ્રતિજ્ઞા કરે છે. અવિદ્યાની અવસ્થામાં અવિદ્યારૂપ અંધકારથી અન્ધ થઈ કાર્યકારણસંઘાતનો અવિવેક (અભેદ) જોનાર જીવને, કર્મના અધ્યક્ષ, સર્વ ભૂતોમાં જેનો અધિવાસ છે એવા, સાક્ષી, ચેતન કરનાર, પર આત્મા, ઈશ્વરની અનુજ્ઞાથી કર્તૃત્વલક્ષણ અને ભોક્તૃત્વલક્ષણ સંસારમાં સિદ્ધ થાય છે, અને ઈશ્વરનો જ અનુગ્રહ જેમાં હેતુ છે એવા વિજ્ઞાનથી મોક્ષસિદ્ધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

च विज्ञानेन मोक्षसिद्धिर्भवितुमर्हति, कुतः ? तच्छ्रुतेः, यद्यपि दोषप्रयुक्तः सामग्रीसंपन्नश्च जीवः, यद्यपि च लोके कृष्यादिषु कर्मसु नेश्वरकारणत्वं प्रसिद्धम्, तथापि सर्वास्वेव प्रवृत्तिष्वीश्वरो हेतुकर्तेति श्रुतेरवसीयते, तथा हि श्रुतिर्भवति – **'एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषते । एष ह्येवासाधु कर्म कारयति तं यमधो निनीषते'** (कौषी.उप. ३-८) इति, **'य आत्मनि तिष्ठन्नात्मानमन्तरो यमयति'** इति च एवंजातीयका ॥४१॥

ननु एवमीश्वरस्य कारयितृत्वे सति वैषम्यनैर्घृण्ये स्याताम्, अकृताभ्यागमश्च जीवस्येति, नेत्युच्यते –

कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्यः ॥४२॥

तु-शब्दश्चोदितदोषव्यावर्तनार्थः । कृतो यः प्रयत्नो जीवस्य धर्माधर्मलक्षणः, तदपेक्ष एवैनमीश्वरः कारयति, अतश्चैते चोदिता दोषा न प्रसज्यन्ते – जीवकृतधर्माधर्मवैषम्यापेक्ष एव तत्तत्फलानि विषमं विभजेत्पर्जन्यवत् ईश्वरो निमित्तत्वमात्रेण – यथा लोके नानाविधानां गुच्छगुल्मादीनां व्रीहियवादीनां च असाधारणेभ्यः स्वस्वबीजेभ्यो जायमानानां साधारणं निमित्तं भवति पर्जन्यः – न हि असति पर्जन्ये रसपुष्पफलपलाशादिवैषम्यं तेषां जायते, नाप्यसत्सु स्वस्वबीजेषु – एवं जीवकृतप्रयत्नापेक्ष ईश्वरः तेषां शुभाशुभं विदध्यादिति श्लिष्यते । ननु कृतप्रयत्नापेक्षत्वमेव जीवस्य परायत्ते कर्तृत्वे नोपपद्यते – नैष दोषः, परायत्तेऽपि हि कर्तृत्वे, करोत्येव जीवः, कुर्वन्तं हि तमीश्वरः कारयति, अपि च पूर्वप्रयत्नमपेक्ष्य इदानीं कारयति, पूर्वतरं च प्रयत्नमपेक्ष्य पूर्वमकारयदिति – अनादित्वात्संसारस्येति – अनवद्यम् । कथं पुनरवगम्यते – कृतप्रयत्नापेक्ष ईश्वर इति ? विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्यः इत्याह, एवं हि **'स्वर्गकामो यजेत' 'ब्राह्मणो न हन्तव्यः'**

થાય એ યોગ્ય છે. શાથી ? કેમકે તેની શ્રુતિ છે. જો કે જીવ દોષથી પ્રયુક્ત અને સામગ્રીથી સંપન્ન છે, અને જો કે લોકમાં કૃષિ આદિ કર્મોમાં ઈશ્વરનું કારણત્વ પ્રસિદ્ધ નથી, તોપણ સર્વ પ્રવૃત્તિઓમાં ઈશ્વર હેતુકર્તા છે એમ શ્રુતિથી નિશ્ચિત થાય છે, કારણ કે શ્રુતિ છે— 'एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषते । एष ह्येवासाधु कर्म कारयति तं यमधो निनीषते' [કૌષી. ઉપ. ૩/૮] **'ખરેખર, જેને આ લોકોમાંથી ઊંચે લઈ જવા ઈચ્છે છે તેની પાસે એ જ સાધુ કર્મ કરાવે છે; ખરેખર, જેને નીચે લઈ જવા ઈચ્છે છે તેની પાસે એ જ અસાધુ કર્મ કરાવે છે'**, 'य आत्मनि तिष्ठन्नात्मानमन्तरो यमयति' (**જે આત્મામાં રહેલો, અન્તર, આત્માને નિયમમાં મૂકે છે**) એ પ્રકારની (શ્રુતિ છે) ॥ ૪૧ ॥

પણ એમ ઈશ્વર કારયિતા સિદ્ધ થતાં તેને વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય પ્રાપ્ત થાય અને જીવને જે કર્યું નથી તેની પ્રાપ્તિ આવી પડે. ના, એમ કહે છે :

પણ (ઈશ્વર જીવે) કરેલા પ્રયત્નની અપેક્ષાવાળો છે; (શાસ્ત્રે)
વિહિત અને પ્રતિષિદ્ધ કરેલું વ્યર્થ ન થાય વગેરે કારણોથી ॥ ૪૨ ॥

તુ શબ્દ શંકામાં બતાવેલા દોષની વ્યાવૃત્તિને અર્થે છે. ધર્મલક્ષણ અને અધર્મલક્ષણ જે પ્રયત્ન જીવે કર્યો છે તેની અપેક્ષાવાળો જ ઈશ્વર એને (જીવને) કરાવે છે, એથી એ દોષો પ્રાપ્ત થતા નથી. જીવે કરેલા ધર્મ અને અધર્મના વૈષમ્યની અપેક્ષાવાળો જ ઈશ્વર પર્જન્યની જેમ નિમિત્ત તરીકે જ તે તે ફળો વિષમ રીતે વિભક્ત કરે છે. જેમ અસાધારણ, પોતપોતાનાં બીજોથી ઉત્પન્ન થયેલાં, નાના પ્રકારના ગુચ્છ, ગુલ્મ આદિનું, અને વ્રીહિ, યવ આદિનું નિમિત્ત લોકમાં પર્જન્ય થાય છે; કારણ કે પર્જન્ય ન હોય તો તેઓને રસ, પુષ્પ, ફલ, પલાશ આદિનું વૈષમ્ય થાય નહિ, તેમજ પોતપોતાનાં બીજો ન હોય તો પણ થાય નહિ; એ પ્રમાણે જીવે કરેલા પ્રયત્નની અપેક્ષાવાળો ઈશ્વર તેમના શુભ અને અશુભનું વિધાન કરે એ યોગ્ય છે. પણ જીવનું કર્તૃત્વ પરાધીન થાય તો તેણે કરેલા પ્રયત્નની અપેક્ષા (ઈશ્વરે) રાખવી બરાબર થતી નથી. એ દોષ નથી. જીવનું કર્તૃત્વ પરાધીન છે તો પણ જીવ કરે છે જ; કેમકે કરતો એવો જે જીવ તેને ઈશ્વર કરાવે છે. વળી પૂર્વ પ્રયત્નની અપેક્ષા રાખીને હમણાં કરાવે છે, અને તેથી પૂર્વના પ્રયત્નની અપેક્ષા રાખીને પૂર્વે કરાવ્યું; કારણ કે સંસાર અનાદિ છે. એમ (સર્વ) અનવદ્ય (દોષરહિત) છે. પણ કરેલા પ્રયત્નની અપેક્ષાવાળો ઈશ્વર છે એમ શાથી સમજાય છે ? (શાસ્ત્ર) વિહિત અને પ્રતિષિદ્ધ કરેલું વ્યર્થ ન થાય ઈત્યાદિથી એમ (સૂત્રકાર) કહે છે; કેમકે એ રીતે 'स्वर्गकामो यजेत' **'સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો'** એ પ્રકારનું શાસ્ત્ર વિહિત કરેલું અને 'ब्राह्मणो न

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

इत्येवंजातीयकस्य विहितस्य प्रतिषिद्धस्य च अवैयर्थ्यं भवति, अन्यथा तदनर्थकं स्यात्, ईश्वर एव विधिप्रतिषेधयोर्नियुज्यते, अत्यन्तरपरतन्त्रत्वाज्जीवस्य, तथा विहितकारिणमप्यनर्थेन संसृजेत्, प्रतिषिद्धकारिणमप्यर्थेन, ततश्च प्रामाण्यं वेदस्यास्तमियात्, ईश्वरस्य च अत्यन्तानपेक्षत्वे लौकिकस्यापि पुरुषकारस्य वैयर्थ्यम्, तथा देशकालनिमित्तानाम्, पूर्वोक्तदोषप्रसङ्गश्च — इत्येवंजातीयकं दोषजातमादिग्रहणेन दर्शयति ॥४२॥

१७. अशाधिकरणम् ।

अंशो नानाव्यपदेशादन्यथा चापि दाशकितवादित्वमधीयत एके ॥४३॥

जीवेश्वरयोरुपकार्योपकारकभाव उक्तः, स च संबद्धयोरेव लोके दृष्टः — यथा स्वामिभृत्ययोः, यथा वा अग्निविस्फुलिङ्गयोः, ततश्च जीवेश्वरयोरप्युपकार्योपकारकभावाभ्युपगमात् किं स्वामिभृत्यवत्संबन्धः, आहोस्विदग्निविस्फुलिङ्गवत् ? इत्यस्यां विचिकित्सायाम् अनियमो वा प्राप्नोति । अथवा स्वामिभृत्यप्रकारेष्वेव ईशित्रीशितव्यभावस्य प्रसिद्धत्वात्तद्विध एव संबन्ध इति प्राप्नोति ॥

अतो ब्रवीति-अंश इति, जीव ईश्वरस्यांशो भवितुमर्हति, यथाग्नेर्विस्फुलिङ्गः, अंश इवांशः, न हि निरवयवस्य मुख्योंऽशः संभवति, कस्मात्पुनः निरवयवत्वात् स एव न भवतिः ? नानाव्यपदेशात्, **'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः'** (छा.उप. ८-७-१) **'एतमेव विदित्वा मुनिर्भवति'** (बृह.उप. ४-४-२२) **'य आत्मनि तिष्ठन्नात्मानमन्तरो यमयति'** (बृह.उप. ३-७-२३) इति च एवंजातीयको भेदनिर्देशो नासति भेदे युज्यते । ननु च अयं नानाव्यपदेशः सुतरां स्वामिभृत्यसारूप्ये युज्यत इति, अत आह — अन्यथा चापीति, न च नानाव्यपदेशादेव केवलादंशत्वप्रतिपत्तिः, किं तर्हि,

---

हन्तव्यः' 'બ્રાહ્મણને હણવો નહિ' એ પ્રકારનું શાસ્ત્ર પ્રતિષિદ્ધ કરેલું નિરર્થક થશે નહિ; નહિ તો તે અર્થરહિત થાય; ઈશ્વર જ વિધિ અને પ્રતિષેધને સ્થાને નિયુક્ત થાય, કેમકે જીવ અત્યન્ત પરતન્ત્ર છે. તેમજ શાસ્ત્રે વિહિત કરેલું કરનારને પણ અનર્થ સાથે જોડે અને પ્રતિષિદ્ધ કરેલું કરનારને અર્થ ઈષ્ટ સાથે જોડે, અને તેથી વેદનું પ્રામાણ્ય અસ્ત થાય. ઈશ્વરને અત્યન્ત અનપેક્ષા હોય તો લૌકિક પણ પુરુષકારની વ્યર્થતા અને દેશ, કાલ અને નિમિત્તોની પણ વ્યર્થતા થાય અને પૂર્વોક્ત દોષનો પ્રસંગ આવે, એમ દોષસમૂહ આદિ ના ગ્રહણથી (સૂત્રકાર) દર્શાવે છે ॥ ૪૨ ॥

૧૭. અશાધિકરણ

(જીવ ઈશ્વરનો) અંશ છે, ભિન્ન તરીકે વ્યપદેશ (નિર્દેશ) છે તેથી, અન્ય રીતે પણ (નિર્દેશ), એક શાખાવાળાઓ (બ્રહ્મનું) દાશત્વ, ક્તિવત્વ આદિ રીતે અધ્યયન કરે છે ॥ ૪૩ ॥

જીવ અને ઈશ્વરનો ઉપકાર્યોપકારકભાવ (= જીવ ઉપકાર્ય-પ્રયોજ્ય છે અને ઈશ્વર ઉપકારક-પ્રયોજક છે એમ) કહ્યો છે; અને તે ભાવ લોકમાં સંબદ્ધ થયેલા બે પદાર્થ વચ્ચે જ જોવામાં આવે છે જેમ સ્વામી અને સેવક વચ્ચે કે અગ્નિ અને વિસ્ફુલિંગ (તણખા) વચ્ચે. એમ જીવ અને ઈશ્વર વચ્ચે પણ ઉપકાર્યોપકારકભાવ સ્વીકાર્યો છે તેથી શું તે બે વચ્ચે સ્વામી અને સેવકની જેમ સંબન્ધ છે કે અગ્નિ અને વિસ્ફુલિંગની જેમ એમ એ સંશય થતાં અનિયમ પ્રાપ્ત થાય છે કે સ્વામી અને સેવક જેવા વચ્ચે જ ઈશિતૃભાવ અને ઈશિતવ્યભાવ પ્રસિદ્ધ છે તેથી તે પ્રકારનો જ સંબન્ધ છે એમ પ્રાપ્ત થાય છે.

એથી કહે છે — 'अंशः' ઇત્યાદિ. જીવ ઈશ્વરનો અંશ થવો યોગ્ય છે, જેમ અગ્નિનો વિસ્ફુલિંગ છે. અંશના જેવો અંશ; કારણ કે નિરવયવનો મુખ્ય અંશ સંભવતો નથી. પણ જીવ નિરવયવ છે તો તે તે જ (પરમાત્મા જ) કેમ થતો નથી ? ભિન્ન તરીકે વ્યપદેશ છે તેથી. 'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः' [છાન્દો. ઉપ. ૮/૭/૧] **'તે અન્વેષણ કરવા યોગ્ય છે, તે વિજિજ્ઞાસા કરવા યોગ્ય છે'**, 'एतमेव विदित्वा मुनिर्भवति' [બૃહ. ઉપ. ૪/૪/૨૨] **'એને જ જાણીને મુનિ થાય છે'**, 'य आत्मनि तिष्ठन्नात्मानमन्तरो यमयति' [બૃહ. ઉપ. ૩/૭/૨૩] (જે આત્મામાં રહી આત્માને અંદર રહેતો નિયમમાં રાખે છે) એ પ્રકારનો ભેદનિર્દેશ ભેદ ન હોય તો યોગ્ય બનતો નથી. પણ એ ભિન્ન તરીકે નિર્દેશ સ્વામિસેવકના સાદશ્યમાં વધારે સારી રીતે ઘટે છે એથી (એ શંકાનું નિરાકરણ કરવા) કહે છે — 'અન્ય રીતે પણ' એમ. માત્ર ભિન્ન તરીકે વ્યપદેશથી જ અંશત્વનું જ્ઞાન થતું નથી. ત્યારે શું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अन्यथा चापि व्यपदेशो भवत्यनानात्वस्य प्रतिपादकः, तथा ह्येके शाखिनो दाशकितवादिभावं ब्रह्मण आमनन्त्याथर्वणिका ब्रह्मसूक्ते – **'ब्रह्म दाशा ब्रह्म दासा ब्रह्मैवेमे कितवाः'** इत्यादिना, दाशा य एते कैवर्ताः प्रसिद्धाः, ये च अमी दासाः स्वामिष्वात्मानमुपक्षपयन्ति, ये च अन्ये कितवा द्यूतकृतः, ते सर्वे ब्रह्मैव – इति हीनजन्तूदाहरणेन सर्वेषामेव नामरूपकृतकार्यकारणसंघातप्रविष्टानां जीवानां ब्रह्मत्वमाह, तथा अन्यत्रापि ब्रह्मप्रक्रियामेवायमर्थः प्रपञ्च्यते – **त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी । त्वं जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवति विश्वतोमुखः'** (श्वेता.उप. ४-३) इति, **'सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाभिवदन्यदास्ते'** (तैत्ति.आर. ३-१२-७) इति च, **'नान्योऽतोऽस्ति द्रष्टा'** (बृह.उप. ३-७-२३) इत्यादिश्रुतिभ्यश्च अस्यार्थस्य सिद्धिः । चैतन्यं च अविशिष्टं जीवेश्वरयोः, यथाग्निविस्फुलिङ्गयोरौष्ण्यम् । अतो भेदाभेदावगमाभ्यामंशत्वावगमः ॥४३॥

कुतश्च अंशत्वावगमः ? –

मन्त्रवर्णाच्च ॥४४॥

मन्त्रवर्णश्चैतमर्थमवगमयति – **'तावानस्य महिमा । ततो ज्यायाश्च पुरुषः । पादोऽस्य सर्वा भूतानि । त्रिपादस्यामृतं दिवि'** (छा.उप. ३-१२-६) इति, अत्र भूतशब्देन जीवप्रधानानि स्थावरजङ्गमानि निर्दिशति, **'अहिंसन्सर्वभूतान्यन्यत्र तीर्थेभ्यः'** (छा.उप. ८-१५) इति प्रयोगात्, अंशः पादो भाग इत्यनर्थान्तरम्, तस्मादप्यंशत्वावगमः ॥४४॥

અન્ય રીતે પણ એ ભિન્ન છે એમ પ્રતિપાદન કરનાર, વ્યપદેશ છે. જેમકે એક શાખાવાળાઓ, આથર્વણિકો બ્રહ્મસૂક્તમાં બ્રહ્મનો દાશભાવ (= 'દાશ' = માછલાં પકડનારા, ધીવર), કિતવભાવ (= 'કિતવ' = દ્યૂત રમનારા), ઇત્યાદિ ભાવ પ્રતિપાદન કરે છે — 'ब्रह्म दाशा ब्रह्म दासा ब्रह्मैवेमे कितवाः' **'બ્રહ્મ દાશ છે. બ્રહ્મ દાસ છે, બ્રહ્મ જ આ કિતવ છે'** ઇત્યાદિ વડે. 'દાશ' એટલે જે આ કૈવર્ત (= ધીવર) તરીકે પ્રસિદ્ધ છે તે અને જે એ 'દાસ' છે, એટલે સ્વામી પ્રતિ આત્માનો ઉપક્ષય કરે છે, અને જે બીજા 'કિતવ' એટલે દ્યૂત રમનારા છે તે સર્વ બ્રહ્મ જ છે એમ હીન જન્તુઓના ઉદાહરણથી નામ અને રૂપે કરેલા કાર્યકરણસંઘાતમાં પ્રવિષ્ટ થયેલા સર્વ જીવો બ્રહ્મ છે એમ કહે છે. તેમ અન્યત્ર પણ બ્રહ્મ પ્રકરણમાં જ એ અર્થ પ્રપંચથી કહેવાય છે — 'त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी। त्वं जीर्णो दण्डेन वञ्चसि त्वं जातो भवसि विश्वतोमुखः ॥' [શ્વેતા. ઉપ. ૪/૩] **'તું સ્ત્રી છે, તું પુરુષ છે, તું કુમાર છે, અથવા તું કુમારી છે, તું જીર્ણ દંડ વડે ચાલે છે, તું સર્વતોમુખ ઉત્પન્ન થાય છે'**, એમ, 'सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाभिवदन् यदास्ते' [તૈત્તિ. આર. ૩/૧૨/૭] **'સર્વ રૂપોનું નિર્માણ કરી, નામ પાડી ધીર અભિવાદ કરતો વર્તે છે' {તેને જાણનાર અમૃત થાય છે}** એમ. 'नान्योऽतोऽस्ति द्रष्टा' [બૃહ. ઉપ. ૩/૭/૨૩] **'એથી અન્ય દ્રષ્ટા નથી'** ઇત્યાદિ શ્રુતિઓથી એ જ અર્થ સિદ્ધ થાય છે. અને જીવ અને ઈશ્વરનું ચૈતન્ય અવિશિષ્ટ છે, જેમ અગ્નિ અને તણખાંની ઉષ્ણતા અવિશિષ્ટ છે તેમ. આથી, ભેદ અને અભેદનું જ્ઞાન છે તેથી જીવ અંશ છે એમ જ્ઞાન થાય છે ॥૪૩॥

વળી શાથી જીવ અંશ છે એમ જ્ઞાન થાય છે ?

વળી મન્ત્રના વર્ણથી (જીવ અંશ છે એવું સમજાય છે) ॥ ૪૪ ॥

'तावानस्य महिमा ततो ज्यायांश्च पूरुषः । पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि' [છાન્દો. ઉપ. ૩/૧૨/૬] **'તેટલો એનો મહિમા છે એનાથી પુરુષ મહત્તર છે, એનો પાદ સર્વ ભૂતો છે, જેના ત્રણ પાદ છે તે અમૃત તરીકે સ્વર્ગમાં રહેલા છે'** એમ મન્ત્રવર્ણ પણ એ અર્થ સમજાવે છે. અહીં ભૂત શબ્દ દ્વારા જીવપ્રધાન સ્થાવરજંગમોનો નિર્દેશ કરે છે; કેમકે 'अहिंसन् सर्वभूतान्यन्यत्र तीर्थेभ्यः' [છાન્દો. ઉપ. ૮/૧૫] **'તીર્થથી અન્યત્ર સર્વ ભૂતોની અહિંસા કરતો'** એવો પ્રયોગ છે. અંશ, પાદ, ભાગ એ એક જ અર્થના શબ્દો છે. તેથી પણ અંશત્વ સમજાય છે ॥ ૪૪ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

कुतश्च अंशत्वावगमः ? –

अपि च स्मर्यते ॥४५॥

ईश्वरगीतास्वपि च ईश्वरांशत्वं जीवस्य स्मर्यते – **'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः'** (भ.गी. १५-७) इति, तस्मादप्यंशत्वावगमः। यत्तूक्तम्, स्वामिभृत्यादिष्वेव ईशित्रीशितव्यभावो लोके प्रसिद्ध इति – यद्यप्येषा लोके प्रसिद्धिः, तथापि शास्त्रात्तु अत्र अंशांशित्वमीशित्रीशितव्यभावश्च निश्चीयते, निरतिशयोपाधिसंपन्नश्चेश्वरो निहीनोपाधिसंपन्नाञ्जीवान् प्रशास्तीति न किंचिद्विप्रतिषिध्यते ॥४५॥

अत्राह –ननु जीवस्येश्वरांशत्वाभ्युपगमे तदीयेन संसारदुःखोपभोगेनांशिन ईश्वरस्यापि दुःखित्वं स्यात् – यथा लोके हस्तपादाद्यन्यतमाङ्गगतेन दुःखेन अङ्गिनो देवदत्तस्य दुःखित्वम्, तद्वत्, ततश्च तत्प्राप्तानां महत्तरं दुःखं प्राप्नुयात्, अतो वरं पूर्वावस्थः संसार एवास्तु - इति सम्यग्दर्शनानर्थक्यप्रसङ्गः स्यात् – इति, अत्रोच्यते –

प्रकाशादिवन्नैवं परः ॥४६॥

यथा जीवः संसारदुःखमनुभवति, नैवं पर ईश्वरोऽनुभवतीति प्रतिजानीमहे, जीवो हि अविद्यावेशवशात् देहाद्यात्मभावमिव गत्वा, तत्कृतेन दुःखेन दुःखी अहम् इति अविद्यया कृतं दुःखोपभोगम् अभिमन्यते, नैवं परमेश्वरस्य देहाद्यात्मभावो दुःखाभिमानो वा अस्ति, जीवास्याप्यविद्याकृतनामरूपनिर्वृत्तदेहेन्द्रियाद्युपाध्यविवेकभ्रमनिमित्त एव दुःखाभिमानः, न तु पारमार्थिकोऽस्ति, यथा च स्वदेहगतदाहच्छेदादिनिमित्तं दुःखं तदभिमानभ्रान्त्यानुभवति, तथा पुत्रमित्रादिगोचरमपि दुःखं

વળી શાથી જીવ અંશ છે એમ જ્ઞાન થાય છે ?

વળી સ્મૃતિ છે ॥ ૪૫ ॥

ઈશ્વરગીતામાં પણ જીવ ઈશ્વરનો અંશ છે એવી સ્મૃતિ છે — **'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः'** (ભ.ગી. ૧૫-૭) **'મારો જ અંશ જીવલોકમાં સનાતન જીવભૂત છે'** એમ. તેથી પણ અંશત્વ સમજાય છે. પણ જે એમ કહ્યું છે કે સ્વામિસેવકાદિ સંબન્ધમાં જ ઈશિતૃત્વ અને ઈશિતવ્યભાવ લોકમાં પ્રસિદ્ધ છે. જોકે લોકમાં એમ પ્રસિદ્ધ છે તો પણ અહીં તો શાસ્ત્રથી અંશાશિત્વ અને ઈશિતૃત્વ અને ઈશિતવ્યભાવ નિશ્ચય કરાય છે. નિરતિશય ઉપાધિથી સંપન્ન ઈશ્વર, અત્યન્ત હીન ઉપાધિથી સંપન્ન જીવોનું પ્રશાસન કરે છે એમ કંઈ વિરુદ્ધ નથી. ॥ ૪૫ ॥

અહીં કહે છે :- પણ જીવ ઈશ્વરનો અંશ છે એવા સ્વીકારમાં તેના સંસારદુઃખના ઉપભોગને કારણે અંશી ઈશ્વરને પણ દુઃખિત્વ થાય. જેમ લોકમાં હાથ, પગ વગેરે એક અંગના દુઃખથી અંગી દેવદત્તને દુઃખિત્વ થાય છે તેમ. તેથી તે (બ્રહ્મ) પ્રાપ્ત થયેલાઓને મહત્તર દુઃખ પ્રાપ્ત થાય; માટે પૂર્વાવસ્થા, સંસાર જ વધારે સારો છે તે થાઓ એમ સમ્યગ્દર્શન અનર્થક થવાનો પ્રસંગ આવે છે એને વિષે કહે છે —

પર આત્મા એમ (જીવની જેમ સંસારદુઃખ અનુભવતો) નથી, પ્રકાશાદિની જેમ ॥ ૪૬ ॥

જેમ જીવ સંસારદુઃખ અનુભવે છે એમ પર ઈશ્વર અનુભવતો નથી એમ પ્રતિજ્ઞા કરીએ છીએ; કારણ કે જીવ અવિદ્યાના આવેશના બળથી દેહાદિના આત્મભાવને જાણે પામીને તેને થયેલા દુઃખથી હું દુઃખી છું એમ અવિદ્યાએ કરેલા દુઃખના ઉપભોગનો અભિમાની થાય છે. એ પ્રમાણે પરમેશ્વરને દેહાદિનો આત્મભાવ કે દુઃખાભિમાન નથી. જીવને પણ અવિદ્યાએ કરેલા નામરૂપથી નિર્વૃત્ત થયેલા દેહ, ઈન્દ્રિય આદિ ઉપાધિના અવિવેકભ્રમથી ઉત્પન્ન થયેલો જ દુઃખાભિમાન છે, પારમાર્થિક નથી. જેમ પોતાના દેહને પ્રાપ્ત થયેલા દાહ, છેદ આદિથી ઉત્પન્ન થતું દુઃખ તે દેહના અભિમાનની ભ્રાન્તિથી અનુભવે છે, તેમ પુત્ર, મિત્ર વગેરે વિષેનું પણ દુઃખ હું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तदभिमानभ्रान्त्यैवानुभवति – अहमेव पुत्रः, अहमेव मित्रम् इत्येवं स्नेहवशेन पुत्रमित्रादिष्वभिनिविशमानः, ततश्च निश्चितमेतदवगम्यते – मिथ्याभिमानभ्रमनिमित्त एव दुःखानुभव इति । व्यतिरेकदर्शनाच्च एवमवगम्यते, तथा हि – पुत्रमित्रादिमत्सु बहुषूपविष्टेषु तत्संबन्धाभिमानिष्वितरेषु च, पुत्रो मृतो मित्रं मृतमित्येवमाघोषिते, येषामेव पुत्रमित्रादिमत्त्वाभिमानस्तेषामेव तन्निमित्तं दुःखमुत्पद्यते, न अभिमानहीनानां परिव्राजकादीनाम् । अतश्च लौकिकस्यापि पुंसः सम्यग्दशनार्थवत्त्वं दृष्टम्, किमुत विषयशून्यादात्मनोऽन्यद्वस्त्वन्तरमपश्यतो नित्यचैतन्यमात्रस्वरूपस्येति, तस्मान्नास्ति सम्यग्दर्शनानर्थक्य-प्रसङ्गः । प्रकाशादिवदिति निदर्शनोपन्यासः – प्रकाशः सौरश्चान्द्रमसो वा वियव्द्याप्य अवतिष्ठमानः अङ्गुल्याद्युपाधिसंबन्धात् तेषु ऋजुवक्रादिभावं प्रतिपद्यमानेषु तत्तद्भावमिव प्रतिपद्यमानोऽपि न परमार्थतस्तद्भावं प्रतिपद्यते, यथा च आकाशो घटादिषु गच्छत्सु गच्छन्निव विभाव्यमानोऽपि न परमार्थतो गच्छति, यथा च उदशरावादिकम्पनात्तद्गते सूर्यप्रतिबम्बे कम्पमानेऽपि न तद्वान्सूर्यः कम्पते – एवमविद्याप्रत्युपस्थापिते बुद्ध्याद्युपहिते जीवाख्ये अंशे दुःखायमानेऽपि न तद्वानीश्वरो दुःखायते । जीवस्यापि दुःखप्राप्तिरविद्यानिमित्तैवेत्युक्तम् । तथा च अविद्यानिमित्तजीवभावव्युदासेन ब्रह्मभावमेव जीवस्य प्रतिपादयन्तिं वेदान्ताः – **'तत्त्वमसि'** इत्येवमादयः । तस्मान्नास्ति जैवेन दुःखेन परमात्मनो दुःखित्वप्रसङ्गः ॥४६॥

स्मरन्ति च ॥४७॥

स्मरन्ति च व्यासादयः – यथा जैवेन दुःखेन न परमात्मा दुःखायत इति, **'तत्र यः परमात्मा हि स नित्यो निर्गुणः स्मृतः । न लिप्यते फलैश्चापि पद्मपत्रमिवाम्भसा । कर्मात्मा त्वपरो योऽसौ मोक्षबन्धैः स युज्यते । स सप्तदशकेनापि राशिना युज्यते पुनः'** इति । च-शब्दात् – समामनन्ति च - इति वाक्यशेषः – **'तयोरन्यः पिप्पलं स्वाद्वत्त्यनशनन्नन्यो**

પુત્ર છું. હું જ મિત્ર છું એમ સ્નેહવશથી પુત્ર, મિત્ર આદિને વિષે આસક્તિ રાખતો, તેના અભિમાનની ભ્રાન્તિથી જ અનુભવે છે. તેથી આ નિશ્ચિત સમજાય છે — કે મિથ્યાભિમાનનો ભ્રમ જ દુઃખાનુભવનું નિમિત્ત છે એમ. વળી વ્યતિરેક જોવામાં આવે છે તેથી પણ એમ સમજાય છે. જેમકે પુત્ર, મિત્ર આદિવાળા તેના સંબન્ધના અભિમાની બહુ પુરુષો બેઠા હોય અને અન્ય પણ બેઠા હોય અને પુત્ર મર્યો, મિત્ર મર્યો એમ ઉદ્‌ઘોષ કરવામાં આવે તો જેમને પુત્ર, મિત્ર આદિવાળા હોવાનું અભિમાન છે તેમને જ તન્નિમિત્ત દુઃખ ઉત્પન્ન થાય છે, અભિમાનથી હીન, પરિવ્રાજક વગેરે થતું નથી. એથી લૌકિક પુરુષને પણ સમ્યગ્દર્શન સાર્થક દેખાય છે તો વિષયશૂન્ય, આત્માથી અન્ય વસ્તવન્તર ન જોનાર, નિત્ય ચૈતન્યમાત્ર સ્વરૂપને તે સાર્થક થાય તેમાં કહેવું જ શું ? માટે સમ્યગ્દર્શન અનર્થક થવાનો પ્રસંગ નથી. પ્રકાશાદિની જેમ એમ દૃષ્ટાન્તનો ઉપન્યાસ છે. જેમ સૂર્યનો કે ચન્દ્રનો પ્રકાશ આકાશને વ્યાપીને રહેતો, આંગળી વગેરે ઉપાધિના સંબન્ધથી ઋજુભાવ (સરળ ભાવ), વક્રભાવ આદિ પામે છે ત્યારે તેવો તેવો ભાવ પામતો, પણ પરમાર્થતઃ તેવો ભાવ પામતો નથી, અને જેમ આકાશ ઘટાદિ જાય ત્યારે જતું હોય એમ સમજાય છે તો પણ પરમાર્થતઃ જતું નથી, અને જેમ જલપાત્ર આદિના કમ્પથી તેમાં રહેલું સૂર્યપ્રતિબિમ્બ કમ્પે છે તોપણ તે પ્રતિબિમ્બ જેનું છે એવો સૂર્ય કમ્પતો નથી, એમ અવિદ્યાએ ઊભો કરેલો, બુદ્ધિ આદિ ઉપાધિવાળો જીવસંજ્ઞક અંશ દુઃખ પામે છે તોપણ તે અંશવાળો ઈશ્વર દુઃખ પામતો નથી અને જીવને પણ દુઃખની પ્રાપ્તિ અવિદ્યાનિમિત્ત જ છે એમ કહ્યું છે. તેમજ 'तत्त्वमसि' 'તે તું છે' ઇત્યાદિ વેદાન્તો અવિદ્યાનિમિત્ત જીવભાવનું નિરસન કરી જીવના બ્રહ્મભાવનું જ પ્રતિપાદન કરે છે. માટે જીવના દુઃખથી પરમાત્માને દુઃખિત્વનો પ્રસંગ નથી ॥ ૪૬ ॥

અને સ્મૃતિઓ કહે છે ॥ ૪૭ ॥

વ્યાસ આદિઓ સ્મૃતિઓમાં કહે છે કે જીવના દુઃખથી પરમાત્મા દુઃખ પામતો નથી — 'तत्र यः परमात्मा हि स नित्यो निर्गुणः स्मृतः । न लिप्यते फलैश्चापि पद्मपत्रमिवाम्भसा ॥ कर्मात्मा त्वपरो योऽसौ मोक्षबन्धैः स युज्यते । स सप्तदशकेनापि राशिना युज्यते पुनः ॥' **'તેમાં {જીવ અને પરમાત્મા એ બેમાં} જે પરમાત્મા છે તેની ખરેખર નિત્ય, અને નિર્ગુણ તરીકે કહેવાયો છે, તે ફળોથી પણ લિપ્ત થતો નથી, જેમ કમળનું પાંદડું પાણીથી લિપ્ત થતું નથી તેમ. જે એ કર્માત્મા અન્ય છે તે મોક્ષ અને બન્ધોથી જોડાયલો છે, તે વળી સત્તર રાશિથી પણ જોડાયલો છે'** એમ (સ્મૃતિ છે). च શબ્દથી 'समामनन्ति च' **'અને શ્રુતિઓ કહે છે'** એવો વાક્યશેષ છે. 'तयोरन्यः पिप्पलं

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अभिचाकशीति' (श्वेता.उप. ४-६) इति, **'एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः'** (कठ.उप. ५-११) इति च ॥४७॥

अत्राह – यदि तर्ह्येक एव सर्वेषां भूतानामन्तरात्मा स्यात्, कथमनुज्ञापरिहारौ स्यातां लौकिकौ वैदिकौ चेति । ननु च अंशो जीव ईश्वरस्य इत्युक्तम्, तद्भेदाच्चानुज्ञापरिहारौ तदाश्रयावव्यतिकीर्णावुपपद्येते, किमत्र चोद्यत इति, उच्यते – नैतदेवम्, अनंशत्वमपि हि जीवस्याभेदवादिन्यः श्रुतयः प्रतिपादयन्ति – **'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्'** (तैत्ति.उप. २-६-१) **'नान्योऽतोऽस्ति द्रष्टा'** (बृह.उप. ३-७-२३) **'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति'** (बृह.उप. ४-४-१९) **'तत्त्वमसि'** (छा.उप. ६-८-७) **'अहं ब्रह्मास्मि'** (बृह.उप. १-४-१०) इत्येवंजातीयकाः । ननु भेदाभेदावगमाभ्यामंशत्वं सिद्ध्यतीत्युक्तम् – स्यादेतदेवम्, यद्युभावपि भेदाभेदौ प्रतिपिपादयिषितः, ब्रह्मात्मत्वप्रतिपत्तौ पुरुषार्थसिद्धेः, स्वभावप्राप्तस्तु भेदोऽनूद्यते, न च निरवयवस्य ब्रह्मणो मुख्योंऽशो जीवः संभवतीत्युक्तम्, तस्मात्पर एवैकः सर्वेषां भूतानामन्तरात्मा जीवभावेनावस्थित इत्यतो वक्तव्या अनुज्ञापरिहारोपपत्तिः । तां ब्रूमः –

अनुज्ञापरिहारौ देहसंबन्धाज्ज्योतिरादिवत् ॥४८॥

'ऋतौ भार्यामुपेयात्' इत्यनुज्ञा, **'गुर्वङ्गनां नोपगच्छेत्'** इति परिहारः, तथा **'अग्नीषोमीयं पशुं संज्ञपयेत्'** इत्यनुज्ञा, **'न हिंस्यात्सर्वा भूतानि'** इति परिहारः, – एवं लोकेऽपि मित्रमुपसेवितव्यमित्यनुज्ञा, शत्रुः परिहर्तव्य इति परिहारः –

स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति' [શ્વેતા. ઉપ. ૪/૬] **'તે બેમાંનો એક સ્વાદયુક્ત ફળ ખાય છે, બીજો ખાધા વગર માત્ર જુએ છે'** એમ અને 'एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः' [કઠ. ઉપ. ૫/૧૧] **'તે પ્રમાણે, એક હોઈ સર્વ ભૂતોનો અન્તરાત્મા લોકદુઃખથી લિપ્ત થતો નથી, બાહ્ય છે તેથી'** એમ. અહીં (પૂર્વપક્ષી) કહે છે — જો સર્વ ભૂતોનો એક જ અન્તરાત્મા હોય ત્યારે તો લૌકિક અને વૈદિક અનુજ્ઞા (શાસ્ત્રની સંમતિ) અને પરિહાર (શાસ્ત્રોક્ત નિષેધ) શી રીતે થાય ? પણ જીવ ઈશ્વરનો અંશ છે એમ કહ્યું છે; અને તેના (અંશના) ભેદથી તેને આશ્રયે રહેલાં અનુજ્ઞા અને પરિહાર વ્યતિકીર્ણ થયા વગર (એક બીજા સાથે મિશ્રિત થયા વિના.) ઉપપન્ન થશે, અહીં શા માટે શંકા કરો છો એમ (કહેવું ઉચિત નથી). કહીએ છીએ — એ એમ નથી. અભેદ કહેનારી શ્રુતિઓ જીવનું અનંશત્વ (જીવ ઈશ્વરનો અંશ નથી એમ) પણ પ્રતિપાદન કરે છે — 'तत्सृष्टा तदेवानुप्राविशत्' [તૈત્તિ. ઉપ. ૨/૬/૧] **'તેને સર્જીને તેમાં જ અનુપ્રવેશ કર્યો'**, 'नान्योऽतोऽस्ति द्रष्टा' [બૃહ. ઉપ. ૩/૭/૨૩] **'એથી અન્ય દ્રષ્ટા નથી'**, 'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति' [બૃહ. ઉપ. ૪/૪/૧૯] **'જે અહીં ભિન્ન જેવું જુએ છે નાનાત્વ-ભેદ નથી તોપણ અવિદ્યાથી નાનાત્વનો અધ્યારોપ કરે છે તે મૃત્યુથી મૃત્યુ પ્રાપ્ત કરે છે'**, 'तत्त्वमसि' [છાન્દો. ઉપ. ૬/૮/૭] **'તે તું છે'**, 'अहं ब्रह्मास्मि' [બૃહ. ઉપ. ૧/૪/૧૦] **'હું બ્રહ્મ છું'** એ પ્રકારની શ્રુતિઓ (પ્રતિપાદન કરે છે). પણ ભેદ અને અભેદના જ્ઞાન અંશત્વ સિદ્ધ થાય છે એમ કહ્યું છે. જો બંને ભેદ અને અભેદ પ્રતિપાદન કરવા ઈષ્ટ હોય તો એમ થાય; પણ અભેદ જ અહીં પ્રતિપાદન કરવો ઈષ્ટ છે; કેમકે બ્રહ્માત્મત્વના જ્ઞાનથી (બ્રહ્મ આત્મા છે એ જ્ઞાનથી) પુરુષાર્થ સિદ્ધ થાય છે. ભેદ તો સ્વભાવપ્રાપ્ત છે તેનો અનુવાદ કરાય છે. વળી નિરવયવ બ્રહ્મનો મુખ્ય અંશ જીવ સંભવતો નથી એમ કહ્યું છે. માટે પર આત્મા જ એક સર્વ ભૂતોનો અન્તરાત્મા જીવભાવે અવસ્થિત છે, એ કારણથી અનુજ્ઞા અને પરિહારની ઉપપત્તિ કહેવી જોઈએ ॥ ૪૭ ॥

અનુજ્ઞા અને પરિહાર દેહસંબન્ધથી (છે), જ્યોતિ આદિની જેમ ॥ ૪૮ ॥

'ऋतौ भार्यामुपेयात्' **'ઋતુકાળે ભાર્યાનો સંગ કરવો'** એ અનુજ્ઞા (વિધિ) છે, 'गुर्वङ्गनां नोपगच्छेत्' **'ગુરુની સ્ત્રી સાથે સંગ ન કરવો'** એ પરિહાર (નિષેધ) છે. તેમ 'अग्नीषोमीयं पशुं संज्ञपयेत्' **'અગ્નિ અને સોમને અર્પણ કરેલા પશુનો વધ કરવો'** એ અનુજ્ઞા છે અને 'न हिंस्यात् सर्वा भूतानि' **'સર્વ ભૂતોની હિંસા ન કરવી'** એ પરિહાર છે. એમ લોક વ્યવહારમાં પણ 'मित्रमुपसेवितव्यम्' **'મિત્રનું ઉપસેવન કરવું'** એ અનુજ્ઞા છે અને 'शत्रुः परिहर्तव्यः' **'શત્રુનો ત્યાગ કરવો'** એ પરિહાર છે. એ પ્રકારનાં અનુજ્ઞા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

एवंप्रकारावनुज्ञापरिहारौ एकत्वेऽप्यात्मनः देहसंबन्धात् स्यात् । देहैः संबन्धो देहसंबन्धः, कः पुनर्देहसंबन्धः ?, देहादिरयं संघातोऽहमेव – इत्यात्मनि विपरीतप्रत्ययोत्पत्तिः, दृष्टा च सा सर्वप्राणिनाम् – अहं गच्छामि अहमागच्छामि, अहमन्धः, अहमनन्धः, अहं मूढः अहममूढः इत्येवमात्मिका, न हि अस्याः सम्यग्दर्शनादन्यन्निवारकमस्ति, प्राक्तु सम्यग्दर्शनात्प्रततैषा भ्रान्तिः सर्वजन्तुषु । तदेवमविद्यानिमित्तदेहाद्युपाधिसंबन्ध-कृताद्विशेषादैकात्म्याभ्युपगमेऽप्यनुज्ञापरिहारावकल्पेते । सम्यग्दर्शिनस्तर्ह्यनुज्ञापरिहारानर्थक्यं प्राप्तम् – न, तस्य कृतार्थत्वान्नियोज्यत्वानुपपत्तेः – हेयोपादेययोर्हि नियोज्यो नियोक्तव्यः स्यात्, आत्मनस्त्वतिरिक्तं हेयमुपादेयं वा वस्त्वपश्यन् कथं नियुज्येत, न च आत्मा आत्मन्येव नियोज्यः स्यात्। शरीरव्यतिरेकदर्शिन एव नियोज्यत्वमिति चेत्, न, तत्संहतत्वाभिमानात् – सत्यं व्यतिरेकदर्शिनो नियोज्यत्वम्, तथापि व्योमादिवद्देहाद्यसंहतत्वमपश्यत एव आत्मनो नियोज्यत्वाभिमानः, न हि देहाद्यसंहतत्वदर्शिनः कस्यचिदपि नियोगो दृष्टः, किमुतैकात्म्यदर्शिनः । न च नियोगाभावात् सम्यग्दर्शिनो यथेष्टचेष्टाप्रसङ्गः, सर्वत्राभिमानस्यैव प्रवर्तकत्वात्, अभिमानाभावाच्च सम्यग्दर्शिनः । तस्माद्देहसंबन्धादेवानुज्ञापरिहारौ – ज्योतिरादिवत् – यथा ज्योतिष एकत्वेऽप्यग्निः क्रव्यात्परिह्रियते, नेतरः, यथा च प्रकाश एकस्यापि सवितुरमेध्यदेशसंबद्धः परिह्रियते, नेतरः शुचिभूमिष्ठः, तथा भौमाः प्रदेशा वज्रवैडूर्यादय उपादीयन्ते, भौमा अपि सन्तो नरकलेवरादयः परिह्रियन्ते, तथा मूत्रपुरीषं गवां पवित्रतया परिगृह्यते, तदेव जात्यन्तरे परिवर्ज्यते – तद्वत् ॥४८॥

असंततेश्चाव्यतिकरः ॥४९॥

પરિહાર, આત્મા એક છે તોપણ તેના દેહસંબન્ધ થી થાય. દેહોની સાથે સંબન્ધ તે દેહસંબન્ધ. પણ દેહસંબન્ધ તે શું ? દેહાદિ આ સંઘાત (= સમૂહ) હું જ છું એમ આત્માને વિષે વિપરીત જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. 'હું જાઉં છું', 'હું આવું છું', 'હું અન્ધ છું', 'હું અન્ધ નથી', 'હું મૂઢ છું', 'હું મૂઢ નથી' એ પ્રકારની વિપરીત જ્ઞાનની ઉત્પત્તિ સર્વ પ્રાણીઓમાં દેખાય છે. ખરેખર, એનું નિવારક સમ્યગ્દર્શનથી બીજું કંઈ નથી. પણ સમ્યગ્દર્શનની પૂર્વે એ ભ્રાન્તિ સર્વ જન્તુઓમાં કાયમી છે. માટે, એ રીતે અવિદ્યાનિમિત્ત દેહાદિ ઉપાધિના સંબન્ધે કરેલા વિશેષને લીધે એકાત્મતાના સ્વીકારમાં પણ અનુજ્ઞા અને પરિહાર સંભવે છે. ત્યારે સમ્યગ્દર્શીને અનુજ્ઞા અને પરિહારની નિરર્થકતા પ્રાપ્ત થાય છે. ના; કેમકે તે કૃતાર્થ હોવાથી નિયોજ્ય (શાસ્ત્રવિધિ કે નિષેધનો વિષય) થાય એ ઉપપન્ન નથી; કારણ કે હેય અને ઉપાદેયને વિષે નિયોજ્ય નિયોક્તવ્ય થાય, પણ આત્માથી અતિરિક્ત હેય કે ઉપાદેય વસ્તુ જે જોતો નથી તે શી રીતે નિયુક્ત થાય ? ખરેખર, આત્મા આત્માને વિષે જ નિયોજ્ય થઈ શકે નહિ. આત્મા શરીરથી જુદો છે એવા જ્ઞાનવાળો જ નિયોજ્ય થાય એમ કહેશો તો તે યોગ્ય નથી; કેમકે આત્મા દેહાદિનો સંઘાત છે એવું અભિમાન છે. આત્મા દેહથી વ્યતિરિક્ત છે એવા જ્ઞાનવાળો નિયોજ્ય છે એ સાચું છે, તો પણ આકાશાદિની જેમ દેહાદિથી આત્મા ભિન્ન છે એમ જેને જ્ઞાન નથી તેને જ નિયોજ્યત્વનું અભિમાન છે. ખરેખર, દેહાદિથી આત્મા અસંહત છે એવા જ્ઞાનવાળા કોઈનો પણ નિયોગ જોવામાં આવતો નથી, તો પછી એકાત્મતાના જ્ઞાનવાળાને નિયોગ ન હોય તેમાં કહેવું જ શું ? વળી નિયોગના અભાવથી સમ્યગ્દર્શીને યથેષ્ટ ચેષ્ટાનો પ્રસંગ આવશે એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે સર્વત્ર અભિમાન જ પ્રવર્તક છે અને સમ્યગ્દર્શીને અભિમાનનો અભાવ છે. તેટલા માટે દેહસંબન્ધથી જ અનુજ્ઞા અને પરિહાર થાય છે, જ્યોતિ આદિની જેમ. જેમ જ્યોતિ એક છે તો પણ ક્રવ્યાદ્ અગ્નિનો પરિહાર થાય છે, અન્યનો થતો નથી, અને જેમ એક પણ આદિત્યનો પ્રકાશ અપવિત્ર દેશ સાથે જોડાયલો તજાય છે, અન્ય, પવિત્ર ભૂમિમાં રહેલો તજાતો નથી, તેમ વજ્ર, વૈદૂર્ય આદિ ભૂમિના પ્રદેશોનું ઉપાદાન (ગ્રહણ) થાય છે, અને નરકલેવર આદિ પ્રદેશો ભૂમિના છે તોપણ તેનો પરિહાર (= ત્યાગ) થાય છે, તેમજ ગાયોનું મૂત્ર અને છાણ પવિત્ર હોવાથી તેનો પરિગ્રહ થાય છે અને અન્ય જાતિમાં તે જ મૂત્ર અને છાણ ત્યજી દેવામાં આવે છે તેમ. ॥ ૪૮ ॥

અને અસન્તતિથી (= કર્તા અને ભોક્તા એવા આત્માનો સર્વ શરીર સાથે સંતત સંબન્ધ નથી તેથી) (કર્મ અને ફળનું) વ્યતિકર (= મિશ્રણ) નથી. ॥ ૪૯ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्यातां नाम अनुज्ञापरिहारावेकस्यात्मनो देहविशेषयोगात्, यस्त्वयं कर्मफलसंबन्धः, स च एकात्म्याभ्युपगमे व्यतिकीर्येत, स्वाम्येकत्वादिति चेत्, नैतदेवम्, असंततेः, न हि कर्तुर्भोक्तुश्चात्मनः संततः सर्वैः शरीरैः संबन्धोऽस्ति, उपाधितन्त्रो हि जीव इत्युक्तम्, उपाध्यसंतानाच्च नास्ति जीवसंतानः – ततश्च कर्मव्यतिकरः फलव्यतिकरो वा न भविष्यति ॥४९॥

आभास एव च ॥५०॥

आभास एव च एष जीवः परस्यात्मनो जलसूर्यकादिवत्प्रतिपत्तव्यः, न स एव साक्षात्, नापि वस्त्वन्तरम् । अतश्च यथा नैकस्मिञ्जलसूर्यके कम्पमाने जलसूर्यकान्तरं कम्पते, एवं नैकस्मिञ्जीवे कर्मफलसंबन्धिनि जीवान्तरस्य तत्संबन्धः। एवमव्यतिकर एव कर्मफलयोः । आभासस्य च अविद्याकृतत्वात्तदाश्रयस्य संसारस्याविद्याकृतत्वोपपत्तिरिति, तद्व्युदासेन च पारमार्थिकस्य ब्रह्मात्मभावस्योपदेशोपपत्तिः । येषां तु बहव आत्मानः, ते च सर्वे सर्वगताः, तेषामेवैष व्यतिकरः प्राप्नोति, कथम् ? बहवो विभवश्चात्मानश्चैतन्यमात्रस्वरूपा निर्गुणा निरतिशयाश्च, तदर्थं साधारणं प्रधानम्, तन्निमित्तैषां भोगापवर्गसिद्धिरिति सांख्याः । सति बहुत्वे विभुत्वे च घटकुड्यदिसमाना द्रव्यमात्रस्वरूपाः स्वतोऽचेतना आत्मानः, तदुपकरणानि च अणूनि मनांस्यचेतनानि, तत्र आत्मद्रव्याणां मनोद्रव्याणां च संयोगात् नव इच्छादयो वैशेषिका आत्मगुणा उत्पद्यन्ते, ते च अव्यतिरेकेण प्रत्येकमात्मसु समवयन्ति, स संसारः, तेषां नवानामात्मगुणानामत्यन्तानुत्पादो मोक्ष इति काणादाः । तत्र सांख्यानां तावच्चैतन्यस्वरूपत्वात्सर्वात्मनां संनिधानाद्यविशेषाच्च एकस्य सुखदुःखसंबन्धे सर्वेषां सुखदुःखसंबन्धः प्राप्नोति । स्यादेतत् – प्रधानप्रवृत्तेः पुरुषकैवल्यार्थत्वाद्व्यवस्था भविष्यति, अन्यथा हि स्वविभूतिख्यापनार्था प्रधानप्रवृत्तिः स्यात्, तथा च अनिर्मोक्षः प्रसज्येतेति – नैतत्सारम् – न हि अभिलषितसिद्धिनिबन्धना

એક પણ આત્માને દેહવિશેષના (= જુદા જુદા દેહના) યોગથી અનુજ્ઞા અને પરિહાર થાય; પણ જે આ કર્મફળનો સંબન્ધ છે તે એકાત્માના સ્વીકારમાં વ્યતિકીર્ણ થાય, કેમકે સ્વામી એક છે, એમ કહેશો તો તે એમ નથી; અસંતતિથી; કારણ કે કર્તા અને ભોક્તા આત્માનો સર્વ શરીરો સાથે સંતત સંબન્ધ નથી. ખરેખર, જીવ ઉપાધિને અધીન છે એમ કહ્યું છે, અને ઉપાધિ અસન્તત છે તેથી જીવ પણ સંતત નથી; તેથી કર્મનો કે ફળનું વ્યતિકર = મિશ્રણ નહીં થાય.

અને (જીવ પરમાત્માનો) આભાસ જ છે ॥ ૫૦ ॥

વળી એ જીવને પર આત્માનો આભાસ જ સમજવો યોગ્ય છે, જલમાં પડેલા સૂર્યબિંબ આદિની જેમ. સાક્ષાત્ તે જ-પર આત્માજ-નથી, તેમજ અન્ય વસ્તુ પણ નથી. માટે જેમ એક જલસૂર્યક (= સૂર્યનું જળમાં પડેલું પ્રતિબિંબ.) કમ્પે એટલે અન્ય જલસૂર્યક કંપતું નથી, એમ એક જીવ કર્મફળનો સંબન્ધી થાય એટલે અન્ય જીવનો તેની (કર્મફળની) સાથે સંબન્ધ નથી. એમ પણ કર્મ અને ફળનો અવ્યતિકર જ છે; અને આભાસ અવિદ્યાથી થયેલો હોવાથી તેને આશ્રયે રહેલો સંસાર અવિદ્યાથી થયેલો ઉપપન્ન થાય છે અને તેથી તેના નાશથી પારમાર્થિક બ્રહ્માત્મભાવનો ઉપદેશ ઉપપન્ન થાય છે. પણ જેમના મનમાં આત્મા બહુ છે અને તે સર્વે સર્વગત છે તેમને જ એ વ્યતિકર પ્રાપ્ત થાય છે. શી રીતે ? આત્માઓ બહુ અને વિભુ છે, ચૈતન્ય માત્ર સ્વરૂપ છે, નિર્ગુણ અને નિરતિશય છે અને તેમને માટે પ્રધાન સાધારણ છે અને તેને લીધે તેમના ભોગ અને અપવર્ગ સિદ્ધ છે એમ સાંખ્યો માને છે. આત્માઓ બહુ અને વિભુ હોઈ, ઘટ, કુડ્ય = દિવાલ આદિના જેવા, દ્રવ્યમાત્ર સ્વરૂપ, પોતે અચેતન છે, અને તેનાં ઉપકરણો મન અણુ અને અચેતન છે; તેમાં આત્મદ્રવ્યો અને મનોદ્રવ્યોના સંયોગથી ઇચ્છા વગેરે નવ, વૈશેષિક આત્મગુણો ઉત્પન્ન થાય છે, અને તેઓ વ્યતિકર વગર, પ્રત્યેક, આત્માઓ વિષે સમવાય સંબન્ધે રહે છે, તે સંસાર છે; અને તે નવ આત્મગુણોની અત્યન્ત અનુત્પત્તિ તે મોક્ષ એમ કણાદાનુયાયીઓ માને છે. તેમાં પ્રથમ સાંખ્યોના મતમાં સર્વ આત્માઓ ચૈતન્યસ્વરૂપ હોવાથી અને સંનિધાન આદિના અવિશેષ(= અભેદ)થી એકનો સુખદુઃખ સાથે સંબન્ધ થતાં સર્વેનો સુખદુઃખ સાથે સંબન્ધ પ્રાપ્ત થાય છે. પણ (સાંખ્ય શંકા કરે કે) પ્રધાનની પ્રવૃત્તિ પુરુષના કૈવલ્ય (= મોક્ષ) માટે હોવાથી વ્યવસ્થા થશે; કેમકે નહિ તો પ્રધાનની પ્રવૃત્તિ પોતાની વિભૂતિ દર્શાવવા માટે થાય; અને તેથી અનિર્મોક્ષ પ્રાપ્ત થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ

व्यवस्था शक्या विज्ञातुम्, उपपत्त्या तु कयाचिव्द्यवस्थोच्येत, असत्यां पुनरुपपत्तौ कामं मा भूदभिलषितं पुरुषकैवल्यम्, प्राप्नोति तु व्यवस्थाहेत्वभावाव्द्यतिकरः। काणादानामपि – यदा एकेनात्मना मनः संयुज्यते, तदा आत्मान्तरैरपि नान्तरीयकः संयोगः स्यात्, संनिधानाद्यविशेषात्, ततश्च हेत्वविशेषात्फलाविशेष इत्येकस्यात्मनः सुखदुःखयोगे सर्वात्मनामपि समानं सुखदुःखित्वं प्रसज्येत ॥५०॥

स्यादेतत् – अदृष्टनिमित्तो नियमो भविष्यतीति, नेत्याह –

अदृष्टानियमात् ॥५१॥

बहुष्वात्मस्वाकाशवत्सर्वगतेषु प्रतिशरीरं बाह्याभ्यन्तराविशेषेण संनिहितेषु मनोवाक्कायैर्धर्माधर्मलक्षणमदृष्टमुपार्ज्यते। सांख्यानां तावत् तदनात्मसमवायि प्रधानवर्ति। प्रधानसाधारण्यान्न प्रत्यात्मं सुखदुःखोपभोगस्य नियामकमुपपद्यते। काणादानामपि पूर्ववत्साधारणेनात्ममनःसंयोगेन निर्वर्तितस्यादृष्टस्यापि अस्यैवात्मन इदमदृष्टमिति नियमे हेत्वभावादेष एव दोषः ॥५१॥

स्यादेतत् – अहमिदं फलं प्राप्नवानि, इदं परिहराणि, इत्थं प्रयतै, इत्थं करवाणि – इत्येवंविधा अभिसंध्यादयः प्रत्यात्मं प्रवर्तमाना अदृष्टस्यात्मनां च स्वस्वामिभावं नियंस्यन्तीति, नेत्याह –

अभिसंध्यादिष्वपि चैवम् ॥५२॥

अभिसंध्यादीनामपि साधारणेनैवात्ममनःसंयोगेन सर्वात्मसंनिधौ क्रियमाणानां नियमहेतुत्वानुपपत्तेरुक्तदोषानुषङ्ग एव ॥५२॥

એ યોગ્ય નથી; કેમકે અભિલષિતની સિદ્ધિને આધારે વ્યવસ્થા જાણવી શક્ય નથી; પણ કોઈક ઉપપત્તિથી વ્યવસ્થા કહી શકાય. પરંતુ ઉપપત્તિ ન હોવાથી અભિલષિત પુરુષકૈવલ્ય ન થાય, ઉલટું વ્યવસ્થાનો હેતુ ન હોવાથી વ્યતિકર પ્રાપ્ત થાય છે. કાણાદોના મતમાં પણ જ્યારે એક આત્મા સાથે મનનો સંયોગ થાય છે, ત્યારે અન્ય આત્માઓ સાથે પણ અવિનાભાવનો સંયોગ થાય, સંનિધાન આદિનો અવિશેષ છે તેથી. માટે હેતુમાં વિશેષ ન હોવાથી ફળમાં વિશેષ ન થાય, એટલે એક આત્માનો સુખદુઃખ સાથે સંયોગ થતાં સર્વ આત્માઓનું સરખું સુખદુઃખિત્વ પ્રાપ્ત થાય. ॥ ૫૦ ॥

પણ અદૃષ્ટને નિમિત્તે નિયમ થશે એવી શંકા છે. કહે છે કે ના, એ શંકા યોગ્ય નથી—

અદૃષ્ટના અનિયમથી ॥ ૫૧ ॥

બહુ આત્માઓ આકાશની જેમ સર્વગત છે, અને દરેક શરીરમાં, બાહ્ય અને અભ્યન્તરમાં, સમાન રીતે સંનિહિત છે તે સ્થિતિમાં મન, વાણી અને શરીર ધર્મલક્ષણ અને અધર્મલક્ષણ અદૃષ્ટનું ઉપાર્જન કરે છે. હવે સાંખ્યોના મતમાં તે અદૃષ્ટ આત્મામાં સમવેત નથી, પણ પ્રધાનમાં રહે છે અને પ્રધાન સાધારણ હોવાથી દરેક આત્મામાં તે (અદૃષ્ટ) સુખદુઃખના ઉપભોગનું નિયામક થાય એ શક્ય થતું નથી. કાણાદોના મતમાં પણ પૂર્વની જેમ આત્મમનઃ સંયોગ, જે સાધારણ છે, તેણે ઉપજાવેલું અદૃષ્ટ છે તેથી આ જ આત્માનું આ અદૃષ્ટ છે એવા નિયમમાં હેતુનો અભાવ છે તેથી એ જ દોષ છે. ॥ ૫૧ ॥

પણ 'મેં આ ફળ પ્રાપ્ત કર્યું', 'આ મારે ત્યજવું', 'આ રીતે મારે પ્રયત્ન કરવો,' 'આ રીતે મારે કરવું' એ પ્રકારની અભિસંધિ વગેરે દરેક આત્મામાં પ્રવર્તમાન છે તે, અદૃષ્ટ અને આત્માઓનો સ્વસ્વામિભાવ નિયમિત કરશે એવી શંકા છે. કહે છે કે એ શંકા યોગ્ય નથી—

અભિસંધિ (= વિચાર) વગેરેમાં પણ એ જ રીતે છે ॥ ૫૨ ॥

અભિસંધિ વગેરેને પણ સાધારણ આત્મમનઃ સંયોગ જ સર્વ આત્માની સંનિધિમાં કરે છે તેથી તેઓ પણ નિયમનો હેતુ થાય એ અનુપપન્ન (અયુક્ત) હોવાથી ઉક્ત દોષનો જ સંબંધ છે ॥ ૫૨ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

प्रदेशादिति चेन्नान्तर्भावात् ॥५३॥

अथोच्येत – विभुत्वेऽप्यात्मनः शरीरप्रतिष्ठेन मनसा संयोगः शरीरावच्छिन्न एव आत्मप्रदेशे भविष्यति, अतः प्रदेशकृता व्यवस्था अभिसंध्यादीनामदृष्टस्य सुखदुःखयोश्च भविष्यतीति, तदपि नोपपद्यते, कस्मात् ? अन्तर्भावात्, विभुत्वाविशेषाद्धि सर्व एवात्मानः सर्वशरीरेष्वन्तर्भवन्ति, तत्र न वैशेषिकैः शरीरावच्छिन्नोऽप्यात्मनः प्रदेशः कल्पयितुं शक्यः, कल्प्यमानोऽप्ययं निष्प्रदेशस्यात्मनः प्रदेशः काल्पनिकत्वादेव न पारमार्थिकं कार्यं नियन्तुं शक्नोति, शरीरमपि सर्वात्मसंनिधावुत्पद्यमानम् – अस्यैव आत्मनः, नेतरेषाम् – इति न नियन्तुं शक्यम्। प्रदेशविशेषाभ्युपगमेऽपि च द्वयोरात्मनोः समानसुखदुःखभाजोः कदाचिदेकेनैव तावच्छरीरेणोपभोगसिद्धिः स्यात्, समानप्रदेशस्यापि द्वयोरात्मनोरदृष्टस्य संभवात्, तथा हि – देवदत्तो यस्मिन्प्रदेशे सुखदुःखमन्वभूत्, तस्मात्प्रदेशादपक्रान्ते तच्छरीरे, यज्ञदत्तशरीरे च तं प्रदेशमनुप्राप्ते, तस्यापि इतरेण समानः सुखदुःखानुभवो दृश्यते, स न स्यात्, यदि देवदत्तयज्ञदत्तयोः समानप्रदेशमदृष्टं न स्यात्। स्वर्गाद्यनुपभोगप्रसङ्गश्च प्रदेशवादिनः स्यात्, ब्राह्मणादिशरीरप्रदेशेष्वदृष्टनिष्पत्तेः प्रदेशान्तरवर्तित्वाच्च स्वर्गाद्युपभोगस्य । सर्वगतत्वानुपपत्तिश्च बहूनामात्मनाम्, दृष्टान्ताभावात्, वद तावत् त्वम् – के बहवः समानदेशाश्चेति, रूपादय इति चेत्, न, तेषामपि धर्म्यंशेनाभेदात्, लक्षणभेदाच्च – न तु बहूनामात्मनां लक्षणभेदोऽस्ति, अन्त्यविशेषवशाद्भेदोपपत्तिरिति चेत्, न, भेदकल्पनाया अन्त्यविशेषकल्पनायाश्च इतरेतराश्रयत्वात्, आकाशादीनामपि विभुत्वं ब्रह्मवादिनोऽसिद्धम्, कार्यत्वाभ्युपगमात् । तस्मादात्मैकत्वपक्ष एव सर्वदोषाभाव इति सिद्धम् ॥५३॥

इति द्वितीयाध्यायस्य तृतीयः पादः ॥

પ્રદેશથી (વ્યવસ્થા થશે) એમ (કહેશો) તો તે (બરાબર) નથી, કારણ કે (સર્વ આત્માઓનો સર્વ શરીરોમાં) અન્તર્ભાવ છે ॥ ૫૩ ॥

જો એમ કહેવાય (શંકા કરાય) કે આત્મા વિભુ છે તો પણ શરીરમાં રહેલા મન સાથે તેનો સંયોગ શરીરાવચ્છિન્ન આત્મપ્રદેશમાં જ થશે તેથી પ્રદેશે કરેલી વ્યવસ્થા અભિસંધિ આદિની, અદૃષ્ટની અને સુખદુઃખની થશે તો તે પણ ઉપપન્ન થતું નથી. શાથી ? અન્તર્ભાવથી; કારણ કે વિભુત્વ સમાન હોવાથી સર્વે આત્માઓ સર્વ શરીરોમાં અન્તર્ભૂત થશે. તેમાં વૈશેષિકોએ શરીરાવચ્છિન્ન પણ આત્માનો પ્રદેશ કલ્પવો શક્ય નથી. કલ્પી શકાયો હોત પણ, પ્રદેશરહિત આત્માનો એ પ્રદેશ કાલ્પનિક હોવાથી જ પારમાર્થિક કાર્ય નિયમિત કરવાને શક્તિમાન નથી. શરીર પણ સર્વ આત્માઓની સંનિધિમાં ઉત્પન્ન થતું આ જ આત્માનું છે, અન્ય આત્માઓનું નથી એમ નિયમિત કરવું શક્ય નથી. પ્રદેશવિશેષ સ્વીકારવાથી પણ સમાન સુખદુઃખ ભોગવનાર બે આત્માઓનો ઉપભોગ કદાચિત્ એક જ શરીરથી સિદ્ધ થાય; કેમકે બે આત્માનું અદૃષ્ટ એક જ પ્રદેશમાં થાય એવો સંભવ છે. જેમકે જે પ્રદેશમાં દેવદત્તે સુખદુઃખનો અનુભવ કર્યો તે પ્રદેશમાંથી તેનું શરીર દૂર જાય અને યજ્ઞદત્તનું શરીર તે પ્રદેશમાં પ્રાપ્ત થાય તો તેને પણ બીજાના (દેવદત્તના) સરખો જ સુખદુઃખનો અનુભવ જોવામાં આવે છે; તે અનુભવ જો દેવદત્ત અને યજ્ઞદત્તનું અદૃષ્ટ સમાનપ્રદેશ ન હોય તો ન થાય. વળી પ્રદેશવાદીને સ્વર્ગાદિના અનુપભોગનો પ્રસંગ આવે; કારણ કે બ્રાહ્મણાદિ શરીર પ્રદેશોમાં અદૃષ્ટ નિષ્પન્ન થાય છે અને સ્વર્ગાદિનો ઉપભોગ અન્ય પ્રદેશમાં છે. વળી બહુ આત્માઓ સર્વગત છે એ અનુપપન્ન છે; કેમકે દૃષ્ટાન્તનો અભાવ છે. તું કહે, બહુ (અનેક) હોય અને સમાનપ્રદેશ હોય એવા કયા પદાર્થો છે ? રૂપાદિઓ છે એમ કહેશો તો તે યોગ્ય નથી; કેમકે તેઓ પણ ધર્મીના અંશ તરીકે અભિન્ન છે અને તેમનાં લક્ષણમાં ભેદ છે. પણ બહુ આત્માઓના લક્ષણમાં ભેદ નથી. અન્ત્ય વિશેષને લીધે ભેદ ઉપપન્ન થશે એમ કહેશો તો તે બરાબર નથી; કેમકે ભેદની કલ્પના અને અન્ત્ય વિશેષની કલ્પના વચ્ચે અન્યોન્યાશ્રય છે. આકાશાદિનું પણ વિભુત્વ બ્રહ્મવાદીને અસિદ્ધ છે; કેમકે તે કાર્ય છે એમ તે સ્વીકારે છે. માટે એક આત્માના પક્ષમાં જ સર્વ દોષનો અભાવ છે એમ સિદ્ધ થાય છે ॥ ૫૩ ॥

દ્વિતીય અધ્યાયનો તૃતીય પાદ સંપૂર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

॥ द्वितीयाध्याये चतुर्थः पादः ॥

वियदादिविषयश्रुतिविप्रतिषेधस्तृतीयेन पादेन परिहृतः, चतुर्थेन इदानीं प्राणविषयः परिह्रियते । तत्र तावत् – **'तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-३) इति, **'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः'** (तैत्ति.उप. २-१-१) इति च एवमादिषु उत्पत्तिकरणेषु प्राणानामुत्पत्तिर्न आम्नायते, क्वचिच्चानुत्पत्तिरेव एषामाम्नायते, **'असद्वा इदमग्र आसीत्'** (तैत्ति.उप. २-७) **'तदाहुः किं तदसदासीदित्यृषयो वाव तेऽग्रेऽसदासीत् । तदाहुः के ते ऋषय इति । प्राणा वाव ऋषयः'** (शत.ब्रा. ६,१,१,१) – इत्यत्र प्रागुत्पत्तेः प्राणानां सद्भावश्रवणात्, अन्यत्र तु प्राणानामप्युत्पत्तिः पठ्यते – **'यथाग्नेर्ज्वलतः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवैतस्मादात्मनः सर्वे प्राणाः'** (बृह.उप. ३-१-२०) इति, **'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च'** (मुण्ड.उप. २-१-३) **'सप्त प्राणाः प्रभवन्ति तस्मात्'** (मुण्ड.उप. २-१-८) इति, **'स प्राणमसृजत प्राणाच्छ्रद्धां खं वायुर्ज्योतिरापः पृथिवीन्द्रियं मनोऽन्नम्'** (प्रश्न.उप. ६-४) इति च एवमादिप्रदेशेषु । तत्र श्रुतिविप्रतिषेधादन्यतरनिर्धारणकारणानिरूपणाच्च अप्रतिपत्तिः प्राप्नोति । अथवा प्रागुत्पत्तेः सद्भावश्रवणाद्गौणी प्राणानामुत्पत्तिश्रुतिरिति प्राप्नोति । अत इदमुत्तरं पठति –

१. प्राणोत्पत्त्यधिकरणम् ।

तथा प्राणाः ॥१॥

દ્વિતીય અધ્યાયનો ચતુર્થ પાદ

આકાશ વગેરે વિષે શ્રુતિના વિરોધનો તૃતીય પાદમાં પરિહાર કર્યો. હવે ચતુર્થ પાદમાં પ્રાણ વિષે વિરોધનો પરિહાર કરવામાં છે. તેમાં પ્રથમ 'तत्तेजोऽसृजत' [છાન્દો. ઉપ. ૬/૨/૩] **'તેણે તેજ સર્જ્યું'**, 'तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः' [તૈત્તિ. ઉપ. ૨/૧/૧] **'ખરેખર, તે એ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું'** એ આદિ ઉત્પત્તિ પ્રકરણોમાં પ્રાણોની ઉત્પત્તિ શ્રુતિમાં નથી; પણ ક્યારેક એ પ્રાણોની અનુત્પત્તિ જ શ્રુતિમાં છે. 'असद्वा इदमग्र आसीत्' [તૈત્તિ. ઉપ. ૨/૭] **'ખરેખર, અગ્રે એ અસત્ જ હતું'**, 'तदाहुः किं तदसदासीदित्यृषयो वाव तेऽग्रेऽसदासीत् । तदाहुः के ते ऋषय इति । प्राणा वाव ऋषयः' [શત. બ્રાહ્મ. ૬,૧,૧,૧] **'તેઓ કહે છે તે અસત્ હતું તે શું ? ખરેખર, અગ્રે ઋષિઓ તે અસત્. તેઓ કહે છે, તે ઋષિઓ કોણ ? ખરેખર, પ્રાણો તે ઋષિઓ'** એમાં ઉત્પત્તિની પૂર્વે પ્રાણોના અસ્તિત્વની શ્રુતિ છે. અન્ય સ્થળે તો પ્રાણોની પણ ઉત્પત્તિ કહી છે — 'यथाग्नेर्ज्वलतः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवैतस्मादात्मनः सर्वे प्राणाः' [બૃહ. ઉપ. ૩/૧/૨૦] **'જેમ બળતા અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલિંગો ઊંચે જાય છે, તે જ રીતે આ આત્મામાંથી સર્વે પ્રાણો નીકળે છે'**, 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च' [મુણ્ડ. ઉપ. ૨/૧/૩] **'એમાંથી, પ્રાણ, મન અને સર્વ ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે'**, 'सप्त प्राणाः प्रभवन्ति तस्मात्' [મુણ્ડ ઉપ. ૨/૧/૮] **'તેમાંથી સાત પ્રાણો ઉત્પન્ન થાય છે'**, 'स प्राणमसृजत प्राणाच्छ्रद्धां खं वायुर्ज्योतिरापः पृथिवीन्द्रियं मनोऽन्नम्' [પ્રશ્ન. ઉપ. ૬/૪] **'તેણે પ્રાણ સર્જ્યો, પ્રાણથી શ્રદ્ધા, આકાશ, વાયુ, તેજ, જળ, પૃથિવી, ઇન્દ્રિય, મન અને અન્ન સર્જ્યું'** ઇત્યાદિ પ્રદેશોમાં. ત્યાં ત્યાં શ્રુતિઓના વિરોધથી અને તેમાંની એકને પણ નિર્ધારણ કરવાનું કારણ નિરૂપિત નથી તેથી અપ્રતિપત્તિ (= અપ્રામાણ્ય) પ્રાપ્ત થાય છે, અથવા ઉત્પત્તિની પૂર્વે પ્રાણોના અસ્તિત્વની શ્રુતિ છે તેથી ઉત્પત્તિ વિષયક શ્રુતિ ગૌણી છે એમ પ્રાપ્ત થાય છે. એથી આ ઉત્તર કહે છે—

૧. પ્રાણોત્પત્તિ-અધિકરણ

(જેમ આકાશ વગેરે બ્રહ્મના વિકાર છે)
તેમ પ્રાણો (બ્રહ્મના વિકાર છે) ॥ ૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तथा प्राणा इति । कथं पुनरत्र तथा इत्यक्षरानुलोम्यम्, प्रकृतोपमानाभावात् – सर्वगतात्मबहुत्ववादिदूषणम् अतीतानन्तरपादान्ते प्रकृतम्, तत्तावन्नोपमानं संभवति, सादृश्याभावात्, सादृश्ये हि सति उपमानं स्यात् यथा सिंहस्तथा बलवर्मेति, अदृष्टसाम्यप्रतिपादनार्थमिति यद्युच्येत – यथा अदृष्टस्य सर्वात्मसंनिधावुत्पद्यमानस्यानियतत्वम्, एवं प्राणानामपि सर्वात्मनः प्रत्यनियतत्वमिति – तदपि देहानियमेनैवोक्तत्वात्पुनरुक्तं भवेत्, न च जीवेन प्राणा उपमीयरेन्, सिद्धान्तविरोधात् – जीवस्य हि अनुत्पत्तिराख्याता, प्राणानां तु उत्पत्तिर्व्याचिख्यासिता, तस्मात्तथा इत्यसंबद्धमिव प्रतिभाति – न, उदाहरणोपात्तेनाप्युपमानेन संबन्धोपपत्तेः – अत्र प्राणोत्पत्तिवादिवाक्यजातमुदाहरण् – **'एतस्मादात्मनः सर्वे प्राणाःसर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति'** (बृह.उप. २-१-२०) इत्येवंजातीयकम्, तत्र यथा लोकादयः परस्माद्ब्रह्मण उत्पद्यन्ते, तथा प्राणा अपीत्यर्थः, तथा – **'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी'** (मुण्ड.उप. २-१-३) इत्येवमादिष्वपि खादिवत्प्राणानामुत्पत्तिरिति द्रष्टव्यम्। अथवा **'पानव्यापच्च तद्वत्'** (जैमि.पूर्वमी. ३-४-३२) इत्येवमादिषु व्यवहितोपमानसंबन्धस्याप्याश्रितत्वात् – यथा अतीतानन्तरपादादावुक्ता वियदादयः परस्य ब्रह्मणो विकाराः समधिगताः, तथा प्राणा अपि परस्य ब्रह्मणो विकारा इति योजयितव्यम् । कः पुनः प्राणानां विकारत्वे हेतुः? श्रुतत्वमेव, ननु केषुचित्प्रदेशेषु न प्राणानामुत्पत्तिः श्रूयत इत्युक्तम् – तदयुक्तम्, प्रदेशान्तरेषु श्रवणात्, न हि क्वचिदश्रवणमन्यत्र श्रुतं निवारयितुमुत्सहते, तस्माच्छ्रुतत्वाविशेषादाकाशादिवत्प्राणा अप्युत्पद्यन्त इति सूक्तम् ॥१॥

गौण्यसंभवात् ॥२॥

यत्पुनरुक्तं प्रागुत्पत्तेः सद्भावश्रवणाद्गौणी प्राणानामुत्पत्ति श्रुतिरिति, तत्प्रत्याह – गौण्यसंभवादिति, गौण्या असंभवो

'तथा प्राणाः' એમ. પણ અહીં तथा એ અક્ષરોની યોગ્યતા શી રીતે છે; કેમકે પ્રકૃત ઉપમાનનો અભાવ છે. સર્વગત આત્મા બહુ છે એવા મતવાળાઓનું દૂષણ છેક પાછલા પાદને અન્તે પ્રકૃત છે, તે તો ઉપમાન સંભવતું નથી; કેમકે સાદશ્યનો અભાવ છે; કારણકે સાદશ્ય હોય તો ઉપમાન થાય; જેવો સિંહ તેવો બલવર્મા એમ. અદષ્ટ સાથે સામ્ય પ્રતિપાદન કરવા માટે છે, જેમ સર્વ આત્માની સંનિધિમાં ઉત્પન્ન થતું અદષ્ટ અનિયત છે તેમ પ્રાણો પણ સર્વ આત્મા પ્રતિ અનિયત છે એમ—એમ જો કહેશો તો તે પણ દેહના અનિયમથી જ ઉક્ત હોવાથી પુનરુક્ત થાય. તેમજ જીવની સાથે પ્રાણો સરખાવાય નહિ; કારણ કે ઉદાહરણમાં ગ્રહણ કરેલા ઉપમાનથી પણ સંબન્ધ ઉપપન્ન થાય છે. અહીં પ્રાણો ઉત્પન્ન થાય છે એવા મતવાળાઓનો વાક્યસમૂહ ઉદાહરણ છે—'एतस्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति' [બૃહ. ઉપ. ૨/૧/૨૦] **'એ આત્મામાંથી, સર્વે પ્રાણો, સર્વે લોકો, સર્વે દેવો, સર્વ ભૂતો નીકળે છે'** એ પ્રકારનો (વાક્યસમૂહ). તેમાં જેમ લોક આદિ પર બ્રહ્મથી ઉત્પન્ન થાય છે તેમ પ્રાણો પણ એવો અર્થ છે, તેમજ 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥' [મુણ્ડ. ઉપ. ૨/૧/૩] **'એમાંથી પ્રાણ, મન, સર્વ ઇન્દ્રિયો, આકાશ, વાયુ, તેજ, જળ અને વિશ્વને ધારણ કરનારી પૃથ્વી ઉત્પન્ન થાય છે'** એ પ્રકારની શ્રુતિઓમાં પણ આકાશ આદિની જેમ પ્રાણોની ઉત્પત્તિ છે એમ સમજવાનું છે. અથવા 'पानव्यापच्च तद्वत्' [જૈમિ. પૂર્વમી. ૩/૪/૩૨] (અને સોમપાન કરતાં જો વ્યાપત્-વમન થાય તો તેની જેમ) ઇત્યાદિમાં વ્યવહિત ઉપમાન સાથે સંબન્ધનો આશ્રય કર્યો છે તેથી છેક છેલ્લા પાદના આરંભમાં કહેલાં આકાશ આદિ જેમ પર બ્રહ્મના વિકાર છે, તેમ પ્રાણો પણ પર બ્રહ્મના વિકાર છે એમ યોજના કરવી. પણ પ્રાણો વિકાર છે એને માટે હેતુ શો છે? શ્રુતિ જ. પણ કેટલાક પ્રદેશોમાં પ્રાણોની ઉત્પત્તિનું શ્રવણ નથી એમ કહ્યું છે. તે અયોગ્ય છે; કેમકે અન્ય પ્રદેશોમાં શ્રુતિ છે; કારણ કે ક્યારેક અશ્રવણ અન્યત્ર શ્રવણ કરેલાનું નિવારણ કરવા શક્તિમાન નથી. માટે શ્રુતિ સમાન હોવાથી આકાશ આદિની જેમ પ્રાણો પણ ઉત્પન્ન થાય છે એમ યોગ્ય કહ્યું છે. ॥ ૧ ॥

ગૌણી(ઉત્પત્તિ)ના અસંભવથી (પ્રાણો પર બ્રહ્મના વિકાર છે) ॥ ૨ ॥

ઉત્પત્તિની પૂર્વે પ્રાણોના અસ્તિત્વની શ્રુતિ છે તેથી પ્રાણોની ઉત્પત્તિ વિષયક શ્રુતિ ગૌણી છે એમ જે કહ્યું છે તે પ્રતિ કહે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



गौण्यसंभवः – न हि प्राणानामुत्पत्तिश्रुतिर्गौणी संभवति, प्रतिज्ञाहानिप्रसङ्गात् – **'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति'** (मुण्ड.उप. १-१-३) इति हि एकविज्ञानेन सर्वविज्ञानं प्रतिज्ञाय तत्साधनायेदमाम्नायते **'एतसमाज्जायते प्राणः'** (मुण्ड.उप. २-१-३) इत्यादि, सा च प्रतिज्ञा प्राणादेः समस्तस्य जगतो ब्रह्मविकारत्वे सति प्रकृतिव्यतिरेकेण विकाराभावात्सिध्यति, गौण्यां तु प्राणानामुत्पत्तिश्रुतौ प्रतिज्ञा इयं हीयेत । तथा च प्रतिज्ञातार्थमुपसंहरति – **'पुरुष एवेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम्'** (मुण्ड.उप. २-१-१०) इति, **'ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम्'** (मुण्ड.उप. २-२-११) इति च, तथा **'आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम्'** (बृह.उप. २-४-५) इत्येवंजातीयकासु श्रुतिषु एषैव प्रतिज्ञा योजयितव्या । कथं पुनः प्रागुत्पत्तेः प्राणानां सद्भावश्रवणम् ? नैतन्मूलप्रकृतिविषयम्, **'अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात्परतः परः'** (मुण्ड.उप. २-१-२) इति मूलप्रकृतेः प्राणादिसमस्तविशेषरहितत्वावधारणात्, अवान्तरप्रकृतिविषयं त्वेतत् स्वविकारापेक्षं प्रागुत्पत्तेः प्राणानां सद्भावावधारणमिति द्रष्टव्यम्, व्याकृतविषयाणामपि भूयसीनामवस्थानां श्रुतिस्मृत्योः प्रकृतिविकारभावप्रसिद्धेः। वियदधिकरणे हि – **'गौण्यसंभवात्'** इति पूर्वपक्षसूत्रत्वात् – गौणीजन्मश्रुतिः, असंभवात् – इति व्याख्यातम्, प्रतिज्ञाहान्या च तत्र सिद्धान्तोऽभिहितः, इह तु सिद्धान्तसूत्रत्वात् – गौण्या जन्मश्रुतेरसंभवात् – इति व्याख्यातम्, तदनुरोधेन तु इहापि – गौणी जन्मश्रुतिः, असंभवात् – इति व्याचक्षाणैः प्रतिज्ञाहानिरुपेक्षिता स्यात् ॥२॥

तत्प्राक्श्रुतेश्च ॥३॥

इतश्च आकाशादीनामिव प्राणानामपि मुख्यैव जन्म श्रुतिः – यत् **'जायते'** इत्येकं जन्मवाचिपदं प्राणेषु प्राक्श्रुतं

— 'गौण्यसंभवात्' એમ. ગૌણીનો અસંભવ તે ગૌણ્યસંભવ. ખરેખર, પ્રાણોની ઉત્પત્તિ વિષયક શ્રુતિ ગૌણી સંભવતી નથી; કેમકે પ્રતિજ્ઞાની હાનિનો પ્રસંગ આવે છે; કારણ કે 'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति' [મુણ્ડ. ઉપ. ૧/૧/૩] **'હે ભગવન્, શું વિજ્ઞાત થતાં આ સર્વ વિજ્ઞાત થાય'** એમ એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનની પ્રતિજ્ઞા કરીને તેના સાધન માટે આ શ્રુતિ છે—'एतस्माज्जायते प्राणः' [મુણ્ડ. ઉપ. ૨/૧/૩] **'એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે'** ઈત્યાદિ. એ પ્રતિજ્ઞા પ્રાણાદિ સમસ્ત જગત્ બ્રહ્મનો વિકાર થતાં સિદ્ધ થાય; કારણકે પ્રકૃતિથી વ્યતિરિક્ત વિકાર નથી. પણ પ્રાણોની ઉત્પત્તિશ્રુતિ ગૌણ લેવાથી એ પ્રતિજ્ઞાની હાનિ થાય. તેવી જ રીતે પ્રતિજ્ઞાત અર્થનો ઉપસંહાર કરે છે—'पुरुष एवेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम्' [મુણ્ડ. ઉપ. ૨/૧/૧૦] **'પુરુષ જ એ સર્વ છે, કર્મ, તપ, બ્રહ્મ અને પર અમૃત'** એમ અને 'ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम्' [મુણ્ડ ઉપ. ૨/૨/૧૧] **'બ્રહ્મ જ આ સર્વ, આ વરિષ્ઠ-વરતમ છે'** એમ. તેમ 'आत्मनो वा अरे दर्शनेन श्रवणेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम्' [બૃહ. ઉપ. ૨/૪/૫] **'અરે, આત્માના દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાનથી આ સર્વ વિદિત થાય છે'** એવા પ્રકારની શ્રુતિઓમાં એ જ પ્રતિજ્ઞા યોજવી. પણ ઉત્પત્તિની પૂર્વે પ્રાણોના અસ્તિત્વની શ્રુતિ શી રીતે છે? એ મૂલપ્રકૃતિ વિષે નથી; કારણ કે 'अप्राणो ह्यमनाः शुभ्रो ह्यक्षरात् परतः परः' [મુણ્ડ. ઉપ. ૨/૧/૨] **'પ્રાણરહિત, મનરહિત, શુદ્ધ, અનશ્વર પરથી પર'** એમ મૂલ પ્રકૃતિ પ્રાણાદિ સમસ્ત વિશેષથી રહિત છે એવું અવધારણ છે. ઉત્પત્તિની પૂર્વ પ્રાણોના સદ્ભાવ (અસ્તિત્વ)નું જે અવધારણ છે તે અવાન્તર પ્રકૃતિ વિષે અને પોતાના વિકારની અપેક્ષાએ છે એમ સમજવું; કેમકે વ્યાકાર પામેલા વિષયોની પણ ઘણી અવસ્થાનો પ્રકૃતિ વિકૃતિભાવ શ્રુતિ અને સ્મૃતિમાં પ્રસિદ્ધ છે. વિયદધિકરણમાં 'गौण्यसंभवात्' એ પૂર્વપક્ષસૂત્ર હોવાથી જન્મશ્રુતિ ગૌણી છે, અસંભવથી, એમ વ્યાખ્યાન કર્યું, અને પ્રતિજ્ઞાહાનિથી ત્યાં સિદ્ધાન્ત કહ્યો; અહીં તો સિદ્ધાન્ત સૂત્ર હોવાથી ગૌણી જન્મ શ્રુતિનો અસંભવ છે તેથી એમ વ્યાખ્યાન કર્યું છે. પણ તે અનુસાર અહીં પણ જન્મશ્રુતિ ગૌણી છે, અસંભવથી એમ વ્યાખ્યાન કરનારાઓથી પ્રતિજ્ઞાની હાનિની ઉપેક્ષા થાય છે ॥ ૨ ॥

અને તેની (જન્મવાચિપદની) પૂર્વે શ્રુતિ છે
તેથી (પ્રાણોની પણ મુખ્ય જન્મશ્રુતિ જ છે) ॥ ૩ ॥

વળી આથી આકાશ આદિની જેમ પ્રાણોની પણ મુખ્ય જન્મશ્રુતિ જ છે; કેમકે 'जायते' **'જન્મ પામે છે'** એવું એક જન્મવાચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सत् उत्तरेष्वाकाशादिष्वनुवर्तते – **'एतस्माज्जायते प्राणः'** इत्यत्र, आकाशादिषु मुख्यं जन्मेति प्रतिष्ठापितम्, तत्सामान्यात्प्राणेष्वपि मुख्यमेव जन्म भवितुमर्हति, न हि एकस्मिन्प्रकरणे एकस्मिंश्च वाक्ये एकः शब्दः सकृदुच्चरितो बहुभिः संबध्यमानः क्वचिन्मुख्यः क्वचिद्गौण इत्यध्यवसातुं शक्यम्, वैरूप्यप्रसङ्गात् । तथा **'स प्राणमसृजत प्राणाच्छ्रद्धाम्'** (प्रश्न.उप. ६-४) इत्यत्रापि प्राणेषु श्रुतः सृजतिः परेष्वप्युत्पत्तिमत्सु श्रद्धादिष्वनुषज्यते । यत्रापि पश्चाच्छ्रुत उत्पत्तिवचनः शब्दः पूर्वैः संबध्यते, तत्राप्येष एव न्यायः – यथा **'सर्वाणि भूतानि व्युच्चरन्ति'** इत्ययमन्ते पठितो व्युच्चरन्तिशब्दः पूर्वैरपि प्राणादिभिः संबध्यते ॥३॥

तत्पूर्वकत्वाद्वाचः ॥४॥

यद्यपि **'तत्तेजोऽसृजत'** (छा.उप. ६-२-३) इत्येतस्मिन्प्रकरणे प्राणानामुत्पत्तिर्न पठ्यते, तेजोबन्नानामेव त्रयाणां भूतानामुत्पत्तिश्रवणात्, तथापि ब्रह्मप्रकृतिकतेजोबन्नपूर्वकत्वाभिधानाद्वाक्प्राणमनसाम्, तत्सामान्याच्च सर्वेषामेव प्राणानां ब्रह्मप्रभवत्वं सिद्धं भवति । तथा हि – अस्मिन्नेव प्रकरणे तेजोबन्नपूर्वकत्वं वाक्प्राणमनसामाम्नायते – **'अन्नमयं हि सोम्य मन आपोमयः प्राणस्तेजोमयी वाक्'** (छा.उप. ६-५-४) इति, तत्र यदि तावन्मुख्यमेवैषामन्नादिमयत्वम्, ततो वर्तत एव ब्रह्मप्रभवत्वम्, अथ भाक्तम्, तथापि ब्रह्मकर्तृकायां नामरूपव्याक्रियायां श्रवणात्, **'येनाश्रुतं श्रुतं भवति'** (छा.उप. ६-१-३) इति चोपक्रमात् **'ऐतदात्म्यमिदं सर्वम्'** (छा.उप. ६-८-७) इति चोपसंहारात्, श्रुत्यन्तरप्रसिद्धेश्च ब्रह्मकार्यत्वप्रपञ्चनार्थमेव मनआदीनामन्नादिमयत्ववचनमिति गम्यते । तस्मादपि प्राणानां ब्रह्मविकारत्व सिद्धिः ॥४॥

પદ પ્રાણોને વિષે પૂર્વે શ્રુત થઈ ઉત્તર આકાશ આદિને વિષે અનુવૃત્ત થાય છે. 'एतस्माज्जायते प्राणः' [મુણ્ડ. ઉપ. ૨/૧/૩] **'એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે'** એમાં આકાશ વગેરે વિષે મુખ્ય જન્મ છે એમ પ્રતિષ્ઠાપન કરેલું તેના સાદશ્યથી પ્રાણોને વિષે પણ મુખ્ય જન્મ જ થાય એ બરાબર છે; કારણ કે એક પ્રકરણમાં અને એક વાક્યમાં એક વાર ઉચ્ચરેલો એક શબ્દ બહુ સાથે સંબન્ધ ધરાવતો હોય તો તે ક્યારેક મુખ્ય છે અને ક્યારેક ગૌણ છે એમ નિશ્ચિત કરવું શક્ય નથી; કેમકે વૈરૂપ્ય પ્રાપ્ત થાય. તેમ 'स प्राणमसृजत प्राणाच्छ्रद्धाम्' [પ્રશ્નો. ઉપ. ૬/૪] **'તેણે પ્રાણ સર્જ્યા, અને પ્રાણથી શ્રદ્ધા સર્જી'** એમાં પણ પ્રાણોને વિષે શ્રુતિમાં આવેલો સૃજતિ **'સર્જન'** પછી આવતા શ્રદ્ધા વગેરેને વિષે અનુષક્ત થાય છે. જ્યાં પણ પાછળથી શ્રુત ઉત્પત્તિવાચક શબ્દનો પૂર્વ શબ્દો સાથે સંબન્ધ હોય ત્યાં પણ એ જ ન્યાય છે. જેમ 'सर्वाणि भूतानि व्युच्चरन्ति' **'સર્વ ભૂતો નીકળે છે'** એમાં અન્તે કહેલા व्युच्चरन्ति (નીકળે છે) શબ્દનો પૂર્વે પણ આવેલા પ્રાણ આદિ શબ્દો સાથે સંબન્ધ થાય છે ॥ ૩ ॥

વાણી, (પ્રાણ અને મન) તત્પૂર્વક (તેજ, જળ અને અન્ન જેની પૂર્વે કહ્યાં છે એવાં) હોવાથી (પ્રાણની ઉત્પત્તિનું અશ્રવણ અસિદ્ધ છે) ॥ ૪ ॥

જો કે 'तत्तेजोऽसृजत' [છાન્દો. ઉપ. ૬/૨/૩] **'તેણે તેજ સર્જ્યું'** એમ એ પ્રકરણમાં પ્રાણોની ઉત્પત્તિ કહેલી નથી; કેમકે તેજ, જળ અને અન્ન એ ત્રણ ભૂતોની જ ઉત્પતિતિનું શ્રવણ છે; તોપણ બ્રહ્મ પ્રકૃતિ છે એવાં તેજ, જળ અને અન્ન જેની પૂર્વે કહ્યાં છે એવાં વાક્, પ્રાણ અને મનનું અભિધાન છે તેથી અને તેના સાદશ્યથી સર્વ પ્રાણો બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા છે એ સિદ્ધ થાય છે. જેમકે એ જ પ્રકરણમાં વાક્, પ્રાણ અને મનની તેજ, જળ અને અન્ન જેની પૂર્વે છે એવી શ્રુતિ છે— 'अन्नमयं हि सोम्य मन आपोमयः प्राणस्तेजोमयी वाक्' [છાન્દો. ઉપ. ૬/૫/૪] **'હે સોમ્ય, ખરેખર, અન્નમય મન છે, જલમય પ્રાણ છે અને તેજોમયી વાણી છે'** એમ. તેમાં જો એઓનું અન્નમયત્વ આદિ મુખ્ય જ હોય તો તેથી તેઓનું બ્રહ્મથી ઉત્પન્ન થવું છે જ; જો ગૌણ હોય, તો પણ બ્રહ્મ જેનો કર્તા છે એવા નામરૂપના વ્યાકરણમાં શ્રવણ છે તેથી, 'येनाश्रुतं श्रुतं भवति' [છાન્દો. ઉપ. ૬/૧/૩] **'જે વડે અશ્રુત શ્રુત થાય છે'** એવો ઉપક્રમ હોવાથી, 'एतदात्म्यमिदं सर्वम्' [છાન્દો. ઉપ. ૬/૮/૭] **'આ જેનો આત્મા છે એવું એ સર્વ છે'** એવો ઉપસંહાર હોવાથી, અને અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ છે તેથી મન આદિને અન્નમયત્વ આદિ કહ્યાં છે તે તેઓ બ્રહ્મકાર્ય છે એમ વિસ્તારથી દર્શાવવા માટે જ છે એમ સમજાય છે. તેથી પણ પ્રાણો બ્રહ્મના વિકાર છે એવું સિદ્ધ થાય છે ॥ ૪ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



२. सप्तगत्यधिकरणम् ।

सप्त गतेर्विशेषितत्वाच्च ॥५॥

उत्पत्तिविषयः श्रुतिविप्रतिषेधः प्राणानां परिहृतः, संख्याविषय इदानीं परिह्रियते । तत्र मुख्यं प्राणमुपरिष्टाद्वक्ष्यति, संप्रति तु कति इतरे प्राणा इति संप्रधारयति । श्रुतिविप्रतिपत्तेश्चात्र विशयः – क्वचित्सप्त प्राणाः संकीर्त्यन्त – **'सप्त प्राणाः प्रभवन्ति तस्मात्'** (मुण्ड.उप. २-१-८) इति, क्वचिदष्टौ प्राणा ग्रहत्वेन गुणेन संकीर्त्यन्ते – **'अष्टौ ग्रहा अष्टावतिग्रहाः'** (बृह.उप. ३-२-१) इति, क्वचिन्नव – **'सप्त वै शीर्षण्याः प्राणा द्वाववाञ्चौ'** (तैत्ति.संम. ५-३-२-५) इति, क्वचिद्दश – **'नव वै पुरुषे प्राणा नाभिर्दशमी'** (तैत्ति.सं. ५-३-२-३) इति, क्वचिदेकादश – **'दशेमे पुरुषे प्राणा आत्मैकादशः'** (बृह.उप. ३-९-४) इति, क्वचिद्द्वादश – **'सर्वेषां स्पर्शानां त्वगेकायनम्'** (बृह.उप. २-४-११) इत्यत्र, क्वचित्त्रयोदश –**'चक्षुश्च द्रष्टव्यं च'** (प्रश्न.उप. ४-८) इत्यत्र – एवं हि विप्रतिपन्नाः प्राणेयत्तां प्रति श्रुतयः । किं तावत्प्राप्तम् ? सप्तैव प्राणा इति । कुतः? गतेः, यतस्तावन्तोऽवगम्यन्ते **'सप्त प्राणाः प्रभवन्ति तस्मात्'** (मुण्ड.उप. २-१-८) इत्येवंविधासु श्रुतिषु, विशेषिताश्चैते **'सप्त वै शीर्षण्याः प्राणाः'** (मुण्ड.उप. २-१-८) इत्यत्र । ननु **'प्राणा गुहाशया निहिताः सप्त सप्त'** (मुण्ड.उप. २-१-८) इति वीप्सा श्रूयते, सा सप्तभ्योऽतिरिक्तान्प्राणानागमयतीति – नैष दोषः, पुरुषभेदाभिप्रायेयं वीप्सा – प्रतिपुरुषं सप्त सप्त प्राणा इति, न तत्वभेदाभिप्राया – सप्त सप्त अन्येऽन्ये प्राणा इति । नन्वष्टत्वादिकापि संख्याप्राणेषु उदाहृता, कथं सप्तैव स्युः ? सत्यमुदाहृता, विरोधात्त्वन्यतमा संख्या अध्यवसातव्या, तत्र स्तोककल्पनानुरोधात्सप्तसंख्याध्यवसानम्, वृत्तिभेदापेक्षं च संख्यान्तरश्रवणमिति मन्यते ॥५॥

---

२. સપ્તગતિ-અધિકરણ

(પ્રાણ) સાત છે, (શ્રુતિથી એવી) અધિગતિ છે તેથી અને વિશેષણથી પણ ॥ ૫ ॥

ઉત્પત્તિ વિષે પ્રાણોના શ્રુતિવિરોધનો પરિહાર કર્યો; હવે સંખ્યા વિષે શ્રુતિવિરોધનો પરિહાર કરાય છે. તેમાં મુખ્ય પ્રાણ વિષે આગળ કહેશે. હાલ તો અન્ય (ગૌણ) પ્રાણો કેટલા છે તે નક્કી કરે છે, અને શ્રુતિવિરોધથી અહીં સંશય છે. કોઈક સ્થળે સાત પ્રાણ કહ્યા છે—'सप्त प्राणाः प्रभवन्ति तस्मात्' [મુણ્ડ. ઉપ. ૨/૧/૮] **'તેમાંથી સાત પ્રાણ ઉત્પન્ન થાય છે'** એમ. કોઈક સ્થાને આઠ પ્રાણ ગ્રહત્વ ગુણ વડે કહ્યા છે — 'अष्टौ ग्रहा अष्टावतिग्रहाः' [બૃહ. ઉપ. ૩/૨/૧] **'આઠ ગ્રહ છે અને આઠ અતિગ્રહ છે'** એમ. ક્યારેક, નવ કહ્યા છે –'सप्त वै शीर्षण्याः प्राणा द्वाववाञ्चौ' [તૈત્તિ. સં. ૫/૩/૨/૫] **'ખરેખર, સાત શીર્ષમાં રહેલા પ્રાણ છે અને બે નીચેના છે'** એમ. ક્યારેક દસ કહ્યા છે – 'नव वै पुरुषे प्राणा नाभिर्दशमी' [તૈત્તિ. સં. ૫/૩/૨/૩] **'ખરેખર, પુરુષમાં નવ પ્રાણ છે, અને દસમી નાભિ છે'** એમ. ક્વચિત્, અગિયાર — 'दशेमे पुरुषे प्राणा आत्मैकादशः' [બૃહ. ઉપ. ૩/૯/૪] **'પુરુષમાં એ દસ પ્રાણ છે અને આત્મા અગિયારમો છે'** એમ. ક્વચિત્ બાર — 'सर्वेषां स्पर्शानां त्वगेकायनम्' [બૃહ. ઉપ. ૨/૪/૧૧] **'સર્વે સ્પર્શોનું ત્વચા એક સ્થાન છે'** એમાં. ક્યારેક તેર — 'चक्षुश्च द्रष्टव्यं च' [પ્રશ્નો. ૪/૮] **'નેત્ર અને દ્રષ્ટવ્ય'** એમ. આ પ્રમાણે પ્રાણની ઈયત્તા પ્રતિ શ્રુતિઓ વિપ્રતિપન્ન (વિરુદ્ધ) છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે ? સાત જ પ્રાણ છે એમ. શાથી ? ગતિથી; કારણ કે 'सप्त प्राणाः प्रभवन्ति तस्मात्' [મુણ્ડ ઉપ. ૨/૧/૮] **'તેમાંથી સાત પ્રાણ ઉત્પન્ન થાય છે'** એવા પ્રકારની શ્રુતિઓમાં તેટલા સમજાય છે; વળી 'सप्त वै शीर्षण्याः प्राणाः' **'ખરેખર, સાત શીર્ષમાં રહેલા પ્રાણ છે'** એમાં એ વિશેષિત થયા છે. પણ 'गुहाशया निहिताः सप्त सप्त' [મુણ્ડ. ઉપ. ૨/૧/૮] **'ગુહામાં-હૃદય કે શરીરમાં સ્વાપકાલે સુએ છે, {ધાતાએ} મૂકેલા સાત સાત {પ્રાણો}'** એમ વીપ્સાનું શ્રવણ છે તે સાતથી અધિક પ્રાણનું અવગમન કરાવે છે. એ દોષ નથી. ભિન્ન ભિન્ન પુરુષ દર્શાવવા એવો અભિપ્રાય એ વીપ્સાનો છે, દરેક પુરુષમાં સાત સાત પ્રાણ છે એમ; 'સાત સાત અન્ય અન્ય પ્રાણ છે' એમ તત્ત્વભેદ દર્શાવવો એવો અભિપ્રાય નથી. પણ અષ્ટત્વ આદિ પણ સંખ્યા પ્રાણોને વિષે કહી છે તો સાત જ પ્રાણ કેમ થાય? કહી છે એ સાચું છે; પણ વિરોધ છે તેથી બધામાંની એક સંખ્યાનો નિશ્ચય કરવો જોઈએ. તેમાં થોડી કલ્પનાને અનુસારે સાત સંખ્યાનો નિશ્ચય છે અને અન્ય સંખ્યાની શ્રુતિ (પ્રાણની) ભિન્ન વૃત્તિની અપેક્ષાએ છે એમ સમજાય છે ॥ ૫ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

अत्रोच्यते –

हस्तादयस्तु स्थितेऽतो नैवम् ॥६॥

हस्तादयस्त्वपरे सप्तभ्योऽतिरिक्ताः प्राणाः श्रूयन्ते – **'हस्तो वै ग्रहः स कर्मणातिग्रहेण गृहीतो हस्ताभ्यां हि कर्म करोति'** (बृह.उप. ३-२-८) इत्येवमाद्यासु श्रुतिषु, स्थिते च सप्तत्वातिरेके सप्तत्वमन्तर्भावाच्छक्यते संभावयितुम्, हीनाधिकसंख्याविप्रतिपत्तौ हि अधिका संख्या संग्राह्या भवति, तस्यां हीना अन्तर्भवति, न तु हीनायामधिका, अतश्च नैवं मन्तव्यम् – स्तोककल्पनानुरोधात्सप्तैव प्राणाः स्युरिति । उत्तरसंख्यानुरोधात्तु एकादशैव ते प्राणाः स्युः; तथा च उदाहृता श्रुतिः- **'दशमे पुरुषे प्राणा आत्मैकादशः'** (बृह.उप. ३-९-४) इति, आत्मशब्देन च अत्र अन्तःकरणं परिगृह्यते करणाधिकारात् । नन्वेकादशत्वादप्यधिके द्वादशत्रयोदशत्वे उदाहृते – सत्यमुदाहृते, न त्वेकादशभ्यः कार्यजातेभ्योऽधिकं कार्यजातमस्ति, यदर्थमधिकं करणं कल्प्येत, शब्दस्पर्शरूपरसगन्धविषयाः पञ्च बुद्धिभेदाः, तदर्थानि पञ्च बुद्धीन्द्रियाणि, वचनादानविहरणोत्सर्गानन्दाः पञ्च कर्मभेदाः, तदर्थानि च पञ्च कर्मेन्द्रियाणि, सर्वार्थविषयं त्रैकाल्यवृत्ति मनस्तु एकम् अनेकवृत्तिकम्, तदेव वृत्तिभेदात् क्वचिद्भिन्नवव्यपदिश्यते – **'मनो बुद्धिरहंकारश्चित्तं च'** इति, तथा च श्रुतिः कामाद्या नानाविधा वृत्तीरनुक्रम्याह – **'एतत्सर्वं मन एव'** (बृह.उप. १-५-३) इति । अपि च सप्तैव शीर्षण्यान्प्राणानभिमन्यमानस्य चत्वार एव प्राणा अभिमताः स्युः, स्थानभेदाद्ध्येते चत्वारः सन्तः सप्त गण्यन्ते – **'द्वे श्रोत्रे द्वे चक्षुषी द्वे नासिके एका वाक्'** इति, न च तावतामेव वृत्तिभेदा इतरे प्राणा इति शक्यते वक्तुम्, हस्तादिवृत्तीनामत्यन्तविजातीयत्वात् । तथा **'नव वै पुरुषे प्राणा नाभिर्दशमी'** इत्यत्रापि देहच्छिद्रभेदाभिप्रायेणैव दश प्राणा उच्यन्ते, न प्राणतत्त्वभेदाभिप्रायेण,

---

એને વિષે અહીં કહે છે —

પણ હસ્તાદિ (સાતથી વધારે પ્રાણ શ્રુતિમાં છે) અને
(સાતથી વધારે) છે તેથી (સાત જ પ્રાણ છે) એમ નથી ॥ ૬ ॥

પણ હસ્તાદિ, અન્ય, સાતથી અતિરિક્ત પ્રાણ શ્રુતિમાં છે — 'हस्तो वै ग्रहः स कर्मणातिग्रहेण गृहीतो हस्ताभ्यां हि कर्म करोति' [બૃહ. ઉપ. ૩/૨/૮] **'ખરેખર, હસ્ત ગ્રહ છે, તે કર્મરૂપ અતિગ્રહથી ગ્રહણ કરાયલો છે; કેમકે હાથો વડે કામ કરે છે'** ઇત્યાદિ શ્રુતિઓમાં. સાતથી વધારે છે એવી સ્થિતિ છે તેથી અન્તર્ભાવથી સપ્તત્વની સંભાવના કરવી શક્ય છે; કારણ કે હીન (= ન્યૂન) અને અધિક સંખ્યાના વિરોધને વિષે અધિક સંખ્યા સંગ્રહણ કરવા યોગ્ય થાય છે, તેને વિષે હીનનો અન્તર્ભાવ થાય છે, હીનને વિષે અધિકનો અન્તર્ભાવ થતો નથી. એથી થોડી કલ્પનાને અનુસારે સાત જ પ્રાણ છે એમ ન માનવું, પણ પછી આવતી સંખ્યાના અનુરોધથી અગિયાર જ તે પ્રાણ છે. તેમજ શ્રુતિ અગાઉ કહી છે — 'दशेमे पुरुषे प्राणा आत्मैकादशः' [બૃહ. ઉપ. ૩/૯/૪] **'પુરુષમાં એ દસ પ્રાણ છે અને આત્મા અગિયારમો છે'** એમ. આત્મ શબ્દ દ્વારા અહીં અન્તઃકરણનું પરિગ્રહણ કરવાનું છે; કેમકે કરણનો (= ઈન્દ્રિયનો) અધિકાર છે. પણ અગિયારથી પણ અધિક બાર અને તેર સંખ્યા કહી છે. ખરૂં છે, કહી છે; પણ અગિયાર કાર્યસમૂહથી અધિક કાર્યસમૂહ નથી કે જેને માટે અધિક કરણની કલ્પના થાય. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ, જેના વિષય છે એવા પાંચ બુદ્ધિના ભેદ છે અને તેને માટે પાંચ બુદ્ધીન્દ્રિયો છે; વચન, આદાન, વિહરણ, ઉત્સર્ગ અને આનન્દ એ પાંચ કર્મના ભેદ છે અને તેને માટે પાંચ કર્મેન્દ્રિયો છે; સર્વ અર્થ જેના વિષય છે, એવું ત્રિકાલવૃત્તિવાળું મન તો એક છે અને તેને અનેક વૃત્તિઓ છે. તેનો જ, વૃત્તિના ભેદથી ક્યારેક ભિન્ન તરીકે નિર્દેશ થાય છે — 'मनो बुद्धिरहंकारश्चित्तं च' **'મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત'** એમ. તેમજ શ્રુતિ કામ આદિ નાના પ્રકારની વૃત્તિને અનુક્રમે વર્ણવી કહે છે કે 'एतत् सर्वं मन एव' [બૃહ. ઉપ. ૧/૫/૩] **'એ સર્વ મન જ છે'** એમ. વળી સાત જ શીર્ષણ્ય પ્રાણ છે એમ માનનારને ચાર જ પ્રાણ અભિમત થશે; કેમકે સ્થાનના ભેદથી એ ચાર હોઈ સાત ગણાય છે — 'द्वे श्रोत्रे द्वे चक्षुषी द्वे नासिके एका वाक्' **'બે કાન, બે આંખ, બે નાસિકા, એક વાણી'** એમ. ત્યારે અન્ય પ્રાણ તેટલાના જ વૃત્તિભેદો છે એમ કહેવું શક્ય નથી; કેમકે હસ્ત આદિની વૃત્તિઓ અત્યન્ત વિજાતીય છે. તેમજ 'नव वै पुरुषे प्राणा नाभिर्दशमी' **'ખરેખર, પુરુષમાં નવ પ્રાણ છે અને નાભિ દશમી**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



ॐ ॐ

'नाभिर्दशमी' इति वचनात्, न हि नाभिर्नामकश्चित्प्राणः प्रसिद्धोऽस्ति, मुख्यस्य तु प्राणस्य भवति नाभिरप्येकं विशेषायतनमिति – अतो **'नाभिर्दशमी'** इत्युच्यते । क्वचिदुपासनार्थं कतिचित्प्राणा गण्यन्ते, क्वचित्प्रदर्शनार्थम्, तदेवं विचित्रे प्राणेयत्ताम्नाने सति, क्व किं परम् आम्नानमिति, विवेक्तव्यम्, कार्यजातवशात्त्वेकादशत्वाम्नानं प्राणविषयं प्रमाणमिति स्थितम् ॥

इयमपरा सूत्रद्वययोजना – सप्तैव प्राणाः स्युः, यतः सप्तानामेव गतिः श्रूयते – **'तमुत्क्रामन्तं प्राणोऽनुत्क्रामति प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनूत्क्रामन्ति'** (बृह.उप. ४-४-२) इत्यत्र । ननु सर्वशब्दोऽत्र पठ्यते, तत्कथं सप्तानामेव गतिः प्रतिज्ञायत इति, विशेषितत्वादित्याह – सप्तैव हि प्राणाश्चक्षुरादयस्त्वक्पर्यन्ता विशेषिता इह प्रकृताः **'स यत्रैव चाक्षुषः पुरुषः पराङ्पर्यावर्ततेऽथारूपज्ञो भवति' 'एकीभवति न पश्यतीत्याहुः'** (बृह.उप. ४-४-२) इत्येवमादिना अनुक्रमणेन, प्रकृतगामी च सर्वशब्दो भवति, यथा सर्वे ब्राह्मणा भोजयितव्या इति ये निमन्त्रिताः प्रकृता ब्राह्मणास्त एव सर्वशब्देनोच्यन्ते, नान्ये–एवमिहापि ये प्रकृताः सप्त प्राणास्त एव सर्वशब्देनोच्यन्ते, नान्य इति । नन्वत्र विज्ञानमष्टममनुक्रान्तम्, कथं सप्तानामेवानुक्रमणम् ? नैष दोषः । मनोविज्ञानयोस्तत्त्वाभेदाद्वृत्तिभेदेऽपि सप्तत्वोपपत्तेः । तस्मात्सप्तैव प्राणा इति – एवं प्राप्ते, ब्रूमः – हस्तादयस्त्वपरे सप्तभ्योऽतिरिक्ताः प्राणाः प्रतीयन्ते **'हस्तो वै ग्रहः'** (बृह.उप. ३-२-८) इत्यादिश्रुतिषु, ग्रहत्वं च बन्धनभावः, गृह्यते बध्यते क्षेत्रज्ञः अनेन ग्रहसंज्ञकेन बन्धनेनेति, स च क्षेत्रज्ञौ नैकस्मिन्नेव शरीरे बध्यते, शरीरान्तरेष्वपि तुल्यत्वाद्बन्धनस्य, तस्माच्छरीरान्तरसंचारि इदं ग्रहसंज्ञकं बन्धनम् इत्यर्थादुक्तं भवति । तथा च स्मृतिः – **'पुर्यष्टकेन लिङ्गेन प्राणाद्येन स युज्यते । तेन बद्धस्य वै बन्धो मोक्षो मुक्तस्य तेन च'** इति प्राङ्मोक्षात् ग्रहसंज्ञकेन

છે' એમાં પણ દેહના છિદ્રભેદને અભિપ્રાયે જ દસ પ્રાણ કહ્યા છે, પ્રાણતત્ત્વના ભેદને અભિપ્રાયે નહિ; કેમકે 'नाभिर्दशमी' 'દશમી નાભિ છે' એવું વચન છે. ખરેખર, નાભિ નામનો કોઈ પ્રાણ પ્રસિદ્ધ નથી; પરંતુ મુખ્ય પ્રાણનું નાભિ પણ એક વિશેષ સ્થાન થાય છે તેથી નાભિ દશમી છે એમ કહ્યું છે. ક્યારેક ઉપાસનાને માટે કેટલાક પ્રાણો ગણાય છે અને ક્યારેક પ્રદર્શનને માટે. આ પ્રમાણે પ્રાણની ઈયત્તાની (સંખ્યાની) શ્રુતિ વિચિત્ર છે તેથી, ક્યાં કઈ પરમ શ્રુતિ છે તેનો વિવેક કરવો જોઈએ. કાર્યસમૂહને લીધે તો પ્રાણ વિષે એકાદશત્વશ્રુતિ પ્રમાણ છે એવી સ્થિતિ છે.

બે સૂત્રોની આ બીજી યોજના છે. પ્રાણ સાત જ છે; કેમકે સાતની જ ગતિ શ્રુતિમાં છે — 'तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनुत्क्रामन्ति' [બૃહ. ઉપ. ૪/૪/૨] **'તેના ઉત્ક્રમણ પછી પ્રાણ ઉત્ક્રમણ કરે છે, અને પ્રાણના ઉત્ક્રમણ પછી સર્વે પ્રાણો ઉત્ક્રમણ કરે છે'** એમાં. પણ સર્વ શબ્દ પણ અહીં કહેવાય છે, સાતની જ ગતિની શી રીતે પ્રતિજ્ઞા છે ? વિશેષિત છે તેથી એમ કહે છે; કારણ કે નેત્રાદિ ત્વક્ પર્યન્ત સાત જ પ્રાણ વિશેષિત અહીં પ્રકૃત છે — 'स यत्रैष चाक्षुषः पुरुषः पराङ् पर्यावर्ततेऽथारूपज्ञो भवति' [બૃહ. ઉપ. ૪/૪/૧] 'एकी भवति न पश्यतीत्याहुः' [બૃહ. ઉપ. ૪/૪/૨] **'જે અવસ્થામાં તે એ નેત્રમાં રહેલો {અનુગ્રાહક સૂર્યાંશરૂપ} પુરુષ બહિર્દેશથી સ્વસ્થાન પ્રતિ જાય છે, ત્યારે જીવ અરૂપજ્ઞ થાય છે, {હૃદય}માં ચક્ષુ એક થાય છે, અને {પાસે ઊભેલાઓ} દેખતો નથી એમ કહે છે'** ઈત્યાદિ અનુક્રમણથી. સર્વ શબ્દ પ્રકૃતગામી છે. જેમ 'सर्वे ब्राह्मणा भोजयितव्याः' **'સર્વે બ્રાહ્મણોને ભોજન કરાવવું'** એમાં જે નિમન્ત્રેલા પ્રકૃત બ્રાહ્મણો છે તે જ સર્વ શબ્દથી કહેવાય છે, અન્ય નહિ; એ પ્રમાણે અહીં પણ જે પ્રકૃત સાત પ્રાણ છે તેજ સર્વ શબ્દથી કહેવાય છે, અન્ય નહિ. પણ અહીં આઠમું વિજ્ઞાન ગણાવ્યું છે, સાત જ ગણાવ્યાં છે એમ કેમ કહો છો ? એ દોષ નથી; કેમકે મન અને વિજ્ઞાન ભિન્ન તત્ત્વ ન હોવાથી ભિન્ન વૃત્તિ છે તોપણ સપ્તત્વ ઉપપન્ન થાય છે. તેટલા માટે સાત જ પ્રાણ છે એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ — પણ બીજા, હસ્તાદિઓ, સાતથી અતિરિક્ત પ્રાણ પ્રતીત થાય છે — 'हस्तो वै ग्रहः' [બૃહ. ઉપ. ૩/૨/૮] **'ખરેખર, હસ્ત ગ્રહ છે'** ઈત્યાદિ શ્રુતિઓમાં. ગ્રહત્વ એટલે બન્ધનભાવ સમજાય છે, ક્ષેત્રજ્ઞ એ ગ્રહસંજ્ઞક બન્ધનથી બન્ધાય છે એમ. વળી તે ક્ષેત્રજ્ઞ એક જ શરીરમાં બંધાતો નથી; કેમકે અન્ય શરીરમાં સંચારી છે એમ અર્થાત્ કહ્યું છે. તેમજ સ્મૃતિ છે — 'पुर्यष्टकेन लिङ्गेन प्राणाद्येन स युज्यते । तेन बद्धस्य वै बन्धो मोक्षो मुक्तस्य तेन च ॥' **'તે પ્રાણાદિ પુર્યષ્ટક લિંગથી જોડાય છે, ખરેખર, તેથી બન્ધાયેલાને**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

बन्धनेन अवियोगं दर्शयति, आथर्वणे च विषयेन्द्रियानुक्रमणे **'चक्षुश्च द्रष्टव्यं च'** इत्यत्र तुल्यवद्धस्तादीनीन्द्रियाणि सविषयाण्यनुक्रामति — **'हस्तौ चादातव्यं चोपस्थश्चानन्दयितव्यं च पायुश्च विसर्जयितव्यं च पादौ च गन्तव्यं च'** (प्रश्न.उप. ४-८) इति, तथा **'दशेमे पुरुषे प्राणा आत्मैकादशस्ते यदास्माच्छरीरान्मर्त्यादुत्क्रामन्त्यथ रोदयन्ति'** (बृह.उप. ३-९-४) इत्येकादशानां प्राणानामुत्क्रान्तिं दर्शयति । सर्वशब्दोऽपि च प्राणशब्देन संबध्यमानोऽशेषान्प्राणानभिदधानो न प्रकरणवशेन सप्तस्वेवावस्थापयितुं शक्यते, प्रकरणाच्छब्दस्य बलीयस्त्वात्, सर्वे ब्राह्मणा भोजयितव्याः इत्यत्रापि सर्वेषामेव अवनिवर्तिनां ब्राह्मणानां ग्रहणं न्याय्यम्, सर्वशब्दसामर्थ्यात्, सर्वभोजनासंभवात्तु तत्र निमन्त्रितमात्रविषया सर्वशब्दस्य वृत्तिराश्रिता, इह तु न किंचित्सर्वशब्दार्थसंकोचने कारणमस्ति, तस्मात्सर्वशब्देन अत्र अशेषाणां प्राणानां परिग्रहः । प्रदर्शनार्थं च सप्तानामनुक्रमणमित्यनवद्यम् । तस्मादेकादशैव प्राणाः — शब्दतः कार्यतश्चेति सिद्धम् ॥६॥

३. प्राणाणुत्वाधिकरणम् ।

अणवश्च ॥७॥

अधुना प्राणानामेव स्वभावान्तरमभ्युच्चिनोति । अणवश्चैते प्रकृताः प्राणाः प्रतिपत्तव्याः, अणुत्वं चैषां सौक्ष्म्यपरिच्छेदौ, न परमाणुतुल्यत्वम्, कृत्स्नदेहव्यापिकार्यानुपपत्तिप्रसङ्गात् — सूक्ष्मा एते प्राणाः, स्थूलाश्चेत्स्युः — मरणकाले शरीरान्निर्गच्छन्तः, बिलादहिरिव, उपलभ्येरन् म्रियमाणस्य पार्श्वस्थैः, परिच्छिन्नाश्चैते प्राणाः, सर्वगताश्चेत्स्युः — उत्क्रान्तिगत्यागतिश्रुतिव्याकोपः स्यात्, तद्गुणसारत्वं च जीवस्य न सिध्येत् । सर्वगतानामपि वृत्तिलाभः शरीरदेशे स्यादिति चेत्, न, वृत्तिमात्रस्य करणत्वोपपत्तेः, यदेव हि उपलब्धिसाधनम् — वृत्तिः अन्यद्वा — तस्यैव नः करणत्वम्, संज्ञामात्रे

બન્ધ અને મુક્ત થયલાને મોક્ષ છે' એમ. મોક્ષપૂર્વે ગ્રહસંજ્ઞક એ બન્ધનથી અવિયોગ દર્શાવે છે. વળી આથર્વણમાં વિષય અને ઈન્દ્રિયના અનુક્રમણમાં 'चक्षुश्च द्रष्टव्यं च' **'નેત્ર અને દ્રષ્ટવ્ય'** એમાં સમાન રીતે હસ્તાદિ ઈન્દ્રિયો વિષયસહિત ગણાવે છે — 'हस्तौ चादातव्यं च उपस्थश्चानन्दयितव्यं च पायुश्च विसर्जयितव्यं च पादौ च गन्तव्यं च' [પ્રશ્ન.ઉપ. ૪/૮] **'હાથ અને જેનું આદાન થાય તે, ઉપસ્થ અને જે આનન્દ પામે તે, પાયુ અને જેનું વિસર્જન થાય તે, પગ અને જે ગતિ કરે તે'** એમ. તેમજ 'दशेमे पुरुषे प्राणा आत्मैकादशस्ते यदास्माच्छरीरान्मर्त्यादुत्क्रामन्त्यथ रोदयन्ति' [બૃહ. ઉપ. ૩/૯/૪] **'પુરુષમાં એ દસ પ્રાણ છે, આત્મા અગિયારમો છે; તેઓ જ્યારે એ મર્ત્ય શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે {એના સબન્ધીઓને} રોવડાવે છે {તેટલા માટે રુદ્ર કહેવાય છે}'** એ અગિયારમો પ્રાણોની ઉત્ક્રાન્તિ દર્શાવે છે. સર્વ શબ્દ પણ પ્રાણ શબ્દ સાથે સંબન્ધ રાખતો, અશેષ પ્રાણનું અભિધાન કરતો, પ્રકરણવશાત્ સાતને જ વિષે અવસ્થાપિત કરવો શક્ય નથી; કેમકે પ્રકરણથી શબ્દ વિશેષ બળવાન્ છે. 'सर्वे ब्राह्मणा भोजयितव्याः' **'સર્વે બ્રાહ્મણોને ભોજન કરાવવું'** એમાં પણ પૃથિવીમાં રહેતા સર્વ બ્રાહ્મણોનું જ ગ્રહણ ન્યાય્ય છે; સર્વ શબ્દના સામર્થ્યથી. પણ સર્વના ભોજનનો અસંભવ હોવાથી ત્યાં સર્વ શબ્દની વૃત્તિ નિમન્ત્રિતમાત્રને વિષે લીધેલી છે. અહીં તો સર્વ શબ્દના અર્થના સંકોચનને વિષે કંઈ કારણ નથી. તેટલા માટે સર્વ શબ્દ દ્વારા અહીં અશેષ (સર્વ) પ્રાણોનો પરિગ્રહ છે; અને પ્રદર્શનને માટે સાતનું અનુક્રમણ છે એમ અનવદ્ય છે. માટે શબ્દથી અને કાર્યથી અગિયારજ પ્રાણ છે એમ સિદ્ધ છે ॥ ૬ ॥

૩. પ્રાણા-અણુત્વ-અધિકરણ

અને (પ્રાણ) અણુ છે ॥ ૭ ॥

હવે પ્રાણોનો જ અન્ય સ્વભાવ ચકારથી કહે છે. એ પ્રકૃત પ્રાણો અણુ છે એમ સમજવું. એ અણુ છે એટલે સૂક્ષ્મ છે અને પરિચ્છિન્ન છે, પરમાણુતુલ્ય નથી; કેમકે સમગ્ર શરીરમાં વ્યાપનાર કાર્ય અનુપપન્ન થવાનો પ્રસંગ આવે. એ પ્રાણો સૂક્ષ્મ છે; કેમકે જો સ્થૂલ હોય તો મરણકાળે, મરણ પામનારના શરીરમાંથી નીકળે ત્યારે દરમાંથી નીકળતા સર્પની જેમ પાર્શ્વસ્થને (= પાસે રહેલાઓને) ઉપલબ્ધ થાય. વળી એ પ્રાણ પરિચ્છિન્ન છે; કેમકે સર્વગત હોય તો ઉત્ક્રાન્તિશ્રુતિ, ગતિશ્રુતિ અને આગતિશ્રુતિનો વ્યાકોપ થાય અને જીવ તદ્ગુણ સારી છે તે સિદ્ધ ન થાય. સર્વગત છે તો પણ શરીરદેશમાં વૃત્તિલાભ થાય એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે વૃત્તિમાત્ર કરણ છે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

विवादः इति करणानां व्यापित्वकल्पना निरर्थिका । तस्मात्सूक्ष्माः परिच्छिन्नाश्च प्राणा इत्यध्यवस्यामः ॥७॥

४. प्राणश्रैष्ठ्याधिकरणम् ।

श्रेष्ठश्च ॥८॥

मुख्यश्च प्राण इतरप्राणवद्ब्रह्मविकारः – इत्यतिदिशति । तच्च अविशेषेणैव सर्वप्राणानां ब्रह्मविकारत्वमाख्यातम् – **'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च'** (मुण्ड.उप. २-१-३) इति सेन्द्रियमनोव्यतिरेकेण प्राणस्योत्पत्तिश्रवणात्, **'स प्राणमसृजत'** (प्रश्न.उप. ६-४) इत्यादिश्रवणेभ्यश्च । किमर्थः पुनरतिदेशः ? अधिकाशङ्कावारणार्थः – नासदासीये हि ब्रह्मप्रधाने सूक्ते मन्त्रवर्णो भवति – **'न मृत्युरासीदमृतं न तर्हि न रात्र्या अह्न आसीत्प्रकेतः । आनीदवातं स्वधया तदेकं तस्माद्धान्यन्नपरः किंचनास'** (ऋ.सं. ८-७-१७) इति, **'आनीत्'** इति प्राणकर्मोपादानात् प्रागुत्पत्तेः सन्तमिव प्राणं सूचयति, तस्मादजः प्राण इति जायते कस्यचिन्मतिः, तामतिदेशेनापनुदति । आनीच्छब्दोऽपि न प्रागुत्पत्तेः प्राणसद्भावं सूचयति, **'अवातम्'** इति विशेषणात्, **'अप्राणो ह्यमनाः शुभ्रः'** इति च मूलप्रकृतेः प्राणादिसमस्तविशेषरहितत्वस्य दर्शितत्वात्,तस्मात्कारणसद्भावप्रदर्शनार्थ एवायम् आनीच्छब्द इति । **'श्रेष्ठः'** इति च मुख्यं प्राणमभिदधाति, **'प्राणो वाव ज्येष्ठश्च श्रेष्ठश्च'** (छा.उप. ५-१-१) इति श्रुतिनिर्देशात्, ज्येष्ठश्च प्राणः, शुक्रनिषेककालादारभ्य तस्य वृत्तिलाभात् – न चेत्तस्य तदानीं वृत्तिलाभः स्यात्, योनौ निषिक्तं शुक्रं पूयेत, न संभवेद्वा, श्रोत्रादीनां तु कर्णशष्कुल्यादिस्थानविभागनिष्पतौ वृत्तिलाभान्न ज्येष्ठत्वम् । श्रेष्ठश्च प्राणः, गुणाधिक्यात् – **'न वै शक्ष्यामस्त्वदृते जीवितुम्'** (बृह.उप. ६-१-१३) इति श्रुतेः ॥८॥

ઉપપન્ન (યોગ્ય) છે; કારણ કે જે ઉપલબ્ધિનું સાધન છે, વૃત્તિ કે અન્ય, તેજ અમારા મતમાં કરણ છે. સંજ્ઞામાત્રમાં વિવાદ છે એટલે કરણો વ્યાપી છે એવી કલ્પના નિરર્થક છે. માટે પ્રાણો સૂક્ષ્મ અને પરિચ્છિન્ન છે એમ નક્કી કરીએ છીએ ॥ ૭ ॥

૪. પ્રાણશ્રેષ્ઠયાધિકરણ

અને મુખ્ય પ્રાણ (બ્રહ્મનો વિકાર છે) ॥ ૮ ॥

વળી મુખ્ય પ્રાણ અન્ય પ્રાણની જેમ બ્રહ્મનો વિકાર છે એમ અતિદેશ (વિસ્તાર) કરે છે. પણ તે બ્રહ્મવિકારત્વ સર્વ પ્રાણોનું વિશેષ વિના જ કહ્યું છે. 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च' [મુણ્ડ. ઉપ. ૨/૧/૩] **'એમાંથી પ્રાણ, મન અને સર્વ ઈન્દ્રિયો ઉત્પન્ન થાય છે'** એમાં ઈન્દ્રિયસહિત મનથી વ્યતિરિક્ત પ્રાણની ઉત્પત્તિનું શ્રવણ છે તેથી, અને 'स प्राणमसृजत' [પ્રશ્નો. ૬/૪] **'તેણે પ્રાણ સર્જ્યા'** ઈત્યાદિ શ્રુતિઓથી, તો પુનઃ અતિદેશનું શું પ્રયોજન છે ? અધિક આશંકા દૂર કરવા માટે એ અતિદેશ છે; કારણ કે નાસદાસીય ('અસત્ નહોતું' એમ જેના આરંભમાં છે એવા) બ્રહ્મપ્રધાન સૂક્તમાં આવો મન્ત્રવર્ણ છે — 'न मृत्युरासीदमृतं न तर्हि न रात्र्या अह्न आसीत् प्रकेतः । आनीदवातं स्वधया तदेकं तस्माद्धान्यन्न परः किंचनास' [ઋ. સં. ૮/૭/૧૭] **'ત્યારે-પ્રલયકાળે-મૃત્યુ નહોતું કે અમૃત નહોતું, રાત્રી કે દિવસના ચિહ્નરૂપ ચંદ્રસૂર્ય નહોતા, સ્વધાની સાથે, તે એકલું વાતવર્જિત બ્રહ્મ હતું, તેથી પર અન્ય કંઈ નહોતું'.** आनीत् (ચેષ્ટા કરી) એમ પ્રાણકર્મનું ગ્રહણ છે તેથી ઉત્પત્તિપૂર્વે જાણે વિદ્યમાન હોય એવા પ્રાણને સૂચવે છે. માટે પ્રાણ જન્મરહિત છે એમ કોઈકની મતિ થાય. તેને અતિદેશથી દૂર કરે છે. आनीत् શબ્દ પણ ઉત્પત્તિપૂર્વે પ્રાણનો સદ્ભાવ સૂચવતો નથી; કેમકે अवातम् (વાતવર્જિત) એમ વિશેષણ છે, અને 'अप्राणो ह्यमनाः शुभ्रः' **'ખરેખર, પ્રાણરહિત, મનોરહિત, શુદ્ધ'** એમ મૂલપ્રકૃતિ પ્રાણ વગેરે સમસ્ત વિશેષથી રહિત છે એમ દર્શાવ્યું છે. માટે કારણનો સદ્ભાવ દર્શાવવા માટે જ એ आनीत् શબ્દ છે. 'श्रेष्ठः' એ શબ્દ મુખ્ય પ્રાણનું અભિધાન કરે છે; કેમકે 'प्राणो वाव ज्येष्ठश्च श्रेष्ठश्च' [છાન્દો. ઉપ. ૫/૧/૧] **'ખરેખર, પ્રાણ જ્યેષ્ઠ છે, શ્રેષ્ઠ છે'** એમ શ્રુતિનો નિર્દેશ છે. પ્રાણ જ્યેષ્ઠ છે; કેમકે વીર્યના પ્રક્ષેપકાળથી તેની વૃત્તિનો લાભ છે; જો તે વખતે તેની વૃત્તિનો લાભ ન હોય તો યોનિમાં પ્રક્ષિપ્ત વીર્ય પૂય થાય કે સંભવ પામે નહિ. શ્રોત્ર આદિ જ્યેષ્ઠ નથી; કેમકે કર્ણશષ્કુલિ આદિ સ્થાનવિભાગ નિષ્પન્ન થયા પછી તેમની વૃત્તિનો લાભ થાય છે. વળી પ્રાણ શ્રેષ્ઠ છે, કેમકે તેમાં ગુણોનું આધિક્ય છે; કારણ કે 'न वै शक्ष्यामस्त्वदृते जीवितुम्' [બૃહ. ઉપ. ૬/૧/૧૩] **'તારા વિના અમે જીવવા શક્તિમાન્ નથી'** એવી શ્રુતિ છે ॥ ૮ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

५. वायुक्रियाधिकरणम् ।

न वायुक्रिये पृथगुपदेशात् ॥९॥

स पुनर्मुख्यः प्राणः किंस्वरूप इति इदानीं जिज्ञास्यते । तत्र प्राप्तं तावत् – श्रुतेः वायुः प्राण इति, एवं हि श्रूयते – **'यः प्राणः स वायुः स एष वायुः पञ्चविधः प्राणोऽपानो व्यान उदानः समानः'** इति । अथवा तन्त्रान्तरीयाभिप्रायात् समस्तकरणवृत्तिः प्राण इति प्राप्तम्, एवं हि तन्त्रान्तरीया आचक्षते – सामान्या करणवृत्तिः प्राणाद्या वायवः पञ्चेति ॥

अत्रोच्यते – न वायुः प्राणः, नापि करणव्यापारः, कुतः ? पृथगुपदेशात्, वायोस्तावत् प्राणस्य पृथगुपदेशो भवति – **'प्राण एव ब्रह्मणश्चतुर्थः पादः स वायुना ज्योतिषा भाति च तपति च'** (छा.उप. ३-१८-४) इति, न हि वायुरेव सन् वायोः पृथगुपदिश्येत । तथा करणवृत्तेरपि पृथगुपदेशो भवति, वागादीनि करणान्यनुक्रम्य तत्र तत्र पृथक्प्राणस्यानुक्रमणात्, वृत्तिवृत्तिमतोरभेदात्, न हि करणव्यापार एव सन् करणेभ्यः पृथगुपदिश्येत । तथा **'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुः'** (मुण्ड.उप. २-१-३) इत्येवमादयोऽपि वायोः करणेभ्यश्च प्राणस्य पृथगुपदेशा अनुसर्तव्याः। न च समस्तानां करणानामेका वृत्तिः संभवति, प्रत्येकमेकैकवृत्तित्वात्, समुदायस्य च अकारकत्वात्, ननु पञ्जरचालनन्यायेन एतद्भविष्यति – यथा एकपञ्जरवर्तिन एकादशपक्षिणः प्रत्येकं प्रतिनियतव्यापाराः सन्तः संभूय एकं पञ्जरं चालयन्ति, एवमेकशरीरवर्तिन एकादशप्राणाः प्रत्येकं प्रतिनियतवृत्तयः सन्तः संभूय एकां प्राणाख्यां वृत्तिं प्रतिलप्स्यन्त इति, नेत्युच्यते – युक्तं तत्र – प्रत्येकवृत्तिभिरवान्तरव्यापारैः पञ्जरचालनानुरूपैरेवोपेताः पक्षिणः संभूय एकं पञ्जरं चालयेयुरिति, तथा दृष्टत्वात्, इह तु – श्रवणाद्यवान्तरव्यापारोपेताः प्राणा न संभूय प्राण्युरिति युक्तम्, प्रमाणाभावात्, अत्यन्तविजातीयत्वाच्च

---

५. વાયુક્રિયાધિકરણ

(તે મુખ્ય પ્રાણ) વાયુ કે ક્રિયા નથી, જુદો ઉપદેશ છે તેથી ॥ ૯ ॥

પણ તે મુખ્ય પ્રાણ કયા સ્વરૂપનો છે તેની હવે જિજ્ઞાસા થાય છે. તેમાં, પ્રથમ શ્રુતિથી પ્રાપ્ત થાય છે કે પ્રાણ વાયુ છે; કેમકે આવી શ્રુતિ છે — 'यः प्राणः स वायुः स एष वायुः पञ्चविधः प्राणोऽपानो व्यान उदानः समानः' **'જે પ્રાણ છે તે વાયુ છે, તે એ વાયુ પાંચ પ્રકારનો છે — પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન'** એમ. અથવા પ્રાણ સમસ્ત ઇન્દ્રિયોની વૃત્તિ છે એમ અન્ય શાસ્ત્રના અભિપ્રાયથી પ્રાપ્ત થાય છે; કેમકે અન્ય શાસ્ત્રવાળાઓ આમ સમજાવે છે — ઇન્દ્રિયોની વૃત્તિ સામાન્ય છે, પ્રાણ આદિ વાયુઓ પાંચ છે એમ. અહીં કહીએ છીએ — પ્રાણ વાયુ નથી, તેમજ ઇન્દ્રિયોનો વ્યાપાર નથી. શાથી ? જુદો ઉપદેશ છે તેથી. પ્રથમ, પ્રાણનો વાયુથી જુદો ઉપદેશ છે — 'प्राण एव ब्रह्मणश्चतुर्थः पादः स वायुना ज्योतिषा भाति च तपति च' [છાન્દો. ઉપ. ૩/૧૮/૪] **'પ્રાણ જ બ્રહ્મનો ચોથો પાદ છે, તે વાયુ જ્યોતિ વડે અભિવ્યક્ત થાય છે અને તપે છે'** એમ; કારણ કે પ્રાણ વાયુ જ હોય તો વાયુથી તેનો પૃથક્ ઉપદેશ થાય નહિ. તેમજ ઇન્દ્રિયોની વૃત્તિથી પણ પ્રાણનો પૃથક્ ઉપદેશ છે; કેમકે વાક્ વગેરે ઇન્દ્રિયોને અનુક્રમે ગણાવી ત્યાં ત્યાં પ્રાણને પૃથક્ ગણાવ્યો છે; અને વૃત્તિ અને વૃત્તિમાનનો અભેદ છે. ખરેખર, પ્રાણ ઇન્દ્રિયોનો વ્યાપાર હોય તો તેનો ઇન્દ્રિયોથી જુદો ઉપદેશ થાય નહિ. તેમ 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुः' [મુણ્ડ. ઉપ. ૨/૧/૩] **'એમાંથી પ્રાણ, મન, અને સર્વ ઇન્દ્રિયો, આકાશ, વાયુ ઉત્પન્ન થાય છે'** ઇત્યાદિ શ્રુતિઓ, જેમાં વાયુથી અને ઇન્દ્રિયોથી પ્રાણનો જુદો ઉપદેશ છે તેને પણ અનુસરવું જોઈએ. વળી સમસ્ત ઇન્દ્રિયોનો એક વ્યાપાર નથી સંભવતો; કેમકે પ્રત્યેક એકેક વ્યાપાર છે અને સમુદાય કારક નથી. પણ પંજરચાલનન્યાયથી એ થશે. જેમ એક પાંજરામાં રહેલાં અગિયાર પક્ષીઓ, પ્રત્યેક પ્રતિનિયત વ્યાપરવાળાં છે તોપણ એકઠાં થઈ એક પાંજરું હલાવે છે; એ પ્રમાણે એક શરીરમાં રહેનારા અગિયાર પ્રાણો પ્રત્યેક પ્રતિનિયત વ્યાપારવાળા છે તોપણ એકઠા થઈ એક પ્રાણસંજ્ઞક વ્યાપાર પ્રાપ્ત કરશે એમ. ના, એમ કહીએ છીએ. પાંજરું હલાવવાને અનુરૂપ જ, પ્રત્યેકમાં રહેલા, અવાન્તર વ્યાપારોથી યુક્ત પક્ષીઓ એકઠાં થઈ એક પાંજરું હલાવે એ ત્યાં યોગ્ય છે ; કેમકે તેમ જોવામાં આવે છે. અહીં તો શ્રવણ આદિ અવાન્તર વ્યાપારોથી યુક્ત પ્રાણો એકઠા થઈ પ્રાણનવ્યાપાર કરે એ યોગ્ય નથી કેમકે પ્રમાણ નથી અને શ્રવણ આદિથી પ્રાણન વ્યાપાર અત્યન્ત વિજાતીય છે. તેમજ માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्रवणादिभ्यः प्राणनस्य । तथा प्राणस्य श्रेष्ठत्वाद्युद्घोषणम्, गुणभावोपगमश्च तं प्रति वागादीनाम्, न करणवृत्तिमात्रे प्राणेऽवकल्पते । तस्मादन्यो वायुक्रियाभ्यां प्राणः । कथं तर्हीयं श्रुतिः – **'यः प्राणः स वायुः'** इति ? उच्यते – वायुरेवायम् अध्यात्ममापन्नः पञ्चव्यूहो विशेषात्मनावतिष्ठमानः प्राणो नाम भण्यते, न तत्त्वान्तरम्, नापि वायुमात्रम्, अतश्चोभे अपि भेदाभेदश्रुती न विरुध्येते ॥९॥

स्यादेतत् – प्राणोऽपि तर्हि जीववत् अस्मिन् शरीरे स्वातन्त्र्यं प्राप्नोति, श्रेष्ठत्वात्, गुणभावोपगमाच्च तं प्रति वागादीनामिन्द्रियाणाम्, तथा हि अनेकविधा विभूतिः प्राणस्य श्राव्यते – **सुप्तेषु वागादिषु प्राण एवैको जागर्ति, प्राण एवैको मृत्युना अनाप्तः, प्राणः संवर्गो वागादीन् संवृङ्क्ते, प्राण इतरान्प्राणानक्षति मातेव पुत्रान्** – इति, तस्मात्प्राणस्यापि जीववत् स्वातन्त्र्यप्रसङ्गः, तं परिहरति –

चक्षुरादिवत्तु तत्सहशिष्ट्यादिभ्यः ॥१०॥

तु-शब्दः प्राणस्य जीववत् स्वातन्त्र्यं व्यावर्तयति । यथा चक्षुरादीनि, राजप्रकृतिवत्, जीवस्य कर्तृत्वं भोक्तृत्वं च प्रति उपकरणानि, न स्वतन्त्राणि, तथा मुख्योऽपि प्राणः, राजमन्त्रिवत्, जीवस्य सर्वार्थकरत्वेन उपकरणभूतः, न स्वतन्त्रः। कुतः ? तत्सहशिष्ट्यादिभ्यः, तैश्चक्षुरादिभिः सहैव प्राणः शिष्यते प्राणसंवादादिषुः, समानधर्मणां च सह शासनं युक्तं बृहद्रथंतरादिवत्, आदिशब्देन संहतत्वाचेतनत्वादीन् प्राणस्य स्वातन्त्र्यनिराकरणहेतून् दर्शयति ॥१०॥

स्यादेतत् – यदि चक्षुरादिवत् प्राणस्य जीवं प्रति करणभावोऽभ्युपगम्येत, विषयान्तरं रूपादिवत् प्रसज्येत । रूपालोचनादिभिर्वृत्तिभिर्यथास्वं चक्षुरादीनां जीवं प्रति करणभावो भवति । अपि च एकादशैव कार्यजातानि रूपालोचनादीनि परिगणितानि, यदर्थमेकादश प्राणाः संगृहीताः, न तु द्वादशमपरं कार्यजातमवगम्यते, यदर्थमयं द्वादशः

પ્રાણ એ વાયુ અને ક્રિયાથી જુદો છે. ત્યારે 'यः प्राणः स वायुः' **'જે પ્રાણ છે તે વાયુ છે'** એ શ્રુતિ શી રીતે ? કહીએ છીએ — એ વાયુ જ શરીરમાં પ્રતિષ્ઠિત થઈ, પાંચ અવસ્થાવાળો થઈ વિશેષ સ્વરૂપે રહેતો પ્રાણસંજ્ઞક છે એમ ભણાય છે, તે અન્ય તત્ત્વ નથી કે વાયુમાત્ર નથી. એથી, ભેદશ્રુતિ અને અભેદશ્રુતિ, એ બંને પણ વિરુદ્ધ નથી ॥ ૯ ॥

પણ ત્યારે પ્રાણ પણ આ શરીરમાં જીવની જેમ સ્વાતન્ત્ર્ય પ્રાપ્ત કરે છે; કેમકે તે શ્રેષ્ઠ છે અને વાક્ આદિ ઇન્દ્રિયો તે પ્રતિ ગુણભાવ પામે છે; કેમકે પ્રાણની અનેક પ્રકારની વિભૂતિ શ્રુતિમાં પ્રતિપાદન કરાયેલી છે — 'सुप्तेषु वागादिषु प्राण एको हि जागर्ति प्राण एको मृत्युनाऽनाप्तः प्राणः संवर्गो वागादीन् संवृङ्क्ते प्राण इतरान् प्राणान्रक्षति मातेव पुत्रान्' **(ખરેખર, વાક્ આદિ સુપ્ત હોય ત્યારે પ્રાણ એકલો જાગે છે; પ્રાણ એકલો મૃત્યુથી પ્રાપ્ત થતો નથી; પ્રાણ સંવર્ગ છે, વાક્ આદિનું સંગ્રહણ કરે છે; પ્રાણ અન્ય પ્રાણોનું રક્ષણ કરે છે, માતા પુત્રોનું કરે છે તેમ)**. આથી પ્રાણને જીવની જેમ સ્વાતન્ત્ર્ય પ્રાપ્ત થાય છે, તેનો પરિહાર કરે છે —

પણ ચક્ષુરાદિની જેમ (પ્રાણ જીવનો ઉપાકરભૂત છે), તેની સાથે તેનું શાસન છે, વગેરેથી ॥ ૧૦ ॥

તુ શબ્દ પ્રાણનું જીવની જેમ સ્વાતન્ત્ર્ય દૂર કરે છે. જેમ ચક્ષુ આદિ રાજાની પ્રકૃતિની (પ્રજાની) જેમ જીવના કર્તૃત્વ અને ભોક્તૃત્વ પ્રતિ ઉપકરણો છે, સ્વતન્ત્ર નથી; તેમ મુખ્ય પણ પ્રાણ રાજાના મન્ત્રીની જેમ જીવના સર્વ કામ (પ્રયોજન પૂર્ણ) કરે છે તેથી ઉપકરણભૂત છે, સ્વતન્ત્ર નથી. શાથી ? તેની સાથે એનું શાસન છે ઇત્યાદિથી. તેની-ચક્ષુ આદિની સાથે જ સંવાદ આદિને વિષે પ્રાણનું શાસન છે; અને જેમના ધર્મ સમાન છે તેમનું સાથે શાસન યોગ્ય છે, બૃહત્ અને રથન્તર આદિની જેમ. આદિ શબ્દથી સંહતત્વ (= સાવયવત્વ), અચેતનત્વ આદિ પ્રાણના સ્વાતન્ત્ર્યનું નિરાકરણ કરનારા હેતુઓ દર્શાવે છે ॥ ૧૦ ॥

પણ ચક્ષુ આદિની જેમ પ્રાણનો જીવ પ્રતિ ઇન્દ્રિયભાવ સ્વીકારાય તો રૂપાદિની જેમ અન્ય વિષય પ્રાપ્ત થાય. રૂપાદિના આલોચનાદિ પોતપોતાની વૃત્તિઓ વડે, ચક્ષુરાદિ, જીવ પ્રતિ ઇન્દ્રિયભાવ પામે છે. વળી રૂપનું આલોચન વગેરે અગિયાર જ કાર્યસમૂહની પરિગણના થઈ છે, કે જેને માટે અગિયાર જ પ્રાણનું સંગ્રહણ કર્યું છે; પણ બારમો બીજો કાર્યસમૂહ પ્રાપ્ત થતો નથી કે જેને માટે આ બારમા પ્રાણની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

प्राणः प्रतिज्ञायत इति, अत उत्तरं पठति –

अकरणत्वाच्च न दोषस्तथाहि दर्शयति ॥११॥

न तावद्विषयान्तरप्रसङ्गो दोषः, अकरणत्वात्प्राणस्य, न हि चक्षुरादिवत् प्राणस्य विषयपरिच्छेदेन करणत्वमभ्युपगम्यते। न च अस्य एतावता कार्याभाव एव, कस्मात् ? तथा हि श्रुतिः प्राणान्तरेष्वसंभाव्यमानं मुख्यप्राणस्य वैशेषिकं कार्यं दर्शयति प्राणसंवादादिषु – **'अथ ह प्राणा अहं श्रेयसि व्यूदिरे'** इत्युपक्रम्य, **'यस्मिन्व उत्क्रान्ते शरीरं पापिष्ठतरमिव दृश्येत स वः श्रेष्ठः'** (छा.उप. ५-१-६,७) इति च उपन्यस्य, प्रत्येकं वागाद्युत्क्रमणेन तद्वृत्तिमात्रहीनं यथापूर्वं जीवनं दर्शयित्वा, प्राणोच्चिक्रमिषायां वागादिशैथिल्यापत्तिं शरीरपातप्रसङ्गं च दर्शयन्ती श्रुतिः प्राणनिमित्तां शरीरेन्द्रियस्थितिं दर्शयति, **'तान्वरिष्ठः प्राण उवाच मा मोहमापद्यथाहमेवैतत्पञ्चधात्मानं प्रविभज्यैतद्बाणमवष्टभ्य विधारयामि'** (प्रश्न.उप. २-३) इति च एतमेवार्थं श्रुतिराह, **'प्राणेन रक्षन्नवरं कुलायम्'** (बृह.उप. ४-३-१२) इति च सुप्तेषु चक्षुरादिषु प्राणनिमित्तां शरीररक्षां दर्शयति, **'यस्मात्कस्माच्चाङ्गात्प्राण उत्क्रामति तदेव तच्छुष्यति'** (बृह.उप. १-३-१९) इति **'तेन यदश्नाति यत्पिबति तेनेतरान्प्राणानवति'** इति च प्राणनिमित्तां शरीरेन्द्रियपुष्टिं दर्शयति, **'कस्मिन्नवहमुत्क्रान्त उत्क्रान्तो भविष्यामि कस्मिन्वा प्रतिष्ठिते प्रतिष्ठास्यामि'** (प्रश्न.उप. ६-३) इति, **'स प्राणमसृजत...'** इति च प्राणनिमित्ते जीवस्योत्क्रान्तिप्रतिष्ठे दर्शयति ॥११॥

પ્રતિજ્ઞા થાય. આથી ઉત્તર કહે છે —

અને (પ્રાણ) અકરણ (ઇન્દ્રિય નહીં) હોવાથી (અન્ય વિષય પ્રાપ્ત થાય એ) દોષ નથી; કેમકે એમ (શ્રુતિ) દર્શાવે છે ॥ ૧૧ ॥

અન્ય વિષય પ્રાપ્ત થાય એ દોષ થતો નથી; કેમકે પ્રાણ અકરણ છે. ખરેખર ચક્ષુ આદિની જેમ વિષયપરિચ્છેદને લીધે પ્રાણનું ઇન્દ્રિયત્વ સ્વીકારાતું નથી, અને એટલાથી એને કાર્યનો અભાવ જ થાય એમ નથી. શાથી ? કેમકે અન્ય પ્રાણોને વિષે અસંભવતું મુખ્ય પ્રાણનું વૈશેષિક કાર્ય પ્રાણસંવાદ આદિને વિષે શ્રુતિ દર્શાવે છે — 'अथ ह प्राणा अहं श्रेयसि व्यूदिरे' **'ખરેખર, પ્રાણોએ પોતાની શ્રેષ્ઠતા માટે વિવાદ કર્યો'** એમ ઉપક્રમ કરીને 'यस्मिन् व उत्क्रान्ते शरीरं पापिष्ठतरमिव दृश्यते स वः श्रेष्ठः' [છાન્દો. ઉપ. ૫/૧/૬-૭] **'તમારામાંના જેનું ઉત્ક્રમણ થતાં શરીર પાપિષ્ઠતર જેવું દેખાય છે તે તમારામાં શ્રેષ્ઠ છે'** એમ ઉપન્યાસ કરી, પ્રત્યેકં વાક્ આદિના ઉત્ક્રમણથી તેની વૃત્તિમાત્રથી હીન, પૂર્વ જેવું જીવન રહે છે એમ દર્શાવી, પ્રાણના ઉત્ક્રમણની તૈયારી વખતે વાક્ આદિ શિથિલ થવાનો પ્રસંગ અને શરીર પડવાનો પ્રસંગ દર્શાવતી શ્રુતિ શરીર અને ઇન્દ્રિયની સ્થિતિ પ્રાણનિમિત્ત જ છે એમ દર્શાવે છે. 'तान् वरिष्ठः प्राण उवाच मा मोहमापद्यथाहमेवैतत् पञ्चधात्मानं प्रविभज्यैतद्बाणमवष्टभ्य विधारयामि' [પ્રશ્નો પ. ૨/૩] **'તેઓ પ્રત્યે મુખ્ય પ્રાણે કહ્યું, આ પ્રમાણે અવિવેકથી અભિમાન ન કરો, હું જ મારા સ્વરૂપના પાંચ વિભાગ કરી આ કાર્યકરણસંઘાત શરીરનું અવષ્ટભન કરી ધારણ કરું છું'** એમ શ્રુતિ એજ અર્થ કહે છે. 'प्राणेन रक्षन्नवरं कुलायम्' [બૃહ. ૪/૩/૧૨] **'પ્રાણ વડે નિકૃષ્ટ શરીરનું રક્ષણ કરતો'** એમ અને ચક્ષુ આદિ સુપ્ત હોય ત્યારે પ્રાણનિમિત્ત શરીરરક્ષા દર્શાવે છે. 'यस्मात् कस्माच्चाङ्गात् प्राण उत्क्रामति तदेव तच्छुष्यति' [બૃહ. ઉપ. ૧/૩/૧૯] **'જે કોઈ અંગમાંથી પ્રાણ ઉત્ક્રમણ કરે છે ત્યારે જ તે અંગ શુષ્ક-નીરસ થાય છે'**, અને 'तेन यदश्नाति यत् पिबति तेनेतरान् प्राणानवति' **'તે પ્રાણ વડે જીવ જે ખાય છે અને જે પીએ છે તે વડે અન્ય પ્રાણોનું રક્ષણ કરે છે'** એમ શ્રુતિ પ્રાણનિમિત્ત શરીરની અને ઇન્દ્રિયની પુષ્ટિ દર્શાવે છે. 'कस्मिन्न्वहमुत्क्रान्त उत्क्रान्तो भविष्यामि कस्मिन् वा प्रतिष्ठिते प्रतिष्ठास्यामि' [પ્રશ્નો. પ. ૬/૩] **'કોણ દેહથી ઉત્ક્રાન્ત થતાં હું ઉત્ક્રાન્ત થાઊં છું અને કોણ દેહમાં પ્રતિષ્ઠિત થતાં હું પ્રતિષ્ઠિત થાઊં છું'** અને 'स प्राणमसृजत' [પ્રશ્નોપ. ૬/૪] **'તેણે પ્રાણ સર્જ્યો'** એ શ્રુતિ પ્રાણનિમિત્ત જીવની ઉત્ક્રાન્તિ અને પ્રતિષ્ઠા દર્શાવે છે ॥ ૧૧ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पञ्चवृत्तिर्मनोवव्यपदिश्यते ॥१२॥

इतश्चास्ति मुख्यस्य प्राणस्य वैशेषिकं कार्यम्, यत्कारणं पञ्चवृत्तिरयं व्यपदिश्यते श्रुतिषु – **'प्राणोऽपानो व्यान उदानः समानः'** (बृह.उप. १-५-३) इति, वृत्तिभेदश्चायं कार्यभेदापेक्षः – प्राणः प्राग्वृत्तिः उच्छ्वासादिकर्मा, अपानः अवाग्वृत्तिर्निश्वासादिकर्मा, व्यानः तयोः संधौ वर्तमानो वीर्यवत्कर्महेतुः, उदानः ऊर्ध्ववृत्तिरुत्क्रान्त्यादिहेतुः, समानः समं सर्वेष्वङ्गेषु योऽन्नरसान्नयति – इत्येवं पञ्चवृत्तिः प्राणः, मनोवत् – यथा मनसः पञ्च वृत्तयः, एवं प्राणस्यापीत्यर्थः । श्रोत्रादिनिमित्ताः शब्दादिविषया मनसः पञ्च वृत्तयः प्रसिद्धाः, न तु **'कामः संकल्प...'** इत्याद्याः परिपठिता गृह्येरन्, पञ्चसंख्यातिरेकात् । नन्वत्रापि श्रोत्रादिनिरपेक्षा भूतभविष्यदादिविषया अपरा मनसो वृत्तिरस्तीति समानः पञ्चसंख्यातिरेकः, एवं तर्हि **'परमतमप्रतिषिद्धमनुमतं भवति'** इति न्यायात् इहापि योगशास्त्रप्रसिद्धा मनसः पञ्च वृत्तयः परिगृह्यन्ते – **'प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयः'** (पातं.योग.सू. १-१-६) नाम, बहुवृत्तित्वमात्रेण वा मनः प्राणस्य निदर्शनमिति द्रष्टव्यम् । जीवोपकरणत्वमपि प्राणस्य पञ्चवृत्तित्वात्, मनोवत् – इति वा योजयितव्यम् ॥१२॥

६. श्रेष्ठाणुत्वाधिकरणम्

अणुश्च ॥१३॥

अणुश्चायं मुख्यः प्राणः प्रत्येतव्यः, इतरप्राणवत् । अणुत्वं च इहापि सौक्ष्म्यपरिच्छेदौ, न परमाणुतुल्यत्वम्, पञ्चभिर्वृत्तिभिः कृत्स्नशरीरव्यापित्वात्, सूक्ष्मः प्राणः, उत्क्रान्तौ पार्श्वस्थेन अनुपलभ्यमानत्वात्, परिच्छिन्नश्च,

---

મનની જેમ (મુખ્ય પ્રાણ) પાંચ વૃત્તિવાળો કહેવાય છે ॥ ૧૨ ॥

આ કારણથી વળી મુખ્ય પ્રાણનું વૈશેષિક કાર્ય છે, કે જે કારણથી શ્રુતિઓમાં એનું પાંચ વૃત્તિવાળો છે એવું અભિધાન છે — 'प्राणोऽपानो व्यान उदानः समानः' [બૃહ. ઉપ. ૧/૫/૩] **'પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન'** એમ; અને એ વૃત્તિભેદ કાર્યભેદની અપેક્ષાએ છે. પ્રાણ એ પ્રાક્ વૃત્તિવાળો **'= નાસિકાની બહાર નિઃસરણ વૃત્તિવાળો'** છે અને ઉચ્છ્વાસ આદિ એનું કર્મ છે. અપાન એ અવાક્ વૃત્તિવાળો **'= અંદર આકર્ષણ વૃત્તિવાળો'** છે અને નિશ્વાસ આદિ એનું કર્મ છે. વ્યાન એ એ બેની સંધિમાં રહેલો છે અને વીર્યવત્ કર્મનો હેતુ છે. ઉદાન એ ઊર્ધ્વ વૃત્તિવાળો છે અને ઉત્ક્રાન્તિ આદિનો હેતુ છે. સમાન એ સર્વ અવયવોમાં સરખો છે, જે અન્નરસોને ફેરવે છે એમ (વૃત્તિભેદ કાર્યભેદની અપેક્ષાએ છે). આ પ્રમાણે મનની જેમ પ્રાણ પાંચ વૃત્તિવાળો છે. જેમ મનની પાંચ વૃત્તિઓ છે એમ પ્રાણની પણ છે એવો અર્થ છે. શ્રોત્રાદિનિમિત્ત શબ્દાદિ વિષય મનની પાંચ વૃત્તિઓ પ્રસિદ્ધ છે; પણ કામ, સંકલ્પ વગેરે કહેલી વૃત્તિઓનું ગ્રહણ કરવું નહિ; કેમકે પાંચથી વધારે સંખ્યા છે. પણ અહીં પણ શ્રોત્રાદિની જેને અપેક્ષા નથી, અને ભૂત, ભવિષ્યત્ આદિ જેના વિષયો છે એવી મનની બીજી વૃત્તિ છે એમ પાંચની સંખ્યામાં વધારો સમાન છે. જો એમ છે તો 'परमतमप्रतिषिद्धमनुमतं भवति' **'પરમત પ્રતિષિદ્ધ ન હોય તો અનુમત થાય છે'** એ ન્યાયથી અહીં પણ યોગશાસ્ત્રમાં પ્રસિદ્ધ મનની પાંચ વૃત્તિઓનું પરિગ્રહણ થાય છે — 'प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयः' [પાત. યોગ. સૂ. ૧/૧/૬] **'પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ'**. અથવા બહુ વૃત્તિવાળું છે તેથી જ મન પ્રાણનું નિદર્શન છે એમ સમજવું. પ્રાણ જીવનું ઉપકરણ પણ છે, પાંચ વૃત્તિવાળું છે તેથી, મનની જેમ એમ યોજના કરવી ॥ ૧૨ ॥

૬. શ્રેષ્ઠત્વાધિકરણ

અને (મુખ્ય પ્રાણ) અણુ છે ॥ ૧૩ ॥

વળી અન્ય પ્રાણની જેમ મુખ્ય પ્રાણ અણુ છે એમ સમજવું. અહીં પણ અણુત્વ એટલે સૌક્ષ્મ્ય અને પરિચ્છેદ, પરમાણુતુલ્યતા નહિ, કેમકે પાંચ વૃત્તિઓ વડે સમગ્ર શરીરમાં વ્યાપેલો છે. પ્રાણ સૂક્ષ્મ છે; કારણ કે ઉત્ક્રાન્તિસમયે પાસે ઊભેલાઓથી ઉપલબ્ધ થતો નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

उत्क्रान्तिगत्यागतिश्रुतिभ्यः । ननु विभुत्वमपि प्राणस्य समाम्नायते – **'समः प्लुषिणा समो मशकेन समो नागेन सम एभिस्त्रिभिर्लोकैः समोऽनेन सर्वेण'** (बृह.उप. १-३-२२) इत्येवमादिषु प्रदेशेषु, तदुच्यते – आधिदैविकेन समष्टिव्यष्टिरूपेण हैरण्यगर्भेण प्राणात्मनैव एतद्विभुत्वमाम्नायते, न आध्यात्मिकेन, अपि च **'समः प्लुषिणा'** इत्यादिना साम्यवचनेन प्रतिप्राणिवर्तिनः प्राणस्य परिच्छेद एव प्रदर्श्यते, तस्माददोषः ॥१३॥

७. ज्योतिराद्यधिकरणम् ।

ज्योतिराद्यधिष्ठानं तु तदामननात् ॥१४॥

ते पुनः प्रकृताः प्राणाः किं स्वमहिम्नैव स्वस्मै स्वस्मै कार्याय प्रभवन्ति, आहोस्विद्देवताधिष्ठिताः प्रभवन्ति इति विचार्यते । तत्र प्राप्तं तावत् – यथास्वं कार्यशक्तियोगात् स्वमहिम्नैव प्राणाः प्रवर्तेरन्निति:, अपि च देवताधिष्ठितानां प्राणानां प्रवृत्तावभ्युगम्यमानायां तासामेवधिष्ठात्रीणां देवतानां भोक्तृत्वप्रसङ्गान् शारीरस्य भोक्तृत्वं प्रलीयेत, अतः स्वमहिम्नैव एषां प्रवृत्तिरिति, एवं प्राप्ते, इदमुच्यते – **ज्योतिराद्यधिष्ठानं तु** – इति । तु-शब्देन पूर्वपक्षो व्यावर्त्यते। ज्योतिरादिभिरग्न्याद्यभिमानिनीभिर्देवताभिरधिष्ठितं वागादिकरणजातं स्वकार्येषु प्रवर्तत इति प्रतिजानीते । हेतुं च व्याचष्टे- तदामननादिति, तथा हि आमनन्ति – **'अग्निर्वाग्भूत्वा मुखं प्राविशन्'** (ऐत.ब्रा. २-४) इत्यादि, अग्नेश्चायं वाग्भावो मुखप्रवेशश्च देवतात्मना अधिष्ठातृत्वमङ्गीकृत्य उच्यते, न हि देवतासंबन्धं प्रत्याख्याय अग्नेः वाचि मुखे वा कश्चिद्विशेषसंबन्धो दृश्यते, तथा **'वायुः प्राणो भूत्वा नासिके प्राविशत्'** (ऐत.ब्रा. २-४) इत्येवमाद्यपि योजयितव्यम् । तथा अन्यत्रापि **'वागेव ब्रह्मणश्चतुर्थः पादः सोऽग्निना ज्योतिषा भाति च तपति च'** (छा.उप. ३-१८-३) इत्येवमादिना वागादीनाम्

નથી. પરિચ્છિન્न પણ છે; કેમકે ઉત્ક્રાન્તિ, ગતિ અને આગતિની શ્રુતિઓ છે પણ શ્રુતિમાં પ્રાણનું વિભુત્વ પણ કહ્યું છે — 'समः प्लुषिणा समो मशकेन समो नागेन सम एभिस्त्रिभिर्लोकैः समोऽनेन सर्वेण' [બૃહ. ઉપ. ૧/૩/૨૨] **'મધમાખીના શરીર જેટલો, મચ્છરના જેટલો, નાગશરીરના સરખો, આ ત્રણ લોકના શરીરના સરખો, આ સર્વના સરખો'** ઇત્યાદિ પ્રદેશોમાં. તેને વિષે કહીએ છીએ — આધિદૈવિક સમષ્ટિરૂપ અને વ્યષ્ટિરૂપ હિરણ્યગર્ભના પ્રાણસ્વરૂપથી જ એ વિભુત્વ શ્રુતિમાં કહ્યું છે, આધ્યાત્મિક સ્વરૂપથી નહિ. વળી 'શરીર જેટલો છે' - ઇત્યાદિ તુલ્યતાના વચનથી દરેક પ્રાણીમાં રહેનાર પ્રાણનો પરિચ્છેદ જ દર્શાવાય છે, માટે દોષ નથી ॥ ૧૩ ॥

૭. જ્યોતિરાદ્યધિકરણ

પણ (પ્રાણ આદિનું) અગ્નિ આદિથી અધિષ્ઠાન છે, શ્રુતિમાં તે કહ્યું હોવાથી ॥ ૧૪ ॥

હવે તે પ્રકૃત પ્રાણો શું પોતાના મહિમાથી જ પોતપોતાના કાર્યને માટે શક્તિમાન થાય છે કે દેવતાથી અધિષ્ઠિત થયેલા શક્તિમાન થાય છે તેનો વિચાર થાય છે. તેમાં પ્રથમ એવું જણાય છે કે પોતાની કાર્યશક્તિના યોગથી પોતાના મહિમાથી જ પ્રવર્તે. વળી દેવતાથી અધિષ્ઠિત થયેલા પ્રાણોની પ્રવૃત્તિ સ્વીકારતાં તે અધિષ્ઠાત્રી દેવતાને જ ભોક્તૃત્વ પ્રાપ્ત થવાથી શારીરનું ભોક્તૃત્વ પ્રલીન થાય. માટે પોતાના મહિમાથી જ એ પ્રવૃત્ત થાય છે એમ. એમ પ્રાપ્ત થતાં આ કહે છે — 'ज्योतिराद्यधिष्ठानं तु' એમ. તુ શબ્દથી પૂર્વપક્ષની વ્યાવૃત્તિ કરાય છે. જ્યોતિ આદિથી-અગ્નિ આદિ અભિમાનિની દેવતાઓથી અધિષ્ઠિત વાક્ આદિ ઇન્દ્રિયસમૂહ પોતાના કાર્યોને વિષે પ્રવૃત્ત થાય છે એમ પ્રતિજ્ઞા કરે છે. હેતુનું વ્યાખ્યાન કરે છે — 'तदामननात्' એમ; કેમકે શ્રુતિઓ કહે છે — 'अग्निर्वाग्भूत्वा मुखं प्राविशत्' [ઐત. બ્રા. ૨/૪] **'અગ્નિ વાક્ થઈ મુખમાં પ્રવેશ્યો'** ઇત્યાદિ; અને અગ્નિનું એ વાક્ થવું અને મુખમાં પ્રવેશવું એ દેવતાસ્વરૂપે અધિષ્ઠાતૃત્વનો અંગીકાર કરી કહેવાય છે; કેમકે દેવતાસંબન્ધનું પ્રત્યાખ્યાન કરી અગ્નિનો વાણીમાં કે મુખમાં વિશેષ સંબન્ધ દેખાતો નથી. તેમજ 'वायुः प्राणो भूत्वा नासिके प्राविशत्' [ઐત. બ્રા. ૨/૪] **'વાયુ પ્રાણ થઈ નસકોરામાં પ્રવેશ્યો'** ઇત્યાદિની પણ યોજના કરવી. તેમજ અન્યત્ર પણ 'वागेव ब्रह्मणश्चतुर्थः पादः सोऽग्निना ज्योतिषा भाति च तपति च' [છાન્દો. ઉપ. ૩/૧૮/૩] **'વાણી જ બ્રહ્મનો ચોથો પાદ છે, તે અગ્નિ જ્યોતિ વડે દીપે છે અને સ્વકાર્ય કરે**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अग्न्यादिज्योतिष्ट्वादिवचनेन एतमेवार्थं द्रढयति । **'स वै वाचमेव प्रथमामत्यवहत्सा यदा मृत्युमत्यमुच्यत सोऽग्निरभवत्'** (बृह.उप. १-३-१२) इति च एवमादिना वागादीनामग्न्यादिभावापत्तिवचनेन एतमेवार्थं द्योतयति । सर्वत्र च अध्यात्माधिदैवतविभागेन वागाद्यग्न्याद्यनुक्रमणम् अनयैव प्रत्यासत्त्या भवति । स्मृतावपि – **'वागध्यात्ममिति प्राहुर्ब्राह्मणास्तत्त्वदर्शिनः । वक्तव्यमधिभूतं तु वह्निस्तत्राधिदैवतम्'** इत्यादिना वागादीनामग्न्यादिदेवताधिष्ठितत्वं सप्रपञ्चं प्रदर्शितम् । यदुक्तम् – स्वकार्यशक्तियोगात्स्वमहिम्नैव प्राणाः प्रवर्तेरन्निति, तदयुक्तम्, शक्तानामपि शकटादीनामनडुहाद्यधिष्ठितानां प्रवृत्तिदर्शनात्, उभयथोपपत्तौ च आगमात् वागादीनां देवताधिष्ठितत्वमेव निश्चीयते ॥१४॥

यदप्युक्तम् – देवतानामेवाधिष्ठात्रीणां भोक्तृत्वप्रसङ्गः, न शारीरस्येति, तत्परिहृियते –

प्राणवत्ता शब्दात् ॥१५॥

सतीष्वपि प्राणानामधिष्ठात्रीषु देवतासु प्राणवता कार्यकरणसंघातस्वामिना शारीरेणैव एषां प्राणानां संबन्धः श्रुतेरवगम्यते, तथा हि श्रुतिः – **'अथ यत्रैतदाकाशमनुविषण्णं चक्षुः स चाक्षुषः पुरुषो दर्शनाय चक्षुरथ यो वेदेदं जिघ्राणीति स आत्मा गन्धाय घ्राणम्'** (छा.उप. ८-१२-४) इत्येवंजातीयका शारीरेणैव प्राणानां संबन्धं श्रावयति । अपि च अनेकत्वात्प्रतिकरणमधिष्ठात्रीणां देवतानां न भोक्तृत्वम् अस्मिन् शरीरेऽवकल्पते, एको ह्ययमस्मिन् शरीरे शारीरो भोक्ता प्रतिसंधानादिसंभवादवगम्यते ॥१५॥

છે' ઇત્યાદિથી વાક્ આદિ અગ્નિ આદિનું તેજ છે ઇત્યાદિ વચનથી એજ અર્થ (શ્રુતિ) દઢ કરે છે. 'स वै वाचमेव प्रथमामत्यवहत् सा यदा मृत्युमत्यमुच्यत सोऽग्निरभवत्' [બૃહ. ઉપ. ૧/૩/૧૨] **'તે પ્રાણ ઉદ્ગાનકર્મને વિષે પ્રધાનભૂત વાણીને મૃત્યુ ઓળંગાવી લઈ ગયો. તે વાણી જ્યારે મૃત્યુથી અતિમુક્ત થઈ ત્યારે તે અગ્નિ થઈ'** ઇત્યાદિથી વાક્ આદિ અગ્નિ આદિ સ્વરૂપ પ્રાપ્ત કરે છે એમ કહીને એ જ અર્થનું દ્યોતન કરે છે; અને સર્વત્ર અધ્યાત્મ અને અધિદૈવત વિભાગ વડે વાક્ આદિ અને અગ્નિ આદિનું અનુક્રમણ એ જ પ્રત્યાસત્તિથી થાય છે. સ્મૃતિમાં પણ 'वागध्यात्ममिति प्राहुर्ब्राह्मणास्तत्त्वदर्शिनः । वक्तव्यमधिभूतं तु वह्निस्तत्राधिदैवतम्॥' **'તત્ત્વદર્શી બ્રાહ્મણો વાણીને અધ્યાત્મ કહે છે, વક્તવ્ય અધિભૂત છે અને તેમાં વહ્નિ અધિદૈવત છે'** ઇત્યાદિથી વાક્ આદિ અગ્નિ આદિ દેવતાથી અધિષ્ઠિત છે એમ સવિસ્તર દર્શાવ્યું છે. પોતાની કાર્યશક્તિના યોગથી પોતાના જ મહિમાંથી જ પ્રાણ પ્રવર્તે એમ જે કહ્યું છે તે અયોગ્ય છે; કેમકે શકટ (ગાડું) વગેરે શક્ત છે તો પણ બળદ વગેરેથી અધિષ્ઠિત થાય ત્યારે તેમાં પ્રવૃત્તિ જોવામાં આવે છે; અને બંને પ્રકારે ઉપપત્તિને વિષે દેવતાથી અધિષ્ઠિત જ છે એમ આગમ(શ્રુતિ)થી નિશ્ચય થાય છે ॥ ૧૪ ॥

વળી જે એમ કહ્યું છે કે અધિષ્ઠાત્રી દેવતાઓને જ ભોક્તૃત્વનો પ્રસંગ આવે છે, શારીર જીવને નહિ તેનો પરિહાર કરે છે —

પ્રાણવાળા (શારીરની જ) સાથે (પ્રાણોનો સંબન્ધ છે), શ્રુતિથી ॥ ૧૫ ॥

પ્રાણોની અધિષ્ઠાત્રી દેવતાઓ છે તોપણ પ્રાણવાળા, કાર્યકરણ સંઘાતના સ્વામી શારીરની જ સાથે પ્રાણોનો સંબન્ધ શ્રુતિથી સમજાય છે; જેમકે 'अथ यत्रैतदाकाशमनुविषण्णं चक्षुः स चाक्षुषः पुरुषो दर्शनाय चक्षुरथ यो वेदेदं जिघ्राणीति स आत्मा गन्धाय घ्राणम्' [છાન્દો. ઉપ. ૮/૧૨/૪] **'પછી-દેહમાં પ્રાણપ્રવેશ થયા પછી - જ્યાં આ કૃષ્ણતારાથી ઉપલક્ષિત દેહચ્છિદ્ર ચક્ષુરિન્દ્રિય અનુષક્ત છે ત્યાં ચક્ષુરિન્દ્રિયને વિષે અભિમાની તે આત્મા ચાક્ષુષ છે, તેને રૂપની ઉપલબ્ધિ થાય માટે ચક્ષુ કરણ છે. હું આ સુંઘું છું એમ જે જાણે તે આત્મા છે, તેને ગન્ધનું જ્ઞાન થવા માટે નાસિકા છે'** એ પ્રકારની શ્રુતિ શારીરની જ સાથે પ્રાણોનો સંબન્ધ શ્રવણ કરાવે છે. વળી દરેક કરણમાં અધિષ્ઠાત્રી દેવતાઓ અનેક હોવાથી તેમનું ભોક્તૃત્વ આ શરીરમાં સંભવતું નથી; કારણ કે આ શરીરમાં એક જ શારીર ભોક્તા છે એમ પ્રતિસન્ધાન વગેરેના સંભવથી સમજાય છે ॥ ૧૫ ॥

અને તેના (શારીરના) નિત્યત્વથી ॥ ૧૬ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

तस्य च नित्यत्वात् ॥१६॥

तस्य च शारीरस्यास्मिन् शरीरे भोक्तृत्वेन नित्यत्वम् – पुण्यपापोपलेपसंभवात् सुखदुःखोपभोगसंभवाच्च, न देवतानाम्, ता हि परस्मिन्नैश्वर्ये पदेऽवतिष्ठमाना न हीनेऽस्मिन् शरीरे भोक्तृत्वं प्रतिलब्धुमर्हन्ति, श्रुतिश्च भवति – **'पुण्यमेवामुं गच्छति न ह वै देवान्पापं गच्छति'** (बृह.उप. १-५-२०) इति । शारीरेणैव च नित्यः प्राणानां संबन्धः, उत्क्रान्त्यादिषु तदनुवृत्तिदर्शनात् – **'तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनूत्क्रामन्ति'** (बृह.उप. ४-४-२) इत्यादिश्रुतिभ्यः। तस्मात् सतीष्वपि करणानां नियन्त्रीषु देवतासु न शारीरस्य भोक्तृत्वमपगच्छति, करणपक्षस्यैव हि देवता, न भोक्तृपक्षस्येति ॥१६॥

८. इन्द्रियाधिकरणम् ।

त इन्द्रियाणि तद्व्यपदेशादन्यत्र श्रेष्ठात् ॥१७॥

मुख्यश्चैकः इतरे चैकादश प्राणा अनुक्रान्ताः, तत्रेदमपरं संदिह्यते – किं मुख्यस्यैव प्राणस्य वृत्तिभेदा इतरे प्राणाः, आहोस्वित् तत्त्वान्तराणीति । किं तावत्प्राप्तम् – मुख्यस्यैवेतरे वृत्तिभेदा इति, कुतः ? श्रुतेः, तथा हि श्रुतिः मुख्यमितरांश्च प्राणान्संनिधाप्य, मुख्यात्मतामितरेषां ख्यापयति – **'हन्तास्यैव सर्वे रूपमसामेति त एतस्यैव सर्वे रूपमभवन्'** (बृह.उप. १-५-२१) इति, प्राणैकशब्दत्वाच्च एकत्वाध्यवसायः, इतरथा ह्यन्याय्यमनेकार्थत्वं प्राणशब्दस्य प्रसज्येत, एकत्र वा मुख्यस्येतरत्र लाक्षणिकत्वमापद्येत । तस्माद्यथैकस्यैव प्राणस्य प्राणाद्याः पञ्च वृत्तयः, एवं वागाद्या अप्येकादशेति, एवं प्राप्ते ब्रूमः – तत्त्वान्तराण्येव प्राणाद्वागादीनीति, कुत ?, व्यपदेशभेदात्, कोऽयं व्यपदेशभेदः ? ते प्रकृताः प्राणाः, श्रेष्ठं वर्जयित्वा अवशिष्टा एकादशेन्द्रियाणीत्युच्यन्ते, श्रुतावेवं व्यपदेशभेददर्शनात् – **'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि**

વળી તે એટલે શારીર આ શરીરમાં ભોક્તા તરીકે નિત્ય છે; કેમકે તેને પુણ્ય અને પાપના ઉપલેપનો સંભવ છે અને સુખ અને દુઃખના ઉપભોગનો સંભવ છે, દેવતાઓ નિત્ય નથી; કારણ કે પર, ઐશ્વર્ય પદવાળા તેઓ આ હીન શરીરને વિષે ભોકતૃત્વ મેળવે એ યોગ્ય નથી. શ્રુતિ પણ છે — 'पुण्यमेवामुं गच्छति न ह वै देवान् पापं गच्छति' [બૃહ. ઉપ. ૧/૫/૨૦] **'એને તો પુણ્ય જ પ્રાપ્ત થાય છે, ખરેખર, દેવોને પાપ પ્રાપ્ત થતું નથી'** એમ. વળી શારીરની સાથે જ પ્રાણોનો નિત્ય સંબન્ધ છે, કારણ કે 'तमुत्क्रामन्तं प्राणोऽनूत्क्रामति प्राणमनूत्क्रामन्तं सर्वे प्राणा अनूत्क्रामन्ति' [બૃહ. ઉપ. ૪/૪/૨] **'તે ઉત્ક્રમણ કરે છે પછી પ્રાણ ઉત્ક્રમણ કરે છે અને પ્રાણ ઉત્ક્રમણ કરે છે પછી સર્વે પ્રાણો ઉત્ક્રમણ કરે છે'** ઇત્યાદિ શ્રુતિઓથી ઉત્ક્રાન્તિ વગેરેને વિષે તેની અનુવૃત્તિ જોવામાં આવે છે. માટે ઈન્દ્રિયોની નિયામક દેવતાઓ છે તો પણ શારીરનું ભોકતૃત્વ જતું રહેતું નથી; કેમકે કરણ પક્ષની જ દેવતા છે, ભોકતૃ પક્ષની નથી ॥ ૧૬ ॥

૮. ઈન્દ્રિયાધિકરણ

તે (પ્રાણો) ઈન્દ્રિયો છે, તેના (ભેદના) વ્યપદેશથી, શ્રેષ્ઠ(પ્રાણ)થી અન્યત્ર ॥ ૧૭ ॥

વળી એક મુખ્ય પ્રાણ અને બીજા અગિયાર પ્રાણો ગણાવ્યા છે. તેમાં આ બીજો સંદેહ થાય છે કે અન્ય પ્રાણો મુખ્ય જ પ્રાણની ભિન્ન વૃત્તિઓ છે કે અન્ય તત્ત્વો છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે ? અન્ય પ્રાણો મુખ્યની જ ભિન્ન વૃત્તિઓ છે એમ પ્રાપ્ત થાય છે. શાથી? શ્રુતિથી; કારણ કે શ્રુતિ મુખ્ય અને અન્ય પ્રાણોને સંનિધિમાં મૂકી અન્ય પ્રાણો મુખ્યના આત્મા છે એમ કહે છે — 'हन्तास्यैव सर्वे रूपमसामेति त एतस्यैव सर्वे रूपमभवन्' [બૃહ. ઉપ. ૧/૫/૨૧] **'હવે એ જ પ્રાણના અમે સર્વે રૂપ થઈએ એમ નિશ્ચય કરી તેઓ સર્વે એના જ રૂપ થયા'** એમ. તેમજ પ્રાણ એ એક શબ્દ હોવાથી એકત્વનો નિશ્ચય થાય છે; નહિ તો પ્રાણ શબ્દનું અનેકાર્થત્વ જે અન્યાય્ય છે તે પ્રસક્ત (પ્રાપ્ત) થાય; અથવા એકત્ર સમુખ્યત્વ અને અન્યત્ર લાક્ષણિકત્વ પ્રસક્ત થાય. માટે જેમ પ્રાણ આદિ એક જ પ્રાણની પાંચ વૃત્તિઓ છે તેમ વાક્ આદિ અગિયાર પણ (એક જ પ્રાણની જુદી વૃત્તિઓ છે). એમ પ્રાપ્ત થતાં અમે કહીએ છીએ — વાક્ વગેરે પ્રાણથી અન્ય જ તત્ત્વો છે એમ. શાથી ? વ્યપદેશના ભેદથી. એ વ્યપદેશનો ભેદ શો છે ? તે પ્રકૃત પ્રાણો, શ્રેષ્ઠને વર્જીને જે અવશિષ્ટ છે તે, અગિયાર ઈન્દ્રિયો છે એમ કહ્યું છે, કેમકે શ્રુતિમાં એવો વ્યપદેશ જોવામાં આવે છે. ખરેખર, 'एतस्माज्जायते प्राणो

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

च' (मुण्ड.उप. २-१-३) इति ह्येवंजातीयकेषु प्रदेशेषु पृथक् प्राणो व्यपदिश्यते, पृथक्चेन्द्रियाणि । ननु मनसोऽप्येवं सति वर्जनम् इन्द्रियत्वेन, प्राणवत्, स्यात् – **'मनः सर्वेन्द्रियाणि च'** इति पृथग्व्यपदेशदर्शनात्, सत्यमेतत् – स्मृतौ तु एकादशेन्द्रियाणीति मनोऽपि इन्द्रियत्वेन श्रोत्रादिवत् संगृह्यते, प्राणस्य तु इन्द्रियत्वं न श्रुतौ स्मृतौ वा प्रसिद्धमस्ति । व्यपदेशभेदश्चायं तत्त्वभेदपक्षे उपपद्यते, तत्त्वैकत्वे तु, स एवैकः सन् प्राण इन्द्रियव्यपदेशं लभते न लभते च – इति विप्रतिषिद्धम् । तस्मात्तत्वान्तरभूता मुख्यादितरे ॥१७॥

कुतश्च तत्त्वान्तरभूताः ? –

भेदश्रुतेः ॥१८॥

भेदेन वागादिभ्यः प्राणः सर्वत्र श्रूयते – **'ते ह वाचमूचुः'** (बृह.उप. १-३-२) इत्युपक्रम्य, वागादीनसुरपाप्मविध्वस्तानुपन्यस्य, उपसंहृत्य वागादिप्रकरणम्, **'अथ हेममासन्यं प्राणमूचुः'** इत्यसुरविध्वंसिनो मुख्यस्य प्राणस्य पृथगुपक्रमणात् । तथा **'मनो वाचं प्राणं तान्यात्मनेऽकुरुत्त'** (बृह.उप. १-५-३) इत्येवमाद्या अपि भेदश्रुतय उदाहर्तव्याः । तस्मादपि तत्त्वान्तरभूता मुख्यादितरे ॥१८॥

कुतश्च तत्त्वान्तरभूताः ? –

वैलक्षण्याच्च ॥१९॥

वैलक्षण्यं च भवति, मुख्यस्य इतरेषां च – सुप्तेषु वागादिषु मुख्य एको जागर्ति, स एव च एको मृत्युना अनाप्तः, आप्तास्त्वितरे, तस्यैव च स्थित्युत्क्रान्तिभ्यां देहधारणपतनहेतुत्वम्, न इन्द्रियाणाम्, विषयालोचनहेतुत्वं च इन्द्रियाणाम्, न प्राणस्य – इत्येवंजातीयको भूयाँलक्षणभेदः प्राणेन्द्रियाणाम्, तस्मादप्येषां तत्त्वान्तरभावसिद्धिः। यदुक्तम् – **'त एतस्यैव**

मनः सर्वेन्द्रियाणि च' [મુણ્ડ. ઉપ. ૨/૧/૩] **'એમાંથી પ્રાણ, મન અને સર્વ ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે'** એવા પ્રકારના પ્રદેશોમાં પ્રાણનો જુદો નિર્દેશ છે અને ઇન્દ્રિયોનો જુદો નિર્દેશ છે. પણ એમ થતાં પ્રાણની જેમ મન પણ ઇન્દ્રિય તરીકે વર્જ્ય થાય; કેમકે 'मनः सर्वेन्द्रियाणि च' **'મન અને સર્વ ઇન્દ્રિયો'** એમ જુદો નિર્દેશ જોવામાં આવે છે. એ ખરૂં છે. સ્મૃતિમાં તો एकादशेन्द्रियाणि **'અગીઆર ઇન્દ્રિયો છે'** એમ મનનું પણ શ્રોત્ર આદિની જેમ ઇન્દ્રિય તરીકે ગ્રહણ કર્યું છે. પણ પ્રાણનું તો ઇન્દ્રિયત્વ શ્રુતિ કે સ્મૃતિમાં પ્રસિદ્ધ નથી. તેમજ આ વ્યપદેશનો ભેદ ભિન્ન તત્ત્વ છે એ પક્ષમાં ઉપપન્ન થાય છે. એક તત્ત્વ છે એ પક્ષમાં તો તે પ્રાણ એક જ થઈ ઇન્દ્રિય એવો વ્યપદેશ પ્રાપ્ત કરે અને ન કરે એમ વિપ્રતિષેધ થાય છે. માટે મુખ્યથી અન્ય પ્રાણો અન્ય તત્ત્વ છે. ॥ ૧૭ ॥

વળી પ્રાણો (મુખ્ય પ્રાણથી) અન્ય તત્ત્વ શી રીતે છે—

ભેદશ્રુતિથી ॥ ૧૮ ॥

શ્રુતિમાં સર્વત્ર પ્રાણનું વાક્ આદિથી જુદું શ્રવણ છે — 'ते ह वाचमूचुः' [બૃહ. ઉપ. ૧/૩/૨] **'તે દેવોએ વાણીને કહ્યું'** એમ પ્રારંભ કરીને અસુરના પાપથી વિધ્વંસ પામેલા વાક્ વગેરેનો ઉપન્યાસ કરીને 'अथ हेममासन्यं प्राणमूचुः' **'પછી તેમણે મુખમાં રહેલા પ્રાણને કહ્યું'** એમ વાક્ આદિ પ્રકરણના ઉપસંહારમાં અસુરના વિધ્વંસી મુખ્ય પ્રાણનું પૃથક્ ઉપક્રમણ કર્યું છે તેથી. તેમજ 'मनो वाचं प्राणं तान्यात्मनेऽकुरुत' [બૃહ. ઉપ. ૧/૫/૩] **'મન, વાક્ અને પ્રાણ એને પ્રજાપતિએ પોતાને માટે કર્યો'** એવા પ્રકારની પણ ભેદશ્રુતિઓ ગણાવવી. તેટલા માટે પણ અન્ય પ્રાણો મુખ્યથી ભિન્ન તત્ત્વ છે ॥ ૧૮ ॥

વળી અન્ય તત્ત્વ શી રીતે છે ?—

વૈલક્ષણ્ય હોવાથી ॥ ૧૯ ॥

મુખ્ય અને અન્ય પ્રાણોનું વૈલક્ષણ્ય પણ છે. વાક્ વગેરે સુષુપ્ત હોય છે ત્યારે એકલો મુખ્ય પ્રાણ જાગે છે અને તે જ એકલો મૃત્યુથી આક્રાન્ત થતો નથી, અન્ય પ્રાણો તો આક્રાન્ત થાય છે. તે જ સ્થિતિથી દેહધારણનો અને ઉત્ક્રાન્તિથી દેહપતનનો હેતુ છે, ઇન્દ્રિયો નથી. તેથી એ પ્રાણો અન્ય તત્ત્વ છે એમ સિદ્ધ થાય છે. 'त एतस्यैव सर्वे रूपमभवन्' [બૃહ. ઉપ. ૧/૫/૨૧] **'તે સર્વે એનું**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ

सर्वे रूपमभवन्' (बृह.उप. १-५-२१) इति श्रुतेः प्राण एवेन्द्रियाणीति, तदयुक्तम्, तत्रापि पौर्वापर्यालोचनाद्भेदप्रतीतेः, तथा हि – '**वदिष्याम्येवाहमिति वाग्दध्रे**' (बृह.उप. १-५-२१) इति वागादीनीन्द्रियाण्यनुक्रम्य, '**तानि मृत्युः श्रमो भूत्वोपयेमे तस्माच्छ्राम्यत्येव वाक्**' (बृह.उप. १-५-२१) इति च श्रमरूपेण मृत्युना ग्रस्तत्वं वागादीनामभिधाय, '**अथेममेव नाप्नोद्योऽयं मध्यमः प्राणः**' (बृह.उप. १-५-२१) इति पृथक् प्राणं मृत्युना अनभिभूतं तमनुक्रामति, '**अयं वै नः श्रेष्ठः**' (बृह.उप. १-५-२१) इति च श्रेष्ठतामस्यावधारयति, तस्मात् तदविरोधेन, वागादिषु परिस्पन्दलाभस्य प्राणायत्तत्वम् – तद्रूपभवनं वागादीनाम् – इति मन्तव्यम्, न तु तादात्म्यम् । अत एव च प्राणशब्दस्येन्द्रियेषु लाक्षणिकत्वसिद्धिः, तथा च श्रुतिः – '**त एतस्यैव सर्वे रूपमभवन् । तस्मादेत एतेनाख्यायन्ते प्राणाः**' (बृह.उप. १-५-२१) इति मुख्यप्राणविषयस्यैव प्राणशब्दस्येन्द्रियेषु लाक्षणिकीं वृत्तिं दर्शयति । तस्मात्तत्वान्तराणि प्राणात् वागादीनि इन्द्रियाणीति ॥१९॥

९. संज्ञामूर्तिक्लृप्त्यधिकरणम् ।

संज्ञामूर्तिक्लृप्तिस्तु त्रिवृत्कुर्वत उपदेशात् ॥२०॥

सत्प्रक्रियायां तेजोबन्नानां सृष्टिमभिधायोपदिश्यते – '**सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति । तासां त्रिवृतं त्रिवृत्तमेकैकां करवाणीति**' (छा.उप. ६-३-२,३) तत्र संशयः – किं जीवकर्तृकमिदं नामरूपव्याकरण, आहोस्वित्परमेश्वरकर्तृकमिति । तत्र प्राप्तं तावत् – जीवकर्तृकमेवेदं नामरूपव्याकरणमिति; कुतः? '**अनेन जीवेनात्मना**' इति विशेषणात् – यथा लोके '**चारेणाहं परसैन्यमनुप्रविश्य**

જ રૂપ થયા' એ શ્રુતિથી ઇન્દ્રિયો પ્રાણ જ છે એમ જે કહ્યું છે તે અયોગ્ય છે; કેમકે તેમાં પણ પૂર્વાપર સંબન્ધનું આલોચન કરવાથી ભેદ પ્રતીત થાય છે; કારણ કે— 'वदिष्याम्येवाहमिति वाग्दध्रे' [બૃહ. ઉપ. ૧/૫/૨૧] '**બોલીશ જ — વદનરૂપ મારા વ્યાપારથી હું અનુપરત જ થઈશ — એમ વાણીએ વ્રત ધારણ કર્યું**' એમ વાક્ આદિ ઇન્દ્રિયોને અનુક્રમે કહી 'तानि मृत्युः श्रमो भूत्वोपयेमे तस्माच्छाम्यत्येव वाक्' [બૃહ. ઉપ. ૧/૫/૨૧] '**તેઓનું મૃત્યુએ શ્રમ થઈ ગ્રહણ કર્યુ, તેથી વાણી શ્રમ પામે છે જ**' એમ શ્રમરૂપ મૃત્યુથી વાક્ આદિ ગ્રસ્ત થાય છે એમ કહી 'अथेममेव नाप्नोद्योऽयं मध्यमः प्राणः' [બૃહ. ઉપ. ૧/૫/૨૧] '**પછી જે એ મધ્યમ પ્રાણ છે તેને જ મૃત્યુએ આક્રાન્ત કર્યો નહિ**' એમ પ્રાણને મૃત્યુથી અનભિભૂત થયેલા તરીકે પૃથક્ અનુક્રમે કહે છે. 'अयं वै नः श्रेष्ठः' [બૃહ. ઉપ. ૧/૫/૨૧] '**ખરેખર, એ અમારામાં શ્રેષ્ઠ છે**' એમ એની શ્રેષ્ઠતાનું અવધારણ કરે છે. માટે તેની સાથે વિરોધ ન થાય એવી રીતે, વાક્ વગેરેને વિષે પરિસ્પન્દ(= ચેષ્ટા.)ની પ્રાપ્તિ પ્રાણને અધીન છે એમ વાક્ આદિના પ્રાણરૂપ થવાનો અર્થ સમજવો, તાદાત્મ્ય સમજવાનું નથી. એટલા જ માટે પ્રાણ શબ્દ ઇન્દ્રિયોને વિષે લાક્ષણિક છે એમ સિદ્ધ થાય છે; કારણ કે 'त एतस्यैव सर्वे रूपमभवन् । तस्मादेत एतेनाख्यायन्ते प्राणाः' [બૃહ. ઉપ. ૧/૫/૨૧] '**તે સર્વે એનું જ રૂપ થયાં, માટે એ વાક્ આદિ એ પ્રાણાભિધાનથી પ્રાણ એમ કહેવાય છે**' એ શ્રુતિ મુખ્ય પ્રાણવિષયક જે પ્રાણ શબ્દ તેની જ ઇન્દ્રિયોને વિષે લાક્ષણિક વૃત્તિ દર્શાવે છે; માટે ઇન્દ્રિયો પ્રાણથી ભિન્ન તત્ત્વ છે ॥ ૧૯ ॥

૯. સંજ્ઞામૂર્તિક્લૃપ્તિ-અધિકરણ

પણ નામ અને રૂપની વ્યાક્રિયા તો ત્રિવૃત્ કરનારની છે, ઉપદેશ હોવાથી ॥ ૨૦ ॥

સત્‌ના પ્રકરણમાં તેજ, જળ અને અન્નની સૃષ્ટિ કહીને આવો ઉપદેશ છે— 'सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनानुप्रविश्य नामरूपे व्याकरवाणीति । तासां त्रिवृतं त्रिवृतमेकैकां करवाणीति'[છાન્દો. ઉપ. ૬/૩/૨-૩] '**તે એ પ્રકૃત સદાત્મક દેવતાએ વિચાર્યું કે હવે હું એ ત્રણ દેવતાઓમાં આ જીવાત્મા દ્વારા અનુપ્રવેશ કરી નામ અને રૂપનું સ્પષ્ટીકરણ કરું એમ. તે ત્રણ દેવતાઓમાંની એકેકને ત્રણ ત્રણ ભાગવાળી કરું એમ**'. તેમાં સંશય થાય છે કે નામ અને રૂપનું એ વ્યાકરણ જીવે કર્યું છે કે પરમેશ્વરે કર્યું છે ? તેમાં એવું પ્રાપ્ત થાય છે કે નામ અને રૂપનું એ વ્યાકરણ જીવે જ કર્યું છે. શાથી ? કેમકે 'अनेन जीवेनात्मना' '**આ જીવાત્મા વડે**' એવું વિશેષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ॐ ॐ

संकलयानि' इत्येवंजातीयके प्रयोगे, चारकर्तृकमेव सत् सैन्यसंकलनं हेतुकर्तृत्वात् राजा आत्मन्यध्यारोपयति संकलयानीत्युत्तमपुरुषप्रयोगेण; एवं जीवकर्तृकमेव सत् नामरूपव्याकरणं हेतुकर्तृत्वात् देवता आत्मन्यध्यारोपयति व्याकरवाणीत्युत्तमपुरुषप्रयोगेण । अपि च डित्थडवित्थादिषु नामसु घटशरावादिषु च रूपेषु जीवस्यैव व्याकर्तृत्वं दृष्टम्। तस्माज्जीवकर्तृकमेवेदं नामरूपव्याकरणमित्येवं प्राप्ते -

अभिधत्ते—संज्ञामूर्तिक्लृप्तिस्त्विति । तु-शब्देन पक्षं व्यावर्तयति । **संज्ञामूर्तिक्लृप्तिरिति**-नामरूपव्याक्रियेत्येतत्; त्रिवृत्कुर्वत इति परमेश्वरं लक्षयति, त्रिवृत्करणे तस्य निरपवादकर्तृत्वनिर्देशात्-येयं संज्ञाक्लृप्तिश्च, अग्निः आदित्यः चन्द्रमाः विद्युदिति, तथा कुशकाशपलाशादिषु पशुमृगमनुष्यादिषु च, प्रत्याकृति प्रतिव्यक्ति च अनेकप्रकारा, सा खलु परमेश्वरस्यैव तेजोबन्नानां निर्मातुः कृतिर्भवितुमर्हति; कुतः ? उपदेशात्; तथा हि— '**सेयं देवता**' इत्युपक्रम्य '**व्याकरवाणि**' इत्युत्तमपुरुषप्रयोगेण परस्यैव ब्रह्मणो व्याकर्तृत्वमिहोपदिश्यते । ननु '**जीवेन**' इति विशेषणात् जीवकर्तृकत्वं व्याकरणस्याध्यवसितम्—नैतदेवम्; '**जीवेन**' इत्येतत् '**अनुप्रविश्य**' इत्यनेन संबध्यते, आनन्तर्यात्; न '**व्याकरवाणि**' इत्यनेन—तेन हि संबन्धे '**व्याकरणवाणि**' इत्ययं देवताविषय उत्तमपुरुष औपचारिकः कल्प्येत; न च गिरिनदीसमुद्रादिषु नानाविधेषु नामरूपेषु अनीश्वरस्य जीवस्य व्याकरणसामर्थ्यमस्ति; येष्वपि च अस्ति सामर्थ्यम्, तेष्वपि परमेश्वरायत्तमेव तत्; न च जीवो नाम परमेश्वरादत्यन्तभिन्नः- चार इव राज्ञः, '**आत्मना**' इति विशेषणात्, उपाधिमात्रनिबन्धनत्वाच्च जीवभावस्य; तेन तत्कृतमपि नामरूपव्याकरणं परमेश्वरकृतमेव भवति; परमेश्वर एव च नामरूपयोर्व्याकर्तेति सर्वोपनिषत्सिद्धान्तः, '**आकाशो ह वै नाम नामरूपयोर्निर्वहिता**' (छा.उप.८-१४-१) इत्यादिश्रुतिभ्यः; तस्मात् परमेश्वरस्यैव त्रिवृत्कुर्वतः कर्म

છે, જેમ લોકમાં 'ચાર વડે હું પર સૈન્યમાં અનુપ્રવેશ કરી સંકલના કરું' એવા પ્રકારના પ્રયોગમાં સૈન્યસંકલના જાસુસે જ કરી છે તોપણ પ્રયોજક કર્તા હોવાથી રાજા 'સંકલના કરું' એમ ઉત્તમ (પ્રથમ) પુરુષના પ્રયોગ દ્વારા પોતાને વિષે તેનો અધ્યારોપ કરે છે; એ પ્રમાણે નામ અને રૂપનું વ્યાકરણ જીવે જ કર્યું છે તોપણ પ્રયોજક કર્તા હોવાથી દેવતા 'व्याकरवाणि' (વ્યાકાર કરું) એમ ઉત્તમ પુરુષના પ્રયોગ વડે તેનો પોતાને વિષે અધ્યારોપ કરે છે. વળી ડિત્થ, ડવિત્થ આદિ નામોને વિષે અને ઘટ, શરાવ આદિ રૂપોને વિષે જીવ જ વ્યાકાર કરનાર છે એમ જોવામાં આવે છે માટે નામ અને રૂપનું એ વ્યાકરણ જીવ જ કરે છે એમ પ્રાપ્ત થયે કહે છે — 'संज्ञामूर्तिक्लृप्तिस्तु' એમ. तु શબ્દ વડે પક્ષનું વ્યાવર્તન કરે છે. સંજ્ઞામૂર્તિક્લૃપ્તિ એટલે નામ અને રૂપનું વ્યાકરણ. 'त्रिवृत्कुर्वतः' એ પરમેશ્વરને સૂચવે છે; કેમકે ત્રિવૃત્કરણમાં તેનો જ નિરપવાદ કર્તા તરીકે નિર્દેશ છે. અગ્નિ, આદિત્ય, ચન્દ્રમા, વિદ્યુત્ એમ જે નામનું વ્યાકરણ છે અને કુશ, કાશ, પલાશ આદિને વિષે તેમજ પશુ, મૃગ, મનુષ્ય આદિને વિષે દરેક આકૃતિમાં અને દરેક વ્યક્તિમાં અનેક પ્રકારનું જે રૂપનું વ્યાકરણ છે તે તેજ, જળ અને અન્નના નિર્માતા પરમેશ્વરની જ કૃતિ થાય એ યોગ્ય છે. શાથી ? ઉપદેશથી; કારણ કે 'सेयं देवतैक्षत' **'તે એ દેવતાએ વિચાર કર્યો'** એમ ઉપક્રમ કરીને 'व्याकरवाणि' **'હું વ્યાકરણ કરું'** એમ ઉત્તમ પુરુષના પ્રયોગ દ્વારા પર બ્રહ્મ જ વ્યાકરણકર્તા છે એમ અહીં ઉપદેશ કર્યો છે, પણ 'जीवेन' 'જીવ વડે' એ વિશેષણથી વ્યાકરણકર્તા જીવ છે એમ નિશ્ચય કર્યો છે. એ એમ નથી. 'जीवेन' **'જીવ દ્વારા'** એનો 'अनुप्रविश्य' **'અનુપ્રવેશ કરીને'** એની સાથે સંબન્ધ છે, એની પછી લાગલું જ એ આવે છે તેથી, 'व्याकरवाणि' **'હું વ્યાકરણ કરું'** એની સાથે સંબન્ધ નથી; કારણ કે તેની સાથે સંબન્ધ હોય તો 'व्याकरवाणि' **'હું વ્યાકાર કરું'** એ દેવતા વિષેનો ઉત્તમ પુરુષ ઔપચારિક છે એમ કલ્પના કરવી પડે. વળી ગિરિ, નદી, સમુદ્ર, આદિ નાના પ્રકારનાં નામ અને રૂપોમાં વ્યાકરણ કરવાનું સામર્થ્ય અનીશ્વર એવો જે જીવ તેમાં નથી; અને જેઓને વિષે સામર્થ્ય છે તેમને વિષે પણ તે સામર્થ્ય પરમેશ્વરને અધીન જ છે. તેમજ જીવ કંઈ પરમેશ્વરથી અત્યન્ત જુદો નથી જેમ ચાર એ રાજાથી અત્યન્ત ભિન્ન છે તેમ; કેમકે 'आत्मना' **'આત્મા વડે'** એ વિશેષણ છે અને વળી (આત્માનો) જીવભાવ ઉપાધિમાત્રને આધારે છે. તેથી તેણે (જીવે) કરેલું પણ નામનું અને રૂપનું વ્યાકરણ પરમેશ્વરે કરેલું જ થાય છે, અને પરમેશ્વર જ નામ અને રૂપનો વ્યાકર્તા છે એમ સર્વે ઉપનિષદોનો સિદ્ધાન્ત છે— 'आकाशो हि नाम नामरूपयोर्निर्वहिता' [છાન્દો. ઉપ. ૮/૧૪/૧] **'આકાશ એ શ્રુતિઓને વિષે પ્રસિદ્ધ આત્મા છે, અને નામ અને રૂપનો વ્યાકરણકર્તા છે'** ઇત્યાદિ શ્રુતિઓથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नामरूपव्याकरणम् । त्रिवृत्ककरणपूर्वकमेवेदम् इह नामरूपव्याकरणं विवक्ष्यते, प्रत्येकं नामरूपव्याकरणस्य तेजोबन्नोत्पत्तिवचनेनैवोक्तत्वात्; तच्च त्रिवृत्करणमग्न्यादित्यचन्द्रविद्युत्सु श्रुतिर्दर्शयति—**'यदग्ने रोहितं रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्य'** (छा.उप. ६-४-१) इत्यादिना: तत्राग्निरिति इदं रूपं व्याक्रियते, सति च रूपव्याकरणे विषयप्रतिलम्भादग्निरिति इदं नाम व्याक्रियते; एवमेवादित्यचन्द्रविद्युत्स्वपि द्रष्टव्यम् । अनेन च अग्न्याद्युदाहरणेन भौमाम्भसतैजसेषु त्रिष्वपि द्रव्येष्वविशेषेण त्रिवृत्करणमुक्तं भवति, उपक्रमोपसंहारयोः साधारणत्वात्; तथा हि— अविशेषेणैव उपक्रमः- **'इमास्तिस्रो देवतास्त्रिवृत्त्रिवृदेकैका भवति'** (छा.उप. ६-३-४) इति, अविशेषेणैव च उपसंहारः- **'यदु रोहितमिवाभूदिति तेजसस्तद्रूपम्'** (छा.उप.६-४-६) इत्येवमादिः, **'यदविज्ञातमिवाभूदित्येतासामेव देवतानां समासः'** (छा.उप. ६-४-७) इत्येवमन्तः ॥२०॥

तासां तिसृणां देवतानाम्, बहिस्त्रिवृत्कृतानां सतीनाम्, अध्यात्ममपरं त्रिवृत्करणमुक्तम् — **'इमास्तिस्रो देवताः पुरुषं प्राप्य त्रिवृत्त्रिवृदेकैका भवति'** इति, तदिदानीम् आचार्यो यथाश्रुत्येवोपदर्शयति, आशङ्कितं कंचिद्दोषं परिहरिष्यन् —

मांसादि भौमं यथाशब्दमितरयोश्च ॥२१॥

भूमेस्त्रिवृत्कृतायाः पुरुषेणोपभुज्यमानाया मांसादिकार्यं यथाशब्दं निष्पद्यते, तथा हि श्रुति — **'अन्नमशितं त्रेधा विधीयते तस्य यः स्थविष्ठो धातुस्तत्पुरीषं भवति योमध्यमस्तन्मांसं योऽणिष्ठस्तन्मनः'** (छा.उप. ६-५-१) इति, त्रिवृत्कृता भूमिरेवैषा व्रीहियवाद्यन्नरूपेण अद्यत इत्यभिप्रायः, तस्याश्च स्थविष्ठं रूपं पुरीषभावेन बहिर्निर्गच्छति,

---

તેટલા માટે નામ અને રૂપનું વ્યાકરણ એ ત્રિવૃત્ કરનાર પરમેશ્વરનું જ કામ છે. આ નામરૂપવ્યાકરણ અહીં ત્રિવૃત્કરણપૂર્વક જ વિવક્ષિત છે; કેમકે દરેક નામ અને રૂપનું વ્યાકરણ તેજ, જળ અને અન્નની ઉત્પત્તિ કહીને જ કહ્યું છે. વળી તે ત્રિવૃત્કરણ અગ્નિ, આદિત્ય, ચન્દ્ર અને વિદ્યુત્‌ને વિષે 'यदग्ने रोहितं रूपं तेजसस्तद्रूपं यच्छुक्लं तदपां यत्कृष्णं तदन्नस्य' [છાન્દો. ઉપ. ६/४/१] **'અગ્નિનું જે રોહિત રૂપ છે તે તેજનું રૂપ છે, જે શુક્લ રૂપ છે તે જળનું છે અને જે કૃષ્ણ રૂપ છે તે અન્નનું છે'** ઇત્યાદિ વડે શ્રુતિ દર્શાવે છે. તેમાં અગ્નિ એ રૂપનું વ્યાકરણ છે, અને રૂપનું વ્યાકરણ થતાં વિષયનો પ્રતિલંભ થાય છે તેથી અગ્નિ એ નામનું વ્યાકરણ છે. એ જ પ્રમાણે આદિત્ય, ચન્દ્ર અને વિદ્યુત્‌ને વિષે પણ સમજવું. વળી આ અગ્નિ આદિ ઉદાહરણથી પૃથ્વીના, જળના અને તેજના, ત્રણેના દ્રવ્યોમાં સરખી રીતે ત્રિવૃત્કરણ કહેલું થાય છે; કેમકે ઉપક્રમ અને ઉપસંહાર ત્રણેમાં સાધારણ છે; કારણ કે સરખી રીતે ઉપક્રમ છે — 'इमास्तिस्रो देवतास्त्रिवृत्त्रिवृदेकैका भवति' [છાન્દો. ઉપ. ६/३/४] **'આ ત્રણ દેવતા એકેકે ત્રિવૃત્ ત્રિવૃત્ થાય છે'** એમ. વળી ઉપસંહાર પણ સરખી રીતે છે — 'यदु रोहितमिवाभूदिति तेजसस्तद्रूपम्' [છાન્દો. ઉપ. ६/४/६] **'અનેકરૂપ હોવાથી કપોતાદિરૂપે સંદિહ્યમાન દેખાય છે તેને વિષે જે કંઈ રોહિત જેવું પૂર્વ બ્રહ્મવિદોએ ગ્રહણ કર્યું થયું તે તેજનું રૂપ છે એમ તેઓએ જાણ્યું'** એ આદિમાં છે અને 'यदविज्ञातमिवाभूदित्येतासामेव देवतानां समास इति' [છાન્દો. ઉપ. ६/४/७] **'જે અવિજ્ઞાત જેવું { વિશેષતઃ અગૃહ્યમાણ જેવું } થયું તે પણ એ ત્રણ દેવતાનો જ સમુદાય છે એમ તેમણે જાણ્યું'** અન્તે છે ॥ ૨૦ ॥

બાહ્ય પદાર્થોમાં ત્રિવૃત્ કરેલી તે ત્રણ દેવતાઓનું બીજું આધ્યાત્મિક ત્રિવૃત્કરણ કહ્યું છે — 'इमास्तिस्रो देवताः पुरुषं प्राप्य त्रिवृत्त्रिवृदेकैका भवति' [છાન્દો. ઉપ. ६/४/७] **'એ ત્રણ દેવતાઓ પુરુષને પ્રાપ્ત કરી એકેક ત્ર્યાત્મક થાય છે'** એમ તે હવે આચાર્ય આશંકિત કોઈક દોષનો પરિહાર કરવાનું ઈચ્છી શ્રુત્યનુસારે જ દર્શાવે છે —

માંસાદિકાર્ય ભૂમિનું શ્રુત્યનુસારે છે અને બીજા બેનું (જળ અને તેજનું) ॥ ૨૧ ॥

ત્રિવૃત્કરેલી, પુરુષ દ્વારા ઉપભોગ કરાતી ભૂમિનું માંસાદિ કાર્ય શ્રુત્યનુસારે નિષ્પન્ન થાય છે; કેમકે 'अन्नमशितं त्रेधा विधीयते तस्य यः स्थविष्ठो धातुस्तत्पुरीषं भवति यो मध्यमस्तन्मांसं योऽणिष्ठस्तन्मनः' [છાન્દો. ઉપ. ६/५/१] **'ખાધેલા અન્નના ત્રણ પ્રકારે વિભાગ થાય છે, તેનો જે સ્થૂલતમ ધાતુ (= અંશ) છે તે પુરીષ થાય છે, જે મધ્યમ છે તે માંસ છે, જે સહુથી અણુ છે તે મન છે'** એમ શ્રુતિ છે. એ ત્રિવૃત્કૃત ભૂમિ જ વ્રીહિ, યવ આદિ અન્નરૂપમાં ખવાય છે એવો અભિપ્રાય છે. વળી તેનું સ્થૂલતમ રૂપ પુરીષ ભાવે બહાર

Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मध्यममध्यात्मं मांसं वर्धयति, अणिष्ठं तु मनः । एवमितरयोरप्तेजसोर्यथाशब्दं कार्यमवगन्तव्यम् — मूत्रं लोहितं प्राणश्च अपां कार्यम्, अस्थि मज्जा वाक् तेजसः — इति ॥२१॥

अत्राह — यदि सर्वमेव त्रिवृत्कृतं भूतभौतिकम्, अविशेषश्रुतेः — **'तासां त्रिवृतं त्रिवृतमेकैकामकरोत्'** इति, किंकृतस्तर्ह्ययं विशेषव्यपदेशः — इदं तेजः, इमा आपः, इदमन्नम्, इति ? तथा अध्यात्मम् — इदमन्नस्याशितस्य कार्यं मांसादि, इदमपां पीतानां कार्यं लोहितादि, इदं तेजसोऽशितस्य कार्यमस्थ्यादि इति ? अत्रोच्यते —

वैशेष्यात्तु तद्वादस्तद्वादः ॥२२॥

तु-शब्देन चोदितं दोषमनुपदतिः, विशेषस्य भावो वैशेष्यम्, भूयस्त्वमिति यावत्; सत्यपि त्रिवृत्करणे क्वचित्कस्यचिद्भूतधातोर्भूयस्त्वमुपलभ्यते — अग्नेस्तेजोभूयस्त्वम्, उदकस्याब्भूयस्त्वम्, पृथिव्या अन्नभूयस्त्वम् इति । व्यवहारप्रसिद्ध्यर्थं चेदं त्रिवृत्करणम्, व्यवहारश्च त्रिवृत्कृतरज्जुवदेकत्वापत्तौ सत्याम्, न भेदेन भूतत्रयगोचरो लोकस्य प्रसिध्येत् । तस्मात्सत्यपि त्रिवृत्करणे वैशेष्यादेव तेजोबन्नविशेषवादो भूतभौतिकविषय उपपद्यते । **'तद्वादस्तद्वादः'** इति पदाभ्यासः अध्यायपरिसमाप्तिं द्योतयति ॥२२॥

इति द्वितीयाध्यायस्य चतुर्थः पादः ॥

द्वितीयोऽध्यायः ॥

નીકળે છે, મધ્યમ રૂપ અધ્યાત્મ માંસ વધારે છે અને સહુથી અણુ રૂપ મનની વૃદ્ધિ કરે છે. એ પ્રમાણે બીજાં બે, જળ અને તેજનું શ્રુત્યનુસારે કાર્ય સમજવું. એ પ્રમાણે મૂત્ર, રક્ત અને પ્રાણ એ જળનું કાર્ય છે અને હાડકાં, મજ્જા અને વાણી એ તેજનું કાર્ય છે એમ (સમજવું) ॥ ૨૧ ॥

અહીં કહે છે — જો ભૂત, ભૌતિક બધું જ ત્રિવૃત્કૃત છે; કેમકે 'तासां त्रिवृतं त्रिवृतमेकैकामकरोत्' **'તે દેવતાઓમાંની દરેકને ત્ર્યાત્મક ત્ર્યાત્મક કરી'** એમ શ્રુતિમાં વિશેષ નથી, તો 'इदं तेज इमा आप इदमन्नम्' **'આ તેજ, આ જળ અને આ અન્ન'** એમ તેમજ 'अध्यात्ममिदमन्नस्याशितस्य कार्यं मांसादि । इदमपां पीतानां कार्यं लोहितादि । इदं तेजसोऽशितस्य कार्यमस्थ्यादि' **'શરીરમાં માંસાદિ એ ભુક્ત અન્નનું કાર્ય છે, લોહિતાદિ, એ પીધેલાં પાણીનું કાર્ય છે, અને અસ્થિ આદિ એ ભુક્ત કરેલા તેજનું કાર્ય છે'** એમ વિશેષ નિર્દેશ શાથી કર્યો છે ? તદ્‌વિષયક કહે છે—

પણ વિશેષ હોવાથી, તેનો વાદ છે વાદ છે ॥ ૨૨ ॥

તુ શબ્દ દ્વારા શંકા કરેલા દોષનું નિરાકરણ કરે છે. વિશેષનો ભાવ તે વૈશેષ્ય અર્થાત્, ભૂયસ્ત્વ (= બહુ હોવાપણું) ત્રિવૃત્કરણ છે તે પણ ક્યારેક કોઈક ધાતુનું આધિક્ય ઉપલબ્ધ થાય છે — 'अग्नेस्तेजोभूयस्त्वमुदकस्याब्भूयस्त्वं पृथिव्या अन्नभूयस्त्वम्' **'અગ્નિમાં તેજનું આધિક્ય છે, ઉદકમાં જળનું અને પૃથિવીમાં અન્નનું આધિક્ય છે'** એમ. વળી વ્યવહારની પ્રસિદ્ધિને અર્થે એ ત્રિવૃત્કરણ છે. ત્રિવૃત્કરેલી રજ્જુની જેમ એકત્વનો પ્રસંગ હોય તો લોકમાં ત્રણ ભૂત સંબન્ધી ભેદવ્યવહાર પ્રસિદ્ધ ન થાય. તેટલા માટે ત્રિવૃત્કરણ છે તોપણ ભૂતભૌતિક વિષે તેજ, જળ અને અન્ન એમ વિશેષવાદ વૈશેષ્યથી જ ઉપપન્ન થાય છે. तद्वादस्तद्वादः એમ પદની પુનરુક્તિ અધ્યાયની પરિસમાપ્તિનું સૂચન કરે છે. ॥ ૨૨ ॥

બીજા અધ્યાયનો ચોથો પાદ સંપૂર્ણ

દ્વિતીય અધ્યાય સમાપ્ત ॥

★★★

पुस्तकालय 129355 गुरुकुल कांगड़ी विश्वविद्यालय

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय

गुरुकुल काँगड़ी विश्वविद्यालय, हरिद्वार

RA 612

वर्ग संख्या पटेल - ब्र आगत संख्या 129355

पुस्तक विवरण की तिथि नीचे अंकित है। इस तिथि सहित ३० वें दिन यह पुस्तक पुस्तकालय में वापस आ जानी चाहिए अन्यथा ५० पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा ।

R612,PAT-B

129355

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

GURUKUL KANGRI LIBRARY

	Signature	Date
Access No.	Saurabh	8/6/13
Class No.		
Cat No.	[illegible]	10/7/13
Tag etc.		
E.A.R.		
Recomm. by.	DONATION	
Data Ent. by	[illegible]	10/6/13
Checked		

ગૌતમ વાડીલાલ પટેલ

(રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત)

જન્મ તારીખ : ૪-૮-૧૯૩૬

અધ્યયન
એમ.એ., પીએચ.ડી. (સંસ્કૃત)

અધ્યાપન
૩૭ વર્ષ સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ

સ્થાપક પ્રમુખ
સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ

પૂર્વ અધ્યક્ષ
સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્ય
સંસ્કૃત યુનિવર્સિટી રચના સમિતિ, ગુજરાત રાજ્ય
અખિલ ભારતીય સંસ્કૃત અકાદમી મહાસંમેલન, નવી દિલ્હી

સભ્ય
રાષ્ટ્રપતિના પ્રતિનિધિ - વિઝીટર્સ નોમિની, આસામ યુનિવર્સિટી, સિલ્ચર, આસામ
રાષ્ટ્રિય સંસ્કૃત સંસ્થાન, નવી દિલ્હી
કાર્યપરિષદ, શ્રી લાલબહાદૂર શાસ્ત્રી સંસ્કૃત વિદ્યાપીઠ, નવી દિલ્હી
પ્લાનીંગ કમિટી, શ્રી સાંદીપનિ રાષ્ટ્રિય વેદવિદ્યા પ્રતિષ્ઠાન, ઉજ્જૈન, મ.પ્ર.
કાર્યકારિણી સમિતિ, મુમ્બાદેવી સંસ્કૃત પાઠશાળા, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ભારત

સભ્ય, એક્ઝીક્યૂટીવ અને એકડેમિક કાઉન્સીલ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ. વેરાવળ,
સભ્ય રાષ્ટ્રિય સંસ્કૃત પરિષદ, દિલ્હી

લેખક/સંપાદક કે સહસંપાદક : ૧૦૪ પુસ્તક

પ્રધાન સંપાદક : ૧૦૦ પુસ્તક

રેડિયો-ટી.વી. વાર્તાલાપ : ૨૦૦ થી વધુ

શોધપત્રો : ૧૦૦ થી વધુ

લેખો : ૩૦૦ થી વધુ

કટાર લેખક
ગુજરાત ટાઈમ્સ, ન્યૂયોર્ક, અમેરિકા

પૂર્વ કટાર લેખક
જનસત્તા, અમદાવાદ
ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ગુજરાતી આવૃત્તિ, અમદાવાદ

વિદેશ યાત્રા
નેપાળ, કેન્યા, આફ્રિકા, ઈટાલી, ઓસ્ટ્રિયા, નેધરલેન્ડ્ઝ, જર્મની, સ્વિત્ઝરલેન્ડ, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા

રસના વિષયો
વેદ, ઉપનિષદ, ભગવદ્ગીતા, ભાગવતપુરાણ, વાલ્મીકિ, વ્યાસ, ભાસ, કાલિદાસ, ભવભૂતિ, જગન્નાથ, આદિ શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



સૌજન્ય :
શ્રી દેવાંગ પટેલ
અને
સમસ્ત ઈફ્કો પરિવાર
નડીઆદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar